પ્લેટોનું આદર્શ નગર

ગુજરાત વિધાસભા : અમદાવાદ–૧

પ્લેટોનું આદર્શ નગર

અનુવાદક

શ્રી. પ્રાણજીવન વિશ્વનાથ પાઠક, એમ. એ.

ચેન્સેલર ગોલ્ડ તથા કે. ટી. ટેલંગ ગોલ્ડ મેડલિસ્ટ અને યુનિ. પ્રાઇઝમેન,
યુનિ. ઑફ બૉમ્બે – ૧૯૩૧.

ગુજરાત વિદ્યાસભા : અમદાવાદ

પ્રકાશક :
જેઠાલાલ જીવણલાલ ગાંધી
સહાયક મંત્રી,
ગુજરાત વિદ્યાસભા,
ભદ્ર, અમદાવાદ–૧

© ગુજરાત વિદ્યાસભા

આવૃત્તિ બીજી
પ્રત ૬૨૫૦

ઈ. સ. ૧૯૬૪
સં. ૨૦૨૦

મુદ્રક :
મણિલાલ પુ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ • અમદાવાદ

પ્રાસ્તાવિક નિવેદન

સને ૧૯૩૭માં ગુજરાત વિદ્યાસભા (તે વખતની ગુજરાત વર્નાકયુલર સોસાયટી) એ 'પ્લેટોનું આદર્શ નગર'નું પહેલું પુસ્તક (પરિચ્છેદ ૧ થી ૫) પ્રગટ કર્યું હતું અને બીજું પુસ્તક (પરિચ્છેદ ૬ થી ૧૦) સને ૧૯૩૮ માં પ્રગટ કર્યું હતું. બન્ને પુસ્તકો શ્રી. લલ્લુભાઈ લખપતરામ કવીશ્વર ગ્રંથમાળાના ક્રમાંક ૩ અને ૪ તરીકે પ્રગટ થયાં હતાં આ પુસ્તકની નકલો તે સમયના આજીવન સભાસદો તથા નોંધાયેલાં પુસ્તકાલયોને ભેટ તરીકે આપવામાં આવી હતી અને વધારાની નકલો વેચાણ માટે રાખી હતી.

વખત જતાં સીલક રહેલી નકલો ખપી ગઈ અને ગુજરાતની અલગ યુનિવર્સિટી થતાં, તેમ જ શિક્ષણનું માધ્યમ મોટે ભાગે ગુજરાતી થતાં અન્ય વિષયોની જેમ સમાજશાસ્ત્રના વિષયનાં ગુજરાતી પુસ્તકોની માગ વધવા માંડી અને 'પ્લેટોનું આદર્શ નગર' એ પુસ્તક મળે તેવી વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓ તરફથી માગણી આવતાં ગુજરાત વિદ્યાસભાએ પુસ્તક ફરીથી છપાવવાનું નક્કી કર્યું.

પુસ્તક ફરીથી છાપવા લેવાય તે અગાઉ તેના લેખક પુસ્તક તપાસી જઈ ઘટતા સુધારાવધારા કરી આપે તો ઠીક એ દૃષ્ટિએ શ્રી. પ્રાણજીવનભાઈ પાઠકને વિનંતી કરતાં તેમણે ખૂબ ચીવટપૂર્વક પુસ્તક તપાસી એનું લખાણ સરખું કરી આપ્યું એટલું જ નહિ પણ પુસ્તકનો ઉપોદ્‌ઘાત નવેસરથી તૈયાર કરી આપ્યો, જેથી પુસ્તકની ગુણવત્તા સારી પેઠે વધી છે. આ થતાં વાચકો તથા અભ્યાસીઓને આખું પુસ્તક સારી પેઠે માર્ગદર્શક નીવડશે એવી શ્રદ્ધા છે.

આશા છે કે આ પુસ્તક વિદ્યાર્થીઓ, અભ્યાસીઓ તેમજ સમાજવિદ્યા તથા ફિલસૂફીમાં રસ ધરાવતાં સૌ વાચકોને ખૂબ ઉપયોગી નીવડશે અને પરિણામે નવી આવૃત્તિ વખતે અનુવાદકે લીધેલી કાળજીભરી મહેનત યથાર્થ થશે.

ગુજરાત વિદ્યાસભા,
ભદ્ર, અમદાવાદ-૧
મહાશિવરાત્રિ, સં. ૨૦૨૦
તા. ૧૧-૨-૧૯૬૪

ચંદ્રકાન્ત છો. ગાંધી
માનાર્હ મંત્રી

લેખકનાં બીજાં પુસ્તકો

* અનંતા : લે : 'આરણ્યક' પંદર દૃશ્યોમાં પુરું થતું એકાંકી નાટક ૧૯૨૧
* ઢીંગલી : હેનરિક ઇબ્સેનના 'ડૉલ્સ હાઉસ' નો અનુવાદ ૧૯૨૨
* રુદ્રમુખ અને રંજના, અનુપમ અને ગૌરી, હિમકાન્ત, વિમળા અને જ્યોતિ વગેરે એકાંકી નાટકો જે ૧૯૩૭–૩૮ ની મુંબઈ યુનિ. ની ગુજરાતીની એમ. એ. ની પરીક્ષા માટે નિયુક્ત કરવામાં આવ્યાં હતાં. ૧૯૨૫ થી ૧૯૩૦.
* **The** Heya Paksha of Yoga : **or** Towards A Constructive Synthesis of Psychological Material in Indian Philosophy : Foreword by Sir S. Radhakrishnan. 1931.
* A Critique of The Psychological Material from Indian Philosophy : Bom. Un. Research Jr. 1932
* મજ્જાતંત્ર, ચિત્તશાસ્ત્ર, ભૌતિક વિજ્ઞાન અને ચિત્તશાસ્ત્ર : ત્રણ ભાષણો : ગુજરાત વિદ્યાસભા : ૧૯૩૩.
* Critical Evaluation of The Standpoiuts of The Western Process of Psycho – Analysis and Indian Yoga–Praxis : Paper delivered and discussed at the Oriental Conference Ahmedabad. (Originally delivered in Gujarati under the auspicies of the Gujarat Vidya Sabha and Gujarat Sahitya Sabha.)
* પાશ્ચાત્ય ફિલસુફીની દૃષ્ટિએ શ્રી. અરવિંદનું તત્ત્વદર્શન : નડિયાદ સાહિત્ય સંમેલનમાં 'ધર્મ અને તત્ત્વજ્ઞાન' વિભાગના પ્રમુખ તરીકેનું ભાષણ : ૧૯૫૫
* રંજના–એકાંકી રુદ્રમુખ અને રંજનાનું વસ્તુ લઈને લખેલું ત્રિઅંકી નાટક : નટમંડળે ભજવેલું : ૧૯૫૮.
* આ ઉપરાંત અનેક લેખો : હેનરી બર્ગસાં; વ્યક્તિ અને સમાજ; કલામાં સૌંદર્યનું સ્થાન; શિક્ષણમાં ગોખણપટ્ટીનું સ્થાન વગેરે વગેરે.

અનુક્રમણિકા

એ બોલ	પૃ. ૭
ઉપોદ્‌ઘાત	પૃ. ૧૧
પરિચ્છેદ : ૧	૧
પરિચ્છેદ : ૨	૫૯
પરિચ્છેદ : ૩	૧૧૨
પરિચ્છેદ : ૪	૧૮૦
પરિચ્છેદ : ૫	૨૩૬
પરિચ્છેદ : ૬	૩૦૨
પરિચ્છેદ : ૭	૩૫૯
પરિચ્છેદ : ૮	૪૧૨
પરિચ્છેદ : ૯	૪૬૮
પરિચ્છેદ: ૧૦	૫૧૩

બે બોલ

પ્રસ્તુત પુસ્તક Plato's Republic નું ભાષાન્તર છે. ગુજરાત વિદ્યાસભાના આ અનુવાદને લગતા ઠરાવને અનુસાર મૂળ ગ્રીકના પ્રો. જોવેટના અંગ્રેજી ભાષાન્તરને આધારભૂત ગણીને ગુજરાતી કરવામાં આવ્યું છે. અંગ્રેજીમાં બીજા પણ કેટલાએક અનુવાદો છે, અને તેને અનુવાદ કરતી વખતે પાસે રાખ્યા હતા. પ્રો. જોવેટનો અનુવાદ મુક્ત ભાષાન્તર ગણાય છે, તો પણ એને સામાન્ય રીતે બધા વિદ્વાનો બહુ ઊંચે સ્થાને મૂકે છે.

આ રીતે મૂળ ગ્રીક ગ્રંથને અંગ્રેજી દ્વારા ગુજરાતીમાં ઉતારવા જતાં ગુજરાતી ભાષાન્તરમાં ઘણી ઊણપો રહે એ સ્વાભાવિક છે. ગ્રીક ફિલસૂફીનો અભ્યાસ કરતાં ઘણી જગ્યાએ અનેક શબ્દો અને વાકયો પણ ગ્રીક ભાષામાં આપેલાં હોય છે, તેટલા પુરતો એનો અભ્યાસ કરી બનતાં સુધી મૂળ અર્થને સમજવાનો પ્રયત્ન કર્યો છે. ગ્રીક ફિલસૂફીના અભ્યાસીઓએ અંગ્રેજીમાં જે જે પુસ્તકો બહાર પાડયાં છે તેમાંના અગ્રગણ્ય વિદ્વાનોના ગ્રંથોનો આધાર લઈને જ્યાં જ્યાં ફિલસૂફીના તેમજ બીજા ગ્રીક પારિભાષિક શબ્દો વાપરવામાં આવ્યા હોય, ત્યાં ત્યાં અંગ્રેજી ભાષાન્તરને વળગી ન રહેતાં મૂળ ગ્રીક શબ્દનો અર્થ બરાબર સ્પષ્ટપણે ગુજરાતીમાં ઉતરી આવે તે રીતે ભાષાન્તર કરવાનો પ્રયત્ન કર્યો છે. ઉ. ત. અંગ્રેજીમાં Plato's Republic એમ છે, પરંતુ પ્રાચીન ગ્રીસમાં City States—નગર રાજ્યો હતાં, અને મૂળમાં પણ 'Politeia tou kosmou' એમ છે, તેથી ગુજરાતીમાં 'પ્લેટોનું આદર્શ નગર' એમ રાખ્યું છે. બીજું ઉદાહરણ ધર્મનું છે. મૂળમાં 'Dikaiosune' શબ્દ છે. એ શબ્દને અંગ્રેજીમાં ઉતારવો ઘણો કઠિન છે એમ મનાય છે. અંગ્રેજી અનુવાદમાં Justice શબ્દ રાખ્યો છે. પરંતુ ગ્રીક Dikaiosune શબ્દમાં જેટલા અર્થ અભિપ્રેત છે તે ઉપરથી ગુજરાતીમાં તે માટે

'ધર્મ' શબ્દનો ઉપયોગ કર્યો છે. અને ખરી રીતે જોતાં આપણા ધર્મ શબ્દમાં અંગ્રેજી Function, Duty, Moral obligation, Harmony, Religious Experience બધા અર્થોનો સમાવેશ થાય છે. તેવો જ ગ્રીક શબ્દ 'Dikaiosune' છે. આ પ્રમાણે બીજા ઘણા શબ્દોનો અર્થ ગુજરાતીમાં કાયમ રહે તે રીતે અંગ્રેજી ભાષાન્તરને જરા બાજુ પર રાખીને મેં ગુજરાતી શબ્દો વાપર્યા છે. આખા પુસ્તકનું મૂળ ગ્રીક હું જોઈ શકું એમ નથી, પરંતુ યુરોપીય વિદ્વાનોએ Plato's Republic નું પૃથક્કરણ કરતાં જે પુસ્તકો લખ્યાં છે, તેમાંથી ગ્રીક શબ્દોના અર્થ સમજીને મેં ગુજરાતી પારિભાષિક શબ્દો લીધા છે.

મૂળ ગ્રીક પુસ્તકમાં પરિચ્છેદો નહોતા, પણ તે પાછળથી પાડવામાં આવ્યા છે. જે મૂળ આધારભૂત આવૃત્તિ ગણાય છે તેમાં માત્ર કલમો છે, અને તે પ્રસ્તુત ભાષાન્તરમાં પણ મેં રાખી છે. ઉ. ત. 'પ્લેટોનું આદર્શ નગર' ની શરૂઆત ૩૨૭ મી કલમથી થાય છે અને દરેક કલમના અ, બ, ક, ડ, ઈ, એવા પાંચ વિભાગો કરવામાં આવ્યા છે. આ રીતે સામાન્ય પૃષ્ઠાંક ઉપરાંત દરેક પૃષ્ઠને મથાળે પરિચ્છેદ અને કલમ પણ આપવામાં આવ્યાં છે.

ભાષાન્તરમાં પ્રત્યેક પરિચ્છેદમાં ભિન્ન ભિન્ન મુદ્દાઓનું પૃથક્કરણ તથા નોંધ આપેલાં છે. અંગ્રેજી ભાષાન્તરમાં જે નોંધો છે તે ક્રમાંકથી આપેલી છે, અને ગુજરાતી ભાષાન્તરમાં વિષયને સ્ફુટ કરવા જે વધારાનાં ટીપ્પણ આપ્યાં છે, તે ચિહ્નો દ્વારા દર્શાવેલાં છે. ભાષાન્તર કરતી વખતે શબ્દોને વળગી રહેવાનો ખાસ પ્રયત્ન કર્યો નથી, તેમ બહુ છુટ પણ લીધી નથી, પરંતુ જે અર્થ અભિપ્રેત હોય તે ગુજરાતી ભાષામાં સારી રીતે વ્યક્ત થઈ શકે તે રીતે મૂળને વળગી રહીને ભાષાન્તર કર્યું છે. ગ્રંથને અંગ્રેજીમાંથી આપણી ભાષામાં લાવતાં અમુક જગાએ અર્થને સ્ફુટ કરવા શબ્દો કે નાનાં વાકયો ઉમેરવા પડ્યાં છે, તે નાના

કૌંસમાં મૂકયાં છે, અને જે વસ્તુ મૂળમાં કૌંસમાં હોય તેને મોટા કૌંસમાં આપેલી છે, કે જેથી અંગ્રેજી પુસ્તકમાંની મૂળ વસ્તુ કેટલી છે તેનો ખ્યાલ વાચકને આવે.

ભાષાંતરની પહેલી આવૃત્તિ પ્રેસમાં ગઈ ત્યાર પહેલાં પ્રો. બળવંતરાય ઠાકોર ભાષાન્તર જોઈ ગયા હતા અને ઘણી જગ્યાએ તેમણે સૂચનો કરેલાં તે માટે તેમનો અહીં ફરીથી આભાર માનું છું. વળી ભાષાન્તર કર્યા પછી મૂળની સાથે તેને ફરીથી સરખાવવા જેવા કંટાળાભરેલા કાર્યમાં મને જેમણે પહેલી તેમજ આ બીજી આવૃત્તિમાં મદદ આપી છે તેમની ઇચ્છાનુસાર નામ આપ્યા વગર એમનો અહીં આભાર માનું છું. આખું ભાષાન્તર અમુક ઢબે વાંચવાનું છે, તે ભાગ્યે જ વિદ્વાન વાચક વર્ગને કહેવાની જરૂર હોય, અને આ રીતે વાંચતાં ગુજરાતી ભાષાન્તર ગુજરાતી લાગે અને છતાં પ્રાચીન ગ્રીક સંસ્કૃતિ અને પ્લેટોની ફિલસૂફીનું એમાં દર્શન થાય એ રીતે પુસ્તક ગુજરાતીમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે.

ગ્રીક ફિલસૂફીનો ટૂંકો ઇતિહાસ, તેમાં પ્લેટોની ફિલસૂફીનું સ્થાન તથા 'પ્લેટોના આદર્શ નગર'નું પૃથક્કરણ — આ તમામ વિગતોને સમાવી લેતો ઉપોદ્‌ઘાત પ્લેટોની ફિલસૂફીના અભ્યાસમાં મદદરૂપ થાય તે માટે આપેલો છે.

આવા કામ માટે જે શાંતિ જોઈએ તે પહેલી આવૃતિ વખતે કે આ બીજી આવૃતિ વખતે પણ નહોતી અને બીજા કામના અનેક વિક્ષેપો આડે આ કામ કરવું પડયું છે. આથી પુસ્તકમાં જે ઊણપો રહી ગઈ હોય તે પ્રત્યે ગુજરાતનો વિદ્વાન વાચક વર્ગ ઉદારતાની નજરે જોશે એમ આશા રાખું છું, અને તે પ્રત્યે જો તેઓ મારું ધ્યાન ખેંચશે તો હું અધિક આભારી થઈશ.

'હરિ-નાવ', નવરંગપુરા,
અમદાવાદ–૯

પ્રાણજીવન વિશ્વનાથ પાઠક

ઉપોદ્‌ઘાત

પ્રાચીન ગ્રીક ફિલસૂફી

(* ૧)

પ્લેટોની ફિલસૂફીનાં અંગોનું મૂલ્યાંકન કરવા માટે પ્રાચીન ગ્રીક ફિલસૂફીનું થોડું નિરૂપણ કરવું જરૂરી છે; કારણ ગ્રીક ફિલસૂફીના પ્રત્યેક તંતુને પ્લેટોએ પોતામાં સમાવવાનો પ્રયત્ન કર્યો છે.

ગ્રીક અથવા યુરોપીય ફિલસૂફીની શરૂઆત ઈ. સ. પૂ. પાંચમા સૈકામાં થેલીસ નામના વિચારકથી થઈ એમ માનવામાં આવે છે. બીઆસ, પીટ્ટાકસ, સોલન વગેરે પ્રાચીન ગ્રીસના સાત સંતોમાં થેલીસની પણ ગણના કરવામાં આવે છે. થેલીસ મૂળ તો ગણિતશાસ્ત્રી હતો, અને ઈ. સ. પૂ. ૫૮૫ માં જે સૂર્યગ્રહણ થયું હતું તે તેણે અગાઉથી ભાખેલું અને તે પરથી એનો કાળ નિશ્ચિત કરવામાં આવે છે.

યુરોપીય ફિલસૂફીના ઇતિહાસમાં "આ જગતનું મૂળભૂત તત્ત્વ[૧] શું છે?" એવો પ્રશ્ન સૌથી પહેલાં થેલીસે કર્યો. પ્રશ્નના જવાબમાં થેલીસે કહ્યું કે વિશ્વનું મૂળભૂત તત્ત્વ પાણી હોવું જોઈએ. આપણી દૃષ્ટિએ પ્રશ્નનો ઉત્તર ભલે આપણને ખોટો કે બાલિશ લાગે, પરંતુ થેલીસની ખરી મહત્તા એણે જે રીતે પ્રશ્નનો ઉત્તર આપ્યો તેમાં નહિ પરંતુ પ્રશ્ન પૂછવામાં જ રહેલી છે. બાહ્ય જગતની પાર્થિવ વસ્તુઓ આપણને ત્રણ સ્થિતિમાં દેખાય છે—ઘન પ્રવાહી અને વાયુરૂપ, અને આપણા સામાન્ય અનુભવમાં માત્ર પાણીની જ ત્રણ સ્થિતિઓ આપણને દેખા દે છે, તેથી વિશ્વનું તત્ત્વ પાણી હોવું જોઈએ એવું થેલીસે અનુમાન કર્યું હશે એમ કેટલાએક માને છે.

ફિલસૂફીનો આ એક જ પ્રશ્ન થેલીસે પૂછ્યો; બીજા ઘણા પ્રશ્નો આપણા મનમાં ઊભા થાય. ઉ ત. આ તત્ત્વ અને આપણી વચ્ચેનો

---

૧ "Arkhē"

સંબંધ શો ? આ તત્ત્વમાંથી આખું વિશ્વ કઈ રીતે ઉદ્ભવ્યું ? અને જો આ એક જ તત્ત્વમાંથી વિશ્વનો આવિર્ભાવ થયો હોય તો પછી વિશ્વમાં વૈવિધ્ય કયાંથી આવ્યું ? તથા જો અમુક રીતે વિશ્વ એ તત્ત્વમાંથી ઉતરી આવ્યું તો એ મૂળભૂત તત્ત્વનો સાક્ષાત્કાર એની અસલ સ્થિતિમાં શકય છે કે નહિ અથવા શકય હોય તો કઈ પદ્ધતિએ એ શકય છે ?—વગેરે. પરંતુ થેલીસના જમાનામાં વિચારની ભૂમિકા તેમજ એની પદ્ધતિ અત્યંત સાદી કોટીની હતી, તે એટલે સુધીની કે બાહ્ય જડ જગત અને આપણું ચેતન એ બે વચ્ચેના ભેદનું ભાન પણ સ્પુટ થયેલું નહોતું. આથી થેલીસનું મૂળભૂત તત્ત્વ પાણી, માત્ર બાહ્ય જગતનું જ તત્ત્વ નથી પરંતુ આપણું પોતાનું પણ તત્ત્વ છે એમ એ કહે.

થેલીસના એક નાનાસૂના પ્રશ્નને લીધે વિચારપદ્ધતિ અમુક ચોકકે જ ચાલવી જોઈએ એમ આપણને દેખાય છે. વિશ્વ, એમાં થતાં અનેક પરિણામો તથા રૂપાંતરો, તથા એ પરિણામી વિશ્વનું એક મૂળભૂત અપરિણામી સ્થાયી તત્ત્વ કે જેને લઈને વિશ્વ આખું અસ્તિત્વ ધરાવે છે.—આટલા મુદ્દાનો સ્વીકાર કરીને માનવ બુદ્ધિને આગળ વધવાનું હતું. નિર્જીવ અને સજીવ કે જડ અને ચેતનમય વસ્તુઓ પણ વિશ્વમાં આવી જાય છે, પરંતુ આથી ચેતનના અસ્તિત્વને ઘટાવવા માટે જડથી ભિન્ન એવા તત્ત્વની જરૂર એ કાળે જણાઈ નહોતી.

થેલીસે વિશ્વનું કારણ પાણી માન્યું, તો એનેકઝીમેન્ડરે "અનંત"-ને કારણભૂત માન્યું, અને આ રીતે અનંતનો ખયાલ[૨] ફિલસૂફીમાં દાખલ થયો. થેલીસ અને એનેકઝીમેન્ડર વચ્ચે વિચારભૂમિકાની દૃષ્ટિએ આપણને બહુ મોટું અંતર લાગે છે. વિશ્વ અનંત ભાસે છે, તેથી વિશ્વનું કારણ પણ અનંત જ હોવું જોઈએ: કારણ અને કાર્ય

૨. Concept of Infinity—"To Apeiron".

વચ્ચે આ દૃષ્ટિએ વૈષમ્ય હોવું ન જોઈએ, પરંતુ બીજી દૃષ્ટિએ એ બે વચ્ચે ભેદ હોવો જોઈએ. કારણ આ આખું વિશ્વ ઇન્દ્રિયગોચર છે, અને જે કંઈ ઇન્દ્રિયગોચર હોય તેનો આપણા વિશ્વમાં જ સમાવેશ થાય, અને આખું વિશ્વ પોતે કાર્યરૂપ છે, તથા કારણ અને કાર્ય ભિન્ન હોવાં જોઈએ તેથી વિશ્વનું કારણ જે "અનંત" છે તે ઇન્દ્રિયગોચર હોઈ શકે નહિ. એનેક્ઝીમેન્ડરની વિચારપદ્ધતિ અનુસાર એટલું સાબિત થાય છે કે કારણ અને કાર્ય વચ્ચે અમુક અંશે સામ્ય અને અમુક અંશે વૈષમ્ય હોવું જોઈએ[૩] "અનંત" ઇન્દ્રિયગમ્ય નથી તેથી આપણે એમ માનવાની જરૂર નથી કે એનેક્ઝીમેન્ડર કોઈ આધ્યાત્મિક તત્ત્વમાં માને છે કારણ "અનંત"ને પણ એ દ્રવ્ય જ ગણતો. દિક્ અને કાળમાં પ્રસરેલા "અનંત" એવા દ્રવ્યને એ ઈશ્વર કહેતો !

આ ઉપરાંત એનેક્ઝીમેન્ડરે વિકાસવાદના સિદ્ધાંતનું પણ થોડે અંશે નિરૂપણ કરેલું—કે ભીંગડાવાળાં કોઈ દરિયાઈ પ્રાણીમાંથી માનવનો વિકાસ થયો છે; પરંતુ આ દિશામાં એને ન્યાય આપે એવો કોઈ જ વિચારક સૈકાઓ સુધી એના પછી આવ્યો નહિ.

ત્રીજો ગ્રીક ફિલસૂફ એનેક્ઝીમીનીઝ એના પુરોગામીના "અનંત" તરફના ઉહ્યનથી જાણે થાકી ગયો હોય એમ લાગે છે, કારણ "વાયુ"ને એ વિશ્વનું અંતિમ તત્ત્વ માને છે, જો કે કેટલાએક વિદ્વાનોના મત અનુસાર આપણી હવા તે એનેક્ઝીમીનીઝનો વાયુ નથી, પણ વિશ્વને ગતિ આપનાર તથા ધારણ કરનાર તત્ત્વ તે વાયુ છે.

(* ૨)

વિકાસવાદના નિરૂપણ અનુસાર જેમ પ્રાણીઓનો વિકાસ કંઈ એક સીધી લીટીમાં જ થયો નથી પરંતુ જીવનપ્રવાહે અનેક દિશામાં

૩. સરખાવો આપણા સાંખ્યનો પુરુષ–પ્રકૃતિ સ્વરૂપનો વિચાર. જો કે સાંખ્યની વિચારભૂમિકા સાથે ગ્રીક ફિલસૂફોને જરા પણ સરખાવી શકાય નહિ.

કેટલાએ અખતરાઓ કરેલા છે; તેવી જ રીતે માનવવિચારના વિકાસમાં પણ આપણને અનેક ગૂંચળાંઓ દેખાય છે. ઝેનોફેનીસ નામના ગ્રીક વિચારકે પૂર્વના દેશોમાં ઘણી મુસાફરીઓ કરેલી અને કોઈ નવા ધર્મનો પ્રચાર કરતો હોય તે રીતે તેણે પ્રતિપાદન કર્યું કે "વિશ્વમાં રહેલી અનેક વસ્તુઓ એકરૂપ થઈને એના પ્રત્યે વહે છે, અને એ એક તત્ત્વ ઇન્દ્રિયથી પર તથા અવિનાશી છે"—એ તત્ત્વની વ્યાખ્યા કે વર્ણન કરી શકાય નહિ કારણ કે એ પ્રકારે વર્ણન કરતાં આપણે માનવ બુદ્ધિના બંધારણ અનુસાર જ એનું ચિત્ર દોરવાના અને એ રીતે "ગધેડો ઈશ્વરનું આલેખન કરવા મોટા ગધેડાનું ચિત્ર દોરે" એવી ભૂલ થવાનો સંભવ છે.

એક, શાશ્વત, અપરિણામી તત્ત્વ અને બીજી બાજુ ક્ષણે ક્ષણે બદલાતું પરિણામી વિશ્વ–એ બે વચ્ચે વિચારના દૃષ્ટિબિંદુએ મેળ સાધવો બહુ મુશ્કેલ છે. જે કંઈ પરિણામી વસ્તુ છે, તેમાં અમુક તો સ્થાયી તત્ત્વ હોવું જ જોઈએ, નહિ તો આપણે—'આ ફલાણી વસ્તુ બદલાય છે'—એવું વિધાન પણ ન કરી શકીએ.—એ વિધાન કરવા પુરતી તે વસ્તુ સ્થાયી અથવા અપરિણામી છે—એટલે કે વિશ્વમાં માત્ર પરિણામો જ અસ્તિત્વ ધરાવતાં હોય, તો અમુક વસ્તુ બદલાય છે એમ આપણે ઘટાવી શકીએ નહિ. માનવ બુદ્ધિ વિશ્વમાં અમુક સ્થિર વસ્તુ અને એનાં પરિણામો વચ્ચે ભેદ પાડે છે, પરંતુ અંદરની સ્થાયી વસ્તુ અને એનાં બાહ્ય પરિણામો વચ્ચેના સંબંધનું નિરૂપણ કરી શકાતું નથી. કારણ સ્થિર વસ્તુ પોતે જો પરિણામ પામે તો એ સ્થિર નથી, અને પરિણામો જો સ્થાયી થઈ જાય તો એને પરિણામો ન કહી શકાય,—અને છતાં સ્થાયી વસ્તુ અને એનાં પરિણામોને સમજવા માટે માનવ બુદ્ધિને એ બંનેની અપેક્ષા રહે છે. અવનવા ફેરફારો થવા માટે કોઈકે વસ્તુ તો હોવી જ જોઈએ, કારણ જો વસ્તુ જ ન હોય તો બદલાય એવું કશું રહેતું નથી; બીજી દૃષ્ટિએ જોતાં આપણે અપરિણામી તત્ત્વનો સીધે સીધો અનુભવ કરી શકતા

નથી, તોપણ ઇન્દ્રિગમ્ય પરિણામોને સમજવા પૂરતી, અપરિણામી તત્ત્વની સ્થાપના કરવી પડે છેઃ અને છતાં બુદ્ધિની આંતરિક કે સ્વભાવગત આવશ્યકતાને લીધે સ્થપાયેલ અપરિણામી તત્ત્વ જો સર્વાંશે અપરિણામી હોય, તો ક્ષણભંગુર પરિણામો સાથે તે કશા પણ સંબંધમાં આવી શકે નહિ એમ પણ આપણે કબૂલ કરવું પડે છે. એટલે કે કાં તો જે અપરિણામી છે તે પોતે જ પરિણામ પામે છે, અથવા જે પરિણામી છે તે જ વળી અપરિણામી તત્ત્વ છે એવા વિરોધથી ભરેલા વિધાન પાસે આપણે ન છૂટકે આવી પડીએ છીએ અને નહિ તો એક અપરિણામી તત્ત્વ અને બીજાં એનાથી તદ્દન ભિન્ન એવાં પરિણામો વચ્ચેનું દ્વૈત સ્વીકારવાની ફરજ પડે છે.

આપણી ફિલસૂફીમાં આ મુદ્દા વિશે વિચાર કરતાં એક બાજુ શુદ્ધાદ્વૈત તો વચ્ચે વિશિષ્ટાદ્વૈત અને બીજી બાજુ સાંખ્ય અને જૈન તત્ત્વજ્ઞાનનું દ્વૈત અને સૌથી નિરાળો બૌદ્ધધર્મનો સંઘાતવાદ—આ રીતે વિચારનાં બધાં પાસાં ગોઠવાયાં હતાં. અને મૂળતત્ત્વ શું છે–તે એક છે કે બે–અથવા એ નિર્ગુણ છે કે સગુણ કે પછી બે અનાદિ તત્ત્વો વચ્ચે થતી અનાદિ કાળથી ઉતરી આવતી આપ-લે ને લીધે થતાં પરિણામો છે–અથવા કોઈ પણ કૂટસ્થ, નિત્ય, અપરિણામી તત્ત્વનો અભાવ હોવા છતાં, આપણા વિશ્વના ક્ષણિક પરિણામોમાંથી મુક્તિ મેળવવા—આવાં આપણી ફિલસૂફીનાં ઉપર કહ્યાં તે તમામ દર્શનો યોગ-માર્ગમાં માને છે, તેનું કારણ એ છે કે આપણું તમામ તત્ત્વજ્ઞાન એક મહાન શ્રદ્ધાના પાયા ઉપર રચાયું છે કે—આપણી દુનિયાના પરિણામોમાં એ જે કંઈ છે—તેને માણસ સાધના દ્વારા પ્રાપ્ત કરી શકે છે.

વિશ્વના ક્ષણભંગુર પરિણામોમાંથી મુક્તિ મેળવીને એક તત્ત્વ સુધી પહોંચવાની શ્રદ્ધા પ્રાચીન ગ્રીક ફિલસૂફોમાં પણ હતી. પરંતુ આંતરિક સંશોધનના યોગમાર્ગની પ્રણાલિના અભાવે, આપણી ફિલસૂફીમાં

જે રીતે વિચાર કરવામાં આવ્યો છે તેટલી વિશદતાથી ગ્રીક ફિલસૂફીમાં વિચાર કરવામાં આવેલો નહિ અને છતાં એમની પોતાની ઢબે આ વિરોધી દ્વંદ્વોનો અમુક અંશે અસ્વીકાર કરીને—એટલે કે દ્વૈતના એક અંગને છોડી દઈને ગ્રીક ફિલસૂફોએ સામસામી બાજુઓ લીધી !

ગ્રીક ફિલસૂફ હીરેકલેઈટોસના અભિપ્રાય અનુસાર આપણું વિશ્વ માત્ર પરિણામોનું જ બનેલું છે, એટલે કે દરેક પળે પલટાતા પરિણામોમાં સ્થિર એવું કોઈ તત્ત્વ છે નહિ—અનેક પરિણામો દ્વારા પોતે આવિર્ભાવ પામતું હોય—કે પછી આપણને અનુભવગોચર થતું હોય એવું કોઈ એક અપરિણામી તત્ત્વ જ નથી. આથી વિશ્વનું તત્ત્વ અગ્નિ છે એમ તે માનતો, અને કહેતો કે અગ્નિની દીપશિખા તમે જુઓ છો તે જ્યે કે એ ને એ લાગે છે, પરંતુ તે એક નથી; કારણ પ્રત્યેક ક્ષણે એ નવી જ ઉગે છે, તથા દરરોજ 'સૂર્ય ક્ષિતિજમાં લય પામે છે અને બીજે દિવસે જે ઊગે છે તે નવો જ સૂર્ય છે.' તેમજ 'એ ને એ નદીમાં તમે કદી બે વખત પગ મૂકી શકો નહિ કારણ પાણી તો વહ્યે જ જાય છે.'[૪]

એનાં અમુક લખાણ સામાન્ય માણસો સમજી શકે એવાં નહોતાં તેથી એને Dark Philosopher નું ઉપનામ મળેલું. અને છતાં એના સમસ્ત વિચારને આપણે સમજવા પ્રયત્ન કરીએ તો જાણે કોઈ ગૂઢ સત્યને એ શબ્દો દ્વારા વ્યક્ત કરવા માગતો હોય તેવું એનું લખાણ છે. એ માત્ર પરિણામોમાં માનતો એટલું જ નહિ પણ પરિણામો એક પછી એક અમુક ક્રમમાં આવિર્ભાવ પામે છે અથવા અસ્તિત્વમાં આવે છે, તેનું કારણ એ છે કે પરિણામોનો

---

૪. હીરેકલેઈટોસના એક શિષ્ય વિશેની એવી લોકવાયકા છે કે એણે વ્યાજે લીધેલા પૈસા પાછા આપવાની ના પાડી, કારણ જ્યારે પોતે પૈસા લીધેલા ત્યારે એ જે માણસ હતો તે હવે પોતે રહ્યો નહોતો!—તો એકે કરેલું દેવું બીજે કેવી રીતે ચૂકવી આપે!

ક્રમ 'નિયત' હોય છે, એટલે કે આપણા વિશ્વમાં જે કંઈ છે તે નિયતિને અધીન[૫] છે. અગ્નિની જ્યોત દેખાવમાં એ ને એ લાગે છે, પરંતુ પ્રત્યેક પળે તેલ, દીવાની દીવેટ એ બધાના સંઘાતના નિયમથી જ્યોત નિશ્ચિત થાય છે, અને આખો આ સંબંધ અને જ્યોત પોતે પ્રત્યેક ક્ષણે પરિવર્તનશીલ છે. "કોઈ માનવીએ અથવા કોઈ દેવે વિશ્વને સર્જ્યું નથી, પણ એ અનાદિ કાળથી હતું, છે અને હરહંમેશ જીવન્ત અગ્નિરૂપે રહેશે."[૬] એ જીવન્ત અગ્નિમાંથી આ વિશ્વ ઉત્પન્ન થયું છે, આ તે અધો માર્ગ—The Downward way અને વિશ્વમાં રહેલું અનેકત્વ-બહુત્વ વળી પાછું એકમાં લીન થાય તે ઊર્ધ્વ માર્ગ The Upward way.[૭] હિરાક્લિયડને દિવસ અને રાતનું જ્ઞાન નહોતું; કારણ મૂળમાં તે બંને એક જ તત્ત્વનાં અંગ છે.[૮] દ્વંદ્વોનાં વિરોધી અંગોને લીધે વિશ્વ અસ્તિત્વમાં આવે છે જો કે તત્ત્વતઃ આ તમામ વિરોધી અંગો એક જ છે.

દિવસ અને રાત, જીવન અને મૃત્યુ, સારું અને ખોટું, આ તમામ અંગો શાશ્વત છે અને તત્ત્વતઃ એક છે એમ એ કહેતો.

---

૫. "All things are fixed and determined." "Logos–Zeus has fixed all rightly according to their nature from years sempiternal."

૬. "No man or god created the universe, but ever there was and is and will be the ever Living Fire..."

૭. " One out of all and all out of One."

૮. "Hesiod did not know day and night, for it is the One—"

"Esti gar hen" "It is wise to admit that all things are one." Hirakleitos–"Fragments."

તત્ત્વ એક જ છે, પરંતુ વિરોધી દ્વંદ્વોના વિગ્રહ ('eris' = strife)[૯] અને લડાઈ ('polemos')ને લીધે વિશ્વની ઉત્પત્તિ થાય છે અને નિયમ અનુસાર નિયતિની ક્રૂર દેવીઓ (Furies) સૂર્યની પણ પાછળ પડે છે અને તેને નિયમબદ્ધ રાખે છે. એક અને અનેક તથા પરિણામી તત્ત્વ અને તેના આવિર્ભાવ, તથા પરિણામોમાં વ્યક્ત થતી નિયતિની દેવી આ તમામ વિચારસરણીનો પડઘો પ્લેટોની ફિલસૂફીમાં પણ પડે છે—જે કંઈ અંતિમ તત્ત્વ છે તે એક અને અનેક બંને છે અને એ બે વચ્ચે જે ભેદ પડે છે તે દ્વારા જ તે પાછાં એકત્વને પામે છે—"The reality is both many and one and in its division, it is always being brought together." પ્લેટોનું આ વાક્ય સીધું હીરેક્લેઇટોસમાંથી ઉતરી આવ્યું હોય એમ લાગ્યા વગર રહેતું નથી.

હીરેક્લેઇટોસ પોતાની ફિલસૂફીમાં કોઈ ગૂઢ રહસ્યનું પ્રતિપાદન કરતો હોય એમ આપણને લાગે છે. પરિવર્તનશીલ પરિણામો, અને તેમાં રહેલું તત્ત્વ તથા એક તે અનેક કઈ રીતે થાય છે એનું નિરૂપણ કરવું અતિશય મુશ્કેલ છે. આંતરિક દૃષ્ટિની મદદથી હીરેક્લેઇટોસ ફિલસૂફીના આ ઊંડામાં ઊંડા પ્રશ્નનું નિરાકરણ પોતાની રીતે કરે છે, જ્યારે એલીએટિક પારમેનાઈડીઝે બુદ્ધિની મદદથી ઇન્દ્રિયગોચર પરિવર્તનશીલ પરિણામોનાં અંગને દાબી દીધું અને શુદ્ધ, કેવલ, નિત્ય, અપરિણામી તત્ત્વનો જ સ્વીકાર કર્યો. એક બાજુ કૂટસ્થ, નિત્ય, અવિનાશી, પરિણામી તત્ત્વ જ છે, આ અને બધાં

---

૯. "War is the father of all and king of all"
"All thiags becoming according to strife" and
"To know that strife is justice."
હીરેક્લેઇટોસ કહેતો કે 'Biôs (Bow ધનુષ્ય)=Bîos (Life)
આ પ્રકારનો શ્લેષ આપણી ભાષામાં શક્ય નથી.

પરિણામો આભાસરૂપ છે—આપણા બુદ્ધિગમ્ય વિચારનાં આ બે પાસાં છે, અને એમાંથી ગમે તે એકને આપણે દાખી દઈએ, તો એમાંથી ગમે તે બાકી રહેલા અંગને વિશે આપણે ભાષા દ્વારા કશું વિધાન કરી શકીએ નહિ. કારણ દરેક વિધાનમાં કર્તા અને ક્રિયાપદ હોય છે, અને એ બે વચ્ચેના દ્વૈતનો સમન્વય વિધાનની એકતામાં થયેલો હોય છે. આથી કેવલ, અપરિણામી તત્ત્વ વિશે કશું વિધાન કરી શકાય નહિ, તેમ જ જે પરિણામો તદ્દન એક બીજાથી સર્વાંશે ભિન્ન છે તે વિશે પણ વિધાન શકય બનતું નથી, કારણ હરકોઈ પ્રમાણગત વિધાનમાં આપણે જે બે તત્ત્વો તદ્દન ભિન્ન નથી, તેમ તદ્દન એક નથી—તેવાંની વચ્ચે એકત્વ સ્થાપવાનો કે તેમની સરખામણી કરવાનો પ્રયત્ન કરીએ છીએ. આ પ્રશ્નનો ઉકેલ લાવવા આપણી ફિલસૂફીમાં (યોગદર્શનમાં), અભેદમાં ભેદ રોપે અથવા ભેદમાં અભેદ રોપે અને એ રીતે બૌદ્ધિક વિધાનો શકય કરે એવી આપણા ચિત્તની "વિકલ્પ" નામની વૃત્તિ માન્ય રાખવામાં આવી છે. ઇન્દ્રિયગોચર બાહ્ય વિશ્વનું જ્ઞાન (સવિકલ્પજ્ઞાન) મેળવવામાં એ વૃત્તિ પ્રધાનપણે ભાગ ભજવે છે, તોપણ નિર્વિકલ્પજ્ઞાનની શકયતા આપણામાં સ્વીકારવામાં આવી છે. આપણે યુરોપની અર્વાચીન અથવા સમકાલીન ફિલસૂફી તરફ નજર ન કરીએ ત્યાં સુધી યુરોપીય ફિલસૂફીમાં આ વિચારસરણી આપણને ભળી આવતી નથી. પારમેનાઇડીઝે શુદ્ધ, કેવલ, અપરિણામી તત્ત્વનો જ સ્વીકાર કર્યો તેથી સ્થળ અને કાળનો ભેદ પણ લોપ થઈ ગયો, અને તેની સાથે પારમેનાનાઇડીઝના શિષ્ય ઝીનોએ સાબીત કરવા પ્રયત્ન કર્યો [૧૦]તે અનુસાર

---

૧૦. ઝીનોના બે દાખલાઓ બહુ જાણીતા છે. પહેલો : ધારો કે કાચબો એકીલીઝની સાથે સરત દોડે છે. કાચબો ધીમો છે તેથી એને વહેલો છોડવામાં આવે છે, અને એ અમુક સુધી આગળ જાય ત્યાર બાદ એકીલીઝ દોડવાનું શરૂ કરે છે : અને તે વખતે કાચબો ધારો કે ક સ્થાને હતો અને એકીલીઝ એ સ્થાને પહોંચે તે દરમિયાન કાચબો ધારો કે ક૧ સ્થાન પર પહોંચ્યો. પછી ક થી ક૧

સ્થાનાંતર અને વેગ પણ અશક્ય થઈ રહ્યાં. પારમેનાઈડીઝના મત

સુધી એકીલીઝ દોડશે ત્યારે કાચબો વળી કંઈ સ્થાન પર પહોંચ્યો હશે... અને એ રીતે જ્યારે જ્યારે એકીલીઝ જે જે સ્થાન પર કાચબો પહોંચ્યો હશે તે તે સ્થાને પહોંચશે તે દરમિયાન કાચબો કંઈક તો આગળ ચાલશે જ. પરંતુ અનુભવમાં એકીલીઝ કાચબાને પકડી પાડે છે; એ કે બુદ્ધિની દૃષ્ટિએ એ કદી એને પકડી પાડી શકે જ નહિ! અને બુદ્ધિ ખોટી હોઈ શકે નહિ, તેથી ઇન્દ્રિયગોચર અનુભવ જ ખોટો હોવો જોઈએ. બૌદ્ધિક જ્ઞાનના અપરિપક્વ વિકાસ ને લીધે ઝીનોએ ઉપરનો દાખલો આપ્યો હોવો જોઈએ. કારણ આપણે એમ કહી શકીએ કે જેનાં એક પછી એક આવતાં પદો ઓછાં ઓછાં થતાં જાય એવી અનંત શ્રેણીનો સાન્ત સરવાળો શક્ય છે. દા. ત., $1+\frac{1}{2}+\frac{1}{4}+\frac{1}{8}+\frac{1}{16}+\frac{1}{32}+\frac{1}{64}---=2$. એટલે કે પરિમિત કાળમાં એકીલીઝ કાચબાને પકડી પાડી શકે. પરંતુ અનંતનું તથા અનંત શ્રેણીનું ગણિત ઝીનોના સમયમાં અસ્તિત્વમાં નહોતું.

બીજો: ધારો કે એક તીર અ સ્થાનથી બ સ્થાન સુધી ઊડે છે. હવે તદ્દન નાની ક્ષણમાં તીર અમુક જગ્યાએ હશે, અને ક્ષણ નાનામાં નાની છે તેથી તે દરમિયાન એ જે સ્થાનમાં હશે તે સ્થાનમાં તે સ્થિર જ હશે, કારણ એટલી નાનામાં નાની ક્ષણમાં એ સ્થાનાંતર કરી શકશે નહિ. તેવી બીજી ક્ષણે પણ એ અમુક સ્થાનમાં સ્થિર જ હશે, અને એ રીતે પ્રત્યેક નાનામાં નાની ક્ષણે પ્રત્યેક સ્થાનમાં બાણ સ્થિર હશે; એટલે કે બાણ જ્યારે અ થી બની વચ્ચે સ્થાનાન્તર કરતું લાગે છે ત્યારે પણ એ તો સ્થિર જ હોય છે! આથી સાબીત થાય છે કે ઇન્દ્રિયગોચર વેગ કે સ્થાનાન્તર બુદ્ધિગમ્ય નથી એટલે કે તે ખોટો છે. આના જવાબમાં આપણે કહી શકીએ કે વેગ કંઈ ભિન્ન ભિન્ન સ્થિતિઓનો સરવાળો નથી, પરંતુ એક અને અવિભાજ્ય છે, અને આપણે જ્યારે ભાગલા પાડવા માંડીએ છીએ ત્યારે આપણે વેગના ભાગલા પાડતા નથી, પણ અ થી બ વચ્ચેના અંતરના ભાગલા કરીએ છીએ, અને હરકોઈ અંતર અથવા દિક્‌ના આપણે અનંત ટુકડા પાડી શકીએ, અને છતાં એ અંતર પોતે સાન્ત હોઈ શકે. એટલે કે નાનામાં નાની ક્ષણ લઇએ તોપણ પરિમાણ વગરનો દિક્‌નો ટુકડો આપણને મળી ન શકે. કાલ અને દિક્‌નાં સ્વરૂપમાં અમુક વૈચિત્ર્ય રહેલું છે તે એ કે એના અનંત ટુકડા કરવા જતાં પણ પરિમાણ વગરના ટુકડા પાસે આપણે

અનુસાર વિશ્વ "એક, અદ્વિતીય, અપરિણામી, શાશ્વત, સાન્ત, અવિભાજ્ય, ગોળ, ઘનરૂપ" છે.[૧૧] ફ્રિલસૂફીના ક્ષેત્રમાં પારમેનાઇડીઝને પ્લેટો પોતાના પિતાતુલ્ય ગણતો.

(* ૩)

એક દૃષ્ટિએ જોતાં થેલીસે જે વિચારસરણીનો આરંભ કર્યો તેના પરિપકવ પરિણામ રૂપ આપણને હીરેક્લેઈટોસ તથા પારમેનાઇડીઝની ફ્રિલસૂફી લાગે છે, જ્યારે બીજી દૃષ્ટિએ એ માત્ર એક નવીન શરૂઆત જ નીવડી. વિશ્વને સમજવામાં માનવ બુદ્ધિને મદદ થાય એવો પ્રશ્ન થેલીસે પહેલાં પૂછ્યોઃ કે આ વિશ્વનું મૂળભૂત તત્ત્વ કયું? પરંતુ એનું નિરાકરણ કરવા જતાં તત્ત્વ કયું એ પ્રશ્ન બાજુ પર જ

પહોંચીશું નહિ, અને ઝીનોનું બાણ આપણે સ્થિર કલ્પવું હોય તો દિક્‌નો પરિમાણ વગરનો ટુકડો આપણે લેવો જોઈએ, જે અશક્ય છે; એટલે કે દિક્‌ અથવા કાલનો નાનામાં નાનો ટુકડો આપણે લઈએ તો પણ તેમાં રહેલા બાણમાં વેગ હોઈ શકે. બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે દિક એટલે જ પરિમાણ, અને પરિમાણના ટુકડા કરવાથી પરિમાણ જ મળે, બીજું જે એમાં નથી તે એમાંથી મળી ન જ શકે. આવા દૃષ્ટિબિંદુથી ફ્રેંચ ફ્રિલસૂફ હેન્રી બર્ગસોં Lived Duration and abatract Time વચ્ચે ભેદ ઘટાવે છે. જુઓ "Time and Freewill" તથા "Creative Evolution."

ઝીનોની વિચારસરણીમાં જે મુખ્ય ભૂલ છે તે એ છે કે ગમે તે વસ્તુના અનંત ભાગલા પાડીએ અને આ રીતે બધી વસ્તુઓ અનંત થઈ જાય, પરંતુ બધી અનંતતાઓ કંઈ એક સરખી હોતી નથી. અનંત Infinity વિશેનું ગણિત થોડા સૈકા પહેલાં અસ્તિત્વમાં આવ્યું, અને તે અનુસાર એમ કહી શકાય કે એકીલીઝની દોડના તેમજ કાચબાના માર્ગના અનંત ભાગલા પાડી શકાય, પરંતુ તેથી બંને અનંત કંઈ એકસરખાં થતાં નથી અને તેથી એકીલીઝ કાચબાને પકડી પાડી શકે. જુઓ B. Russell—'Mysticism and Logic.'—તથા 'An Outline of Philosophy.'

૧૧. "One, single, changeless, eternal, finite, indivisible spherical plenum."—Parmenides.

રહી ગયો, અને ફ્રિલસૂફીમાં સ્થાપિત થયેલું આ એક, કેવલ, નિત્ય, અપરિણામી, ઇન્દ્રિયથી પર તત્ત્વ તથા બીજી બાજુ આ ઇન્દ્રિયગોચર પરિણામો : આ બન્નેના એકબીજાની સાથેના સંબંધ વિશેનો પ્રશ્ન ઊભો થયો; અને એમાંથી એક પદને જબરદસ્તીથી દાબી દઈને સંબંધના કૂટ પ્રશ્નનું નિરાકરણ કરવા જતાં આગળ ઉપર ઇન્દ્રિયજન્ય જ્ઞાન અને બુદ્ધિજન્ય જ્ઞાન વચ્ચેનો ભેદ સ્વીકારવો પડ્યો : અને જો કે હીરેક્લેઈટાસ અને પારમેનાઈડીઝ બંને તદ્દન વિરોધી પક્ષનું સમર્થન કરતા તોપણ સાચ્ચા જ્ઞાનના સાધન વિશે તેઓ એકમત હતા.[૧૨] એટલે કે ઇન્દ્રિયજ્ઞાનથી માત્ર આભાસ ઉત્પન્ન થાય છે, જ્યારે બુદ્ધિ વડે જ યથાર્થ જ્ઞાન મેળવી શકાય એમ તેઓ માનતા. આ રીતે વિશ્વ અને તેના મૂલભૂત તત્ત્વ વિશેનો પ્રશ્ન ગૌણ થઈ ગયો, અને સત્ય જ્ઞાન અને આભાસનો પ્રશ્ન આગળ આવ્યો. બુદ્ધિ વડે જ સત્ય અસ્તિત્વનો સાચો ખયાલ આપણને મળી શકે—એ મતનું સમર્થન કરતાં પારમેનાઈડીઝની અમુક ઉક્તિઓ આપણે વાંચીએ તો આપણને એમ લાગ્યા વગર ન રહે કે એ વિચાર–તત્ત્વ અને સત્ય અસ્તિત્વ વચ્ચે અભેદ માને છે.[૧૩] અને છતાં એનું વિચારતત્ત્વ એક પ્રકારનું આકાશમાં પ્રસરેલું સાન્ત દ્રવ્ય જ છે, જો કે વળી એવા દ્રવ્ય સિવાયનું ખાલી આકાશ જેવું કશું જ નથી એમ એ કહેતો.[૧૪]

(* ૪)

પારમેનાઈડીઝ માત્ર એક, કેવલ, અપરિણામી તત્ત્વમાં માનતો, અને પરિણામો માત્ર આભાસરૂપ હતાં. આપણી ફ્રિલસૂફીમાં બ્રહ્મ

---

૧૨. These were the first 'Rationalists' or Idealists. Raticnalists not in the present sense of the term.

૧૩. That Thought is Being.

૧૪. આઇન્સ્ટાઈનના ચાર પરિણામવાળા દિક્-કાલની જેમ પારમેનાઈડીઝનું અપરિણામી તત્ત્વ પણ સાન્ત છે, "and pure space or Not-being simply does not exist."—Parmenides.

અપરિણામી કેવલ તત્ત્વ છે, અને તોપણ તેની માયાની શક્તિને લીધે આભાસરૂપ પરિણામો તેમાંથી ઉત્પન્ન થાય છે, અને આ અનાદિ છે એમ શંકર ઘટાવે છે. પરંતુ પરિણામ રૂપ આભાસોનું અસ્તિત્વ શા માટે હોવું જોઈએ એ પ્રશ્ન પુછવા જેટલો પારમેનાઈડીઝ ઊંડે ઉતર્યો નહોતો, તેથી ઇન્દ્રિયજન્ય આભાસ અને બુદ્ધિગમ્ય જ્ઞાન વચ્ચેના ભેદ પાસે એ અટકી ગયો. આ દૃષ્ટિએ હીરેકલેઈટાસની વિચારસરણી વધારે સુસંગત છે. સાચા ખોટા જ્ઞાનનો ભેદ પાડવા ઉપરાંત અગ્નિ જેવા અત્યંત સર્વભક્ષી સર્વગ્રાહી તત્ત્વનાં પરિણામોમાં અમુક વ્યવસ્થા સાચવવા એને વિશ્વસમસ્તમાં નિયતિ–વ્યવસ્થા ('Dike') અને બુદ્ધિના તત્ત્વ ('Logos')નો સ્વીકાર કરવો પડ્યો. આ 'લોગોસ' આધિભૌતિક તેમ જ પ્રમાણુગત આવશ્યકતા અને વ્યવસ્થાનો પિતા હતો.

(* ૫)

યુરોપીય ફિલસૂફીના ક્ષેત્રમાં આ રીતે એક પછી એક નવા નવા મુદ્દાઓ ઊભા થતા ગયા, પરંતુ તેથી કંઈ મૂળ પ્રશ્નનું નિરાકરણ થવા પામ્યું નહિ. આ વિશ્વને સમજવા માટે જ ફિલસૂફોએ વિચાર કરવાની શરૂઆત કરી, પણ અમુક વસ્તુ વિશે વિચાર કરતાં કરતાં બુદ્ધિજન્ય વિરોધો માર્ગમાં આડે આવે અને તેને ખસેડવા જતાં અસલ વસ્તુને જ આપણે હડસેલી મૂકીએ,[૧૫] તો ભાગ્યે જ પ્રશ્નનું નિરાકરણ થયું ગણાય; અને આ દૃષ્ટિએ જોતાં વિશ્વ વિશેનો મૂળ પ્રશ્ન વળી પાછો ઉભો થાય તો તેમાં નવાઈ જેવું કશું ગણાય નહિ. મૂળભૂત તત્ત્વ વિશેનો પ્રશ્ન અને તે તત્ત્વનો આ દૃશ્ય જગત સાથેનો સંબંધ એ બંનેને સ્ફુટ કરવાનો પ્રયત્ન ગ્રીક ફિલસૂફ એમ્પિડોકલીસે કર્યો. થેલીસે પાણીને, એનેકઝીમીનીસે વાયુને, હીરેકલેઈટાસે અગ્નિને વિશ્વનાં અંતિમ તત્ત્વ માનેલાં, તો એમ્પિડોકલીસે પૃથ્વી,

૧૫. આજકાલનું ભૌતિક વિજ્ઞાન કેટલેક અંશે કરે છે તેમ.

અપ્, અગ્નિ અને વાયુ ચારેનો સ્વીકાર કર્યો. પારમેનાઈડીઝ અને તેના અનુયાયીઓ એમ કહેતા કે જે કંઈ છે તે જ અસ્તિત્વ ધરાવી શકે, જે નથી તે કદી અસ્તિત્વમાં આવી શકે જ નહિ, અને એમ્પિડોકલીસે આવા સત્કાર્યવાદનો સ્વીકાર કર્યો. માનવ બુદ્ધિ અનેકત્વ પાસે અટકી શકતી નથી, અને જ્યાં સુધી વૈવિધ્યને સમજવા જતાં સિદ્ધાંતમાં અનેકત્વ રહે ત્યાં સુધી બુદ્ધિને ચેન પડતું નથી. પરંતુ બાહ્ય વિશ્વના વૈવિધ્ય સાથે મેળ સાધવા જતાં એમ્પિડોકલીસને ચાર તત્ત્વોનો સ્વીકાર કરવો પડ્યો, પણ એ ચાર તત્ત્વો કયાંથી આવ્યાં એ પ્રશ્ન એણે પૂછ્યો નહિ. ચારમાંનું દરેક તત્ત્વ પારમેનાઈડીઝના તત્ત્વ જેવું અવિભાજ્ય એકમ રૂપ હતું, એટલે કે અવિચલ હતું. અને પદાર્થોમાં જે કંઈ ફેરફારો થતા આપણને માલુમ પડે છે, તે મૂલભૂત ચાર તત્ત્વોમાં થતાં પરિણામોને આભારી નહિ પરંતુ વસ્તુમાં રહેલાં તત્ત્વોનાં પ્રમાણની વધઘટને લીધે છે એમ એમ્પિડોકલીસને ઘટાવવું પડ્યું. આ રીતે, ગુણપરિણામનું મૂળ કારણ સંખ્યાપરિણામ છે એવો અર્વાચીન ભૌતિક-વિજ્ઞાનનો સિદ્ધાન્ત ગ્રીક ફિલસૂફીમાં ઘડાયો ![૧૬]

પરંતુ હીરેકલેાઈટોસની જેમ એમ્પિડોકલીસને પોતાનાં મૂળભૂત તત્ત્વો તથા પરિણામોના પ્રવાહ ઉપરાંત તેમાં રહેલી વ્યવસ્થાને ઘટાવવા બીજાં તત્ત્વોની મદદ લેવી પડી. પ્રાચીન ગ્રીક ફિલસૂફોને મન મૂલભૂત તત્ત્વ " A r k h e " પોતે વિશ્વમાં વ્યક્ત થવા શક્તિમાન હતું, એટલે કે મૂળભૂત તત્ત્વ માત્ર ઉપાદાન કારણ જ ન હોતું પરંતુ કાર્યમાં પરિણમવાની એનામાં શક્તિ છે એમ મનાતું. વિચાર જેમ

---

૧૬. લ્યુસીપસના આણુવાદમાં પણ આ સિદ્ધાન્ત માલુમ પડે છે, અને ડેમોક્રીટસની ફિલસૂફીમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ ઉપરાંત વસ્તુના પ્રાથમિક તથા આનુષંગિક ગુણો Primary and Secondary Qualities વચ્ચેનો ભેદ જે ફ્રેંચ ફિલસુફ દેકાર્ટની ફિલસૂફીમાં બહુ મોટો ભાગ ભજવે છે તે પણ ડેમોક્રિટસે પાડેલો.

જેમ આગળ ગયો તેમ તેમ ઉપાદાનરૂપ દ્રવ્ય અને સાધનરૂપ બીજાં કારણની જરૂર જણાતી ગઈ.[૧૭] એમ્પિડોકલીસ પોતાનાં ચાર મૂળભૂત તત્ત્વોમાં કશી શક્તિ છે એમ માનતો ન હોતો, પરંતુ ભિન્ન ભિન્ન વસ્તુઓ વચ્ચે "પ્રેમ" અને "ધિક્કાર"નાં[૧૮] તત્ત્વોનાં સંચલન દ્વારા અપરિણામી મૂળભૂત તત્ત્વોનાં પ્રમાણમાં વધઘટ થયા કરતી અને તે વધઘટને લીધે વસ્તુઓમાં ફેરફારો થતા એમ એ માનતો.[૧૯]

પરંતુ વિશ્વમાં વૈવિધ્ય અપરિમિત વસેલું છે, અને માત્ર પૃથ્વી અપ્, અગ્નિ અને વાયુ જેવાં ચાર તત્ત્વોના સ્વીકારથી એ ઘટાવી શકાય નહિ. આ દૃષ્ટિએ એમ્પિડોકલીસનો સત્કાર્યવાદ એનેક્ઝેગોરાસને અધૂરો લાગ્યો, કારણ વિશ્વમાં જેટલા વિવિધ ગુણો છે તે બધાંનાં બીજરૂપ તત્ત્વો એણે માન્યાં: "Spermata" or "Homoiomeriai". પ્રત્યેક બીજ, આકાર રંગ તથા સ્વાદમાં ભિન્ન છે એમ એ ગણતો, અને વિશ્વમાં એવાં અગણિત બીજો હતાં. અમુક બીજ વિશિષ્ટ રીતે ભેગાં મળે તો વસ્તુ અસ્તિત્વમાં આવે, અને બીજોનો વિશિષ્ટ સંઘાત છૂટો પડે તો વસ્તુનો નાશ થાય; જો કે બીજ એટલાં બધાં અણુરૂપ છે કે વિશ્વમાં એકબીજા સાથે સેળભેળ થયેલી સ્થિતિમાં જ એ બધાં મળી આવે છે, અને વસ્તુ અસ્તિત્વમાં આવે અથવા એનો નાશ થાય ત્યારે બીજોનો માત્ર ગૌણ પ્રધાન ભાવ બદલાય છે. આવાં બીજ અસંખ્ય, શાશ્વત, અપરિણામી, સ્થિર વગેરે પારમેનાઈડીઝનાં એક તત્ત્વ જેવાં જ છે, જો કે ખાલી આકાશમાં એ ગતિમાન થઈ શકે ખરાં. એનેક્ઝેગોરાસની ફિલસૂફીમાં પણ બધાં બીજોને ચલાયમાન

---

૧૭. Distinction between Material and Efficient Cause.

૧૮. "Philia" and "Neikos" એટલે કે કુલ છ મૂળભૂત તત્ત્વો થયાં.

૧૯. પિથાગોરાસની ફિલસૂફીમાં સંખ્યાનું પ્રાધાન્ય અતિશય છે, પરંતુ ઉપર સ્ફુટ કરેલા ગુણ તથા સંખ્યાપરિણામના સંબંધને લીધે એ પ્રાધાન્ય આપવામાં આવ્યું નહોતું.

કરવા માટેની શક્તિની અપેક્ષા રહે છે, અને તે તત્ત્વને એ "N o ũ s" અથવા Reason કે બુદ્ધિ કહે છે. આ બુદ્ધિ વિશ્વમાં વ્યવસ્થા લાવે છે, એટલે કે બુદ્ધિના વ્યાપારમાં વિશ્વમાં વ્યવસ્થા લાવવાનો હેતુ હરહંમેશ સમાયેલો હોય છે. એમ્પિડોકલીસનાં "પ્રેમ" અને "ધિક્કાર" નાં બળો માત્ર સાધનરૂપ જ હતાં, જ્યારે એનેક્ઝેગોરાસના "નુસ"નો વ્યાપાર સહેતુક કે સપ્રયોજન હોઈને, "નુસ" ચેતનની વધારે નજીક આવી રહે છે. આ રીતે પ્રાચીન ગ્રીક ફિલસૂફોમાંથી આપણને ઉપાદાન કારણનો, એમ્પિડોકલીસમાંથી સાધનરૂપ કારણનો અને એનેક્ઝેગોરાસમાંથી હેતુરૂપ કારણનો ખ્યાલ મળે છે.૨૦

અહીં પિથાગોરાસનાં મંતવ્યો વિશે થોડો ઉલ્લેખ કરવાની જરૂર છે. કોઈ પણ દ્રવ્યને નહિ પરંતુ અમૂર્ત સંખ્યાને એ વિશ્વનું કારણ માનતો. ભિન્ન ભિન્ન વસ્તુઓમાં રહેલા વિવિધ ગુણોમાંના લગભગ બધાને ગૌણ માનીને વસ્તુના આકારને જ એ પ્રાધાન્ય આપતો હોવો જોઈએ (દેકાર્ટની માફક), અને આકારનો આધાર સંખ્યા પર છે એમ તે માનતો. સંખ્યા આ દૃષ્ટિએ વિશ્વમાં રહેલી વસ્તુઓના આકાર એટલે કે વૈશિષ્ટ્યના કારણભૂત લેખાઈ અને આ રીતે હરકોઈ વસ્તુના અસ્તિત્વને સમજવા માટે તેનું ઉપાદાન, તેને ઉત્પન્ન કરવા માટેનાં સાધન તથા તેનું પ્રયોજન જાણવું જેમ આવશ્યક છે, તેમ એનું "રૂપ" (Form) પણ સમજવું જોઈએ, અને આ દૃષ્ટિએ ગ્રીક ફિલસૂફીમાં વસ્તુના રૂપને પણ કારણ માનેલ છે.૨૧

(* ૬)

સોક્રેટિસ તથા સોફિસ્ટો

ઉપર નિરૂપણ કર્યું છે તેવી વિચારપદ્ધતિની મદદથી પ્રાચીન ગ્રીક ફિલસૂફીમાં ઘણું ડહાપણ ડોળાયું, છતાં વિશ્વ કે તેના અંતિમ

૨૦, Material Cause, Instrumental Cause, Final Cause.
૨૧, "Formal cause"

તત્ત્વ કે એ બે વચ્ચેના સંબંધ વિશે એમનું જ્ઞાન ચર્ચ્યું હોય એમ જરા પણ એમને ન લાગ્યું, તેથી કોઈ પ્રતિભાશાળી પુરુષ જુદી જ દિશામાં નવી શરૂઆત કરે એ સંભવિત હતું. એ પ્રતિભાશાળી પુરુષ બીજો કોઈ નહિ પણ **સોક્રેટિસ**.

પરંતુ માણસ ગમે તેટલો બુદ્ધિમાન હોય તોપણ એ પોતે અમુક ક્ષેત્રમાં શું કામ કરશે તેની વિગતોનો આધાર સામાજિક પરિસ્થિતિ પર ઘણો રહેલો છે. સોક્રેટિસના કાળમાં એથેન્સમાં પ્રજાસત્તાક રાજ્ય હતું. પ્રજાસત્તાક ધોરણને લીધે બુદ્ધિશાળી માણસોને રાજસત્તા પોતાને હાથ કરવાની મહત્ત્વાકાંક્ષા જાગતી, અને એ લક્ષ્યને પહોંચી વળવા માટે બુદ્ધિનો ઉપયોગ કઈ કઈ સાચી કે ખોટી રીતે થઈ શકે તેના શિક્ષણની જરૂરિયાત સમાજમાં ઊભી થઈ. આ જરૂરિયાતને પહોંચી વળવા સમાજમાં એક એવો વર્ગ પેદા થયો કે જે એથેન્સના મહત્ત્વાકાંક્ષી યુવાન વર્ગને સાચી-ખોટી દલીલો કેવી રીતે કરવી તેનું શિક્ષણ આપતો, અને આ શિક્ષણ બદલ એ વર્ગ અમુક ફી પણ લેતો. પહેલાંના ધર્મગુરુઓ કે ફિલસૂફો પોતે આપેલા શિક્ષણ અથવા જ્ઞાનના બદલે કશી ફી ઠરાવતા નહિ. પરંતુ આવું શિક્ષણ આપનાર સોફિસ્ટો અગાઉથી જ પોતાની ફી ઠરાવતા, અને દલીલ કેમ કરવી, દલીલોને કેવી રીતે તોડી પાડવી, તથા સમાજમાં પોતાના શ્રોતાઓ ઉપર કેવી રીતે છાપ પાડવી —આ તમામ વિદ્યા તેઓ પોતાના યુવાન શિષ્યોને શિખવતા. સમાજમાં વ્યક્તિ વ્યક્તિનો સ્વાર્થ ભિન્ન હોય અને ઘણી વાર વિરોધી પણ હોય, તેથી બુદ્ધિની પ્રમાણગત પદ્ધતિઓને વિરોધી વિધાનો પણ સાબીત કરવાં પડે, અને આ રીતે ગ્રીક સામાજિક જીવનમાં વિતંડાવાદ ("Eristikē") તથા સાચા પ્રમાણશાસ્ત્રની પદ્ધતિએ દલીલો કરવાની વિદ્યાનો ("Logistikē") જન્મ થયો.

ગ્રીક ફિલસૂફીની જુની વિચારસરણી માણસને પોતાના જીવનમાં સહાયભૂત અથવા માર્ગદર્શક થાય એમ ગ્રીક લોકોને લાગ્યું નહિ,

અને ખાસ કરીને એથેન્સની પ્રજા અત્યંત બુદ્ધિશાળી હતી, અને તેથી દલીલોની મદદથી વિચારના ક્ષેત્રમાં જઈ શકાય તેટલે દૂર તેઓ જતા. સત્યાન્વેષણમાં તર્કની પદ્ધતિઓનો ઉપયોગ પ્રમાણગત આવશ્યકતાની દૃષ્ટિએ પારમેનાઇડીઝના શિષ્યોએ ઠીક ઠીક કર્યો હશે એમ લાગે છે. તર્કમાં દલીલો કરતાં કરતાં જે વિરોધ આવે તો તે તર્ક સ્વીકાર્ય ન ગણાય, પછી ભલે ઇન્દ્રિયગમ્ય અનુભવથી આપણને કંઈ જુદા જ અનુમાન પર આવવું પડતું હોય. ઉપર ટાંકેલા બે દાખલાઓમાં ઝીનોએ આ પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. ઝીનોના સમકાલીન મેલીસસને આકાશના સ્વરૂપ વિશે વિચાર કરતાં તેમાં રહેલા વિરોધાભાસનું ભાન થયું હશે કે નહિ તે આપણે જાણતા નથી. પારમેનાઈડીઝે પોતાના એક, અપરિણામી તત્ત્વને પરિમિત માનેલું અને પારમેનાઈડીઝનું તત્ત્વ માત્ર એક જ હોઈ શકે તે વિશેની દલીલ તો સ્પષ્ટ છે, કારણ સૌ કોઈ સમજી શકે કે જે કંઈ અસ્તિતત્ત્વ છે એ બીજા અસ્તિતત્ત્વમાંથી આવ્યું એમ કહેવાનો કશો અર્થ નથી, કારણ તો તો એ બંને અસ્તિતત્ત્વો એક જ ગણાવાં જોઈએ; પરંતુ આવું અસ્તિતત્ત્વ પરિમિત ન હોઈ શકે, કારણ અસ્તિતત્ત્વને પરિમિત કરનાર કોઈ બીજું કાં તો અસ્તિતત્ત્વ હોવું જોઈએ, અને નહિ તો તે નાસ્તિતત્ત્વ હોવું જોઈએ. બીજા અસ્તિતત્ત્વથી પારમેનાઇડીઝનું અસ્તિતત્ત્વ પરિમિત થાય છે એમ કહેવાનો કશો અર્થ નથી, કારણ તો પરિમિત કરનાર અને પરિમિત થનાર બંને અસ્તિતત્ત્વો એક જ થઈ રહે છે; આથી ઊલટું નાસ્તિતત્ત્વથી અસ્તિતત્ત્વની સીમા બંધાઈ શકાય નહિ કારણ નાસ્તિતત્ત્વ જેવું કશું હોઈ જ ન શકે, એટલે કે અસ્તિતત્ત્વ અપરિમિત હોવું જોઈએ. સામાન્ય વાચકને આવી દલીલમાં કશો રસ ન પડે એ સ્વાભાવિક છે, પરંતુ વિચાર આ રીતે જ આગળ વધી શકે છે. જે દલીલોની મદદથી પારમેનાઇડીઝે પોતાના તત્ત્વને પરિમિત સાબીત કરેલું તેના જેવી જ બીજી દલીલોથી એના શિષ્યે એને અપરિમિત ને અનંત સાબીત કર્યું. ખરી રીતે જોતાં દૃષ્ટ અને

કાલ તથા બુદ્ધિએ અનુભવમાંથી તારવી કાઢેલા કેટલાએક ખયાલો વિશે આવાં વિરોધી વિધાનો થઈ શકે છે.[૨૨] પ્રાચીન ગ્રીસમાં આ પદ્ધતિઓ નવી નવી શોધાયેલી અને પ્લેટોને તે વારસામાં મળી.

આવી આન્વીક્ષિકી ("Dialectikē") વિદ્યાની મદદથી જે કંઈ વિધાનો કરવામાં આવે તે સર્વમાન્ય હોવાં જોઈએ એવો મત ગ્રીક ફિલસૂફોમાં પણ હતો. હીરેક્લેઈટોસનો 'લોગોસ' ("Logos") અથવા એનેક્ઝેગોરાસના "નુસ" ("Nous") આવા સત્ય સુધી આપણને લઈ જાય એમ કહી શકાય. વિશ્વમાં જે કંઈ વ્યવસ્થા કે હેતુપુરઃસરનો મેળ વ્યક્ત થાય છે તે 'લોગોસ' અથવા 'નુસ'ને આભારી છે, અને આ બંને માત્ર વ્યક્તિગત નથી પરંતુ સમષ્ટિમાં સર્વવ્યાપી છે. પરંતુ સામાન્ય સમાજ ઉપર આપણે દૃષ્ટિ નાંખીએ, તો વ્યક્તિ વ્યક્તિના સ્વાર્થ જુદા અને ઘણે ભાગે વિરોધી હોય છે. આવા વિરોધી સ્વાર્થ સાચા છે, અને વિરોધી અંગો એકી સાથે સાચાં હોઈ શકે એમ ફિલસૂફીની દૃષ્ટિએ ખરા સ્થાપવા સોફિસ્ટ લોકો પ્રયત્ન કરતા. સોફિસ્ટો સાપેક્ષવાદી હતા અથવા એમને અનેકાન્તવાદી પણ કહી શકાય. જૈન ફિલસૂફીનો અનેકાન્તવાદ પ્રમાણુ-મત આવશ્યકતાનો વિરોધ કરતો નથી, પરંતુ સોફિસ્ટોનો સાપેક્ષવાદ માત્ર એક પ્રકારનો વ્યક્તિત્વવાદ જ હતો. સમાજમાં ભિન્ન ભિન્ન વ્યક્તિઓના સ્વાર્થ જુદા હોય, તે પરથી પ્રોટેગોરાસ નામના સોફિસ્ટે એમ પ્રતિપાદન કર્યું કે વ્યક્તિ પોતે જ સત્યનું ધોરણ છે. સમાજમાં જ્યાં આવી અનવસ્થા હતી, અને દરેક શિક્ષક જ્યાં પોતાના શિષ્યનો સંકુચિત સ્વાર્થ જે રીતે સિદ્ધ થઈ શકે તે જ સાબીત કરવા ઉપદેશ આપતો તેવે વખતે—વિશ્વનું મૂળભૂત તત્ત્વ શું છે અથવા વિશ્વમાં પરિવર્તનો શા માટે અને કઈ રીતે થાય છે, તેના નિયમો શોધવા કરતાં, પોતાની સૌથી નજીક માણસની પોતાની જાત છે, અને એ જાત ઓળખવાનો

---

૨૨. Kant's Antinomies of Reason.

પોતે પ્રયત્ન કરે, તો કંઈ વધારે ફળપ્રદ પરિણામ આવે એમ કોઈ મહાનુભાવ સન્ત પુરુષને લાગે એ સ્વાભાવિક છે. પરંતુ પોતાની જાતને પારખવી, એ જાત કઈ છે, કેવી છે, એનું જ્ઞાન કે ભાન થવું બહુ મુશ્કેલ છે. તો આનાથી જરા વધારે સરળ અને ઓછું દુષ્કર કાર્ય એ છે કે સામાન્ય વ્યવહારમાં માણસ પોતે જે શબ્દો વાપરે છે, અને પોતે જે ખયાલો ધરાવે છે, તેનું સ્પષ્ટ જ્ઞાન માણસને થાય તો તે પણ કંઈ ઓછું મહાન કાર્ય નથી. આપણે બહારના વિશ્વ વિશે જ્ઞાન મેળવવા પ્રયત્ન કરીએ, પરંતુ આપણા માનવચિત્તના પ્રયત્નથી જે બાહ્ય વિશ્વનું જ્ઞાન આપણે મેળવવા પ્રયત્ન કરીએ છીએ, તે ચિત્ત અથવા તેની ચેતના જે જે ખયાલોના ટેકાથી એ જ્ઞાન મેળવવા પ્રયત્ન કરે છે—એ આપણા પોતાનાં સાધનનું જો આપણે જ્ઞાન મેળવી શકીએ, તો પછી એ સાધન પૂરતાં છે કે અધૂરાં છે, તેનું ભાન થયા બાદ વિશ્વમાં આપણું શું સ્થાન છે તે પણ આપણે નક્કી કરી શકીએ. ફિલસૂફીમાં જ્યારે જ્યારે કોઈ ફિલસૂફે નવું પ્રસ્થાન કર્યું છે, ત્યારે ત્યારે બાહ્ય વિશ્વ વિશેના વિચારને અંગે જે કંઈ તત્ત્વજ્ઞાનની રચનાઓ કે તંત્રો ખડાં થયાં હોય તેને બાજુ પર મૂકી માણસનું ચિત્ત અને ચેતના અને તેનાં પોતાનાં અંગો અને સાધનો સુધી જઈ એણે નવેસરથી વિચાર કર્યો છે. સૉક્રેટિસમાં આ વિચારતંતુ વધારે સ્પષ્ટરૂપે માલુમ પડે છે. પ્રાચીન ગ્રીક ફિલસૂફોની જેમ આખા વિશ્વના તત્ત્વની શોધ પાછળ ફાંફાં મારવા કરતાં વિચારની ભૂમિકા પર બાંધેલા આપણા ખયાલો (Ideational Concepts) આપણી જાતે વધારે સ્પષ્ટ કરીએ તો સત્ય મળવાનો સંભવ વધારે છે એમ એ માનતો. જ્ઞાન એક છે, એમાં આંતરિક વિરોધો હોઈ શકે નહી, અને જ્ઞાન સર્વસામાન્ય હોવાને લીધે વ્યક્તિગત વિરોધો કે ભેદો તેમાં શમી જવા જોઈએ એવું તેનું મુખ્ય મંતવ્ય હતું. સત્ય પોતે આપણને શોધતું આવતું નથી તેથી આપણે જ એની શોધ કરવી જોઈએ: અને આ રીતે સૉક્રેટિસ નિગમનની પદ્ધતિનો પિતા થયો, અને જેટલે અંશે

સદ્‌ગુણ, સત્ય, મિતત્વ, ન્યાય, ધર્મ વગેરે સામાન્ય ખ્યાલોને સ્પષ્ટ કરવાનો એણે પ્રયત્ન કર્યો તેટલે અંશે પ્રમાણશાસ્ત્રનો તેણે પાયો નાંખ્યો.

હિંદુ સન્ત પુરુષના જેવું સૉક્રેટિસનું અપરિગ્રહી જીવન હતું. સોફિસ્ટો શિક્ષણને અંગે જ્યારે પૈસા લેતા ત્યારે સૉક્રેટિસ સવારથી સાંજ એથેન્સના બજારમાં જઈ યુવાન લોકો સાથે વાર્તાલાપ કરતો. પોતે કશું જ જાણતો નથી પરંતુ બીજાઓ જે જ્ઞાની હોવાનો દાવો કરતા હોય તેમની પાસેથી નમ્ર ભાવે જાણવાનો પ્રયત્ન કરતો, અને પોતે પારકાનાં વિધાનો સ્વીકારતાં પહેલાં તે સાચાં છે કે ખોટાં તે વિશે પ્રશ્નો પૂછીને પરીક્ષા કરતો. કોઈ ખોટા સાક્ષીની ઊલટ તપાસ ચાલતી હોય એવી આ પદ્ધતિ હતી; અને પ્રશ્નપરંપરાની આખરે પ્રતિપક્ષીને કશું જ્ઞાન નથી, એમ સાબીત થતું, જ્યારે સૉક્રેટિસ 'પોતે કશું જ જાણતો નથી, પણ માત્ર જિજ્ઞાસુ છે' એમ કહી જ્યાંનો ત્યાં રહેતો. આવી પદ્ધતિથી ખરી ખોટી લોકપ્રિય માન્યતાઓનો નાશ થતો. બીજા સોફિસ્ટો બુદ્ધિનો ઉપયોગ કરી જે સીધી રીતે લોકોને પોતાનો સ્વાર્થ સાધવાનું કહેતા, તો સૉક્રેટિસ સામાન્ય માન્યતાઓને ઉથલાવી પાડીને યુવાન માનસની શ્રદ્ધાનો નાશ કરી માણસને નિયંત્રણ વગરનો કરી મૂકતો હોય તો નવાઈ નહિ. સૉક્રેટિસમાં પોતામાં જે બુદ્ધિના આદેશો પ્રત્યેની અનન્ય શ્રદ્ધા હતી, તે સાધારણ લોકોમાં ન જ હોઈ શકે, અને તેથી અંતે સૉક્રેટિસ પર જે મુખ્ય આક્ષેપ મૂકવામાં આવ્યો હતો કે એ એથેન્સના યુવાન લોકોને ખરાબ કરતો હતો એ કેટલેક અંશે ખરો ગણી શકાય.

સૉક્રેટિસની પરસ્પર ઊલટ તપાસ કરવાની કે પ્રશ્નો પૂછવાની પદ્ધતિ પ્લેટોએ સર્વાંશે સ્વીકારી કારણ એના લગભગ બધાં જ પુસ્તકો સંવાદોના રૂપમાં લખાયેલાં છે. સૉક્રેટિસની માતા દાયણ હતી અને તેથી પોતે પણ સૂક્ષ્મ અને શુદ્ધ અર્થમાં સત્યના પ્રસવ અર્થે દાયણ બનીને લોકોને પ્રશ્ન પૂછતો એમ એ કહેતો. વળી કોઈ કોઈ

વાર એ એમ પણ કહેતો કે વ્યક્તિઓની બુદ્ધિ અરસપરસ ઘસાય તો જ સત્યનો જન્મ થઈ શકે. સૉક્રેટિસના વ્યક્તિત્વની પ્લેટો પર એટલી છાપ પડેલી કે એના સંવાદોમાં સૉક્રેટિસ દ્વારા જ પોતાની ફિલસૂફીનું એણે નિરૂપણ કર્યું છે.

સૉક્રેટિસનો સિદ્ધાન્ત હતોઃ—Know thyself—તારી જાતને ઓળખ. કેટલાએક વિદ્વાનો આનો બહુ ટુંકો અર્થ કરે છે, એટલે કે આ સૂત્રથી સૉક્રેટિસનું કહેવું એમ નહોતું કે તું તારા આત્માને જાણ, પરંતુ એનું એટલું જ કહેવાનું હતું કે તું જે કંઈ બોલે છે અથવા કરે છે તેનો અર્થ પૂરેપૂરો જાણ. પરંતુ માણસ પોતે જે કંઈ બોલે વિચારે અથવા કરે તેનો અર્થ જાણવા ઊંડે સુધી જઈને પ્રયત્ન કરે, તો તે પોતે આત્મા સુધી જાય જ એમ કહ્યા વગર બીજો છૂટકો નથી. સૉક્રેટિસમાં mystic વલણ પણ હતું. અને એમ કહેવાય છે એક વાર લાગલાગટ બરફમાં બે કે ત્રણ દિવસ સુધી ખાધાપીધા વગર ઊંડા ચિંતનમાં એ ઊભો હતો! એ પોતે પોતાના અંતરાત્માના અવાજમાં માનતો, અને એ અવાજ એને હંમેશાં નિષેધાત્મક રીતે કયે વખતે શું ન કરવું એની દોરવણી આપતો—એટલે કે 'આમ ન કરીશ'—'તેમ ન કરીશ' એ રીતે એને પોતાને સૂચના કરતો. એને મન અમુક વસ્તુનું જ્ઞાન થાય તો માણસે સહજ રીતે એ પ્રમાણે આચરવું જ જોઈએ એમ હતું. એટલે કે સદ્‌ગુણ શું છે એનું માણસને ભાન થાય તો એણે એ પ્રમાણે આચરણ કરવું જ જોઈએ. જ્ઞાન એ જ સદ્‌ગુણ છે એવો એનો સિદ્ધાંત હતો; ('Episteme = areti') આથી જ્યારે બીજાઓના અભિપ્રાયો એ તોડી પાડતો, તો તેવા લોકોમાં જ્ઞાન પ્રત્યેની ઊંડી શ્રદ્ધા ન હોવાથી સદ્‌ગુણ વિશેના પોતાના અભિપ્રાયો પડી ભાંગતા તેઓ જુએ, ત્યારે તેમનાં જીવનમાં સાચાખોટાના ધોરણનો નાશ થાય અને તેથી તેઓ અનર્ગલ રીતે ગમે તેવો આચાર કરે અને ખરાબ થાય એ સ્વાભાવિક ગણાય. પરંતુ સૉક્રેટિસમાં પોતામાં જ્ઞાન

પ્રત્યેની અનન્ય શ્રદ્ધા હતી. તેથી જ્યારે એને દેહાંત દંડની સજા કરવામાં આવી ત્યારે મિત્રોએ એને નાસી જવાનું સૂચન કર્યું, પરંતુ તેણે ના પાડી. સૉક્રેટિસની આ શ્રદ્ધા માત્ર વ્યક્તિના બંધારણમાં સદાચારનું જે સ્થાન છે તેટલા પુરતી જ નહોતી, પરંતુ સામાજિક જીવન અને આપ-લેમાંથી જ વ્યક્તિનો વિકાસ થાય છે, એમ એ માનતો. વ્યક્તિનો ઊંચામાં ઊંચો ધર્મ સમાજ છે, અને સમાજવટો લઈને વ્યક્તિ પોતાની આંતરિક ઉન્નતિ સાધી શકતી નથી.[૨૩]

વ્યક્તિ અને સમાજ વચ્ચેનો જે આ અવિભાજ્ય સંબંધ છે, તે સંબંધ જ્ઞાન અને આંતરિક સંવાદના પાયા ઉપર સ્થાપવાનો પ્રયત્ન પ્લેટોએ પોતાના આ પુસ્તકમાં કર્યો છે.

(* ૮)

આપણે જોયું તેમ—બાહ્ય વિશ્વ અને તેનું અંતિમ તત્ત્વ : એ અપરિણામી સત્ત્વ અને ઇન્દ્રિયોપલબ્ધ પરિણામો સાથેનો તેનો સંબંધ—બુદ્ધિની દૃષ્ટિએ તે સંબંધ સમજવા જતાં પ્રમાણગત આવશ્યકતાને લીધે હીરેક્લેઇટોસે પરિણામો ઉપર ભાર મૂકયો જ્યારે પારમેનાઇડીઝે પરિણામોનો ત્યાગ કરી અપરિણામી તત્ત્વનો એકાંગી સ્વીકાર કર્યો—આ રીતે ફિલસૂફીમાં બૌદ્ધિક જ્ઞાન અને ઇન્દ્રિયોપલબ્ધ ભાન વચ્ચે ભેદ પડયો; અને એમ સ્વીકારવામાં આવ્યું કે ઇન્દ્રિયો માત્ર બાહ્ય વસ્તુઓનું ભાન કરાવે છે, જ્યારે બુદ્ધિ જ્ઞાન અર્પે છે. બૌદ્ધિક જ્ઞાન અને ઇન્દ્રિયોપલબ્ધિ વચ્ચેનો ભેદ સમજાવવા ચાર કે પછી અસંખ્ય 'તત્ત્વો' કે 'બીજ'નો સ્વીકાર, વધારામાં અનેક તત્ત્વોને ગતિ આપી શકે તેવું વધારાનું તત્ત્વ કે શક્તિની આવશ્યકતા; આવી શક્તિ કાં તો યાંત્રિક રીતે પોતાનું કાર્ય કરી શકે, અને નહિ

---

૨૩. સૉક્રેટિસના જેવા સંજોગોમાં પ્લેટોના શિષ્ય ઍરિસ્ટોટલને જ્યારે એમ લાગ્યું કે કદાચ એના વિરુદ્ધ પણ કોર્ટમાં કામ ચલાવવામાં આવે, ત્યારે ઍરિસ્ટોટલ ઍથેન્સમાંથી નાસી ગયેલો!

તો એનું કાર્ય હેતુપુરઃસરનું હોય—અને આ રીતે યાંત્રિક પરિવર્તનો તથા સપ્રયોજન કાર્યપ્રવૃત્તિ વચ્ચે પડેલો ભેદ—અસ્તિત્વ ધરાવતાં તત્ત્વો, અને તેમાં થતી ગતિ માટે ખાલી આકાશ અથવા જે કશું જ નથી તેવાં નાસ્તિ તત્ત્વનો સ્વીકાર અને છેવટે હીરક્લેઇટોસ તથા એનેક્ઝીગોરાસનાં વિશ્વવ્યાપી 'Logos'—બુદ્ધિતત્ત્વને સૉક્રેટિસે માનવજીવનની ભૂમિકા પર ઉતારી, સર્વસામાન્ય જ્ઞાન અને સત્ય સિવાય ચારિત્ર્યમીમાંસા અને ફિલસૂફી આગળ વધી જ શકે નહિ—એ સિદ્ધાન્ત:—મુખ્યત્વે આટલાં તત્ત્વો પ્લેટોને ગ્રીક ફિલસૂફીમાંથી વારસામાં મળેલાં. આ ઉપરાંત પણ ગ્રીક ફિલસૂફીમાં ચર્ચાઈ ગયેલા બીજા ઘણા મુદ્દાઓ વિશે પ્લેટોને વિચાર કરવાનો હતો. ઉ. ત. વ્યક્તિગત આત્મા વિશે ગ્રીક લોકોમાં અને સાહિત્યમાં અમુક ખયાલ બંધાયો હતો; પિથાગોરાસની ફિલસૂફીમાં પુનર્જન્મનો સિદ્ધાંત સ્વીકારવામાં આવેલો; અને એમ્પિડોક્લીસ, એનેક્ઝેગોરાસ તથા ડેમોક્રીટસે ઇન્દ્રિયાનુભવ પછી વસ્તુની ઉપલબ્ધિ કઈ રીતે થાય છે તેનું નિરૂપણ પોતપોતાની રીતે કરેલું. આ તમામ મુદ્દાઓનો પ્લેટોને સમન્વય કરવાનો હતો.

(* ૬)
પ્લેટોના સંવાદો

પ્લેટોના સંવાદો ડૉ. લ્યુટોસ્લોસ્કી નીચે મુજબ ગોઠવે છે: [૨૪]

જે સંવાદોમાં સૉક્રેટિસની ફિલસૂફી અને એનું વ્યક્તિત્વ વધારે ભાગ ભજવે છે તે :

સમુચ્ચય પહેલો :—

'એપાલોજી' : સૉક્રેટિસનો બચાવ;

'યુથિફ્રો' : દયાભાવનો ખરો અર્થ;

---

૨૪. The Origin aud Growth of Plato's Logic (1987).

'ક્રીટો' : કાયદા પ્રત્યેનું માન;
'ખારમાઈડીઝ' : મિતત્ત્વ;
'લેખીસ' : શૌર્ય;
'પ્રોટેગોરાસ' : સદ્‌ગુણ શીખવી શકાય ખરો?
'મીનો' : પૂર્વ જન્મના અનુભવની સ્મૃતિ–જ્ઞાન;[૨૫]
'યુથીડેમસ, : વિતંડાવાદ અને આન્વીક્ષિકી
(Eristikē and Dialektikē)
'ગોર્જિયસ' : સોફિસ્ટોનો વિતંડાવાદ;

આ પહેલા વિભાગના સંવાદોમાં સોક્રેટિસની પ્રમાણગત અન્વેષણની પદ્ધતિ અનુસાર પ્લેટો ભિન્ન ભિન્ન સદ્‌ગુણોનું સ્વરૂપ શું છે તે વિશે વિચાર કરે છે: અને એની આ મૂળ વિચારસરણીને લીધે પ્રત્યેક સદ્‌ગુણમાં જેટલે અંશે સારાસાર વિવેક રહેલો છે,—તેટલે અંશે પ્રત્યેક સદ્‌ગુણના મૂળભૂત સ્વરૂપમાં જ્ઞાનનો પણ અંશ રહેલો છે. અને આ જ્ઞાન તે કોઈ બાહ્ય વિષયનું જ્ઞાન નથી પરંતુ આત્માના સ્વભાવ અને બંધારણમાંથી ઉતરી આવેલું એ જ્ઞાન છે; અને તેથી જે માણસ આત્માના ખરા સ્વભાવને જાણે એને જ આ આંતરિક જ્ઞાન પ્રાપ્ત થાય, અને એવો જ માણસ ખરા અર્થમાં સદ્‌ગુણી થઈ શકે અને સદ્‌ગુણી રહી શકે—આટલે સુધી પ્લેટો આવે છે. પ્લેટોની આખી ફિલસૂફીનાં મૂળ અહીં દેખાય છે.

સમુચ્ચય બીજો :—

'ક્રેટિલસ' : ફિલસૂફીના ક્ષેત્રમાં સોફિસ્ટોનો પ્રયત્ન;
'સીમ્પોઝિયમ' : શુદ્ધ પ્રેમ અને સૌંદર્યની ચર્ચા;
'ફીડો' : યથાર્થ જ્ઞાનની શક્યતા અને આત્માનું અમરત્વ;
'રિપબ્લિક' : પરિચ્છેદ ૧

ઉપરના સંવાદોમાં પ્લેટો પોતાની ફિલસૂફીના મુખ્ય સિદ્ધાન્તો

---

૨૫ Doctrine of 'Anamnesis.'

રજુ કરે છે. ઇન્દ્રિયપ્રત્યક્ષો આપણા ચિત્તના વિચારવ્યાપારમાંથી પસાર થાય તો જ તેમાંથી અર્થની ઉપલબ્ધિ થઈ શકે છે; માત્ર ઇન્દ્રિયપ્રત્યક્ષોના પ્રવાહમાં માણસ ડૂબી રહે, તો તે કશાનો જ અર્થ સમજી ન શકે. ચિત્ત પોતે ઇન્દ્રિયપ્રત્યક્ષોના ઉપર પોતામાં રહેલા વિચારનાં તત્ત્વો દ્વારા કાર્ય કરે છે, અને તેથી જ ઇન્દ્રિયાનુભવમાંથી અર્થ નિષ્પન્ન થાય છે અને માણસ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

સમુચ્ચય ત્રીજો :—

'રિપબ્લિક' પરિચ્છેદ ૨ થી ૪;
,, ,, ૫ થી ૭;
,, ,, ૮ — ૯;
,, ,, ૧૦

'ફિડ્રસ' (જેનું ભાષાન્તર સ્વ. કવિ મણિશંકર રત્નજી ભટ્ટે ગુજરાતીમાં કર્યું છે.)

'થિયાઇટીટસ'

'પારમેનાઇડીઝ' જ્ઞાન અને તત્ત્વજ્ઞાનના મુદ્દાઓની ચર્ચા.

પ્લેટોની ફિલસુફી અહીં પરિપકવ થાય છે : અને આ વિભાગમાં પ્લેટો માત્ર ઇન્દ્રિયાનુભવ અને જ્ઞાન વચ્ચેના સંબંધ વિશેનું જ નિરૂપણ કરતો નથી, પણ વ્યક્તિ અને સમાજ, એકત્વ અને બહુત્વ, અસ્તિત્વ અને તેનું સ્વરૂપ તથા જેને આધારે આ પરિવર્તનશીલ વિશ્વ ટકી રહ્યું છે તે તત્ત્વ—એ તત્ત્વ અને સદ્‌ગુણ, સત્ય, જ્ઞાન, સૌંદર્ય—તે બધા સાથેનો તેનો સંબંધ અને વ્યક્તિગત આત્મા અને બાહ્ય સમાજ તે તમામના સ્વરૂપ તથા બંધારણ વિશેના પોતાની ફિલસૂફીના સિદ્ધાન્તોની ચર્ચા કરે છે.

સમુચ્ચય ચોથો :—

'સોફિસ્ટ'
'પોલિટિકસ'
'ફાઇલીબસ'

'ટીમિયસ'
'ક્રીટિયસ'
'લૉઝ'

આ છેલ્લા વિભાગમાં પ્લેટો પોતાની ફિલસૂફીના સિદ્ધાન્તો અને નિયમોની તે કાલના દેશ અને સમાજના દૃષ્ટિબિંદુથી ચર્ચા કરે છે, અને ઘણી વાર વાર્તા તથા કથાનો આશ્રય લે છે.

(*૧૦)
પ્લેટોની ફિલસૂફી

કોઈ પણ બે વસ્તુઓ એક જ જાતની હોય તો પણ એ તદ્દન એકસરખી ન હોઈ શકે; કારણ કંઈ નહિ તો છેવટે એ બંનેનું દ્રવ્ય તો ભિન્ન હોય છે જ. જુદ દ્રવ્યને લીધે બહુત્વ ઉત્પન્ન થાય છે એમ કહી શકાય, પરંતુ બુદ્ધિ એકત્વમાં જ વિરામ પામી શકે છે.[૨૬] ભિન્ન ભિન્ન દેખાતી વસ્તુઓની પાછળ એક તત્ત્વ હોવું જોઈએ. વસ્તુઓ ભિન્ન હોય છતાં અમુક એક જાતની છે એમ મનાય છે, એનું કારણ એ છે કે તે બધામાં એક જ તત્ત્વ સમાનભાવે વિસ્તરેલું હોય છે. ઉ. ત. ખાટલા જુદી જુદી જાતના હોઈ શકે પરંતુ ખાટલો-હોવાનું તત્ત્વ એક જ હોઈ શકે. પ્લેટો આ સમાન તત્ત્વને 'Idea' કે 'eidē' કહે છે.[૨૭]

---

૨૬. પ્લેટો 'Idea' શબ્દ સૌથી પહેલાં યુથિફ્રો નામના સંવાદમાં વાપરે છે. પ્રસ્તુત પુસ્તકમાં સૌથી પહેલાં પરિ. ૩-૪૦૨ ક્રમાં એ શબ્દ આવે છે, જો કે આમાં પ્રો. એડમ અને ટ્રેલર વચ્ચે મતભેદ છે. પરંતુ કલમ ૪૭૬-અમાંના ઉલ્લેખ વિશે બધા સંમત છે. સ્વ. શ્રી. આનંદશંકરભાઈએ 'વસન્ત'માં એક જગ્યાએ 'Idea' શબ્દ લેટિન 'Vedio'-I see માંથી ઉતરી આવ્યો છે એમ કહ્યું છે એ સરતચૂક થઇ હશે. 'idea' શબ્દ મૂળ ગ્રીકમાં છે, અને લેટિન શબ્દ 'Vido' ગ્રીક 'Id'-to see માંથી આવ્યો છે.

૨૭. જુઓ આન્વીક્ષિકી પરની ચર્ચા.

દરેક જાતનાં તત્ત્વો આમ ભિન્ન ભિન્ન હોય છે.[૨૮] કોઈ વાર પ્લેટો એમ કહે છે કે આ તત્ત્વો ઈશ્વરે સર્જ્યાં છે,[૨૯] અને દરેક જાત માટે એણે એક જ તત્ત્વ સર્જ્યું; કારણ ઈશ્વર પણ જો બે તત્ત્વો બનાવે તો એની પાછળ એક ત્રીજું તત્ત્વ પાછું હોવું જોઈએ. આ અનવસ્થાદોષથી બચવા માટે, પ્રમાણગત આવશ્યકતાને લીધે ઈશ્વરે દરેક જાતનું એક જ તત્ત્વ સર્જ્યું.[૩૦]

આ તત્ત્વો સત્ય છે અને એની મદદ સિવાય આપણને સત્ય મળી શકે નહિ. સામાન્ય વિચાર કરતાં આપણને જણાઈ આવશે કે વિચારની ભૂમિકા પર હરકોઈ વસ્તુ વિશેનું જ્ઞાન મેળવવા જતાં આપણે જે સામાન્ય ખ્યાલો (Generic concepts at the ideational level) બાંધવા પડે છે તેને પ્લેટો અમુક રીતે સ્વતંત્ર અસ્તિત્વ અર્પે છે અને પારમેનાઈડીઝની જેમ પોતાનાં તત્ત્વોને શાશ્વત તથા અપરિણામી ગણે છે.

આવાં તત્ત્વોની સંખ્યા કેટલી હોઈ શકે તે બાબત પ્લેટોએ સ્પષ્ટ નિર્ણય આપ્યો નથી. પ્લેટો કોઈ વાર એમ કહે છે કે સારી ખોટી તમામ વસ્તુઓ કે ગુણોનાં વિશિષ્ટ તત્ત્વો હોય છે, જ્યારે કોઈ જગ્યાએ માત્ર ઉપયોગમાં આવે તેવી વસ્તુઓ કે સારા ગુણોનાં જ તત્ત્વો અસ્તિત્વ ધરાવે છે. તો પછી દુર્ગુણોનું અસ્તિત્વ ક્યાંથી આવ્યું એવો જો આપણે પ્રશ્ન કરીએ તો પ્લેટો એમ જવાબ આપે કે આપણામાં સત્, સદસત્ તથા અસત્ એવા ખ્યાલો છે, સત્ વિશેનું જ્ઞાન હોઈ શકે, સદસત્ વિશેનું પૂરેપૂરું જ્ઞાન હોઈ શકે નહિ પણ માત્ર અરધો સાચો અરધો ખોટો એવો અભિપ્રાય જ હોઈ શકે અને

---

૨૮. ૪૦૨ ક; ૫૯૬ અ

૨૯. જુઓ પરિચ્છેદ ૧૦, તથા પ્લેટોનો 'ટીમીઅસ' નામનો સંવાદ.

૩૦. The Argument of "Tritos Anthropos"—The Third Man. જુઓ પરિ. ૧૦.

અસત્ વિશેનું માત્ર અજ્ઞાન જ હોય; એટલે કે આપણામાં રહેલા અજ્ઞાન અથવા જૂઠાણાંને લીધે જ જીવનમાં દુર્ગુણો દેખા દે છે, સોક્રેટિસના સદ્‌ગુણ એટલે જ્ઞાન એ સિદ્ધાન્તની સાથે આ વિચાર-સરણી બરોબર બંધબેસતી આવે છે. માનવજીવનમાં અનીતિ કે દુર્ગુણો કેમ અસ્તિત્વમાં આવે છે તેનો સુમેળ કોઈ પણ પ્રકારની અદ્વૈત ફિલસૂફીની સાથે સાધવો હોય તો આ એક જ માર્ગ છે, અને આપણી ફિલસૂફીમાં પણ દુઃખ, દુર્ગુણ–અધર્મ, મૃત્યુ વિગેરેનું મૂળ કારણ અજ્ઞાન જ માન્યું છે, પરંતુ આ અજ્ઞાન અને શુદ્ધ જ્ઞાન વચ્ચે શો સંબંધ છે તે ખરી રીતે જોતાં આપણા માનવ–ચિત્તની બુદ્ધિશક્તિની બહારનો છે (સાક્ષાત્કારનો વિષય છે–મૌનનો વિષય છે.) પરંતુ આપણી બુદ્ધિને જ્ઞાન મેળવવા માટે ઇન્દ્રિયાનુભવની અપેક્ષા રહે છે. કારણ સીધા અનુભવ વગર આપણને બૌદ્ધિક ખયાલ આવી શકતો નથી. હવે ઇન્દ્રિયગમ્ય વસ્તુઓ તો પરિણામી હોય છે અને શુદ્ધ સત્ય તત્ત્વો અપરિણામી છે. તો પરિણામી વસ્તુઓના ઇન્દ્રિયાનુભવમાંથી અપરિણામી તત્ત્વોનું જ્ઞાન ઉત્પન્ન થઈ જ કેમ શકે એ પ્રશ્ન ઊભો થાય છે. પ્લેટો અહીં પારમેનાઇડીઝના જેવા સત્કાર્યવાદને સ્વીકારે છે. બુદ્ધિને જો અપરિણામી તત્ત્વનું જ્ઞાન ન જ હોય, તો તેવું નવું જ્ઞાન બુદ્ધિને થઈ શકે જ નહિ; પરંતુ બુદ્ધિને એ તત્ત્વોનું જ્ઞાન થાય છે, બુદ્ધિ એ તત્ત્વોને પીછાને છે માટે આત્માને જન્મ પહેલાં આ તત્ત્વોનો અનુભવ થયેલો હોવો જોઈએ; અને આ જીવનમાં તો આત્મા પર જે વિસ્મૃતિનું પડ બાઝી ગયું છે, તેને ઇન્દ્રિયાનુભવ થતાંની સાથે એ ખંખેરી નાંખે છે અને આત્માને 'સ્મૃતિ' થાય છે, જ્ઞાન થાય છે.

આત્મા પોતે આવાં તત્ત્વોથી ભિન્ન છે કે પછી એ તત્ત્વોમાંનું એક છે તે વિશે પ્લેટો મૌન સેવે છે. જો એ તત્ત્વોથી આત્મા ભિન્ન હોય તો આત્મા આવ્યો ક્યાંથી, અને જો એક હોય તો આત્મતત્ત્વ બીજાં તત્ત્વોનો અનુભવ કરી શકે એટલો ભેદ તો એ એમાં છે જ—

અને જો એ ભેદ ન હોય તો બધાં તત્ત્વો એકબીજાનો અનુભવ કરતાં હોવાં જોઈએ—પરંતુ આ પ્રશ્નો પ્લેટોને મન ઊભા થયા નહોતા. પ્લેટોના નિરૂપણ અનુસાર પૂર્વજન્મની સ્મૃતિને લીધે[૩૧] આત્માને બુદ્ધિ દ્વારા ઇન્દ્રિયાનુભવથી ઉદ્‌બોધિત થઈને તત્ત્વોનું જ્ઞાન થાય છે. એક રીતે વસ્તુઓ અપૂર્ણ હોવા છતાં પૂર્ણ, શાશ્વત અપરિણામી તત્ત્વો તરફ આંગળી ચીંધે છે, અને આત્માને ઉચ્ચતર ભૂમિકા પર લઈ જાય છે. બીજી દૃષ્ટિએ તત્ત્વોથી ભરેલી, આદર્શ ભૂમિકાથી ક્યાંય દૂર, અસત્‌ના અંધકારમાં તરફડિયાં મારતાં, આદર્શ તત્ત્વોનું મોળું અનુકરણ કરતા પાર્થિવ પદાર્થો એક પ્રકારનું અધઃપતન સૂચવે છે. પ્લેટોનું માનસ આ બે દૃષ્ટિઓ વચ્ચે ઝોલાં ખાય છે—આપણી ક્ષણભંગુર દુનિયા જેટલે અંશે અનિષ્ટોથી ભરેલી છે તેટલે અંશે પતિત છે, જેટલે અંશે એ આદર્શ સૂચવે છે તેટલે અંશે એ જ દુનિયા આદર્શના અંગરૂપ બની રહે છે; પહેલું દૃષ્ટિબિંદુ ખ્રિસ્તી ધર્મનું છે, બીજું 'પેગન' છે; આ દૃષ્ટિએ જે ખ્રિસ્તી ધર્મ પાછળથી ઉગવાનો હતો તેના અંશો પ્લેટોમાં મળી આવે છે.

અપરિણામી શાશ્વત તત્ત્વો તથા ક્ષણભંગુર પાર્થિવ પદાર્થો કે તેના ગુણો વચ્ચેનો સંબંધ પણ પ્લેટો બે જાતનો કલ્પે છે. એક દૃષ્ટિએ જોતાં પદાર્થોથી ભિન્ન, એનું તત્ત્વ અસ્તિત્ત્વ ધરાવતું નથી પરંતુ પદાર્થોમાં જ એના સામાન્ય તત્ત્વરૂપે એ રહેલું છે, જેને અંગે એ પદાર્થો અમુક જાતના છે એમ કહેવાય છે,[૩૨] એટલે કે વિશિષ્ટ વસ્તુઓનાં આકસ્મિક પરિણામોમાં પણ જે એક તત્ત્વ અનુસ્યૂત રહેલું છે કે જેને લીધે અનેક ફેરફારો થવા છતાં વસ્તુ પોતે અમુક એક અથવા એક જાતની જ ગણાય છે—તે તત્ત્વ. આ અર્થમાં પાર્થિવ

૩૧. Doctrine of "Anamnesis" specially in the "Meno".

૩૨. The "Methexis"-view : Parm. 130-131. જુઓ "રિપબ્લિક" ૪૦૨; ૪૭૬; ૪૯૪; ૫૦૭ અ-બ; વગેરે.

વસ્તુઓ પ્લેટોનાં તત્ત્વોની ભાગીદાર બને છે. પરંતુ બીજી દૃષ્ટિએ તત્ત્વો ક્ષણભંગુર વસ્તુઓ કરતાં અત્યંત ભિન્ન છે અને વસ્તુઓ માત્ર એનું અનુકરણ કરે છે એમ પ્લેટો કોઈક વાર કહે છે.[૩૩]

(* ૧૧)
તત્ત્વો અને તત્ત્વોની પાર

આપણે ઉપર કહ્યું તેમ સમાનજાતિની વસ્તુઓમાં સમાન તત્ત્વ રહેલું હોવું જોઈએ એ વિશે બે મત હોઈ શકે નહિ, જો કે વ્યક્તિ અને એની જાતિના સમાન તત્ત્વ વચ્ચે કઈ જાતનો સંબંધ હોઈ શકે તેનું નિરૂપણ કરવું બહુ મુશ્કેલ છે. પોતાના ગુરુ સોક્રેટિસને અનુસરીને, વિચારની ભૂમિકા પરના બોધોની મદદ વડે જ જ્ઞાન મળી શકે એમ પ્લેટોએ જોયું, અને આવા બોધો (mental concepts) અપરિણામી હોય છે, જ્યારે વસ્તુ પોતે બદલાયા કરે છે; તેથી ખરું જ્ઞાન તો વિચારની ભૂમિકા પરના બોધોનું જ હોઈ શકે એમ પ્લેટોને લાગ્યું. માત્ર ઇન્દ્રિયાનુભવ દ્વારા આવા બોધો મળતા નથી, માટે શુદ્ધ બુદ્ધિનું એ ક્ષેત્ર છે, અને તેથી તેનું ભિન્ન અસ્તિત્વ સ્વીકારવું જોઈએ. આટલે આવ્યા પછી પ્લેટો એક પગલું આગળ ભરે છે; જો વ્યક્તિનો આપણને માત્ર ઇન્દ્રિયાનુભવ જ શક્ય છે એટલે કે જો એનું ખરું જ્ઞાન શક્ય નથી, તો જેનું ખરું જ્ઞાન શક્ય છે તેવા બોધોનું જ શુદ્ધ અસ્તિત્વ આપણે સ્વીકારવું જોઈએ. ગ્રીક ફિલસૂફીમાં એકત્વ–બહુત્વ; પરિવર્તન–એકત્વ; સદ્‌ગુણ–દુર્ગુણ; ધર્મ–અધર્મ વગેરે અનેક દ્વંદ્વો અમુક વિચારસરણીને લીધે અસ્તિત્વમાં આવ્યાં હતાં. ભિન્ન ભિન્ન સદ્‌ગુણોમાં કયું વિશિષ્ટ તત્ત્વ રહેલું છે એ પ્રશ્નથી પ્લેટો શરૂઆત કરે છે, અને દરેક જાતની જે અનેક વસ્તુઓ અસ્તિત્વમાં હોય છે, તે પ્રત્યેકનું તત્ત્વ ઈશ્વરે પેદા કર્યું એમ એ કહે છે. (પરિ.

---

૩૩. The "Paradeigma"–view Vide Euthyphro -6—D. E. જુઓ "રિપબ્લિક" ૫૯૬–૫૯૭.

૧૦–૫૬૬.) જાતિ સામાન્યના આપણા ખ્યાલોનાં જેવાં આ તત્ત્વો છે. પરંતુ આ ઉપરાંત પ્લેટો કહે છે તેમ જ્ઞાન મેળવવા માટે આપણી બુદ્ધિ અમુક રીતે જ કામ કરે છે, અને તે વ્યાપારમાં અમુક સ્વીકૃત સિદ્ધાન્તોનો પ્રમાણગત અવશ્યકતાને લીધે ઉપયોગ કરવો પડે છે. જ્ઞાન મેળવવાના વ્યાપારમાં આપણી બુદ્ધિએ આ સિદ્ધાન્તો ઇન્દ્રિયાનુભવ ઉપર લાદેલા હોય છે, અને તે પ્લેટોના અભિપ્રાય મુજબ પાંચ પ્રકારના છે: (૧) Logical Ideas— Categories of Similarity — Dissimilarity; Unity—Multiplicity; Rest —Motion; (૨) Ethical Ideas; Ideas of The Good, The Beautiful and the Just; (૩) Biological Ideas; Man, Horse (૪) Ideas of Elements; Fire, Air, Water, Earth. (૫) Ideas of Material Combination: Ideas of Hair, Mud. "પારમેનાઇડીઝ" નામના સંવાદમાં પ્લેટો આવા પાંચ પ્રકારનાં તત્ત્વોનો ઉલ્લેખ કરે છે. 'પ્લેટોનું આદર્શ નગર' માં ધર્મનું ખરું સ્વરૂપ શું છે–તેનાથી એ શરૂઆત કરે છે. હીરેક્લેઇટોસે અને પારમેનાઇડીઝે કરેલો, બુદ્ધિજન્ય જ્ઞાન અને ઇન્દ્રિયાનુભવ દ્વારા મળતા 'આભાસ' વચ્ચેનો ભેદ પ્લેટો સ્વીકારે છે, અને તેની મદદથી એ એમ પ્રતિપાદન કરે છે કે વ્યક્તિ અથવા આપણી દુનિયામાં મળી આવતાં સ્વરૂપો સદસત્ રૂપ છે, અને તેને વિશે માત્ર "અભિપ્રાય" જ બાંધી શકાય, જ્યારે સત્ રૂપ તત્ત્વોનું શુદ્ધ બુદ્ધિ વડે 'જ્ઞાન' મળી શકે[૩૪]. આથી પરિવર્તનશીલ પાર્થિવ પદાર્થો વ્યક્તિત્વહીન થઈ ગયા, અને વિચારનાં શુદ્ધ તત્ત્વોને વ્યક્તિત્વ અર્પવામાં આવ્યું, અને આ રીતે વિચારની ભૂમિકા પરના સામાન્ય જાતિના ખ્યાલોમાં ખરું વ્યક્તિત્વ છે એમ તેણે માન્યું. પછી આવાં શુદ્ધ વ્યક્તિત્વથી ભરેલાં તત્ત્વો આ દુનિયાની દૃષ્ટિએ આદર્શરૂપ

૩૪. જુઓ ૫૦૮–ડ તથા ૫૩૪–આખી કલમ.
"Episteme" vs "doxa"

મનાયાં, અને તેથી પાર્થિવ વસ્તુને માત્ર તેમનું અનુકરણ કરવાનું રહ્યું—શાશ્વત અપરિણામી તત્ત્વોની મેળી નકલો રૂપ વસ્તુઓ બની ગઈ.

પ્રાચીન યુરોપીયન ફિલસૂફીમાં જે વિચારસરણીઓ દેખાય છે તેની દૃષ્ટિએ આ સંબંધનું આપણે નીચે પ્રમાણે નિરૂપણ કરી શકીએ. ભિન્ન ભિન્ન વસ્તુઓમાં જે સામાન્ય તત્ત્વ રહેલું છે તેને સમાનરૂપ કહી શકાય એટલે કે તે વસ્તુઓનાં Formal Causes થયાં. અહીં પ્લેટો પિથાગોરાસને અનુસરે છે, પરંતુ પ્લેટોનાં તત્ત્વો માત્ર વસ્તુઓનાં સમાનરૂપને જ સ્પષ્ટ કરતાં નથી પરંતુ તે વસ્તુઓનાં અંતિમ કારણ-રૂપ પણ છે; એટલે કે પ્લેટોનાં તત્ત્વો પાર્થિવ વસ્તુઓનાં પ્રયોજન કે આદર્શ સ્પષ્ટ કરે છે.[૩૫] અહીં પ્લેટો એનેકઝાગોરાસની અસર નીચે આવેલો દેખાય છે.

પ્લેટોનાં તત્ત્વોની હવે આપણે નીચે પ્રમાણે વ્યાખ્યા આપી શકીએઃ—તત્ત્વો અપરિણામી, શાશ્વત, શુદ્ધ, વ્યક્તિત્વથી ભરેલાં છે, અને તે જ જ્ઞાનનું ખરું ક્ષેત્ર છે. સત્‌નું જ્ઞાન હોઈ શકે, અસત્‌નું અજ્ઞાન જ હોય, અને સદસત્‌થી ભરેલા પરિણામી જગતની નકલી વસ્તુઓ વિશે માત્ર "અભિપ્રાય જ" બંધાઈ શકાય.[૩૬] માનવ ચિત્તની ત્રણ ભૂમિકાઓને અનુરૂપ પ્લેટો ત્રણ પ્રકારની દુનિયા માને છે; અથવા "એક હતો ન-કો ન-કો રાજા" એ વાર્તામાં છૂપાયેલા સત્યની જેમ અ-સત્‌નું અ-જ્ઞાન જ હોય. આપણા ચિત્તમાં અજ્ઞાન અસ્તિત્વ ધરાવે છે, તે રીતે વિશ્વમાં જે અ-વસ્તુ છે એટલે નાસ્તિ-તત્ત્વ છે તેનું અસ્તિત્વ પણ પ્લેટો સ્વીકારે છે.[૩૭] હીરેકલેઈટસ અને

૩૫. Plato's Ideas are the Formal as well as Teleological Causes. પરિ. ૧૦-૫૯૬.

૩૬. જ્ઞાન અને અભિપ્રાયના સંબંધ માટે જુઓ: ૪૭૬-૪૭૮; ૫૦૮-ડ; ૫૧૦-અ; ૫૩૪ આખી કલમ.

૩૭. 'સત્‌નો સંપૂર્ણતઃ અભાવ અથવા નિષેધ એટલે અસત્'='Pure being and absolute negation of being' : જુઓ પરિ. ૫-૪૭૭-અ.

પારમેનાઈડીઝ બંનેની ફિલસૂફીનો પ્લેટોને સમન્વય કરવાનો હતો, આથી શુદ્ધ અપરિણામી તત્ત્વ ઉપરાંત એને નાસ્તિ તત્ત્વનું અસ્તિત્વ અને અસ્તિ–નાસ્તિ તત્ત્વોનાં મિશ્રણને લીધે આપણું વિશ્વ ઊભું થયું છે એમ સ્વીકારવું પડયું.

તત્ત્વો શુદ્ધ છે અને આપણી દુનિયાની વસ્તુઓ નાસ્તિ તત્ત્વના પડદા પર પડેલા તેના પડછાયા છે. વસ્તુઓમાં રહેલું ગુણવૈવિધ્ય કે સંખ્યાનું બહુત્વ બે રીતે ઉત્પન્ન થાય છે; એકનું એક તત્ત્વ નાસ્તિ તત્ત્વની સાથે અસંખ્ય વાર સંબંધમાં આવી શકે અને તો તેને લીધે બહુત્વ પેદા થાય; જ્યારે તત્ત્વોનું એક બીજા સાથે મિશ્રણ થાય અને પછી જે વસ્તુઓ પેદા થાય તેમાં ગુણ વૈવિધ્ય ઉતરી આવે. એકની એક વસ્તુ કઠણ, લીસી, ઠંડી, નાની, મોટી વગેરે હોય. એક જ વસ્તુમાં વસતા આ ગુણો તત્ત્વોના મિશ્રણને આભારી છે એમ પ્લેટો કહે છે.

આપણે ઉપર કહ્યું તેમ પ્લેટોનાં અમુક તત્ત્વો જાતિ–સામાન્યની ભૂમિકા પરનાં છે, બીજાં તત્ત્વો પરિવર્તનશીલ ઇન્દ્રિયાનુભવને બુદ્ધિ-ગમ્ય રીતે ગોઠવવા માટે આપણે આપેલાં ચોકઠાં જેવાં છે. આ રીતે શાશ્વત અપરિણામી દુનિયામાં પણ સામાન્ય વિશેષની અનેક ચડતી-ઉતરતી ભૂમિકાઓ હોય છે એમ પ્લેટો ઘણી જગ્યાએ કહે છે[૩૮] જ્ઞાન મેળવવા માટે આપણે ઇન્દ્રિયાનુભવથી શરૂઆત કરીએ, પરંતુ જ્ઞાનના વ્યાપારમાં આપણે આગળ જતાં ઇન્દ્રિય પ્રત્યક્ષોની દુનિયાને છોડી

---

૩૮. જુઓ પરિ. ૫–૪૭૬; પરિ. ૬–૪૮૪; પરિ. ૭–૫૦૭ તથા 'પારમે-નાઈડીઝ' સંવાદનો પાછળનો અરધો ભાગ અને 'સોફિસ્ટ' સંવાદની કલમ ૨૩૬–૨૩૭. 'Dialektikē'–આન્વીક્ષિકી વિદ્યા કે તત્ત્વચિંતનના વિષયનું નિરૂપણ કરતાં પ્લેટો ઉત્તરોત્તર ચડતી ઉતરતી ભૂમિકાઓ વિશે ચર્ચા કરે છે. જુઓ પરિ. ૬–૫૧૦–૧૧ વગેરે; 'ફીડ્રસ'માં પણ આ વિશે ચર્ચા છે.

દેખી પડે, અને પ્લેટો જેને "તત્ત્વો" કહે છે તે બુદ્ધિગમ્ય સૃષ્ટિમાં સત્ય મેળવવા વિહાર કરીએ એટલે ઇન્દ્રિયપ્રત્યક્ષોની વ્યક્તિઓ આપણા પડદા પરથી ખસી જાય છે, અને તેને બદલે તત્ત્વો વ્યક્તિઓના વાઘા પહેરીને આપણી સામે ઊભાં રહે છે.૩૯ પરંતુ બુદ્ધિનો જ્ઞાન મેળવવાનો સળંગ વ્યાપાર અગાધ છે, બુદ્ધિ ઇન્દ્રિયપ્રત્યક્ષોથી શરૂઆત કરે છે પરંતુ તેની સાથે સાથે બુદ્ધિનાં "ચોકઠાં" એટલે કે બાહ્યવિશ્વના અનુભવને સમજવા માટે બુદ્ધિને જે સ્વીકૃત સિદ્ધાન્તો અનુભવપ્રવાહ ઉપર લાદવા પડે છે, તે સિદ્ધાન્તો પણ અમુક જાતનાં તત્ત્વો છે, અને દરેક વિજ્ઞાન શરૂઆતમાં અમુક સિદ્ધાન્તો એમ ને એમ કશી સાબીતી વગર સ્વીકારીને આગળ ચાલે છે, અને આવા કશી પણ સાબીતી વગર સ્વીકારેલા સિદ્ધાન્તોના પાયા ઉપર વિશિષ્ટ વિજ્ઞાનોની ઇમારત રચાયેલી હોય છે. આવી સ્વીકૃતિઓને પ્લેટો 'Hypothesis' કહે છે૪૦ આવી સ્વીકૃતિઓની૪૧ મદદથી જે નિયમો કે બીજા સિદ્ધાન્તો ફલિત થયા હોય કે સાબીત કરવામાં

---

૩૯. જે સામાન્ય અથવા સમાન તત્ત્વ છે, તેમાં વ્યક્તિત્વ ન હોઈ શકે એ દલીલ એરિસ્ટોટલે પ્લેટોની સામે પોતાના 'મેટાફિઝિકસ'માં કરેલી છે: Vide Met. B 4-6-1003 et Seqq.

૪૦. સરખાવો "ફીડો" કલમ ૯૦-૧૦૧-૧૦૩.

૪૧. ઉ. ત. યુકલિડની ભૂમિતિમાં માન્ય રાખેલી સ્વીકૃતિઓ નીચે પ્રમાણે છે. ૧ : આકાશનાં કોઇ પણ બે બિંદુઓ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર સીધી લીટી જ હોઇ શકે. ૨ : બે સમાન્તર સીધી લીટીઓ કદી એકબીજાને મળતી નથી; ૩. બે સીધી લીટીઓ વડે દિક્‌ને (space) બાંધી શકાતી નથી વગેરે. અને આનાથી બીજા પ્રકારની સ્વીકૃતિઓ દિક્‌ને લાગુ પડે છે તેમ માન્ય રાખીને ગણિતશાસ્ત્રી બીજી જાતની ભૂમિતિ નીપજાવે શકે. ઉ. ત. સમાન્તર સીધી લીટીઓ એક બીજાને મળી શકે; અથવા બે સીધી લીટીઓથી પણ દિક્‌નો અમુક ભાગ બંધાઈ શકે! વગેરે. પ્લેટો એમ કહે કે આવી સ્વીકૃતિઓને જ્યાં સુધી આપણે પૂરેપૂરી સાબીત ન કરીએ ત્યાં સુધી એના ઉપર સ્થાપેલા વિજ્ઞાનમાં અનિશ્ચિતતા રહેવાની. જુઓ પરિ. ૭-૫૩૩ ડ. ફ.

આવ્યા હોય તેને સોએ સો ટકા સાબીત થએલા આપણે ન માની શકીએ એટલે કે વિજ્ઞાનમાં ત્યાં સુધી અનિશ્ચિતતા રહેવાની.

ભિન્ન ભિન્ન વૈજ્ઞાનિકોએ માન્ય કરેલી સ્વીકૃતિઓને માણસ જેમ જેમ સાબીત કરતો જાય તેમ તેમ તેનું જ્ઞાન વધારે ચોક્કસ સ્વરૂપ પકડતું જાય. ઇન્દ્રિયગોચર વસ્તુઓને માણસ છોડી દે, એમાંથી એનું મન જો મુક્ત થાય, તો જ એને (વૈજ્ઞાનિક) સત્ય મળે.[૪૨] આજનું ભૌતિકવિજ્ઞાન પણ ઇન્દ્રિયાનુભવને સમજવા માટે આપણે જેને પાર્થિવ વસ્તુઓ ગણીએ છીએ તેને છોડી દે છે, અને એટલા પ્રાચીન કાળમાં પણ પ્લેટોને વૈજ્ઞાનિક પદ્ધતિના આ સ્વરૂપની ઝાંખી થઈ હતી એ એની પ્રતિભા છે. વિજ્ઞાન જેમ જેમ આગળ જાય તેમ તેમ સ્વીકૃતિઓની સાબીતી મળતી જાય, અને વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓનું એકીકરણ કે સમન્વય થતાં જાય,[૪૩] અને આત્માને શુદ્ધ જ્ઞાન મળે.

સ્વાભાવિક રીતે પ્રશ્ન ઊઠ્યો થાય કે વિજ્ઞાન આમ કેટલે દૂર જઈ શકે? માનવ બુદ્ધિમાં ઊંડે ઊંડે એવી શ્રદ્ધા રહેલી છે કે છેવટ જ્ઞાન એક જ હોવું જોઈએ. આવી શ્રદ્ધા આપણી બુદ્ધિના આંતરિક બંધારણનું બાહ્ય પૃષ્ઠ છે એમ કહીએ તો ચાલે; અને માત્ર જ્ઞાન જ નહિ પરંતુ બાહ્ય વિશ્વ જે જ્ઞાનનો વિષય છે તે પણ આપણી સાથે એક હોવું જોઈએ એવો એ શ્રદ્ધામાંથી પડઘો પડે છે. પ્લેટોના સમયમાં વિજ્ઞાન કંઈ બહુ આગળ ગયું નહોતું, અને બધા જ્ઞાનનો

૪૨. જુઓ "ફીડો", તથા પરિચ્છેદ ૬ પા૧૦-બ; પા૦૭-બ; પા૨૬-બ; તથા પા૨૯ બ.

૪૩. What Plato calls "destruction of the 'Hypotheses'" જુઓ પરિ. ૬-પા૧૧ બ તથા પરિ. ૭-પા૩૩ "...and clinging to this and then to that which depends on this, by successive steps she descends again without the aid of any sensible object, from ideas, through ideas, and in ideas she (i. e. the Soul 'P s y ch e') ends."

અંતિમ સમન્વય કરી શકે એટલે સુધી માનવ બુદ્ધિની મદદ વડે, માત્ર ઇન્દ્રિયપ્રત્યક્ષોના પાયા ઉપર સ્થપાએલ વિજ્ઞાન આગળ જઈ શકશે કે કેમ એ આજે પણ એક સવાલ થઈ પડ્યો છે; આમ છતાં પ્લેટો ફિલસૂફીની દૃષ્ટિએ નિરૂપણ કરે છે કે માનવ બુદ્ધિ આ ઊર્ધ્વ માર્ગે પ્રવાસ કરતી કરતી જ્યારે એક અંતિમ તત્ત્વ પાસે લગભગ પહોંચે છે, ત્યારે એ મૂર્છિત થાય છે. કારણ જે રીતે આપણે બીજાં તત્ત્વોનું જ્ઞાન મેળવી શકીએ છીએ એ રીતે અંતિમ તત્ત્વનું જ્ઞાન મળી શકતું નથી; કારણ આપણે જ્ઞાનનું જે સ્વરૂપ માનીએ છીએ તેવા જ્ઞાનનો વિષય એ તત્ત્વ થઈ શકતું નથી.

બાહ્ય વિશ્વની ક્ષણભંગુર વસ્તુઓનાં ચિરસ્થાયી તત્ત્વોથી પ્લેટો શરૂઆત કરે છે; અને ભિન્ન ભિન્ન તત્ત્વોનાં બહુત્વ આગળ બુદ્ધિને વિરામ ન મળી શકે તેથી પ્લેટો એક તત્ત્વ સુધી પહોંચવા પ્રયત્ન કરે છે.૪૪ પરંતુ એ ભૂમિકા પર ચડવા જતાં જ્ઞાનના સ્વરૂપમાં રહેલા દ્વૈતનું પ્લેટોને ભાન થયું હોય એમ લાગે છે, કારણ સામાન્ય તત્ત્વો ("Eidē" "Eidos" "Idea") બુદ્ધિના વિષયરૂપ રહેલાં છે, એટલે કે માનવબુદ્ધિ અને તેના વિષય વચ્ચે જે દ્વૈત રહેલું છે તે સૌથી છેલ્લી ભૂમિકા પર આવતાં પ્લેટોને ખૂંચે છે. જો આખું વિશ્વ એક હોય, જો જ્ઞાન પણ એક હોય, તો બુદ્ધિ અને તેના વિષય વચ્ચેનું દ્વૈત પણ અંતે ઓગળી જવું જોઈએ; અહીં આપણે એવા તત્ત્વ પાસે આવી પહોંચીએ છીએ કે જેને તત્ત્વ એવું નામ પણ ન આપી શકાય; કારણ આપણી બુદ્ધિ, એનો વિષય અને એ બંને વચ્ચેનો યથાર્થ સંબંધ જે જ્ઞાન—એ ત્રણે જેને લીધે અસ્તિત્વ ધરાવે છે તે—આ છે. પ્લેટો અહીં પોતાનું રૂપક બદલે છે, અને ઉદાહરણ દ્વારા એ તત્ત્વ જેને એ ઇષ્ટનું તત્ત્વ કહે છે તે કેવું હોઈ શકે તે સમજાવવા પ્રયત્ન કરે છે. આપણને આંખો છે અને

૪૪. જુઓ પરિ. ૬-૫૦૭ અ થી ૫૦૯ ક.

આંખો પોતાના બાહ્ય વિષયને કે પદાર્થને જુએ છે. આંખોમાં દૃગ્‌શક્તિ છે, અને વસ્તુઓમાં પોતે–દેખાઈ–શકાય એવી શક્તિ છે; પરંતુ જો સૂર્યનું તેજ ન હોય તો આંખોની દૃગ્‌શક્તિ કાર્ય કરી શકતી નથી, તથા પદાર્થોમાં રહેલી પોતે–દૃષ્ટિનો–વિષય–થઈ–શકે તેવી શક્તિ પણ સુષુપ્ત જ રહે છે. તેજ પોતે કંઈ દૃગ્‌શક્તિ કે પોતે–દૃષ્ટિનો–વિષય–થઈ–શકે એ બેમાંની એકે શક્તિ નથી, પરંતુ એ કંઈ એવું છે જેને લીધે ઉપર કહી તે બંને શક્તિઓ પોતાનું વિશિષ્ટ કાર્ય સાધી શકે છે. એટલે કે દૃગ્‌શક્તિ, પોતે–દૃષ્ટિનો–વિષય–થઈ શકે તેવી પદાર્થમાં રહેલી શક્તિ તથા દર્શન એ ત્રણેની શક્યતાનો આધાર તેજના અસ્તિત્વ પર રહેલો છે. ભૌતિક ભૂમિકા પરનો આ સંબંધ અને સત્ય, આના જેવાં જ માનસિક કે આધ્યાત્મિક ભૂમિકા પરના સંબંધ અને સત્યના પડઘારૂપ છે. એક બાજુ માનવબુદ્ધિ છે બીજી તરફ શાશ્વત અપરિણામી તત્ત્વો છે અને એ બંનેનો યથાર્થ સંબંધ તે જ્ઞાન—અને આ ત્રણેના અસ્તિત્વની શક્યતાનો જેના ઉપર આધાર છે તે એ દૃષ્ટનું તત્ત્વ—એમ પ્લેટોનું કહેવું છે. જેને લીધે બાહ્ય જગત, આત્મા, અને જ્ઞાન ટકી રહેલાં છે અથવા અસ્તિત્વ ધરાવે છે તે દૃષ્ટનું તત્ત્વ છે, અને આ કારણે જ્ઞાનથી એ કયાંઈ દૂર છે. કારણ જેના પર જ્ઞાનની શક્યતા નભી રહી છે તે પોતે જ્ઞાનનો વિષય ન જ થઈ શકે.

ભૌતિક ભૂમિકા પરનો તેજનો દાખલો બહુ યોગ્ય છે.[૪૫] એને આપણે આધ્યાત્મિક ભૂમિકા પર સર્વાંશે લાગુ પાડી શકીએ ખરા? તેજ ન હોય તો દૃગ્‌શક્તિ કે દૃશ્ય જગત કે દર્શન બધાં લુપ્ત થાય છે, પરંતુ તેજ પોતે કંઈ સૂર્ય નથી. કારણ ત્રણેના અસ્તિત્વનો આધાર તેજ ઉપર છે તેવી જ રીતે બુદ્ધિ, અપરિણામી તત્ત્વો અને જ્ઞાન એ ત્રણેનો જેના પર આધાર છે તે પોતે અંતિમ અવ્યક્ત–

---

૪૫. જુઓ ૫૦૭–ક

અમૂર્ત (Transcedent) કેવલ (Absolute) તત્ત્વ (Principle) ન હોઈ શકે, પરંતુ એમાંથી ઝરતો એનો એક માત્ર તેજ રૂપ અંશ જ હોઈ શકે. શુદ્ધ, કેવળ અદ્વિતીય 'તે' તો એનાથી કયાંય દૂર હોવું જોઈએ. અહીં એટલું ઉમેરવું જરૂરનું છે કે આપણી પરિભાષામાં લખીએ તો, બુદ્ધિએ મેળવેલું જ્ઞાન અને આત્માએ કરેલો સાક્ષાત્કાર એ બે વચ્ચેનો ભેદ પ્લેટો સ્વીકારે છે,૪૬ એટલે કે બીજાં બધાં "Eidē" કે તત્ત્વો બુદ્ધિનો વિષય થઈ શકે છે, જ્યારે બધાના તત્ત્વનો સાક્ષાત્કાર આત્મા માત્ર પોતાનાં આંતરિક ચક્ષુથી જ કરી શકે છે.૪૭

(*૧૨)

આત્માનું સ્વરૂપ

(પ્લેટોનું ચિત્તશાસ્ત્ર)

આપણે ઉપર જોયું તેમ આ જીવનમાં આત્મા એના શુદ્ધ સ્વરૂપમાં વ્યક્ત થતો નથી, કારણ એના ઉપર વિસ્મૃતિનાં પડળ ચડેલાં હોય છે, અને આ જન્મ પહેલાંના અસ્તિત્વમાં કરેલા અપરિણામી તત્ત્વોના અનુભવનું એને ભાન નથી. જ્ઞાનના દૃષ્ટિબિંદુએ આટલું વિધાન બસ થાય. પરંતુ જ્ઞાન ઉપરાંત સારાખોટાંનાં મૂલ્યાંકનની દૃષ્ટિએ આત્મામાં રહેલા ભિન્ન ભિન્ન અંશોનું પ્લેટોએ નિરૂપણ કરેલું છે. સોક્રેટિસ એમ માનતો કે કોઈ પણ માણસ જાણી જોઈને

---

૪૬. In Kantian language, the multiple "E i d ē" are objects of understanding, while the Idea of Good is an 'Idea of Reason.'

૪૭. જુઓ પ૧૭ બ-ક તથા પ૧૮ અ બ, ડ, પ૨૭-ઇ; પ૩૩ ડ; પ૪૦-અ વગેરે. જેના ઉપર પાછળથી Neo-Platonic Mysticism પ્લોટાઈનસમાં ઉતરી આવ્યું તેનાં મૂળ અહીં સ્પષ્ટ દેખાય છે. આ દૃષ્ટિએ પ્લેટો પોતે પણ "મૌની"-'mystic' હતો.

ખરાબ થતો જ નથી, અને જ્યારે જ્યારે એ ખરાબ થાય છે ત્યારે ત્યારે એનામાં રહેલું અજ્ઞાન જ તે માટે જવાબદાર છે. આ દૃષ્ટિએ પ્લેટો પણ એમ કહે કે આત્મામાં રહેલા વિસ્મૃતિના પડદાને લીધે જ માણસો દુષ્ટ થાય છે.

આત્મામાં મુખ્યત્વે ત્રણ અંશો છે : બુદ્ધિ, પ્રાણ અને કામ.[૪૮] જેમ જ્ઞાન એક છે તેમ આત્મામાં પણ એના તમામ અંશો વચ્ચે એકતા હોવી જોઈએ; અને જે આત્મામાં એકતા નથી, જે પોતાની જાત સાથે સુસંગત નથી, તે બાહ્ય વિશ્વના તેમજ પોતાના ક્ષણભંગુર બહુત્વમાં વસે છે, અને તેથી તેનામાં જ્ઞાન કે સદ્‌ગુણ હોઈ શકે નહિ. આત્મામાં રહેલો કામનો અંશ બહુત્વવાળો છે; ઇચ્છાઓ અનેક તથા અનેક જાતની હોઈ શકે છે એટલું જ નહિ પરંતુ એક જ આત્મામાં વિરોધી ઇચ્છાઓ પણ એકી સાથે રહી શકે છે.[૪૯] આત્માના જે અંશનો ધર્મ જ્ઞાન મેળવવાનો છે તે બુદ્ધિ અને બીજો બહુત્વવાળો અંશ તે કામ—આ ઉપરાંત આત્મામાં પ્રાણનું પણ તત્ત્વ રહેલું છે અને તે કોઈ વાર બુદ્ધિને અનુસરે છે અને કોઈ વાર કામની સાથે ઘસડાય છે. આ ત્રણેને આપણે ખુશીથી આપણી ફિલસૂફીના અને વિશિષ્ટ અર્થમાં સાંખ્યના સત્ત્વ, રજસ્, અને તમસ્ સાથે સરખાવી શકીએ.[૫૦]

જો કે પ્લેટો જેને 'Epithumia' કહે છે તે અને આપણી ફિલસૂફીના તમોગુણ વચ્ચે ભેદ એ છે કે એકલો તમોગુણ પ્રાણીને નિશ્ચેષ્ટ રાખે છે; સર બજેન્દ્રનાથ સીલ એને જડ દ્રવ્યના Inertia સાથે સરખાવે છે તે યોગ્ય છે, પરંતુ

---

૪૮. જુઓ પરિ. ૪–૪૩૫ થી ૪૪૨; પરિ. ૬–૫૦૪ અ; ૮–૫૫૦ અ; પરિ. ૯–૫૭૧, ૫૮૦ ફ, ૫૮૧ વગેરે.

૪૯. જુઓ ૪૪૦ તથા સરખાવો ૪૬૩ અને ૪૨૬ તથા ૫૮૮.

૫૦. મૂલ્યની દૃષ્ટિએ તથા થોડે અંશે ધર્મોની દૃષ્ટિએ : ૭-૫૩૨-ક.

પ્લેટો આત્માના કામના અંશમાં મનોવિકાર અને તેનાથી ઉત્પન્ન થતી વિકૃત ઇચ્છાઓનો સમાવેશ કરે છે, અને તેટલે અંશે તેમાં રજસ્‌ના અંશો છે એમ કહી શકાય. વળી સાંખ્યમાં વ્યક્તિના બંધારણથી આગળ જઈ વિશ્વના પરિણામોમાં પણ ત્રણે ગુણોનું આરોપણ કરવામાં આવ્યું છે, તે પ્લેટોની ફિલસૂફીમાં આપણને મળી આવતું નથી, જો કે પ્લેટો આ ત્રણે ગુણોનું આરોપણ સામાજિક બંધારણ ઉપર કરે છે, અને તેને પરિણામે લગભગ આપણા ચાતુર્વર્ણ્ય સમાજનું પ્લેટો પ્રતિપાદન કરે છે. બુદ્ધિનો વિશિષ્ટ ધર્મ જ્ઞાનનો વ્યાપાર છે, પ્રાણનો વિશિષ્ટ ધર્મ ઉત્સાહનો, શૌર્યનો તથા કાર્ય કરવાનો છે, અને ઉપર કહ્યું તેમ કામનો આવિર્ભાવ (કારણ કામના વ્યાપારને આપણે ધર્મ કહી શકીએ નહિ) — કે વ્યાપાર અનેક પ્રકારની ઇચ્છાઓમાં વ્યક્ત થાય છે. પ્રાણ બેધારી તલવાર જેવો છે— માણસમાં જો જ્ઞાન કે ખરો અભિપ્રાય ન હોય તો તે અનેક ઇચ્છાઓના કળણમાં ધસડાઈ જાય છે અને વ્યક્તિમાં પોતામાં સુમેળ રહેતો નથી. કામના તત્ત્વમાં સ્વભાવથી જ બહુત્વ રહેલું છે, અને જેમ કોઈ માણસ માત્ર ઇન્દ્રિયાનુભવમાં જ રચ્યો પચ્યો રહે તો એને કોઈ પણ પ્રકારનું જ્ઞાન થઈ શકે નહિ, તેમ કોઈ જો કામની અનેક ઇચ્છાઓને અધીન થઈને જીવન ગાળે તો એને ધર્મ પ્રાપ્ત ન થાય. કામના તત્ત્વમાં સ્વભાવથી જ જે અનેકત્વ રહેલું છે, ને અનેકત્વમાં વિવેક દ્વારા જ સુસંગતિ લાવી શકાય એટલે કે ચારિત્ર્યનાં મૂલ્યાંકનની દૃષ્ટિએ બુદ્ધિ અને બુદ્ધિએ–નિયમન–કર્યું–હોય તેવા પ્રાણનાં તત્ત્વથી કામનું તત્ત્વ બંધાય અને દોરાય તો જ વ્યક્તિગત આત્મા સુસંગત થાય.

એટલે કે આત્માના ત્રણે અંશોનાં મૂલ્ય એક સરખાં નથી. કામના તત્ત્વને પ્લેટો ઘણી જગ્યાએ હજારો માથાવાળા રાક્ષસની સાથે સરખાવે છે.[૫૧] માનવના ચિત્ત સમસ્તમાં અનેક દિશામાંથી

૫૧. જુઓ ખાસ કરીને ફલમ પ૮૮.

કેટલીએ ખેંચતાણ થયા કરે છે—તે આધુનિક ચિત્ત વિજ્ઞાનના સત્યથી પ્લેટો પૂરેપૂરો વાકેફ હતો. માણસના આત્માનો અમુક અંશ એ અનેક પશુઓનાં માથાંવાળો કલ્પે છે, અને એમાંના એકાદ જનવરનું માથું કાપી નાખ્યું હોય તો તેની જગ્યાએ તરત બીજું ઉગે છે—એટલે કે ઇચ્છાઓને સામે મોઢે લડવા જતાં સામાન્ય રીતે માણસ હારી જાય છે, અને હરકોઈ ઇચ્છાને દબાવવાથી એ ભૂંસાઈ જતી નથી એ પ્લેટો જાણતો હતો.

અમુક સાધારણ ઇચ્છાઓને સંતોષવાથી તેઓ શમી જાય છે, અને અમુક બીજી ઘોર ઇચ્છાઓને તેમના વિષયો પૂરા પાડવાથી તેઓ ઊલટી વધારે ઉગ્ર બને છે એ પ્લેટો જાણતો હતો.[૫૨] એટલે કે યુરોપીય ચિત્તવિજ્ઞાનનો આજકાલનો જે એવો સિદ્ધાન્ત છે કે[૫૩] માણસે પોતાની ઇચ્છાઓ દબાવવી ન જોઈએ, અનર્ગળ રીતે વહી જવા દેવી જોઈએ, અને એ રીતે જ માણસ એમાંથી મુક્ત થઈ શકે—તે સિદ્ધાન્ત ખોટો છે એમ પ્લેટો માનતો. આ ઉપરાંત એનું એમ પણ કહેવું છે કે જો કોઈ માણસ કેવો છે એ જાણવું હોય તો તેને કેવાં સ્વપ્નાં આવે છે તે પૂછવું જોઈએ. કારણ પ્લેટોએ કહ્યું છે તેમ ઊંઘમાં જ્યારે માણસનો ઉચ્ચતર અંશ જાગ્રત હોતો નથી. ત્યારે સ્વપ્નમાં જે દુષ્ટતાનો વિલાસ એના મનમાં થાય છે—તે જ્યારે પોતે જાગતો હોય ત્યારે પણ, જો એના આત્માના ઉચ્ચતર બુદ્ધિના અંશનો દીવો એણે ઓલવી નાંખ્યો હોય તો એના ચિત્તમાં રહેલી દુષ્ટતા બહાર આવે છે.[૫૪] આજ કાલ આપણે ત્યાં યુરોપીય ચિત્તવિજ્ઞાનની અસરને લીધે કેટલાએક લોકો એમ માને છે કે માનસ-શાસ્ત્ર વિજ્ઞાનની જ શાખા છે, અને તેથી એના નિરૂપણમાં નૈતિક

---

૫૨. જુઓ ખાસ પરિ. ૯ પૃ૭૧-૭૨-૭૩

૫૩. To allow one's own nature to run out.

૫૪. જુઓ પરિ. ૯–પૃ૭૧-૭૨, પૃ૭૪ ફૂ.

મૂલ્યોનું આરોપણ કરવું જોઈએ નહિ, અને તેથી જ એ લોકો એવા સિદ્ધાન્તનું પ્રતિપાદન કરે છે, કે માનવચિત્તની અનેક વૃત્તિઓમાં ચિત્તવિજ્ઞાનની દૃષ્ટિએ કશું સારું કે ખોટું નથી; પરંતુ પ્લેટોએ સારા ખોટાનાં મૂલ્યની દૃષ્ટિએ જ આત્માના આ વિભાગો પાડ્યા છે. આપણી ફિલસૂફીમાં પણ ચિત્તના ધર્મોની સમજુત આપતાં ચારિત્ર્ય-મીમાંસાનાં મૂલ્યોનો ઉલ્લેખ કરવામાં આવે છે. આથી કેટલાએક પાશ્ચાત્ય માનસશાસ્ત્રીઓ એમ માનતા હતા કે હિંદની ફિલસૂફીમાં ચિત્તવિજ્ઞાન જેવા કોઈ વિષયનું નિરૂપણ કરવામાં આવ્યું નથી, અને મનોવિજ્ઞાન વિશે જે કંઈ વિચાર કરવામાં આવ્યો છે તે માત્ર ચારિત્ર્યમીમાંસાની દૃષ્ટિએ જ કરવામાં આવ્યો છે. ખરી હકીકત તો એ છે કે આપણા ચિત્તના ભિન્ન ભિન્ન અંશો અને તેના સંબંધો વિશેનું ખરું નિરૂપણ કરવું હોય તો ચારિત્ર્યમીમાંસાનાં મૂલ્યોની દૃષ્ટિએ જ કરવું જોઈએ. અને તો જ આપણા ચિત્તના ખરા સ્વરૂપનું આપણને જ્ઞાન થઈ શકે. આપણી તેમ જ બૌદ્ધ ફિલસૂફીમાં પણ ચિત્તની વૃત્તિઓનું વર્ણન કરતાં અમુક વૃત્તિઓ વદૃતિ ધર્માય, જ્યારે અમુક બીજી વદૃતિ પાપાય ચ, અને બૌદ્ધ ધર્મમાં કુશલ અને અકુશલ એવા વિભાગો કરવામાં આવ્યા છે. શું જ્ઞાન કે શું મનોભાવ કે શું કર્મ—તમામને આ વિભાગમાં વહેંચ્યા બાદ જ ચિત્તના ધર્મોનું નિરૂપણ થઈ શકે એ સત્ય પાશ્ચાત્ય વિચારકો અત્યારે કબુલ કરે છે. જ્યારે આપણે ત્યાં ગાડરિયા પ્રવાહની માફક જૂના પાશ્ચાત્ય દૃષ્ટિ-બિંદુને વળગી રહીને મનોવિજ્ઞાનમાં અને સમાજશાસ્ત્રમાં વૈજ્ઞાનિક રીતે (?) આપણી શિક્ષણપદ્ધતિ ઉપદ્રવ કરી રહી છે, અને તેને લીધે આપણે કદાચ ભયંકર પરિણામો સહન કરવાં પડે તો નવાઈ નહિ. આજકાલ જે લોકો એમ કહે છે કે ચિત્તનું માત્ર વૈજ્ઞાનિક પદ્ધતિએ નિરૂપણ થવું જોઈએ, તેઓ વિજ્ઞાનનો અંતિમ હેતુ ભૂલી જાય છે. કારણ વૈજ્ઞાનિક નિરૂપણ થયા બાદ પણ મૂલ્યાંકનનો પ્રશ્ન ઊભો રહે જ છે, અને ભૌતિક વિજ્ઞાનમાં આપણે શુદ્ધ વૈજ્ઞાનિક નિરૂપણ

અને તેનું મૂલ્યાંકન બંને જુદાં રાખીએ,[૫૫] તોપણ જેમ જેમ વિજ્ઞાન એક એક પાયરી ઉપર ચડતું જાય, એટલે કે જેમ જેમ સંખ્યા-પરિણામને બદલે ગુણપરિણામો વિજ્ઞાનનો વિષય બનતાં જાય, તેમ તેમ મૂલ્યાંકનની પદ્ધતિને વધારે ને વધારે સ્થાન આપવું જોઈએ— અને આપણી ચેતનાનું સ્વરૂપ શુદ્ધ ગુણપરિણામોનું છે, તો તેના અભ્યાસમાં મૂલ્યાંકનનું સાર્વભૌમ સ્થાન હોવું જોઈએ અને આ દૃષ્ટિ પણ શુદ્ધ વૈજ્ઞાનિક દૃષ્ટિ છે—કારણ વિજ્ઞાન જેમ જેમ આગળ જાય તેમ તેમ તેના દૃષ્ટિબિંદુમાં તથા તેની પદ્ધતિમાં પણ યોગ્ય ફેરફારો થાય છે અને થવા જોઈએ.

આથી શરૂઆતથી જ જો મૂલ્યાંકનનું દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને માનસશાસ્ત્રના વિષયનું નિરૂપણ કરવામાં આવે, તો આપણા જીવનમાં ખાસ ઉપયોગી થઈ પડે તેવું જ્ઞાન મળવાનો અને ત્રૂટીઓ ઓછી આવવાનો સંભવ છે. ચારિત્ર્યમીમાંસાનાં મૂલ્યો સ્વીકારીને જ આપણી તમામ શક્તિઓનું સ્વરૂપ અને તેમનો અન્યોન્ય સંબંધ ખરી રીતે સમજી શકીશું. આ દૃષ્ટિએ માણસ ઇચ્છાઓમાં પોતાની જાતને તણાવા દે, તો તેના સંસ્કારોના વમળમાં આત્માને ગોથાં ખાવાં પડે એમ પ્લેટો માને છે.[૫૬]

આત્માનો શુદ્ધમાં શુદ્ધ અંશ બુદ્ધિનો છે, અને શુદ્ધ મૂલભૂત તત્ત્વો એનો વિષય છે, અને એ તત્ત્વો અમર છે તેથી આત્મા પણ અમર

---

૫૫. જો કે ભૌતિક વિજ્ઞાનમાં પણ વિગતોનું, તેના નિયમોનું તથા તેના મૂલ્યાંકનનાં દૃષ્ટિબિંદુને ભિન્ન ન રાખવાં જોઈએ. કારણ ભૌતિક વિજ્ઞાનની જે કંઈ વિગતો તથા શક્તિઓ છે તે તમામ વ્યક્તિઓ પણ છે, અને તેથી માત્ર સંખ્યાપરિણામના દૃષ્ટિબિંદુથી તેમની સાથે વ્યવહાર કરવા જતાં ભૌતિક જગતની અંદર રહેલી અને તે દ્વારા વ્યક્ત થતી વ્યક્તિઓ એટલી તો ક્ષોભ પામે કે તેથી આપણે ન ધાર્યું હોય તેવું પરિણામ પણ આવે!

૫૬. જુઓ પરિ. ૧૦ તથા 'ટીમિયસ' સંવાદ.

છે. આત્માના અમરત્વની આ દલીલ ઉપરાંત દસમા પરિચ્છેદમાં પ્લેટો એક બીજી દલીલ પણ આપે છે.૫૭

(* ૧૩)

સદ્‌ગુણોનું પૃથક્કરણ

પોતાના ગુરુ સૉક્રેટિસની જેમ, જ્ઞાન સિવાય સદ્‌ગુણ શક્ય નથી એમ પ્લેટો માને છે, અને આત્માના ભિન્ન ભિન્ન અંશો જ્ઞાનના તથા સદ્‌ગુણના વ્યાપારની સાથે બંધબેસતા થાય તો જ માણસના જીવનમાં સંવાદ સધાય છે. પ્લેટોની દલીલ આવી છેઃ આત્માના પ્રત્યેક અંશનો વ્યાપાર કાં તો લૂલો પાંગળો હોઈ શકે અને કાં તો સશક્ત એટલે કે શુદ્ધ પણ હોય. દરેક અંશ જો પોતાનો ધર્મ બરાબર બજાવે, તો આત્મા સમસ્તનું જીવન સશક્ત થશે, અને સશક્તાવસ્થામાં સદ્‌ગુણ પરિણમે છે;૫૮ નહિ તો દુર્ગુણથી આત્મા પોતે લૂલો પાંગળો ખોડંગતો ચાલે છે.૫૯ પિથાગોરાસની ફિલસૂફીમાંથી પ્લેટોને સુસંગતિનો ખ્યાલ મળે છે, અને સદ્‌ગુણ એટલે શક્તિ એટલે જ સુસંગતિ એમ પ્લેટો કહે છે. આવા સંવાદને લીધે આત્મામાં એકતા આવે છે, અને જે આત્મામાં એકતા છે તે સ્વતંત્ર છે, અને તેને જ સુખ મળી શકે છે.

સદ્‌ગુણનું આટલું નિરૂપણ માત્ર સામાન્ય દૃષ્ટિએ જ થયેલું ગણાય. સદ્‌ગુણોનાં વિશિષ્ટ રૂપો કયાં છે તે જાણવા માટે આત્માના પ્રત્યેક અંશના વિશિષ્ટ વ્યાપારમાં ઉતરવાની જરૂર છે. આપણે ઉપર કહ્યું તેમ બુદ્ધિના શુદ્ધ વ્યાપારથી આત્માને જ્ઞાન મળે છે, બુદ્ધિનો અશુદ્ધ વ્યાપાર હોઈ જ ન શકે એમ પ્લેટો માને, કારણ જે

---

૫૭. પ્લેટો જે દલીલ કરે છે તેના પરની ટીકા ત્યાં નીચે ફૂટનોટમાં જ આપી છે તેથી તેની અહીં ચર્ચા કરી નથી. જુઓ પરિ. ૧૦-૬૦૮ વગેરે.

૫૮. જુઓ, ૩૫૩ ઙ; ૩૫૪-૩૫૫.

૫૯. જુઓ, ૪૦૧ તથા ૫૩૫.

કંઈ અવળે માર્ગે આત્માને ધસડી જાય તે બુદ્ધિ હોઈ શકે નહિ.[૬૦] યથાર્થ જ્ઞાનના પરિણામે આત્મા વિવેકી થાય છે. જ્ઞાન વગર વિવેક અશક્ય છે. પ્રાણનું તત્ત્વ સ્વભાવથી બુદ્ધિની સાથે રહીને કામ કરે છે, અને તો તેને ખરા અને ખોટા "જ્ઞાન"નું તો નહિ પરંતુ સાચા "અભિપ્રાય" નું ભાન થાય છે, અને પરિણામે આત્મામાં શૌર્યનો ગુણ બંધાય છે. શાથી બીવું અને શાનાથી ન બીવું એ વિશેનો ખરો અભિપ્રાય તેનું નામ શૌર્ય એવી પ્લેટોની વ્યાખ્યા છે[૬૧]. ત્રીજું તત્ત્વ કામનું છે. એનો વિશિષ્ટ વ્યાપાર ગમે તેવી ઇચ્છાઓ કરવાનો છે. કામના તત્ત્વમાં જ્ઞાન કે સાચો અભિપ્રાય એ બેમાંનું કશું વસી શકતું નથી. નિયંત્રણ વગરના કામના તત્ત્વમાં માત્ર અજ્ઞાન જ હોઈ શકે. આ તત્ત્વ આટલું બધું અંધકારમય છે છતાં એના નિયંત્રિત વ્યાપારને લીધે આત્મામાં મિતત્વનો સદ્‌ગુણ ઉત્પન્ન થાય છે[૬૨]. બુદ્ધિનો અવળો વ્યાપાર શક્ય નથી તેટલે અંશે બુદ્ધિનું મહત્ત્વ વધારે છે, જ્યારે પ્રાણ તથા કામનાં તત્ત્વો નીચલી કોટીનાં છે, અને તેથી તે ઊંધે માર્ગે આત્માને ધસડી જઈ શકે છે. શુદ્ધ સ્વરૂપમાં આત્મામાં માત્ર બુદ્ધિનું જ તત્ત્વ હોઈ શકે એમ કદાચ પ્લેટો કહે, કારણ બુદ્ધિને એ એનેક્ઝેગોરાસના N o ū s ની સાથે જ સરખાવે છે,[૬૩] જ્યારે પ્રાણ તથા કામનાં તત્ત્વો આત્મામાં પાર્થિવ કે પાશવ દુનિયાના સંપર્કને લીધે કૂટી નીકળ્યાં છે એમ પ્લેટોનું માનવું લાગે છે.[૬૪]

---

૬૦. "સ્ટોઇક" લોકોનો તથા રૂપીનોઝાનો આવો સિદ્ધાન્ત આ સાથે સરખાવવા લાયક છે.

૬૧. જુઓ ૪-૪૨૯, ૪૪૩-બ.

૬૨. જુઓ ૪૦૩ અ.

૬૩. પ્લેટોની બુદ્ધિને આપણે એરિસ્ટોટલના "N o u s P o i o t i k o s"ની સાથે પણ સરખાવી શકીએ.

૬૪. જુઓ ખાસ પરિ. ૧૦-૬૧૧ બ-ક-ડ.

અને છતાં મિતત્વનો સદ્‌ગુણ કંઈ નાનો સૂનો નથી. આત્મામાં બુદ્ધિનું અંગ બહુ નાનું હોય છે, પ્રાણનું જરા એથી મોટું, અને કામનું 'શરીર' સૌથી મોટું હોય છે. બુદ્ધિનો અંશ પ્રમાણમાં નાનો છે, તો પણ બીજા બંને અંશો ઉપર એણે રાજ્ય ચલાવવાનું છે, અને પ્રાણ તથા કામનાં તત્ત્વોએ બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારવાનું છે, આવા નિયંત્રણવાળા આત્મામાં જ સપ્રમાણતા જળવાઈ રહે છે, અને આ સપ્રમાણતામાંથી મિતત્વનો સદ્‌ગુણ ઉત્પન્ન થાય એટલે કે પ્લેટોના અભિપ્રાય અનુસાર મિતત્વ બે પ્રકારનાં છે—એક જ્યારે માત્ર કામનું તત્ત્વ બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારે ત્યારે, બીજું જેમાં સમસ્ત આત્મા બુદ્ધિના આદેશ પ્રમાણે વર્તીને આખા જીવનમાં મિતત્વ રેલાવી દે છે. આ બીજી દૃષ્ટિએ મિતત્વનો સદ્‌ગુણ માત્ર કામના વિશિષ્ટ તત્ત્વ કે તેના વ્યાપારનો જ નહિ પરંતુ આત્માસમસ્તનો ધર્મ થઈ રહે છે.[૬૫]

પ્લેટોના એક બીજા સંવાદમાં[૬૬] સ્ફુટ રીતે આ વિચાર મળી આવે છે; તો આનાથી આગળ જઈ આપણે એમ કહેવું હોય તો કહી શકાય કે આત્માના સદ્‌ગુણો અનેક ભૂમિકા પર જુદા જુદા વિશિષ્ટ રૂપે આપણને મળી આવે છે. કામના તત્ત્વનો મિતત્વનો સદ્‌ગુણ ઉચ્ચતર ભૂમિકા પર આત્મા સમસ્તમાં સપ્રમાણતા, શક્તિ અને સંવાદ તથા સૌંદર્ય ઉત્પન્ન કરે છે, તેમજ શૌર્યના સદ્‌ગુણમાં સામાન્ય ભૂમિકા પર આપણે જ્ઞાનાથી બીવું અને જ્ઞાથી ન બીવું એ વિશેનો પાકો અભિપ્રાય બંધાયેલો હોય છે, તેને લીધે ઉચ્ચતર ભૂમિકા ઉપર તે આત્મામાં વીર્ય કે ઓજસ્‌ પેદા કરે છે, અને બુદ્ધિનો નાનામાં નાનો કે ઊંડામાં ઊંડો વિવેક અનેક ભૂમિકા પર વસી શકે છે એ સૌ કોઈ કબુલ કરશે. સદ્‌ગુણોનું સામાન્ય નિરૂપણ કર્યા પછી "આદર્શ સમાજ" માં ચર્ચા જેમ જેમ ઊંડે જતી જાય છે તેમ

---

૬૫. જુઓ ૪૪૧ ઇ; તથા ૪૩૦, ૪૪૧ ઇ, ૪૪૨ ડ, ૪૪૩ વગેરે.

૬૬. 'Symposium.'

તેમ પ્રત્યેક સદ્‌ગુણની વ્યાખ્યા પણ વધારે વિશાળ થતી જાય છે, અને અંતે બધા સદ્‌ગુણો ફિલસુફીમાં સમાય છે.૬૭.

અને છતાં આત્મામાં જેમ બુદ્ધિનું સ્થાન બહુ ઊંચું છે, અને બીજા અંશો લગભગ જડ શરીરના હીનતર સંપર્કને લીધે૬૮ આત્માની અવનત દશામાં ઉત્પન્ન થએલા છે—તેમ સદ્‌ગુણોમાં વિવેક પણ અત્યંત વિશિષ્ટ સ્થાને વિરાજે છે. બીજા સદ્‌ગુણો મેળવી શકાય છે, અથવા જે પહેલાં માણસમાં એ સદ્‌ગુણો ન હોય, તો પોતે એ કેળવી શકે છે. પરંતુ વિવેક કેળવી શકાતો નથી—એ તો આત્મામાં છે જ.૬૯ શૌર્ય કે મિતત્વ કેળવવા માટે માણસે અત્યંત ખંતપૂર્વક ટેવ પાડવી જોઈએ એમ પ્લેટો કહે છે. પણ આ બધા સદ્‌ગુણો માત્ર ટેવરૂપે જ આત્મામાં રહેલા હોય તો તે નકામા છે, અને અણીને વખતે માણસને કામ આવતા નથી. સામાન્ય માણસ સદ્‌ગુણને માત્ર બાહ્ય વર્તનના દૃષ્ટિબિંદુથી જ કેળવે છે, પણ તેથી કંઈ આત્મામાં ખરાં સદ્‌ગુણ કે સૌંદર્ય ફૂટતાં નથી. દરેક પરિચ્છેદમાં જ્યારે દરેક આત્માને પોતાનું ભાવિ જીવન પસંદ કરવાનું આવે છે, ત્યારે જે માણસે ગત જીવનમાં કોઈ આદર્શ રાજ્યમાં સર્વાંશે સદ્‌ગુણી જીવન—પણ માત્ર ટેવરૂપે જ ગાળ્યું હતું, તે માણસ ભૂલથાપ ખાય છે, અને અધર્મી જીવન પસંદ કરે છે,૭૦ એટલે કે વિવેક વગરનું સદ્‌ગુણી જીવન શૂન્યરૂપ છે. વિવેક આત્મામાં સ્વભાવથી

---

૬૭. જુઓ: શૌર્ય માટે ૪૮૬ અ; ૪૯૦ ઇ, ૪૯૪ અ; મિતત્વ માટે ૪૮૫, ૪૯૦ ઇ, ૪૯૧ બ, ૪૯૪ બ; વિવેક માટે ૪૮૫ ડ.

૬૮. The Doctrine of "Soma Sēma", from which the later Stoics derived their tenet of body being the tomb of the Soul.

૬૯. જુઓ ખાસ પરિ. ૭–૫૧૮ ડ-ઇ. ૫૧૯ અ.

૭૦. The character should not be merely "emperically" but "intelligibly" good—That Freedom resides "*in esse*" not "*in operari*".

જ વસેલો છે, માત્ર આપણી પરિભાષામાં કહેવું હોય તો, એની આડે જે અનેક આવરણો ઢંકાયેલાં છે તે કાઢી નાંખવાની જરૂર છે. અથવા પ્લેટોના શબ્દોમાં કહેવું હોય તો—આપણી સામાન્ય અવસ્થામાં "એનાં મૂળ અંગો તૂટી ગયાં છે, તથા છૂંદાઈ ગયાં છે, અને સમુદ્રનાં ને દુઃખનાં મોજાંઓને લીધે તેમને અનેક પ્રકારની ઈજાઓ થઈ છે, તથા શેવાળ, છીપલીઓ તથા પથરાઓનાં તેમના પર એટલાં તો ભાંગડાં વળ્યાં છે કે જેથી તે પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં હોય તેવો નહિ પરંતુ કોઈ રાક્ષસ જેવો એ વધારે દેખાય છે. અને દસ હજાર અનિષ્ટોથી કુરૂપ થઈ ગયેલો જે આત્મા આપણે જોઈએ છીએ તેની સ્થિતિ આવી છે. પરંતુ ત્યાં નહિ—આપણે ત્યાં નજર નાંખવાની નથી, પરંતુ વિવેક પ્રત્યેના એના પ્રેમ તરફ!"

(* ૧૪)

સદ્‌ગુણ અને કલા

સદ્‌ગુણ કેળવવા માટે પ્રયત્નની જરૂર છે, અને બુદ્ધિના નિયંત્રણ દ્વારા જ પ્રયત્ન કરી શકાય એમ પ્લેટોનું સ્પષ્ટ કહેવું છે. આજ કાલના ફ્રોઈડના ચિત્તવિજ્ઞાનમાં માનનારાઓ કામના તત્ત્વને દાબી ન દેતાં એને છૂટા દોર આપવાનું કહે છે એ સિદ્ધાન્તમાં પ્લેટો જરા પણ માનતો નથી.[૭૧] ઉલટું ગમે તેવી ઇચ્છાઓને સંતોષવાથી માણસમાં એના સંસ્કાર દૃઢ થાય છે એમ પ્લેટો માને છે, અને આ સત્ય સ્ફુટ કરવા માટે પ્લેટો કોઈ કુટેવનું ઉદાહરણ લેતો નથી; પરંતુ ગમે તે નિર્બળ માણસ પોતાના કમનસીબને લીધે રોતો કકળતો હોય ને તેવાની આપણે દયા ખાઈએ, તો તેથી આપણામાં પણ સામેના માણસની નબળાઈ પેસે છે અને ખોટી દયા ખાવાથી આપણામાં એવા સંસ્કાર પડે છે કે જેને લીધે આપણે પોતે અમસ્થા જે દુઃખની સામે થઈ શકાએ એમ હોય તેવા દુઃખમાં પડી ભાંગીએ છીએ—પ્લેટો

૭૧. જુઓ ઉપર પૃષ્ઠ-૫૩-૫૪.

આ દાખલો લે છે; અને જો કે બંનેની ફિલસૂફીમાં અત્યંત ભેદ છે છતાં પ્લેટો જર્મન ફિલસૂફ નિત્શેના સિદ્ધાન્તની નજીક આવી રહે છે. જે મનોભાવ કે મનોવિકારમાંથી માણસે મુક્ત જ થવું જોઈએ, તેવા વિકારોનો આવિર્ભાવ આપણે બીજા માણસોમાં નિહાળીએ તોપણ આપણામાં નબળાઈ પેસે છે, અને આ સત્ય પ્લેટો કલાઓને લાગુ પાડે છે. અહીં પ્લેટો તથા એરિસ્ટોટલ વચ્ચેનો ભેદ બહુ ઊંડો છે, કારણ એરિસ્ટોટલના સિદ્ધાન્ત અનુસાર કલામાં વ્યક્ત થતા મનોવિકારના આવિર્ભાવો જોવાથી માણસના ચિત્તની શુદ્ધિ થાય છે.૭૨ અને તેથી આવા પ્રકારના અનુભવને એરિસ્ટોટલ ઉત્તેજન આપે છે, જ્યારે પ્લેટો ચિત્તશુદ્ધિનો સિદ્ધાન્ત ઠેઠ કલામાં વ્યક્ત થતા ભાવોને પણ લાગુ પાડે છે, જેથી કલાનું પણ શુદ્ધિકરણ થવું જોઈએ એમ તે માને છે. આથી પ્લેટો પ્રત્યેક કલાનાં આભૂષણો ઉતરાવે છે અને એ પ્રત્યેના પ્રત્યાઘાતી વલણને લીધે એરિસ્ટોટલે પોતાનો સિદ્ધાન્ત ઘડ્યો હશે એમ લાગે છે. કારણ ચિત્તની શુદ્ધિને અર્થે કદાચ આ બંને પદ્ધતિઓ ઉપયોગી છે, અને એ બેમાંની કઈ પદ્ધતિ કયા કાળે કોને કેટલે અંશે ઉપયોગી થાય છે તેનો આધાર માણસના ચિત્ત તથા તેનાં વલણો ઉપર રહેલો છે. કારણ શું કલામાં વ્યક્ત થતા મનોવિકારો કે પોતાના ચિત્તમાં ઊગી આવતા મનોવિકારો એ બેમાંથી એકેયમાં જો માણસ પોતાનું તાટસ્થ્ય ખોઈ નાખીને વિકારોનાં પૂરમાં પોતાની જાતને ધસડાવા દે તો તેની ચિત્તશુદ્ધિ અશક્ય બને છે. અહીં આનાથી આગળ જઈ આપણે ઉમેરવું જોઈએ કે ઉપરના બંને સંજોગોમાં જો માણસ તટસ્થ રહી શકે, તો પછી પોતાના ચિત્તની શુદ્ધિને અર્થે એને કલામાં વ્યક્ત થતા મનોવિકારોના અનુભવની જરૂર રહેતી નથી. ખરી હકીકત એ છે કે ચિત્તશુદ્ધિ માટે જેટલો આપણી ફિલસૂફીમાં વિચાર કરવામાં આવ્યો છે, તેટલો કોઈ પણ યુરોપીય ફિલસૂફે કર્યો નથી.

૭૨. Aristotie's Principle of "Katharsis" in Poetics.

(*૧૫)
ધર્મ

આપણે ઉપર જોયું તેમ આત્માનો મિતત્વનો સદ્‌ગુણ એના વિશાળ અર્થમાં સર્વાંગી સપ્રમાણતા, સંવાદ અને આંતરિક સૌંદર્યની સાથે એકરૂપ બની રહે છે. આત્માનો પ્રત્યેક અંશ પોતાનો વિશિષ્ટ ધર્મ બજાવે, અને બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારે, તો આત્મામાં 'ધર્મ''નો સદ્‌ગુણ નીતરે છે. મૂળ ગ્રીક શબ્દનો અંગ્રેજીમાં Justice કે "ન્યાય" શબ્દથી અનુવાદ કરવામાં આવ્યો છે. પરંતુ માત્ર સાદા ન્યાયના સદ્‌ગુણ ઉપરાંત, આત્માના આ વ્યાપક સદ્‌ગુણમાં બીજા અનેક અંશો દેખાય છે. ગ્રીક શબ્દ "Dikaiosune"માં સત્ય, સાચું, ન્યાયી, સમાન, સમ બધાનો સમાવેશ થાય છે. પ્લેટોના આદર્શ સમાજની શરૂઆત "ધર્મ શું છે? એ પ્રશ્નથી થાય છે; અને ઉત્તરોત્તર ધર્મની અનેક વ્યાખ્યાઓ આપવામાં આવે છે. પરંતુ દરેક વ્યાખ્યાની ઊંડી પરીક્ષા કરવા જતાં એ પડી ભાગે છે.૭૩

ગ્રીક વિચારકોના ચારિત્ર્યમીમાંસાના ખયાલ અનુસાર મુખ્ય સદ્‌ગુણો ચાર છે. ધર્મ, વિવેક, શૌર્ય અને મિતત્વ. આમાંના છેલ્લા ત્રણ વ્યક્તિગત છે, એટલે કે હરકોઈ માણસ જંગલમાં એકલો રહેતો હોય તો પણ વિવેક શૌર્ય અને મિતત્વ એને કેળવવાનાં હોય છે.

---

૭૩. વ્યાખ્યા (૧) ધર્મ એટલે સાચું બોલવું અને દેવું પતાવવું (પરિ. ૧-૩૩૧); (૨) ધર્મ=બળવાનનું હિત (૩૩૮, ૩૬૭); (૩) ધર્મ=આત્માની ઉત્કૃષ્ટતા (૩૫૩); (૪) ધર્મ = મિત્રોને ઇષ્ટ અને દુશ્મનોને અનિષ્ટ આપે તેવી કળા (૩૩૨, ૩૩૬) (૫) ધર્મ=ચોર (૩૩૪); (૬)-એવો ગુણ કે જેને લીધે માણસ કયાંય અતિશયતા કરતો નથી (૩૪૯); (૭) વિવેક, શૌર્ય અને મિતત્વનો સમન્વય એટલે ધર્મ (૪૩૩) (૮)=ધર્મનું તત્વ; શુદ્ધ કેવલ ધર્મ (૫૦૧-બ) વગેરે. વિગતવાર નિરૂપણ માટે જુઓ લેખકનો સમાજશાસ્ત્રના દૃષ્ટિબિંદુએ લખેલો "પ્લેટોનો આદર્શ સમાજ" નામનો લેખ, પુરાતત્વ પુ. ૨, અંક ૩, પૃષ્ઠ ૩૦૭ થી ૩૨૫.

પરન્તુ ધર્મ માત્ર વ્યક્તિગત નથી, પરંતુ વ્યક્તિ અને સમાજ કે સમષ્ટિના સંબંધને પણ લાગુ પડે છે. ફિલસૂફીના તથા સામાજિક બંધારણના અને વ્યક્તિગત વિકાસના ત્રણે ક્ષેત્રને અનુલક્ષીને જ 'ધર્મ શું છે?' એ પ્રશ્નનો ઉત્તર આપી શકાય, અને આ કારણને લીધે જ પ્રસ્તુત પુસ્તકની શરૂઆત ધર્મના ખરા સ્વરૂપના અન્વેષણથી કરી છે. આથી અનેક પ્રકારનાં દૃષ્ટિબિંદુઓ અને તંતુઓ આખા પુસ્તકમાં પથરાય છે, અને છતાં દલીલનો મૂળ પ્રવાહ સતત ચાલુ રહે છે.

પ્લેટોને અનુસરીને આપણે ધર્મની નીચે પ્રમાણે વ્યાખ્યા આપી શકીએ : જે વ્યક્તિગત આત્મામાં તેમજ સામાજિક બંધારણમાં એકતા અને સુખ તથા શાંતિ લાવે છે તે ધર્મ. પ્લેટોની ઊંડામાં ઊંડી શ્રદ્ધા અહીં બહાર આવે છે, અને તે એના ગુરુ સોક્રેટિસમાંથી એને મળેલી તે સમજી શકાય છે. સોક્રેટિસને દેહાંતદંડની શિક્ષા ફરમાવેલી અને એને ઝેર પીને મરવાનું હતું, ત્યારે એના શિષ્યોએ નાસી જવા માટેની બધી તૈયારીઓ કરેલી. પરંતુ ક્ષણભંગુર જીંદગીનાં થોડાં વર્ષો માટે પોતે જે શહેરમાં રહેતો તેનો કાયદો તોડીને નાસી જવાની એણે સાફ ના પાડી. કારણ એથી એ પોતે પણ સુખી થઈ ન શકે તેમ એથેન્સને પણ એ વધારે સારું કરી ન શકે. સોક્રેટિસનો સિદ્ધાન્ત હતો કે જે કોઈ કાર્યથી વ્યક્તિ વધારે સારી થતી હોય, તો તે દ્વારા સમાજ પણ ઉન્નત થાય છે જ. અને જ્યારે પ્લેટો એમ પ્રતિપાદન કરે છે કે જે માર્ગ કે ક્રમો દ્વારા વ્યક્તિના આત્મામાં એકતા સ્થપાય છે, તે જ ક્રમોને લીધે સમાજના બંધારણમાં પણ એકતા ઉગી નીકળે છે, ત્યારે પણ એની એ જ શ્રદ્ધા જુદા સ્વરૂપમાં આપણને વ્યક્ત થાય છે. સામાન્ય દૃષ્ટિએ બંધાયેલાં સારાં અને ખોટાનાં ધોરણો અહીં પડી ભાંગે છે, અને વ્યક્તિગત આત્માના એટલા ગંભીર ઊંડાણમાં આપણે ઉતરીએ છીએ કે ત્યાં માત્ર આધ્યાત્મિક વિકાસનું એક જ ધોરણ લાગુ પાડી શકાય એમ આપણને

લાગ્યા વગર રહેતું નથી. અને છતાં ગમે તે માણસ પોતાને મનગમતું ફાવે-તે કાર્ય કરતો હોય અને તેમાં પોતાના "અંતરાત્માના અવાજ" વિષે બણગાં ફૂંકતો હોય, તો પ્લેટો એને કદી સાંભળવાને તૈયાર નથી. કારણ કેટલીએ કસોટીઓ તથા દુઃખો પસાર કરીને, ઇષ્ટના સાક્ષાત્કાર પછી માણસે સમાજની માત્ર સેવા જ કરવાની છે. આ દૃષ્ટિએ જોતાં પ્લેટો માત્ર વ્યક્તિગત આત્માના મોક્ષમાં માનતો નથી એમ આપણે કહેવું જોઈએ.૭૪

(* ૬)

પ્લેટોનું સમાજશાસ્ત્ર

જે કોઈ માણસને પોતાના ધર્મમાં (Religion) કે વિચાર પદ્ધતિ કે આદર્શમાં પૂરેપૂરી શ્રદ્ધા હોય છે તે સમાજની કે વિશ્વની સાથેનો એનો શો સંબંધ છે તે પ્રશ્ન પૂછ્યા વગર રહી શકતો નથી. વ્યક્તિ તરીકે પોતે જે આદર્શ સ્વીકાર્યો હોય તે આદર્શ કયા પ્રકારની સમાજવ્યવસ્થામાં સિદ્ધ થઈ શકે તે બાબત દરેક વિચારક નિર્ણય કરવા પ્રેરાય છે, પછી ભલે પોતે સ્વીકારેલો આદર્શ તદ્દન એક તરફી હોય તો પણ.૭૫

પ્લેટોની ફિલસૂફી એક બાજુ વ્યક્તિગત આત્મા અને બીજી બાજુ વિશ્વ–એ બંનેના સંબંધને અનુલક્ષીને ઘડાઈ છે: અને આવી

---

૭૪. અહીં એમ કહેવાનો આશય નથી કે વ્યક્તિગત આત્માના મોક્ષનો આદર્શ આપણી ફિલસૂફીમાં સ્વીકારવામાં આવ્યો છે, તો તે એટલે અંશે સ્વાર્થી કે એકતરફી છે. પ્લેટો પુનર્જન્મમાં માને છે, પરંતુ આત્માના મોક્ષનો સિદ્ધાન્ત (આપણા અર્થમાં) એની ફિલસૂફીમાંથી મળી આવતો નથી.

૭૫. યુરોપમાં ઘણા લેખકોએ આવા પ્રયત્નો કર્યા છે: Cicero's De Republica; St. Augustine's 'De Civitate Dei'; Dante's 'De Monarchia'; Sir Thomas More's 'Utopia'; Campanella's 'City of the Sun'; Bernard Shaw's 'Tracts' અને ગાંધીજીનું 'હિંદ-સ્વરાજ' આ બધાં પુસ્તકો એ કોટિનાં છે.

ફિલસૂફી અનુસાર નિશ્ચિત થયેલાં વ્યક્તિનાં બંધારણનો સમાજ સાથેનો સંબંધ શો હોઈ શકે એ પ્રશ્નનું નિરાકરણ માત્ર પોતે સ્વીકારેલા સિદ્ધાન્ત દ્વારા જ પ્લેટો કરે છે. એ સિદ્ધાન્તની વ્યાખ્યા આપણે આ પ્રમાણે આપી શકીએ: જે કંઈ વ્યક્તિમાં છે તે સમાજમાં હોવું જ જોઈએ અથવા જે કંઈ સમાજમાં છે તે વ્યક્તિમાં પણ હોવું જ જોઈએ. પ્લેટોની આ સ્વીકૃતિ કે શ્રદ્ધા છે, અને તેની મદદથી એ વ્યક્તિ તથા સમાજના બંધારણનું નિરૂપણ કરે છે.

આપણે ઉપર કહ્યું તેમ 'આદર્શ નગર' ની શરૂઆત 'ધર્મ એટલે શું?' એ પ્રશ્નથી થાય છે. પરંતુ વ્યક્તિના બંધારણમાં ધર્મનું સ્વરૂપ સમજવા જતાં, એની માત્રા અત્યંત ઝીણી હોવાને લીધે, આપણો પ્રયત્ન નિષ્ફળ નીવડે એ બીકે ધર્મની માત્રા જ્યાં વધારે મોટા પ્રમાણમાં મળી આવવાનો સંભવ છે તેવા સમાજનું પરીક્ષણ પ્લેટો આદરે છે. અને કોઈ સમાજ બંધાતો હોય તેવી પરિસ્થિતિમાં આપણે તેનું નિરીક્ષણ કરીએ તો ધર્મ પણ ચણતરની અવસ્થામાં જ આપણને મળી આવશે. આવી પદ્ધતિના સ્વીકારને લીધે પ્લેટોને અનેક પ્રશ્નોની ચર્ચા કરવાની તક મળે છે: ઉ. ત. શરૂઆતમાં જો માણસો સમાજમાં રહેતાં નહોતાં તો સમાજમાં રહેવાનું તેમણે શા માટે સ્વીકાર્યું?—આનાં બે કારણો હોઈ શકે: (૧) મનુષ્ય સ્વભાવ જ એવો છે કે એને એક કરતાં વધારે કામો કરવાં ન ગમે, અથવા ન કરી શકે,[૭૬] અને માણસની જરૂરિયાતો વધારે છે. આથી કામની વહેંચણી કરવાનો પ્રસંગ આવે, અને તેથી માણસ માણસ વચ્ચે આપ-લે કે લેવડ-દેવડના પ્રસંગો ઊભા થાય છે.[૭૭] (૨) અથવા સમાજનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું ત્યાર પહેલાં લોકોએ અંદર અંદર અનેક અન્યાયો કરેલા, અને બહુ અન્યાય સહ્યા અને તેથી એમણે ભેગાં મળીને

---

૭૬. જુઓ ૩૯૪-બ

૭૭. જુઓ ૩૬૯ વગેરે.

વિચાર કર્યો કે હવેથી એમ ન કરવું.[૭૮] આથી ન્યાયનાં ધોરણ ઘડાયાં. પરંતુ અન્યાય કરવો અને અન્યાય સહેવો એ જાતના લાભ અને હાનિ વચ્ચેનું ન્યાય એક સમાધાન માત્ર છે[૭૯]. આ રીતે મનુષ્ય પોતાની "નૈસર્ગિક" સ્થિતિમાંથી નીકળીને, અનુભવથી ન્યાય અન્યાયનાં ધોરણો ઘડે છે, તો પણ કદાચ મનમાં તો એ એટલું સમજે છે કે અન્યાયથી પોતાનું હિત અને ન્યાયથી પારકાનું હિત સધાય છે.

આટલી ચર્ચા પછી પુસ્તકના મુખ્ય મુદ્દાઓ આગળ આવે છે. એ મુદ્દાઓ બે છેઃ (૧) ધર્મ—અધર્મનું સ્વરૂપ; (૨) એમનાથી થતા લાભાલાભ. પરંતુ આપણે ઉપર જણાવ્યું તેમ વ્યક્તિને અનુલક્ષીને આ મુદ્દાઓનું નિરાકરણ લાવતા પહેલાં ધર્માધર્મનું સ્વરૂપ નક્કી કરવા માટે પ્લેટો સામાજિક બંધારણના વિકાસની ચર્ચા કરે છે. આથી આપણે નિરૂપણની જે પદ્ધતિ અહીં સ્વીકારી છે તેનાથી ઊલટી પદ્ધતિ અનુસાર પુસ્તકની દલીલ આગળ વધે છે. વ્યક્તિગત જીવનમાં ધર્માધર્મનું સ્થાન મુકરર કરવાનો પ્રશ્ન પ્લેટોને મન પ્રધાન છે. પરંતુ એણે સ્વીકારેલી પદ્ધતિને લીધે સામાજિક બંધારણ પરત્વેની ચર્ચા એ પહેલી ઉપાડે છે, અને તે ઉપરથી પછી વ્યક્તિનું પૃથક્કરણ કરે છે.

(* ૧૭)

વ્યક્તિ અને સમાજ[૮૦]

વ્યક્તિગત આત્મામાં આપણે ત્રણ અંશો જોયાઃ બુદ્ધિ, પ્રાણ

૭૮. જુઓ ૩૫૮–૩૫૯ વગેરે.

૭૯. સરખાવો હૉબ્સ અને રૂસોના સિદ્ધાન્તો. અંગ્રેજ હૉબ્સે આ સિદ્ધાન્તની મદદથી એમ સિદ્ધ કર્યું છે કે રાજા ગમે તેમ કરી શકે, કારણ એ સામાજિક ન્યાયનાં ધોરણથી પર છે અને તેથી ન્યાય અન્યાયનાં ધોરણ એને લાગુ પડી શકે નહિ. ફ્રેંચ રૂસોએ આથી ઉલટું એમ સિદ્ધ કર્યું કે રાજા હરઘડી લોકોને જ વશ છે અને લોકો ગમે ત્યારે પોતાનો કરાર (Social Contract) રદ કરી રાજાને ઉઠાડી મૂકી શકે.

૮૦. જુઓ ૩૬૮, ૪૩૪, ૪૪૧, ૪૬૨, ૫૪૪, ૫૭૦.

અને કામ; તથા આ ત્રણે અંશોના સુસંગત વ્યાપારમાંથી વિવેક, શૌર્ય અને મિતત્વ કઈ રીતે ઉત્પન્ન થાય છે તે પણ સ્ફુટ કરવામાં આવ્યું છે. આ ત્રણેના સપ્રમાણ વ્યાપારમાંથી ધર્મ નિષ્પન્ન થાય છે. હવે પ્લેટોએ જેમ જ્ઞાન, અભિપ્રાય અને અજ્ઞાનરૂપી માનસિક સ્થિતિઓને અનુરૂપ બાહ્ય વિશ્વમાં સત્થી ભરેલી, સદ્‌સત્‌ના મિશ્રણવાળી અને અસત્‌ એવી ત્રણ ભિન્ન ભિન્ન દુનિયાઓ સ્થાપી, તેમ વ્યક્તિગત આત્મામાં રહેલાં બુદ્ધિ, પ્રાણ અને કામનાં તત્ત્વોનું પણ એ સામાજિક બંધારણ ઉપર આરોપણ કરે છે.[૮૧] ઉ. ત. અમુક પ્રજ્ઞામાં બુદ્ધિનો અંશ વધારે હોય, તો કોઈમાં પ્રાણ વધારે પડતો હોય, જ્યારે કોઈ ત્રીજીમાં કામનું તત્ત્વ વધારે બળવાન દેખાઈ આવે છે. પહેલી પ્રજ્ઞામાં વિવેકનો ગુણ હશે, બીજીમાં શૌર્યનો, અને જો કામનું તત્ત્વ બુદ્ધિને અનુસરતું હશે તો ત્રીજીમાં મિતત્વનો સદ્‌ગુણ દેખાશે. ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં આત્માના જુદા જુદા અંશો વધારે કે ઓછા પ્રમાણમાં મળી આવે, તથા જુદી જુદી પ્રજ્ઞાઓમાં પણ અમુક ખાસિયતો હોય તે આપણે સ્વીકારી શકીએ. પરંતુ કોઈ વ્યક્તિમાં કયો અંશ વધારે પ્રમાણમાં છે એનો વ્યક્તિ પોતે પણ નિર્ણય કરી શકતી નથી, તો પછી બીજા કોઈ તો કયાંથી જ કરી શકે!

પરંતુ વ્યક્તિ અને સમાજના બંધારણ વચ્ચેનું સામ્ય આટલેથી અટકતું નથી. વિવેક, શૌર્ય અને મિતત્વના સદ્‌ગુણો ઉપરાંત ધર્મનો ચોથો સદ્‌ગુણ પણ પ્લેટો ગણાવે છે, અને આપણે જોયું તેમ વ્યક્તિગત આત્માના બંધારણમાં દરેક અંશ પોતપોતાનું કાર્ય કરે અને બુદ્ધિનું નેતૃત્વપદ સ્વીકારે તો ધર્મ નિષ્પન્ન થાય છે, તેમ સામાજિક બંધારણમાં પણ સમાજના દરેક અંગે પોતાની જ ફરજ બજાવવી જોઈએ, અને બીજા કોઈ અંગનું વિશિષ્ટ કાર્ય પોતાને માથે વહોરી લેવું ન જોઈએ—અને આ રીતે કામ કરીને, સમાજમાં, રહેલાં પ્રાણનાં

---

૮૧. જુઓ ૪૪૧, ૪૯૮.

તથા કામનાં તત્ત્વો જો બુદ્ધિતત્ત્વનું નિયંત્રણ સ્વીકારે, તો જ સમાજમાં પણ ધર્મ નિષ્પન્ન થાય.

વ્યક્તિ અને સમાજ વચ્ચેનું સામ્ય આ રીતે આખા પુસ્તકમાં સમાન્તર ચાલ્યું આવે છે. જો વ્યક્તિમાં બુદ્ધિનું અંગ અત્યંત લઘુ છે, તો સમાજમાં પણ શુદ્ધ બુદ્ધિને કેળવીને ફિલસૂફીનો અભ્યાસ કરનારાઓ બહુ વિરલ જ હોવા જોઈએ. અને વ્યક્તિગત આત્મામાં પ્રાણનું તત્ત્વ કોઈ વાર જેમ બુદ્ધિ સાથે એકરૂપ થઈ રહે છે, અને વળી કોઈ વાર બુદ્ધિના આદેશની વિરુદ્ધ જઈ કામના તત્ત્વનું દાસ થઈ રહે છે, તેમ સમાજમાં પણ પ્રાણના સીધા કે અવળા વ્યાપારથી સદ્‌ગુણ કે દુર્ગુણો ઉત્પન્ન થાય છે. બુદ્ધિ કરતાં પ્રાણના તત્ત્વનું પ્રમાણ શું વ્યક્તિમાં કે સમાજમાં જરા વધારે હોય છે, જ્યારે બંનેમાં કામનું અંગ બહુ મોટું હોય છે. સામાજિક બંધારણની દૃષ્ટિએ આનો અર્થ એમ થાય કે આડી અવળી ગમે તેવી ઇચ્છાઓથી તણાઈ જનાર માણસોની સંખ્યા સમાજમાં ઘણી મોટી રહેવાની અને આવી વ્યક્તિઓમાં પોતામાં બુદ્ધિનું તેજ બહુ ઝાંખું હોવાને લીધે, સમાજના ભલાના અર્થે તેમને ફિલસૂફ નિયંત્રણ નીચે મૂકવા જોઈએ.

(* ૬૮)

પ્લેટોની વર્ણવ્યવસ્થા

આવી વિચારસરણીને લીધે સામાજિક બંધારણમાં વર્ણવ્યવસ્થા હોવી જોઈએ એવા સિદ્ધાન્ત પર છેવટે પ્લેટો આવે છે. આપણે ઉપર જોયું તેમ વ્યક્તિગત ચિત્તના જુદા જુદા અંશોનું સમાજના ચિત્રપટ પર આરોપણ કરવામાં આવે છે, અને પ્લેટો પાસે આદર્શ સમાજ રચવાની આથી વધારે સારી પદ્ધતિ નથી. જો વ્યક્તિગત-ચિત્તના મુખ્ય ત્રણ અંશ છે, તો સમાજમાં પણ ત્રણ મુખ્ય નાતો હોવી જોઈએ. અહીં વ્યક્તિગત ચિત્તના ત્રણ ભાગો સાથે શ્રમવિભાગને (Division of Labour) સિદ્ધાન્તનું સ્વરૂપ આપીને જોડવામાં

આવે છે. આથી સામાજિક બંધારણને અંગે આપણે એવા અનુમાન પર આવીએ છીએ કે બુદ્ધિપ્રધાન નાતે રાજ્ય ચલાવવાનો, વીર્યપ્રધાન નાતે લડવાનો, અને ત્રીજી વાસનાપ્રધાન નાતે પરચૂરણિયા ધંધાઓ તથા દલાલીનો કે મજુરીનો ધંધો કરવો જોઈએ. દરેક જ્ઞાતિએ માત્ર પોતાનો જ ધંધો કરવો જોઈએ, અને બીજાના કામમાં જરા પણ માથું મારવું ન જોઈએ, અને આ રીતે જો દરેક માણસ પોતાનું કામ કરે, તો જ આખા સમાજમાં એકતા ઉતરી આવે અને નહિ તો વિક્ષેપો ઉભા થાય અને આવા લોકો એક બીજાની સાથે રહેતા હોય તો પણ તેમનો સમાજ એક નહિ હોય પણ તેમાં બે કે ત્રણ કે તેથી પણ વધારે ભાગલાઓ પડી જશે. આ શ્રમવિભાગનો સિદ્ધાન્ત એટલે જ ધર્મ. આ દૃષ્ટિએ જોતાં જ્ઞાતિબંધારણ પણ એક "ધાર્મિક" સંસ્થા થઈ જાય એ શક્ય છે. અલબત્ત પ્લેટો એમ કબૂલ કરે છે કે કોઈ માણસમાં અસાધારણ શક્તિ હોય તો તેને નીચલી નાતમાંથી ઉપરની નાતમાં લેવો જોઇએ, પરંતુ માણસમાં શક્તિ છે કે નહિ અને છે તો કેટલી છે, તે વિશે મતભેદ થવાનો સંભવ છે, અને કયા ધોરણથી આ નક્કી કરી શકાય તેની વિગતમાં પ્લેટો ઉતરતો નથી.[૮૨] આથી અંતે પ્લેટોએ રચેલું જ્ઞાતિબંધારણ જડ થઈ જવાનો સંભવ છે.[૮૩]

મનુષ્ય સ્વભાવમાં ત્રણ અંશો છે, તો પણ પ્લેટોની મુખ્ય જ્ઞાતિઓ ચાર છે. વિવેક, શૌર્ય અને મિતત્વ એ ત્રણ સદ્‌ગુણોને અનુરૂપ ત્રણ વિભાગો સમજી શકાય છે. પરંતુ આથી આગળ જઈ આદર્શ સમાજને જો અસ્તિત્વમાં લાવવો હોય, તો જે લોકોમાં માત્ર બુદ્ધિ કે વિવેક હોય તેમના હાથમાં રાજ્યની લગામ ન સોંપતાં જેમણે ઇષ્ટના તત્ત્વનો પૂરેપૂરો સાક્ષાત્કાર કર્યો હોય તેમને જ રાજ્ય-

૮૨. જુઓ ૪૨૫-૪૨૬

૮૩. ૪૨૩-ડમાં જ્ઞાતિ બદલી શકાય એમ પ્લેટોએ કહ્યું છે, પરંતુ ૪૧૫-બ માં શુદ્ધ લોહી જળવી રાખવું જોઈએ, અને ઉમદા ખમીરમાં જરા પણ ભેળભેળ થવી ન જોઇએ એમ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

વ્યવસ્થા સુપ્રત કરવી જોઈએ, અને તો જ સમાજ સમસ્તમાં ધર્મ વસે અને તમામ પ્રકારની અવ્યવસ્થાનો અંત આવે. આવા ફિલસૂફોમાં જરા પણ સ્વાર્થની વૃત્તિ નહિ હોય, તેઓ માત્ર શુદ્ધ ત્યાગનું જીવન ગાળતા હશે. આવી વ્યક્તિઓએ પોતાના જીવનનું સાર્થકય કર્યું હશે, તેથી સામાન્ય રીતે રાજ્યનો ભાર વહન કરવાની તેમનામાં જરા પણ મહત્ત્વાકાંક્ષા નહિ હોય અને છતાં રાજ્યની ધુરા ઊંચકવાની તેમને ફરજ પાડવી જોઈએ એમ પ્લેટો જણાવે છે. આથી અત્યારે જેમ સત્તા કે પદવી મેળવવા લોકો પડાપડી કરે છે, તેમ આદર્શ સમાજના લોકોમાં ઊલટા રાજ્યકારભારનો બોજો પોતા પર ન લેવા માટે એક બીજા વચ્ચે હરિફાઈ થશે.૮૪

(*૧૯)

"પ્લેટોનું આદર્શ નગર"

પ્રાચીન ગ્રીસમાં નગર રાજ્યો હતાં તેથી પ્લેટો પણ એક નગરને એક રાજ્ય ગણે છે. આપણે જોયું તેમ આદર્શ નગર રાજ્યમાં માત્ર ફિલસૂફો જ રાજ્ય કરશે, અને તેમાં ચાર જ્ઞાતિઓ હશે. પહેલી 'સોનાની' એટલે ફિલસૂફો કે શાસનકર્તાઓની, બીજી 'રૂપાની' તે શાસનકર્તાઓના મદદનીશોની, ત્રીજી 'પિત્તળની' અને છેલ્લી 'લોઢાની'. પરંતુ આ ઉપરાંત બીજી ઘણી વિશિષ્ટતાઓ પ્લેટોના આદર્શ નગરમાં છે. ઉ. ત. માત્ર શાસનકર્તાઓમાં જ નહિ પણ સમસ્ત નગર રાજ્યમાં લોકો "મારું તારું" કરતા નહિ હોય ૮૫ માનવસ્વભાવમાં જે સ્વાર્થનો અંશ રહેલો છે તેને આદર્શ નગરમાં કયું સ્થાન નહિ મળે. આથી વ્યક્તિગત સ્વાર્થને પોષે તેવી તમામ સામાજિક સંસ્થાઓ આદર્શ નગર રાજ્યમાંથી નાબૂદ કરવામાં આવશે, અને આમાં પહેલી કુટુંબની સંસ્થા હોમવામાં આવે છે. માણસમાં કૌટુંબિક પ્રેરણા સાહજિક છે કે

૮૪. આ શબ્દો પ્લેટોના જ છે. જુઓ પ૨૦–૫૨૧ (ખાસ કરીને ૫૨૦ ડ)
૮૫. જુઓ ૪૬૨.

કેમ તે પ્રશ્ન અહીં છણવાની જરૂર નથી. કુટુંબની સંસ્થા નાબૂદ કરવી જોઈએ કે કેમ એ જ સવાલ છે. માનવ સ્વભાવનું સર્વાંશે રૂપાંતર થવું જોઈએ એમ પ્લેટો માને છે. અને જો એ પ્રકારનું રૂપાંતર થઈ શકે, તો પછી કદાચ કુટુંબની સંસ્થા રહે કે ન રહે તેમાં બહુ ફરક ન પડે એ શક્ય છે. સંસ્થા પોતે સ્વાર્થને પોષે છે કે નહિ એ વિશે આપણે વિચાર કરીએ તો આપણને લાગ્યા વગર નહિ રહે કે જે માણસમાં પોતામાં સ્વાર્થબુદ્ધિ વધારે છે તેના સ્વાર્થ ને જ એ પોષશે, અને જે પહેલેથી જ નિઃસ્વાર્થ છે તેવાનો વિકાસ કંઈ જુદો જ થશે. અને જો કોઈ એમ કહે કે કુટુમ્બનું વાતાવરણ નિઃસ્વાર્થબુદ્ધિને પોષતું નથી તો તેટલા પરથી જ કુટુંબ સંસ્થા ન જ હોય તો લોકો નિઃસ્વાર્થ જ થશે એમ પણ પ્રમાણગત આવશ્યકતાથી ફલિત થતું નથી. એરિસ્ટોટલે લગભગ આ દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખીને પ્લેટોના સામ્યવાદની ટીકા કરી છે. પરંતુ મહાન સુધારકના જેવો પ્લેટોનો ઉત્સાહ છે, અને એ રીતે તે આદર્શ નગરને સ્થાપન કરવા માટે તદ્દન નાનાં બાળકોને પસંદ કરે છે, અને એમને દુનિયાંના દૂષિત વાતાવરણમાંથી દૂર ખસેડી યોગ્ય કેળવણી આપીને આદર્શ રાજ્યના ફિલસૂફ શાસનકર્તાઓ બનાવે છે. ૮૬

(* ૨૦)

પ્લેટોનો સામ્યવાદ

"મારા-તારા"ની ભાવના અને કુટુંબની સંસ્થા ભૂંસાઈ જતાં માલમિલકત પરથી વ્યક્તિગત માલીકી આપોઆપ બંધ પડે છે. આ દૃષ્ટિએ જોતાં આપણે એમ આશા રાખીએ કે પ્લેટોના આખા નગર રાજ્યમાં ખાનગી મિલકત રાખવાની મના હોવી જોઈએ, પરંતુ વિષયના નિરૂપણ પરથી આપણને એમ લાગે છે કે માત્ર શાસનકર્તાઓ અને તેમના મદદનિશોને જ ખાનગી મિલકત રાખવાનો હક નથી,

---

૮૬. જુઓ ૪૨૯ ડ-ઇ.

કારણ 'સોનું અને રૂપું તો તેમનામાં જ વસેલું છે અને તેથી તેઓ કદી સોનારૂપાનો સંગ્રહ કરવાની ઇચ્છા નહિ કરે.'

પરંતુ તમામ મિલકત પર રાજ્યની માલીકી રહે તે પ્રકારના સામ્યવાદ ઉપરાંત સ્ત્રીઓ અને બાળકો પણ રાજ્ય સમસ્તનાં ગણાશે એમ પ્લેટોનું કહેવું છે, આવા સિદ્ધાન્તને સ્વીકારવાથી બીજા અનેક પ્રશ્નો સાથે પ્લેટોને લગ્નપ્રથાની ચર્ચા કરવી પડે છે.[૮૭] લગ્નનો સંબંધ પવિત્ર છે, અને તેમાં પાશવવૃત્તિને સ્થાન ન હોવું જોઇએ, તથા એનો મુખ્ય હેતુ પ્રજોત્પત્તિનો છે એમ તેણે સ્પષ્ટ કહ્યું છે.[૮૮] બધાં લગ્નો પર રાજ્યનો પૂરેપૂરો કાબૂ હશે, અને બાળકોના ઉછેરની પંચાત માતાઓને કરવાની નહિ હોય;[૮૯] તથા કુટુમ્બની સંસ્થાની જરૂર નથી તેથી રાજ્ય તરફથી જ્યારે જ્યારે સામુદાયિક લગ્નનો કાળ (Mass Marriages) મુકરર કરવામાં આવે, ત્યારે ત્યારે ગમે તે પુરુષ તે સમય પૂરતો ગમે તે સ્ત્રીની સાથે લગ્નસંબંધમાં આવી શકે એ સંભવિત છે. આવી રીતે લગ્ન થઈ ગયા પછી જે બાળકોનો જન્મ થાય, તેમને પોતાનાં ખરાં માબાપ કોણ છે તે જણાવવામાં નહિ આવે. પરંતુ તે બધાં બાળકો એક બીજાને ભાઈબેન, અને એમના જન્મ વખતે જે લોકો લગ્ન સંબંધમાં આવ્યાં હતાં તે બધાંને મા અને બાપ કહીને સંબોધન કરશે. આવાં ભાઈબેનો વચ્ચે લગ્ન સંબંધની મના હશે, પરંતુ તેમની પાછળ કે આગળ જે લોકો જન્મ્યાં હશે તેમની સાથે આવાં બાળકોનો પુખ્ત વયે લગ્નસંબંધ થાય, તો તેમાં પ્લેટોને હરકત નથી. નૈતિક માન્યતા અનુસાર ભાઈ બેનોએ લગ્ન ન કરવાં જોઈએ તેવી માન્યતાને પ્લેટો સ્વીકારે છે, પરંતુ ભાઈ અને બહેનની નવી વ્યાખ્યા આપવા જતાં, અને નૈતિક સિદ્ધાંતને સ્વીકારવાથી, કદાચ કોઈ પુરુષ પોતાની સગી બહેન સાથે લગ્ન સંબંધમાં જોડાય તેવી શક્યતા પ્લેટોની સરત

૮૭. જુઓ ૪૨૯-૪૫૯. ૮૮. સારખાવો પ્રજાયૈ ગૃહમેધીનામ્
૮૯ જુઓ ૪૬૦.

બહાર રહી ગઈ લાગે છે. સામુદાયિક લગ્નો કેટલે કેટલે અંતરે થવાં જોઈએ તેનો કાળ વસ્તીનું પ્રમાણ જોઈને શાસનકર્તાઓ નક્કી કરશે. તથા જે યુવાન, સશક્ત શુરવીર અને ગુણસંપન્ન હશે તેવા પુરુષને સ્ત્રીઓ સાથે મળવાની તક વધારે આપવામાં આવશે. આ ઉપરથી એક જ પુરુષ ઘણી સ્ત્રીઓ સાથે લગ્નસંબંધમાં જોડાય તો પ્લેટોને કશો વાંધો નથી એમ લાગે છે. અમુક નિશ્ચિત ઉંમરનાં સ્ત્રી–પુરુષોને જ સંબંધમાં જોડાવાનો હક્ક રહે છે, પરન્તુ સામુદાયિક લગ્નના મુકરર કરેલા દિવસોમાં, અથવા નિશ્ચિત ઉંમર કરતાં નાની કે મોટી ઉંમરનાં સ્ત્રી–પુરુષો વાસનામાં તણાઈને જો એક બીજાના સંબંધમાં આવે, તો તેમાંથી ઉત્પન્ન થયેલા બાળકને જીવવાનો અધિકાર નથી એટલું જ નહિ પરંતુ આદર્શ નગરરાજ્યના નિયમો અનુસાર કોઈ નિર્બળ કે રોગિષ્ટ બાળકનો જન્મ થયો હોય તો તેવાને પણ પ્રાચીન સ્પાર્ટામાં રિવાજ હતો તે મુજબ શાસનકર્તાઓ નિર્જન વેરાનમાં મૂકી આવશે એમ પ્લેટો કહે છે. બાળકો અને સ્ત્રીઓ પ્રત્યેનું ગ્રીક લોકોનું દૃષ્ટિબિંદુ જરા પણ લાગણીવેડાથી ભરેલું નહોતું, આથી જેમ પ્રાચીન ગ્રીસમાં માનવસૌંદર્યનું ઘોરણ પુખ્ત ઉંમરે પહોંચેલી યુવતીમાં નહિ પણ યુવાવસ્થાએ પહોંચેલા પુરુષમાં વ્યક્ત થતું મનાતું, તેમ નાનાં બાળકોને ગ્રીક લોકો સ્વર્ગના ફિરસ્તાઓ માનતા ન હતા અને પ્લેટોની ફિલસૂફી આવા ગ્રીક ઘોરણને બરાબર બંધબેસતી થઈ રહે છે. કારણ આ જન્મ પહેલાં આત્માએ મૂલભૂત તત્ત્વોનો અપરોક્ષ અનુભવ કરેલો, એ કોટિમાંથી આત્માને આ દુનિયામાં જન્મ લેવો પડે છે તે એક પ્રકારની ચ્યુતિ છે, અને આમાંથી જે માણસે ઉગરવું હોય, તો તેણે માત્ર જ્ઞાન મેળવવું જોઈએ. પરંતુ બાળકોમાં કોઈ પણ જાતનું જ્ઞાન તો નહિ પરંતુ 'અભિપ્રાય' પણ હોતો નથી, માત્ર વિસ્મૃતિ હોય છે. આથી પ્લેટોની દૃષ્ટિએ બાળકની સ્થિતિની કંઈ અદેખાઈ કરવા જેવી નથી. પ્લેટો ઘણી જગ્યાએ બાળકો, સ્ત્રીઓ, ઘરના નોકરો કે ગુલામોને એક સાથે મૂકીને તેમને

વિશે વિચાર કરે છે.[૯૦]

(* ૨૧)

આદર્શ નગરમાં સ્ત્રીઓનું સ્થાન

અને છતાં સ્ત્રીઓ પ્રત્યેનું પ્લેટોનું વલણ જરા પણ બિન-જવાબદારીથી ભરેલું નથી. ઊલટું તેમણે પુરુષોની સાથે રહીને જ બધાં કામ કરવાનાં છે, જો કે આમ સાથે કામ કરવામાં તેમણે પુરુષોની ખાસ હરીફાઈ કરવાની જરૂર નથી. કારણ સ્ત્રીનું શરીર કુદરતી રીતે જ પુરુષના કરતાં નબળું છે, જો કે એવી ઘણીએ સ્ત્રીઓ હોય કે જે બીજા કેટલાએક પુરુષો કરતાં વધારે મજબૂત હોય તોપણ. સ્ત્રીઓ અને પુરુષોને બંનેને સમાન શિક્ષણ મળવું જોઈએ એવો પ્લેટોનો સિદ્ધાન્ત છે. જે કોઈ માણસ, પછી ભલે એ સ્ત્રી હોય કે પુરુષ, જે કોઈ કામને માટે લાયક હોય તે તેણે કરવું જોઈએ. આપ-ણને હસવું આવે તેવો દાખલો લઈને પ્લેટો સ્ત્રી–પુરુષોની સમાનતા સાબીત કરવાનો પ્રયત્ન કરે છે.[૯૧] કોઈ પણ માણસ પોતે પુરુષ છે તેને લીધે અથવા કોઈ સ્ત્રી છે એ કારણે તેને અમુક જ કામ સોંપવું જોઈએ એવી માન્યતાની વિરુદ્ધ પ્લેટોની તમામ દલીલો ગોઠવાય છે. કોઈ માણસને માથે વાળ હોય અને કોઈ ટાલવાળો હોય તેટલા આકસ્મિક ભેદ પરથી આપણે એ બે માણસોને ભિન્ન ભિન્ન કામો નહિ સોંપીએ;[૯૨] તેવી જ રીતે સ્ત્રીઓ બાળકને જન્મ આપે તેટલા જ

---

૯૦. જુઓ ૪૪૧ અ જ્યાં પ્લેટો કહે છે કે બાળકોમાં પ્રાણનું તત્ત્વ હોય છે, ને તેથી તેઓ માત્ર "અભિપ્રાય" જ કેળવી શકે.

૯૧. જુઓ ૪૫૧–ક. શિકારે જતી વખતે લોકો કુતરીઓને ઘેર રાખીને માત્ર કુતરાઓને બહાર લઈ જતા નથી, પરંતુ કુતરા તથા કુતરીઓ બંને સરખે હિસ્સે શિકારમાં ભાગ લે છે—તેમ આદર્શ સમાજમાં સ્ત્રી–પુરુષોએ એક સરખી રીતે પોતાને યોગ્ય હોય તેવાં કામ કરવાં જોઇએ.

૯૨. જુઓ ૫૫૪–ક.

પરથી આપણે એવું અનુમાન બાંધી ન દેવું જોઈએ કે તેઓએ અમુક જ કામ કરવાનું છે. જેવો પુરુષોના સ્વભાવમાં ભેદ હોય છે, તેવો સ્ત્રીઓના સ્વભાવમાં પણ હોઈ શકે, અને આથી જ કોઈ સ્ત્રીઓ શાસનકર્તાઓ અને ફિલસૂફો થાય તો બીજી માત્ર પરચૂરણીઓ વેપાર જ કરે તેમાં નવાઈ ન હોઈ શકે. જે સ્ત્રીઓ આજ કાલ સમાનતા માટે લડત ચલાવે છે તેમને પ્લેટો જેવા ફિલસૂફ તરફથી આ રીતે ટેકો મળે છે (જો કે પ્લેટો પુરુષ હતો તેથી એની મદદ તેઓ સ્વીકારે એ સંભવિત લાગતું નથી). પરંતુ પ્લેટોના સિદ્ધાન્તનો કયે વખતે કેવો અર્થ નીકળે તે સ્વાભાવિક રીતે આપણે અગાઉથી કહી શકીએ એમ નથી, કારણ એ એવા પણ અનુમાન પર આવે છે કે સ્ત્રી-પુરુષ અમરથાં સમાન છે, પરંતુ સ્ત્રીનું શારીરિક બંધારણ નાજુક છે તેથી એવી એક પણ કલા કે વ્યાપાર કે કામ ધંધો નથી જેમાં સ્ત્રી કરતાં પુરુષ વધારે સારું કામ ન કરી શકે. આમ હોવા છતાં પુસ્તકમાંથી સ્ત્રી–પુરુષનું શિક્ષણ એક જ હોવું જોઈએ એ સિદ્ધાન્ત સ્પષ્ટ મળી આવે છે. એક જ સ્વભાવનાં સ્ત્રી-પુરુષો એક જ જાતનાં કામ કરશે, અને સામુદાયિક લગ્નો વખતે શાસનકર્તાઓ એવી કંઈક ગોઠવણ કરશે કે જેથી મંદબુદ્ધિવાળાં સ્ત્રી–પુરુષોની પ્રતિભાશાળી સ્ત્રી પુરુષો સાથે સેળભેળ થવા ન પામે.

(* ૨૨)

શિક્ષણ પદ્ધતિ

સ્ત્રી–પુરુષોનું એક જ જાતનું શિક્ષણ હોવું જોઈએ તે આપણે જોયું. આ શિક્ષણ એવા પ્રકારનું હોવું જોઈએ કે આદર્શ સમાજ કે નગરરાજ્ય સ્થપાઈ શકાય, અથવા સ્થપાયો હોય તો તે ટકી રહે. શિક્ષણનો મુખ્ય હેતુ આદર્શ શાસનકર્તાઓ કે ફિલસૂફોને ઉત્પન્ન કરવાનો હોવો જોઈએ. એટલે કે શિક્ષણ આત્મામાં એકતા સ્થાપે.

અને પ્રત્યેક અંશ બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારે, અને માણસને વધારે સારો બનાવે તેવું હોવું જોઈએ. કામ તથા પ્રાણનું તત્ત્વ બુદ્ધિના આદેશ નીચે આવે એ હેતુથી શિક્ષણનો કાર્યક્રમ પણ એવો હોવો જોઈએ કે જેથી માણસ પ્રલોભનોની સામે ટકી શકે. સામાન્ય રીતે શિક્ષણની શરૂઆત ઠેઠ બાળપણથી કરવામાં આવે છે તેથી બાળકને નાનપણથી જે વાતો કહેવામાં આવે છે ત્યાંથી પ્લેટો શરૂઆત કરે છે.

લંબાણના ભયે આપણે તમામ વિગતોમાં ઉતરી શકીએ એમ નથી, પરંતુ અહીં એટલું કહેવું જોઈએ કે આજકાલના નવીન શિક્ષણશાસ્ત્રના સિદ્ધાન્તોથી પ્લેટો વાકેફ હતો. ઉ. ત. પ્લેટોએ સ્પષ્ટ કહ્યું છે કે "આન્વીક્ષિકી કે તત્ત્વજ્ઞાનની પૂર્વ તૈયારી રૂપ જે ગણિત, ભૂમિતિ તથા શિક્ષણનાં તમામ મૂળતત્ત્વો છે તે નાનપણમાં જ ચિત્ત સમક્ષ રજુ થવાં જોઈએ, જો કે જોરજુલમથી છોકરાઓનાં મન પર લાદવા માગતા હોઈએ એવા ખ્યાલથી શિક્ષણપદ્ધતિનો અમલ કરવાનો નથી. કારણ કોઈ પણ પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિમાં હર કોઈ વ્યક્તિએ ગુલામી મનોદશા રાખવી ન જોઈએ. શારીરિક વ્યાયામને જો ફરજિયાત કરવામાં આવે તો તે શરીરને હાનિકર્તા નીવડતો નથી; પરંતુ બળજબરીથી પ્રાપ્ત કરેલાં જ્ઞાનને ચિત્તમાં સ્થાન મળી શકતું નથી. તેથી આપણે બળજબરી વાપરવાની નથી, આથી પ્રાથમિક શિક્ષણનું સ્વરૂપ અમુક જાતની રમત જેવું ભલે હોય, કારણ તો તમે (બાળકનું) સ્વાભાવિક વલણ (કઈ બાજુનું છે) તે વધારે સહેલાઈથી જાણી શકશો. બહુજ બુદ્ધિપુરઃસરનો આ ખ્યાલ છે." (પરિ ૭–પ૩૬ ઙ–ઇ–પ૩૭). પરંતુ આનો અર્થ જરા પણ એવો કરવાનો નથી કે બાળકને બાળક જ રાખ્યા કરવું, અથવા એને ફાવે તેમ મોટું થવા દેવું. કારણ પ્લેટોની પદ્ધતિમાં ઉગ્રમાં ઉગ્ર પરીક્ષણોને પણ સ્થાન છે, અને ઉત્તરોત્તર ચારિત્ર્યનાં બળની કે બુદ્ધિની જે જે કસોટીઓ આવે તેમાં જે લોકો નાપાસ થતા જાય તેમને અળગા કરીને જેમનામાં ખરી

'ધાતુ' હોય તેમને ઠેઠ ઇષ્ટના સાક્ષાત્કાર સુધી લઈ જવાના છે. "આપણે રાજ્યના સ્થાપકો છીએ, તો આપણું કાર્ય એ રહેશે કે જે જ્ઞાન સૌથી મહાન છે એમ કયારનું સાબીત થઈ ચૂકયું છે તે જ્ઞાન ઉત્તમ લોકો પ્રાપ્ત કરે એવી ફરજ પાડીશું—તેઓ ઇષ્ટની પાસે આવે ત્યાંસુધી તેમણે ઊંચે ચડયા જ કરવું પડશે." (પરિ. ૭–૫૧૯–૬)

શિક્ષણના પ્રશ્નને પ્લેટો અત્યંત મહત્ત્વનું સ્થાન આપે છે, અને તે યોગ્ય જ કરે છે. આદર્શ રાજ્યનું ચણતર કરતાં કરતાં હરકોઈને એવો વિચાર આવ્યા વગર ન રહે કે રાજ્યના શાસનકર્તાઓ પોતે પક્ષપાતી, સ્વાર્થી, દંભી અને જુઠ્ઠા હોય તો રાજ્ય કોઈ દિવસ સારું ન હોઈ શકે. આથી આદર્શ રાજ્ય બનાવવું હોય તો તેના શાસનકર્તાઓ પણ આદર્શરૂપ હોવા જોઈએ. તેઓ સરલ, નિઃસ્વાર્થ, સાચ્ચા અને પ્રત્યેક વસ્તુ કે વિગતનું ખરેખરું મૂલ્યાંકન કરી શકે તેવા હોવા જોઈએ. એટલે કે શાસનકર્તાઓ ખરા અર્થમાં સાચા ફિલસૂફો હોવા જોઈએ અને તેઓ પોતાના લાભને અર્થે નહિ પરંતુ લોકહિતને માટે જ રાજ્ય ચલાવશે—અથવા જો તેઓ આગળ પડી 'અમારે રાજ્ય ચલાવવું છે'—એમ કહેતા ન આવે, તો પણ તેમને રાજ્ય ચલાવવાની ફરજ પાડવામાં આવશે. બુદ્ધિ અનેક પ્રકારની હોય છે, તે બાબતનું પ્લેટોને ભાન હતું. એક જાતની બુદ્ધિ સ્વાર્થી અને અધોમાર્ગી છે તેનું વર્ણન પ્લેટોના શબ્દોમાં જ કરીએ. "વિવેકમાં બીજા કોઈ પણ સદ્‌ગુણ કરતાં દૈવી અંશ વધારે રહેલો છે, તથા આવા પરિવર્તનથી તે વધારે ઉપયોગી અને લાભકારક થઈ પડે છે, અથવા એથી ઊલટી પરિસ્થિતિમાં એ (બાહ્ય દૃષ્ટિએ) નિરુપયોગી અને હાનિકર્તા પણ થાય છે. કોઈ હોંશિયાર બદમાસની તીક્ષ્ણ આંખમાંથી સંકુચિત બુદ્ધિનું કિરણ ચમકતું શું તમે કદી જોયું નથી—એ કેટલો આતુર હોય છે, એનો ક્ષુદ્ર આત્મા પોતાના આશયને સિદ્ધ કરવાના માર્ગને કેટલી સ્પષ્ટ રીતે જુએ છે, એ જરા પણ આંધળો નથી, પણ તેની તીક્ષ્ણ દૃષ્ટિ અનિષ્ટની સેવામાં રોકાયેલી રહે છે, અને

જેટલો એ વધારે હોંશિયાર તેટલો એ વધારે હાનિકારક બને છે.[૯૩]

"આવા લોકોને એમની યુવાવસ્થાના દિવસોમાં જ વાઢ મૂક્યો હોય તો શું — ઇન્દ્રિયોપભોગો, જે ધંટીનાં પૈડાંની જેમ એમને જન્મથી જ વળગાડવામાં આવ્યાં હતા અને જેને લીધે તેમનું અધઃપતન થયે જાય છે, અને અધમ વસ્તુઓ પ્રત્યે એમના આત્માની દૃષ્ટિ વળે છે, તેમાંથી એમને અળગા કરવામાં આવે ... આ અંતરાયોમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા હોત અને એનાથી વિરુદ્ધ દિશાએ તેમને વાળવામાં આવ્યા હોત, તો જે વસ્તુઓ તરફ અત્યારે તેમની દૃષ્ટિ ઢળેલી છે તે વસ્તુઓને જેટલી તીક્ષ્ણ નજરથી તેઓ જોઈ શકે છે, તેટલી જ તીક્ષ્ણતાથી તેઓ પોતામાં રહેલી એ ને એ શક્તિ દ્વારા સત્યને જોઈ શકત."[૯૪]

પ્લેટોનો આ પ્રશ્ન હજી અઢી હજાર વર્ષ પછી પણ અણઉકલ્યો રહ્યો છે. "કારણ કાળુ માછલીની છીપ સવળી કે અવળી નાંખીએ એના જેવી કંઈ શિક્ષણની પદ્ધતિ હોઈ ન શકે. સાચી શિક્ષણ પદ્ધતિમાં તો સામાન્ય-રાત્રિ-કરતાં જે જરા પણ વધારે-પ્રકાશમય-નથી એવા દિવસમાંથી નીકળી સત્‌ના ખરેખરા દિવસ પ્રત્યે આત્મા જાય એવું તેનામાં પરિવર્તન કરવાનું છે. આનું નામ જ નીચેની ભૂમિકા પરથી સાધેલી ઊર્ધ્વ ગતિ."[૯૫]

સાચા શિક્ષણનું મુખ્ય ધ્યેય આ જ હોઈ શકે કે માનવ મન વધારે વિશાળ બને, સ્વાર્થી ન રહે, અને પોતાની જાતને એવી બનાવે કે આખા સમાજને અથવા દેશને કે માનવજાતને પોતામાં સમાવી શકે. આ આદર્શ માનવસ્વભાવનું સંપૂર્ણ પરિવર્તન માગી લે છે, એટલે કે માણસમાં અત્યારે જે ચેતના છે, તેના

૯૩. પરિ. ૭—૫૧૮ ઇ

૯૪. પરિ. ૭-૫૧૯.

૯૫. પરિ. ૭-૫૨૧.

કરતાં કોઈ બીજી જ ચેતના ઊગે જેથી અત્યારની ચેતનાના તમામ આવિર્ભાવ અને ખેંચતાણ. સાપની કાંચળી ઉતરી જાય તેમ આપોઆપ ખરી પડે!

આવું રૂપાંતર સાધવા માટે પ્લેટો કેળવણીની શરૂઆત નાનપણથી જ કરે છે. પુસ્તકની મુખ્ય દલીલ—"ધર્મ એટલે શું?" અને ધર્મ અને સુખી જીવન વચ્ચેનો સંબંધ કેવો છે"—તે વિશે વિચાર કરતાં, વ્યક્તિગત જીવનમાં ધર્મની માત્રા જલદીથી મળી ન ન આવે, તો રાજ્યના બંધારણમાં ધર્મ જલદી જડી આવે તેથી પ્લેટો આદર્શ રાજ્ય ઘડે છે, અને આદર્શ રાજ્યના શાસનકર્તાઓ કેવા હોવા જોઈએ તે પ્રશ્નને અનુલક્ષીને પ્લેટો કેળવણીની પદ્ધતિનું નિરૂપણ કરે છે. શરૂઆતના પરિચ્છેદોમાં આવેલી કેળવણીની ચર્ચા કામચલાઉ છે, તેની સમસ્ત રૂપરેખા સાતમા પરિચ્છેદમાં આપણને મળી આવે છે. શિક્ષણની શરૂઆત નાનપણથી થાય છે,—જે બાળકો બહુ જ બુદ્ધિશાળી હોય, અને જેમનામાં પ્રાણનું તત્ત્વ પણ બળવાન હોય તેવાં બાળકોને પોતાના ગામથી કયાંય દૂર લઈ જવામાં આવે, અને સામાન્ય જીવનના વ્યવહારમાં સત્તર વર્ષ સુધીમાં આગળ ઉપર જે જે સિદ્ધાન્તોનું એણે 'જ્ઞાન' પ્રાપ્ત કરવાનું છે તે સાથેનો પરિચય પૂરો કરવાનો હોય છે—કે જેથી ભવિષ્યમાં જ્યારે એના તાત્ત્વિક સિદ્ધાન્તોનું બુદ્ધિગમ્ય જ્ઞાન થાય ત્યારે તે સિદ્ધાન્તોને એ પોતાના જુના મિત્રો તરીકે ઓળખી શકે, અને નવેસરથી બુદ્ધિની ઉચ્ચતર ભૂમિકા ઉપર તેમની સાથે સંબંધ બાંધી શકે. પછી સત્તર થી વીસ વર્ષના ગાળામાં શારીરિક વ્યાયામ કરવાનો હોય છે; ત્યાર બાદ વીસ થી ત્રીસ વર્ષ સુધી "અગાઉના શિક્ષણ ક્રમમાં જે વિજ્ઞાનની શાખાઓ તેમને કોઈ વિશિષ્ટ વ્યવસ્થા સિવાય શીખવાડવામાં આવી હોય તે બધાનો હવે સમન્વય કરવામાં આવશે, કે જેથી સત્ય સત્ સાથેનો તથા અન્યોન્ય શો નૈસર્ગિક સંબંધ છે તે તેઓ જોઈ શકશે." ત્રીસ વર્ષ પછીનાં

પાંચ વર્ષ શુદ્ધ ફિલસૂફીના ઊંડા અભ્યાસમાં ગાળવાનાં છે. આન્વીક્ષિકી વિદ્યાના આ અભ્યાસકાળ દરમિયાન અનેક ભયસ્થાનોમાંથી એ વિદ્યાર્થીને પસાર થવાનું છે. કારણ નીતિનાં સામાન્ય ધોરણો જે અમુક સામાજિક માન્યતાઓને લીધે અસ્તિત્વમાં આવેલાં હોય છે, તેનાં ખરાં મૂળ શોધવા બુદ્ધિ પ્રવૃત્ત થાય, અને થોડો વખત "બુદ્ધિ શું ખરું છે કે શામાં પ્રતિષ્ઠા છે એમ પૂછે અને કાયદા ઘડનારે એને જે રીતે શિખવ્યું હોય એ પ્રમાણે તે જવાબ આપે, અને પછી જેમ કશામાં ન્યાય્ય અને સારું કે એથી ઊલટું પણ કશું નથી એવી માન્યતા એને સ્વીકારવી પડે, ત્યાં સુધી જનતજનતની ઘણીએ દલીલો એના શબ્દો તોડી પાડે—તો (૬) પછી જે સિદ્ધાન્તોનું મૂલ્ય એણે મોટું આંકયું હતું તેનું પહેલાંની માફક એ પાલન કરે કે એને માન આપે એમ શું તમે માનો છો?—અશકય.[૯૬] અને એ સિદ્ધાન્તોમાં પ્રતિષ્ઠા છે તથા એ સ્વાભાવિક છે (૫૩૯) એમ માનતો એ જ્યારથી બંધ થાય, અને સત્ય સિદ્ધાન્તોની શોધમાં પોતે નિષ્ફળ જાય, ત્યારથી પોતાની ઇચ્છાઓની ખુશામત કરવા સિવાયનું બીજા કોઈ પ્રકારનું એ જીવન ગાળે એવી શું આશા રાખી શકાય? આન્વીક્ષિકીના વિદ્યાર્થીઓના મોંમાં પહેલાં સ્વાદ આવે, પછી તેઓ મજાકની ખાતર દલીલો કરે અને પોતાનું જેઓ ખંડન કરતા હોય તેનું અનુકરણ કરતાં, તેઓ હંમેશાં બીજાનો વિરોધ કરે, અને તેમનું ખંડન કરે; નાના કુરકુરિયાંની માફક જે કોઈ એમની નજીક આવે તેમની સાથે તેઓ ખેંચાખેંચી કરે અને તેમને કરડે—આવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો કેળવણીનો કશો જ અર્થ રહેતો નથી."

પ્લેટોની શિક્ષણપદ્ધતિ અનુસાર વ્યક્તિનો સર્વાંગી વિકાસ સધાય એમ તે માને છે. પરંતુ પ્લેટો જે સંપૂર્ણ વ્યક્તિત્વનું આલેખન કરે છે, તે આ રીતે સાધી શકાય કે કેમ એ સવાલ છે.

૯૬. પરિ-૭-૫૩૮-૩૯

પ્લેટોએ એક જગ્યાએ એમ કહ્યું છે કે (પોતે સંપૂર્ણ ફિલસૂફ થયા પછી તેઓ રાજ્યકારભાર કરશે)—"આ આશયથી તો લોકોએ તેમને આવા બનાવ્યા, નહિ કે તેઓ પોતે મજા માણે,—પણ રાજ્યનું સંગઠન કરી એક કરવામાં તેઓ સાધનભૂત થાય તે અર્થે!" પરિ-૭ પર૦—અ. પરંતુ આપણા મનમાં પ્રશ્ન થશે જ કે સૌથી ઉચ્ચતમ તત્ત્વ–ઇષ્ટનું તત્ત્વ–The Idea of Good–છે—જે માત્ર બાહ્ય જગતનો આધાર તથા મૂળ છે એટલું જ નહિ, પરંતુ બાહ્ય જગત વિશેના આપણા જ્ઞાનનું તેમજ આપણી જ્ઞાનની શક્તિનું પણ જે પ્રભવસ્થાન છે–તેના સાક્ષાત્કાર સુધી પ્લેટોની શિક્ષણ-પદ્ધતિ સાધકને લઈ જઈ શકે ખરી? માનવ સ્વભાવનું માત્ર આંતરિક પરિવર્તન જ નહિ, પરંતુ જે સમૂળું રૂપાંતર પ્લેટોને અભિપ્રેત છે, અને જે સ્વ. કિશોરલાલભાઈની "સમૂળી ક્રાન્તિ" કરતાં વધારે ઊંડે જાય છે, તેની સિદ્ધિ માત્ર યોગમાર્ગ દ્વારા જ થઈ શકે એમ આપણને લાગ્યા વગર રહેતું નથી. આ બાબત કદાચ પોતાના ગુરુ સોક્રેટિસના જીવનમાં પ્લેટોને પ્રત્યક્ષ થયું હશે. અથવા પોતાના જીવનમાં એની કદાચ ઝાંખી થઈ હશે; તોપણ એની પોતાની શિક્ષણપદ્ધતિમાં આ બાબત જોઈએ તેટલી સ્ફુટ થતી નથી,—જે કે બાળક અથવા વિદ્યાર્થીને અપાતી કેળવણી અને બાળકની પોતાની શક્તિ એ બે વચ્ચે પ્લેટો અમુક પ્રકારની સમતુલા જાળવી રાખે છે.

ઉપર જણાવ્યું તેવું માનવસ્વભાવ કે ચિત્તનું સમૂળું રૂપાંતર આપણે ત્યાં વ્યક્તિઓએ યોગમાર્ગની મદદથી સાધેલું છે, અને તેઓ પોતાને લાગેવળગે છે એટલે અંશે તમામ દુઃખને પાર કરી ગયા છે, પરંતુ આ રીતે પોતાની જાતને પાર ઉતાર્યા પછી પણ—નિર્વાણમાં જતાં જતાં જેમ અમિતાભ બુદ્ધે આખી દુનિયાના પ્રાણીઓ સામે પાછું વળીને અત્યંત કરુણાથી જોયું—કે આ બધાં મુક્ત ન થાય ત્યાં સુધી મારી પોતાની મુક્તિનો કશો અર્થ નથી—લગભગ

આ જ રીતે પ્લેટો એમ પ્રતિપાદન કરે છે કે સૌથી ઉચ્ચતમ–The Idea of Good–બ્રહ્મના તત્ત્વનો સાક્ષાત્કાર કર્યા પછી ફિલસૂફે આપણી આ દુનિયામાં આવીને–વસીને સમાજનો તથા રાજ્યનો તમામ કાર્યભાર ઊંચકવાનો છે. પ્લેટોએ કહ્યું છે કે ઉતરતી પંક્તિની રાજ્યવ્યવસ્થામાં આવા ફિલસૂફો એકાકી જીવન ગાળે છે, પરંતુ એમાં એમના જીવનનું પૂરેપૂરું સાફલ્ય થતું નથી.—એ તો સમસ્ત સમાજ અને રાજ્યને જ્યારે દોરવણી આપે, અને એ રીતે આખા માનવ સમુદાય આગળ, જે આદર્શ નગરરાજ્યનો નમૂનો હરહંમેશ સ્વર્ગમાં અસ્તિત્વ ધરાવે છે તે અહીં નીચે ઉતારે ત્યારે જ ખરા ફિલસૂફનું જીવન કૃતકૃત્ય થશે. બીજી દૃષ્ટિએ આપણે એમ કહેવું પડે કે પ્લેટોને ફિલસૂફના આત્માના આંતરિક બંધારણમાં આ રાજ્યની પ્રતિકૃતિ હરહંમેશ પ્રતિબિંબિત થયેલી દેખાય છે, એટલે કે ફિલસૂફનો પ્રત્યેક અંશ પોતાનું કામ કરે છે, બીજા અંશનું જે બીજું કાર્ય કે ધર્મ હોય તેની આડે એ આવતો નથી—પ્રત્યેક અંશ પોતાના ધર્માનુસાર કાર્ય કરે છે, અને એ સમસ્ત વ્યાપારમાં પ્રત્યેક અંશ બુદ્ધિના નિયંત્રણ નીચે કાર્ય કરે છે—આથી એનું જીવન સંવાદથી ભરેલું રહેશે અને એના શરીરમાં આરોગ્ય અને તાજગી આપોઆપ ઉતરી આવશે તથા એના સમસ્ત જીવનના આવિર્ભાવમાં એના આત્માનું સૌંદર્ય પ્રગટ થશે : અને આ સત્ય, સંવાદ તથા સૌંદર્ય એના રાજ્યમાં પ્રતિબિંબિત થશે.

પોતાની કેળવણીની પદ્ધતિને અમલમાં મૂકવા માટે પ્લેટો કહે છે તેમ "પહેલાં તો દસ વર્ષથી ઉપરના તમામ નગરવાસીઓને તેઓ (પરિ. ૭–૫૪૧) નગર બહાર કાઢશે અને માબાપની ટેવોની અસરમાથી જેઓ મુક્ત હોય તેવાં બાળકોને તેઓ હાથ પર લેશે. તેમની પોતાની ટેવો અને જે કાયદાઓ આપ્યા છે તે અનુસાર તેમને શિક્ષણ આપશે. આ રીતે જે રાજ્ય તથા બંધારણ વિશે

આપણે વાત કરતા હતા તે રાજ્ય અત્યંત સહેલાઈથી અને વહેલામાં વહેલી તકે સુખ પ્રાપ્ત કરશે.'' વિતંડાવાદમાં ફસાયા વગર ત્રીસ વર્ષ પછીનાં પાંચ વર્ષ શુદ્ધ ફિલસૂફીના ઊંડા અભ્યાસમાં ગાળવાનાં છે, અને તેમાં પારંગત થયા પછી પાંત્રીસ વર્ષ પછીનાં પંદર વર્ષ તેમણે હરકોઈ પ્રકારની નોકરી કે સેવા કરવાની છે, અને પચાસ વર્ષની ઉંમર થયા પછી જ જેમણે પ્રત્યેક વિષયમાં અને દરેક કામમાં નામના મેળવી હોય તેમને જ શાસનકર્તાને સ્થાને નીમવામાં આવશે.

પ્લેટોના આદર્શનગરના શાસનકર્તા થવા માટે પચ્ચાસ વર્ષની ઉંમર કંઈ બહુ મોટી ન કહેવાય.

(* ૨૩)

અનિષ્ટ પ્રકારનાં રાજ્યપ્રબંધારણો

ઉપર કહ્યું તેવું સર્વશ્રેષ્ઠ ઇષ્ટ રાજ્યપ્રબંધારણ એક જ હોઈ શકે, પરંતુ અનિષ્ટના પ્રકાર અનેક છે. ગ્રીક ફિલસૂફીમાં એક અને અનેક, નિત્ય અને પરિણામી, સમચોરસ અને ગોળ –– એવાં દ્વંદ્વોમાંના પહેલાં પદો ઇષ્ટ ગણાતાં – એટલે કે જે કંઈ સારું હોય તે એક જ હોઈ શકે, અને જે કંઈ અનિષ્ટ હોય તે જ અનેક રીતે અસ્તિત્વ ધરાવે છે. આથી આદર્શનગર રાજ્યમાં અનેક દિશાઓથી સડો પેસી શકે અને આ રીતે તેનું અધઃપતન થવાની શક્યતા છે. આપણા મનમાં પ્રશ્ન ઊભો થાય કે આદર્શ પરિસ્થિતિમાંથી અધઃપતન થાય જ કેવી રીતે અને એમાં સડો કયાંથી પેસે? પ્લેટો આ સવાલનો બરોબર ઉત્તર આપતો નથી, અને જાણે કોઈ મહાન ગેબી સત્યનું નિરૂપણ કરતો હોય તેમ આંકડાઓની મદદથી એ એમ સાબીત કરવા પ્રયત્ન કરે છે કે શાસનકર્તાઓને પ્રજોત્પત્તિ કયારે થવા દેવી તેનાં સંપૂર્ણ ગણિતનું જ્ઞાન નહિ હોય તેથી જ્યારે બાળકો થવા દેવાં ન જોઈએ ત્યારે તેઓનો જન્મ થશે, અને આ રીતે પતનની શરૂઆત થશે.[૯૮]

૯૮. જુઓ પરિ ૮ -૫૪૬.

પ્લેટો એમ પણ કહે છે કે "જેટલી વસ્તુનો આદિ છે એનો અંત પણ હોય જ એમ જોતાં તમારું છે તેવું બંધારણ પણ અનાદિ કાળ સુધી ટકશે નહિ." એટલે કે આપણી દુનિયાનું બંધારણ જ એવું છે કે—બુદ્ધ ભગવાને કહેલું તેમ—હે ભિક્ષુઓ, તમે પાણી રેડો તો એ ક્યાં જશે? પ્રશ્ન ત્રણ વાર કરવામાં આવે છે, અને ત્રણે વાર જવાબ આપવામાં આવે કે—નીચે જશે—નીચે જશે—આપણી સામાન્ય પ્રકૃતિનું વહેણ હંમેશાં નીચે જતું હોય છે, પરંતુ બુદ્ધ ભગવાને આ સાધારણ પ્રકૃતિના વહેણને ઊંચે લઈ જવાનો બોધ આપ્યો, અને આપણી પરિભાષામાં કહેવું હોય તો એમ કહેવાય કે કુદરતના સામાન્ય નિયમને કેવી રીતે પલટાવી નાંખવો એનો માર્ગ બતાવ્યો. પ્લેટોમાંથી આવો ઊર્ધ્વ માર્ગ સ્પષ્ટ થતો નથી અને એ ફલુલ કરે કે "તમારા શાસનકર્તાઓનાં સમસ્ત શિક્ષણ અને વિવેક શક્તિ મનુષ્યમાં પ્રજનનશક્તિ અને વંધ્યત્વ ક્યારે આવે છે અને જાય છે તેના જ્ઞાનને પ્રાપ્ત કરી શકશે નહિ. (કારણ) જે બુદ્ધિ ઇન્દ્રિયવ્યાપારથી સર્વાંશે મુક્ત નથી તે એના નિયમો શોધી નહિ શકે, અને નિયમો એની પકડમાંથી છટકી જશે." આ ઉપરથી એમ કહી શકાય કે જ્ઞાનને મેળવવા પ્લેટો હરહંમેશ ઇન્દ્રિય પ્રત્યક્ષ અને 'વિકલ્પ' વૃત્તિ દ્વારા જ્ઞાન મેળવતી બુદ્ધિ ઉપર આધાર રાખે છે; પરંતુ આ ઉપરાંત બાહ્ય વિષયનું પણ આંતરિક જ્ઞાન પ્રજ્ઞા દ્વારા મળી શકે એમ એ માનતો નથી.

આવા અધૂરા જ્ઞાનને લીધે સૌથી પહેલાં "શાસનકર્તાઓ તથા તેમના સહાયકો વચ્ચે અંદર અંદર એકબીજા સાથે મતભેદ ઉત્પન્ન થશે.[૯૯] આથી સામ્યવાદનો અંત આવશે, અને ગુલામીની પ્રથાની શરૂઆત થશે," એટલે કે "આદર્શ નગર રાજ્ય અને માત્ર મૂડીના પોષણ ઉપર સ્થપાએલા રાજ્યની મધ્યમાં આ નવા પ્રકારનું રાજ્ય આવી

૯૯. પરિ-૮-૫૪૫-ઢ.

રહેશે.” કુળપરંપરાના ધોરણ પર આ રાજ્ય રચાએલું હશે; અને ત્યાર બાદ મૂડીવાદી રાજ્યમાં અધઃપતનનું બીજું પગથિયું વ્યક્ત થશે. માનવસ્વભાવમાં એક પછી એક જે રીતે અધઃપતન થાય છે, અને વ્યક્તિના સ્વભાવમાંનું એ અધઃપતન રાજ્યમાં કેવી પરિસ્થિતિ સર્જે છે એનું વર્ણન ઘણી રીતે આજની પરિસ્થિતિનો આબેહૂબ ચિતાર આપણી આગળ ખડો કરે છે, તો તેનું આલેખન પુસ્તકમાંથી વાંચવું વધારે યોગ્ય છે, તેથી તેનો અહીં માત્ર ઉલ્લેખ કર્યો છે.

સૌથી ઉત્તમ ‘આદર્શ નગર રાજ્ય’ છે, તેમાં વ્યક્તિ તેમજ સમાજમાં ‘ધર્મ’ પ્રવર્તે છે. બીજા નંબરે કુળને માન આપતું હોય તેવા રાજ્યમાં બુદ્ધિ અને પ્રાણના મિશ્રણને પ્રાધાન્ય મળે છે. ત્યાર પછી મૂડીવાદી રાજ્ય આવે છે; આવા માત્ર સંપત્તિના ધોરણ ઉપર સ્થપાયેલા રાજ્યમાં શુદ્ધ પ્રાણનો અમલ ચાલે છે. પરંતુ માણસ પાસે સંપત્તિ છે તેથી તે રાજ્ય ચલાવવાને લાયક છે એમ હરહંમેશ સાબીત થઈ શકતું નથી, તેથી સંપત્તિને બાજુ પર મૂકી બધા માણસો એકસરખા છે, અને તેથી સંપત્તિવાળો કે નિર્ધન, ભણેલો કે અભણ એવા કોઈ માણસની પાછળ માત્ર સંખ્યાનું એટલે કે આંધળા જનસમૂહનું પીઠબળ હોય, તો તેવો માણસ રાજ્ય કરવાને લાયક છે એમ પ્રજાસત્તાક એટલે કે બહુજનમતવાદી Democracyમાં પ્રતિપાદન કરવામાં આવે છે. જેમ વ્યક્તિના આંતરિક બંધારણમાં પ્રાણ અને કામના અંશોએ બુદ્ધિના તત્ત્વનું નિયંત્રણ સ્વીકારવાનું છે, અને એ ત્રણે તત્ત્વો સમાન નથી, તેવી જ રીતે સમાજમાં પણ બધાં માણસો એકસરખાં કે સમાન નથી, અને તેથી હરકોઈ વ્યક્તિને તે માત્ર રાજ્યમાં રહે છે તેથી રાજ્ય ચલાવવાનો અધિકાર મળી શકે નહિ. પ્લેટોના સિદ્ધાન્ત અનુસાર ખરું સ્વાતંત્ર્ય પોતાનો જે સ્વભાવ હોય તે અનુસાર બુદ્ધિનું નિયંત્રણ સ્વીકારવામાં રહેલું છે, નહિ કે પોતાને મન ફાવે તેવું આચરણ કરવામાં. એટલે કે સ્વાતંત્ર્ય માત્ર ધ્યેય નથી પરંતુ એક સાધન છે, અને પોતાના પ્રત્યેક કાર્ય કે

વ્યવહારમાં આત્માના ઉચ્ચતમ અંશનું નિયંત્રણ સ્વીકારી પ્રત્યેક ક્ષણે તેને અમલમાં મૂકવાનું છે. પરંતુ જ્યારે વ્યક્તિગત સ્વાતંત્ર્ય એ જ એક ધ્યેય બને છે, ત્યારે પ્રાણ અને કામના મિશ્રણ દ્વારા રાજ્યકારભાર ચાલે છે. આપણે જોયું તેમ કામના અંશમાં બહુત્વ ભરેલું છે, તેથી અનેક પ્રકારના રીતરિવાજ, અખતરાઓ કે ખતરાઓ કરતા પચરંગી લોકો બહુજનમતવાદી રાજ્યમાં પેદા થાય છે. દરેક વ્યક્તિ પોતાની ગમે તે ઇચ્છા સંતોષવાને સ્વતંત્ર હોય છે, અને આથી રાજ્યમાં કેટલાયે પ્રકારના પક્ષો અને બંધારણો એકી સાથે અસ્તિત્વ ધરાવતાં હોય છે. સ્વાતંત્ર્યના આવા ઉદ્રેકને "લીધે બાપને છોકરાઓની પાયરીએ ઉતરવાની અને એમનાથી બીવાની ટેવ પડી જાય છે, કારણ બાપ અને છોકરો સમાન કક્ષાના થઈ રહે છે...ગુલામ પુરવાસીની સમાન, અને પુરવાસી ગુલામની બરાબર છે, અને કોઈ પરદેશી ગમે તેની સમાન ગણાય છે.. ગુરુ શિષ્યોથી બીએ છે, તથા તેમની ખુશામત કરે છે, અને શિષ્યો પોતાના ગુરુ તેમજ શિક્ષકોને ધિક્કારે છે...અને વૃદ્ધ માણસો યુવાનો પ્રત્યે નમ્રતાથી વર્તે છે, તથા તેઓ આનંદ અને ઠઠ્ઠા મશ્કરીથી ભરેલા હોય છે, કડક અને અધિકારવાળા ગણાવાનું એમને ગમતું નથી...મનુષ્યના શાસન નીચે રહેલાં પ્રાણીઓને બીજા કોઈ રાજ્યના કરતાં પ્રજાસત્તાક રાજ્યમાં મોટી સ્વતંત્રતા હોય છે... સ્વતંત્ર પુરવાસીઓના હક તથા મહિમાની બરોબરી કરતાં હોય તેમ ઘોડાં ગધેડાં કૂચ કરતાં ફરેફરે છે અને એમને માટે રસ્તો મોકળો મૂકીને જો કોઈ ચાલે નહિ, તો જે કોઈ હડફટમાં આવે તેની સામે તેઓ દોટ મૂકે છે, અને બધી વસ્તુઓ આ રીતે સ્વતંત્રતાથી ફાટું-ફાટું થઈ રહે છે." પ્લેટોનું આ વર્ણન આપણી દુનિયાના કેટલા દેશોને કેટલે અંશે લાગુ પડે છે તેનો ખયાલ અમે વાચકો પર છોડીએ છીએ.

અહીં આપણી આગળ વળી પાછો એ ને એ સવાલ આવીને ઊભો રહે છે કે કોણ લાયક અને કોણ નાલાયક—એટલે કે કોણે રાજ્ય

કરવું જોઈએ અને કોણે રાજ્યકર્તાના હુકમોનું પાલન કરવું જોઈએ. આ બાબતનું નિરાકરણ, પ્લેટોએ કર્યું છે તેવી શિક્ષણ પદ્ધતિમાંથી આપોઆપ ફલિત થાય કે કેમ એ પ્રશ્ન આપણને અત્યારે મૂંઝવે છે. કુદરતના અનેક પ્રયોગો પછી આપણી માણસજાત પેદા થઈ છે. પરંતુ એમાં વ્યક્તિ-વ્યક્તિ તથા ભિન્ન ભિન્ન સમાજોમાં અને દેશોમાં વહેંચાયેલી ચેતના એટલી તો અહંકારથી ભરેલી છે કે કોણ અથવા શું સારું અથવા ધર્મ અને અધર્મ એટલે શું એ બાબત ઉગ્રમાં ઉગ્ર મતભેદને સ્થાન છે : કારણ આપણામાં પોતામાં 'ધર્મ' સ્થાપિત થયો નથી, આપણા જીવનના જુદાં જુદાં અંગો એકબીજાની સાથે હળીમળીને સુસંગત રીતે, આત્માના જે અંશનું નિયંત્રણ સ્વીકારવું જોઈએ તે સ્વીકારતા નથી, એટલે કે માણસ પોતે હજી એક અવિભાજ્ય થયો નથી—તો પછી અધૂરા, ભાંગેલા, છિન્નભિન્ન માણસોનો સમાજ અથવા તેની રાજ્યવ્યવસ્થા પણ એવી જ હોય. પૃથ્વી ઉપર માનવ જાતની એકતા સાધવી હશે તો સૌથી પહેલાં માણસે પોતાની સમસ્ત જાતને 'એ-ક' કરવી પડશે.

પ્લેટોના આદર્શ સમાજની સ્થિતિમાંથી ઉત્તરોત્તર જે એક પછી એક પગથિયાં ઉતરીને વ્યક્તિની અને તેના બાહ્ય આવિર્ભાવ રૂપ સમાજની અધોગતિ થતી જાય છે તેની પરાકાષ્ટા જુલમગાર અને જુલમી રાજ્યવ્યવસ્થા અથવા ગેરવ્યવસ્થામાં આપણને નજરે પડે છે. જેમાં બુદ્ધિનો અંશ સર્વાંશે લુપ્ત થયો હોય, અને પ્રાણનું અંગ હરહંમેશ બહુરૂપી કામની અનેક રાક્ષસી ઇચ્છાઓને વશ થઈને વર્તતું હોય, એટલે કે જે માણસ પ્રત્યેક પળે અવનવાં રાક્ષસી સ્વરૂપ ગ્રહણ કરતો હોય—તેવા માણસને કોઈ કાળે સુખનો અનુભવ તો થઈ જ ન શકે, કારણ પોતાની દુષ્ટમાં દુષ્ટ ઇચ્છાઓનો એ માત્ર ગુલામ છે—આવી વ્યક્તિ જ્યાં સુધી માત્ર વ્યક્તિગત જીવન ગુજારતી હોય ત્યાં સુધી દુષ્ટતાની પરાકાષ્ટા એનામાં મળી આવતી નથી. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ફિલસૂફ જેમ આ દુનિયાની ગડમથલથી દૂર, પોતાનું એકાકી

જીવન ગાળે, ત્યારે જેમ એના જીવનનું સંપૂર્ણ સાફલ્ય થતું નથી તેમ જ દુષ્ટમાં દુષ્ટ માણસ વિશે પણ આ જ સિદ્ધાન્ત પ્લેટો લાગુ પાડે છે. આવા દુષ્ટ જુલમગારને જ્યારે વિવિધવશાત્ રાજ્ય ચલાવવાના સંજોગો મળી રહે છે ત્યારે વ્યક્તિ તેમજ સમાજ બંનેની અધોગતિ સંપૂર્ણ બને છે. બહુજનમતવાદી પ્રજાસત્તાકના સંપૂર્ણ સ્વાતંત્ર્ય (!)માંથી સંપૂર્ણ ગુલામી નીપજે છે. માનવ સ્વભાવની અને રાજ્યસંધારણની આ અધમમાં અધમ સ્થિતિ છે.

(* ૨૪)

ધર્મ અને સુખ

ધર્માચરણ અને સુખ સાથેનો સંબંધ હજી આપણે ચર્ચ્યો નથી. કદાચ ધર્મના સ્વરૂપનું આટલું ઊંડું નિરૂપણ કર્યા પછી એની જરૂર પણ રહેતી નથી. કારણ ધર્મને લીધે જે વ્યક્તિગત આત્મામાં સંવાદ, સપ્રમાણતા, શાંતિ, સદ્‌ગુણ, સૌંદર્ય વગેરે આપોઆપ આવીને વસતાં હોય તો પછી કોઈ માણસ અધર્મ આચરીને સંપત્તિ કે સત્તા મેળવી સુખી થવાનો પ્રયત્ન કરે તેમાં બહુ અર્થ રહેતો નથી. પુસ્તકની શરૂઆતમાં પ્રશ્ન પૂછવામાં આવે છે કે ઘણા અધર્મીઓ સુખી જણાય છે, અને ધર્મિષ્ઠ લોકો દુઃખી થતા જોવામાં આવે તે તથા ઘણી વાર સંપત્તિને લીધે પણ માણસનો અધર્મ ઢંકાઈ જાય છે, અને ગરીબ ધર્મિષ્ઠને તેની ગરીબાઈને લીધે સહન કરવું પડે છે—તો પછી ધર્મ આચરવો શા માટે ? પ્લેટો સુખ અને દુઃખની લાગણી વિશે ચર્ચા કરે છે, અને કહે છે કે સુખ અને દુઃખની લાગણી એટલી તો સાપેક્ષ છે કે દુઃખમાંથી કોઈ માણસ સુખ પ્રત્યે જતો હશે, ત્યારે એને સુખ જ લાગશે : દુઃખ–૧, દુઃખ–૨, દુઃખ–૩, — દુઃખ–ન વગેરે શ્રેણીમાં માણસ જ્યારે ૧, ૨, ૩ — એ રીતે પસાર થતો હશે, ત્યારે એને પ્રત્યેક પગલે દુઃખ જેમ જેમ ઓછું થતું જશે તેમ સુખ

લાગતું જશે, અને એવી જ રીતે એ ને એ શ્રેણીમાં એ—ન, ન–૧, — દુઃખ–૪, દુઃખ–૩ — દુઃખ–૧ એમ ઊંધા ક્રમમાં જશે ત્યારે એ ને એ શ્રેણીનાં તમામ પદો દુઃખમય લાગશે, એટલે કે અમુક એક પરિસ્થિતિમાં જે વ્યક્તિને સુખ પણ લાગે એ ને એ પરિસ્થિતિમાં તેને દુઃખ પણ લાગે. આનો અર્થ એવો થાય કે સુખ અને દુઃખની લાગણીનો અનુભવ કોઈ પણ બાહ્ય વાસ્તવિક પરિસ્થિતિને લીધે થતો નથી, પણ—એમ કહેવું પડે કે બનાવોના ક્રમ ઉપર તેનો આધાર છે. પ્લેટો આનાથી આગળ જતો નથી પરંતુ આપણે કહી શકીએ કે અમુક પરિસ્થિતિમાં વ્યક્તિને સુખ લાગશે કે દુઃખ તેનો આધાર વ્યક્તિ પોતે વસ્તુ પ્રત્યે કેવી રીતે ધ્યાન આપે છે તેના ઉપર પણ રહેલો છે. અહીં આટલું કહેવું બસ થશે કે સાધારણ માણસ જેને સુખ અથવા દુઃખ ગણે છે, તે ખરી રીતે જોતાં નથી સુખ કે નથી દુઃખ. પુસ્તકને અંતે પ્લેટો જવાબ આપે છે કે માણસનું આંતરિક બંધારણ એવું છે કે ધર્મ દ્વારા જ એને સાચું સુખ મળી શકે. સુખ સુખ વચ્ચે પણ ભેદ છે, અને જેને માત્ર બાહ્ય સત્તા-સંપત્તિનું સુખ જોઈતું હોય તેને આંતરિક શાંતિ કે સુખ મળી ન શકે તથા જેને પોતાના આત્મા સમસ્તનું સુખ જોઈતું હોય, તો તેવાએ બાહ્ય સુખ ઉપર ટાંપીને બેસવું ન જોઈએ. આ દૃષ્ટિએ જોતાં ધર્મ અને સામાન્ય દૃષ્ટિએ જેને સુખ ગણીએ છીએ તે બાહ્ય સુખ—એ બે વચ્ચે કશો પણ સંબંધ શક્ય લાગતો નથી. કારણ એક જ ભૂમિકા પર વસતી બે વસ્તુઓ—એકબીજાના સંબંધમાં આવી શકે; પરંતુ ધર્મ અને બાહ્ય સુખની ભૂમિકા અત્યંત નિરાળી છે, અને તેથી ધર્મિષ્ઠ માણસને બાહ્ય સુખો મળશે જ એમ આપણે કહી શકતા નથી; અને જો મળે, તોપણ એનો આત્મા તો ધર્મમાં જ રાચતો હશે. આથી ઉલટું પ્લેટો કહે છે તેમ જુલમી આત્માને અનેક વૈભવ, સંપત્તિ ને સત્તા મળે છતાં એ પોતે તો અત્યંત દુઃખી જ રહેવાનો. વળી બાહ્ય વસ્તુઓને આપણે બાજુ પર મૂકીએ, અને તેથી બાહ્ય સુખને આપણી દલીલમાં કશું

સ્થાન ન આપીએ તોપણ માનવ સ્વભાવ અત્યારે જેવો છે તેવાને જોતાં, આપણા મનમાં પ્રશ્ન ઊભો થાય છે કે ધર્મ અને બાહ્ય સુખ વચ્ચેના આવા વિરોધી સંબંધ છતાં, અધર્મી આત્માને પોતામાં વસતા અધર્મને લીધે હરહંમેશ દુઃખ જ થતું નથી, તેમ ધર્મિષ્ઠને ધર્મને લીધે સામાન્ય રીતે સુખ અનુભવાતું નથી. અધર્મીને હરહંમેશ દુઃખ થાય, અને ધર્મિષ્ઠને ધર્મ આચારતાં સુખ પ્રાપ્ત થાય આ બંને આદર્શ પરિસ્થિતિઓ ગણી શકાય, અને એ બેની વચ્ચે, ધર્મ અને અધર્મ, સુખ અને દુઃખનાં દ્વંદ્વો વચ્ચે, એનાં અનેક પ્રકારનાં કે પ્રમાણનાં મિશ્રણોમાં માણસ પોતાનું જીવન ગુજારે છે. જો વ્યક્તિઓનાં જીવનમાં ધર્મને લીધે સામાન્ય સુખ મળે જ એવો આદર્શ સિદ્ધ થઈ શકતો નથી, પરંતુ આદર્શ સ્થિતિ પ્રાપ્ત કર્યા પછી ધર્મ અને સુખ વચ્ચે જે અવિચ્છિન્ન, અન્વય-વ્યતિરેકી સંબંધ સ્થપાયેલો જડી આવે છે; એટલે કે જ્યાં ધર્મ હોય ત્યાં સુખ જ હોય, અને ધર્મ ન હોય તો સુખ શક્ય જ નથી—એવો આદર્શ સંબંધ આપણને અભિપ્રેત છે, તો જે સંબંધ માત્ર આદર્શ સ્થિતિમાં આપોઆપ ઉતરી આવે છે, તે સંબંધ આપણે આપણી અર્ધદગ્ધ સ્થિતિને લાગુ પાડવા માગીએ છીએ, એ આપણી નબળાઈ છે. માણસ એટલો સ્વાર્થી છે કે પોતાનો હલકો સ્વાર્થ છોડ્યા વગર, આદર્શ સ્થિતિનું ફલ પોતે વાંછે છે : અને દલીલ કરે છે કે માણસ પોતે શુદ્ધ ધર્મ આચરે તો પોતાની અજ્ઞાનમય પરિસ્થિતિમાં જેને સુખ માને છે, તેવાં સુખ ધર્મિષ્ઠ માણસને મળવાં જ જોઈએ. ખરી વાત એ છે કે અજ્ઞાનને લીધે આપણે સુખની વ્યાખ્યા પણ ઐહિક વસ્તુઓ કે બાબતોને અનુલક્ષીને કરીએ છીએ. સુખ અનેક પ્રકારનાં હોય છે અને સામાન્ય માણસ આ દુનિયામાં જે સુખને વાંછે છે તે પ્રકારનાં સુખ શુદ્ધ ધર્મ આચરનારના આદર્શ જીવનમાં શક્ય ન પણ હોય, અને છતાં એ આદર્શ જીવનમાં જુદા જ પ્રકારનું એટલે કે ઉચ્ચતર સુખ એને મળે એમ

પાસે જે કંઈ છે તેનું, તેમજ જે વસ્તુઓ અને લોકોનું આપણે પહેલાં વર્ણન કરી ગયા તેમના રક્ષણાર્થે એ લશ્કર ચડાઈ કરનારાઓ સામે જશે અને લડશે.

તેણે કહ્યું : શા માટે ? શું તેઓ પોતાનું રક્ષણ કરવાને સમર્થ નથી ?

મેં કહ્યું : ના—આપણે જ્યારે રાજ્ય ઘડવા બેઠા ત્યારે જે સિદ્ધાન્તનો આપણે બધાએ સ્વીકાર કર્યો હતો એ બરોબર હોય તો—ના. તમને યાદ હશે કે એક માણસ વધારે કળાઓમાં પ્રવૃત્તિ કરવા જતાં કૃત્તહમંદ ન થઈ શકે એ સિદ્ધાન્ત હતો.×

તેણે કહ્યું : સાવ સાચું.

(બ) પણ લડાઈ શું કળા નથી ?

અવશ્ય છે.

અને મોચીની કળામાં જેટલું ધ્યાન આપવું પડે એટલું એમાં પણ આવશ્યક છે, ખરું ને ?

તદ્દન ખરું.

અને આપણે સારા જોડા તૈયાર કરાવી શકીએ એ માટે આપણે મોચીને ખેડૂત અથવા વણકર કે કડિયો થવાની રજા આપી નહોતી; પરંતુ એને અને બીજા દરેક કારીગરને, જે કામને માટે સ્વભાવથી એ યોગ્ય હતો એ જ એક કામ એને સોંપવામાં આવ્યું હતું, અને આખી જીંદગી (ક) બીજું કંઈ નહિ, પણ એ જ કામ તેણે કર્યા કરવાનું હતું; (એને) જે કોઈ તક મળે, એ તેણે ગુમાવવાની નહોતી, કારણ, તો જ એ એક સારો કારીગર થઈ શકે. હવે સૈનિકનું કામ સારી રીતે થવું જોઈએ—એના કરતાં બીજી કોઈ પણ બાબત વધારે મહત્ત્વની ન હોઈ શકે. પરંતુ, જેણે નાનપણથી જ બીજી બધી વસ્તુઓ છોડી દઈને પાસાની તથા વાઘબકરીની રમતનું સેવન ન કર્યું હોય, પણ જે માત્ર આનંદ મેળવવા ખાતર

× સરખાવો ૪૪૩. ક

જ રમતો હોય, એ જેમ દુનિયામાં કદી સારો રમનાર થઈ શકતો નથી,—તો શું લડાઈની કળા એટલી સહેલાઈથી શીખી શકાય એવી છે, કે જે માણસ ખેડૂત, મોચી કે બીજો કારીગર હોય એ એક લડવૈયો પણ થઈ શકે? જો માણસ ઓજાર કે હથિયાર કેમ ઝાલવાં એ શીખે નહિ, અને તેના પર કોઈ દિવસ ધ્યાન આપે નહિ, તો એવાં તો કોઈ જ ઓજાર કે હથિયાર નથી જે (પોતે) માણસને (ઠ) હોશિયાર કારીગર અથવા રક્ષણ કરવામાં નિપુણ (યોદ્ધો) બનાવી દે. તો પછી કોઈ ઢાલ અથવા લડાઈનું બીજું હથિયાર પકડે કે તરત એક દિવસમાં, ભારે હથિયારથી સજ્જ થયેલા કે લશ્કરના બીજા કોઈ વિભાગ સાથે (ઊભો રહીને) સારી રીતે લડી શકે ખરો?

તેણે કહ્યું: ના, હથિયાર પોતે પોતાનો ઉપયોગ કેવી રીતે કરવો એ શિખવે એવાં હથિયારની કિંમત પણ કેવા રીતે આંકી શકાય?

મેં કહ્યું: અને આપણા પાલકની * ફરજો જેમ વધારે (ઢ) ભારે, તેમ તેને (પોતાની ફરજો અદા કરવા માટેનાં) નૈપુણ્ય, કય, લા, એકાગ્રતા માટે વધારે વખતની જરૂર પડશે.

તેણે જવાબ આપ્યો: નિઃશંક.

પોતાતા ધંધા માટે નૈસર્ગિક યોગ્યતા પણ એનામાં હોવી જોઈશે.

અવશ્ય.

ત્યારે આપણાથી બને તો નગર—રક્ષણના કાર્ય માટે જેઓ સ્વભાવથી જ યોગ્ય હોય, તેવાને પસંદ કરવાની આપણી ફરજ રહેશે?

રહેશે.

મેં કહ્યું: અને આવી પસંદગી કરવી એ કંઈ સહેલું કામ નથી, પણ આપણે હિંમત રાખીને બનતું બધું કરવું જોઈએ.

(૩૭૫) આપણે કરવું જ જોઈએ.

રક્ષણ કરવાની અને સાવધપણાની દૃષ્ટિએ, એ શ્રેષ્ઠ યુવક લગભગ સારા ઉછેરવાળા કૂતરા જેવો શું નહિ હોય?

* મૂળ ૪. ક. Guardians-પાલકો

નહિ, પરંતુ ઇન્દ્રિય પ્રત્યક્ષમાં આપણે જે "દ્રવ્ય"—(Aristotle's Matter–'Hylē–Proti hylē' સાથે સંપર્કમાં આવીએ છીએ તેમાં રહેલું છે. આપણે અહીં એરિસ્ટોટલની ફિલસૂફી ઉપર લાંબો વિચાર કરવાની જરૂર નથી. દરેક ફિલસૂફ આગળ કોઈ ને કોઈ રીતે આ ને આ પ્રશ્ન આવે જ છે—કે અનુભવમાંથી નિષ્પન્ન થતી વ્યક્તિઓ અને તેના ગુણો વચ્ચે સંબંધ શો, તથા અમુક 'વ્યક્તિ' છે, એમ આપણે શાને આધારે કહીએ છીએ. હરકોઈ બે ખાટલા એક જ માપના અને તદ્દન એક સરખા હોય,—એટલે કે તેનાં રૂપ, રંગ, આકાર, તથા માપ બધાં એકસરખાં હોય, તો આપણે એમ કહીશું કે એક ખાટલામાં જે લાકડું વપરાયું છે તે લાકડું બીજા ખાટલામાં વપરાયું નથી, તેથી તે બે જુદા છે. પરંતુ જીવન્ત પ્રાણીઓ અથવા માણસ માણસ વચ્ચે આપણે જો ભેદ પાડવો હશે, તો આપણે કહેવું પડશે કે બે વ્યક્તિઓના ગુણદોષમાં ભેદ છે, અને તેથી તે બે વ્યક્તિઓ જુદી છે. આ રીતે વ્યક્તિનું વ્યક્તિત્વ તેમાં રહેલા ગુણોને આભારી છે એમ જો આપણે કહીએ, તો વ્યક્તિના કેટલા આવશ્યક ગણાતા તથા કેટલા આકસ્મિક ગણાતા ગુણોનો એના વ્યક્તિત્વમાં સમાવેશ કરવો એ પ્રશ્ન અત્યંત કઠિન થઈ પડે છે: અને આથી જ પાશ્ચાત્ય પ્રમાણશાસ્ત્રમાં વ્યક્તિગત વિશેષ નામોને "સામાન્ય" universal ગણવામાં આવ્યાં છે.

પ્લેટો એમ કહે છે કે ઇન્દ્રિયપ્રત્યક્ષનો પ્રવાહ હીરેકલેઇટાસની સતત પરિવર્તનશીલ નદીના વહેણ જેવો છે, અને તેમાંથી આપણે જ્યારે "તત્વો" પાસે આવીએ ત્યારે જ અરેખરી વ્યક્તિઓ અનુભવમાં આવે છે. આજના ભૌતિક વિજ્ઞાનનું નિરૂપણ કરનાર જેમ આપણી "વસ્તુઓ"ને ગણકારતા નથી, પરંતુ તેઓ ભિન્ન ભિન્ન પ્રકારનાં પરમાણુઓની દુનિયામાં વસે છે, અને એને જ સત્ય માને છે, તેના જેવી પરિસ્થિતિ આપણને પ્લેટોમાં મળી આવે છે.

પહેલું ઇન્દ્રિય પ્રત્યક્ષ—પછી ગુણો કે જાતિ સામાન્યનાં તત્ત્વો —આ ઉપરાંત પ્લેટો અમુક બીજી જાતનાં 'તત્ત્વોમાં' માને છે, અને એ તત્ત્વો ઇન્દ્રિય પ્રત્યક્ષોમાંથી સામાન્ય તત્ત્વો નીતરી શકે તે માટેનાં આપણા ચિત્તે અર્પેલાં "તત્ત્વો" છે.[૧૦૦] Logical Ideas : Similarity— —Dissimilarity, Unity–Multiplicity, Rest–Motion; Ethical Ideas: Idea of the Good, The Beautiful and the Just. Being and Not–Being. બુદ્ધિનાં પ્રમાણુગત તત્ત્વોમાં પ્લેટોએ કારણ–કાર્યના સંબંધને (Law of Causality ને સ્પષ્ટ રીતે સ્થાન આપ્યું નથી, પરંતુ 'મીનો'ના સંવાદમાં પ્લેટો 'aitias'—કારણોની ચર્ચા કરે તેમાં એ આવી જાય છે.

બુદ્ધિનાં આ ચોકઠાં આપણા ઇન્દ્રિયાનુભવમાંથી નીતરતાં વ્યક્તિ તેમજ જાતિસામાન્ય ઉપર લાદવામાં આવે, ત્યારે આપણી વિચારપદ્ધતિ અમુક મૂળભૂત સ્વીકૃતિઓમાં શ્રદ્ધા રાખીને આગળ ચાલે છે : પ્રત્યેક વિજ્ઞાનનો પાયો અમુક અમુક સ્વીકૃતિઓની માન્યતાઓ ઉપર નાંખેલો છે, અને આ સ્વીકૃત સિદ્ધાન્તોને એનું વિશિષ્ટ વિજ્ઞાન સાબીત કરતું નથી—પોતે જેના ઉપર ઊભું છે તે વિજ્ઞાન, પોતાના પાયા ખોદીને ઊંડે જવા માગતું નથી, એ એનો વિષય નથી[૧૦૧] જ્યારે વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓ બહુ વિકાસ પામી નહોતી ત્યારે પણ વિજ્ઞાનના મૂળભૂત બંધારણ વિશેનું પ્લેટોને આટલું જ્ઞાન હતું તે એની પ્રતિભા છે. બુદ્ધિના બાહ્ય વિશ્વને સમજવાના આવા ઊર્ધ્વ માર્ગમાં પ્લેટો આવી જુદી જુદી સ્વીકૃતિઓને પણ સાબીત કરી વિજ્ઞાનના પાયા નિશ્ચિત કરવા માગે છે, અને વિજ્ઞાનની બધી શાખાઓને એકત્ર કરી–બધું જ્ઞાન એક છે, કારણ છેવટ વિશ્વ એક છે ત્યાં સુધી જાય છે.

---

૧૦૦. જુઓ ઉપોદ્‌ઘાત પૃષ્ઠ : ૪૨.

૧૦૧. જુઓ પરિ. ૬–૫૧૦–૫૧૧–૫૧૨ : તથા ઉપોદ્‌ઘાત પૃ. ૪૧ થી ૪૩.

ઉપરના વિવેચનમાં આપણને બે ભૂમિકાઓ સ્પષ્ટ થાય છેઃ એક ઇન્દ્રિયપ્રત્યક્ષની ભૂમિકા, અને સ્વીકૃત સિદ્ધાન્તોના પાયા ઉપર સ્થપાયેલી વિજ્ઞાનની શાખાઓની વિચારની બીજી ભૂમિકા. પહેલી ભૂમિકામાંથી આપણને વ્યક્તિ અને જાતિનાં "તત્ત્વો" "eidê" મળે છે, અને વિચારની ભૂમિકા પર તે તે વિજ્ઞાનનાં બીજાં 'તત્ત્વો' આપણી સન્મુખ આવીને ઊભાં રહે છે. આ બંને ભૂમિકા પરનાં તત્ત્વોમાં, આપણે ઉપર જેનો ઉલ્લેખ કર્યો તે, આપણી ચેતનાની વિચારસરણી આગળ ચાલે તે માટેનાં જરૂરી તત્ત્વો–વિચારનાં ચોકઠાં (Categories of Understanding and Reason) એ બંને ભૂમિકા પરના પ્રત્યેક વ્યાપારમાં અનુસ્યૂત રહેલાં છે એમ પ્લેટો કહે.

આ સઘળા વ્યાપારમાં માત્ર જે જ્ઞાન વ્યવહાર્ય છે, તે જ જ્ઞાન આપણને મળે છે; અને આપણી પરિભાષામાં કહેવું હોય તો એમ કહેવું પડે કે ચિત્તની વિકલ્પની વૃત્તિ પર આધાર રાખતી માનવ બુદ્ધિને આ પ્રકારના જ્ઞાનમાં જે કંઈ એકતા માલુમ પડે છે, તે આપણા ચિત્તના આંતરિક ઐક્યના પડઘારૂપ છે. આ પ્રશ્ન પ્લેટોએ એના "થિયાઇટીટસ" નામના સંવાદમાં ચર્ચ્યો છે. ત્યાં સવાલ કરવામાં આવે છે કે "જ્ઞાન કઈ રીતે પ્રાપ્ત થાય છે?– How is knowledge possible?" ઇન્દ્રિયપ્રત્યક્ષ તો માત્ર નિમિત્તરૂપ છે, જે કંઈ જ્ઞાન છે એ તો આપણું ચિત્ત કે આત્મા પોતે જ છે[૧૦૨] કારણ આત્મા પોતે (Psyche aútê) પોતાના વિચારનાં ચોકઠાં ઇન્દ્રિયપ્રત્યક્ષ ઉપર બેસાડે છે, અને તેથી જ્ઞાન શક્ય બને છે. चित्तस्य बाह्यविषयाकारपरिणामो वृत्ति = प्रत्यक्ष એ આપણા સાંખ્યની વ્યાખ્યા આપણને યાદ આવ્યા વગર રહેતી નથી, —જો કે આપણી વ્યાખ્યા યોગમાર્ગના સાધકને ઉપયોગી થઈ પડે તેવા આંતરિક દૃષ્ટિબિંદુથી આપેલી છે, જ્યારે પ્લેટો બાહ્યાભિમુખ છે.

---

૧૦૨. Theaetetus : 185-D.

પરંતુ પ્લેટોએ જે The Idea of Good જે આપણા જ્ઞાનના ક્ષેત્રની બહાર છે, કારણ જ્ઞાનની શક્યતાનો આધાર ઇષ્ટનું ઉચ્ચતમ તત્ત્વ છે, તેનાં કિરણો ઉપર છે. એમ કહે છે–તો પ્રશ્ન એ થાય છે કે પ્લેટો હરહંમેશ શું બાહ્યાભિમુખ છે ?

'આદર્શ નગરરાજ્ય'માં પ્લેટો આપણને કહે છે કે "જેનામાં આત્માનું ખરેખરું ઐશ્વર્ય છે, અને જે સમસ્ત કાલ અને સમસ્ત અસ્તિત્વનો દ્રષ્ટા છે" એ ખરો ફિલસૂફ છે. આ એક ત્રીજી જ ભૂમિકા છે અને તેમાં આપણી બાહ્યાભિમુખ જાગ્રત ચેતનાને સ્થાન નથી, પરંતુ "સમસ્ત કાલ અને સમસ્ત અસ્તિત્વ"ને આલિંગી શકે એવી આપણા અંતરમાં જે ગૂઢ ચેતના છે તેનો પ્લેટો ઉલ્લેખ કરે છે, અને આ વિશ્વવ્યાપી સભર આંતરચેતના દ્વારા જ માણસ ઇષ્ટના તત્ત્વ–The Supreme Idea of Good સુધી જઈ શકે એમ પ્લેટોનો અર્થ છે. વિશ્વના સામાન્ય પદાર્થોનો અનુભવ આપણે ઇન્દ્રિયપ્રત્યક્ષની ભૂમિકા ઉપર કરીએ છીએ, તે ને તે પદાર્થોનો અનુભવ આપણે જુદી રીતે વિચારની ભૂમિકા ઉપર કરીએ છીએ, અને ત્યાં વિશેષ અને સામાન્ય બંને જુદાં પડે છે, અને આપણી વિચારપદ્ધતિનાં ચોકઠામાં એ અનુભવને વણીને આપણે વ્યવહાર કરી આપણા નાનામોટા હેતુઓ સાધવા પ્રયત્ન કરીએ છીએ.

આપણે ઉપર જોયું કે વ્યક્તિ અને જાતિ, વિશેષ અને સામાન્ય એ બંનેને સ્પષ્ટ જુદાં પાડી શકાય તેવી રીતે બંનેની વચ્ચે હદ આંકવી અત્યંત મુશ્કેલ છે એટલું જ નહિ પણ અશક્ય છે. આના કારણ વિશે જો વિચાર કરવા જઈએ તો આપણને ઇન્દ્રિયપ્રત્યક્ષ કઈ રીતે થાય છે, તે બાબતનો આપણે વિચાર કરવો પડે. ભૌતિકવિજ્ઞાન, શારીર, વગેરે વિજ્ઞાનની શાખાઓના દૃષ્ટિબિંદુથી ઇન્દ્રિયપ્રત્યક્ષ કઈ રીતે થાય છે તે વિશે પ્રાશ્ચાત્ય ચિત્તશાસ્ત્રીઓએ બહુ ડહાપણ ડોળ્યું છે, અને છતાં બાહ્ય વસ્તુ–તેના પર પડતો પ્રકાશ–આપણી ઇન્દ્રિયનું ઉત્તેજન–અને જ્ઞાનતંતુઓમાં વહેતો પ્રવાહ,...અને...અને આપણી

ચેતનામાં પડતું ઇન્દ્રિયપ્રત્યક્ષ–આ બધું કઈ રીતે બને છે તેનું આપણને જ્ઞાન નથી. છતાં આપણે એટલું કહી શકીએ કે બાળકની ચેતનાના વહેતા પ્રવાહમાં જ્યારે બાહ્ય જગતનું પ્રતિબિંબ પડે છે, ત્યારે હજી આપણી જાગ્રત બાહ્યાભિમુખ ચેતના એનામાં હજી ઘડાઈ નથી, પરંતુ આપણે જેનો ઉપર ઉલ્લેખ કર્યો તેવી સ્થલકાલ વગરની આંતરચેતનામાં આ ઇન્દ્રિયપ્રત્યક્ષોના તણખા પડે છે, અને એ ચેતનામાં વ્યક્તિ–સમષ્ટિ, વ્યક્તિ–જાતિ, વિશેષ–સામાન્ય, સ્થલ–કાલ...બધું જ એકમીજમાં ઓતપ્રોત રહેલું હોય છે, અને તેમાંથી બાળક જેમ જેમ મોટું થાય છે તેમ તેમ વિચારના વિકલ્પન વ્યાપાર દ્વારા બધાં દ્વંદ્વોનાં અંગો છૂટાં પડે છે, અને વ્યક્તિગત અનુભવ વ્યવહાર્ય બને છે તથા મોટું થયે માણસ બાહ્ય પદાર્થો ઉપર હેતુપુરઃસર કાર્ય કરી શકે છે. આ ભૂમિકામાં ઇન્દ્રિયપ્રત્યક્ષનો બાહ્ય વિષય, તેમાં રહેલા ભિન્ન ભિન્ન સામાન્ય ગુણો, કે સમાન જાતિ વગેરે જેને પ્લેટો "Eidē"–Ideas કહે છે તે પ્રત્યેક પદાર્થમાં અનુસ્યૂત (Immanent) છે એમ લાગે છે. આ થયો પ્લેટોનો 'Methexis"–view.

પરંતુ વિચારની આ ભૂમિકા ઉપર જ વ્યક્તિની ચેતના હરહંમેશ રહેતી નથી. વિચાર ઉપરાંત માણસમાં મનોભાવ (emotions) તથા સાહજિક વૃત્તિઓ (instincts) પણ હોય છે, અને આ વૃત્તિઓમાં માણસ પોતે બાહ્ય પદાર્થોનું પૃથક્કરણ કરી, તેનું જ્ઞાન મેળવી બાહ્ય વિશ્વ ઉપર પ્રભુત્વ મેળવવાનો પ્રયત્ન કરતો નથી, પરંતુ બાહ્ય પદાર્થો સાથે તાદાત્મ્ય સાધી પોતાના જીવનમાં તેમને ઉતારવાનો પ્રયત્ન કરે છે. આનાથી આગળ જઈ આપણે કહી શકીએ કે જ્ઞાન બે પ્રકારનાં છે : ઉપયોગમાં આવે તેવું વ્યવહાર્ય જ્ઞાન (discursive knowldge) અને બીજું જ્ઞાતા અને જ્ઞેય, ક્ષેત્રજ્ઞ અને ક્ષેત્ર બન્ને વચ્ચે તાદાત્મ્ય સાધતું બીજા પ્રકારનું જ્ઞાન–આપણી વ્યાપક આંતરિક ચેતના બાહ્ય વિષયને તેના સ્થલ અને કાલનાં તેમજ બીજા સંબંધોમાંથી મુકત કરીને, તાદાત્મ્ય દ્વારા જ્ઞાન

મેળવે છે તે. આ બીજા પ્રકારના જ્ઞાનમાં આપણી જાગ્રત ચેતના નિષ્ક્રિય રહે છે, અને આપણી આંતરિક ચેતના અને તેનો વિષય બંને એક થઈને–આવા અનુભવને કાં તો કલા દ્વારા વ્યક્ત કરે છે, અને નહિ તો આ અનુભવને પોતામાં સમાવીને, બાહ્ય જગત તથા આપણું ચિત્ત એ બંનેના પ્રભવસ્થાન–The Idea of Good ઇષ્ટના ઉચ્ચતમ તત્ત્વ સુધી જવાનો પ્રયત્ન કરે છે.

દરેકાઈ કલાના મૂળભૂત અનુભવમાં આ પ્રકારની એકતા રહેલી છે, આપણી બાહ્યાભિમુખ જાગ્રત ચેતના આવા અનુભવમાં ભૂંસાઈ જાય છે, અને આંતરચેતના જે વિષયમાં આ રીતે લીન થાય છે, તે વિષય કે વસ્તુ ઘડીભર તો સ્થલ અને કાલનાં બંધનમાંથી મુક્ત થઈ, અદ્વિતીય રીતે આપણી આંતરચેતનાના ચારે ખૂણા ભરીને વહે છે. પ્લેટો પોતાનાં 'તત્ત્વો'ને આ દૃષ્ટિએ પણ જુએ છે. એણે કહ્યું છે : જેઓ અનેક સુન્દર વસ્તુઓને જુએ છે, અને તેમાં રાચે છે, પરંતુ કેવલ (absolute) શુદ્ધ સૌંદર્યને જોઈ શકતા નથી, તેઓ કશું જાણતા નથી : કારણ ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા વસ્તુનું "જ્ઞાન" મેળવી શકાતું નથી, અને જેનું--સૌંદર્યના જે તત્ત્વનું–જ્ઞાન મેળવી શકાય છે—તે ઇન્દ્રિયગોચર નથી.[૧૦૩] એટલે વસ્તુઓ માત્ર ભિન્ન તત્ત્વોના પ્રતીક સમાન છે, અને તેઓ માત્ર તત્ત્વોનું "અનુકરણ" કરે છે, જ્યારે તત્ત્વો પોતે, આપણે ઉમેરવું જોઈએ કે કલાકારની દૃષ્ટિએ, રોજની આ દુનિયાથી કયાંય દૂર--કોઈ બીજા જ સ્થલ અને કાલમાં—આદર્શ રૂપે વસે છે. આ થયો પ્લેટોનો "Paradeigma"–view.[૧૦૪] આ દૃષ્ટિએ પ્લેટોનાં તત્ત્વો બાહ્ય પદાર્થોમાં

---

૧૦૩. 'aistheton' and 'noetòn' : object of sense and object of reason (noūs).

૧૦૪. 'Paradeigma' શબ્દ સાથી પહેલાં 'યુથિફ્રો' નામના સંવાદમાં (કલમ ૧૭) આવે છે. જુઓ આદર્શ નગરની કલમો ૪૭૬, ૪૭૯, ૪૯૪, ૫૦૯, ૫૦૭ તથા ૫૧૮, ૫૨૧, ૫૨૫ વગેરે.

અનુસ્યૂત થઈને રહેલાં નથી પરંતુ આપણી ક્ષણભંગુર દુનિયાની પાર્થિવ વસ્તુઓથી ક્યાંય દૂર જુદા જ વિશ્વમાં વસે છે.[૧૦૫]

એરિસ્ટોટલે તત્ત્વો વસ્તુઓથી ભિન્ન અસ્તિત્ત્વ ધરાવતાં હોય તેવા દૃષ્ટિબિંદુને વખોડી કાઢ્યું છે, કારણ એરિસ્ટોટલ પોતે પ્રમાણ-શાસ્ત્રનો પિતા હતો અને એણે માત્ર બુદ્ધિની દૃષ્ટિએ પ્લેટોની ફિલસૂફીનો વિચાર કર્યો છે. પરંતુ પ્લેટોએ બુદ્ધિની પ્રમાણગત આવશ્યકતાના દૃષ્ટિબિંદુથી તત્ત્વજ્ઞાનના કૂટ પ્રશ્નોના વિચાર કરવા ઉપરાંત કલાના મૂલભૂત અનુભવની દૃષ્ટિએ પણ પોતાની ફિલસૂફીનું નિરૂપણ કર્યું છે

આપણે ઉપર જોયું તેમ સામાન્ય માણસ ઇન્દ્રિયપ્રત્યક્ષની ભૂમિકા ઉપર એક સુન્દર વસ્તુ પરથી બીજી સુન્દર વસ્તુ પર એમ અજ્ઞાનમાં ભટકયા કરે છે અને બહુ બહુ તો વિચારની ભૂમિકા સુધી પહોંચ્યો સુન્દર વસ્તુઓ પર પોતાનું સ્વામિત્વ સાબીત કરી તેનો ઉપભોગ કરવાનો પ્રયત્ન કરે છે. જે ખરો ફિલસૂફ છે, જેનામાં કેવલ સૌંદર્ય માટે શુદ્ધ પ્રેમ છે તે આ તમામ અનુભવો પરથી એના તત્ત્વ સુધી જવા પ્રયત્ન કરશે અને જ્યારે એનો આત્મા કેવલ સૌંદર્યને પ્રાપ્ત કરશે ત્યારે એ જંપશે.[૧૦૬] પાશ્ચવી પ્રેમ વિશે પ્લેટોએ પરિચ્છેદ આઠમામાં ઉલ્લેખ કર્યો છે અને શુદ્ધ પ્રેમ—કે જેમાં માત્ર કેવલ

---

૧૦૫. Vide Hoffding's Phil. of Religion wherein he maintains that Plato's Doctrine of Ideas serves our double view of discursive thought as well as aesthetic or mystic contemplation.

૧૦૬. જુઓ : પરિ-૫-૪૭૫ : જર્મન ફિલસૂફ કાન્ટના સૂત્રમાં આ વિચાર મળી આવે છે : "The true appreciation of beauty has no vulgar idea of possession in it."

સૌંદર્યપ્રત્યેનું આત્માનું સમર્પણ જ રહેલું છે તેનું નિરૂપણ પ્લેટોએ એના ફિડ્રસ અને સિમ્પોઝિયમ નામના સંવાદોમાં કર્યું છે.

કેવલ સૌંદર્યને નીરખતાં આત્મા પોતે એ રીતે એવું જ્ઞાન મેળવે છે કે એ જ્ઞાન દ્વારા કેવલ સૌંદર્ય સાથે એનું તાદાત્મ્ય સધાય છે—પોતાને જેનું જ્ઞાન થાય છે એવો પોતે થાય છે—અને કેવલ સૌંદર્યને સ્થલ અને કાલનું બંધન નથી—એ એક, અદ્વિતીય, શુદ્ધ, અજર અને અમર છે, અને એને જાણીને આત્મા પોતે અમરત્વને પ્રાપ્ત કરે છે. પ્લેટોના ફીડો નામના સંવાદમાં પ્લેટો વ્યક્તિગત અમરત્વમાં માનતો હોય એમ આપણને લાગે, પરંતુ આપણું વ્યક્તિત્વ માત્ર આપણી બાહ્યાભિમુખ, પરિમિત જાગ્રત ચેતનાની સપાટીમાં પૂરાઈ રહેલું છે. પરંતુ આપણી આંતર ચેતના એવી તો વિભૂ છે, અને આખા વિશ્વને વ્યાપીને રહેલી છે કે ત્યાંની ભૂમિકા ઉપર આપણી બુદ્ધિનાં બધાં દ્વંદ્વોનો સમન્વય આપોઆપ થાય છે, અને એવી ગૂઢ ચેતના કેવલ સૌંદર્યનો કે કેવલ ઇષ્ટનો[૧૦૬] સાક્ષાત્કાર કરે પછી માણસનાં જે સંકુચિત વ્યક્તિત્વને અમરત્વની ઝંખના રહ્યા કરે છે, તેવા અમરત્વનો કશો અર્થ રહેતો નથી. માણસની શુદ્ધ ચેતના, કેવલ સૌંદર્ય તથા સૌથી ઉચ્ચતમ ઇષ્ટનું તત્ત્વ—બધું જ એક થઈ રહે છે. આપણી ફિલસૂફીમાં જે "બ્રાહ્મીસ્થિતિ" કહે છે તેની સાથે આપણે આને સરખાવી શકીએ.

સૌંદર્યનો આવો અનુભવ માણસને બીજા જ વિશ્વમાં લઈ જાય છે, ત્યાં સ્થલ અને કાલ નથી, અને પ્રત્યેક સુન્દર "વસ્તુ"—તત્ત્વ એના અખંડ સૌંદર્યમાં અવિભાજ્ય રીતે પોતાનું આખું 'વિશ્વ' રોકીને વસે છે, અને આ અનુભવ માનવી પોતાની સામાન્ય ઉપરછલી ચેતના દ્વારા પોતામાં ઉતારી શકતો નથી, પરંતુ એનામાં રહેલી

---

૧૦૬. કારણ ગ્રીક, ભાષામાં The Good and The Beautiful માટે એક જ શબ્દ છે.

અંતરતમ ગૂઢ ચેતના દ્વારા એ ત્યાં જઈ શકે છે, આ 'Mystic'—'Mustic' અનુભવ છે. પ્લેટોનું આ mysticism–"મૌની"—સૂફીવાદ પ્લોટાઈનિસમાં ઉતરી આવ્યો, અને આ દૃષ્ટિબિંદુ સ્પીનોઝામાં આપણને મળી આવે છે. સ્પીનોઝાના મત અનુસાર આપણે આપણા પ્રત્યેક અનુભવને "sub–specie aeternitatis [૧૦૮] જોવા જોઈએ એ તથા પ્લેટોનું કથન that the Philosopher is the spectator of all time and all existence–બંને એક છે એમ આપણને લાગ્યા વગર રહેતું નથી.

શુદ્ધ સૌંદર્યના આત્મા સુધી જે કવિએ મજલ કાપી હોય, તેને આપણા સાધારણ કવિઓની કૃતિઓ અર્થહીન જોડકણાં લાગે એ સ્વાભાવિક છે, પોતાની પરિમિત ચેતનાને બાજુ પર મૂકી, આંતર ચેતનાનાં વિશાળ ઊંડાણમાં ઉતરીને ખરા સૌંદર્યને સર્જવા જે કલાકારો અશક્ત હોય છે, તે—આપણી પાર્થિવ દુનિયાની વસ્તુઓ જે મૂળ સૌંદર્યનાં તત્ત્વોનાં અધૂરાં, આછકલાં, ઉપરચોટિયાં અનુકરણો છે—તેવાં અનુકરણોનું પણ ખરાબ અનુકરણ કરીને શબ્દોમાં કે ચિત્રમાં આલેખન કરે તેવાઓ કવિઓ ન જ કહેવાય અને તેથી તેમને પોતાના આદર્શનગર રાજ્યમાંથી પ્લેટો હાંકી કાઢે છે. જો કાવ્યના વિષયની દૃષ્ટિએ આવા કલાકારો અધૂરાં અનુકરણોનું વધારે અધૂરું અનુકરણ કરે છે, તો એમના માનસની દૃષ્ટિએ તેઓ માત્ર ઇન્દ્રિય-પ્રત્યક્ષની ભૂમિકા પર વસે છે, અને તેમના મનોભાવો પણ એટલા જ ક્ષુદ્ર હોય છે. પ્લેટોના કલાના આવા વિવેચનના દૃષ્ટિબિંદુએ આપણા આજના કલાકારોને કે કવિઓને કઈ કોટિમાં મૂકવા તેનો નિર્ણય અમે વિદ્વાન વાચક વર્ગ પર છોડીએ છીએ.

*　　*　　*

'પ્લેટોનું આદર્શ નગર'ની ગણના દુનિયાના મહાન ગ્રંથોમાં

---

૧૦૮. Spinoza's Ethics : v 31.

ચાય છે. સોક્રેટિસના જીવનનું અને એની ફિલસૂફીનું રહસ્ય પોતે પૂરેપૂરું પોતામાં ઉતાર્યું હોય, તે રીતે પ્લેટો સોક્રેટિસનું આલેખન કરે છે. સંવાદના રૂપમાં એણે પોતાનાં પુસ્તકો લખ્યાં છે તેથી એમાં આજે પણ એવી ને એવી જ તાજગી દેખાય છે. વિષયનું નિરૂપણ એટલું સરલ અને સ્વાભાવિક રીતે કરવામાં આવે છે કે સાધારણ વાચકને તો ખયાલ પણ ન આવે કે પોતે ફિલસૂફીના કયા સિદ્ધાન્ત પરથી કયાં જઈ ચડે છે.

વળી વ્યક્તિ અને સમાજના સંબંધનું સમાજશાસ્ત્રના દૃષ્ટિબિંદુથી પ્લેટો એવી રીતે નિરૂપણ કરે છે કે આપણા આજના સામ્યવાદી સિદ્ધાન્તોના જેવી એ ભૂલ કરતો નથી. વ્યક્તિ સમાજનું માત્ર જડ અંગ નથી, સમાજને જીવન્ત રાખવો હોય તો વ્યક્તિ પોતે જીવન્ત હોવી જોઈએ એટલે કે વ્યક્તિએ પોતાનો સર્વાંગી વિકાસ સાધવો જોઈએ, અને સમાજમાંના શાસનકર્તાઓએ તો ષષ્ઠના તત્ત્વનો— શુદ્ધ સૌંદર્યનો સાક્ષાત્કાર કરવાનો છે અને તે દ્વારા અમૃતત્વ પ્રાપ્ત કરીને સમસ્ત સમાજનો કાર્યભાર ઊંચકવાનો છે. એટલે કે આપણી સાધારણ સ્થિતિમાં ભલે વ્યક્તિ અને સમાજ વચ્ચે ઘર્ષણ હોય, અને બંનેનાં હિત એકબીજાનાં વિરોધી લાગે પણ વ્યક્તિ પોતે જો પોતાના આત્માને જાણે, તો એવી વ્યક્તિનું સમાજ પોતે અંગ બની રહે છે, નહિ કે વ્યક્તિ સમાજનું અંગ—અને સામાજિક બંધારણ વ્યક્તિનો 'ધર્મ' બની રહે છે.

* * *

કોઈકે દિવસ કોઽપિ સમાનધર્મા આપણી ભાષામાં પ્લેટોના બીજા સંવાદોનું ભાષાન્તર કરે તો તે વખતે વાચકોને પ્રસ્તુત પુસ્તકમાં આવેલા સમાન્તર વિચારોની સરખામણી કરવા ઉપયોગી થઈ પડે એ આશાએ ઘણી જગ્યાએ બીજા સંવાદોની કલમો અને વિચારો ટાંકેલા છે. વળી અહીં એટલું ઉમેરવું જોઈએ કે ગ્રીક

ફિલસૂફીના અને મુખ્યત્વે પ્લેટોની ફિલસૂફીના સર્વમાન્ય થયેલા સિદ્ધાન્તોની વિગતોને જ ઉપોદ્ઘાતમાં ઉતારવાનો પ્રયત્ન કર્યો છે. અને ગ્રીક ફિલસૂફીના પ્રમાણભૂત ગણાતા ઝેલર, ગોમ્પર્ઝ, એડેમ, ટેલર, બર્નેટ, સ્ટુઅર્ટ, બેન તથા પાશ્ચાત્ય ફિલસૂફીના ઈતિહાસકાર યુખરવેગ તથા વિન્ડેલબેન્ડ વગેરેના ગ્રંથોનો આધાર અમુક રીતે લીધો છે, અને છતાં મારે અહીં એટલો ઉલ્લેખ કરવો જરૂરી છે કે હીરકલેઈટોસની ફિલસૂફીના નિરૂપણમાં મેં મુખ્ય શ્રી અરવિંદની 'હીરાકલેઈટોસ' નામની નાની પણ અત્યંત તલસ્પર્શી પુસ્તિકાનો આધાર લીધો છે. તે પુસ્તિકા શ્રી અરવિંદે મારા પ્રોફેસર રામચંદ્ર દત્તાત્રય રાનડેએ 'હીરેકલેઈટોસ' પર અમુક લેખો લખેલા તેના જવાબરૂપે લખેલી. નાની વયમાં મારા પિતાએ ફિલસૂફીના ક્ષેત્રમાં "અન્ન-પ્રાશન" કરાવેલું, પરંતુ તેનાં કક્કો બારાખડી પ્રો. રાનડે પાસે શીખેલો; તેઓ માત્ર ફિલસૂફીના પ્રોફેસર જ ન હોતા પરંતુ સન્ત હતા, તેમનો અહીં આભાર માનું તો અયોગ્ય નહિ ગણાય. બાકી ફિલસૂફી કે તત્ત્વજ્ઞાન (Metaphysics) ના વિષયમાં અથવા ચિત્તવિજ્ઞાનની તથા જીવનમાં સાધનાની દૃષ્ટિએ જે કંઈ સૂઝ મને મળી છે, તે શ્રી અરવિંદની દેણગી છે. અમુક સંબંધો એટલા પવિત્ર હોય છે કે બાહ્ય શિષ્ટાચારની દૃષ્ટિએ આભાર માની શકાતો નથી. તેથી એમના નામનો માત્ર ઉલ્લેખ કરી હું અહીં વિરમું છું.

છેવટ આ કામ મને સોંપી આપણી માતૃભાષાની અને તે દ્વારા ગુજરાતની જે સેવા બજાવવાની તક ગુજરાત વિદ્યાસભાએ મને આપી છે તે માટે વિદ્યાસભાનો પણ હું આભાર માનું છું.

'હરિ-નાવ', અમદાવાદ-૯
તા. ૨૧-૩-૬૪

પ્રાણજીવન વિ. પાઠક

પ્લેટોનું
આદર્શ નગર

પ્લેટોનું આદર્શ નગર

પરિચ્છેદ ૧

સંવાદનાં પાત્રો

સોક્રેટિસ—જે વૃત્તાંત કહી જાય છે.	સેફેલસ
ગ્લાઉકોન	થ્રેસિમેકસ
એડેઈમેન્ટસ	કલેઈટોફોન
પોલિમાર્કસ	અને બીજા મૂક શ્રોતાજનો.

પિરેઇયસમાં× આવેલા સેફેલસના ઘરનું દૃશ્ય છે; અને (પ્લેટોના)–'ટિમિયસ' (નામના બીજા સંવાદ)માં આવતા ટિમિયસ, હર્મોક્રેટિયસ, ક્રિટિયસ અને એક અનામી પુરુષને, જે દિવસે આ સંવાદ સાચેસાચ થયો તેને બીજે દિવસે, સોક્રેટિસ આખેઆખો કહી જાય છે.

(૩૨૭) દેવીની[1] પ્રાર્થના કરવા, અને જે ઉત્સવ મારે મન તો નવી જ વસ્તુ હતી તે કેવી રીતે ઉજવાય છે એ જોવાને પણ, હું કાલે એરિસ્ટોનના પુત્ર ગ્લાઉકોનની સાથે પિરેઇયસ ગયો હતો. પુરવાસીઓનું સરઘસ જોઈ મને બહુ આનંદ થયો; પરંતુ થ્રેશિયન લોકોનું સરઘસ, વધારે નહિ તો, આપણા જેટલું જ સુંદર હતું.

(બ) અમારી પ્રાર્થના પૂરી થઈ અને દૃશ્ય જોઈ લીધું એટલે અમે શહેર ભણી વળ્યા; અને ઘર તરફ આવવા અમે નીકળ્યા

×એથેન્સ પાસેનું એક સ્થાન. એથેન્સનું બંદર દરિયાકાંઠે આવેલું અને મુખ્યત્વે ખારવા, વહાણો અને તેને અંગે જુદીજુદી વસ્તુઓ બનાવનારા કારીગરો, દેશદેશના સફર ખેડતા વેપારીઓ, કાચા માલની વખારો, કારખાનાં, ઇત્યાદિથી ઊભરાતું એથેન્સનું પરું.

૧. બેન્ડિસ દેવી—થ્રેશિયન લોકોની આર્ટેમિસ.

એટલામાં સેફેલસના પુત્ર પોલિમાર્કસે અકસ્માત અમને દૂરથી જોયા, અને પોતાના નોકરને દોડતો મોકલી પોતા માટે રાહ જોવા અમને કહેવરાવ્યું. નોકરે આવી પાછળથી મારો ઝભ્ભો પકડયો અને કહ્યું: "પોલિમાર્કસ ઇચ્છે છે કે આપ જરા થોભો."

મેં પાછું વળી જોયું, અને એનો શેઠ ક્યાં છે એમ પૂછયું.

જુવાન નોકરે કહ્યું: એ ત્યાં રહ્યા—આપની પાછળ જ આવે છે, આપ જરા થોભો તો.

(ક) ગ્લાઉકોને કહ્યું: જરૂર; અને થોડી જ વારમાં પોલિમાર્કસ અને તેની સાથે એડેઇમેન્ટસ, ગ્લાઉકોનનો ભાઈ, નિશિયસનો પુત્ર નિસેરેટસ અને બીજા કેટલાક જે સરઘસમાં ગયા હતા તે બધા દેખાયા.

પોલિમાર્કસે મને કહ્યું: હું ધારું છું સોક્રેટિસ, તમે અને તમારા સાથી અત્યારથી શહેર તરફ ઊપડયા છો કેમ?

મેં કહ્યું: તમારી અટકળ ખોટી નથી.

પણ,—તેણે જવાબ વાળ્યો, અમે કેટલા છીએ એની તમને ખબર છે?

અલબત્ત.

અને આ બધાને શું તમે પહોંચી વળી શકશો? કારણ, નહિ તો, જ્યાં છો ત્યાં ના ત્યાં જ તમારે રહેવું પડશે.

મેં કહ્યું: અમે તમને મનાવીએ, અને તમે અમને જવા દો એવો વિકલ્પ પણ શું ન હોઈ શકે?

તેણે કહ્યું: અમે તમને સાંભળીએ જ નહિ, તો પછી તમે અમને કંઈ મનાવી શકો?

ગ્લાઉકોને કહ્યું: નહિ જ વળી.

ત્યારે તો અમે કશું સાંભળવાના નથી એટલી ખાત્રી રાખજો.

(૩૨૮) એડેઇમેન્ટસે ઉમેર્યું: સાંજ પડે દેવીની પૂજાર્થે મશાલો સાથે ઘોડેસવારોની શરત થવાની છે એની તમને શું ખબર જ નથી?

મેં જવાબ આપ્યો : ઘોડેસવારોની ! એ વળી નવી નવાઈ. શું ઘોડેસવારો દોડતાં દોડતાં બળતી મશાલો પહેલો બીજાને અને બીજો ત્રીજાને એમ આપશે ?

પોલિમાર્કસે કહ્યું : હા, અને એટલું જ નહિ પણ રાત્રે એક મોટો ઉત્સવ ઉજવાશે; એ તમારે તો જરૂર જોવો જોઈએ. આપણે વાળુ કરીને તરત પાછા આ ઉત્સવ જોવા આવીશું; જુવાનિયાઓ ત્યાં ભેગા મળશે, અને વાતો કરવાની ત્યાં મઝા પડશે. તમે હા–ના (ચ) ન કરો અને રોકાઈ જાઓ.

ગ્લાઉકોને કહ્યું : તમે આગ્રહ કરો છો, એટલે અમારે રોકાવું જ રહ્યું ને !

મેં કહ્યું : બહુ સારું.

અને અમે પોલિમાર્કસની સાથે એને ઘેર ગયા; અને ત્યાં એના ભાઈઓ લિસિયસ અને યુથિડેમસ, અને તેમની સાથે કેલ્ડોનિયાનો ટ્રેસિમેકસ, પિયેનિયન કાર્મેન્ટાઈડિઝ અને એરિસ્ટોનિમસનો પુત્ર કલેઈટોફોન એટલાને અમે જોયા. પોલિમાર્કસના પિતા સેફેલસ જેમને હું ઘણા વખતથી મળ્યો નહોતો તે પણ ત્યાં હતા, અને મને એ ઘણા જ ઘરડાઈ ગયેલા લાગ્યા. ગાદીવાળી ખુરશી પર એ બેઠા હતા, ફળિયામાં તેમણે હોમ કરેલો, તે વખતની (ક) ફૂલની માળા હજી એમના માથાપર હતી. અને ખંડમાં અર્ધગોળાકારમાં બીજી ખુરશીઓ ગોઠવી હતી ત્યાં તેમની પાસે જઈ અમે બેઠા. ઉત્સુકતાથી એમણે મને નમસ્કાર કર્યા, અને પછી કહ્યું :

તમારે તો મને મળવા ઘણી વાર આવવું જોઈએ, પણ તમે નથી આવતા. જો બહાર જઈ તમને મળવા આવવા જેટલી મારામાં હજી શક્તિ હોત, તો મને મળવા આવવાનું હું તમને ન કહેત. પણ આટલી ઉમ્મરે શહેર સુધી મારાથી ભાગ્યે આવી શકાય, અને તેથી તમારે અવારનવાર પિરેઇયસ આવવું જોઈએ. કારણ, (ડ) મને કહેવા દો કે જેમ જેમ ઇંદ્રિયોનાં સુખભોગ ઓસરે છે, તેમ તેમ વાર્તાલાપનો આનંદ અને આકર્ષણ વધતાં જાય છે. તો પછી

મારી વિનંતીનો તમે અસ્વીકાર ન કરો, પણ અમારે ઘેર જ તમે રહો, અને આ જુવાનિયાઓને તમારો સત્સંગ આપો; આપણે જૂના મિત્રો છીએ અને અમારી સાથે તમને સાવ ઘર જેમ ગોઠી જશે.

મેં જવાબ આપ્યો : સેફેલસ! વૃદ્ધ પુરુષો સાથે વાતો કરવા જેટલું મને પોતાને બીજું કશું ગમતું નથી. કારણ જે રસ્તે મારે પણ કદાચ જવું પડે તે રસ્તે જેમણે મજલ કાપી છે, અને 'રસ્તો સરલ અને સહેલો છે કે મુશ્કેલ અને ખરબચડો છે' એ (૬) વિશે જે મુસાફરોને મારે પૂછવું જોઈએ તેવા હું તેમને ગણું છું. અને જેને કવિઓ "ઉત્તરાવસ્થાનો ઊમરો" કહે છે, તે ઉમ્મરે તમે પહોંચ્યા છો તો તમને એક પ્રશ્ન પૂછવાનું મને મન થાય છે—'શું અંત પાસે આવે તેમ તેમ જીવન વધારે દુઃસહ થાય છે,—અથવા, તમે પોતે શું માનો છે?'

(૩૨૯) તેણે કહ્યું ; સોક્રેટિસ, મને પોતાને કેવી લાગણી થાય છે તે હું તમને કહીશ. મારી ઉમ્મરના માણસો ટોળે મળી એકઠા થાય છે. કહેવતમાં છે તેમ અમે એક જ પીંછાનાં પંખીઓ છીએ, અને અમે મળીએ, ત્યારે સામાન્ય રીતે આમારામાંના ઘણા-ખરાની આ એક જ ફરિયાદ હોય છે, કે—મારાથી ખવાતું નથી, મારાથી પીવાતું નથી. જુવાનીનાં અને પ્રેમનાં સુખો દૂર ઊડી ગયાં છે; એક વાર અમુક ઉંમરે અમે સુખી હતા, પણ (બ)—ते हि नो दिवसा गताः અને અત્યારે જીવન એ જીવન રહ્યું નથી. સગાં-સંબંધીઓ તેમના પર અપમાન લાદે છે તે વિશે કેટલાએક ફરિયાદ કરે છે, અને વૃદ્ધાવસ્થા કેટલાં કેટલાં અનિષ્ટોનું કારણ છે તે વિશે દિલગીર થઈ તેઓ લાંબું લાંબું બોલ્યા કરે છે. પણ, સોક્રેટિસ, મને લાગે છે કે જેનો કશો દોષ નથી તેનો આ બધા વાંક કાઢે છે. કારણ જો વૃદ્ધાવસ્થા જ આ બધાનું કારણ હોય, તો હું વૃદ્ધ છું તેથી મને અને બીજા દરેક વૃદ્ધ માણસને, એમને લાગે છે એમ જ લાગતું હોત. પણ હું જેમને ઓળખું છું તેમનો અને મારો અનુભવ જુદો છે.

(ક) 'અરે સોફોકિલસ, વૃદ્ધાવસ્થા અને પ્રેમને કેવુંક બને છે—' એ પ્રશ્નનો વૃદ્ધ કવિ સોફોકિલસે આપેલો ઉત્તર મને સ્પષ્ટ યાદ છે. તેણે એવો જવાબ આપ્યો હતો : ધીરજ રાખો, તમે જેની વાત કરો છો એ અનુભવમાંથી સદ્‌ભાગ્યે હું બચી ગયો છું—જાણે કોઈ ઉન્મત્ત અને ઉગ્ર શેઠના પંજામાંથી હું બચી ગયો હોઉં એમ મને લાગે છે. તેના શબ્દો ત્યાર પછી મને ઘણી વાર યાદ આવ્યા છે, અને એ બોલ્યો ત્યારે તે જેટલા સાચા લાગ્યા હતા એટલા જ સાચા અત્યારે પણ તે મને લાગે છે. કારણ વૃદ્ધાવસ્થામાં શાંતિ અને સ્વાતંત્ર્યની ઊંડી લાગણી રહેલી હોય છે; જ્યારે વિકારોનો દોર નરમ પડે છે, ત્યારે, સોફોકિલસે કહ્યું છે તેમ, (ડ) માત્ર એક જ ઉન્મત્ત શેઠના નહિ, પણ બીજા ઘણાના પંજામાંની આપણે છૂટીએ છીએ. સૉક્રેટિસ, ખરી હકીકત એ છે કે આ કલેશો અને સગાંસંબંધીઓ વિશેની ફરિયાદો વૃદ્ધાવસ્થાને નહિ પણ માણસનું ચારિત્ર્ય અને સ્વભાવને આભારી છે; કારણ જે સ્વભાવે શાંત અને સંતુષ્ટ છે તે વૃદ્ધાવસ્થાની પીડા ભાગ્યે જ અનુભવે છે, પણ જેઓ આથી ઊલટા સ્વભાવના હોય છે તેમને તો વૃદ્ધાવસ્થા અને જુવાની બન્ને એક સરખાં ભારરૂપ થઈ પડે છે.

હું વિસ્મયપૂર્વક સાંભળતો હતો, અને તે બોલતા અટકી ન જાય, પણ કંઈ વધારે કહે એ ઇચ્છાએ મેં કહ્યું : (ઢ) ખરું, સેફેલસ, પણ તમે એમને આમ કહેતા હશો તે કંઈ એ લોકોને ગળે નહીં ઉતરતું હોય એવો સંદેહ મને રહે છે. તેઓ તો એમ માનતા હશે કે તમે સ્વભાવે સંતુષ્ટ છો તેને લીધે નહિ, પણ તમે શ્રીમંત છો એ કારણે વૃદ્ધાવસ્થા તમને સહ્ય લાગે છે, અને લક્ષ્મીથી મોટું સાંત્વન મળી રહે છે એ તો પ્રસિદ્ધ વાત છે.

તેણે જવાબ આપ્યો : તમે ખરું કહો છો, તેમના મનમાં મારી વાત ઠસતી નથી, અને તેઓ કહે છે એમાં પણ કંઈક તથ્ય છે, પણ તેઓ કહે છે એટલું નથી. સેરીફિયન નાગરિક થેમિસ્ટૉકિલસને

ગાળો ભાંડતો અને કહેતો કે તે પોતાના ગુણોને લઈને નહિ પણ એથિનિયન હતો માટે પ્રખ્યાત થઈ શકયો—એના જવાબમાં ચેમિસ્ટૉકિલસે જે કહ્યું તે જ જવાબ હું તેમને આપી શકું :

(૩૩૦) 'જો તું મારા દેશનો વતની હોત, અને હું તારા દેશનો હોત, તો આપણા બેમાંથી એકે પ્રખ્યાત થઈ શકયો ન હોત.' અને જેઓ શ્રીમંત નથી તથા વૃદ્ધાવસ્થાથી કંટાળી ગયા છે તેમને એ જ ઉત્તર આપી શકાય; કારણ સદાચારી પણ ગરીબ માણસ પર વૃદ્ધાવસ્થાનો બોજો કંઈ ઓછો પડતો નથી, તેમજ દુષ્ટ શ્રીમંત માણસને જુવાનીમાં કે ધડપણમાં કદાપિ શાંતિ મળી શકતી નથી.

સેફેલસ, હું એક પ્રશ્ન પૂછું? તમારી મૂડી તમને વારસામાં મળેલી કે તમારી આપકમાઈની છે?

(ચ) આપ કમાઈની, સૉક્રેટિસ, હું કેટલું કમાયો એ તમારે જાણવું છે? પૈસા કમાવાની કળામાં હું મારા બાપ અને દાદાની મધ્યમાં છું. કારણ મારા દાદા, જેમના પરથી મારું નામ પાડવામાં આવ્યું છે તેમને અત્યારે મારી મિલકત છે તેટલું વારસામાં મળેલું, પણ તેમણે તે મિલકતને બમણી અને ત્રણગણી કરી; પણ મારા બાપ લિસેનિયસે એ અત્યારે છે તેના કરતાં ઓછી કરી નાંખેલી અને આ મારા પુત્રો માટે, મને મળેલું તેથી ઓછું નહિ, પણ જરા વધારે મૂકતો જાઉં, તો તેટલાથી હું સંતુષ્ટ છું.

મેં જવાબ આપ્યો : મેં તમને એટલા માટે જ આ પ્રશ્ન પૂછ્યો હતો. કારણ મને લાગે છે કે તમે લક્ષ્મી વિશે ઉદાસીન (ક) છો; અને જેમને જાતે પૈસા કમાવા પડયા હોય તેમના કરતાં જેમને બાપકમાઈની મિલકત મળી હોય તેમનામાં આ બાસિયત વધારે રહેલી હોય છે. ઉપયોગ અને નફો કરી શકાય તે કારણે પૈસા તરફ જે સ્વાભાવિક પ્રેમ થાય છે તે સાધારણ માણસોમાં તેમ જ જેમણે જાતે મિલકત એકઠી કરી છે તેમનામાં સમાન હોય છે; પરંતુ આ ઉપરાંત, માબાપોને પોતાનાં છોકરાં તરફ જે વહાલ હોય

છે, અથવા લેખકોને પોતાનાં કાવ્યો પ્રત્યે જે મમતા બંધાય છે, તેને મળતો, સ્વયં ઉપાર્જિત મિલકત પોતાની જ કૃતિ છે એ તરીકેનો, પૈસા પ્રત્યેનો બીજા વધારાનો પ્રેમ જેમણે જાતે સંપત્તિ મેળવી છે તેમનામાં હોય છે. અને આથી તેમની સોબત કંઈ લાભકારક નથી નીવડતી, કારણ દ્રવ્યનાં ગુણગાન ગાયા સિવાય તેઓ બીજી કશી વાત કરી શકતા નથી.

તેણે કહ્યું: એ ખરું છે.

(ડ) હા, એ સાવ સાચું છે, પણ હું બીજો પ્રશ્ન પૂછું? તમારી સંપત્તિને લીધે તમને મોટામાં મોટો કયો લાભ થયો છે એમ તમે માનો છો?

તેણે કહ્યું: બીજાઓના મનમાં જે હું જલદી ન ઠસાવી શકું એવો એક લાભ થયો છે. કારણ, સોક્રેટિસ, મને એટલું તો કહેવા દો કે પોતે મૃત્યુની નજીક જ છે એમ જ્યારે માણસ માને છે, ત્યારે પહેલાં કદી નહિ અનુભવેલી ચિંતા અને બીક એનાં મનમાં પેસે છે; મોત પછીની નીચલી દુનિયાની, અને અહીં કરેલાં કર્મો માટે ત્યાં જે શિક્ષા કરવામાં આવે છે (૬)—તેની વાતો અત્યાર સુધી એને મન એક હસવાનો વિષય હતો; પણ હવે એ બધું કદાચ સત્ય હોય એવા વિચારે તે પીડાય છે: કાં તો વૃદ્ધાવસ્થાની નબળાઈને લીધે, અથવા એ સ્થાનની વધારે નજીક એ જતો જાય છે તે કારણે, આ બાબતોનું દૃશ્ય તેની સમક્ષ વધારે સ્પષ્ટતાથી બહુ થાય છે; સંશયો અને ભીતિઓ ઉપરાઉપરી ટોળાબંધ તેના મનમાં ઉભરાય છે, અને બીજાઓનું જે કંઈ અનિષ્ટ કર્યું હોય તેની તે આલોચના કરે છે, અને તે વિશે વિચાર કરે છે. અને જ્યારે એને સમજાય છે કે પોતાના પાપનો સરવાળો મોટો છે, ત્યારે બાળકની જેમ બીકથી ઊંઘમાં ઘણી વાર તે ચમકી ઊઠે છે અને ભવિષ્ય વિશેના નબળા વિચારો તેનો પીછો છોડતા નથી. પણ પોતે પાપ કર્યાં છે એવું (૩૩૧) જે માણસનું ભૂતકાલનું દર્શન નથી, તેની વૃદ્ધાવસ્થામાં તો, પિન્ડારે

મનોરમ રીતે કહ્યું છે તેમ, 'મધુર આશા દયાની દેવી થઈ પડે છે.'

તે કવી ગયો છે : 'જે આશા મનુષ્યના ક્ષુબ્ધ આત્મા પર સૌથી જબરું પ્રભુત્વ મેળવી શકે છે—તે આશા જેણે જેણે ધર્મમાં અને પવિત્રતામાં પોતાનું જીવન ગાળ્યું છે તેના આત્માનું પાલન કરે છે, તેના જીવનપથની સહચારિણી થઈ રહે છે, અને વૃદ્ધાવસ્થામાં તેની સારવાર કરે છે.'

તેના શબ્દો કેટલા પ્રશંસનીય છે ! અને—'દરેકને—' (ब) એમ હું કહેતો નથી, પણ સદાચારી માણસને સંપત્તિથી જે મોટો લાભ થાય છે તે એ છે કે જાણ્યે કે અજાણ્યે બીજાઓને છેતરવાનો કે ઠગવાનો એકે પ્રસંગ તેને આવતો નથી; અને જ્યારે તેને મૃત્યુ પછીની નીચેની દુનિયામાં જવાનો પ્રસંગ આવી લાગે છે, ત્યારે દેવતાઓને આપવાના બલિ કે લેણુદારોનાં માગણાં સંબંધી તેને કશી બીક રહેતી નથી. માણસ પાસે જે દ્રવ્ય હોય તો મનની આ શાંતિ મેળવવામાં તે ખૂબ જ સહાયભૂત થાય છે; અને તેથી હું કહું છું કે વિગતોની સામસામી તુલના કરતાં વિવેકી જનને સંપત્તિથી જે ઘણા લાભો મળે છે તેમાંનો આ લાભ મારા અભિપ્રાય પ્રમાણે સૌથી મોટો છે.

(क) મેં ઉત્તર આપ્યો :* સેફેલસ, ખરેખરી વાત કહો છો; પણ ધર્મ સંબંધે—એટલે ?—સાચું બોલવું અને પોતાનાં દેવાં પતાવવાં —એનાથી કંઈ જ વિશેષ નહિ ? અને આમાં પણ શું અપવાદો નથી આવતા ? ધારો કે એક મિત્ર, જ્યારે એનું મન ઠેકાણે હોય ત્યારે મને શસ્ત્રો સાચવવા આપે છે, અને પછી જ્યારે એનું મગજ ક્ષુબ્ધ બને ત્યારે એ પાછાં માગે છે. આવે પ્રસંગે મારે તે શસ્ત્રો શું એને પાછાં આપવાં જોઈએ ? તેના જેવી સ્થિતિમાં કોઈ હોય, અને મારે તેવા સાથે સાચું બોલવું જ જોઈએ, એમ જેમ કોઈ નહિ કહે, તેવી જ રીતે, મારે તે શસ્ત્રો પાછાં આપવાં જોઈએ અગર હું તેમ કરું તો સારું કર્યું કહેવાય—એમ કોઈ જ નહિ કહે.

* વ્યાખ્યા ૧.

(ડ) તેણે જવાબ આપ્યો : તમે તદ્દન ખરું કહો છો.

મેં કહ્યું : તો પછી—સાચું બોલવું અને પોતાનાં દેવાં પતાવવાં, એવી ધર્મની વ્યાખ્યા ખરી નથી.

પોલિમાર્કસ વચ્ચે બોલી ઊઠ્યો : સાઇમનાઈડિસનું* કહેવું આપણે માનીએ, તો, સૉક્રેટિસ, એ ખરું છે.

સેફેલસે કહ્યું : મને લાગે છે મારે હવે જવું જોઈએ, કારણ હોમહવનનાં કર્તવ્ય મારે તો ન ચૂકાય; અને આ ચર્ચા પોલિમાર્કસ અને બીજા જે બેઠા છે તેમને હું સોંપતો જાઉં છું.

મેં કહ્યું : પોલિમાર્કસ તમારો વારસ જ છે ને?

તેણે જવાબ આપ્યો : જરૂર, અને હોમ થતો હતો તે બાજુ એ હસતો હસતો ચાલ્યો ગયો.

(ઢ) અરે દલીલના વારસ! ધર્મ વિશે સાઇમનાઈડિઝે જે કંઈ કહ્યું છે, અને જે ખરું છે એમ તું માને છે, એ ત્યારે તું મને કહે.

તેણે કહ્યું છે કે દેવું પતાવવું એ ધર્મ છે, અને એમ બોલવામાં એ ખરું કહે છે એમ મને લાગે છે.

એવા શાણા અને પ્રતિભાશાળી માણસનાં વચન પર મને શંકા ઉપજે તે બાતર હું દિલગીર છું; પરંતુ એનો અર્થ કદાચ તમને સ્પષ્ટ હશે પણ મને સ્પષ્ટથી ઊલટો છે. કારણ આપણે હમણાં જ કહેતા હતા તેમ એનો કહેવાનો ભાવાર્થ એવો હોઈ જ ન શકે, કે જ્યારે કોઈ માણસનું મગજ ઠેકાણે ન હોય, ત્યારે એણે સાચવવા આપેલાં હથિયાર કે બીજી કોઈ પણ વસ્તુ તે માગે એટલે મારે પાછી આપવી. (૩૩૨) અને છતાં એવો ન્યાસ એક પ્રકારનું દેવું છે એની ના પાડી નહિ શકાય.

ખરું.

---

* સાઇમનાઈડિઝ : કહેવતરૂપ થઈ પડેલાં ઘણાં સુભાષિતો ગ્રીક પ્રજામાં સાઇમનાઈડિઝનાં રચેલાં મનાતાં હતાં.

તો જ્યારે માણસ માગતી વખતે બરોબર શુદ્ધિમાં ન હોય, ત્યારે મારે કોઈ પણ પ્રકારે એની વસ્તુ પાછી આપવી ન જોઈએ.

જરૂર નહિ.

જ્યારે સાઈમિનાઈ ડિઝે એમ કહ્યું કે દેવું પાછું આપવું એ ધર્મ છે, ત્યારે આ પ્રસંગનો તેમાં સમાવેશ કરવો એવો તેનો અર્થ નહોતો.

જરૂર નહિ; કેમકે તેનો મત તો એવો છે કે મિત્રે પોતાના મિત્રનું કોઈ દિવસ અનિષ્ટ કરવું ન જોઈએ, પણ હંમેશાં તેનું ભલું જ કરવું જોઈએ.

(બ) શું તમારો અર્થ એ છે કે, બન્ને પક્ષો જો એક બીજાના મિત્રો હોય, તો લેનારને નુકસાન કરે એવા સંજોગોમાં સોનાની થાપણ પાછી આપવામાં આવે તો તે કંઈ દેવું ભરપાઈ કર્યું ગણાય નહિ (એટલે કે) એણે એમ કહ્યું હોત એમ તમે કલ્પો છો ખરા?

હા.

અને દુશ્મનોનું આપણી પાસે જે લેણું હોય તે તેમને પણ શું ન મળવું જોઈએ?

તેણે જવાબ આપ્યો: જરૂર, આપણી પાસે તેમનું જે લેણું હોય એ જ તેમને મળશે; અને હું સમજું છું તે પ્રમાણે, જે દેય અને ઉચિત છે—એટલે કે (અહીં) અનિષ્ટ—તેનું જ લેણું એક દુશ્મનનું બીજા દુશ્મન પાસે નીકળી શકે.

તો તો કવિઓની પદ્ધતિ અનુસાર સાઈમિનાઈ ડિઝ પણ (ક) ધર્મના સ્વરૂપ વિશે અસ્પષ્ટતાથી બોલે છે એમ લાગે છે; કારણ એને ખરેખર કહેવું હતું તો આ—કે દરેકને જે કંઈ ઉચિત હોય તે તેને આપવું તેનું નામ ધર્મ અને તેને એ દેવું કહે છે!

તેણે કહ્યું: તેના કહેવાનો અર્થ એવો જ હોવો જોઈએ.

મેં જવાબ આપ્યો: અરે ભગવાન!—અને આયુર્વેદમાં કઈ દેય અને ઉચિત વસ્તુ કોને આપવામાં આવે છે એમ જો આપણે પૂછીએ, તો એ (સાઈમિનાઈ ડિઝ) આપણને કેવો જવાબ આપે એમ તમે માનો છો?

એ ઉચિત એવો ઉત્તર આપે કે માનવ શરીરને આયુર્વેદ દવા, દારુ અને માંસ આપે છે.

અને પાકશાસ્ત્ર અનુસાર કઈ દેય અને ઉચિત વસ્તુ આપવામાં આવે છે, અને કોને ?

(ડ) ખોરાકને સ્વાદિષ્ટ બનાવવામાં આવે છે.*

અને ધર્મ કોને શું આપે છે ?

સોક્રેટિસ, ઉપર કહેલાં દૃષ્ટાંતો સાથેના સાદૃશ્યથી આપણે દોરાઈએ, તો ધર્મ એક એવી કલા છે, કે જે દુશ્મનોને અનિષ્ટ અને મિત્રોને ઇષ્ટ અર્પે છે. ×

ત્યારે ધર્મનો અર્થ આ છે કેમ ?

હું એમ માનું છું.

અને માંદગીને વખતે શત્રુઓનું અનિષ્ટ અને મિત્રોનું ઇષ્ટ સૌથી વધારે સાધવાને કોણ શક્તિમાન છે ?

વૈદ્ય

(ઢ) અને દરિયાના જોખમમાં જ્યારે તેઓ મુસાફરી કરતા હોય, ત્યારે ?

સુકાની.

અને કેવાં કામો કરીને અથવા કયાં પરિણામને દૃષ્ટિ સમક્ષ રાખીને ધર્મિષ્ઠ માણસ પોતાના દુશ્મનને સૌથી વધારે નુકસાન અને મિત્રોને સૌથી વધારે ફાયદો કરી શકે ?

એકની સામે લડાઈ જાહેર કરીને અને બીજાની સાથે મિત્રાચારીના કોલકરાર કરીને.

પણ પ્રિય પોલિમાર્કસ, જ્યારે માણસ તંદુરસ્ત હોય ત્યારે તેને વૈદ્યની જરૂર પડતી નથી.

ના.

---

* ખોરાકને સ્વાદ અર્પવામાં આવે છે—એમ શબ્દશઃ થાય. અહીં ખોરાક વિષય અને સ્વાદ એ દેય અથવા ઉચિત વસ્તુ.

× વ્યાખ્યા ૨.

અને જે દરિયાઈ મુસાફરી કરવા નીકળ્યો નથી તેને સુકાનીની જરૂર પડતી નથી.

ના.

ત્યારે શાંતિના સમયમાં ધર્મનો કંઈ પણ ઉપયોગ નહિ રહે, ખરું ?

હું જરા પણ એમ માનતો નથી.

(૩૩૩) (ત્યારે) શાંતિ તેમ જ લડાઈને વખતે ધર્મ ઉપયોગી થઈ શકે એમ તમે માનો છો, નહિ ? *

હા.

અનાજ મેળવવું હોય તો જેમ ખેતીની જરૂર પડે તેમ ?

હા.

અથવા કોઈને જોડાની જરૂર હોય, તો મોચીનો ધંધો ઉપયોગી થઈ પડે, તેમ—તમારા કહેવાનો અર્થ તે જ છે ખરું ?

હા.

અને એ જ રીતે શાંતિના સમયમાં ધર્મનો કયો ઉપયોગ હોઈ શકે, અથવા શું સાધવા એ શક્તિમાન છે ?

સોક્રેટિસ, કરારો કરવામાં ધર્મ ઉપયોગી થઈ પડે છે.

અને કરારો એટલે ભાગીદારી ખરું ને ?

એ જ.

(બ) પણ વાઘબકરીની રમતમાં એક નિપુણ રમનાર વધારે સારો ભાગીદાર થઈ શકે કે એક ધર્મિષ્ઠ માણસ ?

નિપુણ રમનાર.

અને પથરા તથા ઈંટોના ચણતરમાં એક કડિયા કરતાં ધર્મિષ્ઠ માણસ વધારે ઉપયોગી કે વધારે સારો ભાગીદાર થઈ શકે ખરો ?

તેનાથી ઊલટું જ છે :

તો પછી 'હાર્પ' બજાવવામાં ધર્મિષ્ઠ માણસ કરતાં 'હાર્પ' બજાવનાર જ અચૂક વધારે સારો ભાગીદાર છે, ત્યારે કઈ જાતની ભાગીદારીમાં હાર્પ બજાવનાર કરતાં ધર્મિષ્ઠ માણસ વધારે સારો ભાગીદાર નીવડશે ?

---

* વ્યાખ્યા ૩.

પૈસાની ભાગીદારીમાં.

એ ખરું, પણ પોલિમાર્કસ, પૈસાનો જ્યાં ઉપયોગ કરવાનો હોય તેમાં તો નહિ જ; કારણ એક ઘોડાને વેચવો હોય કે ખરીદવો હોય તેમાં ધર્મિષ્ઠ માણસની સલાહની તમને જરૂર નથી; તે (વખતે) જે (ક) માણસ ઘોડાઓનો જાણકાર હોય તે વધારે સારો નીવડે, કેમ નહિ ?

જરૂર.

અને જ્યારે તમારે વહાણ ખરીદવું હોય, ત્યારે વહાણનો ઘડનાર અથવા સુકાની વધારે સારો ખરું ?

ખરું.

ત્યારે રૂપા અથવા સોનાનો એવો કયો બીજો ઉપયોગ છે જેમાં આપણે ધર્મિષ્ઠ માણસને પસંદ કરીએ ?

જ્યારે તમારે અમુક અનામત રકમ સહીસલામત મૂકવી હોય, ત્યારે.

એટલે એમ જ ને, કે જ્યારે નાણાંની જરૂર ન હોય, પણ પડ્યાં રહેવા દેવાનાં હોય, ત્યારે ?

એ જ.

એટલે કે જ્યારે નાણાં બિનઉપયોગી પડ્યાં રહે, ત્યારે ધર્મ ઉપયોગમાં આવે ?

(ડ) અનુમાન એવું જ નીકળે છે.

અને જ્યારે તમારે છોડ કાપવાની છરી (કામ વગર) સહીસલામત રાખવી હોય ત્યારે રાજ્યને અને વ્યક્તિને ધર્મ ઉપયોગી થઈ પડે છે, પણ જ્યારે તમારે તેનું કામ હોય ત્યારે માળીની કળાની જરૂર પડે, નહિ ?

એ સ્પષ્ટ છે.

અને જ્યારે કોઈ 'લાયર' (ગ્રીક તંતુવાદ્ય) અથવા ઢાલને તમારે વાપરવી ન હોય, પણ રાખી મૂકવી હોય, ત્યારે તમે કહેશો કે ધર્મ

ઉપયોગી થઈ પડે છે; પણ જ્યારે તમારે તે વાપરવાં હોય ત્યારે સંગીતની અથવા સૈનિકની કલાની તમને જરૂર પડશે.

અવશ્ય.

અને બીજી બધી વસ્તુઓનું પણ આમ જ—જ્યારે તે બધી નિરુપયોગી હોય, ત્યારે ધર્મ ઉપયોગી છે, અને ઉપયોગમાં આવતી હોય, ત્યારે ધર્મ નિરુપયોગી થઈ રહે છે?

અનુમાન એવું થાય છે.

(૬) ત્યારે ધર્મની કિંમત કંઈ બહુ ન કહેવાય, પણ આ વધારાના મુદ્દા વિશે આપણે વિચાર કરીએ.* મુક્કામુક્કીની રમતમાં કે ઝપાઝપીના કોઈ પણ પ્રસંગે જેને સારામાં સારો ફટકો લગાવતાં આવડતો હશે, તેને જ તે સારામાં સારી રીતે બચાવતાં આવડશે ખરું ને?

જરૂર.

અને રોગને મટાડવામાં કે તેમાંથી બચવામાં જે સૌથી નિપુણ હશે તે જ તે રોગને ઉત્પન્ન કરવામાં સૌથી વધારે શક્તિમાન થશે?

ખરું!

અને દુશ્મન પર જે કોઈ છાનોમાનો હલ્લો (૩૩૪) લઈ જઈ શકે, તે જ પોતાના પડાવનું સારામાં સારી રીતે રક્ષણ કરી શકે ખરું?

અવશ્ય.

ત્યારે જે કોઈ અમુક વસ્તુને સારી રીતે સાચવી શકે તે તેનો સારો ચોર પણ થઈ શકે?

અનુમાન એવું કરવું જોઈએ એમ હું ધારું છું.

ત્યારે ધર્મિષ્ઠ માણસ પૈસા સાચવવામાં સારો હોય તો તેની ચોરી કરવામાં પણ તે સારો હોય?

દલીલમાં ગર્ભિત રીતે એનું સૂચન આવી જાય છે.

ત્યારે છેવટે તો ધર્મિષ્ઠ માણસ એક ચોર નીકળ્યો, અને

---

* વિષયાંતર ૧.

(ब) આ પાઠ તમે હોમર પાસેથી શીખ્યા હશો એવી મને શંકા થાય છે; કારણ ઓડિસિયસનો માતામહ ઑટોલાઇકસ જે હોમરનો બહુ માનીતો છે તેને વિશે બોલતાં તે કહે છે કે:—

'ચોરીમાં અને ખોટી સાક્ષી આપવામાં એ બધા માણસોમાં શ્રેષ્ઠ હતો.—'

અને તેથી તમે અને હોમર અને સાર્પેડનાર્પેડિઝ એકમત થાઓ છો કે ધર્મ ચોરીની કલા છે; માત્ર એ કલાનું આચરણ 'દુશ્મનોના અનિષ્ટ માટે અને મિત્રોના ભલા માટે' કરવાનું—તમે એમ કહેતા હતા ખરું?

ના, મેં શું કહ્યું તે હું બરાબર જાણતો નથી, તો પણ તે તો નહિ જ; પરંતુ છેવટના શબ્દો હજી પણ મારે માન્ય છે.

(क) વારુ, એક બીજો પ્રશ્ન છે:* દુશ્મન અને મિત્ર એટલે જેઓ માત્ર એવા દેખાતા હોય તે નહિ, પણ જેઓ ખરેખર એવા હોય, એમ આપણા કહેવાનો અર્થ હતો, ખરું?

તેણે કહ્યું: જરૂર, હરકોઈ માણસ, જેમને પોતે સારા માને છે તેમને સામાન્યતઃ ચાહશે, અને જેમને તે દુષ્ટ માને છે તેમને ધિક્કારશે.

હા, પણ સારા અને બરાબ વિશે ઘણી વાર લોકો શું ભૂલ કરતા નથી?

ઘણાય જેઓ સારા હોતા નથી તેઓ સારા દેખાય છે, અને કેટલાકને વિશે એથી ઊલટું પણ બને છે.

એ ખરું.

ત્યારે (ખરેખરા) સારા લોકો એવાના દુશ્મનો થશે, અને દુષ્ટ લોકો તેમના મિત્રો હશે.

ખરું.

(ड) અને તેવા સંજોગોમાં દુષ્ટોનું ભલું કરવામાં અને સારાઓનું અનિષ્ટ કરવામાં તેઓ બરા છે એમ ઠરશે, નહિ?

* વિષયાંતર ૨

એ સ્પષ્ટ છે.

પણ જે સારા છે તે ધર્મિષ્ઠ છે અને તેઓ અધર્મ આચરશે નહિ એટલું તો ખરું ને?

ખરું જ.

ત્યારે તમારી દલીલ પ્રમાણે, જેઓ કંઈ પણ ખોટું કરતા નથી તેમને નુકસાન કરવું એ ધર્મ થયો, નહિ?

ના, સૉક્રેટિસ, એ સિદ્ધાન્ત અનીતિમય છે.

ત્યારે ધર્મિષ્ઠનું આપણે ભલું કરવું જોઈએ, અને અધર્મીનું અનિષ્ટ કરવું જોઈએ?

એમ હોય તો મને વધારે ગમે.

પણ તેથી પરિણામ શું આવશે તે જુઓ—મનુષ્યસ્વભાવની જેમને ખરી પરખ નથી, તેવા ઘણાયે માણસોને મિત્રો હોય છે તે ખરાબ (દુ) હોવાના; તો એ સંજોગોમાં તેમણે તેમનું નુકસાન કરવું જોઈએ; અને તેમના દુશ્મનો જે સારા છે તેમને તેમણે લાભ આપવો જોઈએ; પણ જો એમ હોય તો સાઈમિનાઈડિઝને અમુક અર્થ અભિપ્રેત છે એમ જે આપણે પ્રતિપાદન કરતા હતા, તેનાથી તદ્દન વિરોધી બાબત આપણે કહીએ છીએ એમ થશે.

તેણે કહ્યું: બહુ સાચું, અને હું માનું છું કે 'મિત્ર' અને 'દુશ્મન' એ શબ્દોનો ઉપયોગ કરતાં આપણે ભૂલ કરી એમ દેખાય છે, તે આપણે સુધારીએ તો વધારે સારું.

મેં પૂછ્યું: એ કઈ ભૂલ, પૉલિમાર્કસ?

આપણે માની લીધું કે જે સારા છે એમ આપણે માનતા હોઈએ અથવા જે સારો દેખાય છે—તે મિત્ર છે.

અને ભૂલ સુધારવી કેવી રીતે?

આપણે ઊલટું એમ કહેવું જોઈએ કે જે સારો દેખાય છે, તેમ જ જે સારો છે તે મિત્ર છે; અને જે માત્ર સારો (૩૩૫) દેખાય છે, પણ જે ખરેખર સારો નથી, તે મિત્ર નથી પણ માત્ર

મિત્ર જેવો દેખાય છે; અને દુશ્મન વિશે પણ આપણે આનું આ કહી શકીએ.

જે સારા છે તે આપણા મિત્ર, અને જે ખરાબ છે તે આપણા દુશ્મન—એમ તમે દલીલ કરવા માગો છો કેમ?

હા.

અને આપણે પહેલાં 'મિત્રોનું ભલું કરવું અને દુશ્મનોનું નુકસાન કરવું' એમ જે સાદી રીતે કહ્યું, તે કરતાં આપણે વધારામાં એમ કહેવું જોઈએ કેઃ મિત્રો સારા હોય ત્યારે તેમનું ભલું, અને દુશ્મનો દુષ્ટ હોય ત્યારે તેમનું નુકસાન કરવું એ ધર્મ છે.*

(બ) હા, એ ખરું હોય એમ મને લાગે છે.

પણ ધર્મિષ્ઠ માણસોએ કોઈને જરા પણ ઈજા કરવી જોઈએ ખરી?

જેઓ દુષ્ટ અને દુશ્મન બન્ને હોય તેવાને તો તેમણે ઈજા કરવી જ જોઈએ.

જ્યારે ઘોડાને ઈજા થાય છે ત્યારે તેમનો ઉત્કર્ષ થાય છે કે અપકર્ષ?

જે પાછળથી કહ્યું તે.

અપકર્ષ થાય એટલે કે ઘોડાના સારા ગુણોનો અપકર્ષ થાય છે, નહિ કે કુતરાઓના (ગુણોનો)?

હા, ઘોડાના ગુણોનો.

અને ઘોડાઓના નહિ પણ કુતરાઓના સારા ગુણોમાં કુતરાઓનો અપકર્ષ થાય છે.

અલબત્ત.

(ક) અને જ્યારે માણસોને ઈજા કરવામાં આવે, ત્યારે માનવનો જે ઉચિત ગુણ છે, તેનો તેમનામાં અપકર્ષ થાય છે.

જરૂર.

અને ધર્મ એ માનવનો (વિશિષ્ટ) ગુણ છે.

ખાત્રીથી.

---

* વ્યાખ્યા ૩ નું વિશિષ્ટ રૂપ.

ત્યારે જેમને ઈજા કરવામાં આવે, તેઓ અવશ્ય અધર્મી બને છે, ખરું ને?

પરિણામ એ આવે.

પરંતુ કોઈ સંગીતશાસ્ત્રી પોતાની કલા દ્વારા લોકોને બેસૂર બનાવી શકે ખરો?

અશક્ય.

અને ધર્મિષ્ઠ લોકો ધર્મ દ્વારા લોકોને અધર્મી બનાવી (ડ) શકે ખરા, અથવા સામાન્ય શબ્દોમાં કહીએ તો, સારા માણસો પોતાના ગુણોને લીધે તેમને ખરાબ કરી શકે ખરા? *

ખચીત નહિ.

જેમ ગરમીથી કંઈ ઠંડી ઉત્પન્ન કરી ન શકાય તેમજ, નહિ?

તેમ ન જ થઈ શકે.

અથવા શુષ્કતાથી ભેજ?

સ્પષ્ટ છે કે નહિ જ.

તેવી જ રીતે સારા માણસો કોઈને ઈજા ન કરી શકે?

(એમ કરે તે તો) અશક્ય.

અને જેઓ ધર્મિષ્ઠ છે તેઓ સારા છે! *

જરૂર.

ત્યારે પોતાના મિત્રને કે બીજા કોઈને પણ ઈજા કરવાનું કામ ધર્મિષ્ઠ માણસનું ન હોઈ શકે, પણ તેનાથી ઉલટા અધર્મીનું જ હોઈ શકે?

સોક્રેટિસ, હું માનું છું કે તમે કહો છો એ તદ્દન ખરું છે.

(૬) ત્યારે જો કોઈ માણસ એમ કહે કે દેવું પાછું આપવું

---

* સરખાવો : ૩૭૬ ઘ. અધર્મી હોય તે બીજાને ઈજા કરે અને જેને ઈજા થાય તે પણ અધર્મી બને છે : અને ધર્મિષ્ઠ માણસ કોઈને ઈજા કરતો નથી, તેથી બીજાઓને પણ તેમનું ભલું કરીને ધર્મિષ્ઠ બનાવે છે, એટલે કે ધર્મ આચરવાથી કોઈ ખરાબ થતું નથી, અને જે હાનિકારક નથી તે સારું પણ છે—વિગેરે.

એ ધર્મ છે, અને મિત્રોનું ભલું કરવું, ને દુશ્મનોનું અનિષ્ટ કરવું એ ધર્મિષ્ઠ માણસનું મિત્રો પ્રત્યેનું અને દુશ્મનો પ્રત્યેનું ઋણ છે—આમ કહેવું વિવેકભરેલું નથી. કારણ, સ્પષ્ટ રીતે સાબીત થઈ ચૂકયું છે તેમ, જો કોઈ પણ સંજોગોમાં બીજાને ઈજા કરવી એ ધર્મ ન હોઈ શકે, તો તેમ કહેવું ખરું નથી.

પોલિમાર્કસે કહ્યું : હું તમારી સાથે સંમત છું.

ત્યારે સાઈમિનાઈડિઝ, બીઆસ, અથવા પિટ્ટાકસ અગર બીજા કોઈ વિવેકી પુરુષ કે દૃષ્ટા પર એવી ઉક્તિ કોઈ લાદવા માગે, તો તેની સામે તમે અને હું બાથ ભીડવાને તૈયાર જ છીએ, ખરું ને?

તેણે કહ્યું : તમારા પડખે ઊભા રહી લડત ચલાવવા હું તદ્દન તૈયાર છું.

(૩૩૬) એ ઉક્તિ હું કોની માનું છું એ તમને કહું?

કોની?

હું માનું છું કે 'મિત્રોનું ભલું કરવું અને દુશ્મનોને ઈજા કરવી' એનું નામ જ ધર્મ એમ જેણે સૌથી પહેલાં કહ્યું તે કાં તો પેરિયેન્ડર, અથવા પરડિક્કાસ કે ઝર્કસિસ અથવા ઈસ્મેનિયસ ધી થીબન, અથવા તો, જેને પોતાની શક્તિ માટે બહુ મોટો અભિપ્રાય હતો એવો કોઈ બીજો ધનવાન અને સમર્થ માણસ હોવો જોઈએ.

તેણે કહ્યું : સૌથી સાચું.

મેં કહ્યું : હા; પણ ધર્મની આ વ્યાખ્યા જો પડી ભાંગે છે, તો બીજી કઈ આપી શકાય?

(ચ) ચર્ચા દરમિયાન થ્રેસિમેકસે કેટલીયે વાર પોતે દલીલ કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અંતે શું આવે છે તે સાંભળવાની બીજાઓની ઇચ્છા હોવાથી તેને બોલવા દેવામાં આવ્યો નહોતો. પરંતુ જ્યારે પોલિમાર્કસે અને મેં બોલવું બંધ કર્યું અને વાતમાં વિરામ આવ્યો, ત્યારે એ જરા પણ મુંગો રહી શકયો નહિ; અને જાણે અમને ખાવા ધાતો હોય તેમ પોતાની શક્તિઓ એકઠી કરીને એક

જંગલી પ્રાણીની જેમ તે અમારી સામે આવ્યો. તેના દેખાવથી અમે તો તદ્દન ભયગ્રસ્ત થઈ ગયા!

તમામ શ્રોતાઓ તરફ એ ગર્જના કરતો બોલ્યો : અરે (ક) સૉક્રેટિસ, તમારામાં કેવી મૂર્ખાઈ ઘર કરી બેઠી છે? અને મુરબ્બા—મુરબ્બાઓ, એકબીજા ધમપછાડા શા માટે કરો છો? હું કહું છું, જો તમારે ધર્મ શું છે એ સાચેસાચ જાણવું હોય તો તમારા પ્રતિપક્ષીનું ખંડન કરીને જાતે માન મેળવવા તમારે પ્રયત્ન ન કરવો જોઈએ, પણ તમારો પોતાનો સિદ્ધાન્ત પણ જણાવવો જોઈએ; કારણ જવાબ આપતાં ન આવડે, છતાં પ્રશ્નો પૂછે (ડ) એવા તો ઘણાયે હોય, અને (તેથી) હવે હું તમને કહેવા નહિ દઉં કે ધર્મ ફરજ છે, કે ફાયદો છે કે નફો અથવા લાભ છે અગર હિત છે; કારણ આવું અર્થ વગરનું મારી આગળ નહિ ચાલે. મારે સ્પષ્ટતા અને યથાર્થતા જોઈશે જ.×

એના શબ્દો સાંળળી હું બહુ જ ભયભીત થઈ ગયો, અને એની સામે જોતાં મને ધ્રુજ આવતી હતી. મને ખરેખર એમ લાગે છે કે જો મેં મારી નજર એના ઉપર ઠેરવી ન હોત, તો હું મુંગો જ થઈ જાત; પરંતુ જ્યારે એના આંધળા આવેશને * મેં વધતો જતો જોયો, ત્યારે પહેલાં તો મેં એની સામે જોયું અને તેથી એને ઉત્તર (ઇ) આપવા હું શક્તિમાન થયો.

મેં કંપતે સ્વરે કહ્યું : થ્રેસિમેકસ, અમારી તરફ એટલા ઉગ્ર ન થાઓ. પોલિમાર્કસે અને મેં દલીલમાં એક નાનીસૂની ભૂલ કરવા જેટલો ગુનો કર્યો હશે, પરંતુ હું તમને ખાત્રી આપું છું કે ભૂલ ઇરાદાપૂર્વક થઈ નથી. અમે કોઈ સોનાના સિક્કાને શોધતા હોઈએ તો તમે એમ નહિ કલ્પો કે "અમે ધમપછાડા કરતા હતા" અને

× વ્યાખ્યા ૪ થીની શરૂઆત.

* અંગ્રેજીમાં "Furies" છે : ગ્રીક "Furies" નો ગુજરાતીમાં અનુવાદ કરવો કઠિન છે. 'ચ્યુઝીઝ' (Muses) તે વિદ્યાની દેવીઓ, તેમ Furies તે ક્રૂરતાની ડાકણો.

એ રીતે તે વસ્તુને શોધી કાઢવાનું અસંભવિત કરી મૂકતા હતા. અને અમે તો સોનાના કેટલાયે સિક્કાઓથી વધારે મૂલ્યવાન ધર્મ જેવી વસ્તુને શોધતા હતા, ત્યારે તમે એમ કહો છો કે અમે નબળા થઈ જઈ એકબીજાને નમતું આપતા હતા, અને સત્ય સુધી પહોંચવાને અમારાથી બની શકે તેટલો પ્રયાસ નહોતા કરતા? ભલા ભાઈ, એમ નહિ. નમતું આપવાની અમારી તો ઘણીયે ઇચ્છા છે, અને એમ કરવા અત્યંત આતુર છીએ, પણ હકીકત એવી છે કે અમે તેમ કરી શકતા નથી. અને જો એમ હોય તો તમે જે બધા સર્વજ્ઞ છો તેમણે અમારા તરફ ગુસ્સે થવાને બદલે અમારી દયા ખાવી જોઈએ.

(૩૩૭) માત્સર્યથી હસતાં તેણે કહ્યું : સૉક્રેટિસના સ્વભાવ જેવા જ બરાબર આ શબ્દો ! એ તો વક્રોક્તિથી ભરેલી તમારી રીત જ છે ! શું પહેલેથી જ હું નહોતો જાણતો એને ! શું મેં તમને કહી દીધું નથી કે (સૉક્રેટિસને) જો કંઈ પૂછવામાં આવે, તો જવાબ આપવાની તે ના પાડશે અને પોતે જવાબ આપવામાંથી બચી જાય તે માટે વક્રોક્તિ કે બીજી ગમે તે યુક્તિ એ અજમાવશે !

મેં જવાબ આપ્યો: થ્રેસિમેકસ, તમે તો એક ફિલસૂફ છો, અને બહુ સારી રીતે જાણો છો કે તમે કોઈ માણસને પૂછો કે કઈ કઈ સંખ્યાના ગુણકારથી બારનો આંકડો આવે, (બ) અને તમે જેને પૂછો એને છ દુ, અથવા ચાર તરી, કે બે છક અથવા ત્રણ ચોક એમાંનો એકે જવાબ આપતાં તેની સામે સંભાળપૂર્વક પ્રતિબંધ મૂકો, 'કારણ આવું અર્થ વગરનું મારી આગળ નહિ ચાલે'—પ્રશ્ન પૂછવાની તમારી રીત જો આવી હોય, તો એટલું સ્પષ્ટ છે કે કોઈ તમને જવાબ આપી નહિ શકે. પણ ધારો કે એ તમને એમ ટોણો મારે છે કે, થ્રેસિમેકસ તમારો અર્થ શો છે? જે સંખ્યાઓ સામે તમે પ્રતિબંધ મૂકો છો તેમાંની ગમે તે એક જો પ્રશ્નનો ખરો જવાબ હોય, તો જે સંખ્યા ખરી નથી તેવી કોઈ બીજી સંખ્યા મારે બોટી રીતે કહેવી? — શું એ તમારો અર્થ છે?' (ક) તમે આને શો જવાબ આપશો?

તેણે કહ્યું : (તમે તો એ રીતે બોલો છો કે) જાણે આ બે બાબતો એકસરખી હોય નહિ !

મેં જવાબ આપ્યો : સરખી કેમ નહિ ? અને તે સરખી ન હોય તોપણ, જેને પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેને જો તે સરખી દેખાતી હોય, તો તમે અને હું તેને બોલવા ના કહીએ છતાં એ પોતે જે માને છે તે શું તેણે કહેવું ન જોઈએ ?

ત્યારે હું માની લઉં છું કે પ્રતિબંધિત ઉત્તરોમાંનો એક તમે આપવાના છો ?

એમાં જોખમ તો છે, પણ જો વિચાર કર્યા પછી તેમાંના કોઈ સાથે હું સંમત થાઉં તો હું છાતી ઠોકીને કહું છું કે હું આપું પણ ખરો.

(ડ) તેણે કહ્યું : પરંતુ આમાંના કોઈ પણ જવાબ કરતાં ધર્મ વિશે કોઈ બીજો અને વધારે સારો જવાબ હું આપું તો ? તો તમને મારે શું કરી નાખવું ?

મને શું કરવું ?—એક અજ્ઞાન માણસને છાજે તેમ મારે વિવેકી પુરુષો પાસેથી શીખવું જોઈએ—મને શિખવવું એ જ યોગ્ય છે.

શું ? અને પૈસા કંઈ નહિ આપવાના ! એ તો મજાનું !

મેં જવાબ આપ્યો : મારી પાસે જ્યારે પૈસા આવશે ત્યારે હું આપીશ.

ગ્લાઉકોને કહ્યું : પણ સોક્રેટિસ, તમારી પાસે કયાં નથી ?—અને થ્રેસિમેકસ, તમારે પૈસા વિશે કંઈ ચિંતા કરવી નહિ, કારણ અમે બધા સોક્રેટિસ માટે ઉઘરાણું કરીશું.

(ઇ) તેણે જવાબ આપ્યો : હા, અને પછી સોક્રેટિસ રોજ કરે છે તેમ કરશે—પોતે ઉત્તર આપવાની ના પાડશે, પણ બીજા કોઈના ઉત્તરને હાથ પર લેશે અને ચૂંથીને એના ટૂકડા કરી નાંખશે.

મેં કહ્યું : એમ કેમ ? મારા ભલા મિત્ર; જે કશું જ જાણતો નથી, અને જાણતો નથી એમ કહે છે પણ ખરો, તે જવાબ કેવી રીતે આપી શકે ? અને ખાસ કરીને જેને પોતાના આછા વિચારો હોય

છતાં, જ્યારે તેને કોઈ અધિકારી (૩૩૮) પુરુષ બોલવાની મનાઈ કરે ત્યારે ? સ્વાભાવિક રીત તો એ છે કે તમારી જેમ જે કોઈ જ્ઞાની હોવાનો દાવો કરે છે, અને પોતે જે જાણતો હોય એ કહી શકે એમ છે, તેવાએ વક્તા થવું જોઈએ. ત્યારે હવે મને અને આ પરિષદને બોધ મળે એ ખાતર આપ કૃપા કરી જવાબ આપશો ?

ગ્લાઉકોન અને બીજા બધા મારી આ વિનંતીમાં સામેલ થયા, અને અમે બધા જાણતા હતા કે વસ્તુતઃ થ્રેસિમેકસ બોલવાને બહુ આતુર હતો; કારણ પોતાની પાસે બહુ સારો જવાબ છે, અને પોતે પંકાઈ જશે એમ તે ધારતો હતો. પરંતુ મારે પહેલાં જવાબ આપવો જ જોઈએ એવો તેણે ડોળ કર્યો, પછી છેવટે શરૂઆત કરવાની તેણે (ચ) હા પાડી. તેણે કહ્યું : સોક્રેટિસનો વિવેક તો જુઓ; એ પોતે શિખવવાની ના પાડે છે, અને બીજાઓ પાસેથી શીખતો ફરતો ફરે છે, અને હું તમારો આભાર માનું છું એટલું પણ કદી કહેતો નથી !

મેં ઉત્તર આપ્યો : હું બીજાઓ પાસેથી શીખું છું એ તદ્દન ખરું છે; પરંતુ મારામાં ઉપકારની લાગણી નથી એની હું ધસીને ના પાડું છું. પૈસા તો મારી પાસે છે જ નહિ, અને તેથી સ્તુતિ કરી હું તેનું મૂલ્ય આપું છું, કારણ મારી પાસે એટલું જ છે; અને તમે જવાબ આપશો એટલે તરત જ ખબર પડી જશે કે જ્યારે કોઈ માણસ બહુ સારું બોલે છે એમ મને લાગે છે, ત્યારે હું તેની સ્તુતિ કરવા કેટલો તત્પર હોઉં છું !

તેણે કહ્યું : ત્યારે સાંભળો હું જાહેર કરું છું કે (ક) **બલવાનના હિત સિવાય ધર્મનો બીજો કશો અર્થ નથી.*** અને હવે તમે મારાં વખાણ શા માટે નથી કરતા ? પણ અલબત્ત તમે તો નહિ જ કરો.

મેં જવાબ આપ્યો : પહેલાં મને સમજવા દો. તમે કહો છો તેમ, ધર્મ એટલે બલવાનનું હિત. થ્રેસિમેકસ, આનો અર્થ શો ? તમારા

* વ્યાખ્યા ૪

કહેવાનો ભાવાર્થ એ ન જ હોઈ શકે, કે મુક્કામુક્કીબાજ અને કુસ્તીબાજ પૉલિડેમસ આપણા કરતાં વધારે બલવાન છે, અને એના શરીરનું બળ વધારવા ગાયનું માંસ (ડ) એને પથ્ય છે; તેથી, જે આપણે એનાથી વધારે નબળા છીએ, તેમને પણ ગાયનું માંસ એટલું જ સારું અને પથ્ય અને 'ધર્મિષ્ઠ' હોઈ શકે?

સૉક્રેટિસ, તમારે માટે આ કેટલું વિદ્વેષ ભરેલું કહેવાય? દલીલને અત્યંત હાનિ પહોંચાડે એવો અર્થ તમે શબ્દોનો કરો છો.

મેં કહ્યું: મારા ભલા મહેરબાન, જરા પણ નહિ. હું શબ્દોને સમજવા પ્રયત્ન કરું છું, અને તમારે જરા વધારે સ્પષ્ટ થવું જોઈએ એમ ધારું છું.

તેણે કહ્યું: ઠીક, શું તમે કોઈ દિવસ સાંભળ્યું નથી કે રાજ્ય-પદ્ધતિઓ જુદી જુદી જાતની હોઈ શકે?—પ્રજાપીડક રાજ્યો હોય છે, અને પ્રજાસત્તાક તથા શિષ્ટજનસત્તાક રાજ્યો પણ હોય છે.*

હા, હું જાણું છું.

અને દરેક રાજ્યમાં રાજ્યસત્તા શાસન ચલાવે છે.

જરૂર.

(ઇ) અને પોતાનાં ભિન્ન ભિન્ન હિત જળવાય એ દૃષ્ટિએ જુદી જુદી રાજ્યપદ્ધતિઓ પ્રજાની અથવા શિષ્ટજનની સત્તા વધે એવા, અથવા પ્રજાપીડક કાયદાઓ કરે છે; અને આ જે કાયદા તેમના પોતાના જ હિતને અર્થે ઘડવામાં આવેલા હોય છે, તે તેમની પ્રજાને —"આ ધર્મ છે"—એમ કહીને આપે છે; અને જે આ કાયદાને તોડે તે કાયદાનો ભંગ કરનાર તથા અધર્મી છે—એમ કહી તેને શિક્ષા કરે છે, અને હું જ્યારે એમ કહું છું કે શાસનકર્તાનું હિત એ ધર્મના એક જ સિદ્ધાન્ત તરીકે દરેક રાજ્યમાં (૩૩૯) રહેલું હોય છે, ત્યારે મારા કહેવાનો અર્થ પણ આવો જ છે; અને રાજ્ય પાસે સત્તા

* ૮મા પરિચ્છેદમાં જુદા જુદા પ્રકારનાં રાજ્યબંધારણો વિશે પ્લેટો ચર્ચા કરે છે.

છે એમ માનવું જ જોઈએ; આથી માત્ર એક જ બુદ્ધિગમ્ય અનુમાન ફલિત થાય છે કે વધારે બલવાનનું હિત એ જ ધર્મના સિદ્ધાન્ત તરીકે દરેક જગ્યાએ રહેલું છે.

મેં કહ્યું: હવે હું તમને સમજી શકું છું; અને તમે ખરા છો કે બોટા એ શોધી કાઢવાનો હું પ્રયત્ન કરીશ. પરંતુ મને કહેવા દો, કે તમે જે 'હિત' શબ્દ વાપરવાની મને મનાઈ કરી હતી,× તે જ 'હિત' શબ્દનો તમે પોતે ધર્મની વ્યાખ્યા કરવામાં ઉપયોગ કર્યો છે. જો કે તમારી વ્યાખ્યામાં 'બલવાનનું' એ શબ્દ તમે ઉમેર્યો છે એટલું ખરું છે.

(ब) તેણે કહ્યું: એટલા નાનાસૂના ઉમેરાની તમારે છૂટ મૂકવી જોઈએ.

નાનો કે મોટો, તેનું કંઈ નહિ. તમે કહો છો એ ખરું છે કે નહિ એ આપણે પહેલાં પૂછવાનું છે. હવે ધર્મ કોઈકિ પ્રકારનું હિત છે એ વિશે આપણે બન્ને સંમત છીએ, પણ તમે 'બળવાનનું' એમ વધારામાં કહો છો; આ ઉમેરા વિશે મને એટલી ખાત્રી નથી, અને એથી તે વિશે વધારે વિચાર કરવો જોઈએ.

બોલો આગળ.

હું આગળ બોલું જ છું; અને મને પહેલાં કહો—પોતાના રાજ્ય-કર્તાઓની આજ્ઞા પાળવી એ પ્રજાનો ધર્મ છે એટલું તમારે માન્ય છે કે નહિ?

મારે માન્ય છે.

(क) પરંતુ રાજ્યના શાસનકર્તાઓ શું કદી સ્ખલન ન જ કરે એવા હોય છે, કે પછી કોઈકિ વાર તેમની ભૂલ થઈ પણ જાય?

તેણે જવાબ આપ્યો: અચૂક તેઓ ભૂલ કરે પણ ખરા.

ત્યારે તેમના કાયદા ઘડવામાં તેઓ કોઈ વાર ખરા હોય અને કોઈ વાર ખરા ન પણ હોય?

× જુઓ ૩૩૬ ડ

ખરું.

જ્યારે તેઓ ખરા હોય, ત્યારે પોતાના હિતને અનુરૂપ કાયદાઓ ઘડે; જ્યારે ભૂલ કરતા હોય ત્યારે પોતાના હિતના વિરોધી ઘડે; એ તમે સ્વીકારો છો?

હા.

અને જે કાયદાઓ તે ઘડે તેનું પાલન તેમની પ્રજાએ કરવું જ જોઈએ—અને જેને તમે ધર્મ કહો છો તે આ જ?

નિ:શંક.

(ડ) ત્યારે તમારી દલીલ પ્રમાણે વધારે બલવાનના હિતનું પાલન કરવું એ જ માત્ર નહિ, પણ તેથી વિરુદ્ધનું કાર્ય પણ ધર્મ બને છે.

તેણે પૂછ્યું: તમે વળી આ શું બોલો છો?

હું માનું છું કે તમે જે કહો છો તેને હું માત્ર ફરીથી કહી જાઉં છું. પણ ચાલો, આપણે (ફરી) વિચાર કરીએ. આપણે એટલું તો માન્ય રાખ્યું છે ને કે તેઓ જે કંઈ હુકમ કરે તેમાં પોતાના હિત વિશે તેઓ ભૂલ કરે ખરા, અને એવા હુકમો માન્ય રાખવા એ ધર્મ પણ છે? આપણે શું આટલું કબૂલ નથી કર્યું?

હા.

(ઢ) તો પછી જ્યારે શાસનકર્તાઓ અજાણમાં પોતાને જ નુકસાન થાય એવાં કાર્યો કરવાનો હુકમ આપે, ત્યારે તમે સાથે સાથે એટલું પણ કબૂલ કરી લીધેલું હોવું જોઈએ, કે વધારે બલવાનનું હિત એટલે ધર્મ એમ ન પણ હોય! કારણ તમે કહો છો તેમ, જો તેમના હુકમોનું પ્રજા આજ્ઞાપાલન કરે એ જ ધર્મ હોય, તો તેવે પ્રસંગે,—અરે ઓ! વિવેકીમાં વિવેકી પુરુષ!—વધારે નબળા લોકોને જે હુકમો કરવામાં આવે છે તે વધારે બલવાનના હિતને પોષે તેવા નથી હોતા, પરંતુ તેમને હાનિકર્તા હોય છે—એવા અનુમાનમાંથી આપણે શું ઉગરી શકીએ ખરા?

પોલિમાર્કસે કહ્યું: સૉક્રેટિસ, આથી વધારે સ્પષ્ટ બીજું કંઈ

ન હોઈ શકે.

(૩૪૦) કલેઇટોફોન વચ્ચે બોલી ઊઠ્યો : હા. જો તમને તેના સાક્ષી થવાની છૂટ હોય તો.

પોલિમાર્કસે કહ્યું : પણ સાક્ષીની કંઈ જરૂર જ નથી, કારણ થ્રેસિમેકસ પોતે જ કબૂલ કરે છે કે શાસનકર્તાઓ પોતાના હિતમાં ન હોય એવા પણ હુકમો કોઈ વાર કરે, અને તેમનું પાલન કરવું એ પ્રજાનો ધર્મ છે.

હા, પોલિમાર્કસ—થ્રેસિમેકસે કહ્યું છે કે શાસનકર્તાઓના હુકમો માથે ચડાવવા એ પ્રજાનો ધર્મ છે.

(૩) હા, કલેઇટોફોન, પરંતુ એણે એમ પણ કહ્યું છે કે વધારે બલવાનનું હિત એ ધર્મ છે, અને આ બન્ને વિધાનોને માન્ય રાખવા ઉપરાંત, એણે એમ પણ કબૂલ કર્યું છે કે વધારે બલવાન પોતાના હિત વિરુદ્ધનું આચરણ કરવાનો હુકમ પણ વધારે નબળા લોકોને કરે; જેમાંથી એમ ફલિત થાય છે કે વધારે બલવાનનું હિત એ જેટલો ધર્મ છે; તેટલો જ (કોઈક વાર) વધારે બલવાનની હાનિ પણ ધર્મ છે.

કલેઇટોફોને કહ્યું : પરંતુ પોતે જેને હિત સમજે છે તે જ વધારે બલવાનનું હિત એવો તેનો અર્થ હતો,—અને વધારે નબળા લોકોને એ પ્રમાણે જ આચરવાનું હતું; અને આ ધર્મ છે એમ તેનું કહેવાનું હતું.

પોલિમાર્કસે કહ્યું : એ શબ્દો એના નથી.

(ક) મેં જવાબ આપ્યો : તેનું કંઈ નહિ. એ હતા તેમ જો એ હવે કહે છે તો એમનું કથન આપણે માન્ય રાખીશું. મેં કહ્યું : મને કહો, થ્રેસિમેકસ, વધારે બલવાન જેમાં પોતાનું હિત છે એમ ધારે, પછી તેમાં ખરું હિત હોય કે ન હોય તોપણ તે ધર્મ છે એવો તમારો અર્થ હતો ને ?

તેણે કહ્યું : અવશ્ય નહિ. તમે શું એમ ધારો છો, કે જ્યારે વધારે બલવાન ભૂલ કરે તે જ વખતે એવા ભૂલ કરનારને હું વધારે બલવાન કહું ?

મેં કહ્યું : હા, જ્યારે તમે એમ કબૂલ કર્યું કે શાસનકર્તા સ્ખલન ન જ કરે એમ નહિ, પરંતુ કોઈ વાર ભૂલ કરે પણ ખરો, ત્યારે મને એમ લાગ્યું કે તમારી માન્યતા એવી છે.

(ડ) સૉક્રેટિસ, તમે તો મારા પર આરોપ ઠોકી બેસાડવા માગતા હો એ રીતે દલીલ કરો છો. દાખલા તરીકે તમે શું એમ માનો છો કે જે બાંદાઓની બાબતમાં ભૂલ કરે છે તે ભૂલ કરે છે તે જ વખતે વૈદ્ય છે ખરો? અથવા તો જ્યારે કોઈ ગણિતમાં અથવા વ્યાકરણની ભૂલ કરે છે, ત્યારે ભૂલ કરતી વખતે, ભૂલ કરે છે માટે, એ ગણિત કે વ્યાકરણશાસ્ત્રી છે? વૈદ્ય અથવા ગણિતશાસ્ત્રી અગર વૈયાકરણીએ ભૂલ કરી એમ આપણે બોલીએ છીએ એ ખરું, પણ એ તો માત્ર બોલવાની એક રીત છે; કારણ તથ્ય* એ છે કે ન તો વૈયાકરણી કે ન તો બીજો કોઈ નિપુણ માણસ, કદી પોતાના નામનો ગુણ ધરાવતો હોય, તો ભૂલ કરી શકે. પોતાનું નૈપુણ્ય જૂઠું ન પડે ત્યાં સુધી એ ભૂલ કરતો નથી, અને જ્યારે કરે છે તે જ વખતે તે નિપુણ કલાકાર મટી જાય છે. કોઈ પણ કલાકાર કે સંત કે શાસનકર્તા, પોતાના નામના ગુણ ધરાવતો હોય તે વખતે કદી ભૂલ કરતો નથી, જો કે સામાન્ય રીતે ભલે પછી એમ કહેવામાં (૬) આવે કે તે ભૂલ કરે છે; અને બોલવામાં મેં આ સામાન્ય રીતનો જ સ્વીકાર કર્યો હતો. પરંતુ યથાર્થતા તરફ તમને આવો પ્રેમ છે તો, પૂર્ણ યથાર્થતાની ખાતર આપણે એમ કહેવું જોઈએ કે શાસનકર્તા, જેટલે અંશે તે શાસનકર્તા છે તેટલે અંશે સ્ખલનશીલ નથી, અને (૩૪૧) સ્ખલનશીલ ન હોવાને લીધે, તેનું પોતાનું હિત જેમાં હોય તેવા જ હુકમો કાઢે છે; અને પ્રજાએ એ હુકમોનો અમલ કરવો જરૂરી છે; અને એટલા જ માટે, મેં પહેલાં કહ્યું હતું અને અત્યારે ફરીથી કહું છું કે, વધારે બળવાનનું હિત એ જ ધર્મ છે.

તદ્દન ખરું થ્રેસિમેકસ, અને તમારા પર આરોપ મૂકવા માટે હું

*તથ્ય : Fact સત્ય : Truth.

દલીલ કરતો હોઉં એમ શું તમને લાગે છે ?

તેણે જવાબ આપ્યો : જરૂર.

અને તમે શું એમ ધારો છો કે દલીલમાં તમને હાનિ પહોંચાડવાના ઇરાદાથી હું આ પ્રશ્નો પૂછું છું ?

તેણે જવાબ આપ્યો : એમ નહિ, "ધારો છો" એ શબ્દો નહિ,—મને ખાત્રી છે; પરંતુ તમે ઉઘાડા પડી જશો, (બ) અને માત્ર દલીલના જોર પર તમે ફાવી નહિ શકો.

ભલા માણસ, હું એવો પ્રયત્ન નહિ કરું; પરંતુ ભવિષ્યમાં આપણી વચ્ચે કશી ગેરસમજૂત થતી અટકાવવા માટે, મને પૂછવા દો,—તમે કહેતા હતા તેમ, જેનું હિત, તે વધારે પ્રબળ છે તેથી, તેનાથી નબળા માણસે ધર્મ માનીને આચરવું જોઈએ, એવા 'શાસનકર્તા' અથવા 'વધારે બળવાન' એ શબ્દો તમે કયા અર્થમાં વાપરો છો—શબ્દના લૌકિક અર્થમાં કે નિયત અર્થમાં એને તમે શાસનકર્તા કહો છો ?

તેણે કહ્યું : નિયતમાં નિયત અર્થમાં. અને હવે જો તમે મારા પર આરોપ મૂકી શકો એમ હો, તો મૂકો અને છેતરો; હું તમારા હાથે છૂટછાટ માગતો નથી. પરંતુ તમે કદી એમ સાબિત નહિ કરી શકો, કદી નહિ.

(ક) મેં કહ્યું : અને તમે શું એમ માનો છો કે થ્રેસિમેકસને છેતરું કે એમ કરવાનો પ્રયત્ન કરું એવો હું ગાંડો છું ? તો તો બલકે હું સિંહની હજામત પણ કરું.

તેણે કહ્યું : કેમ ! એક પળ પહેલાં તો તમે એવો પ્રયત્ન કર્યો હતો અને તમે તેમાં નિષ્ફળ ગયા.

મેં કહ્યું : શિષ્ટાચારની વધારે જરૂર નથી. હું તમને એક પ્રશ્ન પૂછું એ વધારે સારું છે : તમે કહો છો એવા નિયત અર્થમાં, વૈદ્ય તે માંદાંઓને સાજાં કરનારા છે કે પૈસા પેદા કરનારા છે ? અને એટલું યાદ રાખજો કે હવે હું સાચા વૈદ્યની વાત કરું છું.

તેણે જવાબ આપ્યો : માંદાંઓને સાજાં કરનાર.

અને સુકાની—એટલે કે સાચો સુકાની–તે ખલાસીઓનો કપ્તાન છે કે માત્ર ખલાસી જ છે?

કપ્તાન છે.

(ડ) એ વહાણમાં મુસાફરી કરે છે એ સંજોગને આપણે ધ્યાનમાં લેવાનો નથી: તેમ આપણે તેને ખલાસી પણ કહેવાનો નથી. 'સુકાની' નામથી એ જે ઓળખાય છે તેને મુસાફરીની સાથે બિલકુલ સંબંધ નથી, પણ ખલાસીઓ પરના તેના આધિપત્યનું અને તેના નૈપુણ્યનું એ સૂચક છે.

તેણે કહ્યું: તદ્દન ખરું.

મેં કહ્યું: હવે દરેક કલાને પોતાનું ધ્યેય * હોય છે, ખરું?

---

* Interest : (ઇન્ટરેસ્ટ) 'હિત', ધ્યેય. દલીલ નીચે પ્રમાણે છે:– શરીરનું Interest–હિત, ધ્યેય, તેના આરોગ્યમાં છે, કલાનું ધ્યેય તેની પૂર્ણતામાં છે. જો કોઈ કલામાં ઊણપ હોય, તો તે ઊણપ કાં તો તે પોતે પૂર્ણ કરે, અને નહિ તો કોઈ બીજી કલા પૂર્ણ કરે. જો બીજો વિકલ્પ લઈએ તો અનવસ્થા દોષ આવે. જો પહેલો વિકલ્પ લઈએ, તો પણ, શબ્દોને આપણે તેના નિયત અર્થમાં જ વાપરતા હોઈએ તો, પ્રશ્ન સહેજે થાય કે જેમાં જરા પણ ઊણપ હોય તેને આપણે શું સાચી કલા કહી શકીએ? ગ્રેસિમેકસ શબ્દોને એના નિયત અર્થમાં જ વાપરે છે, અને તેથી જવાબ આપે છે, કે જેમાં ઊણપ છે તે કલા ન જ કહેવાય. કલાની આવી વ્યાખ્યા સ્વીકારીએ, તો જે સર્વાંશે સંપૂર્ણ છે તેનું નામ જ કલા; અને તો કલાનું 'ધ્યેય' તેની પોતાની પૂર્ણતા છે એમ આપણે નહિ કહી શકીએ. કારણ એ તો પૂર્ણ છે જ; તો પછી કલાનો જે વિષય છે—તેનું જે ધ્યેય અથવા હિત તે જ કલાનું ધ્યેય અથવા હિત એમ સાબીત થાય છે. આ ઇન્ટરેસ્ટ, ધ્યેય, અચૂક નિશાન આદિ વડે સૂચવાતો અર્થ આપણી ફિલસૂફી કે પરંપરાની પરિભાષામાં "સ્વભાવ" પણ કહેવાય. અંગ્રેજી અને યુરોપિયન વૈજ્ઞાનિક પરિભાષામાં nature (નેચર) શબ્દ આવા અર્થમાં વપરાય છે. એરિસ્ટોટલ આ જ અર્થમાં કહે છે, 'man is by nature a social animal' 'Social and political organisations are natural to man'

જરૂર.

જે વિષે કલાને વિચાર કરવાનો હોય છે, અને જે ધ્યેય કલાએ સાધવાનું હોય છે.

હા, કલાનો ઉદ્દેશ એ જ છે.

અને હરકોઈ કલાનું ધ્યેય તેની પૂર્ણતામાં રહેલું છે—આમાં જ અને બીજા કશામાં નહિ ખરું ને ?

(ફ) એટલે ?

શરીરનું ઉદાહરણ લઈ નિષેધાત્મક રીતે મારા અર્થનું હું સ્પષ્ટીકરણ કરી શકું, ધારો કે—શરીર સ્વયંસંપૂર્ણ છે કે તેને જરૂરિયાતો હોય છે, એમ તમે મને પૂછો, તો હું જવાબ આપું કે : શરીરને અમુક જરૂરિયાતો હોય છે; કારણ શરીર કદાચ માંદું પડે અને એને સાજું કરવાની જરૂર પડે; અને તેથી આયુર્વેદની કલા દ્વારા સાધી શકાય એવાં એનાં ધ્યેય છે; અને તમે સ્વીકારશો કે આયુર્વેદની ઉત્પત્તિ અને તેનો હેતુ આ છે. કેમ હું ખરું કહું છું ને ?

(૩૪૨) તેણે જવાબ આપ્યો : તદ્દન ખરું.

પરંતુ જેવી રીતે આંખ જોવામાં જરા કાચી હોય, અથવા કાનથી બરાબર સંભળાતું ન હોય, અને તેથી જોવાનાં અને સાંભળવાનાં ધ્યેયને પૂરાં પાડવા માટે જેમ બીજી કલાની જરૂર પડે છે, તેમ આયુર્વેદની કલા કે બીજી કોઈ પણ કલા પોતાના જ (વિશિષ્ટ) ગુણમાં ઊણી હોઈ શકે ખરી ?—હું કહું છું, કલામાં, તે કલા છે એ તરીકે, એમાં હોઈ શકે તેવા કોઈ દોષ અથવા ઊણપની શક્યતા છે ? અને શું દરેક કલાને પોતાનાં ધ્યેય પૂર્ણ કરે એવી બીજી પૂરક કલાની અપેક્ષા રહે છે, અને તેને બીજાની અને તેને બીજાની એમ અનંત સુધી ? કે પછી દરેક કલાને પોતાનું હિત * જ સંભાળવાનું (બ) હોય છે ? અથવા શું કંઈ દોષો કે ઊણપો ન હોવાને લીધે તેના પોતાના અથવા બીજી કોઈ કલાના વ્યાપાર દ્વારા તે (દોષો) સુધારવાની તેને કશી જરૂર જ

રહેતી નથી; અને તેને તો માત્ર પોતાના વિષયનું જ હિત * સાધવાનું હોય છે—આ રીતે શું (કોઈ એક) કલાને તેની પોતાની કે બીજી કલાની કશી જરૂર જ પડતી નથી? કારણ દરેક કલા સાચી હોય—એટલે કે પૂર્ણ અને ક્ષતિ વગરની હોય—ત્યાં સુધી, શુદ્ધ અને દોષરહિત રહે છે. તમારા નિયત અર્થમાં જ આ શબ્દો સ્વીકારજો, અને હું ખરો છું કે નહિ એ કહો.

હા, એ સ્પષ્ટ છે.

(ક) ત્યારે આયુર્વેદ આયુર્વેદના હિતનો વિચાર કરતું નથી, પણ શરીરના હિતનો વિચાર કરે છે.

તેણે કહ્યું: ખરું.

અને અશ્વવિદ્યા અશ્વવિદ્યાના હિતનો વિચાર કરતી નથી, પણ અશ્વના હિતનો વિચાર કરે છે; તે જ રીતે બીજી કોઈ કલાઓ પોતાના વિશે ચિંતા કરતી નથી, કારણ (પોતે સંપૂર્ણ છે તેથી) તેમને કશી જરૂરિયાતો હોતી નથી; તે તો પોતાની કલાનો જે વિષય * છે તેની જ ચિંતા કરે છે.

તેણે કહ્યું: ખરું.

પણ, ગ્રેસિમેકસ, દરેક કલા તેના ક્ષેત્ર × કરતાં અધિક પ્રબળ છે, અને પોતાના ક્ષેત્ર પર શાસન કરે છે, ખરું ને?

તેણે ઘણી જ અનિચ્છાપૂર્વક આ કબૂલ રાખ્યું.

મેં કહ્યું: ત્યારે કોઈ પણ શાસ્ત્ર કે કલા વધારે બલવાન કે અધિક પ્રબળના હિતનો નહિ, પરંતુ (પોતાના) ક્ષેત્ર× (પ્રજ્ઞ)નો અને (ડ) (એટલે કે) વધારે નબળાંના હિતનો વિચાર કરે છે, અને તે (અનુસાર) આદેશ આપે છે.

---

* હિત, ધ્યેય : Interest

× અંગ્રેજીમાં Subject શબ્દ છે: આનો અર્થ 'વિષય' તેમજ 'પ્રજ્ઞ' પણ થાય છે. આપણી પરંપરાનો શબ્દ "ક્ષેત્ર".

તેણે આ વિધાનની પણ સામે થવાનો વિચાર કર્યો, પણ છેવટે નમતું આપ્યું.

મેં આગળ ચલાવ્યું : ત્યારે જેટલે અંશે એ વૈદ્ય છે, તેટલે અંશે વૈદ્ય જે દવા આપે છે તેમાં પોતાનાં નહિ, પણ દરદીનાં ભલાનો જ વિચાર કરે છે; કારણ સાચા વૈદ્યનું ક્ષેત્ર માનવશરીર છે, અને તેનો એ શાસનકર્તા પણ છે, અને માત્ર પૈસા કમાનાર નથી; એ આપણે સ્વીકાર્યું છે, નહિ ?

હા.

અને એ જ રીતે, શબ્દના નિયત અર્થમાં સુકાની માત્ર ખલાસી નથી, પરંતુ ખલાસીઓનો શાસનકર્તા છે—નહિ ?

(૬) તે આપણે સ્વીકાર્યું છે.

અને એવો સુકાની અથવા શાસનકર્તા પોતાના અથવા શાસનકર્તાના હિતને નહિ, પણ તેના (હાથ) નીચે જે ખલાસી છે તેનાં હિતને પૂરાં પાડશે અને તેવો આદેશ આપશે, ખરું ને ?

કમને તેણે 'હા' કહી.

મેં કહ્યું : ત્યારે, થ્રેસિમેકસ, એકેય (પ્રકારના) રાજ્યમાં એવો કોઈ પણ નહિ હોય, જે એક શાસનકર્તાની રૂપે તેના પોતાના હિતનો વિચાર કરતો હોય કે તે અનુસાર આદેશ આપતો હોય, પરંતુ તેની પ્રજાને શું ઉચિત છે અથવા તેની પ્રજા (ક્ષેત્ર)નું જે હિત છે તેનો જ એ હંમેશાં વિચાર કરશે અથવા આદેશ આપશે; તે તરફ જ એની નજર રહેશે, અને એ જે કંઈ કહેશે કે કરશે તે બધામાં આનું જ એ સમર્થન કરશે ?

(૩૪૩) દલીલમાં અમે આટલે સુધી આવ્યા અને બધાએ જ્યારે જોયું, કે ધર્મની વ્યાખ્યા તદ્દન ઊલટસુલટ થઈ ગઈ હતી, ત્યારે મને જવાબ આપવાને બદલે થ્રેસિમેકસે કહ્યું : મને કહો જોઈએ, સૉક્રેટિસ, તમારે કોઈ આયા છે કે નહિ ?

મેં કહ્યું : જ્યારે તમારે ઉત્તર આપવો જોઈએ ત્યારે ઊલટા તમે આવો સવાલ કેમ પૂછો છો ?

કારણ એ તમારું નાક વહેતું રાખે છે અને કદી સાફ પણ કરતી નથીઃ ઘેટું કર્યું અને ભરવાડ કર્યો એટલું ઓળખતાં પણ એણે તમને શિખવ્યું નથી.

મેં જવાબ આપ્યોઃ શું છે તે તમે એમ બોલો છો?

(બ)* કારણ તમે એવી કલ્પના કરો છો કે ભરવાડ કે ગોવાળ તેના પોતાના અથવા તેના શેઠના ભલા માટે નહિ, પણ ઘેટાં કે બળદોના જ ભલા માટે તેના પર દેખરેખ રાખે છે અને તેમને હૃષ્ટપુષ્ટ કરે છે, અને તમે એથી પણ આગળ જઈ કલ્પના કરો છો કે શાસનકર્તાઓ, જો તે ખરા શાસનકર્તાઓ હોય, તો રાત ને દિવસ પોતાના હિતનું ચિંતન કરતા નથી, અને પ્રજા ઘેટાં છે એ રીતે કદી વિચાર કરતા નથી. અરે (ક) નહિ જ; અને ધર્મ અને અધર્મ વિશેના તમારા ખ્યાલોમાં તમે એવા તો ઊંધે માર્ગે ચડી ગયા છો, કે ધર્મ અને ધર્મિષ્ઠ કાર્ય વસ્તુતઃ બીજાનું જ હિત છે એટલું પણ તમે જાણતા નથી; એટલે કે વધારે બળવાન અને શાસનકર્તાનું હિત છે, અને પ્રજા તથા નોકરનું અહિત એ જ ધર્મ છે, અને અધર્મ એનાથી ઉલટો છેઃ કારણ ખરેખરા સરલ અને ધર્મિષ્ઠ લોકો પર અધર્મીઓનું પ્રભુત્વ હોય છેઃ તેઓ વધારે બળવાન હોય છે, અને તેમની પ્રજા પોતાના હિતથી જે તદ્દન ભિન્ન છે એવું તેમનું (શાસનકર્તાઓનું) હિત (ડ) સાધે છે અને તેમના સુખને પોષે છે. અરે મૂર્ખતમ સૉક્રેટિસ, અધર્મીની સરખામણીમાં ધર્મિષ્ઠને હંમેશાં ખોટ જાય છે એનો હજી આગળ ખ્યાલ કર. સૌથી પહેલું બાનગી કરનારામાંઓમાં; જ્યાં જ્યાં અધર્મીનો ધર્મિષ્ઠ માણસ ભાગીદાર હોય છે, ત્યાં તમને જણાશે કે, જ્યારે ભાગીદારી રદ કરવામાં આવે, ત્યારે ધર્મિષ્ઠ માણસને ઓછું મળે છે, અને અધર્મીને હંમેશાં વધારે મળે છે, બીજું—રાજ્ય સાથેના તેમના વહીવટમાં: જ્યારે પંન્કમટૅક્સ નાંખવામાં આવે,

* મુદ્દો ૫ મો—અધર્મનાં ગુણગાન

ત્યારે આવકની સરખે સરખી રકમ ઉપર ધર્મિષ્ઠ માણસ વધારે અને અધર્મી ઓછો કર આપે છે; અને જ્યારે કંઈક પણ (મફતનું) મળવાનું હોય ત્યારે એકને (અધર્મીને) વધારે મળે છે અને બીજાને (ધર્મિષ્ઠને) કંઈ મળતું નથી. જ્યારે (૬) તેઓ કોઈ પણ હોદ્દો સ્વીકારે ત્યારે શું બને છે એ પણ જુઓ; ધર્મિષ્ઠ માણસ પોતાના (સ્વાર્થની) બાબતો તરફ બેદરકાર રહે છે, કદાચ બીજાં નુકશાન પણ વેઠે છે, અને પોતે ધર્મિષ્ઠ છે માટે લોકો તરફથી પણ તેને કંઈ મળતું નથી; વળી ગેરકાયદેસર રીતે મદદ કરવાની ના પાડવા માટે તેના ઓળખીતાઓ અને મિત્રો તેને ધિક્કારે છે. પણ અધર્મીની બાબતમાં આ તમામ ઉલટું જ થઈ રહે છે. હું પહેલાં (૩૪૪) કહેતો હતો તેમ,-મોટા પાયા પરનો (ગંજાવર) અધર્મ—જેમાં અધર્મીનો લાભ સૌથી સ્પષ્ટ રીતે જણાઈ આવે છે-તે વિશે હું બોલું છું; અને જ્યાં બધાં માણસો કરતાં (બરો) ગુનેગાર જ સૌથી સુખી હોય છે, અને જેઓ અધર્મ આચરવાની ના પાડે છે તેઓ એટલે કે સહન કરનારાઓ જ જ્યાં સૌથી વધારે દુઃખી હોય છે—એવા અધર્મના સૌથી ઉચ્ચતમ સ્વરૂપ પર જો તમે નજર નાંખશો, તો મારો અર્થ તમને અત્યંત સ્પષ્ટપણે રજુ થશે—એટલે કે પ્રજાપીડક તંત્રમાં, જ્યાં બીજાઓની મિલકત છેતરપીંડીથી અને બળજબરીથી, કકડે કકડે નહિ, પણ આખી ને આખી પડાવી (ચ) લેવામાં આવે છે; જ્યાં બાનગી અને જાહેર, પવિત્ર અને અપવિત્ર બાબતોનો એક (વર્ગ)માં જ સમાવેશ કરવામાં આવે છે; (અને જ્યાં એવાં બરાબ કામ કરવામાં આવે છે કે) જે દુષ્કૃત્યો માટે, જો તેમાંના એકેયને છૂટું આચરતાં કોઈ પકડાય, તો તેને સજા કરવામાં આવે અને મોટો અપયશ મળે—અને છૂટા-છવાયા પ્રસંગે જેઓ તેવાં દુષ્કૃત્યો કરે છે તેમને મંદિરોના લુંટારુ, માણસોને ઉપાડી જનારા, મારફાડ કરનારા, લુચ્ચા અને ચોર એમ આપણે કહીએ છીએ. પરંતુ નગરવાસીઓનો પૈસો લઈ લેવા ઉપરાંત જ્યારે કોઈ તેમને ગુલામ પણ બનાવે છે, ત્યારે આ ધિક્કારસૂચક

નામોને બદલે, માત્ર નગરવાસીઓ જ (ક) નહિ, પણ જે બધાને કાને એના અધર્મના ઉત્કર્ષની સિદ્ધિના ખબર પહોંચે છે તે બધા તેને સુખી અને ધન્ય કહે છે. કારણ—નહિ કે પોતાને અધર્મ આચરતાં સંકોચ થાય છે એટલા માટે, પરંતુ પોતે કદાચ એના ભોગ થઈ પડે એ બીકે મનુષ્યજાત અધર્મને નિંદે છે. અને આથી, સોક્રેટિસ, મેં સાબીત કર્યું છે તેમ, જ્યારે પૂરતા મોટા પાયા પર અધર્મ આચરવામાં આવે છે, ત્યારે ધર્મ કરતાં તેનામાં શક્તિ, સ્વાતંત્ર્ય અને પ્રભુત્વ વધારે હોય છે;* અને મેં પહેલાં કહ્યું તેમ, વધારે બળવાનનું હિત એ જ ધર્મ છે, જ્યારે અધર્મમાં માણસના પોતાના લાભ અને હિત સમાયેલાં છે.

(ડ) કોઈ અભિષેક કરનારની જેમ, પોતાના શબ્દોથી અમારા કાનમાં જાણે રેલ આણી હોય એવી રીતે બોલી રહ્યા પછી થ્રેસીમેકસને ચાલ્યા જવાનું મન હતું. પણ અમારું મંડળ કંઈ એને જવા દે એમ નહોતું; બધાએ આગ્રહ કર્યો કે તેણે અહીં રહીને પોતાની પ્રતિજ્ઞાના સ્થાનનું રક્ષણ કરવું જોઈએ; અને અમને છોડી ન જવાની મારી નમ્ર અરજ મેં પણ ઉમેરી. મેં તેને કહ્યું: થ્રેસિમેકસ, અરે ફાંકડા માણસ! તમારી ઉક્તિઓ કેટલી બધી સૂચક છે? અને સાચી છે કે ખોટી એ (ઇ) બરાબર શીખ્યા કે શિખવ્યા વગર શું તમે નાસી જશો? અથવા સૌથી મહાન લાભ થાય એવી કઈ રીતે આપણે દરેકે જીવન ગાળવું એનો નિર્ણય કરવો—(એટલે કે) મનુષ્યના જીવનપથને ચોક્કસ આંકવાનો પ્રયત્ન કરવો—એ શું તમારી નજરે નજીવી વાત છે?

તેણે કહ્યું: આ પ્રશ્નની અગત્ય વિશે શું મારે તમારી સાથે કંઈ મતભેદ છે?

---

* પ્લેટોના 'કેલિક્લિસ' તથા 'ગોર્જિયસ' નામના સંવાદોમાં આ મુદ્દાની ચર્ચા કરવામાં આવી છે. આજનો આપણો સમાજ આવો જ છે.

મેં જવાબ આપ્યો : થ્રેસિમેકસ, તમને અમારે માટે કંઈ લાગણી કે વિચાર સરખો (પણ) થતો નથી એમ ઉલટું લાગે છે—(અને) તમે જાણો છો એમ જે કહો છો તે વસ્તુના અજ્ઞાનને લીધે અમે વધારે સારા થઈએ કે વધારે ખરાબ થઈએ એ વિશે (૩૪૫) તમે તદ્દન ઉદાસીન (દેખાઓ) છો. મિત્ર, હું તમને પ્રાર્થું છું કે તમારું જ્ઞાન તમારી પાસે જ ન રાખો; અમે અહીં બહુ જણા છીએ, અને જે કંઈ ફાયદો તમે અમને કરી આપશો એનો તમને સંપૂર્ણ બદલો મળી રહેશે. મારા પોતા વિશે હું ખુલ્લી રીતે જાહેર કરું છું કે મારા મનમાં આ વાત ઠસી નથી, અને અધર્મ નિરંકુશ હોય અને ફાવે તેમ કરી શકે એમ હોય, તો પણ ધર્મ કરતાં એ વધારે લાભકર્તા છે એમ હું માનતો નથી. કારણ એમ માનીએ કે છળથી કે બળથી અધર્મ આચરી શકે એવો એકાદ અધર્મી મળી આવે, છતાં અધર્મથી વધારે ફાયદો થાય એ વાત મારે ગળે ઉતરતી નથી, અને મારા જેવી મનોદશા બીજાઓની પણ હશે. કદાચ અમે (ब) ખોટા હોઈએ; જો એમ હોય તો તમારી વિવેકબુદ્ધિથી તમારે અમને સાબીત કરી આપવું જોઈએ કે અધર્મ કરતાં ધર્મને પસંદ કરવામાં અમે ભૂલ કરીએ છીએ.

તેણે કહ્યું : અને મેં હમણાં જ જે કહ્યું છે તેનાથી જો એ તમને સાબીત થઈ ચૂકયું ન હોય, તો મારે એ તમને કેવી રીતે સાબીત કરી આપવું ? તમારે કાજે આથી વધારે હું બીજું શું કરી શકું ? સાબીતીને ઊંચકીને તમારા આત્મામાં ભરું એમ શું તમારું કહેવું છે ?

મેં કહ્યું : શાન્તં પાપમ્; તમે સુસંગત રહો એટલું જ હું તો માગું છું, અથવા જો તમે (તમારી પ્રતિજ્ઞા) બદલવા માગતા હો, તો ખુલ્લી રીતે બદલો, અને એમાં કંઈ છળ ન કરો. કારણ, થ્રેસિમેકસ, મારે કહેવું જોઈએ કે, (क) આપણે પહેલાં કહી ગયા તે જો યાદ કરશો, (તો તમને જણાશે કે) નિશ્ચિત

અર્થમાં જ તમે ખરા વૈદ્યની વ્યાખ્યા આપીને શરૂઆત કરી; છતાં તમે જ્યારે ભરવાડ વિશે બોલતા હતા, ત્યારે તમે એટલી યથાર્થતા જાળવી નહિ; તમે માન્યું કે ભરવાડ એક ભરવાડ તરીકે ઘેટાંના પોતાના ભલાની દૃષ્ટિ રાખીને નહિ, પણ ખાનાર કે મિજલસમાં જનારની જેમ, (માંસ) ખાતાં જે મજા આવે એ દૃષ્ટિએ જ તેમની સંભાળ રાખે છે; અથવા—ફરીથી—ભરવાડ તરીકે નહિ, પણ બજારમાં વેચાણ કરનાર એક વેપારી તરીકે. છતાં (ડ) ખચિત ભરવાડની કળા તેની પ્રજાના ભલાની સાથે જ સંબંધ ધરાવે છે; જ્યારે દરેક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે છે ત્યારે આપોઆપ કલાની પૂર્ણતા પણ સધાય છે, તેથી ભરવાડે તો તેને માટે સારામાં સારી જોગવાઈ કરવાની રહે છે. અને શાસનકર્તા વિશે હું હમણાં જ જે કહેતો હતો, તે પણ આ જ હતું—શાસનકર્તા તરીકેની શાસનકર્તાની કલા, શું રાજ્યમાં કે શું (ઢ) ખાનગી જીવનમાં, પોતાના ટોળાંના કે પ્રજાના ભલાનો જ માત્ર વિચાર કરી શકે એવો મારો ખ્યાલ છે; જ્યારે તમે તો એમ માનતા જણાઓ છો કે રાજ્યના શાસનકર્તાઓ એટલે કે સાચા શાસનકર્તાઓને અધિકારમાં રહેવું ગમે છે.

માનતો ! ના મને તો એની ખાત્રી છે.

ત્યારે નાની નોકરીઓની બાબતમાં, પગાર લીધા વગર, માણસો સ્વેચ્છાએ તે (નોકરીઓને) શા માટે (૩૪૬) સ્વીકારતા નથી, સિવાય કે તેઓ પોતાના લાભની ખાતર નહિ પણ બીજાઓના લાભની ખાતર અમલ કરે છે એમ માનતા હોય ? મને એક પ્રશ્ન પૂછવા દો : દરેક કલાનો ધર્મ* જુદો હોય છે એ કારણે જુદી જુદી કલા ભિન્ન છે, ખરું ? અને મારા વહાલા સુવિખ્યાત મિત્ર, તમે જે

*ધર્મ એટલે કે Function. Function (ખાસિયત, વિશિષ્ટ વ્યાપાર, ધ્યેયને અનુરૂપ પ્રવૃત્તિ) : सदाचारो धर्मः એ સૂત્રમાં ધર્મ શબ્દનો આ અર્થ છે. स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः એમાં પણ, ગ્રીક શબ્દ 'Dikaiosunē' માંના function નો અર્થ પણ આવી જાય છે.

ખરેખર માનતા હો તે કહો કે જેથી આપણે જરા આગળ ચાલી શકીએ.

તેણે જવાબ આપ્યો : હા, એ ભેદ છે ખરો.

અને પ્રત્યેક કલા કોઈ માત્ર સામાન્ય નહિ પણ અમુક **વિશિષ્ટ હિત**× સાધે છે—ઉદાહરણ તરીકે, આયુર્વેદ તંદુરસ્તી અર્પે છે, નૌ-ચલનવિદ્યા દરિયામાં સહીસલામતી અર્પે છે, વગેરે.

તેણે કહ્યું : હા.

(ચ) અને પૈસા આપવાની કલાનો વિશિષ્ટ ધર્મ પૈસા આપવાનો છે; પરંતુ સુકાનીની તબિયત દરિયાઈ મુસાફરીથી સુધરે, છતાં આપણે જેમ સુકાનીની કળા અને આયુર્વેદની કળા વચ્ચે ગોટાળો કરતા નથી તેમ આ કળાને પણ આપણે બીજી કળાઓ સાથે ભેળી દેવી જોઈએ નહિ. આપણે જો ભાષાને તમારા નિયત અર્થમાં વાપરવી હોય તો નૌચલનવિદ્યા એ આયુર્વેદની કળા છે એમ કહેવાનું તમને મન નહિ થઈ આવે, કે થશે?

જરૂર નહિ થાય.

અથવા માણસને જ્યારે પગાર મળે ત્યારે તેની તબિયત સારી રહે, તેથી તમે એમ નહિ કહો કે પૈસા મેળવવાની કળા એ આયુર્વેદ છે?

એમ ન કહેવાય.

અથવા પોતે કોઈને સાજો કરતો હોય, ત્યારે માણસ પૈસા લે તેથી કંઈ તમે એમ નહિ કહો કે આયુર્વેદ પૈસા કઢાવવાની કળા છે?

(ક) અવશ્ય નહિ.

મેં કહ્યું : અને આપણે કબૂલ કર્યું છે કે દરેક કલાનું 'હિત' એ કલામાં જ ખાસ કરીને સીમાબદ્ધ થઈ રહેલું હોય છે?

હા.

× હિત એટલે કે Good : Interest શબ્દ અહીં વાપર્યો નથી; પણ દલીલ લગભગ એ ને એ છે. પ્લેટોમાં Good નો અર્થ ઇષ્ટ ઉપરાંત શ્રેય પણ થાય છે.

ત્યારે બધા કલાકારોને સમાન એવું જો કોઈ હિત હોય, તો અમુક વસ્તુ જેનો તેઓ સમાન ઉપયોગ કરે છે તેને તે આભારી છે એમ કહેવું જોઈએ.

તેણે જવાબ આપ્યો: ખરું.

અને જ્યારે કલાકારને પગાર મળે છે ત્યારે જે કલાનો તેણે અંગીકાર કર્યો નથી એવી પગાર આપવાની કલાના અધિક ઉપયોગને લઈને તેને એ લાભ મળે છે, ખરું ને?

તેણે અનિચ્છાએ આનો સ્વીકાર કર્યો.

(ડ) ત્યારે પોતાપોતાની વિશિષ્ટ કલા દ્વારા જુદા જુદા કલાકારોને પગાર મળતો નથી. પણ સત્ય એ છે કે જ્યારે આયુર્વેદની કલા તંદુરસ્તી બક્ષે છે, અને કડિયાની કલા ઘર બાંધે છે, ત્યારે 'પગાર-આપવાની-કલા' એ નામની બીજી જ કલા તેમની સાથે સહચાર સાધે છે. જુદી જુદી કલાઓ પોતપોતાનું કામ કર્યા કરે, અને જેમના પર પોતે આધિપત્ય ભોગવે છે તેમનું હિત સાધે; પણ જો કલાકારને સાથે સાથે કંઈ પૈસા આપવામાં આવે નહિ, તો તેને કંઈ લાભ મળે ખરો?

હું ધારું છું—નહિ.

(ઢ) પરંતુ જ્યારે તે કંઈ પણ લીધા સિવાય કામ કરે, ત્યારે શું એ કશો ફાયદો નહિ કરી આપે?

જરૂર, એ ફાયદો કરે છે.

ત્યારે હવે, થ્રેસિમેકસ, જરા પણ સંદેહ રહેતો નથી કે ન તો કલાઓ કે ન તો રાજ્યો પોતાનાં જ હિતને સાધે છે, પરંતુ આપણે પહેલાં કહેતા હતા તેમ, તેમની પ્રજા, જે તેમના કરતાં વધારે બળવાન નહિ પણ વધારે દુર્બલ છે તેનાં હિત પૂરાં પાડે છે, અને એ રીતે રાજ્ય કરે છે—અધિક પ્રબળનાં નહિ પણ તેમના—(તેમની પ્રજાનાં) જ હિત પર તેઓ ધ્યાન આપે છે. અને પ્રિય થ્રેસિમેકસ, હું હમણાં જ કહેતો હતો તેમ, કોઈ પણ રાજ્ય કરવા ખુશી હોતું નથી તેનું આ

કારણ છે; કે કંઈ પણ પગાર લીધા સિવાય જેની સાથે પોતાને કશો સંબંધ ન હોય, તેવાં અનિષ્ટોને નિવારવાનું કામ હાથમાં લેવું કોઈને (૩૪૭) ગમતું નથી. કારણ સાચો કલાકાર જ્યારે બીજાને હુકમો આપતો હોય છે અને પોતાનું કામ કરતો હોય છે, ત્યારે પોતાના ક્ષેત્રના (પ્રજાના) હિતનો જ વિચાર કરે છે; અને તેથી શાસનકર્તાઓ રાજ્ય ચલાવવા ના ન પાડે, એટલા માટે પૈસા, કીર્તિ અથવા ના-પાડવા-માટે-થતી-શિક્ષા એવી જે વેતન આપવાની આ ત્રણ રીતો છે તેમાંની હરકોઈ પદ્ધતિ અનુસાર તેમને પગાર આપવો જોઈએ.

ગ્લાઉકોને કહ્યું : એટલે? સૉક્રેટિસ પગાર આપવાની પહેલી બે રીત તો પૂરતી સમજાય એવી છે, પરંતુ શિક્ષા શું અને એ કઈ રીતે પગાર થઈ શકે એ મારી સમજમાં ઊતરતું નથી.

(બ) સૌથી શ્રેષ્ઠ માણસોને રાજ્ય ચલાવવા મોટું આકર્ષણ થઈ પડે એવી પગાર આપવાની પદ્ધતિના સ્વરૂપને તમે સમજતા નથી એવો તમારો ભાવાર્થ છે—ખરું? અલબત્ત તમે જાણો છો કે મહત્ત્વાકાંક્ષા અને લોભ બરોબર કલંક છે, તેમ કલંકરૂપ ગણાય છે પણ બરાબર.

તદ્દન બરાબર,

મેં કહ્યું; અને આ કારણે, પૈસા અને કીર્તિ તેમને આકર્ષી શકતાં નથી. રાજ્ય ચલાવવા બદલ સારા માણસોને ખુલ્લી રીતે પગારો માગવા અને એ રીતે ભાડુતીનાં ઉપનામ લેવાં ગમતાં નથી, તેમ જ જાહેર આવકમાંથી પોતાની મેળે છાનીમાની રકમો લઈ ચોરોનું નામ મેળવવું પણ તેઓ પસંદ કરતા નથી. અને મહત્ત્વાકાંક્ષી ન હોવાને લીધે કીર્તિ (ક) વિશે તેઓ ઉદાસીન હોય છે. આથી તેમને ફરજ પાડવી જોઈએ, અને શિક્ષાની બીકે સેવા કરવા તેમને આકર્ષવા જોઈએ. અને હું માનું છું તેમ, પોતાને ફરજ પડે ત્યાં સુધી રાહ ન જોતાં, (આગળ પડી) હોદ્દો મેળવવાની અધીરાઈ શા માટે માનપ્રદ ગણાતી નથી તેનું આ કારણ છે. હવે જો કોઈ (સારો માણસ) રાજ્ય ચલાવવાની ના પાડે તો તેના પર, એના પોતાનાથી

વધારે ખરાબ માણસ રાજ્ય ચલાવશે એવો જે સંભવ છે તે જ શિક્ષાનો ખરાબમાં ખરાબ અંશ છે. અને હું માનું છું આ બીજી સારા માણસો હોદ્દો લેવા લોભાય છે, (ડ) નહિ કે તેમને એ લેવો ગમે છે; પણ એ વગર બીજો છૂટકો નથી—નહિ કે પોતાને મોજશોખ અને લાભ મળે એ ખ્યાલથી, —પણ (એક) ફરજ તરીકે; કારણ તેઓ પોતાના જેવા અથવા પોતાથી વધારે સારા માણસોને રાજ્ય ચલાવવાનું કામ સોંપી શકે એ શક્ય હોતું નથી. ધારો કે કોઈ નગર આખું સારા માણસોથી જ ભરેલું હોય, તો એમ માનવાને (પૂરતું) પ્રયોજન છે કે અત્યારે હોદ્દો મેળવવો એ જેટલો ઝઘડાનો વિષય થઈ પડ્યો છે,* તેટલો જ હોદ્દામાંથી છૂટવા લોકો ઝઘડો કરશે. અને આમ આપણને સરલ સાખીતી મળી જાય છે કે સાચો શાસનકર્તા સ્વભાવથી જ પોતાના નહિ પણ પોતાની પ્રજાના હિતનો વિચાર કરે છે, અને જે કોઈ આ જાણતો હોય તે દરેક બીજા કોઈને લાભ કરી આપવાની તસ્દી (ફ) લેવા કરતાં, પોતે બીજા પાસેથી લાભ લેવાનું વધારે પસંદ કરશે. (એટલે કે) ધર્મ વધારે બળવાનનું હિત છે, એ વિધાનમાં થ્રેસિમેકસ સાથે મારે સંમત થવાનું તો કયાંય દૂર રહ્યું. આ પ્રશ્ન હવે વધારે ચર્ચવાની જરૂર નથી; પણ જ્યારે થ્રેસિમેકસ એમ કહે છે કે ધર્મિષ્ઠ લોકોના જીવન કરતાં અધર્મીઓનું જીવન વધારે લાભકારક છે,× ત્યારે તેની નવી યુક્તિ ઘણી વધારે ગંભીર લાગે છે. અમારા એમાંથી કોણ ખરું? અને ગ્લાઉકોન, તમે કયા પ્રકારનું જીવન પસંદ કરો?

તેણે જવાબ આપ્યો : હું મારા પોતા માટે તો ધર્મિષ્ઠ માણસનું જીવન વધારે હિતકર ગણું.

(૩૪૮) થ્રેસિમેકસ જેની મોંપાઠ લીધા કરતો હતો એ બધા અધર્મી જીવનના લાભો તમે સાંભળ્યા, ખરું ને?

---

* સરખાવો પ્લેટોનો 'એપોલોજી' નામનો સંવાદ : કલમ ૩૨

× મુદ્દો-૬ ધર્મ-અધર્મનું મૂલ્યાંકન

તેણે જવાબ આપ્યો : હા, મેં સાંભળ્યા, પરંતુ મારા મનમાં એ વાત ઠસી નથી.

ત્યારે, બની શકે તો, એ કહે છે તે ખરું નથી એમ તેને સાબીત કરવાનો રસ્તો શોધી કાઢવા આપણે પ્રયત્ન કરીશું ?

તેણે જવાબ આપ્યો : જરૂર જ.

મેં કહ્યું : જો એ તૈયાર કરેલું ભાષણ બોલી જાય, અને ધર્મિષ્ઠ થવાના ફાયદા ગણાવતું આપણે બીજું ભાષણ કરીએ, અને તે જવાબ આપે અને આપણે તેનો (ક્ર) ઉત્તર આપીએ, તો દરેક પક્ષમાં જે લાભ ગણાવવામાં આવે છે તેની ગણત્રી અને માપ કાઢવાં જોઈશે, અને અંતે નિર્ણય પર આવવા માટે આપણને પરીક્ષકની જરૂર પડશે; પણ આપણે થોડી વાર પહેલાં કર્યું હતું તેમ, એકબીજાની પ્રતિજ્ઞાઓનો સ્વીકાર કરતા કરતા આપણા અન્વેષણમાં આગળ ચાલીએ, તો પક્ષનું સમર્થન કરનાર અને પરીક્ષક બન્નેના અધિકારનો સુયોગ આપણે સાધી શકીશું.*

તેણે કહ્યું : બહુ સારું.

મેં કહ્યું : અને તમે કઈ પદ્ધતિ પસંદ કરો છો એમ મારે સમજવું ?

તમે કહી એ.

મેં કહ્યું : વારુ ત્યારે, થ્રેસિમેકસ, ધારો કે તમે શરૂઆતથી શરૂ કરો છો, અને મને જવાબ આપો છો. તમે કહો છો કે પૂર્ણ ધર્મ કરતાં પૂર્ણ અધર્મમાં લાભ વધારે છે ?

(ક્ર) હા, હું કહું છું તે એ જ છે, અને મેં મારાં કારણો આપ્યાં છે.

અને એ વિશે તમારો અભિપ્રાય શો છે ? તમે (અનુક્રમે) એકને સદ્‌ગુણ અને બીજાને દુર્ગુણ કહો ખરા ?

જરૂર.

---

* સત્યાન્વેષણ માટેની ગ્રીક 'Dialektikē'ની પદ્ધતિનો આ રીતે જન્મ થયો હતો.

હું ધારું છું તમે ધર્મને સદ્‌ગુણ અને અધર્મને દુર્ગુણ કહો?

કેવો મનોહર વિચાર! અને અધર્મ લાભકારક છે અને ધર્મ નથી એવું હું પ્રતિપાદન કરું છું એ જોતાં તો યોગ્ય પણ કેટલો!

ત્યારે તમે (એનાથી) જુદું શું કહેશો?

તેણે જવાબ આપ્યો: એથી ઉલટું જ.

અને ધર્મને તમે દુર્ગુણ કહેશો?

ના, પણ હું એને અદ્‌ભુત સરલતા કહું!

(ડ) ત્યારે અધર્મને તમે કુટિલતા કહેશો?

ના, હું ઉલટો એને વિવેક કહું.

અને શું અધર્મીઓ તમને સારા અને વિવેકી લાગે છે?

તેણે કહ્યું: હા; કંઈ નહિ તો તેમાંના જેઓ સંપૂર્ણ અધર્મી થવા શક્તિમાન છે, અને રાજ્યો અને પ્રજાઓને તાબે કરવાનું જેમનામાં બળ છે (એમને તો હું એવા કહું જ); પણ તમે તો કદાચ એમ માનતા હશો કે હું ખીસાકાતરુઓની વાત કરું છું. જો પકડાય નહિ તો આ ધંધામાં પણ લાભ છે, જો કે હું હમણાં જ જે વિશે બોલતો હતો તેની સાથે એના લાભો સરખાવી શકાય નહિ.

(ઇ) મેં જવાબ આપ્યો: ઑસિમેકસ, હું નથી માનતો કે હું તમારા બોલવાનો અવળો અર્થ કરું છું, પરંતુ તમે અધર્મની વિવેક અને સદ્‌ગુણની સાથે (ગણના કરો છો) અને ધર્મને એનાં વિરોધી સાથે મૂકો છો એ સાંભળી મને આશ્ચર્ય તો થાય છે જ.

અચ્છા, હું એ રીતે જ વર્ગીકરણ કરું છું.

મેં કહ્યું: હવે (હરકોઈને) નિરુત્તર બનાવી દે તેવી સબળ ભૂમિ ઉપર તમે વસો છો; કારણ જે અધર્મ લાભકારક છે એમ તમે પ્રતિપાદન કરતા હતા તે કુરૂપતા અને દુર્ગુણ છે એમ તમે બીજાઓની જેમ કબૂલ કર્યું હોત, તો સર્વમાન્ય સિદ્ધાન્તો દ્વારા તમને ઉત્તર આપી શકાયો હોત; પરંતુ હવે હું જોઉં છું કે પહેલેથી અમે જે ગુણો ધર્મને નામે ચડાવતા (૩૪૯) હતા, તે તમામ ગુણો તમે

અધર્મને નામે ચડાવો છો અને અધર્મને બલવાન અને પ્રતિષ્ઠાવાન ગણો છો, કારણ તમે અધર્મને વિવેક અને સદ્‌ગુણના સ્થાને મૂકતાં અચકાતા નથી.

તેણે જવાબ આપ્યો: તમારી અટકળ તદ્દન ખરી છે.

ત્યારે તો થ્રેસિમેકસ; તમે તમારા ખરા અંતરની વાત કહો છો એમ માનવાનું મને કારણ રહે, ત્યાં સુધી જરૂર આ દલીલ ઠેઠ સુધી લઈ જતાં મારે અચકાવું ન જોઈએ; કારણ અત્યારે તમે નિખાલસ છો, અને અમારા જોખમે વિનોદ કરતા નથી, એમ હું ખાત્રીથી માનું છું.

હું નિખાલસ હોઉં કે ન હોઉં, તેનું તમારે શું!—તમારું કામ દલીલનું ખંડન કરવાનું છે.

(બ) મેં કહ્યું: તદ્દન સાચું; મારે ખંડન જ કરવાનું છે; પરંતુ ભલા થઈ એક બીજા પ્રશ્નનો જવાબ આપશો? ધર્મિષ્ઠ માણસ ધર્મિષ્ઠ માણસ પાસેથી (ખોટી રીતે) લાભ લેવાનો પ્રયત્ન કરશે ખરો?

તદ્દન જુદું; જો એ એમ કરે, તો એ સરળ ચિંતનશીલ પ્રાણી જેવો છે, તેવો રહી જ શકે નહિ.

અને ધર્મ કાર્યની (હદની) બહાર જવાનો એ પ્રયત્ન કરે ખરો?

ન કરે.

અને અધર્મીઓ પાસેથી લાભ લેવાના પ્રયત્ન વિશે એનો કેવો અભિપ્રાય હશે; એને એ ધર્મિષ્ઠ કે અધર્મી કાર્ય ગણશે?

એને એ ધર્મકાર્ય માનશે અને એવો લાભ લેવાનો એ પ્રયત્ન કરે ખરો, પણ તે લઈ શકે નહિ.

મેં કહ્યું: એ લઈ શકે કે ન લઈ શકે એ અહીં મુદ્દાની (ક) વાત નથી. મારો પ્રશ્ન એટલો જ છે કે એક ધર્મિષ્ઠ માણસ બીજા ધર્મિષ્ઠ માણસ કરતાં વધારે લેવાની ના પાડે, તેની સાથે સાથે અધર્મી કરતાં વધારે મેળવવા એ હક્ક કરશે અને ઇચ્છશે કે કેમ?

હા, એમ કરશે.

અને અધર્મી વિશે શું—ધર્મિષ્ઠ માણસ કરતાં વધારે મેળવવાનો અને ધર્મનું ઉલ્લંઘન કરવાનો એ દાવો કરશે કે નહિ?

તેણે કહ્યું: અલબત્ત, કારણ બધા કરતાં વધારે મેળવવાનો એ હક્ક કરે છે.

અને બધા કરતાં પોતાને વધારે મળે એ માટે, (બીજાં) અધર્મી કાર્ય અથવા અધર્મી માણસ કરતાં વધારે મેળવવા એ પ્રયત્ન કરશે અને ઝઘડશે કે નહિ?

ખરું.

મેં કહ્યું: આપણે વસ્તુને આ રૂપમાં મૂકી શકીએ—ધર્મિષ્ઠ માણસ પોતાના સમાન હોય તેના કરતાં નહિ, પણ પોતાથી જે અસમાન છે તેના કરતાં વધારેની ઇચ્છા કરશે, જ્યારે અધર્મી તો પોતાના સમાન કે અસમાન બન્નેના કરતાં વધારે મેળવવાની ઇચ્છા કરશે.

(ડ) તેણે કહ્યું: આના કરતાં બીજું કોઈ વિધાન વધારે સરસ ન હોઈ શકે.

અને અધર્મી સારા અને વિવેકી છે, અને ધર્મિષ્ઠ એમાંથી એકે નથી, ખરું ને?

તેણે કહ્યું: એ પણ ઠીક છે.

અને અધર્મી સારા અને વિવેકીના સમાન, અને ધર્મિષ્ઠ (સારા અને વિવેકીના) અસમાન છે, ખરું ને?

તેણે કહ્યું: અલબત્ત, જે અમુક સ્વભાવનો હોય છે, એ પોતે તે સ્વભાવના જે હોય છે તેના સમાન હોય છે. (અને) જે નથી હોતો તે નથી.*

મેં કહ્યું: એના સમાન સ્વભાવનો જેવો હોય છે, તેવો જ તેમાંનો દરેક હોય છે, ખરું?

* એટલે કે કોઈનો સ્વભાવ બીજા કોઈના જેવો હોય, તો તે બીજાનો જેવો સ્વભાવ હોય, તેવો જ પહેલાનો પણ હોય.

તેણે જવાબ આપ્યો : અચૂક.

મેં કહ્યું : ઘણું સારું. થ્રેસિમેકસ ! અને હવે હું કલાઓનો પ્રશ્ન લઉં છું. તમે એટલું તો સ્વીકારશો કે કોઈ માણસ સંગીતજ્ઞ (ફ) હોઈ શકે, અને બીજો ન પણ હોય ?

હા.

અને (સંગીતના ક્ષેત્રમાં, આ દૃષ્ટિએ) કોણ વિવેકી છે, અને કોણ મૂર્ખ છે ?

સંગીતજ્ઞ વિવેકી છે, અને જેને સંગીત આવડતું નથી તે મૂર્ખ છે એટલું સ્પષ્ટ છે.

અને જેટલે અંશે એ વિવેકી છે, તેટલે અંશે એ સારો છે અને જેટલે અંશે એ (બીજો) મૂર્ખ છે, તેટલે અંશે એ ખરાબ છે.×

હા.

અને વૈદ્ય વિશે પણ તમે આ જ પ્રકારનું વિધાન કરશો, ખરું ને ?

હા.

અને મારા સર્વોત્તમ મિત્ર, તમે શું એમ માનો છો કે લાયરના તાર મેળવતી વખતે, તારને ખેંચવામાં કે ઢીલા કરવામાં કોઈ એક સંગીતશાસ્ત્રી બીજા સંગીતશાસ્ત્રી કરતાં વધી જવાનો અથવા હદ બહારગી જવાનો દાવો કે ઇચ્છા કરશે ખરો ?

હું નથી માનતો કે એમ કરે.

પરંતુ અસંગીતજ્ઞના કરતાં વધી જવાનો એ હક કરશે ખરું ?

અલબત્ત.

(૩૫૦) અને વૈદ્ય વિશે તમે શું કહેશો ? માંસ કે મદ્ય આપતી વખતે આયુર્વેદની પદ્ધતિની બહાર જવાની, અથવા બીજા વૈદ્યને વટી જવાની એ ઇચ્છા કરશે ?

નહિ કરે.

× અહીં દલીલમાં 'જે વિવેકી છે તે સારો છે' એટલો સિદ્ધાન્ત સૉક્રેટિસ ઘુસાડી દે છે, અને આ સિદ્ધાન્ત છેવટે થ્રેસિમેકસની આડે આવે છે.

પરંતુ જે વૈદ્ય નથી એને વટી જવાની એ ઇચ્છા કરશે.

હા.

અને સામાન્ય રીતે જ્ઞાન અને અજ્ઞાનને વિશે (કહીએ તો) જે કોઈ માણસને જ્ઞાન છે, તે જે બીજા માણસને જ્ઞાન છે તેના કરતાં વધારે કરવાનો કે કહેવાનો પ્રસંગ પોતાને મળે એવી કદી ઇચ્છા કરે કે નહિ તે વિશે તમે શું ધારો છો એનો વિચાર કરી જુઓ. એક ને એક પ્રસંગમાં પોતાની જે સમાન છે તેના જ જેટલું શું એ કહેશે અથવા કરશે—નહિ?

હું ધારું છું એની ભાગ્યે જ ના પાડી શકાય.

અને અજ્ઞાનીને વિશે શું? જ્ઞાની અથવા અજ્ઞાનીના કરતાં (ચ) વધારે મેળવવાની એ ઇચ્છા કરશે ખરું ને?

એટલું હું છાતી ઠોકીને કહી શકું.

અને જ્ઞાની વિવેકી છે!

હા.

અને વિવેકી સારા છે?

ખરું.

ત્યારે વિવેકી અને સારા પોતાના સમાન છે તેના કરતાં નહિ, પરંતુ પોતાથી અસમાન અને વિરુદ્ધ (સ્વભાવના) હોય તેનાથી વધારે મેળવવાનો પ્રયત્ન કરશે, ખરું?

હું ધારું છું.

જ્યારે દુષ્ટ અને અજ્ઞાની બન્નેના કરતાં વધારે મેળવવાની ઇચ્છા કરશે, નહિ?

હા.

પણ થ્રેસિમેકસ, આપણે એમ કહ્યું હતું ને કે અધર્મી પોતાના સમાન અને અસમાન બન્નેને વટાવી જાય છે! આ શબ્દો તમારા નહોતા શું?

હતા.

(ક) અને તમે એમ પણ કહ્યું કે ધર્મિષ્ઠ પોતાના સમાનને નહિ, પણ અસમાનને વટાવીને જાય છે?

હા.

ત્યારે ધર્મિષ્ઠ વિવેકી અને સારા સમાન છે, અને અધર્મી દુષ્ટ અને અજ્ઞાનીના સમાન થયો નહિ?

અનુમાન એ આવે.

અને પોતાના સમાન (જે છે તે) જેવો છે તેવો તેમાંનો દરેક છે, ખરું?

એ સ્વીકાર્યું હતું.

ત્યારે તો ધર્મિષ્ઠ વિવેકી અને સારો, અને અધર્મી દુષ્ટ અને અજ્ઞાની નીવડ્યો!

હું અત્યારે જેટલી સરલતાથી બોલું છું, તેટલી સરલતાથી નહિ, (ડ) પણ અત્યંત ક્રમને ગ્રેસિમેકસે આ બધાં વિધાનો સ્વીકાર્યાં; ઉનાળાનો સખત તાપનો દિવસ હતો, અને તેના શરીરેથી પરસેવો રેબઝેબ ટપકતો હતો; અને ગ્રેસિમેકસને શરમાતાં મેં કદી જોયો નહોતો તે એ વખતે જોયો. ધર્મ એટલે સદ્‌ગુણ અને વિવેક, અને અધર્મ એટલે દુર્ગુણ અને અજ્ઞાન—એ વિશે અમે સંમત થયેલા હોવાથી, હું બીજા મુદ્દા પર આવ્યો.

મેં કહ્યું: વારુ, ગ્રેસિમેકસ, એ બાબતનો હવે ફેંસલો થઈ ચૂક્યો છે, પણ આપણે શું એમ નહોતા કહેતા કે અધર્મમાં સામર્થ્ય વધારે હોય છે—તમને યાદ આવે છે?

તેણે કહ્યું: હા, મને યાદ છે; પણ તમે જે કહો છો તે હું માની લઈશ, અને મારી પાસે કશો જવાબ નથી એમ ન માનશો. પણ જો (ઢ) હું તમને જવાબ આપું, તો તમે મારા પર અચૂક ભાષણ કરવાનો આરોપ મૂકશો; તેથી કાં તો મને મારું કહી નાંખવા દો નહિ તો જો તમારે પ્રશ્નો પૂછવા જ હોય તો પૂછો, અને વાર્તા કહેતી ઘરડી ડોશીઓને જેમ 'બહુ સારું' એમ કહેવામાં આવે છે,

તેમ હું તમને જવાબ આપીશ, અને 'હા' અને 'ના'નું માથું ધૂણાવ્યા કરીશ.

મેં કહ્યું : જો એ તમારા અભિપ્રાયની વિરુદ્ધ હોય, તો એમ બિલકુલ ન કરવું.

તેણે કહ્યું : હાસ્તો, તમે મને બોલવા નથી દેતા, તેથી તમને રાજી કરવા હું તો એમ કરીશ. તમારે બીજું શું જોઈએ ?

મેં કહ્યું : દુનિયામાં મારે બીજું કંઈ ન જોઈએ. અને એ રીતે તમારો જીવ જો સારી નાડે હોય, તો હું તમને પૂછું અને તમારે મને જવાબ આપવો પડશે.

ચ લા વો.

ધર્મ અને અધર્મના સ્વરૂપ વિશેની આપણી પરીક્ષા (૩૫૧) નિયમિત આગળ ચાલી શકે તે માટે, મેં પહેલાં જે પૂછ્યો હતો તે પ્રશ્ન હું ફરીથી બોલી જાઉં છું.

ધર્મ કરતાં અધર્મ વધારે બલવાન અને સામર્થ્યવાન છે એવું વિધાન કરવામાં આવ્યું હતું, પણ હવે વિવેક અને સદ્‌ગુણની સાથે ધર્મ એકરૂપ થઈ ગયો છે તેથી (તથા) અધર્મ અજ્ઞાન છે તે કારણે અધર્મ કરતાં ધર્મ વધારે બલવાન છે એમ સહેલાઈથી સાબીત થયું છે; આના વિરુદ્ધ હવે કોઈ પ્રશ્ન ઉઠાવી શકે જ નહિ. પરંતુ, પ્રેસિમેકસ, આ વસ્તુનો હું જુદી રીતે વિચાર કરવા માગું છું:[×] (બ) તમે એની તો ના નહિ પાડો કે કોઈ એક રાજ્ય અધર્મી હોઈ શકે અને અધર્મથી બીજાં રાજ્યોને એ ગુલામ કરવા પ્રયત્ન કરે, અથવા તેમને ગુલામ કરી પણ દીધાં હોય તથા તેમનામાંના ઘણા પર દોર ચલાવતું હોય ?

તેણે જવાબ આપ્યોઃ ખરું, અને હું એટલું ઉમેરીશ કે જે

× અહીંથી દલીલના બીજા વિભાગની શરૂઆત થાય છે. પહેલા વિભાગમાં માત્ર વ્યક્તિગત દૃષ્ટિએ જ ધર્મનું નિરૂપણ કરેલું; તેનાથી આગળ જઈ વ્યક્તિ અને સમાજ બંનેના દૃષ્ટિબિંદુથી અહીં ધર્મનું સ્વરૂપ નક્કી કરવામાં આવે છે.

રાજ્ય સૌથી સારી અને સૌથી સંપૂર્ણ રીતે અધર્મી હશે તે એમ કરે એ સૌથી વધારે સંભવિત છે.

મેં કહ્યું: તમારો પક્ષ એવો હતો એ હું જાણું છું: પરંતુ મારે જે વધારામાં વિચારવાનું છે તે એ છે કે અધિક સામર્થ્યવાન રાજ્યની આ જે શક્તિ છે તેનું અસ્તિત્વ કે તેનો અમલ ધર્મ વગર હોઈ શકે કે માત્ર ધર્મને લઈને જ?

(ક) જો તમે ખરા હો, અને ધર્મ એ જ વિવેક હોય, તો માત્ર ધર્મને લઈને જ; પણ જો હું ખરો હોઉં તો ધર્મ વગર.

થ્રેસિમેકસ, તમને 'હા' અને 'ના'નું માથું ધૂણાવતા જ નહિ, પણ તદ્દન સારા જવાબ આપતા જોઉં છું તેથી હું બહુ ખુશ થાઉં છું.

તેણે જવાબ આપ્યો: એ તો તમને માન આપવાની ખાતર જ.

મેં કહ્યું: તમે બહુ દયાળુ છો, અને ભલા થઈ એટલું મને જણાવશો કે એક રાજ્ય અથવા લશ્કર કે લુંટારુ અને ચોરોની ટોળી અથવા કુકર્મ કરનારાઓની બીજી કોઈ ટોળી, જો (અંદર અંદર) એક બીજાને ઈજા કરે તો કશું પણ સાધી શકે ખરાં?

(ડ) તેણે કહ્યું: ખરે ન જ સાધી શકે.

પરંતુ જો તેઓ એક બીજાને ઈજા કરતાં પોતાની જાતને વારે, તો તેઓ શું વધારે સારી રીતે એકઠા થઈ કામ કરી શકે—નહિ?

હા.

અને આનું કારણ એ છે કે અધર્મને લીધે પક્ષાપક્ષી, ધિક્કાર (ની લાગણી) અને કજિયા ઉત્પન્ન થાય છે, અને ધર્મ મૈત્રી અને સંવાદ* અર્પે છે; થ્રેસિમેકસ, એ ખરું છે ને?

---

* સંવાદ (Harmony) નો ઉલ્લેખ અહીં પહેલ વહેલો આવે છે. પાઈથાગોરાસે આ સિદ્ધાન્ત ગ્રીક ફિલસૂફીમાં ઉતારેલો; અને પ્લેટો એને વધારે ઊંડે લઈ ગયો. સૌંદર્ય, શરીરનું સ્વાસ્થ્ય કે તંદુરસ્તી, અને આત્માનાં બધાં તત્ત્વો વચ્ચેનો સંવાદ તાત્ત્વિક દૃષ્ટિએ એકસરખાં છે એ વિચાર પ્લેટોના ઘણા સંવાદો (Dialogues) માં મળી આવે છે. મુખ્યત્વે 'સિમ્પોઝિયમ' નામના સંવાદમાં.

તેણે કહ્યું: મારે તમારી સાથે લડવું નથી એટલે સંમત થાઉં છું.

મેં કહ્યું: કેટલી મહેરબાની! પરંતુ જ્યાં જ્યાં અધર્મ હોય, ત્યાં ત્યાં ધિક્કાર (ની લાગણી) ઉત્પન્ન થવાનું આ જાતનું વલણ હોય છે, તે કારણે એક બીજા વચ્ચે ધિક્કાર અને વિખવાદ ઉત્પન્ન થશે કે નહિ, તથા એકત્ર મળી કાર્ય કરવા તેઓ અશક્ત બનશે કે નહિ એ પણ મારે જાણવું છે.

જરૂર (એમ થશે.)

(૬) અને જો બે જ માણસો વચ્ચે અધર્મ દેખા દે, તો તેઓ શું લડશે અને ઝઘડશે નહિ? તથા એક બીજાના અને ધર્મિષ્ઠના પણ શું તેઓ દુશ્મન નહિ થાય?

થશે.

અને ધારો કે એક જ વ્યક્તિમાં (એટલે કે એના આત્મામાં×) અધર્મ વસે છે, તો તે પોતાની નૈસર્ગિક શક્તિ ગુમાવી બેસશે કે (પછી) એ શક્તિ એનામાં (કાયમ) રહેશે એમ તમારી વિવેક-બુદ્ધિ કહેશે?

આપણે માનો કે એ શક્તિ એનામાં રહે છે.

તો પણ અધર્મની જે શક્તિ છે એનું સ્વરૂપ શું એવું નથી, કે જેથી, નગરમાં, લશ્કરમાં, કુટુમ્બમાં કે કોઈ પણ બીજા સંઘાત કે સમુદાયમાં (૩૫૨) જો અધર્મ વાસ કરે, તો તે સંઘાત કે સમુદાય, (આંતરિક) દ્રોહ અને વિક્ષેપના કારણે સંયુક્ત કાર્ય કરવા માટે અશક્ત બને; અને એવો સમુદાય શું પોતાનો જ શત્રુ નથી બનતો, તથા તેમનો જે કોઈ વિરોધ કરતું હોય તેની સાથે તથા ધર્મિષ્ઠની સાથે એને શું વિખવાદ ઉત્પન્ન નહિ થાય? વસ્તુસ્થિતિ શું આવી નથી હોતી?

× 'આત્મામાં રહેલા અધર્મ'નો ઉલ્લેખ અહીં પહેલવહેલો આવે છે. (Injustice in the soul). આપણી પરિભાષામાં આને વ્યક્તિમાં રહેલાં આસુરી વલણો કહે છે.

હા, જરૂર. (એવી જ હોય છે.)

અને એક જ વ્યક્તિમાં અધર્મ વાસ કરતો હોય તો શું એ એટલો જ વિધાતક નથી; પહેલું તો એ પોતાની જાત સાથે એકતા સાધી શકતો નથી. આથી (કોઈ પણ) કાર્ય કરવાને તે અશક્ત બને છે, અને બીજું ધર્મિષ્ઠનો તથા પોતે પોતાનો * એ દુશ્મન થઈ રહે છે ? થ્રેસિમેકસ, એ ખરું કે નહિ ?

હા.

મેં કહ્યું: અને અરે મારા મિત્ર ! દેવતાઓ ધર્મિષ્ઠ છે, નહિ ?

તેઓ (ધર્મિષ્ઠ) છે એમ સ્વીકારીએ તો !

(બ) પણ એમ હોય તો અધર્મી તેમના દુશ્મન અને ધર્મિષ્ઠ તેમના મિત્ર થયા ખરું ?

તમે જીત્યા તે મિજબાની ઉડાવો અને ઘરાઓ ત્યાં સુધી દલીલ કર્યા કરો; રખેને મંડળીમાંના કોઈ નાખુશ થાય, એ બીકે હું તમારી સામો નહિ થાઉં.

વારુ, ત્યારે, તમારા જવાબો આપો અને મિજબાનીમાં જે કઈ બાકી રહ્યું છે તે મને પીરસો. કારણ અત્યાર સુધીમાં આપણે એટલું તો સાબીત કર્યું છે કે અધર્મીઓ કરતાં ધર્મિષ્ઠ લોકો દેખીતી રીતે વધારે વિવેકી, વધારે સારા અને વધારે શક્તિશાળી હોય છે, અને અધર્મીઓ સહકારથી કાર્ય કરવાને અશક્ત (ક) હોય છે. ના, એટલું જ નહિ પણ વધારામાં, જેઓ દુષ્ટ છે તેઓ કોઈ પણ કાળે એકઠા થઈ, સશક્ત રીતે, કંઈ પણ કરી શકે એમ જે આપણે કહેતા હતા, એ વસ્તુતઃ ખરું નથી; કારણ જો તેઓ સંપૂર્ણ દુષ્ટ હોત, તો તો તેઓએ એકબીજાના ઉપર જ હાથ ચલાવ્યો હોત; પરંતુ તેઓ એકત્ર થઈ શકે છે એથી સ્પષ્ટ થાય છે કે તેમનામાં ધર્મનો અંશ બાકી રહેલો હોવો જોઈએ; કારણ જો ધર્મ ન હોત તો તેમના

* તથા પુસ્તકને અંતે સોક્રેટિસ સાબીત કરે છે તેમ, દેવોને પણ. —જુઓ પરિચ્છેદ ૧૦

ભોગ થઈ પડેલાઓને તેમજ એકબીજાને તેઓએ ઇજા કરી હોત; તેમનાં સાહસિક કામોમાં તેમને માત્ર અધકચરા ખલ પુરુષો જ ગણવા જોઈએ; કારણ જો તેઓ પૂરેપૂરા ખલ અને તદ્દન અધર્મી હોત, તો તો તેઓ કાર્ય કરવાને સમૂળા (ઙ) અશક્ત જ હોત. અને તમે પહેલાં કહ્યું તે નહિ, પણ હું માનું છું તેમ, વસ્તુતઃ એ જ સત્ય છે. પરંતુ જે પ્રશ્ન વિશે આગળ વિચાર કરવાનું પ્રસ્તાવમાં આપણે કહ્યું હતું, તે પ્રશ્ન એ છે કે—અધર્મીના કરતાં ધર્મિષ્ઠ માણસને વધારે સારું અને વધારે સુખી જીવન મળી રહે છે કે નહિ? હું માનું છું કે તેને મળી રહે છે, અને મેં આપ્યાં એ કારણોને લઈનેઃ પરંતુ તેમ છતાં તેની વધારે (ઊંડી) પરીક્ષા કરવાનું મને મન છે, કારણ કંઈ નજીવી બાબત વિશે એમાં શંકા કરવામાં આવી નથી—માનવ જીવનના વ્યવસ્થિત શાસન જેટલી જ એ બાબત ગંભીર છે.

ચાલવા દો.

એક પ્રશ્ન પૂછીને હું આગળ ચલાવીશઃ એક અશ્વને પોતાનું પ્રયોજન છે એમ શું તમે નહિ કહો? *

(ઇ) કહેવું જોઈએ ખરું.

અને ઘોડાનું અથવા બીજી કોઈ વસ્તુનું જે પ્રયોજન અથવા ઉપયોગ છે તે બીજી કોઈ વસ્તુથી સાધી શકાય નહિ, અથવા એટલી સારી રીતે તો સાધી ન જ શકાય—નહિ?

તેણે કહ્યું: મને સમજણ પડતી નથી.

મને સ્ફુટ કરવા દોઃ આંખ સિવાય તમે જોઈ શકો ખરા?

જરૂર નહિ.

અથવા કાન સિવાય સાંભળી શકો ખરા?

ના.

ત્યારે તે તે ઇન્દ્રિયોનાં આ ખરી રીતે પ્રયોજન કહી શકાય?

કહી શકાય.

* વિભાગ ૨, મુદ્દો ૨.

(૩૫૩) પરંતુ દ્રાક્ષની ડાળીને તમે કિરપાણથી કે ટાંકણાંથી કે બીજી ઘણી રીતે કાપી નાંખી શકો ?

અલબત્ત.

અને છતાં એ જ ઉદ્દેશથી બનાવવામાં આવી છે એવી છોડવા કાપવાની છરીથી તમે કાપો એટલી સરસ રીતે તમે બીજાથી નહિ કાપી શકો, ખરું ?

ખરું.

(તો) આપણે શું એમ ન કહી શકીએ કે છોડવા કાપવાની છરીનું આ પ્રયોજન છે. ?

કહી શકીએ.

ત્યારે હવે, બીજી કોઈ વસ્તુથી જે સાધી ન શકાય, અથવા એટલી જ સારી રીતે જે સાધી ન શકાય તે તે વસ્તુનું પ્રયોજન છે કે નહિ, એમ જ્યારે હું તમને પ્રશ્ન પૂછું, ત્યારે મારો અર્થ સમજતાં તમને કશી મુશ્કેલી નહિ પડે એમ હું માનું છું.

(બ) તેણે કહ્યું: હું તમારો અર્થ સમજું છું અને સંમત થાઉં છું.

અને જેને અમુક પ્રયોજન માટે નિયોજેલું છે તેનો ગુણોત્કર્ષ પણ હોઈ શકે ? * આંખને એનું પ્રયોજન હોય છે એમ મારે ફરીથી પૂછવાની જરૂર છે ખરી ?

આંખને છે.

અને આંખનો ગુણોત્કર્ષ હોઈ શકે—નહિ ?

હા.

અને કાનને પોતાનું પ્રયોજન છે, અને તેનો ગુણોત્કર્ષ પણ થાય ?

ખરું.

---

* પ્રયોજનને ઉદ્દેશીને જ ગુણોત્કર્ષ નિશ્ચિત કરી શકાય. સરખાવો નીચે પરિ. ૧૦. ક. ૬૦૧.

આ બીજી બધી વસ્તુઓ વિશે આ ને આ ખરું છે; તે દરેકનું અમુક પ્રયોજન અને તેનો વિશિષ્ટ ગુણોત્કર્ષ હોય છે?

એમ જ.

વારુ, અને જો આંખો એના વિશિષ્ટ ગુણોત્કર્ષમાં (ક) ઊણી હોય, અને ઊલટી કંઈ ખોડવાળી હોય, તો તે શું પોતાનું પ્રયોજન સાધી શકશે?

તેણે કહ્યું: જો આંખો આંધળી હોય અને દેખી ન શકે, તો પછી તે કેવી રીતે સાધી શકે?

—જે દૃગ્‌શક્તિ તેનો વિશિષ્ટ ગુણોત્કર્ષ છે તે તેણે ગુમાવી હોય તો—એમ તમે કહેવા માગો છો; પણ હજી હું એ મુદ્દા પર આવ્યો નથી. જે વસ્તુઓ પોતપોતાનાં પ્રયોજનો સાધે છે, તે પોતાના વિશિષ્ટ ગુણોત્કર્ષને લીધે સાધે છે કે નહિ, અને જો તેઓ તે સાધવામાં નિષ્ફળ જાય તો તેમની પોતાની ખોડને લીધે તેમ થાય છે કે નહિ?—એ જ માત્ર પૂછવાનું અને એ રીતે વધારે સામાન્ય પ્રશ્ન કરવાનું જ મને ગમે.

તેણે જવાબ આપ્યો: જરૂર.

કાન વિશે પણ હું એ જ કહી શકું; તેના પોતાના વિશિષ્ટ ગુણોત્કર્ષથી જો તેને વિરહિત કરવામાં આવે, તો તે પોતાનું પ્રયોજન સાધી શકે નહિ?

ખરું.

(ડ) અને બીજી તમામ વસ્તુઓને આ ને આ સિદ્ધાન્ત લાગુ પડશે ખરો ને?

હું સંમત છું.

વારુ; અને (આ રીતે) શું આત્માને પણ (એનું વિશિષ્ટ) પ્રયોજન નથી, કે જે કોઈ બીજું સાધી ન શકે? ઉદાહરણ તરીકે, પર્યવેક્ષણ કરવું, આદેશ આપવો, વિચારણા કરવી કે એવું બીજું કંઈ.

આત્માના શું આ વિશિષ્ટ વ્યાપારો* નથી, અને બીજા કોઈને શું બરી રીતે એ સુપ્રત થઈ શકે ?

બીજા કોઈને સુપ્રત ન થઈ શકે.

અને આત્માના પ્રયોજનોમાં જીવનની ગણત્રી પણ કરવી જોઈએ એ બરું ને ?

તેણે કહ્યું: અચૂક.

અને આત્માનો ગુણોત્કર્ષ પણ હોય છે ને ?

હા.

(૬) અને એ ગુણોત્કર્ષથી એને વિરહિત કરવામાં આવે, ત્યારે એ પોતાનાં પ્રયોજન સિદ્ધ કરી શકશે, કે પછી નહિ કરી શકે ?

નહિ કરી શકે.

ત્યારે સારો આત્મા સારો શાસનકર્તા અને દુષ્ટાત્મા અવશ્ય એક દુષ્ટ શાસનકર્તા અને દુષ્ટ પર્યવેશક હોવો જોઈએ, નહિ ?

હા, અવશ્ય.

અને ધર્મ× એ આત્માનો ગુણોત્કર્ષ છે, અને અધર્મ આત્માની ન્યૂનતા છે એ આપણે સ્વીકાર્યું છે ?

એનો સ્વીકાર થઈ ચૂકયો છે.

ત્યારે ધર્મિષ્ઠ માણસ અને ધર્મિષ્ઠ આત્મા સારી રીતે અને અધર્મી માણસ બરાબ રીતે જીવન ગુજારશે, બરું ?

તમારી દલીલથી એ સાબીત થાય બરું.

(૩૫૪) અને જે સારી રીતે જીવન ગાળે છે એ ધન્ય અને સુખી છે, અને જે બરાબ રીતે ગાળે છે તે સુખીથી ઉલટો છે ?

જરૂર.

ત્યારે ધર્મિષ્ઠ સુખી છે અને અધર્મી દુઃખી છે ?

---

* Functions.

× ધર્મ : Justice,—'Dikaiosunē'

ભલે એમ.

પણ દુઃખ નહિ પણ સુખ વધારે ફાયદાકારક છે ?

અલબત્ત.

ત્યારે, મહાભાગ ગ્રેસિમેકસ, ધર્મ કરતાં અધર્મ કદી વધારે ફાયદાકારક હોઈ શકે નહિ.

તેણે કહ્યું: બેન્ડિસ દેવીના દેવળમાં ભલે આ રીતે તમે ઉત્સવ કરો.

મેં કહ્યું: એ બદલ હું તમારો ઋણી છું, કારણ તમે લડવું છોડી દઈને મારા તરફ વધારે સૌમ્ય થયા છો. છતાં મારી સરભરા (ન) સારી થઈ હોય એમ મને લાગતું નથી; પણ એમાં દોષ મારો હતો, તમારો નહોતો. જેમ કોઈ ઇન્દ્રિયસુખાનુરાગી વાનીઓ પીરસાતી જાય તેમ તેમ દરેકને થોડી થોડી ચાખે, અને કોઈ પણ પહેલાં પીરસાયેલી વાનીનો પૂરેપૂરો આસ્વાદ લઈ શકે એટલો વખત થોભે નહિ, તેમ, હું જેની પહેલાં શોધ કરતો હતો, એ ધર્મના સ્વરૂપને મેળવ્યા વગર, એક વિષયથી બીજા વિષયપર ભટકયો છું. એનું અન્વેષણ મેં છોડી દીધું. અને ધર્મ સદ્‌ગુણ અને વિવેક કે દુષ્ટતા અને મૂર્ખાઈ છે એ વિશે વિચાર કરવા હું વળ્યો; અને જ્યારે ધર્મા-ધર્મના તુલનાત્મક લાભો બાબત આગળ જતાં પ્રશ્ન ઊઠયો, ત્યારે એનો વિચાર કરવામાંથી પણ હું મારી જાતને રોકી શકયો નહિ. આખી ચર્ચાનું પરિણામ એ આવ્યું છે કે હું કશું જાણતો નથી × કારણ ધર્મ શું છે એ હું જાણતો નથી, અને તેથી એ સદ્‌ગુણ છે કે નહિ એ જાણવું મારે માટે શકય નથી, તેમજ ધર્મિષ્ઠ માણસ સુખી છે કે દુઃખી એ પણ મારાથી કહી શકાય એમ નથી.

■

× સૉક્રેટિસની પદ્ધતિનો આ સારો નમૂનો છે.

પરિચ્છેદ ૨

(૩૫૭) હું ધારતો હતો કે આ શબ્દોથી હું ચર્ચાનો અંત આણતો હતો; પણ વસ્તુતઃ એ અંત માત્ર (નવી) શરૂઆત જ નીવડી. કારણ બધા માણસો કરતાં સૌથી વધારે લડકણા ગ્લાઉકોનને થ્રેસિમેકસ (દલીલમાંથી) ખસી ગયો તેથી અસંતોષ થયો; એને તો લડવું જ હતું. તેથી એણે મને કહ્યું: સોક્રેટિસ, અધર્મી થવા કરતાં ધર્મિષ્ઠ થવું એ વધારે સારું છે એ વિશે શું ખરેખર (ब) અમારો સંશય તમે છેદવા માગો છો? કે માત્ર અમારો સંશય નષ્ટ થયો છે એવું અમને ભાસે એટલું જ તમે કરવા માગો છો?

મેં જવાબ આપ્યો; મારાથી બને તો તમને (એની) પ્રતીતિ કરાવવાનું મને ગમે.

ત્યારે એમાં તમે સફળ થયા નથી. મને એક પ્રશ્ન પૂછવા દો. ઇષ્ટ વસ્તુઓને તમે કયા ક્રમમાં ગોઠવશો—એમાંની શું કેટલીક એવી નથી, જેને આપણે, તેમાંથી નીપજતાં પરિણામોને અનુલક્ષીને નહિ, પણ સ્વયં જ ઇષ્ટ ગણી આવકાર આપીએ, ઉદાહરણાર્થ (દોષરહિત કે) નિર્દોષ સુખની લાગણીઓ અને ઉપભોગો, જે માત્ર અમુક કાલ પૂરતો જ આનંદ આપે છે અને જેમાંથી અન્ય કોઈ (ખરાબ) પરિણામ નિષ્પન્ન થતું નથી એ?

મેં જવાબ આપ્યો: એવો એક વર્ગ છે એમ માનવામાં હું સંમત છું.

(क) જ્ઞાન, દૃગ્શક્તિ, આરોગ્ય જેવી ઇષ્ટ વસ્તુઓનો એક બીજો પણ વર્ગ શું નથી, જે સ્વયં ઇષ્ટ હોય એટલું જ નહિ, પણ તેમાંથી નીપજતાં પરિણામોને લઈને પણ ઇષ્ટ હોય?

મેં કહ્યું: જરૂર.

અને વ્યાયામ, માંદાંઓની માવજત, વૈદ્યની કલા, પૈસા કમાવાની જુદી જુદી રીતો જેવી (ઇષ્ટ વસ્તુઓ)નો એક ત્રીજો વર્ગ તમે શું

માન્ય નહિ રાખો ?—આ આપણું ભલું કરે છે, પણ આપણે એને અપ્રિય ગણીએ છીએ, અને સ્વયં એની ખાતર નહિ પણ એમાંથી જે પરિણામ (ડ) કે ફલ સિદ્ધ થાય છે તેની જ ખાતર હરકોઈ તે પસંદ કરશે.

મેં કહ્યું: આ ત્રીજો વર્ગ પણ છે. પણ તમે (આ) શા માટે પૂછો છો ?

કારણ આ ત્રણમાંના કયા વર્ગમાં તમે ધર્મને મૂકો છો એ મારે જાણવું છે ?

(૩૫૮) મેં જવાબ આપ્યો: સૌથી શ્રેષ્ઠ વર્ગમાં—જેને સુખી થવું છે, તે જે વસ્તુઓને સ્વયં તેમની ખાતર તથા એનાં પરિણામોની ખાતર ઇષ્ટ ગણે છે તે ઇષ્ટ વસ્તુઓની સાથે.

ત્યારે ઘણા તો જુદા જ વિચારના છે; તેઓ એમ માને કે જે વસ્તુઓ માટે, તેમાંથી મળતા બદલા કે પ્રતિષ્ઠાને લીધે જ મહેનત કરવાની હોય છે, પણ જે પોતે અપ્રિય છે અને વળી જે પરિહાર્ય છે, એવી કલેશકર વસ્તુઓના વર્ગમાં ધર્મનું સ્થાન છે.

મેં કહ્યું: એમની વિચારપદ્ધતિ આવી છે એ હું જાણું છું; અને જ્યારે થ્રેસિમેકસ ધર્મની નિંદા કરતો હતો, અને અધર્મની પ્રશંસા કરતો હતો, ત્યારે આ જ પક્ષનું એ હમણાં પ્રતિપાદન કરતો હતો. પરંતુ હું એટલો મૂર્ખ છું કે મારા મનમાં એ ઠસી શકયું નહિ.

(બ) તેણે કહ્યું: તમે એને સારી રીતે સાંભળ્યો, તો એ જ રીતે મને પણ સાંભળો એવી મારી ઇચ્છા છે, અને પછી તમે અને હું સંમત થઈએ છીએ કે નહિ એ હું જોઈશ. કારણ એક સર્પની જેમ, થ્રેસિમેકસ તમારા અવાજથી તેણે મોહિત થવું જોઈતું હતું તેના કરતાં બહુ જલદીથી મોહી પડયો હોય એમ લાગે છે: પરંતુ મારા મનમાં તો ધર્મ અને અધર્મનું સ્વરૂપ હજી સુધી કંઈ સ્પષ્ટ થયું નથી. એમાંથી મળતા ફાયદાઓ અને પરિણામોને બાજુ પર મૂકીને તે સ્વયં શું છે, અને આંતરિક દૃષ્ટિએ આત્મામાં કેવી રીતે

કાર્ય કરે છે, એ મારે જાણવું છે. ત્યારે જો તમને વાંધો ન હોય, તો (ક) થ્રેસિમેકસની દલીલ હું ફરીથી સજીવન કરું. અને સૌથી પહેલું, સામાન્ય દૃષ્ટિ અનુસાર ધર્મના ઉદ્ભવ અને સ્વરૂપ વિશે હું બોલીશ. બીજું, હું એમ સાબીત કરીશ કે જે બધા લોકો ધર્મ આચરે છે, તે બધા એને ઇષ્ટ વસ્તુ તરીકે નહિ, પણ ન છૂટકે મરજી વિરુદ્ધ આચરે છે. અને ત્રીજું, હું દલીલ કરીશ કે આ માન્યતા પાછળ પણ કારણ રહેલું છે; શાથી જે, તેઓ કહે છે—કારણ હું પોતે એમના અભિપ્રાયનો નથી—તે ખરું હોય તો,—ગમે તેમ તોપણ ધર્મિષ્ઠના જીવન કરતાં અધર્મીનું જીવન વધારે સારું હોય છે. પરંતુ હજી પણ હું કબૂલ કરું છું કે જ્યારે બીજા કરોડો લોકો મારા કાન ફોડી નાંખે છે અને તે સાથે થ્રેસિમેકસનો અવાજ (ડ) સાંભળું છું ત્યારે હું મૂંઝાઈ જાઉં છું; અને બીજી બાજુ અધર્મ કરતાં ધર્મના શ્રેષ્ઠત્વનું સંતોષકારક રીતે પ્રતિપાદન કરતાં કોઈને પણ હજી મેં સાંભળ્યો નથી. ધર્મની સ્વયમેવ પ્રશંસા થતી સાંભળવા મારી ઇચ્છા છે; ત્યારે જ મને સંતોષ થશે, અને જેની પાસેથી આ (પ્રશંસા) સાંભળવાનો વધારેમાં વધારે સંભવ છે એમ હું માનું છું, તે તમે જ છો, અને તેથી મારામાં છે તેટલી શક્તિથી હું અધર્મી જીવનનાં ગુણગાન કરીશ; અને મારી બોલવાની પદ્ધતિ પરથી, તમારી પાસેથી ધર્મની પ્રશંસા અને અધર્મનો તિરસ્કાર થતો હું જે રીતે સાંભળવા ઇચ્છું છું તેની તમને ખબર પડશે. તમે મારી દરખાસ્તનો સ્વીકાર કરો છો કે નહિ એ કહેશો ?

ખરે જ હું કરું છું; અને સમજુ માણસને આ વિષય સિવાય બીજા કયા વિષય પર હરઘડી વાત કરવાનું ગમે તેની હું કલ્પના કરી શકતો નથી.

(ઇ) તેણે જવાબ આપ્યો; તમે આમ કહો છો એથી મને આનંદ થાય છે, અને મેં કહ્યું તેમ, ધર્મના ઉદ્ભવ અને સ્વરૂપ વિશે બોલવાનું હું શરૂ કરીશ.

તેઓ કહે છે કે અધર્મ આચરવો એ સ્વાભાવિક રીતે ઇષ્ટ છે; અધર્મ સહન કરવો અનિષ્ટ છે; પરંતુ ઇષ્ટ કરતાં અનિષ્ટ વધી જાય છે. અને એથી જ્યારે (૩૫૯) એકને (અધર્મરૂપ ઇષ્ટને) મેળવવાને અને બીજાનો (અધર્મ સહન કરવારૂપ અનિષ્ટનો) ત્યાગ કરવાને અશક્ત હોય એ કારણે લોકો અધર્મ આચરે અને સહન પણ કરે, અને આ રીતે બન્નેનો અનુભવ લઈ લે, ત્યારે એ બેમાંથી એકેયને ન રાખવા તેઓ અંદર અંદર સંમત થાય છે; આમાંથી કાયદાઓ અને અન્યોન્ય પાળવાના નિયમો ઉત્પન્ન થાય છે; અને કાયદાથી જે નિયત થયું છે એને તેઓ કાયદેસર અને ધર્માનુસાર માને છે. ધર્મના ઉદ્ભવ અને સ્વરૂપ આવાં છે એમ તેઓ પ્રતિપાદન કરે છે;—શિક્ષા પામ્યા સિવાય અધર્મ આચરવો એ સૌથી સારું છે, અને વેર લેવાની શક્તિ સિવાય અધર્મ સહન કરવો એ સૌથી ખરાબ છે, આ બે પરિસ્થિતિઓની વચ્ચે ધર્મ સમાધાન કરે છે અને મધ્યમ માર્ગ* કાઢે છે; અને એની વચ્ચે મધ્યસ્થ છે માટે, ઇષ્ટ વસ્તુ તરીકે નહિ પણ ઓછા અનિષ્ટ તરીકે એને સહ્ય ગણવામાં આવે છે, અને અધર્મ આચરવાની અશક્તિને કારણે જ ધર્મની (ब्र) પ્રશંસા કરવામાં આવે છે. કારણ મરદ કહી શકાય એટલી જેનામાં લાયકાત છે એવો માણસ પોતે સામો થઈ શકે તો એવા કરારને કદી નમતું આપે નહિ; જો આપે તો એ ગાંડો જ હોવો જોઈએ, સૉક્રેટિસ, ધર્મના ઉદ્ભવ અને સ્વરૂપની (લોકોમાં) માન્ય થયેલી હકીકત આવી છે.

હવે જેઓ ધર્મનું ન છૂટકે જ આચરણ કરે છે, અને—કારણ અધર્મી થવા જેટલી એમનામાં શક્તિ નથી, એમને જો સારામાં સારી રીતે નિહાળવા હોય, તો આપણે આવી (क) કંઈક કલ્પના કરવી પડશે. અધર્મીને અને ધર્મિષ્ઠને એમને જે ગમે તે કરવાની

* બે અનિષ્ટ પરિસ્થિતિઓ કે વ્યાપારો વચ્ચેનો જે મધ્યમ માર્ગ તેનું નામ સદ્‌ગુણ એવા એરિસ્ટોટલના ચારિત્ર્યમીમાંસા સિદ્ધાંતનું બીજ અહીં મળી આવે છે. સરખાવો ૪૧૦-૩ તથા તેની ફૂટનોટ

શક્તિ આપીને, એમની ઇચ્છાઓ એમને ક્યાં દોરી જાય છે તે આપણે જોઈશું અને તપાસીશું; (અને) ત્યારે આપણને માલુમ પડશે કે પોતાનું જ હિત, જેને ગમે તે સ્વભાવનો માણસ ઇષ્ટ ગણે છે તેને અનુસરતાં ધર્મિષ્ઠ અને અધર્મી માણસ (બન્ને) એક જ રસ્તે જશે, (સિવાય કે) માત્ર કાયદાના બળે ધર્મના માર્ગમાં બંનેને વળવું પડે. ક્રોએસસ ધી લિડિયનના વડવા ગાઇજિઝ પાસે જે શક્તિ હતી એમ કહેવાય છે, એ જાતની શક્તિ દ્વારા આપણે કલ્પીએ છીએ એવી સ્વતંત્રતા સંપૂર્ણ રીતે એમને આપી (ડ) શકાય. શ્રુતપરંપરા અનુસાર લિડિયાના રાજાની નોકરીમાં ગાઇજિઝ નામનો એક ભરવાડ હતો. (એક વાર) એક મોટું તોફાન થયું, અને એ જ્યાં ઘેટાં ચારતો હતો તે જગ્યાએ ધરતીકંપને લીધે પૃથ્વીમાં એક મોટું ગાબડું પડ્યું. એ જોઈને એ આશ્ચર્ય પામ્યો, અને ગાબડામાં ઉતર્યો ત્યાં બીજાં કૌતુકો વચ્ચે તેણે પોલો બારણાંવાળો પિત્તળનો એક ઘોડો જોયો. બારણામાં નીચે વળીને જોયું તો એણે એક મુડદું જોયું, અને (એના શરીર પર) એક સોનાની વીંટી સિવાય બીજું કશું નહોતું. (ઇ) મુડદાની આંગળીએથી આ વીંટી તેણે કાઢી લીધી અને પાછો બહાર આવ્યો. હવે રિવાજ પ્રમાણે રાજાને ઘેટાંના ટોળાનો માસિક અહેવાલ મોકલવા ભરવાડો એકઠા થયા; એમની બેઠકમાં પોતાની આંગળીએ પેલી વીંટી સહિત એ આવ્યો અને એમની સાથે એ બેઠો હતો, ત્યારે અકસ્માત નંગ હથેળી તરફ આવે એમ તેણે વીંટીને (આંગળી પર) ફેરવી, ત્યાં એ જ ક્ષણે મંડળીના બીજા માણસોને તે અદૃશ્ય થઈ ગયો, અને તે જાણે હાજર જ ન હોય એ રીતે તેઓ (૩૬૦) એના વિશે બોલવા માંડ્યા. આથી એને અચંબો થયો, અને વીંટીને અડીને એણે નંગ બહાર આવે એ રીતે એને ફેરવ્યું અને ફરી પાછો એ દૃશ્યમાન થયો. (આ રીતે) વીંટીના એણે કેટલાએક અખતરા કરી જોયા, અને હંમેશ એ જ પરિણામ આવતું—જ્યારે વીંટીના નંગને એ હથેળી તરફ ફેરવે ત્યારે એ અદૃશ્ય થઈ જતો અને જ્યારે બહાર લાવે ત્યારે એ પાછો

દેખાતો. આ પરથી રાજદરબારમાં ખબર લઈને જે લોકોને મોકલવામાં આવતા તેમાં યુક્તિ કરી એ ચૂંટાયો; અને એ ત્યાં આવ્યો કે તરત જ તેણે રાણીને (બ) પ્રલોભનથી આકર્ષી, અને એની મદદથી રાજા સામે કાવતું કરી એને મારી નાંખ્યો અને રાજ્ય લીધું. હવે ધારો કે એવી બે જાદુઈ વીંટીઓ છે, અને તેમાંની એક ધર્મિષ્ઠ માણસ પહેરે છે અને બીજી અધર્મી પહેરે છે; (આવા સંજોગોમાં) કોઈ માણસ પોતે ધર્મને અડગ રીતે વળગી રહે એટલા દૃઢ સ્વભાવનો હોય એમ કલ્પી શકાય નહિ. જો કોઈ કોઈને મારી શકે, અથવા પોતાની મરજીમાં આવે તેને કેદખાનામાંથી છોડાવી શકે, ગમે તેના ઘરમાં જઈ શકે અને મરજીમાં આવે ત્યારે ગમે તેની સાથે સૂઈ શકે, બજારમાંથી પોતાને ગમે તે વસ્તુ સહીસલામત (ક) રીતે લઈ શકે, અને દરેક રીતે માણસો વચ્ચે રહી દેવ જેવો થઈ શકે, તો કોઈ પણ માણસ એવો નહિ હોય જે પોતાને હાથ પડેલી પારકી ચીજ કદી છોડે. ત્યારે ધર્મિષ્ઠનાં કર્મો અધર્મીનાં કર્મો જેવાં જ થઈ રહેશે અને બંને છેવટ એક જ સ્થાન પર આવીને ઊભા રહેશે. અને કોઈ માણસ ધર્મિષ્ઠ છે એ પોતાની મરજીથી, અથવા પોતાને એક વ્યક્તિ તરીકે ધર્મ જરા પણ ઇષ્ટ છે એમ માને છે એ કારણે નહિ, પણ ન છૂટકે જ; × કારણ જ્યાં જ્યાં માણસ એમ માને કે એ સહીસલામત રીતે અધર્મી થઈ શકાશે ત્યાં ત્યાં એ (ડ) અધર્મી થાય છે. કારણ પોતાના અંતરમાં તો દરેક માણસ માને છે કે ધર્મ કરતાં અધર્મ વ્યક્તિને ઘણો જ વધારે લાભદાયક છે, અને મેં જે પૂર્વ પક્ષ ઊભો કર્યો છે એ અનુસાર જે દલીલ કરે છે તે એમ કહેશે કે તેઓ ખરા છે. અદૃશ્ય થવાની આ શક્તિ કોઈને પણ મળે અને છતાં કદી કશું ખોટું કરે નહિ અને પારકી વસ્તુને અડે નહિ એમ જો તમે માની શકો, તો તે મોટો દુર્ભાગી મૂર્ખ છે એમ તેને જોનાર માણસો કહેશે,

× સરખાવો પ્લેટોના "લૉઝ" નામનો સંવાદ. પુ. ૧, તથા પુ. ૫, ક. ૭૩૦–૭૩૨.

જો કે એને મોઢે તો એનાં વખાણ જ કરશે, અને રખેને પોતાને અધર્મ સહન કરવો પડે એ બીકે બીજાની સાથે ઠાવકાઈ રાખશે. આટલું બસ થશે.

(૬) હવે ધર્મિષ્ઠ અને અધર્મીના જીવન વિશે જો આપણે ખરો જ અભિપ્રાય બાંધવો હોય, તો આપણે તેમને તદ્દન ભિન્ન રાખવા જોઈએ; એ સિવાય છૂટકો જ નથી; અને એ લોકોને આપણે કઈ રીતે ભિન્ન રાખી શકીશું ? હું જવાબ આપું છું: અધર્મી માણસ ભલે સંપૂર્ણ અધર્મી હોય, અને ધર્મિષ્ઠ માણસ તદ્દન ધર્મિષ્ઠ હોય. એ બેમાંથી કોઈની પાસેથી કશું લઈ લેવાનું નથી, અને પોતપોતાના જીવનના કાર્ય માટે બંને પાસે પૂરતાં સાધન રહેવા દેવાનાં છે. સૌથી પહેલાં તો (ભિન્ન ભિન્ન) કલાઓમાં જે મશહૂર એક્કાઓ હોય છે તેવો અધર્મી માણસ ભલે હોય—કુશલ સુકાની અથવા (૩૬૧) વૈદ્યના જેવો, જેને અંદરથી પોતાની શક્તિઓનું ભાન છે, અને જે એની સીમા બહાર જતો નથી, અને કોઈ પણ પ્રસંગે ભૂલ થાય તો પણ જે કદી સ્થાનભ્રષ્ટ થતો નથી. તો અધર્મીને તેના અધર્મી પ્રયત્નો સાચે માર્ગે કરવા દો, અને એના અધર્મમાં જો એને મહાન થવું છે, તો એનો અધર્મ ગુપ્ત રહેવા દો: [જેનો અધર્મ બહાર પકડાઈ જાય છે એ કોડીનો થઈ જાય છે] કારણ તમે ધર્મિષ્ઠ હો નહિ છતાં ધર્મિષ્ઠ ગણાઓ એ અધર્મની ઉચ્ચતમ પરાકાષ્ટા છે. એટલા માટે હું કહું છું કે સંપૂર્ણ અધર્મીમાં પૂર્ણતમ અધર્મનું અસ્તિત્વ આપણે સ્વીકારવું જોઈએ. એમાં કંઈ ન્યૂનતા રાખવાની નથી, પરંતુ એ જ્યારે અધર્મીમાં અધર્મી કૃત્યો કરતો હોય, ત્યારે (ચ) ધર્મિષ્ઠ હોવાની મહાનમાં મહાન પ્રતિષ્ઠા એને મળી છે એટલી આપણે છૂટ મૂકવી જોઈએ; જો કોઈ ભૂલભરેલું પગલું એનાથી લેવાઈ જાય, તો પોતાનું સ્થાન ફરીથી પ્રાપ્ત કરવા તે શક્તિમાન હોવો જોઈએ, જો એનાં કોઈ કૃત્યો બહાર પડી જાય, તો (છટાથી) અસરકારક રીતે એ બોલી શકે એવો તથા પૈસા અને મિત્રોની લાગવગવાળો તથા જ્યાં બળની જરૂર પડે ત્યાં શૌર્ય અને સામર્થ્ય વાપરી બળજબરીથી પણ

પોતાનો રસ્તો કાઢી શકે એવો હોવો જોઈએ. અને ઇરકાઇલસ કહે છે તેમ, સારા દેખાવા નહિ પણ ખરેખર સારા થવા ઇચ્છતા, ઉદાર અને સરલ ધર્મિષ્ઠ માણસને એની સાથે મૂકો. એનામાં બહારનો (ક) દેખાવ કશો હોવો ન જોઈએ; કારણ જો એ બહારથી ધર્મિષ્ઠ દેખાય, તો એને (દેખાવ પૂરતો) બદલો અને માન મળશે, અને તો આપણને ખબર નહિ પડે કે એ તે ધર્મની ખાતર ધર્મિષ્ઠ થયો છે કે માન અને બદલાની ખાતર ધર્મિષ્ઠ થયો છે; આથી માત્ર ધર્મમાં જ એને આચ્છાદિત રહેવા દો, અને (એના પર) બીજું કશું આવરણ ન રાખો; અને અધર્મીના જીવન કરતાં એની દશા તદ્દન ઊલટી જ કલ્પવી જોઈએ. ભલે એ માણસોમાં સૌથી શ્રેષ્ઠ હોય, અને ભલે એ સૌથી અધમ ગણાતો હોય; ત્યારે જ એની પૂરેપૂરી કસોટી થશે અને અપકીર્તિ અને તેનાં પરિણામો એને કેટલાં ચલિત કરે છે તે આપણે (ડ) જોઈ શકીશું. અને મૃત્યુ પર્યંત તેને આ ને આ દશામાં જ રહેવા દો—ધર્મિષ્ઠ હોય અને છતાં અધર્મી દેખાતો હોય. એક અધર્મની અને બીજો ધર્મની એમ જ્યારે બન્ને અધર્મની અને ધર્મની સૌથી છેલ્લી પરાકાષ્ઠાએ પહોંચી જાય, ત્યારે અધર્મી અને ધર્મિષ્ઠ એ બેમાંથી કયો વધારે સુખી છે એ નિર્ણય આપજો.

મેં કહ્યું: અરે વાહ! પ્રિય ગ્લાઉકોન, (ધર્મ અને અધર્મ વિશેના છેવટના) નિર્ણય માટે તમે બંનેને (ધર્મ અને અધર્મને) કેટલા ઉત્સાહથી શણગારીને મૂકો છો, પહેલાં એકને પછી બીજાને, જાણે એ બે પૂતળાં ન હોય!

તેણે કહ્યું: મારાથી બનતું બધું હું કરું છું. અને તેઓ કોના જેવા છે એ હવે આપણે જાણીએ છીએ, તો તે દરેક માટે જે પ્રકારનું જીવન નિર્મિત થયું છે એનું (ઢ) આલેખન કરવામાં કશી પણ મુશ્કેલી પડશે નહિ. આનું વર્ણન કરવાનું હવે હું શરૂ કરીશ: પરંતુ સૉક્રેટિસ, એ વર્ણન અત્યંત ગ્રામ્ય છે એમ તમે (કદાચ) માનો, એથી તમને એટલું સ્વીકારવાનું કહું છું, કે જે શબ્દો હું હવે પછી બોલીશ એ

મારા નથી—જેઓ અધર્મના પ્રશંસકો છે એમના મોંમાં એ શબ્દો મને મૂકવા દો: તેઓ તમને કહેશે કે જે ધર્મિષ્ઠને અધર્મી ગણવામાં આવે છે તેને (જકડીને) બાંધવામાં આવશે તથા ફટકા મારવામાં આવશે, અને યંત્રથી એને પીડવામાં આવશે—એની આંખો બાળી નાંખવામાં આવશે; અને છેવટ, દરેક પ્રકારનું અનિષ્ટ ભોગવ્યા પછી એને ટાંગીને મારી નાંખવામાં આવશેઃ ત્યારે એ સમજશે કે એણે (૩૬૨) ધર્મિષ્ઠ થવું ન જોઈએ પણ માત્ર (ધર્મિષ્ઠ) દેખાવું જ જોઈએ. ઍસ્કાઇલિસના શબ્દો ધર્મિષ્ઠ માણસને વિશે વપરાયા છે એ ખરી રીતે તો અધર્મીને વિશે વપરાવા જોઈએ. કારણ અધર્મી માણસ (અમુક) સત્ત્વની પાછળ દોડે છે—બહારના દેખાવની ખાતર એ જીવતો નથી—એ માત્ર દેખાવા જ નહિ પણ ખરેખર અધર્મી થવા માગે છેઃ—

"એના મનની માટી ગાઢ–ગંભીર અને ફળદ્રૂપ છે,
(બ) જેમાંથી દૂરદર્શી મંત્રણા ઊગે છે!"[1].

—એક તો એ કે એ ધર્મિષ્ઠ મનાય છે, અને તેથી નગરમાં એનું રાજ્ય ચાલે છે; મરજીમાં આવે તેની સાથે એ લગ્ન કરી શકે છે, અને ફાવે તેનાં લગ્ન કરાવી શકે છે અને વળી પોતાને ગમે તેવાની સાથે લેવડદેવડ તથા વેપાર કરી શકે છે; અને (તે પણ) હંમેશાં પોતાને જ ફાયદો થાય એ રીતે—કારણ અધર્મ વિશે એને કશી આશંકા નથી; અને દરેક લડતમાં, શું જાહેરમાં કે શું ખાનગીમાં, એના પ્રતિપક્ષીઓને એ હરાવે છે, એમને હાનિ પહોંચાડી પોતે ફાયદો કાઢી લે છે, અને એ શ્રીમંત છે, તથા પોતાના લાભમાંથી પોતાના મિત્રોને લાભ કરી આપે છે, (ક) અને દુશ્મનોનું નુકસાન કરે છે; આ ઉપરાંત એ યજ્ઞયાગાદિ કરી શકે છે, અને દેવતાઓને ભલકામેર પુષ્કળ બલિ અર્પણ કરી શકે છે, અને ધર્મિષ્ઠ માણસના કરતાં કયાંય વધારે સારી પદ્ધતિ અનુસાર દેવતાઓનું કે બીજા ગમે તે માણસનું સન્માન કરી શકે છે, અને તેથી બીજાઓના

---

૧. Seven against Thebes,—574

કરતાં દેવતાઓને એ વધારે પ્રિય હોય એ સંભવિત છે. અને આ રીતે, સૉક્રેટિસ, ધર્મિષ્ઠ માણસના જીવન કરતાં અધર્મીનું જીવન વધારે સુખકર કરવા દેવતાઓ અને માનવો એકત્ર થાય છે એમ કહેવાય છે.

(ડ) હું જવાબમાં ગ્લાઉકોનને કંઈક કહેવા જતો હતો ત્યાં એનો ભાઈ એડેઈમેન્ટસ વચ્ચે બોલી ઊઠ્યો; એણે કહ્યું સૉક્રેટિસ, આના સમર્થનમાં હવે બીજું કશું જ કહેવાનું બાકી રહ્યું નથી એમ તો તમે માનતા નહિ હો?

મેં જવાબ આપ્યોઃ કેમ, હવે બાકી શું રહ્યું છે?

તેણે જવાબ આપ્યોઃ સૌથી વધારે અગત્યના મુદ્દાનો તો હજી ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી.*

વારુ, ત્યારે "ભાઈ ભાઈને મદદ કરશે" એ કહેવત અનુસાર, જો ક્યાંય પણ એણે ઊણપ રાખી હોય, તો તમે એને મદદ કરો; જો કે મારે કબૂલ કરવું જોઈએ કે ગ્લાઉકોને અત્યાર સુધીમાં જે કહ્યું છે એ મને ધૂળમાં રગદોળાવા અને ધર્મને સહાય કરવાની મારી શક્તિ હણવાને પૂરતું છે.

(ઢ) તેણે જવાબ આપ્યોઃ ખોટું—પણ મને આગળ બોલવા દો. ધર્મની અને અધર્મની સ્તુતિ અને નિંદા કરવામાં, માત્ર ધારવા પ્રમાણે, ગ્લાઉકોનનો જે અર્થ હતો તે સ્પષ્ટ કરવા દલીલની (જે) બીજી બાજુ (રહી ગઈ છે તે) બતાવવાની એટલી જ જરૂર છે. માબાપો તથા શિક્ષકો પોતાના પુત્રો અને આશ્રિતોને, 'એમણે ધર્મિષ્ઠ થવું (૩૬૩) જોઈએ' એમ હરહંમેશ કહ્યા કરે છે; (તે બધું) શા માટે? ધર્મની ખાતર નહિ પણ પ્રતિષ્ઠા અને ચારિત્ર્યની ખાતર; અને ધર્મિષ્ઠપણાની પ્રતિષ્ઠાને લીધે અધર્મીને ગ્લાઉકોને ગણી બતાવ્યા એ જે ફાયદાઓ થાય છે, જેવા કે હોદ્દા અને લગ્ન વગેરે, તેમાંના માત્ર કેટલાએક જ, જેને ધર્મિષ્ઠપણાની પ્રતિષ્ઠા હોય એને મળે—એ આશાએ. પરંતુ આ જાતના માણસો બહારના દેખાવો ઉપર બીજાઓ

* મુદ્દો ૨.

કરતાં ઘણો વધારે ભાર મૂકે છે; કારણ દેવતાઓના સારા અભિપ્રાયને પણ તેઓ ટાંકે છે, અને પવિત્ર માણસો ઉપર, તેઓ કહે છે તેમ, સ્વર્ગમાંથી જે અનુગ્રહોનો વરસાદ વરસે છે તે વિશે તેઓ તમારી આગળ વાતો કરશે; અને મહાનુભાવ હિસિયડ અને હોમર આ (ब) વાતની સાક્ષી પૂરે છે; જેમાંનો પહેલો એમ કહે છે કે દેવો ધર્મિષ્ઠનાં 'ઓક' નામનાં વૃક્ષોની—

"ટોચ ઉપર ફળ અને મધ્યમાં મધમાખીઓ મોકલે છે;
અને એમનાં ઘેટાં ઊનના ભારથી લચી પડે છે;"[૧]

—અને આ જાતની બીજી કેટલીય આશિષો એમને અપાય છે. અને આને અત્યંત મળતો આવે એવો સૂર હોમરમાં છે; કારણ એ કોઈ એવાની વાત કરે છે જેની કીર્તિ—

"દેવની જેમ જે ધર્મનું પાલન કરે છે એવા દોષરહિત રાજાની કીર્તિ સમાન; જેને કાજ કાળી જમીનમાંથી (क) ઘઉં અને જવ ઊગે છે, અને જેનાં ઝાડ ફળથી લચી પડે છે; અને એનાં ઘેટાં વધ્યે જ જાય છે, અને સમુદ્ર એને મચ્છી અર્પે છે."[૨]

—સ્વર્ગમાં જે બક્ષીસો ધર્મિષ્ઠને મળશે જ એવી ખાત્રી મ્યૂઝેઇયસ અને એનો પુત્ર[૩] આપે છે એ તો આનાથી પણ કયાંય ભારે છે; તેઓ એમને નીચલી દુનિયામાં લઈ જાય છે, અને ત્યાં માથા પર ફૂલની માળા ધારણ કરીને, નિત્યનિયમિત દારુ પીધેલા, મિજબાની ઉડાવતા સંતો પર્યંકો પર પડેલા જ રહે છે; (ड) એમનો ખ્યાલ એવો લાગે છે કે દારુથી ચકચૂર થયેલાનું અમરત્વ એ જ સદ્‌ગુણનો મોટામાં મોટો બદલો છે. કેટલાએક તો (સદ્‌ગુણનો) બદલો આપવામાં આથી પણ દૂર જાય છે; તેઓ કહે છે તેમ શ્રદ્ધાવાન અને ધર્મિષ્ઠનો વંશ ત્રીજી અને ચોથી પેઢી સુધી ટકી રહે છે. ધર્મની

૧. Hesiod : "Works and Days"–239
૨. Homer : Odessy–XIX–109
૩. Eumolpus

પ્રશંસા કરવાની તેમની રીત આવી છે. પરંતુ દુષ્ટ લોકો વિશે બોલતાં તેઓ જુદું તાન કાઢે છે; બદબોવાળી જગ્યામાં તેઓ એને દાટે છે, અને ચાળણીમાં એમની પાસે પાણી ભરાવે છે; જ્યારે હજી જીવતા હોય છે ત્યારે પણ અપયશ ઓઢાડે છે, અને ધર્મિષ્ઠ હોવા છતાં જેના પર અધર્મીની છાપ પડી (૬) ગઈ છે એવાને ગ્લાઉકોને વર્ણન કર્યું તેવી જે શિક્ષાઓ કરવામાં આવે છે એવી શિક્ષાઓ તેમને પણ કરવામાં આવે છે. એમની સર્જક બુદ્ધિમાંથી બીજું કશું નીકળી શકતું નથી.—એકની પ્રશંસા કરવાની અને બીજાની નિંદા કરવાની એમની રીત આવી છે.

સૉક્રેટિસ, ધર્મ અને અધર્મ વિશે બોલવાની એક બીજી રીત, જે કવિઓમાં જ નહિ પણ ગદ્યલેખકોમાં પણ મળી આવે છે, એ વિષે ફરીથી (૩૬૪) વિચાર કરવાનું હું તમને કહું છું. મનુષ્ય જાતનો સર્વસામાન્ય અભિપ્રાય એમ જાહેર કરે છે કે સદ્‌ગુણ અને ધર્મમાં પ્રતિષ્ઠા છે, પણ તે કલેશકર અને શ્રમસાધ્ય છે, અને દુર્ગુણ અને અધર્મનાં સુખ મેળવવાં સહેલાં છે, અને એ માત્ર કાયદાની અને (સામાજિક) અભિપ્રાયની દૃષ્ટિએ જ નિંદ્ય ગણાય છે. તેઓ એમ પણ કહે છે કે અપ્રમાણિકપણા કરતાં પ્રમાણિકપણું ઘણુંખરું ઓછું લાભકારક છે; અને દુષ્ટ લોકો જો પૈસાદાર અને બીજી કોઈ રીતે લાગવગવાળા હોય, તો તેઓ સુખી છે એમ કહેવાને તથા જાહેર તેમજ ખાનગી પ્રસંગોમાં તેમને માન આપવાને તૈયાર થઈ જાય છે. વળી બીજાઓના કરતાં જેઓ (ચ) વધારે સારા છે એમ પોતે સ્વીકારતા હોય છતાં, જો તેઓ દુર્બલ અને ગરીબ હોય, તો તેઓ તેમની ઉપેક્ષા કરે છે અને ધિક્કારે છે. પરંતુ દેવોની અને સદ્‌ગુણ વિશે વાત કરવાની તેમની પદ્ધતિ સૌથી અજબ છે: તેઓ કહે છે કે દેવો ઘણાયે સારા માણસોને ભાગે આફત અને દુઃખ અને દુષ્ટ માણસોને ઇષ્ટ વસ્તુઓ અને સુખ આપે છે. અને ભિખારી જોષ જોનારાઓ *

* સરખાવો 'લૉઝ' પુ. ૧૧

શ્રીમંત માણસોને બારણે જાય છે, અને એમ સમજાવે છે કે તેમને દેવો તરફથી એવી શક્તિ બક્ષવામાં આવી છે કે જેની મદદથી ઉત્સવો અને મિજબાનીઓ કે યજ્ઞયાગ અથવા મંત્રજાપ દ્વારા તેમનાં પોતાનાં અથવા તેમના વડવાઓનાં (ક) પાપોનું પ્રાયશ્ચિત્ત કરી શકે: તથા તેઓ કહે છે તેમ, સ્વર્ગ પણ તેમની મરજીને અધીન થઈને કાર્ય સાધી આપે એવી જાદુની કલા અને મંત્રજાપની મદદથી થોડા જ ખરચે ધર્મિષ્ઠ કે અધર્મી દુશ્મનને હેરાન કરવાનું તેઓ વચન આપે છે. અને કવિઓનાં વચનો પ્રમાણરૂપે ટાંકી, કોઈ વાર હિસિયડના શબ્દો દ્વારા તેઓ દુર્ગુણનો માર્ગ સરલ કરી આપે છે:—

"કંઈ પણ શ્રમ વગર દુર્ગુણ મોટા પ્રમાણમાં કેળવી શકાય (ડ) છે, રસ્તો સરલ છે અને એનું નિવાસસ્થાન નજીક જ છે. પરંતુ દેવોએ સદ્‌ગુણની પહેલાં શ્રમ મૂકયો છે"[૧]

—અને (એ) રસ્તો દીર્ઘ અને ઊર્ધ્વ છે તો કોઈ વાર, દેવો મનુષ્યના પ્રભાવથી દોરાય છે એની સાક્ષી રૂપે હોમરમાંથી અવતરણ આપે છે: કારણ એ પણ કહે છે કે '—

'પોતાનાં પ્રયોજનમાંથી દેવોને પણ ચલિત કરી શકાય, અને જ્યારે માણસોએ પાપ કર્યાં હોય અથવા કોઈ નિયમનું ઉલ્લંઘન કર્યું હોય, ત્યારે અર્ઘ્ય અને ચરબીના ધૂપથી, (ઢ) તથા શાંત એવી અભ્યર્થના અને યજ્ઞયાગાદિથી મનુષ્યો તેમની પ્રાર્થના કરે છે અને એમના રોષમાંથી બચી જાય છે.'[૨] ×

—અને મ્યૂઝેઉસ અને ઑર્ફિયસ, જેઓ તેમના કહેવા પ્રમાણે —ચંદ્ર અને કલાની દેવીઓનાં બાળકો છે, એમણે લખેલા પુસ્તકોનો ઢગલો તેઓ આગળ ધરે છે—અને એને આધારે તેઓ ઉપાસના કરે છે અને માત્ર વ્યક્તિઓને નહિ પણ આખાં (ને આખાં) શહેરોને એમ

૧: Hesiod: Works and Days, 287.

૨: Homer: Iliad: IX. 493.

× જુઓ 'લૉઝ' પુ. ૧૦, ક. ૮૮૫-૮૯૯.

સમજાવે છે કે નવરાશનો વખત ભરી કાઢે અને જીવતાં તથા મરેલાં પર સરખો ઉપકાર કરી શકે એવા યજ્ઞો અને વિનોદોથી પાપનું પ્રાયશ્ચિત્ત અને નિવારણ થઈ શકે છે. આમાંના બીજા ઉપાયોને તેઓ નિગૂઢ સંપ્રદાયો * કહે છે, અને (૩૬૫) (તેમના કહેવા અનુસાર) નર્કયાતનામાંથી તે આપણને બચાવે છે, પરંતુ જો આપણે એની ઉપેક્ષા કરીએ તો આપણું શું થશે એ કોઈથી કહી શકાય નહિ.

એણે આગળ ચલાવ્યું: પ્રિય સૉક્રેટિસ, અને હવે દેવો અને મનુષ્યો ધર્મ અને અધર્મ પ્રત્યે જે રીતે જુએ છે, તે તથા ધર્મ અને અધર્મ વિશે આમ બોલાતું જ્યારે જુવાનિયાઓ સાંભળે, ત્યારે એમના મન પર કેવી અસર થવાનો સંભવ છે? —(બધાના મન પર નહિ તો પણ) તેમાંના જેઓ ચંચળ છે, અને ઊડતા મધુકરની જેમ જે દરેક પુષ્પ ઉપર બેસતા હોય છે, અને પોતે જે કંઈ સાંભળે તેમાંથી—જેને જીવનમાંથી વધારેમાં વધારે લાભ ઉઠાવવો હોય, તેણે કેવા માણસ થવું અને કયે રસ્તે ચાલવું—એ વિશે જેઓ (ઘ) અનુમાન બાંધવાને તત્પર જ હોય છે, (તેમના મન પર કેવી અસર થવાનો સંભવ છે)? કદાચ પિન્ડારના શબ્દોમાં એ યુવક પોતાની જાતને સંબોધીને કહેશે કે–

"ધર્મને રસ્તે કે પછી છલના કુટિલ માર્ગે, પણ શું હું એવા મિનારા પર ન ચડી શકું જે આખી જીંદગીભર એક દુર્ગરૂપ થઈ રહે?" કારણ લોકો એમ જ કહે છે કે જો હું ખરેખર ધર્મિષ્ઠ હોઉં અને વધારામાં ધર્મિષ્ઠ ગણાતો ન હોઉં, તો (તેમાં) લાભ નથી જ પરંતુ ઉલટાં દુઃખ અને હાનિ અવશ્ય આવવાનાં. પણ અધર્મી છતાં જો ધર્મિષ્ઠ હોવાની હું પ્રતિષ્ઠા મેળવી શકું, તો અવશ્ય સ્વર્ગીય જીવન મળે. આથી, ફ્લિસ્ફો (ક) સાબીત કરે છે તેમ, (બાહ્ય) આભાસ (આંતરિક) સત્ય ઉપર ચડી બેસે છે, અને સુખ પર પ્રભુત્વ ભોગવે છે, તો (પછી) મારે આભાસને અર્થે જ જીવવું જોઈએ. અને મારા

* Elusian and other Mysteries (ઇલ્યૂશિયન અને બીજા રહસ્ય માર્ગો.)

ઘરની બહારના ભાગમાં અને પગથારમાં સદ્‌ગુણનો આભાસ હોય (તેવું) એક ચિત્ર મારી ચારે બાજુ હું ઊભું કરીશ. (ઘરની) પાછળ (ના ભાગમાં) મહાન દૃષ્ટા આર્કિલોકસ ભલામણ કરે છે તેમ, ચતુર અને કુટિલ શિયાળને હું અનુસરીશ. પણ ક્રોઈકને હું બોલતો સાંભળું છું કે દુષ્ટતાને ગુપ્ત રાખવી ઘણી વાર મુશ્કેલ છે; તેના જવાબ (ડ) માં હું એમ કહું છું કે, કોઈ પણ મહાન કાર્ય સુકર નથી. છતાં આપણે જો સુખી થવું હોય તો આપણે આ રસ્તે ચાલવું જોઈએ એમ દલીલ બતાવી આપે છે. ગુપ્ત રાખવાના આશયથી આપણે નિગૂઢ બંધુસમાજો અને રાજપ્રકરણી મંડળો સ્થાપીશું. અને કચેરીઓ તથા સભાઓને ફોસલાવીને સમજાવવાની કળા શીખવી શકે એવા વકતૃત્વકળાના અધ્યાપકો * મોજૂદ છે; અને તેથી થોડે અંશે બળથી અને થોડે અંશે કળથી હું બિનકાયદેસર લાભો મેળવીશ અને શિક્ષામાંથી બચી જઈશ. હજી એક અવાજને કહેતો સાંભળું છું કે દેવોને છેતરી નહિ શકાય તેમજ તેમના પર બળજબરી પણ કરી નહિ શકાય. પણ દેવો જ ન હોય તો પછી શું? અથવા માનો કે મનુષ્યના વ્યવહારની એમને કંઈ પડી નથી—એમાંથી એકેય સંજોગોમાં કશું પણ ગુપ્ત રાખવા (ઢ) આપણે શા માટે દરકાર કરવી જોઈએ? અને દેવો હોય અને તેઓ આપણે માટે દરકાર રાખતા હોય તોપણ આપણે તેમને વિશે માત્ર કવિઓની હાર-માળા અને શ્રુતપરંપરા દ્વારા જાણીએ છીએ; × અને 'બલિ અને શમન કરે એવી અભ્યર્થના અને યજ્ઞો' દ્વારા તેમના પર અસર થઈ શકે અને એમને નિવારી શકાય (એમના ક્રોધનું નિવારણ કરી શકાય) એવું કહેનારા માણસો પણ આ ને આ જ છે. આમ છે તો આપણે સુસંગત રહેવું જોઈએ અને કાં તો બન્ને કાં તો એમાંથી એકેકમાં આપણે માનવું ન જોઈએ. જો કવિઓ ખરું કહેતા હોય, તો અધર્મી થવું અને (ઉદ્દ) અધર્મના ફળમાંથી (દેવોને કંઈક) ભાગ આપવો એ

---

* સોફિસ્ટ લોકો.

× જુઓ "લૉઝ" પુ. ૧૦, ફકરા ૯૦૬-૭

આપણે માટે વધારે સારું છે; કારણ જો આપણે ધર્મિષ્ઠ હોઈએ, તો સ્વર્ગના પ્રત્યપકારમાંથી બચી જઈએ છતાં અધર્મના લાભો તો આપણે ગુમાવવા જ પડશે; પરંતુ જો આપણે અધર્મી હોઈએ તો લાભો તો આપણી પાસે રહેશે જ, અને પ્રાર્થના તથા પાપ, અને પાપ તથા પ્રાર્થના કરવાથી, દેવો તુષ્ટ રહેશે અને આપણને શિક્ષા કરવામાં નહિ આવે. 'પરંતુ આપણાં અધર્મી કર્મો માટે આપણે અથવા આપણા વંશજોને (જ્યાં જઈ) સહન કરવું પડે એવી એક નીચલી દુનિયા પણ છે.' મારા મિત્ર, એ છે એવો વિચાર આવે એ ખરું, પણ નિગૂઢ સંપ્રદાયો અને પ્રાયશ્ચિત્ત કરાવી આપે એવા દેવતાઓ પણ છે, અને એમની શક્તિ મોટી છે. વિશાળ (ब) નગરો આ વાતને જ જાહેર કરે છે, અને તેમના કવિઓ અને જ્યોતિષીઓ, જેઓ દેવતાનાં બાળકો છે તેઓ આ પ્રકારની જ સાક્ષી પૂરે છે.

ત્યારે દુષ્ટમાં દુષ્ટ અધર્મ કરતાં ધર્મને કયા સિદ્ધાન્ત પર કોઈ કાળે આપણે પસંદ કરી શકીએ? (અને તે પણ) જ્યારે મોટામાં મોટા અને અસંખ્ય અધિકારી પુરુષો (જેમનાં વચનો પ્રમાણભૂત ગણી શકાય એવા) આપણને એમ કહે, કે જો આપણે બહારના દેખાવ પ્રત્યે છલથી ભરેલો આદર, અને (અંદરનો) દુષ્ટમાં દુષ્ટ અધર્મ એ બેને માત્ર સાથે રાખીએ, તો જીવતાં કે મરણ પછી મનુષ્યો અને દેવોની સાથે આપણે મરજીમાં આવે તેમ વર્તી શકીએ. (क) સોક્રેટિસ, આ બધું જાણ્યા પછી જેનામાં ધનની, પદવીની, કુલની કે બુદ્ધિની કંઈક પણ શ્રેષ્ઠતા છે એવા માણસને ધર્મને માન આપવાની કે ધર્મની પ્રશંસા થતી સાંભળે ત્યારે હસવું દાબી રાખવાની ખરેખર ઇચ્છા પણ કયાંથી થાય? અને ધર્મ સૌથી શ્રેષ્ઠ છે એમ સંતોષપૂર્વક માને, અને મારા શબ્દોમાં રહેલું અસત્ય સાબીત કરી આપે એવો જો કોઈ હોય, તો પણ અધર્મી પ્રત્યે તે ગુસ્સે કરશે નહિ અને તેને ક્ષમા કરવા એ અત્યંત તત્પર રહેશે; કારણ તેને એટલી ખબર છે કે (ड) પોતાની સ્વતંત્ર ઇચ્છાશક્તિના બળે લોકો ધર્મિષ્ઠ

હોતા નથી, (પણ ન છૂટકે જ ધર્મિષ્ઠ બને છે.)—સિવાય કે દૈવ-વશાત્ એવો કોઈ હોય, જેના અંતરાત્મામાં અધર્મ તરફના ધિક્કારની સાહજિક પ્રેરણા રહેલી હોય અથવા જેણે સત્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય—પણ (એ સિવાય) બીજો કોઈ નહિ. ભીરુતા, નબળાઈ કે વૃદ્ધાવસ્થાને લીધે જેનામાં અધર્મી થવાની શક્તિ હોતી નથી, એ જ અધર્મને દોષ દે છે; અને જ્યારે એને સત્તા (કે શક્તિ) મળે છે, ત્યારે તરત પોતાથી થવાય તેટલો અધર્મી એ થાય છે એ હકીકત પરથી આ સિદ્ધ થાય છે.

સૉક્રેટિસ, ધર્મના પ્રશંસકો હોવાનો દાવો કરે છે એ બધા—જેમનું કંઈ પણ સ્મરણચિહ્ન આપણે (૬) માટે સચવાઈ રહ્યું છે એવા પ્રાચીન વીરપુરુષોથી માંડીને ઠેઠ આપણા સમકાલીન માણસો સુધી—માંના કોઈએ પણ, ધર્માધર્મમાંથી જે કીર્તિ સત્કાર કે લાભો વહે છે એને દૃષ્ટિમાંથી દૂર રાખીને ધર્મની પ્રશંસા કરી નથી કે અધર્મને દોષિત ગણ્યો નથી—એમ અમને ખબર પડે છે, ત્યારે અમને કેટલો અચંબો થાય છે એ વિશે મારા ભાઈ અને હું તમને વાત કરતા હતા, ત્યારે—દલીલની શરૂઆતમાં જ આ બધાના કારણનો અમે નિર્દેશ કર્યો હતો. માનવનાં કે દેવનાં ચક્ષુને પણ અદૃશ્ય એવા આત્મામાં વસતા ધર્માધર્મનું ખરું તાત્ત્વિક સ્વરૂપ કેવું છે, તેનું ગદ્યમાં કે પદ્યમાં કોઈએ કોઈ દિવસ પૂરું વર્ણન કર્યું નથી, કે—મનુષ્યની અંદર છે એવી એના આત્માની તમામ વસ્તુઓ કરતાં, ધર્મ સૌથી મહાન દૃષ્ટ વસ્તુ છે અને અધર્મ સૌથી મહાન અનિષ્ટ છે એમ સાબીત કર્યું (૩૬૭) નથી. જો સર્વમાન્ય રીતે આ વસ્તુનાં જ (બધે) ગાન થતાં હોત, અમારી યુવાવસ્થાથી માંડીને આ વાતની સમજૂત આપવાની તમે કાળજી રાખી હોત તો બીજો ખોટું કરે છે કે નહિ તે બાબત અમે એકબીજા પર ચોકી કરતા ન હોત, પણ દરેક પોત-પોતાનો જ ચોકીદાર થયો હોત; કારણ જો કોઈ ખોટું કરે, તો સૌથી મહાન અનિષ્ટને તે પોતામાં સ્થાન આપે છે એવી એને ભીતિ લાગત.

ધર્મ અને અધર્મના ખરા સ્વરૂપને, મારા ધારવા પ્રમાણે, અત્યંત વિકૃત કરી નાંખે એવા આનાથી પણ વધારે સખત શબ્દો, તથા હું જે માત્ર બોલ્યે જાઉં છું એવી ભાષા થ્રેસિમેકસ અને બીજાઓ ગંભીર થઈને વાપરે ખરા એટલું તો હું ખાત્રીથી કહું છું; પરંતુ મારે ખૂલ્લા (ખ) દિલથી તમારી પાસે કબૂલ કરવું જોઈએ કે હું ઉકળીને બોલું છું, કારણ તમારી પાસેથી મારે સામો પક્ષ સાંભળવો છે; અને અધર્મ કરતાં ધર્મની શ્રેષ્ઠતા તમે બતાવી આપો એટલું જ નહિ પરંતુ તે બંનેની એવી તે કઈ અસર છે જેને લીધે તેના સ્વામીને એક ષ્ટ થઈ પડે, અને બીજો અનિષ્ટરૂપ થાય—એ પણ સાબીત કરવાનું હું તમને કહું છું. અને ગ્લાઉકોને તમને વિનંતિ કરી એ મુજબ કૃપા કરી ધર્મની પ્રતિષ્ઠાને લીધે જે વસ્તુઓ પ્રાપ્ત થાય છે, તેને એક બાજુ મૂકી વાત કરજો, કારણ દરેકમાં એની ખરી પ્રતિષ્ઠા બાદ કરીને ખોટી પ્રતિષ્ઠા નહિ ઉમેરો, ત્યાં સુધી તમે ધર્મની નહિ પણ માત્ર એના બહારના દેખાવની પ્રશંસા કરો છો એમ અમે (ક) કહીશું, અને માનીશું કે અધર્મને અસ્પષ્ટ રાખવા તમે અમને ઉપદેશ આપો છો, જ્યારે તમે પોતે, પારકાનો લાભ અને વધારે બળવાનનું હિત એ ધર્મ છે, તથા જો કે અધર્મ વધારે દુર્બલને નુકસાન કરે છે, તોપણ માણસનાં પોતાનાં લાભ અને હિત તેમાં રહેલાં છે—એમ માનવામાં થ્રેસિમેકસની સાથે તમે ખરેખર સંમત થાઓ છો.

હવે જ્યારે તમે એમ કબૂલ કર્યું છે કે દૃગ્શક્તિ, જ્ઞાન, આરોગ્ય અથવા જે લૌકિક દૃષ્ટિએ જ નહિ, પણ ખરેખર સ્વભાવથી જ ષ્ટ છે એવી (ડ) બીજી કોઈ શ્રેષ્ઠ વસ્તુઓ, જેને એના પરિણામોને લીધે ખરે જ ષ્ટ ગણવામાં આવે એના કરતાં વધારે અંશે સ્વયં એની (પોતાની) ખાતર ષ્ટતર ગણવામાં આવે છે—એવી ષ્ટ વસ્તુઓના શ્રેષ્ઠ વર્ગમાં તમે ધર્મને મૂકયો છે, તો ધર્મનાં વખાણ કરતાં માત્ર એક જ મુદ્દાનો વિચાર કરવાનું હું આપને કહીશઃ—ધર્મ અને અધર્મના સ્વામીમાં તત્ત્વની દૃષ્ટિએ એ બન્ને જે ષ્ટ અને

અનિષ્ટ રોપે છે એ વિશે—એવો મારો અર્થ છે. ધર્મમાંથી મળતા બદલાઓની અને માનપાનની અતિશયોક્તિ કરીને અને અધર્મનું ભૂંડું બોલીને બીજાઓ ભલે એકની પ્રશંસા અને બીજાની નિંદા કરે; દલીલ કરવાની તે પદ્ધતિનો ઉપયોગ જો તેવા લોકો કરતા હોય તો હું સહી લેવા તૈયાર છું; પરંતુ તમે તમારું આખું જીવન આ પ્રશ્નના વિચાર પાછળ જ ગાળ્યું છે એવા પાસેથી તો, હું તમારે મોંએ જ વિપરીત વચન (૬) ન સાંભળું ત્યાંસુધી તો, વધારે સારાની આશા રાખું જ. અને તેથી જ હું કહું છું કે તમારે અધર્મ કરતાં ધર્મ વધારે સારો છે એટલું જ સાબીત કરવાનું નથી, પણ દેવો કે માનવીઓ જુએ કે ન જુએ તેમ છતાં,* ધર્મ અને અધર્મના સ્વામીને, તેઓ એવું તે શું કરે છે જેથી, એક ઇષ્ટ અને ઇતર અનિષ્ટ બની રહે છે એ બતાવવાનું છે.

ગ્લાઉકોન અને એડેઇમેન્ટસની પ્રતિભાનાં (સામાન્ય રીતે) હું હંમેશાં વખાણ કરતો, પરંતુ આ શબ્દો સાંભળીને હું બહુ જ (૩૬૮) ખુશ થઈ ગયો, અને કહ્યું: સુવિખ્યાત પિતાના પુત્રો—તમે મેગેરાની લડાઈમાં ખ્યાતિ મેળવી, ત્યાર પછી તમારા માનમાં ગ્લાઉકોનના પ્રશંસકે જે કરુણરસપ્રધાન કાવ્ય રચ્યું હતું એની શરૂઆત આ શબ્દોથી થાય છે એમાં કંઈ અયોગ્ય નહોતું:—

એણે કહ્યું છે, "એરિસ્ટોનના પુત્રો, સુવિખ્યાત વીરનાં દૈવી બાળકો."

—વિશેષણ સર્વાંશે યોગ્ય છે, કારણ અધર્મની શ્રેષ્ઠતા વિષે તમે કરી છે એ રીતે દલીલો કરવામાં અને છતાં પોતાની જ દલીલો (બ) વિશે શંકાસ્પદ રહેવામાં ખરેખર કંઈક દૈવી અંશ રહેલો છે. અને હું ખાત્રીપૂર્વક માનું છું કે તમને હજી એની પ્રતીતી થઈ નથી—આવું અનુમાન હું તમારા સામાન્ય ચારિત્ર્ય પરથી બાંધું છું. કારણ જો મેં માત્ર તમારા શબ્દો પરથી જ અભિપ્રાય બાંધ્યો હોત, તો હું તમારા પર

* ચર્ચાને અંતે પણ આ જ વાક્ય સૉક્રેટિસ ઉચ્ચારે છે. જુઓ પરિ. ૪: ૪૪૪–૪૪૫ તથા પરિ. ૯

વિશ્વાસ મૂકત નહિ. પરંતુ જેટલે અંશે મને તમારામાં બહુ ભારે વિશ્વાસ છે તેટલે અંશે મારે શું કહેવું એની મુશ્કેલી પણ વધારે ભારે થઈ પડે છે. કારણ બંને બાજુથી હું સંકડામણમાં આવી પડયો છું; એક દૃષ્ટિએ હું આ કાર્ય કરવાને અશકત છું એમ મને લાગે છે, અને અધર્મના કરતાં ધર્મની શ્રેષ્ઠતા મેં સાબીત કરી છે એમ મેં માન્યું હતું, એ સાબીતીમાં ગ્રેસિમેકસને મેં જવાબ આપ્યો એનાથી તમને સંતોષ થયો નથી તે પરથી મારી અશકિત મને સ્પષ્ટ દેખાઈ આવે છે, અને છતાં (બીજી દૃષ્ટિએ) મારામાં પ્રાણ અને વાચા રહે ત્યાં સુધી આમાં મદદ કરવાને હું ના પાડી શકું એમ નથી; જ્યારે ધર્મનું ભૂંડું બોલાતું (હોય) અને એના રક્ષણાર્થે આપણે એક હાથ પણ ઊંચો ન કરીએ, તો એ અસાધુતા ગણાય એવી મને ભીતિ છે, અને તેથી મારાથી બને તેવી મદદ હું આપું એ જ ઉત્તમ છે.

ગ્લાઉકોન અને બીજાઓએ મને વિનંતી કરી કે ગમે તેમ થાય તો પણ પ્રશ્નને પડતો મૂકવાનો નથી, પણ અન્વેષણ આગળ ચલાવવાનું છે. તેમને પહેલું ધર્મ અને અધર્મના સ્વરૂપ વિશેનું અને બીજું એના અન્યોન્ય સાપેક્ષ લાભો વિશેનું સત્ય જાણવું હતું.× (આ વિશે) હું જે ખરેખર માનતો હતો તે મેં એમને કહ્યું—જે આ પરીક્ષણ ગંભીર સ્વરૂપ લેશે, અને તેમાં અત્યંત તીવ્ર દૃષ્ટિની જરૂર પડશે. મેં કહ્યું કે આપણે કંઈ બહુ મોટા બુદ્ધિશાળી નથી (ઙ) એટલું તો દેખાઈ આવે એમ છે, તેથી નીચે ઉદાહરણ આપું છું એવી પદ્ધતિ આપણે સ્વીકારીએ, તો વધારે સારું એમ હું માનું છું; ધારો કે દૂરની વસ્તુઓ જોઈ ન શકે એવી નબળી આંખોવાળા માણસને થોડા અંતરેથી ઝીણા અક્ષરો વાંચવાનું કોઈએ કહ્યું; અને બીજા કોઈને એમ સૂઝયું કે બીજી વધારે વિશાળ જગ્યામાં તે કદાચ મળી આવે, જ્યાં (અક્ષરો) એના એ જ હોય, અને વધારે મોટા અક્ષરો એ પહેલાં વાંચે, અને પછી વધારે ઝીણા (અક્ષરો) વાંચવા શરૂ કરે—તો આવું સારું સદ્ભાગ્ય અત્યંત

× પ્રસ્તુત પુસ્તકના આ બે મુખ્ય પ્રશ્નો છે.

વિરલ ગણાય ખરું ને?*

એડેમેન્ટસે કહ્યું: તદ્દન ખરું, પણ આ ઉદાહરણ (ફ) આપણા પરીક્ષણને કેવી રીતે લાગુ પડે છે?

મેં જવાબ આપ્યો: હું તમને કહું છું. ધર્મ, જે આપણી ગવેષણાનો વિષય છે, તેનો કોઈ વાર વ્યક્તિના સદ્‌ગુણ તરીકે અને કોઈ વાર રાજ્યના સદ્‌ગુણ તરીકે ઉલ્લેખ કરવામાં આવે છે.

તેણે જવાબ આપ્યો: સાચું.

અને શું રાજ્ય વ્યક્તિ કરતાં વધારે મોટું નથી?

છે.

ત્યારે વધારે મોટામાં, ધર્મની માત્રા વધારે મોટી અને વધારે સહેલાઈથી પ્રત્યક્ષ થઈ શકે એવી હોવાનો સંભવ છે. માટે હું પ્રસ્તાવમાં કહું છું કે વધારે મોટાથી વધારે નાના તરફ જવાની અને તે બન્નેને સરખાવવાની (૩૬૯) પદ્ધતિને સ્વીકારીને, આપણે પહેલાં રાજ્યમાં અને પછી વ્યક્તિમાં તે જેવાં દેખાય છે તે પરથી ધર્મ અને અધર્મના સ્વરૂપનું પરીક્ષણ કરીશું, એવી હું દરખાસ્ત કરું છું.×

તેણે કહ્યું: એ દરખાસ્ત ઉત્તમ.

અને જો રાજ્યને નિર્માણ થવાની ક્રિયામાં જ આપણે કલ્પીએ, તો રાજ્યના ધર્મ અને અધર્મને નિર્માણ થતા આપણે જોઈશું.

(એટલું) હું બેધડક કહી શકું.

જ્યારે રાજ્ય સંપૂર્ણ ઘડાઈ રહે, ત્યારે આપણા અન્વેષણનો વિષય વધારે સરળતાથી શોધી શકાશે (ચ) એવી આશા રાખી શકાય.

હા, બહુ જ વધારે સરળતાથી.

મેં કહ્યું: પણ એક (રાજ્ય) રચવાનો પ્રયત્ન શું આપણે કરવો જોઈએ? કારણ મારા વિચારના વલણ અનુસાર, તેમ કરવાનો પ્રયત્ન અત્યંત મુશ્કેલ કાર્ય થઈ પડશે. માટે વિચારી જુઓ.

---

* સરખાવો પરિચ્છેદ ૩-૪૦૧-ચ.

× અહીંથી મુદ્દા ૩ ની શરૂઆત થાય છે. સરખાવો પરિ: ૪-૪૩૯ અ.

એડેઇમેન્ટસે કહ્યું : મેં વિચાર કરી જોયો છે અને તમે આગળ ચલાવો એ માટે હું આતુર છું.

મેં કહ્યું : મારા ખ્યાલ પ્રમાણે, મનુષ્ય જાતની જરૂરિયાતોમાંથી રાજ્ય ઊભું થાય છે; કોઈ પણ (વ્યક્તિ) સ્વયંસંપૂર્ણ નથી, પણ આપણને બધાને જરૂરિયાતો હોય છે. રાજ્યનો ઉદ્‌ભવ બીજી કોઈ રીતે કલ્પી શકાય ખરો ?

બીજી કોઈ રીતે નહિ.

ત્યારે આપણી જરૂરિયાતો ઘણી છે અને એ પૂરી પાડવા (ક) ઘણા માણસોની જરૂર પડે (એમ) છે તેથી અમુક કામ કરવા કોઈ એકને મદદગાર તરીકે લે છે, અને બીજો બીજાને; અને જ્યારે આવા ભાગીદારો અને મદદગારો એક જ જગ્યાએ એકઠા મળી રહે છે ત્યારે રહેવાસીઓના એ સમૂહને રાજ્ય કહેવામાં આવે છે.

તેણે કહ્યું : ખરું.

અને તેઓ એકબીજાની સાથે (માલની) અદલાબદલી કરે છે, અને આવા વિનિમયથી સૌ ઇષ્ટ પ્રાપ્ત કરી શકશે એમ ધારીને એક આપે છે અને બીજો લે છે.

સાવ સાચું.

મેં કહ્યું : ત્યારે ચાલો આપણે શરૂ કરીએ, અને કલ્પનામાં રાજ્યને સર્જીએ, (અને આપણે) આમ (બોલીએ છીએ પણ આપણે પોતે રાજ્યનું સર્જન કરતા નથી) પરંતુ છતાં આપણા સર્જનની જે માતા છે, એ આવશ્યકતાની દેવી જ ખરેખરી સર્જક છે.

તેણે જવાબ આપ્યો : અલબત્ત,

(ડ) હવે જીવન અને અસ્તિત્વનો આધાર અન્ન ઉપર છે, તો જરૂરિયાતોમાં સૌથી મોટા અને અગ્રસ્થાને એ આવે છે.

અવશ્ય.

રહેવાને ઘર એ બીજી, કપડાં વગેરે ત્રીજી.

ખરું.

અને હવે આપણું નગર આ મોટી માગને કેવી રીતે પહોંચી વળશે એ આપણે જોઈશું. આપણે ધારો કે—કોઈ માણસ બેડૂત છે, બીજો કડિયો, વળી કોઈ બીજો વણકર—આમાં એક મોચી કે કદાચ આપણી બીજી કોઈ જરૂરિયાતને પૂરી પાડનાર બીજા કોઈને આપણે ઉમેરીએ તો?

તદ્દન બરું.

રાજ્યના એક લુચ્ચામાં લુચ્ચા ખ્યાલમાં પણ આપણે ચાર અથવા પાંચ માણસોનો સમાવેશ કરવો પડશે.

એ સ્પષ્ટ છે. (૬)

અને તેઓ કેવી રીતે (પોતાના કામમાં) પ્રવૃત્ત થશે? શું દરેક પોતાની મજૂરીનું પરિણામ એક મધ્યવર્તી સંસ્થામાં રાખશે?—ઉદાહરણાર્થ, પેલો બેડૂત શું પોતાને જરૂર હોય એના કરતાં ચાર ગણો વખત લઈ, પોતાને તેમ જ બીજાઓને અન્ન પૂરું પાડવા મજૂરી કરશે; કે પછી બીજાઓની સાથે કંઈ લેવાદેવા ન રાખીને અને એમને માટે (અન્ન) ઉત્પન્ન કરવાની મહેનત ન વહોરી લઈને, માત્ર (પોતાની એકલાની જરૂરિયાત પૂરતું) ચોથા ભાગના વખતમાં ચોથા ભાગનું અન્ન ઉત્પન્ન કરી લેશે, અને બીજાઓની (૩૭૦) સાથે કશી ભાગીદારીમાં ન ઉતરતાં માત્ર પોતાની જરૂરિયાતો પોતે જ પૂરી પાડવા માટે, બાકી વધેલા પોણા ભાગના વખતમાં એ ઘર બાંધવાનું કે ડગલો કે જોડાની જોડ સીવવાનું કામ કરશે?

એડેઈમેન્ટસને લાગ્યું કે તેણે બધું નહિ પણ માત્ર અન્ન ઉત્પન્ન કરવાનો આશય રાખવો જોઈએ.

મેં જવાબ આપ્યો: ઘણું બરું એ પદ્ધતિ વધારે સારી નીવડે; અને હું તમને આમ બોલતાં સાંભળું છું ત્યારે મને યાદ આવે છે, કે આપણે બધા એકસરખા નથી: (પરંતુ) ભિન્ન ધંધાઓને (બ) વધારે બંધ બેસે એ પ્રકારની સ્વભાવની ભિન્નતા આપણામાં રહેલી છે.

તદ્દન ખરું.

અને મજૂર બહુ ધંધામાં રોકાયેા હેાય તેા, કે (પછી) એને માત્ર એક જ કામ કરવાનું હેાય તેા, તમે (એની પાસેથી) વધારે સારું કામ લઈ શકેા ?

એને એક જ કામ કરવાનું હેાય તેા.

વળી યેાગ્ય વખતે કરવામાં ન આવે તેા કામ બગડે છે એ વિશે શંકા ન હેાઈ શકે ખરું ને ?

એમાં જરાય શંકા નહિ.

કારણ કામ કરનારને ફુરસદ મળે ત્યાં સુધી કામ કંઈ રાહ જોતું બેસી રહેતું નથી; પરંતુ કામ કરનારને જે કંઈ કરવાનું (ક) છે તે એણે તરત કરવું જોઈએ, અને એ કામને એણે સૌથી વધારે અગત્યનું ગણવું જોઈએ.

ગણવું જ જોઈએ.

અને જો એમ હેાય, તેા આપણે અનુમાન બાંધવું જોઈએ કે જ્યારે એક માણસ પેાતાને સ્વાભાવિક હેાય તે જ કામ યેાગ્ય વખતે કરે, અને બીજાં કામ છેાડી દે ત્યારે બધી વસ્તુઓ વધારે સારી જાતની, સહેલાઈથી અને વધારે પ્રમાણમાં ઉત્પન્ન થઈ શકે છે.

અચૂક

ત્યારે ચાર કરતાં વધારે પુરવાસીઓની આપણને જરૂર પડશે. કારણ જો કેાઈ પણ કામ સારી રીતે કરતાં શીખવું હેાય (ડ) તેા બેડૂત પેાતાનું હળ કે ત્રિકમ અથવા બેતીનાં બીજાં ઓજારેા પેાતે બનાવશે નહિ, તેમજ કડિયેા પણ પેાતાનાં ઓજાર બનાવશે નહિ—અને એને તેા ઘણાં બધાં જોઈશે; અને એ જ રીતે વણકર અને મેાચીનું પણ સમજવું.

ખરું.

ત્યારે આપણું નાનું રાજ્ય કયારનું મેાટું થવા માંડયું છે, તેા તેમાં સુથાર અને લુહાર અને બીજા ઘણા કારીગરેા ભાગીદાર થશે.

ખરું.

વળી આપણા ખેડૂતને ખેડ કરવા બળદ મળી રહે (છે) અને કઠિયા તેમજ ખેડૂતને માલ તાણી લાવવા ઢોર મળી રહે તથા ચમાર અને વણકરને ચામડાં તથા ઊન મળી રહે તે સારુ જો આપણે ગોવાળ ભરવાડ, કે જનાવરોના ટોળાની સંભાળ રાખનાર બીજા માણસોનો ઉમેરો કરીએ, તો—આપણું રાજ્ય કંઈ બહુ મોટું નહિ થઈ જાય.

એ ખરું; પરંતુ આ બધાનો એમાં સમાવેશ થાય તો પછી એ બહુ નાનું રાજ્ય પણ ન ગણાય.

પછી વળી કેવા પ્રદેશમાં નગર રાજ્યની સ્થાપના થઈ છે તે વિશે પણ વિચાર કરવાનો છે—બહારથી કશી વસ્તુ આયાત કરવી ન પડે, એવી જગ્યા મળી આવે એ લગભગ અશક્ય છે.

ત્યારે નગરવાસીઓમાં એક એવો વર્ગ હોવો જોઈએ જે બીજા નગર રાજ્યમાંથી જરૂર જોઈતો માલ લઈ આવે.

હોવો જ જોઈએ.

(૩૭૧) પરંતુ જે (બહારના લોકો) તેમની પોતાની જરૂરિયાતો પૂરી પાડતા હોય, તે લોકોને જે કંઈ જોઈતું હોય એમાંનું કશું (આપણા) વેપારીઓ જો પોતાની સાથે લઈ ન જાય, અને ખાલી હાથે જાય, તો તેઓ ખાલી હાથે જ પાછા આવશે.

એમાં શક નહિ.

અને એથી તેઓ જે ઉત્પન્ન કરે છે, તે માત્ર પોતાને પૂરતું થઈ રહે એટલું જ ન હોવું જોઈએ, પણ ગુણવત્તામાં અને પ્રમાણમાં એવું અને એટલું હોવું જોઈએ કે જે (લોકો) તેમની પોતાની જરૂરિયાતો પૂરી પાડતા હોય તેમને પણ સગવડ મળે.

સાવ સાચું.

તો પછી ખેડૂતો અને કારીગરો વધારે પ્રમાણમાં નહિ જોઈએ?

જોઈશે.

આયાત અને નિકાસ કરનાર—જેઓ વેપારીઓ કહેવાય છે, એમની [illegible] હમણાં પડતી મૂકીએ તોપણ ?

હા. પ

પછી આપણને વેપારીઓની પણ જરૂર પડશે ?

પડશે જ

(ब) અને જો દરિયાપાર માલ લઈ જવો પડે એમ હોય, તો નિપુણ ખલાસીઓ પણ ઘણા જ જોઈશે.

હા, ઘણા જોઈશે.

વળી પોતાના નગર રાજ્યમાં (આપણે આટલે સુધી આવ્યા તો) તેઓ ઉત્પન્ન કરેલા માલની લેવડદેવડ કેવી રીતે કરશે ? તમને યાદ તો હશે કે આ લોકોને આપણે સમાજનું અને નગર રાજ્યનું બંધારણ આપ્યું એના મુખ્ય હેતુઓમાંનો એક એ હતો કે ઉત્પન્નની આપ-લે થઈ શકે.

એ લોકો વેચશે અને ખરીદશે એટલું સ્પષ્ટ છે.

(क) હવે ધારો કે કોઈ ખેડૂત કે કારીગર પોતે ઉત્પન્ન કરેલી કોઈ ચીજ બજારમાં લાવે છે, અને તે એવે વખતે આવે કે જ્યારે એની સાથે બદલો કરવાને કોઈ માણસ હાજર ન હોય—તો શું એણે પોતાનો ધંધો પડતો મૂકવો અને બજારમાં નકામા બેસી રહેવું ?

બિલકુલ નહિ; ત્યાં એની જરૂરિયાત જોઈને એનો માલ વેચવાનું માથે લે એવા લોકો એને મળી રહેશે. સુવ્યવસ્થિત રાજ્યમાં જેઓ શારીરિક સંપત્તિમાં અત્યંત દુર્બલ હશે અને એ કારણે જે બીજા કોઈ પણ કામ માટે ઓછા ઉપયોગના હશે, તેઓ જ (ड) આ કામ કરશે.× બજારમાં રહીને જેઓ વેચવા ઇચ્છતા હોય તેમની પાસેથી માલના બદલામાં નાણાં આપવાનું અને જેમને ખરીદી કરવાની ઇચ્છા હોય તેમની પાસેથી નાણાં લેવાનું એમનું કામ રહેશે.

× સરખાવો નીચે. પરિ-૬-૪૯૫-૬

ત્યારે આ જરૂરિયાતને લીધે આપણા નગરરાજ્યમાં પરચૂરણ વેપાર કરનાર દુકાનદારોનો વર્ગ ઉભો થશે. ચૌટામાં બેસીને જે વેચવા લેવાનું કામ કરે છે એને શું આપણે "દુકાનદાર"નું નામ આપતા નથી?* જ્યારે એક નગરથી બીજે નગર (વેપાર અર્થે) ભ્રમણ કરનારને આપણે વેપારી કહીએ છીએ.

તેણે કહ્યું: હા.

(૬) અને વળી નોકરોનો એક નિરાળો વર્ગ પણ હશે. જેમની બૌદ્ધિક ભૂમિકા ભાગ્યે જ (એટલી ઊંચી હશે) કે તેમની સાથે સહચાર સાધી શકાય; છતાં મજૂરી કરવાનું શારીરિક બળ તેમનામાં પુષ્કળ હોય છે, જે (બળ) તેઓ વેચે છે અને તેથી હું ભૂલતો ન હોઉં તો તેઓ "રોજીંદા" કહેવાય છે,—કારણ એમની મજૂરીની જે કિંમત આવે છે એ "રોજી"× કહેવાય છે.

બરાબર.

ત્યારે આપણી વસ્તીનો બાકીનો ભાગ ભાડૂતી મજૂરોથી ભરાઈ જશે?

હા.

અને હવે ઍડેઈમેન્ટસ, આપણું નગર-રાજ્ય પરિપકવ અને પૂર્ણ થયું, કે નહિ?

હું માનું છું કે થયું.

ત્યારે ધર્મ કયાં છે અને અધર્મ કયાં છે, અને રાજ્યના કયા અંગમાંથી એ ઊગ્યા?

(૩૬૨) ઘણુંખરું પુરવાસીઓની એકબીજાની લેવડદેવડમાંથી. બીજે કયાંયથી એ જડી આવવાનો સંભવ વધારે હોય એમ હું કલ્પી શકતો નથી.

* પરચૂરણ વેપારમાંથી ઊભાં થતાં અનિષ્ટો માટે જુઓ 'લૉઝ' પુ ૬૦-૯૧૮.

×દહાડિયા, રોજીંદા. ઘરખેડ કરનાર ધણીને ખેતરમાં મદદ કરનાર (પોતાની જેને જમીન જ નહિ તે) ઊભડિયા.

મેં કહ્યું : હું ખાત્રીથી કહું છું કે તમારી સૂચના ખરી છે. પરીક્ષણમાંથી પાછા ન હઠતાં આપણે એ મુદ્દા પર વધારે વિચાર ચલાવીએ તો સારું.

હવે આપણે એમને આ રીતે સ્થાપ્યા છે તો, એમનું જીવન કેવા પ્રકારનું હશે એ વિશે સૌથી પહેલાં આપણે વિચાર કરીએ. તેઓ શું અનાજ, આસવ, * કપડાં અને જોડા ઉત્પન્ન નહિ કરે, અને પોતાને માટે શું ઘર નહિ બાંધે ? અને એમને રહેવાને ઘર મળ્યા પછી તેઓ ઉનાળામાં સામાન્ય રીતે ખૂલ્લા ડીલે અને ઉઘાડે પગે, પરંતુ (ઘ) શિયાળામાં જોડા તથા સારી રીતે કપડાં પહેરીને કામ કરશે. ઘઉંના તથા જવના લોટને મસળીને, ઉત્તમ રોટલી કે રોટલાઓ કરી, પકાવીને તેઓ ખાશે; અને કાં તો બરુની સાદડી પર અથવા સ્વચ્છ પાંદડાં પર આ બધું પીરસવામાં આવશે, અને એ વખતે તેઓ તો 'યુ' અને 'મીર્ટલ'ના ઘાસથી આચ્છાદિત કરેલા બિછાના પર આડા પડ્યા હશે.× અને (આ રીતે) એકબીજાની સાથે સુખે વાત કરતા, દેવોની પ્રશંસાનાં ગીત ગાતા, તેઓ અને તેમનાં બાળકો માથે ફૂલની માળા પહેરીને, જાતે જ બનાવેલો દારુ (ક) પીતાપીતા મિજબાની કરશે. અને ગરીબાઈમાં કે લડાઈમાં તેઓ સપડાઈ ન જાય તથા ભરણપોષણ કરી ન શકાય તેના કરતાં પોતાનાં કુટુંબો મોટાં ન થઈ જાય એની તેઓ સંભાળ રાખશે.

---

* લીલાં ફળ મેવો, ચાકસાજી, તેલ, મસાલા, એ પણ ગ્રીક જીવનમાં અગત્યનાં હતાં. તે સર્વ અન્ન વર્ગમાં અર્થાત ખેતીની નીપજમાં આવી ગયાં ગણાય; ચામડાં, રેસા આદિ કપડાં જોડાના વર્ગમાં આવી જાય, અને બાંધવાની સામગ્રીમાં ગાડાં, ગાડી, વહાણ આદિ માટેની સામગ્રી પણ આવી જાય. ઓજારો ઉપર સંભારાઈ ગયાં છે. એટલે ખનીજ પણ છેક ભૂલાયાં તો નહિ. પણ જુઓ આગળ "વિલાસરોગી" રાજ્યના વર્ણનમાં.

× ગ્રીક રોમન રિવાજ આમ આડા લેટીને જમવાનો હતો.

ગ્લાઉકોન વચ્ચે બોલી ઉઠ્યો : પણ એક સ્વાદિષ્ટ વસ્તુ તો તમે એમના ભાણામાં પીરસી નથી !

મેં જવાબ આપ્યો : ખરું હું ભૂલી ગયો; અલબત્ત સ્વાદ આપે એવું તો એમને કંઈક જોઈએ જ—મીઠું અને ઓલિવ અને પનીર તથા ગામડિયા લોકો તૈયાર કરે છે તેવાં બાફેલાં કંદમૂળ અને પાલો; જમ્યા પછી જે ફળાદિ ખાવાં જોઈએ તે માટે આપણે એમને ચણા, વટાણા અને અંજીર આપીશું; અને કેટલાંક ફળ + તેઓ ભાઠામાં શેકશે અને મિતાહારી રહી દારુ (૬) પીશે. અને આવા પથ્ય ખોરાકને લીધે, પાકી વૃદ્ધાવસ્થા પર્યંત આરોગ્ય અને શાંતિમાં તેઓ જીવન ગુજારશે, અને પોતા પછી પોતાનાં બાળકોને એવા જ પ્રકારનું જીવન વારસામાં આપતા જશે એમ આપણે આશા રાખી શકીએ.

તેણે કહ્યું : સોક્રેટિસ, બરાબર, અને ભૂંડોના નગરને* માટે જો તમારે બધી સામગ્રી એકઠી કરવાની હોય, તો એ પશુઓને તમે આ સિવાય બીજો કયો ખોરાક આપી શકો ?

મેં જવાબ આપ્યો : પણ તમારે જોઈએ શું ?

તેણે કહ્યું : શું કેમ, તમારે એમને જીવનની સામાન્ય સગવડો આપવી જોઈએ, લોકોને સુખી થવા દેવા હોય તો ટેબલ પર જમવાની અને પલંગો પર સુવાની એમને ટેવ પણ હોય. અને આજની રીતિએ (૬) એમને મિષ્ટાન્નો તથા તીખીતમતમતી ચીજો પણ મળવી જોઈએ.*

મેં કહ્યું : હા, હવે હું સમજ્યો : માત્ર હરકોઈ રાજ્ય નહિ, પરંતુ 'વિલાસી રાજ્ય' કેવી રીતે ઉત્પન્ન થાય છે એ પ્રશ્નનો વિચાર મારી પાસે તમે કરાવવા માગો છો; અને કદાચ એમાં કંઈ નુકસાન નથી, કારણ ધર્મ અને અધર્મ કેવી રીતે ઉત્પન્ન થાય છે એ જોવાનો સંભવ એવા રાજ્યમાં વધારે છે. મારા અભિપ્રાય અનુસાર મેં જે

+Myrtle-berries and Acorn.

* મુદ્દો. ૪-અ : વિલાસી રાજ્યની ઉત્પત્તિ, ભૂંડોનું નગર = વિલાસ વગરના સાદા જીવનને મૂર્ત કરતું રાજ્ય.

રાજ્યનું વર્ણન કર્યું છે એનું બંધારણ નીરોગી અને સોજ્જું (સાચ્યું) છે. પરંતુ જ્વરદાહથી પીડાતું રાજ્ય જો તમારે જોવું હોય, તો મારે વાંધો નથી. કારણ મને વહેમ આવે છે કે ઘણાને વધારે સાદા પ્રકારના (૩૭૩) જીવનથી સંતોષ નહિ વળે. એમને તો પલંગ, ટેબલ અને બીજાં રાચરચીલાં ઉમેરવાં ગમશે; વધારામાં મિષ્ટ ભોજન, અત્તર, સુગંધી ધૂપ, વારાંગના, ગળી રોટલી અને આ બધાં કંઈ એક જ જાતનાં નહિ, પણ દરેક ભિન્નભિન્ન જાતનાં; જીવનની જે જરૂરિયાતો વિશે હું પહેલાં બોલતો હતો—જેવી કે ઘર, કપડાં, જોડા—એનું અતિક્રમણ કરીને આપણે આગળ જવું પડશે; ભરતગૂંથણની અને ચિત્રકારની કળાનું કામ આપણે ચાલુ કરવું પડશે, અને સોનું, હાથીદાંત અને દરેક જાતના પદાર્થો આપણે મેળવવા પડશે.

(બ) તેણે કહ્યું : બરાબર.

ત્યારે આપણે આપણી સીમાઓ વિસ્તારવી પડશે; કારણ પહેલાંનું 'નીરોગી રાજ્ય' હવે જરાય પૂરતું નથી. હવે તો કોઈ પણ (આવશ્યક) નૈસર્ગિક જરૂરિયાતને પૂરી ન પાડે એવા કેટલાયે ધંધાઓથી નગર ઊભરાઈ જશે અને આપણા નગરને સોજ્જે ચડશે; જેમ કે શિકારીઓ અને નટોની આખી જાત—જે નટોમાંનો એક મોટો વર્ગ આકાર અને રંગથી કાર્ય કરે છે; બીજા વળી સંગીતના ઉપાસકો હશે—કવિઓ અને તેમનો સહચાર રાખનાર પરિજનોની પરંપરા—અર્થહીન જોડકણાં જોડનારાઓ, નટો, નર્તકો અને કુન્દરદારો તથા જુદી જુદી જાતની વસ્તુઓ—(આમાં) સ્ત્રીઓનાં કપડાં સુદ્ધાં (ક) આવી જાય છે—બનાવનારાઓ તથા આપણને વધારે નોકરોની જરૂર પડશે. શું ખાનગી શિક્ષકોનો પણ ખપ નહિ પડે, અને ઘવરાવવા માટે તથા બીજાં કામ માટે આયાઓ, માથાં ઓળવા અને શણગારવા બૈરાંઓ અને હજ્જામો, તેમજ કંદોઈઓ અને રસોઈઆઓ;—અને પહેલાં જેમની (આપણને) જરૂર નહોતી અને તેથી આપણા રાજ્યની પહેલી આવૃત્તિમાં જેમને કશું સ્થાન નહોતું, પણ હવે જેમની જરૂર પડી છે

એવા ભૂંડોની દેખરેખ રાખનાર છોકરાઓ પણ ? એમને ભૂલી જવા ન જોઈએ : અને જો લોકો ખાતા હોય તો બીજી ઘણી જાતનાં પ્રાણીઓ (આ વિલાસી રાજ્યમાં) પણ હશે જ.

જરૂર.

(ડ) અને આ પ્રકારના જીવનને લીધે, પહેલાં કરતાં હવે વૈદ્યોની વધારે જરૂર પડશે ?

બહુ જ વધારે.

અને જેટલો દેશ પહેલાં અસલ વતનીઓના નિભાવ માટે પૂરતો હતો, તે હવે પૂરતો નહિ લાગે અને નાનો પડશે.

તદ્દન સાચું.

ત્યારે ગૌચર અને ખેડને માટે આપણા પાડોશીની જમીનમાંથી એક ટૂકડાની આપણને જરૂર પડશે, અને જો તેઓએ આપણી માફક જ નૈસર્ગિક જરૂરિયાતોની હદને ઓળંગી જઈને, ધનને અપાર એકઠું કરવા પાછળ પોતાની જાત અર્પી હશે, તો આપણી જમીનના ટૂકડાની એમને જરૂર પડશે.*

(ઇ) સૉક્રેટિસ, એ અનિવાર્ય થઈ પડશે.

અને ત્યારે, ગ્લાઉકોન, આપણે ચડાઈ કરીશું. શું નહિ કરીએ ?

તેણે જવાબ આપ્યો : તદ્દન અચૂક.

ત્યારે, લડાઈથી નુકસાન થાય છે કે નફો એ વિશે કશો નિર્ણય કર્યા વગર આપણે એટલું તો ઔચિત કહી શકીશું કે રાજ્યમાં લગભગ તમામ બેનગી કે જાહેર અનિષ્ટોનાં જે કારણો છે, એ જ કારણો લડાઈનાં પણ મૂળ છે એમ આપણને માલૂમ પડ્યું છે.

નિઃશંક.

અને આપણા રાજ્યનો વિસ્તાર વળી પાછો વધારવો પડશે; અને આ વખતે તો આખું ને આખું લશ્કર ઉમેરાશે; (૩૭૪) અને આપણી

* મુદ્દો. ૪-બ : લડાઇની ઉત્પત્તિ, સરખાવો ' ફ્રિડો ' ૬૬.

પાસે જે કંઈ છે તેનું, તેમજ જે વસ્તુઓ અને લોકોનું આપણે પહેલાં વર્ણન કરી ગયા તેમના રક્ષણાર્થે એ લશ્કર ચડાઈ કરનારાઓ સામે જશે અને લડશે.

તેણે કહ્યું : શા માટે ? શું તેઓ પોતાનું રક્ષણ કરવાને સમર્થ નથી ?

મેં કહ્યું : ના—આપણે જ્યારે રાજ્ય ઘડવા બેઠા ત્યારે જે સિદ્ધાન્તનો આપણે બધાએ સ્વીકાર કર્યો હતો એ ખરો હોય તો—ના. તમને યાદ હશે કે એક માણસ વધારે કળાઓમાં પ્રવૃત્તિ કરવા જતાં કૃત્તેહમંદ ન થઈ શકે એ સિદ્ધાન્ત હતો.×

તેણે કહ્યું : સાવ સાચું.

(૨) પણ લડાઈ શું કળા નથી ?

અવશ્ય છે.

અને મોચીની કળામાં જેટલું ધ્યાન આપવું પડે એટલું એમાં પણ આવશ્યક છે, ખરું ને ?

તદ્દન ખરું.

અને આપણે સારા જોડા તૈયાર કરાવી શકીએ એ માટે આપણે મોચીને ખેડૂત અથવા વણકર કે કડિયો થવાની રજા આપી નહોતી; પરંતુ એને અને બીજા દરેક કારીગરને, જે કામને માટે સ્વભાવથી એ યોગ્ય હતો એ જ એક કામ એને સોંપવામાં આવ્યું હતું, અને આખી જીંદગી (ક) બીજું કંઈ નહિ, પણ એ જ કામ તેણે કર્યા કરવાનું હતું; (એને) જે કોઈ તક મળે, એ તેણે ગુમાવવાની નહોતી, કારણ, તો જ એ એક સારો કારીગર થઈ શકે. હવે સૈનિકનું કામ સારી રીતે થવું જોઈએ—એના કરતાં બીજી કોઈ પણ બાબત વધારે મહત્ત્વની ન હોઈ શકે. પરંતુ, જેણે નાનપણથી જ બીજી બધી વસ્તુઓ છોડી દઈને પાસાની તથા વાઘબકરીની રમતનું સેવન ન કર્યું હોય, પણ જે માત્ર આનંદ મેળવવા ખાતર

× સરખાવો ૪૪૩. ક

જ રમતો હોય, એ જેમ દુનિયામાં કદી સારો રમનાર થઈ શકતો નથી,—તો શું લડાઈની કળા એટલી સહેલાઈથી શીખી શકાય એવી છે, કે જે માણસ ખેડૂત, મોચી કે બીજો કારીગર હોય એ એક લડવૈયો પણ થઈ શકે? જો માણસ ઓજાર કે હથિયાર કેમ ઝાલવાં એ શીખે નહિ, અને તેના પર કોઈ દિવસ ધ્યાન આપે નહિ, તો એવાં તો કોઈ જ ઓજાર કે હથિયાર નથી જે (પોતે) માણસને (ડ) હોશિયાર કારીગર અથવા રક્ષણ કરવામાં નિપુણ (યોદ્ધો) બનાવી દે. તો પછી કોઈ ઢાલ અથવા લડાઈનું બીજું હથિયાર પકડે કે તરત એક દિવસમાં, ભારે હથિયારથી સજ્જ થયેલા કે લશ્કરના બીજા કોઈ વિભાગ સાથે (ઊભો રહીને) સારી રીતે લડી શકે ખરો?

તેણે કહ્યું : ના, હથિયાર પોતે પોતાનો ઉપયોગ કેવી રીતે કરવો એ શિખવે એવાં હથિયારની કિંમત પણ કેવા રીતે આંકી શકાય?

મેં કહ્યું : અને આપણા પાલકની * ફરજો જેમ વધારે (ઢ) ભારે, તેમ તેને (પોતાની ફરજો અદા કરવા માટેનાં) નૈપુણ્ય,કય, લા, એકાગ્રતા માટે વધારે વખતની જરૂર પડશે.

તેણે જવાબ આપ્યોઃ નિઃશંક.

પોતાતા ધંધા માટે નૈસર્ગિક યોગ્યતા પણ એનામાં હોવી જોઈશે.

અવશ્ય.

ત્યારે આપણાથી બને તો નગર–રક્ષણના કાર્ય માટે જેઓ સ્વભાવથી જ યોગ્ય હોય, તેવાને પસંદ કરવાની આપણી ફરજ રહેશે?

રહેશે.

મેં કહ્યું : અને આવી પસંદગી કરવી એ કંઈ સહેલું કામ નથી, પણ આપણે હિંમત રાખીને બનતું બધું કરવું જોઈએ.

(૩૭૫) આપણે કરવું જ જોઈએ.

રક્ષણ કરવાની અને સાવધપણાની દૃષ્ટિએ, એ શ્રેષ્ઠ યુવક લગભગ, સારા ઉછેરવાળા કૂતરા જેવો શું નહિ હોય?

* મુદ્દો ૪. ક. Guardians-પાલકો

તમે શું કહેવા માગો છો ?

મારા કહેવાનો ભાવાર્થ એ છે કે એ બન્ને (નગર–રક્ષક અને કૂતરો) જોવામાં ચપળ હોવા જોઈએ, અને દુશ્મનને જુએ ત્યારે એને પકડી પાડવામાં ત્વરિત ગતિવાળા હોવા જોઈએ અને તેને પકડયા પછી જો એની સાથે લડવું પડે, તો તેઓ મજબૂત પણ હોવા જોઈએ.

તેણે જવાબ આપ્યો : આ બધા ગુણો અવશ્ય એમનામાં હોવા જ જોઈએ.

વારુ, અને સારી રીતે લડવા માટે તમારો પાલક શૂરવીર હોવો જોઈએ ?

અવશ્ય.

જેનામાં કંઈ પ્રાણ * ન હોય, પછી ભલે એ ઘોડો, કૂતરો કે બીજું કોઈ પ્રાણી હોય,—તો શું એ શૂરવીર હોવાનો (ન) સંભવ છે ? પ્રાણ કેટલો બધો અજેય અને અદમ્ય હોય છે, તથા એ હોય છે, તો કોઈ પણ પ્રાણીનો આત્મા કેટલો અભય અને સત્ત્વશાળી હોય છે એ તમે કદી જોયું છે ?

જોયું છે.

ત્યારે પાલકમાં જે શારીરિક શક્તિઓ હોવી જોઈએ એ વિશેનો આપણો ખ્યાલ હવે સ્પષ્ટ થયો છે.

ખરું.

અને માનસિક શક્તિઓનો પણ — એનો આત્મા પ્રાણથી ભરપૂર હશે ખરું ?

હા.

પરંતુ આવા પ્રાણવાન સ્વભાવનાં માણસો અંદરઅંદર તથા બીજાં બધાંઓની પ્રત્યે જંગલી બની જાય એવો શું સંભવ નથી ?

---

*પ્લેટોના ચિત્તશાસ્ત્રનાં મૂળ તત્ત્વો : Spirit : પ્રાણ : Gr. 'Thumos'.

તેણે જવાબ આપ્યો : એ મુશ્કેલી કોઈ પણ ઇલાજે સહેલાઈથી દૂર કરી શકાય એવી તો નથી.

(ક) મેં કહ્યું : વળી તેમણે તો પોતાના મિત્રો પ્રત્યે નમ્ર અને શત્રુઓ પ્રત્યે ભયંકર થવાનું છે; નહિ તો, એમના દુશ્મનો એમનો નાશ કરે, ત્યાર પહેલાં તેઓ પોતાનો નાશ કરશે.

તેણે કહ્યું : ખરું.

મેં કહ્યું : ત્યારે કરવું શું ? (આ ગુણો) એક બીજાના વિરોધી છે, તો સ્વભાવે નમ્ર હોય અને છતાં મહાપ્રાણ હોય એવાને આપણે કેવી રીતે શોધી કાઢીશું ?

સાચું.

આ બે ગુણોમાંથી એક પણ ગુણમાં જે ઊણો હોય, એ સારો પાલક નહિ થઈ શકે; અને છતાં એ બેનો સહચાર અશક્ય લાગે છે; (ડ) અને તેથી આપણે અનુમાન કરવું જોઈએ કે સારા પાલક થવું અશક્ય છે.

તેણે જવાબ આપ્યો : તમે કહો છો એ ખરું હશે એવો મને ભય લાગે છે.

અહિંયાં હું ગૂંચાઈ ગયો હોઉં એમ મને લાગ્યું. તેથી જે પહેલાં કહેવાઈ ગયું હતું એ વિશે મેં વિચાર કરવા માંડ્યો—મેં કહ્યું: મારા મિત્ર! આપણે મૂંઝવણમાં આવી પડ્યા એમાં કશી નવાઈ નથી; કારણ જે પ્રતિકૃતિ આપણે પહેલાં નજર આગળ રાખેલી તે (હાલ) નજર બહાર જતી રહી છે.

તેણે કહ્યું : એટલે ?

હું એમ કહેવા માગું છું કે અમુક એવા માણસો મળી આવે જેમના સ્વભાવ એવા વિરોધી ગુણોથી વિભૂષિત હોય.

અને એવા કયાં મળી આવશે ?

મેં જવાબ આપ્યો : ઘણાં પશુઓમાં પણ એવા દાખલા (૬)

મળી આવે છે; આપણો મિત્ર કૂતરો એનું બહુ સારું ઉદાહરણ છે.

તમે જાણો છો કે પોતાના પરિચિત અને ઓળખીતાઓ તરફ તે બધી રીતે નમ્ર હોય છે અને અજાણ્યાઓ તરફ એથી ઊલટો જ હોય છે.

હા, હું જાણું છું.

તો પછી ગુણોના એવા જ સંયોજનવાળો કોઈ પાલક આપણને મળી આવે તો એમાં કશું અસંભવિત કે કુદરતના નિયમ વિરુદ્ધ નથી,—નહિ ?

અવશ્ય નહિ.

(હવે) પ્રાણુવાન સ્વભાવ ઉપરાંત, જે પાલક થવાને યોગ્ય છે એને ફિલસૂફના ગુણોની શું આવશ્યકતા નહિ રહે ?

તમારો અર્થ હું સમજતો નથી.

(૩૭૬) મેં જવાબ આપ્યો : જે ખાસિયત વિશે હું અત્યારે વાત કરું છું એ કૂતરામાં પણ મળી આવે છે, અને તે પ્રાણી એ માટે પ્રસિદ્ધ છે.

કઈ ખાસિયત ?

કેમ, જ્યારે જ્યારે કૂતરો અજાણ્યાને જુએ છે, ત્યારે ત્યારે એ ગુસ્સે થાય છે; અને જાણીતાને જુએ ત્યારે આવકાર આપે છે, જો કે એકે એનું કદી નુકસાન કર્યું નથી, અને બીજાએ કશું ભલું કર્યું નથી. તમને શું આ કદી વિચિત્ર લાગ્યું નથી ?

આ વાતે પહેલાં કદી મારું ધ્યાન ખેંચ્યું નહોતું; પરંતુ તમારા કથનનું સત્ય હું તદ્દન સમજી શકું છું.

અને, જરૂર, કૂતરાની આ સાહજિક પ્રેરણા અત્યંત (ખ) સુંદર છે—આપણો કૂતરો સાચો ફિલસૂફ છે.

શાથી ?

કેમ, કારણ કે જાણવાના અને નહિ જાણવાના ધોરણ દ્વારા× જ મિત્રના કે દુશ્મનના મોંને એ પારખે છે, અને જે પ્રાણી જ્ઞાન અને અજ્ઞાનની કસોટી દ્વારા પોતાને શું ગમશે અને નહિ ગમે એનો નિશ્ચય કરે છે, તે પ્રાણી શું વિદ્યાનું પ્રેમી ન હોવું જોઈએ ?

અચૂક.

અને વિદ્યાનો પ્રેમ એટલે વિવેક પ્રત્યેનો પ્રેમ—એટલે ફિલસૂફી જ ખરું ને ?

તેણે જવાબ આપ્યો : એ બંને સરખાં જ છે.

અને જે માણસ પોતાના મિત્રો અને ઓળખીતાઓ (ક) પ્રત્યે ઘણું ખરું નમ્ર હોય, એ માણસ સ્વભાવથી જ વિવેક અને જ્ઞાનનો પણ પ્રેમી હોવો જોઈએ એમ શું આપણે ખાત્રીપૂર્વક ન કહી શકીએ ?

આપણે અચૂક એમ કહી શકીએ.

ત્યારે જેને રાજ્યના ખરેખર સારા અને ઉત્તમ પાલક થવું હોય, તેણે પોતામાં ફિલસૂફી અને પ્રાણ, તથા શીઘ્રતા અને સામર્થ્યનું સંયોજન સાધવાની જરૂર છે, ખરું ને ?

નિઃશંક.

ત્યારે આપણને જે સ્વભાવના માણસો જોઈતા હતા, તે મળી ગયા, અને હવે આપણે એમને શોધી કાઢ્યા (ડ) છે, તો એમને કેવી રીતે ઉછેરવાના છે અને કેવું શિક્ષણ આપવાનું છે ? રાજ્યમાં ધર્મ અને અધર્મ કેવી રીતે ઊગી નીકળે છે—એ જે વધારે મોટો પ્રશ્ન આપણો અંતિમ હેતુ છે, તેના ઉપર આ સવાલથી પ્રકાશ પડશે એવી આશા શું આપણે ન રાખી શકીએ ? કારણ (આપણા આ અન્વેષણ

× એટલે કે—એકને ઓળખે છે, અને બીજાને નથી ઓળખતો એ ધોરણ દ્વારા અહીં ખોટો ઓળખવું અને જ્ઞાન હોવું એ બે વચ્ચે ગોટાળો કરે છે. સરખાવો નીચે ૪૦૮-૪૦૯; તથા ૪૭૭-અ. વળી જેને ન ઓળખતા હોઈએ એ દુશ્મન હોય જ એમ પણ અનુમાન કરી ન શકાય.

દરમિયાન) આપણે દલીલને અગવડ પડે એટલી ખેંચીને લાંબી કરવા માગતા નથી, તેમ જ જે કંઈ મુદ્દાસર હોય તેને છોડી દેવા પણ માગતા નથી.+

પ્રશ્નની વિચારણા આપણને બહુ ઉપયોગી થઈ પડશે એમ ગ્લૉકન મિન્ટસે ધાર્યું.

મેં કહ્યું : ત્યારે, મારા પ્રિય મિત્ર, જરા લંબાણ થાય તોપણ આ કાર્ય છોડી દેવું જોઈએ નહિ.

બિલકુલ નહિ.

ચાલો ત્યારે કુરસદનો એકાદ કલાક આપણે વાર્તા કહેવામાં ગાળીએ, અને આપણા વીર પુરુષોની કેળવણી એ આપણી કથાનો વિષય રહેશે.

(૬) બેશક.

અને એમની કેળવણી કેવી હશે ? પરંપરાથી ચાલી આવતી પદ્ધતિ કરતાં બીજી વધારે સારી પદ્ધતિ શું આપણે શોધી શકીશું ? —અને એના (જૂની પદ્ધતિના) તો બે વિભાગો છે, શરીર માટે વ્યાયામ અને આત્મા માટે માનસિક કેળવણી ('સંગીત')*

બરાબર.

કેળવણીમાં, માનસિક કેળવણીથી આપણે શરૂ કરીશું, અને વ્યાયામને પછીથી લઈશું બરાબર ?

બેશક.

+ મુદ્દો ૫. કેળવણી.

* મુદ્દો ૫—૧. વ્યાયામ : 'Gymnastike' – અને માનસિક કેળવણી 'Mousikē' Music for the Soul—અહીં Music શબ્દ તેના મૂળ અર્થમાં લેવાનો છે. ગ્રીક પુરાણમાં નવ દેવીઓ-કલાની અધિષ્ઠાત્રીઓ ગણાતી, The Nine Muses–આના ઉપરથી કલાને લગતી કેળવણી Music કહેવાતી. જુઓ-૪૧૧-ઙ.

અને જ્યારે તમે માનસિક કેળવણી વિશે બોલતા હો, ત્યારે એમાં સાહિત્યનો સમાવેશ કરો છો કે નહિ ?

કરું છું.

અને સાહિત્ય ખરું કે ખોટું હોઈ શકે ?

હા.

(૩૭૭) અને નાનાં બાળકોને બન્ને પ્રકારના સાહિત્યનું શિક્ષણ આપવું જોઈએ, અને ખોટા સાહિત્યથી આપણે શરૂઆત કરીશું ખરા ?

તેણે કહ્યું : તમારો શો અર્થ છે, તેની મને સમજણ પડતી નથી.

મેં કહ્યું : જેમાં સત્યનો બિલકુલ અંશ ન હોય એવી નહિ, પરંતુ જે વાર્તાઓ મુખ્યત્વે જોડી કાઢેલી હોય, એવી વાતો આપણે બાળકોને શરૂઆતમાં કહીએ છીએ; અને તેઓ વ્યાયામ પણ ન શીખી શકે એવડી ઉંમરનાં હોય ત્યારથી તેમને આવી વાતો કહેવામાં આવે છે.

તદ્દન સાચું.

વ્યાયામ પહેલાં માનસિક કેળવણી આપવી જોઈએ એમ જ્યારે મેં કહ્યું ત્યારે મારો અર્થ એ જ હતો.

તેણે કહ્યું : તદ્દન ખરું.

તમે એ પણ જાણો છો કે કોઈ પણ કાર્યની શરૂઆત (બ) તે કાર્યનું સૌથી મહત્વનું અંગ છે, અને તે પણ વળી જ્યારે એ નાનાં અને કુમળી વયનાં બાળકો વિશેનું હોય ત્યારે; કારણ એ ઉમરમાં જ ચારિત્ર્ય ઘડાય છે અને ઇષ્ટ છાપ સહેલાઈથી ગ્રહણ કરી શકાય છે.

તદ્દન ખરું.

અને આપણી જ બેદરકારીને લીધે બાળકો જ્યારે મોટાં થાય. ત્યારે એમનામાં જે વિચારો હોવા જોઈએ એમ આપણે આશા રાખીએ—એનાથી, ઘણા મોટે ભાગે તદ્દન વિરોધી વિચારોને એમના મનમાં પેસવા, તથા ફાવે તેવી વાર્તા ગમે તે માણસે જોડી કાઢી હોય તે શું બાળકોને સાંભળવા દઈશું ?

નહિ જ.

ત્યારે જેડી કાઢેલી વાર્તાઓના લેખકો પર એક (ક) 'સેન્સોર' (પરીક્ષક) નીમવાનું કાર્ય પહેલું કરવું પડશે; જે કોઈ સારી કથા હશે તેનો પરીક્ષક સ્વીકાર કરશે અને ખરાબને નામંજૂર કરશે; અને આયાઓ અને માતાઓ આવી પ્રમાણભૂત વાતો જ પોતાનાં બાળકોને કહે એમ આપણે ઇચ્છીશું. પોતાના હાથે (નાનાં બાળકોના) શરીરને જે રીતે તેઓ ઘડે છે, એનાથી પણ વધારે લાડથી આવી વાતો દ્વારા ભલે એ એમનાં મન ઘડે;* પરંતુ અત્યારે જે વાતોનો ઉપયોગ થઈ રહ્યો છે એમાંની ઘણીખરીને ફેંકી દેવી પડશે.

તેણે કહ્યું : તમે કઈ વાતોનો ઉલ્લેખ કરો છો ?

મેં કહ્યું : વધારે મોટી વસ્તુની છાયા નાની (ડ) વસ્તુમાં તમને મળી આવે, કારણ તે બન્નેમાં એક જ પ્રાણ છે, અને એ અવશ્ય એક જ જાતની છે.

તેણે જવાબ આપ્યો : એ સંભવિત છે. પરંતુ તમે કોને વધારે મોટી વસ્તુ કહો છો એની મને હજી સમજણ પડતી નથી.

મેં કહ્યું : સમસ્ત માનવજાતના જે હરહંમેશના કથાકારો છે એવા હોમર, હિસિયડ અને બાકીના કવિઓએ જે કથાઓ કહી છે તે.

તેણે કહ્યું : પણ એમાંની કઈ કથાઓ તમે ન કહેવા જેવી ગણો છો, અને એમાં તમે કયો દોષ જુઓ છો ?

મેં કહ્યું : એવો દોષ—જેનું સ્વરૂપ અત્યંત ગંભીર છે, જુઠું બોલવાનો, અને વળી વધારામાં, ખરાબ જુઠું બોલવાનો.

પણ આ દોષ કયાં થયો છે ?

(ઇ) જ્યારે જ્યારે દેવો અને વીર પુરુષોના સ્વભાવનું ભૂલ-ભરેલું આલેખન કરવામાં આવ્યું છે, ત્યારે—ઉદાહરણાર્થ (જે ચિત્રમાં) અસલની સાથેના સામ્યનો એક છાંટો પણ ન હોય એવું ચિત્ર ચિત્રકાર ચીતરે ત્યારે.

---

* 'લૉઝ' નામના સંવાદમાં પ્લેટો ફરીથી આ વિષય ચર્ચે છે.

તેણે કહ્યું : હા, એવી વસ્તુ જરૂર અતિશય દૂષિત ગણાય; પણ તમે કહો છો એવી કથાઓ કઈ છે?

મેં કહ્યું : સૌથી પહેલાં તો યુરેનસ વિશે કવિએ જે કહ્યું છે તે ઉચ્ચ વિભૂતિઓ વિશે બોલાયેલાં જુઠ્ઠાણાંઓમાં સૌથી મહાન જુઠ્ઠાણું હતું, એટલું જ નહિ—વળી એ ખરાબ જુઠ્ઠાણું હતું—યુરેનસે જે કર્યું અને ક્રોનસે એનું કેવી રીતે વેર લીધું એ વિશે હિસિયડે જે કહ્યું છે.[1] (૩૭૮) તે મારો કહેવાનો ભાવાર્થ છે. ક્રોનસનાં કૃત્યો, અને એના પુત્રે, (પોતાનો) વારો આવ્યો ત્યારે એના પર જે દુઃખ નાંખ્યું એ બધું ખરું હોય તો પણ, નાનાં અને અવિચારી બાળકો પાસે, જાણે એમાં કશું ખરાબ ન હોય એ રીતે, એ કહેવાવું ન જોઈએ; જો શક્ય હોય તો મૌનભાવે એને દફનાવી દેવાય તો વધારે સારું. પરંતુ (છેવટે) એનો ઉલ્લેખ કરવાની અત્યંત જરૂર પડે, તો ગુપ્ત સંપ્રદાયના થોડા ચુનંદા લોકો જ ભલે એ સાંભળે; અને યજ્ઞ વખતે પણ તેમણે સામાન્ય [એલ્યુઝિનિયન] ડુક્કરનો નહિ પણ કોઈ મોટા અને દુષ્પ્રાપ્ય પ્રાણીનો જ બલિ આપવો કે જેથી એના શ્રોતાજનોની સંખ્યા ખરેખર ઘણી જ અલ્પ થઈ જશે.

તેણે કહ્યું : ક્રેમ, હાસ્તો, એ વાતો અત્યંત વાંધાભરેલી છે.

(બ) હા, એડેઈમેન્ટસ, આપણા રાજ્યમાં એવી વાતો કહેવા દેવામાં નહિ આવે; ખરાબમાં ખરાબ ગુલ્લો કરવામાં એ કશું દારુણ કૃત્ય કરતો નથી એવું, તથા એનો બાપ કંઈ ખોટું કરે અને એ પોતાના બાપને જ કોઈ પણ પ્રકારે શિક્ષા કરે, તો (એમ કરવામાં) એ માત્ર દેવોમાં સૌથી મહાન અને અગ્રગણ્ય એવાનું જ અનુકરણ કરે છે—એવું કાચી વયના બાળકને કહેવું ન જોઈએ.

તેણે કહ્યું : હું તમારી સાથે તદ્દન સંમત થાઉં છું. મારા અભિપ્રાય પ્રમાણે એવી વાતોની પુનરુક્તિ તદ્દન અયોગ્ય છે.

---

૧ : Hesiod : Theogony. 154–459.

તેમજ જો અંદર અંદર લડવાની ટેવ બધા કરતાં હીનમાં હીન છે એમ આપણા ભવિષ્યના પાલકો માને એવું આપણે ઇચ્છતા હોઈએ, તો દેવોમાં એકબીજાની વિરુદ્ધ થતી લડતો કે કાવત્રાંઓ અને સ્વર્ગમાં થતા (ક) વિગ્રહો વિશેનો એક શબ્દ પણ એમને કાને પડવો ન જોઈએ, કારણ એ બધું ખરું નથી. નહિ જ. રાક્ષસોની લડાઈઓનો આપણે ઉલ્લેખ નહિ કરીએ, અથવા વસ્ત્રો પર એનું ભરતકામ પણ ભરાવા નહિ દઈએ;× અને એમના મિત્રો તથા સગાંઓ સાથેના દેવો અને વીર પુરુષોના બીજા અસંખ્ય કજિયા વિશે પણ આપણે મૌન સેવીશું. જો તેઓ આપણું માત્ર માને તો આપણે એમને કહીશું કે કલેશ કરવો એ અપવિત્ર છે, (ડ) અને આજ સુધી નગરવાસીઓ વચ્ચે કદી કલેશ થયો નથી; વૃદ્ધ પુરુષો અને સ્ત્રીઓએ, બાળકોને જે કંઈ કહેવાનું હોય તેની શરૂઆત આ વાતથી કરવી જોઈએ, અને જ્યારે એ મોટાં થાય ત્યારે કવિઓ પણ આ જ અર્થની એમને માટે કવિતા કરે એમ આપણે કહેવું જોઈએ. પરંતુ વાર્તાઓમાંથી લાક્ષણિક અર્થ નીકળે છે એમ માનવામાં આવતું હોય કે નહિ, તો પણ—હેફિસ્ટેસ પોતાની માતા હીરીને બાંધે છે એ કથા, અથવા બીજા એક પ્રસંગે હીરીને માર મારવામાં આવે છે ત્યારે એનો પક્ષ લેવા માટે હેફિસ્ટસને ઝયુસ કેવો હવામાં ફેંકી દે છે તે, તથા હોમરમાં મળી આવતી દેવોની લડાઈઓ—આવી કથાઓ આપણા રાજ્યમાં દાખલ થવા દેવી ન જોઈએ. કારણ મૂલ અર્થ કયો અને (ઇ) લાક્ષણિક અર્થ કયો, એનો નિર્ણય માણસ નાનપણમાં ન કરી શકે; નાની ઉંમરે માણસના મનમાં જે કંઈ પેસે છે એનો લોપ કે પરિવર્તન ઘણું ખરું થતું નથી; અને તેથી જે વાતો નાનાં બાળકો :સૌથી પહેલાં સાંભળે એ સદ્‌ગુણથી ભરેલા વિચારોના આદર્શરૂપ હોવી જોઈએ એ અત્યંત આવશ્યક છે.

તેણે જવાબ આપ્યો : પણ એવા આદર્શો ક્યાં મળી આવે,

× જુઓ 'લૉઝ' પુ. ૧૦-૮૮૬.

અને તમે કઈ કથાઓ વિશે વાત કરો છો, એમ જો કોઈ પૂછે તો આપણે એને શો જવાબ આપીશું ?

(૩૭૯) મેં એને કહ્યું : તમે અને હું, એડેઈમેન્ટસ, અત્યારે કવિઓ નથી, પણ રાજ્યના સ્થાપકો છીએ; હવે જે સામાન્ય નિયમોને અનુસરીને કવિઓએ પોતાની વાર્તાઓ ઘડવી જોઈએ, અને જે મર્યાદાઓ તેમણે પાળવી જોઈએ એનું જ્ઞાન રાજ્યના સ્થાપકોને હોવું જોઈએ, પરંતુ વાર્તા જોડી કાઢવી એ કંઈ એમનું કામ નથી

તેણે કહ્યું : બહુ જ સાચું; પણ તમે જે ધર્મશાસ્ત્રમાં÷ માનો છો એનાં સ્વરૂપો (કે સિદ્ધાન્તો) કયાં છે ?

મેં જવાબ આપ્યો : કંઈક આવાં : મહાકાવ્ય, ઊર્મિગીત કે કરુણરસપ્રધાન કાવ્ય—આમાંનો ભલે ગમે તે પ્રકાર હોય, પણ જેમાં આલેખન કરવામાં આવ્યું હોય તેમાં ઈશ્વરનું જે ખરું સ્વરૂપ છે તેવું જ એનું ચિત્ર દોરવાનું છે.+

ખરું.

(બ) અને શું એ ખરેખર સારો નથી ? અને એને એવો જ શું દોરવો ન જોઈએ ?

જરૂર.

અને જે કંઈ સારું હોય છે તે હાનિકારક નથી.×

ખરેખર, નહિ જ.

અને જે હાનિકારક નથી એ ખ્યાલ કરતું નથી.

અવશ્ય નહિ.

÷ ધર્મશાસ્ત્ર : Theology

* સ્વરૂપો : Forms

+ મુદ્દો ૫-૨ ઈશ્વરનું સ્વરૂપ.

× સરખાવો ઉપર ફલમ ૩૩૫-ઙ

અને જે ખ્રા કરતું નથી એ કશું અનિષ્ટ કરતું નથી.

નહિ.

અને જે અનિષ્ટ કરતું નથી એ શું અનિષ્ટનું કારણ હોઈ શકે?

અશકય.

અને સારું લાભકારક છે?

હા.

અને તેથી કલ્યાણનું કારણ છે, ખરું?

હા.

ત્યારે આ પરથી એવું અનુમાન નીકળે છે કે જે સારું છે તે બધી વસ્તુઓનું નહિ પણ માત્ર સારાનું જ કારણ હોઈ શકે—ખરું ને?

(ક) અચૂક.

ત્યારે ઈશ્વર જો સારો છે તો ઘણા લોકો કહે છે તેમ બધી વસ્તુઓનો કર્તા નથી, પરંતુ માત્ર થોડીએક વસ્તુઓનો જ ઉત્પાદક છે, અને તે પણ જે ઘણીખરી વસ્તુઓ માણસોને (સામાન્ય રીતે) સૂઝી આવે છે એનો નહિ. કારણ મનુષ્યજીવનમાં સારી ઇષ્ટ વસ્તુઓ બહુ થોડી છે, અને અનિષ્ટો ઘણાં છે, અને જે સારું અથવા ઇષ્ટ* છે એ એકલા ઈશ્વરને નામે ચડાવવાનું છે; જે અનિષ્ટો છે એનાં કારણો એનામાં નહિ પણ બીજે કયાંક શોધવાનાં છે.

તેણે કહ્યું: એ મને બહુ જ સાચું લાગે છે.

ત્યારે હોમર અથવા બીજો કોઈ કવિ મૂર્ખ થઈ (ડ) નીચે પ્રમાણે ઉદ્‌ગારો કાઢવાનો ગુન્હો કરે, તો આપણે એ સાંભળવું જોઈએ નહિ: એ પીપ:—

---

*ગ્રીક-સારું અથવા ઇષ્ટ માટે અંગ્રેજીમાં એક જ શબ્દ છે: Good અને ગ્રીક ભાષામાં સારું, ઇષ્ટ અને સુંદર એ ત્રણે માટે એક જ શબ્દ છે, 'Kalos'. આથી Good, પછી Idea of Good અને Idea of the Beautiful ત્રણે પ્લેટોને મન તત્ત્વતઃ એક છે. જુઓ

"નસીબની ચિઠ્ઠીઓનાં ભરેલાં ઝયુસના ઉમરા પાસે પડયાં છે,
એક ઇષ્ટની અને બીજું પીપ અનિષ્ટની ચિઠ્ઠીઓનું"[૧]

અને જેને ઝયુસ બન્નેનું મિશ્રણ કરીને આપે છે, તેને

"કોઈ વાર અનિષ્ટ ભાવિ તો કોઈ વાર ઇષ્ટ મળે છે;"

પરંતુ જેને એ નિર્ભેળ દુઃખનું પાત્ર ભરીને આપે છે

"તેને રમણીય પૃથ્વી પર તીવ્ર ક્ષુધા રઝળાવે છે." (૬)

અને વળી—

"આપણા ઇષ્ટ અને અનિષ્ટનો જે વિધાતા ઝયુસ."

અને જો કોઈ એમ પ્રતિપાદન કરે, કે જે શપથ અને સંધિનો ભંગ ખરું જોતાં પેન્ડેરસે[૨] કર્યો હતો તે એથીની અને ઝયુસને લીધે થવા પામ્યો હતો, અથવા થેમીસ અને ઝયુસે[૩] દેવોને ટંટા અને લડાઈ કરવા ઉશ્કેર્યા, તો તેને આપણી સંમતિ નહિ જ મળે; તેમ જ આપણા જુવાનિયાઓને ઇરકાઇલસના શબ્દો આપણે સાંભળવા નહિ દઈએ, (જેવા) કે—

(૩૮૦) "જ્યારે ઇશ્વરને કોઈ પણ પેઢીનો સમૂળો ઉચ્છેદ કરવો હોય છે ત્યારે લોકોમાં એ પાપવૃત્તિ રોપે છે."

અને ઉપરની લીટીઓ જે કરુણ રસપ્રધાન કરવામાં આવે છે* એ કાવ્યના વિષય વિશે—નાઈઓબીનાં દુઃખ વિશે, અથવા પેલોપ્સના વંશ વિશે, કે ટ્રોયની લડાઈ વિશે અથવા એના જેવા કોઈ બીજા વિષય પર જો કોઈ કવિ કંઈ લખે, તો, કાં તો આ બધાં ઇશ્વરનાં જ કૃત્યો છે એમ આપણે એને કહેવા નહિ દઈએ. અથવા જો એ ઇશ્વરનાં જ હોય, તો આપણે જે રીતે મથી રહ્યા છીએ એ રીતે એણે એને ઘટાવવાં જોઈએ; એણે એમ કહેવું જોઈએ કે જેમાં ધર્મ અને સત્ય

---

૧ : Iliad : xxiv, 527; ૨ : Ibid : ii 69; ૩ : Ibid : XX

*Traegedy in which these iambic verses occur—કાવ્યની પંક્તિનાં ચરણોમાં લઘુ ગુરુ, લઘુ ગુરુ એવો નિયમ જળવાતો હોય તો તેને 'આયમ્બિક' વૃત્ત કહે છે-લઘુ એટલે ઘડકારા વગરનો, ગુરુ એટલે ઘડકારાવાળો.

હતાં તે જ (ब) ઈશ્વરે અમલમાં મૂકયાં, અને એમને શિક્ષા થઈ તો એટલે અંશે તેઓ વધારે સારા થયા;* પરંતુ જેઓને શિક્ષા થઈ તેઓ દુઃખી થયા અને એ દુઃખનો કર્તા ઈશ્વર હતો—આમ કહેવાની છૂટ કવિને આપવાની નથી. જો કે એ એમ કહી શકે ખરો કે દુષ્ટ લોકો દુઃખી છે કારણ તેમને શિક્ષા થવાની જરૂર છે, અને ઈશ્વરી શિક્ષા મળવાથી તેઓને (ઉલટો) લાભ થાય છે;× પરંતુ કોઈ પણ સુવ્યવસ્થિત પ્રજાધીન સમવાયતંત્રમાં, ઈશ્વર સારો હોવા છતાં કોઈના અનિષ્ટનો વિધાતા છે—એવા વિધાનનો પ્રયત્નપૂર્વક નિષેધ કરવાનો છે; (क) અને શું નાનાં કે મોટાં, કોઈએ પણ એ બાબત ગદ્યમાં બોલવાની નથી, કે ગાવાની નથી કે સાંભળવાની નથી. (કારણ) આવી કલ્પિત કથા આત્મઘાતી, નાશકારક અને ધર્મનો દ્રોહ કરનારી છે.

તેણે જવાબ આપ્યો : હું તમારી સાથે સંમત છું; અને કાયદાને મારી સંમતિ આપવા તૈયાર છું.

ત્યારે આપણા કવિઓ અને આખ્યાયકો પાસેથી જેનું પાલન થવાની આપણે અપેક્ષા રાખીશું એવા દેવો વિશેના નિયમો અને સિદ્ધાંતોમાંનો આ એક ભલે રહ્યો—કે ઈશ્વર બધી વસ્તુઓનો કર્તા નથી, પણ માત્ર ઇષ્ટ વસ્તુઓનો જ છે.

તેણે કહ્યું : એ ચાલશે.

(ड) અને બીજા સિદ્ધાંત વિશે તમે શું માનો છો? હું તમને પૂછું—ઈશ્વર જાદુગર અને છલપૂર્વક ઘડીકમાં એક આકારમાં અને ઘડીકમાં બીજા આકારમાં દેખા દે—કોઈ વાર પોતે બદલાઈને, વારા ફરતી જુદા જુદા આકાર ગ્રહણ કરતો, કે કોઈ વાર એવાં પરિવર્તનોના બાહ્ય દેખાવ દ્વારા આપણને છેતરે—એવો—છે; કે પછી પોતાના જ વિશિષ્ટ સ્વરૂપમાં અચલ અને નિશ્ચિત એવો એક અને અદ્વિતીય છે?

---

* જુઓ 'ગોર્જિયસ' નામનો પ્લેટોનો સંવાદ.

× 'Katharsis' Concept of Finite God.

તેણે કહ્યું : પૂરો વિચાર કર્યા સિવાય હું તમને જવાબ નહિ આપી શકું.

મેં કહ્યું : વારુ: પણ જો કોઈ વસ્તુમાં પરિવર્તન (૬) થાય છે એમ આપણે માનીએ, તો એ પરિવર્તન વસ્તુના પોતાના દ્વારા જ અથવા બીજી કોઈ વસ્તુ દ્વારા સધાતું હોવું જોઈએ—ખરું ?

અવશ્ય.

અને વસ્તુ જ્યારે શ્રેષ્ઠ સ્થિતિમાં હોય, ત્યારે તેમાં પરિવર્તન કે ક્ષોભ થવાનો સંભવ સૌથી ઓછો છે; ઉદાહરણ તરીકે મનુષ્યનો દેહબંધ જ્યારે સૌથી વધારે આરોગ્યમય સ્થિતિમાં કે બલવાન હોય, ત્યારે તેના પર મદ્ય અને માંસના ખોરાકની ઓછામાં ઓછી અસર થવા સંભવ છે, અને છોડનું સત્ત્વ જ્યારે પૂરેપૂરું અખંડ હોય છે ત્યારે સૂર્યનો તાપ કે પવન કે બીજાં એવાં કારણોથી એને ઓછામાં ઓછું નુકસાન પહોંચે છે.

અલબત્ત.

(૩૮૧) અને શું સૌથી વધારે શૂરવીર અને વિવેકી આત્મા ઓછામાં ઓછો ક્ષોભ નહિ પામે, અને બહારની કોઈ અસરથી ઓછામાં ઓછો વિક્ષિપ્ત નહિ થાય ?

ખરું.

અને હું ધારું છું તેમ આ જ સિદ્ધાન્ત (કોઈ મૂલ તત્ત્વોના) સંઘાતને લીધે અસ્તિત્વમાં આવેલી તમામ વસ્તુઓને લાગુ પડે છે —રાચરચીલું, ઘર, કપડાં : જ્યારે સારી રીતે કરેલાં અને સારી સ્થિતિમાં હોય, ત્યારે કાળ અને સંજોગોથી એ ઓછામાં ઓછાં પરિવર્તન પામે છે.

સાવ સાચું.

(૭) ત્યારે જે કંઈ સારું છે,—પછી ભલે કલાએ એને સર્જ્યું હોય કે કુદરતે કે બંનેએ—તેનું બાહ્ય કારણોને અંગે ઓછામાં ઓછું પરિવર્તન થવાનો સંભવ છે.

ખરું.

પરંતુ ખરે જ ઈશ્વર અને ઈશ્વર સંબંધીની વિગતો દરેક રીતે પૂર્ણ હોય છે?

અલબત્ત છે જ.

ત્યારે બાહ્ય અસર દ્વારા વિવિધ આકારો ગ્રહણ કરવાની એને ભાગ્યે જ ફરજ પાડી શકાય?

ન પાડી શકાય.

પરંતુ પોતાની મેળે શું એ બદલાઈ ન શકે તથા પરિવર્તન ન પામે?

તેણે કહ્યું: જો એનામાં કંઈ પણ પરિવર્તન થતું હોય, તો એ રીતે જ થઈ શકે એ સ્પષ્ટ છે.

અને તો એ વધારે સારા અને સુંદર થવા પોતાનું પરિવર્તન કરશે, કે (પછી) વધારે ખરાબ અને કદરૂપા થવા?

(ક) એ બદલાતો જ હોય, તો તો બદલાઈને પણ એ વધારે ખરાબ જ થઈ શકે, કારણ સદ્‌ગુણમાં કે સૌંદર્યમાં આપણે એને ઊણો કલ્પી શકતા નથી.

સાવ સાચું, એડેઈમેન્ટસ, પરંતુ દેવ કે મનુષ્ય એ બેમાંથી એકેય પોતાની જાતને શું વધારે ખરાબ કરવા ઇચ્છશે?

અશક્ય.

ત્યારે ઈશ્વર બદલાવાની ઇચ્છા કરે એ પણ અશક્ય છે; સામાન્ય માન્યતા પ્રમાણે સૌથી સુંદર અને શ્રેષ્ઠ જેનો (થોડો પણ) ખ્યાલ બાંધી શકાય એવો એ છે, તેથી દરેક દેવ * અનંત કાળ સુધી સંપૂર્ણપણે પોતાના જ સ્વરૂપમાં રહે છે.

તેણે કહ્યું: મારા અભિપ્રાય પ્રમાણે એટલું અવશ્ય ફલિત થાય છે.

(ડ) મેં કહ્યું: ત્યારે, પ્રિય મિત્ર, કોઈ પણ કવિને આપણે એમ નહિ કહેવા દઈએ કે—

* Every God એવો શબ્દ પ્રયોગ છે.

'પરદેશના માણસોનો વેશ લઈને, બહુરૂપીઓ થઈને દેવો નગરમાં આમ તેમ ટહેલે છે.'[૧]

અને પ્રોટયુઝ અને થેટિસની કોઈએ નિંદા કરવાની નથી;* તેમજ, કરુણરસપ્રધાન નાટક કે કાવ્યના બીજા કોઈ પ્રકારમાં હીરોને હોત્રીના વેશે—

'આર્ગોસમાં આવેલી ડનેકસ નદીની જીવન અર્પનાર પુત્રીઓ માટે'—

ભીખ માગતી કોઈએ આલેખવાની નથી—આ (૬) પ્રકારનું એક એક પણ જુઠ્ઠાણું આપણને ન જોઈએ. તેમજ કવિઓના પ્રભાવને વશ વર્તી, આ કથાઓના પર ખરાબ અર્થ ઠોકી બેસાડી—કેટલાએક દેવો 'રાત્રે' તેઓ કહે છે તેમ, 'જુદા જુદા સ્વરૂપે અને પરદેશીઓ જેવા દેખાતા બહાર ફરવા નીકળી પડે છે' એમ કહીને પોતાનાં બાળકોને બીવડાવે એવી માતાઓ પણ આપણે ન જોઈએ; પરંતુ રખેને પોતાનાં છોકરાંઓને બીકણ કરી ન મૂકે તથા સાથે સાથે દેવોનું અવમાન ન કરે એની એમને સંભાળ રાખવા દો.

તેણે કહ્યું : પ્રભુ કરે ને એમ ન થાય.

પરંતુ દેવો× પોતે જો કે પરિવર્તનશીલ નથી, તો પણ છલ કે મેલી વિદ્યાથી, તેઓ વિવિધ રૂપે દેખા દે છે એમ શું તેઓ આપણને માનવા દે ખરા ?

તેણે જવાબ આપ્યો : કદાચ.

વારું, પણ તમે એમ કલ્પી શકો છો કે ઈશ્વર,× શું વાચાથી કે શું કર્મથી, જુઠ્ઠું બોલે, અથવા પોતાની છાયારૂપ ભૂત સર્જે ?

(૩૮૨) તેણે જવાબ આપ્યોઃ કોણ જાણે !

---

૧ : Homer : Odyssey XVII–485

* સરખાવો : લૉઝ : પુ. ૧૧

× અહીં gods એમ બહુવચન વપરાયું છે. God માટે ઈશ્વર અને gods માટે દેવો શબ્દ વાપર્યા છે.

મેં કહ્યું: એ તો તમે જાણો છો ને કે 'ખરેખરા અસત્ય'ને —શબ્દોના એવા પ્રયોગની છૂટ આપવામાં આવે તો – દેવો અને માનવો ધિક્કારે છે.

તેણે કહ્યું: એટલે ?

હું એમ કહેવા માગું છું કે પોતાનો જે સૌથી સાચ્ચો અને શ્રેષ્ઠ અંશ છે અથવા સૌથી સાચ્ચી અને શ્રેષ્ઠ બાબતો છે એ વિશે જાણી જોઈને છેતરાવાનું કોઈને મન થતું નથી;* (કારણ) બીજા બધા કરતાં અસત્ય એનામાં ઘર કરી બેસે એની એને (એવા) પ્રસંગે બીક લાગે છે.

તેણે કહ્યું: તમે કહો છો તે હજી પૂરેપૂરું સમજાતું નથી.

(બ) મેં જવાબ આપ્યો: એનું કારણ એ છે કે મારા શબ્દોમાં કંઈ ગંભીર રહસ્ય છે એમ તમે માનો છો; પણ મારે એટલું જ કહેવાનું છે કે પોતાના શ્રેષ્ઠ અંશ–એટલે કે આત્મામાં, શ્રેષ્ઠ તત્ત્વો વિશે છલ હોય—કે પોતે છેતરતા હોય કે અજ્ઞાનમાં રહેતા હોય અને એ અંશ અસત્યને વળગી રહેતો હોય—માણસ જાતને આ જરા પણ ગમતું નથી; તેઓ સર્વાંશે એ ધિક્કારે છે એમ મારું કહેવું છે.

એના કરતાં વધારે તિરસ્કારને પાત્ર એમને (મન) બીજું કશું નથી.

અને હું હમણાં જ કહેતો હતો તે પ્રમાણે જે છેતરાય છે એના આત્મામાં રહેલા અજ્ઞાનને આપણે 'ખરેખરું અસત્ય' કહી શકીએ; કારણ (માત્ર) શબ્દોનું જે અસત્ય છે તે તો આત્મામાં જે પહેલાં (કોઈ વાર) મિથ્યારોપ થઈ ગયો હોય એની છાયારૂપ પ્રતિકૃતિ કે એનું એક પ્રકારનું અનુકરણ માત્ર છે÷ શુદ્ધ નિર્ભેળ અસત્ય (ક) નથી. હું ખરું કહું છું ને?

---

* સરખાવો 'લૉઝ' પુ. પં. ૭૩૦–૭૩૧.

÷ 'True lie' અને 'lie in words' એવો ભેદ પ્લેટો પાડે છે. જુઠ્ઠાણું જ્યારે આત્મામાં ઘર કરી બેસે, ત્યારે પ્લેટો એને true lie અથવા ખરેખરું અસત્ય કહે. બીજાં બધાં માત્ર શાબ્દિક જુઠ્ઠાણાં છે જો કે

તદ્દન ખરું.

માત્ર દેવો જ નહિ, પણ મનુષ્યો પણ 'ખરેખરા અસત્ય'ને ધિક્કારે છે.

હા,

જ્યારે વાચાનું અસત્ય અમુક પ્રસંગે ઉપયોગી થઈ પડે છે, અને તિરસ્કારને પાત્ર હોતું નથી; ઉદાહરણ તરીકે દુશ્મન સાથેના વ્યવહારમાં—અથવા વળી જેને આપણે મિત્રો ગણાતા હોઈએ એ જ્યારે મોહ કે ઉન્માદના આવેગમાં કંઈક નુકસાન કરી બેસવાના હોય, ત્યારે એ ઉપયોગી થાય છે અને એક પ્રકારના ઔષધ કે પ્રતિકારરૂપ નીવડે છે; આપણે (ડ) હમણાં જ જે વિશે બોલતા હતા, એ પૌરાણિક કથાઓમાં પણ—પ્રાચીન કાળમાં ખરેખર શું હતું તેની આપણને ખબર નથી તેથી—અસત્યને બની શકે તેટલું સત્ય(નું સ્વરૂપ) આપીને આપણે તેનો ઉપયોગ કરીએ છીએ.

તેણે કહ્યું: સાવ સાચું.

પરંતુ આમાંનું કોઈ પણ કારણ ઈશ્વરને લાગુ પડી શકે ખરું? પ્રાચીન કાળનું એને જ્ઞાન નથી અને તેથી એ વિશે એને કલ્પના કરવી પડે છે એવું અનુમાન શું આપણે કરી શકીએ?

તેણે કહ્યું: એ તો હાસ્યાસ્પદ કહેવાય.

ત્યારે ઈશ્વર વિશેના આપણા ખ્યાલમાં જુઠ્ઠા કવિને કશું સ્થાન નથી.

મારે કહેવું જોઇએ કે નથી.

અથવા પોતાના દુશ્મનની બીકને લીધે એ કદાચ અસત્ય બોલે ખરો?

શાબ્દિક જુઠ્ઠાણાં પણ જો આત્મામાં ઊંડે પેસી જાય તો ખરેખરાં અસત્ય જેટલાં જ હાનિકારક થાય. જુઓ 'ફીડો' ૧૧૫.—"For false words are not only evil in themselves but they inject the soul with evil. સરખાવો નીચે પરિ: ૩; ૩૮૯ ખ, ૪૧૪-ક, પરિ: ૫ : ૪૫૯ ક-ડ

(૬) એ વાત ગળે ઉતરે તેવી નથી.

પરંતુ એને (કદાચ) એવા મિત્રો હોય જે, અણસમજુ કે ગાંડા હોય ?

પણ કોઈ અણસમજુ કે ગાંડો ઈશ્વરનો મિત્ર હોઈ જ ન શકે.

ત્યારે ઈશ્વરને જુઠું બોલવું પડે એવો એક પણ પ્રવર્તક હેતુ કલ્પનામાં આવી શકતો નથી.

એકે નહિ.

ત્યારે જે કોઈ દૈવી અને અતિમાનુષ હોય છે તે અસત્ય આચરવાને સર્વાંશે અશક્ત હોય છે ખરું ને ?

હા.

ત્યારે વાચા અને કર્મ બંનેમાં ઈશ્વર સર્વાંશે સત્ય અને સરળ છે, એ પરિવર્તન પામતો નથી, સ્વપ્ન કે જાગ્રદ્ આભાસ દ્વારા અથવા સંજ્ઞા કે શબ્દ દ્વારા એ છેતરાતો નથી.

(૩૮૩) તેણે કહ્યું : તમારા વિચારોમાં તમારું જ પ્રતિબિંબ છે.

મેં કહ્યું : ત્યારે દૈવી બાબતો વિશે આપણે જે રીતે વાત કરવી જોઈએ કે લખવું જોઈએ તેનો આ બીજો નિયમ કે દાખલો× થયો—એમાં તમે મારી સાથે સંમત છો. દેવો કંઈ જાદુગરો નથી કે પોતે બદલાય, તેમ જ માનવોને તેઓ કોઈ પણ રીતે છેતરતા પણ નથી.

હું એ સ્વીકારું છું.

ત્યારે જો કે આપણે હોમરના પ્રશંસકો છીએ, તોપણ ઝયુસ જે અસત્ય સ્વપ્ન એગેમેમ્નોનને મોકલે છે તેનાં આપણે વખાણ નહિ કરીએ, તેમ જ ઈસ્કાઈલિસની * એ કડીઓની પણ આપણે

× Type or Form. મુદ્દો : ૫-૩

* સારામાં સારાં ઘણાં પ્રાચીન ગ્રીક નાટકોનો નાશ થયો છે. પ્રાચીન ગ્રીસમાં જુદા જુદા નાટકકારો પોતાની કૃતિઓ લઈને હરીફાઈમાં ઉતરતા. આ રીતે સોફોક્લિસે પોતાનું 'ઓડિપસ ટિરેનસ' અને યુરિપિડિસે 'મિડિયા'

સ્તુતિ નહિ કરીએ—જેમાં થેટિસ એમ કહે છે કે પોતાના લગ્ન પ્રસંગે એપોલો—(ક)

'વ્યાધિ એટલે શું એ જે કદી જાણવાની નથી અને લાંબું જીવવાની છે એવી એની ભવિષ્યની ખૂબસુરત પ્રજાને ગીત ગાતો અભિનંદતો હતો. અને બધા કરતાં જાણે મારા નસીબ પર સ્વર્ગના આશીર્વાદ વધારે પ્રમાણમાં ઉતર્યા હોય એમ બોલતાં તેણે વિજયનો સૂર કાઢયો અને મારા આત્માને ઉલ્લસિત કર્યો. અને ફીબસનું (એપોલો) વચન ભવિષ્યવાણીથી ભરપૂર અને દૈવી હતું તેથી બોટું ન જ પડે એમ મેં ધાર્યું. અને અત્યારે—જેણે પોતે આવો સૂર કાઢયો હતો, જે એ મિજબાની વખતે હાજર હતો અને જેણે આમ કહેલું—મારા પુત્રને મારી નાંખનાર પણ તે જ છે' [૧]

(ક) દેવો વિશેના આ મનોભાવો એવા છે કે તે પ્રત્યે આપણો રોષ ઉભરાય થાય જ; અને જે કોઈ આમ ગાશે એને પાછળ ઝીલનારા નહિ જ મળે; તેમ જ નાનાંઓની કેળવણીમાં શિક્ષકોને આનો ઉપયોગ કરવા નહિ દઈએ; કારણ આપણો આશય એવો જ છે કે મનુષ્યથી થઈ શકાય તેટલે અંશે આપણા પાલકોએ દેવોના ખરા ભક્તો તથા તેમના જેવા થવાનું છે.

તેણે કહ્યું : આ સિદ્ધાંતોમાં હું સર્વાંશે સંમત છું, અને તેને કાયદાઓ તરીકે ગણવા બંધાઉં છું.

હરીફાઈમાં મૂકેલાં. પણ 'ઓડિપસ ટિરેનસ' કરતાં ફિલોક્લિસનું નાટક ઊંચી પંક્તિનું ગણવામાં આવ્યું હતું. અને યુરિપિડિઝનું 'મિડિયા' ત્રીજે નંબરે આવેલું, અને ઇસ્કાઈલસના પુત્ર યુફોરિયનની કૃતિ સૌથી પહેલે નંબરે આવેલી. આ રીતે સૌથી શ્રેષ્ઠ બે કૃતિઓનો નાશ થયો છે, અને છતાં આજે યુરિપિડિઝ અને સોફોક્લિસની કૃતિઓ દુનિયાના સાહિત્યમાં અગ્રસ્થાન ભોગવે છે.
—Hist. of Greece : Vol. viii. G. Grote.

૧, ઇસ્કાઈલસના એક ખોવાઈ ગયેલા નાટકમાંથી.

પરિચ્છેદ ૩

(૩૮૬) મેં કહ્યું: આપણા ધર્મશાસ્ત્રના સિદ્ધાન્તો ત્યારે આવા છે—જો આપણે એમ માનતા હોઈએ કે તેમણે દેવો અને પોતાનાં માબાપને માન આપવાનું છે અને અન્યોન્યની મૈત્રીને કીંમતી ગણવાની છે, તો કિશોરાવસ્થા પછી આપણા શિષ્યોને અમુક જ કથાઓ કહેવાની છે, અને બીજી કહેવાની નથી.*

તેણે કહ્યું: હા, અને હું માનું છું કે આપણા સિદ્ધાન્તો ખરા છે.

પરંતુ જો એમણે શૂરવીર થવાનું છે, તો આ ઉપરાંત બીજા પાઠો પાઠો તે એવા પ્રકારના કે એમનામાંથી મૃત્યુની બીક કાઢી નાંખે એવા—શું એમણે શીખવા ન જોઈએ? જેનામાં મૃત્યુનો ભય વસે (ब) છે, એવો કોઈ માણસ શું શૂરવીર થઈ શકે?

તેણે કહ્યું: બિલકુલ નહિ.

અને જે નીચેની દુનિયાને÷ ખરી અને ભયંકર માને છે, એ શું મૃત્યુથી અભય થઈ શકે અથવા લડાઈમાં પરાજય અને ગુલામીના કરતાં પણ મૃત્યુને પસંદ કરશે?

અશકય.

ત્યારે આ જાતની વાર્તાઓના કથાકારો પર તેમજ બીજાઓ ઉપર પણ આપણે જાપતો રાખવો પડશે, અને નીચેની દુનિયાનાં એમનાં વર્ણનો ખોટાં છે તથા આપણા ભવિષ્યના યોદ્ધાઓને એ હાનિકર્તા છે એવી એમને ખબર આપીને, આપણે એમને વિનંતી કરીશું કે નીચલી દુનિયાની એમણે (क) ખાલી નિંદા કરવાની નથી, પણ ઉલટી તેની સ્તુતિ કરવાની છે.

તેણે કહ્યું: એ આપણી ફરજ છે.

---

* માનસિક કેળવણી ચાલુ--પરિ. ૩, મુદ્દો ૧. શૌર્ય.

÷ Hadēs : નર્ક

મેં કહ્યું : ત્યારે આપણે નીચેની કડીથી શરૂ થતા ઘણા વિભાગો ભૂંસી નાંખવા પડશે.

'(મૃત્યુ પછી) જેઓનું જીવન અસાર થઈ ગયું છે, એવાં પ્રેતો પર રાજ્ય કરવા કરતાં કોઈ ગરીબ અને અ-ભાગી માણસની જમીન પર હું ગુલામ થઈ મજૂરી કરીશ.' ૧

આપણે એ કહી પણ કાઢી નાંખવી પડશે—જેમાં એમ લખ્યું છે કે, પ્લુટોને કેવી બીક લાગી જે—

(ડ) 'રખેને મર્ત્ય (માનવીઓ) અને અમર (દેવો), જે ભયંકર અને મલિન આવાસને દેવો ધિક્કારે છે તે જોઈ જાય.' ૨

અને વળી.

'અરે પ્રભુ ! ધણુંખરું 'હેડીઝ'ના નિવાસસ્થાનમાં (નર્કમાં) આત્મા અને પ્રેતના જેવા આકારો છે, પણ ચિત્ત* તો છે જ નહિ!' ૩

ટિરેશિયશ વિશે વળી:—

'[મૃત્યુ પછી પણ પરસિફોને એની પાસે ચિત્તતત્ત્વ રહેવા દીધું]* એટલા માટે કે એકલો એ જ વિવેકી રહી શકે; પરંતુ બીજા આત્માઓ તો ઊડતી છાયાઓ જ છે.' ૪

વળી:—

' પૌરુષ અને યૌવનને તિલાંજલિ આપતો, પોતાના ભાવિ માટે શોક કરતો, આત્મા (શરીરનાં) અંગોમાંથી ઊડીને 'હેડીઝ' (નર્ક)માં ગયો.' ૫

---

૧. Hom : Odyssey : 11. 489 ૨. Hom : Iliad 20-64
૩. Hom : Iliad 23-103 ૪. Hom : Od 10-495
૫. Hom : Iliad 26-856

* ગ્રીક પદ્ય સાહિત્યમાંની આ પંક્તિઓ છે, અને આત્મા, શરીર, ચિત્ત વગેરે શબ્દો અમુક નિશ્ચિત અર્થમાં જ વપરાયા નથી, તેથી ફિલસૂફીની દૃષ્ટિએ આ વિશે ચર્ચા કરવી યોગ્ય ધારી નથી.

વળી:—

(૩૮૭) 'પૃથ્વીની નીચે ધૂમ્રના જેવો આત્મા તીવ્ર ચીસો પાડતો ચાલ્યો ગયો.'[૧]

અને,—

'અગમ્ય ગુહાના અંધકારમાં ચામાચીડિયાં, જ્યારે એમની પંક્તિમાંથી કોઈ છૂટું પડી જાય અને ખડક પરથી નીચે પડે ત્યારે જેમ એક બીજાને વળગીને ચીસો પાડતાં ઊડે, તેમ તે આત્માઓ તીણી ચીસો પાડતા એક બીજાને વળગીને જતા હતા.'[૨]

(બ) અને આપણે જો આવાં અને એવાં બીજાં અવતરણો કાઢી નાંખીએ—નહિ કે એમાં કાવ્ય તત્ત્વ નથી કે સામાન્ય માણસોને એ આકર્ષક લાગે એવાં નથી—પરંતુ તેમાં જેટલે અંશે કાવ્યની ખુબી વધારે, તેટલે જ અંશે, જે માણસો અને છોકરાંઓને સ્વાતંત્ર્યમાં રહેવાનું છે, અને જેમણે મૃત્યુ કરતાં ગુલામીને વધારે ભયંકર ગણવી જોઈએ, તેમના શ્રવણને માટે એ અયોગ્ય છે. આ કાજે—તો હોમર અને બીજા કવિઓને ગુસ્સે ન થવાની આપણે વિનંતી કરીશું.

નિઃશંક.

વળી જે ભયંકર અને ત્રાસદાયક નામોથી નીચેની દુનિયાનું વર્ણન કરવામાં આવે છે તે તમામ નામોને આપણે રદ કરીશું.—કોસાયટસ અને સ્ટીક્સ, પૃથ્વી નીચેનાં ભૂતો, અને સત્ત્વહીન છાયાઓ, અને એના (ક) જેવા બીજા શબ્દો, જેના ઉલ્લેખ માત્રથી, જે કોઈ એ સાંભળે એના અંતરતમ આત્માની આરપાર ભયનો કંપ વીંધીને ચાલ્યો જાય છે—આવી ભયંકર વાતોનો પણ અમુક પ્રકારનો ઉપયોગ ન હોઈ શકે એમ મારું કહેવું નથી, પણ ભય એ છે કે આવાં વર્ણનો આપણા પાલકોનું મગજ જલદીથી આવેશમાં આવી જાય તેવું કરી નાંખે, અને એમને બાયલા બનાવી મૂકે.

૧. Ib : 23–100 ૨. Odyssey : 24–6

તેણે કહ્યું : એ ભય ખોટો નથી.

ત્યારે આપણે એમાંનું કશું ન જોઈએ.

ખરું.

એનાથી ભિન્ન અને ઉચ્ચતર ગાન આપણે રચવું જોઈએ અને ગાવું જોઈએ.

એ સ્પષ્ટ છે.

(ડ) અને સુવિખ્યાત પુરુષોનાં રુદન અને શોકને વર્જવા આપણે તૈયાર છીએ. ખરું ને?*

બાકીનાં બીજાંની સાથે એનો પણ ત્યાગ કરવામાં આવશે.

પણ એનો ત્યાગ કરવામાં આપણે કશું ખોટું તો કરતા નથી? વિચાર કરો : આપણો સિદ્ધાંત એ છે કે પોતાના બંધુ જેવા બીજા કોઈ સારા માણસના મૃત્યુને (કોઈ પણ) સારો માણસ ભયંકર નહિ ગણે.

હા; એ આપણો સિદ્ધાંત છે.

અને તેથી જાણે પોતાના સદ્‌ગત મિત્રને કંઈ ભયંકર ભોગવવું પડ્યું હોય એમ માની એ શોક નહિ કરે.

આપણે આથી (પણ) આગળ જઈ એમ પ્રતિપાદન કરીશું કે આવી વ્યક્તિ એક વ્યક્તિ તરીકે તથા પોતાના સુખની દૃષ્ટિએ સ્વયં (ઇ) સંપૂર્ણ છે અને તેથી બીજાં માણસોની એને ઓછામાં ઓછી જરૂર પડશે.

તેણે કહ્યું : ખરું.

અને આ કારણે પુત્રનો કે ભાઈનો વિયોગ અથવા સંપત્તિનો નાશ બીજાં બધાં માણસો કરતાં એને ઓછામાં ઓછો ભયંકર લાગશે.

અચૂક.

અને તેથી એ વિલાપ કરે એવો સંભવ ઓછામાં ઓછો છે; અને આ જાતની કોઈ પણ આપત્તિ જો એના પર પડે, તો સર્વોચ્ચ સમતા રાખી એ સહન કરી લેશે.

---

* પરિ. ૩, મુદ્દો-૨, માનસિક કેળવણી ચાલુ—સમતાનો આદર્શ.

હા, એવી આપત્તિથી બીજાં માણસો કરતાં તેને અત્યંત ઓછો ખેદ થશે.

ત્યારે સુવિખ્યાત પુરુષોના વિલાપોને વર્જવામાં—અને પોતાના દેશના રક્ષણકર્તા બનાવવા માટે આપણે જેમને શિક્ષણ આપીએ છીએ એ આવી રીતે શોક કરવાનું તિરસ્કારે, એ અર્થે વિલાપ કરવાનું (૩૮૮) સ્ત્રીઓને (અથવા જે સ્ત્રીઓ કોઈ પણ દૃષ્ટિએ ઉપયોગી નીવડે તેવી હોય તેવી સ્ત્રીઓને પણ નહિ) અને હલકી જાતના લોકોને સોંપી દેવામાં આપણે સુમાર્ગે છીએ.

એ તદ્દન ખરું છે.

ત્યારે હોમર અને બીજા કવિઓને ફરી એક વાર આપણે વિનંતી કરીશું કે એકીલીઝ[૧], જે દેવીનો પુત્ર છે એને—પહેલાં પડખાભેર પડેલો, પછી ચત્તો, અને પછી ઊંધો; વળી ચમકીને (બ) ઊભો થતો અને વેરાન સમુદ્રના કાંઠે કાંઠે ઉન્માદમાં વહાણ હંકારતો; કોઈ વાર પોતાના બંને હાથમાં કાળી મેશ રાખ લઈ માથા પર ઉડાડતો[૨] અને હોમરે વર્ણન કર્યું છે તેમ જુદી જુદી રીતે રોતો અને કકળતો—આ રીતે આલેખવાનો નથી. તેમજ દેવોના ગોત્રજ, પ્રીઆમને, પ્રાર્થના કરતો અને કાલાવાલા કરતો તેણે ચીતરવાનો નથી.

'ધૂળમાં આળોટતો, દરેક માણસને તેનું નામ દઈ મોટેથી બૂમ મારતો.'[૩]

આથી પણ વધારે ઇંતેજારીથી આપણે એને વિનંતી કરીશું કે ગમે તેમ થાય તોપણ વિલાપ કરતા અને

(ક) 'હાય! મારી દુર્દશા! હાય! મારું કમનસીબ કે શુરવીરમાં શુરવીરને મેં જન્મ આપ્યો'[૪]—

આમ બોલાવરાવીને દેવોનો પરિચય આપવાનો નથી. પરંતુ જો હોમરને દેવોનો પરિચય આપવો જ હોય, તો મહાનમાં મહાન દેવ પાસે

૧. Il : 24-10; ૨. Ibid : 28-23; ૩. Ibid : 22-414; ૪. Ibid : 28-54.

નીચે પ્રમાણે બોલાવરાવીને એને વિશે તદ્દન ખોટો ખ્યાલ આપવાની ધૃષ્ટતા તો એ ગમે તેમ તોપણ નહિ જ કરી શકેઃ—

'અરે પ્રભુ! ખરે જ મારી સગી આંખે મારા પ્રિય મિત્રની પાછળ પડેલા હું જોઉં છું, અને નગરમાં એને ચકર ચકર ભટકવું પડે છે, અને મારું હૃદય શોકાતુર થઈ જાય છે.'[૧]

અથવા વળીઃ—

'મિનોશિયસના પુત્ર પેટ્રોક્લસને હાથે, માનવીઓમાં મને જે સૌથી વધારે પ્રિય છે એવા સાર્પેડોનની હાર થઈ અને (ઙ) તેમાં હું નિમિત્તરૂપ થયો, તો મારું ભૂંડું થજો.'[૨]

કારણ મારા પ્રિય એડેઈમેન્ટસ, જો આપણા યુવાનો દેવો વિશેના આવા અયોગ્ય ખ્યાલોને ગંભીર થઈને સાંભળે, તો—એવા ખ્યાલોને હસી કાઢવા જોઈએ તેને બદલે—પોતે માત્ર માનવી છે તેથી એવાં કૃત્યો પોતાને અપયશકર્તા ગણાય એમ ભાગ્યે જ કોઈને લાગશે, તેમજ કોઈના મનમાં એવું કરવાનું કે બોલવાનું જરા પણ ઊગી આવે, તો તેને ઠપકાને પાત્ર ગણશે નહિ; અને કશી શરમ લાગવાને કે પોતા પર કાબુ રાખવાને બદલે, ક્ષુદ્ર પ્રસંગોએ એ હમેશાં રડશે અને વિલાપ કરશે.

(ઙ) તેણે કહ્યું: હા, એ તદ્દન ખરું છે.

મેં જવાબ આપ્યોઃ હા, પરંતુ આપણને હમણાં જ દલીલમાં સાબીત થઈ ચૂકયું છે તેમ—જે કદી ન બનવું જોઈએ એ જ એ છે; અને વધારે સારી સાબીતી દ્વારા, વિરોધી પ્રમાણ ન મળે, ત્યાં સુધી આપણે આ સાબીતી સ્વીકારવી જોઈશે.

એમ કદી ન બનવું જોઈએ.

તેમ જ આપણા પાલકોએ હસવામાં પોતાની જાત ભૂલવી ન જોઈએ. કારણ હાસ્યના આવેગને જો કોઈ વધારા પડતું વશ વર્તે,

૧. Ibid : 22-168; ૨. Ibid : 26-433.

તો તેનામાં ઘણે ભાગે હંમેશાં પ્રબળ **પ્રત્યાઘાત** ઉત્પન્ન થાય છે.*

હું એમ માનું છું.

ત્યારે માન્ય જનોને, પછી ભલે તેઓ મર્ત્ય મનુષ્યો જ હોય તોપણ હાસ્યથી વ્યાકુળ થએલા ચીતરવા ન જોઈએ, અને દેવોનું એવું નિરૂપણ તો જરાય ન થવા દેવું જોઈએ.

(૩૮૯) તેણે કહ્યું : તમે કહો છો તેમ દેવોનું તો જરા પણ નહિ.

ત્યારે દેવો વિશે એવાં વચનોનો ઉપયોગ આપણે નહિ જ થવા દઈએ—દાખલા તરીકે હોમર જ્યારે વર્ણન કરે છે કે—

"હેફેસ્ટસને હવેલીમાં આમતેમ ધાંધલ કરતો દેવોએ જ્યારે જોયો ત્યારે મહાનુભાવ દેવોમાં પણ શમે નહિ એવું અટ્ટહાસ્ય પ્રવર્ત્યું."[૧]

તમારા અભિપ્રાય અનુસાર આપણે આવાં વચનો દાખલ નહિ કરીએ.

તમારે મારા પર જ ઢોળી પાડવું હોય—તો મારા (**બ**) **અભિપ્રાય** પ્રમાણે!—આપણે એનો સ્વીકાર ન જ કરવો જોઈએ એ તો ચોક્કસ છે.

વળી સત્યની કિંમત ઊંચી અંકાવી જોઈએ; અને આપણે કહેતા હતા તેમ જો દેવોને અસત્ય નિરુપયોગી છે, અને માનવોને માત્ર ઔષધરૂપે જ ઉપયોગી છે, તો એવાં ઔષધોનો ઉપયોગ કરવાનું માત્ર વૈદ્યોને સોંપવું જોઈએ; અનધિકારી માણસોને તેની સાથે કંઈ લેવાદેવા ન હોઈ શકે.

તેણે કહ્યું ; સ્પષ્ટ રીતે નહિ જ.

---

* પરિ. ૩, મુદ્દો ૩; માનસિક કેળવણી ચાલુ—સતત **જાગ્રતિ**, અને પોતાની ઉચ્ચતર જાતનું ભાન, પ્લેટોના હાસ્ય પરના અભિપ્રાય માટે જુઓ 'લૉઝ'-પુ. ૫. ૭૩૨, આત્મામાં સંયમનું જે સ્થાન છે, તે સ્થાન શરીરમાં આરોગ્યનું છે. પ્લેટોની દૃષ્ટિએ આપણે આ પ્રમાણે સમીકરણ મુકી શકીએ આત્મા / સંયમ = શરીર / આરોગ્ય. જુઓ : ૪૦૪-ડ.

૧. Il : 1-599.

ત્યારે અસત્ય બોલવાનો જો કોઈનો પણ અધિકાર હોય, તો રાજ્યના શાસનકર્તાઓને જ એ હક હોઈ શકે, અને પ્રજાના હિતને અર્થે પુરવાસીઓની સાથેના કે દુશ્મનો જોડેના એમના વ્યવહારમાં એમને અસત્યનો ઉપયોગ કરવાની છૂટ રહેશે.* પરંતુ એવી (ક) કોઈ બાબતમાં બીજાને માથું મારવાની જરૂર નથી; અને જો કે આ હક શાસનકર્તાઓને મળે છે, તો પણ કોઈ દરદી કે વ્યાયામશાળાનો વિદ્યાર્થી, વૈદ્યને કે એના શિક્ષકને પોતાના શારીરિક વ્યાધિની સત્ય હકીકત રજુ ન કરે, અથવા કોઈ પણ ખલાસી બાકીના ખારવાઓમાં અને વહાણમાં શું બને છે, અને પોતાનું અને પોતાના સહચારી ખલાસીઓનું કેમ ચાલે છે એ પોતાના કપ્તાનને ન કહે—એ જેટલો દોષ કહેવાય એનાથી પણ વધારે ગંભીર દોષ, જો કોઈ (સામાન્ય) અનધિકારી માણસ શાસનકર્તા આગળ જુઠું બોલે તો ગણાશે.

તેણે કહ્યું : તદ્દન ખરું.

(ડ) પછી જો રાજ્યમાં પોતા સિવાય બીજો કોઈ અસત્ય બોલતો પકડાય—

'કોઈ પણ કારીગર, પછી ભલે તે ધર્મગુરુ કે વૈદ્ય કે સુથાર હોય.'[૧] —તો રાજ્યને કે વહાણને એકસરખી રીતે ઊંધું વાળે અને તેનો નાશ કરે એવી પદ્ધતિ દાખલ કરવા માટે તે તેને શિક્ષા કરશે.

તેણે કહ્યું : રાજ્યનો આપણો આદર્શ જો કોઈ દિવસ અમલમાં આવે, તો[૨] તો અવશ્ય.

હવે બીજી વાત—આપણા યુવાને સંયમી થવું જોઈશે ×

જરૂર.

સામાન્ય રીતે કહીએ તો, શાસનકર્તાઓનું આજ્ઞાપાલન અને

---

૧. Od : 27–383; ૨. અથવા 'એમ બોલવા ઉપરાંત જો તે એવું આચરણ કરે તો'—તો અવશ્ય.

* સરખાવો ૩૮૨; ૪૧૪ ક; ૪૫૯ ક–ડ.

× પરિ • ૩, મુદ્દો ૪. માનસિક કેળવણી ચાલુ—સંયમ.

વિષયોપભોગનાં સુખોમાં ઇન્દ્રિયનિગ્રહ, એ (૬) બંને સંયમનાં શું મૂલતત્ત્વો નથી?

ખરું.

ત્યારે હોમરમાં ડાયોમિડ જે ભાષા વાપરે છે તેને આપણે અનુમોદન આપીશું—

મિત્ર, શાંત બેસ અને મારું બોલ્યું પાળ,[૧] અને ત્યાર પછીની પંક્તિઓ,

'પોતાના નેતાઓ પ્રત્યેના મૂક આદરમાં[૨]...

...ગ્રીક લોકો અતિશય ઉત્સાહમાં આવી જઈ કુચ કરવા લાગ્યા,'[૩] અને આ જ પ્રકારના બીજા ભાવોને પણ—

આપણે અનુમોદન આપીશું.

આ પંક્તિનું શું—

'અરે મદ્યથી જેનાં ગાત્રો ભારે થઈ ગયાં છે, જેની આંખો શ્વાનના જેવી અને હૃદય હરણના સરખું છે,'[૪]

(૩૯૦) અને ત્યાર પછી જે શબ્દો આવે છે તેનું શું? આવી કે આના જેવી ધૃષ્ટતાથી, શું ગદ્યમાં કે શું પદ્યમાં, અનધિકારી પુરુષો શાસનકર્તાઓને ઉદ્દેશીને બોલતા કલ્પવામાં આવે છે તો તમે શું માનો છો—એ સારું બોલ્યું કહેવાય કે ખરાબ બોલ્યું કહેવાય?

ખરાબ બોલ્યું કહેવાય.

કદાચ ને એનાથી થોડો વિનોદ થાય, પણ સંયમ પાળવામાં એ મદદરૂપ થતું નથી. અને તેથી આપણા યુવાન માણસોને એથી હાનિ થવા સંભવ છે—આમાં તમે મારી સાથે સંમત થશો ખરું?

હા.

અને પછી વળી સૌથી વિવેકી પુરુષની આગળ એમ કહેવરાવવું કે એના અભિપ્રાય પ્રમાણે—

---

૧. Il : 4-412; ૨. Od : 4-431; ૩. Ib : 3-8;
૪. Ib : 1-225;

(ब) 'જ્યારે ટેબલ માંસ અને રોટીથી ભરપૂર પીરસેલાં હોય, અને દારુની પ્યાલીઓ લઈ જનાર માણસો પાત્રમાંથી પ્યાલીમાં રેડતા, દરેકને દારુ આપતા હોય;'[૧]—

—એના કરતાં વધારે પ્રશસ્ત બીજું કશું ન હોઈ શકે;—આવા શબ્દો સાંભળવા એ શું યુવાન માણસ માટે યોગ્ય છે અથવા શું એને સંયમી થવામાં એ મદદ કરે છે? અથવા આ કહી—

'ભૂખનાં માર્યાં દૈવને મળવું અને મરવું એ સૌથી વધારે શોચનીય કમનસીબ છે?'[૨]

વળી ઝ્યુસની વાત વિશે તમે શો અભિપ્રાય આપશો—જ્યારે બીજા દેવો અને માનવો નિદ્રાધીન (क) હતા, અને એ જ એક પુરુષ જાગતો, યુક્તિ પ્રયુક્તિઓ યોજતો, પડ્યો હતો; પણ એક ક્ષણમાં પોતાના કામવિકારને લીધે એ બધું ભૂલી ગયો, અને 'હીરી'ને જોવાથી એ એટલો તો વ્યાકુળ થઈ ગયો, કે તે ઝૂંપડામાં પણ ન ગયો, પરંતુ,—

'તેમના માબાપની જાણ બહાર'[૩]—

જ્યારે એ બંને પહેલવહેલાં મળ્યાં, ત્યારે પણ—કદી પહેલાં આટલા ઉન્માદની સ્થિતિ સુધી પહોંચ્યો નહોતો—એમ કહીને, તેની સાથે ભોંય પર પડી રહેવાની એણે ઇચ્છા કરી, અથવા હેફેસ્ટસે એરીસ અને એફ્રોડિટની આસપાસ, એવી જ ધાંધલને પ્રસંગે કેવી રીતે સાંકળ નાંખી[૪] એ બીજી વાત વિશે તમે શું કહેશો?

તેણે કહ્યું: ખરેખર મારો એવો નિશ્ચિત અભિપ્રાય છે કે તેમણે એવી જાતની કોઈ પણ વસ્તુ સાંભળવી જોઈએ નહિ

(ड) પરંતુ સુવિખ્યાત પુરુષોએ કહેલાં કે કરેલાં સહનશક્તિનાં ગમે તે કાર્યો તેમણે સાંભળવાં જોઈએ કે જોવાં જોઈએ; ઉદાહરણાર્થ આ પંક્તિઓમાં કહ્યું છે તે—

---

૧. Od : 9-8. ૨. Ib : 12-342; ૩. Iliad : 14-281;
૪. Od : 8-226;

'તેણે પોતાની છાતી કુટી અને એ રીતે હૃદયને ઠપકો આપ્યો* મારા હૃદય, તું સહન કર, (કારણ) આથી ઘણી જ વધારે ખરાબ વસ્તુઓ તેં સહન કરી છે.'[૧]

તેણે કહ્યું : જરૂર.

વળી બીજી વાત, આપણે તેમને બક્ષિસોનો અંગીકાર કરનારા કે પૈસાના પ્રેમી થવા દેવાના નથી.

(૬) બિલકુલ નહિ.

તેમજ—

'દેવોનું અને આદરયોગ્ય રાજાનું મન મનાવતી બક્ષિસો'[૨]—નાં આપણે તેમની પાસે ગીત ગાવાનાં નથી. તેમજ એકિલીઝના શિક્ષક ફિનિક્સે જ્યારે એને એમ કહ્યું કે ગ્રીક લોકો પાસેથી બક્ષિસો લઈને તેણે એમને મદદ કરવી જોઈએ[૩] પણ બક્ષિસ વગર તો તેણે પોતાનો ક્રોધ શમાવવો ન જોઈએ, ત્યારે આપણે એમ નહિ ગણીએ કે તેણે પોતાના શિષ્યને સારી સલાહ આપી, તેમ તેને અનુમોદન પણ નહિ આપીએ. તથા એગેમેમ્નોનની બક્ષિસો લે એવો પૈસાનો પ્રેમી એકિલીઝ પોતે હતો, અથવા જ્યારે એને રકમ મળી ત્યાર પછી જ એણે હેક્ટરના શબને પાછું સોંપ્યું તથા રકમ વગર પાછું સોંપવા એ ખુશી નહોતો એમ પણ નહિ માનીએ અથવા કબૂલ નહિ કરીએ.

(૩૯૨) તેણે કહ્યું : અનુમતિ આપી શકાય એવા આ ભાવો નથી એ નિઃશંક છે.

હોમર માટે મને માન છે[૪] તેથી મને કહેતાં સંકોચ થાય છે કે એકિલીઝ પર આવી લાગણીઓનો આરોપ કરવામાં,

---

૧. Ib : 20–17

૨. હિસિયડની પંક્તિ તરીકે સ્યુડસે ઉપયોગ કર્યો છે.

૩. Il : 9–515.

૪. સરખાવો પરિચ્છેદ ૧૮, કલમ ૫૯૫ બ-ક.

* જુઓ પરિ : ૪, ૪૪૧-બ.

અથવા તેના પર આવું આરોપણ કરવું એ એક સત્ય હકીકતની રજુઆત છે એમ માનવામાં એ સીધો ધર્મદ્રોહ[૧]નો અપરાધ કરે છે. એપોલોની ઉદ્ધતાઈની કથામાં પણ હું બિલકુલ માનતો નથી. જે કથામાં એ કહે છે—

'અરે દેવોમાં સૌથી વધારે વિદ્વેષી, જેનાં બાણ દૂર સુધી ફરી વળે છે એવો તું, તેં મને અન્યાય કર્યો છે. બરેબર જો મારામાં માત્ર એટલી શક્તિ હોત, તો (અત્યારે) હું તારી સામે ટક્કર ઝીલત.'[૨]

(બ) અથવા વિવેકી બેઇરોનનો શિષ્ય, કોઈ દેવી અને પેલેઅસ (એ બે)નો પુત્ર, જે માનવોમાં સૌથી વધારે નમ્ર હતો, અને ઝ્યુસનો ત્રીજો વંશજ હતો, એ બુદ્ધિનો એટલો તો વ્યગ્ર હતો કે લોભથી મુક્ત નહિ એવી ક્ષુદ્રતા અને સાથે સાથે દેવો અને માનવો માટેનો ઉદ્ધતાઈથી ભરેલો તિરસ્કાર—એવા બે વિરોધી ભાસતા આવેગોનો એક જ વખતે ગુલામ થઈ રહેતો, એમ માનવાને આપણા નગરવાસીઓને હું જેટલે અંશે છૂટ ન આપું, એ જ રીતે નદીના દેવના દેવત્વ ઉપર એ તરાપ મારવા તૈયાર થઈ જાય છે એ પ્રકારની દેવ પ્રત્યેની એની ઉદ્ધતાઈ[૩], અથવા બીજા નદના દેવ (ક) સ્પરબેઇયિસને તેણે પૂર્વે પોતાના કેશ અર્પણ કર્યા હતા છતાં મૃત પેટ્રોકલસને તેણે એ જ કેશ સમર્પ્યા[૪] અને આ વ્રતનું તેણે અનુષ્ઠાન પણ કર્યું કે પછી પેટ્રોકલસની કબરની આસપાસ તેણે હેકટરને ઘસડ્યો[૫] અને ચિતા આગળ બંદીવાનોની કતલ કરી[૬]—તે બધા અપરાધો એણે કર્યા હોય એમ હું નથી માનતો.

---

૧. પહેલો ઝ્યુસ; બીજી પંક્તિ દેવ દેવીઓની; ત્રીજી દિવ્યાંશી મહાપુરુષોની જેમાંનો એકિલીઝ એક; માટે અભિજાત માણસો પણ હલકાં ગણે એવાં લક્ષણોવાળો તેને આલેખવો તે 'ધર્મદ્રોહ'.

૨. Il : 22–15; ૩. Ib : 21–130, 223; ૪. Ib : 23–151; ૫. Ib : 22–394; ૬. Ib : 23–175.

તેણે જવાબ આપ્યો : તમે તદ્દન ખરું કહો છો.

અને પોસેઇડોનનો પુત્ર થિસિયસ અથવા ઝ્યુસનો પુત્ર પેરિથિયસ—તેઓ ભયંકર બળાત્કાર કરવા નીકળી પડ્યા (ડ) એની, અથવા આજે જે અપવિત્ર અને ભયંકર બાબતો એમને નામે ખોટી રીતે ચડાવવામાં આવે છે, એવી બાબતો કોઈ બીજો વીર પુરુષ કે દેવનો દીકરો આચરવાની ધૃષ્ટતા કરે તો એવી વાત માનવાને આપણે ના પાડીશું, તેમ જ એની પુનરુક્તિ કરવાની પણ એટલી જ મનાઈ કરીશું; અને આથી આગળ જઈ આપણે કવિઓને એમ જાહેર કરવાને ફરજ પાડીશું કે આ કૃત્યો એમણે કર્યાં જ નહોતાં અથવા (જો કર્યાં હતાં) તો તેઓ દેવના પુત્રો નથી;—પરંતુ આ બંને બાબતો એકી શ્વાસે આપણે તેમને કહેવાની પરવાનગી આપીશું નહિ. દેવો અનિષ્ટના કર્તા છે તથા વીર પુરુષો (સામાન્ય) મનુષ્યો કરતાં કંઈ બહુ સારા નથી એ વાત આપણા યુવાનમાં ફેલાવીને ઠસાવવા આપણે તેમને પ્રયત્ન કરવા નહિ દઈએ—જે (ઢ) ભાવો, આપણે કહેતા હતા તેમ નથી સાચા કે નથી પવિત્ર, કારણ આપણે સાબીત કરી ચૂક્યા છીએ કે દેવોમાંથી અનિષ્ટ ઉતરી આવી શકે જ નહિ.

અવશ્ય નહિ.

અને વળી જેઓ એ વાતો સાંભળે તેમના પર ખરાબ અસર થવાનો સંભવ છે; કારણ આવાં દુષ્ટ કૃત્યો—

'જે (ઝ્યુસ) ના પૂર્વજોની વેદી, ઝ્યુસની પોતાની વેદી, ઇડાના શિખર પર ઊંચે હવામાં છે—એનાં સગાંઓ અને દેવોનાં સગોત્રો' એ અને જેમની

'નસોમાં હજી પણ દેવોનું લોહી વહે છે'[૧]

તેવાઓ પણ આચરે છે એમ એમનામાં ઠસી જાય, તો પછી દરેક જણ પોતાના દુર્ગુણો માટે બહાનાં શોધવાનું શરુ કરશે અને રખેને

૧. ઈસ્કાઈલસનાં 'નાઇઓબી' નામનાં નાટકમાંથી.

યુવાનોની નીતિને શિથિલ કરે એ બીકે એવી વાતોનો આપણે (૩૯૨) અંત જ લાવીશું.

તેણે જવાબ આપ્યો : અચૂક.

પરંતુ કયા પ્રકારના વિષયો વિશે આપણે વાત કરવા દેવાની છે અથવા નથી કરવા દેવાની તે બાબત આપણે અત્યારે નક્કી કરીએ છીએ, તો આપણે જરા જોઈ લઈએ કે આપણાથી કોઈ વિષય રહી જતો તો નથી. દેવો, ગંધર્વો, વીર પુરુષો અને નીચેની દુનિયાનું જે રીતે નિરૂપણ થવું જોઈએ તેના નિયમો આપણે ઘડી કાઢ્યા છે.

તદ્દન ખરું.

અને મનુષ્યો વિશે આપણે શું કહીશું ? એ સ્પષ્ટ છે કે આપણા વિષયનો એ જ ભાગ બાકી રહ્યો છે.

સ્પષ્ટ રીતે એમ જ.

પણ મારા મિત્ર, આ પ્રશ્નનો જવાબ આપણે અત્યારે આપી શકાએ એવી સ્થિતિમાં નથી.

કેમ નહિ ?

કારણ હું ભૂલતો ન હોઉં તો, આપણે એમ કહેવું પડશે (ब) કે કવિઓ અને કથાકારો મનુષ્યો વિષે જ્યારે એમ કહે છે કે દુષ્ટ લોકો ઘણી વાર સુખી હોય છે, અને સારા દુઃખી હોય છે; તથા ગુપ્ત રહે તો અધર્મ લાભકારક છે, પરંતુ ધર્મ તો પોતાની હાનિ અને પારકાનો લાભ છે,—ત્યારે તેઓ મહા અનર્થથી ભરેલાં વચનો કહેવાનો અપરાધ કરે છે—આ વસ્તુઓ કહેવાની આપણે તેમને મનાઈ કરીશું અને એનાથી વિરુદ્ધનું કહેવાને કે ગાવાને તેમને ફરમાવીશું.

તેણે જવાબ આપ્યો : અલબત્ત આપણે ફરમાવીશું જ.

પરંતુ આમ કહેવામાં હું ખરો છું એમ તમે માન્ય રાખો, તો જે સિદ્ધાન્ત માટે આ બધો વખત આપણે લડતા આવ્યા છીએ એ જ સિદ્ધાન્તને ગર્ભિત રીતે તમે સ્વીકારી લો છો એમ મારે કહેવું પડશે.

તમારું અનુમાન ખરું છે, એ હું કબૂલ કરું છું.

જ્યાં સુધી આપણે ધર્મ શું છે એનો તથા એના (ક) સ્વામીને (ધર્મસંપન્ન કે ધર્મિષ્ઠ માણસને) પછી ભલે એ ધર્મિષ્ઠ દેખાય કે ન દેખાય, તો પણ સ્વાભાવિક રીતે જ ધર્મ કેટલો લાભદારક છે એનો નિર્ણય ન કરીએ ત્યાં સુધી એવી બાબતો મનુષ્યો વિશે કહેવી કે ન કહેવી એ એક પ્રશ્ન રહેશે.

તેણે કહ્યું : તદ્દન ખરું.

કાવ્યના વિષય પરત્વે આટલું બસ થશે- હવે આપણે ભાષાસરણી વિશે વાત કરીશું, અને આ વિષયનો નિકાલ થઈ જાય એટલે વસ્તુ અને શૈલી* બંનેનું પૂરેપૂરું નિરૂપણ (આપોઆપ) થઈ જશે.

ઍડેઇમેન્ટસે કહ્યું : તમારા અર્થની મને સમજણ પડતી નથી.

(ડ) ત્યારે મારે તમને સમજ પાડવી પડશે; અને વસ્તુને જો હું આ રૂપે મૂકું તો કદાચ મારો અર્થ વધારે બુદ્ધિગ્રાહ્ય થશે. હું ધારું છું તમને ખબર છે કે બધી પૌરાણિક કથાઓ કે કાવ્યો ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં થનારા બનાવોની આખ્યાયિકાઓ જ હોય છે.

તેણે જવાબ આપ્યો : જરૂર.

અને આખ્યાયિકાઓમાં કાં તો સરલ વર્ણન હોય, કાં તો અનુકરણ હોય, અને નહિ તો બંનેનું મિશ્રણ હોય ?

તેણે કહ્યું : એ વળી બરાબર સમજાતું નથી.

મારો અર્થ બુદ્ધિગ્રાહ્ય કરવા માટે મને જો આટલી બધી મુશ્કેલી પડે છે, તો મને લાગે છે કે શિક્ષક તરીકે હું હાસ્યને પાત્ર ગણાઉં. આ કારણે કોઈ ખરાબ વક્તાની જેમ હું આખા (ઇ) વિષયને નહિ લઉં, પણ મારા અર્થના ઉદાહરણ તરીકે (વિષયના એક જ) અંગને હું છૂટું પાડીને લઈશ. ઇલિયડની શરૂઆતની પંક્તિઓ તમે જાણો છો—જેમાં કવિ કહે છે કે ખ્રાયસિસે (૩૯૩) પોતાની પુત્રીને મુક્ત

* Matter and manner—દલીલ આગળ ઉપર સ્પષ્ટ થાય છે. પરિ. ૩ મુદ્દો ૫. શૈલી-માનસિક કેળવણી ચાલુ.

કરવા એગેમેમ્નોનને વિનંતી કરી. અને એગેમેમ્નોન તેના તરફ આવેગમાં ઊડ્યો; જેથી ખ્રાઇસિસે પોતાના ધૃષ્ટ હેતુમાં નિષ્ફળ જવાથી એખિયન લોકો પર ઈશ્વરનો કોપ ઉતરે એવી પ્રાર્થના કરી. હવે નીચેની પંક્તિઓ સુધી.—

'અને બધા ગ્રીક લોકોની, અને તેમાંયે ખાસ કરીને લોકોના આગેવાનો, એટ્રિયસના બે પુત્રોની તેણે પ્રાર્થના કરી,'—

આ બધામાં કવિ સ્વતઃ બોલે છે; તે પોતે કોઈ બીજો છે એમ માનવાને એ અવકાશ આપતો નથી. પરંતુ ત્યાર પછી જે (પંક્તિઓ) આવે છે તેમાં કવિ ખ્રાઈસિસનો પાઠ ભજવે છે, અને પછી વક્તા હોમર નથી પરંતુ વૃદ્ધ પુરોહિત પોતે છે એમ આપણામાં ઠસાવવાને પોતાથી શક્ય હોય એટલું (ब) તે કરી ચૂકે છે. અને ટ્રોયમાં અને ઇથાકામાં જે જે બનાવો બન્યા તે વિશેની આખી આખ્યાયિકામાં અને ઓડેસ્સીના આખા કાવ્યમાં તેણે આ બન્ને પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

હા.

અને વખતો વખત કવિ પોતે જે ભાષણો કરે છે તે અને એ (ભાષણો) વચ્ચેના વિભાગો એમ બન્ને સળંગ વૃત્તાંત થઈ રહે છે?

તદ્દન ખરું.

પરંતુ જ્યારે કોઈ બીજા પાત્રનો પાઠ (क) કવિ બોલતો હોય, ત્યારે શું આપણે એમ ન કહી શકીએ કે, તમને એ જણાવે છે તે પ્રમાણે, જે પુરુષ બોલવાનો હોય એના સ્વભાવના જેવી કવિ પોતાની શૈલી કરી લે છે?

જરૂર.

અને શું અવાજ દ્વારા કે શું હાવભાવ દ્વારા, બીજાની સાથેનું પોતાનું જે સદૃશીકરણ—એ, જે પાત્રનો એ પાઠ ભજવે છે તે વ્યક્તિનું અનુકરણ નથી?

અલબત્ત.

ત્યારે આ પ્રસંગે કવિનું વર્ણન અનુકરણને ચીલે આગળ ચાલે છે એમ કહી શકાય.

તદ્દન ખરું.

અથવા જો કવિ પોતે દરેક જગ્યાએ હાજર થાય (ડ) અને કદાપિ પોતાની જાતને ઢાંકે નહિ, તો વળી અનુકરણ પડતું મૂકાય અને એની કવિતાની પદ્ધતિ સરળ વર્ણનાત્મક થઈ રહે. છતાં મારો અર્થ તદ્દન સ્પષ્ટ કરી શકું અને 'હું સમજતો નથી' એમ ફરી કોઈ વાર તમે કહી ન શકો તે ખાતર, એવું પરિવર્તન કેવી રીતે સાધી શકાય એ હું તમને બતાવીશ. જો હોમરે આમ કહ્યું હોત—'એખિયન લોકોને અને સૌના કરતાં (વધારે તો) રાજાઓને કાલાવાલા કરતો પોતાની પુત્રીને છોડાવવા હાથમાં રકમ* રાખીને પુરોહિત આવ્યો,' અને પછી ખ્રાઇસિસના પાત્ર દ્વારા ન બોલતાં સ્વયં બોલ્યા કર્યો હોત, તો એ શબ્દો અનુકરણ નહિ પણ સાદું વર્ણન થાત. એ ભાગ નીચે પ્રમાણે લખાયો (ઇ) હોત–(હું કવિ નથી અને તેથી હું છંદને છોડી દઉં છું),–'પુરોહિત આવ્યો અને ગ્રીક લોકો તરફથી દેવોની પ્રાર્થના કરી કે તેઓ (ભલે) ટ્રોય કબજે કરે અને સહીસલામત પાછા ઘેર જાય, પરંતુ (સાથે સાથે એમ પણ) આજીજી કરી કે તેઓ એની પુત્રી એને (પોતાને) પાછી સોંપે અને એના છૂટકારા માટે પોતે જે રકમ લાવ્યો હતો એ તેઓ સ્વીકારે અને (એ રીતે) દેવનું સન્માન કરે. તે આ પ્રમાણે બોલ્યો અને બીજા ગ્રીક લોકોએ પુરોહિતનો સત્કાર કર્યો અને હા પાડી. પરંતુ એગેમેમ્નોનને ક્રોધ ચડ્યો અને રખેને જે દેવનો એ પૂજારી હતો તેનાં યષ્ટિકા અને નિર્માલ્ય પણ પ્રભાવહીન ઠરે, એ ખાતર એને ત્યાંથી ચાલી જવા અને ફરી પાછા ન આવવા હુકમ કર્યો—તેણે કહ્યું, ખ્રાઇસિસની પુત્રીને છોડવામાં નહિ આવે—તેને તો એની (એગેમેમ્નોનની) સાથે આર્ગોસમાં ઘરડી થતાં સુધી રહેવું પડશે.

* Ransom : મુંડમૂલ્ય, પકડાયેલા માણસના છૂટકારા પૂરતી કીંમત.

અને પછી જો તે હેમખેમ ઘેર જવા માગતો હોય, તો એને પોતાને વધારે ન ઉશ્કેરતાં, તેણે (ત્યાંથી) ચાલતી પકડવી જોઈએ એમ તેણે કહ્યું, અને (આ ઉપરથી) વૃદ્ધ માણસ બીતો બીતો બોલ્યા વગર ચાલ્યો ગયો, અને (૩૯૪) છાવણી બહાર પહોંચ્યો એટલે—એપોલોનાં મંદિરો બાંધીને કે યજ્ઞમાં બલિ અર્પીને, એને પ્રસન્ન કરે એવાં જે કોઈ કાર્ય પોતે આજ લગી આખો જન્મારો કર્યાં હતાં એની યાદ આપતો તથા પોતાનાં સુકૃત્યોનો બદલો મળે અને દેવોનાં બાણથી ઘાયલ થઈ એખિયન લોકોને પોતાનાં આંસુનું પ્રાયશ્ચિત કરવું પડે એવી પ્રાર્થના કરતો કરતો, એપોલોને એનાં અનેક નામ દઈ એ સંબોધવા અને પ્રાર્થવા લાગ્યો,'—અને એ પ્રમાણે આગળ ચાલશે. આ (ઞ) રીતે એ આખું એક સાદા વર્ણનરૂપ બની જાય છે.

તેણે કહ્યું : હું સમજ્યો.

અથવા વચ્ચેનો વિભાગ છોડી દેવામાં આવે અને માત્ર સંવાદ જ બાકી રહે—એવી એનાથી ઊલટી પદ્ધતિ પણ તમે કલ્પી શકશો.

તેણે કહ્યું : એ પણ હું સમજ્યો. ઉદાહરણ તરીકે, કરુણરસપ્રધાન નાટકમાં છે તેમ, એવું તમારું કહેવું છે ખરું ને?

હું કહું છું એનો સંપૂર્ણ ખ્યાલ તમને આવી ગયો છે; અને હું ભૂલતો ન હોઉં તો, જે તમે પહેલાં સમજી નહોતા (ક) શકતા એ હવે તમને તદ્દન સ્પષ્ટ થઈ ગયું છે, કે કવિતા અને કથા, કોઈ કોઈ પ્રસંગે તદ્દન અનુકરણાત્મક હોય છે—કરુણરસપ્રધાન અને હાસ્યરસપ્રધાન નાટકો આનાં ઉદાહરણો પૂરાં પાડે છે; તેમજ જેમાં કવિ પોતે જ એક વક્તા હોય તેવી એનાથી ઊલટી શૈલી પણ હોય છે—બધાંએ સાથે ગાવાનાં જોડકણાં + આનું સારામાં સારું ઉદાહરણ છે; અને મહાકાવ્યમાં તથા કાવ્યના બીજા કેટલાય પ્રકારોમાં આ બન્નેનું મિશ્રણ હોય છે. (હું જે કંઈ બોલ્યે જાઉં છું તે સમજવામાં) તમે પાછળ તો પડી જતા નથી ને?

+ Dithyrambs

તેણે કહ્યું : ના, ના. તમે શું કહેવા માગો છો એની હવે મને સમજણ પડે છે.

મેં શરૂઆતમાં જે કહ્યું હતું કે (વસ્તુના) વિષયનું નિરૂપણ આપણે કરી રહ્યા છીએ, અને (તેથી) શૈલીનું નિરૂપણ શરૂ કરી શકીશું—એટલું યાદ રાખવા હું તમને કહું છું. ×

હા, મને યાદ છે.

(ડ) આમ કહેવામાં, ગર્ભિત રીતે મારે એવા હેતુનું સૂચન કરવું હતું, કે અનુકરણાત્મક કલા વિશે આપણે છેવટનો નિશ્ચય કરી લેવો જોઈએ,—વાર્તાઓ કહેતા હોય ત્યારે કવિઓને અનુકરણ કરવાની છૂટ આપવી કે નહિ, અને જો આપવી જ હોય તો, સર્વાંશે કે અમુક ભાગ પૂરતી જ, અને જો અમુક ભાગ પૂરતી તો કયા ભાગો પૂરતી, અથવા શું અનુકરણ માત્રની મનાઈ કરવી ?

મને લાગે છે કે આપણા રાજ્યમાં કરુણરસપ્રધાન અને હાસ્યરસપ્રધાન નાટકોને દાખલ કરવા દેવામાં આવશે કે કેમ એવો પ્રશ્ન તમારે કરવો છે નહિ ?

મેં કહ્યું : હા, પણ આના કરતાં બીજી વધારે અગત્યની બાબતો વિશે પણ એમાં શંકા હોઈ શકે : મને અત્યારે તો ખરેખર ખબર નથી, પણ વાયરો દલીલને જ્યાં ધસડી જશે ત્યાં આપણે પણ જઈશું.

તેણે કહ્યું : અને આપણે જરૂર જઈશું.

ત્યારે, ઍડેઇમેન્ટસ, આપણા પાલકોએ અનુકરણ કરનારાઓ (ફ) થવું જોઈએ કે નહિ એ સવાલ મને પૂછવા દો અથવા એક માણસ ઘણાં નહિ, પણ એક જ કામ સારી રીતે કરી શકે, અને જો ઘણાં કામ કરવા જાય તો એકેયમાં સારી પ્રતિષ્ઠા મેળવવામાં તદ્દન નિષ્ફળ જશે—એ નિયમ જે કચારનો સ્વીકારવામાં આવ્યો છે તે દ્વારા જ શું આ પ્રશ્નનું નિરાકરણ થઈ જતું નથી ?

× જુઓ ૩૯૨-ક

૪૩૨.

અને અનુકરણ વિષે પણ આ આટલું જ ખરું છે; એક માણસ કોઈ એક જ બાબતનું જેટલી સારી રીતે અનુકરણ કરી શકે એટલી સારી રીતે વધારે વિગતોનું અનુકરણ એ નહિ કરી શકે ?

ન જ કરી શકે.

ત્યારે એકનો એક જ માણસ અનુકરણ-કાર થાય અને (૩૮૫) બીજાં ઘણાં પાત્રોનું અનુકરણ પણ કરે તો તેની સાથે સાથે તે (પોતાના) જીવનમાં ભાગ્યે જ ગાંભીર્યથી ભરેલો પાઠ ભજવી શકશે; કારણ જ્યારે અનુકરણના એ પ્રકારો લગભગ સરખા હોય છે, ત્યારે પણ એના એ માણસો બંનેમાં વિજયી થઈ શકતા નથી, ઉદાહરણ તરીકે કરુણરસ અને હાસ્યરસ પ્રધાન નાટકોના લેખકો — તમે હમણાં એને શું અનુકરણો કહ્યાં નહોતાં ?

હા મેં કહ્યું હતું; અને તે ને તે માણસો બંનેમાં સફળ ન થઈ શકે એમ માનવામાં તમે ખરા છો.

નહિ તો તો તેઓ એકદમ નટો અને ગાયકો પણ થઈ જાય !

ખરું : (જે કોઈ પણ ન જ થઈ શકે.)

(ચ) તેમજ કરુણ રસના અને હાસ્ય રસના પાઠો ભજવનારા નટો પણ એના એ નથી હોતા; જે કે આ બધી વસ્તુઓ માત્ર અનુકરણના જ પ્રકારો છે.

તે છે જ.

અને એડેપ્ટમેન્ટસ, મનુષ્યસ્વભાવની શક્તિઓ એટલી ટૂંકી છે કે, તે અનુકરણો કરવામાં ભલે સફળ થાય* પરંતુ અનુકરણો—જે કાર્યોની નકલો છે તે કાર્યો સાધવા એ જેટલો અશક્ત છે તેટલો જ ઘણી વસ્તુઓનું સારી રીતે અનુકરણ કરવા (પણ) એ અશક્ત હોય એમ લાગે છે.

તેણે જવાબ આપ્યો : તદ્દન ખરું.

* અનુકરણ કરવામાં તેમજ બંને પ્રકારનાં નાટકો લખવામાં.

ત્યારે જો આપણા અસલ ખ્યાલને આપણે વળગી રહીએ અને ધ્યાનમાં રાખીએ કે આપણા પાલકોએ, બીજું (ક) તમામ કામ બાજુ પર મૂકીને, રાજ્યમાં સ્વાતંત્ર્યના રક્ષણ અર્થે પોતાની જાતનું પૂરેપુરું સમર્પણ કરવાનું છે, એને જ પોતાનો (કલા) વ્યાપાર ગણવાનો છે અને આ પ્રયોજનની સાથે સંબંધ ન હોય એવા કોઈ પણ કાર્યમાં પ્રવૃત્ત થવાનું નથી; (આ વસ્તુ જો આપણે ધ્યાનમાં રાખીએ તો) તેમણે બીજા કશાનો અભ્યાસ કે અનુકરણ કરવું ન જોઈએ; જો તેઓ કશાનું અનુકરણ કરતા જ હોય, તો કિશોરાવસ્થાથી માંડીને, એમના વ્યવસાયને અનુરૂપ પાત્રોનું જ—શૂરવીર, સંયમી, પવિત્ર, મુક્ત અને એવાનું જ તેમણે અનુકરણ કરવું જોઈએ; પણ, રખેને અનુકરણ કરવાથી, જેમનું તેઓ અનુકરણ કરે છે એવા તેઓ થઈ ન જાય એટલા માટે કોઈ પ્રકારની ક્ષુદ્ર વૃત્તિ કે અનુદારતાને તેમણે આલેખવાની નથી, અથવા એનું અનુકરણ કરવામાં નિપુણ થવાનું નથી. ઊગતી (ડ) કિશોરાવસ્થામાં, અને (ત્યાર પછી) જીવનમાં ઘણો વખત જો અનુકરણો ચાલુ રહે તો છેવટ તેની ટેવો પડી જાય છે, અને સ્વભાવ એવો તો જુદા પ્રકારનો ઘડાઈ જાય છે કે તેની અસર શરીર, અવાજ અને મન સુધી પહોંચે છે.

તેણે કહ્યું : હા, જરૂર.

મેં કહ્યું : ત્યારે 'એમણે સારા માણસો થવું જોઈએ' એમ જેમને વિષે આપણે કહીએ છીએ, અને જેમની સંભાળ રાખવાની આપણે પ્રતિજ્ઞા કરી છે, તેઓને (કોઈ) સ્ત્રીનું—પછી તે જુવાન હોય કે વૃદ્ધ હોય, (અને) તે પોતાના ધણી સાથે લડતી હોય, અથવા પોતાના સુખના દંભમાં દેવો સામે બડાઈ મારતી હોય કે ઝઘડતી હોય, અથવા જ્યારે તે દુઃખી હોય કે શોકગ્રસ્ત હોય કે રડતી હોય અને જે માંદી હોય કે પ્રેમમાં પડી (ઢ) હોય—આવીનું અનુકરણ કરવા નહિ જ દઈએ—અથવા પ્રસૂતિમાં હોય તેનું તો અવશ્ય નહિ જ—

× સરખાવો નીચે ૩૯૭—ઈ

તેણે કહ્યું: તદ્દન ખરું.

તેમજ ગુલામ સ્ત્રી કે પુરુષો પોતાનું ગુલામો તરીકેનું કામ કરતાં હોય એમનો પાઠ એમણે ભજવવાનો નથી.

ન જ ભજવવો જોઈએ.

અને ખરાબ માણસો પછી તે બીકણ હોય કે કોઈ બીજા હોય, જેઓ એમની રીત પ્રમાણે આપણે હમણાં જ જેનું અનુશાસન કરતા હતા તેના વિરુદ્ધનું કંઈ કરે, જેઓ દારૂ પીને કે પીધા વગર, એક બીજા લડે કે ઉપહાસ કરે કે નિંદા કરે અથવા વાચાથી કે કર્મથી પોતાની જાત વિરુદ્ધ તથા પોતાના પાડોશી વિરુદ્ધ બીજી કોઈ રીતે પાપ કરે— એવાઓનું (૩૯૬) અચૂક નહિ જ. તેમજ ગાંડાં કે દુષ્ટ હોય એવાં સ્ત્રી પુરુષોનાં કૃત્યોનું કે વચનોનું અનુકરણ કરવાનું તેમને શિક્ષણ અપાવું જોઈએ નહિ; કારણ દુર્ગુણની જેમ ગાંડપણનું પણ (માત્ર) જ્ઞાન મેળવવાનું છે,* —તેનું અનુકરણ કરવાનું નથી, કે એને આચરવાનું નથી.

તેણે કહ્યું તદ્દન ખરું.

તેમજ લુહાર કે બીજા કારીગરો અથવા હલેસાં મારનાર (બ) કે મુખ્ય નાવિક કે એવાઓનું તેઓ અનુકરણ નહિ કરે?

તેણે કહ્યું: આમાંના કોઈના પણ ધંધા પર એમના ચિત્તને એકાગ્ર થવા દેવાની એમને પરવાનગી આપવામાં ન આવે, તો પછી તેઓ (અનુકરણ તો) કયાંથી જ કરી શકે?

તેમ જ ઘોડાઓનો હણહણાટ, ગોધાઓનું ભાંભરવું, નદીઓનો મર્મર, સમુદ્રનો ગંભીર નાદ તથા (આકાશની) ગર્જના અને એ જાતના બધા અવાજોનું પણ તેઓ અનુકરણ નહિ કરે ખરું ને?

* જ્ઞાન બે પ્રકારનાં હોઇ શકે, અનુભવજન્ય અને સાદું જ્ઞાન. દુર્ગુણનો અનુભવ કરીને જ્ઞાન લેવાનું નથી; પણ સાદી રીતે દુર્ગુણ જ્યાં વસતો હોય તેને બાહ્ય દૃષ્ટિએ જોઇને તેનું જ્ઞાન મેળવવાનું છે. સરખાવો કલમ ૪૦૮— ઇ તથા ૪૦૯ અ—ઇ.

તેણે કહ્યું : નહિ જ, ગાંડપણની આપણે મનાઈ કરી છે, તો ગાંડાં માણસોની ચેષ્ટાની તેઓ નકલ નહિ કરે.

મેં કહ્યું : તમારું કહેવું હું બરાબર સમજતો હોઉં તો તમે એમ કહેવા માગો છો ખરું ને કે ખરેખરા સારા માણસને જ્યારે કંઈ પણ કહેવાનું હોય છે ત્યારે જે એક પ્રકારની વર્ણનાત્મક શૈલી એ વાપરે છે તે એક, અને એનાથી–વિરોધી–ચારિત્ર્ય–અને–કેળવણીવાળો (ક) માણસ* જે પ્રકારની શૈલી વાપરશે તે બીજી.

તેણે પૂછ્યું : આ બે પ્રકારો કયા છે ?

મેં જવાબ આપ્યો : ધારો કે એક ધર્મિષ્ઠ અને સારો માણસ વાત કહેતાં કહેતાં બીજા સારા માણસનાં કોઈ વચન કે કાર્ય સુધી આવી પહોંચે છે–(અહીં) મારે કલ્પવું જોઈએ કે તેનો પાઠ લેવાનું એને ગમશે અને આ પ્રકારનું અનુકરણ કરતાં એ શરમાશે નહિ. સારો માણસ જ્યારે દૃઢતાપૂર્વક અને (ડ) વિવેકથી કાર્ય કરતો હશે, ત્યારે એનો પાઠ ભજવવા એ એકદમ તૈયાર થશે. જ્યારે વ્યાધિ, પ્રેમ કે દારુથી એ વ્યાકુળ બની ગયો હોય, અથવા એના પર બીજી કોઈ આપત્તિ પડી હોય ત્યારે (એનું અનુકરણ કરવા) એ ઓછો તત્પર થશે, પરંતુ જ્યારે પોતાથી ઓછા લાયક હોય એવા પાત્ર આગળ એ આવશે, ત્યારે તેનો એ અભ્યાસ નહિ કરે; એવા માણસને એ તુચ્છ ગણશે, અને જ્યારે તે કોઈ સારું કર્મ કરતો હોય, ત્યારના એના રૂપનું કદાચ ક્ષણભર એ અનુકરણ કરશે. બીજે વખતે જેનું પોતે કદી આચરણ કર્યું નથી, તેવાનો પાઠ ભજવતાં એને શરમ લાગશે, તથા વધારે ક્ષુદ્ર નમૂનાઓને આદર્શ ગણીને પોતાની જાતને નિર્મિત કરવાનું કે ઘડવાનું એ પસંદ કરશે નહિ. તેનું મન એની સામે (ઢ) બળવો કરી ઊઠે છે. એ પ્રકારની કલાના નિયોજનનું કાર્ય એ પોતાથી હલકું માને છે–સિવાય કે એ વિનોદને અર્થે હોય !

* 'વર્ણનાત્મક શૈલી...તે એક, અને એનાથી વિરોધી'—એટલે કે વિરોધી ચારિત્ર્યવાળો તથા જેને વિરુદ્ધ કેળવણી મળી છે તેવો માણસ.

તેણે જવાબ આપ્યોઃ હું એવી જ અપેક્ષા રાખતો હતો.

ત્યારે હોમરમાંથી વર્ણન કરવાની શૈલીનાં જે ઉદાહરણો આપણે આપ્યાં છે તેનો એ સ્વીકાર કરશે એટલે કે એની શૈલી અનુકરણાત્મક તથા વર્ણનાત્મક રહેશે, પરંતુ પહેલા પ્રકારનો બહુ જ થોડો ઉપયોગક કરવામાં આવશે અને બીજાનો વધારે પ્રમાણમાં. તમે સંમત થાઓ છો ને?

તેણે કહ્યુંઃ જરૂર, એવા વકતાએ તે જ આદર્શ અવશ્ય (૩૯૭) ગ્રહણ કરવો જોઈએ.

પરંતુ બીજા પ્રકારના માણસો પણ હોય છે, જેઓ ગમે તેનું વર્ણન કરે છે; અને તેમનામાં દુષ્ટતા જેટલી વધારે, તેટલી નીતિ પ્રત્યેની અવગણના પણ વધારે; એક પણ બાબતને (એનું વર્ણન ન થઈ શકે) એટલી ખરાબ એ નહિ ગણે; અને માત્ર વિનોદની ખાતર નહિ, પણ ખરે ખર તદ્દન ગંભીર થઈને અને મોટા પ્રેક્ષકવર્ગની સમક્ષ ગમે તે બાબતનું અનુકરણ કરવા એ તૈયાર થઈ જશે. હું હમણાં જ કહેતો હતો તેમ,—ગર્જનાનો ગડગડાટ, કરા પડે તથા પવન ફૂંકાય તેનો સૂસવાટ, પૈડાં કે ગરગડીઓનો ચૂંચૂં થતો અવાજ અને વાંસળી, સરણાઈ, તૂરી અને બીજી જાતનાં વાદિત્રોના તરેહ તરેહના અવાજો કાઢવા એ પ્રયત્ન કરશે; તે કુતરાની જેમ ભસશે, ઘેટાની જેમ બેંબેં કરશે, કુકડાની જેમ કુકડે - કૂઉક કરશે; એની સમસ્ત કલામાં અવાજ અને હાવભાવનું (બ) અનુકરણ હશે, અને (પ્રમાણમાં) કથા તો અત્યંત અલ્પ હશે.

તેણે કહ્યુંઃ એની બોલવાની ઢબ (પણ) એવી જ હશે.

ત્યારે શૈલિના આ બે પ્રકારો થયા ખરું ને?

હા.

અને તેમાંની એક સરલ છે અને એમાં ફેરફારો બહુ જ ઓછા આવે છે એમ કહેવામાં તમે મારી સાથે સંમત થશો; અને શૈલિની સરલતાની દૃષ્ટિએ (સ્વર) સંવાદ અને તાલને પણ જો પસંદ કરવામાં આવે, તો પરિણામ એ આવશે કે વકતા જો ભૂલ કર્યા વગર બોલ્યે

જાય, તો હંમેશાં એ લગભગ એની એ જ શૈલિમાં ચાલશે, અને એક જ પ્રકારના (સ્વર) સંવાદની સીમામાં [કારણ ફેરફાર કંઈ બહુ મોટા નહિ હોય] એ રહ્યા કરશે, તથા એ જ રીતે લગભગ (ક) એના એ તાલનો એ ઉપયોગ કરશે?

તેણે કહ્યું: એ તદ્દન ખરું છે;

જ્યારે પેલા બીજાને તો, એની શૈલિમાં ઘણીયે જાતના ફેરફાર આવતા હોવાથી, શૈલિને અનુરૂપ સંગીત રાખવું હોય, તો દરેક પ્રકારના તાલો અને દરેક પ્રકારના (સ્વર) સંવાદની જરૂર પડશે.

તેણે જવાબ આપ્યો: એ પણ સર્વાંશે ખરું છે.

અને શું બંને શૈલિમાં અથવા બંનેના મિશ્રણમાં સર્વ કવિતા અને શબ્દોથી થતા તમામ જાતનાં આવિષ્કરણનો સમાવેશ થતો નથી? (કોઈને પણ કશું કહેવું હોય તો,) કાં તો એકમાં, કાં તો બીજામાં અને નહિ તો બન્ને (પ્રકારની શૈલિ)માં (બોલ્યા) સિવાય કોઈ કશું કહી શકે જ નહિ.

તેણે કહ્યું: બધાનો સમાવેશ થઈ જાય છે.

(ડ) અને આપણા રાજ્યમાં ત્રણે શૈલિને કે પછી મિશ્રણ વગરની એ શુદ્ધ શૈલિઓમાંની માત્ર એકને આપણે દાખલ કરીશું? અથવા મિશ્ર શૈલિનો તમે સમાવેશ કરો ખરા?

મને તો સદ્‌ગુણનું શુદ્ધ અનુકરણ કરનારને જ દાખલ કરવો ગમે.

મેં કહ્યું: હા, ઍડેઈમેન્ટસ, પરંતુ મિશ્ર શૈલિ પણ અત્યંત મનોહર છે, અને તમે જે શૈલિ પસંદ કરી છે તેનાથી વિરુદ્ધની મૂક્રાલિનયની પદ્ધતિ તો બાળકોને, તેમની સંભાળ રાખનારા નોકરોને અને સામાન્ય રીતે સમાજને અત્યંત પ્રિય છે.

હું એની ના કહેતો નથી.

પરંતુ આપણા રાજ્યમાં મનુષ્યસ્વભાવ દ્વિરૂપી કે (ઇ) બહુરૂપી નથી,* કારણ એક માણસ એક જ પાઠ ભજવે છે તો ત્યાં આવી શૈલિ અયોગ્ય છે એવી દલીલ તમે કરશો એમ હું ધારું છું.

* સરખાવો ઉપર ૩૯૫ અ.

હા, તદ્દન અયોગ્ય.

તથા આપણા રાજ્યમાં, અને માત્ર આપણા જ રાજ્યમાં મોચી એ મોચી છે, અને સુકાની પણ નથી, બેડૂત એ બેડૂત છે અને વધારામાં જ્યુરર કે ન્યાયાધીશ નથી, અને સૈનિક એ સૈનિક છે અને વેપારી પણ નથી, અને આ પ્રમાણે દરેક ધંધામાં—એમ જે આપણે જોઈએ છીએ એનું કારણ (પણ) આ છે (કે એક માણસ એક જ પાઠ ભજવે છે. ').

તેણે કહ્યું: ખરું.

(૩૯૮) અને તેથી મૂકાભિનયમાં કામ કરનાર સદ્‌ગૃહસ્થો જેઓ એટલા તો કુશળ હોય છે કે ગમે તેનું અનુકરણ કરી શકે, તેમાંનો કોઈ એક આપણી પાસે આવે અને પોતાની કવિતા અને પોતાનું પ્રદર્શન કરવાની દરખાસ્ત કરે, તો (એ જાણે કે ઈ) મધુર અને પવિત્ર તથા અદ્‌ભૂત પ્રાણી હોય, એ રીતે આપણે તેની આગળ નીચા નમીશું અને તેની પૂજા કરીશું; પરંતુ આપણે એને એટલું પણ (સાથે સાથે) જણાવી દઈશું કે આપણા રાજ્યમાં તેના જેવાને રહેવા દેવામાં આવતા નથી, અને તેથી એને ગંધરસનું વિલેપન કર્યા બાદ અને એના માથા પર ઊનની માળા મૂકયા પછી, આપણે એને બીજા નગરરાજ્યમાં હાંકી કાઢીશું. કારણ (બ) આપણા આત્માના આરોગ્યને અર્થે આપણે કર્કશ અને કઠોર કવિ કે કથાકારને રાખીશું, અને તેઓ માત્ર સદ્‌ગુણીની શૈલિનું જ અનુકરણ કરશે અને આપણા સૈનિકોની કેળવણીની આપણે શરૂઆત કરી, ત્યારે પહેલાં જે આદર્શો આપણે નિયોજ્યા હતા તેને તેઓ અનુસરશે.

તેણે કહ્યું: આપણી પાસે સત્તા હશે તો તો જરૂર આપણે એમ કરીશું.

મેં કહ્યું: ત્યારે હવે, મારા મિત્ર, માનસિક કેળવણી અથવા સાહિત્યના શિક્ષણનો જે ભાગ વાર્તા કે પૌરાણિક કથાઓ સાથે સંબંધ ધરાવે છે તે પૂરો થયો ગણાય; કારણ વસ્તુ અને રીતિ (કે શૈલિ) એ બન્નેની ચર્ચા આપણે પૂરી કરી છે.

તેણે કહ્યું: હું પણ એમ જ માનું છું.

(ક) અનુક્રમમાં બીજું હવે રાગ અને ગીત આવે છે.×

એ સ્પષ્ટ છે.

આપણે આપણી જાત સાથે જો સુસંગત રહેવું હોય, તો એ વિશે આપણે શું કહેવું જોઈએ એ દરેક સમજી શકશે.

ગ્લાઉકોને હસતાં કહ્યું: મને ભય છે કે 'દરેક' એ શબ્દમાં ભાગ્યે જ મારો સમાવેશ થઈ શકે, કારણ તે કેવાં હોવાં જોઈએ તે આ ક્ષણે હું કહી શકું એમ નથી; જો કે હું અટકળ કરું ખરો.

કંઈ નહિ તો એટલું તો તમે કહી શકો કે ગીત અથવા કાવ્યનાં ત્રણ અંગ હોય છે—શબ્દો, રાગ અને તાલ; (ડ) (તમને) આટલું તો જ્ઞાન છે એમ હું પહેલેથી માની લઉં ખરું ને?

તેણે કહ્યું: હા, એટલું માનવું હોય તો ભલે માનો.

અને શબ્દો વિશે—જે શબ્દસમૂહ માટે સંગીત યોજવામાં આવ્યું છે અને જે શબ્દો માટે સંગીત યોજવામાં આવ્યું નથી એ બે વચ્ચે જરૂર કશો તફાવત હોઈ ન શકે;* બંને એના એ નિયમોનું પાલન કરશે, અને આપણે એ નિયમો તો કયારના નિશ્ચિત કરી નાંખ્યા છે, નહિ?

હા.

અને રાગ તથા તાલનો આધાર શબ્દો પર રહેશે ખરું ને?

જરૂર.

જ્યારે આપણે (કાવ્યનાં) વસ્તુના વિષયની વાત કરતા હતા, ત્યારે આપણે કહ્યું હતું, કે વિલાપ અને શોકના સૂરોની આપણને કશી જરૂર નથી?

ખરું.

× માનસિક કેળવણી ચાલુ: પરિ. ૩-મુદ્દો-૬ : રાગ અને તાલ.

* જુઓ નીચે ૪૦૦-ડ

(૬) અને શોકને વ્યક્ત કરી શકે એવા કયા (સ્વર) સંવાદ છે? તમે સંગીતજ્ઞ છો અને મને કહી શકશો.

જે (સ્વર) સંવાદ તમને અભિપ્રેત છે તે મિશ્ર અથવા લિડિયાના લોકો 'તાર'ના સ્વરોમાં ગાય છે તે અને ભરેલા કંઠના એ જ લોકોના 'મંદ્ર' સૂરો અને એવા બીજા.

મેં કહ્યું: ત્યારે આપણે આને હદપાર કરવા જોઈએ. જે સ્ત્રીઓને પોતાના ચારિત્ર્યનું રક્ષણ કરવાનું છે તેમને પણ આ કશા ઉપયોગના નથી, અને પુરુષોને એથી પણ ઓછા—

જરૂર.

હવે બીજું કેફ, શિથિલતા+ અને પ્રમાદ એ આપણા પાલકોના ચારિત્ર્યમાં બિલકુલ શોભે નહિ.

જરા પણ ન શોભે.

અને શિથિલ કરી નાંખે અને ઘેન ચડાવે એવાં તાનો કયાં છે?

(૩૯૯) તેણે જવાબ આપ્યો; આયોનિયન અને લિડિયન: તે તાનોને 'વિગલિત' એવું નામ આપવામાં આવ્યું છે.

વારુ, અને આનો સંગ્રામમાં કશો પણ ઉપયોગ હોઈ શકે ખરો?

તેણે જવાબ આપ્યો; તદ્દન ઊલટું જ; અને જો એમ હોય, તો ડોરિયન અને ફ્રિજિયન–માત્ર એ જ તાનો તમે બાકી રાખ્યાં છે.

મેં જવાબ આપ્યો: (સ્વર) સંવાદ કે તાનોનું મને જ્ઞાન નથી, પરંતુ કોઈ શૂરવીર, આપત્તિના અને ઉગ્ર નિશ્ચયના સમયે અથવા જ્યારે એનો પક્ષ પડી ભાંગતો હોય અને તે જખમો ખમવા કે મોતને મળવા જતો હોય, કે કોઈ બીજા અનિષ્ટમાં (ય) ગ્રસ્ત હોય, અને એવા દરેક કટોકટીના સમયે સહન કરવાના નિશ્ચય પૂર્વક, દૃઢ પગલે વિધાતાના ઘા ઝીલતો હોય—ત્યારના એના સૂર અથવા ઉદાત્ત સ્વર જેવા એક લડાયક તાનની મારે જરૂર છે; અને જ્યારે દુર્ગતિનું કંઈ

+ Softness એટલે કે ચારિત્ર્યમાં શૈથિલ્ય આણે તેવા પ્રકારની મૃદુતા.

દયાણુ ન હોય અને પ્રાર્થનાથી ઈશ્વરને અથવા ઠપકાથી તથા ઉપદેશથી મનુષ્યને તે વીનવવા માગતો હોય; અથવા તો એથી ઉલટું, જ્યારે ઠપકો વિનંતી કે વીનવણીને નમતું આપવા પોતે ખુશી છે એમ વ્યક્ત કરવા માગતો હોય, તથા જ્યારે દૂરદર્શી આચરણ દ્વારા એણે પોતાનું પ્રયોજન સાધ્યું હોય ત્યારે પોતાના વિજયથી ફૂલાઈ ન જતાં બનાવ (જાણે આપોઆપ બન્યો હોય તે રીતે તે)ને અનુમતિ આપતો અને પરિસ્થિતિ અનુસાર સંયમથી અને વિવેકથી વર્તતો એને આલેખી શકે એવા, વળી સ્વતંત્ર રીતે કાર્ય કરવાના પ્રસંગે તથા શાંતિના સમયમાં એ ઉપયોગ (ક) કરી શકે તેવા બીજા તાનની પણ મારે જરૂર છે. આ બે તાનોને રહેવા દેવા હું તમને કહું છું; વિપત્તિનું તાન અને સ્વાતંત્ર્યનું તાન; નિર્ભાગીનું તાન, અને ભાગ્યવાનનું તાન, શૌર્યનું તાન અને સંયમનું તાન—આટલાને હું કહું છું કે રહેવા દેજો.

તેણે જવાબ આપ્યો: અને ડોરિયન તથા ફ્રીજીઅન તાનો વિશે હું જે હમણાં બોલતો હતો, તે આ જ.

મેં કહ્યું: ત્યારે જો આનો અને માત્ર આનો જ આપણાં ગીતો અને રાગોમાં ઉપયોગ થવા દેવાનો હોય, તો સ્વરોનું બાહુલ્ય કે બધાં સપ્તકોની સ્વરપદ્ધતિની આપણને જરૂર નહિ પડે.

હું ધારું છું નહિ પડે.

ત્યારે ઘણાં તારવાળાં, વિચિત્ર રીતે મેળવવાં પડે એવાં વાદિત્રોના બનાવનારાઓને અથવા ત્રિકોણીયાં જટિલ સ્વરપદ્ધતિવાળાં લાયરના કારીગરોને આપણે (ડ) પોષીશું નહિ.

જરૂર નહિ.

પણ હાર્મોનિયમ બનાવનારા અને હાર્મોનિયમ વગાડનારાને તમે શું કહેશો? જ્યારે વિચાર કરતાં એમ માલુમ પડે છે કે (સ્વર સંવાદના) આ મિશ્ર ઉપયોગ પૂરતું હાર્મોનિયમ, તમામ તારવાળાં વાદિત્રોને (એક તરફ) ભેગાં મૂકયાં હોય એના કરતાં વધારે ખરાબ છે, તો શું તમે એને આપણા રાજ્યમાં દાખલ કરશો; બધા સપ્તકો

આવી જાય એવું સંગીત પણ હાર્મોનીઅમનું માત્ર અનુકરણ જ છે ને?

એને દાખલ નહિ જ કરીએ એ સ્પષ્ટ છે.

ત્યારે નગરમાં ઉપયોગ કરવા માત્ર (સાદાં) લાયર અને હાર્પ રહ્યાં અને નગર બહાર ભરવાડો પાસે ભલે પાવો રહ્યો.

દલીલમાંથી તો અચૂક આવું જ અનુમાન બાંધવું પડે.

(૬) મેં કહ્યું: માર્સિયસ અને એનાં વાજંત્રો કરતાં એપોલો અને એનાં વાજંત્રોને પસંદ કરવામાં આવે, તો તેમાં કશી નવાઈ નથી.

તેણે જવાબ આપ્યો: જરા પણ નહિ.

અને તો ઇજીપ્તના કૂતરાના સમ ખાઈને કહું છું કે જે રાજ્યને થોડી જ વાર પહેલાં આપણે વિલાસી કહ્યું હતું એને અજાણમાં જ આપણે શુદ્ધ કરી રહ્યા છીએ.

તેણે જવાબ આપ્યો: વિવેક વાપરીને આપણે એમ કર્યું છે.

મેં કહ્યું: ત્યારે હવે તો આપણે પૂરેપૂરી શુદ્ધિ કરીશું. (સ્વર-સંવાદ કે) તાનો પછી બીજે નંબરે સ્વાભાવિક રીતે તાલ આવશે અને તેને પણ એ જ નિયમો લાગુ પાડવા જોઈએ, કારણ પ્રત્યેક જાતના છંદની અથવા (એક જ) છંદની જટિલ પદ્ધતિઓની આપણે શોધ કરવાની નથી, પરંતુ કયા તાલોમાં (૪૦૦) વીર અને સંવાદી જીવન વ્યક્ત થાય છે એ આપણે શોધી કાઢવું જોઈએ; અને જ્યારે એ આપણને મળી આવશે ત્યારે શબ્દોના જેવા જ સત્ત્વવાળા ચરણ અને રાગ, નહિ કે ચરણ અને રાગને અનુરૂપ શબ્દોને આપણે યોજીશું. આવા તાલો કયા છે એ કહેવું તે આપણી ફરજ થઈ પડશે—તમે મને તાનો તો શીખવાડી દીધાં છે તેવી જ રીતે તમારે મને આ વિશે પણ ઉપદેશ આપવો પડશે.

તેણે જવાબ આપ્યો: પણ ખરે જ હું તમને નહિ કહી શકું. મને માત્ર એટલી જ ખબર છે કે જેવી રીતે સંગીતમાં ચાર સૂરો[1]

---

૧. એટલે કે અર્ધસપ્તકના ચાર સૂરો.

પરથી બધાં તાનો યોજવામાં આવે છે, તેવી જ રીતે તાલનાં કંઈ ત્રણેક તત્ત્વો પરથી તાલની પ્રમાણબદ્ધ રીતિઓ ઘડવામાં આવે છે; મેં આટલું નિરીક્ષણ કર્યું છે. પરંતુ કયા પ્રકારના જીવનનાં એ અનુકરણો છે એ હું નહિ કહી શકું.

(બ) મેં કહ્યું: ત્યારે તો આપણે ડેમન (નામના મહાન સંગીતશાસ્ત્રી)ની સલાહ લેવી પડશે; અને કયા તાલ ક્ષુદ્રતા, ઉદ્ધતાઈ, ઉન્મત્તતા અને બીજી નાલાયકીને વ્યક્ત કરે છે અને કયા એથી ઊલટી લાગણીઓ માટે રાખવા તે (બધું) એ આપણને કહેશે. અને હું માનું છું કે ફ્રીટના લોકો ઉપયોગ કરે છે તે જટિલ તાલનો એણે ઉલ્લેખ કરેલો એનું મને અસ્પષ્ટ સ્મરણ છે; ખરું; ગુરુ, લઘુ અને લઘુ + અથવા વીરત્વથી ભરેલા ચરણનો પણ ઉલ્લેખ કરેલો, અને ગુરુ અને લઘુ વારાફરતી આવે અને ચરણમાં ચડ-ઉતર થાય તેના જેટલો જ તાલ યોજીને—જો કે હું પૂરેપૂરું સમજી નહોતો શક્યો,—પણ એણે અમુક રીતે એ ગોઠવ્યું હતું; અને હું ભૂલતો ન હોઉં તો એણે લઘુ ગુરુ તેમજ ગુરુ લઘુ તાલ વિશે પણ કહેલું (ક) અને એણે ટૂંકી તથા લાંબી માત્રાઓ પણ મુકરર કરી આપી હતી.[1] કોઈ કોઈ જગ્યાએ વળી તાલ જેટલી જ ચરણની ચાલની,—અથવા કદાચ એ બંનેના મિશ્રણની, કારણ એ શું કહેવા માગતો

+ Dactylic : ગુરુ+લઘુ+લઘુ.

૧. વિષયની વિગતનું પોતાને જાણે જ્ઞાન ન હોય, તેવી બેપરવાઈથી સોક્રેટિસ બોલે છે. વાક્યના પહેલા ભાગમાં, ચરણમાં ચાર માત્રા હોય, અને એમાંની ગમે તે એક ગુરુ હોય અને બીજી ત્રણ લઘુ હોય અને જેનું પ્રમાણ $\frac{1}{4}$નું હોય એવા તાલ વિશે એ બોલતો હોય એમ લાગે છે; બીજા ભાગમાં ગુરુ, લઘુ અને લઘુ; તથા લઘુ, લઘુ અને ગુરુ જેનું પ્રમાણ $\frac{1}{4}$ હોય, એવા તાલ વિશે અને છેલ્લા ભાગમાં લઘુ, ગુરુ અને ગુરુ લઘુ જેનું પ્રમાણ $\frac{1}{4}$ અથવા $\frac{1}{2}$નું છે એ વિશે એ બોલતો હોય એમ લાગે છે.

હતો તેની મને પૂરેપૂરી ખાત્રી નથી—એ પ્રશંસા કે નિંદા કરતો હોય એમ દેખાતું હતું; પરંતુ હું કહેતો હતો તેમ આ વિગતો ઉમનને પોતાને પૂછી હોય, તો જ વધારે સારું, કારણ તમે જાણો છો કે વિષયનું પૃથક્કરણ કરવું મુશ્કેલ છે—નહિ ?

મારે કહેવું જોઈએ કે જરા (મુશ્કેલ) તો ખરું.

પરંતુ લાલિત્ય કે લાલિત્યનો અભાવ તે સારા કે ખરાબ તાલનું પરિણામ છે એટલું જોઈ શકવામાં તો કંઈ મુશ્કેલી પડે એમ નથી.

જરા પણ નહિ.

(ઙ) અને એ પણ—કે સારો અને ખરાબ તાલ સ્વાભાવિક રીતે જ સારી અને ખરાબ શૈલી સાથે એક થઈ રહે છે; અને એવી જ રીતે સંવાદ અને વિસંવાદ શૈલીને અનુસરે છે; કારણ આપણા સિદ્ધાન્ત અનુસાર શબ્દો સંવાદ (તાન) અને તાલ (બંને)નું નિયમન કરે છે, નહિ કે એ (બંને) શબ્દોનું.

તેણે કહ્યું: એમ જ, સંવાદ અને તાલે શબ્દોનું અનુસરણ કરવું જોઈએ.

અને શબ્દો અને શૈલિના સ્વરૂપનો આધાર શું આત્માના સ્વભાવ પર રહેલો નથી ?

હા.

અને બીજા બધાનો આધાર શૈલિ પર !

હા.

ત્યારે શૈલિ અને સ્વરસંવાદ અને લાલિત્ય અને (ઇ) સારા તાલનું સૌંદર્ય સરલતાને અવલંબીને રહ્યું છે—મારો કહેવાનો અર્થ એ છે કે સુવ્યવસ્થિત અને મહાનુભાવ ચિત્ત અને ચારિત્ર્યની સરલતા, નહિ કે પેલી બીજી સરલતા જે માત્ર મૂર્ખાઈને બદલે વપરાતો એક હળવો શબ્દ છે ?

તેણે જવાબ આપ્યો : તદ્દન ખરું.

અને જો આપણા યુવાને પોતાનું જીવનકાર્ય સિદ્ધ કરવાનું હોય

તો આ લાલિત્ય અને સંવાદને પોતાનાં સતત લક્ષ્ય તરીકે શું તેણે સ્વીકારવાં ન જોઈએ ?

સ્વીકારવાં જોઈએ જ,

(૪૦૧) અને ચિત્રકારની કલા તથા બીજી બધી સર્જનાત્મક કે રચનાત્મક કલામાં એ અચૂક ભરેલાં હોય છે,—વણવાનું કામ, ભરતકામ, સ્થાપત્ય અને કોઈ પણ જાતની વસ્તુની બનાવટમાં; વનસ્પતિની અને સજીવ સૃષ્ટિમાં પણ—આ બધામાં લાલિત્ય અથવા લાલિત્યનો અભાવ હોય છે. અને જેમ લાલિત્ય અને સંવાદ સારપણ અને સદ્‌ગુણની બે જોડિયા બેનો છે તથા તેમની વચ્ચે સાદૃષ્ય છે, તેમ વૈરૂપ્ય, વિસંવાદ અને વિસંવાદી ગતિ લગભગ દુષ્ટ શબ્દો તથા દુષ્ટ સ્વભાવના જેવાં જ હોય છે !

તેણે કહ્યું : એ તદ્દન ખરું છે.

(બ) પરંત આપણો અધિકાર શું આથી વધારે આગળ નહિ જાય,—અને કવિઓ જો કંઈ બીજું લખે તો તેમને આપણા રાજ્યમાંથી હાંકી કાઢવામાં આવશે એ બંકે તેઓ એમની કૃતિઓમાં માત્ર ઇષ્ટની પ્રતિકૃતિને * જ વ્યક્ત કરે એટલી જ શું આપણે એમની પાસેથી અપેક્ષા રાખીશું ? અથવા બીજા કલાકારોને પણ આ જ નિયમ લાગુ પાડવાનો છે, અને મૂર્તિવિધાન અને સ્થાપત્ય તથા બીજી સર્જનાત્મક કલાઓમાં દુર્ગુણ અને અસંયમ તથા નીચતા અને અશ્લીલતાને વ્યક્ત કરવાની શું એમને પણ મનાઈ કરવાની છે; અને રખેને આપણા પુરવાસીઓની રસવૃત્તિને એ હીન કરી મૂકે એ બીકે જે કોઈ આપણા આ નિયમનું પાલન ન કરી શકે એને શું આપણા રાજ્યમાં એની કલાની પ્રવૃત્તિ કરતાં અટકાવવાનો

* The image of the good—દરેક વસ્તુને પોતાનું વિશિષ્ટ ઇષ્ટ હોય છે, દરેક કલાને પણ પોતાનું ઇષ્ટ અને દરેક આત્માને આત્મા તરીકે પોતાનું ઇષ્ટ હોય છે; એ ઇષ્ટ તે આદર્શ રૂપ છે; અને પોતાના ઇષ્ટને આદર્શરૂપ સ્વીકારીને એની પ્રતિકૃતિને વ્યક્ત કરવી એનું નામ કલા.

છે ? જાણે કોઈ વિધાતક ગૌચરમાં (એમને રાખ્યા હોય તેમ) આપણા પાલકોને નૈતિક કુરૂપતાની પ્રતિકૃતિઓમાં મોટા થવા દઈશું નહિ, અને (ક) ત્યાં કેટલીયે હાનિકારક વનસ્પતિ અને ફૂલો તેઓ થોડે થોડે અને દિવસો જતાં ખાય અને તેના પર નિભાવ કરે, તે એટલે સુધી કે એમના પોતાના આત્મામાં પાપનો સડતો સમૂહ ગુપ્ત રીતે એકઠો થાય—આવું આપણે થવા નહિ દઈએ. આપણા કલાકારો તો એવા હશે કે એમનામાં સૌંદર્ય અને લાલિત્યના ખરા સ્વરૂપને પીછાનવા જેટલી શક્તિ હશે; આમ હશે ત્યારે આપણો યુવાન આરોગ્યની ભૂમિમાં, સુંદર દૃશ્યો અને સંગીતમાં વસશે અને પ્રત્યેક વસ્તુમાંથી એને ધૃષ્ટ મળી રહેશે; અને પવિત્રતર પ્રદેશમાંથી આવતા આરોગ્યપ્રદ પવનના જેવું, સારી-(ડ)-કૃતિઓમાંથી-નીકળતા-પ્રવાહરૂપ સૌંદર્ય (એના) કર્ણ અને નેત્રમાં વહેશે અને ઠેઠ નાનપણનાં વર્ષોથી બુદ્ધિના સૌંદર્ય પ્રત્યેની સહાનુભૂતિ તરફ અને (એ સૌંદર્યના) સાદૃશ્ય તરફ તેના આત્માને પરોક્ષ રીતે ખેંચશે.÷

તેણે જવાબ આપ્યોઃ એનાથી ઉચ્ચતર શિક્ષણ બીજું ન હોઈ શકે.

મેં કહ્યુંઃ અને તેથી, ગ્લાઉકોન, સંગીતનું શિક્ષણ (માનસિક કેળવણી) બીજા બધા કરતાં બલવત્તર સાધન છે, કારણ તાલ અને તાન આત્માનાં આંતરિક ઊંડાણ સુધી માર્ગ કરે છે, અને લાલિત્ય અર્પીને પ્રભાથી ત્યાં (આત્મામાં) દૃઢ વળગી રહે છે, તથા જેને સાચું (ઇ) શિક્ષણ મળ્યું છે તેના આત્માને સુંદર અથવા જેને ખરાબ મળ્યું છે તેને કુરૂપ બનાવે છે; અને જેના અંતરતર સત્ત્વમાં આ સાચું શિક્ષણ ઉતર્યું છે તે, એને લઈને, કલામાં કે કુદરતમાં રહેલી ઊણપો કે દોષો અત્યંત કુશલતાથી જોઈ શકે છે, અને જ્યારે તે ધૃષ્ટની (૪૦૨) પ્રશંસા કરે છે, અને ધૃષ્ટમાં આનંદે છે અને પોતાના આત્મામાં એનો સ્વીકાર કરે છે અને પોતે સારો (ધૃષ્ટ)× અને ઉદાર થાય છે,

÷ જુઓ પ્લેટોનો 'સિમ્પોઝિયમ' નામનો સંવાદ.

× The good : ધૃષ્ટ તેમજ સારું.

ત્યારે એની કિશોરાવસ્થાના દિવસોમાં, 'શા માટે' એમ પ્રશ્ન પૂછી એનું કારણ જાણવા અશક્ત હોય ત્યાર પહેલાંથી પણ સાચી રસવૃત્તિને લીધે, ખરાબને એ ખરી રીતે દોષિત ગણશે, અને તિરસ્કારશે; અને જ્યારે એનામાં તર્કબુદ્ધિ આવશે, ત્યારે એના શિક્ષણને અંગે જે મિત્રની (સૌંદર્યની) સાથે એ કયારનો પરિચિત થઈ ચૂકયો હતો તેને ઓળખશે અને એને વંદન કરશે.*

તેણે કહ્યું: હા, તમે જે કારણો દર્શાવ્યા છો, તે વિશેના તથા આપણા યુવાનને સંગીતનું શિક્ષણ આપવું જોઈએ એ વિચારમાં હું તમારી સાથે સંમત થાઉં છું.

મેં કહ્યું: જે રીતે વાંચતાં શિખવવામાં, કક્કાના અક્ષરો જે ઘણા જ થોડા છે તેને, એના તમામ ફરીફરીને આવતા (એના એ) કદમાં અને (ભિન્ન ક્રમવાળાં) સંયોજનોમાં, એ નાની કે મોટી જગ્યા રોકતા હોય તો તેને બિનઅગત્યના માનીને તુચ્છકારવા જોઈએ નહિ, અને આ રીતે દરેક સ્થળે અક્ષરોને ઉકેલતાં આપણને આવડે, ત્યારે આપણને સંતોષ વળે છેઃ અને જ્યાં (બ) જ્યાં એ (અક્ષરો) આપણને મળે ત્યાં ત્યાં આપણે એને ઓળખી ન શકીએ ત્યાં સુધી વાંચવાની કલામાં આપણે પ્રવીણ થયા છીએ એમ આપણે માનતા નથી;[1]

ખરું—

અથવા, આપણને અક્ષરજ્ઞાન (પૂરેપૂરું) હોય, ત્યારે જ જેમ

* તર્કબુદ્ધિનો વિકાસ થયો હોય ત્યાર પહેલાંથી પણ રસવૃત્તિનો વિકાસ કેળવણીમાં કરવો જોઈએ; આથી ખરાબ શું અને સારું શું એ પારખી શકાય, પણ પાછળથી જ્ઞાન થાય, અને ખરાબ એ ખરાબ શા માટે, તથા સારું એ સારું શા માટે એમ બુદ્ધિપૂર્વકની સમજણ આવે, ત્યારે શરૂઆતમાં સાચી રસવૃત્તિને લઈને જે ઇષ્ટને પોતે ચહાતો હતો, તેને પોતે ફરીથી જ્ઞાનપૂર્વક ઓળખશે, અને એ જણે પોતાનો મિત્ર હોય એ રીતે એને વંદન કરશે.

૧ સરખાવો પરિચ્છેદ ૨. ૩૮૬–૭.

પાણીમાં અથવા દર્પણમાં આપણે તેનું પ્રતિબિંબ પણ ઓળખી શકીએ છીએ; (કારણ) એક જ કલા અને અભ્યાસ આપણને બંનેનું જ્ઞાન આપે છે:—

બરાબર—

તેવી જ રીતે, હું પ્રતિપાદન કરું છું તેમ, જ્યાંસુધી (ક) આપણે અને આપણા પાલકો સંયમ, શૌર્ય, ઉદારતા, ઐશ્વર્ય તથા એમના સજાતીય બીજા સદ્‌ગુણોનાં ઘટક તત્ત્વોને* તેમ જ તેનાં વિરોધી તત્ત્વોને એમનાં તમામ સંયોજનોમાં* ન જાણે અને નાની કે મોટી વસ્તુઓમાં (એ તત્ત્વો પ્રતીત થાય તેથી) એને તુચ્છ ન ગણતાં, એક જ કલા અને અભ્યાસનો એ બધાં વિષય છે એમ માનીને, એ તત્ત્વો જ્યાં જ્યાં મળી આવે ત્યાં ત્યાં, એમની તથા એમની પ્રતિચ્છાયાને ઓળખતાં ન શીખે, ત્યાં સુધી ન તો આપણે, કે ન તો જેમને આપણે કેળવવાના છે તે આપણા પાલકો કદી સંવાદી કે સંગીતમય થઈ શકે.×

અચૂક.

(ડ) અને (કોઈ) સુન્દર આત્મા સુન્દર તત્ત્વની સાથે એકતાન થઈ જાય અને બંને એકાકાર થઈ રહે, ત્યારે જેનામાં એ નીરખવાની શક્તિ હશે તેને એ દૃશ્ય સૌથી મનોહર લાગશે, નહિ?

ખરેખર સૌથી મનોહર લાગશે.

અને જે સૌથી વધારે મનોહર છે તે સૌથી સુન્દર પણ છે! એનો સ્વીકાર કરી શકીએ.

---

* 'Eidē'–Form-Idea નો સૌથી પહેલો ઉલ્લેખ 'પ્લેટોનું આદર્શ નગર–રાજ્ય'માં આ જગાએ આવે છે. પ્રત્યેક સદ્‌ગુણ જેવા કે શૌર્ય, સંયમ વગેરેના જુદા જુદા આવિર્ભાવોમાં જે કંઈ સમાન એક તત્ત્વ રહેલું છે, જેને લઈને શૌર્ય તે શૌર્ય છે અને સંયમ તે સંયમ છે એ સમાન તત્ત્વ તે Eidē. આ તત્ત્વો તે લગભગ એકનનાં Forms (ફૉર્મ્સ) જેવાં અહીં લાગે છે.–નીચે જુઓ: ૫ : ૪૭૬.

× પરિ. ૩, મુદ્દો ૮ : માનસિક કેળવણીનું અંતિમ ધ્યેય.

અને જે માણસમાં સંવાદનું .સત્ત્વ+ છે, તે સુન્દરતમ વસ્તુને સૌથી વધારે ચાહશે; પરંતુ જેનો આત્મા વિસંવાદી છે તે એને નહિ ચાહે ?

તેણે જવાબ આપ્યોઃ એ ઊણપ જો આત્માની જ હોય, તો એ ખરું છે. પરંતુ બીજામાં જો માત્ર કોઈ શારીરિક ખોડ જ હોય, તો તેને (ફ) એ ધીરજથી નિભાવી લેશે, અને એ ખોડ છતાં એને ચાહશે.*

મેં કહ્યું: હું જોઉં છું કે તમને આ જાતના અનુભવો થયા છે અથવા થાય છે, અને હું સંમત થાઉં છું. પરંતુ મને એક બીજો પ્રશ્ન પૂછવા દોઃ સુખના અતિરેકને સંયમ સાથે કંઈ સંબંધ છે ખરો ?

તેણે જવાબ આપ્યોઃ એ કેમ હોઈ શકે ? દુઃખને લીધે માણસ પોતાની શક્તિઓનો જેમ ઉપયોગ કરી શકતો નથી, તેમ જ સુખને લીધે પણ એ કદી કરી શકતો નથી.

અથવા સામાન્ય રીતે સદ્‌ગુણની સાથે (સુખને) કંઈ સંબંધ છે ખરો ?

(૪૦૩) કશો જ નહિ.

અસંયમ અને ઉદ્ધતાઈની સાથે કંઈ સંબંધ ખરો કે નહિ ?

હા, ઘણો જ.

અને વિષયાસક્તિ× કરતાં કોઈ બીજું વધારે મોટું કે ઉગ્રતર સુખ છે ખરું ?

ના, એનાથી વધારે ઉન્મત્ત બીજું કોઈ સુખ નથી.

+ અહિં 'Eidos' શબ્દ નથી, પણ Spirit શબ્દ છે.

* પરંતુ સરખાવો ૪૭૯-ક.

× દલીલ એવી છે કે—સંવાદ એટલે સંગીત એટલે સંયમ એટલે સદ્‌ગુણ. અને સંયમને અને સુખ (Pleasure)ને કશો સંબંધ નથી તેથી સદ્‌ગુણને સુખ (શારીરિક સુખ) સાથે કશો સંબંધ નથી. અહીં વિષયાસક્તિ અને ખરો પ્રેમ એ વચ્ચે ભેદ પાડ્યો છે.

જ્યારે ખરો પ્રેમ એટલે તો સૌંદર્ય અને નિયમ પ્રત્યેનો પ્રેમ —સંયમી અને સંવાદી પ્રેમ ?

તેણે કહ્યું: તદ્દન ખરું.

ત્યારે અસંયમ કે ઉન્માદને ખરા પ્રેમની પાસે આવવા દેવાં ન જોઈએ ?

અવશ્ય નહિ.

(બ) ત્યારે ઉચ્છૃંખલ (શારીરિક) સુખને કદી પ્રેમી કે એના પ્રિયજનની* નજીક આવવા દેવું ન જોઈએ; જો એમનો પ્રેમ શુદ્ધ હોય, તો એ એમાંથી એકે તેમાં કશો ભાગ ન ભજવી શકે ?

નહિ જ, સૉક્રેટિસ, એમણે કદી એની ઝંખના કરવી ન જોઈએ.

ત્યારે હું ધારું છું કે આપણે જે નગરની સ્થાપના કરીએ છીએ તેમાં તમે એવી મતલબનો કાયદો કરશો કે એક પિતા પોતાના પુત્રની સાથે જે પ્રકારનો સંબંધ રાખે એનાથી કોઈ ભિન્ન પ્રકારનો પરિચય (કોઈ) મિત્રે પોતાના પ્રિયજનની સાથે રાખવો ન જોઈએ, અને તે પણ એક શ્રેષ્ઠ આશયને માટે+ તથા (એવો સંબંધ બાંધતાં) પહેલાં એણે સામેના પક્ષની સંમતિ મેળવવી જોઈએ; અને આ નિયમ એના તમામ સંબંધોને સીમાબદ્ધ કરવા (ક) ઘડવામાં આવ્યો છે, અને એ (હદ)થી વધારે દૂર એણે કદી જવાનું નથી, અથવા જો એ એને ઉલ્લંઘી જાય, તો તેણે અસભ્યતા અને કુરુચિનો અપરાધ કર્યો ગણાશે.

તેણે કહ્યું: હું તદ્દન સંમત થાઉં છું.

માનસિક કેળવણીની (સંગીતની) આટલી ચર્ચાથી એ વિષયની સુંદર સમાપ્તિ થઈ જાય છે; કારણ સૌંદર્યનો પ્રેમ એ જો સંગીતનું પ્રયોજન ન હોય, તો બીજું શું હોઈ શકે ?

તેણે કહ્યું: હું કબૂલ કરું છું,

---

* Lover and his beloved

+ જુઓ પ્લેટોનો 'ફિડ્રસ' નામનો સંવાદ

સંગીત અથવા માનસિક કેળવણી પછી જે બીજા વિષયમાં આપણા યુવાનને શિક્ષણ આપવાનું છે એ શારીરિક કેળવણી છે.*

અવશ્ય.

શારીરિક તેમજ માનસિક કેળવણી નાનપણનાં વર્ષોથી શરુ કરવી જોઈએ; એમાં સંભાળપૂર્વક શિક્ષણ આપવું જોઈએ અને જીંદગીભર એ (ક્રમ) ચાલુ રહેવું જોઈએ. હવે મારી માન્યતા એ છે કે —અને મારા અભિપ્રાયને દૃઢ કરવા માટે આ બાબત પર તમારો અભિપ્રાય લઉં તો સારું, પણ મારી પોતાની માન્યતા એ છે કે—સારું શરીર કોઈ શારીરિક ગુણોત્કર્ષને લીધે આત્માને ઉન્નત કરે છે એમ નહિ, પરંતુ એથી ઉલટું, સારો આત્મા એના પોતાના ગુણોત્કર્ષ દ્વારા શરીરને શક્ય હોય તેટલું સારું કરે છે. તમે શું કહેશો ?

હા, હું કબૂલ કરું છું,

તો મનને પૂરતું શિક્ષણ મળી ગયું હોય ત્યાર પછી આપણે એને શરીરની વધારાની ખાસ સંભાળ રાખવાનું સોંપીએ તો કંઈ ખોટું કરતા નથી, અને લંબાણ (ક્રિ) થતું અટકાવવા, આપણે માત્ર વિષયની સામાન્ય રૂપરેખા હવે આપીશું.

બહુ સારું.

એમણે કેફથી દૂર રહેવું જોઈએ એ તો આપણે કયારનું કહ્યું છે; કારણ પીધેલા હોય અને પોતાને ભાન પણ ન હોય કે દુનિયામાં પોતે કયાં છે—એવું બીજા માણસો ન કરે, તો પાલક તો કયાંથી જ કરે !

તેણે કહ્યું : હા, એક પાલકની સંભાળ રાખવા પાછો બીજો પાલક જોઈએ એ ખરેખર હાસ્યાસ્પદ છે.

પણ બીજું—એમના ખોરાક બાબત શું કહીશું; કારણ સૌથી મહાન કસોટી માટે એ માણસોને તાલીમ આપવામાં આવે છે—શું નથી આપવામાં આવતી ?

---

* પરિ. ૩, શારીરિક કેળવણી : 'Gymnastikē'

તેણે કહ્યું : હા.

(૪૮૪) અને શું આપણા સામાન્ય કસરતબાજોની શરીરની રહેણીકરણી એમને માટે અનુકૂળ ગણાશે ?

શા માટે નહિ ?

મેં કહ્યું : મને બીક એ છે કે એ લોકોની છે તેવી શરીરની રહેણીકરણી ઊંઘણશી બનાવી મૂકે છે અને વધારામાં (એમની ટેવો) આરોગ્યને હાનિકારક થઈ પડે છે. તમે શું એ નથી જોતા કે આ કસરતબાજો પોતાની જીંદગી ઊંઘમાં જ કાઢે છે; અને તેમના રિવાજ પ્રમાણેની ખાવાપીવાની વિધિમાં જો જરા જેટલા અંશે પણ તેઓ ફેરફાર કરે, તો ભયંકર માંદગી થવાનો એમને સંભવ રહે છે ?

હા, મેં જોયું છે.*

મેં કહ્યું: ત્યારે ઉનાળાનો તાપ અને શિયાળાની ઠંડીના, (તથા) પાણી અને ખોરાકના જે અનેક ફેરફારો એમને લડાઈને પ્રસંગે સહન કરવા પડશે તેમાં એમનું આરોગ્ય પડી ભાંગવાનો સંભવ ન રહે એટલા (ય) માટે, આપણા લાયક કસરતબાજોએ જાગતા ફૂતરાઓ જેવા થવાનું છે અને જેમણે અત્યંત તીક્ષ્ણ રીતે જોવાનું તથા સાંભળવાનું છે તેમને માટે સૂક્ષ્મ પ્રકારના શિક્ષણની જરૂર પડશે.

મારો એ મત છે.

ખરેખરી ઉત્કૃષ્ટ શારીરિક કેળવણી, આપણે હમણાં જ જેનું વર્ણન કરતા હતા તેવી સાદી માનસિક કેળવણીની જોડિયા બહેન થાય.

એ કેવી રીતે ?

કેમ, આપણી માનસિક કેળવણીના જેવી સાદી અને સારી શારીરિક કેળવણી પણ છે એવો મારો ખયાલ છે; ખાસ કરીને લશ્કરી તાલીમ.

તમે શું કહેવા માગો છો ?

મારો અર્થ હોમરમાંથી સમજી શકાશે: તમને ખબર છે કે

* પરિ. ૩ : શારીરિક કેળવણી–**મુદ્દો** ૨, ખોરાક

જ્યારે તેના વીર પુરુષો લડાઈની પ્રવૃત્તિમાં પડયા હોય, ત્યારે એમના જમણમાં એ તેમને સૈનિકનો ખોરાક ખવડાવે છે; તેઓ હેલેસ્પોન્ટના કિનારા પર છે છતાં તેમને મચ્છી (ક) આપવામાં આવતી નથી, અને તેમને બાફેલું નહિ પણ માત્ર દેવતા પર શેકેલું માંસ આપવામાં આવે છે, કારણ એમાં વાસણો અને તવાઓ લઈ જવાની તકલીફ ઉઠાવવાની જરૂર પડતી નથી; અને એ માટે એમને માત્ર દેવતા પાડવાનો હોય છે તેથી સૈનિકો માટે એ ખોરાક સૌથી વધારે અનુકૂળ છે,

ખરું.

અને હોમરમાં ગળ્યાં મિષ્ટાન્નોનો ઉલ્લેખ કયાંય મળી આવતો નથી એમ કહેવામાં હું ભાગ્યે જ ભૂલ કરતો હોઈશ. પરંતુ એ એકલો જ કંઈ એની મના કરતો નથી; તમામ ધંધાદારી કસરતબાજોને પૂરેપૂરું ભાન છે કે જેણે (આરોગ્યની) સારી સ્થિતિમાં રહેવું હોય તેણે એ જાતનું કશું ખાવું ન જોઈએ.

તેણે કહ્યું : હા, અને આ સમજીને એવું ન ખાવામાં તેઓ કશું ખોટું કરતા નથી.

(ડ) ત્યારે સિરેકયુઝમાં અપાય છે તેવાં ખાણાં અને સિસિલીના પાકશાસ્ત્ર પ્રમાણે તૈયાર થતી સ્વાદિષ્ટ વાનીઓની તમે અનુમતિ નહિ આપો.

હું નથી ધારતો.

તેમજ માણસે જો (આરોગ્યની) સારી સ્થિતિમાં રહેવું હોય, તો આપણે કોરિન્થની કોઈ છોકરીને એના સુન્દર મિત્ર તરીકે નહિ રાખવા દઈએ.

અવશ્ય નહિ.

તેમજ (આપણે) એથેન્સની મિષ્ટાન્ન બનાવવાની પદ્ધતિ પ્રમાણે તૈયાર કરવામાં આવેલી વાનીઓ, જેને તેઓ મીઠી માને છે તેને તમે અનુમોદન નહિ આપો, ખરું ને?

અવશ્ય નહિ.

રહેવા ખાવાની આ તમામ રીતોને આપણે બધાં (ફ) સપ્તકોનો ઉપયોગ કરતી શૈલિમાં અને તમામ તાલોમાં રચાયેલાં ગીત અને રાગોની સાથે ખુશીથી સરખાવી શકીએ.

અચૂક.

ત્યાં જટિલતાને લીધે (નૈતિક) નિરંકુશપણું ઉત્પન્ન થતું હતું; અને અહીં એ (શારીરિક) વ્યાધિ ઉત્પન્ન કરે છે; જ્યારે (એથી ઉલટું) માનસિક કેળવણીમાં રહેલી સાદાઈ આત્મામાં રહેલા સંયમની માતા થઈ રહે છે, અને શારીરિક કેળવણીમાં રહેલી સાદાઈ શરીરના આરોગ્યની.×

તેણે કહ્યું : તદ્દન ખરું.

(૪૦૫) પરંતુ જ્યારે રાજ્યમાં અસંયમ અને વ્યાધિઓ અનેકગણાં વધી જાય, ત્યારે ન્યાય અને ઔષધનાં આલયો* હંમેશાં ખોલવાં પડે છે; અને માત્ર ગુલામો જ નહિ પણ સ્વતંત્ર પુરવાસીઓ પણ દાક્તર અને વકીલની કળામાં કટલો તીવ્ર રસ લે છે એ જોઈને તે કલાઓ પોતે જાણે મહાન હોય એવો ડોળ ધાલે છે.

અલબત્ત.

અને છતાં (શુદ્ધ) કેળવણીની સ્થિતિ ખરાબ અને શરમ ઉપજાવે એવી છે એની બીજી વધારે મોટી સાબીતી શી હોઈ શકે, સિવાય કે કારીગરો અને હલકી જાતના લોકોને જ નહિ, પણ ઉચ્ચ

× આત્મામાં રહેલો સંયમનો ગુણ અને શરીરના આરોગ્ય વચ્ચે સરખામણી. શારીરિક કેળવણી-મુદ્દો. ૨. જુઓ ફૂટનોટ ૩૮૮–ફ શરીર સ્વાસ્થ્ય.

* Halls of justice and of medicine. આત્મામાં વ્યાધિ પેસે ત્યારે લોકોમાં અધર્મ પેસે, અને એ અધર્મને લીધે તેઓ અન્યાયનું આચરણ કરે; અને એ રીતે શરીરમાં વ્યાધિ પેસે, ત્યારે તેના આરોગ્યનો નાશ થાય અને ઔષધાલયો સ્થાપવામાં આવે. અહીં Justice નો અર્થ ન્યાય કર્યો છે. ન્યાયની અદાલત અમુક દૃષ્ટિએ અન્યાયની અદાલત છે, અને અન્યાય આત્માના અધર્મનું એક માત્ર બાહ્ય સ્વરૂપ છે.

કેળવણી મળી છે એમ જે લોકો દાવો કરે છે તેમને પણ પહેલા નંબરના (ब) દાક્તરો અને ન્યાયાધીશોની જરૂર પડે છે? માણસના પોતાના ઘરમાં ન્યાય કે સારું આરોગ્ય ન હોય તેથી તે માટે એને બહાર ભટકવું પડે અને બીજા માણસોના હાથ નીચે પોતાને શરણાગત બની રહેવું પડે અને તેમને પોતાના શેઠ તથા ન્યાયાધીશ તરીકે સ્વીકારવા પડે એ શું શરમ ઉપજાવે તેવું અને સારા ઉછેરની ખામીનું મોટું ચિહ્ન નથી.

તેણે કહ્યું: બધી બાબતો કરતાં એ સૌથી વધારે લજ્જાસ્પદ (છે જ.)

મેં જવાબ આપ્યો: વિચાર કરતાં તમને એમ લાગે કે આને પણ વટી જાય એવી અનિષ્ટની એક ભૂમિકા છે, જ્યાં માણસ શું વાદી કે પ્રતિવાદી તરીકે, પોતાના બધા દિવસો કોરટમાં ગાળતો જીંદગીભરનો કોરટેચ્યુ + થઈ રહે છે એટલું જ નહિ પણ પોતાની કુરુચિને લીધે પોતાની કલહપ્રિયતાને માટે ઉલટો ખરેખર એ મગરૂર થવા પ્રેરાય છે; (क) એ એમ કલ્પે છે કે પોતે અપ્રમાણિકપણામાં નિષ્ણાત છે તથા દરેક કુટિલ કામ કરવા અને કુમળી ડાંખળીની જેમ વાંકા વળીને દરેક છિદ્રની અંદર કે બહાર આમતેમ જઈ શકવા અને ન્યાયના ચૂકાદામાંથી છટકી જવા એ સમર્થ છે: અને આ બધું શા માટે?—ઉલ્લેખ કરવાની યોગ્યતા ન ધરાવતી હોય એવી ક્ષુદ્ર બાબતોમાં લાભ ઉઠાવવા માટે,—કારણ એ જાણતો નથી કે પોતાના જીવનને એવી રીતે વ્યવસ્થિત કર્યું હોય કે ઓકાં બાતા ન્યાયાધીશ વગર ચલાવી લેવા આપણે શક્તિમાન થઈએ તો તે અત્યંત ઉચ્ચ અને ઉદાત્ત વસ્તુ છે. શું આ હજી એથી પણ વધારે શરમભરેલું નથી?

તેણે કહ્યું: હા, એ હજી એથી પણ વધારે શરમભરેલું છે.

+ જેને કોર્ટે ચડવાની ટેવ પડી છે તેવો.

મેં કહ્યું : વારુ અને જ્યારે જખમને રૂઝાવવો હોય, ત્યારે અથવા કોઈ રોગચાળો ફાટી નીકળ્યો (ડ) હોય તે પ્રસંગે નહિ, પણ એસ્લેપિયસના કુશળ પુત્રોને શરદી અને આફરા જેવાં નવાં નામો શોધવાની ફરજ પાડે એવા માણસો, આપણે વર્ણન કરીએ છીએ એવી જીવનચર્યા અને આળસને લીધે, પોતાનાં શરીર જાણે પાણીથી ગદ્દગદી ગયેલી જમીન હોય નહિ તેમ તેમાં પાણી અને પવન ભરે છે,—(અને) આ જ કારણને લીધે જ્યારે ઔષધની જરૂર પડે,—ત્યારે એ પણ શું શરમની વાત નથી ?

તેણે કહ્યું : હા, તેઓ રોગોને અત્યંત વિચિત્ર અને અવનવી નવાઈનાં નામો અવશ્ય આપે છે જ.

મેં કહ્યું : હા, અને હું નથી માનતો કે એસ્લેપિયસના વખતમાં એવા કોઈ રોગો હતા:* (ઇ) અને હું આ અનુમાન બાંધું છું તે એ હકીકત પરથી કે વીર યુરિપિલસ, હોમર (ના ગ્રંથ) માં, એ ઘાયલ થાય છે ત્યાર પછી, જેનાથી અચૂક સોજો ચડે એવો જવનો લોટ તથા પનીરની ભૂકી જેમાં સારી પેઠે છાંટેલાં છે (૪૦૬) એવા પ્રેમ્નિયન દારુનું ભરેલું પાત્ર પી જાય છે, અને છતાં એસ્લેપિયસના પુત્રો જેઓ ટ્રોજન લડાઈ વખતે હાજર હતા, તેઓ, જે કન્યા એને આ પીવા આપે છે તેને દોષ દેતા નથી, તેમ જે પેટ્રોક્લસ એની સારવાર કરે છે એને ઠપકો આપતા નથી !

તેણે કહ્યું : વારુ, એવી સ્થિતિમાં માણસને આવું પીણું આપવું તે તો અવશ્ય અસાધારણ જ ગણાય.

મેં જવાબ આપ્યો : પહેલાંના જમાનામાં, એટલે કે સામાન્ય રીતે કહેવામાં આવે છે તેમ, હેરોડિકસના જમાના પહેલાં, એસ્લેપિયસની શ્રેણીના લોકો આપણી હાલની વૈદકની પદ્ધતિ—જે વિશે એમ કહી શકાય કે એ તો ઉલટા રોગોને કેળવે છે—તેમાં વ્યવહાર કરતા નહોતા. પરંતુ હેરોડિકસ શિક્ષક હોવાથી અને એનું પોતાનું

* શારીરિક કેળવણી–મુદ્દો. ૩. આયુર્વેદ.

(શારીરિક) બંધારણ માંદલું હતું તેથી (બ) શિક્ષણ અને વૈદકના સંયોજન દ્વારા એણે પહેલાં મુખ્યત્વે પોતાની જાતને અને પછી બાકીની દુનિયાને રીબાવવાનો રસ્તો શોધી કાઢયો એટલું જો તમે ધ્યાનમાં રાખો તો તમને આ વાત આટલી અસાધારણ નહિ લાગે.

તેણે કહ્યું: એ કેવી રીતે!

ધી–મે ધી–મે મરાય એવી શોધથી; કારણ એને એક જીવલેણ રોગ હતો, જેનું એ હરહંમેશ જતન કરતો; અને એમાંથી સાજા થવાનો તો સવાલ જ નહોતો, તેથી તેણે પોતાની આખી જીંદગી સદા–રોગીની જેમ કાઢી; પોતાની જાત સંભાળવા સિવાય એ બીજું કશું કરી શકતો નહિ; અને જ્યારે પોતાની નિયત બાવાપીવાની પદ્ધતિમાંથી જરા પણ આડે જતો ત્યારે એને સતત યાતના થતી, અને એ રીતે રીબાઈ રીબાઈને, પોતાના શાસ્ત્રની મદદથી, વૃદ્ધાવસ્થા સુધી તે તરફડિયાં મારતો પહોંચ્યો,

એના કૌશલ્યનો એ વિરલ બદલો!

(ક) મેં કહ્યું: હા, એસ્લેપિયસે જો પોતાના વંશજોને સદા–રોગિષ્ટ રહેવાની કલાનું શિક્ષણ ન આપ્યું, તો તે દોષ કંઈ એના અજ્ઞાન અથવા વૈદકની એ શાખાના બિનઅનુભવમાંથી ઉદ્‌ભવ્યો નહોતો; પણ—કારણ એ જાણતો હતો કે તમામ સુવ્યવસ્થિત રાજ્યોમાં દરેક વ્યક્તિને મુકરર ધંધો હતો જેનું એને પાલન કરવાનું જ હતું અને તેથી એને એટલી ફુરસદ ન રહે કે એ સતત માંદો રહી શકે!— આ (સત્ય) જે કદી સમજી ન શકે તેવો માણસ ખુશીથી આવા (તમે કહો છો તેવા વિરલ) બદલાની અપેક્ષા રાખી શકે. (પોતાને માંદા પડવાની ફુરસદ પણ ન હોય–એમ) કારીગરના સંબંધમાં આપણે બોલીએ છીએ, પરંતુ આપણે વધારે પૈસાદાર વર્ગના લોકોને આ નિયમ લાગુ પાડતા નથી એ અત્યંત હાસ્યાસ્પદ છે.

તેણે કહ્યું: એવો અર્થ તમે કેવી રીતે કાઢો છો?

(ડ) મારો અર્થ આ છે: સુથાર માંદો પડે ત્યારે એ ગમે તેવી કડવી (કે ઉગ્ર) અને જલદી સાજા કરે એવી દવા માગે છે; વાંતિકર કે વિરેચક અથવા ડામ કે શસ્ત્ર (કાપ)—આ ઉપાયો એ વાપરે છે, અને જો કોઈ એને પથ્યાપથ્યની રીતિ ઔષધવિધિ તરીકે નિશ્ચિત કરી આપે અને કહે કે એણે માથા પર પાઘડી જેવડા પાટા બંધાવવા જોઈએ અને એવું બીજું બધું—તો એ તુરત જવાબ આપશે કે એને માંદા પડવા જેટલી નવરાશ નથી; અને પોતાના સામાન્ય ધંધા તરફ બેદરકાર થવું પડે એ રીતે પોતાના રોગની સારવાર કરવામાં ગાળેલી જીંદગીમાં કશું ઇષ્ટ નથી એમ એને દેખાય છે, (ઢ) અને તેથી આવા વૈદ્યને 'રામરામ' કરીને, એ પોતાનું સામાન્ય રૂઢ જીવન પાછું શરુ કરે છે અને કાં તો તંદુરસ્ત થાય છે અને જીવે છે અને કામ કરે છે, અને નહિ તો—જો એનું શરીર પડી ભાંગે તો એ મરી જાય છે અને (પછી) એને કંઈ ફરિયાદ રહેતી નથી.

તેણે કહ્યું: હા, જીંદગી એવી સ્થિતિએ પહોંચી ગઈ હોય, તો માણસે વૈદકની કળાનો માત્ર એટલા પૂરતો જ ઉપયોગ કરવો જોઈએ (એથી વધારે નહિ).

(૪૦૭) મેં કહ્યું: શું એને ધંધો રોજગાર નથી, અને એની પાસેથી એનો ધંધો છીનવી લેવામાં આવે, તો એની જીંદગીમાં શો ફાયદો રહે?

તેણે કહ્યું: તદ્દન ખરું.

પરંતુ પૈસાદાર માણસનો સવાલ જુદો છે; એને જીવવું હોય તો, ખાસ કંઈ મુકરર કામ, જે એણે કરવું જ જોઈએ, એવું કંઈ એની પાસે છે એમ—એને વિશે આપણે કહેતા નથી.

એને કશું કરવાનું હોતું નથી એમ સામાન્ય રીતે માનવામાં આવે છે.

ત્યારે તમે ફ્રેાસિલાર્ઈડિઝનું વચન કદી સાંભળ્યું લાગતું નથી, કે માણસને ભરણપેાષણનું સાધન મળે કે તરત જ તેણે સદ્‌ગુણનું આચરણ કરવું જોઈએ.

તેણે કહ્યું : એમ નહિ, એનાથી કંઈક અગાઉ (ભરણપેાષણનું સાધન મળે તે પહેલાં) એણે શરુ કરવું જોઈએ એમ હું માનું છું.

મેં કહ્યું : આ વિશે આપણે એની (ફ્રેાસિલાર્ઈડિઝની) સાથે ઝઘડેા નહિ કરીએ; પણ ઉલટા આપણી જાતને પ્રશ્ન પૂછીશું : શું પૈસાદાર માણસે ફરજ તરીકે સદ્‌ગુણ આચરવેા જ જોઈએ કે પછી એ વગર એ જીવન ગાળી શકે? (બ) અને જો એની એ ફરજ હેાય, તેા આપણે આગળ જઈ એક પ્રશ્ન ઊભેા કરીશું કે વ્યાધિઓને પથ્યાપથ્યવિધિ દ્વારા મટાડવાની એની પદ્ધતિ—જે યાંત્રિક કલાઓ અને સુથારીકામમાં ચિત્ત એકાગ્ર કરવામાં વિઘ્નરૂપ થઈ પડે છે—તે શું ફ્રેાસિલાઈડિઝની ભાવનાની એટલી જ આડે આવતી નથી?

તેણે જવાબ આપ્યેા : એ વિશે કશી શંકા હેાઈ જ ન શકે; શરીરની વધારા પડતી સંભાળ, જ્યારે શારીરિક કેળવણીના નિયમેાનું ઉલ્લંઘન કરી જાય, ત્યારે સદ્‌ગુણના આચરણની મહાવૈરી થઈ પડે છે.

મેં જવાબ આપ્યેા : હા, અને ઘરની, લશ્કરની અથવા રાજ્યના ખાતાની વ્યવસ્થા કરવામાં પણ એટલી જ વિરેાધી; અને સૌથી વધારે અગત્યનું તેા એ છે કે કેાઈ પણ પ્રકારના અભ્યાસ કે વિચાર કે આત્મનિરીક્ષણના (ક) કાર્યની સાથે એ અસંગત છે—આવા લેાકેાને એક સતત શંકા રહ્યા કરે છે કે માથું દુઃખે અથવા ફેર આવે એનું કારણ ફિલસૂફી છે, અને તેથી ઉચ્ચતર અર્થમાં સદ્‌ગુણનું આચરણ કે તેને આચરણમાં મૂકવાનેા પ્રયત્ન સર્વાંશે છેાડી દેવામાં આવે છે; કારણ પેાતે એથી માંદેા પડી જાય છે એમ એ હંમેશાં કહ્યા કરે છે અને પેાતાના શરીરની સતત ચિંતામાં રહે છે.

હા, એ પૂરતું સંભવિત છે.

અને તેથી જે માણસેા સામાન્ય રીતે તંદુરસ્ત બાંધાના હતા,

અને જેમના જીવનની ટેવો આરોગ્યમય હતી, તથા જેમની ફરિયાદોનું સ્વરૂપ નિશ્ચિત હતું તેમને જ વિવેકી એસ્લેપિયસે પોતાની કલાની શક્તિ દેખાડી હતી એમ (ડ) માની શકાય; આવી (ફરિયાદોને) રેચ કે વાઢકાપથી એ દૂર કરતો અને રાજ્યના હિતનો એમાં વિચાર કરીને, પાછું એમને એમનું સામાન્ય જીવન ગાળવા ફરમાવતો; પરંતુ જે શરીરમાં રોગ ઘર કરી બેઠો હોય તેને ધીમે ધીમે રેચ કે ફાંટ આપવાની પદ્ધતિથી સાજું કરવાનો પ્રયત્ન કરતો નહિ. કોઈ પણ કામ માટે નકામી જેવી જીંદગીઓ લંબાવવી કે (જેને પરિણામે) અશક્ત પિતાઓ વધારે અશક્ત છોકરાંઓ પેદા કરે એ એને પસંદ નહોતું;—સાધારણ રીતે (બીજા જીવે છે એમ) જો કોઈ જીવન ગાળવા અશક્ત હોય, તો એને કંઈ પડી નહોતી (ઢ) કે એને સાજો કરે; કારણ એવા (રોગનો) ઉપશમ પોતાને કે રાજ્યને કશા પણ ઉપયોગનો થઈ શકે નહિ.

તેણે કહ્યું : ત્યારે એસ્લેપિયસની એક રાજ્યદ્વારી પુરુષ તરીકે તમે ગણના કરો છો કેમ ?

એ સ્પષ્ટ છે; અને એના પુત્રો એના માનસને (૪૦૮) આગળ ઉપર વ્યક્ત કરે છે. એટલું ધ્યાનમાં રાખજો કે પ્રાચીન કાળના તેઓ વીર પુરુષો હતા, અને જે દવાઓનો હું ઉલ્લેખ કરું છું તે ટ્રોયના ઘેરા વખતે તેઓ આપતા હતા. તમને યાદ આવશે કે જ્યારે પેન્ડેરસે મેનિલોસને ઘાયલ કર્યો ત્યારે તેમણે કેવી રીતે

'જખમમાંથી લોહી સૂચી લીધું, અને ઠંડા ઉપચારો છાંટ્યા'[1],

પરંતુ જેમ યુરિપિલસને કહ્યું નહોતું તેમજ, મેનિલોસના પ્રસંગે પણ હરદાએ પાછળથી શું ખાવું કે પીવું તે વિષે તેમણે કદી નિર્દેષ કર્યો નહોતો. એમનો ખયાલ એવો હતો કે ઘાયલ થતા પહેલાં જેની ટેવો આરોગ્યમય અને નિયમિત હોય એવા ગમે તે માણસને એમના ઉપચારો સાજો કરવા પૂરતા હતા; (ઢ) અને જો કે એણે (યુરિપિલસે) પાત્ર ભરીને પ્રેમ્નિયન દારુ પીધો ખરો—અને તેમ છતાં એ સાજો

1 Iliad : 4-218.

થાય પણ ખરો. પરંતુ જે પ્રજાજનોની જીંદગી તેમને અથવા બીજાને કશા ઉપયોગની નથી, એવા રોગિષ્ટ અને અસંયમી લોકો સાથે તેઓ કંઈ લેવાદેવા રાખતા નહિ; વૈદકની કળા કંઈ એવાઓનું ધષ્ટ સાધવા યોજાઈ ન હોતી, અને તેઓ મીડાસ જેટલા તવંગર હોત તોપણ એસ્લેપિયસના પુત્રોએ એમની દવા કરવાની ના પાડી હોત.

એસ્લેપિયસના એ પુત્રો! તેઓ બહુ તીક્ષ્ણ બુદ્ધિના લોકો હતા!

મેં જવાબ આપ્યો : એ સ્વાભાવિક હતું. છતાં કરુણરસપ્રધાન નાટકોના લેખકો તથા પીન્ડાર, આપણા આદેશોનું પાલન ન કરતાં, જો કે તેઓ કબૂલ કરે છે કે એસ્લેપિયસ એપોલોનો પુત્ર હતો, તોપણ વળી કહે છે, કે એક તવંગર માણસ જે મરવાની અણી પર હતો એણે લાંચ આપી તેથી તેમણે એને સાજો કર્યો અને આ કારણે (ક) એના પર વીજળી પડી. પરંતુ આપણે જે સિદ્ધાંત કયારનો નિશ્ચિત કર્યો છે તે અનુસાર એ બંને (વાત) જ્યારે તેઓ આપણને કહેવા આવશે ત્યારે આપણે એમાં નહિ માનીએ;—જો એ દેવનો પુત્ર હતો તો અમે કહીએ છીએ કે એ લોભી નહોતો; અથવા જો એ લોભી હતો, તો એ દેવનો પુત્ર નહોતો.

સોક્રેટિસ, આ બધું તો બહુ ઠીક; પરંતુ મારે તમને એ સવાલ કરવો છેઃ રાજ્યમાં સારા વૈદ્યો શું ન હોવા જોઈએ, અને જેમણે સૌથી વધારે સંખ્યામાં સારા અને ખરાબ બાંધાના શરીરોને સારાં કર્યો હોય એ શું (ડ) સારામાં સારા વૈદ્યો નહિ? અને એ જ રીતે જેઓ દરેક પ્રકારના નૈતિક સ્વભાવોથી પરિચિત હોય, એ શું સારામાં સારા ન્યાયાધીશો નહિ?

મેં કહ્યું: હા, સારા ન્યાયાધીશોને તથા સારા વૈદ્યોને તો હું પણ રહેવા દઉં. પરંતુ હું સારા કોને ગણું છું એની તમને ખબર છે?

મને કહોને!

જો મારાથી કહી શકાશે તો કહીશ. પરંતુ મારે સ્પષ્ટ કરવું

જોઈએ કે એક સવાલમાં તમે જે એ બાબતો એક નથી એને ભેળવી દો છો.

તેણે પૂછ્યું: એમ કેમ?

મેં કહ્યું: કેમ, જે—તમે દાક્તરો અને ન્યાયાધીશોને ભેગા મૂકો છો. હવે હકીકત એવી છે કે જેમણે પોતાની યુવાવસ્થાથી માંડીને પોતાની કલાના જ્ઞાનની સાથે સાથે રોગોનો વધારેમાં વધારે બહોળો અનુભવ (દૃ) પણ મેળવ્યો હોય તેવા જ સૌથી વધારે કુશળ દાક્તરો થઈ શકે. તેઓનું આરોગ્ય (બહુ) દૃઢ ન હોય તો વધારે સારું અને એમના પોતાના શરીરમાં તમામ જાતના રોગો હોવા જોઈએ.* કારણ મારા ખયાલ પ્રમાણે, જે સાધનથી તેઓ શરીરને રોગમુક્ત કરે છે એ સાધન કંઈ શરીર નથી; એમ હોય તો તેમને કદી રોગ થયો હોય અથવા થાય તો આપણે ચલાવી લઈ ન શકીએ પરંતુ તેઓ મનથી જ શરીરને રોગમુક્ત કરે છે, અને જે મન રોગિષ્ટ થઈ ગયું છે અને છે, તે કોઈને રોગમુક્ત કરી શકે નહિ.+

તેણે કહ્યું: એ તદ્દન ખરું છે.

(૪૦૯) પરંતુ ન્યાયાધીશોનો સવાલ જુદો છે; કારણ એ મનથી મન પર શાસન કરે છે, માટે પોતાના જાતઅનુભવ પરથી જેમ વૈદ્ય બીજાઓના શારીરિક વ્યાધિઓનું અનુમાન બાંધી શકે, તેમ ન્યાયાધીશ બીજાના ગુનાઓ વિશેનું પણ જલદીથી અનુમાન કરી શકે એટલા જ કારણસર, કંઈ એને દુર્ગુણી મનવાળા લોકોની સાથે શિક્ષણ અપાવવાની, અને તેમની સોબતમાં જુવાનીથી માંડીને રહેવાની તથા આખી નામાવલીમાં આવતા ગુનાઓમાંથી (અનુભવ લેવા) પસાર થવાની જરૂર નથી; જે સુ-પ્રતિષ્ઠિત ચિત્ત વડે (તેમણે નૈતિક દૃષ્ટિએ)

---

* શારીરિક કેળવણી-મુદ્દો-૪. વૈદ્ય અને ન્યાયાધીશ.

+ સરખાવો ઉપર ૩૯૬ અ તથા તેની ફૂટનોટ. સારા વૈદ્યને પોતાને બધા રોગો થયા હોવા જોઈએ એવી પ્લેટોની દલીલ આપણને વિચિત્ર લાગે

નિરાગી નિર્ણય આપવાનો છે, તેને કિશોરાવસ્થામાં દુષ્ટ ટેવોનો કશો અનુભવ ન હોવો જોઈએ, અથવા તેનો ચેપ ન લાગવો જોઈએ. અને સારા માણસોના આત્મામાં, દુષ્ટતા (ब्र) શી વસ્તુ છે એનાં દૃષ્ટાંતો હોતાં નથી, તેથી કિશોરાવસ્થામાં તેઓ ઘણી વાર જે ભોળા જેવા દેખાય છે તથા અપ્રમાણિક લોકો તેમને સહેલાઈથી છેતરી જાય છે તેનું પણ આ જ કારણ છે.

તેણે કહ્યું : હા, તેમને છેતરાવાનો ઘણો જ સંભવ છે.

મેં કહ્યું : તેથી ન્યાયાધીશની ઉમ્મર નાની ન હોવી જોઈએ. આત્માથી (એટલે–નહિ કે જાત અનુભવ પરથી) પરંતુ બીજામાં રહેલી દુષ્ટતાના સ્વભાવનાં લાંબાં અને મોડે સુધી કરેલાં નિરીક્ષણ દ્વારા : (क) અંગત અનુભવ નહિ પણ જ્ઞાન એનું દોરનાર હોવું જોઈએ.

તેણે કહ્યું : હા. આદર્શ ન્યાયાધીશ એ છે.

મેં જવાબ આપ્યો : હા, અને એ સારો માણસ હશે [જે તમારા પ્રશ્નનો જવાબ છે]; જેનો આત્મા સારો છે એ પોતે સારો છે. પરંતુ કુટિલ અને શંકાશીલ સ્વભાવ જેને વિશે આપણે વાત કરતા હતા,—એ, જેણે ઘણા ગુનાઓ કર્યા છે અને જે પોતાને દુષ્ટતામાં એક્કો માને છે, તે જ્યારે પોતાના સહચરોની સાથે હોય છે ત્યારે પોતાની જાત પરથી એ લોકો વિશેનો વિચાર બાંધે છે તેથી પહેલેથી ઉપાયો લેવામાં એ (કંઈ) અદ્‌ભુત હોય છે; પરંતુ

એવી છે અને એવો જાત અનુભવ અશક્ય પણ છે. વૈદ્યમાં રોગોનું અનુભવ-જન્ય જ્ઞાન હોવાની જરૂર નથી. 'મનથી જ શરીરને રોગમુક્ત કરે છે'—આનો અર્થ Mental Healing કે શ્રદ્ધાથી રોગ મટાડવો એવો નથી. મનથી વિચાર કરીને વૈદ્ય દવા આપે છે અને તેથી રોગ જાય છે એટલો જ અર્થ પ્લેટોને અભિપ્રેત છે. પરિ. ૨–૩૭૬ જ્યાં પ્લેટો ઓળખવું અને જ્ઞાન હોવા વચ્ચે ગોટાળો કરે છે, તેમ અહીં રોગનો જાતે અનુભવ હોય તો જ તેનું જ્ઞાન થઈ શકે એમ પ્લેટો માને છે.

જ્યારે એ સદ્‌ગુણી માણસો—જેમણે ઉમ્મર થયે અનુભવ મેળવ્યો છે, એવાના સમાગમમાં આવે છે, ત્યારે એની પોતાની બિનપાયાદાર શંકાઓને લઈ ને એ ફરી મૂર્ખ દેખાય (ડ) છે; એ પ્રમાણિક માણસને ઓળખી શકતો નથી, કારણ એનામાં પ્રમાણિકપણાનો પ્રતિકૃતિ * નથી; (છતાં) દુનિયામાં સારા કરતાં ખરાબની સંખ્યા વધારે મોટી છે, તેથી અને એ ખરાબના સમાગમમાં વધારે આવતો હોવાથી, (એના જેવા) બીજાઓ તેમજ પોતે પોતાની જાતને મૂર્ખ નહિ પણ ઉલટી ડાહી માને છે.

તેણે કહ્યું : તદ્દન ખરું.

ત્યારે જે સારા અને વિવેકી ન્યાયાધીશને આપણે શોધીએ છીએ તે આ માણસ નહિ પણ બીજો; કારણ વળી દુર્ગુણ સદ્‌ગુણને ઓળખી નહિ શકે,× પરંતુ કાળે કરીને શિક્ષણ પામેલો સદ્‌ગુણી સ્વભાવ સદ્‌ગુણ અને દુર્ગુણ બન્નેનું જ્ઞાન મેળવી શકશે : (ઢ) દુર્ગુણી નહિ પણ સદ્‌ગુણી માણસમાં જ વિવેકબુદ્ધિ હોઈ શકે છે—મારા અભિપ્રાય પ્રમાણે.

અને મારા પણ.

તમારા રાજ્યમાં આ પ્રકારના વૈદકશાસ્ત્રને અને આ જાતના કાયદાને તમે અનુમતિ આપશો. શરીર અને આત્મા બંનેનું આરોગ્ય અર્પીને વધારે સારા સ્વભાવવાળાંનું (૪૧૦) તે પોષણ કરશે; પરંતુ

---

* 'Pattern of honesty' વસ્તુ અને વસ્તુતત્ત્વ—A thing and its Idea—એ બે વચ્ચેના સંબંધનું વર્ણન કરતાં પ્લેટો ઘણી વાર Pattern શબ્દ વાપરે છે. જે તત્ત્વ છે તે એક આદર્શ નમૂનો છે અને જડ વસ્તુ શક્ય તેટલું એનું અનુકરણ કરે છે. જેટલે અંશે વસ્તુ વધારે સારું અનુકરણ કરી શકે તેટલે અંશે તે વધારે સારી. અથવા તત્ત્વનો અંશ એમાં તેટલો વધારે.

× પરંતુ "લૉઝ"ના પુસ્તક ૧૨ માં પ્લેટો એવો અભિપ્રાય દર્શાવે છે કે દુર્ગુણ પણ સદ્‌ગુણનો સાચો ખ્યાલ બાંધી શકે. એટલે કે Vidio meliora proboque deteriora sequor એ સ્થિતિ શક્ય છે, એમ એ માને છે.

જેઓ શરીરે રોગિષ્ટ છે તેમને તે મરવા દેશે, તથા દુષ્ટ અને (માનસિક વ્યાધિવાળા) અસાધ્ય આત્માઓ પોતાની જાતે પોતાનો અંત આણશે.

રાજ્ય તથા દરદીઓ – બન્નેની દૃષ્ટિએ આ વાત સૌથી સારી છે એ સ્પષ્ટ છે.

અને આ રીતે, આપણે કહ્યું તેમ જે માનસિક કેળવણી સંયમ પ્રેરે છે તેનું જ માત્ર શિક્ષણ મળવાથી આપણો યુવાન કોર્ટે ચડવાની ઇચ્છા નહિ કરે.

એ સ્પષ્ટ છે.

(બ) અને (આવી માનસિક કેળવણી લીધાથી જેનું જીવન સંવાદી બન્યું છે એવો) સંગીતજ્ઞ * આ જ રસ્તે ચાલીને સાદી શારીરિક કેળવણી લેવામાં સંતોષ માનશે, તો કોઈ ગંભીર પ્રસંગ સિવાય એ દવાઓ સાથે લેવાદેવા નહિ રાખે.

હું એ તદ્દન માનું છું.

કસરતનાં અને મહેનતનાં એ જે જે કામ કરશે તેનો હેતુ માત્ર પોતાના સ્વભાવના પ્રાણમય તત્ત્વને ઉત્તેજિત કરવાનો હશે, નહિ કે પોતાનું (શારીરિક) બળ વધારવાનો; સામાન્ય કસરતબાજોની જેમ એ કસરત અને પથ્યાપથ્ય ખોરાકની વિધિનો પોતાના સ્નાયુઓ વધારવામાં ઉપયોગ નહિ કરે.

તેણે કહ્યું : બહુ સાચું.

(ક) તેમ જ ઘણી વાર માનવામાં આવે છે તેમ, એક તે આત્માના શિક્ષણને અર્થે અને બીજી શરીરને કેળવવા માટે—કોઈ એ રીતે ખરેખર માનસિક અને શારીરિક કેળવણીની બે (ભિન્ન) કળાઓ યોજવામાં આવી નથી.+

---

* Musician. Music = 'માનસિક શિક્ષણ' પરથી Musician.

÷ પરિ ૩ : મુદ્દો–માનસિક તથા શારીરિક કેળવણી વચ્ચેનો સંબંધ.

ત્યારે એનો ખરેખરો હેતુ શો છે ?

મેં કહ્યું : હું માનું છું કે એ બંનેના શિક્ષકોએ તો મુખ્યત્વે આત્માની સુધારણાને જ દૃષ્ટિ સમક્ષ રાખેલી છે.

મેં કહ્યું ; કેવળ શારીરિક કેળવણીની ઉપાસનાથી મન પર જે અસર થાય છે, અથવા માનસિક કેળવણીની એકતરફી ઉપાસનાથી જે વિરોધી અસર થવા પામે છે તે શું કદી તમે જોઈ નથી ?

તેણે કહ્યું ; એમ કઈ રીતે ?

(ડ) મેં જવાબ આપ્યો : એક છે તે સ્વભાવમાં કઠોરતા અને ઉગ્રતા લાવે છે, બીજી મૃદુતા અને સ્ત્રૈણભાવ.

તેણે કહ્યું : હા, મને પૂરેપૂરી ખબર છે, કે જે માત્ર કસરતબાજ હોય છે તેમાં વધારા પડતું જંગલીપણું હોય છે, અને જેણે માત્ર માનસિક કેળવણી લીધી હોય તે પોતાને હિતકારક થઈ પડે એથી (પણ) વધારે પોચો થઈ જાય છે અને પીગળી જાય છે.*

મેં કહ્યું : છતાં એટલું ચોક્કસ છે કે આ ઉગ્રતા માત્ર પ્રાણમાંથી જ બહાર આવે છે; એને સારી રીતે કેળવણી આપી હોય, તો એમાંથી શૌર્ય નીકળી આવે, પણ જો એને અત્યંત તીવ્ર કરવામાં આવે, તો એ કઠોર અને પાશવ થવાનો સંભવ છે.×

હું એમ જ માનું છું.

(ઢ) બીજી તરફ ફિલસૂફમાં નમ્રતાનો ગુણ હશે અને આનું બહુ જ વધારા પડતું સેવન કરવામાં આવે તો એમાંથી બાયલાપણું

---

* એક તરફ વધારા પડતું જંગલીપણું કેળવાય, અને બીજી બાજુ માણસ સ્વભાવે અતિ પોચું થઈ જાય, એ બેની વચ્ચે જે પદ્ધતિ મધ્યમ માર્ગ કાઢે તે ખરી કેળવણી. ઍરિસ્ટોટલના સિદ્ધાન્તાનુસાર સદ્‌ગુણ એટલે મધ્યમ માર્ગ એની અહીં ઝાંખી થાય છે. સરખાવો ઉપર ૩૫૯–અ

× Ferocity–જંગલીપણું–Courage–શૌર્ય–Timidity–બીકણપણું Softness–અત્યંત પોચો સ્વભાવ : Gentleness–ખરી નમ્રતા.

ઉત્પન્ન થશે, પણ જો સારી રીતે કેળવવામાં આવે, તો એ નમ્ર અને વિનીત થઈ રહેશે.

ખરું.

અને આપણા અભિપ્રાય અનુસાર પાલકોમાં આ બન્ને ગુણો હોવા જોઈએ ?

અચૂક.

આ બંને વચ્ચે સંવાદ હોવો જોઈએ ખરું ને ?

એવો પ્રશ્ન જ ન થઈ શકે.

અને સંવાદી આત્મા સંયમી અને શૂરવીર બંને હશે હા.

(૪૧૧) અને વિસંવાદી (આત્મા) કાયર અને રોંચો હોય છે.

તદ્દન ખરું.

અને જ્યારે માણસ પોતા પર સંગીતની અસર થવા દે છે, અને આપણે હમણાં જ જે વિશે વાત કરતા હતા તેવાં મધુર, મૃદુ અને ઉદાસીનતાને પોતાના કાનની નળીઓ વાટે પોતાના આત્મામાં રેડાવા દે તથા પોતાની આખી જીંદગી ગીતના આનંદમાં અને કૂજનમાં પસાર કરે, ત્યારે એ ક્રિયાના પ્રથમારંભમાં એનામાં જે પ્રાણ અથવા ભાવ (તું તત્ત્વ રહેલું છે) તે તપાવેલા લોઢાની જેમ મૃદુ થાય છે, અને બટકણું અને નિરુપયોગી થવાને બદલે (બ) ઉપયોગી બને છે. પણ જો મૃદુ અને શમન કરવાની આ ક્રિયાને એ લંબાવે, તો ત્યાર પછીની સ્થિતિમાં એ પીગળવા માંડે છે અને એનો ક્ષય થાય છે, તે એટલે સુધી કે (એનું સેવન) પ્રાણનો હ્રાસ કરે છે અને આત્માની શક્તિને છેદી નાંખે છે; અને એ બલહીન સૈનિક બને છે.

બહુ સાચું.

જો એનામાં પ્રાણનું તત્ત્વ સ્વાભાવિક રીતે જ નબળું હોય, તો આ પરિવર્તન એનામાં તુરત થવા પામે છે; પણ જો એ વધારે

પ્રમાણમાં હોય તો સંગીતની શક્તિથી એનો પ્રાણ નિર્બળ પડતાં એ ઉત્તેજનીય બને છે;—ઓછામાં ઓછા ઉત્તેજનથી પણ એ એકદમ સળગી (ક) ઊઠે છે, અને તુરત બૂઝાઈ જાય છે: પ્રાણવાન થવાને બદલે એ કોપનીય અને લાગણીપ્રધાન બને છે અને તદ્દન અવ્યવહારુ થઈ જાય છે.

એમ જ.

અને શારીરિક કેળવણીનું પણ આવું જ,—માણસ જો ઉગ્ર કસરતો કરે, અને ખૂબ ખાય અને સંગીત તથા ફિલસૂફીના પ્રખર અભ્યાસીથી ઉલટો જ હોય, તો પહેલાં એના શરીરની સારી સ્થિતિને લીધે એનામાં મગરૂરી અને પ્રાણ ભરાઈ આવે છે અને એ હતો એના કરતાં એવડો થાય છે.

અવશ્ય.

અને પછી શું થાય છે? જો એ બીજું કંઈ ન કરે અને (ડ) કલાની દેવીઓ* સાથે કશો સંબંધ ન રાખે, તો કોઈ જાતનું જ્ઞાન, કે અન્વેષણ કે વિચાર અથવા સંસ્કૃતિમાં કશો રસ ન હોવાથી, એનામાં જે કંઈ બુદ્ધિ હોય તે પણ શું ક્ષીણ, નિસ્તેજ અને અંધ નથી બની જતી, (એવી કે પછી) એનું મન કદી જાગ્રત ન થાય અને એને કશું પોષણ ન મળે, અને એની ઇન્દ્રિયો એનાં ધુમસ (નાં આવરણો)માંથી જરા પણ મુક્ત ન થાય?

તેણે કહ્યું: ખરું.

અને અંતે એ વીતવણીના શસ્ત્રનો ઉપયોગ ન કરે એવો, અસભ્ય અને ફિલસૂફીનો દ્વેષી (ઇ) બને છે,—એક જંગલી પ્રાણી જેવો એ છે, બધે બળજબરી અને ક્રૂરતા, અને બીજી કોઈ પણ રીતે એને કામ પાડતાં આવડતું નથી; અને એ દુષ્ટ પરિસ્થિતિમાં અને પૂર્ણ અજ્ઞાનમાં જીવે છે તથા ઔચિત્ય અને લાલિત્યની એને કશી સમજણ હોતી નથી

* જુઓ ઉપર ૩૭૬-ઇ-ફૂટનોટ.

તેણે કહ્યું: એ તદ્દન ખરું છે.

અને એક પ્રાણવાન અને બીજું તે ફિલસૂફીનું—એવાં બે તત્ત્વો મનુષ્યસ્વભાવમાં રહેલાં છે તેથી મારે એમ જ કહેવું જોઈએ કે કોઈ દેવે આ બે તત્ત્વોનો સુયોગ્ય સંવાદ સધાય નહિ ત્યાં સુધી બે (૪૧૨) [વાજિંત્રના તારની જેમ] ઢીલાં કે વધારે તંગ થઈ શકે એટલા માટે, એ બે તત્વોને [અને માત્ર આડકતરી રીતે આત્મા અને શરીરને] લાગુ પડે એવી બે કલાઓ એણે માનવ જાતને અર્પી છે.

એ જ હેતુ દેખાય છે.

અને જે માનસિક તથા શારીરિક કેળવણીનું સુંદરતમ પ્રમાણમાં મિશ્રણ કરે છે, અને એ દ્વારા આત્માને સૌથી સારી રીતે કેળવે છે, એને જ (વાજિંત્રના)તાર મેળવનારના કરતાં ઘણા જ ઉચ્ચતર અર્થમાં ખરેખર સાચો સંગીતજ્ઞ અને સંવાદ સાધનાર કહી શકાય.

સૉક્રેટિસ, તમે તદ્દન ખરું કહો છો.

અને રાજ્યવ્યવસ્થાને જો ટકાવી રાખવી હોય, તો આપણા રાજ્યમાં અધિષ્ઠાતા તરીકે આવી જ પ્રતિભાશાળી વ્યક્તિની હરહમેશ જરૂર રહેશે.

(બ) કેવળ એની જ જરૂર રહેશે?

ત્યારે ઉછેર અને કેળવણીના આપણા સિદ્ધાન્તો આવા છે, તો પછી આપણા પુરવાસીઓના નાચ અથવા એમની સરતો અને શિકાર કે એમના વ્યાયામ ને અશ્વારોહણની હરીફાઈઓની વધારાની વિગતોમાં ઉતરવાની શી જરૂર છે? કારણ આ બધાં સામાન્ય સિદ્ધાન્તને જ અનુસરે છે, અને આપણને એ (સિદ્ધાન્ત) મળી આવ્યો છે, તેથી આ (વિગતો) નક્કી કરતાં આપણને મુશ્કેલી નહિ પડે.

હું ખાત્રીથી કહું છું કે જરાય મુશ્કેલ નહિ પડે.

મેં કહ્યું: ઘણું સારું; ત્યારે હવે બીજો કયો પ્રશ્ન આવે છે?

કોણે પ્રજા અને કોણે શાસનકર્તા થવું જોઈએ એ પ્રશ્ન શું આપણે પૂછવો ન જોઈએ?*

(ક) અચૂક.

ઉમ્મરે નાનાં હોય તેમના પર વડીલોએ રાજ્ય કરવું જોઈએ એમાં તો શંકા ન હોઈ શકે.

એ સ્પષ્ટ છે.

અને એમાંના સૌથી સારા હોય તેમણે શાસન કરવું જોઈએ.

એ પણ સ્પષ્ટ છે.

હવે, જેઓ (એકાગ્ર ચિત્તે) ખેતીનું જ સૌથી વધારે સેવન કરતા હોય, એ જ શું સારામાં સારા ખેડૂતો નથી?

હા.

અને આપણા નગર માટે સારામાં સારા પાલકો આપણી પાસે હોવા જોઈએ, તો જેમનામાં પાલકનો ગુણ વધારેમાં વધારે હોય તેઓ જ શું પાલકો ન હોવા જોઈએ?

હા.

અને આ પ્રયોજન સાધવામાં તેઓ વિવેકી તથા કાર્યકુશળ હોવા જોઈએ, અને રાજ્યની તેમણે ખાસ સંભાળ રાખવી જોઈએ?

(ડ) ખરું.

અને જેને પોતે ચાહતો હોય તેની માણસ સંભાળ લે એ સૌથી વધારે સંભવિત છે.

અવશ્ય.

અને પોતાના જેવાં જ જેનાં હિત છે એમ પોતે માનતો હોય તથા જેના સારા કે ખરાબ ભાવિથી કોઈ કાળે પોતાના ભાવિ પર સૌથી વધારે અસર થશે એમ પોતે ધારતો હોય તેને તે ચાહશે—એ પણ સૌથી વધારે સંભવિત છે ખરું.

* ૨૩ : મુદ્દો—પાલકોની ચૂંટણી.

તેણે જવાબ આપ્યો : તદ્દન ખરું.

ત્યારે આપણે (આ દૃષ્ટિએ) ચૂંટણી કરવી જોઈએ. પાલકોમાં જેમણે પોતાની આખી જીંદગી દરમિયાન પોતાના દેશનું જે હિત હોય તે કરવા સૌથી વધારે ઇંતેજારી દેખાડી (દૃ) હોય તથા તેના હિતની વિરુદ્ધનું જે હોય તે આચરવા સૌથી મોટો તિરસ્કાર દર્શાવ્યો હોય તેવાઓની આપણે નોંધ લઈશું.

એ જ માણસો યોગ્ય છે.

અને તેઓ પોતાના નિશ્ચયને વળગી રહે છે કે નહિ,+ તથા જાદુ કે બલાત્કારની અસરથી કોઈ દિવસ રાજ્ય પ્રત્યેની પોતાની ફરજનું ભાન ભૂલે છે અથવા એને ફેંકી દે છે કે નહિ એ આપણે જોઈ શકીએ એટલા માટે વર્ષો વર્ષ એમનું નિરીક્ષણ કર્યા કરવું પડશે.

તેણે કહ્યું : ફેંકી દે છે એટલે ?

મેં જવાબ આપ્યો : હું તમને સમજાવું. માણસના મનમાંથી નિશ્ચય કાં તો એની ઇચ્છાએ કે પછી એની ઇચ્છા વિરુદ્ધ ખસી જાય છે; એની ઇચ્છા અનુસાર ત્યારે ખસ્યો (૪૧૩) કહેવાય કે જ્યારે એ અસત્યમાંથી મુક્ત થાય અને વધારે સારું શીખે, અને ઇચ્છા વિરુદ્ધ—જ્યારે સત્ય એની પાસેથી છીનવી લેવામાં આવે ત્યારે.*

તેણે કહ્યું : નિશ્ચયનો ઇચ્છિત લોપ કેવી રીતે થઈ શકે એ હું સમજ્યો, પણ અનિચ્છિત લોપનો અર્થ મારે હજી શીખવો બાકી છે.

મેં કહ્યું : કેમ, તમે શું નથી જોયું કે માણસો પાસેથી ઇષ્ટ (શ્રેય) અનિચ્છાએ છીનવી લેવાય છે, અને અનિષ્ટમાંથી એ ઇચ્છાએ મુક્ત થાય છે ? સત્યને ગુમાવી બેસવું એ શું અનિષ્ટ નથી, અને પોતા

+ થોડું વિષયાંતર

* કોઇ પણ માણસ સ્વેચ્છાએ અસત્ય સ્વીકારતો નથી, સ્વેચ્છાથી અજ્ઞાનમાં પડી રહેતો નથી, એટલે કે સ્વેચ્છાએ ખરાબ અથવા અનિષ્ટની ઇચ્છા કરતો નથી, એટલે કે અનિચ્છાએ જ અનીતિ આચરે છે—આ સિદ્ધાન્ત મૂળ સોક્રેટિસનો હતો.

પાસે સત્ય હોય એ શું પૂરું નથી ? અને વસ્તુઓ જેવી છે એવું જ એનું યથાર્થ જ્ઞાન થાય, × ત્યારે જ સત્ય પર અધિકાર આવ્યો એમાં તમે સંમત થશો ને ?

તેણે જવાબ આપ્યો : હા, મનુષ્યજાત પાસેથી સત્ય એમની અનિચ્છાએ છીનવી લેવામાં આવે છે એમાં હું તમારી સાથે સંમત છું.

(ब) અને આ અનિચ્છાએ થએલો લોપ કાં તો ચોરી, બલાત્કાર કે જાદુથી શું કરવામાં નથી આવતો ?

તેણે જવાબ આપ્યો : હજી હું તમારા કહેવાનો અર્થ સમજી શકતો નથી.

મને ભય છે કે કરુણરસપ્રધાન નાટકોના લેખકોની જેમ હું અસ્પષ્ટ રીતે બોલતો હોઈશ. મારે એટલું જ કહેવાનું છે કે કેટલાએક લોકો વિનવણીથી બદલાઈ જાય છે, અને બીજાઓ ભૂલી જાય છે; એક વર્ગના લોકોનાં હૃદય દલીલો ચોરી જાય છે, અને બીજાનાં કાળ; અને આને હું ચોરી કહું છું. હવે તો તમે મારો અર્થ સમજો છો ખરું ને ?

હા.

વળી જેમના પર બલાત્કાર કરવામાં આવે છે, તેઓને કાં તો કોઈ દુઃખની ઉગ્રતાને લીધે અથવા શોકને લીધે પોતાના અભિપ્રાયો બદલવા પડે છે.

તેણે કહ્યું : હું સમજું છું, અને તમે કહો છો તે ખરું છે.

(क) અને એ પણ તમે કબૂલ કરશો કે જેઓ જાદુમાં ફસાયા છે તેઓનાં મન કાં તો સુખની મૃદુતર અસર નીચે અથવા ભયની વધારે કઠોર અસરને લઈ ને બદલાઈ જાય છે.

તેણે કહ્યું : હા, દરેક પ્રકારની છેતરપીંડીને આપણે જાદુ કહી શકીએ.

× Correspordence Theory of Truth.

માટે, હું હમણાં જ કહેતો હતો તેમ, એમના વિચાર અનુસાર રાજ્યનું જે હિત હોય તે જ પોતાના જીવનનો નિયમ બને—એની પોતાની પ્રતીતિના સૌથી સારા પાલકો કોણ છે એ બાબત આપણે પૃચ્છા કરવી જોઈએ. એમની કિશોરાવસ્થાની શરૂઆતથી આપણે એમનું નિરીક્ષણ કરવું જોઈએ અને તેઓ (સત્યને) ભૂલી જાય અથવા (પોતે) છેતરાઈ જાય એવો સૌથી વધારે સંભવ હોય તેવાં કામ તેમની પાસે કરાવવાં જોઈએ, અને જે (પોતાનું કર્તવ્ય) સ્મૃતિમાં રાખે અને (ડ) છેતરાય નહિ તેને પસંદ કરવો અને પરીક્ષામાં જે નાપાસ પડે એને બાતલ કરવો જોઈએ. આપણે એ રસ્તો લઈશું.

હા.

અને એમને માટે મજૂરીનાં કામ તથા દુઃખ અને લડતોનું નિયોજન જોઈએ, કે જેથી તેઓને એ જ ગુણોની વધારાની સાબીતીઓ આપવી પડે.

તેણે જવાબ આપ્યો : તદ્દન સાચું.

મેં કહ્યું : અને પછી આપણે જાદુથી (કે છેતરપીંડીથી) એમની પરીક્ષા કરવી જોઈએ—એ ત્રીજા પ્રકારની કસોટી છે—અને તેઓ કેવી રીતે વર્તે છે એ જોવું જોઈએ; જેમ નાના વછેરાઓને, તે ભડકે એવા છે કે નહિ એ જોવા, (મોટા) અવાજે અને તોફાનમાં લઈ જવામાં આવે છે, (ઢ) તેમ આપણા યુવાનો તમામ માયાજાળની વિરુદ્ધ સુસજ્જ છે કે નહિ તથા હંમેશાં ઉદાત્ત વૃત્તિના, પોતાના તેમ જ પોતે લીધી છે તે માનસિક કેળવણીના સારા પાલકો છે કે નહિ, અને બધા સંજોગોમાં, રાજ્યને તથા વ્યક્તિને સૌથી વધારે ઉપયોગી થઈ પડે એવો તાલબદ્ધ અને સુસંવાદી સ્વભાવ ટકાવી રાખે છે કે નહિ — એ આપણે શોધી શકીએ તે ખાતર આપણે તેમને કોઈ જાતના મોહ-ભયમાંથી પસાર કરીશું અને પાછા સુખોમાં મૂકીશું, અને (એ રીતે) ભઠ્ઠીમાં સોનાની કસોટી થાય છે એ કરતાં વધારે સંપૂર્ણપણે આપણે એમને ચકાસીશું, અને જે કોઈ કિશોર, યુવાન અને પ્રૌઢ વયે એમ

દરેક ઉંમરે પરીક્ષામાંથી શુદ્ધ અને વિજયી થઈ (૪૧૪) નીકળશે, એને જ રાજ્યનો પાલક અને શાસનકર્તા નીમવામાં આવશે. જીવનમાં અને મૃત્યુ પછી એનું સન્માન કરવામાં આવશે, અને આપણે આપી શકીએ એવાં સૌથી મોટાં – સમાધિસ્થાન તથા સન્માનમાં સ્મારકો એને નામે બાંધવામાં આવશે. પરંતુ જે કોઈ નાપાસ થાય એને આપણે બાતલ કરવો જોઈશે. આપણા પાલકો અને શાસનકર્તાઓને ચૂંટવાની તથા નીમવાની આ જાતની પદ્ધતિ રહેશે એમ માનવાને હું પ્રેરાઉ છું. હું આ સામાન્ય રીતે કહું છું, શબ્દેશબ્દ આમ જ થવું જોઈએ એમ મારું કહેવું નથી.

તેણે કહ્યું : અને સામાન્ય દૃષ્ટિએ બોલતાં હું તમારી સાથે સંમત થાઉં છું.

(બ) અને કદાચ "પાલક" એ શબ્દ એના પૂરેપૂરા અર્થમાં માત્ર ઉચ્ચતર વર્ગને જ લાગુ પાડવો જોઈએ કે જે પરદેશી દુશ્મનો સામે આપણું રક્ષણ કરે અને ઘેર આપણાં પુરવાસીઓમાં શાંતિ જાળવે, એવી રીતે કે પુરવાસીઓને આપણને નુકશાન કરવાની ઇચ્છા ન થાય, અથવા બીજાઓ (બહારના દુશ્મનો) પાસે (આપણને નુકસાન કરવાની) શક્તિ ન રહે. જે જુવાન માણસોને આપણે પહેલાં પાલકો કહ્યા હતા તેમને 'સહાયકો' તથા શાસનકર્તાઓના સિદ્ધાંતોના મદદનીશો એવું નામ આપવું તે વધારે યોગ્ય છે.

તેણે કહ્યું : હું તમારી સાથે સંમત છું.

ત્યારે આપણે થોડી વાર પહેલાં જ જે વિશે વાત કરી હતી, તેવું આવશ્યક જુઠ્ઠાણું આપણે કેવી રીતે ઘડી કાઢીશું—(ક) માત્ર એક રાજજૂઠ્ઠાણું× જે શક્ય હોય તો શાસનકર્તાઓને અને નહિ તો બાકીના નગરવાસીઓને છેતરવા ઉપયોગમાં આવે?

તેણે કહ્યું : (એ વળી) કઈ જાતનું જુઠ્ઠાણું?

× મુદ્દો: Royal Lie : રાજજુઠ્ઠાણું : સરખાવો: ૩૮૨; ૩૮૯ ૧-ક; ૪૫૯-ક-ડ.

મેં જવાબ આપ્યોઃ કાંઈ નવું નહિ; માત્ર [કવિઓ કહે છે તેમ અને દુનિયા પાસે મનાવે છે તેમ] આજ પહેલાં જે ઘણી જગ્યાએ કહેવામાં આવી છે એવી એક જુની ફિનિશિયન કથા[૧]—જે કે આપણા વખતની નહિ, અને એવો બનાવ કાંઈ દિવસ ફરીથી બને કે નહિ અથવા જો એ બને, તોપણ એને શકય માની શકાય કે નહિ તેની મને ખબર નથી.

કેટલી આશંકા કરતા તમે આ શબ્દો ઉચ્ચારો છો ?

મેં જવાબ આપ્યોઃ તમે સાંભળશો ત્યારે મારી આ શંકા બદલ તમને નવાઈ નહિ લાગે,

તેણે કહ્યુંઃ બોલો અને બીક ન રાખો.

(૬) વારુ, ત્યારે જે ધૃષ્ટતાથી ભરેલી કથા* પહેલાં શાસનકર્તાઓને પછી સૈનિકોને, છેલ્લે લોકોને ધીમેથી કહેવા માગું છું એને હું કયા શબ્દોમાં મૂકીશ અથવા કઈ રીતે (–કયા મોંએ) હું તમારી સામે જોઈ શકીશ તેની મને ખરેખર ખબર નથી તોપણ હું બોલીશ. એમને એમ કહેવાનું છે કે એમની યુવાવસ્થા તો એક સ્વપ્ન હતું અને આપણી પાસેથી જે કેળવણી અને શિક્ષણ એમણે લીધું એ માત્ર આભાસ હતાં; બરી રીતે તો એ આખા વખત દરમિયાન, પૃથ્વીના ગર્ભમાં જ્યાં એમનાં હથિયારો અને સામગ્રી અને તેઓ પોતે પેદા થતા હતા, ત્યાં એ ઘડાતા હતા અને પોષાતા હતાઃ (૬) તેઓ જ્યારે પકવ થયા ત્યારે એમની માતા પૃથ્વીએ એમને બહાર કાઢયા; અને તેથી એમની માતૃભૂમિ તો એમની ધાવ પણ છે એ કારણે તેઓ એનું શ્રેય—ઇષ્ટ સધાય એવી સલાહ આપવાને અને હુમલાઓ સામે એનું રક્ષણ કરવાને બંધાયેલા છે, તથા તેમણે એના પુરવાસીઓને પૃથ્વીનાં બાળકો અને પોતાનાં ભાંડુઓ ગણવાનાં છે.

---

૧ સરખાવો પ્લેટોના "લૉઝ" નામના સંવાદની કલમ ૬૬૩-૬.

* ક્રેટમસની પૌરાણિક કથા.

તેણે કહ્યું : તમે જે અસત્ય કહેવ ના હતા તે ખાતર શરમાવાનું તમારે પૂરતું કારણ હતું.

(૪૧૫) મેં જવાબ આપ્યે : ખરું, પણ વધારાનું તો હજી બાકી છે; મેં માત્ર અરધું જ કહ્યું છે. આપણી કથામાં આપણે એમને કહીશું,– નગરવાસીઓ, તમે બધા ભાઈઓ છો, પરંતુ ઈશ્વરે તમને એકસરખા ઘડ્યા નથી. તમારામાંના કેટલાકમાં હુકમ કરવાની શક્તિ છે, અને એમના ઘડતરમાં એણે સુવર્ણ ભેળવ્યું છે, જેથી એમને સૌથી વધારે માન પણ મળે છે; બીજાને એણે 'સહાયકો' થવા માટે રૂપાના ઘડ્યા છે, વળી જે બીજાઓએ ખેડૂત અને કારીગરો થવાનું છે તેમને તેણે પિત્તળ અને લોખંડના ઘડ્યા છે;× અને સામાન્ય રીતે તે તે લોકોની જાત તેમનાં છોકરાંઓમાં ઉતરી આવશે. પરંતુ બધાં એક જ અસલ મૂળમાંથી ઉતરી આવેલાં છે તેથી સુવર્ણનાં માબાપને (ઘેર) કોઈ વાર રૂપાનો (ब) છોકરો આવશે અને રૂપાનાં માબાપને સુવર્ણનો પુત્ર અવતરશે. અને સૌથી પહેલું ઈશ્વર શાસનકર્તાઓને (એમના) પહેલા સિદ્ધાન્ત તરીકે એમ જાહેર કરે છે કે વંશની શુદ્ધિ સિવાય એવું બીજું કશું નથી જેનું એમણે એટલી સંભાળપૂર્વક રક્ષણ કરવું જોઈએ, અથવા તો જેના એમણે એટલા સારા પાલક થવું જોઈએ. એમની પ્રજામાં કયાં તત્ત્વોનું મિશ્રણ થાય છે એનું તેમણે નિરીક્ષણ કરવું જોઈશે; કારણ જો સોનાનાં કે રૂપાનાં માબાપના પુત્રમાં પિત્તળ કે લોખંડનું મિશ્રણ હોય, તો સ્વભાવાનુસાર* (क) એના હોદ્દામાં

× સરખાવો પરિ. ૮–૫૪૬.

* Nature : કુદરત, સ્વભાવ. Back to Nature—કુદરતને અનુરૂપ જીવન ગાળવું, અથવા બાળકનો કુદરતી રીતે જેમ વિકાસ થાય તેમ થવા દેવો—આવા સિદ્ધાન્તમાં કુદરતનો કે સ્વભાવનો જેવો અર્થ કરવો હોય તેવો ચલાવી શકે. આવો જ ગોટાળો ગ્રીક શબ્દ "Ousia"માં પણ રહેલો છે. Ousia એટલે Nature–Essence–Substance–સ્વભાવ વગેરે બધું જ. એરિસ્ટોટલમાં આ શબ્દ કંઈક નિશ્ચિત અર્થ પકડે છે.

ફેરબદલી થવી જોઈએ; અને (કોઈ) કારીગરના પુત્રો એવા પણ હોય, કે જેમનામાં સુવર્ણ કે રૂપાનું મિશ્રણ હોવાને લીધે એમને પ્રતિષ્ઠાને સ્થાને ઊંચા ચડાવવામાં આવે અને તેઓ પાલકો કે સહાયકો થાય, તેમ કોઈ બાળકને હોદ્દામાં નીચે ઉતરવું પડે અને ખેડૂત કે કારીગર થવું પડે તો પાલકે તેના તરફ દયાની નજરે જોવાનું નથી. કારણ દેવવાણી જાણનાર કહે છે કે જ્યારે પિત્તળનો કે લોખંડનો માણસ રાજ્યનું રક્ષણ કરવા જાય છે, ત્યારે તે રાજ્યનો નાશ થાય છે.× કથા આવી છે. આપણા નગરવાસીઓ એમાં આસ્થા મૂકે એવો જરાય સંભવ છે કે નહિ?

(ડ) તેણે જવાબ આપ્યો : આજના જમાનામાં તો નથી.+ (આજે) આ સાધવાનો કોઈ રસ્તો નથી; પણ એમના પુત્રો પાસે આ વાત આપણે મનાવી શકીએ, અને એમના પુત્રોના પુત્રો પાસે, તથા તેમના વંશજો પાસે.

મેં જવાબ આપ્યો : મુશ્કેલી (શી છે તે) હું જોઉ છું; અને છતાં આ માન્યતામાં શ્રદ્ધા હશે, તો તેઓ નગર અને એકબીજાનું વધારે રક્ષણ કરશે. પરંતુ એ કલ્પિત કથા વિશે—બહુ થયું, અને આપણે આપણી ભૂમિમાંથી જન્મેલા વીરપુરુષોને સજ્જ કરીએ અને એમના શાસનકર્તાઓના આદેશથી એમને દોરીએ એ દરમિયાન ભલે એ કથા લોકવાયકાની પાંખો પર બહાર ઊડે! ભલે તેઓ આસપાસ તપાસ કરે અને એવી જગ્યા શોધી કાઢે કે જ્યાંથી માહોમાંહેથી જ જો કોઈ આડા પડે, તો સૌથી સારી રીતે બળવો (૬) દાબી દેવાય અને બહારથી વરુઓ જેમ (ઘેટાંનાં) વાડામાં ઉતરી પડે તેમ દુશ્મનો આવી ચડે તો તેમની સામે પણ રક્ષણ કરી શકાય; આવી જગ્યા

× સરખાવો આપણી તથા હિસિયડમાં મળી આવતી ચાર પ્રકારના યુગોની ભાવના.

+ સરખાવો પરિ. ૭-૫૪૧.

પર તેમને પડાવ નાખવા દો, અને તેમણે પડાવ નાંખ્યા પછી ભલે તેઓ ઉચિત હોય તેવા દેવોને યજ્ઞ કરે અને પોતાનાં રહેઠાણ બાંધે.

તેણે કહ્યું : એમ જ.

અને એમનાં રહેઠાણ એવાં હોવાં જોઈએ કે શિયાળામાં ઠંડીથી અને ઉનાળામાં તાપથી તેઓ (પોતાનો) બચાવ કરી શકે.

તેણે જવાબ આપ્યો : હું માનું છું કે તમારો કહેવાનો અર્થ ઘર છે.

તેણે કહ્યું : હા. પરંતુ એ ઘર સૈનિકોનાં હોવાં જોઈએ, નહિ કે દુકાનદારોનાં.

તેણે કહ્યું: એ બેમાં તફાવત શો છે ?

(૪૧૬) મેં જવાબ આપ્યો: એ સમજાવવાનો હું પ્રયત્ન કરીશ. ચોકી કરવા રાખેલા કુતરાઓ જો શિસ્તની બાબીને લીધે કે ભૂખને લીધે અથવા કોઈ એક કે બીજી બરાબ ટેવના કારણે ઘેટાંઓ પર ધસી જાય અને તેને રંજાડે તથા કુતરાની જેમ નહિ પણ વરૂઓની જેમ વર્તે તો ભરવાડનું જ એ એક ભૂંડું અને રાક્ષસી કૃત્ય કહેવાય, નહિ ?

તેણે કહ્યું : બરોબર રાક્ષસી.

(ચ) અને આપણા સહાયકો આપણા નગરવાસીઓ કરતાં વધારે બળવાન છે તેથી એમને બહુ ભારે ન પડી જાય અને મિત્રો તથા મદદગારોને બદલે જંગલી જુલમગારો ન બની જાય એટલા માટે દરેક સંભાળ રાખવી જોઈ શે.

હા, બહુ જ સંભાળ રાખવી પડશે.

અને બરોબર સારી કેળવણી શું રક્ષણનું સૌથી સારું સાધન ન થઈ શકે ?

તેણે જવાબ આપ્યો : પણ તેઓ તો સુશિક્ષિત છે જ.

મેં કહ્યું : પ્રિય ગ્લાઉકોન, મને એટલો વિશ્વાસ બેસતો નથી;* તેઓ સુશિક્ષિત હોવા તો જોઈએ જ એ બાબત મને પૂરી ખાત્રી છે, અને સારા શિક્ષણમાં—પછી ભલે તે ગમે તે (પ્રકારનું) હોય પણ એમને અન્યોન્યના (ક) સંબંધમાં તથા જેઓ એમના રક્ષણ તળે છે એમના તરફ સહાનુભૂતિવાળા અને સભ્ય બનાવવાનું વલણ વધારે હશે.

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

અને માત્ર તેમનું શિક્ષણ જ નહિ પણ તેમનાં રહેઠાણ અને જે કંઈ એમની માલિકીનું હોય તે બધું એવું હોવું જોઈએ કે પાલકો તરીકેના એમના ગુણને ક્ષતિ ન પહોંચે, તેમજ બીજા પુરવાસીઓ પર તૂટી (ડ) પડવાને તેઓ લલચાય નહિ. કોઈ પણ સમજુ માણસે એ કબૂલ કરવું જોઈએ.

કબૂલ કરવું જ જોઈએ.

ત્યારે એમના વિશેના આપણા ખયાલને જો એમણે સાચો કરી બતાવવો હોય, તો એમના જીવનનો માર્ગ કેવો હશે એ વિશે હવે આપણે વિચાર કરીએ. પહેલાં તો જે ચીજો સર્વાંશે જરૂરની હોય એ સિવાય તેમાંના કોઈની પાસે કશી મિલકત ન હોવી જોઈએ; તેમજ (બીજા) કોઈને (એમનાં મકાનોની અંદર) દાખલ થવાનું મન થઈ આવે અને એ બંધ બારણાં જુએ એવું ખાનગી ઘર કે કોઠાર એમની પાસે હોવાં ન જોઈએ.+ જેઓ સંયમી અને શુરવીર પણ હોય—એવા કસાયેલા લડવૈયાઓને જરૂર પડે તેવી જ તેમની ખોરાકી રાખવી જોઈએ; નગરવાસીઓ પાસેથી પગારનો મુકરર કરેલો

* કેળવણીની પદ્ધતિ વિશેનો આ પહેલો ખરડો છે; અને આ પદ્ધતિ અનુસાર તમામ પાલકો સારા જ થશે એમ સૉક્રેટિસને એટલે કે પ્લેટોને વિશ્વાસ બેસતો નથી. આગળ ઉપર કલમ ૪૩૫-ડ, ૫૦૨-ઇ-૫૦૩-૫૦૪ માં પ્લેટો કેળવણીનો બીજો ખરડો તૈયાર કરે છે, તેનું અહીં સૂચન છે.

+ પ્લેટોનો સામ્યવાદ : Communism—માત્ર પાલકોમાં.

દર લેવા તેમણે કબૂલ થવું જોઈએ, અને તે એક વર્ષનાં અર્થને પૂરો પડે એટલો જ હોવો જોઈએ, વધારે નહિ; અને છાવણીમાં સૈનિકો રહેતા હોય તેમ તેઓ (બધા) સાથે જમશે અને રહેશે. સોનું અને રૂપું તો આપણે એમને કહીશું કે ઈશ્વરે એમને જ આપ્યું છે; વધારે સ્વર્ગીય ધાતુ એમના પોતાનામાં છે, અને તેથી (સામાન્ય) માણસોમાં જે કચરો ચલણ છે તેની તેમને જરૂર નથી, અને એવા કોઈ સંસારી મિશ્રણથી એમની સ્વર્ગીય (ધાતુ) એમણે દૂષિત કરવી ન જોઈએ. (૪૧૭) કારણ એ અતિસામાન્ય ધાતુ ઘણાં અપવિત્ર કર્મોનું મૂળ બની છે, પણ તેમની પોતાની (ધાતુ) શુદ્ધ છે. અને બધા પુરવાસીઓમાંથી માત્ર એમણે જ રૂપા કે સોનાને અડવું નહિ કે એનો ઉપયોગ કરવો નહિ અથવા જે છાપરા નીચે તે હોય ત્યાં તેમણે રહેવું નહિ, તેમ એને પહેરવું નહિ કે એના પાત્રમાંથી પીવું નહિ. આ જ એમની મુક્તિ તથા (આ રીતે જ) તેઓ રાજ્યના (પણ) મુક્તિદાતા થશે. પરંતુ કોઈ કાળે જો તેઓ તેમનાં પોતીકાં ઘર કે જમીન કે પૈસા મેળવશે તો તેઓ પાલકોને બદલે ઘરધણી અને ખેડૂતો બનશે; (બ) બીજા પુરવાસીઓના મદદગારો થવાને બદલે તેમના દુશ્મન અને જુલમગારો થશે; ધિક્કારતા અને ધિક્કારાતા, કાવત્રાં કરતા અને કાવત્રાંનો ભોગ બનતા, તેઓ બહારના શત્રુઓ કરતાં અંદરના દુશ્મનોની ઘણી જ વધારે મોટી ભીતિમાં પોતાની આખી જિંદગી ગુજારશે, અને તેમનો પોતાનો તથા બાકીના રાજ્યના નાશનો વખત પાસે આવી લાગશે—જે બધાં કારણોને લીધે આપણે શું એમ નહિ કહીએ કે આપણા રાજ્યની વ્યવસ્થા આવી જ રીતે કરવામાં આવશે, અને એમનાં ઘર તથા બીજી બધી બાબતો વિશે આપણે ઘડેલા આ જ નિયમો પાલકોને લાગુ પડશે?

ગ્લાઉકોને કહ્યું: હા.

પરિચ્છેદ ૪.

(૪૧૯) અહીં ઍડેઈમેન્ટસે વચ્ચે એક પ્રશ્ન પૂછ્યો : તેણે કહ્યું, સૉક્રેટિસ, જો કોઈ માણસ એમ કહે કે તમે આ લોકોને દુઃખી કરો છો,[૧] અને એમના પોતાના દુઃખનું કારણ તેઓ પોતે જ છે, તો તમે શો જવાબ આપો ? વસ્તુતઃ નગર એમની માલીકીનું છે, પણ એથી એમને કશો ફાયદો થતો નથી; જ્યારે (એથી ઊલટું) બીજા માણસો જમીનો લે છે અને મોટાં તથા આલેશાન મકાનો બંધાવે છે તથા એમના પોતાના લાભાર્થે દેવોને યજ્ઞો કરીને તથા અતિથિનો સત્કાર કરીને બધું સારું સારું પોતાની પાસે રાખે છે; વળી તમે હમણાં જ કહેતા હતા તેમ સોનું અને રૂપું તથા નસીબના માનીતાઓ પાસે જે કંઈ સામાન્ય રીતે હોય તે બધું તેમની પાસે છે જ—પરંતુ નગરના એક ખૂણામાં પૂરી રાખ્યા હોય એવા, હરહંમેશ પેંગડામાં પગ રાખતા ભાડૂતી સિપાઈઓ કરતાં આપણા ગરીબ નગરવાસીઓની દશા કઈ રીતે સારી છે ?

(૪૨૦) મેં કહ્યું : હા, અને તમે એમ પણ વધારામાં કહી શકો કે એમને માત્ર પેટિયું આપવામાં આવે છે અને ખોરાક ઉપરાંત, બીજા માણસોની જેમ, એમને વધારામાં પગાર આપવામાં આવતો નથી; અને તેથી ખરા થાય તોપણ તેઓ મજા ઊડાવવા મુસાફરીએ ન જઈ શકે; (વળી) કોઈ સ્ત્રી પાછળ કે વિલાસના બીજા છંદ, જેમાં દુનિયાની દૃષ્ટિએ સુખ રહેલું માનવામાં આવે છે,—તેની પાછળ ખર્ચવાને એમની પાસે પૈસા નથી, અને આ જ પ્રકારના બીજા ઘણા આક્ષેપો ઉમેરી શકાય.

તેણે કહ્યું : પણ ધારો કે તહોમતનામામાં આ બધાનો સમાવેશ થઈ ગયો છે.

---

૧. અથવા, 'આ લોકોને એમના પોતાના જ ભલા માટે દુઃખી કરો છો.'

(ब) મેં કહ્યું: તો આપણે શો જવાબ આપીશું એમ તમે પૂછવા માગો છો ખરું ને?

હા.

મેં કહ્યું: આપણે જો જુને માર્ગે ચાલીશું તો હું માનું છું કે આપણને ઉત્તર મળી રહેશે. અને આપણો જવાબ એ છે કે તેમની અત્યારે છે તેવી દશામાં પણ આપણા પાલકો સૌથી વધારે સુખી માણસો હોય એ બહુ સંભવિત છે; વળી— રાજ્ય સ્થાપવાનો આપણો હેતુ કોઈ એક વર્ગનું અ-સમાન સુખ સાધવાનો નહિ, પરંતુ સમગ્રનું મોટામાં મોટું સુખ સાધવાનો હતો; આપણે ધારેલું કે સમગ્રના હિતને દૃષ્ટિમાં રાખીને જ્યાં વ્યવસ્થા કરવામાં આવે છે એવા રાજ્યમાં ધર્મ, અને ખરાબ રીતની વ્યવસ્થાવાળા રાજ્યમાં અધર્મ મળી આવવાનો સૌથી વધારે સંભવ છે; અને એ આપણને (क) મળી આવે ત્યાર પછી જ એ બેમાંથી વધારે સુખી કોણ તેનો આપણે નિર્ણય કરી શકીએ. હું માની લઉં છું કે અત્યારે આપણને કકડે કકડે નહિ અથવા થોડાએક પુરવાસીઓને સુખી કરવાની દૃષ્ટિએ નહિ, પણ સમગ્ર (અવિભાજ્ય એકમ) રીતે એક સુખી રાજ્યને ઘડી રહ્યા છીએ; અને ધીમે ધીમે એનાથી વિરુદ્ધ પ્રકારના રાજ્યને પણ આપણે નજરે જોઈશું.[1] ધારો કે આપણે એક મૂર્તિનું ચિત્રાલેખન કરીએ, અને કોઈ આપણી પાસે આવી ચડ્યો અને બોલ્યો: શરીરનાં સુંદરતમ અંગોમાં તમે સૌથી સારા રંગો શા માટે પૂરતા નથી—આંખો નીલવર્ણી જોઈએ, પણ તમે એને શ્યામ કરી છે— તો એવાને આપણે ખુશીથી જવાબ (ड) આપી શકીએ; સાહેબ, આંખો એ પછી આંખો જ ન રહે એટલે અંશે તમે એને સુંદર કરવાનું તો અવશ્ય નહિ જ કહો; ઊલટું આ અને બીજાં અંગોને એમનાં સુયોગ્ય પ્રમાણ આપીને આખાને અમે સુંદર કરીએ છીએ

---

૧. પરિચ્છેદ ૮ માં આ મુદ્દો ચર્ચવામાં આવ્યો છે.

કે નહિ તેનો તમે જરા વિચાર કરો.[૨] અને એ જ રીતે હું તમને કહું છું કે પાલકોને પાલકો રહેવા ન દે પણ કંઈ જુદા જ કરી મૂકે એવી જાતનું સુખ એમને ભાગે આપવા તમે અમને ફરજ ન પાડો; (૬) કારણ (અમારે જો એમ જ કરવું હોય તો) અમે પણ અમારા ખેડૂતોને રાજાનાં કપડાં પહેરાવી શકીએ, અને એમના માથા પર સોનાના મુકુટો મુકી શકીએ તથા વધારે નહિ પણ એમની મરજીમાં આવે એટલી જ જમીન ખેડવાનો તેમને હુકમ કરી શકીએ. અને (કુંભારનો) ચાકડો નજીક હોય અને તેની મરજીમાં આવે એટલો વખત જ માટીનાં વાસણો બનાવે, જ્યારે બાકીનો વખત આપણા કુંભારો પલંગ પર આરામ લેતા પડ્યા રહે અને સાથી પાસે એની દારુની પ્યાલી એક બીજાને આપતા મિજબાની ઉડાવે તેવી એમને પણ છૂટ આપી શકાય; આ રીતે દરેક વર્ગને આપણે 'સુખી' કરી શકીએ—અને ત્યારે જ, તમે કહેતા હો તેમ, આખું રાજ્ય સુખી કહી શકાય. પણ—પણ—આ વિચાર અમારા મગજમાં ન ભરો; કારણ જો અમે તમારું (૪૨૨) સાંભળીએ તો ખેડૂત પછી ખેડૂત નહિ રહે, કુંભાર કુંભાર મટી જશે, અને રાજ્યમાં એકેય વર્ગની ખાસિયત સ્પષ્ટ રીતે કોઈનામાં નહિ દેખાય. હવે સમાજનો સડો અને પોતે જેવા ન હોય તેવા દેખાવાનો ડોળ જ્યાં સુધી માત્ર ચમાર લોકોમાં જ પ્રસરેલો હોય ત્યાંસુધી તો કંઈ બહુ મોટાં પરિણામ આવતાં નથી; પણ – જ્યારે – રાજ્યવ્યવસ્થા અને કાયદાઓના પાલકો ખરા પાલકો મટીને માત્ર નામના જ પાલકો થઈ રહે છે, ત્યારે તેઓ રાજ્યને કેવું ઊંધુંચત્તું કરી નાખે છે એ જુઓ; અને બીજી દૃષ્ટિએ જોઈએ તો રાજ્યમાં સુખ અને વ્યવસ્થા સ્થાપવાની શક્તિ માત્ર એમની પાસે જ રહેલી છે. અમારી એવી ઇચ્છા છે કે અમારા પાલકો (ચ) રાજ્યનો વિનાશ કરનારા નહિ પણ

૨. મુદ્દો: ૧ આદર્શ નગર અને કલાની કૃતિ બંને અવિભાજ્ય એકમરૂપ છે એમ પ્લેટોનું કહેવું છે.

રાજ્યના ખરા તારણહારો થાય; જ્યારે અમારો પ્રતિપક્ષી તો, જે નગરવાસીઓ રાજ્ય તરફની પોતાની ફરજ બજાવતા હોય તેમનો નહિ પણ ખાનપાનની જીંદગીમાં મોજ કરતા, અને મિજબાની ઉડાવતા બેદૂતોનો વિચાર કરે છે. પણ જો એમ હોય તો અમારી ધારણા ભિન્ન વસ્તુઓ વિશેની છે, અને એ જે વિશે વાત કરે છે એમાં કશું રાજ્ય જેવું નથી. અને તેથી પાલકોને નિયુક્ત કરતી વખતે આપણે એમના સૌથી વધારે વ્યક્તિગત સુખ પ્રત્યે જોઈશું કે પછી સુખનું તત્ત્વ સમગ્ર રાજ્યમાં રહેલું છે એમ ગણીશું એ વિશે આપણે વિચાર કરવો જોઈએ. હવે આ બીજી દૃષ્ટિ જ જો ખરી હોય તો પાલકો અને (ક) સહાયકો અને એ જ રીતે એમની સાથેના બીજા બધાને એમનું પોતાનું કામ સૌથી સારી રીતે કરવાને પ્રોત્સાહન આપવું જોઈએ અગર ફરજ પાડવી જોઈએ. અને આ રીતે આખા રાજ્યમાં ઉમદા વ્યવસ્થા ઊગી નીકળશે અને કુદરતી રીતે જેટલું સુખ દરેકને મળે તેટલા સુખનું પ્રમાણ બધા વર્ગોને મળી રહેશે.

હું માનું છું કે તમે તદ્દન ખરા છો.

હું નથી ધારતો કે મને જે બીજો વિચાર આવે છે તે સાથે તમે સંમત થશો.

એવું શું છે જે?

(ડ) કલાઓની ક્ષતિ થવાનાં બે કારણો દેખાય છે.*

બે કયાં?

મેં કહ્યું : સંપત્તિ અને નિર્ધનતા.

બે કેવી રીતે અસર કરે છે?

એમની અસર આ પ્રમાણે થાય છે : કુંભાર પૈસાદાર થાય ત્યાર પછી શું તમે એમ માનો છો કે એ પોતાની કલા પાછળ એટલી જ જહેમત ઉઠાવશે?

અવશ્ય નહિ.

---

* મુદ્દો : ૨. નગરરાજ્યમાં સંપત્તિનું સ્થાન.

એ વધારે ને વધારે આળસુ અને બેપરવા બનશે, નહિ ?

તદ્દન ખરું.

અને પરિણામ એ આવશે કે એ વધારે ખરાબ કુંભાર થશે.

હા; એનો ઘણો જ અપકર્ષ થશે.

પરંતુ બીજી બાજુ જો તેની પાસે પૈસા બિલકુલ ન હોય, અને ઓજાર કે સાધનો પોતે લઈ ન શકે, તો તે પોતે એટલું સારું કામ નહિ કરી શકે, તેમજ (૬) પોતાના પુત્રોને અથવા શિષ્યોને એટલું જ સારું શીખવી નહિ શકે.

અવશ્ય નહિ,

ત્યારે ગરીબાઈ કે ધન—એ બેમાંથી એકેની અસરને લીધે કારીગરો તથા તેમના કામને એટલી જ ક્ષતિ પહોંચવાનો સંભવ છે. ખરું ને ?

એ દેખીતું છે.

મેં કહ્યું : ત્યારે અહીં (વળી) નવાં અનિષ્ટોની શોધ થઈ; પાલકોએ એની સામે સંભાળ રાખવી પડશે, નહિ તો અદૃશ્ય રીતે એ નગરમાં પેસી જશે.

કયાં અનિષ્ટો ?

(૪૨૨) મેં કહ્યું : સંપત્તિ અને ગરીબાઈ; એક વિલાસ અને આળસની માતા છે, અને બીજી ક્ષુદ્રતા અને દુર્ગુણની, અને બંને અસંતોષની.

તેણે જવાબ આપ્યો : એ સાવ સાચું છે; પણ સૉક્રેટિસ, આપણા નગર રાજ્ય પાસે લડાઈમાં શક્તિ આપે એવાં સાધનો નથી તો ખાસ કરીને ધનવાન અને બલવાન દુશ્મનની સામે એ કેવી રીતે લડાઈમાં ઉતરવા શક્તિમાન થશે એ જાણવાનું હજી મને મન થાય છે.*

* મુદ્દો : ૩. આદર્શ નગર રાજ્ય અને બીજાં સામાન્ય નગરરાજ્યો વચ્ચેનો તફાવત.

મેં જવાબ આપ્યો : એવા કોઈ એક જ દુશ્મનની સામે (ક્ષ) લડાઈમાં ઉતરવામાં એક મુશ્કેલી અવશ્ય નડે; પણ જ્યાં એવા બે દુશ્મનો હોય ત્યાં કશી મુશ્કેલી નથી.

તેણે પૂછ્યું : એ કઈ રીતે ?

મેં કહ્યું : પહેલાં તો એ કે જો આપણે લડવું જ પડે, તો ધનવાન લોકોથી બનેલા લશ્કર સામે સુશિક્ષિત લડવૈયાઓ આપણા તરફથી લડતા હશે.

તેણે કહ્યું : એ ખરું.

અને ઍડેઇમેન્ટસ, શું તમે નથી માનતા કે પોતાની કલામાં પૂર્ણ હોય એવો એક જ મુક્કાબાજ બે મજબૂત અને સારા બાંધાના ગૃહસ્થો, જેમને મુક્કાબાજી ન આવડતી હોય, એમને સહેલાઈથી પૂરો પડી શકે ?

જો તેઓ એના પર એકદમ ધસી આવે તો ભાગ્યે જ.

મેં કહ્યું : જો એ દોડી જઈ શકે અને પછી પાછા ફરી જે (ક) પહેલો આવતો હોય તેને મારે તો—શું નહિ ? અને બળતા સૂર્યના તાપમાં જો એ કેટલીક વાર આમ કરે તો એ (પોતાની કલામાં) કુશળ છે તેથી એક કરતાં વધારે મજબૂત માણસોને શું એ ઉથલાવી ન પાડે ?

તેણે કહ્યું : અવશ્ય, એમાં કંઈ નવાઈ નથી.

અને મુક્કાબાજીના ખેલ જૂથા શાસ્ત્રમાં પૈસાદાર માણસો અધિક પ્રવીણ હોય એવો સંભવ છે, પણ લડાયક ગુણોમાં તો નહિ જ.

એવું ખરું.

ત્યારે આપણા કસરતબાજો એમનાથી બમણી કે ત્રણ ગણી સંખ્યા સામે લડી શકશે એનો આપણે સ્વીકાર કરી શકીએ ?

હું તમારી સાથે સંમત થાઉં છું, કારણ તમે ખરા છો એમ હું માનું છું.

(ડ) અને ધારો કે લડતમાં જોડાતા પહેલાં, જે સત્ય છે તે કહેવાને આપણા પુરવાસીઓ બે નગરરાજ્યોમાંના એકને ત્યાં એલચી મોકલે છે, (અને કહેણ મોકલાવે છે કે) સોનું અને રૂપું તો અમારી પાસે નથી, તેમજ એ રાખવાની અમને પરવાનગી પણ નથી, પણ તમે ભલે રાખો; માટે લડાઈમાં તમે જરૂર જોડાઓ અને અમને મદદ કરો, તથા બીજા નગરરાજ્યમાંથી જે કંઈ લૂંટ મળે તે લો. આ શબ્દો સાંભળ્યા પછી, પોતાના પક્ષમાં કુતરાઓને લઈને કુમળાં ઘેટાંઓની સામે લડવાનું છોડી દઈને પાતળા (પણ) થાક નહિ તેવા કુતરાઓ સામે લડવાનું કોણ પસંદ કરશે?

એ શક્ય નથી; અને તોપણ બીજાં ઘણાં રાજ્યોનું ધન કોઈ (ઢ) એક રાજ્યમાં આ રીતે એકઠું કરવામાં આવે, તો (આપણું) ગરીબ રાજ્ય ભયમાં આવી પડે (એમ ન બને)?

પણ આપણા સિવાય બીજા કોઈને માટે તમે "રાજ્ય" શબ્દ જરા પણ વાપરો છો એ તમારે માટે કેટલું બાલિશ કહેવાય?

એમ કેમ?

બીજાં રાજ્યો વિશે વાત કરતાં તમારે બહુવચનમાં બોલવું જોઈએ; તેઓ રમતમાં કહે છે તેમ તેમાંનું એકેય એક-નગરરાજ્ય નથી પણ 'બહુ-નગરો' છે. કારણ ખરેખર દરેક નગર, ગમે તેટલું નાનું હોય તોપણ વસ્તુતઃ બે વિભાગમાં વહેંચાયેલું હોય છે, એક ગરીબોનું નગર, બીજું ધનવાનનું નગર; આ એક બીજા સામે લડાઈ કરતાં હોય છે;* અને (એ બેમાંથી ગમે તે) એક વિભાગમાં બીજા ઘણા (૪૨૩) નાના નાના વિભાગો હોય છે, અને એ બધાને જો એક રાજ્ય તરીકે તમે ગણો, તો એમાં તમે તદ્દન ભૂલ ખાઓ છો. પરંતુ એ ઘણાં (રાજ્યો) છે એ રીતે જો તમે એની સાથે વ્યવહાર કરો અને એકની પાસેથી સત્તા અને ધન લઈને બીજા પક્ષનાં માણસોને

* સામ્યવાદનો વર્ગવિગ્રહનો સિદ્ધાન્ત યુરોપીય ઇતિહાસ અને વિચારણામાં અહિં પહેલવહેલો જોવામાં આવે છે. સરખાવો, 'લોઝ'-પુ. ૮, ૮૩૨-ક

આપો, તો ઘણા દુશ્મનો નહિ, પણ કેટલાય બધા મિત્રો હરહંમેશ તમને મળી રહેશે. અને આપણે નિર્દિષ્ટ કરી છે તે વિવેકપૂર્ણ વ્યવસ્થા જ્યાં સુધી રાજ્યમાં ચાલુ રહેશે, ત્યાં સુધી તમારું રાજ્ય જો કે એનું રક્ષણ કરનારાઓની સંખ્યા એક હજારથી વધારે નહિ હોય, તોપણ—માત્ર પ્રતિષ્ઠા અને (બાહ્ય) દેખાવમાં એમ કહેવાનો મારો ભાવાર્થ નથી, પરંતુ—કર્મે અને સત્યે એ સૌથી મહાન રાજ્ય થશે. હેલેનિઝ લોકોમાં અથવા જંગલી લોકોમાં (બ) એવું એક પણ રાજ્ય ભાગ્યે મળી આવશે જે આની બરોબરી કરી શકે, જો કે ઘણાં એના જેટલાં મોટાં અને એનાથી અનેક ગણાં મોટાં દેખાતાં મળી આવે ખરાં!

તેણે કહ્યું: એ સૌથી સાચું છે.

મેં કહ્યું: અને જ્યારે આપણા શાસનકર્તાઓ આપણા નગર રાજ્યના કદનો, અને જેની બહાર તેઓ (પોતે) કદી ન જાય એવા તથા રાજ્યમાં જેનો સમાવેશ કરવાનો છે તેવા પ્રદેશના પરિમાણનો વિચાર કરતા હોય, ત્યારે એ (બધું) નક્કી કરવા, (રાજ્યની) સારામાં સારી હદ કેવડી ગણી શકાય?+

તમે કેટલી હદ આંકો?

પોતાની એકતા સાથે સુસંગત રહે ત્યાં સુધી રાજ્યને હું વધવાની છૂટ આપું; હું માનું છું કે એ સીમા યોગ્ય છે.

(ક) તેણે કહ્યું: બહુ સારું.

મેં કહ્યું: ત્યારે અહીં એક બીજો આદેશ ઊભો થાય છે જે આપણા પાલકોને આપણે આપવો પડશે. આપણું નગરરાજ્ય ન તો નાનું કે ન તો મોટું, પણ એક અને સ્વપર્યાપ્ત ગણવું જોઈએ.

તેણે કહ્યું: અને આ આદેશ જે આપણે એમને આપીએ છીએ એ અવશ્ય કંઈ બહુ કઠોર નથી.

+ મુદ્દો: ૪ રાજ્યની સીમાઓ. પ્લેટોનું નગરરાજ્ય કલાની કૃતિ જેવું અવિભાજ્ય એકમ-રૂપ છે. તેથી આંતરિક આવશ્યકતા અને એકતાની દૃષ્ટિએ જ એની સીમાઓ આપોઆપ બંધાશે, એમ પ્લેટોનું કહેવું છે.

મેં કહ્યું : અને (આ) પહેલાં જે બીજા (આદેશ) વિશે આપણે વાત કરતા હતા તે આનાથી પણ વધારે હળવો છે,—જ્યારે પાલકોની સંતતિ હલકી પેદા થાય ત્યારે એને અધિકારભ્રષ્ટ કરવાની તથા હલકા વર્ગોની સંતતિ (ડ) સ્વાભાવિક રીતે વધારે સારી હોય, ત્યારે તેમને પાલકોની પાયરી પર ચડાવવાની ફરજ, * —એમ મારો કહેવાનો ભાવાર્થ છે. હેતુ એ હતો કે સામાન્ય રીતે પુરવાસીઓના સંબંધમાં, "એક (વ્યક્તિ) દીઠ એક કામ" એ પદ્ધતિ અનુસાર કુદરતે જેને માટે એને યોગ્યો હોય તે જ ઉપયોગ દરેક વ્યક્તિનો કરવો જોઈએ, અને પછી પ્રત્યેક માણસ પોતાનો જ ધંધો કરે અને અનેક નહિ પણ એક જ રહે; અને આ રીતે આખું નગરરાજ્ય અનેક નહિ પણ એક જ રહેશે.

તેણે કહ્યું : હા, એ કંઈ એટલું કઠિન નથી.

જો કહેવતમાં છે તે પ્રમાણે એક જ મહાન વસ્તુની—જો કે એ વસ્તુને મહાન નહિ પણ આપણા પ્રયોજન માટે પૂરતી મહાન એમ હું કહું—સંભાળ રાખી હોય; તો, ભલા એડેઇમેન્ટસ, જે નિયમોનો આપણે નિર્દેશ કરીએ (ઢ) છીએ, તે, હરકોઈ માની બેસે તેમ, કંઈ સંખ્યાબંધ મહાન સિદ્ધાન્તો નથી, પણ બધા રમતવાત છે.

તેણે પૂછ્યું : એ શી હોઈ શકે?

મેં કહ્યું : કેળવણી અને ઉછેર; × જો આપણા નગરવાસીઓને

---

* સરખાવો પરિ. ૩, ૪૧૫ બ-ક.

× મુ. પ : કેળવણી તથા ઉછેર ઉપર પ્લેટો અત્યંત ભાર મૂકે છે, અને આજે દરેક દેશમાં પણ આ સત્ય સ્વીકારવામાં આવ્યું છે. વ્યક્તિના ચિત્તમાં સારી વૃત્તિ સારા સંસ્કાર રોપે અને એવા સારા સંસ્કાર સારી વૃત્તિઓને ભવિષ્યમાં મદદ કરે. તેવી જ અન્યોન્યાશ્રયી વિવર્દ્ધનની રીતે સમાજમાં સારી કેળવણી અને ઉછેર સારી વૃત્તિઓનાં મૂળ રોપે છે તો શુભ વૃત્તિઓ કેળવણી અને ઉછેરને ઉત્તરોત્તર વધારે પર્યાપ્ત અને લક્ષ્યસાધક કરે છે અને સમાજનો તથા વ્યક્તિનો એ રીતે ઉત્કર્ષ થાય છે. एवं वृत्तिसंस्कारयोः चक्रमनिषमावर्तते । योगभाष्य ।

સારું શિક્ષણ મળે અને મોટા થઈ તેઓ પુખ્ત ઉમ્મરના થાય, ત્યારે આ બધામાંથી તેમ જ જે બીજી બાબતો હું છોડી દઉં છું તેમાંથી તેઓ સહેલાઈથી પોતાનો રસ્તો કરી લેશે; ઉદાહરણ તરીકે લગ્ન, સ્ત્રીઓ ઉપરની (૪૨૪) માલિકી અને પ્રજોત્પત્તિ—જે બધાં કહેવતમાં છે તે પ્રમાણે—"તમામ ચીજો ઉપર મિત્રોની સમાન માલિકી રહેશે,"+ એ સામાન્ય સિદ્ધાન્તને અનુસરશે.

એનું નિરાકરણ કરવાનો એ સારામાં સારો રસ્તો છે.

મેં કહ્યું : અને જો એક વાર સારી રીતે શરૂઆત કરવામાં આવે, તો ચક્રની જેમ પોતાના પ્રકૃતિબળનો ઉપચય કરતું એ રાજ્ય આગળ પ્રગતિ કરશે. કારણ સારો ઉછેર અને સારી કેળવણી સારી વૃત્તિઓને રોપે છે, અને આ સારી વૃત્તિઓનાં મૂળ સારી કેળવણીમાં બાઝે તેથી એનો વધારે ને વધારે ઉત્કર્ષ થાય છે, અને બીજાં પ્રાણીઓમાં થાય છે (ચ) તેમ એ ઉત્કર્ષની અસર માણસની ઓલાદ ઉપર પણ થાય છે.×

તેણે કહ્યું: કદાચ સંભવ ખરો.

ત્યારે ઉપસંહારમાં કહેવાનું કે: આપણા શાસનકર્તાઓએ જે મુદ્દા ઉપર સૌ કરતાં વધારે ધ્યાન આપવું જોઈએ તે આ છે,—કે માનસિક અને શારીરિક કેળવણીનું અસલ સ્વરૂપ (પ્રજાએ) જાળવી રાખવાનું છે. અને (તેમાં કોઈ) નવી રીતિ દાખલ થવા દેવાની નથી. એને સુરક્ષિત રાખવા માટે તેમણે પોતાથી બનતું બધું કરવું જોઈએ, અને જ્યારે કોઈ પણ એમ કહે કે—

ગયકો પાસે જે નવામાં નવાં ગીતો હોય[1]

+ જુઓ પરિ. ૫ : ૪૪૯-ક

× વંશાન્વયનો સિદ્ધાન્ત અહીં પ્લેટો સ્વીકારી લે છે, તોપણ એમાં પૂરેપૂરી શ્રદ્ધા તો નથી જ, કારણ ગ્લાઉકોન તરત જ બોલે છે : કદાચ સંભવ ખરો!

૧. Odessy : 1-352

(ક) તેની જ માણસો સૌથી વધારે કદર કરે છે, ત્યારે એમને ભય લાગશે કે રખેને એ નવાં ગીતોનાં નહિ પણ નવી જાતનાં ગીતનાં વખાણ કરતો હશે; અને આની પ્રશંસા થવી ન જોઈએ. અથવા કવિનો અર્થ આવો હતો એમ પણ માનવું ન જોઈએ; કારણ સંગીતની કોઈ પણ નવીન રીતિ આખા રાજ્યને માટે ભયપ્રદ છે, અને એની મના કરવી જોઈએ. ડેમન* મને એમ કહે છે અને મને એનામાં પૂરી શ્રદ્ધા છે;—એ કહે છે કે જ્યારે સંગીતની પદ્ધતિઓ બદલાય છે ત્યારે એની સાથે રાજ્યના મુખ્ય કાયદાઓમાં હંમેશ પરિવર્તન થાય છે.

ઍડેઇમેન્ટસે કહ્યું: હા, અને ડેમનના અને તમારા પોતાના મતમાં મારો મત પણ ઉમેરજો.

(ડ) મેં કહ્યું: ત્યારે આપણા પાલકોએ એમના દુર્ગનો પાયો માનસિક કેળવણી ઉપર રચવો જોઈશે.

તેણે કહ્યું: હા, જે ઉચ્છૃંખલતાની તમે વાત કરો છો તે અતિશય સહેલાઈથી અંદર છાનીમાની ઘુસી જાય છે.

મેં જવાબ આપ્યો: હા, વિનોદના રૂપમાં, અને પ્રથમ નજરે એ નિર્દોષ દેખાય છે.

તેણે કહ્યું: કેમ હાસ્તો, અને એથી કશું નુકસાન નથી; સિવાય કે એમાંથી એવું પરિણામ આવે કે ધીમે ધીમે ઉચ્છૃંખલતાનું તત્ત્વ ઘર કરી બેસે અને રીતભાત અને રિવાજોમાં એ પરોક્ષ રીતે પેસે; કારણ (એમ થાય તો) ત્યાંથી એ વધારે મોટા જોરથી ઉછળે છે અને માણસમાણસ (ઇ) વચ્ચેના કરારો પર આક્રમણ કરે છે, અને તદ્દન અવિચારીપણામાં તે (તત્ત્વ) કરારોમાંથી કાયદા અને બંધારણમાં પેસે છે અને છેવટ, સૉક્રેટિસ, એ બાનગી તેમજ જાહેર તમામ હકોને ઉથલાવી પાડીને જ રાચે છે.

---

* જુઓ પરિ. ૩-૪૦૦-બ

મેં કહ્યું: એ શું ખરું છે?

તેણે જવાબ આપ્યોઃ હું એમ માનું છું.

ત્યારે, હું કહેતો હતો તેમ, આપણા યુવાનને શરૂઆતથી જ વધારે કઠિન પ્રકારનું શિક્ષણ આપવું જોઈશે, કારણ જો વિનોદની પદ્ધતિઓ સ્વચ્છંદી થાય અને (૪૨૫) યુવાનો પોતે વિવેકભ્રષ્ટ થાય, તો પછી તેઓ કદી મોટા થઈને સદાચારી અને સદ્‌ગુણી નગરવાસીઓ થઈ શકશે નહિ.

તેણે કહ્યું: તદ્દન ખરું.

અને જ્યારે તેમણે (શારીરિક) રમતોમાં સારી પેઠે ભાગ લીધો હોય, અને સંગીત (માનસિક કેળવણી)ની મદદથી તેમનામાં સારી વ્યવસ્થાની ટેવ પડી હોય, ત્યારે વ્યવસ્થાની આ ટેવ, બીજાની વિવેકભ્રષ્ટ ટેવોથી એટલી તો ભિન્ન રીતે!* એમનાં દરેક કાર્યમાં એમની સહચારિણી થઈ રહેશે, અને એમની પ્રગતિના સિદ્ધાન્તરૂપ બની રહેશે અને રાજ્યમાં જે કોઈ પતિત સ્થાનો હોય તેને ફરીથી ઉચ્ચ કરી દેશે.

તેણે કહ્યું: સાવ સાચું.

આ રીતે શિક્ષણ મેળવ્યાથી, તેમના પુરોગામીઓ જે નિયમો પ્રત્યે તદ્દન બેદરકાર રહ્યા હશે તેવા ઓછા અગત્યના નિયમો તેઓ પોતાની જાતે ઘડી કાઢશે.+

એટલે?

(ક્ષ) આના જેવી બીજી આવી બાબતો એમ હું કહેવા માગું છું:— પોતાના મુરબ્બીઓ આગળ નાનાંઓએ કદાચે ન બોલવું, એમને બેસાડીને અને પોતે ઊભા રહીને તેમણે એમના પ્રત્યેનું માન કેવી રીતે દેખાડવું; માતપિતાને કેટલું માન આપવું જોઈએ; કેવાં

* વાક્યની વચ્ચે ઉદ્‌ગારવાચક ચિહ્ન સામાન્ય રીતે વપરાતું નથી, પણ મૂળમાં છે એટલે અહીં પણ મૂક્યું છે.

× મુદ્દો. ૬: સામાન્ય રીતભાતના નિયમો

કપડાં કે જોડા પહેરવાના છે; વાળ ઓળવાની રીત; સામાન્ય વર્તણુક અને રીતભાત,—તમે મારી સાથે સંમત થશો ને?

હા.

પરંતુ હું માનું છું કે આવી બાબતોમાં કાયદા ઘડવા એ વિવેકભર્યું નથી,—એમ કદી થયું હશે કે નહિ એ વિશે મને શંકા છે; તેમ જ એ વિશેનાં કોઈ ચોક્કસ લેખિત શાસનો લાંબો વખત ટકે એવો સંભવ (પણ) નથી.

અશકય.

ઍડમેન્ટસ, માણસને જે દિશા તરફ કેળવણી વાળે છે તે જ એના ભવિષ્યના જીવનની (*) નિયામક થશે એમ દેખાય છે. સમાન શું સમાનને હંમેશાં આકર્ષતું નથી?*

અચુક.

તે એટલે સુધી કે (તેમાંથી) એક વીરલ અને મહાન પરિણામ નીપજે, જે સારું હોય અને સારાથી ઊલટું પણ હોય.

એની ના ન પાડી શકાય.

મેં કહ્યું: અને આ કારણે એ વિશે વિગતવાર કાયદા ઘડવાનો હું પ્રયત્ન નહિ કરું.

તેણે જવાબ આપ્યો: એ તદ્દન સ્વાભાવિક છે.

વારુ, અને બજારની લેવડદેવડ વિશે, અને માણસમાણસ વચ્ચેની સાધારણ આપલે, અથવા વળી કારીગરો સાથેનાં કબૂલાતનામાં વિશે; અપમાન (ડ) અને નુકસાન વિશે અથવા કામની શરૂઆત અને જ્યુરીની નિમણુંક વિશે તમે શું કહેશો? આપણી

* Does not like always attract like?—જે જેના જેવું છે તેને તે આકર્ષે છે—આ સિદ્ધાન્ત ગ્રીક ફિલસૂફીમાં મૂળ એમ્પીડોકિલસે રોપેલો. આપણી ફિલસૂફીમાં પણ આ સિદ્ધાન્ત દેખા દે છે—ઉ. શબ્દ કાનથી સંભળાય છે કારણ શબ્દ આકાશનો ધર્મ છે અને શ્રવણેન્દ્રિયમાં પણ આકાશતત્ત્વ છે વગેરે.

જરૂરિયાત અનુસાર બજાર અને બંદરના કરો ગમે તે રીતે નાંખવા પડે, ઉઘરાવવા પડે, અને સામાન્ય રીતે બજાર, પોલીસ, બંદરો વગેરે વિશેના નિયમોના પણ કદાચ સવાલો ઊભા થાય. પણ અરે ભગવાન! આમાંની કોઈ પણ વિગતો વિશે કાયદા ઘડવાની શું આપણે હા પાડીશું?

તેણે કહ્યું: હું ધારું છું કે સારા માણસો પર એ બાબતના કાયદા લાદવાની જરૂર નથી; કયા નિયમો (ઈ) જરૂરના છે એ તેઓ પોતાની મેળે તરત જ શોધી કાઢશે.

મેં કહ્યું: હા, મારા મિત્ર આપણે જે કાયદા એમને આપ્યા છે તે કાયદાઓ જો માત્ર ઈશ્વર એમની પાસે સુરક્ષિત રાખે તો.

એડેઇમેન્ટસે કહ્યું: અને દૈવી મદદ સિવાય તો પૂર્ણ પદે પહોંચવાની આશાએ તેઓ હરહંમેશ પોતાના કાયદા અને પોતાનાં જીવન ઘડયા કરશે અને સુધાર્યા કરશે.

મેં કહ્યું: તો તો જેમનામાં કશો આત્મસંયમ નથી અને જે પોતાની અસંયમી ટેવો કદી છોડતા નથી એવા અશક્ત માણસોની સાથે તમે તેમને સરખાવો છો ખરું ને?

એમ જ.

(૪૨૬) મેં કહ્યું: હા, અને તેઓ કેવું મજેનું જીવન ગાળે છે! તેઓ હંમેશાં પોતાના વ્યાધિઓનું વૈદું કરે છે, અને વ્યાધિને વધારે છે અને બીજા વ્યાધિઓનું મિશ્રણ કરે છે, અને હંમેશાં એવી કલ્પના કરે છે કે ગમે તે માણસ (અમુક ઈલાજ) અજમાવી જોવાની એમને સલાહ આપે એવાં ગુપ્તૌષધોથી પોતે સાજા થઈ જશે!

તેણે કહ્યું: આ જાતના અશક્તોમાં આવા દાખલાઓ અતિ સામાન્ય છે.

---

* એડેઇમેન્ટસ અહીં કટાક્ષ કરે છે કે આ રીતે અનેક જાતના નિયમો કરી કરીને શું તેઓ પૂર્ણપદે પહોંચવાના હતા? આ આખી ચર્ચા આપણા આજના સામાજિક અને રાજકીય જીવનને બહુ જ લાગુ પડે એવી છે.

મેં જવાબ આપ્યો : હા, અને સરસ વાત તો એ છે કે તેઓ ખાવાનું અને પીવાનું, તથા હલકી સ્ત્રીઓ સાથેનો સંબંધ અને આળસુપણું છોડી ન દે, ત્યાં સુધી ઔષધ કે દાહ અથવા મંત્ર કે તાવીજ કે બીજા કોઈ ઉપાયથી એમને ફાયદો નહિ થાય એવું જે (ब) સાદું સત્ય એમને કોઈ કહી સંભાળાવે, તેમને તેઓ પોતાના દુષ્ટમાં દુષ્ટ વૈરી ગણે છે.

તેણે જવાબ આપ્યો : સરસ ! કોઈ માણસ જે સાચું હોય તે કહે તો એવાની સાથે લડી પડવામાં મને તો કશું સરસ દેખાતું નથી.

મેં કહ્યું : આ ગૃહસ્થો પર તમને સારી મહેરબાની હોય એમ દેખાતું નથી.

અવશ્ય નહિ જ.

તેમ જ જે માણસોનું હું હમણાં જ વર્ણન કરતો હતો તેમનાં કર્મો જેવાં જે રાજ્યો કૃત્યો કરે તેનાં આચરણની તમે પ્રશંસા નહિ કરો. કારણ શું એવાં ગેરવ્યવસ્થાવાળાં રાજ્યો (क) હોતાં નથી જેની અંદર નગરવાસીઓને મરણના ભયે બંધારણમાં ફેરફાર કરવાની મના કરવામાં આવે છે; અને છતાં આ રાજ્યમાં જેઓ રહેતા હોય તેમની જે અત્યંત મધુરતાથી ખુશામત કરે છે અને એમને અનુમોદન આપે છે તથા એમને લાડ લડાવે છે અને કુશળતાથી એમના કુછંદોને અગાઉથી જાણી લઈ જે એને સંતોષે છે એ જ મહાન અને સારો રાજદ્વારી પુરુષ ગણાય છે—જે લોકોનું હું વર્ણન કરતો હતો એમના જેવાં શું આ રાજ્યો નથી ?

તેણે કહ્યું : હા, તે માણસો જેટલાં જ એ રાજ્યો (પણ) ખરાબ છે; અને તેની પ્રશંસા હું કરું એમ નથી.

(ड) મેં કહ્યું : પરંતુ રાજ્યપ્રકરણી બાબતોમાં સડો પેસાડવા હાજરાહજુર રહેતા આ અમાત્યોના ઠંડા (દુષ્ટ) સ્વભાવ અને કૌશલ્યને માટે શું તમને માન નથી ઊપજતું ?

તેણે કહ્યું : હા, ઊપજે છે : પણ એમાંના બધા માટે નહિ, કારણ એમાંના કેટલાક એવા હોય છે જે લોકોની પ્રશંસાને લીધે ભરમાઈ જઈ પોતે ખરેખરા રાજદ્વારી પુરુષો છે એમ માનતા થઈ જાય છે, અને આવાની કંઈ બહુ પ્રશંસા કરવા જેવું નથી.

મેં કહ્યું : એટલે? (ઊલટું) એમને માટે તો તમને વધારે લાગવું જોઈએ. કોઈ માણસને માપતાં ન આવડતું હોય, તથા બીજા એવા ઘણાયે જેમને પણ માપતાં ન આવડતું હોય તેવા જ્યારે એમ જાહેર (દ્ર) કરે કે એ ચાર હાથ ઊંચો છે, ત્યારે પેલા માણસને એ માનવું જ પડે ને?

તેણે કહ્યું : ના, એ દાખલામાં તો અવશ્ય નહિ.

વારુ, ત્યારે એમના પર ગુસ્સે ન થાઓ; કારણ હું વર્ણન કરતો હતો એવા નાના નાના સુધારાઓ તેઓ કરતા હોય ત્યારે જાણે તેઓ કોઈ નાટક ભજવતા હોય એવું નથી લાગતું; તેઓ હંમેશાં એમ કલ્પના કરે છે કે કાયદાઓ ઘડી ઘડીને કરારોમાં થતાં કપટોનો, તથા હું ઉલ્લેખ કરતો હતો તેવી બીજી બદમાશીનો તેઓ અંત આણી શકશે, પરંતુ એમને ખબર નથી કે વસ્તુતઃ તેઓ અનંત માથાવાળા રાક્ષસનાંx ડોકાં કાપવાનો પ્રયત્ન કરે છે!

(૪૨૭) તેણે કહ્યું : હા તેઓ એમ જ કરે છે.

મેં કહ્યું : મારો ખ્યાલ એવો છે કે દુર્વ્યવસ્થિત કે સુવ્યવસ્થિત રાજ્યમાં શું કાયદાઓ કે શું બંધારણની સાથે સંબંધ ધરાવતાં આ જાતનાં શાસનો ઘડી કાઢવાની તસ્દી સાચો ન્યાયપ્રવર્તક પોતે નહિ લે; કારણ પહેલા રાજ્યમાં એ તદ્દન બિનઉપયોગી છે, અને બીજામાં એ ઘડી કાઢવાની કદી કશી મુશ્કેલી નહિ પડે, અને ઘણા તો આપણા અગાઉના નિયમોમાંથી સ્વાભાવિક રીતે ઊતરી આવશે.

(ब) તેણે કહ્યું : ત્યારે કાયદા ઘડવાનું આપણું કયું કામ હજી બાકી રહ્યું છે?

---

x 'Hydra' એવું પ્રાણી છે કે જેનું એક માથું કાપો કે તુરત જ બીજું ઊગે.

મેં જવાબ આપ્યો : કંઈ જ નહિ, પરંતુ ડેલ્ફીના દેવ એપોલો સારુ સૌથી મહાન, સૌથી શ્રેષ્ઠ અને સૌથી મુખ્ય બાબતની વ્યવસ્થા કરવાનું હજી બાકી રહે છે.

તેણે કહ્યું : એ કંઈ ?

દેવો, નાના દેવો અને વીર પુરુષોની સમગ્ર સેવા તથા યજ્ઞો અને મંદિરોની સંસ્થાઓ; મરી ગયેલા માણસોના સ્થાનની વ્યવસ્થા પણ અને નીચલી દુનિયામાં વાસ કરનારાઓનો જેને અનુગ્રહ મેળવવો હોય તેણે જે વિધિઓ પાળવાના હોય તે પણ. આ એવી બાબતો છે કે જેને વિશે આપણે પોતે અજ્ઞાન છીએ, અને આપણે (ક) વંશપરંપરાના દેવ સિવાય બીજા કોઈએ કરેલા અર્થમાં આપણે શ્રદ્ધા મૂકીએ તો નગર રાજ્યના સ્થાપકો તરીકે આપણે વિવેક વાપર્યો ન ગણાય. પૃથ્વીની નાભિ ઉપર, મધ્યમાં જે વિરાજે છે એ જ એ દેવ છે, અને સમસ્ત માનવજાતને એ ધર્મનો બોધ આપે છે.

તમે ખરું કહો છો અને તમે કહો છો એમ કરીશું.

પરંતુ એરિસ્ટોનના પુત્ર, આ બધામાં ધર્મ ક્યાં (ડ) રહેલો છે ?* મને કહે ક્યાં ? આપણું નગર રાજ્ય વસવાટને યોગ્ય થયું છે તો પછી દીવો સળગાવો અને શોધ કરો, અને તમારા ભાઈ અને પોલિમાર્કસ તથા બાકીના મિત્રોની મદદ લો, અને અમને જોવા દો કે એમાં ક્યાં ધર્મ અને ક્યાં અધર્મ મળી આવે છે, અને એક બીજાથી એ શામાં ભિન્ન પડે છે, અને જેને સુખી થવું છે તે માણસે, પછી ભલે દેવો કે માનવો એને (જુએ કે) ન જુએ તો પણ, પોતાના ભાગ તરીકે એમાંથી કોનો સ્વીકાર કરવો જોઈએ

ગ્લાઉકોને કહ્યું : કેટલું બેહુદું ! અણીને (ઢ) વખતે ધર્મને તમે મદદ ન કરો, તો એ તમારે માટે અધર્મ ગણાય, એમ કહેતાં કહેતાં, શું તમે જ ધર્મને શોધી આપવાનું વચન નહોતું આપ્યું ?

---

* મુદ્દો ૭-ધર્મની શોધ

મેં એમ કહ્યું હતું તેનો હું ઇન્કાર કરતો નથી; અને તમે મને યાદ આપો છો તો હું મારું વચન પાળીશ, પણ તમારે સામેલ થવું પડશે.

તેણે જવાબ આપ્યો : અમે થઈશું.

વારુ, ત્યારે આ રીતે શોધ કરવાની હું આશા રાખું છું? જો આપણું રાજ્ય સુવ્યવસ્થાવાળું હોય તો તે સંપૂર્ણ છે એ સ્વીકૃતિથી હું શરુ કરવા માગું છું.

એ તો ચોક્કસ જ છે.

અને સંપૂર્ણ હોવાને લીધે એ વિવેકી, શુરવીર, સંયમી અને ધર્મિષ્ઠ પણ છે.

એ પણ એ રીતે સ્પષ્ટ છે.

અને આમાંના હરકોઈ ગુણો જો આપણે શોધી કાઢીએ, તો પછી જે નથી જડતો એ શેષ તરીકે પડયો રહેશે ખરું ને? *

(૪૨૮) બહુ સારું.

જો ચાર વસ્તુઓ હોય, અને એમાંથી એકને આપણે શોધતા હોઈએ પછી ભલે તે એમાંની ગમે તે હોય, તો આપણે જેની શોધ કરતા હોઈએ તેની પહેલેથી જ આપણને ખબર હોય,—અને તો પછી કંઈ વધારે તસ્દી લેવી ન પડે; અથવા તો બીજી ત્રણને આપણે પહેલેથી ઓળખતા હોઈએ, અને પછી જે બાકી રહે તે સ્પષ્ટ રીતે ચોથી જ હોવી જોઈએ. *

તેણે કહ્યું : સાવ સાચું.

અને સદ્‌ગુણોની સંખ્યા ચાર છે તેના સંબંધમાં પણ શું એવી જ પદ્ધતિ અનુસરવી ન જોઈએ?×

---

* Method of Residues.

× મુદ્દો ૮ : ચાર સદ્‌ગુણોનું સ્વરૂપ ૧. વિવેક.

એ સ્પષ્ટ છે.

રાજ્યમાં સદ્‌ગુણો ભળી આવે છે તેમાં પહેલાં વિવેક (બ) નજરે પડે છે, અને એમાં હું અમુક વૈશિષ્ટ્ય રહેલું જોઉં છું.

એ શું છે?

જે રાજ્યનું આપણે વર્ણન કરી રહ્યા છીએ એમાં સારી સલાહ આપવામાં આવે છે તેથી એ વિવેકી કહેવાય છે ખરું ને?

સાવ સાચું.

અને સારી સલાહ એ સ્પષ્ટ રીતે એક પ્રકારનું જ્ઞાન છે, કારણ અજ્ઞાનથી નહિ પરંતુ જ્ઞાનથી જ માણસો સારી સલાહ આપી શકે છે.

એ સ્પષ્ટ છે.

અને રાજ્યમાં જ્ઞાનના ઘણા અને વિવિધ પ્રકારો રહેલા છે.

અલબત્ત.

એક તરફ સુતારનું જ્ઞાન છે, પરંતુ નગર રાજ્યને વિવેકી અને સલાહમાં સારું હોવાનો દાવો આપે એ પ્રકારનું શું એ જ્ઞાન છે?

(ક) અવશ્ય નહિ; એ તો માત્ર નગરને સુથારી કામમાં નિપુણતાની પ્રતિષ્ઠા આપે.

ત્યારે જે જ્ઞાન વડે લાકડાનાં સાધનો વિશે સૌથી સારી સલાહ અપાય એ જ્ઞાન નગરમાં હોય તેથી કંઈ એને વિવેકી ન કહેવું જોઈએ.

અવશ્ય નહિ.

તેણે કહ્યું : તેમ જ પિત્તળનાં વાસણ વિશે જે જ્ઞાન સલાહ આપે છે તેને લીધે પણ નહિ, તથા એવું બીજું કોઈ પણ જ્ઞાન હોવાને લીધે પણ નહિ.

તેણે કહ્યું : એમાંના કોઈ પણ જ્ઞાનના કારણે નહિ.

તેમ જમીન ખેડવાના કારણે પણ નહિ; એવા નગરને ખેતી-પ્રધાન એવું નામ મળે.

હા.

મેં કહ્યું : વારુ, આપણા તાજા સ્થપાયેલા રાજ્યના પુરવાસીઓમાંના કોઈમાં શું એવું કોઈ જ્ઞાન છે કે જે (ક) રાજ્યની અમુક જ બાબત વિશે નહિ પરંતુ સમસ્તને વિશે સલાહ આપે અને બીજાં રાજ્યો સાથે કેવી રીતે સૌથી સારો (બાહ્ય તેમજ આંતરિક) વ્યવહાર રાખી શકાય એ બાબત વિચાર કરે?

અવશ્ય એવું (જ્ઞાન) છે.

મેં પૂછ્યું : અને આ જ્ઞાન તે કયું અને કોનામાં એ મળી આવે?

તેણે જવાબ આપ્યો : એ જ્ઞાન પાલકોનું છે, ઉત્કૃષ્ટ પાલકો ગણીને જેમનું આપણે હમણાં વર્ણન કરતા હતા, તેમનામાં એ જ્ઞાન મળી આવે છે.

અને આ પ્રકારના જ્ઞાન પર પ્રભુત્વ હોય તેવા નગરને કયું નામ આપવામાં આવે?

સલાહમાં સારું અને ખરેખર વિવેકી હોવાનું.

(ફ) અને આપણા નગરમાં લુહારો વધારે હશે કે સાચા પાલકો?

તેણે જવાબ આપ્યો : લુહારોની સંખ્યા ઘણી જ વધારે હશે.

કોઈ પણ પ્રકારના જ્ઞાનના વ્યવસાયને લીધે જેમને અમુક નામ આપવામાં આવતું હોય એવા તમામ વર્ગોની સંખ્યા કરતાં, પાલકોના વર્ગની સંખ્યા શું સૌથી ઓછી નહિ હોય?

ઘણી જ નાની હશે.

અને તેથી સૌથી નાનામાં નાના અંશ કે વર્ગને લીધે, તથા શાસન કરતા અને અધિકાર ભોગવતા આ અંગમાં (એટલે કે પાલકોમાં) પોતામાં જે જ્ઞાન રહેલું છે તેને (૪૨૬) લીધે—તથા આપણું રાજ્ય આ રીતે કુદરત અનુસાર રચાયેલું હશે તે કારણે તે વિવેકી થશે; અને (કારણ) જે અંગમાં વિવેકનું નામ આપવા યોગ્ય એક માત્ર

જ્ઞાન રહેલું છે તે અંગ સ્વભાવથી* (સ્વાભાવિક રીતે જ) બધા વર્ગો કરતાં સૌથી નાનું રહેવા સર્જાયું છે.

તદ્દન ખરું.

મેં કહ્યું : ત્યારે આ રીતે ચાર સદ્‌ગુણોમાંના એકનું સ્વરૂપ તથા તેનું રાજ્યમાં જે સ્થાન છે તે જેમ તેમ કરતાં આપણને જડી આવ્યું છે.

તેણે જવાબ આપ્યો : અને મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે બહુ જ સંતોષકારક રીતે શોધાયું છે.

મેં કહ્યું: વળી શૌર્યનું સ્વરૂપ× અને રાજ્યના કયા અંગમાં એ ગુણ વસે છે કે જેને લીધે રાજ્યને આપણે શૂરવીરનું નામ આપી શકીએ—એ નિશ્ચિત કરવામાં કશી મુશ્કેલી નહિ પડે.

એમ કેમ ?

(બ) મેં કહ્યું: કેમ, હરકોઈ રાજ્યને જ્યારે કોઈ માણસ શૂરવીર કે બીકણ ગણતો હોય, ત્યારે એ રાજ્ય તરફથી જે લોકો લડવા કે વિગ્રહ કરવા જાય તેનો એ વિચાર કરતો હોય છે.

તેણે જવાબ આપ્યો: બાકીના લોકો વિષે કોઈ કદી વિચાર કરે જ નહિ.

બાકીના પુરવાસીઓ શૂરવીર હોય કે બીકણ હોય, પણ હું સમજું છું તે પ્રમાણે, એમનાં શૌર્ય કે બાયલાપણાને લીધે નગરરાજ્ય શૂરવીર કે બાયલું ગણાશે નહિ.

---

* By Nature ('Phusis')–કુદરતી રીતે જ, અથવા સ્વભાવથી જ. અહીં સ્વભાવ એટલે કે વિશિષ્ટ સ્વભાવ કે લક્ષણ બાંધવામાં ઉપયોગી થઈ પડે તેવો ધર્મ (Not the genus but differentia of human nature) કુદરત અથવા સ્વભાવ શબ્દ કોઇ કોઇ વાર જાતિના અર્થમાં પણ વપરાય છે. અને તેથી શુદ્ધ વિચારની દૃષ્ટિએ ઘણો ગોટાળો થવા સંભવ છે. રુસોનું સૂત્ર—"Back to nature" અથવા બાળકનો વિકાસ કુદરતી રીતે સધાવો જોઈએ–માણસે કુદરતને અનુરૂપ જીવન ગાળવું જોઇએ–પણ તે કઈ કુદરત ? પશુની કુદરત કે માનવ જીવનને અનુરૂપ કુદરત ? જુઓ ૪૪૩-ડ

× મુદ્દો. ૮–૨ શૌર્ય.

અવશ્ય નહિ.

રાજ્યના અમુક લોકો, તેમને આપણા શાસનકર્તાઓ જે કેળવણી આપી છે તે અનુસાર, જેનાથી બીવાનું છે (ક) અને જેનાથી બીવાનું નથી તે વસ્તુઓના સ્વભાવ વિશેનો અભિપ્રાય* ગમે તે સંજોગોમાં ન બદલે, તો જ તે રાજ્ય શૂરવીર ગણાશે; અને આને જ તમે શૌર્ય કહો છો.

તમે જે કહો છો તે ફરી એક વાર મને સાંભળવાનું મન છે, કારણ હું પૂરેપૂરું સમજ્યો હોઉં એમ મને લાગતું નથી.

હું એમ કહેવા માગું છું કે શૌર્ય એક પ્રકારની મુક્તિ છે.

મુક્તિ શાની ?

જે વસ્તુઓથી બીવાનું છે તે વિષેના અભિપ્રાયની—એ શી છે અને એનો સ્વભાવ કેવો છે, જે બધું કેળવણી દ્વારા શાસ્ત્ર+ (લોકોના મનમાં) રોપે છે; (ડ) અને 'ગમે તે સંજોગોમાં' એ શબ્દો વાપરીને મારે એમ જણાવવું છે કે સુખમાં કે દુઃખમાં અથવા ઇચ્છા કે બીકની અસરને લીધે પણ માણસ આ અભિપ્રાય ગુમાવી બેસતો નથી, પણ તેને વળગી રહે છે. હું તમને એક ઉદાહરણ આપું ?

આપો તો સારું.

મેં કહ્યું: તમને ખબર છે કે રંગરેજોને જ્યારે ઊનને સમુદ્રના જેવી નીલવર્ણી રંગવી હોય છે, ત્યારે તેઓ સૌથી પહેલાં શરૂઆતમાં સફેદ રંગ પસંદ કરે છે; (એટલે કે ઉનને પહેલાં ધોઈને સાફ કરે છે). તેઓ આ તૈયાર કરે છે, અને કેટલીય સંભાળ તથા તકલીફ લઈ

---

* 'Epistemē' જ્ઞાન; 'Doxa': અભિપ્રાય-પ્રાણમય ભૂમિકા પર થતા જ્ઞાનને પ્લેટો અભિપ્રાય કહે છે, અને બુદ્ધિની ભૂમિકા પર જ ખરું જ્ઞાન હોઈ શકે—આ રીતે જુદી જુદી ભૂમિકા પર થતા જ્ઞાનના વ્યાપાર માટે પ્લેટો ભિન્ન શબ્દો વાપરે છે. જુઓ નીચે પરિ: ૫: ૪૭૬-૪૭૮ પરિ: ૬: ૫૦૮ડ, ૫૧૦ અ; ૭: ૫૩૪;

+ શાસ્ત્ર અથવા કાયદો અથવા નિયમ

તેઓ ઉનને ઠીકઠાક કરે છે કે જેથી સફેદ ભોંય પર નીલ રંગ સંપૂર્ણ રીતે બેસે. પછી જે રંગવાનું કામ શરુ કરવામાં આવે છે, તેનો રંગ પાકો (દૃઢ) થાય છે, તથા ક્ષાર નાંખ્યા વગર કે ક્ષાર નાંખીને ધોવાથી પણ એની ચળકી જતી નથી. પરંતુ જ્યારે (રંગવાની) ભોંયને બરાબર સાફ કરવામાં આવતી નથી, ત્યારે નીલવર્ણ કે બીજો કોઈ રંગ કેટલો ઝાંખો દેખાય છે તે તમે જોયું હશે.

તેણે કહ્યું : હા, એનો દેખાવ ધોવાઈ ગયા જેવો (ભૂખરો) અને હાસ્યાસ્પદ થઈ જાય છે, તેની મને ખબર છે.

મેં કહ્યું: ત્યારે હવે, સૈનિકોને પસંદ (૪૩૦) કરવામાં અને તેમને માનસિક અને શારીરિક શિક્ષણ આપવામાં આપણો શો હેતુ હતો તે તમે સમજી શકશો. આપણે તેમના પર એ રીતે અસર કરવા માગતા હતા કે જેથી તેઓ કાયદાઓનો રંગ સંપૂર્ણપણે ગ્રહણ કરવા યોગ્ય થઈ જાય, અને ભયપ્રદ વસ્તુઓ વિષેનો તથા બીજા દરેક અભિપ્રાયનો રંગ તેમના શિક્ષણ અને સ્વભાવ દ્વારા એવો તો પાકો કરવાનો છે કે સુખની લાગણી જેવા જબરા ક્ષારથી—સુખ કે જે બીજા કોઈ ક્ષાર કરતાં આત્માને વધારે (ઘ) સજ્જડ રીતે ધોઈ નાંખે છે—અથવા તો બીજી ઓગાળી નાખનાર વસ્તુઓ કરતાં જે સૌથી વધારે પ્રબળ છે તે શોક, બીક અને ઇચ્છાથી પણ એ ધોવાઈ ન જાય, અને ખરી અને ખોટી ભયપ્રદ વસ્તુઓ વિષેના, શાસ્ત્રાનુસાર ખરા અભિપ્રાયોને રક્ષવાની આ પ્રકારની સર્વમાન્ય શક્તિને, તમે જો અસંમત ન થતા હો તો, હું શૌર્ય કહું છું તથા તેનું આ રીતે પ્રતિપાદન કરું છું.

તેણે જવાબ આપ્યો : પણ હું સંમત છું; કારણ કોઈ જંગલી પશુની કે એક ગુલામની બહાદુરીના જેવા અજ્ઞાનમાંથી ઉપજેલા શૌર્યની તમે આમાં ગણત્રી કરવા માગતા નથી એમ હું ધારું છું— (કારણ) તમારા અભિપ્રાય પ્રમાણે શાસ્ત્ર (કે કાયદો) જે (જાતનું)

શૌર્ય (પોષવાનો) આદેશ આપે છે તે એ નથી, અને (તેથી) એને બીજું નામ આપવું જોઈએ.

(ક) અચુક.

ત્યારે તમે જે રીતે વર્ણન કરો છો તેવું જ શૌર્ય છે એવું હું અનુમાન બાંધી શકું ખરું ને?

મેં કહ્યું: કેમ હાસ્તો, તમે બાંધી શકો, અને જો તમે 'નગરવાસીનું' એટલો શબ્દ ઉમેરશો, તો તેમાં કંઈ ખોટું નથી;—હવે તમારી ના ન હોય તો, આપણે પરીક્ષણ આગળ ચલાવીએ, પરંતુ અત્યારે આપણે શૌર્યની નહિ પણ ધર્મની શોધ કરવાની છે; અને આપણી શોધને અનુલક્ષીને શૌર્યને વિશે આપણે પુરતું કહ્યું છે.

તેણે જવાબ આપ્યો: તમે ખરું કહો છો.

રાજ્યમાંથી હજી બે સદ્‌ગુણો આપણે શોધવાના રહ્યા છે, પહેલો સંયમ, અને પછી ધર્મ—એ આપણને (ઙ) મળી આવે એટલે આપણી શોધ પૂરી થશે.

બહુ સાચું,

હવે સંયમને શોધવાની કંઈ ભાંજગડ કર્યા વગર આપણને ધર્મ મળી આવે ખરો?

તેણે કહ્યું: એમ કઈ રીતે થઈ શકે તેની મને સમજ પડતી નથી; વળી સંયમ શું તેની આપણને ખબર ન પડે, અને ધર્મનું આપણને જ્ઞાન મળી જાય એમ હું ઇચ્છતો (પણ) નથી; અને તેથી પહેલાં સંયમ શું છે એ વિશે વિચાર કરવાની મહેરબાની મારા પર કરશો એવી મારી વિનંતી છે.

(ઇ) મેં જવાબ આપ્યો: જરૂર; તમારી વિનંતિ ન સ્વીકારવા હું કંઈ કારણ આપી શકું એમ નથી.

તેણે કહ્યું: ત્યારે એ વિશે વિચાર કરો.

મેં જવાબ આપ્યોઃ હા, કરીશ; * અને હું અત્યારે જોઈ શકું છું તે પ્રમાણે તો, આગળ આવી ગયા તે સદ્‌ગુણો કરતાં સંયમમાં સંવાદ અને એકતાનતાનું તત્ત્વ વધારે અંશે રહેલું છે.

તેણે પૂછ્યુંઃ એ કઈ રીતે?

મેં જવાબ આપ્યોઃ અમુક (પ્રકારનાં) સુખ અને ઇચ્છાઓને વ્યવસ્થિત કે સ્વાધીન રાખવાં એનું નામ સંયમ; "માણસ સ્વાધીન હોવો જોઈએ," એ કહેવતમાં પણ આનું જ ગર્ભિત રીતે સૂચન કરવામાં આવ્યું છે એ નવાઈ જેવું છે; અને ભાષામાં એ જ વિચારની બીજી છાયા મળી આવે ખરી.

તેણે કહ્યુંઃ એમાં સંદેહ નથી.

"સ્વાધીન" શબ્દ જરા હાસ્યાસ્પદ લાગે છે; કારણ (૪૩૧) (સ્વ+અધીનમાં) સ્વામી છે તે સેવક પણ છે, અને સેવક સ્વામી છે; અને બોલવાની આવી દરેક પદ્ધતિમાં એની એ જ વ્યક્તિ ઉદ્દિષ્ટ હોય છે.

અવશ્ય.

મારી માન્યતા પ્રમાણે+ આનો અર્થ એ છે કે મનુષ્યના આત્મામાં એક ઉચ્ચતર અને બીજું જરા અધમ એમ બે તત્ત્વ રહેલાં છે, અને જ્યારે અધમ તત્ત્વ ઉચ્ચતર તત્ત્વના કાબુમાં રહેલું હોય છે, ત્યારે માણસ સ્વાયત્ત છે એમ કહેવાય છે; અને આ એક પ્રશંસાનું પદ છેઃ પણ જ્યારે ખરાબ શિક્ષણ કે સહવાસને લઈને, ઉચ્ચતર તત્ત્વનો લઘુ અંશ ખરાબ તત્ત્વના ઘણા મોટા પુંજમાં (બ) ગ્રસ્ત થઈ જાય છે, ત્યારે—આવે વખતે તેને દોષ દેવામાં આવે છે, અને કશા પણ સિદ્ધાન્ત વગરનો તથા પોતાની (અધમ) જાતનો ગુલામ ગણવામાં આવે છે.

હા, એ વ્યાજબી છે.

---

* મુદ્દો : ૮ : ૩. સંયમ.

+ પ્લેટોનું ચિત્તશાસ્ત્ર

મેં કહ્યું: અને હવે આપણા નવાં સર્જેલાં રાજ્ય તરફ નજર કરો. અને ત્યાં આ બે સ્થિતિમાંની એક સિદ્ધ થયેલી તમને મળી આવશે: કારણ કે 'સ્વાધીનતા' અને 'સંયમ'ના જેવા શબ્દોથી, ઉચ્ચતર અંશ દ્વારા અધમતર અંશનું નિયમન ખરેખર વ્યક્ત થતું હોય, તો તમે એટલું કબૂલ કરશો કે એ રાજ્ય ખરેખર 'સ્વાધીન' (કે સ્વતંત્ર) કહી શકાય.

તેણે કહ્યું: હા, તમારું કહેવું ખરું છે એમ હું માનું છું, વધારામાં મને એટલું નોંધવા દો કે સામાન્ય (રૂ) રીતે બાળકોમાં, સ્ત્રીઓમાં અને નોકરોમાં તથા તદ્દન હલકા એવા કહેવાતા—સ્વતંત્ર લોકો, જેઓની સંખ્યા ઘણી મોટી હોય છે, તેમનામાં પણ અનેક પ્રકારનાં જટિલ સુખદુઃખો તથા ઇચ્છાઓ જોવામાં આવે છે.

તેણે કહ્યું: જરૂર.

જ્યારે (એથી ઊલટું) જેઓનું કુળ ઊંચું હોય છે, અને જેમને સૌથી સારું શિક્ષણ આપવામાં આવેલું છે, તેવા થોડાએક લોકોમાં જ, બુદ્ધિ (ના આદેશ)ને અનુસરતી સાદી વિનીત ઇચ્છાઓ, મનને તથા સાચા અભિપ્રાયોને વશ વર્તે છે.

સાવ સાચું.

તમે જોઈ શકશો કે આ બંને તત્ત્વોને આપણા રાજ્યમાં સ્થાન છે: અને થોડાએક લોકોના વિવેક તથા (ઙ) ચારિત્ર્યવાન ઇચ્છાઓને લીધે ઘણા લોકોની ક્ષુદ્રતર ઇચ્છાઓના ઉપર અંકુશ મુકાય છે.

તેણે કહ્યું: હું સમજ્યો.

ત્યારે જો કોઈ પણ નગર રાજ્યને આપણે તેની ઇચ્છાઓ અને સુખોનું સ્વામી તથા સ્વાધીન કહી શકીએ, તો આપણા રાજ્યને જ એવા ઉપનામનો હક છે.

તેણે જવાબ આપ્યો: અવશ્ય.

અને એ જ કારણે એને આપણે સંયમી પણ કહી શકીએ, નહિ?

હા.

અને જો કયાંય પણ એવું રાજ્ય હોય કે જેમાં 'કોણે રાજ્ય કરવું' (ઈ) એ પ્રશ્ન વિશે શાસન કરનારાઓ તથા પ્રજા બંને સંમત હોય, તો તે (બીજું કોઇ નહિ, પણ) આપણું જ રાજ્ય હશે.

નિઃશંક.

અને માંહોમાંહે બધા પુરવાસીઓ આ રીતે સંમત છે તો કયા વર્ગમાં આપણને સંયમ નજરે પડશે—શાસનકર્તાઓમાં કે પ્રજામાં?

તેણે જવાબ આપ્યોઃ મારી કલ્પના પ્રમાણે બંનેમાં.

હવે તમે સમજી શકશો કે સંયમમાં અમુક પ્રકારનો સંવાદ રહેલો છે એવી અટકળ કરવામાં આપણે કંઈ ભૂલ કરી નહોતી.

એમ કેમ?

કેમ, કારણ વિવેક અને શૌર્ય જેમાંનો પહેલો ગુણ રાજ્યને વિવેકી અને બીજો શૂરવીર બનાવે છે, તે બંને રાજ્યના અમુક જ અંગમાં રહે છે અને આથી સંયમનું સ્વરૂપ તે બંનેના કરતાં (૪૩૨) ભિન્ન થઈ રહે છે; સંયમનું સ્વરૂપ કંઈ એ બંનેના જેવું નથી, કારણ સંયમ તો (રાજ્ય) સમસ્તમાં વિસ્તરે છે; અને થાટના તમામ સૂરોમાં થઈ એ વહે છે, તથા નિર્બળ સબળ અને મધ્યમ વર્ગ એ બધામાંથી સંવાદ ઉત્પન્ન કરે છે, પછી ભલે તમે તે વર્ગોને વિવેક અથવા સત્તા કે સંખ્યા અથવા સંપત્તિ કે બીજી ગમે તે વસ્તુની દૃષ્ટિએ વધારે સબળ કે નિર્બળ ગણો. ત્યારે વ્યક્તિઓ તથા રાજ્ય(ના બંધારણ)માં, જેઓ સ્વભાવથી શ્રેષ્ઠ છે તથા જેઓ અધમ છે તેમની વચ્ચેની, એ બેમાંથી કોને રાજ્ય ચલાવવાનો હક્ક છે એ વિષેની સંમતિને આપણે સાચામાં સાચી રીતે સંયમ ગણી શકીએ.

(ચ) હું તમારી સાથે સંપૂર્ણ સંમત છું.

મેં કહ્યું : ત્યારે હવે આપણા રાજ્યમાંથી ચારમાંના ત્રણ સદ્‌ગુણોને આપણે શોધી કાઢ્યા છે એમ આપણે ગણી શકીએ. રાજ્યને સદ્‌ગુણી ઠરાવનાર છેલ્લો ગુણ ધર્મનો જ હોવો જોઈએ, જે માત્ર એ ધર્મ તે કયો એટલું આપણે જાણી શકીએ તો.

એ અનુમાન સ્પષ્ટ છે.

ત્યારે, ગ્લાઉકોન, હવે એ વખત આવી લાગ્યો છે× કે જ્યારે આપણે શિકારને સંતાવાની જગ્યાની આજુબાજુ શિકારીઓની જેમ ઘેરો ઘાલવો પડશે અને બારીકાઈથી જોવું પડશે કે રખેને ધર્મ ચોરી-છૂપીથી આપણી પાસે થઈને (ક) નાસી જાય અને દૃષ્ટિ બહાર ચાલ્યો જાય; કારણ તે આ પ્રદેશમાં કયાંક છે એ નિઃશંક છે; આથી તપાસ કરો અને એને બારીકાઈથી જોવાનો ખૂબ પ્રયત્ન કરો, અને જો તમે એને પહેલાં જુઓ, તો મને ખબર કરજો.

એની ભાળ પહેલાં મને લાગે, તો તો કેટલું સારું! પણ જે કંઈ તમે બતાવો એટલું જ જોવાની જેની શક્તિ છે એવો એક અનુચર માત્ર મને ગણજો — એથી વધારે શક્તિ મારામાં નથી.

મારી સાથે પ્રાર્થના કરો અને પાછળ પાછળ ચાલો.

હું આવીશ, પણ તમારે મને રસ્તો દેખાડવો પડશે.

મેં કહ્યું : અહીં કશો રસ્તો નથી, અને જંગલ ઘોર અને અટપટું છે; તોપણ આપણે આગળ વધવું જોઈએ.

(ડ) ચાલો આપણે આગળ ધસીએ.

મેં કહ્યું : ઓ હો! મેં અહીં કશુંક જોયું. કંઈ પગલાં દેખાવાની શરૂઆત લાગે છે અને શિકાર હાથમાંથી છટકી નહિ જાય એમ હું માનું છું.

તેણે કહ્યું : સારા ખબર!

મેં કહ્યું : ખરેખર આપણે મૂર્ખ છીએ.

એમ કેમ?

કેમ, મારા ભલા સાહેબ, યુગો પહેલાં, આપણી શોધની શરૂઆતથી આપણા પગ આગળ જ ધર્મ ગબડતો પડ્યો છે, અને આપણે એને કદી જોયો નહિ; આનાથી વધારે હાસ્યાસ્પદ બીજું કશું ન હોઈ

× સરખાવો નીચે : પરિ : ૫-૪૭૪.

શકે. (ખોવાયેલી) વસ્તુ પોતાના હાથમાં જ હોય અને છતાં જે લોક એ શોધતા હતા તેમની જેમ—આપણે (૬) પણ એમ જ કરતા હતા—આપણે જેની શોધમાં હતા તેની તરફ નજર કરી જ નહિ, પણ જે ઘણે દૂર હતું તેને જ જોયા કર્યું; અને હું ધારું છું એથી જ આપણે એને શોધી શકયા નહિ.

એટલે?

એટલે એમ કે આપણે કેટલાય વખતથી ધર્મની જ વાત કરી રહ્યા છીએ અને છતાં એને ઓળખી શકયા નથી.*

તમારા પ્રસ્તાવના લંબાણથી હું તો અધીરો થઈ ગયો છું.

(૪૩૩) મેં કહ્યું: વારુ ત્યારે (આમ કહેવામાં) હું એટલો છું કે ખોટો એ મને કહો જોઉં; દરકોઈ માણસ જે કોઈ બાબત સ્વભાવતઃ સૌથી સારી રીતે કરી શકતો હોય, તેને જ માત્ર એણે વળગી રહેવું એ જે અસલ સિદ્ધાન્ત* રાજ્ય (રચના)ના મૂળમાં આપણે ડગલે ને પગલે સ્થાપતા હતા તે તમને યાદ હશે.—હવે આ સિદ્ધાન્ત અથવા એનો કોઈ અંશ તે જ ધર્મ છે.

હા, આપણે ઘણી વાર કહ્યું છે કે એક માણસે માત્ર એક જ કામ કરવું જોઈએ.

આગળ જઈ આપણે એમ પ્રતિપાદન કર્યું છે કે ઝાઝાં કામો કરવામાં નહિ પણ પોતાનું જ (નિશ્ચિત) કામ કરવામાં (ચ) ધર્મ રહેલો છે. આપણે આ વસ્તુ ફરીફરીને કહી ચૂકયા છીએ અને બીજા ઘણાઓએ આપણને એનું એ કહ્યું છે.

હા, આપણે એમ કહ્યું હતું.

ત્યારે પોતાનું કામ અમુક રીતે કરવું—એ ધર્મ* એમ આપણે સ્વીકારી શકીએ, આવા અનુમાન પર હું કયાંથી આવું છું તે તમે કહી શકશો?

હું નહિ કહી શકું, પણ કોઈ કહે તો મને ગમે ખરું.

---

* મુદ્દો : ૮-૪ ધર્મનું સ્વરૂપ.

કારણ હું માનું છું કે સંયમ શૌર્ય અને વિવેક એ બીજા સદ્‌ગુણોને એક બાજુ કર્યા પછી રાજ્યમાં માત્ર આ જ એક સદ્‌ગુણ બાકી રહે છે, અને આ બધાના અસ્તિત્વનું ઉપાદાન તથા અંતિમ કારણ પણ એ જ છે; અને એ બધામાં ધર્મ ઓતપ્રોત રહેલો છે છતાં તે ઉપરાંત એ બધાને ટકાવી રાખે છે;* અને આપણે એમ કહેતા આવ્યા છીએ (ક) કે જો આપણે પહેલા ત્રણ સદ્‌ગુણોને શોધી કાઢીએ તો બાકી રહેલો ચોથો તે ધર્મ હોવો જોઈએ.

એમ અવશ્ય ફલિત થાય છે.

(અને) શું શાસનકર્તા અને પ્રજા વચ્ચેની (કોણે રાજ્ય ચલાવવું જોઈએ એ વિશેની) એકમતિ, અથવા ભયપ્રદ વસ્તુઓના ખરા સ્વરૂપ વિશેના શાસ્ત્રાભિમતનું સૈનિકોમાં થતું (ડ) પાલન, કે શાસનકર્તાઓની જાગ્રતિ અને વિવેક અથવા જેની હું હમણાં વાત કરું છું તે આ બીજો—જે બાળકો, સ્ત્રીઓ, ગુલામ તથા સ્વતંત્ર–કહેવાતા પુરવાસી, કારીગર, શાસનકર્તા તથા પ્રજામાં (વ્યાપક રીતે) રહેલો છે—કે કોઈ પણ માણસ ઝાઝાં કામ હાથમાં લઈ બહુ કામગરો હોવાનો દાવો ન કરે, પણ દરેક જણ પોતાનું જ કામ કરે તે ગુણ—એમ મારો કહેવાનો ભાવાર્થ છે—આ ચાર ગુણોમાંથી કોને આપણે શ્રેષ્ઠ માનવો અથવા કોના અસ્તિત્વને લીધે રાજ્યનો ઉત્કર્ષ સધાય છે એ બાબત નિર્ણય કરવાનું આપણને પૂછવામાં આવે તો એ પ્રશ્નનો સહેલાઈથી ઉત્તર આપી નહિ શકાય.

તેણે જવાબ આપ્યો: અવશ્ય અમુક જ એમ કહેવામાં મુશ્કેલી પડે.

ત્યારે રાજ્યમાં દરેક વ્યક્તિની, પોતાનું જ કામ કરવાની શક્તિ (એક સદ્‌ગુણ તરીકે બીજા) રાજ્યપ્રકરણી સદ્‌ગુણોમાંના વિવેક, સંયમ અને શૌર્યની સાથે હરીફાઈ કરતી લાગે છે.

તેણે કહ્યું: હા.

---

*સરખાવો આપણી વ્યાખ્યા: धारयतीति इति धर्मः

અને જે સદ્‌ગુણ આ હરીફાઈ કરવા (ક્ષેત્રમાં) ઉતરે છે તે (ફ) ધર્મ છે ખરું ને ?

બરાબર એમ જ.

પ્રશ્નને આપણે બીજી દૃષ્ટિએ જોઈશું : કાયદા સમક્ષ આવેલા દાવાઓનો નિર્ણય રાજ્યના શાસનકર્તાઓ જ કરશે ખરું ને ?

અવશ્ય.

અને બીજાનું જે કંઈ હોય તે માણસ ન લે, તેમ એનું પોતાનું તેની પાસેથી પડાવી લેવામાં નહિ આવે એ સિવાયના બીજા કોઈ સિદ્ધાન્ત પર એવા દાવાઓનો ચુકાદો આપી શકાય ખરો ?

ખરું, સિદ્ધાન્ત એ છે.

અને એ 'ધાર્મિક' સિદ્ધાન્ત છે ખરું ને ?

હા.

ત્યારે આ દૃષ્ટિએ પણ માણસનું પોતાનું જે કંઈ (કામ) હોય, અને એની માલિકીનું જે કંઈ હોય તે તે કરે અને પોતાની પાસે રાખે એ ધર્મ—એનો સ્વીકાર કરવામાં આવશે, નહિ ?

(૪૩૪) સાવ સાચું.

હવે વિચારી જુઓ અને તમે મારી સાથે સંમત થાઓ છો કે નહિ તે મને કહો—ધારો કે કોઈ સુથાર મોચીનો ધંધો કરે છે, અથવા કોઈ મોચી સુથારનો ધંધો કરે છે; અને ધારો કે તેઓ તેમની ફરજો તથા ઓજારોની અદલાબદલી કરે છે, અથવા એક જ માણસ બંને કામ કરે છે—કે પછી (આવો બીજો) ગમે તે ફેરફાર થઈ જાય, તો તેને પરિણામે શું તમે માનો છો કે રાજ્યને કંઈ મોટી હાનિ પહોંચે ખરી ?

બહુ મોટી નહિ.

પરંતુ જ્યારે કોઈ મોચી કે બીજો કોઈ માણસ, જે સ્વભાવથી જ (ब) વૈશ્ય થવાને લાયક છે તે, સંપત્તિ બળ કે ઘેના અનુયાયીઓની સંખ્યાથી અથવા એવા કોઈ સંજોગને લીધે ફુલાઈ જઈને, સૈનિકોના

વર્ગમાં અથવા કોઈ સૈનિક પાલકો કે શાસનકર્તાઓના વર્ગમાં ઘુસવાનો પ્રયત્ન કરે, કે જેને માટે એ પોતે નાલાયક છે, અને તેમાંનો કોઈ બીજાની ફરજો કે હથિયારો લઈ લે; અથવા તો એ ને એ વૈશ્ય શાસનકર્તા અને લડવૈયો એમ ત્રણે થવા જાય, ત્યારે તો હું માનું છું કે આ (પ્રકારની) અદલાબદલી અને એક બીજાની આ ડખલ રાજ્યને પાયમાલ કરે એમ કહેવામાં તમે મારી સાથે સંમત થશો.*

તદ્દન ખરું.

મેં કહ્યું: ત્યારે ત્રણ ભિન્ન વર્ગો છે એ આપણે જોયું તો એક બીજામાં કંઈ પણ ડખલ કરે તેથી (ક) પણ રાજ્યને ભયંકર હાનિ પહોંચે અને આને જ આપણે બરોબર દુષ્કૃત્ય કહી શકીએ.

બરાબર એમ જ.

અને પોતાના નગરરાજ્ય પ્રત્યે કરેલા મહાનમાં મહાન દુષ્કૃત્યને જ અધર્મનું નામ આપશો ખરું ને?

જરૂર.

ત્યારે આનું નામ જ અધર્મ; અને બીજી બાજુ જો વૈશ્ય, સહાયક તથા પાલક દરેક પોતાનું જ કામ કરે તો તે ધર્મ છે, અને એથી નગર પણ ધર્મિષ્ઠ ગણાશે.

હું તમારી સાથે સંમત છું.

(ડ) મેં કહ્યું: આપણને જાણે બહુ ખાત્રી થઈ ગઈ હોય એમ હજી નહિ માનીએ; પરંતુ (તર્ક દ્વારા) પરીક્ષા કર્યા પછી પણ જો **વ્યક્તિના અને રાજ્યના બંધારણમાં ધર્મની આ વ્યાખ્યા સાચી** ઠરે તો ત્યાર બાદ શંકાને જરા પણ સ્થાન રહેશે નહિ; જો એ સાચી સાબીત ન થાય તો આપણે ફરીથી શોધ કરવી પડશે. જો પહેલાં આપણે વધારે મોટા ચિત્રમાંથી ધર્મનું પરીક્ષણ કરી શકીએ, તો વ્યક્તિના બંધારણમાંથી એને શોધી કાઢવાનું સરલ થઈ પડશે એવો વિચાર કરીને તમને યાદ હશે કે આપણે મૂળ શોધની શરૂઆત કરી

* જુઓ નીચે ૪૪૨–૪૪૩.

હતી, અને તે શોધને આપણે પહેલાં તો પૂરી કરીશું. (૬) રાજ્ય જાણે વધારે મોટા ઉદાહરણરૂપ હોય એમ આપણને લાગ્યું હતું, અને તે અનુસાર સારા રાજ્યમાં ધર્મ (તરત) મળી આવશે એમ જાણીને અને તેટલું સારું રાજ્ય આપણે રચ્યું. **આપણે કરેલી શોધ હવે વ્યક્તિના બંધારણને લાગુ પાડી જોઈશું***—જો એ બરાબર બંધ બેસે તો આપણને સંતોષ થશે; અથવા જો વ્યક્તિને લાગુ પાડવામાં કંઈ ભિન્નતા દેખાય, તો આપણે વળી રાજ્યના (૪૩૫) ઉદાહરણ પાસે આવીને આપણા સિદ્ધાન્ત ઉપર બીજો અખતરો કરી જોઈશું. એ બંનેને સામસામા ઘસી જોઈશું તો એ સંઘર્ષણમાંથી સંભવ છે કે અગ્નિ પેદા થાય અને તેના પ્રકાશમાં ધર્મ પણ જ્વલંત થશે અને પછી જે દૃશ્ય પ્રત્યક્ષ થશે તેને આપણે આપણા આત્મામાં દૃઢ રોપીશું.

વખત આવ્યે એમ કરીશું; ચાલો આપણે તમે કહો તેમ કરીએ.

મેં પ્રશ્ન પૂછવા શરૂ કર્યાઃ જ્યારે એક મોટી અને બીજી નાની, એવી બે વસ્તુઓને એક જ નામ આપવામાં આવ્યું હોય, ત્યારે એ બંનેનું નામ એક જ છે એટલે અંશે તે બે એકસરખાં છે કે ભિન્ન છે?

તેણે જવાબ આપ્યોઃ એક સરખાં.

(૭) ત્યારે જો આપણે માત્ર ધર્મનાં તત્ત્વને+ લક્ષમાં રાખીને બોલીએ તો ધર્મિષ્ઠ માણસ ધર્મિષ્ઠ રાજ્યના જેવો હશે, ખરું ને?

એવો હશે.

અને જ્યારે રાજ્યના ત્રણ વર્ગોમાંનો દરેક પોતપોતાનું જ કામ કરતો હોય ત્યારે તે રાજ્ય ધર્મિષ્ઠ છે એમ આપણે ગણ્યું હતું; અને

* મુદ્દો : ૯ : વ્યક્તિ અને સમષ્ટિ—Microcosm and Macrocosm નાં બંધારણ એક સરખાં જ હોય છે, એ ન્યાયે ધર્મના સ્વરૂપની પરીક્ષણ પદ્ધતિ.

+ Idea of justice. સમાજ અને વ્યક્તિના બંધારણને ઉદ્દેશીને ધર્મના સ્વરૂપનું પરીક્ષણ.

આ (ભિન્ન) વર્ગોના અમુક બીજા ભાવો (કે વૃત્તિઓ) કે ગુણોને લીધે (રાજ્યને) સંયમી, શુરવીર અને વિવેકી ગણ્યું હતું—નહિ?

તેણે કહ્યું: ખરું.

અને વ્યક્તિને વિષે પણ એમ જ; રાજ્યમાં આપણને (ક) જે મળી આવ્યાં છે તેનાં તે જ ત્રણ તત્ત્વો* વ્યક્તિના આત્મામાં પણ છે એટલું આપણે સ્વીકારી લઈશું; અને એના એ જ શબ્દોમાં આપણે એનું (વ્યક્તિના બંધારણનું) વર્ણન ઘટાવી શકીએ, કારણ (રાજ્યના ઉપર જે રીતે અસર થાય છે) તેવી રીતે જ વ્યક્તિના ઉપર પણ થવા પામે છે.+

તેણે કહ્યું: જરૂર.

ત્યારે અરે મારા મિત્ર, વળી પાછા આપણે એક સરલ પ્રશ્ન આગળ આવી પહોંચ્યા છીએ—આત્મામાં તે ત્રણ તત્ત્વો છે કે નથી?

સરલ પ્રશ્ન! ના રે, સૉક્રેટિસ, કહેવતમાં તો એથી ઉલટું છે કે विघ्नबहुलानि श्रेयांसि ×

મેં કહ્યું: સાવ સાચું: અને આ પ્રશ્નનું ચોક્કસ નિરાકરણ કરવા (ડ) આપણે જે પદ્ધતિ અમલમાં મૂકી છે તે જરા પણ પૂરતી હોય એમ હું માનતો નથી; ખરી પદ્ધતિ તો બીજી છે÷ અને એ વધારે લાંબી છે, તોપણ અગાઉના પરીક્ષણની ભૂમિકાથી નીચે ન ઉતરે એવું નિરાકરણ આપણે કરી શકીએ ખરા.

તેણે કહ્યું: એટલાથી શું આપણે સંતોષ માનવો ન જોઈએ?—હું તો આ સંજોગોમાં તદ્દન સંતુષ્ટ છું.

---

* Principles.

+ Method of Concomitant Variations in Logic

× ગ્રીક કહેવત આ પ્રમાણે છે: Hard is the good, સારા અને સુન્દર માટે ગ્રીક ભાષામાં એક જ શબ્દ છે 'K a l o n' તેથી The Beautiful is hard એમ પણ કહેવતનો અર્થ કરવામાં આવે છે.

÷ જુઓ નીચે પરિ-૬, ૫૦૪ બ.

મેં જવાબ આપ્યોઃ મને પણ બહુ જ સારી રીતે સંતોષ થશે.

તેણે કહ્યુંઃ ત્યારે તત્ત્વવિચારની પ્રવૃત્તિમાં મંદ ન પડતા.

(૬) મેં કહ્યુંઃ આપણે શું એટલું સ્વીકારવું ન જોઈએ કે રાજ્યમાં છે તેનાં તે ત્રણ તત્ત્વો કે વૃત્તિઓ* આપણા દરેકમાં પણ છે; અને વ્યક્તિના બંધારણમાંથી જ એ બધાં રાજ્યમાં ઉતરી આવે છે?+ બીજી કઈ રીતે તે ત્યાં આવી જ શકે? પ્રાણ અથવા મનોભાવનો ગુણ લો; જે વ્યક્તિઓમાં—ઉદાહરણ તરીકે થ્રેશિયન, સિથિયન અને સામાન્ય રીતે ઉત્તરે વસતી પ્રજાઓમાં—એ ગુણ રહેલો છે એમ માનવામાં આવે છે તે (ગુણ) જ્યારે રાજ્યમાં દેખાય, ત્યારે એ (રાજ્યની) વ્યક્તિઓમાંથી ઉતરી આવેલો નથી એવી કલ્પના કરવી તે હાસ્યાસ્પદ થઈ પડેઃ અને જ્ઞાન પ્રત્યેનો પ્રેમ—જે દુનિયાના આપણા ભાગની ખાસ વિશિષ્ટતા ગણી શકાય; અથવા પૈસા તરફનો પ્રેમ—જે ફિનિશિયન તથા ઇજિપ્શિયનોમાં છે એમ આપણે એટલી જ સત્યતાથી કહી શકીએ, (૪૩૬) એ બંને ખાસિયતો વિષે પણ આપણે એ જ સિદ્ધાન્ત લાગુ પાડી શકીએ.

તેણે કહ્યુંઃ બરાબર એમ જ.

આ સમજવામાં કંઈ મુશ્કેલી નથી.

જરા પણ નહિ.

પરંતુ આ તત્ત્વો ત્રણ છે કે એક છે એમ જ્યારે આપણે પુછીએ ત્યારે પ્રશ્ન અઘરો થઈ પડે છેઃ એટલે કે શું આપણે આપણા ચિત્તના એક અંશથી જ્ઞાન મેળવીએ છીએ અને બીજાથી (ચ) ગુસ્સે થઈએ છીએ, ત્રીજા અંશથી આપણી નૈસર્ગિક ઇચ્છાઓ કરીએ છીએ; કે પછી દરેક જાતની પ્રવૃત્તિમાં આપણો સમસ્ત આત્મા કાર્યમાં ઉદ્યુક્ત થાય છે—એનો નિર્ણય કરવો મુશ્કેલ છે.

તેણે કહ્યુંઃ હા, મુશ્કેલી ત્યાં જ છે.

---

* Principles and habits

\+ મુદ્દો : ૧૦ : ચિત્તનું સ્વરૂપ અને બંધારણ

ત્યારે એ (અંશો) એક જ છે કે ભિન્ન છે એનું નિરાકરણ કરવા આપણે હવે પ્રયત્ન કરીશું.

તેણે પૂછ્યું: કઈ રીતે ?

મેં નીચે પ્રમાણે જવાબ આપ્યો: એક ને એક વસ્તુ પોતાના એ ને એ જ અંશમાં કે (પછી કોઈ બીજી) એ ને એ જ વસ્તુના સંબંધમાં, એક જ વખતે, વિરોધી રીતે પ્રવૃત્ત થઈ શકે નહિ* અથવા (વિરોધ ઉપજે એ રીતે) તેના પર કાર્ય થઈ શકે નહિ એ સ્પષ્ટ છે અને તેથી બાહ્ય દૃષ્ટિએ એક લાગે એવી વસ્તુમાં જ્યારે આવો વિરોધ દેખાય છે ત્યારે આપણે જાણીએ છીએ કે વસ્તુતઃ (ક) એ એક નથી પણ ભિન્ન છે.

વારુ.

મેં કહ્યું: ઉદાહરણાર્થ શું એક જ વખતે, અને એ જ વિભાગમાં એક જ વસ્તુ ગતિમાન કે સ્થિર હોઈ શકે ખરી ?

અશકય.

મેં કહ્યું: રખેને (દલીલમાં) રસ્તે જતાં હવે પછી આપણે નાહક ઝઘડી પડીએ એ બીકે પદ્ધતિની વધારે સ્પષ્ટ વ્યાખ્યા કરીશું. એક માણસ ઊભો છે અને એ વળી પોતાના હાથ અને માથું હલાવે છે એમ કલ્પો, અને ધારો કે કોઈ માણસ એમ કહે છે કે એ ને એ માણસ, એક જ ક્ષણે સ્થિર અને ગતિમાન છે—બોલવાની આવી પદ્ધતિ સામે આપણે વાંધો ઉઠાવવો જોઈએ (ડ) અને વધારામાં કહેવું જોઈએ કે એ માણસનાં અમુક અંગ ગતિમાન છે, જ્યારે બીજાં સ્થિર છે.

સાવ સાચું.

અને ધારો કે પ્રતિપક્ષી હજી પણ વધારે ઝીણવટ વાપરે છે, અને એવો તો બારીક ભેદ પાડે છે કે—જ્યારે ભમરડો પોતાની આર

* Law of contrariety. પ્રમાણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના મુદ્દાઓ પર અહીં ચર્ચા કરવામાં આવી છે.

ઉપર એક જગ્યાએ ફરતો હોય છે ત્યારે એકી વખતે તે ભમરડાના ભાગો જ નહિ પણ આખો ભમરડો સ્થિર અને ગતિમાન છે (અને એ જ જગ્યામાં બીજું જે કંઈ ફરતું હોય, તેને વિશે પણ તેમ જ કહે) તો આપણે એનો વાંધો સ્વીકારી લઈશું નહિ; કારણ એવી પરિસ્થિતિમાં (દ) વસ્તુઓ પોતાના એના એ જ અંગોમાં સ્થિર કે ગતિમાન હોતી નથી; આપણે ઉલટા એમ કહીએ કે તેને પરિધ અને ધરી બને હોય છે; અને ધરી સ્થિર રહે છે, કારણ લંબમાંથી એ ખસતી નથી, અને પરિધ જ ગોળગોળ ફરે છે: પરંતુ ગોળ ફરતી વખતે જો ધરી આગળ કે પાછળ કે જમણી કે ડાબી બાજુએ નમે, તો તે ગમે તે દૃષ્ટિએ વિચાર કરતાં સ્થિર નથી.

તેણે જવાબ આપ્યોઃ આવી બાબતોનું વર્ણન કરવાની આ પદ્ધતિ શ્રેષ્ઠ છે.

ત્યારે આવા કોઈ પણ વાંધાઓથી આપણે ગૂંચવાઈ નહિ જઈએ અથવા એમ માનવાને નહિ લલચાઈએ કે એક વસ્તુ એક જ વખતે એ ને એ જ અંગમાં કે (બીજી કોઈ) (૪૩૭) એની એ જ વસ્તુના સંબંધમાં વિરોધી રીતે પ્રવૃત્ત થઈ શકે અથવા (એ રીતે) એના પર કાર્ય થઈ શકે.

મારી વિચારપદ્ધતિ અનુસાર તો અવશ્ય નહિ જ.

મેં કહ્યું: એવા તમામ વાંધાઓની પરીક્ષા કરવાની અને તે ખોટા છે એમ લંબાણથી સાબીત કરવાની આપણને જરૂર ન રહે તે માટે તેની અનુપપત્તિ આપણે સ્વીકારી લઈશું, અને જો આ સ્વીકૃતિ ખોટી ઠરે તો ફલિત થયેલાં તમામ અનુમાનો હવે પછી આપણે પાછાં ખેંચી લેવાં એવી સમજૂતી કરીને આપણે આગળ ચાલીશું.

તેણે કહ્યું: હા, એ રસ્તો સૌથી સારો.

(ભ) મેં કહ્યું; વારુ. તમે આટલી તો હા પાડશો કે અનુમતિ અને અસંમતિ, રાગ અને દ્વેષ, આકર્ષણ અને પ્રત્યાઘાત એ બધાં વિરોધી

છે. પછી તમે એને ભલે ક્રિયાશીલ માનો કે નિષ્ક્રિય માનો [કારણ તે દ્વંદ્વોના પદો વચ્ચેના વિરોધમાં આથી કંઈ ફેર પડતો નથી.]

તેણે કહ્યું : હા, તે વિરોધી છે.

મેં કહ્યું : વારુ, અને ભૂખ અને તરસ+ અને સામાન્ય રીતે બધી ઇચ્છાઓ અને વળી ઇચ્છા અને તૃષ્ણા×—આ બધાને જે વર્ગોનો (ક) આપણે કયારનોયે ઉલ્લેખ કર્યો છે તેમાં તમે મૂકશો. તમે એમ કહેશો ખરું ને—નહિ કહો ?—કે જે કોઈ ઇચ્છા કરે છે તેનો આત્મા એની ઇચ્છિત વસ્તુની શોધ કરતો હોય છે: અથવા તો જે વસ્તુ મેળવવા ઇચ્છા કરે છે તે વસ્તુને એ પોતા તરફ ખેંચે છે; અથવા વળી કોઈ માણસને, એને પોતાને કંઈ (ચીજ) આપવામાં આવે એવી મરજી થાય, ત્યારે પોતાની ઇચ્છાની સાધના માટે ઝંખના કરતું એનું મને જાણે તેને (તે માણસને) કંઈ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય તેમ સંમતિની હા પાડીને, એની ઇહાબલના (Will in true sense) ના તત્ત્વને તે વસ્તુ મેળવવા સૂચન કરે છે. *

સાવ સાચું.

અને કમરજી, અણગમો (કે દ્વેષ) અને ઇચ્છાના અભાવ વિષે

+ ભૂખ અને તરસના સ્વરૂપ માટે જુઓ પરિ. ૯.૫૮૫ અ- બ.

× " Willing and wishing" not higher will. :

* —his mind, longing for the realisation of his desire intimates his wish to have it by a nod of assent,..... સ્ટોઇક ફિલસૂફીના ચિત્તશાસ્ત્રમાં જે ભેદ પાડવામાં આવ્યો હતો, તે આપણને અહિં મળી આવે છે : પહેલાં ઇચ્છા થાય, અથવા બુદ્ધિ એક વિધાન કરે પછી એ ઇચ્છા કે વિધાનને મન 'સંમતિ' ('Sygkatathesis') આપે પછી જ સાચી કે ખોટી ક્રિયા થાય છે. માણસને કર્મ તો કરવું જ પડે છે, પણ જો એ અંદરની સંમતિ ન આપે, તો એ કર્મ એનું ગણાતું નથી, એવો આપણી ફિલસૂફીના જેવો આ સિદ્ધાન્ત છે.

તમે શું કહેશો ? શું આને આપણે પ્રતિઘાત (દ્વેષ) અને વિસંમતિના (rejection) વિરોધી વર્ગમાં નહિ મૂકીએ ?

(ઙ) ૪૩૨.

ઇચ્છાઓ વિષેનો આ સિદ્ધાન્ત સામાન્ય રીતે ખરો છે એટલું સ્વીકાર્યા પછી, આપણે ઇચ્છાઓના અમુક વર્ગને લઈશું, અને તેમાંથી ભૂખ અને તરસને નામે જે ઓળખાય છે, તથા (ઇચ્છાઓમાં) જે સૌથી વધારે દેખાઈ આવે એવાં છે તેને પસંદ કરીશું.

તેણે કહ્યું : આપણે એ વર્ગ લઈશું.

એકની ઇપ્સિત વસ્તુ અન્ન છે, બીજાની, પેય–ખરું ને ?

અને મુદ્દો હવે આવે છેઃ શું તૃષા આત્માની પેય માટેની અને માત્ર પેય માટેની જ ઇચ્છા નથી; (એટલે કે) બીજી કોઈ વસ્તુના ગુણોની ઉપાધિથી યુક્ત હોય એવા પેયની નહિ; ઉદાહરણાર્થ ગરમ કે ઠંડું, વધારે કે ઓછું અથવા ટૂંકામાં કોઈ (ફ) અમુક જ પ્રકારનું પેય (એમ નહિ); પરંતુ જો તરસની સાથે ગરમી લાગતી હોય તો ઠંડા પાણીની ઇચ્છા થાય છે; અથવા જો ઠંડી લાગતી હોય તો ગરમ પીણાંની; અથવા, જો તરસ વધારે લાગી હોય, તો વધારે પીણાંની ઇચ્છા કરવામાં આવશે, અને જો બહુ તરસ ન લાગી હોય, તો પીણું પણ ઓછું હશે; પરંતુ સાદી અને શુદ્ધ તૃષા સાદા અને શુદ્ધ પીણાંની ઇચ્છા કરશે, અને અન્નથી જેમ ક્ષુધા સંતોષાય છે તેમ આનાથી તૃષા પણ સ્વાભાવિક રીતે જ સંતોષાશે. *

તેણે કહ્યું : હા, તમે કહો છો તેમ, સાદી ઇચ્છા દરેક પ્રસંગે સાદી વસ્તુ માટેની જ હોય છે, અને બીજા ગુણોની ઉપાધિથી યુક્ત થયેલી ઇચ્છા સોપાધિક વસ્તુને માટે થાય છે.

(૪૩૮) પરંતુ અહીં ગોટાળો થવા સંભવ છે; અને જો કોઈ પ્રતિપક્ષી ઊભો થઈને એમ કહે કે માણસ કેવળ પીણાંની ઇચ્છા

* જુઓ નીચે પરિ. ૫ : ૪૩૭-૪૩૮.

કરતો નથી, પણ ઇષ્ટ પીણાંની ઇચ્છા કરે છે; માત્ર અન્નની નહિ પણ ઇષ્ટ અન્નની; કારણ જે ઇષ્ટ છે તે ઇચ્છાનો × સર્વસામાન્ય વિષય છે, અને તૃષ્ણા ઇચ્છા છે તો અવશ્ય તે પણ ઇષ્ટ પીણાની ઇચ્છા હશે, અને બીજી દરેક ઇચ્છા વિષે પણ આ વાત ખરી છે, તો તેવાની સામે પહેલેથી બચાવ કરવાનું મન થાય છે.

તેણે જવાબ આપ્યો : હા, પ્રતિપક્ષી (એના સમર્થનમાં) થોડું કહી શકે ખરો.

છતાં મારે હજી પણ પતિપાદન કરવું જોઈએ કે સાપેક્ષ દ્વંદ્વોમાંના કેટલાકમાં (ક) બંને પદો (સમાન) ગુણથી ઉપેત હોય છે; બીજાં સાદાં હોય છે, અને તેમનાં સાપેક્ષ પદો પણ સાદાં હોય છે.

તમે શું કહેવા માગો છો તે હું સમજતો નથી.

વારુ, અલબત્ત તમે જાણો છો કે વધારે–મોટું અને વધારે–નાનું એ સાપેક્ષ છે.

જરૂર.

અને બહુ–વધારે–મોટું અને બહુ–વધારે–નાનું પણ?

હા.

અને જે કોઈ–વાર–વધારે–મોટું–હોય–છે તે તથા કોઈ–વાર વધારે–નાનું–હોય–છે તે, તથા જે–મોટું–થવાનું–છે તથા જે–નાનું થવાનું–છે, (એ બધાં દ્વંદ્વો સાપેક્ષ છે.)

તેણે કહ્યું : અવશ્ય.

(ક) અને એ જ રીતે વધારે અને ઓછું, તથા બમણું અને અરધું અથવા વાળી ભારે અને હલકું તથા ઉતાવળું અને ધીમું એવાં બીજાં સાપેક્ષ પદો; અને ગરમ અને ઠંડું તથા બીજાં કોઈ પણ સાપેક્ષ પદોનું સમજવું;- બધાને વિષે આ શું ખરું નથી?

હા.

× ઇચ્છા–Desire, ગ્રીક શબ્દ 'Epithumia.' અહીં પ્લેટો 'ઇચ્છા'ને વધારે બહોળા અર્થમાં વાપરે છે.

અને વિજ્ઞાનની શાખાઓમાં એ ને એ જ સિદ્ધાન્ત શું લાગુ પડતો નથી? વિજ્ઞાનનો વિષય જ્ઞાન છે [એ વ્યાખ્યા સાચી છે એમ સ્વીકારી લઈએ તો], પરંતુ અમુક જ વિજ્ઞાનનો (ક) વિષય અમુક પ્રકારનું જ જ્ઞાન છે; ઉદાહરણ તરીકે મારું એમ કહેવું છે કે ઘર બાંધવાનું વિજ્ઞાન એવા પ્રકારનું જ્ઞાન છે કે એની (જુદી) વ્યાખ્યા આપવામાં આવે છે અને બીજા પ્રકારનાં વિજ્ઞાનથી એને ભિન્ન ગણવામાં આવે છે, અને તેથી જ એને સ્વાપત્ય કહેવામાં આવે છે.

અચૂક.

કારણ એનો વિશિષ્ટ ગુણ બીજા કોઈ પણ વિજ્ઞાનમાં જોવામાં આવતો નથી.

હા.

અને અમુક જ પ્રકારનો હેતુ એમાં રહેલો છે, તેથી એ (વિજ્ઞાન)માં આ વિશિષ્ટ ગુણ ઉતરી આવેલો છે; અને બીજી કળાઓ અને વિજ્ઞાનો વિષે પણ શું આ વાત ખરી નથી?

હા.

હવે ત્યારે મારી જાતને સ્ફુટ કરી શકયો હોઉં, તો સાપેક્ષ પદો વિશે મેં જે કહ્યું હતું તેનો મૂલ અર્થ તમે સમજ્યા હશો. મારા (કહેવાનો) અર્થ એ હતો કે સાપેક્ષ પદોમાંના એકને જો એકલું લેવામાં આવે, તો બીજું એકલું જ લેવાય છે; જો પહેલું પદ સોપાધિક હોય, તો (ફ) બીજું પણ સોપાધિક હોય છે. (આથી) હું એમ કહેવા માગતો નથી કે સાપેક્ષ વસ્તુઓમાં વૈષમ્ય (કે વિભિન્નતા) ન હોઈ શકે, અથવા કે આરોગ્યનું વિજ્ઞાન (પોતે) નિરોગી છે અથવા રોગનું (વિજ્ઞાન) અવશ્ય રોગી છે અથવા ઇષ્ટ અને અનિષ્ટનાં વિજ્ઞાનો એ કારણે ઇષ્ટ અને અનિષ્ટ છે; પણ માત્ર એટલું (કહેવા માગું છું) કે જ્યારે વિજ્ઞાન શબ્દનો તેના કેવલ (શુદ્ધ) અર્થમાં ઉપયોગ કરવામાં આવ્યો ન હોય, પરંતુ અમુક વિશિષ્ટ અર્થ એના વિષય બને, જેમ

કે આ દાખલામાં—આરોગ્ય અને રોગનું સ્વરૂપ, ત્યારે એની વ્યાખ્યા વિશિષ્ટ રૂપે કરવામાં આવે છે, અને એને માત્ર વિજ્ઞાન નહિ પણ આયુર્વેદનું વિજ્ઞાન કહેવામાં આવે છે.

હું બરાબર સમજું છું, અને તમારી પદ્ધતિ અનુસાર જ હું વિચાર કરું છું.

શું તમે એમ નહિ કહો કે (૪૩૯) આ ખરેખરાં સાપેક્ષ પદોમાં તૃષા પણ આવી જાય છે, એનો સંબંધ સ્પષ્ટ રીતે—

હા, તૃષા અને પેય સાપેક્ષ છે.

અને અમુક પ્રકારની તૃષા તથા વિશિષ્ટ પ્રકારનું પેય એ બંને સાપેક્ષ છે; પણ એકલી તૃષા વધારે કે ઓછી, સારી કે ખરાબ, કે કોઈ પણ અમુક પ્રકારના પેય માટે હોતી નથી, પણ શુદ્ધ પેયને માટે હોય છે.*

અચૂક.

ત્યારે તૃષાતુર આત્મા, જેટલે અંશે એને તૃષા લાગી છે તેટલે અંશે માત્ર પેયની ઇચ્છા કરે છે; આને (ब्र) માટે એ ઝંખે છે અને એ મેળવવા પ્રયત્ન કરે છે, ખરું ને?

એ સાદી વાત છે.

અને જો તમે એમ ધારો કે કોઈ વસ્તુ તૃષાતુર આત્માને પેય વસ્તુથી દૂર ધકેલે છે, તો જે તૃષાનું તત્ત્વ એને એક પશુની જેમ પેય વસ્તુ તરફ ખેંચે છે તેનાથી એ ભિન્ન હોવી જોઈએ; કારણ, આપણે કહેતા હતા તેમ એક જ વસ્તુ એક જ કાળે એ ને એ વસ્તુના સંબંધમાં તેના પોતાના એ ને એ જ અંશ વડે વિરોધી રીતે કાર્ય કરી શકે નહિ.

અશકય.

જેમ તમે કદી કહી ન શકો કે કે ધનુર્ધરનો હાથ એકી વખતે

* Inference by Added Determinants. જુઓ ઉપર પરિ. ૨ ૩૬૯. અ.

ધનુષને ખેંચે છે અને ધકેલે છે, પરંતુ તમે એમ કહેશો કે એનો એક હાથ ધકેલે છે અને બીજો ખેંચે છે.

(ક) તેણે જવાબ આપ્યોઃ બરાબર એમ જ.

તથા માણસ તરસ્યો હોય અને છતાં પીવાની અનિચ્છા રાખે એવું બને ખરું?

તેણે કહ્યુંઃ હા, એવું ઘણી વાર બને છે.

અને એવે પ્રસંગે આપણે શું કહેવું જોઈએ? તમે શું એમ ન કહો કે એના આત્મામાં એવું કંઈ હતું જે એને પીવા માટે દોરતું હતું, અને જે એને પીવા તરફ દોરે છે એના કરતાં વધારે સબળ એવું બીજું કોઈ તત્ત્વ એને પીવાનો નિષેધ કરે છે.

મારે એમ કહેવું જોઈએ ખરું.

(ડ) અને પ્રતિષેધ કરનાર તત્ત્વ બુદ્ધિમાંથી ઊતરી આવેલું છે અને જે એને (પીવા) તરફ પ્રેરે છે અને આકર્ષે છે તે મનોવિકાર તથા રોગમાંથી ઉત્પન્ન થયેલું છે.*

એ સ્પષ્ટ છે.

ત્યારે આપણે ખુશીથી એટલું સ્વીકારી શકીએ કે એ તત્ત્વો બે છે, તથા એક બીજાથી ભિન્ન છે; જેનાથી માણસ તર્ક કરે છે તેને આપણે આત્મામાં રહેલું બુદ્ધિનું તત્ત્વ કહી શકીએ, પેલું બીજું જેનાથી એ પ્રેમ કરે છે અને ક્ષુધિત થાય છે અને તૃપાતુર થાય છે તથા બીજી કોઈ ઇચ્છાનો તરવરાટ અનુભવે છે—તેને, પરચૂરણ સંતોષો અને સુખોપભોગોના મિત્ર જેવું કામનું બુદ્ધિહીન તત્ત્વ કહી શકીએ?

(ઇ) તેણે કહ્યુંઃ હા, એ બંને ભિન્ન છે એટલું ખુશીથી આપણે સ્વીકારી શકીએ.

ત્યારે આપણે છેવટનો નિર્ણય કરી લઈશું કે આત્મામાં (ઓછામાં

* પ્લેટોનું ચિત્તશાસ્ત્ર; સરખાવો ઉપર પરિઃ ૨–૩૬૮; પરિ ૩–૪૩૦; ૪૩૨, અ. બ વગેરે.

ઓછાં) એ તત્ત્વો રહેલાં છે; અને મનોભાવો તથા પ્રાણ વિશે શું ? શું એ કોઈ ત્રીજું તત્ત્વ છે કે પહેલાંનાં (તત્ત્વોમાંના) કોઈ એક જેવું છે ?

કામના જેવું—એમ કહેવાનું મને મન થાય છે.

મેં કહ્યું: વારુ, એક વાત છે અને મેં સાંભળી હોય એમ મને યાદ છે, અને મને એમાં શ્રદ્ધા છે. વાત એવી છે કે એગ્લેઈઓનનો પુત્ર લિયોન્ટિયસ પિરેઇયિસથી એક દિવસ પાછો ફરતો હતો, ત્યાં ઉત્તર તરફની દીવાલની બહારની બાજુએ વધસ્તંભની જગ્યા પાસે એણે કેટલાંક મુડદાં જોયાં: (એક તરફથી) એને તે જોવાની ઇચ્છા થઈ અને (બીજી તરફથી) એનામાં (૪૪૦) જુગુપ્સા અને બીક ઉત્પન્ન થયાં; થોડી વાર તેણે પોતની આંખો ઢાંકી દીધી અને (એના મનમાં) ખેંચતાણ થઈ, પરંતુ અંતે પોતાની ઇચ્છા આગળ તેને નમતું આપવું પડ્યું; અને આંખો ફાટેલી રાખીને તે મુડદાંઓ તરફ દોડ્યો અને બોલ્યો,—લો જુઓ, દુરાત્માઓ, તમને ગમતું દૃશ્ય ધરાઈને જુઓ.

તેણે કહ્યું: મેં પોતે એ વાત સાંભળી છે.

વાતનો સાર એ છે કે જાણે કે એ બે તત્ત્વો (પ્રાણનું અને કામનું) જુદાં હોય એમ કોઈ વાર કામની સામે ક્રોધ લડે છે.

તેણે કહ્યું: હા, અર્થ એ છે.

અને શું એવા બીજા ઘણા દાખલાઓ નથી કે (બ) જ્યાં આપણે જોઈએ છીએ, કે જ્યારે માણસની કામનાઓ એની બુદ્ધિનો બળજબરીથી પરાભવ કરે છે, ત્યારે એ પોતાની જાતને નિંદે છે. અને પોતામાં રહેલા (કામનાઓના) બલાત્કાર પ્રત્યે ગુસ્સે થાય છે, અને રાજ્યના બે પક્ષો વચ્ચેના આંતરવિગ્રહના જેવી આ લડતમાં એનો પ્રાણ એની બુદ્ધિના પક્ષમાં રહી લડે છે; પરંતુ બુદ્ધિ જ્યારે એવો નિશ્ચય કરે કે પોતાનો વિરોધ થવો ન જોઈએ ત્યારે મનોભાવ કે પ્રાણનું તત્ત્વ કામનાઓનો પક્ષ લે—એ પ્રકારનો બનાવ હું માનું છું કે તમે તમારામાં અથવા મારે કલ્પી લેવું જોઈએ કે કોઈ બીજાએ પોતાનામાં

બનતો કદી જોયો નહિ હોય.*

અવશ્ય નહિ.

(ક) ધારો કે કોઈ માણસ એમ માને છે કે તેણે બીજાનું અનિષ્ટ કર્યું છે તો જેનું અનિષ્ટ કર્યું છે તે માણસ તેના પર કંઈ દુઃખ, જેવું કે ભૂખ કે ટાઢ અથવા બીજું કોઈ કષ્ટ નાંખે, તો જેટલે અંશે એ વધારે ઉદાર હશે તેટલે અંશે એને ક્રોધની લાગણી ઓછી થશે—આ ન્યાય્ય છે એમ તે માને છે અને મારા કહેવા પ્રમાણે તેવા દુઃખથી એનો ક્રોધ ઉત્તેજિત થતો નથી.

તેણે કહ્યું: ખરું.

પરંતુ જ્યારે એ એમ માને કે એ પોતે અનિષ્ટનો ભોગ થઈ પડ્યો છે, ત્યારે એ ઉકળી ઊઠે છે અને ક્રોધથી ક્ષુભિત થાય છે અને પોતે જેને ન્યાય માને છે તે પક્ષમાં પોતે છે; અને ભૂખ, ટાઢ કે બીજું કષ્ટ (ડ) એ સહન કરે છે તેથી પ્રયત્ન કરીને ઉલટો વિજય મેળવવાનો એ દૃઢ નિશ્ચય કરે છે; જ્યાં સુધી એ મરશે નહિ કે મારશે નહિ, અથવા જ્યાં સુધી પોતાના કુતરાને * વધારે ન ભસવાનું ફરમાન કરતો ગોપાલ એટલે કે બુદ્ધિનો અવાજ સાંભળશે નહિ, ત્યાં સુધી એનો ઉદાત્ત પ્રાણ શાંત થશે નહિ.

તેણે જવાબ આપ્યો: ઉદાહરણ બરાબર બંધબેસતું છે, અને આપણે કહેતા હતા તેમ આપણા રાજ્યમાં સહાયકો કુતરા (જેવા) છે, અને જે શાસનકર્તાઓ બધા ગોપાલકો છે તેમનો અવાજ એમણે સાંભળવાનો છે.

મેં કહ્યું: મને લાગે છે કે તમે મને બરાબર સમજ્યો છો; પરંતુ એક વધારાના મુદ્દા વિશે તમે વિચાર કરો એમ હું ઇચ્છું છું.

(ઢ) કયો મુદ્દો?

તમને યાદ છે કે પ્રથમ દૃષ્ટિએ મનોભાવ કે પ્રાણ અમુક પ્રકારની

* પ્લેટોના 'ફીડ્રસ' નામના સંવાદમાં પ્રાણને શ્વેત અશ્વની સાથે સરખાવવામાં આવ્યો છે.

કામના જેવો દેખાતો હતો, પણ હવે આપણે એથી તદ્દન ઉલટું જ કહેવું પડશે; કારણ આત્માના (આંતરિક) વિગ્રહમાં પ્રાણ બુદ્ધિ-તત્ત્વના પક્ષમાં ઊભો રહે છે.

અચૂક.

પણ આગળ એક પ્રશ્ન ઊભો થાય છે: પ્રાણ બુદ્ધિથી ભિન્ન છે કે માત્ર બુદ્ધિનો એક પ્રકાર છે; આમાંનો બીજો પક્ષ ખરો હોય તો આત્મામાં ત્રણ તત્ત્વોને બદલે માત્ર બે તત્ત્વો રહેશે—બુદ્ધિનું અને (૪૪૧) કામનું; અથવા જે રીતે વેપારીઓ સહાયકો અને સલાહકારો એવા ત્રણ વર્ગો રાજ્યમાં હતા, તેમ વ્યક્તિના આત્મામાં પણ મનોભાવ અથવા પ્રાણના જેવું શું એવું ત્રીજું તત્ત્વ નહિ હોય, કે જે ખરાબ શિક્ષણથી દૂષિત થયું ન હોય તો સ્વાભાવિક રીતે બુદ્ધિનું સહાયક થઈ રહે?

તેણે કહ્યું: હા, એવું ત્રીજું તત્ત્વ પણ હોવું જોઈએ.

મેં જવાબ આપ્યો: હા, જે પ્રાણ કામથી ભિન્ન છે એમ આપણે અત્યારે સુધીમાં સાબીત કર્યું છે તે જો બુદ્ધિથી પણ ભિન્ન છે એમ માલુમ પડી આવે તો.

પણ એ સાબીત કરવું સહેલું છે:—આપણે નાનાં બાળકોમાં પણ જોઈ શકીએ છીએ કે લગભગ તેઓ જન્મે છે ત્યારથી જ પ્રાણવાન હોય છે, જ્યારે તેમાંના કેટલાંએક બુદ્ધિનો ઉપયોગ કરવાની શક્તિ કદી પ્રાપ્ત કરતાં હોય (ય) એમ લાગતું નથી, અને ઘણાં તો બહુ મોડી પ્રાપ્ત કરે છે.

ઉત્તમ, મેં કહ્યું: અને જંગલી પ્રાણીઓમાં પણ પ્રાણનું તત્ત્વ તમે જોશો, જેમાંથી તમે જે કહો છો તેની વધારાની સાબીતી મળે છે, અને હોમરના જે શબ્દોને આપણે કયારના ટાંકયા છે એનું પ્રમાણ આપણે ફરીથી (અહીં) ઉતારીશું:—

'તેણે પોતાની છાતી કુટી, અને એ રીતે પોતાના આત્માને ઠપકો આપ્યો;' [1]

---

1 Od. 20-17, પરિ-૩, ૩૯૦ ઙ માં ટાંકેલું.

(ક) કારણ આ પંક્તિમાં હોમરે સ્પષ્ટ રીતે કલ્પના કરી છે કે જે શક્તિ ઇષ્ટ અનિષ્ટ વિશે નિર્ણય બાંધે છે તે, જે અ-બુદ્ધિમય ક્રોધને ઠપકો આપે છે એના કરતાં ભિન્ન છે.

તેણે કહ્યું: સાવ સાચું.

અને અત્યારે કેટલીયે અથડામણ પછી આપણે (આપણી દલીલના સાગર) કાંઠે આવી પહોંચ્યા છીએ અને મોટે ભાગે એકમત થયા છીએ કે જે તત્ત્વો રાજ્યમાં છે તે ને તે તત્ત્વો વ્યક્તિના બંધારણમાં અસ્તિત્વ ધરાવે છે, અને એ કુલ ત્રણ છે.

બરાબર.

ત્યારે શું આપણે એવું અનુમાન કરવું ન જોઈએ કે જે ગુણને લીધે (અને જે રીતે) રાજ્ય વિવેકી ગણાય છે તે જ ગુણને લીધે અને તેવી જ રીતે વ્યક્તિ પણ વિવેકી બને છે?

જરૂર.

(ડ) એ પણ—કે જે ગુણથી રાજ્યમાં શૌર્ય વસે છે તે જ ગુણને લીધે વ્યક્તિમાં શૌર્ય ઊતરી આવે છે, અને વ્યક્તિ તથા રાજ્ય બંનેનો બીજા તમામ સદ્‌ગુણો સાથેનો સંબંધ એક જ જાતનો હોય છે?

અવશ્ય.

અને જે રીતે રાજ્યને આપણે ધર્મિષ્ઠ માનીએ છીએ એ જ રીતે વ્યક્તિમાં ધર્મ રહેલો છે એનો આપણે સ્વીકાર કરીશું?

એ અલબત્ત ફલિત થાય છે.

ત્રણમાંનો દરેક વર્ગ પોતાના જ વર્ગનું કામ કરે એમાં જ (ઇ) રાજ્યનો ધર્મ સમાયેલો છે એટલું આપણને યાદ આવ્યા વગર નહિ રહે—ખરું ને?

તેણે કહ્યું: આપણે ભૂલી જઈએ એ બહુ સંભવિત નથી.

આપણે યાદ કરવું જોઈશે, કે જે વ્યક્તિમાં તેના સ્વભાવના જુદા જુદા અંશો પોતપોતાનું કામ કરતા હશે તે ધર્મિષ્ઠ હશે અને (સમાજમાં) પણ એ પોતાનું જ કામ કરતો હશે.

તેણે કહ્યું: હા, આપણે એ પણ યાદ રાખવું જોઈશે.

અને જે બુદ્ધિતત્ત્વ વિવેકી છે, અને સમસ્ત આત્માનું રક્ષણ કરવાનું જેને માથે છે તેણે શું શાસન કરવું ન જોઈએ, તથા મનોભાવના કે પ્રાણના તત્ત્વે તેના મિત્ર રૂપ કે પ્રજારૂપ શું ન બનવું જોઈએ?

૪૩૨.

અને આપણે કહેતા હતા તેમ, બુદ્ધિને ઉચ્ચ શબ્દો અને પાઠોથી પોષીને તથા બળવાન બનાવીને અને સંવાદ તથા તાલથી પ્રાણની ઉન્મત્તતાને વિનમ્ર શાંત (૪૪૨) અને સંસ્કૃત બનાવીને—આવી સંમિલિત અસર દ્વારા માનસિક તથા શારીરિક કેળવણી એ બંને વચ્ચે એકતાનતા સાધશે.×

તેણે કહ્યું: તદ્દન ખરું

અને આ રીતે પોષાયેલાં તથા શિક્ષણ પામેલાં આ બંને તત્ત્વો એનો પોતાનો કાર્યધર્મ* શો છે એ ખરી રીતે જાણવાનું શીખ્યાં હશે તેથી, જે કામનું તત્ત્વ આપણા આત્માનો સૌથી મોટો અંશ છે, અને સ્વભાવથી જ (ગમે તેટલો) લાભ થતા છતાં જે સૌથી વધારે અસંતુષ્ટ રહે છે તેના ઉપર શાસન ચલાવશે; [૧] રખેને (લોકો જેને) શારીરિક સુખોનું નામ આપે છે તેની પરિપૂર્ણતાથી વધારે મોટું અને (બ) સમર્થ થઈ જઈને, કામનો આત્મા ÷ તેના પોતાના ક્ષેત્રમાં સીમાબદ્ધ ન રહેતાં, જે તત્ત્વો સ્વાભાવથી એની પ્રજા તરીકે રહેવાને સર્જાયાં નથી તેમના પર શાસન કરવાનો અને ગુલામ બનાવવાનો પ્રયત્ન કરે તથા માણસના જીવન સમસ્તને અસ્તવ્યસ્ત કરી નાંખે

× માનસિક તથા શારીરિક કેળવણીનું ધ્યેય બુદ્ધિ તથા પ્રાણના તત્ત્વોની વચ્ચે એકતા સાધવાનું છે.

* Functions

૧ અહીં મૂળ ગ્રીકમાંના પાઠાંતર વિષેના મતભેદ બાબતની એક ટીપ છે.

+ આવા જ અર્થમાં શ્રી. અરવિંદે "Desire soul" શબ્દો વાપર્યા છે.

એ બીકે તેના પર આ (બુદ્ધિ અને પ્રાણનાં તત્ત્વો) નજર રાખે છે, નહિ?

તેણે કહ્યું: સાવ સાચું.

બહારના હુમલાઓની વિરુદ્ધ આ બંને તત્ત્વો એકઠાં થઈને સમસ્ત આત્માનું તથા આખા શરીરનું શું સૌથી સારી રીતે રક્ષણ નહિ કરી શકે? એક સલાહ આપશે અને બીજું એના નેતૃત્વ નીચે રહીને લડશે અને તેના આદેશો તથા સલાહને વીરતાથી પાર પાડશે—ખરું ને?

સાચું.

અને સુખમાં કે દુઃખમાં જેનો પ્રાણ કઈ વસ્તુથી પે તે (ક) બીવું જોઈએ અને શાથી ન બીવું જોઈએ તે વિશેના બુદ્ધિના આદેશો (પોતામાં) સ્થિર રાખશે તે શૂરવીર ગણાશે?

તેણે જવાબ આપ્યો: ખરું.

અને જેનામાં પેલો (બુદ્ધિનો) નાનો અંશ શાસન કરતો હશે તથા (પોતાને અનુરૂપ) એવા આદેશો આપતો હશે તેને આપણે વિવેક કહીશું; (અને) ત્રણ અંશમાંના દરેકનું તથા સમસ્તનું હિત શામાં છે એનું જ્ઞાન પણ એ અંશને છે એમ માનેલું છે તેથી—ખરું ને?

અચૂક.

અને આ ને આ તત્ત્વો જેનામાં મિત્રભાવે સંવાદમાં રહ્યાં હોય એનામાં શાસન કરનાર બુદ્ધિનું તત્ત્વ તથા એને અધીન રહેતાં બીજાં બે—પ્રાણ તથા કામનાં તત્ત્વો, બુદ્ધિએ શાસન કરવું જોઈએ અને તેમણે બંડ ન ઉઠાવવું (ડ) જોઈએ એ વિષે (એ ત્રણે) એક સરખી રીતે સંમત હોય—એને વિશે તમે શું એમ નહિ કહો કે એ સંયમી છે? *

* આત્માનાં તમામ અંગોમાં સંવાદ હોય, તો સંયમ રહી શકે; પ્લેટો છેવટે સંયમનો એટલો બહોળો અર્થ કરે છે કે સંયમ અને ધર્મ વચ્ચે ખાસ કશો તફાવત રહેતો નથી, ને કે બે વચ્ચે ભેદ પાડવા ખાતર એમ કહી શકાય કે આંતરિક અંગો વચ્ચેના સંવાદનું વ્યકત થતું સ્વરૂપ તે સંયમ, અને એ સંવાદ જેના પર રચાય છે તે પાયો એ ધર્મ...જુઓ નીચે કલમ ૪૪૩

તેણે કહ્યું : જરૂર. રાજ્યમાં કે વ્યક્તિમાં સંયમની ખરી ગણના એ રીતે જ થઈ શકે.

મેં કહ્યું : અને કેવી રીતે તથા કયા ગુણને લીધે માણસ ધર્મિષ્ઠ થઈ શકે એ તો આપણે અવશ્ય ફરી ફરીને સમજાવ્યું છે.

એ તદ્દન નિઃશંક છે.

અને વ્યક્તિમાં ધર્મ શું કંઈ વધારે ઝાંખો છે અને એનું સ્વરૂપ શું કંઈ જુદું છે, કે પછી રાજ્યમાં આપણને એ જેવો મળી આવ્યો એવો જ શું વ્યક્તિમાં પણ છે?

તેણે કહ્યું: મારા અભિપ્રાય પ્રમાણે એમાં કશો ફેર નથી.

કારણ હજી આપણા મનમાં જરા પણ શંકાનો (૬) અવશેષ રહ્યો હોય, તો સામાન્ય ઉદાહરણોથી હું કહું છું એનાં સત્ય વિશે સંતોષ મેળવી શકાશે.

કઈ જાતનાં ઉદાહરણો વિશે તમે બોલો છો?

આપણને જે એવો પ્રશ્ન પૂછવામાં આવે તો શું આપણે કબૂલ કરવું ન જોઈએ કે ધર્મિષ્ઠ રાજ્ય અથવા (૪૪૩) એવા રાજ્યના સિદ્ધાન્તોનું જેને શિક્ષણ મળ્યું છે એવો માણસ, અનામત મૂકેલું સોનું કે રૂપું લઈ નાસી જાય એ કોઈ અધર્મી (રાજ્ય કે અધર્મી રાજ્યમાં શિક્ષણ પામેલા માણસ) ના કરતાં ઓછું સંભવિત છે: આની કોઈ ના પાડે ખરું?

તેણે જવાબ આપ્યો: કોઈ ના ન પાડે.

ધર્મિષ્ઠ માણસ કે પુરવાસી પોતાના મિત્રો પ્રત્યે કે પોતાના દેશ પ્રત્યે દેવદૂષણ, ચોરી કે દ્રોહ કર્યાનો અપરાધી થશે ખરો?

કદી નહિ.

તેમજ શપથો કે કરારનામોઓથી બંધાયા પછી એ કદી વિશ્વાસઘાત કરશે નહિ—ખરું ને?

અશક્ય.

(તેમજ) વ્યભિચાર કરવો કે માતાપિતાનું અપમાન કરવું અથવા ધાર્મિક ફરજોનું પાલન ન કરવું–આમ એ કરે તે બીજા કોઈના કરતાં ઓછું સંભવિત છે—નહિ ?

ઓછું જ.

(બ) અને (એનું) કારણ એ છે કે શું આદેશ આપવામાં કે આદેશ પાળવામાં, એનો પ્રત્યેક અંશ પોતાનું જ કામ કરતો હોય છે —ખરું ને ?

બરાબર એમ જ.

ત્યારે જે ગુણ આવાં માણસો કે આવાં રાજ્યોને ઉત્પન્ન કરે છે તે ધર્મ છે એ વિશે તમને સંતોષ થયો છે ને, કે પછી બીજો કોઈ (ગુણ) શોધી કાઢવાની તમે આશા રાખો છો ?

ખરેખર, મને તો નથી જ.

ત્યારે આપણા સ્વપ્નની સાધના થઈ છે; અને કોઈ દૈવી શક્તિ આપણને ધર્મના મૂલ સ્વરૂપ તરફ દોરી ગઈ છે એવો જે અંદેશો (રાજ્ય) (ક) રચવાના આપણા કાર્યની શરૂઆતથી આપણને આવ્યો હતો તે હવે ખરો ઠર્યો છે.

હા, જરૂર.

અને કામની વહેંચણીના જે સિદ્ધાન્તને અનુસરી સુતાર, મોચી અને બાકીના પુરવાસીઓએ દરેકે પોતાનું જ કામ કરવાનું હતું અને કોઈ બીજાનું નહિ, તે સિદ્ધાન્ત ધર્મની છાયારૂપે હતો અને એ જ કારણે એ ઉપયોગી થઈ પડ્યો—ખરું ને ?

એ સ્પષ્ટ છે.

પરંતુ આપણે વર્ણન કરતા હતા તેવો ધર્મ છે, એટલે કે મનુષ્યના બાહ્ય જીવન સાથે નહિ પણ મનુષ્યની જે ખરી જાત (આત્મા) * છે (ડ) અને જેની એણે સાધના કરવાની છે તેના આંતરિક જીવન સાથે એને તાત્ત્વિક સંબંધ છેઃ કારણ ધર્મિષ્ઠ માણસ પોતાનામાં

* True self.

રહેલાં ભિન્ન ભિન્ન તત્ત્વોને એકબીજા સાથે ડખલ કરવા કે તેમાનાં કોઈ એકને બીજાનું કામ કરવા દેતા નથી,+—એ પોતાના અંતરતર જીવનને વ્યવસ્થિત કરે છે, અને એ પોતાનો સ્વામી છે, તથા પોતાનો નિયમ ઘડી લે છે, અને પોતાનાં અંગ પ્રત્યંગોમાં એ શાંતિ અનુભવે છે. અને સ્વરમાલાના તાર, મંદ્ર, અને મધ્યમ સ્વરો સાથે તથા વચ્ચેના ગાળાઓ સાથે જેને સરખાવી શકાય એવાં તેમનામાં રહેલાં ત્રણ તત્ત્વોને તેણે એકઠાં બાંધી લીધાં હોય—જ્યારે તેણે આ બધાંને એકત્ર નિબદ્ધ કર્યાં હોય ત્યાર પછી તે 'અનેક' રહેતો નથી પણ જેના સ્વભાવનું× (ફૂ) બંધારણ સંપૂર્ણ રીતે વ્યવસ્થિત થયું છે તેવો સર્વાંશે સંયમી અને 'એક' (અવિભાજ્ય) બને છે. પછી શું માલ મિલકતની બાબત વિશે કે શરીરના ઉપચારો કરવામાં અથવા રાજકારણના કોઈ પ્રદેશમાં કે બાનગી વેપારમાં, જો એને કામ કરવાનું જ હોય, તો તે કાર્ય કરે છે, અને તે દરમિયાન આ સંવાદની સ્થિતિ સાથે જે સહકાર કરે તથા એનું જે રક્ષણ કરે તે ધર્મિષ્ઠ અને સારું કાર્ય, અને એના પર જે જ્ઞાન* અધિષ્ઠાતા તરીકે રહે છે તે વિવેક એમ તે હરહંમેશ વિચાર કરશે અને કહેશે; (૪૪૪) અને કોઈ પણ વખતે જે આ સ્થિતિને ક્ષતિ પહોંચાડે તેવા કાર્યને અધર્મ, અને એના પર જે 'અભિપ્રાય' અધિષ્ઠાતા તરીકે રહે છે તેને એ અજ્ઞાન કહેશે. *

સૉક્રેટિસ, તમે સાવ સાચું કહ્યું.

+જુઓ ઉપર ૪૩૪-બ.

× **Nature.** સરખાવો ઉપર ૪૨૯.

* જીવનનાં પ્રત્યેક અંગ વચ્ચે સંવાદ સ્થાપે તે ધર્મ. ધર્મમાં સપ્રમાણતા રહેલી હોય છે. આત્માના કે જીવનનાં ભિન્ન ભિન્ન તત્ત્વો વચ્ચેની સ-પ્રમાણતાનો જે કોઈ નાશ કરે તે અ-ધર્મ. આથી સામાજિક કે નૈતિક સદ્‌ગુણો પણ આંતરિક એકતાના પડઘા કે ફલિત થતાં પરિણામો જેવા છે. એટલે કે આધ્યાત્મિક સમતુલા સ્થાપે તે ધર્મ એમ કહી શકાય. સરખાવો ઉપર ૪૩૨-અ.

બહુ સારું; અને જો આપણે દૃઢતાથી એમ કહીએ કે ધર્મિષ્ઠ માણસ તથા ધર્મિષ્ઠ રાજ્ય અને એ દરેકમાં રહેલા ધર્મનું સ્વરૂપ આપણે શોધી કાઢયું છે, તો આપણે જુઠું બોલ્યા નહિ ગણાઈએ ખરું ને?

જરા પણ નહિ.

ત્યારે આપણે એ પ્રમાણે કહીએ ને?

આપણે એમ કહીશું.

મેં કહ્યું: અને હવે અધર્મ વિશે વિચાર કરવાનો છે.

એ સ્પષ્ટ છે.

(ખ) શું અધર્મ ત્રણ તત્ત્વોમાં ઉત્પન્ન થતો કલહ હોવો ન જોઈએ—એ ડખલગીરી અને અટકાયત, તથા આત્માના એક અંશનો સમસ્ત (આત્મા)ની સામેનો દ્રોહ, જે ખરેખરા રાજાનો પોતે સ્વભાવથી જ દાસ છે, તેવાની સામે બળવાખોર પ્રજા જે ગેરકાયદેસર અધિકારની પ્રતિજ્ઞા કરે છે તે,—આ તમામ ગોટાળો અને મતિભ્રમ, અધર્મ, અસંયમ, બીકણપણું અને અજ્ઞાન તથા દરેક જાતનો દુર્ગુણ નથી તો બીજું શું છે?

બરાબર એ જ.

(ક) અને ધર્મ તથા અધર્મનું સ્વરૂપ જાણી લીધા પછી અધર્મ આચરવાનો અને અધર્મી થવાનો અથવા વળી ધર્માચરણ કરવાનો અર્થ પણ સંપૂર્ણપણે સ્પષ્ટ થઈ ગયો હશે?

તેણે કહ્યું: એટલે?

મેં કહ્યું: ક્રમ—જે એ રોગ અને આરોગ્ય જેવાં છે; કારણ શરીરમાં જેવાં રોગ અને આરોગ્ય છે તેવાં તે આત્માનાં (રોગ અને આરોગ્ય) છે.

તેણે કહ્યું: એમ ક્રમ?

જ્ઞાન અને અભિપ્રાય—'epistemē' અને 'doxa' એ બે વચ્ચેનો તફાવત પ્લેટોએ અહીં સ્ફુટ કર્યો છે.

મેં કહ્યું : કેમ—જે આરોગ્યમય છે એ આરોગ્ય અર્પે છે, અને જે રોગિષ્ટ છે તે રોગનું કારણભૂત થાય છે.

હા.

(ડ) અને ધર્માચરણથી ધર્મ ઉત્પન્ન થાય છે, અને અધર્માચરણ અધર્મનું કારણભૂત શું નથી થતું ?

એ ચોક્કસ છે.

અને આરોગ્ય ઉત્પન્ન થાય એનો અર્થ જ એ કે શરીરનાં અંગોમાં એક ઉપર બીજું (અંગ) શાસન કરે, અને (એ રીતે) સ્વભાવસિદ્ધ વ્યવસ્થાનું અંધારણ (અસ્તિત્વમાં આવે); અને આ સ્વાભાવિક વ્યવસ્થાની વિરોધી વસ્તુસ્થિતિ અસ્તિત્વમાં આવે એનું નામ જ રોગનું ઉત્પન્ન થવું—ખરું ને ?

ખરું.

અને ધર્મના સર્જનનો અર્થ શું એવો નથી કે આત્માના અંશોમાં એક ઉપર બીજો (અંશ) શાસન કરે અને સ્વભાવસિદ્ધ વ્યવસ્થાનું સ્થાપન કરે; અને આ સ્વાભાવિક વ્યવસ્થાની વિરોધી વસ્તુસ્થિતિ અસ્તિત્વમાં આવે એનું નામ જ શું અધર્મની ઉત્પત્તિ નથી?

તેણે કહ્યું : બરાબર એમ જ.

ત્યારે તો સદ્‌ગુણ એટલે આત્માનું આરોગ્ય અને (ફ) સૌંદર્ય અને શ્રેય, તથા દુર્ગુણ એટલે આત્માનો રોગ અને નિર્બળતા અને કુરૂપતા ખરું ને ?

ખરું.

અને સારાં આચરણો સદ્‌ગુણ તરફ દોરી જાય છે, અને દુષ્કૃત્યો દુર્ગુણ તરફ—નહિ ? *

અવશ્ય.

(૪૪૫) છતાં ધર્મ અને અધર્મના તુલનાત્મક લાભાલાભના

* Cf. The relation between 'Energeia' and 'Dynamis' in Aristotle. वृत्तिसंस्कारचक्र.

આપણા જૂના પ્રશ્નનો ઉત્તર અપાયો નથી+ : દેવો કે મનુષ્યોના દેખતાં કે અણદેખતાં છતાં ધર્મિષ્ઠ થવું, ધર્માચરણ કરવું અને સદ્‌ગુણ આચરવો, અથવા જો માત્ર શિક્ષા પામ્યા વગર અને સુધર્યા વગર (થવાતું હોય તો) અધર્મી થવું અને અધર્મ આચરવો—(એ બેમાંથી) કયું વધારે લાભકારક છે?

મારી માન્યતા પ્રમાણે, સૉક્રેટિસ, હવે એ પ્રશ્ન હાસ્યાપદ થઈ ગયો છે. આપણે જાણીએ છીએ કે શરીરનું બંધારણ પડી ભાગ્યા પછી, (માણસ પાસે) બધી સંપત્તિ અને તમામ સત્તા હોય તથા દરેક પ્રકારનાં મદ્ય અને માંસમાંથી એને સંતૃપ્ત રાખવામાં આવે, તોપણ—પછી જીવન અસહ્ય થઈ પડે છે; (ક્ર) અને ધર્મ તથા અધર્મનું આપણે જે વર્ણન કર્યું છે તેવાં તે બંને છે એમ માની લઈને, સિવાય કે ધર્મ અને સદ્‌ગુણ એણે કેળવવાનો નથી તથા અધર્મ અને દુર્ગુણથી પોતાનો બચાવ કરવાનો નથી એવો એક જ નિયમ બાંધીને જો કોઈ માણસને ગમે તે કરવાની છૂટ આપવામાં આવે, તો (પછી એ રીતે) જ્યારે જીવનના તત્ત્વનું ખરેખરું સત્ત્વ અસ્તવ્યસ્ત થયું હોય અને દૂષિત થયું હોય—ત્યારે શું આપણને કોઈ એમ કહેશે કે એવા માણસનું જીવતર જીવવા યોગ્ય છે?

મેં કહ્યું : હા, તમારા કહ્યા મુજબ પ્રશ્ન હાસ્યાસ્પદ છે. તોપણ આપણી સગી આંખે સત્ય જોઈ શકીએ એવા સ્થાન સુધી આપણે આવી પહોંચ્યા છીએ તો આપણે માર્ગમાં મૂર્ચ્છા ખાઈશું નહિ.

તેણે જવાબ આપ્યો: અવશ્ય નહિ જ.

(ક્ર) મેં કહ્યું : અહીં નજીક આવો અને મારી માન્યતા પ્રમાણે દુર્ગુણનાં જે ભિન્ન ભિન્ન રૂપો નિહાળવા જેવાં છે તે જુઓ.

તેણે જવાબ આપ્યો : તમે આગળ ચાલો, હું તમારી પાછળ-પાછળ આવું છું.

+ જુઓ ઉપર પરિ. ૨, ૩૬૭-૩૬૮.

મેં કહ્યું : દલીલ એટલી ઊર્ધ્વ ગયેલી લાગે છે કે જાણે વિચારના કોઈ શિખર પરથી માણસ નીચે નજર કરે અને જુએ કે સદ્‌ગુણ તો એક છે, પણ દુર્ગુણનાં રૂપો અસંખ્ય છે; પરંતુ નોંધવા લાયક તો ચાર વિશિષ્ટ રૂપો જ છે. ×

તેણે કહ્યું : તમારો અર્થ શો છે ?

મેં જવાબ આપ્યો : હું એમ કહેવા માગું છું કે રાજ્યનાં જેટલાં ભિન્ન સ્વરૂપો છે તેટલાં જ સ્વરૂપો આત્માનાં છે એમ દેખાય છે.

કેટલાં ?

(ડ) મેં કહ્યું : રાજ્યનાં પાંચ અને પાંચ આત્માનાં.

એ કયાં ?

મેં કહ્યું : પહેલું તો આપણે જેનું વર્ણન કરતા આવ્યા છીએ એ જ, અને એક વિખ્યાત વ્યક્તિથી રાજનો અમલ ચાલતો હોય કે વધારેથી તે અનુસાર અનુશાસન કે શિષ્ટશાસન * એવાં બે નામો તેને આપી શકાય.

તેણે જવાબ આપ્યો : બરાબર.

પણ એ બંને નામો માત્ર એક પ્રકારનું (એક જ પ્રકારના રાજ્યનું) વર્ણન (ઢ) કરે છે એમ હું માનું છું, કારણ આપણે ધારી છે એ પદ્ધતિ પ્રમાણે જો શાસનકર્તાઓને કેળવવામાં આવ્યા હોય, તો (પછી) રાજ્યની લગામ એકના હાથમાં હોય કે વધારેના હાથમાં હોય, તો પણ રાજ્યના મૂળભૂત નિયમોનું રક્ષણ થશે.

તેણે જવાબ આપ્યો : એ બરાબર છે.

× સરખાવો નીચે પરિ. ૮, પૃ૬૮-ડ.

* અંગ્રેજીમાં Monarchy and Aristocracy છે, પરંતુ આધુનિક પ્રચલિત અર્થમાં એ વપરાયા નથી.

પરિચ્છેદ ૫

(૪૪૯) સારું અને સાચું નગર અથવા રાજ્ય આવું છે, અને સારા અને સાચા માણસના ઘડતરનો નમૂનો * પણ આવો જ છે; અને જો આ ખરું છે તો બીજું બધું ખોટું છે; અને જે કંઈ અનિષ્ટ છે તે માત્ર રાજ્યની વ્યવસ્થાને જ નહિ પરંતુ વ્યક્તિગત આત્માના (બંધારણના) નિયમનને પણ હાનિ પહોંચાડે છે અને એ ચાર સ્વરૂપે દેખા દે છે.

તેણે કહ્યું: એ કયાં છે?

ચાર અનિષ્ટ રૂપો એક પછી એક જે પરંપરામાં ઉતરી (ब) આવતાં મને દેખાય છે એ વિશે હું કહેવા જતો હતો, ત્યાં પોલિમાર્કસ જે એડેઈમેન્ટસની પેલી તરફ થોડે દૂર બેઠો હતો, એ તેને કંઈ કાનમાં કહેવા લાગ્યો: પોતાનો હાથ લંબાવીને એના ડગલાના ઉપરના ભાગને તેણે ખભા પાસેથી પકડયો, અને એને પોતા તરફ ખેંચ્યો, અને પોતે તેની તદ્દન નજીક આવે એ રીતે આગળ નમ્યો અને એના કાનમાં કંઈ કહેવા લાગ્યો, જેમાંના મારે કાને તો એટલા જ શબ્દો પડયા—'આપણે એને જવા દઈશું કે શું કરીશું?'

એડેઇમેન્ટસે અવાજ મોટો કરીને કહ્યું: બિલકુલ નહિ.

મેં કહ્યું તમે જેને જવા દેવાની ના પાડો છો તે કોણ છે?

તેણે કહ્યું: તમે,

(क) મેં ફરીથી કહ્યું: મને જ ખાસ શા માટે જવા દેવામાં નહિ આવે?

---

* Plato's 'idea' is also a pattern ('Paradeigma'). પ્લેટોની ફિલસૂફી અનુસાર, તત્ત્વો (Ideas) આદર્શો છે, તેમ નમૂના અથવા બીબાંઓ પણ છે. ઉ. ત. સારું અને સાચું નગરરાજ્ય તથા સારા અને સાચા માણસના બંનેના બંધારણનું બીબું અથવા તત્ત્વ એક જ છે; એ બંનેનાં અંગો અને તેમના અન્યોન્ય સંબંધો એકસરખા છે.

તેણે કહ્યું: કારણ અમને લાગે છે કે તમે આળસુ છો, અને વાર્તાનો જે બહુ જ અગત્યનો ભાગ છે એવા આખા પ્રકરણ વિશે અમને છેતરીને કશું ન કહેવાનો તમારો ઇરાદો લાગે છે; અને ઉડાવવા જેવી તમારી બોલવાની રીત તરફ અમારું ધ્યાન નહિ જાય એમ તમે કલ્પો છો; જાણે કે--સ્ત્રીઓ અને બાળકોની બાબતમાં 'તમામ વસ્તુઓ ઉપર મિત્રોની સમાન માલીકી રહેશે'—એ સિદ્ધાન્ત દરેકને સ્વયંસ્ફુટ હોય નહિ! *

અને ઍડેઈમેન્ટસ, મેં શું (એ) બોટું કહ્યું હતું?

તેણે કહ્યું: ના, પરંતુ બીજા બધા પ્રસંગોની જેમ, આ અમુક પ્રસંગમાં શું ખરું છે એ સમજાવવાની જરૂર છે, કારણ સામાજિક બંધારણ અનેક પ્રકારનાં હોઈ શકે. માટે કૃપા કરી કહો કે કઈ જાતનો સમાજ તમને અભિપ્રેત છે. અમે તો (ડ) કયારના આશા રાખી બેઠા હતા કે તમારા પુરવાસીઓના કૌટુમ્બિક જીવન વિશે તમે કંઈક કહેશો—તેઓ કેવી રીતે પ્રજા ઉત્પન્ન કરશે અને છોકરાંઓ થશે એટલે તેઓ તેમને કેવી રીતે ઉછેરશે અને સામાન્ય રીતે સ્ત્રીઓ અને બાળકોની સામાજિક વ્યવસ્થાનું સ્વરૂપ કેવું હશે—કારણ અમારો મત એવો છે કે આવી બાબતોની સારી કે ખરાબ વ્યવસ્થાની રાજ્ય ઉપર સારી કે માઠી, મોટી અને અગત્યની અસર થશે. અને (હવે) તમે બીજાં રાજ્ય વિશે કંઈ બોલવા માગો છો, તો આ પ્રશ્ન હજી અનિશ્ચિત રહ્યો છે તેથી, તમે સાંભળ્યું તેમ, જ્યાં સુધી તમે આ (૪૫૦) બધાનો હિસાબ ન આપો ત્યાં સુધી તમને ન જવા દેવા એવો અમે નિશ્ચય કર્યો છે.

ગ્લાઉકોને કહ્યું: એ દરખાસ્તને મારો ટેકો આપું છું એમ તમે ગણી લેજો.

થ્રેસીમેકસે કહ્યું: અને કંઈ વધારે ખટાટોપ વગર અમે બધા એટલા જ સંમત છીએ એમ તમે માની લેજો.

---

* જુઓ પરિ. ૪ : ૪૨૪-અ

મેં કહ્યું: આ રીતે મારા પર આક્રમણ કરવામાં તમે શું કરી રહ્યા છો એની તમને ખબર નથી: આપણા રાજ્ય વિશે તમે વળી કેવી રીતે દલીલ ઉઠાવો છો! મેં પૂરું કર્યું છે એમ હજી તો હું વિચાર કરતો હતો, અને આ પ્રશ્નને મેં સુવાડી દીધો છે એથી ખૂબ ખુશી થતો હતો તથા મેં એ વખતે જે કહ્યું તેનો તમે સ્વીકાર કર્યો તેથી હું કેટલો નસીબદાર હતો એ વિશે વિચાર કરતો હતો, ત્યાં તમે કેવા દુશ્મન ઊભા કરો છો એ ન જાણતા હોવાથી (ब) તમે ઠેઠ પાયાથી ફરી શરુ કરવાનું કહો છો. આ મુશ્કેલીનાં વાદળ ઘેરાતાં મેં જોયાં હતાં અને તેથી મેં તેનો પરિહાર કર્યો.

થ્રેસીમેકસે કહ્યું: અમે અહીં શા માટે આવ્યા છીએ એમ તમે ધારો છો—સોનું મેળવવા કે પ્રવચન સાંભળવા?

હા, પણ પ્રવચનનો અંત હોવો જોઈએ ને?

ગ્લાઉકોને કહ્યું: હા, સોક્રેટિસ, અને સમસ્ત જીવન જ આવાં પ્રવચનો સાંભળવા માટેની એક માત્ર સીમા હોઈ શકે એમ વિવેકી (क) પુરુષો કહે છે.* પણ તમે અમારી ચિંતા કરશો નહિ. તમે પોતે સ્વસ્થ થાઓ અને તમારી પદ્ધતિ અનુસાર પ્રશ્નનો જવાબ આપો: આપણા પાલકોમાં સ્ત્રીઓ અને બાળકોની કયા પ્રકારની સામાજિક વ્યવસ્થા અમલમાં મૂકાશે? અને જન્મ તથા કેળવણી વચ્ચેના જે સમયમાં અત્યંત સંભાળ રાખવાની જરૂર છે એની તમે શી વ્યવસ્થા કરશો? આ બાબતો વિશે કેવી જોગવાઈ કરવામાં આવશે તે અમને કહો,

હા, મારા ભલા મિત્ર, પણ જવાબ સહેલાઈથી ઊલટો જ છે; આપણા અગાઉના અનુમાનોના કરતાં આ વિશે કેટલીય વધારે શંકાઓ ઊભી થાય છે કારણ (એક તો) જે કહેવામાં આવ્યું છે તેના વ્યવહારુપણા વિશે શંકા થાય, અને બીજી દૃષ્ટિબિંદુથી જોતાં, જો તે કદી વ્યવહારુ થઈ શકે તો પણ એ યોજના સારા માટે છે કે નહિ એ પણ (ड) શંકાસ્પદ છે. આથી રખેને આપણી (આદર્શ માટેની) અભીપ્સા માત્ર

* સરખાવો પરિ. ૬, ૪૯૮-ड.

સ્વપ્નવત નીવડે એ બીકે, મારા પ્રિય મિત્ર, એ વિષયનો વિચાર કરવાની મને હોંશ થતી નથી.

તેણે જવાબ આપ્યોઃ ગભરાઓ નહિ, કારણ તમારા શ્રોતાજનો તમારા પર તકાદો નહિ કરે; તેઓ વિરોધી કે નાસ્તિક નથી.

મેં કહ્યુંઃ મારા ભલા મિત્ર, આ શબ્દોથી તમે મને ઉત્તેજન આપવા માગો છો એમ માનું છું.

તેણે કહ્યુંઃ હા.

ત્યારે મને એટલું કહેવા દો કે તમે એથી તદ્દન ઉલટું કરી રહ્યા છો; હું જે વિષે બોલું છું એનું મને જ્ઞાન છે એમ જો હું માનતો હોત, તો જે ઉત્તજન તમે મને આપો છો તેનો કંઈક અર્થ રહેત. જે વિવેકી માણસો આપણને ચાહતા હોય, (૬) તેમની હાજરીમાં જે મહાન હિતની બાબતો પોતે ચહાય છે અને જે બાબતો પ્રત્યે પોતાને માનની લાગણી છે તે વિષેનું સત્ય જાહેર કરવાનું હોય, તો તેને અંગે માણસના મનમાં કંઈ (૪૫૨) સંદેહ કે બીક ઉત્પન્ન થવી જરૂરની નથી; પરંતુ આપણે પોતે સંદિગ્ધ અન્વેષક હોઈએ–જે મારી સ્થિતિ છે–ત્યારે દલીલ લંબાવવાથી સ્ખલન–થાય–તેવી અને ભયંકર પરિસ્થિતિ ઊભી થાય પણ ખરી. અને મારા તરફ બધા હસે એનો મને ભય નથી [એવો ભય તો બાલિશ ગણાય]. પરંતુ (મને ભય એ છે કે) હું પોતે પગભર છું એવી ખાત્રી મને જ્યાં સૌથી વધારે જરૂરની હોય, તેવે વખતે જ મને સત્ય જડે નહિ, અને મારા પતનની પાછળ મારા મિત્રોને પણ હું ઘસડી જાઉં. અને વિધને હું એટલી પ્રાર્થના કરું છું કે જે શબ્દો હું હમણાં બોલવાનો છું તેનું વેર વાળવા એ મારા પર ઉતરી ના પડે. કારણ હું ખરેખર માનું છું કે જીવનના મૂળભૂત નિયમનના વિષયમાં* સૌંદર્ય, સારપણ અને ધર્મને વિષે છેતરપીંડી કરવી એના કરતાં અનિચ્છાએ નરહત્યા કરવી એ

* In the matter of laws : વિષયમાં.

ઓછા ગુનો છે.[૧] અને મિત્રો કરતાં દુશ્મનોની વચ્ચે આ જાતનું જોખમ ખેડવા હું વધારે તૈયાર છું, અને તેથી તમે મને ઉત્તેજન આપો છો (ब) એ ઠીક કરો છો.[૨]

ગ્લાઉકોને હસીને કહ્યું: ભલે, ત્યારે સોક્રેટિસ, તમે કે તમારી દલીલ અમને કશી ગંભીર ખિન્ન કરશે, તો તમને અગાઉથી નરહત્યાના પાપમાંથી મુક્ત કરીશું અને તમને ધૂર્ત ગણવામાં નહિ આવે; તો હિંમત રાખો અને બોલો.

મેં કહ્યું: વારુ કાયદો એમ કહે છે કે જ્યારે માણસને છોડી મૂકવામાં આવે છે, ત્યારે તે અપરાધમાંથી મુક્ત થાય છે, અને કાયદામાં જે માન્ય છે તે દલીલમાં માન્ય હોઈ શકે.

તો (હવે) તમારે વાંધો શો છે?

મેં જવાબ આપ્યો: વારુ, હું ધારું છું કે મારે (દલીલમાં) પાછાં (क) પગલાં ભરવાં પડશે, અને યોગ્ય સ્થળે મારે જે કદાચ કહેવું જોઈતું હતું એ (અત્યારે) કહેવું પડશે. પુરુષોનો પાઠ ભજવાઈ ચૂક્યો છે અને હવે સ્ત્રીઓનો વારો આવે એ પૂરતું યોગ્ય છે. તમે મને આમંત્રણ આપ્યું છે તો વધારે તત્પરતાથી એમને વિષે હું બોલવું શરુ કરીશ.

આપણે જ્યારે એમ કહ્યું કે પુરુષોએ ટોળાના પાલકો અને રખેવાળ કૂતરાઓ થવાનું છે—ત્યારે અસલ જે રસ્તે આપણે પ્રસ્થાન કર્યું હતું તે રસ્તે રસ્તે જવું—તે જ પદ્ધતિ આપણા પુરવાસીઓની જેમ જન્મેલા અને (તેમના જેવું) શિક્ષણ પામેલા માણસોના સંબંધમાં, મારા અભિપ્રાય અનુસાર, સ્ત્રીઓ અને બાળકોની માલિકી અને ઉપયોગ વિષેના ખરા અનુમાન પર આવવાનો માર્ગ છે.

ખરું.

(ड) આપણી સ્ત્રીઓના જન્મ અને કેળવણીમાં એ જ અથવા લગભગ એવા જ નિયમોનું પાલન થશે એટલું આપણે વધારામાં માની

૧, ૨. અહીં મૂળમાંના પાઠાંતરો વિશેની બે નોંધ છે.

લઈશું; પછી આપણી યોજના સાથે (એનું) પરિણામ બંધ બેસે છે કે નહિ એ આપણે જોઈશું ?

તમે શું કહેવા માગો છો ?

મેં કહ્યું:* હું જે કહેવા માગું છું એ પ્રશ્ન રૂપે મૂકી શકાય: કુતરાંઓમાં શું નર અને માદા એવા વિભાગ પાડવામાં આવે છે, કે પછી શિકાર અને ચોકી કરવામાં તથા કુતરાંઓની બીજી ફરજો બજાવવામાં એ બંને સરખે હિસ્સે કામ કરે છે ? અથવા તેમનાં કુરકુરિયાં ઉત્પન્ન કરવાં અને ધવડાવવાં એ કુતરીઓ માટે પૂરતું કામ છે એમ ધારીને, માદાઓને શું આપણે ઘેર રાખીએ છીએ અને માત્ર નરને જ શું આપણે ટોળાંની સંભાળ રાખવાનું કામ સોંપીએ છીએ ?

(૬) તેણે કહ્યું : ના નર માદા સરખે હિસ્સે કામ કરે છે; એમની વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે નર વધારે મજબૂત છે અને માદા નબળી હોય છે.

શું જુદાં જુદાં પ્રાણીઓનો એક જ કામને અંગે તમે ઉપયોગ કરી શકો ખરા ?—સિવાય કે તેમનો ખોરાક અને ઉછેર એક જ પ્રકારનાં હોય !

ના, નહિ જ.

ત્યારે જે પુરુષોના જેવી જ ફરજો સ્ત્રીઓને આપવાની (૪૫૨) હોય, તો તેમનાં ઉછેર અને શિક્ષણ એક જ હોવાં જોઈએ.

હા.

પુરુષોને માટે માનસિક અને શારીરિક કેળવણીની યોજના ઘડવામાં આવી હતી.

હા.

ત્યારે સ્ત્રીઓને માનસિક અને શારીરિક કેળવણી અપાવી જોઈએ, અને લડાઈની કળાની પણ—જે કળાની તેમણે પુરુષોની માફક ટેવ પાડવી જોઈશે.

---

* મુદ્દો ૧ સ્ત્રી-પુરુષની સમાનતાનો પ્રશ્ન

અનુમાન એવું થયું એમ હું માનું છું.

મેં કહ્યું : ઊલટું એમ પણ બને કે આપણી દરખાસ્તોમાંની કેટલીકને જો અમલમાં મૂકવામાં આવે તો તે સાધારણ હોવાને લીધે હાસ્યાસ્પદ દેખાશે.

એ વિશે શંકા નથી.

હા, અને પુરુષો સાથે પાલીસ્ટ્રામાં વ્યાયામ કરતી નગ્ન સ્ત્રીઓનું દૃશ્ય—ખાસ કરીને તેઓ જ્યારે યુવાન મટી આધેડ વયનાં થયાં હશે ત્યારે—સૌથી (ઞ) વધારે હાસ્યાસ્પદ થઈ પડશે; ઉત્સાહી વૃદ્ધ પુરુષો, (પોતાના શરીર પર વળેલી) કરચલીઓ અને કુરૂપતા છતાં વ્યાયામશાળામાં નિયમિત જતા હશે એ દૃશ્ય જેમ સુંદર નથી, તેમ જ આ (સ્ત્રીઓ પણ) જરૂર કંઈ સૌંદર્યનું દૃશ્ય નહિ લાગે.

તેણે કહ્યું : હા, ખરેખર, આજના ખ્યાલ પ્રમાણે તો દરખાસ્ત હાસ્યાસ્પદ ગણાશે.

મેં કહ્યું : પણ આપણે આપણા મનના વિચાર કહી નાંખવાનો નિશ્ચય જ કર્યો છે, તો આ પ્રકારના નવા રિવાજની ચતુર માણસો મશ્કરી કરે તો આપણે ડરી નહિ જઈએ; શારીરિક અને માનસિક કેળવણીના ક્ષેત્રમાં સ્ત્રીઓ જે કંઈ સંપાદન કરશે તે વિશે, અને સૌથી વધારે (ક) તો તેમનાં ઘોડા પર બેસવાં અને બખ્તર પહેરવાં—એ વિશે તેઓ (કોણ જાણે) કેવી કેવી વાતો કરશે!

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

પણ આપણે શરૂઆત કરી છે તો નિયમોનાં વિકટ સ્થાનો (કલમો) પ્રત્યે આપણે આગળ વધવું જોઈએ; અને સાથે સાથે પોતાના જીવનમાં (કોઈ દિવસ ન થયા હોય તો પણ) એક વાર તો ગંભીર થવાની આ સદ્‌ગૃહસ્થોને આજ્ઞા કરીશું. આપણે તેમને યાદ આપીશું કે જે અભિપ્રાય સામાન્ય રીતે જંગલીઓમાં હાલ પ્રચલિત છે તે અભિપ્રાય હેલેનિક લોકોમાં થોડા વખત અગાઉ પ્રચલિત હતો, અને તે એ કે નગ્ન મનુષ્યનું દૃશ્ય હાસ્યાસ્પદ અને અયોગ્ય હતું; અને

જ્યારે પહેલાં ક્રીટન લોકોએ અને પછી લેસિડિમોનિયન લોકોએ એ રિવાજ દાખલ કર્યો, ત્યારે એ વખતના ચતુર (ડ) લોકોએ નવા રિવાજની એટલી જ હાંસી કરી હશે.

નિઃશંક.

પરંતુ જ્યારે અનુભવથી એમ સાબીત થયું કે તમામ વસ્તુઓનું આચ્છાદન કરવા કરતાં એને ખુલ્લી રાખવી એ વધારે સારું છે તથા બુદ્ધિએ પ્રતિપાદન કરેલા વધારે સારા સિદ્ધાન્ત આગળ, બાહ્ય દૃષ્ટિબિંદુએ દેખાતી હાસ્યસ્પદ અસર ઉડી જવા પામે ત્યારે જે માણસ મૂર્ખાઈ કે દુર્ગુણ સિવાયનાં બીજાં કોઈ પણ દૃશ્ય તરફ પોતાનાં (ઢ) ઉપહાસનાં બાણ છોડતો હોય, અથવા સારા કે ઇષ્ટ સિવાયનાં બીજાં કોઈ પણ ધોરણથી સૌંદર્યનું મૂલ્ય આંકવા તેને ખરેખર મન થઈ આવતું હોય તે (પોતે જ) મૂર્ખ છે એમ દેખાઈ આવે છે.[1]

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

ત્યારે પહેલાં પ્રશ્ન ઉપહાસમાં પૂછવામાં આવે (૪૫૩) કે ઔત્સુક્યથી, પરંતુ આપણે સ્ત્રીનો સ્વભાવ સમજવો જોઈશે : પુરુષોનાં કામોમાં, સર્વાંશે કે થોડે અંશે તે ભાગ પડાવવાને શક્તિમાન છે કે બિલકુલ નથી? અને લડાઈની કળા, સ્ત્રી ભાગ લઈ શકે એવી કળાઓમાંની એક છે કે ન લઈ શકે એમાંની છે?—એનાથી જ આપણે આપણા અન્વેષણની શરૂઆત સારામાં સારી રીતે કરી શકીશું, અને કદાચ એ દ્વારા જ સારામાં સારું અનુમાન પણ બાંધી શકીશું.

એ જ સારામાં સારો માર્ગ છે.

શું પહેલાં આપણે સામેનો પક્ષ લઈશું અને આપણા વિરુદ્ધની દલીલોથી શરુ કરીશું? આ પદ્ધતિમાં વિરોધીના પક્ષનું પ્રતિપાદન થયા વિના નહિ રહે. *

---

૧ અહીં મૂળ ગ્રીકમાંના પાઠ પર એક નોંધ છે.

* સરખાવો પ્લેટોનો પાર્મેનાઇડીઝ નામનો સંવાદ.

(ब) તેણે કહ્યું : (હા), શા માટે નહિ?

ત્યારે આપણા પ્રતિપક્ષીઓના મુખમાં આપણે એક ભાષણ મૂકીશું. તેઓ કહેશે, સૉક્રેટિસ અને ગ્લાઉકોન, ક્રોધી દુશ્મન તમને ગુનેગાર નહિ ઠરાવે, કારણ રાજ્યના પ્રથમ પાયામાંથી જ તમે એ સિદ્ધાન્ત સ્વીકાર્યો છે કે પોતાના સ્વભાવને લાયક જે એક કામ હોય તે દરેકે કરવાનું છે. અને અવશ્ય, જો હું ભૂલતો ન હોઉં તો, એવો સ્વીકાર આપણે કર્યો હતો. 'અને સ્ત્રીપુરુષના સ્વભાવ શું અત્યંત ભિન્ન નથી?' અને આપણે જવાબ આપીશું : અલબત્ત, તે ભિન્ન જ છે. પછી આપણને પૂછવામાં આવશે, 'અને એમના ભિન્ન સ્વભાવોને અનુકૂલ થઈ પડે એવાં ભિન્ન ભિન્ન કામ પુરુષો અને (क) સ્ત્રીઓને આપવાં જોઈએ કે નહિ?' 'અવશ્ય આપવાં જ જોઈએ.' 'પણ જો એમ હોય, તો પુરુષો અને સ્ત્રીઓ જેમના સ્વભાવો સર્વાંશે ભિન્ન છે, તેમણે એક સરખાં કામ કરવાં જોઈએ એમ કહેવામાં તમે શું ગંભીર વિસંવાદમાં પડી જતા નથી?'—મારા સાહેબ, આવા વાંધા ઉઠાવે એવા ક્રોધકની વિરુદ્ધ અમારે માટે તમે શો બચાવ કરશો?

જ્યારે એકાએક એ સવાલ કરવામાં આવે ત્યારે એનો જવાબ આપવો કંઈ સહેલો નથી; અને આપણી તરફેણમાં ચુકાદો મેળવી લાવવાની હું તેમને વિનંતિ કરીશ અને કરું છું.

ગ્લાઉકોન, આ (બધા ખોટા) વાંધા છે, અને એ જાતના બીજા (ड) પણ ઘણા (વાંધાઓ) છે, જે મેં તો કેટલાય વખત પહેલાં અગાઉથી જોયા હતા; એનાથી હું ભડકી ગયો અને એથી જ સ્ત્રીઓ અને બાળકોના ઉછેર તથા સ્વામિત્વ વિશેનો ક્રોધી કાયદો (ઘડવાનું કામ) હાથ પર લેવાનું મને મન થતું નહોતું.

તેણે કહ્યું : ઝ્યુસ*ના કસમ ખાઈને કહું છું કે વિષયનું નિરાકરણ કરવું જરાય સહેલું નથી.

* ગ્રીક લોકોનો સૌથી મોટો દેવ.

મેં કહ્યું : કેમ હારતો, પણ વસ્તુસ્થિતિ એ છે કે માણસને માથાબૂડથી વધારે પાણી થઈ જાય, પછી એ નહાવાના નાના કુંડમાં પડ્યો હોય કે ભર દરિયામાં, પણ એને તો તરવું જ પડે છે.

ઝાવ સાચું.

અને આપણે શું તરીને કિનારે પહોંચવાનો પ્રયત્ન કરવો ન જોઈએ: એરિયનનું મત્સ્ય કે કોઈ બીજી ચમત્કારિક મદદ આપણને બચાવી લેશે એવી આપણે આશા રાખીશું ?

(૬) તેણે કહ્યું : હું એમ ધારું છું.

ઠીક ત્યારે, બચવાનો કોઈ માર્ગ મળી આવે છે કે નહિ તે આપણે જોઈએ. આપણે એટલાનો સ્વીકાર કર્યો હતો—કેમ કર્યો હતો ને ?—કે ભિન્ન સ્વભાવવાળા માણસોના ધંધા ભિન્ન હોવા જોઈએ અને પુરુષો તથા સ્ત્રીઓના સ્વભાવ ભિન્ન છે. અને હવે આપણે (પાછા) શું કહીએ છીએ ?—કે ભિન્ન સ્વભાવોના ધંધા એક જ હોવા જોઈએ,—જે અસંગતિ દોષ આપણા પર લાદવામાં આવે છે તે આ છે.

બરાબર એ જ.

(૪૫૪) મેં કહ્યું : ખરું કહું તો, ગ્લાઉકોન, (ઉપરછલ્લા) વિરોધાભાસની કલાની શક્તિ અદ્‌ભુત છે !

તમે એમ કેમ કહો છો ?

કારણ હું માનું છું કે ઘણાયે માણસોને એમની ઇચ્છા વિરુદ્ધ એની ટેવ પડી જાય છે. માણસ પોતે જે વિશે બોલતો હોય તેની વ્યાખ્યા ન આપી શકે તથા એના વિભાગો પાડી ન શકે અને એ કારણે એનું જ્ઞાન પ્રાપ્ત ન કરી શકે, એટલા જ માટે જ્યારે એને એમ લાગતું હોય કે પોતે (શુદ્ધ) બુદ્ધિથી તર્ક કરે છે, ત્યારે એ માત્ર (બોટો) વાદ જ કરતો હોય છે; અને શુદ્ધ ચર્ચાની નહિ પણ વિતંડાની

પદ્ધતિ અનુસાર ફક્ત શાબ્દિક વિરોધને એ વળગી રહે છે.*

તેણે જવાબ આપ્યોઃ હા, એવું ઘણી વાર બને છે; પણ આપણને અને આપણી દલીલને એની સાથે શો સંબંધ છે?

(બ) ઘણો જ; કારણ (કશા પણ) ધરાદા વગર શાબ્દિક વિરોધમાં આપણે ફસાઈ પડીએ એવો ભય અવશ્ય રહે છે.

કઈ રીતે?

કેમ જે ભિન્ન સ્વભાવોવાળાં માણસોના ધંધા જુદા જુદા હોવા જોઈએ—એવા શાબ્દિક સત્યને આપણે બહાદુરીથી અને ધૃષ્ટતાથી વળગી રહીએ છીએ, પરંતુ સ્વભાવની ભિન્નતા કે એકતાનો અર્થ શો છે, અથવા ભિન્ન સ્વભાવવાળાં માણસોને જુદાં અને સમાન સ્વભાવવાળાંને એક જ જાતનાં કામ સોંપતી વખતે એવો ભેદ શા માટે પાડ્યો તે વિશે આપણે કદી જરા પણ વિચાર કરતા નથી.

તેણે કહ્યું: કેમ,—ના,—એ વિશે આપણે કદી વિચાર કર્યો નથી.

(ક) મેં કહ્યું: ધારો કે ઉદાહરણ તરીકે આપણે એક પ્રશ્ન પૂછીએ કે (માથે) ટાલવાળા અને વાળવાળા માણસોના સ્વભાવમાં વિરોધ છે કે નહિ? અને જો આપણે આનો સ્વીકાર કરીએ, તો પછી ટાલવાળા માણસો જો મોચી બન્યા હોય તો વાળવાળા માણસોને મોચી થવાની આપણે મના કરવી જોઈએ, અને (એ જ રીતે એનાથી) ઉલટું પણ?+

તેણે કહ્યું: એ તો મશ્કરી કરી ગણાય.

---

* Distinction between 'Eristikē' and 'Dialectikē'.
અ-વાસ્તવિક: વસ્તુને સ્પર્શ કરી ન શકે, તેવો ખાલી વિતંડાવાદ અને બીજો તલસ્પર્શી બુદ્ધિનો વ્યાપાર.

+ વસ્તુ તત્ત્વ સાથે સંબંધ ધરાવતા આવશ્યક ધર્મ તથા આકસ્મિક ધર્મ વચ્ચેનો આ ભેદ છે. Accident and Essence.

મેં કહ્યું : હા, મશ્કરી; અને શા માટે ? કારણ આપણે જ્યારે રાજ્ય રચ્યું, ત્યારે આપણે કદી એવો અર્થ કર્યો જ નહોતો કે દરેક (પ્રકારના) ભેદને સ્વભાવો વચ્ચેના વિરોધ તરીકે ગણવો. (ડ) પણ (આપણને એવો અર્થ અભિપ્રેત હતો કે) જે ધંધામાં વ્યક્તિ જોડાઈ હોય તેના પર જે (સ્વાભાવની) ભિન્નતાઓ અસર કરે (એને જ વિરોધ તરીકે ગણવી); ઉદાહરણાર્થ આપણે એવી દલીલ કરવી જોઈતી હતી કે એક વૈદ્ય અને જે માણસનું માનસિક બંધારણ વૈદ્યનું છે* એ બંનેના સ્વભાવો એક સરખા છે એમ કહી શકાય.

ખરું.

જ્યારે (એથી ઉલટું) વૈદ્ય અને સુતારોના સ્વભાવો ભિન્ન છે.

અવશ્ય.

મેં કહ્યું : અને જો કોઈ પણ કલા કે ધંધા વિશે પુરુષ અને સ્ત્રી જાત વચ્ચે એમની યોગ્યતાના વિષયમાં ફરક દેખાતો હોય, તો આપણે કહેવું જોઈએ કે એવો ધંધો કે કલા તેમનામાંના એકને કે બીજાને સુપ્રત કરવાં જોઈએ; પરંતુ સ્ત્રીઓ છોકરાં જણે છે, અને પુરુષો છોકરાં પેદા કરે છે એટલો જ જો એ બે વચ્ચે તફાવત હોય તો (ઢ) એટલાથી એમ સાબીત થઈ શકે નહિ કે સ્ત્રીને અમુક જ પ્રકારની કેળવણી મળવી જોઈએ એ પ્રકારનો સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદ છે; અને તેથી આપણે તો એવું પ્રતિપાદન કરતા રહીશું કે આપણા પાલકો અને તેમની પત્નીઓ સમાન ધંધો કરશે.

તેણે કહ્યું : સાચું.

બીજું—નાગરિક જીવનની કલાઓ અથવા કોઈ ધંધાની દૃષ્ટિએ સ્ત્રીનો સ્વભાવ પુરુષના કરતાં કઈ રીતે (૪૫૫) ભિન્ન છે એવો આપણા પ્રતિપક્ષીને આપણે સવાલ કરીશું ને ?

એમાં કંઈ ખોટું નથી.

* અહીં મૂળ ગ્રીકમાંના પાઠ વિશેની એક નોંધ છે.

અને તમારી જેમ એ પણ કદાચ એવો ઉત્તર આપશે કે તેનો એકાએક જવાબ આપવો એ સહેલું નથી; પરંતુ થોડો વિચાર કર્યા બાદ એ મુશ્કેલ નથી.

કદાચ, હા.

ત્યારે એમ ધારો કે દલીલમાં આપણી સાથે સાથે આવવાનું આપણે તેને આમંત્રણ આપીએ છીએ, અને (ब) પછી આપણે એને એમ બતાવી આપવાની આશા રાખીશું કે સ્ત્રીઓના બંધારણમાં એવી કશી ખાસિયત નથી કે જેથી, જો તેમને રાજ્યના વહીવટમાં દાખલ કરવામાં આવે, તો તેમના પર તેનાથી કંઈ (અનિચ્છનીય) અસર થાય.

જરૂર.

આપણે એને કહીશું: હવે પધારો; અને અમે આપને એક પ્રશ્ન પૂછીશું:—કોઈ વિષયમાં શક્તિશાળી કે અશક્ત એવા સ્વભાવ વિશે તમે વાત કરતા હતા, ત્યારે તમે શું એમ કહેવા માગતા હતા કે જે પહેલો માણસ એ વસ્તુ સહેલાઈથી અને બીજો મુશ્કેલીથી શીખી શકશે; થોડાક જ અભ્યાસથી પહેલો માણસ ઘણું બધું શીખવા પ્રેરાશે; જ્યારે (એથી ઉલટું) બીજો ઘણા અભ્યાસ અને એકાગ્રતા પછી જેવો શીખશે કે તરત જ ભૂલી જશે; અથવા વળી તમે શું એમ કહેવા માગતા હતા કે પહેલાનું શરીર એના ચિત્તનું સારું આજ્ઞાનુવર્તી છે, જ્યારે બીજાને એનું શરીર વિઘ્નરૂપ નિવડે છે?—સ્વભાવથી જ જે (क) માણસ શક્તિસંપન્ન છે, અને જે અશક્ત છે એ એને ભિન્ન પરખાવી આપે, એ પ્રકારનો તફાવત શું આ નથી?

એની કોઈ ના નહિ પાડે.

અને માણસ જાતનો તમે એવો એકેય ધંધો બતાવી શકશો, કે જેમાં સ્ત્રી કરતાં પુરુષ જાતમાં આ તમામ શક્તિઓ અને ગુણો વધારે પ્રમાણમાં ન હોય? (અને) વણવાની કળા, તથા પુડલા

અનાવવાની તથા બગડે નહિ એ રીતે ખોરાકને સંધરી રાખવાની કળા, જે બધામાં સ્ત્રી જાત વસ્તુતઃ મહાન દેખાઈ આવે છે, અને પુરુષ એમાં એને હરાવી દે એ તો તદ્દન બેહુદું લાગે છે, તો પણ —(મારા સિદ્ધાન્તને સાચો સાબીત કરવા માટે) આ વિશે વધારે (ડ) બોલીને મારે શું વખત ગુમાવવાની જરૂર છે ?

તેણે કહ્યું : સ્ત્રી જાતમાં સામાન્ય રીતે કંઈક ન્યૂનતા રહેલી છે એવું જે તમે પ્રતિપાદન કરો છો એ તદ્દન ખરું છે; જો કે ઘણી સ્ત્રીઓ ઘણીયે બાબતોમાં ઘણા પુરુષો કરતાં શ્રેષ્ઠ હોય છે છતાં સામાન્ય રીતે તમે જે કહો છો તે ખરું છે.

અને મારા મિત્ર, જો એમ હોય તો રાજનો વહીવટ કરવાની એકે એવી વિશિષ્ટ શક્તિ નથી, જે સ્ત્રીમાં એ સ્ત્રી છે એટલા માટે, અથવા પુરુષમાં એની જાતિને લીધે વસે છે; પરંતુ (મનુષ્ય) સ્વભાવની શક્તિઓ બંનેમાં સરખી રીતે વહેંચાયેલી (ઢ) છે; પુરુષોના તમામ ધંધાઓ સ્ત્રીઓ પણ કરી શકે છે, પણ એ બધામાં પુરુષ કરતાં સ્ત્રીમાં ન્યૂનતા હોય છે.

સાવ સાચું.

ત્યારે આપણા તમામ કાયદાઓ શું પુરુષોને જ લાગુ પાડવા અને એમાંના કોઈ પણ સ્ત્રીઓને લાગુ ન જ પાડવા ?

એ કદી ન ચાલે.

(૪૫૬) કોઈ સ્ત્રીમાં સારવાર કરવાની શક્તિ હોય, બીજામાં ન હોય; કોઈને સંગીત પ્રિય હોય બીજીના સ્વભાવમાં સંગીત બિલકુલ ન હોય ?

સાવ સાચું.

અને કોઈ એક બાઈની વૃત્તિ લશ્કરી કસરતો અને શારીરિક કેળવણી તરફ ઢળતી હોય, તો બીજીમાં લડાયક વૃત્તિ જરા પણ ન ન હોય અને શારીરિક કેળવણીને એ ધિક્કારતી હોય ?

૭૩૨.

અને કોઈ બાઈ ફ્રિલસૂફ હોય અને બીજી ફ્રિલસૂફીની દ્વેષી હોય, એકમાં પ્રાણ હોય અને બીજી પ્રાણહીન હોય ?

એ પણ ખરું છે.

ત્યારે કોઈ બાઈનો સ્વભાવ પાલક થવાને લાયક હશે, અને બીજીનો નહિ હોય. આ પ્રકારની ભિન્નતાના ધોરણે જ પુરુષ પાલકોની પસંદગી કરવામાં આવતી હશે ખરું ને ?

હા. જે ગુણોને લીધે પાલક થઈ શકાય એ ગુણો પુરુષો અને સ્ત્રીઓમાં એક સરખી રીતે રહેલા છે; તુલના કરતાં માત્ર એનાં બળ કે નિર્બળતામાં જ ભિન્નતા દેખાય છે—નહિ ?

એ સ્પષ્ટ છે.

(બ) અને શક્તિમાં અને ચારિત્ર્યમાં જે પુરુષોને તેઓ મળતાં આવે, તથા જે પુરુષોમાં સમાન ગુણો હોય તે પુરુષોનાં સહચારી તથા સહકારી તરીકે જે સ્ત્રીઓમાં એવા ગુણો હોય તેમને પસંદ કરવામાં આવશે—ખરું ?

તદ્દન સાચું.

અને એક જ જાતના સ્વભાવવાળાં સ્ત્રીપુરુષો માટે શું એક જ જાતના ધંધા ન હોવા જોઈએ ?

હોવા જોઈએ.

ત્યારે આપણે પહેલાં કહેતા હતા તે અનુસાર પાલકોની પત્નીઓને માનસિક અને શારીરિક કેળવણી લેવાનું કહીએ તો એમાં કશું અસ્વાભાવિક નથી—આપણે એ ને એ મુદ્દા પર ફરી આવીએ છીએ.*

અવશ્ય (અસ્વાભાવિક કશું) નથી.

એ વખતે આપણે જે કાયદો ઘડ્યો હતો તે કુદરતને અનુરૂપ હતો; અને તેથી એ માત્ર (ક) હવાઈ કિલ્લારૂપ કે અશક્ય નહોતો;

* જુઓ ઉપર ૪૫૨-અ

અને ખરી રીતે તો એના વિરુદ્ધનું જે આચરણ અત્યારે પ્રચલિત છે એ જ કુદરત (ના નિયમ)નો ભંગ કરે છે.

એમ દેખાય છે ખરું.

પહેલાં આપણી દરખાસ્ત શકય હતી કે નહિ તે, અને પછી એ (શકય હોય તો) સૌથી વધારે લાભદાયક છે કે નહિ એ વિશે આપણે વિચાર કરવાનો હતો ખરું ને? ×

હા.

અને એની શકયતાનો તો સ્વીકાર થઈ ચૂકયો છે?

હા.

એનાથી જે મહાન લાભ થવાનો છે એ હવે સાબીત કરવાનો રહ્યો.

બરાબર એમ જ.

તમે એટલો સ્વીકાર કરશો કે જે કેળવણી લીધાથી કોઈ પુરુષ સારો પાલક થઈ શકે, એ જ કેળવણીથી એક સ્ત્રી પણ સારી પાલન કરનાર પાલિકા થઈ શકે; કારણ (કે) શું એમનો મૂલ સ્વભાવ એકસરખો નથી?

હા.

તમને એક સવાલ પૂછવાનું મને મન થાય છે.

શો સવાલ?

તમે શું કહેશો—કે બધાં માણસો ગુણમાં સરખાં હોય છે, કે પછી એક માણસ બીજા કરતાં વધારે સારો હોય છે?

તમે પાછળથી કહ્યું તે.

અને જે સમૂહતંત્ર આપણે સ્થાપીએ છીએ તેમાં આપણી આદર્શ યોજનાનુસાર ઉછેરેલા પાલકો કે પછી જેને માત્ર જોડા સીવવાનું જ શિક્ષણ આપવામાં આવ્યું છે તેવા મોચીઓ માનવતાની પૂર્ણતાએ વધારે પહોંચ્યા હશે?

× જુઓ ઉપર ૪૫૦-ક ડ.

કેવો હાસ્યાસ્પદ પ્રશ્ન ?

મેં જવાબ આપ્યો : તમે મને ઉત્તર આપી દીધો છે; (૬) વારુ, અને વધારામાં આપણે શું એટલું ન કહી શકીએ કે આપણા પુરવાસીઓમાં સૌથી સારા આપણા પાલકો છે ?

સૌ — થી સારા.

અને એમની પત્નીઓ પણ સ્ત્રીઓમાં શું સૌથી સારી નહિ હોય ?

હા, સૌથી સારી.

અને રાજ્યમાંનાં પુરુષો અને સ્ત્રીઓ શક્ય હોય તેટલાં સારાં હોવાં જોઈએ — આનાથી વિશેષ હિતકર રાજ્યને બીજું કંઈ હોઈ શકે ?

એનાથી બીજું કંઈ વધારે સારું ન હોઈ શકે.

(૪૫૭) અને આપણે વર્ણન કર્યું છે એ રીતની માનસિક અને શારીરિક કેળવણીની કળાઓ જો આપણને હસ્તગત હશે તો એ સાધી શકાશે ખરું ને ?

અવશ્ય.

ત્યારે આપણે જે કાયદો ઘડ્યો છે એ શક્ય છે એટલું જ નહિ, પણ રાજ્યને સૌથી વધારે હિતકર પણ છે ?

ખરું.

ત્યારે આપણા પાલકોની પત્નીઓ ભલે નિર્વસ્ત્ર થાય, કારણ એમનું શીલ એ જ એમનું વસ્ત્ર થશે; અને પોતાના દેશના રક્ષણના કાર્યમાં તથા સંગ્રામની જહેમતોમાં તેઓ ભલે ભાગ લે; માત્ર કામની વહેંચણીમાં હળવાં કામ સ્ત્રીઓને આપવાનાં છે, કારણ તેમનો બાંધો જરા નબળો છે; પણ બીજી બધી રીતે તેમની (અને પુરુષોની) ફરજો એ ને (બ) એ રહેશે. અને શુદ્ધમાં શુદ્ધ હેતુથી નગ્ન સ્ત્રીઓ પોતાનાં શરીર કસે એ પ્રત્યે જે કોઈ હસશે તે માણસ (એ રીતે) હસવામાં

અપક્વ વિવેકબુદ્ધિનું ફળ

તોડે છે, અને પોતે શાના પ્રત્યે હસે છે તથા પોતે શું કરવા બેઠો

છે એનું એને ભાન નથી: — કારણ (જીવનમાં) જે કંઈ ઉપયોગી છે એ જ શ્રેષ્ઠ છે, અને જે હાનિકર્તા છે એ અધમ છે — એ કહેવત સૌથી સારી છે, અને ભવિષ્યમાં પણ સૌથી સારી ગણાશે.

તદ્દન સાચું.

ત્યારે સ્ત્રીઓ વિશેના કાયદામાં આપણને અહીં જે એક મુશ્કેલી નડતી હતી તેનું નિવારણ થઈ ગયું એમ આપણે કહી શકીએ; (સ્ત્રી અને પુરુષ) બંને જાતિના પાલકોના બધા ધંધાઓ સમાન હોવા જોઈએ, એવો કાયદો ઘડતાં ઘડતાં આપણે (ચર્ચાનાં) મોજાંમાં જીવતા (ક) ડૂબી ગયા નથી; વળી દલીલમાં રહેલી સુસંગતિ જ એની ઉપયોગિતાની તથા એની શક્યતાની પણ સાક્ષી પૂરે છે.

હા, એ મોટાં મોજાંમાંથી તમે બચી ગયા છો.

મેં કહ્યું: હા, પણ હજી એનાથી મોટું બીજું મોજું તો આવે છે, એ જ્યારે તમે જોશો ત્યારે પહેલાંનું મોજું તમને બહુ ભારે નહિ લાગે.

ચાલો, હું જોઉં તો ખરો.

મેં કહ્યું: આ તથા પહેલાં જે બધું કહેવાઈ ગયું છે એના અનુસંધાનમાં જે નિયમ ફલિત થાય છે તે આ રીતનો,—'આપણા પાલકોનું તેમની પત્નીઓ (ડ) પર સામાન્ય સ્વામિત્વ રહેશે, અને એમનાં બાલકો ઉપર પણ, તથા કોઈ માબાપને પોતાનું છોકરું કયું તથા કોઈ છોકરાંને એનાં ખરાં માબાપ કોણ એની ખબર પડવા દેવામાં આવશે નહિ.'*

તેણે કહ્યું: હા, આ મોજું પહેલાંના કરતાં કયાંય વધારે મોટું છે, અને એવા કાયદાની શક્યતા તેમ જ ઉપયોગિતા અત્યંત શંકાસ્પદ છે.

મેં કહ્યું: પત્નીઓ અને બાલકો પર સમાન સ્વામિત્વ હોવું જોઈએ એની અત્યંત મહાન ઉપયોગિતા વિશે કશો ઝઘડો હોઈ શકે એમ હું માનતો નથી; તથાપિ એવી વ્યવસ્થાની શક્યતા એક બીજી જ

* મુદ્દો ૨ : પ્લેટોનો સામ્યવાદ

વસ્તુ છે, અને એ પ્રશ્ન અત્યંત વિવાદગ્રસ્ત થઈ પડશે.

(૬) હું ધારું છું કે એ બંને પ્રશ્નો વિશે કેટલીય બધી શંકાઓ ઊભી કરી શકાય.

મેં જવાબ આપ્યો : એ બંને પ્રશ્નોને એક કરી દેવા જોઈએ એમ તમારું કહેવું છે. હવે મારો અર્થ એ હતો કે તમારે એની ઉપયોગિતાનો સ્વીકાર કરી લેવો, અને મેં એમ ધારેલું કે આ રીતે એ પ્રશ્નનું નિરાકરણ કરવાની ફરજમાંથી હું ઉગરી જાઉં અને તો એની શકયતાનો પ્રશ્ન જ મારે વિચારવાનો રહે.

પણ તમારી એ ચતુરાઈ અમે જાણી લીધી, અને તેથી તમે કૃપા કરી હવે એ બંન્નેની સાબીતી આપો.

મેં કહ્યું : વારુ, જેવું મારું નસીબ! પણ મારા (૪૫૮) પર એક અનુગ્રહ કરો : પોતે એકલા ચાલતા હોય ત્યારે કોઈ લોકો જેમ દિવાસ્વપ્નમાં મગ્ન માણે છે તેમ એ સ્વપ્ન દ્વારા મારા મનથી મને સુખ અનુભવવા દો : કારણ પોતાની ઇચ્છાઓને પૂર્ણ કરવાના કોઈ પણ ઉપાયો એવા લોકો શોધી કાઢે—(જો કે) એ બાબત વિશે તેઓ કદી તકલીફ ઉઠાવતા નથી—ત્યાર પહેલાં એની શકયતા વિશે વિચાર કરવાનો ખાલો શ્રમ તેઓ ઉઠાવતા નથી,—પરંતુ એમની ઇચ્છાનુસાર એમને બધું મળી ચૂકયું છે એમ માની લઈને, તેઓ પોતાની યોજનાને (કલ્પનામાં) આગળ ધપાવે છે, અને પોતાની ઇચ્છા જ્યારે ફળીભૂત થાય ત્યારે પોતે શું કરવા માગે છે એની વિગતો વિશે (શેખચલ્લીની જેમ) વિચાર કરી આનંદ મેળવે છે—આ રીતે જે શક્તિ કદી કશા ખરા કામમાં ઉપયોગી થઈ પડતી નથી,* (ઞ) એને પણ તેઓ વિકસવા દેતા નથી. (પણ) હવે મારું મન તો હારી જાય છે, અને તમે રજા આપો તો, પહેલાં શકયતાનો પ્રશ્ન હું છોડી દઈશ. માટે પ્રસ્તાવની શકયતાનો સ્વીકાર કરી લઈને, શાસનકર્તાઓ આ વ્યવસ્થા

* કલ્પનાશક્તિ વિશે પ્લેટોનો આવો અભિપ્રાય હતો. જુઓ પરિ. ૧૦.

કઈ રીતે પાર પાડશે એ વિશે હું પરીક્ષણ કરીશ, અને હું સાબીત કરી આપીશ કે આપણી યોજના, જો અમલમાં મૂકવામાં આવે તો, રાજ્યને તથા પાલકોને અત્યંત હિતકર થઈ પડશે. જો તમને કશો વાંધો ન હોય તો, આવાં પગલાંથી શા શા ફાયદા થાય એ વિશે તમારી મદદથી વિચાર કરવા હું પ્રયત્ન કરીશ, અને ત્યાર બાદ શકયતાના સવાલ વિશે.

મારે કશો વાંધો નથી; આગળ ચલાવો.

પહેલાં તો હું માનું છું કે આપણા શાસનકર્તાઓ અને એમના સહાયકોને જે નામ આપવામાં આવ્યાં છે એ નામને એ (ક) લાયક હોય, તો એકમાં આજ્ઞા પાળવાની મરજી હોવી જોઈએ અને બીજામાં આજ્ઞા કરવાની શક્તિ હોવી જોઈએ; પાલકોએ પોતે કાયદાનું પાલન કરવું જોઈએ, અને જે કાયદાની કોઈ પણ વિગત એમને સુપ્રત કરવામાં આવી હોય, તેના રહસ્યનું એમણે અનુકરણ પણ કરવું જોઈએ.

તેણે કહ્યું : એ ખરું છે.

મેં કહ્યું : તમે એમના કાયદા ઘડનાર છો, અને તમે પુરુષોની પસંદગી કરી છે, તો તમે જ હવે સ્ત્રીઓને પણ પસંદ કરો અને પુરુષોને તે સોંપો;—સ્ત્રીઓ સ્વભાવમાં બનતાં સુધી એમના જેવી જ હોવી જોઈશે; અને તેમને મજિયારી માલિકીના ઘરોમાં રહેવું પડશે અને જમતી વખતે એક ધાલમાં તેઓ ભેગાં મળશે. (સ્ત્રીઓ કે પુરુષો) એમની કોઈની પાસે એક પણ વસ્તુ ખાસ કરીને પોતાની (ખાનગી) માલિકીની નહિ હોય; તેઓ ભેગાં રહેશે; અને તેમને (ડ) ભેગાં ઉછેરવામાં આવશે, તથા શારીરિક કસરત કરતી વખતે એકઠાં થશે. અને આ રીતે પોતાના સ્વભાવની અંતર્ગત આવશ્યકતાને લીધે એક બીજાના સંબંધમાં આવવા તેઓ પ્રેરાશે—હું માનું છું આવશ્યકતા એ કંઈ બહુ ભારે શબ્દ નથી ?

તેણે કહ્યું: હા—આવશ્યકતા—કંઈ ભૂમિતિની નહિ પણ બીજા જ પ્રકારની આવશ્યકતા, જેનો પ્રેમીઓને અનુભવ હોય છે, અને જન-

સમાજ ઉપર જેની કેટલીયે સત્તા ચાલે છે, અને જે (લોકોના મગજમાં) કેટલુંયે ઠસાવી શકે છે.

મેં કહ્યું : ખરું, અને ગ્લાઉકોન, બીજી બધી વસ્તુઓની જેમ આ પણ સુવ્યવસ્થિત રીતે થવું જોઈએ; ધન્ય લોકોના નગરમાં (ફ) પાશવતા એક અપવિત્ર વસ્તુ ગણાશે અને શાસનકર્તાઓ એની મના કરશે.

તેણે કહ્યું : હા, અને પાશવતાની છૂટ અપાવી ન જોઈએ.

ત્યારે માતૃપદ પવિત્રમાં પવિત્ર ગણાય એ બીજી બાબત આપણે સાધવાની છે એ સ્પષ્ટ છે, અને સૌથી વધારે જીવનપ્રદ છે એ જ સૌથી વધારે પવિત્ર ગણાશે.

(૪૫૯) એમ જ.

અને લગ્નોને વધારેમાં વધારે લાભકારક કેવી રીતે કરી શકીએ?— હું પ્રશ્ન તમને પૂછું છું, કારણ હું તમારા ઘરમાં શિકાર કરવા રાખેલા કુતરાઓ જોઉં છું, અને ઉત્તમ જાતનાં પક્ષીઓ પણ કંઈ ઓછાં નથી. હવે હું તમને વિનંતી કરું છું કે મને કૃપા કરી કહો—એમનામાં જે નર માદા ભેગા થાય છે, અને જે રીતે પ્રજોત્પત્તિ થાય છે એ તરફ તમારું કદી ધ્યાન ગયું છે?

એની કઈ વિગતો પર?

કેમ, સૌથી પહેલાં તો, એ બધાંની જાત (એકંદર) સારી હોય તો પણ કેટલાંક બીજાંથી વધારે સારાં શું નથી હોતાં?

ખરું.

અને શું કંઈ પણ દરકાર વગર તમે એમની પ્રજા વધવા દો છો, કે પછી જે સૌથી સારાં હોય એ જ ભેગાં ભળે એવી તમે સંભાળ લો છો?

સૌથી સારાં હોય તે જ.

(બ) અને વળી સૌથી વૃદ્ધ હોય તે અથવા સૌથી નાનાં હોય તેમને તમે લો છો, કે માત્ર પરિપક્વ ઉમરનાં ને?

માત્ર પરિપક્વ ઉંમરનાંને જ ચૂંટી કાઢું છું.

અને તમારા કુતરાઓ અને પક્ષીઓની પ્રજોત્પત્તિમાં જો સંભાળ રાખવામાં ન આવે, તો તો તેમની ઓલાદ હલકી થઈ જાય ખરું ને?

અવશ્ય.

અને ઘોડા તથા સામાન્ય રીતે બીજાં પ્રાણીઓ વિશે પણ આ ખરું છે?

એમાં શંકા નહિ.

મેં કહ્યું: ભલા ભગવાન! જો આ ને આ સિદ્ધાન્ત મનુષ્યજાતને પણ લાગુ પડતો હોય, તો મારા પ્રિય મિત્ર, આપણા શાસનકર્તાઓમાં કેટલું બધું નૈપુણ્ય હોવું જોઈશે?

(ક) જરૂર, એ સિદ્ધાન્ત લાગુ પડે છે જ; પણ એમાં કોઈ વિશિષ્ટ નૈપુણ્યની જરૂર કઈ રીતે છે?

મેં કહ્યું: કારણ આપણા શાસનકર્તાઓએ સંઘને ઘણી વાર ઔષધ આપવું પડશે. હવે તમે તો જાણો છો કે જ્યારે માંદાં માણસોને દવાની જરૂર હોતી નથી પણ માત્ર અમુક પથ્યના સેવનની જ જરૂર હોય છે, ત્યારે કોઈ હલકો વૈદ્ય પણ આ કામ માટે સારો ગણાય છે; પણ જ્યારે કંઈ ઔષધ આપવાની જરૂર પડે ત્યારે ખરેખરો બાહોશ વૈદ્ય જોઈએ.

તેણે કહ્યું: એ તદ્દન ખરું છે, પણ કઈ વસ્તુને ઉદ્દેશીને તમે આમ બોલો છો?

મેં જવાબ આપ્યો: મારો કહેવાનો ભાવાર્થ એ છે કે પોતાની પ્રજાના હિતના અર્થે આપણા શાસનકર્તાઓને કેટલાંય જુઠ્ઠાણાં અને છલના ધૂંટડાની જરૂર પડશે; આપણે (ડ) એમ કહેતા હતા કે ઔષધ તરીકે આ બધી વસ્તુઓનો ઉપયોગ લાભકારક થઈ પડે.*

અને આપણું કહેવું તદ્દન ખરું હતું.

*જુઓ ઉપર પરિ. ૨, ૩૮૨; ૩, ૩૮૯ અ, ૪૧૪ ક—'રાજજુઠ્ઠાણું'.

અને લગ્ન તથા જન્મના કાયદાઓમાં આનો (આવાં જુઠ્ઠાણાંઓનો) કાયદેસર ઉપયોગ કરવાની જરૂર પડે એ શકય લાગે છે.

કઈ રીતે ?

મેં કહ્યું : કેમ, આપણે સિદ્ધાન્ત કયારનો ઘડી કાઢયો છે કે સ્ત્રીપુરુષોમાં જે સૌથી સારાં હોય તેમણે સૌથી સારાંની સાથે બની શકે તેટલી વધારે વાર, અને જે નબળાં હોય તેમણે નબળાંની સાથે બને તેટલું ઓછું મળવું જોઈએ; અને જે ટોળાંને (પ્રજાને) સૌથી સારી સ્થિતિમાં રાખવું (ઇ) હોય, તો પહેલા પ્રકારનાં બાળકો ઉછેરવાં જોઈએ, અને બીજાનાં નહિ. હવે આ બધી વ્યવસ્થા તદ્દન ગુપ્ત રહેવી જોઈશે અને (આ બધું કેમ બને છે) એની માત્ર શાસનકર્તાઓને જ ખબર હોવી જોઈએ, અને નહિ તો વધારામાં આપણું ટોળું—પાલકોનો નિર્દેશ આપણે એ રીતે કરી શકીએ—બળવો કરી મૂકે એવો ભય રહેશે.×

બહુ જ સાચું.

આપણે વરકન્યાઓને ભેગાં લાવી શકીએ એ માટે અમુક ઉત્સવો યોજીએ તો વધારે સારું નહિ ? અને (એ વખતે) યજ્ઞો થાય તથા આપણા (૪૬૦) કવિઓએ રચેલાં લગ્નનાં પ્રસંગને અનુરૂપ ગીતો પણ ગવાય : લગ્નોની સંખ્યા કેટલી રાખવી એ બાબત શાસનકર્તાઓની વિવેકબુદ્ધિ પર આપણે છોડવી પડશે. તેમનો હેતુ એકંદરે કુલ વસ્તી ટકાવી રાખવાનો હશે. જેટલે અંશે એ શકય હોય તેટલે અંશે રાજ્યને બહુ મોટું કે બહુ નાનું થતું અટકાવવા માટે એમને બીજી કેટલીયે બાબતો વિશે વિચાર કરવો પડશે જેવી કે લડાઈઓની અને રોગોની અને એના જેવાં બીજાં કારણોની અસરો.

તેણે જવાબ આપ્યો : જરૂર.

× અહીં શાસનકર્તાઓ તથા પાલકો વચ્ચે ભેદ પાડયો લાગે છે. Rulers, Guardians, and Auxiliaries એવા ત્રણ વિભાગો પ્લેટોને અભિપ્રેત છે.

લોકોને એકઠાં મેળવવાના દરેક પ્રસંગે, જેની લાયકાત ઓછી હોય એવા લોકો અમુક જ ચિઠ્ઠીઓ લે તેવી ચતુરાઈભરેલી રીત આપણે શોધી કાઢવી પડશે અને પછી તેઓ શાસનકર્તાઓનો નહિ પણ પોતાનાં જ વાંકા નસીબનો દોષ કાઢશે.

તેણે કહ્યું : અચૂક.

(બ) અને હું માનું છું કે આપણા વધારે બહાદૂર અને સારા યુવાનોને બીજાં માન અને પારિતોષકો મળે તે ઉપરાંત એમને જે સ્ત્રીઓ આપવામાં આવી છે તેમની સાથે વ્યવહાર કરી શકે એ માટે વધારે સગવડ આપવી જોઈએ; (એમને આવી સગવડો અપાવી જોઈએ) એ માટેનું (પૂરતું) કારણ એમની બહાદૂરી જ છે, અને એવા પિતાઓને બને તેટલા વધારે પુત્રો હોવા જોઈએ.*

ખરું.

અને યોગ્ય સ્ત્રી કે પુરુષ કે બંને જાતિના અધિકારીઓ, કારણ (આપણે ત્યાં) પુરુષો તેમજ સ્ત્રીઓ પણ અધિકારીઓ હશે જ—.

હા.

(ક) એ યોગ્ય અધિકારીઓ સારાં માબાપનાં છોકરાંને એક વાડામાં કે વંડામાં લઈ જશે, અને કોઈ અલગ જગ્યાએ રહેતી હોય તેવી અમુક ધાયાઓને એ છોકરાં સોંપશે; પરંતુ હલકાં (માબાપનાં) છોકરાંને અથવા સારાં માબાપનાં છોકરાંને ભોગજોગે કંઈ ખોડ હોય તો,+ તેમનો જે રીતે ત્યાગ કરવો જ જોઈએ તે રીતે તેમને કોઈ ગૂઢ જગ્યામાં મૂકી આવશે. ×

---

* જુઓ નીચે ૪૬૮-ક.

+ પરંતુ સરખાવો પરિ. ૩: ૪૦૨-ડ-૬.

× પ્રાચીન ગ્રીસમાં રિવાજ હતો કે માંદલાં કે નમાલાં બાળકોને ઉછેરીને સમાજને નિર્બળ ન બનાવતાં તેમને નિર્જન જગ્યામાં છોડી દેવામાં આવતાં, અને આ રિવાજ ખાસ કરીને પ્લેટોને પોતાના આદર્શની સૌથી નજીક લાગેલું એવા સ્પાર્ટાના રાજ્યમાં હતો.

તેણે કહ્યું : હા, જો પાલકોનો વંશવેલો શુદ્ધ રાખવો હોય તો એમ કરવું જ જોઈશે.

તેઓ એમનાં લાલનપાલન માટે સગવડ કરશે, અને માતાઓને જ્યારે ધાવણ ચડ્યું હશે ત્યારે (ડ) તેમને આ વાડામાં તેઓ લઈ આવશે, પણ બને તેટલી વધારે સંભાળ રાખશે કે કોઈ માતાને પોતાનું બાળક કયું તેની ખબર ન પડે; જરૂર પડે છોકરાંઓનાં ધાવણ માટે તેઓ બીજી ધાવો પણ રાખશે. છોકરાંઓને ધવરાવવાની ક્રિયા બહુ લાંબો વખત ન ચાલે એની સંભાળ રાખવામાં આવશે; અને માતાઓને રાત્રે ઉઠવાની કે એવી બીજી તકલીફ લેવી નહી પડે, કારણ તેઓ આ જાતનું બધું કામ આયાઓને અને નોકરોને સોંપી દેશે.

તમે તો એવી કલ્પના કરો છો નહિ કે પાલકોની પત્નીઓને છોકરાં થતાં હોય ત્યારે પણ તેઓ તો નિરાંતે મજા કરતી હશે !

મેં કહ્યું : શા માટે નહિ ? અને એમણે મજા કરવી જ જોઈએ. પણ ચાલો આપણે તો આપણી યોજનાને આગળ ધપાવીએ. આપણે એમ કહેતા હતા કે માબાપોમાં પરિપક્વ યૌવન હોવું જોઈશે.

સાવ સાચું.

(ઢ) અને પરિપક્વ યૌવન એટલે શું ? સ્ત્રીનાં લગભગ વીસ વર્ષ અને પુરુષનાં ત્રીસ વર્ષ એવી વ્યાખ્યા શું એની આપી ન શકાય ?

તમે કયાં વર્ષોનો આમાં સમાવેશ કરવા માગો છો ?

મેં કહ્યું : એક સ્ત્રી વીસ વર્ષની થાય ત્યારથી તે ચાલીસ વર્ષની થાય ત્યાંસુધી રાજ્યને બાળકો અર્પી શકે. (અને) જીવનની નાડ જે વર્ષોમાં સૌથી વધારે વેગમાં ધબકતી હોય તે સમય વીત્યા બાદ પુરુષ પચ્ચીસમા વર્ષથી શરુ કરી શકે, અને એ પિસ્તાળીસ વર્ષનો થાય ત્યાંસુધી પ્રજોત્પત્તિ કરી શકે.

(૪૬૧) તેણે કહ્યું : અવશ્ય, એ વર્ષો દરમિયાન જ પુરુષો તથા સ્ત્રીઓની શારીરિક તેમજ માનસિક શક્તિઓ અક્ષત રહે છે.

અને આ ઉમ્મરની નીચેનું કે ઉપરનું કોઈ પણ (માણસ) જાહેર લગ્નોમાં ભાગ લે તો તેણે અત્યંત અપવિત્ર અને ખોટું કાર્ય કર્યું છે એમ કહેવાશે; પોતાનાં સારાં અને કાર્યદક્ષ માબાપોના કરતાં નવી પ્રજા વધારે સારી અને કાર્યદક્ષ થાય એ માટે જે યજ્ઞયાગ અને પ્રાર્થના, દરેક લગ્નપ્રસંગે પુરોહિતો, હોતાઓ અને આખું ગામ કરે છે—એવા શુકનમાં નહિ, પણ કોઈ અપશુકનમાં એવા પિતાના બાળકનો—જો એનો જન્મ થાય તો—ગર્ભ રહ્યો હતો એમ (ઞ) ગણાશે,—એનું બાળક અંધ અને વિચિત્ર પાશવવૃત્તિને લીધે પેદા થયું ગણાશે.

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

અને શાસનકર્તાઓની અનુમતિ સિવાય, જે ઉમ્મર મુકરર કરવામાં આવી છે તે ઉમ્મરનું કોઈ એકાદ પુખ્ત ઉંમરની સ્ત્રીની સાથે સંબંધ બાંધે તો તેને પણ આ જ કાયદો લાગુ પડશે; કારણ આપણે એમ કહીશું કે જેને કશું પ્રમાણપત્ર નથી તથા જે (વિધિ અનુસાર) પવિત્ર થયેલ નથી તેવા વર્ણસંકરને જ રાજ્યમાં એ પેદા કરે છે.

તેણે જવાબ આપ્યો : તદ્દન ખરું

જે ઉંમર આપણે મુકરર કરી છે તે ઉંમરનાંને જ આ લાગુ પડે છે: એ ઉંમર પૂરી થયા બાદ આપણે એમને સ્વેચ્છાનુસાર વિચરવા દઈશું, સિવાય (ક) કે કોઈ પણ પુરુષથી પોતાની દીકરીને કે દીકરીની દીકરીને અથવા માતાને કે માતામહીને પરણી નહિ શકાય; અને બીજી બાજુ સ્ત્રીઓને પોતાના પુત્રો કે પિતા અથવા પૌત્ર કે પિતામહ સાથે પરણવા દેવામાં નહિ આવે, અને બંને પક્ષે પણ એ જ પ્રમાણે (કાયદો રહેશે) અને આપણે આ બધું સ્વીકારીએ છીએ તે એટલા માટે કે આટલી છૂટ સાથે એવા સખત હુકમો પણ હશે જ કે આવા સંબંધથી પ્રજા ઉત્પન્ન થાય તો તેને કદી જીવવા દેવામાં નહિ આવે; અને જો કોઈ (બાળક)નો જન્મ ભોગજોગે થઈ જાય તો માબાપોએ સમજી જ રાખવાનું છે કે એવા સંબંધથી ઉત્પન્ન થયેલી

પ્રજાને ઉછેરવામાં નહિ આવે અને તેથી તેમણે એ પ્રમાણે જોગવાઈ કરી લેવી. *

તેણે કહ્યું : એ વિધાન પણ કંઈ ખોટું નથી. પણ કોણ (ડ) બાપ અને કોણ દીકરાઓ વગેરે બાબતની એમને ખબર જ કયાંથી પડશે?

એમને તો કદી નહિ જ પડે, (પરંતુ) એનો રસ્તો આ પ્રમાણે નીકળશે:—લગ્નના દિવસથી શરુ કરીને સાત અને નવ માસની અંદર જે છોકરાઓ જન્મશે તેને પુત્રો તથા જે છોકરીઓ જન્મશે તેને (જેનું એ વખતે લગ્ન થયું હશે તે) વર પોતાની પુત્રીઓ ગણશે, અને બાળકો તેને પિતા કહેશે; અને એમની પ્રજાને પોતાનાં બાળકોનાં બાળકો ગણશે, અને વધારે મોટા વડીલોને એ બાળકો, માતામહીઓ અને પિતામહો કહી બોલાવશે. તેમના પિતાઓ અને માતાઓ જ્યારે ભેગાં મળ્યાં ત્યાર પછી જે બધાંનો જન્મ થયો તે તમામ ભાઈઓ અને બહેનો કહેવાશે, અને (ઇ) હું કહેતો હતો તેમ એટલાંને અંદર અંદર પરણવા દેવામાં નહિ આવે. તોપણ ભાઈઓ અને બહેનો વચ્ચેના લગ્ન સામે સખત પ્રતિબંધ રહેશે એમ આનો અર્થ કરવાનો નથી; જો પિથિયાની દેવવાણીની એમને અનુમતિ મળે અને ચિઠ્ઠીઓ જો એમના પર મહેરબાની કરે, તો કાયદો એમનાં લગ્નોની આડે નહિ આવે. *

તેણે જવાબ આપ્યો: તદ્દન ખરું.

જે યોજનાનુસાર, ગ્લાઉકોન, આપણા રાજ્યના પાલકો તેમની પત્નીઓ તથા કુટુમ્બો પર સમાન સ્વામિત્વ ભોગવશે તે યોજના આ પ્રકારની છે. અને બાકીની રાજ્યવ્યવસ્થાની સાથે આ સુસંગત છે તથા આનાથી બીજું કશું વધારે સારું ન હોઈ શકે એમ આપણી દલીલે

* ભાઈ-બહેનનો સંબંધ પ્લેટો એવી રીતે ઘટાવે છે કે જેઓ ખરેખરા એટલે કે એક જ માબાપનાં બાળકો હોય તેઓ ભાઈ-બહેન ન કહેવાય, એટલે કે તેઓ પરણે પણ ખરાં—આવી પરિસ્થિતિ તરફ પ્લેટોનું ધ્યાન ગયું લાગતું નથી.

સાબીત કરી આપવું જોઈએ એવી તમે માગણી કરશો–કેમ નહિ કરો ?*

હા, જરૂર.

(૪૬૨) રાજ્યનું બંધારણ અને કાયદાઓ ઘડવામાં કાયદા કરનારનો મુખ્ય હેતુ શો હોવો જોઈએ એ પ્રશ્ન આપણી મેળે પૂછીને એક સામાન્ય ભૂમિકા શોધવાનો આપણે આ પ્રમાણે પ્રયત્ન કરીશું— મહાનમાં મહાન ઇષ્ટ કયું છે વધારેમાં વધારે મોટું અનિષ્ટ કયું છે, અને પછી વિચાર કરો કે આપણે અગાઉ જેનું વર્ણન કર્યું હતું તેના પર ઇષ્ટની છાપ છે કે અનિષ્ટની ?

અવશ્ય.

જ્યાં એકતાનું રાજ્ય હોવું જોઈએ ત્યાં વિસંવાદ, વિક્ષેપ અને અનેકત્વ હોય એના કરતાં વધારે મોટું અનિષ્ટ (ख) બીજું શું હોઈ શકે ? અથવા એકતાના બંધન સિવાય બીજું કંઈ વધારે મહાન ઇષ્ટ હોઈ શકે ?

અને સુખ તથા દુઃખના પ્રસંગોમાં જ્યાં સમાન ભાગીદારી હોય; જ્યાં હર્ષ કે શોકના પ્રસંગે તમામ નગરવાસીઓ આનંદ પામે કે દિલગીર થાય, ત્યાં જ એકતા રહે ખરું ને ?

એમાં શંકા નથી.

હા; અને જ્યાં સમાન નહિ પણ માત્ર અંગત લાગણીઓને જ સ્થાન હોય, ત્યાં રાજ્ય અવ્યવસ્થિત થઈ જાય—જ્યારે નગર ઉપર કે પુરવાસીઓ ઉપર જે કંઈ આવી પડે તે ને તે જ બનાવોને લીધે અર્ધી દુનિયાને (નગરને મન) ઉત્સવ જેવું લાગે અને બાકીની (क) શોકમાં ગરકાવ થઈ ગઈ હોય ?

જરૂર.

'મારું' અને 'જે–મારું–નથી તે' તથા 'તેનું' અને 'જે–તેનું–

* મુદ્દો : ૩ : સામ્યવાદનો અંતિમ હેતુ : રાજ્યની એકતા.

નથી તે' એવા શબ્દોના ઉપયોગ વિશેના મતભેદમાંથી આવા ભેદો સામાન્ય રીતે ઊભા થાય છે.

બરાબર એમ જ.

અને એક જ વસ્તુને વિશે, એક જ રીતે, 'પોતાનું' અને 'પારકું' એવા શબ્દો વાપરનારાઓની સંખ્યા જે રાજ્યમાં સૌથી મોટી હોય એ રાજ્ય વધારેમાં વધારે સુવ્યવસ્થિત છે ખરું ને?

તદ્દન ખરું.

અથવા વળી બીજી રીતે જોઈએ તો (જે ઉદાહરણ) વ્યક્તિગત જીવનની અત્યંત સમીપ આવી લાગે છે—જેમકે શરીરમાં કોઈની એક માત્ર આંગળીને ઇજા થઈ હોય, ત્યારે આખું બોળીયું જાણે આત્મા તેનું કેન્દ્ર હોય એ રીતે તે તરફ ખેંચાય છે અને આત્મામાં રહેતી શાસનશક્તિના (અધિકાર) નીચે જાણે એક તંત્રમાં ગોઠવાતું હોય (ડ) તેમ એ ઇજાનો એને અનુભવ થાય છે અને (શરીર) સમસ્ત એક થઈને જે ભાગને ઇજા થઈ હોય તેની પ્રત્યે સહાનુભૂતિ દર્શાવે છે, અને આપણે કહીએ છીએ કે માણસને આંગળીમાં દુઃખ થાય છે. અને શરીરના બીજા કોઈ ભાગમાં પીડાને લીધે દુઃખનું સંવેદન થતું હોય અથવા પીડા શાંત થવાને લીધે સુખ લાગતું હોય ત્યારે પણ આપણે એ જ રીતે બોલીએ છીએ. *

તેણે જવાબ આપ્યો: સાવ સાચું; અને હું તમારી સાથે સંમત થાઉં છું—કે જે સર્વસામાન્ય લાગણીનું તમે વર્ણન કરો છો તે તથા સૌથી સુવ્યવસ્થિત રાજ્યના બંધારણ વચ્ચે ઘણું સામ્ય છે.

તો પછી કોઈ પણ પુરવાસી દુષ્ટ કે અનિષ્ટનો (ઇ) અનુભવ કરે ત્યારે આખું રાજ્ય એ વિષયને પોતાનો ગણશે, અને તેની સાથે કાં તો આનંદ અનુભવશે અને નહિ તો શોક કરશે?

તેણે કહ્યું: હા, સુવ્યવસ્થિત રાજ્યમાં એમ જ બનશે.

---

* દુઃખનો અભાવ એટલે સુખ એ સિદ્ધાંતાનુસાર "પીડા શાંત થવાને લીધે સુખ લાગતું હોય" એમ પ્લેટો કહે છે.

મેં કહ્યું: આ મૂલભૂત સિદ્ધાંતાનુસાર જે રાજ્ય હોઈ શકે તે આ કે કોઈ બીજા પ્રકારનું રાજ્ય—તે જોવાનો તથા આટલેથી પાછાં ફરી આપણા રાજ્યની આ દૃષ્ટિએ પરીક્ષા કરવાનો સમય આવી લાગ્યો છે.×

બહુ સારું.

(૪૬૩) બીજા દરેક રાજ્યની જેમ આપણા રાજ્યમાં પણ શાસનકર્તાઓ તથા પ્રજા (બંને) છે?

ખરું.

અને એમાંના દરેક એકબીજાને પુરવાસીઓ કહી બોલાવશે?

અલબત્ત.

પરંતુ બીજાં રાજ્યોમાં લોકો પોતાના શાસનકર્તાઓને બીજાં નામથી શું સંબોધતા નથી?

સામાન્ય રીતે તેઓ તેમને સ્વામી કહી સંબોધે છે, પરંતુ પ્રજાશાસિત રાજ્યોમાં તેઓ માત્ર શાસનકર્તાઓ કહેવાય છે.

અને આપણા રાજ્યમાં શાસનકર્તાઓને પુરવાસીઓનાં નામ ઉપરાંત બીજું કયું નામ લોકો આપે છે?

(બ) તેઓ પાલકો અને સહાયકો કહેવાય છે: તેણે જવાબ આપ્યો.

અને શાસનકર્તાઓ લોકોને કઈ રીતે સંબોધે છે?

એમનો નિભાવ કરનાર તથા પાળનાર.

અને બીજાં રાજ્યોમાં તેમને શું કહી બોલાવે છે?

ગુલામો.

તથા બીજાં રાજ્યોમાં શાસનકર્તાઓ એકબીજાને શી રીતે સંબોધે છે?

સહ–શાસનકર્તાઓ.

અને આપણામાં?

સહ–પાલકો.

તમે બીજા કોઈ રાજ્યમાં એવા દાખલા જાણ્યા છે કે જેમાં

મુદ્દો ૪: આદર્શ નગર રાજ્યનું પરીક્ષણ તથા સામાજિક બંધારણ.

પોતાના સહકારથી શાસનકર્તાઓનો એક પોતાનો મિત્ર છે, અને બીજો મિત્ર નથી એમ કોઈ શાસનકર્તા બોલતો હોય ? *

હા, ઘણી વાર.

અને મિત્રમાં પોતાને રસ પડે છે એ રીતે એનું વર્ણન કરે તથા એ રીતે એને ગણે, અને પેલા બીજા માટે, (ક) એને જાણે કશી લેવાદેવા ન હોય તેમ, તેને એક અજાણ્યા માણસ તરીકે લેખે !

બરાબર એમ જ.

પરંતુ શું આપણા પાલકોમાંનો કોઈ બીજા પાલકને વિશે એ અજાણ્યો હોય તે રીતે બોલે કે વિચારે ખરો ?

અવશ્ય નહિ જ; કારણ જે કોઈને મળે તે બધાને તેઓ ભાઈ કે બહેન, અથવા બાપ કે મા, અથવા પુત્ર કે પુત્રી, અથવા પોતાની સાથે જેમનો આવો સંબંધ છે તેમનાં બાળક કે માતાપિતા તરીકે ગણશે.

મેં કહ્યું : ઉત્તમ, પણ હજી એક વાત મને જરા પૂછવા દો : શું તેમનું માત્ર નામનું જ કુટુંબ હશે; (ડ) અથવા એમનાં દરેક કાર્યમાં એ (કુટુંબના) નામને તેઓ ખરું કરી બતાવશે ? દાખલા તરીકે, 'પિતા' શબ્દના ઉપયોગમાં, પિતા (પુત્રની) સંભાળ રાખે તેનો તથા કાયદાની આજ્ઞા અનુસાર પુત્રનાં પિતા પ્રત્યેનાં માન ફરજ અને આજ્ઞા-પાલનનો પણ સમાવેશ થઈ જશે; અને આ ફરજોનું જે કોઈ ઉલ્લંઘન કરે તે અપવિત્ર અને દુષ્ટ માણસ છે તથા મનુષ્ય કે પરમેશ્વરને હાથે એનું ભલું થવાનો સંભવ નથી એમ ગણાશે કે નહિ ? તથા જેઓનું તેમનાં માબાપો અને બાકીનાં સગાંસંબંધીઓ તરીકે એમને (બાળકોને) ઓળખાણ કરાવવાનું છે, તેમના વિશેનાં જે ગીતો તમામ પુરવાસીઓ એમને (બાળકોને) વારંવાર ગાઈ સંભળાવશે એ ગીતો તે આવાં હશે કે નહિ ?

---

* માત્ર પાલકોમાં જ સામ્યવાદ અને સમાન માલીકી હોય એ રીતે કોઇ વાર પ્લેટો વાત કરે છે; જ્યારે કોઇ વાર તમામ પુરવાસીઓને સામ્યવાદનો સિદ્ધાન્ત લાગુ પડતો હોય એ રીતે એનાં પાત્રો દલીલ કરે છે.

(૬) તેણે કહ્યું : આવાં જ અને બીજાં કોઈ નહિ; કારણ કૌટુંબિક સંબંધોનાં નામ માત્ર ઓઠેથી બોલવાં અને એમાં રહેલા રહસ્ય પ્રમાણે વર્તવું નહિ—એના કરતાં એમને માટે વધારે હાસ્યાસ્પદ બીજું શું હોઈ શકે ?

ત્યારે બીજા કોઈ નગર કરતાં આપણા નગર રાજ્યમાં સંવાદ અને એકતાની ભાષા સૌથી વધારે વપરાતી સંભળાશે. હું પહેલાં કહેતો હતો તેમ જ્યારે કોઈને કંઈ સારું કે માઠું થાય ત્યારે સૌ કોઈ એમ જ કહેતું હશે કે 'મને સારું થયું' અથવા આ 'બોટું થયું.'

(૪૬૪) તદ્દન ખરું.

અને શું આપણે કહેતા નહોતા કે વિચારવાની તથા બોલવાની આ પદ્ધતિને અનુરૂપ થઈ પડે તેમ તેમનાં સુખો અને દુઃખો સર્વ સામાન્ય રહેશે ?

હા, અને એ એવાં જ હશે.

અને જે એક જ વસ્તુમાં એ બધાંનું સમાન હિત રહેલું હશે, એને વિશે તે બધા એક સરખી રીતે 'મારું–પોતાનું' એવા શબ્દો વાપરશે, અને બધાનું હિત સમાન હશે તેથી સુખ અને દુઃખની લાગણી પણ એમનામાં સમાન રહેશે.

હા, બીજાં રાજ્યોમાં હોય છે તેના કરતાં ઘણા જ વધારે પ્રમાણમાં.

અને રાજ્યના સામાન્ય બંધારણ ઉપરાંત આનું (બીજું) કારણ એ છે કે સ્ત્રીઓ અને બાળકો ઉપર પાલકોની સમાન માલીકી હશે ?*

મુખ્ય કારણ એ જ છે.

(ચ) અને સુવ્યવસ્થિત રાજ્યને જ્યારે કોઈ સુખ કે દુઃખનો અનુભવ થાય ત્યારે શરીર અને તેનાં અંગો વચ્ચે જે સંબંધ પ્રતીત થાય છે તેની સાથે આપણે સરખાવ્યું—ત્યારે આ સરખામણીમાં જે સંબંધ અભિપ્રેત હતો તે સંબંધને લીધે આપણે સ્વીકાર્યું હતું કે લાગણીની એકતા એ જ મહાનમાં મહાન બક્ષ છે.

* પૃષ્ઠ ૨૬૬ પરની નોંધ જુઓ.

આપણે એનો સ્વીકાર કર્યો, અને તે સાવ સાચી રીતે.

ત્યારે તો આપણા પુરવાસીઓનું* સ્ત્રીઓ અને બાળકો ઉપર સમાન સ્વામિત્વ હોય એ જ સ્પષ્ટ રીતે રાજ્યને મહાનમાં મહાન ઉત્પત્તિનું મૂળ થઈ પડશે ?

અવશ્ય.

અને આપણે જે બીજા સિદ્ધાંતનું પ્રતિપાદન કરતા હતા × તેની સાથે આ બરાબર બંધ બેસે છે,—કે પાલકો પાસે ઘર કે જમીન કે બીજી કોઈ મિલકત નહિ હોય; બીજા (ક) પુરવાસીઓ પાસેથી એમને જે ખોરાક મળે એ જ એમનો પગાર, અને એમણે ખાનગી ખરચ પણ કરવાનાં નહોતાં; કારણ આપણો આશય એવો હતો કે તેમનામાં પાલકોનું સાચું ચારિત્ર બરાબર સચવાઈ રહે.

તેણે જવાબ આપ્યો : ખરું.

મિલકત પરનું સમાન સ્વામિત્વ તથા કુટુંબ પરનું સમાન સ્વામિત્વ એ બંને, હું કહેતો હતો તેમ, એમને ખરેખરા પાલકો બનાવશે; 'પોતાનું' અને 'પારકું' એ વિશેના મતભેદને લીધે તેઓ નગરના ટુકડા નહિ કરી નાંખે; દરેક માણસ પોતે જે કંઈ મેળવ્યું હોય તેને (ખ) અલગ પોતાના ઘરમાં ઘસડી જઈ તેમાં (પોતાની) જુદી વહુ અને છોકરાં અને અંગત સુખ અને દુઃખ ઊભાં નહિ કરે; પરંતુ બધાને શું વધારે નિકટનું અને પ્રિય છે એ વિશે તેઓ તમામ એકમત હશે, તેથી તેઓ બધા બની શકે ત્યાં સુધી એ ને એ સુખો અને દુઃખોનો અનુભવ કરશે. અને તેથી તેઓ બધાં સમાન આદર્શ પ્રત્યે પ્રેરાશે.

તેણે જવાબ આપ્યો : જરૂર.

અને પોતાના શરીર સિવાય એમની પાસે એવું બીજું કશું નહિ હોય જે તેઓ પોતાનું કહી શકે તેથી તેમનામાં ફરિયાદો કે દાવાઓનું અસ્તિત્વ હશે નહિ; પૈસા (ગ) કે બાળકો અથવા

* પૃષ્ઠ ૨૬૬ પરની નોંધ જુઓ.

× પરિ. ૩ માં.

સંબંધીઓ જે કંકાસનાં કારણભૂત થાય છે તે તમામમાંથી તેઓ ઉગરી જશે.

અલબત્ત ઉગરી જ જશે.

તેમજ અપમાન કે હુમલા કરવાના મુકદ્દમાઓ તેમનામાં કદી ઉપસ્થિત થાય એ શકય નથી. કારણ સમોવડિયા સમોવડિયા સામે પોતાનું રક્ષણ કરે એમાં કશી માનની હાનિ કે ખોટું નથી એમ આપણે પ્રતિપાદન કરીશું; (વળી) ગમે (૪૬૫) તે માણસના શરીરનું રક્ષણ અવશ્ય થવું જોઈએ એ બાબત આપણે ઠસાવીશું.

તેણે કહ્યું : એ ઠીક છે.

હા, અને એ કાયદામાં બીજું વધારાનું સારું તત્ત્વ પણ રહેલું છે; એ કે – જો કોઈ માણસને બીજાની સાથે ટંટો થયો હોય તો પોતાના આવેગને એ ત્યાં ને ત્યાં સંતોષી લેશે અને એ ટંટો વધારે ભયંકર સ્વરૂપ પકડે ત્યાં સુધી લાંબો નહિ ચાલવા દે.

બરાબર.

યુવાન લોકોને શિક્ષા કરવાની અને તેમના પર શાસન ચલાવવાની ફરજ વડીલો પર નાંખવામાં આવશે,

એ સ્પષ્ટ છે.

તેમજ ન્યાયાધીશો એમને હુકમ કરે નહિ ત્યાં સુધી નાનાંઓ વડીલોને કદી મારશે નહિ, કે એમના પ્રત્યે બીજી કોઈ બળજબરી નહિ કરે એ વિશે શંકા ન હોઈ શકે: તેમ તેઓ એમનું બીજી કોઈ રીતે અપમાન પણ નહિ કરે. કારણ લજ્જા અને ભય—એ જબરાં પાલકો છે જે તેમને એમ કરતાં અટકાવશે : જેઓ તેમનાં માબાપ (છે) છે એમની સામે હાથ ઉગામતાં લોકોને જે અટકાવે તે લજ્જા; (તથા) જે બીજા તેમના ભાઈઓ, પુત્રો, અને પિતાઓ છે તેઓ જેને પ્રાપ્ત થઈ છે તેની વારે ધાશે એમાંથી (ઉપજે તે) બીક.

તેણે જવાબ આપ્યો : એ ખરું છે.

ત્યારે દરેક રીતે નગરવાસીઓ અંદર અંદર શાંતિ જાળવે તે

અર્થે કાયદાઓ એમને બધી રીતે મદદ કરશે.

હા, શાંતિમાં કશી પણ ઊણપ નહિ રહે.

અને પાલકો અંદર અંદર કદી ટંટો ફિસાદ નહિ કરે અને આથી બાકીના પુરવાસીઓ તેમની કે પોતાની અંદર અંદર વિરુદ્ધ પડે એવી કશી બીક પણ નહિ રહે.

કશી જ નહિ.

જે નાની નાની ક્ષુદ્રતાઓમાંથી તેઓ (આપોઆપ આ કારણે) (ક) મુક્ત થઈ જશે એનો તો ઉલ્લેખ કરવો પણ મને ગમતો નથી; કારણ એના પર લક્ષ આપવું જરૂરનું નથી : ઉદાહરણ તરીકે ગરીબો પૈસાદારની ખુશામત કરે છે તે, અને કુટુમ્બને ઉછેરવામાં તથા ઘર-વખરીની ચીજો ખરીદવા પૈસા મેળવવામાં, ઉછીના લાવવામાં અને પછી નામક્કર જવામાં, કે ગમે તે રીતે (પૈસા) મેળવવામાં, અને (એક વાર મેળવ્યા પછી) સ્ત્રીઓને અને ગુલામોને હસ્તક સોંપવામાં લોકોને જે જંજાળ અને દુઃખ અનુભવવાં પડે છે—કેટલીયે જાતનાં ઘણાં અનિષ્ટો જેને લોકો આ રીતે સહન કરે છે એ પુરતાં સ્પષ્ટ છે, અત્યંત ક્ષુદ્ર છે અને એને વિશે ઉલ્લેખ કરવો યોગ્ય નથી.

(ડ) તેણે કહ્યું : હા, એ જોવા સારુ માણસને આંખોની જરૂર નથી.

અને આ તમામ અનિષ્ટોમાંથી તેઓ ઉગરી જશે, તથા એમનાં જીવન ઓલિમ્પિક વિજેતાઓના જેટલાં ધન્ય થશે અને એનાથી પણ વધારે ધન્ય !

કઈ રીતે ?

મેં કહ્યું : આપણા પુરાવાસીઓએ વધારે યશસ્વી જીત મેળવી છે અને જાહેર ખર્ચે એમનો વધારે સંપૂર્ણ રીતે નિભાવ કરવામાં આવે છે— એવાના જીવનમાં જે ધન્યતા સાંપડે છે તેનો એક અંશ માત્ર ઓલિમ્પિક વિજેતાને મળે છે અને એટલાથી પણ એને સુખી ગણવામાં આવે છે. કારણ એમણે જે જીત મેળવી છે તેનાથી તો

આખા રાજ્યને મુક્તિ મળી છે, * અને જીવનમાં જે બધું જરૂરનું છે એની પૂર્ણતારૂપ મુકુટથી તેઓ તથા તેમનાં બાળકો વિભૂષિત થયેલાં છે; જીવતાં તેમને પોતાનો (ફ) દેશ બદલો આપી રહે છે અને મૃત્યુ પછી એમની દફનક્રિયામાં એમને માન મળે છે.

તેણે કહ્યું : હા—અને એ યશસ્વી બદલો છે.

મેં કહ્યું : તમને યાદ છે ને કે અગાઉની ચર્ચા દરમિયાન× આપણે (૪૬૬) જેનું નામ નહિ દઈ એ એવા કોઈ એ આપણા પર એવો આરોપ મૂકેલો કે આપણા પાલકોને આપણે દુઃખી કરીએ છીએ—એમની પાસે કંઈ નથી પણ તેઓ બધું મેળવી શકયા હોત—તેને આપણે એવો જવાબ આપ્યો હતો કે જો પ્રસંગ આવશે તો આ પ્રશ્ન વિશે હવે પછી આપણે વિચાર કરીશું;+ પણ અત્યારે જે વિચાર ચાલે છે તે અનુસાર, આપણે આપણા પાલકોને ખરેખરા પાલકો જ કરવાના હતા અને કોઈ પણ ખાસ વર્ગનાં નહિ પણ સમસ્ત રાજ્યના વધારેમાં વધારે સુખની દૃષ્ટિએ આપણે રાજ્ય (નું બંધારણ) ઘડતા હતા, નહિ ?

હા, મને યાદ છે.

અને ઓલિમ્પિક વિજેતાઓના કરતાં આપણા રક્ષણકર્તાઓનું જીવન કયાંય વધારે સારું અને વધારે ધન્ય છે એમ (ચ) સાબીત થઈ ચૂકયું છે તો હવે તમે શું કહેશો—મોચીઓનું કે બીજા કોઈ કારીગરોનું કે ખેડૂતોનું જીવન એની સાથે સરખાવી શકાશે ખરું ?

અવશ્ય નહિ.

પરંતુ આ જ વખતે મેં જે બીજી જગ્યાએ કહ્યું હતું તે મારે અહીં ફરીથી કહેવું જોઈએ કે આપણા પાલકોમાંનો કોઈ એવી રીતે સુખી થવાનો પ્રયત્ન કરે કે જેથી એ પાલક જ મટી જાય અને

* સરખાવો 'લોઝ' પુ.—૭, ૮૦૭.

× ઉપર જુઓ ૪૧૯-૪૨૦.

+ જુઓ પરિ-૯

આપણા સિદ્ધાન્તાનુસાર જે જીવન બધા કરતાં શ્રેષ્ઠ છે તે સુરક્ષિત અને સંવાદી જીવનથી એને સંતોષ ન વળે, પણ સુખ વિશેનો જુવાનીનો જે ખોટો ખયાલ એના મગજમાં ભરાઈ ગયો હોય તેનાથી મોહ પામીને, આખા રાજ્યનો (ક) પોતે એકલો ધણી થવા માગે, તો 'આખા કરતાં અરધું વધારે છે,' એમ જ્યારે હિસિયડ બોલ્યો હતો, ત્યારે એનું વાક્ય કેટલું વિવેકપૂર્ણ હતું તે એને શીખવું પડશે.

જો એ મારી સલાહ માગે તો હું એને એમ જ કહું કે : આવું જીવન ગાળવાનું જો તમને કહેવામાં આવે છે તો તમે જ્યાં છો ત્યાં ને ત્યાં જ રહો.

મેં કહ્યું : ત્યારે તમે સમંત થાઓ છો કે પુરુષો તથા સ્ત્રીઓનું જીવન આપણે વર્ણન કર્યું છે તેવું એક જ પ્રકારનું રહેશે—સમાન કુળવણી, સમાન (માલિકીનાં) બાળકો; અને તેઓ નગરમાં રહે કે લડાઈ વખતે બહાર જાય તો પણ તે બંનેએ એકી સાથે જ પુરવાસીઓ ઉપર નજર રાખવાની છે; કુતરાઓની જેમ તેમણે સાથે જ ચોકી કરવાની છે અને સાથે જ શિકાર (ડ) કરવાનો છે, અને બધી બાબતોમાં અને હંમેશાં, તેમની ભાગ લેવાની શક્તિ હોય તેટલે અંશે, સ્ત્રીઓએ પુરુષોનાં ભાગીદાર બનવાનું છે? અને એમ કરવામાં તેઓ જે કંઈ શ્રેષ્ઠ છે તે જ આચરશે, અને બંને જાતિ વચ્ચેનો જે સ્વાભાવિક સંબંધ છે એ તેઓ તોડી નહિ નાંખે પણ (ઊલટો) તેને જાળવી રાખશે.

તેણે જવાબ આપ્યો : હું તમારી સાથે સમંત થાઉં છું.

મેં કહ્યું ; જેવી રીતે બીજાં પ્રાણીઓમાં છે તેવી રીતે માણસોમાં પણ આવી સમાજવ્યવસ્થા શક્ય છે કે કેમ, અને જો શક્ય હોય તો કઈ રીતે શક્ય છે એ પ્રશ્ન હજી પૂછવાનો રહે છે?

હું પ્રશ્ન સૂચવવા જતો હતો ત્યાં તમે અગાઉથી કહી દીધો.

(ઢ) મેં કહ્યું : તેઓ કેવી રીતે લડાઈ કરશે એ જાણવું તો કંઈ બહુ મુશ્કેલ નથી. *

* મુદ્દો ૫ : લડાઇ વિશે પ્રાસંગિક વિચાર.

કેવી રીતે ?

કેમ, અલબત્ત તેઓ (બધાં) સાથે જ ચડાઈ કરવા જશે; અને કારીગરનું છોકરું જેમ (એના બાપને કામ કરતો જુએ છે) તેમ, મોટા થઈને જે કામ એમને કરવું પડવાનું છે તે તેઓ જોઈ શકે એટલા માટે જેટલાં બાળકો પૂરતાં (૪૬૭) સશક્ત હશે તેમને તેઓ સાથે લઈ જશે; અને જોવા ઉપરાંત તેમણે મદદ કરવી પડશે અને લડાઈમાં ઉપયોગી થવું પડશે તથા તેમના પિતાઓ તથા માતાઓની તહેનાતમાં ઊભા રહેવું પડશે. કુંભારના છોકરાઓ ચાકને અડે ત્યાર પહેલાં કેટલાયે વખતથી તેઓ કેવી રીતે જોયા કરે છે અને મદદ કરે છે તેનું શું તમે કલાઓના ક્ષેત્રમાં નથી જોયું ?

હા, મેં જોયું છે.

અને પોતાનાં બાળકોને શિક્ષણ આપવામાં તથા તેમની ફરજો જોવાની તથા અદા કરવાની તક આપવામાં આપણા પાલકો કરતાં શું કુંભારો વધારે ધ્યાન આપશે ?

તેણે કહ્યું : એ વિચાર જ હાસ્યાસ્પદ છે.

બીજાં પ્રાણીઓમાં હોય છે તેમ પોતાના બાળકોની (ય) હાજરીને લીધે તેઓમાં અત્યંત શૌર્ય પ્રકટશે—એ જાતની માબાપો પર થતી અસર પણ આપણે ધ્યાનમાં લેવાની છે. *

એ સાવ સાચું છે, સૉક્રેટિસ; અને છતાં જે લડાઈમાં ઘણી વાર બને છે તેમ તેઓ હારે તો એમાં જોખમ કેટલું મોટું છે ! તેમનાં માબાપોની સાથે આપણે બાળકોને પણ ગુમાવી બેસીશું અને પછી રાજ્યની ખોટ કદી પૂરાઈ નહિ શકે. *

મેં કહ્યું : ખરું, પણ તમે એમને શું કદી કશું જોખમ ખેડવા જ નહિ દો ?

મારો કહેવાનો આશય જરા પણ એવો નથી.

---

* એથી ઊલટું, બાળકોની હાજરીને લીધે કદાચ પાલકોમાં ભય પણ પેસે એ તરફ પ્લેટોનું ધ્યાન ગયું લાગતું નથી.

વારુ, પણ જો તેઓને જોખમ ખેડવા જ દેવાનું હોય તો તે પ્રસંગ શું એવો ન હોવો જોઈએ કે જો તેઓ તેમાંથી (એ કસોટીમાંથી) બચે તો તેઓ વધારે બળવાન થઈને નીકળે ? *

એ સ્પષ્ટ છે.

(ક) ભવિષ્યમાં જેઓ સૈનિકો થવાના છે તેઓ તેમની કિશોરાવસ્થાના દિવસોમાં લડાઈ થતી જુએ છે કે નથી જોતા એ એટલી મહત્ત્વની બાબત છે કે એને માટે થોડું જોખમ ખુશીથી ખેડી શકાય.

હા, બહુ મહત્ત્વની છે.

ત્યારે આપણું પહેલું પગથિયું આ હોવું જોઈએ,—આપણાં બાળકોને લડાઈનાં પ્રેક્ષકો કરવાં; પણ તેમને કશી હાનિ ન પહોંચે એ માટે આપણે યોજના કરવી જોઈશે; પછી બધું ઠીક થઈ પડશે.

ખરું.

લડાઈમાં શાં શાં જોખમો છે એ પ્રત્યે એમનાં માબાપ આંધળાં નહિ હોય પણ માનુષી અગમચેતીથી જોઈ શકાય તે અનુસાર કયાં આક્રમણોમાં (ડ) જોખમ છે અને કયાં સહીસલામત છે, એટલું તેઓ જાણે છે એમ માની લઈશું.

એટલું માની લઈશું.

અને સહીસલામત આક્રમણોમાં તેઓ તેમને સાથે લઈ જશે, અને જોખમવાળામાં (લઈ જતાં પહેલાં) તેઓ જરા વિચાર કરશે.

ખરું.

અને તેઓ તેમને (લડાઈના) અનુભવોને લીધે જેઓ અત્યંત પ્રવીણ યોદ્ધાઓ થયા હોય એવાના હુકમ નીચે મૂકી જશે, અને આ યોદ્ધાઓ તેમને દોરશે અને શિક્ષણ આપશે.

બહુ જ યોગ્ય રીતે.

છતાં લડાઈનાં જોખમોની હમેશાં અગાઉથી ખબર પડતી નથી; એમાં (આકસ્મિક) સંજોગોનું બળ ઘણે અંશે રહેલું હોય છે.

---

* અહીં પ્લેટો લગભગ જર્મન લેખક નિત્શેની માફક દલીલ કરે છે.

ખરું.

ત્યારે જરૂર પડે તેઓ ઊડી જઈ શકે અને બચી જાય તે માટે એવા સંજોગોની સામે બાળકોને પાંખો આપવી પડશે.

(ફ) તેણે કહ્યું : એટલે ?

મારો કહેવાનો અર્થ એ છે કે છેક નાનપણથી આપણે તેમને ઘોડા પર બેસાડવાં જોઈએ, અને જ્યારે એમને ઘોડે બેસતાં આવડી જાય ત્યારે ઘોડે બેસાડી એમને લડાઈ જોવા લઈ જવાં જોઈએ : આ ઘોડાઓ તેજ અને લડાયક ન હોવા જોઈએ, પણ સૌથી નમ્ર અને છતાં બની શકે તેટલા વધારે વેગવાન ! આ રીતે હવે પછી જે એમનો જ ધંધો થઈ પડવાનો છે તેનું સૌથી (૪૬૮) સારું દૃશ્ય તેઓ જોઈ શકશે; અને જો કંઈ પણ ભય આવી પડે, તો તેમના વડીલ નેતાઓની પાછળ તેમણે માત્ર જવાનું છે, અને (એ રીતે) બચવાનું છે.

તેણે કહ્યું : તમે કહો છો તે ખરું છે એમ હું માનું છું.

લડાઈ વિશે બીજું; તમારા સૈનિકોનો એકબીજા સાથેનો તથા તેમના શત્રુઓ સાથેનો સંબંધ કેવો રહેશે ? મને તો એવી દરખાસ્ત કરવાનું મન થાય છે કે જે સૈનિક પોતાનું સ્થાન છોડી દે કે પોતાનાં શસ્ત્રો ફેંકી દે અથવા બાયલાપણાના કોઈ બીજા કૃત્યનો અપરાધ કરે તેને ખેડૂત કે કારીગરની પંક્તિમાં નીચે ઉતારી મૂકવો, તમે શું ધારો છો ?

હું તો કહું કે એલાશક.

અને જો કોઈ પોતાની જાતને કેદી થવા દે તો આપણે તેના દુશ્મનોને એની ભેટ કરીશું; તેમનો એ કાયદેસરનો શિકાર છે, અને તેઓ ભલે એનું મરજીમાં આવે તે કરે.

(બ) જરૂર.

પણ જે વીરે પોતાનું નામ કાઢયું હોય, એને આપણે શું આપીશું ? સૌથી પહેલાં તો એના યુવાન મિત્રો તરફથી સૈન્યમાં એને

માન મળશે; દરેક વરાફરતી એને મુકુટ પહેરાવશે. તમારો શો અભિપ્રાય છે?

મારી સંમતિ છે.

અને એને સહચારમાં (કોઈનો) જમણો હાથ મળે એ વિશે તમે શું કહેશો?

એમાં પણ હું સંમત છું.

પણ મારી બીજી દરખાસ્તને તમે ભાગ્યે જ સંમતિ આપશો.

તમારી દરખાસ્ત શી છે?

કે એણે તેમને ચુંબન કરવું જોઈએ અને તેમણે એને.

અચૂક, અને મને તો એનાથી પણ આગળ જઈ (ક) એમ કહેવું ગમે: જ્યાં સુધી સંગ્રામ ચાલુ રહે ત્યાં સુધી જે કોઈને ચુમ્બન કરવાનું એને મન થાય, તેને એ ચુમ્બન કરે તો એણે ના પાડવાની નથી. જેથી કરીને સૈન્યમાં કોઈ આશક હોય પછી એના પ્રેમનો વિષય કોઈ યુવક હોય કે કુમારી હોય, તો પરાક્રમ કરી ઇનામ મેળવવાને એ વધારે પ્રેરાય.

મેં કહ્યું: ઉત્તમ. કે શુરવીર માણસને બીજા કરતાં વધારે પત્નીઓ હશે એ કયારનું નિશ્ચિત થઈ ગયું છે.* અને એને બને તેટલી વધારે પ્રજા થઈ શકે એ માટે એવી બાબતમાં બીજા કરતાં પહેલી પસંદગી કરવાનો હક રહેશે.

કબૂલ.

વળી હોમરના મત પ્રમાણે બહાદુર યુવાનોને માન (ડ) આપવાની એક બીજી રીત છે; કારણ એજેક્સે[1] લડાઈમાં નામના મેળવી ત્યાર પછી એને (બિછતરીયાળ) પૃષ્ઠ ભાગે કેવી રીતે આપવામાં આવ્યા એ વિશે એ કહે છે; અને એ માનનું ચિહ્ન છે એટલું જ

* જુઓ ઉપર ૪૬૦-બ.

૧ Il : 7-321.

નહિ પણ એ અત્યંત બળ અર્પનારી વસ્તુ છે તેથી બરાબર પુખ્ત ઉમ્મરે પહોંચેલા વીરને માટે એ યોગ્ય બક્ષિસ હોય એમ દેખાય છે.

તેણે કહ્યું : બહુ જ સાચું.

મેં કહ્યું : ત્યારે એમાં હોમર આપણો ગુરુ થશે; અને યજ્ઞો તથા એને મળતા બીજા પ્રસંગોએ શું પુરુષો કે સ્ત્રીઓને, એમના પરાક્રમ અનુસાર સ્તુતિગીતો અને આપણે જેનો ઉલ્લેખ કરતા હતા તેવી બીજી વિશિષ્ટતાઓથી, તથા

(૬) "આગલી એઠકો અને માંસ અને ભરેલા પ્યાલાઓ"[૧] થી પણ આપણે શૂરવીરોને માન આપીશું, અને એમને માન આપવાની સાથે સાથે આપણે એમને શિક્ષણ પણ આપીશું.

તેણે જવાબ આપ્યો : એ સૌથી ઉત્તમ.

મેં કહ્યું : હા, અને જ્યારે લડાઈમાં યશસ્વી રીતે કોઈ માણસ મરી જાય, ત્યારે પ્રથમ તો એ હેમવંશી હતો એમ શું આપણે નહિ કહીએ ?

અચૂક.

તેમજ જ્યારે તેઓ મરી જાય ત્યાર પછી

(૪૬૯) "તેઓ પૃથ્વી પરના પવિત્ર ફિરસ્તા,
ષ્ટના કર્તા, અનિષ્ટના નિવારનાર અને વાચા જેમને
વરેલી છે તેવા માણસોના પાલકો છે."[૨]

એમ પ્રતિપાદન કરવામાં આપણને હિસિયડનું શું પ્રમાણ નથી મળતું ?

હા, અને આપણે એનું પ્રમાણ સ્વીકારીશું.

દૈવી અને વીર પુરુષોની દફનક્રિયાની વ્યવસ્થા કેવી રીતે કરવી અને એમની વિશિષ્ટતાઓ કઈ (એમને માન આપવાને શી

---

૧. Il : 8-162.

૨. કદાચ હિસિયડના "Works and days" - ૧૨૧ માંથી.

વિશિષ્ટતાઓ) રાખવી એ આપણે દેવ પાસેથી શીખવું પડશે; અને એ ફરમાવે તે પ્રમાણે શું આપણે કરવું ન જોઈએ ?

અવશ્ય.

અને ભવિષ્યના યુગોમાં આપણે તેમનો સત્કાર (ચ) કરીશું તથા વીરોની કબરો આગળ જેમ ધૂંટણીએ પડીએ છીએ તેમ તેમનાં સમાધિસ્થાનો આગળ આપણે ધૂંટણીએ પડીશું. અને માત્ર તેમને જ નહિ પણ જે કોઈ અત્યંત સદ્‌ગુણી ગણાયા હશે,—પછી ભલે તેઓ વૃદ્ધાવસ્થાને લીધે કે બીજી કોઈ રીતે મરણ પામ્યા હોય—તેમને પણ એવાં જ સન્માન આપવામાં આવશે.

તેણે કહ્યું : એ તદ્દન ખરું છે.

બીજું આપણા સૈનિકો એમના દુશ્મનો પ્રત્યે કેવી રીતે વર્તશે ? આ વિશે શું (નક્કી કરીશું) ?

શા સંબંધે તમે આમ પૂછો છો ?

સૌથી પહેલાં ગુલામીના સંબંધે ? હેલેનિઝ લોકો હેલેનિક રાજ્યોને ગુલામ બનાવે અથવા પોતાથી નિવારી શકાય એમ હોય છતાં બીજાઓને એ રાજ્યોને ગુલામ બનાવવા દે એ સારું છે એમ શું તમે માનો છો ? જંગલી લોકોની * ધૂંસરી નીચે (આપણી) આખી જાતને એક દિવસ ગુલામ બનવાનો વારો આવે એ (ક) ભયનો વિચાર કરતાં, શું હેલેનિક લોકોનો રિવાજ એક બીજાને ક્ષમા આપવાનો ન હોવો જોઈએ ?

તેઓ એક બીજાને ક્ષમા આપે એ કેટલેય દરજ્જે સારું છે. ત્યારે કોઈ પણ હેલેનિકને તેઓ પોતાના ગુલામ તરીકે નહિ રાખે; આ નિયમ તેઓ પાળશે તથા બીજા હેલેનિક લોકોને (આ નિયમ પાળવાની) સલાહ આપશે.

તેણે કહ્યું : જરૂર; આ રીતે તેઓ જંગલીઓની * સામે સંપ

* ગ્રીક લોકો ગ્રીક સિવાયની બીજી બધી પ્રજાઓને જંગલી (Barbarians) કહેતા.

કરશે, અને માંહે માંહે એક બીજાની સામે હાથ ઉગામતા બંધ થશે.

મેં કહ્યું : બીજું (લડાઈમાં) જે મરી ગયા હોય તે વિશે; વિજેતાઓએ તેમનાં બખ્તર ઉપરાંત શું બીજું કંઈ લેવું જોઈએ ? (ડ) શત્રુને લૂંટવાના રિવાજને લીધે લડાઈમાં મોખરે ન લડવાનું એક બહાનું મળે છે ખરું ને ? પોતે જાણે કોઈ ફરજ અદા કરતા હોય તેમ ક્ષીણ લોકો મુએલાંની આસપાસ ચોરીછૂપીથી ભટકયા કરે છે, અને અગાઉના વખતમાં કેટલાંયે લશ્કરો આ લૂંટના મોહને લીધે ભાંગી પડયાં છે.

સાવ સાચું.

અને મુડદાંને લૂંટવામાં શું અનુદારતા અને લોભ રહેલાં નથી, તથા જે બિચારું એક વાર લડતું હતું તેને માત્ર પોતાની પાછળ મૂકી જઈને, જ્યારે ખરેખરો દુશ્મન તો ઊડી ગયો હોય ત્યારપછી એના મૃત દેહને પોતાનો શત્રુ ગણવો એમાં ક્ષુદ્રતાનો અને બાયલાપણાનો શું અંશ નથી,—કોઈ કૂતરું પોતા પર (ઢ) હુમલો કરનારની સામે ન થઈ શકે એટલે જે પથરા એને વાગે તેને બચકાં ભરે એના જેવું શું આ નથી ?

તેણે કહ્યું : બરાબર કૂતરાં જેવું.

ત્યારે મુએલાંઓને ચૂંથતાં અને તેમની દફનક્રિયામાં વિઘ્નો નાંખતાં આપણી જાતને આપણે વારવી જોઈએ.

તેણે જવાબ આપ્યો : હા, આપણે અવશ્ય વારવી જોઈએ.

તેમજ બીજા હેલેનિક લોકો સાથેની સારી લાગણી આપણે ટકાવી રાખવી હોય તો આપણે દેવોનાં મંદિરોમાં (શત્રુઓનાં) (૪૭૦) શસ્ત્રો અર્પણ નહિ કરીએ અને તેમાંય હેલેનિક લોકોનાં શસ્ત્રો તો નહિ જ; અને સંબંધીઓને લૂંટીને મેળવેલી વસ્તુઓ અર્પણ કરીએ તો તેમાં પાપ છે સિવાય કે દેવે પોતે એવી આજ્ઞા કરી હોય—આમ માનવાનું ખરેખર આપણી પાસે કારણ છે.

સાવ સાચું.

વળી, હેલાસના કોઈ પણ પ્રદેશનો નાશ કરવા અથવા ઘરો બાળવા બાબત કેવું વર્તન રાખવાનું છે?

તેણે કહ્યું: તમારો અભિપ્રાય સંભળાવશો તો આનંદ થશે.

મારા મત અનુસાર બંનેની મના હોવી જોઈએ; હું (ब) વાર્ષિક આવક લઉં અને બીજું કંઈ જ વધારે નહિ, શા માટે એ હું કહું?

કૃપા કરી કહો.

કેમ, તમે જુઓ છો કે 'આંતરવિગ્રહ' અને 'લડાઈ' * એ શબ્દો વચ્ચે ભેદ છે, અને મારી કલ્પના પ્રમાણે એ બંનેના અર્થમાં પણ ફેર છે. એક જે આંતરિક અને કૌટુમ્બિક છે તેને અને બીજો જે બાહ્ય અને પરદેશ સાથેનો છે તેને વ્યક્ત કરે છે; આમાંના પહેલાને આંતર-વિગ્રહ અને બીજાને જ લડાઈ કહેવાય છે.

તેણે જવાબ આપ્યો: એ બહુ સારો ભેદ પાડ્યો.

(क) અને એટલી જ યોગ્યતાથી શું હું એમ ન કહી શકું કે આખી હેલેનિક પ્રજા લોહીના સંબંધથી અને મૈત્રીથી બંધાયેલી છે અને જંગલી લોકો એને (મન) અપરિચિત અને વિદેશી છે?

તેણે કહ્યું: બહુ સારું.

અને તેથી જ્યારે હેલેનિક લોકો જંગલી લોકો સાથે લડે તથા જંગલી લોકો હેલેનિક લોકો સાથે લડે, ત્યારે તેઓ લડતા હોય તે વખતે 'લડાઈ' કરે છે અને સ્વભાવથી જ દુશ્મનો હોય તેવું આપણે તેમનું વર્ણન કરીશું, અને આ જાતનો વિરોધ લડાઈ ગણાશે; પરંતુ જ્યારે હેલેનિક લોકો એક બીજા સાથે લડતા હોય ત્યારે તેઓ સ્વભાવથી મિત્રો છે તેથી આપણે એમ (ड) કહીશું કે હેલાસમાં અવ્યવસ્થા અને અંતઃકલહ જાગ્યો છે.

કબૂલ.

મેં કહ્યું: ત્યારે ખયાલ કરો કે જેને આપણે અંતઃકલહ તરીકે સ્વીકાર્યો છે તે પેદા થાય અને નગરમાં પક્ષો પડે ત્યારે જો બંને

× મુદ્દો : ૬ : આંતરવિગ્રહ અને લડાઈ

પક્ષો એક બીજાનાં ઘરો બાળે અને ખેતરોનો નાશ કરે તો એ કલહ કેટલો દુષ્ટ ગણાય! પોતાના દેશનો કોઈ પણ ખરો પ્રેમી પોતાની જ ધાવના અને માતાના જાતે ટુકડે ટુકડા કરી નાંખે એવું નહિ બને; જેમનો પરાજય થયો છે તેમનો ખેતીનો પાક વિજેતા પડાવી લે તો તે સબળ કારણ ગણાય; પણ આમ છતાં તેમના હૃદયમાં (દુ) તેઓ શાંતિનો ખયાલ જ રાખશે. અને હરહંમેશ લડ્યા કરવાનો એમનો ઇરાદો નહિ હોય.

તેણે કહ્યું : હા, બીજી કોઈ મનોદશા કરતાં એ વધારે સારી છે.

અને જે નગરરાજ્યની તમે સ્થાપના કરો છો એ શું હેલેનિક નગર નહિ હોય?

તેણે જવાબ આપ્યો : એ હોવું જ જોઈએ.

ત્યારે એના નગરવાસીઓ શું સારા અને સંસ્કારી નહિ હોય?

હા, બહુ જ સંસ્કારી.

અને તેઓ હેલાસને શું પ્રિય નહિ ગણે, અને હેલાસને એમની પોતાની ભૂમિ નહિ માને, અને એનાં સાર્વજનિક મંદિરોમાં શું તેઓ (પૂજા, મેળા, ઉત્સવ આદિમાં) ભાગ નહિ લે?

અચૂક.

અને એમનામાં જો કોઈ ભેદ ઊભો થવા પામે તો તેને (૪૭૧) તેઓ માત્ર અંતઃકલહ તરીકે જ ગણશે એટલે જેને 'લડાઈ' કહેવાની નથી એવો મિત્રો વચ્ચેનો કલહ?

જરૂર એને લડાઈ નથી જ કહેવાની.

ત્યારે જેમને (એકબીજા સાથે) કોઈક દિવસ સમજુત કરવાની ઇચ્છા છે તેવા પ્રતિપક્ષીઓ તરીકે તેઓ લડશે ખરું ને?

જરૂર.

મિત્રની રીતે તેઓ એક બીજાને સુધારશે, પરંતુ વિરોધીઓ ગણીને તેમનો નાશ નહિ કરે અથવા એમને ગુલામ નહિ બનાવે; તેઓ દુશ્મનો નહિ, પણ (ભૂલો માટે એક બીજાને) દંડ કરનારા જેવા હશે.

બરાબર એવા જ.

અને પોતે હેલેનિઝ છે તેથી તેઓ હેલાસને ખેદાનમેદાન નહિ કરી નાખે, તેમ જ મકાનો નહિ બાળે, તેમ એમ પણ કદી નહિ ધારે કે નગરની આખી વસ્તી—પુરુષો, સ્ત્રીઓ અને બાળકો—સૈનિકો જેટલાં જ તેમનાં દુશ્મનો છે, કારણ તેઓ જાણે છે કે હંમેશાં થોડાક જ માણસોમાં લડાઈ જગાવવાનો અપરાધ રહેલો હોય છે અને (બાકીના) ઘણા તો (એમના) (ब) મિત્રો જ હોય છે. અને આ બધાં કારણોને લીધે તેમની જમીનો ખેદાનમેદાન કરવાનું તથા તેમનાં ઘર પાડી નાંખવાનું તેમને મન નહિ થાય. ઘણાં નિર્દોષ દુઃખ સહન કરનારાઓ પેલાં થોડાં અપરાધી મનુષ્યોને સંતોષકારક સમાધાન કરવાની ફરજ ન પાડે ત્યાં સુધી જ તેમની સાથેની એમની દુશ્મનાવટ રહેશે.

તેણે કહ્યું: આપણા પુરવાસીઓએ એમના હેલેનિક દુશ્મનોની સાથે આ રીતે વર્તવું જોઈએ એ બાબત હું સંમત થાઉં છું:—તેમણે હેલેનિક લોકોની જમીનોને (क) વેરાન કરવાની નથી તેમ જ એમનાં ઘર બાળવાનાં નથી.

કબૂલ; અને આપણા અગાઉના તમામ કાયદાઓની જેમ આ પણ ઘણા જ સારા કાયદાઓ છે એમ માનવામાં પણ આપણે સંમત થઈશું.

તો પણ, સૉક્રેટિસ, મારે કહેવું જોઈએ કે જો તમે આ પ્રમાણે જ વાત કર્યા કરશો, તો ચર્ચાની શરૂઆતમાં જે પ્રશ્નને* તમે હડસેલી મૂકયો તે બીજો પ્રશ્ન તમે તદ્દન ભૂલી જશો:—વસ્તુઓની (સમાજની) આવી વ્યવસ્થા શું શકય છે ખરી, અને જો કદિક શકય હોય તો કેવી રીતે? કારણ હું એટલું કબૂલ કરવાને તો સાવ તૈયાર છું કે તમે સૂચવો છો તે યોજનાથી, જો માત્ર એ શકય હોય તો, રાજ્યને તમામ પ્રકારનાં ઇષ્ટની પ્રાપ્તિ થાય. તમે જે છોડી દીધું છે એ પણ ઉમેરીને હું કહું કે તમારા નગરવાસીઓ સૌથી બહાદૂર લડવૈયાઓ હશે, અને

* જુઓ : ૭ રાજ્યના અસ્તિત્વની શકયતાનો પ્રશ્ન.

(ડ) પોતાની હરોળ કદી નહિ છોડે, કારણ તેઓ બધા એક બીજાને ઓળખતા હશે અને દરેક બીજાને પિતા, ભાઈ, પુત્ર કહી બોલાવતો હશે; અને સ્ત્રીઓ પણ એમનાં લશ્કરોમાં જોડાય છે એમ તમે માનો, —પછી ભલે એ ને એ હરોળમાં કે પાછળની,—દુશ્મનોને ભયપ્રદ થઈ પડે તે ખાતર કે પછી જરૂરને પ્રસંગે સહાયકો તરીકે,— તો મને ખાત્રી છે કે તેઓ સર્વાંશે અજેય બનશે; અને બીજા ઘણા કૌટુમ્બિક ફાયદાઓ પણ છે જેનો ઉલ્લેખ કરી શકાય અને જેનો હું પણ પૂરેપૂરો સ્વીકાર કરું. (ઢ) પરંતુ એક માત્ર તમારું રાજ્ય અસ્તિત્વમાં આવે તો—આ બધા તથા તમને મરજીમાં આવે તેટલા બીજા ઘણા બધા લાભો થાય એ હું કબૂલ કરું છું, આથી એ વિશે આપણે કંઈ વધારે બોલવાની જરૂર નથી; ત્યારે રાજ્યના અસ્તિત્વનો સ્વીકાર કરી લઈને આપણે એની શક્યતા, માર્ગો અને ઉપયોગના પ્રશ્ન પ્રત્યે હવે વળીશું—બાકીનાને છોડી દઈએ તો પણ ચાલશે.

(૪૭૨) મેં કહ્યું : હું (દલીલ કરતાં કરતાં) એક ક્ષણ વાર આમ તેમ ભટકું તો તરત જ તમે મારા પર ધસી આવો છો, અને દયા રાખતા નથી; હું ભાગ્યે જ પહેલાં અને બીજાં મોજાંમાંથી બચવા પામ્યો છું અને સૌથી મોટું અને ભારેમાં ભારે મોજું તમે હવે મારા પર ઉતારો છો એનું તમને ભાન હોય એમ લાગતું નથી. જ્યારે તમે આ ત્રીજું મોજું જોશો અને સાંભળશો ત્યારે હું માનું છું કે તમે વધારે સમજુ થશો અને કબૂલ કરશો કે જે દરખાસ્ત મારે અત્યારે મૂકવાની છે અને જેનું મારે નિરૂપણ કરવાનું છે તે એટલી તો અસાધારણ છે કે તે વિશે મને થોડી બીક તથા સંદેહ રહે જ.

તેણે કહ્યું : તમે આ રીતની જેમ જેમ વધારે આજીજી કરો છો, તેમ તેમ એવું રાજ્ય કઈ રીતે શક્ય થઈ શકે એ (ણ) તમે અમને (અવશ્ય) કહો એ બાબત અમે વધારે ને વધારે મક્કમ થતા જઈએ છીએ: માટે બોલી નાંખો અને તે પણ જલદીથી.

આપણે અહીં સુધી આવ્યા તે ધર્મ અને અધર્મની શોધ કરતા આવ્યા છીએ એટલું તમને યાદ આપીને હું શરુ કરીશ.

તેણે જવાબ આપ્યોઃ ખરું, પણ તેથી શું ?

જો આપણે તે (ધર્મ–અધર્મ) શોધી કાઢ્યા હોય તો પછી હું માત્ર પૂછવાનો હતો કે આપણે શું એટલી જ માગણી કરવાની છે કે ધર્મિષ્ઠ માણસે પરમ ધર્મના ધોરણથી કોઈ પણ બાબતમાં જરા પણ ઊણા રહેવાનું નથી, કે પછી બીજા માણસોમાં મળી આવે છે તેના કરતાં એ (પોતે પરમ ધર્મની વધારે) સમીપ (ક) હોય તથા એનામાં ધર્મની પ્રાપ્તિ ઉચ્ચતર અંશમાં થયેલી હોય એટલાથી આપણે સંતોષ પામીશું ?

એ (ધર્મની વધારે) સમીપ હશે તો ચાલશે.

આપણને આદર્શની પ્રાપ્તિ થાય તે અર્થે એકાન્તિક ધર્મના સ્વરૂપ વિશે અને સંપૂર્ણપણે ધર્મિષ્ઠ હોય તેમના ચારિત્ર વિશે તથા અધર્મ અને જેઓ સર્વાંશે અધર્મીઓ હોય તેમના વિશે આપણે વિચાર કરતા હતા. એ (કેવલ ધર્મ અને કેવલ અધર્મ) વસ્તુતઃ અસ્તિત્વમાં આવી શકે કે કેમ એ સાબીત કરવાના દૃષ્ટિબિંદુથી નહી, પરંતુ જે ધોરણ તેમાં વ્યક્ત થતું લાગે તે અને આપણે જેટલે અંશે તેને (તે ધોરણને) મળતા (ડ) આવીએ એ ઉપરથી આપણાં સુખ અને દુઃખ વિશે આપણે નિર્ણય બાંધીએ તે અર્થે આપણે ધર્માધર્મને જોવાનાં હતાં.

તેણે કહ્યુંઃ ખરું.

સંપૂર્ણ કલા દ્વારા સર્વાંશે સુંદર મનુષ્યનો આદર્શ કોઈ ચિત્રકાર દોરી આપે ત્યાર પછી 'એવો કોઈ માણસ કદી હયાત હશે' એમ બતાવી આપવા જો તે અશક્ત હોય તો શું એ ચિત્રકાર એથી કંઈ હલકો ઠરે ?*

જરા પણ હલકો ન કહેવાય.

---

* સરખાવો ઉપર-૪૨૭.

(૬) વારુ, અને આપણે શું પૂર્ણ રાજ્યના આદર્શને સર્જતા નહોતા ? અચૂક.

અને આપણે વર્ણવી તે પદ્ધતિ અનુસાર રાજ્યની વ્યવસ્થા કરવાની શક્યતા આપણે સાબીત કરવા અશક્ત હોઈએ તેથી કંઈ આપણો સિદ્ધાંત નબળો પડી શકે ?

તેણે જવાબ આપ્યો : અવશ્ય નહિ.

મેં કહ્યું : એ ખરું છે; પણ જો તમારી વિનંતી અનુસાર કયા સંજોગોમાં અને કેવી રીતે (આવા રાજ્યના અસ્તિત્વનો) અસંભવ સૌથી પ્રબળ બનવા પામે એ વિશે જો મારે પ્રયત્ન કરવાનો હોય અને સાબીત કરવાનું હોય, તો, આ (બાબત)ને નજર આગળ રાખીને, તમારી પહેલાંની કબૂલાતો ફરીથી બોલી જવાનું મારે તમને કહેવું જોઈએ.

કઈ કબૂલાતો ?

(૪૯૩) મારે એ જાણવું છે કે આદર્શો (તત્ત્વો) ભાષા દ્વારા કદી સર્વાંશે વ્યક્ત કરી શકાય ? વસ્તુના કરતાં શબ્દ શું વધારે (અર્થ) વ્યક્ત કરતો નથી, અને પછી ભલે માણસ ગમે તેમ ધારે, તો પણ વસ્તુઓના સ્વભાવને લીધે જ, વાસ્તવિક રીતે જે કંઈ અસ્તિત્વ ધરાવે છે (એટલે કે વસ્તુઓ) તે સત્ય કરતાં શું ઊણું નથી ? તમે શું કહેશો ? *

હું કબૂલ થાઉં છું.

ત્યારે તો વસ્તુતઃ જે રાજ્ય હયાતિમાં આવશે તે આદર્શ

* આપણા આજના જ્ઞાનની દૃષ્ટિએ આપણે એમ કહીએ કે વસ્તુનો સ્વભાવ સંપૂર્ણપણે શબ્દો દ્વારા વ્યક્ત થઈ જ ન શકે. જ્યારે પ્લેટો એથી ઉલટા સિદ્ધાન્ત પર ઉતરે છે : વસ્તુનાં લક્ષણો જે શબ્દો દ્વારા જ આપણે જણાવી શકીએ તે શબ્દો એ લક્ષણોથી વધારે કથવાના જ—એટલું તો વધારે કે તેને મુકાબલે જે વાસ્તવિક લક્ષણો આપણે પ્રત્યક્ષ કરીએ છીએ તે ઉતરતાં ઝાંખાં-અપૂર્ણ લાગવાનાં જ. પ્લેટોનો ભાવાર્થ આ પ્રકારનો છે. The Idea transcends the actual things even as the latter are born of it and resemble it'

રાજ્યને દરેક રીતે મળતું જ હશે એમ સાબીત કરવાનો તમે મારા પર તકાદો નહિ કરી શકો : લગભગ આપણી પ્રતિજ્ઞાનુસાર રાજ્યનો શી રીતે અમલ કરી શકાય એટલું જ જો આપણે શોધી કાઢવાને શક્તિમાન થઈએ તો તમે જે શક્યતાની માગણી કરી (ચ) રહ્યા છો તે આપણે શોધી કાઢી છે એમ તમે સ્વીકારશો, અને તેટલાથી સંતોષ પામશો. મને તો સંતોષ થાય એની મને ખાત્રી છે, તમને સંતોષ થશે કે નહિ ?

હા, થશે.

બીજું (આધુનિક) રાજ્યોમાં આજકાલના ગેરવહીવટના કારણભૂત એવો કયો દોષ છે, તથા ઓછામાં ઓછો એવો કયો ફેરફાર કરીએ કે જેને લીધે રાજ્ય વધારે સાચા સ્વરૂપમાં વ્યક્ત થાય એ બતાવવાનો મને પ્રયત્ન કરવા દો; અને જો શક્ય હોય તો એ ફેરફાર માત્ર એક જ વસ્તુમાં થવા દો, અથવા નહિ તો એમાં; ગમે તે પ્રકારે શક્ય તેટલી ઓછામાં ઓછી વસ્તુઓમાં અને ઓછામાં ઓછો ફેરફાર ભલે થતો.

(ક) તેણે જવાબ આપ્યો જરૂર.

મેં કહ્યું : હું માનું છું કે જે કંઈ નાનો સુધો નથી કે સહેલો નથી છતાં શક્ય છે એવો જો માત્ર એક ફેરફાર કરવામાં આવે તો રાજ્યમાં સુધારો થઈ શકે ખરો.

તેણે કહ્યું : એ શો છે ?

મેં કહ્યું : ત્યારે હવે જેને મેં મોટામાં મોટા મોજાં સાથે સરખાવ્યું હતું તેને ભેટવા હું જાઉં છું; જો કે હસાહસમાં અને અપમાનમાં એ મોજું મને તોડી પાડે અને ડૂબાડી દે છતાં એ સત્ય હું બોલીશ જ અને મારા શબ્દો પર ધ્યાન આપજો.

બોલો.

મેં કહ્યું : **જ્યાંસુધી ફિલસૂફો રાજાઓ ન થાય, અને આ દુનિયાના રાજાઓમાં ફિલસૂફીનાં પ્રાણ અને શક્તિ (ડ) ન વસે, તથા રાજપ્રકરણી મહત્તા અને (ફિલસૂફીનો) વિવેક**

એક વ્યક્તિમાં ન મળે, અને જે સામાન્ય સ્વભાવના લોકો એમાંથી એકને છોડીને માત્ર બીજાનો જ અભ્યાસ કરે છે તેમને બાજુ પર ઊભા રહેવાની (અંદર દખલ ન કરવાની) ફરજ પાડવામાં ન આવે, ત્યાં સુધી નગરરાજ્યોને અનિષ્ટોમાંથી કદી મુક્તિ નહિ મળે,—નહિ જ, મારી માન્યતા અનુસાર આખી માનવજાતને પણ નહિ;—(૬) અને ત્યારે જ આપણું આ રાજ્ય જીવંત બને—અસ્તિત્વમાં આવે. મારા પ્રિય ગ્લાઉકોન, મારો ખયાલ આવો હતો, અને આ જે અત્યંત અતિશયતાથી ભરેલો ન લાગ્યો હોત, તો મેં ખુશીથી કહી નાંખ્યો હોત; કારણ બીજા કોઈ પણ રાજ્યમાં વ્યક્તિગત કે સામાજિક સુખ હોઈ જ ન શકે એમ ખાત્રી થવી ખરેખર અઘરી છે.

સોક્રેટિસ, તમે શું કહેવા માગો છો? હું તમને એ વિચારી જોવા કહું છું કે તમે હમણાં જે શબ્દ બોલ્યા તે એવો છે કે તે સાંભળતાંની સાથે સંખ્યાબંધ માણસો, અને ઘણા પ્રતિષ્ઠિત માણસો પણ, એક જ ક્ષણમાં પોતાના (૪૭૪) ઝભ્ભા ફાડતા, જે કંઈ હાથમાં આવે તેવું શસ્ત્ર પકડીને, શું થાય છે તેની તમને ખબર પડે ત્યાર પહેલાં, પૂર જોસથી તેઓ તમારા પર ધસી આવશે અને શું કરવાના ઇરાદાથી તે તો પ્રભુ જાણે; અને જો તમે જવાબ તૈયાર ન રાખો તથા દલીલ આગળ ન ચલાવો તો 'તેમની તીક્ષ્ણ બુદ્ધિની સામે' તમારે તૈયાર થવું પડશે, અને એમાં શંકા નથી.

અને મેં કહ્યું તે તદ્દન ખરું હતું; છતાં એમાંથી તમને બહાર કાઢવા મારાથી બનતું બધું કરીશ; પણ હું માત્ર તમને શુભેચ્છા અને શુભ સલાહ આપીશ, અને કદાચ બીજા કોઈના કરતાં વધારે સારી રીતે તમારા પ્રશ્નોના જવાબો યોજવા હું શક્તિમાન થઈશ—(બ) બસ એટલું જ. અને હવે તમને આવો સહાયક મળ્યો છે તો તમે ખરા છો એમ પાખંડીઓને સાબીત કરવા તમારે ખૂબ પ્રયત્ન કરવો જોઈશે.×

×સરખાવો ઉપર પરિ : ૪ ૪૩૨-ક

મેં કહ્યું : તમે આટલી કિંમતી મદદ આપો છો તો મારે પ્રયત્ન કરવો જોઈએ. અને મને લાગે છે કે આપણે છૂટવાની કોઈ પણ બારી હોય તો તે એ છે કે ફિલસૂફોએ રાજ્યમાં અમલ કરવો જોઈએ એમ જ્યારે આપણે કહીએ છીએ, ત્યારે તેઓ તે કોણ એ આપણે તેમને સમજાવવું જોઈશે; ત્યારે જ આપણે આપણો બચાવ કરી શકીશું; જેમણે ફિલસૂફીનો અભ્યાસ કરવો જોઈએ, અને રાજ્યમાં નેતા થવું જોઈએ એવા સ્વભાવના કેટલાએક માણસો (ક) તથા બીજા જે ફિલસૂફો થવાને જન્મ્યા નથી અને નેતાના કરતાં અનુયાયી· ઓ થવા સર્જાયા છે એવા પણ મળી આવશે.

તેણે કહ્યું : ત્યારે હવે વ્યાખ્યા આપો.*

મેં કહ્યું : મારી પાછળ પાછળ આવો, અને કોઈકે ને કોઈકે રસ્તે હું તમને સંતોષકારી સમજૂતી આપી શકીશ એમ હું આશા રાખું છું.

ચ – લા – ઓ.

હું ખાત્રીથી કહું છું કે એટલું તો તમને યાદ હશે જ અને તેથી મારે તમને યાદ આપવાની જરૂર નથી કે કોઈ પ્રેમી એ નામને લાયક હોય તો, જે વસ્તુને એ ચહાય છે એના કોઈ એક અંગ પ્રત્યે નહિ પરંતુ વસ્તુસમસ્ત પ્રત્યે તેણે પ્રેમ દેખાડવો જોઈએ×

(ડ) મને ખરેખર સમજ પડતી નથી, અને તેથી મારી સ્મરણશક્તિને મદદ કરશો એમ વિનંતી કરું છું.

મેં કહ્યું : તમે જવાબ આપો છો તે રીતે લગભગ બીજો કોઈ માણસ જવાબ આપે ખરો; પણ તમારા જેવો શોખીન માણસ જાણતો હોવો જોઈએ કે જે બધા યુવાવસ્થાના પૂર બહારમાં હોય છે તે કોઈને કોઈ રીતે પ્રેમીના હૃદયમાં લાગણી કે તીવ્ર વેદના ઉત્પન્ન કરે છે, અને પોતાના સ્નેહની લાગણીઓને તે લાયક છે એમ

*મુદ્દો : ૮ : ફિલસૂફની વ્યાખ્યા : પરમ તત્ત્વ કે પરમ સૌંદર્યનો પ્રેમી.

×પ્રેમનું સ્વરૂપ

માનવામાં આવે છે. સ્ત્રીઓ પ્રત્યે તમે શું આ રીતે જ વર્તતા નથી: એકનું નાક ચીબું હોય છે, અને તમે તેનાં સુન્દર મોંનાં વખાણ કરો છો; બીજી ખીંટી જેવા નાકવાળીની દૃષ્ટિ તમે કહો છો કે રાજકુમારી જેવી છે; જ્યારે જેનું નાક ચીબું નથી તેમ ખીંટી જેવું પણ નથી તેનામાં સપ્રમાણતાનું સૌન્દર્ય છે: (૬) શ્યામ મુખ હોય તો તે પુરુષાતનથી ભરેલું છે, રંગે ઉજળાં હોય તે તો દેવોનાં બાળકો છે; અને તેઓ નામ આપે છે તે અનુસાર મધુર 'મધ જેવાં ફિક્કાં' લાવશે, અલ્પાર્થના પ્રત્યયો જોડીને જે પ્રેમીઓ વાત કરે છે, અને યુવાવસ્થામાં ગાલ પર ફિક્કાશ હોય તેનાથી જે વિમુખ થતા નથી, તેમની જ શોધથી આ નામો નીપજ્યાં નથી તો બીજું શું? એક જ શબ્દમાં (૪૭૫) કહીએ તો યુવાવસ્થાના વસંતમાં ખીલતું એક પણ પુષ્પ તમારે જતું કરવું ન પડે એ ખાતર—એવું એક પણ બહાનું નથી કે જે તમે આગળ ન ધરો.

દલીલની ખાતર જો તમે મને પ્રેમની બાબતમાં પ્રમાણભૂત ગણતા હો તો હું 'હા' પાડું છું.

અને મદ્યના પ્રેમી વિશે તમે શું કહેશો? તેમને પણ એ જ રીતે વર્તતાં શું તમે નથી જોતા? કોઈ પણ પ્રકારનો દારુ પીવા ગમે તે બહાનું મળે, તો તેઓ ખુશ ખુશ થઈ જાય છે.

ઘણું જ સરસ.

અને મહત્ત્વાકાંક્ષી લોકો વિશે પણ આ જ વાત ખરી છે; જો તેઓ એક લશ્કરનું સેનાપતિપદ લઈ શકે એમ ન હોય તો એક હરોળ પર હુકમ ચલાવવા તેઓ ખુશી હોય છે; અને (ઘ) ખરેખર મહાન ગણાવા તથા માન મેળવવા તેઓ શક્તિમાન ન થાય તો ક્ષુદ્ર અને નાના માણસો તેમને માન આપે તો પણ તેઓ ખુશ થઈ જાય છે,—ગમે તેમ થાય તોપણ કોઈ પણ પ્રકારનું માન તો એમને જોઈએ જ.

બરાબર એમ જ.

મને ફરીથી તમને પૂછવા દો: જે કોઈ ઇષ્ટ વસ્તુઓના અમુક

વર્ગની ઇચ્છા કરે છે, તે શું આખા વર્ગની ઇચ્છા કરે છે કે પછી માત્ર એક ભાગની ?

વર્ગસમસ્તની.

અને ફિલસૂફને વિશે શું આપણે એમ ન કહી શકીએ કે એ વિવેકના એક અંશ માત્રનો પ્રેમી નથી, પણ વિવેકસમસ્તનો પ્રેમી છે ?

હા, (વિવેક)સમસ્તનો.

અને જે કોઈ પોતે ખોરાક લેવાની ના પાડે છે, એ જેમ ભૂખ્યો (ક) નથી, અને તેવાની પાચનશક્તિ સારી નથી અને બીમાર છે એમ કહી શકાય--તેમ જ ખાસ કરીને યુવાવસ્થામાં, જ્યારે શું સારું છે અને શું ખોટું છે એનો નિર્ણય બાંધવાની જેનામાં શક્તિ હોતી નથી તે ઉંમરે જેને વિદ્યા પ્રત્યે અણગમો છે તે ફિલસૂફ અથવા જ્ઞાનનો પ્રેમી નથી એમ આપણે પ્રતિપાદન કરીશું ખરું ને ?

તેણે કહ્યું : સાવ સાચું.

એથી ઊલટું જેને દરેક પ્રકારના જ્ઞાનની અભિરુચિ છે અને જેનામાં જાણવાની જિજ્ઞાસા છે તથા જેને કદી સંતોષ વળતો નથી એને ફિલસૂફ કહેવામાં આવે તો તે ન્યાય્ય છે ? મારું કહેવું ખરું છે ને ?

(ડ) ગ્લાઉકોને કહ્યું: જો માત્ર જિજ્ઞાસાથી જ કોઈ ફિલસૂફ થઈ જતો હોય, તો એ નામનો દાવો કરનાર કેટલાંય વિચિત્ર પ્રાણીઓ તમને મળી આવશે. તમામ તમાશાઓના શોખીનોને (નવું) જાણવામાં આનંદ આવે છે અને તેથી તેમનો આમાં સમાવેશ કરવો જોઈએ. સંગીતના શિખાઉ પણ એવા વિચિત્ર લોકો છે તેમનું ફિલસૂફોમાં કશું સ્થાન હોઈ ન શકે, કારણ જ્યાં ફિલસૂફીની ચર્ચા જેવું કંઈ પણ ચાલતું હોય ત્યાં આખી-દુનિયાના-બને-ત્યાંસુધી-ન-જાય તેમાંના આ લોકો છે, જ્યારે (એથી ઊલટું) ડાયોનિશિયસના ઉત્સવો વખતે તેઓ આમ તેમ દોડે છે, જાણે કે દરેક દરેક ગીત સાંભળવાને તેમણે પોતાના કાન ભાડે આપ્યા ન હોય; અને પછી એ સમારંભ ગામમાં થતો હોય કે ગામ બહાર પણ એમને મન એમાં કશો ફરક પડતો નથી,

કારણ તેઓ તો જવાના જ. હવે આપણે શું એમ પકડી બેસીશું કે આ (૬) બધા અને જે બીજા લોકોની રસવૃત્તિ આવી હોય છે તેઓ તેમ જ તદ્દન નજીવી કળાઓના અધ્યાપકો પણ ફિલસૂફો છે?

મેં જવાબ આપ્યોઃ અવશ્ય નહિ જ, તેઓ માત્ર નકલી (ફિલસૂફો) છે.

તેણે કહ્યુંઃ ત્યારે ખરા ફિલસૂફો કયા?

મેં કહ્યુંઃ જેઓ સત્યદર્શનના પ્રેમી હોય તે.

તેણે કહ્યુંઃ એ પણ ઠીક, પણ એનો શો અર્થ તે જાણવાનું મને મન છે.

મેં જવાબ આપ્યોઃ બીજા કોઈને સમજાવવું હોય તો મને મુશ્કેલી પડે, પણ (તમારા વિષે તો) મને ખાત્રી છે કે હું જે વિધાન કરવાનો છું એ તમે સ્વીકારશો જ.

એ વિધાન કયું?

કે સૌંદર્ય કુરૂપતાનું વિરોધી છે તેથી એ બે ભિન્ન છે, નહિ?

જરૂર.

(૪૭૬) અને તે બે ભિન્ન છે તેથી, તેમાંનું દરેક એક* કેવલ તત્ત્વ છે!

એ પણ ખરું.

અને ધર્મિષ્ઠ તથા અધર્મી, ઇષ્ટ તથા અનિષ્ટ, અને બીજા દરેક વર્ગને આ ને આ ઉક્તિ લાગુ પડે છેઃ તેમાંના દરેકને છૂટું છૂટું લઈએ તો તે એક છે; પરંતુ ક્રિયાઓ સાથેનાં તથા વસ્તુઓ સાથેનાં તથા એક બીજા સાથેનાં તેમનાં ભિન્ન ભિન્ન સંમેલનોને લીધે તેઓ કેટલાય પ્રકારનાં ભાસે છે અને (આવિર્ભાવમાં) અનેક દેખાય છે.

સાવ સાચું.

અને તમાશા-પ્રેમી, કલા-પ્રેમી, વ્યવહારુ-દૃષ્ટિવાળો વર્ગ અને

---

* Absolute Being.

*પ્લેટોનાં "તત્ત્વો"નો (Eidē) સૌથી પહેલાં ૪૦૨-ક માં ઉલ્લેખ આવેલો તે બીજી વાર અહીં પાછાં આવે છે.

જેમનો હું ઉલ્લેખ કરું છું, તથા માત્ર જેમને જ (ब) ફિલમૂફોનું નામ આપવું યોગ્ય છે, તે એની વચ્ચે હું આ ભેદ પાડું છું.

તેણે કહ્યું: તમે એમની વચ્ચે કેવી રીતે ભેદ પાડો છો ?

મેં જવાબ આપ્યો: મારા ખયાલ પ્રમાણે જે લોકો દૃશ્યોના અને ધ્વનિઓના પ્રેમી હોય છે તેઓ મધુર સ્વરો અને રંગો અને આકારો તથા તેમાંથી જેટલી કૃત્રિમ બનાવટો થઈ શકે તે બધાના શોખીન હોય છે, પરંતુ તેમનું ચિત્ત પરમ સૌંદર્ય જોવા કે ચાહવા અશક્ત હોય છે.

તેણે જવાબ આપ્યો : ખરું.

આ(પરમ સૌંદર્યના)ના દૃશ્યને પ્રાપ્ત કરવા શક્તિમાન થાય તે તો બહુ જ થોડા.

(क) સાવ સાચું.

અને જેને સુંદર વસ્તુઓનું ભાન હોવા છતાં પરમ સૌંદર્યનું કશું ભાન નથી, અથવા જો કોઈ બીજો એ સૌંદર્યના જ્ઞાન પ્રત્યે એને દોરી જાય તો યે એની પાછળ પાછળ જવાને પણ જે અશક્ત છે—એવા વિશે—હું પ્રશ્ન કરું છું,—એ જાગ્રદવસ્થામાં છે કે (પછી) માત્ર સ્વપ્નમાં છે ? વિચાર કરો : જે ભિન્ન વસ્તુઓને સરખી ગણે છે, જે ખરી વસ્તુને બદલે એની નકલ મૂકે છે તે—(પછી) તે જાગતો હોય કે ઊંઘતો હોય, પણ શું સ્વપ્નાવસ્થામાં નથી ?

મારે અવશ્ય કહેવું જોઈએ કે એવો માણસ સ્વપ્નાવસ્થામાં જ છે.

પણ બીજાનો દાખલો લો, જે પરમ સૌંદર્યના અસ્તિત્વને (ड) પિછાની શકે છે અને તત્ત્વને સ્થાને વસ્તુઓ કે વસ્તુઓને સ્થાને તત્ત્વને મૂકયા સિવાય, તત્ત્વના માત્ર (થોડા જ) અંશને જે વસ્તુઓ ગ્રહણ કરતી હોય છે તેમનાથી એ તત્ત્વ ભિન્ન છે એમ પારખી શકે છે—એ શું સ્વપ્નવસ્થામાં છે કે જાગ્રદવસ્થામાં ?

એ પૂરેપૂરો જાગ્રત છે.

અને શું આપણે એમ ન કહી શકીએ કે જે જાણે છે તેના

ચિત્તમાં જ્ઞાન છે, અને જે અભિપ્રાય બાંધે છે તેના ચિત્તમાં માત્ર અભિપ્રાય વસે છે ? *

જ૩૨.

પરંતુ ધારો કે આ બીજો માણસ આપણી સાથે ટંટો કરે છે, અને આપણા વિધાન સામે વાંધો લે છે, તો એની બુદ્ધિમાં શોચનીય અવ્યવસ્થા છે એમ તેને દેખાડી આપ્યા સિવાય (ફ) આપણે તેને શાંત કરે એવું કોઈ બીજું ઔષધ કે શિખામણ આપી શકીએ ખરા ?

તેણે જવાબ આપ્યો : આપણે જરૂર તેને કંઈક સારી શિખામણ આપવી તો જોઈએ જ.

ત્યારે ચાલો—એને શું કહેવું તે વિશે આપણે જરા વિચાર કરીએ. "તમારે જો કંઈ જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો તમને આવકાર આપીશું, અને જો તમે જ્ઞાન મેળવશો તો (ઉલટા) અમે ખુશી થઈશું—"(આ રીતે) એને ખાત્રી આપીને શું આપણે બોલવું શરૂ કરીશું ? પણ આપણે એને એક સવાલ (પણ) પૂછવો જોઈશે. "જેની પાસે જ્ઞાન છે તે કશું જાણે છે કે કશું નથી જાણતો ?" [એને બદલે તમારે જવાબ આપવો પડશે.]

હું જવાબ આપું છું કે એ (–વો માણસ) થોડું ઘણું જાણે છે.

જે છે તે, કે જે નથી તેવું કંઈક ?

જે છે તેવું કંઈક; કારણ નથી તે કેવી રીતે કદી જાણી જ શકાય ?

(૪૭૭) અને એ બાબતને ઘણાંયે દૃષ્ટિબિંદુથી જોયા પછી શું આપણને ખાત્રી થતી નથી કે પરમ સત્ત્વનું * પૂરેપૂરું જ્ઞાન થયું છે કે થઈ શકે, પરંતુ જે બિલકુલ અસ્તિત્વ ધરાવતું નથી, તે તદ્દન અજ્ઞાત રહે છે ?

એનાથી ઓછું અસંદિગ્ધ બીજું શું હોઈ શકે ?

સારું. પરંતુ જો કોઈ વસ્તુનો સ્વભાવ એવો હોય કે એ અસ્તિ

* જ્ઞાન અને અભિપ્રાય વચ્ચેના તફાવત માટે સરખાવો : પરિ; ૪: ૪૨૯-૩૦; ૬: ૫૦૧અ; ૫૦૮ ડ; ૭: ૫૩૪.

નાસ્તિ હોય—અમુક અંશે ખરો અને અમુક અંશે ખરો ન પણ હોય + તો પરમ સત્ત્વ અને સત્ત્વનો પરમ અભાવ એ એની મધ્યમાં એને સ્થાન મળશે ખરું ને ?

હા, એમની વચ્ચે એનું સ્થાન રહેશે.

અને સત્ત્વના જેવું જ્ઞાન હતું અને અ-સત્ત્વના જેવું અવશ્ય અજ્ઞાન હતું તેથી સત્ત્વ અને અસત્ત્વના મધ્યમાં જે રહેલું છે તેને માટે જ્ઞાન અને અજ્ઞાનનું (ब) મધ્યસ્થ પદ, જો એવું કોઈ પદ હોય તો તેને શોધી કાઢવાનું રહ્યું.

જરૂર,

અભિપ્રાયનું અસ્તિત્વ આપણે સ્વીકારીએ છીએ કે નહિ ? ×

નિઃશંક.

જ્ઞાનની શક્તિ જે છે તે જ એ કે કોઈ બીજી ?

કોઈ બીજી.

ત્યારે અભિપ્રાય તથા જ્ઞાનની શક્તિઓ વચ્ચે જે ભેદ રહેલો છે તેને અનુરૂપ તે બંને જુદા જ પ્રકારની વસ્તુઓને પોતાનો વિષય કરે છે.

હા.

અને જ્ઞાન અને સત્ત્વ બંને સાપેક્ષ છે, તથા જ્ઞાન સત્ત્વને જાણે છે. પરંતુ (ચર્ચામાં) વધારે આગળ ગયા પહેલાં હું એક વિભાગ પાડીશ.

કેવો વિભાગ ?

(क) દરેક શક્તિને પોતાના જુદા જ વર્ગમાં મૂકીને હું શરૂઆત કરીશઃ આપણામાં અને બીજી તમામ વસ્તુઓમાં શક્તિઓ છે અને તે શક્તિઓને લીધે આપણે જે ક્રિયા કરીએ છીએ તે કરી શકીએ છીએ. ઉદાહરણ તરીકે દૃષ્ટિ તથા શ્રવણને હું શક્તિઓ કહું. જે વર્ગ મને અભિપ્રેત છે તે કયો તે મેં બરાબર સ્પષ્ટ કર્યો છે ખરો ?

× જુઓ ઉપર પરિ. ૪, ૪૨૯; ૪૪૨ ब; તથા સરખાવો પરિ. ૨, ૬૭૬

હા. હું બરાબર સમજું છું.

ત્યારે એ વિશેનું મારું દૃષ્ટિબિંદુ હું તમને જણાવીશ. હું એ શક્તિઓને જોઈ શકતો નથી અને તેથી આકાર, રંગ તથા એવા બીજા જે ભેદોથી કેટલીક (બાહ્ય) વસ્તુઓ વચ્ચેના તફાવતો પારખવા હું શક્તિમાન થાઉં છું, તે એ શક્તિઓને લાગુ પડતા નથી. હરકોઈ શક્તિ વિશે જ્યારે હું વાત કરું છું ત્યારે એનાં ક્ષેત્ર (ડ) તથા પરિણામ વિશે જ હું વિચાર કરું છું; અને જેનાં ક્ષેત્ર તથા પરિણામ સમાન હોય છે તેને હું એક જ શક્તિ ગણું છું, પરંતુ (જે એ શક્તિઓનાં) ક્ષેત્ર તથા પરિણામો ભિન્ન હોય છે તેમને હું ભિન્ન ગણું છું. તમે પણ એ જ રીતે એનું નિરૂપણ કરો, ખરું ને?

હા.

અને હજી એક સવાલનો જવાબ આપો—એટલી મોટી ભલાઈ તમે મારા પ્રત્યે દેખાડશો?—તમે જ્ઞાનને એક શક્તિ ગણો કે નહિ, અથવા તમે એને કયા વર્ગમાં મૂકશો?

જરૂર જ્ઞાન એક શક્તિ છે, અને શક્તિઓમાં એ સૌથી બળવાન છે.

(ઇ) અભિપ્રાયની પણ એક શક્તિ છે ખરું?

તેણે કહ્યું: જરૂર; કારણ જેનાથી આપણે અભિપ્રાય બાંધી શકીએ છીએ તે અભિપ્રાયની શક્તિ છે.

અને છતાં થોડા વખત પહેલાં તમે એવો સ્વીકાર કરતા હતા કે જ્ઞાન અને અભિપ્રાય એક જ નથી?

તેણે કહ્યું: કેમ, હા, જે દોષયુક્ત છે અને જે દોષયુક્ત નથી તે બંને એક છે એમ કોઈ સમજુ પ્રાણી કદી કેમ કહી શકે?

(૪૭૮) મેં કહ્યું: ઉત્તમ જવાબ, જે એમ સાબીત કરી આપે છે કે એ બે વચ્ચેના ભેદનું આપણને પૂરેપૂરું ભાન હતું.

હા

ત્યારે જ્ઞાન તથા અભિપ્રાયની શક્તિઓ ભિન્ન છે તો તેમનાં

ક્ષેત્ર કે વિષય પણ ભિન્ન હશે ?×

એ નિઃસંદેહ છે.

સત્ત્વ એ જ્ઞાનનું ક્ષેત્ર અથવા વિષય છે, અને સત્ત્વનો સ્વભાવ જાણવો એનું નામ જ્ઞાન ?

હા.

અને (કોઈ બાબત વિશે) અભિપ્રાય હોય તેનું નામ અભિપ્રાય ?

હા.

અને જે વિશે આપણે અભિપ્રાય બાંધીએ છીએ તેનું શું આપણને જ્ઞાન હોય છે ? અથવા અભિપ્રાયનો વિષય એ જ શું જ્ઞાનનો વિષય હોય છે ?

તેણે જવાબ આપ્યો : ના, એ તો ક્યારનું ખોટું સાબીત કરી ચૂક્યું છે; જે શક્તિઓ વચ્ચેના ભેદને લીધે ક્ષેત્ર અથવા (બ) વિષયના ભેદનું પણ ગર્ભિત રીતે સૂચન થતું હોય. અને આપણે કહેતા હતા તેમ જો અભિપ્રાય તથા જ્ઞાન ભિન્ન શક્તિઓ હોય તો પછી જ્ઞાનનું તથા અભિપ્રાયનું ક્ષેત્ર એક જ ન હોઈ શકે.

ત્યારે જો સત્ત્વ એ જ્ઞાનનો વિષય હોય, તો કોઈ બીજી જ વસ્તુ અભિપ્રાયનો વિષય હોવી જોઈએ !

હા, કોઈ બીજી જ વસ્તુ.

વારુ, ત્યારે અ–સત્ત્વ શું અભિપ્રાયનો વિષય છે ? અથવા, વળી અ–સત્ત્વ વિશે અભિપ્રાય પણ ક્યાંથી બાંધી શકાય ? વિચારો : જ્યારે

× જ્ઞાનનો વ્યાપાર સળંગ અસ્ખલિત છે, અને છતાં એ વ્યાપાર ગમે ત્યારે અટકી જઈ શકે છે. તેમાં પહેલાં ઇન્દ્રિય પ્રત્યક્ષ, પછી અર્થની ઉપલબ્ધિ તથા પ્લેટોના શબ્દમાં કહીએ તો 'અભિપ્રાય' અને છેવટે શુદ્ધ જ્ઞાન થાય; પરંતુ આ સતત એવા જ્ઞાનના વ્યાપારમાં પ્લેટો ભેદ પાડે છે, અને ત્યાં માત્ર ભૂમિકાનો ભેદ છે ત્યાં અભિપ્રાય અને જ્ઞાનની શક્તિને ભિન્ન ગણીને એના વિષય પણ ભિન્ન હોવા જોઈએ એમ પ્લેટો કહે છે. જુઓ ઉપરઃ— પરિ. ૪: ૪૨૯–૪૩૦.

કોઈ માણસ અભિપ્રાય બાંધે છે, ત્યારે એ અભિપ્રાય શું કશાક વિશેનો નથી હોતો ? જે અભિપ્રાય કશા–વિશેનો–નથી એવો અભિપ્રાય શું તે બાંધી શકે ?

અશકય.

જે કોઈ અભિપ્રાય બાંધે છે તે અમુક એક વસ્તુ વિશે બાંધે છે.

હા.

અને અ–સત્ત્વ કોઈ એક વસ્તુ નથી, પરંતુ ખરી રીતે બોલીએ (ક) તો, એ અ–વસ્તુ છે.

ખરું.

અ–જ્ઞાન અને અ–સત્ત્વનો આવશ્યક સંબંધ સાપેક્ષત્વનો છે એમ સ્વીકારવામાં આવ્યું હતું; તેમ જ સત્ત્વ તથા જ્ઞાનનો ?×

તેણે કહ્યું: ખરું.

ત્યારે સત્ત્વ કે અ–સત્ત્વની સાથે અભિપ્રાયને કશો સંબંધ નથી. એમાંથી કોઈની સાથે નહિ.

અને તેથી અભિપ્રાય એ જ્ઞાન તેમ જ અજ્ઞાન પણ ન હોઈ શકે ?

એ ખરું લાગે છે.

પરંતુ જ્ઞાન કરતાં જેમાં વધારે સ્પષ્ટતા છે કે અ-જ્ઞાન કરતાં જેમાં વધારે અંધકાર છે એવા, એનાથી પર કે એનાથી દૂરના કોઈ તત્ત્વમાં શું અભિપ્રાયની શોધ કરવાની છે ?

એ એમાંથી કોઈમાં નહિ.

ત્યારે હું માનું છું કે તમને અભિપ્રાય જ્ઞાન કરતાં વધારે અંધકારમય પણ અ–જ્ઞાન કરતાં વધારે પ્રકાશમય લાગે છે, નહિ ?

બંને; અને એ કંઈ થોડા અંશમાં નહિ.

(ડ) અને તે (બે)ની અંદર તથા તે (બે)ની વચ્ચે પણ ખરો ?

હા.

× સરખાવો ઉપર સાપેક્ષ પદો વિશેની ચર્ચા, પરિ. ૪; ૪૩૭–૩૮.

ત્યારે અભિપ્રાય એ બંનેની મધ્યમાં વસે છે એવું તમે અનુમાન બાંધ્યો, નહિ ?

અચૂક.

પણ શું આપણે અગાઉ એમ કહેતા નહોતા કે એક–જ–કાળે–હોય, અને ન–પણ–હોય એવા પ્રકારની કોઈ વસ્તુ મળી આવે, તો એ જાતની વસ્તુ શુદ્ધ સત્ત્વ અને કેવલ અસત્ત્વની વચ્ચેના ગાળામાં આવી રહેલી ગણાય; અને (એને પોતાનો વિષય કરે એવી) સદૃશ શક્તિ તે જ્ઞાન કે અ–જ્ઞાનની ન હોઈ શકે, પરંતુ એ (શક્તિ) એના વચ્ચેના ગાળામાંથી મળી આવશે ?

ખરું.

અને એ જ ગાળામાં જેને આપણે અભિપ્રાય કહીએ છીએ એવી કોઈ વસ્તુ અત્યારે મળી આવી છે, નહિ ?

મળી આવી છે.

(૬) ત્યારે જે પદાર્થ સત્ત્વ અને અસત્ત્વના અંશો એક સરખી રીતે ગ્રહણ કરતો હોય અને જેને ખરી રીતે શુદ્ધ અને સરલ કહી ન શકાય એવા પદાર્થને શોધી કાઢવાનું કામ બાકી રહ્યું છે; આ અજ્ઞાત પદને શોધી કાઢ્યા પછી આપણે ખરી રીતે કહી શકીએ કે એ અભિપ્રાયનો વિષય છે, અને ત્યાર પછી દરેકને તેની અનુરૂપ શક્તિ નિર્દિષ્ટ કરી શકીએ–અંતિમ ક્ષેત્રો અંતિમ શક્તિઓને તથા મધ્યમ પ્રદેશ મધ્યસ્થ શક્તિને.

ખરું.

(૪૭૮) આટલી બાબતનો સ્વીકાર કરવામાં આવ્યો છે તો જે ગૃહસ્થ એવો અભિપ્રાય ધરાવતો હોય કે સૌન્દર્યનું નિત્ય અને પરમ એવું કોઈ તત્ત્વ છે જ નહિ—જેના અભિપ્રાયાનુસાર સૌન્દર્યમાં અનેકત્વ જ છે–એને હું પ્રશ્ન પૂછીશ, તમારો સુંદર તમાશાઓનો પ્રેમી, હું કહું છું કે જેનાથી—સૌન્દર્ય એક છે, ધર્મ એક છે, અથવા કશું કોઈ એક છે એમ કહ્યું સાંખી શકાતું નથી—તેને હું એમ કહીને પ્રાર્થીશ કે

સાહેબ, આપ કૃપા કરી અમને કહેશો કે આ તમામ સુંદર વસ્તુઓમાં એકેય એવી છે જે (સાથે સાથે) કદરૂપ પણ નહિ માલૂમ પડે; અથવા જે કંઈ ધર્મિષ્ઠ છે તેમાં અધર્મ નહિ દેખાય, અને જે કંઈ પવિત્ર છે તે (સાથે સાથે) અપવિત્ર પણ ન હોય ? *

(બ) તેણે જવાબ આપ્યો : નહિ, જે સુન્દર છે તે અમુક દૃષ્ટિબિંદુથી કદરૂપ દેખાઈ આવશે, અને આ જ સત્ય બાકીના વિશે ખરું છે.

અને જે અનેક વસ્તુઓ (અમુક દૃષ્ટિએ) બમણી છે તે (બીજી દૃષ્ટિએ) શું અધી નહિ લાગે ?—એટલે કે અમુક વસ્તુથી બમણી અને બીજીથી અધી ?

તદ્દન ખરું.

અને મોટી અને નાની, ભારે અને હલકી એમ જે વસ્તુઓ વિષે આપણે બોલીએ છીએ તે વસ્તુઓનો નિર્દેશ જેટલો આનાથી નહિ થઈ શકે તેટલો જ (આનાં) વિરોધી પદોથી પણ નહિ થઈ શકે ?

ખરું; આ તથા (આનાં) વિરોધી નામો તેમાંની દરેક વસ્તુને હંમેશાં લાગેલાં રહેશે.

અને અમુક જ નામોથી જે ઘણી વસ્તુઓનો નિર્દેશ કરવામાં આવે છે તે તમામ વસ્તુઓમાંની કોઈ પણ વસ્તુને વિશે શું એમ કહી શકાશે કે તે તો આ છે અને પેલી નથી ?

તેણે જવાબ આપ્યો : એ તો ઉત્સવો વખતે જે શ્લેષ–(ક) ના કોયડા પૂછવામાં આવે છે, અથવા એક ષંઢ કોઈ ચામાચીડિયા સામે, અને તેઓ ઉખાણામાં કહે છે તે પ્રમાણે, જેના પર ચામાચીડિયું બેઠું છે તેના પર કંઈક એવું તો તાકીને મારે છે કે તે એને પોતાને વાગે છે, તેવા બાળકોના ઉખાણા જેવી આ વસ્તુઓ લાગે છે. જે ભિન્ન ભિન્ન વસ્તુઓ વિશે હું બોલું છું તે બધી આ ઉખાણા જેવી

* પ્લેટોનો અનેકાન્તવાદ

અને દ્વિઅર્થી હોય છે; અને એ જ રીતે તમારા મનમાં પણ સત્ત્વ કે અ-સત્ત્વ કે એ બંને કે તેમાંથી એકે ન હોય એ તરીકેનો તે વસ્તુઓના સ્વભાવ વિશેનો તમે નિર્ણય બાંધી શકતા નથી.

મેં કહ્યું : એવી વસ્તુઓને તમે કયાં મૂકશો ? સત્ત્વ અને અ-સત્ત્વની વચ્ચે એમને સ્થાન આપીએ એ શું વધારે સારું નથી ? કારણ તે વસ્તુઓ અ-સત્ત્વના કરતાં વધારે અંધકારમાં કે અભાવમાં નથી, અથવા સત્ત્વના કરતાં પ્રકાશ અને અસ્તિત્વથી એ કંઈ વધારે (ડ) પૂર્ણ નથી એ સ્પષ્ટ છે ?

તેણે કહ્યું : એ તદ્દન ખરું છે.

ત્યારે આ રીતે આપણને એટલું માલુમ પડયું હોય એમ લાગે છે કે સુંદર અને બીજી તમામ વસ્તુઓ વિશે લોકો જે અનેક ખયાલ ધરાવે છે તે બધા શુદ્ધ સત્ત્વ અને શુદ્ધ અ-સત્ત્વની મધ્યના કોઈ પ્રદેશમાં અફળાતા ફરે છે.

આપણને લાગે છે ખરું.

હા, અને અગાઉ આપણે કબૂલ કર્યું છે કે આપણને જો આવું કંઈ જડી આવે, તો તેનું આપણે જ્ઞાનના વિષય તરીકે નહિ પણ અભિપ્રાયની વસ્તુ તરીકે વર્ણન કરવાનું છે; (અભિપ્રાયની) મધ્યસ્થ શક્તિ દ્વારા આપી શકાય અને ગ્રહણ કરી શકાય એવો જ્ઞાન અને અજ્ઞાન વચ્ચેનો એનો મધ્યસ્થ પ્રવાહ છે તેથી. *

તદ્દન ખરું.

(ઇ) ત્યારે જેઓ અનેક સુંદર વસ્તુઓને જુએ છે, અને છતાં પરમ સૌંદર્યને જોતા નથી, તેમ જ જો કોઈ ભોમિયો ત્યાં જવાનો માર્ગ તેમને દેખાડે તો તેમની પાછળ પાછળ જેઓ જઈ શકતા નથી; જે અનેક ધર્મિષ્ઠ વસ્તુઓને જોઈ શકે છે અને પરમ

* આધુનિક ફ્રેંચ ફિલસૂફ બર્ગસનનો માનવબુદ્ધિ વિશેનો સિદ્ધાન્ત આ સાથે સરખાવવા જેવો છે.

ધર્મને અને એવાં બીજાં (તત્ત્વોને) નહિ,—એવા લોકોમાં જ્ઞાન નહિ પણ અભિપ્રાય છે એમ કહી શકાય ખરું ને ?

નિઃશંક.

પરંતુ જેઓ પરમ, શાશ્વત અને અ–ક્ષરને જુએ છે, તેમની પાસે માત્ર અભિપ્રાય નથી પણ જ્ઞાન છે એમ કહી શકાય ?

એની પણ ના નથી.

એક જ્ઞાનના વિષયોને ચાહે છે અને આલિંગે છે, અને બીજો અભિપ્રાયના વિષયોને ? અને જેઓ પરમ સૌંદર્યનું અસ્તિત્વ સાંખી શકતા નથી, પણ મધુર (૪૮૦) અવાજો સાંભળ્યા કરે છે તથા સુંદર રંગો જોયા કરે છે, તે જ આ બીજા (પ્રકારના) લોકો છે એટલું તો હું ખાત્રીથી કહું છું કે તમને યાદ છે જ.

હા, મને યાદ છે.

તો જો એમને વિવેકના પ્રેમી નહિ પણ અભિપ્રાયના પ્રેમી કહેવામાં આવે, તો આપણે શું અનૌચિત્યનો અપરાધ કર્યો કહેવાશે, અથવા આપણે તેમનું આ રીતે વર્ણન કરીએ છીએ તેથી શું તેઓ આપણા પર ગુસ્સે થશે ?

તેઓ ગુસ્સો ન કરે એમ હું તેમને કહીશ; સત્ય પ્રત્યે કોઈએ ક્રોધ કરવો ન જોઈએ.

પરંતુ જેઓ દરેક વસ્તુમાં રહેલા સત્યને ચાહે છે તેમને અભિપ્રાયના પ્રેમી નહિ પણ વિવેકના પ્રેમી કહીશું.

અચૂક.



પરિચ્છેદ ૬

(૪૮૪) અને ગ્લાઉકોન ! આ રીતે થાક લાગે એટલા લાંબા માર્ગે ફલીલ ગયા પછી જ ખરા અને ખોટા ફિલસૂફો આપણી નજર આગળ ખડા થયા છે.

તેણે કહ્યું: એ માર્ગ આપણે ટૂંકાવી શકયા હોત એમ હું માનતો નથી.

મેં કહ્યું: હું પણ નથી માનતો, અને છતાં હું ધારું છું કે અધર્મીઓના કરતાં ધર્મિષ્ઠ માણસોનું જીવન કઈ રીતે જુદું પડે છે એ જેમને જાણવાની ઇચ્છા હોય, તેવાઓએ જે બીજા ઘણા પ્રશ્નો પર વિચાર કરવો જોઈએ તેવા પ્રશ્નો વિશે આપણે વિચાર કરવાનો ન હોત, અને જો આપણે આ એક જ વિષય પરત્વે આપણી ચર્ચાને સીમાબદ્ધ કરી હોત, તો કદાચ એ બંને (ખરા અને ખોટા ફિલસૂફ) વધારે સ્પષ્ટ (ब) રીતે આપણી નજર આગળ ખડા થયા હોત.

તેણે પૂછ્યું: અને હવે બીજો કયો પ્રશ્ન બાકી રહ્યો છે ?

મેં કહ્યું: આપણા અનુક્રમ પ્રમાણે જે બીજો તરત આ પછી આવે છે તે સ્તો.—માત્ર ફિલસૂફો જે શાશ્વત અને નિત્ય છે તેનું ગ્રહણ કરી શકે છે, પણ જેઓ અનેક અને અનિત્યના ક્ષેત્રમાં ભટકયા કરે છે તે ફિલસૂફો નથી, તો મારે હવે તમને પૂછવું પડશે કે આ બે વર્ગમાંથી કયા વર્ગે આપણા રાજ્યના શાસનકર્તા થવું જોઈએ?

અને અમે એનો ખરો જવાબ કઈ રીતે આપી શકીએ ?

એ બે વર્ગમાંથી જે કોઈ આપણા રાજ્યના કાયદાઓ અને સંસ્થાઓનું સૌથી સશક્ત રીતે રક્ષણ કરી (क) શકે, તે ભલે આપણા પાલકો થાય.

ઘણું સારું.

તેમ જ, મેં કહ્યું: પાલકે રક્ષણ કરી જે સાચવવાનું છે તે આંધળો નહિ પણ દેખતો હોવો જોઈએ. એ વિશે તો મતભેદ હોઈ શકે નહિ ખરું ને?

એ વિશે પ્રશ્ન જ ન કરી શકાય.

અને જેઓ પ્રત્યેક વસ્તુના સત્ય સ્વરૂપના જ્ઞાનમાં ઊણા હોય, અને જેના આત્મામાં આદર્શ સ્પષ્ટ રીતે વસેલો નથી, અને તેથી કલાનો પણ ઉદ્ધાર કરતી વખતે મૂલ પરમ સત્ય તરફ ફોઈ ચિત્રકાર જુએ તેમ જે જોઈ શકવાના (ડ) નથી, અને જેમની પરદુનિયા વિશેની દૃષ્ટિ પૂર્ણપણે ખીલેલી નથી કે જેથી તેઓ આ દુનિયાને સૌંદર્ય, નીતિ અને ધર્મનાં ઘોરણો આપી શકે અથવા તો જે એક વાર અપાયાં હોય તો તેનું રક્ષણ કરી શકે કે ટકાવી શકે—આવા લોકો—હું પૂછું છું—શું તદ્દન આંધળા ન કહેવાય?

તેણે કહ્યું: ખરેખર તેઓ મોટે ભાગે એવી જ સ્થિતિમાં છે.

ત્યારે આપણી પાસે જો એવા બીજા માણસો હોય કે જેઓ (દુનિયાદારીના) અનુભવમાં તેમના બરોબરિયા હોય, અને બીજા કોઈ પણ ગુણમાં જરા પણ તેમના કરતાં ઊણા ન હોય, પણ વધારામાં જેઓ દરેક વસ્તુના શુદ્ધ તત્ત્વને પીછાનતા હોય, તો ઉપર કહ્યા તેવા લોકો શું આપણા પાલકો થશે કે નહિ?

તેણે કહ્યું: તમામ મહાન શક્તિઓમાં જે આ સૌથી મહાન શક્તિ છે તે જેમનામાં હોય, તેમને નાપસંદ કરવાનું કશું કારણ હોઈ શકે જ નહિ. તેમનામાં જો બીજી કોઈ ઊણપ જણાતી ન હોય, તો તેમને હંમેશાં અગ્રસ્થાન મળવું જોઇએ.

(૪૮૫) મેં કહ્યું: ત્યારે ધારો કે તેઓ આ તથા બીજા ઉત્કર્ષોનો સંયોગ કેટલે અંશે સાધી શકે છે એ હવે આપણે નક્કી કરીએ તો?

જરૂર.

આપણે પહેલાં કહ્યું હતું તેમ ફિલસૂફનો સ્વભાવ કેવો હોઈ શકે તે શરૂઆતમાં સ્પષ્ટ કરવું જોઈએ. આપણે એને (ફિલસૂફને)

સમજવો જોઈએ, અને એ રીતે એને સમજ્યા પછી જ, હું ભુલતો ન હોઉં તો આપણે સ્વીકાર પણ કરીશું કે એ તમામ ગુણોનું સંયોજન શકય છે, તથા એવું સંયોજન જેમનામાં હોય તેઓ અને માત્ર તેઓ જ રાજ્યના શાસનકર્તા થઈ શકે.*

એટલે ?

આપણે માની લો કે ઉત્પત્તિ અને લયથી મુક્ત એવા (બ) શાશ્વત સ્વરૂપનું દર્શન કરાવે એ પ્રકારના જ્ઞાનને જ ફિલસૂફોનું માનસ હંમેશાં ચાહે છે.

કબૂલ.

મેં કહ્યું: અને આ ઉપરાંત તેઓ ખરા સમસ્ત સતના જ અનુરાગી હોય છે એ વિશે પણ આપણે એક મત થઈશું; એવો એક પણ મોટો કે નાનો, ઓછો કે વત્તો માનનીય ભાગ નથી કે જેને પોતાની રાજીખુશીથી—આપણે અગાઉ+ કામી અને મહત્ત્વાકાંક્ષી માણસ વિશે કહ્યું હતું તેની જેમ—એ તજી દેવા તૈયાર હોય.

ખરું.

અને આપણે જે રીતનું એમનું વર્ણન કરીએ છીએ (ક) એવા જ જો એમણે થવાનું હોય, તો એક બીજો ગુણ પણ શું એમનામાં ન હોવો જોઈએ ?

એ કયો ?

સચ્ચાઈ: તેઓ કદી ખરાદા પૂર્વક અસત્યને પોતાના ચિત્તમાં સ્થાન નહિ આપે, કારણ અસત્યને તો તેઓ ધિક્કારે છે, અને તેઓ સત્યને ચાહશે.

હા, એમને વિશે એટલું આપણે કદાચ ખુશીથી કહી શકીએ ખરા.

મેં જવાબ વાળ્યો: મારા મિત્ર, 'કદાચ' એ શબ્દ યોગ્ય નથી, એમ કહોને કે એટલું તો આપણે 'ચોક્કસ કહી શકીએ;' કારણ જેને જે વસ્તુ પ્રત્યે સ્વભાવથી જ પ્રેમ હોય, તે વસ્તુ સાથે સંબંધ ધરા-

* મુદ્દો ૧. ફિલસૂફનો સ્વભાવ. + જુઓ ઉપર ૪૭૪ ઇ-૪૭૫ અ-બ.

વતી કે તેના જેવી બીજી વસ્તુઓ પ્રત્યે પણ તેને પ્રેમની લાગણી થયા વગર નહિ રહે.

તેણે કહ્યું: ખરું.

અને સત્યને બાજુ પર રાખીએ તો વિવેકના જેવી બીજી કોઈ વસ્તુ છે ખરી?

હોઈ જ કેમ શકે?

એક ને એક સ્વભાવમાં જ્ઞાન અને અસત્ય એ બે પ્રત્યે અનુરાગ (ડ) હોઈ શકે ખરો?

કદી. નહિ.

ત્યારે વિદ્યાનો ખરો અનુરાગી, પોતાથી બનશે ત્યાં સુધી યુવાવસ્થાની શરૂઆતથી જ સમસ્ત સત્યની ઇચ્છા રાખશે, ખરું ને?

અચૂક.

પણ વળી આપણે અનુભવથી જાણીએ છીએ તે પ્રમાણે, જેની મનઃકામનાઓ અમુક દિશામાં સબળ હોય તેની બીજી દિશા તરફની ઇચ્છાઓ વધારે નિર્બળ હશે જ; કોઈ સ્રોતને જેમ બીજે માર્ગે ખેંચી જવામાં આવે તેમ એ (એની મનઃકામનાઓ) બીજે માર્ગે વહેશે.*

ખરું.

જો એ સાચો ફિલસૂફ હશે અને દંભી નહિ હોય, તો એને વિશે હું એટલું કહી શકું કે—જેની તમામ ઇચ્છાઓ જ્ઞાનના દરેક સ્વરૂપ તરફ ઢળેલી છે તેવાં એ આત્માના સુખમાં મગ્ન રહેશે અને શારીરિક સુખની લાલસા એનામાં ભાગ્યે જ ઉત્પન્ન થશે.

એ તદ્દન નિઃશંક છે

એવો માણસ જરૂર સંયમી હશે જ, અને લોભીથી તદ્દન ઊલટો; કારણ જે હેતુઓને લઈ ને બીજા કોઈ માણસને (ધન) મેળવીને ઉડાવવાની ઇચ્છા થાય તેવા હેતુઓને એના ચારિત્ર્યમાં કશું સ્થાન જ નહિ હોય.

* સરખાવો : ધમ્મપદ cf. Physielogical "theory of drainage" in nerves.

સાવ સાચું.

(૪૮૬) ફિલસૂફના સ્વભાવનું એક બીજું લક્ષણ પણ વિચારવાનું રહે છે.

એ કયું ?

એના મનના કોઈ પણ ગૂઢ ખૂણામાં અનુદારતાને સ્થાન ન હોઈ શકે. દૈવી અને માનુષી—એ બંને વસ્તુસમસ્તને માટે જેનો આત્મા નિરંતર ઝંખ્યા કરતો હોય, તેને મન ક્ષુદ્રતા કરતાં બીજો કોઈ મોટો વિરોધી ગુણ નથી.

તેણે જવાબ આપ્યોઃ તદ્દન ખરું.

તો પછી જેનામાં મનનું (બરોબરનું) ઐશ્વર્ય છે અને જે **સમસ્ત કાલ અને સમસ્ત અસ્તિત્વનો દ્રષ્ટા** છે તે આ મનુષ્યજીવનની કિંમત વધારે શી રીતે આંકે ?

ન જ આંકી શકે.

(બ) અથવા એવો માનવ મૃત્યુને ભયંકર માની શકે ખરો ?

બરોબર નહિ જ.

ત્યારે બીકણ તથા હલકા સ્વભાવ (વાળો માણસ) સાચી ફિલસૂફીમાં કશો ભાગ ન લઈ શકે, ખરું ને ?

અવશ્ય નહિ.

અથવા વળી જેના સ્વભાવમાં જરા પણ વિસંવાદ નથી, જે લોભી, હલકો, બડાઈખોર કે બીકણ નથી—હું પૂછું છું—આવી વ્યક્તિ શું કદી પોતાના વ્યવહારમાં કઠોર કે અધર્મી થઈ શકે ખરી ?

અશક્ય.

ત્યારે કયો માણસ નમ્ર અને ધર્મિષ્ઠ કે જંગલી અને અતડો છે એ તમે તરત પારખી શકશો; યુવાવસ્થામાંથી જ જે લક્ષણો દ્વારા ફિલસૂફીને અનુરૂપ અને ફિલસૂફીના વિરોધી સ્વભાવો વચ્ચે ભેદ પાડી શકાય તે આ લક્ષણો છે.

બરોબર.

(ક) એક બીજા મુદ્દાની નોંધ અહીં કરવી જોઈએ.

કયા મુદ્દાની ?

એને વિદ્યાના ઉપાર્જનમાં આનંદ ઉપજે છે કે નહિ—તે; કારણ જે વિષય તરફથી દુઃખ જ ઉપજતું હોય અને જેમાં કેટલીયે હાડમારી પછી થોડીક જ પ્રગતિ થઈ શકતી હોય તેવા વિષયને કોઈ ચાહશે નહિ.

અવશ્ય નહિ જ.

અને વળી જો ભણેલું બધું ભૂલી જાય એવો એ હોય, તો એ બાલી ઘડા જેવો રહેશે, ખરું ને ?

એમાં સંશય નથી.

(આમ ભણવાની) ફોગટ મહેનત કર્યા પછી, પોતાનો ફલહીન ધંધો તથા પોતાની જાત બંનેને એ ધિક્કારે એવું પરિણામ આવશે ?

હા.

(ડ) ત્યારે જે આત્મા ભૂલકણો હોય તેને ખરા ફિલસૂફ સાથે આપણે સરખાવી ન શકીએ; ફિલસૂફની સ્મરણશક્તિ સારી હોવી જોઈશે, એટલું તો આપણે ભાર દઈને કહેવું જોઇએ.

જરૂર.

અને ફરી એક વાર (આપણે કહીશું કે) વિસંવાદી અને અવિનીત સ્વભાવ માત્ર અ-પ્રમાણ તરફ જ ઢળે છે.

નિઃશંક.

અને તમે શું ધારો છો—સત્યને સપ્રમાણ કે અ-પ્રમાણ સાથે વધારે સાદૃશ્ય છે ?*

સપ્રમાણ સાથે.

ત્યારે આપણે એવી વ્યક્તિ શોધી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ કે જેનામાં બીજા ગુણો હોય તે ઉપરાંત બધી વસ્તુઓના ખરા

* સરખાવો 'ફાયલિબસ', તથા ' રિપબ્લિક' પરિ. ૪-૪૮૬ ડ

સ્વરૂપ તરફ આપોઆપ વળે એવું—સ્વભાવથી જ પ્રમાણુગ્રહ અને પ્રસાદવાળું ચિત્ત પણ હોય.

(૬) વારુ, અને આ જે ગુણો આપણે ગણાવી ગયા તે બધા શું સાથે જ નથી રહેતા; વળી જે સત્ છે તેના સિદ્ધ અને સંપૂર્ણ સહભાગી જે આત્માને થવું હોય, તે આત્માને એક દૃષ્ટિએ આ બધા ગુણો શું જરૂરના નથી ?

(૪૮૭) તેણે જવાબ આપ્યો: એ (બધા) તદ્દન આવશ્યક છે જ. અને જેને સારી સ્મરણશક્તિ વરેલી છે, અને (અભ્યાસમાં જેની બુદ્ધિ તીક્ષ્ણ છે એટલે કે જે ગમે તે વિષયને) જલદી શીખી શકે છે—તથા આ ગુણોની સાથે સંબંધ ધરાવતા બીજા ગુણો જેવા કે સત્ય, ધર્મ, શૌર્ય, સંયમ, એ તમામ ગુણોનો જે મિત્ર છે, અને કુલિન તથા પ્રસાદવાળો છે—માત્ર આવો માણસ જેનો અભ્યાસ કરી શકે એ વિષય શું અનિંદ્ય હોવો ન જોઈએ ?

તેણે કહ્યું : ઈર્ષ્યાનો દૈત્ય જાતે આવે તો પણ આવા વિષયમાંથી કશી ખોડ શોધી શકે નહિ.

અને મેં કહ્યું : એના જેવા માણસો જ્યારે ઉમ્મર તથા કેળવણીથી પૂરા સિદ્ધ બને, ત્યારે તમે રાજ્યનો વહીવટ આવાને જ સોંપશો, ખરું ને ?

(બ) અહીં એડેઈમેન્ટસ વચ્ચે પડ્યો અને બોલી ઊઠ્યો : સોક્રેટિસ, આ કથનોનો કોઈ ઉત્તર આપી શકે જ નહિ,* કારણ જ્યારે તમે આ રીતે વાત કરો છો, ત્યારે તમારા શ્રોતાઓના મન પર કોઈ વિલક્ષણ લાગણી ફરી વળે છે. એમને લાગે છે કે પ્રશ્નો પૂછવામાં અને તેમના જવાબો આપવામાં તેઓ પૂરતા કુશળ નથી, તેથી દલીલમાં પ્રત્યેક પગલે તેઓ થોડા ઊંધે રસ્તે દોરાય છે; આ બધું થોડું થોડું (ધીમે ધીમે) ભેગું થાય છે, અને ચર્ચાને અંતે તેમણે કોઈ

* સરખાવો નીચે ૫૦૬ બ-ક

જબરી હાર ખાધી હોય એમ તેમને લાગે છે અને એમના અગાઉના તમામ ખયાલો ઊંધા વળી ગયા હોય એમ ભાસે છે. વાઘબકરીની રમતમાં કોઈકે પ્રવીણ ન હોય અને અંતે એના કુશળ પ્રતિપક્ષીઓ એને મ્હાત કરી દે અને એક પણ ચાલ એને માટે બાકી ન રહે, (ક) તેમ અહીં પણ છેવટે ઘેરાઈ ગયા હોય એમ તેમને લાગે છે; કારણ આ નવી રમતમાં હારજીતનાં પ્યાદાં શબ્દો છે, તેથી એમને કંઈ જ કહેવાનું રહેતું નથી; અને છતાં આખી દલીલ દરમિયાન તેઓ જ ખરા હોય છે. હાલ જે બની રહ્યું છે તે પરથી મને આ સૂઝ્યું છે. જો કે દલીલને દરેક પગલે તમારી સામે શબ્દોથી લડી શકાય એમ નથી છતાં અમારામાંથી હરકોઈ પણ કહેશે કે કેળવણીના એક વિભાગ તરીકે માત્ર યુવાવસ્થામાં જ નહિ, પણ ઉત્તરાવસ્થાના વ્યવસાય તરીકે જ્યારે ફિલસૂફીના ઉપાસકો તેનો અભ્યાસ ચાલુ રાખે છે, ત્યારે તેમાંના ઘણા પૂરા બદમાશો એમ ન કહીએ તોયે (ડ) વિચિત્ર રાક્ષસો તો થઈ જાય છે, અને એવા અભ્યાસીઓમાંના જેમને આપણે સારામાં સારા ગણીએ તેઓ—તમે જે વિષયનાં આટલાં વખાણ કરો છો તેના જ અભ્યાસને લીધે દુનિયાને માટે તદ્દન નકામા બની રહે એટલું એ સ્પષ્ટ જુએ છે.

વારુ, અને જેઓ આમ કહે છે એ ખોટું કહે છે એમ શું તમે માનો છો ?

તેણે જવાબ વાળ્યો; હું કહી શકતો નથી; પણ તમારો શો અભિપ્રાય છે તે મારે જાણવું છે.

તો મારો જવાબ સાંભળોઃ હું માનું છું કે તેઓ તદ્દન ખરું કહે છે.

(ઢ) ત્યારે જો ફિલસૂફો નગરો(ના વહીવટ) માટે તદ્દન નકામા છે એમ આપણે સ્વીકારેલું છે, તો જ્યાં સુધી ફિલસૂફો રાજ્ય નહિ કરે ત્યાં સુધી નગરોમાં રહેલું અનિષ્ટ નાબૂદ નહિ થઈ શકે એ તમારી ઉક્તિ તમે કેવી રીતે સાબીત કરી શકશો ?

મેં કહ્યું: તમે એવો સવાલ પૂછો છો કે એનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા જ આપી શકાય.

ભલે સૉક્રેટિસ (તમારી મરજી) અને (પણ) હું ધારું છું કે એ રીતે વાત કરવાનો તમને બિલકુલ અભ્યાસ નથી.

મેં કહ્યું: હતાશ કરી નાંખે એવી ચર્ચામાં મને પટકી પાડ્યો તેથી તમે અત્યંત ખુશ થઈ ગયા છો એ (૪૮૮) હું જોઉં છું: પણ હવે દૃષ્ટાંત સાંભળો, અને પછી મારી કલ્પનાશક્તિનું દારિદ્ર્ય જોઈને વળી તમે વધારે ખુશ થશો: કારણ સૌથી શ્રેષ્ઠ વ્યક્તિઓ તરફ એમના પોતાના રાજ્યમાં જે વર્તન ચલાવવામાં આવે છે, એ એટલું તો શોચનીય છે કે આ દુનિયાની બીજી એક પણ બાબત તેની સાથે સરખાવી શકાય એમ નથી; અને આથી જો મારે તેમની વકીલાત કરવાની હોય, તો મારે જોડી કાઢેલી વાર્તાનો જ આશ્રય લેવો પડે, અને ચિત્રોમાં જેમ (અરધું) બકરું અને (અરધું) હરણ એવાં કાલ્પનિક સંયોજનો યોજી કાઢવામાં આવે છે તેવી જ રીતે મારે પણ ઘણી વસ્તુઓ એકઠી મૂકીને જ કોઈ આકૃતિ ઉપજાવી કાઢવી પડશે. ધારો કે એક કાફલો કે વહાણ છે, અને એમાં બીજા (ક) તમામ ખલાસીઓ કરતાં વધારે ઊંચો અને મજબૂત એક કપ્તાન છે, પણ એ જરા કાને કહેણ છે, એને આંખે પણ જરા એવી જ ખોડ છે, અને નૌકાચલન શાસ્ત્રનું એનું જ્ઞાન પણ એવું જ છે. વહાણને કેમ હંકારવું એ બાબત ખલાસીઓ અંદર અંદર ઝઘડે છે—કોઈએ જો કે એક દિવસ પણ નૌચલનવિદ્યાનો અભ્યાસ કર્યો નથી, તથા પોતે કયારે શીખ્યો કે એને કોણે શીખવ્યું એ કહી શકે એમ નથી, છતાં સુકાન હાથમાં લઈ વહાણ હંકારવાનો પોતાને હક્ક છે, એમ દરેક માને છે, અને વધારામાં સૌ એમ પ્રતિપાદન કરે છે કે એ (વિદ્યા) શીખવી શકાય જ નહિ, અને જે કોઈ એમની વિરુદ્ધ (ક) બોલે તેના તેઓ ટુકડે ટુકડા કરી નાંખવા તૈયાર છે. (આમ છતાં) સુકાન પોતાને સોંપી દેવાની આજીજી કે પ્રાર્થના કરતા, તેઓ કપ્તાનની આજુબાજુ ટોળે મળે

છે; અને કોઈ વાર જો તેઓ (તેમાં) ફલીભૂત ન થાય અને એમને છાંડી બીજાઓને એ કામ માટે પસંદ કરવામાં આવે, તો તેમને કાં તો તેઓ મારી નાંખે છે અને નહિ તો દરિયામાં ફેંકી દે છે, તથા સૌથી પહેલાં ઉદાર કપ્તાનની શુદ્ધિને દારુથી અથવા કોઈ કેફી પદાર્થથી જડ કરી દીધા પછી બળવો કરી તેઓ વહાણનો કબજો લે છે અને ભંડાર લૂંટે છે; તેમના તરફથી આપણે જે રીતની અપેક્ષા રાખી શકીએ તે રીતે તેઓ ખાતાપીતા તેમની મુસાફરીમાં આગળ વધે છે. (ડ) જબરદસ્તીથી કે ફોસલામણીથી કપ્તાનના હાથમાંથી વહાણનો કબજો તેમના હાથમાં આવે એ પ્રકારના તેમના કાવતરામાં જે માણસ સામેલ હોય અને જેણે તેમાં હોંશિયારીથી મદદ કરી હોય, તેવાને તેઓ ખલાસી કે સુકાની કે બાહોશ દરિયાખેડનાર તરીકે નવાજે છે, અને જે બીજા જાતના માણસને તેઓ નકામો ગણે છે તેને તેઓ ગાળો ભાંડે છે—(એટલે કે જે ખરો ખલાસી અને સુકાની છે તેને); પણ જો કોઈ વહાણ પરના અધિકાર માટે ખરેખર યોગ્ય બનવા ઇચ્છતો હોય, તો ખરા સુકાનીએ પવનની દિશા, તારા, આકાશનો રંગ, ઋતુ અને વર્ષ તથા બીજું જે કંઈ એના શાસ્ત્રમાં આવી જતું હોય તે દરેક પર તેણે ધ્યાન આપવું જોઈએ, અને બીજાઓને ગમે કે ન ગમે પણ તેણે જ સુકાની થવું (ઢ) જોઈએ—અધિકાર તથા સુકાનીની કલાનું જ્ઞાન એ એનો આ યોગ શકય છે એ વિશે આ લોકોએ કદી ગંભીરતા-પૂર્વક વિચાર કર્યો નથી, અથવા (આવી શકયતાને) એમના ધંધાનું એક અંગ બનાવી દેવામાં આવ્યું નથી. (૬૮૯) હવે જે કાફલામાં બળવો ફાટી નીકળ્યો હોય, તેવા કાફલામાં તથા જે ખલાસીઓએ બળવો કર્યો હોય, તેવાઓને ખરો સુકાની કેવો લાગશે? શું એને તેઓ ખાલી બડબડ કરનાર, તારોડિયાં જોનાર અને નાલાયક નહિ કહે?

ઍડેઈમેન્ટસે કહ્યું: જરૂર.

મેં કહ્યું: ત્યારે રાજ્ય સાથેના ખરા ફિલસૂફના સંબંધનું વર્ણન કરતી આ ઉપમાની તમને સમજૂત આપવાની ભાગ્યે જ જરૂર પડશે,

કારણ તમે કુચારના સમજી ગયા છો.

જરૂર.

ત્યારે ધારો કે ફિલસૂફોને પોતાનાં નગરરાજ્યોમાં માન મળતું નથી એ જોઈને જે ગૃહસ્થને નવાઈ લાગે છે તેની પાસે હવે તમે આ દૃષ્ટાંત લઈ જઓ છો; અને એને તમે સમજાવો અને એના મનમાં ઠસાવવા પ્રયત્ન કરો કે એમને જો (ब) (અત્યારના સંજોગોમાં) માન મળતું હોય તો તે અત્યંત અસાધારણ ગણાય.

હું તેમને સમજાવીશ.

એને કહો કે ફિલસૂફીના શ્રેષ્ઠ ભક્તો બાકીની દુનિયા માટે નકામા છે એમ માનવામાં એ ભૂલ કરતો નથી; પરંતુ સાથે સાથે તેને એમ પણ કહો કે તેમની અનુપયોગિતાનું કારણ તેમના પોતામાં નથી, પણ લોકો તેમનો ઉપયોગ કરતા નથી એ દોષને તે આભારી છે. ખલાસીઓ પોતાનો હુકમ માને એવી નમ્રતાપૂર્વક સુકાનીએ અરજ કરવાની નથી—કુદરતનો નિયમ કંઈ આવો નથી: તેમજ 'વિવેકી પુરુષોએ ધનવાનને ઘેર જવાનું' નથી—મૂળ કહેવતને જોડી કાઢનાર કોઈ બુદ્ધિશાળી માણસ તો જુઠ્ઠું જ બોલ્યો હતો—પણ ખરું તો એ છે કે જ્યારે કોઈ માણસ માંદો હોય, પછી ભલે એ (क) તવંગર કે ગરીબ હોય, ત્યારે એણે વૈદ્ય પાસે જવું જોઈએ, અને જે પોતા પર રાજ્ય કરાવવા ખુશી હોય તેણે જે કોઈ રાજ્ય કરવા શક્તિમાન હોય તેની પાસે જવું જોઈએ. જો કે મનુષ્ય જાત પર જેઓ અત્યારે શાસન કરે છે તેમની જાત જુદી છે, તોપણ (એટલું તો ખરું છે કે) જેને કંઈક પણ સારી રીતે રાજ્ય કરતાં આવડે છે, તેણે પોતાને રાજ્ય કરવા દે એવી પ્રજાને અરજ કરવાની નથી; તેમને (આધુનિક શાસનકર્તાઓને) બળવાખોર ખલાસીઓ સાથે અને ખરેખરા સુકાનીને —જેને તેઓ નકામા અને તારોડિયા જોનાર કહે છે તેમની—ખરા ફિલસૂફની સાથે જરા પણ અન્યાય કર્યા સિવાય આપણે સર-ખાવી શકીએ.

તેણે કહ્યું: બરાબર એમ જ.

આ કારણોને લીધે તથા આવા માણસો(ના સમાજ)માં, જે સૌથી શ્રેષ્ઠ વિષય છે તે ફિલસૂફીના વિરોધી પક્ષના માણસો તેની બહુ (ઙ) ઊંચી કિમત આંકે એ સંભવિત નથી; આનો અર્થ એવો નથી કે તેના પ્રતિપક્ષીઓ એને સૌથી મહાન અને ચિરસ્થાયી હાનિ પહોંચાડે છે; પરંતુ (ઉલટું) જેઓ તેના અનુયાયીઓ હોવાનો દાવો કરે છે, જેમાંની ઘણી મોટી સંખ્યા રખડુ લુચ્ચાઓની છે, તથા જેમાંના સારામાં સારા તદ્દન નકામા છે (તેમના તરફથી ફિલસૂફીને મહાન હાનિ પહોંચે છે) અને એ અભિપ્રાયમાં હું સંમત છું.

હા.

અને જેઓ સારા છે તેઓ શા માટે નકામા છે એનું કારણ હવે તો સ્ફુટ થઈ ગયું, ખરું ને?

ખરું.

ત્યારે સમાજના મોટા ભાગમાં સડો રહેવાનો જ અને જેમ પેલો બીજો દોષ ફિલસૂફીને માથે આપણે ચડાવતા (ઙ) નથી, તેમ આનો દોષ પણ તેને માથે આપણે નહિ ઓઢાડીએ એટલું સાબીત કરવા આપણે હવે આગળ ચાલીશું, ખરું ને?

અચૂક.

અને સૌથી પહેલાં નમ્ર તથા ઉદાર સ્વભાવના વર્ણનથી શરુ કરીને આપણે પ્રશ્ન પૂછીશું અને વળતો જવાબ (૪૯૦) આપીશું. તમને યાદ હશે કે એને (ખરા ફિલસૂફને) દોરનાર સત્ય હતું, અને હરહંમેશ તમામ બાબતમાં એ તેને જ અનુસરતો; જો આટલું એનામાં ન હોય તો એ ધૂતારો છે, અને ફિલસૂફી સાથે એને કશો સંબંધ નથી.

હા, એ કહેવાઈ ગયું છે.

વારુ અને અત્યારે એના (ફિલસૂફને) વિશે જે ખયાલો પ્રચલિત

છે તેનાથી બીજા અત્યંત વિરોધી ગુણો આપણે ગણાવવાનું મોકૂફ રાખીએ તોપણ શું (સત્યને ન અનુસરવાનો) આ એક ગુણ અત્યંત વિરોધી નથી ?

તેણે કહ્યું: ૪૩૨.

અને ફિલસૂફના બચાવમાં શું આપણને એટલું કહેવાનો અધિકાર નથી કે જ્ઞાનનો ખરો અનુરાગી હરહંમેશ સત્ને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે—એટલે કે એ એનો સ્વભાવ છે; વ્યક્તિઓનું (અર્થાત્* "નામરૂપજગત"નું) જે અનેકત્વ માત્ર ભાસમાન છે ત્યાં એ નહિ વિરમે, પરંતુ એ આગળ વધશે—(૫) અને જ્યાં સુધી દરેક સત્ત્વના ખરા સ્વભાવના જ્ઞાનને (એ–જ્ઞાનની)–સમાન–(ભૂમિકાની) અને સધર્મી એવા આત્મામાં રહેલી શક્તિ દ્વારા એ નહિ મેળવે, ત્યાં સુધી એની (જિજ્ઞાસાની) તીક્ષ્ણ ધાર કુંઠિત થશે નહિ, તેમ જ એની ઇચ્છાનો વેગ કમી થશે નહિ—અને એ શક્તિ દ્વારા સત્ની (ભૂમાની) પોતાની સમીપ એ જશે, એને મળશે, અને તેની સાથે એ તદાકાર થશે તથા સત્યની તથા ચિત્તની એ ભૂમિકાએ પહોંચીને તેને જ્ઞાન પ્રાપ્ત થશે અને (આ રીતે) જીવન ગાળશે તથા ખરેખરો વિકાસ સાધશે, ત્યારે જ એ પોતાની પ્રસૂતિની વેદનામાંથી મુક્ત થશે અને ત્યાર પહેલાં એ કદી જંપીને નહિ બેસે.

તેણે કહ્યું: આનાથી વધારે યોગ્ય વર્ણન એનું થઈ શકે જ નહિ.

અને અસત્ય પ્રત્યેના પ્રેમનો થોડો પણ અંશ ફિલસૂફના સ્વભાવમાં હોઈ શકે ? શું એ અસત્યને સર્વાંશે ધિક્કારશે નહિ ?

(ક) એ ધિક્કારશે જ.

અને સત્યને જ જો કપ્તાનનું પદ મળ્યું છે તો જે ટોળીનો એ નેતા છે તેનામાં કશું અનિષ્ટ હોય એવી શંકા આપણે કરી શકીએ નહિ.

અશક્ય.

ધર્મ તથા ચિત્તનું આરોગ્ય તો એ મંડળીમાં હશે જ, અને સંયમ પણ એમની પાછળ પાછળ આવશે ?

---

* અર્વાચીન યુરોપીય ફિલસૂફો આ સ્થળે Phenomena શબ્દ વાપરે.

તેણે જવાબ આપ્યોઃ ખરું.

તેમજ તમને અચૂક યાદ છે તેમ શૌર્ય, ઐશ્વર્ય, બુદ્ધિ, સ્મરણ-શક્તિ એ ફિલસૂફને સ્વભાવથી જ મળેલી સિદ્ધિઓ છે, તો ફિલસૂફના સદ્‌ગુણોને હારબંધ ગોઠવી બતાવવાનું કશું કારણ નથી. અને જો કે મેં એ કહ્યું ત્યારે કોઈ (ડ) પણ તેની ના ન પાડી શક્યું, તો પણ તમે વાંધો ઉઠાવ્યો કે જે આપણે શબ્દોને છોડીને વસ્તુસ્થિતિ શી છે તે તરફ નજર કરીએ, તો જે લોકોનું આ રીતે વર્ણન કરવામાં આવે છે તેમાંના કેટલાએક દેખીતી રીતે નકામા છે અને તેમાંની મોટી સંખ્યા સર્વાંશે દુષ્ટ છે; ત્યાર પછી આ દોષોનાં કારણો શોધવા આપણે નીકળ્યા, અને અત્યારે તો આપણો એ પ્રશ્ન ચાલે છે કે સમાજનો મોટો ભાગ ખરાબ શા માટે છે—જે પ્રશ્નને લઈને વળી પાછા આપણે ખરા ફિલસૂફની વ્યાખ્યા અને વિચારણા પાસે જરૂર આવી લાગ્યા છીએ.

બરાબર.

અને હવે ફિલસૂફના સ્વભાવમાં રહેલા સડા વિશે આપણે વિચાર કરવાનો છે* સડામાંથી કેમ થોડાક જ બચવા પામે છે, અને ઘણા શા માટે ખરાબ થઈ જાય છે (૪૯૨)—જેમને દુષ્ટ નહિ પણ નકામા કહેવામાં આવે છે તેમને વિશે હું બોલું છું—અને એ મુદ્દો પૂરો કરીશું ત્યાર પછી આપણે ફિલસૂફીનું અનુકરણ કરનારાઓ—જે ધંધો તેમનાથી ઘણો જ ઉચ્ચ છે, અને જેને માટે તેઓ નાલાયક છે—તે ધંધાની જેઓ આશા રાખી બેસે છે તે કઈ જાતના માણસો છે તે વિશે અને પછી તેમની અસંખ્ય અસંગતિઓને લીધે, આપણે જે વિશે વાત કરીએ છીએ તે સર્વમાન્ય આક્ષેપ તેઓ ફિલસૂફી પર અને તમામ ફિલસૂફો ઉપર કેવી રીતે લાદે છે તે બાબત વાત કરીશું.

તેણે કહ્યું : આ સડા કયા ?

---

* મુદ્દો ૨. વિકૃત માનવ સ્વભાવ અને ફિલસૂફી

હું એ તમને સમજાવી શકું છું કે નહિ તેનો પ્રયત્ન કરી જોઈશ. સૌ કોઈ કબૂલ કરશે કે જે ગુણો ફિલસૂફમાં હોવા જોઈએ તે તમામ ગુણો પરિપૂર્ણ રીતે (કોઈ એક જ વ્યક્તિના) (ખ) સ્વભાવમાં વસેલા હોય એ એટલી વિરલ વસ્તુ છે કે માણસોમાં ભાગ્યે જ મળી આવે.

દુર્લભ ખરી જ.

અને આવા વિરલ સ્વભાવનો નાશ કરે એવાં કેટલાં અસંખ્ય અને બળવાન કારણો મળી આવે છે !

કયાં કારણો ?

સૌથી પ્રથમ સ્થાને તો તેના પોતાના જ સદ્‌ગુણો આવે છે, તેમનાં શૌર્ય, સંયમ અને બાકીના ગુણો, જેમાંનો પ્રત્યેક ગુણ પ્રશંસનીય છે તે દરેક (અને આ સૌથી વધારે વિચિત્ર ઘટના છે) જે આત્મા એનો સ્વામી છે તેને ફિલસૂફીમાં જતાં વિક્ષેપ નાંખે છે, અને એનો નાશ કરે છે-

તેણે જવાબ આપ્યોઃ એ બહુ જ વિચિત્ર

(ક) ત્યાર પછી જીવનની તમામ ઇષ્ટ વસ્તુઓ આવે છે—સૌંદર્ય, સંપત્તિ, બલ, હોદ્દો, અને રાજ્યમાં (લાગવગવાળા) મોટા સંબંધો—એ જાતની વસ્તુઓ તમને પરિચિત છે—આની અસર પણ વિક્ષેપ અને સડો પેદા કરવાની હોય છે,

હું સમજું છું, પણ એ વિશે તમે શું કહેવા માગો છો તે મારે વધારે સ્પષ્ટતાથી જાણવું છે.

મેં કહ્યું : સત્યસમસ્તનું તમે ગ્રહણ કરો અને તે પણ ખરી રીતે; તો પછી મારી અગાઉની ઉક્તિઓને સમજવામાં તમને મુશ્કેલી નહિ પડે તથા તમને એ વિચિત્ર લાગશે પણ નહિ.

તેણે પૂછ્યુંઃ અને હું એ કઈ રીતે ગ્રહણ કરી શકું ?

(ડ) મેં કહ્યુંઃ કેમ, આપણે જાણીએ છીએ કે તમામ અંકુર કે બીજ, પછી એ વનસ્પતિનાં હોય કે પ્રાણીનાં—પણ જે તેને યોગ્ય

પોષણ, આબોહવા કે જમીન ન મળે તો જેટલે અંશે તેમની શક્તિ વધારે તેટલે અંશે યોગ્ય પરિસ્થિતિના અભાવનું સંવેદન તેને ઘણું જ વધારે થાય છે; કારણ જે કંઈ ઇષ્ટ નથી (જે કંઈ અનિષ્ટ છે) તેના કરતાં, જે કંઈ ઇષ્ટ છે તેનો વધારે મોટો શત્રુ અનિષ્ટ છે.

સાવ સાચું.

વધારે હલકટ સ્વભાવવાળા માણસો કરતાં સારામાં સારા સ્વભાવવાળા માણસોને વિરોધી સંજોગોમાં વધારે હાનિ થાય છે, એમ માનવું સકારણ છે, કારણ એ બે વચ્ચેનો તફાવત વધારે મોટો છે.

જરૂર.

(૬) અને એડેઈમેન્ટસ શું આપણે એમ ન કહી શકીએ, કે જેમનું સૌથી વધારે શક્તિસંપન્ન ચિત્ત હોય છે તેઓને જ્યારે ખરાબ શિક્ષણ મળે છે ત્યારે તેઓ દુષ્ટોમાં અગ્રગણ્ય થાય છે? મહાન ગુન્હાઓ તથા નિર્ભેળ દુષ્ટતાની મનોવૃત્તિ કોઈ પ્રકારની ક્ષુદ્રતામાંથી ઉત્પન્ન થાય, તેના કરતાં (ક) શિક્ષણથી પાયમાલ થયેલા સ્વભાવના પૂર્ણત્વમાંથી તે શું નથી ઉગી નીકળતાં; કારણ નિર્બળ સ્વભાવનાં માણસો ઘણું મોટું ઇષ્ટ કે ઘણું મોટું અનિષ્ટ સાધવાને ભાગ્યે જ શક્તિમાન હોય છે?

એ તમે ખરું કહ્યું એમ હું માનું છું.

(૪૯૨) અને આપણો ફ્રિલસૂફ એ જ ઉદાહરણને અનુસરે છે— જો એને યોગ્ય પોષણ આપવામાં આવે, તો તમામ સદ્‌ગુણો તેનામાં ઊગે અને પરિપક્વ થાય એવો એ છોડ છે, પરંતુ જો તેને પ્રતિકૂલ જમીનમાં વાવવામાં કે રોપવામાં આવે અને જો કોઈ દૈવી શક્તિ એનું રક્ષણ ન કરે તો એ સૌથી વધારે ઉપદ્રવ કરનાર છોડ બને છે. ઘણી વાર લોકો કહે છે તેમ શું તમે ખરેખર માનો છો કે આપણા યુવાનોમાં સોફિસ્ટ લોકોએ સડો પેસાડ્યો છે, અથવા આપણે ખૂલ્લે ખૂલ્લું કહેવું પડે તેટલે અંશે શું કલાના ખાનગી (બ) શિક્ષકોએ તેમને બગાડ્યા છે? જે લોકો આમ કહે છે તેઓ પોતે શું મોટામાં મોટા

સોફિસ્ટો નથી? તથા તેઓ પણ શું યુવાન કે વૃદ્ધને, શું પુરુષ કે સ્ત્રીને એકસરખી રીતે (પોતાના ખયાલ પ્રમાણેનું) શિક્ષણ આપી (એમની હમે) પૂર્ણ બનાવતા નથી તથા તેમના હૃદયની ઇચ્છાનુસાર શું તેમને ઘડતા નથી?

તેણે કહ્યું: આવું તે વળી કયારે કરાય છે?

જ્યારે તેઓ ભેગા મળે, અને (આખી) દુનિયા કોઈ સભામાં કે કાયદાની કોર્ટમાં, કે રંગભૂમિમાં અથવા કોઈ બીજા લોકપ્રિય સ્થાનમાં બેસે, અને ત્યાં મોટો કોલાહલ થાય, તથા ત્યાં જે કંઈ બોલાતું હોય કે કરાતું હોય તેની કોઈ બાબતોનાં તેઓ વખાણ કરતા હોય, અને બીજી બાબતોને વખોડતા હોય, અને બૂમો મારતા તથા (ક્ર) હાથથી તાળીઓ પાડતા બંને બાબતોની એકસરખી રીતે અતિ-શયોક્તિ કરતા હોય, અને તેઓ જ્યાં એકઠા થયા હોય તે જગ્યાએથી અને ખડકોમાંથી આવતો પડઘો તેમનાં વખાણના કે નિંદાના શોરને દ્વિગુણિત કરતો હોય—એવે વખતે, તેઓ કહે છે તેમ, એક યુવાન માણસનું હૃદય તેની પોતાની અંદર શું નહિં નાચી ઊઠે? આકુળ-વ્યાકુળ કરી નાંખે તેવાં લોકપ્રિય અભિપ્રાયના પૂરની સામે કોઈ પણ ખાનગી શિક્ષણ, તેને (પોતાના અભિપ્રાયમાં) શું દૃઢ રાખી શકશે? અથવા શું તે પ્રવાહમાં તણાઈ નહિ જાય? પ્રજા પાસે સામાન્ય રીતે જે સારા અને ખોટાના ખયાલો હોય છે તે જ શું તે નહિ ગ્રહણ કરે—જેમ તેઓ કરતા હશે તેમ જ તે કરશે. અને જેવા તેઓ હશે તેવો જ એ થશે, નહિં વારુ?

(ડ) હા સોક્રેટિસ; (અમુક) આવશ્યકતા જ એને એવા ફરજ પાડશે.

મેં કહ્યું: અને આનાથી કયાંય વધારે જબરી આવશ્યકતા છે જેનો હજી ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી.

એ કઈ?

તમે જાણો છો કે જ્યારે તેમના શબ્દો (કંઈ પણ અસર

ઉત્પન્નવવા) અશક્ત નીવડે છે ત્યારે આ સમસ્ત સમાજ જે પોતે આવા નવા સોફિસ્ટો તથા કેળવણીકારો હોવાનો દાવો કરે છે એ કાં તો વ્યક્તિ પર કલંક લગાડીને અથવા (એની મિલકત) જપ્ત કરીને કે પછી દેહાંત દંડ આપીને પોતાનું મંદ બળ લાગુ પાડે છે.

સાચ્ચે તેઓ એમ કરે છે; અને તે પણ ખરેખરા ઉત્સાહમાં!

અસમાન પક્ષો વચ્ચેની આવી લડતમાં હરકોઈ બીજા સોફિસ્ટનો કે કોઈ બાનગી વ્યક્તિનો કયો અભિપ્રાય આની સામે ટકી શકે એમ આશા રાખી શકાય?

(ટ) તેણે જવાબ આપ્યોઃ કોઈ જ નહિ.

મેં કહ્યું: નહિ જ. વળી એવો પ્રયત્ન કરવો તે પણ એક મોટી મૂર્ખાઈ છે; સદ્‌ગુણની બાબતમાં લોકમત-આપે-છે-તે-કરતાં-જુદું-શિક્ષણ-મળ્યું-હોય તેવું ભિન્ન પ્રકારનું ચારિત્ર્ય[1] છે નહિ, થયું નથી, તેમ જ કદી થાય એમ પણ સંભવિત લાગતું નથી.—મારા મિત્ર, હું માત્ર માનવી સદ્‌ગુણ વિશે બોલું છું; કહેવતમાં છે તે પ્રમાણે, જે કંઈ માનવી સદ્‌ગુણ કરતાં વિશેષ છે તેનો આમાં સમાવેશ થતો નથીઃ કારણ રાજ્યોની હાલની અનિષ્ટ દશામાં, આપણે ખરેખાત કહી શકીએ કે જે કશાનું રક્ષણ થાય છે અને જે કંઈ ઇષ્ટ થાય છે તે બધું (માણસની નહિ પણ) ઈશ્વરની શક્તિથી રક્ષાય છે* અને આપણે એમ ન માનીએ તો અજ્ઞાની (૪૯૩) કહેવાઈએ.

તેણે જવાબ આપ્યો: હું તદ્દન સંમત છું.

ત્યારે આ પછી આવતા નિરીક્ષણ માટે પણ હું તમારી સંમતિ યાચું છું.

તમે શું કહેવા માગો છો?

કેમ — કારણ જેમને ઘણાઓ સોફિસ્ટો કહે છે, અને પોતાના દુશ્મનો માને છે, તે તમામ ભાડુતી લોકો, વસ્તુતઃ અનેકના (લોકોના)

---

૧. અહીં ગ્રીક પાઠાન્તર વિશેની એક નોંધ છે.

* સરખાવો ઉપર પરિ. ૨—ઈશ્વરકૃપાના ઉલ્લેખ માટે.

અભિપ્રાય સિવાય એટલે કે તેમની સભાઓના (સમૂહોના) અભિપ્રાયો સિવાય બીજું કશું શિખવાડતા નથી, અને આને તેઓ 'વિવેક' કહે છે! (જ્યારે ફિલસૂફીનાં જ્ઞાન અને વિવેક તો એનાથી તદ્દન નિરાળાં જ છે.) જે જબરદસ્ત બળવાન પશુને× (સમાજને) પોતે પોષે છે, તેની ઇચ્છાઓ અને મનોવૃત્તિઓનો જે માણસ પોતે અભ્યાસ કરતો હોય (ત્ર) તેવા માણસની સાથે હું તેમને સરખાવું છું—એની પાસે કયારે જવું, અને કેવી રીતે કામ લેવું તથા કયે વખતે અને કયાં કારણોસર એ ભયંકર કે એથી ઉલટું (નમ્ર) બને છે અને એની અનેક ચીસોનો શો અર્થ થઈ શકે તથા જ્યારે બીજા કોઈ અમુક અવાજો કાઢે ત્યારે તે શાંત થાય છે કે ગુસ્સે થાય છે—એ બધું એને શીખવાનું છે: અને તમે વધારામાં એટલું માની લેજો કે એ પશુની સતત સેવા કરીને જ્યારે એને આ બધાનું પૂર્ણ જ્ઞાન મળે છે ત્યારે તેને એ 'વિવેક' કહે છે. અને જો કે જે સિદ્ધાન્તો કે ઉદ્દામ લાગણીઓ વિશે પોતે બકવાટ કરે છે તેના અર્થનો એને ખરેખરો ખયાલ નથી, અને એ માત્ર જબરા પશુની વૃત્તિઓ કે રુચિઓ અનુસાર, આને પ્રતિષ્ઠિત અને તેને અપ્રતિષ્ઠિત, ઇષ્ટ અથવા અનિષ્ટ, કે ધર્માનુસાર કે અધર્માનુસાર કહે છે; આમ છતાં એ પોતાના (ક્ર) (અજ્ઞાનમય અભિપ્રાય રૂપી) જ્ઞાનનું એક તંત્ર રચે છે અને એ શિખવાડવા માંડે છે. જેમાં એ પશુને આનંદ આવે તેને 'સારું' અને જે એને ન ગમતું હોય તેને એ 'ખરાબ' કહે છે. અને ધર્મ તથા ઉદારતા આવશ્યક છે તે સિવાય એ વસ્તુઓનું બીજું કશું નિરૂપણ કરી શકતો નથી, કારણ એણે પોતે એ કદી જોયાં નથી, તથા એ (પ્રતિષ્ઠિત અને અપ્રતિષ્ઠિત વગેરે) વચ્ચે જે મહાન અંતર છે તે બીજાઓને સમજાવવાની એનામાં શક્તિ નથી! ઈશ્વરના કસમ, શું આવો કેળવણીકાર દુર્લભ નથી?

દુર્લભ ખરો જ!

અને જે કોઈ એમ ધારતો હોય કે શું ચિત્રકળામાં કે શું (ડ

× સરખાવો ૪૨૬; તથા ૫૮૮–The Many-headed Hydra

સંગીતમાં અથવા છેવટ રાજકારણમાં—વિવિધ (પ્રકારના લોકોના બનેલા આ) સમૂહની રુચિઓ અને વૃત્તિઓની પારખ—એ જ વિવેક છે તે માણસ હું જેનું વર્ણન કરી રહ્યો છું તેનાથી કઈ રીતે જુદો પડે છે? કારણ જ્યારે માણસ અન્—એકની સાથે પ્રેમ અને સહવાસ રાખતો હોય, અને પોતાની કવિતા કે કલાની બીજી કૃતિ, કે રાજ્યની એણે જે સેવા કરી હોય તેનું એમની આગળ પ્રદર્શન કરતો હોય, અને તેમને એના ન્યાયાધીશો બનાવવાનો પોતા પર કશો લાગો ન હોય છતાં તે એમ કરતો હોય, ત્યારે લોકો જેની પ્રશંસા કરતા હોય તે જ વસ્તુઓ ઉત્પન્ન કરવાની ડાયોમીડની કહેવાતી (ખોટી) આવશ્યકતા એને ફરજ પાડશે. અને આમ છતાં પ્રતિષ્ઠા તથા સારાપણા વિશેના તેમના પોતાના ખયાલોના સમર્થનમાં તેઓ તદ્દન હાસ્યાસ્પદ કારણો રજુ કરે છે એ સિવાયનાં બીજાં કારણો તમે કદી સાંભળ્યાં છે?

(ફ) ના, મને જે સંભળાયા કરે છે તેનાથી ભિન્ન સાંભળીશ એવો સંભવ પણ નથી.

હું જે કહું છું એનું સત્ય તમે સ્વીકારો છો ખરું ને? ત્યારે સુંદર વસ્તુઓના કરતાં પરમ સૌંદર્યના અસ્તિત્વમાં, અથવા દરેક જાતની અનેક વસ્તુઓના કરતાં દરેક જાતમાં રહેલા પરમ (૪૯૪) તત્ત્વમાં * માનવા દુનિયા કદી લલચાશે કે નહિ એ વધારાના પ્રશ્ન પર વિચાર કરવા તમને હું કહું છું!

અવશ્ય નહિ જ.

ત્યારે આખી દુનિયા ફિલસૂફ બની જાય એ શક્ય નથી!

અશક્ય.

અને તેથી ફિલસૂફો અવશ્ય દુનિયાની નિંદાને પાત્ર થઈ પડે જ.

થઈ પડવા જ જોઈએ.

અને જે લોકો ટોળાની સાથે ભમ્યા કરે છે અને એમને ખુશ કરવાની તક શોધ્યા કરે તેવા છે—તે?

* સરખાવો ઉપર ૪૨૭ ફ; નીચે ૫૦૧ અ, બ; ૫૯૬ અ વગેરે.

(તેવા એમ જ કરે) એ સ્પષ્ટ છે.

ત્યારે ફ્રિલસફ્રને ઠેઠ સુધી એના વ્યવસાયમાં સુરક્ષિત રાખી શકાય એવો કોઈ ઉપાય તમને સૂઝે છે? (બ) અને આપણે એને વિશે જે કહેતા હતા એટલું તમે યાદ રાખજો—કે એનામાં ત્વરા (તીવ્ર બુદ્ધિ), સ્મરણશક્તિ, શૌર્ય અને ઐશ્વર્ય હોવાં જોઈએ—આને આપણે ખરા ફ્રિલસફ્રની શક્તિઓ તરીકે સ્વીકારી હતી.

હા.

ખાસ કરીને જો એની શારીરિક શક્તિઓ તેની માનસિક શક્તિઓ જેવી જ હશે, તો બાલ્યાવસ્થાની શરૂઆતથી એવો માણસ દરેક બાબતમાં સૌથી પહેલેા શું નહિ આવે?

તેણે કહ્યું: જરૂર.

અને તેના મિત્રો તથા પુરવાસીઓ, તે મોટો થશે ત્યારે પોતાના જ હેતુઓ સાધવા શું એવા નમૂનેદાર યુવકનો ઉપયોગ નહિ કરે?

એમાં સવાલ જ નહિ.

(ક) એને પગે પડીને તેઓ એને વિનંતી કરશે, અને તેને માન આપશે તથા એની ખુશામત કરશે, કારણ એક દિવસ જે સત્તા એને મળવાની છે તે સત્તા અત્યારે તેમને પોતાના હાથમાં રાખવી છે.

તેણે કહ્યું: એવું ઘણી વાર બને છે.

અને એ જેવો છે તેવો માણસ, જો કોઈ મોટા નગરનો વાસી હોય—તવંગર અને ઉમદા તથા કદાવર અધિકારી યુવાન હોય તો એવા-સંજોગોમાં એ શું કરે એમ શક્ય લાગે છે? શું અસંખ્ય મહત્ત્વા-કાંક્ષાઓ એનામાં નહિ હોય, અને હેલેનિક તથા જંગલી લોકોની તમામ બાબતોની વ્યવસ્થા કરવાને પોતે શક્તિમાન છે એમ શું એ નહિ માની બેસે, અને આવા ખયાલો (ડ) એના મગજમાં ભરાઈ જશે તેથી ખાલી દમામ તથા અર્થહીન મગરૂરીના ભરાવાથી એ શું ફુલાઈ નહિ જાય, અને પોતાની જાતને ટોચે નહિ ચડાવી દે?

જરૂર એ એમ કરશે જ.

હવે જ્યારે એની મનોદશા આવી થઈ ગઈ હશે, ત્યારે જો કોઈ નમ્રતાથી તેની પાસે આવે અને તેને કહે કે "તું તો મૂર્ખ છે અને (કારણ) તારે તો એવું જ્ઞાન મેળવવું જોઈએ કે જે માત્ર પરિશ્રમથી જ મેળવી શકાય છે"—તો તમે એમ માનો છો કે આવા વિપરીત સંજોગોમાં આ બાબતો સાંભળવા એને સહેલાઈથી આકર્ષી શકાશે?

તેનાથી એ ક્યાંયે દૂર રહેશે.

અને પોતાના સાહજિક સારપણ કે સ્વાભાવિક સમજુપણાને (ફ) લીધે જો કોઈની આંખ ઉઘડે, અને એવો વિરલ યુવક નમ્ર બને તથા ફિલસૂફીનો દાસ થઈ જાય, તો પણ જ્યારે એના મિત્રોને એમ લાગે કે એની મૈત્રીને લીધે તેઓ જે લાભ લણવાની આશા રાખે છે એ તમામ તેઓ ગુમાવી બેસે એવો સંભવ છે, ત્યારે તેઓ (એની સાથે) કેવી રીતે વર્તશે? પોતાના ઉચ્ચતર સ્વભાવને એ પોતે નમતું આપે તેની અટકાયત કરવા માટે તથા એના શિક્ષકને (એટલે કે આત્માના ઉચ્ચતર તત્ત્વને) નિર્બલ કરવા માટે, પોતાનો હેતુ સાધવા બાનગી બટપટો તેમ જ જાહેર કાવાદાવા કરી તેઓ શું ગમે તેમ નહિ બોલે અને કરે?

(૪૯૫) એ વિશે કશી શંકા જ ન હોઈ શકે.

અને જે કોઈ આવા સંજોગોમાં આવી પડ્યો હોય તે કદી કેવી રીતે ફિલસૂફ થઈ શકે?

અશક્ય.

ત્યારે જે ગુણો માણસને ફિલસૂફ બનાવે છે તે ને તે ગુણો—જો તેને ખરાબ શિક્ષણ મળે તો, ધનસંપત્તિ અને તેની સહચારી વસ્તુઓ તથા જીવનની બીજી કહેવાતી ઇષ્ટ વસ્તુઓ જેટલા જ—એને ફિલસૂફીથી દૂર લઈ જશે એમ કહેવામાં આપણે શું ખરા નહોતા?

આપણે તદ્દન ખરા હતા.

મારા શ્રેષ્ઠ મિત્ર, તમામ વિષયોમાં સૌથી સારી (એવી ફિલસૂફીને) (બ) અનુરૂપ સ્વભાવોમાં, હું વર્ણન કરું છું તેવાં, તમામ

વિનાશ અને વિફલતા આ રીતે ઉત્પન્ન થાય છેઃ * ગમે તે કાલમાં આપણે જેને દુર્લભ માની શકીએ એવા એ સ્વભાવો છે; એ એવો વર્ગ છે કે તેમાંથી રાજ્યોને તથા વ્યક્તિઓને મહાનમાં મહાન અનિષ્ટ કરનારાઓ અને ભરતીનું વહેણ તેમને જ્યારે બીજી (શુદ્ધ) બાજુ લઈ જાય ત્યારે મહાનમાં મહાન ઇષ્ટના સાધનારાઓ પણ એમાંથી જ નીપજે છે; કારણ કોઈ અલ્પ માનવ, શું વ્યક્તિઓના કે શું રાજ્યોના સંબંધમાં કોઈ મહાન (ઇષ્ટ કે અનિષ્ટ) વસ્તુનો કર્તા થયો હોય એમ બન્યું નથી.

તેણે કહ્યુંઃ એ સૌથી સાચું છે.

અને તેથી ફિલસૂફી નિર્જન જેવી શૂન્ય થઈ ગઈ છે, એનો (ક) લગ્નવિધિ અધૂરો રહ્યો છે; કારણ એના પોતાના માણસો પડી ભાંગ્યા છે, અને તેમણે એનો ત્યાગ કર્યો છે, અને જ્યારે તેઓ દૂષિત અને અયોગ્ય જીવન ગુજારે છે, ત્યારે એના કોઈ સંબંધીઓ એનું રક્ષણ કરવા ઊભા નથી એ જોઈને નાલાયક માણસો અંદર દાખલ થાય છે અને તેની લાજ લૂંટે છે; અને તમે કહો છો તેમ એને દોષ દેનારાઓ જે ઠપકો આપે છે અને જે એમ પ્રતિપાદન કરે છે કે એના ભક્તોમાંના કેટલાએક નકામા છે, અને એમાંના ઘણાને તો સખ્ત શિક્ષા થવાની જરૂર છે, તે તમામ દોષો પેલા નાલાયક લોકો જ એના પર ઓઢાડે છે.

લોકો એમ જ કરે છે.

*મેં કહ્યુંઃ હા, અને દમામવાળા ખિતાબો અને પ્રતિષ્ઠિત નામોથી સારી પેઠે ભરેલી (ફિલસૂફીની) આ ભૂમિને (ડ) ખુલ્લી (અરક્ષિત સ્થિતિમાં) પડેલી ક્ષુદ્ર પ્રાણીઓ જુએ અને જેલમાંથી કેદીઓ છૂટીને કોઈ પવિત્ર મંદિરમાં ધાડ પાડે તેમ તેઓ પોતાના ધંધા છોડીને ફિલસૂફીના ક્ષેત્રમાં કૂદી પડે,—અને જેઓ આવી રીતે વર્તે છે તેઓ કદાચ

*પ્રોફે. નેટલશિપના અભિપ્રાયાનુસાર આખા 'રિપબ્લિક'ના આઠમા ભાગમાં પ્લેટોની અંગત લાગણીઓ વ્યક્ત થાય છે.

પોતાના ક્ષુદ્ર ધંધાઓમાં સૌથી વધારે પ્રવીણ હોય છે—આ વિશે જ્યારે તમે વિચાર કરો ત્યારે તમે બીજા કયા પરિણામની આશા રાખી શકો? કારણ ફિલસૂફીની આવી દુરાવસ્થા થઈ છે તોપણ જે બીજી કળાઓમાં નથી દેખાતો તેટલો મહિમા હજી તેનામાં રહ્યો છે. અને આ રીતે તેમના ધંધાઓ અને (નાની) કલાઓને લીધે તેમનાં શરીર જેવાં થઈ ગયાં હોય છે,+ તેવા જેમના (ફ) સ્વભાવો અપૂર્ણ છે, અને જેમના આત્માઓ તેમની ક્ષુદ્ર વૃત્તિઓને લીધે કદરૂપ અને વિગલિત થઈ ગયા છે તેવા ઘણાયે તેના તરફ આકર્ષાય છે. આવું બને એ શું અપરિહાર્ય ન ગણાય?

હા.

કોઈ માથે ટાલવાળો નાનો શો કલ્હગિરો જાણે હમણાં જ કારાવાસમાંથી છૂટ્યો હોય અને (કયાંકથી અચાનક) પૈસા મળી ગયા હોય— બરોબર એવા જ શું તેઓ નથી લાગતા? એ નાવણ કરે છે અને નવો કોટ પહેરે છે અને તેના શેઠની જે દીકરી અત્યારે ગરીબ અને નિરાધાર થઈ ગઈ છે તેને જાણે પરણવા જતો હોય એમ વરરાજાની માફક તેને શણગારવામાં આવે છે.

(૪૯૬) બરાબર બંધબેસતું ઉદાહરણ.

એવાં લગ્નોની પ્રજા કેવી થશે? શું તેઓ નીચ અને વર્ણસંકર નહિ થાય?

એ વિશે કશો પ્રશ્ન જ ન કરી શકાય.

અને જેઓ શિક્ષણ માટે નાલાયક છે એવા માણસો ફિલસૂફીની પાસે જાય, જે (ફિલસૂફી)નો હોદ્દો એમના કરતાં ઊંચો છે એની સાથે મૈત્રી કરે, ત્યારે કઈ જાતના વિચારો અને અભિપ્રાયો પેદા થવા સંભવ છે? કાનને પ્રિય લાગે એવાં વાક્છલો જ શું એ નહિ હોય, અને તેમાં ખરું હીર તો નહિ જ અથવા સાચ્ચા વિવેક જેવું કે એને ઉચિત પણ કયું નહિ?

+ જુઓ ૩૫૨ ૩૭૧ Bane of smaller trades.—'Banausia'

તેણે કહ્યું: નિઃશંક.

મેં કહ્યું: ત્યારે, એડેઈમેન્ટસ, બાકી રહેલા થોડાક જ લોકો ફિલસૂફીના અધિકારી છે. (ખ) દૈવવશાત્ કોઈ ઉમદા અને સુશિક્ષિત પુરુષ દેશનિકાલ હોવાને લીધે એની સેવામાં રોકાઈ પડ્યો હોય, અને સડાની અસરના અભાવને લીધે તેના (ફિલસૂફીના) પ્રત્યે એનો ભક્તિ-ભાવ કાયમ રહ્યો હોય; અથવા એક હલકટ નગરમાં કોઈ ઉચ્ચ આત્મા જન્મ્યો હોય અને તેના રાજકારણ પ્રત્યે એને તિરસ્કાર તથા ઉપેક્ષા હોય;* અને શક્તિસંપન્ન થોડા માણસો હોય, જેઓ નાની કલાઓને સકારણ ધિક્કારતા હોય, અને તેને છોડી ફિલસૂફી પાસે આવતા હોય;—અથવા સંજોગવશાત્ આપણા મિત્ર થીજીસની લગામ જેમનો નિગ્રહ (ક) કરતી હોય એવા કોઈ હોય; કારણ થીજીસનાં જીવનની દરેક વિગતે જાણે એને ફિલસૂફીથી દૂર લઈ જવાને કાવતું કર્યું હતું, પરંતુ ખરાબ તબિયતને લીધે એ રાજકારણમાં પડી ન શક્યો. મારો અંતરાત્મા મને અહીં આંતરિક સૂચન કરે છે તે અનુસાર હું મારો પોતાનો દાખલો ટાંકું પણ એમ કરવું ભાગ્યે જ યોગ્ય ગણાય, કારણ કે બીજા કોઈ માણસને એવો નિયંતા જો કદી મળ્યો હોય તો ભાગ્યે જ મળ્યો હશે.+ હવે જેઓ આ નાનાશા વર્ગમાં આવી જાય છે તેમણે ફિલસૂફી કેટલી મધુર અને કલ્યાણપ્રદ વસ્તુ છે તેનો રસાસ્વાદ કરેલો હોય છે; અને જનસમૂહની ઘેલછા પણ પૂરતી જોયેલી હોય છે;× અને તેઓ (ઙ) જાણે છે કે એક પણ રાજદ્વારી પુરુષ પ્રમાણિક નથી, તેમ જ (તેમનામાં) ધર્મનો કોઈ અગ્રણી પણ નથી કે જેને પડખે

* ઉદા. તરીકે સૉક્રેટિસ તથા પ્લેટો પોતે.

+ "Diamonion"—પોતાને કોઈ 'દૈવી અવાજ'ની બક્ષિસ છે એમ સૉક્રેટિસ માનતો. અંતરાત્માનો એ અવાજ માત્ર નકારાત્મક આદેશ જ આપતો.

× જાહેરજીવન વિશેનો પ્લેટોનો અભિપ્રાય.

ઊભા રહી તેઓ લડે અને મોક્ષ મેળવે. જંગલી પશુઓની વચ્ચે કોઈ માણસ આવી ચડ્યો હોય—તેવાની સાથે આપણે આવા માણસની સ્થિતિ સરખાવી શકીએ—એ પોતાની આજુબાજુના લોકોની દુષ્ટતામાં ભાગ નહિ લે, પરંતુ તેમના બધાના ક્રૂર સ્વભાવોની સામે થવા એ એકલો શક્તિમાન પણ નહિ હોય, અને તેથી—પોતે રાજ્યને કે પોતાના મિત્રોને કશા ઉપયોગમાં આવી શકે એમ નથી તે જોઈને, તથા પોતાનું કે બીજાઓનું કંઈ પણ ભલું કર્યા સિવાય એને પોતાની જીંદગી વેડફી નાખવી પડશે એમ ધારીને—તે મૌન સેવે છે, અને પોતાને રસ્તે જાય છે. સખત પવનથી ધકેલાતા ધૂળ અને કરાના તોફાનમાં કોઈ માણસ દિવાલને ઓથે રક્ષણ માટે ઊભો રહે એના જેવો એ છે; અને બાકીની મનુષ્યજાત દુષ્ટતાથી (૬) ભરપૂર છે એમ જોઈને, જો પોતે માત્ર પોતાનું (વિશિષ્ટ) જીવન ગાળી શકે અને અનિષ્ટ અથવા અધર્મથી મુક્ત રહી શકે તથા ઉજ્જ્વલ આશાઓમાં (દરેકનું) ભલું ઇચ્છતો શાંતિમાં આ દુનિયા છોડી શકે, તો એ સંતુષ્ટ રહેશે.

તેણે કહ્યું: હા, અને જતાં પહેલાં એણે મહાન કાર્ય સાધ્યું હશે.

મહાન કાર્ય—હા; પણ સૌથી મહાન કાર્ય તો નહિ, સિવાય (૪૯૭) કે એને પોતાને અનુકૂળ રાજ્ય મળી રહે; કારણ જે રાજ્ય એને અનુકૂળ હોય તેમાં એ વધારે વિશાળ વિકાસ સાધી શકશે, અને પોતાનો તેમજ પોતાના દેશનો તારણહાર બનશે.

ફિલસૂફીને આટલું ખરાબ નામ શા માટે વળગી રહ્યું છે તેનાં કારણો હવે તો પૂરતાં સ્ફુટ કરવામાં આવ્યાં છે; એની સામે જે જે આક્ષેપો મૂકવામાં આવ્યા છે તેમાં રહેલો અન્યાય બતાવવામાં આવ્યો છે—આથી વધારે કશું કહેવાની તમારી ઇચ્છા છે?

તેણે જવાબ આપ્યો: એ વિષય ઉપર કંઈ વધારે નહિ; પરંતુ હાલ જે રાજપદ્ધતિઓ પ્રવર્તે છે તેમાંની કઈ પદ્ધતિ તમારા અભિપ્રાયાનુસાર ફિલસૂફીને અનુકૂળ છે?

(બ) મેં કહ્યું: એમાંની એકે નહિ; હું એ બધાની વિરુદ્ધ જે

આક્ષેપ મૂકું છું તે બરાબર આ જ છે—એમાંની એકે ફિલસૂફના સ્વભાવને યોગ્ય નથી, અને તેથી જ એ સ્વભાવ (ફિલસૂફીથી) અળગો થઈ જાય છે અને દૂષણોવાળો થાય છે: જેવી રીતે કોઈ વિલક્ષણ બીજને વિદેશી ભૂમિમાં રોપવામાં આવ્યું હોય અને તે પોતાનો સ્વભાવ ખોઈ બેસે, અને નવી જમીનમાં એ આખું હારી જાય તથા પોતાની જાતને ગુમાવી બેસે, તેવી જ રીતે ફિલસૂફના સ્વભાવનો, (એના પોતાના) વ્યવસાયમાં વિકાસ સધાવાને બદલે, અધોગતિ થાય છે, અને એ (ક) જુદું (વિકૃત) સ્વરૂપ પકડે છે. પરંતુ ફિલસૂફીમાં પોતામાં જે પૂર્ણતા છે એવી પૂર્ણતાવાળું રાજ્ય જો એને કદી સાંપડે, તો એટલું દેખાઈ આવશે કે એ ખરેખર દિવ્ય છે અને બીજી બધી વસ્તુઓ, પછી ભલે એ માણસોના સ્વભાવો હોય કે સંસ્થાઓ હોય તો પણ તે બધી માનુષી છે;—અને હવે, એ રાજ્ય તે કયું, એ પ્રશ્ન તમે પૂછવાના છો એની મને ખબર છે.

તેણે કહ્યું: ના, એ તો તમે ખોટા પડ્યા, કારણ હું બીજો જ પ્રશ્ન પૂછવાનો હતો—આપણે જે રાજ્યના સ્થાપકો અને શોધકો છીએ એ જ એ રાજ્ય કે કોઈ બીજું?

મેં જવાબ આપ્યો: હા, ઘણે અંશે આપણું; પણ મેં અગાઉ કહેલું એ તમને યાદ હશે, કે કાયદા ઘડનાર તરીકે તમે નિયમો (એક પછી એક) મૂકતા હતા, ત્યારે બંધારણના જે તત્ત્વથી તમે દોરાતા હતા (ડ) તે જ તત્ત્વ પોતામાં હોય એવા કોઈ જીવન્ત અધિકારી પુરુષની રાજ્યમાં હરહંમેશ જરૂર રહેશે.

તેણે જવાબ આપ્યો: એ કહેવાઈ ગયું છે.

હા, પણ સંતોષકારક રીતે નથી કહેવાયું; તમે અમને વચ્ચે વાંધાઓ ઉઠાવીને બીવડાવી દીધા, અને એ વાંધાઓથી એટલું અવશ્ય દેખાઈ આવ્યું કે ચર્ચા બહુ જ લાંબી અને કઠણ થઈ પડે એમ છે* અને જે બાકી રહ્યું છે તે સહેલું નથી પણ તેનાથી ઊલટું અઘરું જ છે.

* જુઓ ઉપર ૪૩૫-ક–ડ નીચે પ૦૪ ડ.

બાકી શું રહ્યું છે?

ફિલસૂફીનો અભ્યાસક્રમ+ એવી કઈ રીતે ગોઠવવો કે જેથી એ રાજ્યને વિનાશકર્તા ન થાય એ પ્રશ્ન. બધા મહાન પ્રયત્નો કરવામાં જોખમ રહેલું છે; લોકો કહે છે તેમ ઇષ્ટની પ્રાપ્તિ કઠિન છે×

(૬) તેણે કહ્યું: તો પણ એ મુદ્દો આપણે સ્પષ્ટ કરવો જોઈએ અને ત્યાર પછી નિરૂપણ પૂર્ણ થશે.

મેં કહ્યું: મને (એ કાર્યમાં) જો કંઈ વિઘ્ન નડશે, તો ઇચ્છાના અભાવનું એ વિઘ્ન નહિ હોય, પણ મારી શક્તિની ઊણપને લીધે હું કદાચ અચકાઉં: તમે પોતે મારો ઉત્સાહ જોઈ શકશો; અને હું જ્યારે જાહેર કરું છું કે રાજ્યોએ ફિલસૂફીનું પરિશીલન કરવું જોઈએ, અને તે પણ તેઓ હાલ જે રીતે કરે છે તે રીતે નહિ, પણ જુદી જ મનોવૃત્તિથી, ત્યારે હું એ કેટલી દૃઢતાથી અને નિશ્ચયથી કહું છું તેની તમે કૃપા કરી નોંધ લેશો.

કઈ (જુદી) રીતે?

(૪૬૮) મેં કહ્યું: અત્યારે ફિલસૂફીના વિદ્યાર્થીઓ તદ્દન જુવાન હોય છે: તેમની બાલ્યાવસ્થા ભાગ્યે જ પસાર થઈ હોય ત્યારથી શરૂ કરીને, પૈસા કમાવામાંથી અને ઘર ચલાવવામાંથી જેટલો વખત બચે તેટલો જ માત્ર એવા અભ્યાસની પાછળ તેઓ ગાળે છે; અને ફિલસૂફીનો પ્રાણ પોતામાં સૌથી વધારે ઉતાર્યો છે એવી જેમની પ્રતિષ્ઠા બંધાયેલી હોય તેઓ પણ જ્યારે એ વિષયના અત્યંત કઠિન (અંગ) એટલે કે આન્વીક્ષીવિદ્યા* પાસે આવે છે ત્યારે તેઓ નાસી જાય છે. તેમની ઉત્તરાવસ્થામાં કોઈ બીજો એમને આમંત્રણ આપે તો

+ મુદ્દો ૩. ફિલસૂફીનો અભ્યાસક્રમ.

× 'Hard is the good'—જુઓ ઉપર પૃ. ૨૧૩-૪૩૫-ક: તથા તેની ફૂટનોટ: ઇષ્ટ એટલે સૌંદર્ય પણ.

* 'Dialektikē' first mentioned: સરખાવો ઉપર: પરિ. ૫-૪૫૪; તથા નીચે ૬-૪૯૯.

તેઓ કદાચ જાય અને ભાષણ સાંભળે, અને આટલું કરે તો પણ પોતે જાણે બહુ કરી નાંખ્યું હોય એવો તેઓ ડોળ કરે છે. કારણ એમનો ઉચિત વ્યવસાય ફિલસફી હોય એમ તેઓ કંઈ માનતા નથી; છેવટે જ્યારે તેઓ વૃદ્ધ થાય ત્યારે (ઞ) હીરેકલેઈટોસનો સૂર્ય ઓલવાઈ જતો તેના કરતાં વધારે ખરા અર્થમાં તેમાંના ઘણાખરા ઓલવાઈ જાય છે, કારણ ફરી પાછા એ કદી પ્રજ્વલિત થતા નથી.

ત્યારે એમણે કયો ક્રમ સ્વીકારવો જોઈએ ?

એનાથી તદ્દન ઉલટો. બાલ્યાવસ્થા તેમજ યુવાવસ્થામાં એમનો અભ્યાસ અને જેટલું ફિલસૂફીમાંથી તેઓ શીખે તે એમની કુમળી વયને યોગ્ય હોવાં જોઈએ. આ વર્ષો દરમિયાન જ્યારે તેઓ પ્રૌઢતા મેળવવા વિકાસ કરતા હોય, ત્યારે તેમનાં શરીરોની ખાસ વિશિષ્ટ સંભાળ લેવી જોઈએ, કે જેથી તેઓ ફિલસૂફીની સેવા કરી શકે; પછી જેમ જેમ તેમનું વય વધતું જાય અને એમની બુદ્ધિ પરિપક્વ થતી જાય, તેમ તેમ ભલે તેઓ આત્માની કેળવણી વધારતા જાય; પરંતુ જ્યારે આપણા પુરવાસીઓના શારીરિક બળનાં વળતાં પાણી આવે, અને સિનલશ્કરી તથા લશ્કરી ફરજો અદા ન કરી શકે, ત્યારે ભલે તેઓ સ્વૈરવિહાર કરે અને (ક) કશી સખત મજૂરીવાળાં કામ માથે ન લે, કારણ આપણો હેતુ એ છે કે આ દુનિયામાં તેઓ સુખેથી રહે અને હવે પછીની જીંદગીમાં* પણ આવું જ સુખ મેળવી જીંદગીને સાર્થક કરે.

તેણે કહ્યું : સોક્રેટિસ, તમે ખરેખર બહુ જ ઉત્સાહમાં આવી ગયા છો એની મને ખાત્રી છે; અને છતાં હું જો ભૂલ કરતો ન હોઉં તો તમારા શ્રોતામાંના ઘણા તમારી સામે વિરોધ કરવા જતાં એથી પણ વધારે ઉત્સાહમાં આવી જાય એ સંભવિત છે, કારણ આ એમને ગળે કદી નહિ ઉતરે; થ્રેસીમેકસને તો સૌથી ઓછું.

મેં કહ્યું : થ્રેસીમેકસ અને હું—જો કે ખરેખર અમે કદી (ડ)

* જુઓ નીચે ૬૦૮ ક

દુશ્મનો તો નહોતા જ, તો પણ અમે હજી હમણાં જ મિત્રો થયા છીએ, તો તમે અમારી વચ્ચે ઝઘડો ઊભો ન કરો; કારણ એને અને બીજા માણસોને મારા મતના હું ન કરું અથવા (મૃત્યુ બાદ) તેઓ પુનર્ જીવિત થાય અને કોઈ બીજા પ્રકારના જીવનમાં આવી જ ચર્ચા કરે એ દિવસે એમને લાભ થાય એવું હું કંઈ ન કરું ત્યાં સુધી હું ખૂબ મહેનત કર્યા જ કરીશ

બહુ નજીકના ભવિષ્ય વિશે તમે વાત કરતા હો એમ લાગતું નથી.

મેં જવાબ આપ્યો; હું તો ઉલટો એ કાળની વાત કરું છું કે જે અમરત્વની સરખામણીમાં તો કંઈ વિસાતમાં નથી. છતાં ઘણા આ બધું માનવાની ના પાડે તો મને કંઈ આશ્ચર્ય થતું નથી; કારણ આપણે જે વિશે અત્યારે વાત કરીએ છીએ એ સિદ્ધ થયેલું એમણે કદી જોયું નથી; (૬) આપણા શબ્દોમાં જે સ્વાભાવિક એકતા છે તેવાં નહિ પણ કૃત્રિમ રીતે શબ્દોને ભેગા મૂકયા હોય એવા ફિલસૂફીના માત્ર લૌકિક અનુકરણને જ તેમણે જોયું છે. પરંતુ જે મનુષ્ય, પોતાને શક્ય હોય તેટલે અંશે, સદ્‌ગુણની સપ્રમાણતા અને આકૃતિમાં (મનસા) વાચા અને કર્મણા સંપૂર્ણ ઘડાયો હોય—જે નગરરાજ્યનું સ્વરૂપ એના જેવું ન હોય તેવા રાજ્યમાં આવા માણસને શાસન કરતાં તેમણે કદી જોયો (૪૯૬) નથી, તેમાંના ઘણાએ નહિ—એટલું જ નહિ પરંતુ એકે યે પણ નહિ—એમણે કદી જોયું હોય એમ શું તમે માનો છો ?

બરોબર ના.

ના, મારા મિત્ર—અને મુક્ત અને ઉદાર મનોભાવોનું નિરૂપણ જો તેમણે સાંભળ્યું હોય તો ભાગ્યે જ સાંભળ્યું હશે; ઉદાહરણ તરીકે, જે વિતંડાનો અંત અભિપ્રાય*અને ઝઘડામાં જ આવે છે—પછી ભલે એ —કાયદાની કોર્ટમાં થતી હોય કે સમાજમાં—પણ તેવી (વિતંડાની) બારીકીઓ તરફ ઉદાસીન રીતે જોતાં જ્યારે તેઓ જ્ઞાનની ખાતર, તેમનામાં શક્તિ હોય તે બધા ઉપાયો અજમાવતા ઉત્સાહભેર સત્યને

* અભિપ્રાય અજ્ઞાનનું પરિણામ છે. જુઓ—ઉપર પૃ. ૨૦૧, ૪૨૯—કની ફૂટનોટ.

શોધતા હોય તેવે વખતે (જે મનોભાવો) માણસ વ્યક્ત કરે છે તેવા—

તેણે કહ્યું: તમે જે (માનવ ચિત્તના) ઉચ્ચ વ્યાપાર વિશે વાત કરો છો તેનો એમને સ્વપ્ને પણ ખ્યાલ હોતો નથી.

અને આ આપણે અગાઉથી જાણી ગયા હતા, અને જ્યાં (ચ) સુધી ફિલસુફોના જે નાના વર્ગને આપણે દુષ્ટ નહિ પણ નિરુપયોગી ગણ્યો હતો એ વર્ગને ઇચ્છાએ કે અનિચ્છાએ પણ રાજ્યની સંભાળ રાખવાની વિધિવશાત્ ફરજ પાડવામાં ન આવે, તથા એમનું આજ્ઞા-પાલન કરવાની રાજ્ય ઉપર પણ એવી જ આવશ્યકતા મૂકવામાં ન આવે, અથવા રાજાઓમાં કે રાજાઓ નહિ તો રાજપુત્રો કે કુમારોમાં દૈવી પ્રેરણાથી ખરી ફિલસુફી માટેનો સાચો પ્રેમ ન જાગે, ત્યાં સુધી નગરો કે રાજ્યો કે વ્યક્તિઓ કદી પૂર્ણત્વને પામી શકશે નહિ એમ જો કે ભીતિપૂર્વક અને સંદિગ્ધ મને સત્યની ખાતર આપણે કબૂલ કરવું પડ્યું તેનું કારણ પણ આ હતું. આ વિકલ્પોમાંનો એક કે પછી બંને અશક્ય છે એવું ભાર દઈને કહેવાની હું જરૂર જોતો નથીઃ જો તે (ક) અશક્ય હોય તો સ્વપ્નમાં અને મનઃસૃષ્ટિમાં વિહાર કરનારાઓ તરીકે આપણી જરૂર તેઓ હાંસી કરે તેમાં કશું ખોટું નથી. કેમ હું ખરું કહું છું ને?

તદ્દન ખરું.

ત્યારે જો ભૂતકાળના અગણિત યુગોમાં, અથવા આ જ ઘડીએ આપણા દૃષ્ટિપથની બહાર, ક્યાંય દૂરના કોઈ પરદેશમાં, * (છ) પૂર્ણતાએ પહોંચેલા ફિલસૂફને રાજ્યનો વહીવટ કરવાની દૈવી શક્તિ ફરજ પાડતી હોય, કે પાડી હોય કે હવે પછી પાડવાની હોય, તો મરવું પડે તો પણ એટલું છાતી ઠોકીને આપણે કહેવા તૈયાર છીએ કે જ્યારે જ્યારે ફિલસૂફીની દેવી રાજ્ઞીપદને પામશે ત્યારે ત્યારે આપણું બંધારણ અસ્તિત્વમાં આવ્યું હશે, આવ્યું છે, અને હા—આવશે.

* વિન્સેન્ટ સ્મિથે નોંધ કરી છે કે લગભગ આ જ કાળમાં હિંદમાં, ફિલસૂફ અને રાજવી બંને એવો—અશોક રાજ્ય કરતો હતો.

આમાં કશું અશકય નથી; બાકી એ મુશ્કેલ છે એ તો આપણે પોતે પણ સ્વીકારીએ છીએ.

તેણે કહ્યું : મારો અભિપ્રાય તમારી સાથે મળતો આવે છે.

પણ (સાધારણ જનસમૂહનો) આવો અભિપ્રાય નથી એમ શું તમે કહેવા માગો છો ?

તેણે જવાબ આપ્યો : હું એ કલ્પી શકતો નથી.

મેં કહ્યું : અરે મારા મિત્ર તમે (સામાન્ય જન) સમૂહ પર આક્રમણ ન કરો. જો (ङ) તમે ક્રોધ કરતા હો એ રીતે નહિ, પણ એમને શાંત કરવા તથા વધારે પડતી કેળવણી માટેનો એમનો અણગમો દૂર કરવા, જેવા તેઓ ખરેખર છે તેવા જ આપણા ફિલસૂફોનું દર્શન કરાવો અને તેમના ધંધાનું તથા ચારિત્ર્યનું તમે આ ઘડીએ જેમ વર્ણન કરતા હતા તેમ જ કરો, તો તેઓ (૫૦૭) પોતાનો અભિપ્રાય બદલશે, અને પછી માણસો જોશે કે તમે જેમની વાત કરો છો તે કંઈ તેઓ ધારતા હતા તેવા નથી—જો તેઓ આ નવી ઢબે તેને જુએ, તો તેઓ જરૂર તેના વિશેનો એમનો પોતાનો ખયાલ બદલશે, અને જુદી જ રીતે જવાબ આપશે.[1] જે એમને ચાહતો હોય તેની સાથે કયો માણસ દુશ્મનાવટ બાંધે,— જે પોતે મુક્ત અને નમ્ર છે તે જેનામાં કશી ઈર્ષ્યા નથી તેની કયાંથી ઈર્ષ્યા કરશે ? ના, તમારે બદલે હું જ જવાબ આપીશ, થોડાએક લોકોમાં આવી કઠોર મનોવૃત્તિ કદાચ દેખાય, પણ માણસ જાતના મોટા ભાગમાં તો નહિ જ.

તેણે કહ્યું: હું તમારી સાથે સંમત છું.

(ङ) અને હું જે રીતે વિચાર કરું છું તે રીતે શું તમે પણ વિચાર નથી કરતા કે જે ધૂર્ત લોકો કશા આમંત્રણ સિવાય (ફિલસૂફીના) ક્ષેત્રમાં અંદર ઘૂસી જાય છે, અને જેઓ એમને (જનસમૂહના મોટા ભાગને) ગાળો ભાંડતા હોય છે, તથા તેમના ઉપર દોષારોપણ કરીને, બીજા કોઈ (સારા) વિષયની વિગત બાજુએ

૧. અહીં મૂળના પાઠાન્તર વિશે એક નોંધ છે.

મૂકીને અંગત આક્ષેપો જ કરતા હોય છે, તેવા ધૂર્ત લોકોને લીધે ઘણાના મનમાં ફિલસૂફી પ્રત્યેની કઠોર લાગણી પેદા થાય છે? અને ફિલસૂફોમાં આવી મનોવૃત્તિ હોય તો એ બહુ અનુચિત ગણાય.

એ તો અત્યંત અનુચિત છે.

કારણ એડેઈમેન્ટસ, જેનું ચિત્ત ખરા સત્‌માં* સ્થિર થયેલું છે તેને જરૂર દુનિયાદારીની વિગતોમાં ઉતરવાનો અથવા લોકોની સાથે ઝઘડીને ઈર્ષ્યા કે દ્વેષ કરવાનો વખત ન જ મળે; (ક) અચલ અને અમર વસ્તુઓ તરફ એની નજર રહેલી હોય છે અને જે (તત્ત્વોને) એ–જુએ છે તેમને (બીજા કશાથી) કશી હાનિ પહોંચતી નથી, તેમ એક બીજાને તેઓ હાનિ કરતાં નથી, પરંતુ બુદ્ધિતત્ત્વાનુસાર તે નિયમિત રીતે ચલાયમાન હોય છે; આનું ફિલસૂફ અનુકરણ કરે છે, અને બને તેટલી પોતાની જાતને એ એના જેવી કરશે. જેની સાથે સત્કારપૂર્વક કોઈ માણસ સંભાષણ કરતો હોય, એનું અનુકરણ કર્યા સિવાય શું એનાથી રહેવાશે ખરું?

અશક્ય.

અને ફિલસૂફ (આ તત્ત્વોના) દિવ્ય નિયમ સાથે વાર્તાલાપ કરતો હોય છે તેથી જેટલે અંશે માનવ સ્વભાવ નિયમબદ્ધ અને દિવ્ય થઈ શકે એમ હોય (ડ) તેટલે અંશે એ નિયમબદ્ધ અને દિવ્ય બને છે; પરંતુ દરેક મનુષ્યની માફક એને પણ વિક્ષેપો નડશે.

અલબત્ત.

અને જે (નિયમબદ્ધ તત્ત્વ)ને એ કોઈ અલગ સ્થાનમાં નિહાળતો આવ્યો છે તે અનુસાર માત્ર પોતાની જાતને જ નહિ પણ સામાન્ય રીતે સમસ્ત મનુષ્યસ્વભાવને—પછી ભલે એ રાજ્યોમાં વ્યક્ત થતો હોય કે વ્યક્તિઓમાં, તોપણ તેને—ઘડવાની જો એને ફરજ પાડવામાં આવે, તો તમે શું ધારો છો કે ધર્મ, સંયમ તથા દરેક સામાજિક સદ્‌ગુણના સંબંધમાં એ કોઈ જડ કારીગર (જેવો) નીવડશે?

* 'True being'

જડ તો નહિ જ.

અને જો દુનિયા નજર કરે કે આપણે એને વિશે જે કહીએ (દ્ર) છીએ એ સત્ય છે, તો પછી શું તેઓ ફિલસૂફી પર ગુસ્સે થશે? આપણે જ્યારે એમને કહીએ કે જે રાજ્યને સ્વર્ગીય આદર્શનું અનુકરણ કરીને કલાકારોએ ઘડ્યું નથી તે રાજ્ય કદી સુખી થઈ શકે નહિ, ત્યારે તેમને આપણામાં શ્રદ્ધા બેસશે કે નહિ?

તેણે કહ્યું: જો તેઓ સમજે તો તો ક્રોધ નહિ કરે. પણ (૫૦૧) તમે જે વિશે વાત કરો છો તેની યોજના તેઓ કેવી રીતે ઘડશે?

શરૂઆતમાં તેઓ રાજ્યને તથા લોકોના રીતરિવાજોને લેશે, અને એ જાણે પાટી હોય તેમ તેના પરના ચિત્રને ભૂંસી નાંખશે અને ભોંય ચોખ્ખી કરી મૂકશે. આ કંઈ સહેલું કામ નથી. પણ એ સહેલું હોય કે ન હોય, પરંતુ બીજા દરેક કાયદા કરનાર અને આમની વચ્ચે આ વિષયમાં જ ભિન્નતા દેખાશે,—જ્યાં સુધી તેમને ચોખ્ખી સપાટી ન મળે, અથવા તેઓ પોતે (ભોંયને) ચોખ્ખી ન કરે ત્યાં સુધી વ્યક્તિ કે રાજ્યની સાથે તેઓ કશો પ્રસંગ નહિ પાડે, અને કશા કાયદા નહિ ઘડે*

તેણે કહ્યું: તેઓ એમ કરે એમાં લવલેશ ખોટું નથી.

આટલું કરીને તેઓ બંધારણની રૂપરેખા દોરવા માંડશે?

બેશક.

(ब) અને જ્યારે તેઓ આ કાર્યમાં (રૂપરેખામાં) વિગતો ભરતા હશે ત્યારે હું માનું છું કે તેઓ ઘણી વાર પોતાની નજર ઊંચે અને નીચે નાંખશે; મારો કહેવાનો ભાવાર્થ એ છે કે તેઓ પહેલાં પરમ ધર્મ અને સૌંદર્ય અને સંયમને નીહાળશે, અને પછી વળી (તેની) માનુષી પ્રતિકૃતિ તરફ જોશે; અને માનવની મૂર્તિ ઘડાય એ રીતે જીવનમાં ભિન્ન તત્ત્વોનું તેઓ મિશ્રણ કરશે તથા વત્તાં ઓછાં કરશે; અને જે મૂર્તિ મનુષ્યોમાં હયાતી ધરાવતી હોય ત્યારે હોમર જેને

* જુઓ પરિ : ૧-૪૩૦ અ

ઈશ્વરની પ્રતિકૃતિ અને આકાર કહે છે તેની છાયા અનુસાર તેઓ આ વિશેનો ખયાલ ઘડશે.

તેણે કહ્યું: સાવ સાચું,

અને મનુષ્યની રીતિઓ શકય હોય તેટલે અંશે ઈશ્વરની રીતિને (ક) અનુકૂળ થઈ રહે એ રીતે તેઓ અમુક રેખાને ભૂંસી નાંખશે અને એને બદલે બીજી મૂકશે.

તેણે કહ્યું: ખરેખર, આથી વધારે સુંદર ચિત્ર તેઓ બીજી કોઈ રીતે કરી ન શકે.

મેં કહ્યું: અને હવે આપણી સામે જાણે પૂર જોસબંધ ધસી આવે છે એમ તમે જે (લોકો)નું વર્ણન કરતા હતા, તેમને આટલું સમજાવવાને આપણે શું શરૂઆત નહિ કરીએ કે જે બંધારણોના ચિત્રકાર પર—આપણે રાજ્યનો વહીવટ તેના હાથમાં સોંપ્યો છે તેથી—તેઓ જેની સામે અત્યંત ગુસ્સે થયા હતા તે તો આપણે જેની પ્રશંસા કરી રહ્યા છીએ તેવો છે; અને હમણાં તેમણે જે સાંભળ્યું તે પરથી તેઓ જરા વધારે શાંત પડશે કે નહિ?

જો તેમનામાં જરા પણ સમજણ હોય તો તો ઘણા જ શાંત પડે.

(ડ) કેમ, શું વાંધો ઉઠાવવાનું એકેય કારણ હજી પણ તેમને મળે એમ છે? ફિલસૂફ તો સત્ અને સત્યનો અનુરાગી છે એ બાબત શું તેમને શંકા છે?

તેઓ એટલા અણસમજુ નહિ થાય.

અથવા આપણે એને આલેખ્યો છે તેવો એ છે તો એનો સ્વભાવ ઉચ્ચતમ ઇષ્ટ (શ્રેયસ્) ને અનુરૂપ છે?

આ વિશે પણ તેઓ શંકા નહિ જ કરી શકે.

પણ વળી તેઓ આપણને કહેશે કે એવા સ્વભાવને અનુકૂળ સંજોગો મળી રહે, તો પૂર્ણ રીતે સાધુ અને વિવેકી, એવો જે કદી કોઈ થયો હોય તો, તે શું એવો નહિ થાય? અથવા જેને આપણે બાતલ કર્યા છે તેમને શું તેઓ પસંદ કરશે?

(૬) જરૂર નહિ જ.

ત્યારે આપણે જે એમ કહીએ છીએ કે ફિલસૂફો જ્યાં સુધી રાજ્યકર્તાઓ નહિ થાય ત્યાં સુધી રાજ્યોને અને વ્યક્તિઓને અનિષ્ટમાંથી આરામ મળવાનો નથી, તેમ જ આપણું આ કાલ્પનિક રાજ્ય કદી અસ્તિત્વમાં પણ આવી નહિ શકે,—તે ઉક્તિ પર તેઓ ગુસ્સે નહિ થાય, ખરું ને?

હું માનું છું કે તેમને ઓછો ગુસ્સો ચડશે.

આપણે શું એમ નહિ માનીએ કે તેમનો ગુસ્સો ઓછો છે એટલું જ નહિ પણ તેઓ તદ્દન નમ્ર બની ગયા છે, અને (૫૦૨) તેમણે પોતાનો અભિપ્રાય બદલ્યો છે, તથા કોઈ બીજા કારણસર નહિ, તો માત્ર શરમની ખાતર પણ તેમને સુલેહ કર્યા વગર નહિ ચાલે?

તેણે કહ્યું: અચૂક.

ત્યારે આપણે માની લઈશું કે મતભેદ શમી ગયો છે. હવે આ બીજા મુદ્દાની શું કોઈ ના પાડશે કે એવા રાજપુત્રો કે કુમારો હોય કે જેઓ સ્વભાવથી જ ફિલસૂફો હોય?

તેણે કહ્યું: જરૂર, કોઈ જ ના ન પાડે.

અને જ્યારે તેવાઓનો જન્મ થઈ ચૂક્યો હોય, ત્યારે શું કોઈ એમ કહેશે કે એમનો અવશ્ય નાશ કરવો જોઈએ; (બ) એમનું ભાગ્યે જ રક્ષણ થઈ શકે એની તો આપણે પણ ના નથી પાડતા; પણ આખા ને આખા યુગો દરમિયાન તેમાંનો એક પણ બચી ન શકે—આવું પ્રતિપાદન કરવાનું સાહસ કોણ કરશે?

ખરેખર એ તે કોણ કરે?

મેં કહ્યું: પણ એવો એક જ પૂરતો છે; જેના સંકલ્પબળને આધીન કોઈ નગર હોય—એવો એક પણ માણસ હોય તો બસ છે, અને તો દુનિયા જે આદર્શ રાજવ્યવસ્થાને વિશે આટલી શંકાશીલ છે, તેને એ અસ્તિત્વમાં લાવશે.×

× Cf. The Conception of the Virtuous Tyrant in 'Laws.'

હા, એક બસ છે.

આપણે જે કાયદા અને સંસ્થાઓનું વર્ણન કરતા આવ્યા છીએ તે (બધા) એ શાસ્ત્રકાર (એમના પર) નાંખશે, અને નગરવાસીઓ સ્વેચ્છાએ તેનું પાલન કરે એ સંભવિત છે?

જરૂર.

અને આપણે જેને અનુમતિ આપીએ છીએ, તેને બીજાઓ પણ અનુમતિ આપે એમાં કશો ચમત્કાર કે કશો અસંભવ નથી?

(ક) હું નથી માનતો.

પણ જે કંઈ અગાઉ આવી ગયું તેમાં આપણે પૂરતી રીતે બતાવી આપ્યું છે કે આ બધું જો શકય હોય તો જરૂર ઇષ્ટતમ છે.

આપણે બતાવી આપ્યું છે ખરું.

અને હવે આપણા કાયદાને જો તેઓ અમલમાં મૂકી શકતા હોય તો તે ઇષ્ટતમ છે એટલું જ નહિ, પરંતુ આપણે એમ પણ કહીશું કે એને અમલમાં મૂકવા એ જો કે કઠિન છે તો પણ અશકય નથી.

બહુ સારું.

અને આ રીતે મહેનત અને કષ્ટ વેઠીને આપણે એક વિષયના છેડા સુધી આવી પહોંચ્યા છીએ, પણ ચર્ચામાં જે કંઈ બાકી છે તે તો આથી વધારે છે;—(ડ) બંધારણના તારણહારોને આપણે કયા અભ્યાસ અને વિષયોની મદદથી અને કેવી રીતે પેદા કરીશું તથા તેમનો ભિન્ન ભિન્ન અભ્યાસ કઈ કઈ ઉમ્મરે તેમણે કરવાનો છે?*

જરૂર.

હું જાણતો હતો કે સંપૂર્ણ રાજ્યને લોકો ઇર્ષ્યાની નજરે જોશે, અને એને પ્રાપ્ત કરવું પણ મુશ્કેલ છે, અને આ જ કારણે મેં સ્ત્રીઓ પરનું સ્વામિત્વ તથા પ્રજોત્પત્તિ અને શાસનકર્તાઓની નિમણુંક-

* મુદ્દો : ૪ ફરીથી કેળવણીનો પ્રશ્ન આવે છે. શિક્ષણ પદ્ધતિનો ખરડો નં. ૨.

ના કલેશકર વિષયને પડતો મૂક્યો હતો;× પરંતુ એ ચતુરાઈ મેં જરા વાપરી જોઈ તોપણ મારું કંઈ વળ્યું નહિ; કારણ કે મારે તેની ચર્ચા તો (ફરી) કરવી જ પડી. સ્ત્રીઓ અને બાળકોનો હવે નિકાલ થઈ ગયો છે,* પણ શાસનકર્તાઓ વિશેના બીજા પ્રશ્નનું ઠેઠ શરૂઆતથી આપણે નિરૂપણ કરવું પડશે. આપણે કહેતા હતા એ તમને યાદ હશે કે તેમને પોતાના દેશ પ્રત્યે (૫૦૩) પ્રેમ હોવો જોઈએ, અને એ પ્રેમની સુખ અને દુઃખ દ્વારા કસોટી થવી જોઈએ, અને હાડમારીઓમાં કે ભયના પ્રસંગોમાં તેમજ કોઈ પણ બારીક અણીને વખતે તેમણે પોતાનો સ્વદેશપ્રેમ ગુમાવવાનો નહોતો—જે કોઈ નાપાસ થાય તેને ફેંકી દેવાનો હતો, પણ અગ્નિના શોધનમાંથી કસોટીએ ચડેલા સોનાની જેમ જે કોઈ દરેક પ્રસંગે શુદ્ધ બહાર આવે તેને શાસનકર્તા બનાવવાનો હતો તથા જીવનમાં અને મૃત્યુ પછી તેને માન તથા પારિતોષિકો આપવાનાં હતાં. આ પ્રકારની વાત બોલાતી હતી, અને પછી ચર્ચા બીજી તરફ નમી, અને પહેલા પ્રશ્નના મોં ઉપર ઝુરખો (ચ) પાડ્યો; કારણ જે પ્રશ્ન હાલ ઉપસ્થિત થયો છે તેને એ વખતે ઊભો કરવાનું મન નહોતું.

તેણે કહ્યું: મને પૂરેપૂરું યાદ છે.

મેં કહ્યું: હા, મારા મિત્ર, અને એ વખતે ધૃષ્ટતાથી ભરેલો શબ્દ બોલવાનું સાહસ કરતાં મને સંકોચ થયો; પણ હવે હું બોલવાની હિંમત કરીશ—કે પૂર્ણ પાલક ફિલસૂફ જ હોવો જોઈએ.

તેણે કહ્યું: હા, એટલું આપણે નિશ્ચયપૂર્વક કહીશું.

અને તમે શું એમ માનો છો કે એવા (ફિલસૂફો) ઘણા હશે; કારણ આપણે જે શક્તિઓને આવશ્યક માની છે તે ભાગ્યે એક જ ઠેકાણે (સ્વભાવમાં) વિકસે છે; ઘણુંખરું તે (ગુણો)ના વિભાગો પડી ગયા હોય છે અને ટુકડા થઈ ગયા હોય છે.

× જુઓ પરિ. ૩-૪૧૪ અ.

* પરિ. ૩-૪૧૬ બ.

(ક) તેણે કહ્યું: તમે શું કહેવા માગો છો ?

મેં જવાબ આપ્યો: તમને ખબર છે કે શીઘ્ર બુદ્ધિ, સ્મરણ-શક્તિ, વૈદગ્ધ્ય, હોંશિયારી, અને એવા ગુણો એક સાથે ઉગતા નથી અને જે લોકોમાં તે હોય છે અને તેની સાથે સાથે જેઓ પ્રાણવાન તથા ઉદાર હોય છે, તેમનું બંધારણ સ્વાભાવિક રીતે જ એવું હોતું નથી કે તેઓ નિયમિત અને શાંત તથા સ્થિર રીતે જીવન ગુજારે; તેમની મનોવૃત્તિઓને લીધે તેઓ ગમે તે માર્ગે ઘસડાઈ જાય છે, અને દરેક સધન સિદ્ધાન્ત તેમને છોડી જાય છે.

તેણે કહ્યું: સાવ સાચું.

આથી ઉલટું, પેલા નિશ્ચલ સ્વભાવના લોકો જેમના (ડ) પર વધારે સારી રીતે વિશ્વાસ મૂકી શકાય, અને જેઓ લડાઈમાં અચલ રહે છે અને ભીતિ તેમને ભેદી શકતી નથી, તેઓ જ્યારે કંઈ પણ શીખવાનું હોય છે ત્યારે પણ એટલા જ નિશ્ચલ રહે છે—તેઓ હર-હંમેશ તંદ્રાની સ્થિતિમાં હોય છે અને જરા પણ બુદ્ધિને મહેનત આપવી પડે એવું કામ હોય તો તેમને બગાસાં આવવા માંડે છે અને તેઓ કદાચ ઊંઘી પણ જાય.

તદ્દન ખરું.

અને છતાં આપણે કહેતા હતા કે જેમને ઉચ્ચ કેળવણી આપવાની છે, અને જેમને કોઈ હોદ્દા પર કે અધિકારીપદમાં ભાગ લેવાનો છે તેમનામાં આ બંને ગુણોની જરૂર છે.

તેણે કહ્યું: જરૂર.

અને જે વર્ગ ભાગ્યે જ મળી આવે છે એ જ વર્ગના તેઓ ખરા ને ?

હા, ખરા જ.

(ઇ) ત્યારે આ પદની ઇચ્છા રાખનારાને આપણે અગાઉ કહ્યાં તેવાં મહેનતનાં તથા જોખમનાં કામો અને સુખોપભોગોની કસોટીમાંથી

જ માત્ર પસાર કરવાના નથી,× પણ આપણે (હજી સુધી) જેનો ઉલ્લેખ કર્યો નથી તેવી કોઈ બીજા જ પ્રકારની ઉમેદવારી આવે છે—(એનો) આત્મા જે સૌથી ઉન્નત છે એ સહન કરવાને શક્તિમાન થશે કે નહિ કે પછી કોઈ બીજા અભ્યાસના વિષયો અને કસરતોમાં થાય છે તેમ (જે વિષય સૌથી ઉન્નત છે) તેના ભાર તળે એ (આત્મા) મૂર્ચ્છા ખાય છે—એ જોવાને એને જ્ઞાનની (૫૦૪) ઘણી શાખાઓમાં તાલીમ આપવી જોઈએ.

તેણે કહ્યું: હા, એની કસોટી કરવામાં તમે કશું ખોટું કરતા નથી. પણ સૌથી ઉન્નત પ્રકારનું જ્ઞાન—એનો તમે શો અર્થ કરો છો?

મેં કહ્યું; તમને યાદ હશે કે આપણે આત્માના ત્રણ વિભાગો પાડ્યા હતા; અને (એ પરથી) ધર્મ, સંયમ, શૌર્ય, અને વિવેકનાં જુદાં જુદાં સ્વરૂપોને પરખાવ્યાં હતાં.

તેણે કહ્યું: જો હું ભૂલી ગયો હોઉં તો ખરેખર કશું આગળ સાંભળવાને હું લાયક જ નથી.

અને એની ચર્ચા કરતાં પહેલાં જે થોડી ચેતવણી આપવામાં આવી હતી તે તમને યાદ છે?[૧]

(બ) તમે શાનો ઉલ્લેખ કરો છો?

હું ભૂલતો ન હોઉં તો આપણે એમ કહેતા હતા કે તેને (તત્ત્વોને) તેનાં સંપૂર્ણ સૌંદર્યમાં જે કોઈને જોવાં હોય તેણે વધારે લાંબો અને વાંકોચૂકો માર્ગ ગ્રહણ કરવો જોઈએ,+ જેને અંતે જ એ (તત્ત્વો) દૃષ્ટિગોચર થાય છે; પરંતુ જે ભૂમિકા પર રહીને આપણે (અત્યાર સુધી) ચર્ચા કરી છે એ જ ભૂમિકા પર રહીને તે (તત્ત્વો)નું લોકપ્રિય નિરૂપણ કરેલું. અને તમે (એ વખતે) જવાબ આપ્યો કે એ જાતનું નિરૂપણ તમારે પોતા માટે પૂરતું છે, અને (પરંતુ) તેથી

×જુઓ. ૪૧૨–૧૩.

૧. જુઓ ઉપર ૪૩૫ ડ.

+ જુઓ ૪૩૫ ડ, સરખાવો ૪૯૭ ડ.

પરીક્ષણનું કાર્ય એવી રીતે આગળ ચાલ્યું કે મને તો એ પદ્ધતિ અત્યંત અયથાર્થ લાગી. તમને એથી સંતોષ થયો કે નહિ એ તો તમારે કહેવાનું છે.

તેણે કહ્યું: હા. મને અને બીજાઓને લાગ્યું કે તમે અમને સત્યની સારી માત્રા આપી હતી.

(ક) મેં કહ્યું: પણ મારા મિત્ર એવી બાબતોમાં સમસ્ત સત્ય કરતાં જે કોઈ થોડે અંશે પણ ઊણી હોય એ માત્રા સારી ગણાય જ નહિ; કારણ જે કંઈ અપૂર્ણ છે તે કશાનું માપ હોઈ શકે જ નહિ,+ જો કે લોકો તો એટલાથી સંતોષ માની લેવાને બહુ જ તૈયાર હોય છે, અને એમ ધારે છે કે એમની કશી વધારે ખોજ કરવાની જરૂર નથી. લોકો આળસુ હોય ત્યાં આ કંઈ અસાધારણ પ્રસંગ ન ગણાય.

મેં કહ્યું: હા, અને રાજ્ય તથા કાયદાનો જે પાલક છે તેનામાં આથી વધારે ખરાબ અવગુણ બીજો હોઈ ન શકે.

ખરું.

(ડ) મેં કહ્યું: ત્યારે પાલકે વધારે લાંબો અને વાંકોચૂકો માર્ગ ગ્રહણ કરવો પડશે. અને જ્ઞાનોપાર્જન તથા શારીરિક કેળવણીમાં મહેનત કરવી પડશે, નહિ તો જે ઉચ્ચતમ જ્ઞાન વિશે આપણે હમણાં કહેતા હતા કે એ જ એનો ઉચિત વ્યવસાય છે તે ઉચ્ચતમ જ્ઞાનને એ કદી પ્રાપ્ત નહિ કરી શકે.

તેણે કહ્યું: શું આના કરતાં ઉચ્ચતર જ્ઞાન હજી છે ખરું—ધર્મ અને બીજા સદ્‌ગુણોના કરતાં પણ ઉચ્ચતર ?

મેં કહ્યું: હા છે. અને સદ્‌ગુણોની પણ આપણે અત્યારે જોઈએ છીએ તેમ માત્ર રૂપરેખા જ આપણે નીરખવાની નથી—સર્વાંશે સંપૂર્ણ ચિત્રથી કશું જરા પણ ઊણું હોય તો આપણે સંતોષ માની લેવાનો નથી. બધી નાની નાની બાબતો તેના સંપૂર્ણ સૌંદર્ય અને પરમ વિશદતા-

+ સરખાવો "The test of truth is the whole Truth" Bosanquet—Logic.

માં દૃષ્ટિગોચર (દૃ) થાય એટલા માટે જ્યારે અપાર જહેમત ઉઠાવીને એ બાબતોનો વિસ્તાર કરવામાં આવે, ત્યારે આપણે જે સત્યો વિશે સૌથી વધારે યથાર્થતા પ્રાપ્ત કરવી યોગ્ય છે, તે ઉચ્ચતમ સત્યો વિશે આપણે વિચાર ન કરીએ તો તે કેટલું હાસ્યાસ્પદ ગણાય ?

સર્વાંશે ઉત્તમ વિચાર,[૧] પણ તમે શું એમ માનો છો કે આ ઉચ્ચતમ જ્ઞાન તે કયું એ પ્રશ્ન અમે તમને નહિ પૂછીએ ?

મેં કહ્યું: ના, તમારે પૂછવો હોય તો પૂછો. પણ મને તો ખાત્રી છે કે તમે એનો જવાબ કેટલીયે વખત સાંભળ્યો છે, અને અત્યારે હું કહું છું તે તમે કાં તો સમજતા નથી અથવા (૫૦૫) હું માનું છું તેમ તમને મારી દુર્દશા કરવાનું મન થયું છે; કારણ તમને ઘણી વાર કહેવામાં આવ્યું છે કે ઇષ્ટના તત્ત્વનું જ્ઞાન એ જ સર્વોત્તમ છે, અને બીજી તમામ વસ્તુઓ આનો ઉપયોગ કરીને જ ઉપયોગી કે લાભકારક થાય છે:* આ વિશે તમે મને ઘણી વાર એમ કહેતાં સાંભળ્યો છે કે આપણે બહુ જ થોડું જાણીએ છીએ અને જેના વગર બીજું કોઈ જ્ઞાન કે બીજા કોઈ પ્રકારની વસ્તુ પરનું સ્વામિત્વ જરા પણ લાભકારક ન થાય એ વિશે હું બોલવા જતો (બ) હતો તે બાબત તમે ભાગ્યે જ નહિ જાણતા હો. તમે શું એમ માનો છો કે જો આપણી પાસે ઇષ્ટ (પોતે)જ ન હોય તો બીજી તમામ વસ્તુઓ પરના સ્વામિત્વની કશી કિંમત રહી શકે ખરી ? કે પછી આપણામાં સૌંદર્ય અને ઇષ્ટનું કશું જ્ઞાન ન હોય, તો બીજી તમામ વસ્તુઓના જ્ઞાનની પણ (કશી કિંમત રહે ખરી ?)

અચૂક નહિ જ.

વધારામાં તમને એનું પણ ભાન છે કે ઘણા લોકો× સુખ એ જ

---

૧. અહીં મૂળના પાઠાન્તર વિશે એક નોંધ છે.

* મુદ્દો ૫–. 'વધારે લાંબો અને વાંકોચૂકો માર્ગ' ઇષ્ટની વ્યાખ્યાઓ અને પરમ ઇષ્ટનું સ્વરૂપ.

× સોફિસ્ટો, પ્રોટાગોરાસ સુદ્ધાં.

દૃષ્ટ છે એવું પ્રતિપાદન કરે છે પરંતુ કુશાગ્ર બુદ્ધિવાળા માણસો કહે છેઃ જ્ઞાન દૃષ્ટ છે?

અને તમે એ પણ જાણો છો કે બીજા વર્ગના (કુશાગ્રબુદ્ધિવાળા વિચારકો) જ્ઞાનનો પોતે શો અર્થ કરે એ સમજાવી શકતા નથી, પણ છેવટે એમને એટલું જ કહેવું પડે કે—દૃષ્ટનું જ્ઞાન?

કેટલું હાસ્યાસ્પદ!

(ક) મેં કહ્યુંઃ હા, કે આપણને દૃષ્ટનું જ્ઞાન નથી એમ ઠપકો દેતા તેઓ શરૂ કરે છે અને પછી આપણને એનું જ્ઞાન છે એમ તેઓ પોતે જ સ્વીકારી લે છે કારણ દૃષ્ટ એટલે દૃષ્ટનું જ્ઞાન એવી તેઓ દૃષ્ટની વ્યાખ્યા આપે છે, જાણે કે તેઓ જ્યારે 'દૃષ્ટ' શબ્દ વાપરે છે ત્યારે આપણે એમને સમજતા હોઈએ નહિ—આ અલબત્ત હાસ્યાસ્પદ છે જ.

તેણે કહ્યુંઃ સૌથી સાચું.

અને જેઓ સુખને પોતાનું દૃષ્ટ ગણે છે તેઓ પણ એટલા જ ભ્રમમાં છે, કારણ તેમને કબૂલ કરવું પડે છે કે સુખોમાં કેટલાંએક દૃષ્ટ તેમજ બીજાં અનિષ્ટ હોય છે.

જરૂર.

અને તેથી તેમને દૃષ્ટ અને અનિષ્ટ એક જ—એમ સ્વીકારવું પડે!

(ડ) ખરું.

આ પ્રશ્ન કેટલીયે મુશ્કેલીઓથી ભરેલો છે એ વિશે કશી શંકા નથી.

જરાય નહિ.

વળી આપણે શું જોતા નથી કે ઘણા ખરેખર ધર્મ કે પ્રતિષ્ઠા મેળવવાને બદલે જેમાં ધર્મ કે પ્રતિષ્ઠાનો દેખાવ હોય તે આચરવાનો કે મેળવવાનો અથવા (માત્ર) તેવો દેખાવ કરવા માગે છે; પરંતુ દૃષ્ટના આભાસથી તો કોઈને સંતોષ થતો નથી—જે ખરેખર દૃષ્ટ છે તેને જ બધા શોધે છે; દૃષ્ટની બાબતમાં દરેક જણ તેના આભાસને ધિક્કારે છે.

તેણે કહ્યુંઃ સાવ સાચું.

ત્યારે આ વિશે—જે દરેક માણસને આગાહી હોય (ફ) છે કે (પ્રત્યેક પ્રવૃત્તિમાં) આવો એક હેતુ રહેલો છે અને છતાં એના સ્વરૂપનું એને જ્ઞાન નથી તેમજ જેટલી બીજી (૫૦૬) વસ્તુઓની હોય છે તેવી જ આ વિશે એને ખાત્રી હોતી નથી, તેથી—જેને વિશે એ સંદિગ્ધ રહે છે તેથી—બીજી વસ્તુઓમાં જે થોડું પણ ઇષ્ટ હોય છે તેને પણ એ ગુમાવી બેસે છે—આવા અને આટલા મહાન તત્ત્વને વિશે આપણા રાજ્યના જે શ્રેષ્ઠ માણસોને આપણે તમામ બાબતો સુપ્રત કરવાના છીએ તેઓ શું અજ્ઞાનના અંધકારમાં રહેવા જોઈએ?

તેણે કહ્યું: જરૂર નહિ.

મેં કહ્યું: મને તો ખાત્રી છે કે જે સુંદર અને ધર્માનુસાર છે તે સાથે સાથે ઇષ્ટ પણ કઈ રીતે છે એની જેને ખબર નથી તે તો તેમનો કનિષ્ઠ પ્રકારનો પાલક થશે; (કારણ) અને જેનામાં ઇષ્ટ વિશેનું અજ્ઞાન છે તેને એનું ખરું જ્ઞાન નહિ થાય એવો મને સંદેહ રહે છે.

તેણે કહ્યું: તમારો એ સંદેહ ચતુરાઈથી ભરેલો છે.

(બ) અને જેનામાં આ જ્ઞાન હોય એવો માત્ર કોઈ પાલક આપણને મળી આવે તો આપણું રાજ્ય સંપૂર્ણ વ્યવસ્થિત રહેશે ખરું ને?

તેણે જવાબ આપ્યો: અલબત્ત: પણ ઇષ્ટના સર્વોત્તમ તત્ત્વ વિશેનો તમારો ખયાલ તે જ્ઞાનનો કે સુખનો કે પછી તે બંનેથી એ ભિન્ન છે એવો છે—એટલું તમે મને કહો એવી મારી ઇચ્છા છે.

મેં કહ્યું: હું બરાબર, આ બધો વખત મને ખાત્રી હતી કે તમારા જેવા ચીકણા માણસને આ બાબતો વિશેના બીજા લોકોના વિચારોથી સંતોષ નહિ વળે.[1]

ખરું, સોક્રેટિસ; પણ મારે તમને એટલું કહેવું જોઈએ કે તમારા જેવા જેણે પોતાની આખી જીંદગી ફિલસૂફીના અભ્યાસમાં ગાળી છે તેણે કદી પોતાનો (ક) અભિપ્રાય દાબી રાખીને હરહંમેશ બીજાઓના અભિપ્રાયો ફરી ફરીને ટાંકવા ન જોઈએ.

---

૧. અહીં મૂળના પાઠાન્તર વિશે એક નોંધ છે.

વારુ, પણ પોતાને જેનું જ્ઞાન નથી તે વિશે કશું ખાત્રીથી કહેવાનો કોઈને અધિકાર હોઈ શકે ખરો ?

તેણે કહ્યું: સંપૂર્ણ ખાત્રીથી પ્રતિપાદન કરતો હોય એ રીતે તો નહિ; એવો એને હક નથી, પણ એક અભિપ્રાયના વિષય તરીકે એ જે ધારતો હોય તે કહી શકે. +

મેં કહ્યું: અને શું તમને ખબર નથી કે જે માત્ર અભિપ્રાયો છે તે બધા ખરાબ છે, અને અભિપ્રાયોમાંના જે કોઈ બહુ સારા ગણાતા હોય તે પણ અંધ છે ? જેમને બુદ્ધિહીન પણ ખરો ખ્યાલ હોય× તેઓ, આંધળા માણસો ફાંફાં મારતા પોતાનો રસ્તો શોધતા હોય, તેમના જેવા છે એની તમે ના નહિ પાડો.

સાવ સાચું.

અને જ્યારે બીજા તમને તેજસ્વિતા અને સૌંદર્ય (કર્યા છે એ) (ક) વિશે કહેવા ખુશી હોય, ત્યારે શું તમે જે અંધ, વક્ર અને નીચ છે એને નીહાળવા ઇચ્છશો ?

ગ્લાઉકોને કહ્યું: પણ સોક્રેટિસ, તમે અંત સુધી આવી લાગ્યા છો તે જ વખતે તમે ચર્ચા છોડી નહિ દો એટલી હું તમને આજીજી કરું છું. તમે જે રીતે ધર્મ, સંયમ અને બીજા ગુણોનું નિરૂપણ કર્યું છે, એવું જ નિરૂપણ જો માત્ર ઇષ્ટનું કરશો તો અમને સંતોષ થશે.

હા, મારા મિત્ર અને મને પણ એટલો જ સંતોષ થશે, પણ મને બીક લાગ્યા વગર રહેતી નથી કે હું એમાં પાછો પડીશ અને મારા અવિચારી ઉત્સાહને લીધે હું ઉપહાસને પાત્ર થઈ પડીશ. ના, મીઠા મહેરબાનો ! ઇષ્ટનું યથાર્થ સ્વરૂપ (ખ) કેવું છે તે પ્રશ્ન હમણાં આપણે નહિ પૂછીએ, કારણ અત્યારે મારા વિચારોમાં જે ઘોળાઈ રહ્યું

+ ઉચ્ચ કે પરમ તત્ત્વ વિશે આપણને સ્પષ્ટ જ્ઞાન થઈ શકે નહિ, એમ પ્લેટોનો મત છે, કારણ પરમ તત્ત્વને જ્ઞાનનો વિષય બનાવી શકાતો નથી. આથી પ્લેટો એમ કહે છે કે તે વિશે માત્ર અભિપ્રાય બાંધી શકાય.

× મુદ્દો ૬–. પરમ ઇષ્ટનું બાળક તથા તેનું સ્વરૂપ.

છે તે પ્રાપ્ત કરવા મારે અથાગ પ્રયત્ન કરવો પડે એમ છે. પણ મને ખાત્રી થાય કે તમે સાંભળવા માગો છો તો જ–અને નહિ તો નહિ જ—ઇષ્ટનું જે બાળક બરાબર એના જેવું છે એ વિશે હું ખુશીથી બોલીશ +

તેણે કહ્યું: જરૂર, એના બાળકની અમને વાત કરો, અને એના પિતાની હકીકત માટે તો તમે અમારા દેવાદાર રહેશો જ.

(૫૦૭) મેં જવાબ આપ્યોઃ હું એ દેવું ચૂકવી શકું અને અત્યારની જેમ માત્ર બાળકનો જ નહિ પણ પિતાનો પણ હિસાબ* તમને મળે એવી ખરેખર મારી ઇચ્છા છે, પણ (એના શિશુની) આ હકીકત તમે વ્યાજ[1] તરીકે સ્વીકારો, અને જો કે તમને છેતરવાનો મારો ઇરાદો નથી તોપણ સાથે સાથે તમે એટલી સંભાળ રાખજો કે હું મુદ્દલ પણ તમને પહોંચાડું.

હા, અમારાથી બનતી બધી સંભાળ અમે રાખીશું, ચાલો.

મેં કહ્યું: હા પણ સૌથી પહેલાં મારે તમારી સાથે સમજુતી કરી લેવી જોઈએ, અને આ ચર્ચા દરમિયાન તથા બીજા કેટલાયે પ્રસંગે મેં જે કહ્યું છે તે તમને યાદ આપવું જોઈએ.

(બ) શું?

પેલી જૂની વાત, કે (એક તરફ) અનેક સુંદર વસ્તુઓ અને અનેક ઇષ્ટ વસ્તુઓ છે, તથા જેનું આપણે વર્ણન કરીએ છીએ અને

+ એટલે બુદ્ધિની મદદથી નહિ પણ ચિત્તની કોઈ બીજી શક્તિ દ્વારા પરમ તત્ત્વનો બરોબર ખ્યાલ આવી શકે; તો પણ વાક્યને છેડે પ્લેટો વળી બુદ્ધિને પ્રાધાન્ય આપે છે. કારણ ચિત્તની કોઈ બીજી શક્તિ દ્વારા કોઈને પરમતત્ત્વનો સાક્ષાત્કાર થાય તોપણ બુદ્ધિ વડે જ તેને વ્યક્ત કરવાનો હોય છે—જો કે એ બુદ્ધિ સામાન્ય બુદ્ધિ કરતાં બહુ જુદી છે.

*ગ્રીક ભાષાનો શ્લેષ ઈંગ્લીશ શબ્દ Account માં કાયમ રહી શકે છે કારણ એનો અર્થ હિસાબ તથા હકીકત બંને થાય છે.

૧. અહીં મૂળમાં ગ્રીક શબ્દ 'Tokos' જેનો અર્થ બાળક અને વ્યાજ બંને થાય છે, તેના ઉપર શ્લેષ છે.

વ્યાખ્યા આપીએ છીએ તે બીજી વસ્તુઓનું પણ એમ જ; એ તમામને 'અનેક' શબ્દ લગાડવામાં આવે છે.

તેણે કહ્યું : ખરું.

અને (બીજી બાજુ) પરમ સૌંદર્ય અને પરમ ઇષ્ટ છે, તથા જે બીજી વસ્તુઓને 'અનેક' શબ્દ લગાડવામાં આવે છે, તેનું પણ પરમ (તત્ત્વ) હોય છેઃ કારણ જેને દરેકનું સત્ત્વ ગણી શકાય એવા એક જ તત્ત્વની નીચે તે વસ્તુઓને મૂકી શકાય છે.×

સાવ સાચું.

આપણે બોલીએ છીએ તેમ 'અનેક' દેખાય છે ખરાં, પણ એનું જ્ઞાન હોઈ શકતું નથી અને તત્ત્વોનું આપણે જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ પણ એ દૃષ્ટિગોચર થતાં નથી.

બરાબર.

(ક) અને દૃશ્ય વસ્તુઓને આપણે નીહાળીએ તે ઇન્દ્રિય કઈ?

તેણે કહ્યું : જેમાં દૃગ્‌શક્તિ છે તે આંખ.

મેં કહ્યું : અને શ્રવણથી આપણે સાંભળીએ છીએ, અને બીજી ઇન્દ્રિયોથી બીજી પાર્થિવ વસ્તુઓનો આપણે પ્રત્યક્ષાનુભવ કરીએ છીએ.

ખરું.

પણ શું તમે એટલું ધ્યાન દઈને જોયું નથી કે ઇન્દ્રિયોના સૃષ્ટાએ કદી કંઈ ઘડયું હોય તેના કરતાં દૃષ્ટિ સૌથી વધારે અમૂલ્ય અને જટિલ કારીગિરીનો નમૂનો છે?

તેણે કહ્યું : ના, મને કદી એમ લાગ્યું નથી.

ત્યારે વિચારોઃ શ્રવણેન્દ્રિય સાંભળી શકે, અને અવાજ (ડ) સંભળાઈ શકાય એ અર્થે, એ બંનેને શું કોઈ ત્રીજા વધારાના તત્ત્વની અપેક્ષા રહે છે ખરી?

એવું કંઈ નથી.

× સરખાવો ૪૯૪, ૫૯૬.

મેં જવાબ આપ્યો : ખરેખર નહિ જ; અને બધી નહિ તો બીજી ઘણી ખરી ઇન્દ્રિયોની બાબતમાં આ ખરું છે—તેમાંની કોઈ ઇન્દ્રિયને આવા ઉમેરાની જરૂર પડે છે એમ તમે નહિ કહો, ખરું ને?

જરૂર નહિ.

પણ બીજા અમુક તત્ત્વના ઉમેરણ વગર દેખી શકાતું નથી કે (બાહ્ય જગત) દૃષ્ટિગોચર થતું નથી એ તમે સમજ્યા?

કઈ રીતે?

મારા ખ્યાલ પ્રમાણે દૃગ્શક્તિ આંખમાં છે, અને આંખો હોય તેવાએ જોવું હોય તો—; (અને) તેનામાં (વસ્તુઓમાં) (દ્) રંગો પણ હયાત હોય, છતાં (જોવાની ક્રિયારૂપ) હેતુ સાથે વિશિષ્ટ રીતે બંધબેસતું ત્રીજું તત્ત્વ ન હોય ત્યાં સુધી આંખોનો માલીક કશું જોઈ શકશે નહિ, અને રંગો દેખાશે નહિ.

તમે કયા તત્ત્વ વિશે વાત કરો છો?

મેં જવાબ આપ્યો : તમે જેને પ્રકાશ કહો છો તે વિશે.

તેણે કહ્યું : ખરું.

(૫૦૮) ત્યારે દૃષ્ટિ અને દૃગ્ગોચરતા જે સંબંધથી સંકળાયેલાં છે તે શ્રેષ્ઠ છે અને બીજા સંબંધોના કરતાં (બીજી ઇન્દ્રિયો તથા તેના વિશિષ્ટ અર્થ વચ્ચેના સંબંધ કરતાં) આ સંબંધનું સ્વરૂપ અત્યંત ભિન્ન છે અને તેટલે અંશે એ કયાંય મહાન છે; કારણ પ્રકાશ એનો બંધ છે, અને પ્રકાશ કંઈ અધમ વસ્તુ નથી જ*

તેણે કહ્યું : ના, અધમથી ઉલટી.

મેં કહ્યું : અને સ્વર્ગનો કયો દેવ પ્રકાશ તત્ત્વનો પ્રભુ છે એમ

---

* વચ્ચે હવા વાહક હોય તો જ શ્રવણ અવાજ ગ્રહણ કરે છે અને તે તે આંદોલનો તેમને પહોંચે, એ સત્ય પ્લેટોના સમયમાં શોધાયું નહોતું, આ દૃષ્ટિએ આપણી ફિલસૂફીની વિચારપદ્ધતિ 'આકાશ' (અને 'પૃથ્વી') તત્ત્વનો સ્વીકાર કરે છે, એ બુદ્ધિનો પરિપાક સૂચવે છે.

તમે કહેશો ? જેને લીધે આંખો સંપૂર્ણ રીતે જોઈ શકે છે, અને દૃશ્ય જગત દેખાય છે એ કોના તેજ વડે ?

તમે અને આખી માણસ જાત કહે છે તેમ, સૂર્ય—એમ તમારો ભાવાર્થ છે ખરું ?

આ દેવ અને દૃષ્ટિ વચ્ચેના સંબંધનું આ રીતે વર્ણન કરી શકાય ખરું ?

કેવી રીતે ?

(ખ) દૃષ્ટિ અથવા ચક્ષુ જેમાં દૃષ્ટિ વસેલી છે તે એમાંથી કોઈ કંઈ સૂર્ય નથી ?

ના.

છતાં બધી ઇન્દ્રિયો કરતાં સૌથી વધારે સૂર્ય જેવી ઇન્દ્રિય તે ચક્ષુ છે *

બહુ જ એના જેવી છે.

અને ચક્ષુમાં જે શક્તિ રહેલી છે તે સૂર્યમાંથી નીકળેલું અમુક પ્રકારનું પ્રઃસ્રવણ છે ખરું ને ?

બરાબર.

ત્યારે સૂર્ય કંઈ દૃષ્ટિ નથી, પરંતુ જેને દૃષ્ટિ ઓળખે છે એવો એ એનો પિતા છે ?

તેણે કહ્યું : ખરું.

અને આ જે છે તેને હું ઇષ્ટનું બાળક કહું છું; અને બુદ્ધિગમ્ય જગતમાં ચિત્ત તથા ચિત્તના વિષયો સાથે જેવો ઇષ્ટનો સંબંધ છે, તેવો જ સંબંધ દૃશ્ય જગતમાં (ક) દૃષ્ટિ અને દૃશ્ય વસ્તુઓ સાથે સ્થાપવા, (પરમ) ઇષ્ટે પોતાની જ આકૃતિમાં સૂર્યને ઉત્પન્ન કર્યો છે*

તેણે કહ્યું: તમે જરા વધારે સ્ફુટ કરી સમજાવશો ?

---

*તેવી જ રીતે 'Noũs' એટલે શુદ્ધ સાત્ત્વિક બુદ્ધિ તથા પરમ ઇષ્ટની વચ્ચે સૌથી વધારે સામ્ય રહેલું છે.

મેં કહ્યું: કેમ, તમે જાણો છો કે જે પદાર્થો પર દિવસનું તેજ પડતું બંધ થયું છે, જેમના પર માત્ર ચંદ્ર અને તારાઓનું જ તેજ પડે છે તે પદાર્થો તરફ કોઈ માણસ જ્યારે આંખ ફેરવે છે ત્યારે તે (આંખો) સ્પષ્ટ જોતી નથી અને લગભગ આંધળી થઈ રહે છે; એમાંથી (આંખોમાંથી) દૃષ્ટિની સ્પષ્ટતા (સ્પષ્ટ જોવાની શક્તિ) જતી રહી હોય એમ લાગે છે, નહિ?

સાવ સાચું.

(૬) પણ જેના પર સૂર્યનું તેજ પડતું હોય તે પદાર્થો તરફ આંખો વળે છે ત્યારે તે સ્પષ્ટ જોઈ શકે છે, અને (એ વખતે) એનામાં દૃષ્ટિ હોય છે.

જરૂર.

અને આત્મા ચક્ષુના જેવો છે: જેના પર સત્ અને સત્યનો પ્રકાશ પડતો હોય તે તરફ જ્યારે આત્મા ઢળે ત્યારે આત્મા જુએ છે, સમજે છે અને બુદ્ધિને લીધે તેજસ્વી થાય છે; પરંતુ સદ્‌સત્ તથા ક્ષણભંગુરતાનાં અજવાળાં-અંધારામાં આત્મા જ્યારે નજર કરે છે, ત્યારે એ માત્ર અભિપ્રાય બાંધી શકે છે, અને આમ તેમ ફાંફાં મારતો ફરે છે, અને એક વાર એક અભિપ્રાય ધરાવે છે અને બીજી વાર બીજો, અને (એનામાં) કશી બુદ્ધિ હોય એમ લાગતું નથી?

બરાબર એમ જ.

(૭) હવે જે જ્ઞેયને સત્ય અર્પે છે અને જ્ઞાતાને જ્ઞાનની શક્તિ આપે છે—એવું જે કંઈ છે તેને ઇષ્ટના તત્ત્વ તરીકે ઓળખાવવા હું માગું છું, અને એ જ્ઞાનનું તથા સત્ય-જેટલે-અંશે-જ્ઞાનનો-વિષય-બને-છે-તેટલે-અંશે એ સત્યનું (પણ) કારણ બને છે એમ તમે માનશો જ;[1] જેવી રીતે સત્ય અને જ્ઞાનનું, તેવી રીતે સૌંદર્યનું પણ; આ પરમ તત્ત્વ એમાંથી એકેયના કરતાં વધારે સુંદર છે (૫૦૯) એમ

૧. અહીં મૂળના પાઠાન્તર વિશે એક નોંધ છે.

ગણવામાં તમે કશી ભૂલ નહિ કરો; અને અગાઉના ઉદાહરણમાં જેમ પ્રકાશ અને દૃષ્ટિ ખરેખર સૂર્યના જેવાં છે અને છતાં (એ બેમાંથી એકેય) સૂર્ય પોતે નથી એમ કહી શકાય, તેમ આ બીજા ક્ષેત્રમાં વિજ્ઞાન તથા સત્યને ઈષ્ટનાં જેવાં ગણી શકાય, પણ (એ બેમાથી એકેય) ઈષ્ટ પોતે છે એમ ન ગણી શકાય; ઈષ્ટનું પ્રતિષ્ઠા-સ્થાન એ બધાથી ઉચ્ચતર છે.

તેણે કહ્યું: જે વિજ્ઞાન અને સત્યનો કર્તા છે, અને છતાં સૌંદર્યમાં તેનાથી કયાંય ચડી જાય છે તો તેના સૌંદર્યની અદ્‌ભુતતા કેવી હોવી જોઈએ; કારણ તમારા કહેવાનો ભાવાર્થ એવો તો ન જ હોઈ શકે કે સુખ ઈષ્ટ છે?

મેં જવાબ આપ્યોઃ શાંતમ્ પાપમ્! પણ (ઈષ્ટની) પ્રતિકૃતિનો જુદા દૃષ્ટિબિંદુથી વિચાર કરવાનું હું તમને કહી શકું ખરો?

(ખ) કયા દૃષ્ટિબિંદુથી?

તમે એમ કહો ખરા—ન કહો?—કે સૂર્ય તમામ દૃશ્ય વસ્તુઓના દૃશ્યપણાનો માત્ર કર્તા છે એટલું જ નહિ પરંતુ, પોતે જે કે ઉત્પાદક નથી, છતાં એ ઉત્પાદન, પોષણ અને વૃદ્ધિનો પણ પિતા છે?

૭૩૨.

એ જ રીતે એમ કહી શકાય કે ઈષ્ટ એ તમામ જ્ઞાત વસ્તુઓના જ્ઞાતપણાનો કર્તા છે એટલું જ નહિ પણ તેના (એ વસ્તુમાં રહેલા) સત્ અને સત્ત્વનો પણ પિતા છે, અને છતાં ઈષ્ટ કંઈ સત્ત્વ નથી, પરંતુ સત્ત્વના કરતાં પ્રભાવ તથા શક્તિમાં કયાંય ચડી જાય છે.

(ક) હસવું આવે એવા ઉત્સાહમાં આવી જઈ ગ્લાઉકોને કહ્યું: સ્વર્ગીય દિવ્ય દૃષ્ટિના કસમ ખાઈને કહું છું, કેટલું અદ્‌ભુત?

મેં કહ્યું: હા, આમાં કંઈ અતિશયોક્તિ લાગે તે માટે તમે જવાબદાર છો, કારણ મારી કલ્પનાને વ્યક્ત કરવાની તમે મને ફરજ પાડી છે.

અને કૃપા કરીને એ વિશે બોલે જાઓઃ કંઈ નહિ તો સૂર્ય સાથેના સાદૃશ્ય વિષે જો કંઈ વધારે કહેવાનું હોય તો અમારે સાંભળવું છે.

મેં કહ્યુંઃ હજી તો કેટલુંયે વધારે કહેવાનું છે.

ત્યારે ગમે તેટલું નજીવું હોય તો પણ કશું છોડી ન દેતા.

મેં કહ્યુંઃ હું મારાથી બનતું કરી છૂટીશ; પણ મને લાગે છે કે ઘણું તો મારે છોડી દેવું પડશે.

તેણે કહ્યુંઃ હું નથી માનતો.

(૬) ત્યારે તમારે એમ કલ્પના કરવાની છે,* કે શાસન કરતી બે શક્તિઓ છે અને તેમાંની એક શક્તિ બુદ્ધિગમ્ય જગતનું નિયમન કરે છે અને બીજી દૃશ્ય જગતનું. તમે રખેને એમ માનો કે હું શબ્દ પર શ્લેષ કરું છું. તેથી સ્વર્ગ (સ્વર્ગીય) ('Auranòs, Hóratos') શબ્દ વાપરતો નથી. ત્યારે દૃશ્ય અને બુદ્ધિગમ્ય જગત વચ્ચેનો ભેદ તમારા મનમાં ઠસી ગયો છે એટલું હું માની લઉં?

હા.

હવે એક એવી લીટી લો કે જેના બે નાના મોટા ભાગ કરવામાં આવ્યા હોય,[1] અને આ બંને (નાના મોટા ભાગોના) વળી એ ને એ પ્રમાણમાં વિભાગો કરો, અને ધારો કે બે મુખ્ય વિભાગો-માંનો એક દૃશ્ય જગત સૂચવે છે, અને બીજો બુદ્ધિગમ્ય જગત, અને પછી આંતરવિભાગોને તેની સ્પષ્ટતા તથા સ્પષ્ટતાની–ખામીના દૃષ્ટિબિંદુથી સરખાવો (૬) અને તમને માલુમ પડશે કે દૃશ્ય ક્ષેત્રના પહેલા વિભાગમાં (૫૧૦) પ્રતિકૃતિઓ વસેલી છે, અને પ્રતિકૃતિનો એક અર્થ હું છાયા એવો કરું છું અને બીજો અર્થ પાણીમાં તથા સુંવાળા ચકચકિત ઘન પદાર્થો વગેરેમાં પડેલાં પ્રતિબિંબ એવો કરું છું. તમે સમજ્યા?

*મુદ્દો. ૭. જ્ઞાનના વ્યાપારની ચાર ભૂમિકાઓ.

૧. અહીં ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

હા, હું સમજું છું.

આપણે જે પ્રાણીઓ જોઈએ છીએ તેનો તથા જે કંઈ ઉત્પન્ન થાય છે અને વૃદ્ધિ પામે છે તે બધાનો જે બીજા વિભાગમાં સમાવેશ થાય છે—અને આ વિભાગ એ તો માત્ર એક બાલી આકૃતિ જ છે—બ્યાલ કરો :

બહુ સારું.

આ વિભાગના બંને ઉપવિભાગોમાં સત્યના ભિન્ન ભિન્ન (વધતા-ઓછા) અંશો રહેલા છે તથા નકલ તથા અસલ વચ્ચેનું જે પ્રમાણ છે તે અભિપ્રાયના ક્ષેત્ર અને જ્ઞાનના ક્ષેત્ર વચ્ચેના પ્રમાણની બરાબર છે એટલું તમે નહિ સ્વીકારો ?

(ચ) બેશક.

હવે બીજું—બુદ્ધિગમ્ય ક્ષેત્રના જે રીતે વિભાગો પાડવાના છે તે વિશે વિચાર કરો.

કઈ રીતે પાડવાના છે ?

આ રીતે :—ઉપવિભાગો બે છે, નીચેના વિભાગમાં, અગાઉના વિભાગે પ્રતિકૃતિઓ તરીકે આપેલી આકૃતિઓનો ઉપયોગ આત્મા કરે છે; આ મીમાંસા માત્ર (બુદ્ધિગમ્ય) પ્રતિજ્ઞા (Hypothesis) પર્યંત જઈ શકે છે, અને કોઈ તત્ત્વ કે સિદ્ધાન્ત તરફ ઊંચે જવાને બદલે બીજે છેડે નીચે ઉતરે છે; (પણ) બીજા ઉચ્ચતર વિભાગમાં આત્મા (સાબીત નહિ થયેલી એવી) પ્રતિજ્ઞાથી પાર જાય છે અને અગાઉના પ્રસંગની જેમ આત્મા પ્રતિકૃતિઓનો[1] ઉપયોગ કરતો નથી, પરંતુ તત્ત્વોમાં વિચરતો અને તત્ત્વોમાંથી પસાર થઈ એ (સ્વીકૃત) પ્રતિજ્ઞાથી પણ ઊંચે જે (મૂળભૂત) સિદ્ધાન્ત છે ત્યાં જઈ પહોંચે છે.

તેણે કહ્યું : હું તમારો અર્થ બરાબર સમજતો નથી.

---

૧. અહીં ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

(ક) ત્યારે હું ફરીથી પ્રયત્ન કરીશ; હું પ્રસ્તાવમાં બે બોલ કહી લઉં ત્યાર પછી તમે મને વધારે સારી રીતે સમજી શકશો. તમને ખબર છે કે ભૂમિતિ, ગણિત અને એના જેવા વિજ્ઞાનના અભ્યાસીઓ વિજ્ઞાનની ભિન્ન ભિન્ન શાખાઓમાં એકી અને બેકી અને આકૃતિઓ અને ત્રણ પ્રકારના ખૂણાઓ અને એવું બીજું (શરૂઆતથી જ) સ્વીકારી લે છે; આ તેમની પ્રતિજ્ઞા છે, અને તેમને તથા બીજા દરેકને આનું જ્ઞાન છે એમ માની લેવામાં આવે છે અને તેથી તેમને પોતાને કે બીજાઓને એ વિષે કશી સમજુતી આપવાની તેઓ કૃપા કરતા (ડ) નથી; પણ (એનો સ્વીકાર કરીને) તેઓ તેનાથી જ શરૂ કરે છે અને છેવટે સુસંગત રીતે તેમાંથી ફલિત થતાં અનુમાનો પાસે આવે ત્યાં તેઓ અટકે છે.

હા, તેણે કહ્યું: મને ખબર છે.

અને તમને શું એની પણ ખબર નથી કે જો કે તેઓ દૃશ્ય આકૃતિઓનો ઉપયોગ કરે છે અને એને વિશે તર્ક કરે છે તો પણ તેઓ (વસ્તુતઃ) એનો નહિ પણ જે આદર્શ (તત્ત્વના) જેવી તે (આકૃતિઓ) છે તે (આદર્શ તત્ત્વો) વિશે તેઓ વિચાર કરતા હોય છે; તેઓ જે આકૃતિઓ દોરતા (ઢ) હોય તેનો નહિ, પણ—પરમ ચોરસનો, પરમ વ્યાસનો એ પ્રમાણે—જે આકૃતિઓ તેઓ દોરતા હોય કે કરતા હોય અને જેમની છાયા અને પ્રતિબિંબો તેના પોતાના પાણીમાં પડતાં હોય તે આકૃતિઓને તેઓ પ્રતિકૃતિનું રૂપ આપે છે, પરંતુ તેઓ તો (આ બધો વખત) જે વસ્તુઓને (તત્ત્વોને) પોતાને માત્ર મનઃચક્ષુથી જ જોઈ શકાય એમ છે તેને નીરખવાનો તેઓ ખરેખર પ્રયત્ન કરતા હોય છે?

(૫૧૧) એ ખરું છે.

અને જો કે આત્માને આ શોધી કાઢવા માટે પ્રતિજ્ઞાનો ઉપયોગ કરવો પડે તો પણ આ પ્રકારનાં તત્ત્વોને હું બુદ્ધિગમ્ય કહું છું;

(બુદ્ધિના આ વ્યાપારમાં આત્મા) મૂળભૂત તત્ત્વ સુધી ઊંચે જતો નથી, કારણ (આમાં) પ્રતિજ્ઞાના પ્રદેશને છોડીને ઊંચે જવા તે અશક્ત હોય છે, પરંતુ જે પદાર્થોને લીધે નીચેની દુનિયામાં એના જેવા જ પડછાયા પડેલા હોય છેઃ તે પદાર્થોનો જ, એમનો વારો આવ્યે (બુદ્ધિના આ વ્યવસાયમાં) આત્મા પ્રતિકૃતિ તરીકે ઉપયોગ કરે છે અને તેના (પદાર્થોના) પડછાયા અને પ્રતિબિંબોની સાથે સરખાવતાં પદાર્થોમાં સ્પષ્ટતા વધારે હોય છે તેથી (બુદ્ધિની અને સત્યની દૃષ્ટિએ) એનું મૂલ્ય પણ ઉચ્ચતર હોય છે.

(બ) તેણે કહ્યુંઃ તમે ભૂમિતિના તથા એને લગતી કલાઓના ક્ષેત્ર વિશે બોલો છો એ હું સમજું છું.

અને જ્યારે બુદ્ધિગ્રાહ્ય જગતના બીજા વિભાગ વિશે હું બોલું ત્યારે આન્વીક્ષિકી* વિદ્યાની શક્તિથી બુદ્ધિ પોતે જ ભિન્ન પ્રકારના જ્ઞાનને પ્રાપ્ત કરે છે તે બાબત હું બોલું છું એમ તમે સમજજોઃ અને આ વ્યાપારમાં પ્રતિજ્ઞાનો મૂળભૂત સિદ્ધાન્ત તરીકે નહિ પણ માત્ર પ્રતિજ્ઞા તરીકે જ બુદ્ધિ ઉપયોગ કરે છે—એટલે કે પ્રતિજ્ઞાથી ઊર્ધ્વ રહેલા (વિશ્વ–) સમસ્તના પ્રથમ સિદ્ધાન્ત પર્યંત તે (બુદ્ધિ) ઉડ્ડયન કરી શકે એ અર્થે આ જગત જે પ્રતિજ્ઞાની ભૂમિકા પર છે તેનાથી ઊંચે પ્રસ્થાન કરવાના મુદ્દા તથા પગથિયાં તરીકે બુદ્ધિ પ્રતિજ્ઞાનો ઉપયોગ કરે છે, અને ત્યાર બાદ આ રીતે એક વાર આને વળગીને અને પછી જે એના પર આધાર રાખે છે તેને વળગીને, એક પછી એક પગલાં ભરતી બુદ્ધિ કોઈ પણ ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થની મદદ વગર તત્ત્વોના (ક) (પ્રદેશ)થી તત્ત્વોની આરપાર ઉતરે છે, અને અંતે તત્ત્વોમાં જ અટકે છે.+

તેણે જવાબ આપ્યોઃ તમે કહો છો એ હું સમજું છું; પણ

---

* 'Dialektikē'

+ Conversion of "Hypotheses" into "Eidē" Cf. Hegel's Dialectic.

સંપૂર્ણ રીતે નહિ, કારણ જે કાર્યનું તમે મને વર્ણન કરતા દેખાઓ છો તે ખરેખર અતિ મહાન છે, પરંતુ જ્ઞાન અને સત્ જેનું આન્વીક્ષિકી વિદ્યા ચિંતન કરે છે, તે બંને જેને કલાઓ કહેવામાં આવે છે, અને જે માત્ર પ્રતિજ્ઞાનો સ્વીકાર કરી લઈ આગળ વધે છે તેના કરતાં વધારે સ્પષ્ટ છે; અને જો કે ઇન્દ્રિયો દ્વારા નહિ પરંતુ (સાધારણ) સમજશક્તિ દ્વારા× આ કલાઓનું પણ ચિંતન કરવામાં આવે છે, તો પણ પ્રતિજ્ઞાનો (ડ) સ્વીકાર કરી લઈ તે (કલાઓ) પોતાના ક્ષેત્રમાં પ્રસ્થાન કરે છે અને એક મૂલભૂત સિદ્ધાન્ત પર્યંત ઊંચે જતી નથી તેથી જેઓ તેનું ચિંતન કરે છે તેઓ તેના પર ઉચ્ચતર બુદ્ધિના વ્યાપાર ચલાવતા નથી એમ તમને દેખાઈ આવે છે; જો કે (આટલું આપણે ઉમેરવું જોઈએ કે) તે કલાઓમાં જ્યારે મૂલભૂત સિદ્ધાન્ત ઉમેરવામાં આવે છે, ત્યારે એ ઉચ્ચતર બુદ્ધિનો વિષય થઈ શકે છે. અને ભૂમિતિ તથા એનાં સજાતીય વિજ્ઞાનને ચિત્તની જે વૃત્તિ કે મનોવ્યાપાર સાથે સંબંધ છે તેને તમે હું ધારું છું કે બુદ્ધિ નહિ પણ 'સમજશક્તિ' કહેશો કારણ એ અભિપ્રાય અને બુદ્ધિની મધ્યમાં રહેલી છે.

મેં કહ્યું: મારો અર્થ તમે બરાબર કળી ગયા છો, અને હવે આ ચાર વિભાગને અનુરૂપ આત્મામાં ચાર શક્તિઓ રહેલી છે એમ આપણે કહીશું—સૌથી ઉચ્ચતમ વિભાગ માટે બુદ્ધિ, બીજા માટે સમજશક્તિ, (ઇ) ત્રીજા માટે શ્રદ્ધા [અથવા ખમાલ]* અને છેલ્લા માટે

× (Ordinary) Understanding : સમજશક્તિ; Reason બુદ્ધિ Higher Reason is "Nous" ordinary understanding is "Dianoia". Vide : Caird : Theology in Greek Philosophy.

* Faith [or conviction]

છાયાને ગ્રહણ કરનાર શક્તિ (ઇન્દ્રિયોપલબ્ધિ) + એને આ બધી શક્તિઓને આપણે ચડતી ઉતરતી પાયરીમાં ગોઠવીશું અને પ્રત્યેકના વિષયમાં જેટલે અંશે સત્ય રહેલું છે તેટલે અંશે પ્રત્યેક શક્તિમાં સ્પષ્ટતા રહેલી છે એટલું આપણે સ્વીકારી લઈશું.*

તેણે જવાબ આપ્યો: હું સમજું છું, અને મારી સંમતિ આપું છું, અને તમે કરેલી વ્યવસ્થાને સ્વીકારું છું.

•

+ "Nous", "Dianoia", "Pistis" and 'Doxa' Plato places objects of mathematics ('mathematica') between 'aistheta'–objects of perception and 'noēta'–objects of pure reason.

* "Sapheneia" –(Clearness)–the test of truth. Vide Plato's Doctrine of Ideas by Stewart, P. 58. Cf. Descartes' Principle of Clearness and Distinctness as the test of Truth. 'Hypothesis' cease to be such when they are backed up by 'anupothetos arkhē'= fundamental principles just as passions cease to be passions when viewed *sub specie eternitatis* (Spinoza).

પરિચ્છેદ ૭

(૫૧૪) અને હવે, મેં કહ્યું: આપણો સ્વભાવ કેટલે અંશે સંસ્કૃત છે કે અસંસ્કૃત છે તે હું એક ઉપમા દ્વારા દેખાડીશ. જુઓ ! માનવીઓ ભૂતલ નીચેની એક ગુફામાં રહે છે. બહારના પ્રકાશ તરફ એ (ગુફા)નું મુખ છે, અને ગુફામાં ઠેઠ સુધી એ પ્રકાશ જાય છે; અહીં તેઓ બાલ્યાવસ્થાથી રહેતાં આવ્યાં છે, અને તેઓ હાલીચાલી ન શકે એ રીતે તેમના પગે અને ડોકે સાંકળ બાંધેલી છે; તેઓ (ચ) માત્ર પોતાની આગળ જ જોઈ શકે છે. કારણ પોતાનાં માથાં તેઓ પાછળ ફેરવવા જાય તો પેલી બેડીઓ આડે આવે છે. તેમની ઉપર અને તેમની પાછળ થોડે દૂર અગ્નિની જ્વાળા બળે છે અને અગ્નિ અને કેદીઓની વચ્ચે એક ઊંચો જેવો રસ્તો છે; અને જો તમે જોશો તો તમને દેખાશે કે ઢીંગલીઓની રમત દેખાડનારાઓ ઢીંગલીઓના (પડછાયા)ને દેખાડવા પોતાની આગળ એક પડદો રાખે છે તેના જેવી એક નીચી દિવાલ એ બાજુ બાંધેલી છે.

મને દેખાય છે.

અને, મેં કહ્યું: દિવાલની ઉપર દેખાતાં દરેક જાતનાં પાત્રો તથા લાકડાનાં અને પત્થરનાં અને ભિન્નભિન્ન વસ્તુઓનાં બનાવેલાં પુતળાંઓ અને પ્રાણીઓના (ક) આકારો લઈને દિવાલ પર પસાર થતાં માણસોને તમે (૫૧૫) જુઓ છો? એમાનાં કેટલાંએક વાતો કરે છે, બીજાં શાંત છે.

તમે મને વિચિત્ર આકૃતિ દેખાડી છે, અને તે બંદીવાનો પણ વિચિત્ર છે.

મેં જવાબ આપ્યો: આપણા જેવા જ; અને ગુફાની સામેની દિવાલ પર તેમના પોતાના પડછાયા અને એકબીજાના પડછાયા પડે છે તેને જ માત્ર તેઓ જુએ છે?

---

* મુદ્દો : ૧ : એક રૂપક

તેણે કહ્યું: ખરું; જો તેઓ કદી પોતાનાં માથાં પાછળ ફેરવી શકવાનાં ન હોય તો પડછાયા સિવાય (ત્ર) બીજું કશું તેઓ શી રીતે જોઈ શકે?

અને જે વસ્તુઓને અહીંથી તહીં લઈ જવામાં આવે છે તેના માત્ર પડછાયા તેઓ એ જ પ્રમાણે જોશે, ખરું ને?

તેણે કહ્યું: હા.

અને જો તેઓ એક બીજા સાથે વાત કરી શકતાં હોય, તો જે કંઈ તેમની સમક્ષ છે તેનું જ તેઓ વાસ્તવિક નામ આપે છે એમ શું તેઓ નહિ માને?[1]

સાવ સાચું.

અને ધારો કે કેદખાનાની સામેની બાજુથી પડઘાનો અવાજ આવતો હોય તો જ્યારે રસ્તે જતાં માણસોમાંનો કોઈ કંઈ બોલે, ત્યારે કંઈ શું તેઓ ઘચિત એવી કલ્પના નહિ કરે કે તેમણે સાંભળ્યો એ અવાજ (સામેની) હરતી ફરતી છાયામાંથી આવે છે?

તેણે જવાબ આપ્યો: એમાં કંઈ શક નહિ.

(ક્ર) મેં કહ્યું: એમને મન સત્ય એટલે શબ્દશઃ બીજું કશું નહિ પણ માત્ર આકૃતિઓના પડછાયા જ.

એ ચોક્કસ.

અને હવે ફરીથી નજર નાંખો—જો બંદીવાનોને છોડવામાં આવે અને એમની ભૂલ (નો પડદો) ખસેડવામાં આવે, તો સ્વાભાવિક રીતે શું પરિણામ આવશે તે જુઓ. પહેલાં તો, જ્યારે તેમાંના કોઈને મુક્ત કરવામાં અને તેને એકાએક ઊભાં થવાની અને પાછું વળી ફરવાની તથા પ્રકાશ તરફ જોવાની ફરજ પાડવામાં આવે ત્યારે એને તીવ્ર દુઃખ થશે; આંખને આંજી નાંખે એવા પ્રકાશથી એને પીડા થશે અને પોતાની પૂર્વ સ્થિતિમાં જે તત્ત્વોની એણે (માત્ર) છાયાઓ જ (ડ્ર) જોઈ હતી તેને તે જોઈ શકશે નહિ; અને આવે વખતે

૧. અહીં મૂળ ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

એમ ધારો કે કોઈ એને કહે છે કે જેના તરફ એ પહેલાં જોતો હતો એ આભાસ હતો; પણ હવે જ્યારે એ સત્‌ની વધારે નજીક જતો જાય છે અને એનાં ચક્ષુ વધારે વાસ્તવિક અસ્તિત્વ (જેનું અસ્તિત્વ વધારે વાસ્તવિક છે તેના) પ્રત્યે ઢળેલાં છે ત્યારે એની દૃષ્ટિ વધારે—સ્પષ્ટ થતી જાય છે,—તો એ શો જવાબ આપશે? અને આથી આગળ (જઈ) તમે એમ પણ કલ્પના કરો કે જેમ જેમ વસ્તુઓ પસાર થાય છે તેમ તેમ એને દોરનાર એના તરફ આંગળી ચીંધે છે, અને તે તે વસ્તુઓનાં નામ બોલવાનું તેને કહે છે તો શું એ ગૂંચવાડામાં નહિ પડે? એને શું એમ નહિ લાગે કે હાલ એને જે વસ્તુઓ બતાવવામાં આવે છે તેના કરતાં જે પડછાયા એણે પહેલાં જોયા હતા તેમાં સત્ય વધારે અંશે રહેલું છે?

ઘણા જ વધારે અંશે.

(૬) અને એને જો પ્રકાશ તરફ સીધું જોવાની ફરજ પાડવામાં આવે, તો એની આંખને પીડા થવા માંડશે અને એને લીધે જે દૃશ્ય પદાર્થોને એ (કંઈ પણ કષ્ટ વગર) જોઈ શકતો હતો તે પદાર્થોનો આશ્રય લેવા શું એ પાછો નહિ ફરે; અને જે વસ્તુઓનું એને હાલ દર્શન કરાવવામાં આવે છે, તેના કરતાં પહેલાંના દૃશ્ય પદાર્થો ખરેખર વધારે સ્પષ્ટ હતા એમ શું એ નહિ માને?

તેણે કહ્યું: ખરું.

અને ફરીથી એક વાર ધારો કે એને ઊભા ખરબચડા ઊર્ધ્વ માર્ગે કમને ખેંચી લઈ જવામાં આવે છે, એને સાક્ષાત્ સૂર્યની સન્મુખ બળપૂર્વક ખાડો કરવા માટે એને પકડી રાખવામાં (૫૧૬) આવે છે, તો એને દુઃખ થાય અને એ ચીડાઈ જાય તે શું સંભવિત નથી? પ્રકાશની નજીક જતાં એની આંખો અંજાઈ જશે, અને હવે જેને આપણે તત્ત્વો કહીએ છીએ તેમાંનું કશું એ જોઈ શકશે નહિ.

તેણે કહ્યું: એક ક્ષણમાં તો એ બધું નહિ જ જોઈ શકે.

ઉચ્ચતર જગતનું દૃશ્ય જોવાને એણે ટેવાવું જોઈશે અને સૌથી

પહેલાં એ પડછાયાને ઉત્તમ રીતે જોઈ શકશે, પછી માણસો તથા બીજી વસ્તુઓનાં પાણીમાં પડેલાં પ્રતિબિંબોને, અને પછી વસ્તુઓને પોતાને; ત્યાર પછી ચંદ્ર તથા તારાઓનું તેજ તથા તારાજડિત આકાશ (ક્ક) તરફ નજર નાંખશે, અને (આ ભૂમિકા પર) દિવસે સૂર્યને કે સૂર્યના તેજને જોઈ શકે તે કરતાં વધારે સારી રીતે એ રાત્રે આકાશને તથા તારાઓને જોઈ શકશે ?

૯૩૨.

સૌથી છેલ્લે, પાણીમાં પડેલા સૂર્યના માત્ર પ્રતિબિંબને જ નહિ, પરંતુ (સાક્ષાત્) સૂર્યને જોવા એ શક્તિમાન થશે, અને તે પણ કોઈ બીજા સ્થાનમાં નહિ પરંતુ એના પોતાના યોગ્ય સ્થાનમાં જ એ જોશે, અને એ (સૂર્ય) જેવો છે તેવાનું એ ચિંતન કરશે.

૯૩૨.

ત્યાર પછી એ એવી દલીલ કરશે કે એ આપણને ઋતુ અને વર્ષનો આપનાર છે, અને દૃશ્ય જગતમાં જે (ક્ક) કંઈ છે તેનો એ પાલક છે, તથા તે અને તેના મિત્રો જે બધી વસ્તુઓને જોવા ટેવાયેલા છે તેનું એ અમુક દૃષ્ટિએ (સૂક્ષ્મ) કારણ છે.

તેણે કહ્યું : પહેલાં સૂર્યને જુએ અને પછી એને વિશે (બુદ્ધિથી) તર્ક (reason) કરે એ સ્પષ્ટ છે.

અને જ્યારે જૂનાં રહેઠાણનું તથા ગુફાના અને એના કેદી-સાથીઓના વિવેકનું એને સ્મરણ થાય, ત્યારે તમને શું એમ નથી લાગતું કે એનામાં જે પરિવર્તન થયું છે તે માટે એને આનંદ થશે અને (જેઓ હજી પણ ગુફામાં બાંધેલા પડ્યા છે) તેમના પર એને દયા આવશે ?

૯૩૨ એને એમ થશે.

અને ચલાયમાન પડછાયાનું નિરીક્ષણ કરવામાં, અને કયો ઓળો આગળ ગયો અને કયો પાછળથી આવ્યો, અને કયા એકી સાથે પસાર થયા એની નોંધ કરવામાં જેઓ સૌથી વધારે ચપળ હોય તેમને

અંદર અંદર માન આપવાની (જેઓ ગુફામાં જ પડી રહ્યા છે) તેમને ટેવ હોય; અને (ડ) (આવા નિરીક્ષણ અને નોંધને લીધે) જેઓ ભવિષ્યને વિશે અનુમાનો બાંધવાને સૌથી વધારે શક્તિમાન હોય,—તો (આવી પરિસ્થિતિમાં) શું તમે એમ માનો છો કે (જેનામાં આ ઉચ્ચતર પરિવર્તન થયું છે) તે આવાં માન અને કીર્તિની દરકાર કરશે કે એ જેમને મળ્યાં હોય તેમની અદેખાઈ કરશે? હોમરની સાથે શું એ પણ એમ નહિ કહે કે:

ગરીબ શેઠના ગરીબ નોકર થવું વધારે સારું છે;

અને તેઓ વિચારે છે તે રીતે વિચાર કરવો અને તેમની રીતે રહેવું એના કરતાં ગમે તે સહન કરી લેવું એ વધારે સારું છે?

(૬) તેણે કહ્યું: હા, હું માનું છું કે આવી કંગાલ હાલતમાં રહેવા કરતાં, અને આ ખોટા ખયાલો રાખવા કરતાં બહેતર છે કે એ ગમે તે સહન કરી લેશે.

મેં કહ્યું: ફરી એક વાર તમે કલ્પના કરો કે એવા કોઈને સૂર્યના પ્રદેશમાંથી એકાએક લઈને એના જૂના સ્થાનમાં પાછો મૂકવામાં આવે છે; તો એની આંખમાં જરૂર શું અંધારાં નહિ આવે?

તેણે કહ્યું: અચૂક,

અને એવામાં જો હરીફાઈ થાય અને હજી તો એની (અંધારામાં) જોવાની શક્તિ નબળી હોય, અને એની આંખો સ્થિર (૫૧૭) થઈ ન હોય [અને અંધારામાં જોવાની આ નવી ટેવ મેળવતાં જે વખતની જરૂર પડે તે કદાચ ઘણો જ વધારે હોય], ત્યાં તો જે કેદીઓ કદી ગુફામાંથી બહાર ગયા નહોતા તેમની સાથે પડછાયાને માપવાની હરીફાઈમાં તેને ઉતરવું પડે, તો એની સ્થિતિ શું હાસ્યાસ્પદ નહિ થાય? લોકો એને વિશે એમ કહેશે કે ભાઈ ઉપર ગયા અને આંખો ખોઈને પાછા વળ્યા; એટલે ઊંચે ચડવાનો વિચાર સુદ્ધાં ન કરવો એ જ સારું છે; અને બીજાને જો મુક્ત કરવાનો તથા પ્રકાશ તરફ દોરવાનો કોઈ પ્રયત્ન કરે, તો આવા અપરાધીને, જો તેઓ

ફક્ત પકડી શકે, તો તેને મારી જ નાંખે. *

તેણે કહ્યું; એમાં કંઈ શક નહિ.

મેં કહ્યું: પ્રિય ગ્લાઉકોન, મારી અગાઉની દલીલને (ઞ) આ આખું દૃષ્ટાંત તમે હવે લાગુ પાડી શકશો; કેદખાનું એ દૃષ્ટિગોચર જગત છે, અગ્નિનો પ્રકાશ તે સૂર્ય છે, અને મારી જે નમ્ર માન્યતાને તમારી ઇચ્છા હતી તો મેં વ્યક્ત કરી છે—ખરી રીતે કે ખોટી રીતે તે તો પ્રભુ જાણે—તે માન્યતા અનુસાર ઉચ્ચ પ્રદેશમાંની મુસાફરી તે બુદ્ધિગમ્ય (તત્ત્વોના) જગતમાં આત્માની ઊર્ધ્વ ગતિ એવો અર્થ તમે કરો તો એમાં તમે કશું ખોટું નથી સમજ્યા. ખરો કે ખોટો, પરંતુ મારો અભિપ્રાય એવો છે કે જ્ઞાનના પ્રદેશમાં ઇષ્ટનું તત્ત્વ સૌથી છેલ્લે દેખાય છે, અને એ પણ (ક) પ્રયત્નપૂર્વક જોઈએ—તો; અને એ જ્યારે દેખાય છે ત્યારે એવું પણ અનુમાન બંધાય છે કે એ (તત્ત્વ) તમામ સુંદર અને સત્ય વસ્તુઓનો સર્વસામાન્ય કર્તા છે; આ દૃશ્ય જગતમાં એ પ્રકાશનો પિતા અને સ્વામી છે, અને બુદ્ધિગમ્ય જગતમાં બુદ્ધિ અને સત્યનું અવ્યવહિત પ્રભવસ્થાન છે: અને શું જાહેર કે શું ખાનગી જીવનમાં, જેને બુદ્ધિપૂર્વક આચરણ કરવું છે, તેણે જે શક્તિ પર પોતાનાં ચક્ષુ સ્થિર રાખવાં જોઈએ—તે શક્તિ આ છે.

તેણે કહ્યું: જેટલે અંશે હું તમને સમજી શકું છું તેટલે અંશે હું સંમત થાઉં છું.

મેં કહ્યું: વળી જેઓએ આ મોક્ષપ્રદ દર્શન પ્રાપ્ત કર્યું છે, તેઓની જે માનવીઓના વ્યવહારમાં નીચે ઉતરવાની મરજી ન હોય, તો તમારે આશ્ચર્ય પામવું ન જોઈએ; કારણ જે દુનિયામાં તેમને રહેવાની ઇચ્છા (ડ) છે તે ઉચ્ચતર દુનિયા તરફ તેમના આત્માઓ હરહંમેશ ત્વરાથી પ્રવાસ કરતા હોય છે; અને આપણા દૃષ્ટાંત પર જે આપણે વિશ્વાસ મૂકીએ તો તેમની આ ઇચ્છા બહુ જ સ્વાભાવિક છે.

* સોક્રેટિસને ઝેર પાઈને મૃત્યુની સજા કરેલી એ વાત પ્લેટો કયાંથી ભૂલી શકે; જુઓ એનો Apology નામનો સંવાદ.

હા, અત્યંત સ્વાભાવિક છે.

અને કોઈ આધ્યાત્મિક ચિંતનોના પ્રદેશને છોડીને મનુષ્યની અનિષ્ટ અવસ્થા પાસે એ આવી લાગે અને હાસ્યાસ્પદ રીતે એ (દેખીતું) અયુક્ત વર્તન કરે; જ્યારે તેની આંખે અંધારાં આવતાં હોય ત્યારે અને આજુબાજુના અંધકારને એ ટેવાયો હોય ત્યાર પહેલાં, જો કાયદાની કોર્ટોમાં અથવા બીજી જગ્યાએ, ધર્મની પ્રકૃતિઓ અથવા પ્રતિકૃતિઓની છાયાઓ વિષે લડવાની તેને ફરજ પડે, અને જેમણે (દૂર) હજી કદી શુદ્ધ ધર્મને જોયો નથી, તેમના ખયાલોને પહોંચી વળવાનો પ્રયત્ન કરતો હોય,—ત્યારે તેમાં શું કંઈ નવાઈ પામવા જેવું છે ખરું?

તેણે જવાબ આપ્યો: ગમે તેવું હોય પણ નવાઈ પામવા જેવું તો નહિ જ.

(૫૧૮) સાધારણ સમજશક્તિવાળાને પણ યાદ હશે કે આંખના ભ્રમ બે પ્રકારના હોય છે, અને તે બે કારણોને લીધે ઉત્પન્ન થાય છે, કાં તો પ્રકાશમાંથી બહાર આવવાને લીધે અથવા (અંધકારમાંથી) પ્રકાશમાં જવાને લીધે, અને આ જેટલું દેહનાં ચક્ષુ વિશે ખરું છે તેટલું જ મનઃચક્ષુ વિશે પણ ખરું છે; અને જેની દૃષ્ટિ ભ્રમવાળી અને નબળી હોય એવા કોઈને તે જુએ ત્યારે જો તે આટલું યાદ રાખે તો તે (તેને જોઈને) હસી નહિ પડે; એ પહેલાં તો પૂછશે કે શું એ માણસનો આત્મા વધારે પ્રકાશમય જીવનમાંથી બહાર આવ્યો છે અને અંધારાંને ટેવાયો નથી એ કારણે તે જોવાને અશક્ત છે, કે અંધકારથી અળગો થઈ દિવસ તરફ પોતાનું મોં ફેરવેલું હોવાથી પ્રકાશની અતિશયતાથી એ અંજાઈ ગયો (બ) છે? અને આના જેવી પરિસ્થિતિમાં અને જીવનની (આંતરિક) દશામાં જે કોઈ હોય તેને તે સુખી ગણશે, અને બીજાની તે દયા ખાશે; અથવા જો એને હસવું જ હોય તો ઉપર પ્રકાશમાંથી જે આત્મા ગુફામાં પાછો ફરતો હોય

* મુદ્દો : ૨ : સાક્ષાત્કાર પછીનું ફિલસૂફનું વર્તન તથા કર્તવ્ય.

તેના પ્રત્યેના હાસ્ય કરતાં જે આત્મા નીચેથી (ઉપર) પ્રકાશ તરફ આવતો હશે તેને જોઈને એને હસવાનું મન થાય એ વધારે સકારણ છે.

તેણે કહ્યું: એ ભેદ પાડયો તે બહુ જ યોગ્ય છે.

પણ ત્યારે, જો મારું કહેવું ખરું હોય, તો કેળવણીના કેટલાએક અધ્યાપકો જ્યારે એમ કહે છે કે આંધળી આંખોમાં દૃષ્ટિની જેમ, જે જ્ઞાન પહેલાં નહોતું એ તેઓ (ક) આત્મામાં મૂકી શકે છે, ત્યારે તેઓ જુદું બોલતા હોવા જોઈએ.

તેણે જવાબ આપ્યો: તેઓ ખચીત એવો દાવો કરે છે જ.

જ્યારે ઉલટું આપણી દલીલ પરથી એમ સાબીત થાય છે કે શીખવાનું સામર્થ્ય અને શક્તિ આત્મામાં પહેલેથી જ રહેલાં છે;* અને જેવી રીતે આખા શરીરને ફેરવ્યા વગર આંખો અંધકારમાંથી પ્રકાશ તરફ વળી શકતી નહોતી, તેવી જ રીતે સદસત્થી ભરેલા જગતમાંથી સત્ પ્રત્યે જ્ઞાનના સાધનને સમસ્ત આત્માના વ્યાપાર દ્વારા જ વાળી શકાય અને સત્તા તથા સૌથી વધારે પ્રકાશમય અને ઉત્તમ સત્તા, અથવા (ખ) બીજા શબ્દોમાં કહીએ તો, ઇષ્ટના દર્શનને સહન કરવાને ધીમે ધીમે શીખી શકાય.

સાવ સાચું.

અને સૌથી વધારે ઝડપથી તથા સૌથી સરળ રીતે (આ પ્રકારનું) પરિવર્તન સાધી શકે એવી કોઈક કલા તો હોવી જોઈએ ખરી ને; (અને એ કલા) કંઈ જોવાની શક્તિને (નવેસરથી) રોપશે નહિ કારણ એ તો કયારની ત્યાં છે જ,* માત્ર એ ઊંધી દિશામાં જ વળેલી છે; અને સત્યથી વિમુખ છે?

તેણે કહ્યું: હા, એવી કોઈ કલા હોવી જોઈએ એમ આપણે સ્વીકારી શકીએ.

---

* This has relation to Plato's doctrine of 'ánàmnesis'. Vide 'Protagoras' and 'Meno' Dialogues.

અને આત્માના બીજા કહેવાતા સદ્‌ગુણો શારીરિક ગુણોના જેવા જ દેખાય છે, કારણ કે તેઓ અસલથી સાહજિક રીતે (આત્મ ના બંધારણમાં) હયાત ન હોય (૬) ત્યારે પણ પાછળથી આચરણ તથા ટેવ દ્વારા તે ગુણોને રોપી શકાય છે; પરંતુ વિવેકમાં બીજા કોઈ પણ સદ્‌ગુણ કરતાં દૈવી અંશ વધારે રહેલો છે, અને એ અંશ હમેશાં હયાત હોય છે, તથા આવા પરિવર્તનથી તે વધારે ઉપયોગી અને લાભકારક થઈ પડે છે, અથવા એથી ઉલટી પરિસ્થિતિમાં એ નિરુપયોગી અને હાનિકર્તા પણ થાય છે. કોઈ હોશિયાર બદમાશની તીક્ષ્ણ આંખમાંથી (૫૨૯) સંકુચિત બુદ્ધિનું કિરણ ચમકતું શું તમે કદી નથી જોયું—એ કેટલો આતુર હોય છે, એનો ક્ષુદ્ર આત્મા પોતાના આશયને સિદ્ધ કરવાના માર્ગને કેટલી સ્પષ્ટ રીતે જુએ છે; એ જરા પણ આંધળો નથી, પણ એની તીક્ષ્ણ દૃષ્ટિ અનિષ્ટની સેવામાં રોકાયેલી રહે છે, અને જેટલો એ વધારે હોંશિયાર તેટલો એ વધારે હાનિકારક બને છે.

તેણે કહ્યું: સાવ સાચું.

પરંતુ આવા સ્વભાવવાળા માણસો પર એમની યુવાવસ્થાના દિવસોમાં જ વાઢ મૂકયો હોય તો શું; અને ખાવું પીવું વગેરે (ક) જેવા ઇન્દ્રિયોપભોગો, જે ધંટીના પૈડાંની જેમ એમને જન્મથી જ વળગાડવામાં આવ્યા હતા અને જેને લીધે તેમનું અધઃપતન થયે જાય છે, અને અધમ વસ્તુઓ પ્રત્યે તેમના આત્માની દાષ્ટ વળે છે, તે (ઇન્દ્રિયોપભોગો) માંથી તેમને અળગા કરવામાં આવે,—(એટલે કે) હું કહું છું કે જો આ અંતરાયોમાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા હોત અને એનાથી વિરુદ્ધ દિશાએ તેમને વાળવામાં આવ્યા હોત, તો જે વસ્તુઓ તરફ અત્યારે તેમની દૃષ્ટિ ઢળેલી છે તે વસ્તુઓને તેઓ જેટલી તીક્ષ્ણ નજરથી જોઈ શકે છે તેટલી જ તીક્ષ્ણતાથી તેઓ પોતામાં રહેલી એ ને એ શક્તિ દ્વારા સત્યને જોઈ શકત.

સંભવિત છે.

મેં કહ્યું: હા, અને બીજી એક બાબત પણ સંભવિત છે,

અથવા અગાઉ જે કહેવાઈ ગયું તેના એક આવશ્યક અનુમાનરૂપ છે, અને તે એ કે, જેઓ અશિક્ષિત અને સત્યથી અજ્ઞાન (ક) છે તેઓ, તેમ જ જેઓએ પોતાની કેળવણી કદી સમાપ્ત કરી નથી તેઓ રાજ્યના કુશળ સચીવો થઈ શકશે નહિ:—જેઓ અશિક્ષિત અને અજ્ઞાન છે તેઓ નહિ, કારણ તેમનાં તમામ અંગત કે જાહેર કાર્યોને નિયમબદ્ધ કરે એવો ફરજનો કોઈ એક જ આશય તેમનામાં હોતો નથી; અને બીજા પ્રકારના લોકો નહિ, કારણ પોતે મહાભાગ મનુષ્યોના ટાપુઓમાં પહેલેથી જ વસતા આવ્યા છે એવી કલ્પના તેઓ કરતા હોવાથી તેમને ફરજ પાડવામાં ન આવે ત્યાં સુધી તેઓ કદી કશું કાર્ય કરશે જ નહિ.

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

ત્યારે, મેં કહ્યું: આપણે રાજ્યના સ્થાપકો છીએ તો આપણું કાર્ય એ રહેશે કે જે જ્ઞાન સૌથી મહાન છે એમ કચારનું સાબીત થઈ ચૂકયું છે તે જ્ઞાન ઉત્તમ લોકો પ્રાપ્ત કરે એવી ફરજ પાડીશું.—તેઓ ઇષ્ટની પાસે આવી પહોંચે ત્યાંસુધી તેમણે ઊંચે ચડયા જ કરવું પડશે; પણ જ્યારે (ડ) તેઓ ચડી રહે, અને પૂરું જોઈ રહે ત્યાર પછી તેઓ અત્યારે જે રીતે વર્તે છે તે પ્રમાણે આપણે તેમને વર્તવા નહિ દઈએ.*

એટલે તમે શું કહેવા માગો છો ?

મારા કહેવાનો ભાવાર્થ એ છે કે તેઓ ઉચ્ચતર દુનિયામાં જ રહ્યા કરે છે; પણ આની મના કરવી જોઈએ; તેમને કેદીઓ રહે છે તે ગુફામાં નીચે આવવાની, અને તેમનાં મહેનતનાં કામ તથા મેળવવાને લાયક હોય કે ન હોય તો પણ તેમનાં માનપાનમાં ભાગીદાર થવાની ફરજ પાડવી જોઈએ. *

---

* એટલે કે આપણી પરિભાષામાં એમ કહી શકાય કે પૂર્ણસાક્ષાત્કાર પછી પણ વ્યકિતએ અજ્ઞાનથી ભરેલી દુનિયામાં કાર્ય કરવું જોઈએ. 'અમિતાભ બુદ્ધ' ના આપણે આદર્શ આ છે.

પણ, તેણે કહ્યું: શું આમાં આપણે અન્યાય કરતા નથી? જ્યારે તેઓ ખુશીથી ઉચ્ચતર જીવન ગાળી શકે તેમ હોય ત્યારે શું આપણે એમને હીનતર જીવન ગાળવાની ફરજ પાડવી જોઈએ?

(૬) મેં કહ્યું; મારા મિત્ર, બાકીના લોકોને પડતા મૂકી માત્ર કોઈ એક વર્ગને સુખી કરવાનો શાસનકર્તાઓનો ઇરાદો નહોતો એ તમે ભૂલી ગયા લાગો છો, આખા રાજ્યમાં સુખ રહેવાનું હતું, અને (કોઈ વાર) ફરજ પાડીને અને કોઈ વાર સમજાવીને એ (કાયદા ઘડનાર) પુરવાસીઓને એકત્રિત રાખશે તથા તેઓ (૫૨૦) રાજ્યના અને તેથી એક બીજાના ઉપકારક થાય એમ કરશે; આ આશયથી તો લોકોએ તેમને આવા બનાવ્યા,* નહિ કે તેઓ પોતે મજા માણે, પણ રાજ્યનું સંગઠન કરી એક કરવામાં તેઓ સાધનભૂત થાય તે અર્થે.

તેણે કહ્યું: ખરું, હું એ તો ભૂલી જ ગયો.

ગ્લાઉકોન, જુઓ, બીજાઓની જરૂરિયાતો પૂરી પાડવાની અને તેમની સંભાળ રાખવાની ફરજ જે આપણા ફિલસૂફો પર મૂકવામાં આવે તો તેમાં કશો અન્યાય થતો નથી; આપણે એમને સમજાવીશું કે બીજાં રાજ્યોમાં એમના વર્ગના લોકોને રાજકારણનાં કાર્યોમાં ભાગ લેવાની (ન) ફરજ પાડવામાં આવતી નથી; અને આ યોગ્ય છે, કારણ તેઓ સ્વેચ્છાથી જ ફિલસૂફો થયેલા હોય છે. અને ત્યાંની રાજસત્તા તો એમને ઊલટા સંઘરવાની પણ ના પાડે! (ફિલસૂફીમાં) સ્વયંશિક્ષિત હોવાથી, જે સંસ્કૃતિ એમને કદી (સમાજમાંથી) મળી નથી તે પ્રત્યે એ કશી કૃતજ્ઞતા દેખાડે એવી અપેક્ષા રાખી શકાય નહિ. પરંતુ તમે મધપૂડાના શાસનકર્તા થાઓ, તમારા અને બીજા પુરવાસીઓના રાજા થાઓ તે માટે જ અમે તમને દુનિયામાં પેદા કર્યા છે, અને તેમના (બીજાં રાજ્યોમાંના ફિલસૂફો)* કરતાં કયાંય વધારે સારી અને સંપૂર્ણ રીતે તમને

* વ્યક્તિમાં જ જો આ માર્ગે જવાની તીવ્ર ઉત્કંઠા ન હોય, તો લોકો 'તેમને આવા' બનાવી શકે એ શંકાસ્પદ છે. પ્લેટોનું આ પાશ્ચાત્ય દૃષ્ટિબિંદુ છે, કે બહારથી માણસને ખરેખર સારો કરી સકાય.

કેળવણી આપી છે, અને બંને ફરજો (ક) તમે વધારે સારી રીતે અદા કરી શકો એમ છો. આથી જ્યારે પોતાનો વારો આવે ત્યારે તમારામાંના દરેક પૃથ્વીના પડ અંદરના (માનવીઓના) સામાન્ય રહેઠાણમાં નીચે જવું જોઈશે, અને અંધારામાં જોવાની ટેવ પાડવી જોઈશે. તમને આ ટેવ પડી જશે, ત્યાર પછી ગુફાના (મૂળ) વતનીઓ કરતાં તમે દસ હજાર ગણું સારું જોઈ શકશો, અને તમે સુંદર, ધર્મિષ્ઠ અને ઇષ્ટને (દરેકને) તેના ખરા સ્વરૂપમાં જોયાં છે તેથી એની જુદી જુદી પ્રતિકૃતિઓ શી છે અને તે શાનું સૂચન કરે છે તે પણ તમે જાણી શકશો. અને આ રીતે અમારું રાજ્ય જે તમારું પણ છે તે માત્ર સ્વપ્નવત્ નહિ રહે પણ વાસ્તવિક નીવડશે, અને બીજાં રાજ્યોમાં લોકો માત્ર પડછાયા વિશે એક બીજા સાથે લડે છે અને એમની નજરે જે સત્તા મોટી ઇષ્ટ વસ્તુ દેખાય છે તેને મેળવવાના ઝઘડામાં લોકો વિક્ષિપ્તચિત્ત થાય છે, તે રાજ્યોના કરતાં કોઈ જુદા જ ભાવથી આપણા રાજ્યનો વહીવટ ચાલશે. (ડ) (સત્તા જ મોટી ઇષ્ટ વસ્તુ ગણવામાં આવે) તેના કરતાં ખરી વાત તો એ છે કે જે રાજ્યમાં શાસનકર્તાઓ રાજ્યવહીવટ ચલાવવા અનિચ્છુ હોય તે જ રાજ્યનો વહીવટ હરહંમેશ સૌથી સારી અને શાંત રીતે ચાલે છે, અને જે રાજ્યમાં તેઓ અત્યંત આતુર હોય તેનો વહીવટ સૌથી ખરાબ હોય છે.

તેણે જવાબ આપ્યોઃ સાવ સાચું.

અને પોતાના વખતનો મોટો ભાગ એક બીજા સાથે સ્વર્ગીય (જ્ઞાન) પ્રકાશમાં ગાળવાની તેમને છૂટ આપવામાં આવે, તો પછી જ્યારે આપણા શિષ્યો ઉપર-કહેલી હકીકત સાંભળશે ત્યારે પોતાનો વારો આવ્યે રાજ્યવ્યવસ્થાની જહેમત ઉઠાવવાને શું તેઓ ના પાડશે?

(ઢ) તેણે જવાબ આપ્યોઃ અશક્ય; કારણ તેઓ ધર્મિષ્ઠ માણસો છે, અને આપણે જે આદેશો તેમને આપીએ છીએ તે ધર્માનુસાર છે; અને આપણા આજકાલના શાસનકર્તાઓની રીત છે તે રીતે નહિ,

પણ કોઈ કઠોર ફરજ આવી પડી હોય તે અનુસાર તેમાંનો દરેક જણ હોદ્દો સ્વીકારાશે એમાં શંકા હોઈ ન શકે.

મેં કહ્યું: હા, મારા મિત્ર, અને મુદ્દો એ જ છે. (૫૨૧) (સામાન્ય) શાસનકર્તાના જીવન કરતાં તમારા ભવિષ્યના શાસનકર્તાઓ માટે તમારે જુદા અને વધારે સારા જીવનની યોજના ઘડવી પડશે અને ત્યાર પછી જ તમે સુવ્યવસ્થિત રાજ્ય સ્થાપી શકશો; કારણ જે રાજ્યમાં આવી (યોજનાને) સ્થાન હશે તે જ રાજ્યમાં, રૂપા અને સોનામાં નહિ પણ સદ્‌ગુણ અને વિવેક જે જીવનમાં ખરા આશીર્વાદરૂપ છે તે ગુણોમાં જેઓ ખરેખરા શ્રીમંત હશે તેવા રાજ્ય કરશે. આથી ઊલટું પોતાના અંગત લાભને જ ઝંખતા અને ગરીબ સ્થિતિને લીધે મુખ્ય લાભને ઝડપી લેવાનો વિચાર કરતા કરતા જો તેઓ સાર્વજનિક આપત્તોનો વહીવટ કરવા જશે તો કદી વ્યવસ્થા રહી શકશે નહિ; કારણ હોદ્દાઓ મેળવવા તેઓ લડશે, અને આ રીતે ઘરના અને બહારના જે ઝઘડાઓ ઊભા થશે તેનાથી શાશનકર્તાઓની પોતાની અને સમસ્ત રાજ્યની પાયમાલી થશે.

તેણે જવાબ આપ્યો: સૌથી સાચું.

(બ) અને રાજ્યકારણની મહત્ત્વાકાંક્ષાને ક્ષુદ્ર માનતું હોય એવું કોઈ જીવન હોય તો તે માત્ર ખરી ફિલસૂફીનું જ જીવન છે? બીજા કોઇ પ્રકારનું જીવન આવું હોય એ તમારી જાણમાં છે?

તેણે કહ્યું: ખરેખર મારી જાણમાં નથી.

અને જેઓ શાસન કરતા હોય તેમને એ કાર્ય પ્રત્યે મોહ ન હોવો જોઈએ એ ખરું ને? કારણ જો તેમને મોહ હોય તો (તે કાર્ય માટે તેમનામાં) હરીફ આશકો ઊભા થશે અને તેઓ લડશે.

એમાં સવાલ જ નહિ.

ત્યારે આપણે જેમને પાલકો થવાની ફરજ પાડીએ એવા તે કોણ હશે? તેઓ અવશ્ય એવા જ માણસો હશે, જેઓ રાજ્યનાં કાર્યોમાં સૌથી વધારે વિવેકી હશે, અને રાજ્યવહીવટ સૌથી સારો

રીતે કરશે, તથા આની સાથે સાથે જ જેઓને બીજાં માનપાન મળેલાં હશે અને રાજ્યકારણના જીવન કરતાં વધારે સારું જીવન ગાળતા હશે?

તેણે જવાબ આપ્યોઃ માણસો તો એ જ, અને હું તેમને પસંદ કરું છું.

(ક) અને હવે આવા પાલકોને આપણે કઈ રીતે ઉત્પન્ન કરવા અને—નીચલી (અજ્ઞાનની) દુનિયામાંથી દેવો સુધી તેમાંના કેટલાએક ઊંચે ચડયા છે એમ કહેવાયું છે તો—(તેમનો આ વિકાસ સાધવા) તેમને અંધકારમાંથી પ્રકાશમાં કઈ રીતે લાવવા તે વિશે આપણે વિચાર કરીશું?*

તેણે જવાબ આપ્યોઃ જરૂર.

મેં કહ્યુંઃ કાળુ માછલીની છીપ * સવળી કે અવળી નાંખીએ એના જેવી કંઈ એ પદ્ધતિ નથી, પરંતુ એમાં તો સામાન્ય-રાત્રિ-કરતાં-જે-જરા-પણ-વધારે-સારો-નથી (એટલે કે જરા પણ વધારે પ્રકાશમય નથી) એવા દિવસમાંથી× નીકળી સત્‌ના ખરેખરા દિન પ્રત્યે આત્મા જાય એવું તેનામાં પરિવર્તન કરવાનું છે અને આનું નામ જ નીચે (ની ભૂમિકા પર) થી સાધેલી ઊર્ધ્વ ગતિ—જેનું આપણે ખરી ફિલસૂફી તરીકે પ્રતિપાદન કર્યું છે.

બરાબર એમ જ.

અને આ પરિવર્તન સાધી શકે એવી શક્તિ (ડ) કઈ જાતના જ્ઞાનમાં રહેલી છે એનો આપણે વિચાર કરવો જોઈએ ખરું ને?

જરૂર.+

સતત પરિવર્તનશીલ સદ્‌સત્‌માંથી આત્માને સત્‌ પ્રત્યે ખેંચી જાય એવું કઈ જાતનું જ્ઞાન છે? અને એક બીજો વિચાર મને

* મુદ્દો ૩. શિક્ષણપદ્ધતિ પર બીજી વારની ચર્ચા.

× સરખાવો નીચે પ૧૮, ક.

+ સરખાવો : यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः । गीता

હમણાં જ રકુર્યોઃ તમને યાદ હશે કે આપણા યુવાનોએ કસરતબાજ લડવૈયા થવાનું છે?

હા, એમ કહ્યું હતું ખરું.

ત્યારે આ નવી જાતના જ્ઞાનમાં એક વધારાનો ગુણ હોવો જોઈએ?

કયો ગુણ?

લડાઈમાં ઉપયોગી થઈ પડવાનો.

હા, જો શક્ય હોય તો.

કેળવણી વિશે આપણી અગાઉની યોજનામાં બે (ङ) વિભાગો હતા, ખરું ને?

બરાબર એમ જ.

એક તે શારીરિક કેળવણી, અને શરીરનો વિકાસ તથા ક્ષય એ એનો વિષય હતો, અને તેથી સાધારણ રીતે આપણે એમ ગણી શકીએ કે એને ઉત્પાદ અને નાશની સાથે સંબંધ છે?

(૫૨૨) ત્યારે આપણે જે જ્ઞાન શોધવા મથીએ છીએ તે આ ન હોય!

ના.

પણ આપણી અગાઉની યોજનામાં માનસિક કેળવણીને જે થોડુંઘણું સ્થાન મળ્યું હતું તે વિશે તમે શું કહેશો?

તેણે કહ્યુંઃ તમને યાદ હશે કે માનસિક કેળવણી, એ શારીરિક કેળવણીનો પૂરક વિભાગ હતો અને તેમાં પાલકોને ટેવના બંધારણ દ્વારા, સંવાદથી તેમનું જીવન સંવાદમય કરીને અને તાલથી તાલબદ્ધ કરીને, શિક્ષણ મળતું હતું, પણ તેમાં એમને કશું વિજ્ઞાન મળતું નહોતું;× અને જોડી કાઢેલા કે પછી કદાચ સાચ્ચા શબ્દોમાં તાલ અને સંવાદના જેવાં તત્ત્વો હતાં, પરંતુ જે ઇષ્ટ વસ્તુને તમે (ञ) અત્યારે શોધી રહ્યા

× પ્લેટોના અભિપ્રાયનુસાર શરૂઆતની માનસિક કેળવણીમાં ઇન્દ્રિયગોચર જગતનું જ જ્ઞાન અપાય છે, 'વિજ્ઞાન' એનો વિષય નથી: ઇન્દ્રિયગોચર જગત એટલે સદસદ્રૂપ પડછાયા.

છો, એને સાધી શકે એવું કશું માનસિક કેળવણી(ના પહેલા ખરડા)માં હતું નહિ.

મેં કહ્યું: તમને બરાબર યાદ છે: માનસિક કેળવણીમાં જરૂર એવું કશું હતું જ નહિ. પણ, મારા પ્રિય ગ્લાઉકોન, જ્ઞાનની એવી કઈ શાખા હશે કે જેમાં આપણે ઇચ્છીએ છીએ તેવાં તત્ત્વો હોય; કારણ તમામ ઉપયોગી કલાઓને તો આપણે ક્ષુદ્ર ગણી કાઢી છે?

નિઃશંક; અને છતાં જો માનસિક તથા શારીરિક કેળવણીને આપણે બાદ કરીએ અને (નાની નાની) કલાઓને પણ આપણે દૂર રાખીએ, તો પછી રહ્યું શું?

મેં કહ્યું: વારુ, આપણા વિશિષ્ટ વિષયોમાંથી કદાચ બાકી એકે ય ન રહે, અને—તો જેનો કોઈ વિશિષ્ટ નહિ પણ સર્વ સામાન્ય ઉપયોગ થતો હોય તેવા કોઈ વિષયને આપણે લેવો પડે એમ લાગે છે.

એ કયો હોઈ શકે?

(ક) એવો કોઈક કે જેનો ઉપયોગ તમામ કલાઓ, વિજ્ઞાનની શાખાઓ તથા બુદ્ધિના પ્રયોગો સમાન રીતે કરતાં હોય, અને કેળવણીનાં મૂળ તત્ત્વોમાં દરેકને જેનો અભ્યાસ કરવો જ પડતો હોય.

એ કયો છે?

એક, બે, ત્રણ વચ્ચેનો ભેદ પારખવાની નાનીશી વાત, ટૂંકમાં કહીએ તો સંખ્યા અને ગણિતઃ—તમામ કલાઓમાં તથા વિજ્ઞાનોમાં શું અવશ્ય આનો અંશ ઉતરી આવતો નથી?

હા.

તો પછી લડાઈ કરવાની કળામાં પણ એનો અંશ છે ખરું?

જરૂર.

(ડ) ત્યારે કરુણરસપ્રધાન નાટકમાં જ્યારે જ્યારે પાલેમિડીઝ આવે છે ત્યારે ત્યારે એ એમ સાબીત કરી આપે છે કે એગેમેમ્નોન સેનાપતિ થવાને એટલો તો નાલાયક છે કે એ તે પદ લે તો ઉપહાસને જ પાત્ર થાય. એણે પોતે સંખ્યા શું છે તેની શોધ કરી હતી

અને પોતાના દરેક વહાણ પર સંખ્યાંક લખ્યો હતો, તથા ટ્રોય નજીક લશ્કરને હારોમાં ગોઠવ્યું હતું એમ જે એણે જાહેર કર્યું તેના તરફ શું કદી તમારું ધ્યાન ગયું નથી; એનો અર્થ એ છે કે ત્યાર પહેલાં વહાણોની કદી ગણતરી થઈ જ નહોતી, અને એગેમેમ્નોન પોતાના પગ ગણવાને પણ અશક્ત હતો એમ શબ્દશઃ આપણે માનવું જોઈએ — જો એને સંખ્યાનું જ ભાન ન હોય, તો પછી એ કઈ રીતે ગણતરી કરી શકે ? અને જો એ વાત ખરી હોય તો એ કઈ જાતનો સેનાપતિ હશે ?

જો તમે કહ્યું એ પ્રમાણે હોય તો તો મારે કહેવું જોઈએ કે — અત્યંત વિચિત્ર સેનાપતિ !

(૬) યોદ્ધાને ગણિતનું જ્ઞાન હોવું જોઈએ એની આપણાથી ના પડાય ?

જો તેને લડાઈના વ્યૂહોનું થોડું પણ જ્ઞાન મેળવવું હોય, અથવા મારે ઊલટું એમ કહેવું જોઈએ કે, જો તેણે જરા પણ મરદ બનવું હોય તો અવશ્ય તેને (ગણિતનું જ્ઞાન) હોવું જ જોઈએ.

આ અભ્યાસનો તમારો ખયાલ તે મારા જેવો જ છે કે કેમ તે જાણવાનું મને મન છે ?

તમારો ખયાલ શો છે ?

મને લાગે છે કે આપણે જે વિષયની શોધ કરીએ (૫૨૩) છીએ, અને સ્વાભાવિક રીતે જ જેમાં વિચારને પ્રાધાન્ય મળે છે પણ જેનો ખરી રીતે કદી ઉપયોગ થયો નથી એવો આ વિષય છે; કારણ આત્માને સત્ પ્રત્યે દોરી જવો એ જ એનો ખરો ઉપયોગ છે.*

તેણે કહ્યું: તમારો અર્થ સમજાવશો ?

મેં કહ્યું: હું પ્રયત્ન કરી જોઈશ; અને જ્ઞાનની કઈ શાખાઓમાં આ આકર્ષક શક્તિ રહેલી છે તે મારા મનની સાથે બરાબર સ્ફુટ કરવા હું જ્યારે પ્રયત્ન કરું છું, ત્યારે મને જે વહેમ જાય છે, તેને સાચો

* મુદ્દો ૪ . ગણિતનું સ્થાન તથા ઉત્પત્તિ

ગણીએ તો એ શાખાઓમાં ગણિત પણ આવી જાય છે તે વિશેની તદ્દન સ્ફુટ સાબીતી આપણને મળે તે ખાતર મારી ઇચ્છા છે કે આ તપાસમાં તમે મારી સાથે ભાગ લો અને 'હા' અથવા 'ના' એટલો જવાબ આપતા જાઓ.

તેણે કહ્યું: સમજ્યો.

મારો કહેવાનો ભાવાર્થ એ છે કે ઇન્દ્રિયગોચર વસ્તુના બે પ્રકાર હોય છે; એમાંના કેટલાકને વિચારની અપેક્ષા રહેતી નથી, કારણ ઇન્દ્રિય પોતે તેમના (સ્વરૂપ) (ત્વ) વિશે પૂરતો નિર્ણય કરી શકે છે; જ્યારે બીજા પદાર્થોની બાબતમાં ઇન્દ્રિય પર વિશ્વાસ મૂકી શકાતો નથી તે એટલે સુધી કે વધારે પરીક્ષણ કરવાની અવશ્ય જરૂર રહે છે.

તેણે કહ્યું: (પદાર્થના) અંતરને લીધે અને ચિત્રકામમાં પ્રકાશ અને છાયાને અંગે ઇન્દ્રિયો ઉપર જે (ભૂલાવામાં નાંખે એવી) ખોટી અસર થવા પામે છે તે વિશે તમે ઉલ્લેખ કરો છો એટલું સ્પષ્ટ છે.

ના, મેં કહ્યું: મારો અર્થ જરાય એવો નથી.

ત્યારે તમારો શો અર્થ છે?

જ્યારે અનાકર્ષક વસ્તુઓ વિશે હું વાત કરું છું, ત્યારે (ક) જે વસ્તુઓ વિશેનું અમુક ઇન્દ્રિય-પ્રત્યક્ષ તેના વિરોધી ઇન્દ્રિય-પ્રત્યક્ષમાં ન પરિણમે એવી વસ્તુઓ તે અનાકર્ષક—એવો હું અર્થ કરું છું; જે (બીજા વિરોધી ઇન્દ્રિય-પ્રત્યક્ષમાં) પરિણમે તે આકર્ષક; આ બીજી (આકર્ષક વસ્તુના) પ્રસંગમાં, પાસે કે દૂર રહ્યાં, ઇન્દ્રિય અને અર્થનો સંનિકર્ષ થવા પામે ત્યારે આ અમુક વિશિષ્ટ વસ્તુ છે, અને તેની વિરોધી વસ્તુ નથી એવો કોઈ સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. ઉદાહરણ લેવાથી મારો અર્થ વધારે સ્પષ્ટ થશે;—આ ત્રણ આંગળીઓ છે—કનિષ્ઠિકા, અનામિકા અને મધ્યમા.

બહુ સારું.

એમ ધારો કે ત્રણેને તમે અડોઅડ જુઓ છો; અને મુદ્દો અહીં જ ઊભો થાય છે.

શો મુદ્દો?

એ દરેક એકસરખી રીતે આંગળી તરીકે દેખાય છે. (૬) પછી ભલે એ વચ્ચે દેખાય કે એક છેડે દેખાય, ધોળી હોય કે કાળી હોય અથવા જાડી હોય કે પાતળી હોય—પણ તેમાં કંઈ તફાવત પડતો નથી. આંગળી એ ગમે તેમ તોપણ આંગળી જ રહે છે. આવા પ્રસંગોમાં વિચારશક્તિને—આંગળી એટલે શું?—એવો પ્રશ્ન પૂછવાની માણસને જરૂર પડતી નથી. કારણ આંગળી એ આંગળીથી કંઈ ભિન્ન વસ્તુ છે એવો બોધ આપણી દૃષ્ટિ ચિત્તને કરતી નથી.

ખરું.

અને તેથી જ, મેં કહ્યું: આપણે જાણીએ છીએ તે (૬) અનુસાર બુદ્ધિને નિમંત્રે કે ઉત્તેજિત કરે એવું અહીં કશું નથી.

તેણે કહ્યું: ના, નથી.

પણ મોટી અને નાની—એ વિશે (જો આપણે નિર્ણય કરવાનો હોય તો) શું આ એટલું જ સાચું હોઈ શકે ખરું? દૃષ્ટિ શું એ (આંગળીઓ)ને (આ રીતે) પૂરેપૂરી નિહાળી શકશે? અને એક આંગળી વચમાં છે તથા બીજી છેડે છે એને લીધે શું કશો ફેર નહિ પડે? અને એ જ રીતે જાડાઈ પાતળાઈ કે નરમ અથવા કઠણ હોવાના ગુણોનો સ્પર્શ દ્વારા શું પૂરતો ખ્યાલ આવી શકશે? અને એ રીતે બીજી ઇન્દ્રિયો વિશે પણ; (૫૨૪) તે (ઇન્દ્રિયો) એવી બાબતોનો શું સંપૂર્ણ બોધ કરે છે ખરી? ઇન્દ્રિયવ્યાપાર શું આ પ્રકારનો નથી હોતો કે જે ઇન્દ્રિયનો કઠોરતાના ગુણની સાથે સંબંધ છે તેનો જરૂર કોમળતાના ગુણની સાથે પણ સંબંધ છે જ અને (તેથી) આત્માને એ માત્ર એટલો જ બોધ કરે છે કે એકની એક વસ્તુ કઠણ અને નરમ બંને છે?

તેણે કહ્યું: તમે તદ્દન ખરું કહો છો.

અને જે કંઈ કઠણ છે તે નરમ પણ છે એવો ઇન્દ્રિય તરફથી આત્માને બોધ થાય ત્યારે શું આત્મા મૂંઝવણમાં ન પડે? વળી જે કંઈ

હળવું છે તે ભારે પણ હોય, અને ભારે તે હળવું હોય, તો ભારે અને હળવાનો શો અર્થ હોઈ શકે ?

(બ) તેણે કહ્યું; હા, આત્માને જે આવો બોધ થાય છે તે બહુ વિચિત્ર છે, અને એની ફોડ પાડવાની જરૂર રહે છે.

મેં કહ્યું: હા, અને આવી મુંઝવણમાં પોતાને જે ભિન્ન પદાર્થોનું નિવેદન કરવામાં આવ્યું છે તે એક છે કે બે એ જોવા આત્મા સ્વાભાવિક રીતે બુદ્ધિ અને ગણતરીની મદદ લે છે.

ખરું.

અને જો એ બે છે એમ ખબર પડે, તો તેમાંની દરેક (વસ્તુ) એક અને (બીજાથી) શું ભિન્ન નથી ?

જરૂર.

અને જો દરેક એક હોય, અને બંને બે હોય, તો એ બંને (ક) વિભક્તાવસ્થામાં છે એમ આત્મા માનશે, કારણ જો તે અવિભક્ત હોય તો તેમનો એક તરીકે જ વિચાર થઈ શકે ?

ખરું.

નાની અને મોટી બંને વસ્તુઓને આંખે જરૂર જોયેલી તો ખરી પણ તે માત્ર અસ્પષ્ટ રીતે; તે બંનેને (બરાબર) પારખવામાં આવી નહોતી.

હા.

આથી ઉલટું (આ પ્રકારની) અવસ્થામાં પ્રકાશ આણવાના હેતુથી બુદ્ધિને (ઇન્દ્રિયોના) વ્યાપારને અવળો કરી નાંખવાની તથા નાની અને મોટી વસ્તુઓને અસ્પષ્ટ રીતે નહિ પણ ભિન્ન તરીકે જોવાની જરૂર પડી.

સાવ સાચું.

'મોટું શું છે ?' અને 'નાનું શું છે ?' એ પ્રશ્નની શરૂઆત શું આનાથી નહોતી થઈ ?

બરાબર એમ જ.

અને દૃશ્ય તથા બુદ્ધિગમ્ય વચ્ચેનો ભેદ પણ આ રીતે ઉદ્ભવ્યો.*

(ડ) સૌથી સાચું.

અમુક ઇન્દ્રિય-પ્રત્યક્ષો બુદ્ધિને નિમંત્રે છે, અથવા જે આનાથી વિરુદ્ધનાં છે એમ જ્યારે હું બોલતો હતો ત્યારે મારો અર્થ આ હતોઃ જે ઇન્દ્રિય-પ્રત્યક્ષોની સાથે સાથે જ તેનાં વિરોધી ઇન્દ્રિય-પ્રત્યક્ષો (પણ) સામેલ હોય છે તે વિચારને નિમંત્રે છે; જેમાં એ સામેલ હોતાં નથી તે વિચારવ્યાપારની અપેક્ષા રાખતાં નથી.

તેણે કહ્યુંઃ હું સમજ્યો અને તમારી સાથે હું સંમત થાઉં છું.

અને એકમ તથા સંખ્યાઓનો કયા વર્ગમાં સમાવેશ કરી શકાય?

તેણે જવાબ આપ્યોઃ મને ખબર નથી.

થોડો વિચાર કરો, અને તમને માલમ પડશે કે જે અગાઉ કહેવાયું છે તેમાંથી આનો જવાબ નીકળી આવે છે; કારણ દૃષ્ટિથી કે બીજી કોઈ ઇન્દ્રિય દ્વારા જો સાદા એકત્વનું પૂરેપૂરી રીતે ભાન થતું હોય તો પછી (ઇ) આંગળીના પ્રસંગમાં આપણે કહેતા હતા તેમ, (એકત્વને પ્રત્યક્ષ કરવાના પ્રસંગમાં પણ) સત્ પ્રત્યે (આત્માને) ખેંચી જાય એવું કશું નહિ હોય; પરંતુ જ્યારે (કોઈ બે વસ્તુઓ વચ્ચે) હરહંમેશ કંઈ વિરોધાભાસ રહેલો હોય, અને એક તે એકથી ઊલટી હોય અને તેમાં બહુત્વનો ખયાલ અનુસ્યૂત રહેલો હોય ત્યારે આપણામાં વિચારવ્યાપાર જાગ્રત થવા માંડે છે, અને આત્મા મૂંઝાયેલો છે તથા (ચોક્કસ) નિર્ણય પર આવવા માગે છે તેથી પૂછે છે—'પરમ એકત્વ એટલે શું?' એકત્વના અભ્યાસમાં (૫૨૫) ચિત્તને ખરેખરા સત્ના ચિંતન પ્રત્યે ખેંચી જવાની અને (ચિત્તમાં અમુક) પરિવર્તન કરવાની જે શક્તિ રહેલી છે તે આ રીતે રહી છે.×

---

* જુઓ પરિ. ૬. ૫૧૦ વગેરે.

× આ ચર્ચામાં પિથાગોરાસની અસર દેખાય છે, તોપણ અહીં પ્લેટો તાત્ત્વિક સંખ્યા વિશે વાત કરે છે એમ માનવાની જરૂર નથી.

તેણે કહ્યું: અને એક (એટલે શું તે) ના (અભ્યાસના) પ્રસંગમાં જ અચૂક આમ બને છે એ પ્રસિદ્ધ છે: કારણ એક ને એક વસ્તુ એક તરીકે તથા સમૂહમાં અનંત હોય, એમ બંને રીતે આપણને દેખાય છે, નહિ?

મેં કહ્યું: હા, અને એકને વિશે જે આ ખરું છે, તો બધી સંખ્યાઓ વિશે એટલું જ ખરું હોવું જોઈએ.

જરૂર.

અને તમામ ગણિત તથા ગણતરીને સંખ્યા સાથે જ સંબંધ છે?

હા:

(ગ) પરંતુ તે (ગણિત તથા ગણતરી) ચિત્તને સત્ય પ્રત્યે દોરી જાય છે એમ લાગે છે, કે પછી નહિ?

હા, કંઈ અત્યંત અદ્‌ભુત રીતે.

ત્યારે લડાઈમાં અને ફિલસૂફીમાં—એવા એના બે ઉપયોગ છે તો આપણે જે પ્રકારના જ્ઞાનની શોધ કરતા હતા તે આ છે; કારણ લડવૈયાએ સંખ્યાની કળા શીખવી જોઈએ અને (જો ન શીખે તો) પોતાનું લશ્કર હારબંધ કેમ ગોઠવવું તેની એને ખબર નહિ પડે, અને ફિલસૂફને પણ એ કળા શીખવી પડશે, કારણ (અનંત) પરિવર્તનોના સમુદ્રમાંથી એણે બહાર નીકળીને ખરેખરા સત્યને ગ્રહણ કરવાનું છે, અને તેથી એ ગણિતશાસ્ત્રી હોવો જ જોઈએ.

એ ખરું છે.

અને આપણો પાલક તો લડવૈયો અને ફિલસૂફ એમ બંને છે?

જરૂર!

ત્યારે કાયદામાં આનો યોગ્ય રીતે નિર્દેશ થઈ શકે એવા પ્રકારનું આ એક જ્ઞાન છે; અને જેઓ આપણા રાજ્યના પ્રધાન પુરુષો થવાના છે તેમને આપણે એમ સમજાવવાનો (ઘ) પ્રયત્ન કરવો જોઈએ કે તેમણે (માત્ર) શીખાઉ તરીકે ગણિતનો અભ્યાસ કરવાનો નથી, પરંતુ સંખ્યાઓના સ્વરૂપને શુદ્ધ ચિત્ત દ્વારા જોઈ શકે ત્યાં સુધી

તેમણે તેનો અભ્યાસ જારી રાખવાનો છે; વળી પરચૂરણ દુકાનદારો કે વેપારીઓની જેમ ખરીદી તથા વેચાણની દૃષ્ટિથી પણ નહિ, પરંતુ તેનો લડાઈમાં ઉપયોગ થાય છે તે તથા આત્માની પોતાની ખાતર; અને—કારણ પરિવર્તનશીલ સદસત્માંથી સત્ય અને સત્ તરફ જવાનો એને માટે આ સહેલામાં સહેલો રસ્તો છે.

તેણે કહ્યું: એ ઉત્તમ.

મેં કહ્યું: હા, અને મેં એનું નામ દીધું છે તો હવે એ (ડ) વિજ્ઞાન કેટલું મનોહારી છે! તે—અને જો કોઈ દુકાનદારની નહિ પણ ફિલસૂફની મનોવૃત્તિથી તેનો અભ્યાસ કરવામાં આવે, તો આપણા ઇચ્છિત આશયને એ કેટલી અનેક રીતે સાધે છે તે વિશે મારે બે બોલ કહેવા જોઈએ.

એટલે કેવી રીતે—તમે કહેવા માગો છો?

મારો અર્થ હું કહેતો હતો તેમ એવો છે કે ગણિતની (આત્મા પર થતી) અસર ઘણી જ મહાન અને ઉન્નત છે, કારણ અમૂર્ત સંખ્યા વિશે તર્ક કરવાની એ ફરજ પાડે છે, અને દલીલમાં દૃશ્ય કે ઇન્દ્રિયગોચર પદાર્થો ઘૂસી જાય તેની સામે એ થાય છે. પોતે જ્યારે ગણતરી કરતો હોય, ત્યારે જો તે પરમ એકમના વિભાગો કરવા પ્રયત્ન કરે તો (ગણિતની) કલાના વિશારદો કેટલી મક્કમતાથી તેનો પ્રતિકાર (ફ) કરે છે, અને તેની હાંસી કરે છે તે તમે જાણો છો, અને તમે વિભાગો કરો, તો એક તે એક જ રહે અને અપૂર્ણાંકમાં (એનું એકત્વ) ખોવાઈ ન જાય એવી સંભાળ રાખીને તેઓ ગુણાકાર કરે છે.[૧]

એ સાવ સાચું છે.

(૫૨૬) હવે ધારો કે કોઈ માણસ એમને કહે છે: અરે મારા

૧ : આનો અર્થ આવો હોઈ શકે : (૧) અપૂર્ણાંકની શક્યતા તેઓ સ્વીકારતા નથી તેથી તેઓ સંખ્યાને પૂર્ણાંક બનાવી દે છે (ગુણીને); અથવા (૨) તેઓ ભાગાકારને ગુણાકારની જ એક પ્રક્રિયા માને છે, કારણ એકના જે અપૂર્ણાંક આવે તે પોતે બધા એકમ રૂપ છે.

મિત્રો, જે આ અદ્‌ભુત સંખ્યાઓ વિશે તમે તર્ક કરો છો, જેમાં તમે કહો છો કે તમારે જરૂર જોઈતું એકત્વ રહેલું છે, અને દરેક એકમ એક સરખો અચલ અને અવિભાજ્ય છે તે સંખ્યાઓ તે શું છે!— તો તેઓ શો ઉત્તર આપશે?

મારા ખ્યાલ પ્રમાણે તેઓ એમ જવાબ આપશે કે જે સંખ્યાઓ માત્ર વિચારમાં સાધી શકાય એવી છે તે વિશે તેઓ વાત કરતા હતા.

ત્યારે શુદ્ધ સત્યને મેળવવા માટે જો શુદ્ધ બુદ્ધિના જ (ब) ઉપયોગની જરૂર પડે છે એટલું સ્પષ્ટ છે, તો તમે જોઈ શકશો કે આ જ્ઞાનમાં જ ખરી રીતે આવશ્યકતાનું તત્ત્વ હોઈ શકે.*

હા, એ એની દેખીતી વિશિષ્ટતા છે.

અને વધારામાં તમે આ પણ જોયું હશે કે જેમનામાં ગણતરીની શક્તિ સ્વભાવથી જ રહેલી છે તેઓ બીજા દરેક પ્રકારનું જ્ઞાન સામાન્ય રીતે જલદી ગ્રહણ કરે છે; કોઈ મંદ હોય તો પણ, જો તેને બીજો કંઈ ફાયદો ન થાય, તો પણ તેની બુદ્ધિ અમસ્થી હોત તેના કરતાં હંમેશાં વધારે તીવ્ર બને છે.

તેણે કહ્યું: બહુ જ સાચું.

(क) અને ખરેખર આના કરતાં વધારે કઠિન હોય એવો તથા એના જેટલા કઠિન એવા (બીજા) અભ્યાસના વિષયો તમે સહેલાઈથી નહિ શોધી શકો.

નહિ શોધી શકો.

અને આ બધાં કારણોને લીધે ગણિત એ જાતનું જ્ઞાન છે કે જેમનો સ્વભાવ સર્વોત્તમ છે તેવાને તેનું શિક્ષણ અપાવું જ જોઈએ, અને એ વિષયને કદી છોડી દેવો ન જોઈએ.

---

* Cf. The Principle formulated by Liebniz, and found in Kant, subscribed to by Hegel and Bosanquet in their own way—That thought alone is necessary and universal, while existence is contingent.

હું કબૂલ થાઉં છું.

ત્યારે કેળવણીના આપણા વિષયોમાં આ પણ એક વિષય રહેશે. અને બીજું—એને મળતા બીજા વિજ્ઞાનની સાથે આપણે કંઈ લેવાદેવા છે કે નહિં તે પ્રશ્ન આપણે ઉઠાવીશું ?

એટલે કે ભૂમિતિ નહિ ?

બરાબર એ જ.

(૬) તેણે કહ્યું: એટલું તો સ્પષ્ટ છે કે ભૂમિતિના જે ખંડનો લડાઈમાં બહુ પડે છે, તે આપણને જરૂરી છે જ; કારણ તંબૂ ઊભો કરવામાં કે (વ્યૂહ માટે) કોઈ સ્થાન નક્કી કરવામાં, અથવા લશ્કરની હરોળને સંકેલી લેવામાં કે પહોળી કરવામાં કે લશ્કરની બીજી કોઈ પણ હિલચાલમાં, પછી ભલે એ બરેબરા રણમેદાન પરની હોય કે લશ્કરની કૂચ વખતની હોય, પરંતુ (લશ્કરના) સેનાપતિને ભૂમિતિનું જ્ઞાન છે કે નહિ—તેમાં બહુ મોટો ફેર પડશે.

મેં કહ્યું: હા, પરંતુ આટલા જ પ્રયોજનને સાધવા માટે તો ભૂમિતિ કે ગણુતરીનું અત્યંત ઓછું જ્ઞાન પણ પૂરતું થઈ રહેશે; (પરંતુ) ભૂમિતિના વધારે મોટા અને વધારે કઠિન ખંડ વિશે આપણે તો પ્રશ્ન ઉઠાવ્યો (૬) છે—બ્રહ્મના તત્ત્વનું દર્શન વધારે સરલ થઈ પડે એવી એની કેટલેક અંશે અસર છે કે નહિ; અને હું કહેતો હતો તેમ તે સ્થાન તરફ કે જ્યાં સત્ની અખંડ પૂર્ણતા રહેલી છે અને જેનું આત્માએ અચૂક દર્શન કરવું જ જોઈએ, તેના તરફ પોતાની દૃષ્ટિ ફેરવવાની આત્માને જે બધી વસ્તુઓ ફરજ પાડે તે તમામ વસ્તુઓની અસર તે સ્થાન પ્રત્યે ઢળે છે.

તેણે કહ્યું ખરું.

ત્યારે જે સત્ને નિહાળવાની આપણને ભૂમિતિ ફરજ પાડતી હોય તો તે આપણને જરૂરની છે; જે માત્ર પરિવર્તનશીલ સદ્દસત્ને એ દેખાડતી હોય તો આપણે તેની સાથે કંઈ લેવાદેવા નથી, ખરું ને ?

(૫૨૭) હા, આપણે એમ પ્રતિપાદન કરીશું.

તો પણ જે કોઈને ભૂમિતિનું ઓછામાં ઓછું જ્ઞાન છે તે પણ એની ના નહિ કહે કે તે વિજ્ઞાનનો આવો ખયાલ ભૂમિતિકારોની સામાન્ય ભાષાનો ખુલ્લેખુલ્લો વિરોધ કરે છે.

એમ કેમ?

તેઓ માત્ર (સ્થૂળ) વ્યવહારને જ નજર આગળ રાખે છે, અને દ્વિઘાત કરવું, લંબાવવું, લાગુ પાડવું વિગેરે વિશે હંમેશાં સંકુચિત અને હાસ્યાસ્પદ રીતે બોલતા હોય છે.—ભૂમિતિની (પ્રમાણુગત) આવશ્યકતા સાથે તેઓ રોજના જીવનની આવશ્યકતાઓનો ગોટાળો કરી મૂકે છે; (ક) જ્યારે (ખરી વાત એ છે કે) તે આખા વિજ્ઞાનનો ખરો વિષય શુદ્ધ જ્ઞાન (પોતે) છે.

તેણે કહ્યું જરૂર.

ત્યારે વધારામાં આપણે શું આટલું પણ કબૂલ કરવું ન જોઈએ?

શું?

કે જે જ્ઞાન ભૂમિતિનું લક્ષ્ય છે તે કોઈ નાશવાન અને ક્ષણભંગુર વસ્તુનું નહિ પણ અક્ષર વસ્તુનું જ્ઞાન છે.

તેણે જવાબ આપ્યોઃ એ જલદીથી સ્વીકાર થઈ શકે, અને એ ખરું છે.

ત્યારે મારા ઉમદા મિત્ર, ભૂમિતિ સત્ય પ્રત્યે આત્માને દોરી જશે, અને ફિલસૂફીનું માનસ ઉત્પન્ન કરશે, તથા હાલ જેનું દુઃખદ રીતે અધઃપતન થવા દેવામાં આવે છે તેને ઉન્નત કરશે.

ભૂમિતિ કરતાં કોઈ બીજો વિષય આવી અસર ઉત્પન્ન કરે એ વધારે સંભવિત નથી.

ત્યારે તમારા રમણીય નગરના પુરવાસીઓએ (ક) ગમે તે થાય તો પણ ભૂમિતિનો અભ્યાસ તો કરવાનો જ છે—બીજા કોઈ પણ નિયમ કરતાં આની સખતમાં સખત રીતે નોંધ લેવાવી જોઈશે. આ ઉપરાંત (આ) વિજ્ઞાનની આડકતરી અસર પણ થાય છે, અને એ કંઈ નાનીસૂની નથી.

તેણે કહ્યું: કઈ જાતની ?

મેં કહ્યું: (એક તો) તમે લડાઈના વખતે થતા લાભો વિશે બોલ્યા તે; અને અનુભવ પરથી સાબીત થાય છે કે જ્ઞાનના તમામ પ્રદેશોમાં, જેને ભૂમિતિ આવડતી નથી તેના કરતાં જેણે ભૂમિતિનો અભ્યાસ કર્યો છે તેની ગ્રહણ કરવાની શક્તિ અથાગ તીવ્ર હોય છે.

તેણે કહ્યું હા, ખરેખર એમની વચ્ચે અથાગ ફેર હોય છે.

ત્યારે આપણે એવો પ્રસ્તાવ કરીશું ને કે—જ્ઞાનની આ બીજી શાખાનો પણ આપણો યુવાન અભ્યાસ કરશે ?

તેણે જવાબ આપ્યોઃ ભલે એમ કરીએ.

(૬) અને ધારો કે ખગોળને આપણે ત્રીજે નંબરે મૂકીએ—તો તમે શું કહેશો ?

તેણે કહ્યુંઃ એ (ખગોળ) પ્રત્યેનું મારું વલણ બહુ જબરું છે; મહિનાઓ, ઋતુઓ અને વર્ષોનું નિરીક્ષણ જેટલું ખેડૂત કે ખલાસીને અગત્યનું છે તેટલું જ એક સેનાપતિને પણ એ અગત્યનું છે.

મેં કહ્યું: તમે નકામા વિષયો ઉપર (બોટો) ભાર મૂકો છો એમ ન દેખાય તે માટે, દુનિયાની જે તમને બીક લાગે છે તેને લીધે, તમે જે સાવચેતી રાખો છો તેથી મને મજા પડે છે; અને દરેક માણસમાં આત્માનું ચક્ષુ હોય છે, જે બીજા વિષયોને લીધે ગુમાઈ જાય (૬) છે અને ઝાંખું પડે છે અને જે દસ હજાર ચર્મચક્ષુઓથી પણ વધારે કીંમતી છે, કારણ માત્ર એના વડે જ સત્ય જોઈ શકાય છે, તે આનાથી શુદ્ધ થાય છે તથા ફરીથી સતેજ થાય છે એમ માનવામાં જે મુશ્કેલી છે તેનો હું પૂરેપૂરો સ્વીકાર કરું છું. હવે લોકો બે પ્રકારના હોય છે.* તેમનો એક વર્ગ તમારી સાથે સંમત થશે અને તમારા શબ્દોમાં (કોઈ મહાન સત્યનું) આવિષ્કરણ થયું હોય એમ માનશે; બીજો (૫૨૮) વર્ગ એને સર્વાંશે અર્થહીન માનશે, નકામી વાતો તરીકે તેને ગણી કાઢશે, કારણ એમાંથી કોઈ પણ પ્રકારનો લાભ

* આનું સ્પષ્ટીકરણ નીચે ૫૨૯ માં થાય છે.

થાય એમ તેમને દેખાતું નથી. અને આ બે વર્ગમાંના કયા વર્ગ સાથે ભળીને તમે દલીલ કરવા માગો છો તેનો તમે તરત જ નિર્ણય કરી નાંખો તો સારું. ઘણું ખરું તો તમે એમ જ કહેશો કે તેમાંના એકે ય સાથે મળીને નહિ, કારણ દલીલ કરવાથી તમારી પોતાની પ્રગતિ થાય એ જ તમારો મુખ્ય હેતુ છે; (તમારી પોતાની પ્રગતિ થતી હોય તેની) સાથે સાથે બીજાઓને કંઈ લાભ થાય તો તેથી તમને કંઈ ઈર્ષા નહિ થા..

હું ધારું છું કે મુખ્યતઃ મારા પોતાને જ માટે હું દલીલ કરવાનું પસંદ કરું.

ત્યારે એક પગલું પાછા હઠો, કારણ વિજ્ઞાનોના ક્રમમાં આપણે ભૂલ કરી છે.

તેણે કહ્યું: શી ભૂલ થઈ છે?

મેં કહ્યું: સાદી ભૂમિતિ પછી ઘન આકૃતિઓને ન (ઘ) લેતાં આપણે એકદમ પરિભ્રમણ કરતા ઘન પદાર્થોને લીધા, જ્યારે (ખરી રીત તો એ હોઈ શકે કે) બે પરિમાણો પછી જે ત્રીજા પરિમાણને ઘન તથા ઊંડાઈના પરિમાણ સાથે સંબંધ છે તે આપણે લેવું જોઈતું હતું.

સોક્રેટિસ, એ ખરું, પરંતુ આ વિષયો વિશેનું જ્ઞાન હજી તો બહુ જ ઓછું છે એમ દેખાય છે.

મેં કહ્યું: કેમ, હારતો, અને એનાં બે કારણ છે;—સૌથી પહેલાં તો કોઈ રાજ્ય એને આશ્રય આપતું નથી; આને લીધે એના અભ્યાસ પાછળ જરૂર જોઈતી શક્તિ ખર્ચવામાં આવતી નથી, અને એ (વિષયો) કઠિન છે; અને બીજું—જ્યાં સુધી કોઈ માર્ગ બતાવનાર ન મળે ત્યાં સુધી વિદ્યાર્થીઓ (પોતાની મેળે) એ શીખી શકતા નથી. પરંતુ વળી એવો માર્ગ બતાવનાર ભાગ્યે જ મળી આવે, અને જો મળી આવે તો પણ, અત્યારની પરિસ્થિતિ જોતાં, (ક) વિદ્યાર્થીઓ જે અત્યંત દંભી છે તેઓ એના હાથ નીચે નહિ ભણે. રાજ્ય આખું જો આ વિષયોના શિક્ષણની વ્યવસ્થા કરતું હોય અને તેમને (એટલે કે આ

વિષયોના શિક્ષકોને) માન આપતું હોય, તો પછી પરિસ્થિતિ બદલાઈ જાય; ત્યારે તો શિષ્યો (ઊલટા) ભણવા આવશે, અને સતત તથા એકાગ્ર મને શોધખોળ કરવામાં આવશે અને (નવી) શોધો થશે; હજી અત્યારે પણ દુનિયાએ તે વિષયોની ઉપેક્ષા કરી છે અને એનો એક પણ ભક્ત તેનો ઉપયોગ શો છે તે કહી શકે એમ નથી છતાં તેનામાં રહેલા સ્વાભાવિક આકર્ષણને લીધે તે વિષયો પાસે આવી (ભણવા) બેસે છે, અને રાજ્ય તરફથી મદદ મળે તો તે કોઈક દિવસ પ્રકાશમાં આવે એ બહુ જ સંભવિત છે.

(૬) તેણે કહ્યું: હા, તે વિષયોમાં કોઈ વિશિષ્ટ આકર્ષણ રહેલું છે. પરંતુ વિજ્ઞાનોના ક્રમમાં જે ફેરફાર કર્યો તે હું સ્પષ્ટ સમજ્યો નથી, પહેલાં તો સાદી સપાટીઓથી તમે શરૂઆત કરી.

મેં કહ્યું: હા.

અને ખગોળશાસ્ત્રને તમે બીજું મૂકયું, અને પછી તમે એક પગલું પાછળ ભર્યું?

હા. અને મારી ઉતાવળને લીધે જ તમને આ વાર થઈ; સ્વાભાવિક ક્રમનાં જે ઘનભૂમિતિ (સાદી ભૂમિતિ પછી) આવવી જોઈએ, તેની સ્થિતિ (અત્યારે તો) હસવું આવે એવી છે, તેને લીધે (ભૂમિતિની) આ શાખાને (૬) વટીને, હું ખગોળ અથવા ઘન પદાર્થોની ગતિનું નિરૂપણ કરવા માંડયો.

તેણે કહ્યું: ખરું.

ત્યારે જો રાજ્ય તરફથી એને પ્રોત્સાહન મળે તો જે વિજ્ઞાનનો અભ્યાસ આજે પડતો મૂકાયો છે તે પાછો અસ્તિત્વમાં આવે એટલું સ્વીકારી લઈને આપણે આપણા ચોથા વિષય ખગોળશાસ્ત્ર પાસે આવીશું.

તેણે જવાબ આપ્યો: ખરા ક્રમ પુરસ્સર! અને સોક્રેટિસ, મેં ખગોળનાં જે ક્ષુદ્ર રીતે વખાણ કર્યાં તે રીતને (૫૨૯) તમે વખોડી કાઢી, તો પછી મેં વખાણ કર્યાં હતાં તે હવે તમે તમારી

રીતે કરો. કારણ હું માનું છું કે દરેક એટલું જરૂર જોશે કે ખગોળ આત્માને ઊંચે જોવાની ફરજ પાડે છે અને આ દુનિયામાંથી બીજી દુનિયા તરફ દોરી જાય છે.

મેં કહ્યું: મારા સિવાય બીજા બધાને આ સ્પષ્ટ હશે, પણ મને નથી.

અને તો પછી તમે શું કહેશો?

હું તો ઉલટો એમ કહું કે જેઓ ખગોળશાસ્ત્રને ફિલસૂફી જેટલે ઊંચે ચડાવે છે, તેઓ આપણને ઊંચે નહિ પણ નીચે નજર કરાવતા હોય એમ મને દેખાય છે.

તેણે પૂછ્યું: એટલે?

મેં જવાબ આપ્યો: ઉન્નત વસ્તુઓના આપણા જ્ઞાન વિશે કોઈ ખરેખર અદ્‌ભુત ખયાલ તમારા મનમાં છે. અને જો કોઈ માણસ પોતાનું માથું પાછળ ઢાળીને (ब्र) ઉપસેલાં ચિતરામણવાળી ફરસબંધીનો અભ્યાસ કરતો હોય, તો હું છાતી ઠોકીને કહું છું, કે તે પોતાની આંખોથી નહિ પણ (સીધો) ચિત્ત દ્વારા જ જોતો હતો એમ તમે તો ધારશો અને હું મૂઢમતિ હોઉં અને તમે ખરા હો એ વધારે સંભવિત છે: પરંતુ, મારા અભિપ્રાય પ્રમાણે, જે સત્ અને અદૃષ્ટનું જ્ઞાન છે તે જ આત્માની દૃષ્ટિ ઊર્ધ્વગામી કરી શકે, અને કોઈ માણસ ઇન્દ્રિયના અમુક વિશિષ્ટ અર્થને આકાશ તરફ મોં ફાડીને જોતાં કે ભોંય તરફ આંખો મટમટાવતો જાણવા મથતો હોય, તો એ કશું પણ જાણી શકે એની હું તો ના જ પાડું; કારણ એ જાતની કોઈ વસ્તુ વિજ્ઞાનનો વિષય થઈ શકતી નથી; (क) પછી જ્ઞાન મેળવવાનો એનો માર્ગ પાણી સોંસરો જતો હોય કે જમીન પર, કે એ તરતો હોય કે માત્ર ચત્તો પડ્યો હોય, તો પણ એના આત્માની દૃષ્ટિ તો નીચી જ હશે ઊંચી નહિ.

તેણે કહ્યું: તમારા ઠપકામાં જે સત્ય રહેલું છે તેનો હું સ્વીકાર કરું છું. છતાં આપણે જે જ્ઞાન વિશે વાત કરીએ છીએ તેની વધારે

વૃદ્ધિ કરે એવી ખગોળશાસ્ત્ર શીખવાની રીત કઈ છે તે નક્કી કરીએ તો મને ગમે.

મેં કહ્યું: હું તમને કહું;* જે તારાજડિત આકાશ આપણે જોઈએ છીએ તે (કોઈ) દૃગ્ગોચર પૃષ્ઠ પર આલેખાયેલું છે, અને તેથી તે જો કે તમામ દૃશ્ય પદાર્થો કરતાં સૌથી (ડ) સુંદર અને સંપૂર્ણ છે, તો પણ પરમ ત્વરિત અને પરમ મંદ વેગની જે ખરી ગતિઓ અન્યોન્ય સાપેક્ષ છે તથા પોતાનામાં (ગતિઓમાં) જેનો (જે ખગોળના ગ્રહો કે તારાઓનો) સમાવેશ થયેલો છે, તેને સાચી સંખ્યામાં તથા પ્રત્યેક સાચી આકૃતિમાં પોતાની સાથે લઈને ફરે છે, એ ખરેખરી ગતિઓના કરતાં તે (ગ્રહો કે તારાઓ) અવશ્ય ઘણા જ ઊતરતી કોટિના ગણાવા જોઈએ. હવે આને (પરમ ત્વરિત તથા પરમ મંદ વેગની શુદ્ધ ગતિઓને) દૃષ્ટિથી નહિ પરંતુ બુદ્ધિ અને તર્ક દ્વારા જ ગ્રહણ કરવાની છે.

તેણે જવાબ આપ્યો: ખરું.

એ ઉચ્ચતર જ્ઞાન મેળવવાના દૃષ્ટિબિંદુથી, (તારાગણથી) વિભૂષિત આકાશનો, એક નમૂના તરીકે ઉપયોગ થવો જોઈએ. ડિડેલસ કે બીજા કોઈ મહાન કલાકારના હાથે ઉત્તમ રીતે દોરેલી આકૃતિઓ કે ચિત્રોનું સૌંદર્ય આપણને સદ્‌ભાગ્યે જોવા મળે તેના જેવું એનું સૌંદર્ય છે; કોઈ ભૂમિતિનો જાણકાર એને જુએ તો તેની કારીગરીની ઉત્કૃષ્ટતા વખાણે, પરંતુ (તત્ત્વની દૃષ્ટિએ) એમાં ખરેખરાં સમાન કે ખરેખરાં દ્વિગુણ કે બીજા કોઈ (પ્રકારના) પ્રમાણ (proportion)ની અંદર રહેલું સત્ય પોતાને મળી આવે એમ એ કદી સ્વપ્ને પણ (૫૦૩) નહિ ધારે.

તેણે જવાબ આપ્યો: ના, એમ માનવું એ તો હાસ્યાસ્પદ કહેવાય.

અને સાચ્ચો ખગોળશાસ્ત્રી તારાઓની ગતિનું નિરીક્ષણ કરતો હોય, ત્યારે તેને શું આવી લાગણી નહિ થઈ આવે? એ શું એમ

* Abstract Dynamics

નહિ ધારે કે દિવ્ય આકાશ અને તેમાંનાં મંડળો એના સર્જકે પૂર્ણમાં પૂર્ણ રીતે ઘડ્યાં છે? પરંતુ (આનાથી આગળ જઈ) એ કદી એવી કલ્પના નહિ કરે, કે રાત્રિ અને દિવસનું પ્રમાણ, અથવા એ બંનેનું મહિના સાથેનું કે મહિનાનું વર્ષ (च) જોડેનું કે તારાઓનું આની સાથેનું કે અરસપરસનું તથા બીજા કોઈ ભૌતિક અને દૃશ્ય પદાર્થો સાથેનું પ્રમાણ કદી પરિવર્તન ન પામે તેવું શાશ્વત હોય—એ તો એહૂદુ કહેવાય; અને એ બધાં પ્રમાણ ખરેખરાં કેટલાં છે એ શોધી કાઢવા પાછી માથાકૂટ કરવી એ પણ એટલું જ એહુદું છે.

જો કે મેં આ બાબત પહેલાં કદી વિચાર કર્યો ન હોતો તો પણ હું સંમત થાઉં છું.

મેં કહ્યું: ત્યારે ભૂમિતિની જેમ ખગોળશાસ્ત્રમાં પણ આપણે સમસ્યા*નો ઉપયોગ કરવો જોઈએ, અને વિષયનો જો ખરી રીતે અભ્યાસ કરવો હોય, તથા તે રીતે (क) તર્કની નૈસર્ગિક શક્તિને કોઈ ખરા ઉપયોગમાં આણવી હોય તો આકાશને આપણે પડતું મૂકવું જોઈએ.

તેણે કહ્યું: એ કામ આપણા આધુનિક ખગોળશાસ્ત્રીઓની શક્તિની બહારનું છે.

મેં કહ્યું: હા, અને આપણાં ધારાધોરણોની થોડીઘણી કીંમત પણ ટકાવી રાખવી હોય, તો એવી બીજી ઘણી બાબતો છે જેને આપણે એ રીતે વિસ્તૃત અર્થમાં સમજવી પડશે. પણ અભ્યાસના બીજા કોઈ વિષયનું તમે સૂચન કરી શકશો?

તેણે કહ્યું: ના, વિચાર કરવો પડે.

મેં કહ્યું: ગતિ એક જ પ્રકારની હોતી નથી, પણ ઘણા પ્રકારની હોય છે. (ड) આપણાથી બહુ વધારે કુશાગ્ર બુદ્ધિવાળા ન હોય, તેવાને પણ એના બે પ્રકાર તો સ્પષ્ટ હોય છે, અને મારી કલ્પના પ્રમાણે વધારે જ્ઞાની પુરુષો માટે આપણે બીજા પ્રકારો છોડી દઈશું,

પણ એ બે પ્રકારો કયા?

---

* Problem

મેં કહ્યું; જે પ્રકારના ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેના પ્રતિરૂપ જેવો તે બીજો.

અને એ શો હોઈ શકે?

મેં કહ્યું: (ગતિના) પહેલા પ્રકારનો ચક્ષુઓ સાથે સંબંધ હતો, જ્યારે બીજાનો શ્રવણેન્દ્રિય સાથે સાપેક્ષ સંબંધ હોવો જોઈએ; કારણ મારા ખ્યાલ પ્રમાણે જેવી રીતે તારાગણો તરફ દૃષ્ટિ કરવાને ચક્ષુઓ યોજાયેલી છે, તેમ સંવાદમય ગતિ સાંભળવા માટે કાન છે; અને પિથાગોરાસના અનુયાયીઓ કહે છે તેમ વિજ્ઞાનની આ બે શાખાઓ બહેનો જેવી છે, અને ગ્લાઉકોન, આપણે તેમની સાથે સંમત છીએ ખરું ને? *

તેણે જવાબ આપ્યો: હા.

(૬) મેં કહ્યું: પરંતુ આ બહુ માથાકૂટિયો વિષય છે, અને તેથી (એના જાણકારો પાસે) જઈ આપણે શીખીશું, અને આ શાખાઓ બીજે કયાંય લાગુ પડે છે કે નહિ એ તેઓ આપણને કહેશે. (પણ) એવે વખતે આપણે આપણા ઉચ્ચતર આશયને ભૂલી નહિ જઈએ.

એ કયો?

(જ્ઞાનના ક્ષેત્રમાં) એવી સંપૂર્ણતા છે જે એની દરેક શાખાએ પ્રાપ્ત કરવી જોઈએ, અને આપણા વિદ્યાર્થીઓએ પણ એ સાધવાની છે તથા ખગોળશાસ્ત્રમાં તેઓ જેમ ઊણા હતા તેવા તેમણે રહેવાનું (૫૩૧) નથી, કારણ તમને કદાચ ખબર તો હશે જ કે સંવાદના વિજ્ઞાનમાં એવું જ બને છે. સંગીતશાસ્ત્રીઓ (शब्दशः—સંવાદના શિક્ષકો) સ્વરો તથા તાલબદ્ધતાને માત્ર સાંભળે જ છે, અને (તેથી) ખગોળવેત્તાઓની જેમ એમની મહેનત ફોગટ જાય છે.

* ઉપર જુઓ પ૦૭ ડ : This does not mean that Plato knew that a rythmic sound has a harmonious motion in a conductng medium.

તેણે કહ્યું: હા, પરમેશ્વરના કસમ! અને તેઓ જેને એકબીજામાં સમાઈ ગયેલા સ્વરો કહે છે તે વિશે જ્યારે તેઓ વાત કરે છે ત્યારે તો જાણે કોઈ રમત ચાલતી હોય એમ લાગે છે. જાણે પાડોશીના ઘરની દિવાલ આડેથી લોકોના શબ્દ સાંભળવા પ્રયત્ન કરતા હોય તેમ[૧] તેઓ ઠેઠ તાર આગળ પોતાના કાન ધરે છે, અને એમાંના કેટલાએક એમ જાહેર કરે છે કે તેઓ (બે સ્વર વચ્ચે) એક મધ્યસ્થ સ્વર પારખી શકે છે, તથા તેમની વચ્ચેનું ઓછામાં ઓછું અંતર તેમણે શોધી કાઢ્યું છે, જેને સ્વરોની ભિન્નતા માપવા માટેના ધોરણ તરીકે સ્વીકારવું જોઈએ; અને બીજાઓ એમ પ્રતિપાદન કરે છે કે બંને અવાજો એકબીજામાં સમાઈ જાય છે—અને દરેક પક્ષ પોતાની બુદ્ધિ કરતાં (च) કાનને વધારે મહત્ત્વ આપે છે. ×

મેં કહ્યું: જે સદ્‌ગૃહસ્થો (વાદ્યિંત્રના) તારને ચીડવે છે અને રીબાવે છે, તથા વાદ્યિંત્રની ખીંટીઓ પર ખેંચે છે તેમને વિશે તમે ઉલ્લેખ કરો છો: આ રૂપકને લંબાવીને હું કહી શકું કે તાર ખેંચવાના ડફાથી તેઓ ડોકે છે, તથા જે સ્વર કાઢવાનો હોય તેના કરતાં તાર થોડો આગળ કે પાછળ હોય તેવો આક્ષેપ તેઓ તાર પર મૂકે છે: પણ આ રીતની ચર્ચા કંટાળાભરેલી થઈ પડે અને તેથી હું એટલું જ કહીશ કે આપણે જેમનો ઉલ્લેખ કર્યો હતો તે લોકો આ નહિ પરંતુ પિથાગોરાસના અનુયાયીઓ છે જેમની સાથે સંવાદના પ્રશ્નની ચર્ચા કરવાની મેં હમણાં જ સૂચના કરી હતી. કારણ ખગોળવેત્તાઓની જેમ તેઓ પણ ભૂલથાપ ખાય છે; (क) શ્રાવ્ય સંવાદના આંકડાનું જ તેઓ અન્વેષણ કરે છે, સમસ્યા + કે ફૂટ પ્રશ્નો સુધી તેઓ જતા નથી એટલે કે આંકડામાં રહેલા નૈસર્ગિક સંવાદો સુધી તેઓ કદી જતા

---

૧ અથવા 'જાણે સ્વરને પકડવા મથતા હોય તે રીતે, પોતાના પાડોશીના વાદ્યિંત્રની અડોઅડ.'

× શ્રુતિઓ સંબંધી આ ચર્ચા છે.

+ Problem—જુઓ ઉપર.

નથી. અથવા તો અમુક અંકો વચ્ચે શા માટે સંવાદ છે અને બીજાઓ વચ્ચે શા માટે નથી તે વિશે તેઓ વિચાર કરતા નથી.

તેણે કહ્યું: મર્ત્ય માનવને મળી શકે તેના કરતાં તે જ્ઞાન કયાંય ઉચ્ચતર છે.

મેં જવાબ આપ્યો: હું એ પ્રકારના જ્ઞાનને ઉલટો ઉપયોગી ગણું; એટલે કે (પરમ) સૌંદર્ય તથા ઇષ્ટને અનુલક્ષીને જો તેની શોધ કરી હોય તો, પરંતુ જો બીજા કોઈ દૃષ્ટિબિંદુથી એને મેળવવાનો પ્રયત્ન કરવામાં આવે તો—નિરુપયોગી.

તેણે કહ્યું: સાવ સાચું.

હવે જ્યારે આ તમામ વિષયોનું ખેડાણ એટલું થાય, કે તેમની વચ્ચે (ડ) આપ-લે થાય અને સંબંધ બંધાય, તથા તેમની વચ્ચેના અરસપરસના સાદૃશ્યના પ્રશ્નનું પણ નિરૂપણ કરવામાં આવે, ત્યારે હું માનું છું કે એ વિષયોના અભ્યાસની આપણા આશયની દૃષ્ટિએ કંઈક કીંમત અંકાશે; ત્યાં સુધી નહિ.

મને એવી જ શંકા થાય છે; પણ સૉક્રેટિસ, તમે જેની વાત કરો છો એ તો મહાન કાર્ય છે.*

મેં કહ્યું: એટલે? આપણે જે પ્રસ્તાવ કર્યો તે કે બીજું? આપણે જે (કઠિન) સંગીતનો અભ્યાસ કરવાનો છે તેનો આ બધો માત્ર પ્રસ્તાવ જ છે એટલું શું તમે નથી જાણતા? કારણ, (ઇ) નિપુણ ગણિતશાસ્ત્રીને તમે તાર્કિક કે ફિલસૂફ તો જરૂર નહિ ગણો?

તેણે કહ્યું: અચૂક નહિ જ; ગણિતશાસ્ત્રી (બુદ્ધિથી) તર્ક કરી શકે એવું મેં ભાગ્યે જ જાણ્યું છે.

---

* મુદ્દો ૩. 'Dialektike' જેમાં વિજ્ઞાનની પ્રત્યેક શાખાના મૂળભૂત સિદ્ધાંતો કે સ્વીકૃતિઓનું મૂલ્યાંકન કરીને સમન્વય સાધવામાં આવે તે—The Synthetic Method in Metaphysics — ફિલસૂફીની સમન્વયની પદ્ધતિ.

પરંતુ વળી જે માણસોમાં તર્કની આપ-લે કરવાની શક્તિ ન (૫૩૨) હોય તેવામાં, આપણને–જે–પ્રકારના–જ્ઞાનની જરૂર છે તેવું જ્ઞાન હોઈ શકે ખરું?

આનો પણ સ્વીકાર થઈ શકે નહિ.

મેં કહ્યું: અને તેથી ગ્લાઉકોન આપણે આન્વીક્ષિકીની ઋચા પ સે છેવટે આવી પહોંચ્યા છીએ. આ જ તે શુદ્ધ બુદ્ધિનું સંગીત, જે કે દૃગ્‌શક્તિમાં આનું અનુકરણ થતું માલુમ પડે છે ખરું: કારણ, તમને યાદ હશે કે દૃષ્ટિ અમૂક કાળ પછી સાચ્ચાં પશુઓ તથા તારાઓ અને છેવટે સૂર્ય પોતાને નીહાળે છે એમ આપણે કલ્પના કરી હતી. અને એ જ રીતે આન્વીક્ષિકીનું પણ; જ્યારે માણસ ઇન્દ્રિયોની જરા પણ મદદ લીધા વગર, માત્ર બુદ્ધિના જ પ્રકાશથી,* પરમ (તત્ત્વ)ની શોધમાં ઉપડે છે, તથા પરમ ઇષ્ટનાં દર્શન ન થાય, ત્યાં સુધી ખંતથી શુદ્ધ બુદ્ધિનો પ્રયાસ કર્યા કરે છે, (ચ) ત્યારે દૃશ્ય જગતને અંતે જેમ દૃગ્‌શક્તિ (સૂર્યનાં દર્શન કરે છે તેમ) તે માણસ છેવટે બુદ્ધિગમ્ય જગતનો અંત પામે છે.

તેણે કહ્યું: એમ જ.

ત્યારે આ પ્રકારના શુદ્ધ બુદ્ધિના વ્યાપારને તમે આન્વીક્ષિકી કહો, ખરું ને?

ખરું.

પરંતુ બેડીઓમાંથી કેદીઓનો છુટકારો, તથા છાયાના પ્રદેશમાંથી પ્રતિકૃતિ પ્રત્યે અને ત્યાંથી પ્રકાશ તરફની તેમની યાત્રા, અને ભૂગર્ભમાંની ગુફામાંથી સૂર્ય પ્રત્યેનું તેમનું આરોહણ—જ્યાં સૂર્યની હાજરીમાં તેઓ પશુ, વનસ્પતિ તથા સૂર્યના પ્રકાશને જોવા ફોગટ પ્રયત્ન કરતા હોય છે, પરંતુ તેમની આંખોની આવી નબળાઈ છતાં તેઓ પાણીમાં પડેલાં પ્રતિબિંબો [જે તાત્ત્વિક દૃષ્ટિએ આધ્યાત્મિક છે] જોઈ શકે

* Ideas of Reason : See Kant on Plato. 'Categories or pure conceptions of understanding of—reason.

છે, જે પ્રતિબિંબો—(ક) [સૂર્યની સાથે સરખામણી કરતાં જે તાપણી એકમાત્ર પ્રતિકૃતિ રૂપ છે, તેવી તાપણીના પ્રકાશથી પડેલી પ્રતિકૃતિ-ઓના પડછાયા જેવાં નહિ, પરંતુ] સત્ તત્ત્વના પડછાયા રૂપ છે અને આત્માના ઉચ્ચતમ તત્ત્વને સત્‌ના ઉચ્ચતમ અંશના ચિંતનની ઉચ્ચ ભૂમિકા પર લઈ જાય છે—એ (ક્રિયા)ની સાથે, જે શક્તિ આપણા (જડ) શરીરમાં રહેલા શુદ્ધ પ્રકાશ રૂપે છે, તેની, પાર્થિવ તથા દૃશ્ય જગતમાં જ સૌથી વધારે જવલંત છે (એવા સૂર્ય) પ્રત્યે ઊર્ધ્વ ગતિ કરાવે છે, તે ક્રિયા સાથે સરખામણી થઈ શકે—(અને) જે કલાઓનું શિક્ષણ તથા બીજા જે તમામ અભ્યાસના વિષયોનું નિરૂપણ થઈ (ડ) ગયું છે, તે હું કહેતો હતો તેમ આવી શક્તિ અર્પે છે.

તેણે જવાબ આપ્યોઃ તમે જે કંઈ કહો છો તેમાં હું સંમત થાઉં છું, કારણ જો કે તે માન્ય રાખવું એ કઠિન તો છે જ, પરંતુ બીજી દૃષ્ટિએ, એમાં ન માનવું એ એથી પણ વધારે કઠિન છે * આ વિષય કંઈ એવો નથી કે આપણે તેનું ઉપરચોટિયું નિરૂપણ કરીને તેને છોડી શકીએ. આની ચર્ચા વારંવાર કરવી પડશે અને તેથી, આપણું અનુમાન ખરું હોય કે ખોટું, તો પણ આ બધાનો આપણે સ્વીકાર કરી લઈશું, અને આપણા મુખ્ય રાગના[૧] પ્રસ્તાવમાંથી વિસ્તારમાં એકદમ આગળ વધીશું, અને તેનું પણ એ રીતે જ નિરૂપણ કરીશું. ત્યારે કહો, આન્વીક્ષિકીના વિભાગો કયા છે તથા તેનું સ્વરૂપ કેવું છે અને ત્યાં જવાના માર્ગો કેટલા છે; (ઢ) કારણ આપણને અંતિમ શાંતિ પાસે લઈ જનારા માર્ગ પણ આ જ હશે.

(૫૩૩) મેં કહ્યું: હું મારાથી બનતું બધું કરું તો પણ, પ્રિય ગ્લાઉકોન, તમે અહીં મારી પાછળ પાછળ નહિ આવી શકો, અને

---

૧. ગ્રીક શબ્દ 'N o m o s' જેનો અર્થ 'કાયદો', 'ધારણ' તથા 'સંગીત' બંને થાય છે. તેના પર અહીં શ્લેષ છે.

* cf. Liebniz's Principle of the Inconceivability of the Opposite, as a test of truth. (cf. also Spencer on same)

મારા ખયાલ પ્રમાણે તમારે માત્ર પ્રતિબિંબ જ નહિ, પણ પરમ સત્યનું દર્શન કરવું જોઈશે. મેં જે કંઈ કહ્યું તે યથાર્થ સત્ય છે કે નહિ તેની હું ખાત્રી આપી શકતો નથી, પરંતુ મને એટલો વિશ્વાસ તો છે કે યથાર્થતા જેવું કંઈક તો તમે જોયું જ હશે.

તેણે જવાબ આપ્યોઃ નિઃશંક.

પરંતુ મારે તમને એટલું યાદ આપવું જોઈએ કે આન્વીક્ષિકીની શક્તિથી જ આનો ભેદ ખોલી શકાય, અને વિજ્ઞાનની જે શાખાઓનો આપણે આગળ ઉલ્લેખ કર્યો તેના અભ્યાસથી જ આ થઈ શકે.

તમારા છેલ્લા વિધાન જેટલી જ આની પણ તમે ખાત્રી રાખી શકો.

અને જરૂર કોઈ એમ તો દલીલ નહિ જ કરે, કે દરેક વસ્તુનો (क) પોતાનો શો સ્વભાવ છે તે મુકરર કરવાની અથવા કોઈ વ્યવસ્થિત વ્યાપાર દ્વારા સમસ્ત સત્ય અસ્તિત્વ સમજવાની બીજી કોઈ પદ્ધતિ હોઈ શકે; કારણ માણસોની ઇચ્છાઓ તથા અભિપ્રાયો સામાન્ય કલાઓનો વિષય છે, અથવા કંઈક રચવાના કે ઉત્પન્ન કરવાના હેતુથી અથવા (પછી) જે કંઈ રચવામાં કે ઉત્પન્ન કરવામાં આવ્યું છે એને સાચવી રાખવાને અર્થે એના વ્યાપારો યોજાયેલા હોય છે; અને આપણે કહેતા હતા તેમ, વિજ્ઞાનની ગાણિતિક શાખાઓને—જેવી કે ભૂમિતિ વગેરે—સત્ય સત્નો થોડો ખયાલ હોય છે ખરો, પરંતુ સત્ના સંબંધમાં તેઓ માત્ર સ્વપ્નસ્થ દશામાં હોય છે, અને (क) જે પ્રતિજ્ઞા કે સ્વીકૃત સિદ્ધાન્ત કયાંથી ઉતરી આવ્યા તેની કશી સમજૂત આપી શકે એમ નથી, તથા પરીક્ષણ કર્યા વગર જેનો પોતે ઉપયોગ કરે છે, તેવી સ્વીકૃતિઓનો ત્યાગ ન કરે ત્યાં સુધી* તે શાખાઓ જીવન્ત સત્યનું દર્શન કદી કરી શકે એમ નથી. કારણ જ્યારે પોતાના મૂલભૂત સિદ્ધાન્તનું માણસને જ્ઞાન હોતું નથી, અને પોતાને જે વિશે કશું

* Destruction of Hypotheses. જુઓ પા૧૧ ૨. ક તથા Burnet's Greek Philosophy.

જ્ઞાન નથી અને વચ્ચેનાં પડદા અને છેવટનું અનુમાન પણ શી રીતે ઘડી કાઢવામાં આવ્યું છે તેનું પણ જેને ભાન નથી તો પછી આવી રૂઢિગત રચનામાંથી વિજ્ઞાન પરિણમે એવી કલ્પના એ કયાંથી કરી શકે?

તેણે કહ્યું અશકય.

ત્યારે આન્વીક્ષિકી અને માત્ર આન્વીક્ષિકી જ, સીધેસીધી મૂલભૂત સિદ્ધાન્ત સુધી જાય છે, અને પોતાની ભૂમિકા દૃઢ કરવાની ખાતર સ્વીકૃતિઓનો (સર્વાંશે) ત્યાગ કરનાર વિજ્ઞાન એ એક જ છે; આત્માનાં ચક્ષુઓ—જે શબ્દશઃ કોઈ વિચિત્ર પડળમાં દટાઈ ગયાં છે તે એની મદદથી ઊર્ધ્વ દૃષ્ટિ વિકસાવે છે; (૬) અને આ જાતનું પરિવર્તન કરવામાં વિજ્ઞાનની જે શાખાઓની આપણે ચર્ચા કરી ગયા છીએ, તેનો પોતાની દાસીઓ અને મદદનીશો તરીકે ઉપયોગ કરે છે. રૂઢિ એને વિજ્ઞાનનું નામ આપે છે, પરંતુ અભિપ્રાય કરતાં વધારે તથા વિજ્ઞાન કરતાં ઓછી સ્પષ્ટતાનું જેમાં સૂચન થતું હોય એવું કોઈ બીજું નામ એ શાખાઓને અપાવું જોઈએ: અને આપણા અગાઉના વર્ગીકરણમાં આપણે સમજશક્તિ* એવું નામ આપેલું. પરંતુ આવી (૬) અગત્યની વાસ્તવિકતાઓનો આપણે વિચાર કરતા હોઈએ ત્યાં શબ્દો વિશે આપણે શા માટે ઝઘડો જોઈએ?

તેણે કહ્યું: ના, નહિ જ—તેમાંય વળી હરકોઈ શબ્દ મનના વિચારને સ્પષ્ટતાથી વ્યક્ત કરી શકતો હોય, તો ખરેખર નહિ જ.

ગમે તેમ તો પણ પહેલાંની જેમ ચાર વિભાગો હશે તો આપણને સંતોષ થશે; બુદ્ધિના બે અને અભિપ્રાયના બે, અને પહેલા (શુદ્ધ બુદ્ધિના) વિભાગને આપણે વિજ્ઞાન કહીશું, બીજો મતિનો, ત્રીજો માન્યતાનો, અને પડછાયાને ગ્રહણ કરે તે (અભિપ્રાયનો) ચોથો. (૫૩૪) (અહીં) અભિપ્રાયને સદસત્ની સાથે અને બુદ્ધિને સત્ની સાથે સંબંધ છે:

* Understanding જુઓ પા૧૧ ૬. ૬.

+ Pure Intellect, understanding; Belief and opinion. જુઓ ઉપર પૃ. ૩૫૭ ઉપરની બે ફુટનોટો.

અને (ગાણિતિક) પ્રમાણની દૃષ્ટિએઃ—

સતનો પરિવર્તનશીલ સદસત્‌ની સાથે જે સંબંધ છે, તે જ શુદ્ધ બુદ્ધિ અને અભિપ્રાય વચ્ચેનું પ્રમાણ છે;

અને બુદ્ધિ તથા અભિપ્રાય વચ્ચે જે પ્રમાણ છે તેમ વિજ્ઞાન અને માન્યતા વચ્ચેનું તથા મતિ અને પડછાયાને ગ્રહણ કરનાર શક્તિ વચ્ચેનું સમજવું.

પરંતુ અભિપ્રાયના તથા બુદ્ધિના વિષયના પેટા ભાગો તથા વધારાનાં (ગાણિતિક) પ્રમાણનું નિરૂપણ આપણે મુલતવી રાખીશું, કારણ અત્યારની ચર્ચા કરતાં એ કેટલીય વધારે લાંબી થશે.

(ક) તેણે કહ્યુંઃ હું જેટલે અંશે સમજું છું તેટલે અંશે સંમત થાઉં છું.

મેં કહ્યુંઃ આન્વીક્ષિકીનો અભ્યાસી પ્રત્યેક વસ્તુતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરે છે—એવા એના વર્ણનમાં પણ તમે સંમત થાઓ છો ને? અને જેનામાં આ જ્ઞાન નથી તેમ જ તે કારણે આવું જ્ઞાન બીજાને આપવા જે અશક્ત છે, તે જેટલે અંશે તેમાં નિષ્ફળ જાય છે, તેટલે અંશે બુદ્ધિના વ્યાપારમાં પણ એ નિષ્ફળ જાય છે એમ કહી શકાય? તમે આટલું સ્વીકારો છો?

તેણે કહ્યુંઃ હા, હું એની ના કેમ પાડી શકું?

અને ઇષ્ટના જ્ઞાન વિશે પણ તમે આ પ્રમાણે જ કહેશો, ખરું ને? ઇષ્ટના તત્ત્વની બુદ્ધિપુરઃસર વ્યાખ્યા આપી ન શકે તથા માણસ વિચારની ભૂમિકા પર જઈ ન શકે, અને (ક) જ્યાં સુધી દલીલના એક પણ પગલે કદી થોથવાયા વગર, અભિપ્રાયનાં નહિ પણ પરમ સત્યનાં પ્રમાણો દ્વારા, એ તમામ વાંધાઓ સામે બીકું ન ઝડપે તથા એને ખોટા સાબીત ન કરે,—આ બધું એ કરી ન શકે ત્યાં સુધી તમારે એમ કહેવું જોઈએ કે ઇષ્ટના તત્ત્વનું કે બીજા કોઈ (વિશિષ્ટ) ઇષ્ટનું એને જ્ઞાન નથી; જો એ કશાને જાણતો હોય તો વિજ્ઞાનનું

નહિ પણ જે અભિપ્રાયનું પરિણામ છે, એવા પડછાયાને જ એ જાણે છે;—અહીં ઠીક ઠીક જાગ્રત થાય ત્યાર પહેલાં, સ્વપ્નાં જોતો અને ઝોકાં ખાતો (૬) એ નીચલી દુનિયામાં જાય છે અને અંતિમ નિશ્ચેષ્ટતા પ્રાપ્ત કરે છે.

એ બધામાં હું જરૂર તમારી સાથે સંમત થાઉં.

અને તમારા આદર્શ નગરરાજ્યનાં જે બાળકોને તમે ઉછેરી તથા કેળવણી આપી રહ્યા છો તેમને એવાં નહિ જ થવા દો—જો આદર્શ કદી પણ અસ્તિત્વમાં આવે તો— તમારા ભાવિ શાસકોને, પોતામાં કશી બુદ્ધિ ન હોય, અને છતાં સૌથી વધારે મહત્ત્વની બાબતોમાં જેમને અધિકારપદે સ્થાપવામાં આવ્યા છે—તેવાં જડસા જેવાં તમે નહિ થવા દો.

અવશ્ય નહિ જ.

ત્યારે પ્રશ્નો પૂછવામાં તથા તેના જવાબો આપવામાં સૌથી વધારે નૈપુણ્ય કેળવવા શક્તિમાન થાય એવું શિક્ષણ એમને આપવામાં આવશે એવો કાયદો તમે કરશો ખરું ને?

(૬) તેણે કહ્યું: તમે અને હું ભેગા મળીને ઘડીશું.

ત્યારે વિજ્ઞાનની શાખાઓનું શિખર આન્વીક્ષિકી છે, અને બધી શાખાઓની ટોચે એ વિરાજમાન છે એ તમે કબૂલ કરશો; બીજું— કોઈ પણ વિજ્ઞાન એનાથી ઊંચે મૂકી શકાય નહિ, જ્ઞાનનું સ્વરૂપ જ એવું છે કે એનાથી આગળ એ જઈ શકે નહિ?

તેણે કહ્યું: હું કબૂલ થાઉં છું.

(૫૩૫) પરંતુ અભ્યાસના આ વિષયો કોને સોંપવા અને કઈ રીતે સોંપવા એ પ્રશ્નોનો હજી વિચાર કરવાનો રહે છે.*

હા, એ સ્પષ્ટ છે.

મેં કહ્યું: શાસનકર્તાઓ અગાઉ કઈ રીતે ચૂંટવામાં આવ્યા હતા એ તમને યાદ હશે?

---

* મુદ્દો ૪. શિક્ષણનો સમગ્ર કાર્યક્રમ

તેણે કહ્યું: અવશ્ય.

એવા જ સ્વભાવવાળાઓને અહીં પણ ચૂંટવા જોઈએ, અને જેઓ સૌથી વધારે દૃઢ તથા શૂરવીર અને શક્ય-હોય-તો-સૌથી-વધારે સુંદર પણ હોય તેવાને ફરીથી અગ્રપદ (ક્ર) આપવામાં આવશે અને તેઓ ઉમદા તથા ઉદાર સ્વભાવના હશે તેથી શિક્ષણના ક્રમને ઉપકારક થઈ પડે એવી નૈસર્ગિક શક્તિઓ પણ તેમનામાં હશે.

અને એ કઈ?

તીક્ષ્ણતા અને શીઘ્ર ગ્રહણ કરવાની શક્તિઓ; કારણ આકરા શારીરિક વ્યાયામથી નહિ પરંતુ તીવ્ર માનસિક (પ્રયત્નપૂર્વકના) અભ્યાસથી મનને મૂર્છા આવવાનો સંભવ વધારે છે; મહેનત સર્વાંશે મનની જ હોય છે, અને શરીર એનું ભાગીદાર બનતું નથી.

તેણે જવાબ આપ્યોઃ તદ્દન ખરું.

(ક) વળી આપણે જેની શોધ કરી રહ્યા છીએ તેની સ્મરણ-શક્તિ સારી હોવી જોઈશે, તથા કોઈ પણ વિષયમાં મહેનત કરવી જેને પ્રિય છે, એવો અદમ્ય સધન માણસ જોઈશે; નહિ તો, કંટાળીયે ભારે શારીરિક કસરતો, તથા આપણે એની પાસેથી જેની અપેક્ષા રાખીએ છીએ તે અભ્યાસ તથા બૌદ્ધિક શિક્ષણ એ કદી સહન નહિ કરી શકે.

તેણે કહ્યું: જરૂર. એનામાં નૈસર્ગિક શક્તિઓ હોવી જોઈશે:

આજે ભૂલ એ થઈ રહી છે કે જેઓ ફિલસૂફીનો અભ્યાસ કરે છે એમને બીજો કશો વ્યવસાય હોતો નથી. અને હું અગાઉ કહેતો હતો તેમ, ફિલસૂફીનું માનભંગ થયાનું કારણ આ છેઃ દાસીપુત્રોએ નહિ પણ એના સાચ્ચા પુત્રોએ એનો હાથ પકડવો જોઈએ.

એટલે?

(ડ) પહેલાં તો, એના ભક્તો પાસે લંગડો કે નહિ-જેવો ધંધો ન હોવો જોઈએ. ઉદાહરણ તરીકે જ્યારે માણસ વ્યાયામ, શિકાર તથા બીજી તમામ શારીરિક કસરતોનો શોખીન હોય પણ શિક્ષણ,

શ્રવણ કે અન્વેષણના પ્રત્યે પ્રેમ તો બાજુ પર રહ્યો પણ ઉલટો ધિક્કાર હોય, અથવા જે ધંધો એને કરવો પડતો હોય એ પ્રતિકૂળ હોય અને (તેથી) બીજી જાતનું પાંગળાપણું એનામાં ઉતરી આવતું હોય!

તેણે કહ્યું: જરૂર.

મેં કહ્યું: અને સત્યના સંબંધમાં જે આત્મા સ્વેચ્છાએ (ફ) સ્વીકારેલા જુઠ્ઠાણાંને* ધિક્કારતો હોય અને જુઠ્ઠું બોલવામાં આવે ત્યારે શું પોતા કે બીજાઓ પ્રત્યે અત્યંત ગુસ્સે થઈ જાય, પરંતુ અનિચ્છાએ સ્વીકારેલા જુઠ્ઠાણા તરફ આંખ આડા કાન કરે તથા ભૂંડની જેમ અજ્ઞાનના કીચડમાં આળોટતાં જેને મનમાં કશું થતું નથી, અને કોઈ જોઈ જાય તો જેને શરમ લાગતી નથી, તેવા આત્માને બોડંગતો તથા લંગડો શું ન ગણવો જોઈએ?

અચૂક.

(૫૩૬) અને વળી સંયમ, શૌર્ય, ઐશ્વર્ય તથા બીજા દરેક સદ્‌ગુણના સંબંધમાં, દાસીપુત્ર અને સાચ્ચા પુત્ર વચ્ચે સંભાળપૂર્વક આપણે શું ભેદ પાડવો ન જોઈએ? કારણ જ્યાં એવા ગુણો વચ્ચે ભેદ પાડવામાં આવતો ન હોય, ત્યાં જાણે અજાણે રાજ્યો તથા વ્યક્તિઓ ભૂલથાપ ખાય છે; અને જે સદ્‌ગુણનાં અમુક અંગમાં ઊણો હોવાને લીધે સ્વભાવે લંગડો કે દાસીપુત્ર છે તેવાને — રાજ્ય શાસનકર્તા બનાવે છે અને વ્યક્તિ મિત્ર કરે છે!

તેણે કહ્યું: એ સાવ સાચું છે.

ત્યારે આ બધી બાબતોનો આપણે સંભાળપૂર્વક વિચાર કરવો પડશે; (ચ) અને કેળવણી તથા શિક્ષણની આ વિશાળ યોજનામાં જેમને આપણે દાખલ કરીએ તેઓ મનથી તેમજ શરીરથી શુદ્ધ, અખંડ હોય, તો ધર્મ પોતે આપણા વિરુદ્ધ કશું નહિ કહી શકે, અને રાજ્ય તથા તેના બંધારણના આપણે તારણહાર થઈશું; પરંતુ જો આપણા

* સરખાવો ઉપર પૃ. ૯૮, ૩૭૮-ડ; પૃ. ૧૦૭-૮, ૩૮૧-ફ, ૩૮૨, ૩૮૯; તથા ૪૧૪ અને ૪૫૯.

શિષ્યો બીજા પ્રકારના માણસો હશે તો ઉલટું જ પરિમાણ આવશે, અને આજે ફ્રિલસૂરીને સહન કરવું પડે છે તેના કરતાં વધારે મોટું હાંસીનું પૂર આપણે એના પર ઠાલવવું પડશે.

એ કંઈ સ્તુતિ કરવા જેવું નથી.

મેં કહ્યું: અવશ્ય નહિ જ, અને છતાં કદાચ (દલીલની ખાતર) એક મસ્કરીને ગંભીર સ્વરૂપ આપવામાં હું એટલો જ ઉપહાસને પાત્ર હોઈશ.

કઈ રીતે ?

(ક) મેં કહ્યું: હું ભૂલી ગયો કે આપણે ઘણા આવેશમાં આવી જઈ બોલતા હતા, અને ગંભીર ન હોતા; કારણ જ્યારે ફ્રિલસૂરીને એટલી અયોગ્ય રીતે માણસોને પગ નીચે છૂંદાતાં મેં જોઈ ત્યારે એનું અપમાન કરનારાઓ પ્રત્યે મારામાં અમુક જાતની ક્રોધની લાગણી આવી ગઈ, અને મારા ગુસ્સાને લીધે હું વધારે પડતા આવેશમાં આવી ગયો.

ખરેખર ? તમારું કહેવું હું સાંભળતો હતો, પણ મને કંઈ એમ ન લાગ્યું.

પણ હું બોલતો હતો તે મને તો એમ લાગ્યું. અને હવે મને યાદ આપવા દો કે અગાઉની પસંદગીમાં * આપણે વૃદ્ધ માણસોને ચૂંટી કાઢ્યા હતા. પણ આમાં આપણે એમ કરવું ન જોઈએ. (ખ) વૃદ્ધ માણસ ઘણું શીખી શકે એમ જ્યારે સોલને કહ્યું ત્યારે એ કંઈ ભ્રમમાં હોવો જોઈએ—કારણ વૃદ્ધ માણસ જેમ કંઈ બહુ દોડી ન શકે એમ બહુ શીખી પણ ન શકે; અથાગ મહેનત કરવાની ઉમ્મર તો યુવાવસ્થા જ છે.

અલબત્ત.

અને તેથી આન્વીક્ષિકીની પૂર્વ તૈયારીરૂપ જે ગણિત, ભૂમિતિ તથા શિક્ષણનાં બીજાં તમામ મૂળતત્ત્વો છે તે નાનપણમાં જ ચિત્ત

* જુઓ ઉપર પરિ. ૬–૪૯૮

સમક્ષ રજુ થવાં જોઈએ; જો કે શિક્ષણની આપણી પદ્ધતિ જાણે જોરજુલમથી (છોકરાંઓના મન પર) લાદવા માગતા હોઈએ એવા ખ્યાલથી નહી.

શા માટે નહી?

(૬) કારણ કોઈ પણ પ્રકારના જ્ઞાનની પ્રાપ્તિમાં હરકોઈ સ્વતંત્ર વ્યક્તિએ ગુલામી મનોદશા રાખવી ન જોઈએ. શારીરિક વ્યાયામને જો ફરજિયાત કરવામાં આવે તો તે શરીરને હાનિકર્તા નીવડતો નથી; પરંતુ બળજબરીથી પ્રાપ્ત કરેલાં જ્ઞાનને ચિત્તમાં સ્થાન મળી શકતું નથી.+

સાવ સાચું.

મેં કહ્યું: ત્યારે મારા પ્રિય મિત્ર, આપણે બળજબરી વાપરવાની નથી, પણ પ્રાથમિક શિક્ષણનું સ્વરૂપ અમુક (૫૩૭) જાતની રમત જેવું ભલે હોય; તો તમે (બાળકનું) સ્વભાવિક વલણ (કઈ બાજુનું છે) તે વધારે સહેલાઈથી જાણી શકશો.+

તેણે કહ્યું: અત્યંત બુદ્ધિપુરઃસરનો એ ખ્યાલ છે.

છોકરાંઓને ઘોડે બેસાડી આપણે લડાઈ જોવા લઈ જવાનાં હતાં; અને જો કંઈ ભય જેવું ન હોય, તો તેમને છેક નજીક લઈ જવાનાં હતાં તથા નાના શિકારી કુતરાઓની જેમ તેમને લોહીનો સ્વાદ ચખાડવાનો હતો?—એ તમને યાદ હશે?

હા મને યાદ છે.

મેં કહ્યું: મહેતનમાં કામો, પાઠો, ભયના પ્રસંગો આ તમામ બાબતોમાં આ જ પદ્ધતિ અનુસરી શકાય, અને તેમાંના તમામ (વિષય)માં જે નિપુણ માલુમ પડે તેનું નામ પસંદ કરેલા વર્ગમાં નોંધવામાં અવશે.

(બ) કઈ ઉમ્મરે?

વ્યાયામનું જરૂર જોઈતું શિક્ષણ જે ઉમ્મરે પૂરું થાય ત્યારે: આ

+ પ્રાથમિક કેળવણીના આધુનિક સિદ્ધાન્તો આનાથી આગળ ગયા નથી.

પ્રકારના શિક્ષણમાં જે એ ત્રણ વર્ષનો ગાળો પસાર કરવાનો છે * તે બીજી કશી દૃષ્ટિએ ઉપયોગનો નથી; કારણ ઊંચ તથા વ્યાયામ ભણતરને પ્રતિકૂળ છે. અને શારીરિક કસરતોમાં પહેલો કોણ આવે છે તેની હરીફાઈ આપણા યુવાનોની જે સૌથી વધારે અગત્યની પરીક્ષાઓ લેવામાં આવે છે તેમાંની એક છે.

તેણે જવાબ આપ્યોઃ અવશ્ય.

ત્યાર પછી વીસ વર્ષની ઉમ્મરના લોકોમાંથી જેમને ચૂંટી કાઢવા હશે તેમને ઉચ્ચતર શિક્ષણક્રમમાં ચડાવવામાં આવશે, અને પોતાના અગાઉના શિક્ષણક્રમમાં + જે વિજ્ઞાનની શાખાઓ તેમને કોઈ (વિશિષ્ટ) વ્યવસ્થા સિવાય (ક) શિખવવામાં આવી હશે તે બધાનો હવે સમન્વય કરવામાં આવશે, અને તેમનો સત્ય સત્ સાથેનો તથા અન્યોન્ય શો નૈસર્ગિક સંબંધ છે એ તેઓ જોઈ શકશે.

તેણે કહ્યુંઃ હા, માત્ર એ પ્રકારનું જ્ઞાન જ સ્થાયી મૂળ નાંખી શકે છે.

મેં કહ્યુંઃ હા, એવું જ્ઞાન ઝીલવાની શક્તિ એ આન્વીક્ષિકીના અભ્યાસની બુદ્ધિનું મુખ્ય ધોરણ છેઃ સર્વતોગામી ચિત્ત જ હંમેશાં આન્વીક્ષિકી પ્રત્યે ઢળે છે.

તેણે કહ્યુંઃ હું તમારી સાથે સંમત થાઉ છું.

મેં કહ્યુંઃ આ મુદ્દાઓ તમારે ધ્યાનમાં રાખવા જોઈશે; અને આવી બુદ્ધિમત્તા જેનામાં સૌથી વિશેષ હોય (ડ) અને પોતાના ભણતરમાં તથા પોતાની લશ્કરી અને બીજી મુકરર કરેલી ફરજોમાં સૌથી વધારે દૃઢ હોય, તેવાઓ જ્યારે ત્રીસ વર્ષની ઉમ્મરે પહોંચે, ત્યારે (એક વાર) પસંદ કરેલા વર્ગમાંથી (ફરીથી) ચૂંટણી કરવામાં આવશે અને ચૂંટેલાઓને (વળી) ઉચ્ચતર શિક્ષણાનુક્રમમાં લેવામાં આવશે અને સ્થૂલ દૃષ્ટિ તથા બીજી ઇન્દ્રિઓના ઉપયોગનો તેઓમાંના કેટલા

* શારીરિક કેળવણી : વર્ષ ૧૭-૨૦

+ શિક્ષણની ઉચ્ચ શ્રેણીઃ વર્ષ ૨૦-૩૦.

ત્યાગ કરી શકે છે, અને સત્યની સોબતમાં રહી પરમ સત્‌ને કેટલા મેળવી શકે છે તે જાણવા તમારે આન્વીક્ષિકીની મદદથી તેમને ચકાસી જોવા પડશે; અને મારા પ્રિય મિત્ર, અહીં અત્યંત સંભાળ રાખવાની જરૂર છે.*

અત્યંત સંભાળ શા માટે ?

(૬) મેં કહ્યું: આન્વીક્ષિકીને લીધે કેટલું જબરું અનિષ્ટ ઊભું થવા પામ્યું છે એ શું તમે જોતા નથી ?

તેણે કહ્યું: કયું અનિષ્ટ ?

એ કલાના વિદ્યાર્થીઓ ઉચ્છૃંખલતાથી ઉભરાઈ જાય છે.+

તેણે કહ્યું: તદ્દન ખરું.

એ લોકોની બાબતમાં આના કરતાં વધારે અસ્વભાવિક કે અક્ષમ્ય બીજું કંઈ હોઈ શકે એમ તમે ધારો છો ? કે પછી તમે એમને માટે કંઈ છૂટછાટ મૂકશો ?

કઈ રીતે છૂટાછૂટ મૂકવાની ?

મેં કહ્યું: દૃષ્ટાંત દાખલ, મોટી જાહોજલાલીમાં ઉછરેલા કોઈ 'કૂટપુત્ર'ની તમે કલ્પના કરો એમ તમને કહું છું: કોઈ (૫૩૮) જાડાં સગાંનો અને મોટાં કુટુમ્બનો એ છે, અને એની આજુબાજુ ઘણા-ઘણા ખુશામતિયા છે. જ્યારે એ ઉમ્મરે પહોંચે છે, ત્યારે એને ખબર પડે છે કે જેમને એ માને છે તે પોતાનાં ખરાં માબાપ નથી; પણ ખરાં કોણ છે તે એ શોધી શકતો નથી. પહેલાં જ્યારે પોતાના ખોટા સંબંધથી એ અજ્ઞાત છે તે તમામ વખત દરમિયાન, અને પછી જ્યારે એને ખબર પડે છે ત્યારે, પોતાના ખુશામતિયાઓ તરફ તથા પોતાનાં કલ્પિત માબાપ તરફ એ કઈ રીતે વર્તે એવો સંભવ છે તેની તમે અટકળ કરી શકશો કે તમારે બદલે હું કરું ?

* અધિકાર વગરના જ્ઞાનથી થતાં અનિષ્ટો.

+ શુદ્ધ આન્વીક્ષિકીને બદલે વિતંડાવાદમાં તણાય તે.

જો તમારી મરજી હોય તો—ભલે તમે કરો.

તો હું એમ કહું કે જ્યારે સત્ય હકીકતથી એ અજાણ હશે, (ब) ત્યારે ખુશામતિયાઓના કરતાં પોતાના પિતા, માતા તથા પોતાનાં માની લીધેલાં સગાંઓને એ વધારે માન આપશે, તેમના વિરુદ્ધ કંઈ પણ બોલવાનું કે આચરવાનું અથવા જરૂરને પ્રસંગે તેમના પ્રત્યે બેદરકાર થવાનું વલણ તેનામાં ઓછું રહેશે, અને કોઈ અગત્યની બાબતમાં એમની અવજ્ઞા કરવાનું એને મન નહિ થાય.

નહિ થાય.

પરંતુ જ્યારથી એને ખબર પડે ત્યારથી તેમના પ્રત્યેનાં માન તથા લાગણી પોતે ઓછાં કરી નાંખશે, અને પોતાના ખુશામતિયા-ઓને વધારે વળગતો જશે એમ હું કહ્યું છું; તેના પરની એમની અસર ઘણી જ વધી જશે: (क) એ હવે એમની રહેણીકરણી સ્વીકારશે તથા ખુલ્લી રીતે એમની સોબતમાં ફરશે, અને પોતાનાં માની લીધેલાં માબાપ કે સગાંઓ માટે કદી કશી પણ તકલીફ નહિ ઉઠાવે; સિવાય કે એનો સ્વભાવ અત્યંત સારો હોય.

વારુ—એ બધું તદ્દન શક્ય છે. પરંતુ આ દૃષ્ટાંત ફિલસૂફીના અભ્યાસીને કઈ રીતે લાગુ પડે છે?

આ રીતે; ધર્મ અને પ્રતિષ્ઠાના અમુક સિદ્ધાન્તો નાનપણમાં આપણને શિખવવામાં આવ્યા હોય છે, અને તેનું પાલન કરતાં-કરતાં તથા એને માન આપતાં એના પિતૃતુલ્ય અધિકાર નીચે આપણને ઉછેરવામાં આવે છે, એ તમે જાણો છો.

એ ખરું છે.

(ड) (બીજી તરફ) આત્માને આકર્ષે તથા એની ખુશામત કરે તેવાં વિરોધી વચનો અને આશાયેશની ટેવો હોય છે; જે કે જેમનામાં ખરાખોટાનું ભાન હોય છે તેમના પર એની અસર થતી નથી, અને તેવા પિતાના વચનોનું પાલન કર્યા કરે છે તથા તેમને માન આપ્યા કરે છે.

ખરું.

હવે જ્યારે માણસ આવી (મનો)દશામાં હોય. અને પ્રશ્ન કરનાર બુદ્ધિ શું ખરું છે કે શામાં પ્રતિષ્ઠા છે એમ પૂછે, અને કાયદા ઘડનારે એને જે રીતે શિખવ્યું હોય એ પ્રમાણે તે જવાબ આપે, અને પછી, જેમ કશામાં અપ્રતિષ્ઠા નથી તેમ કશું પ્રતિષ્ઠાવાળું પણ નથી, અથવા ન્યાય્ય અને સારું કે એથી ઊલટું પણ કશું નથી એવી માન્યતા એને સ્વીકારવી પડે ત્યાં સુધી જાતજાતની ઘણીએ દલીલો એના શબ્દો તોડી પાડે—તો (૬) પછી જે સિદ્ધાન્તોનું મૂલ્ય એણે મોટું આંકયું હતું તેનું પહેલાંની માફક એ પાલન કરે કે એને માન આપે એમ શું તમે માનો છો !

અશકય.

અને એ સિદ્ધાન્તોમાં પ્રતિષ્ઠા છે તથા એ સ્વાભાવિક છે (૫૩૬) એમ માનતો એ જ્યારથી બંધ થાય, અને સત્ય સિદ્ધાન્તોની શોધમાં પોતે નિષ્ફળ જાય, ત્યારથી પોતાની ઇચ્છાઓની ખુશામત કરવા સિવાયનું બીજા કોઈ પ્રકારનું એ જીવન ગાળે એવી શું આશા રાખી શકાય ?

નહિ.

અને કાયદાના રક્ષકને બદલે એ એનો ભંગ કરનાર થશે.

અચૂક.

હવે ફિલસૂફીના જે વિદ્યાર્થીઓનું મેં વર્ણન કર્યું છે તેવાઓમાં આમ થવું બહુ જ સ્વાભાવિક છે અને હમણાં કહેતો હતો તેમ ક્ષમ્ય પણ છે.

તેણે કહ્યું: હા, અને દયાજનક એટલું હું ઉમેરીશ.

આથી, આપણા પુરવાસીઓની ઉમ્મર હવે ત્રીસ વર્ષની થઈ છે, તો તેમના પ્રત્યે તમને દયાની લાગણી ન થઈ આવે એ ખાતર આન્વીક્ષિકીમાં એમને પ્રવેશ કરાવતાં દરેક પ્રકારની સંભાળ રાખવી જોઇશે.

જરૂર.

(ઙ) (આન્વીક્ષિકીના) પ્રિય આનંદનો સ્વાદ તેઓ બહુ વહેલો ચાખે તોપણ ભય છેઃ કારણ તમે જોયું હશે કે જુવાનિયાઓના મોંમાં પહેલાં સ્વાદ આવે પછી તેઓ મજાકની ખાતર દલીલો કરે છે; અને પોતાનું જેઓ ખંડન કરતા હોય એનું અનુકરણ કરતા તેઓ હમેશાં બીજાનો વિરોધ કરે છે અને એમનું ખંડન કરે છેઃ નાનાં કુરકુરિયાની માફક જે કોઈ એમની નજીક આવે તેમની સાથે તેઓ ખેંચાખેંચી કરે છે, અને એમને કરડે છે. *

તેણે કહ્યુંઃ હા, એ સિવાય બીજા કશામાં એમને વધારે મજા પડતી નથી.

અને જ્યારે એમણે કેટલાએ વિજય મેળવ્યા હોય, અને (ચ) ઘણાને હાથે કેટલીય હાર ખાધી હોય, ત્યારે પહેલાં જે બધું તેઓ માનતા હતા, તેમાંનું કશું જ, આવેશમાં આવી જઈને તથા સહેલા ન માનવાને રસ્તે તેઓ ચડી જાય છે અને તેથી બાકીની દુનિયાની નજરે માત્ર તેમને પોતાને જ નહિ પરંતુ ફિલસૂફી તથા તે સંબંધી જે કંઈ બીજું હોય તેને ખરાબ ઉપનામ મળવાનો સંભવ છે.

તેણે કહ્યુંઃ બહુ જ સાચું.

પણ જ્યારે માણસ મોટો થાય, ત્યારે એવું ગાંડપણ કરવાનો અપરાધ એ કદી નહિ કરેઃ વિનોદની ખાતર જે ખંડન કરતો હોય એવા વિતંડાવાદીનું નહિ × પણ સત્યની શોધ કરતો હોય એવા આન્વીક્ષિકીના જાણકારનું એ અનુકરણ કરશેઃ અને એ (પ્રકાર)ના અભ્યાસની (છ) પ્રતિષ્ઠા ઘટાડવાને બદલે એના ચારિત્र्यનો ઊંડો સમભાવ એ પ્રતિષ્ઠાને વધારશે.

તેણે કહ્યુંઃ સાવ સાચું,

અને આપણે જ્યારે એમ કહેલું કે ફિલસૂફીના અભ્યાસીઓ

* જુઓ, 'ફાઇલિબસ' તથા 'પ્રોટાગોરાસનો' સિદ્ધાન્ત. પરિ : ૧૦-૬૬૦

× 'Eristikē' ઉપર જુઓઃ ૪૫૪ અ, ૪૯૮ ઇ.

અત્યારે–હોય–છે તેવા અકસ્માત ઇચ્છા–થઈ–આવી–હોય તેવા કે ઘૂસણિયા નહિ હોય, પરંતુ નિશ્ચલ અને વ્યસ્થિત હશે.

સાચું.

મેં કહ્યું: ધારો કે ડિલસૂફીનો અભ્યાસ વ્યાયામનું સ્થાન લે છે, અને શારીરિક કસરતોમાં જેટલો કાળ ગયો તેના કરતાં બમણા ગાળા સુધી એકલો એનો અભ્યાસ રસપૂર્વક અને ખંતથી જારી રાખવામાં આવે તો—બસ થશે નહિ?

(ઇ) તેણે પૂછ્યું: ચાર કે છ વર્ષ તમે રાખશો?

મેં જવાબ આપ્યો: ધારો કે પાંચ; * એ અભ્યાસને અંતે એમને ગુફામાં મોકલવા પડશે તથા યુવાન માણસો જે લશ્કરી કે બીજા હોદ્દાઓ પૂરવાને ગુણસંપન્ન ગણાતા હોય તે હોદ્દાઓ સ્વીકારવાની તેમને ફરજ પાડવામાં આવશે, આ રીતે તેઓ દુનિયાનો અનુભવ મેળવશે અને લાલચોથી કેટલીયે રીતે તેઓ ત્યાં આકર્ષાતા હશે ત્યારે તેઓ દૃઢ રહે છે કે ચળે છે એનો અખતરો કરવાની તક મળી રહેશે.

(૫૪૦) અને એમના જીવનનો આ ક્રમ કયાં સુધી લંબાવવામાં આવશે?

મેં જવાબ આપ્યો: પંદરવર્ષ, + અને જ્યારે તેઓ પચ્ચાસ વર્ષની ઉમ્મરના થયા હોય, ત્યારે તેમનામાં જેઓ હજી પણ બાકી રહ્યા હોય તથા જેમણે પોતાના જીવનના પ્રત્યેક આચરણ દ્વારા તથા જ્ઞાનની પ્રત્યેક શાખામાં નામના મેળવી હોય, તેવાઓ ભલે પોતાના સંપૂર્ણ પદને પ્રાપ્ત કરે; કારણ જે પ્રત્યેક વસ્તુને પ્રકાશિત કરે છે એવા વિશ્વગત પ્રકાશ તરફ પોતાના આત્માનાં (અંતર) ચક્ષુ માંડવાનો તથા પરમ ઇષ્ટનો સાક્ષાત્કાર કરવાનો વખત એમને માટે આવી લાગ્યો છે; કારણ જે આદર્શ અનુસાર (બ્ર) તેઓ રાજ્ય કે વ્યક્તિઓનાં જીવન તથા પોતાનાં જીવનનો બાકીનો

* આન્વીક્ષિકીનો ઉચ્ચતર અભ્યાસક્રમ વર્ષ ૩૦-૩૫

+ વર્ષ ૩૫ થી ૫૦ સુધી જીવનમાં કસોટી.

ભાગ ધડવાના છે તે એ જ આદર્શ છે; ફિલસૂફીનો અભ્યાસ એ એમનો મુખ્ય વ્યવસાય રહેશે, પરંતુ જ્યારે એમનો વારો આવશે ત્યારે જાણે કોઈ પરાક્રમથી ભરેલું કાર્ય કરતા હોય તેમ નહિ પરંતુ એક સાદી ફરજ તરીકે તેઓ લોકકલ્યાણને અર્થે રાજ્ય ચલાવશે અને રાજકારણમાં પણ મહેનત કરશે; અને પોતાના પછીના દરેક જમાનામાં પોતાના જેવા બીજાને તૈયાર કરીને પોતાની જગ્યાએ રાજ્યના શાસનકર્તાઓ તરીકે તેમને મૂકયા બાદ, તેઓ પોતે મહાભાગ માનવોના ટાપુઓ તરફ સીધાવશે અને ત્યાં જઈ રહેશે; અને જો પિથિયાનો પૂજારી સંમત થશે તો માનવદેવો તરીકે અને નહિ (ક) તો ગમે તે સંજોગોમાં દૈવી અને ધન્ય મહાપુરુષો તરીકે લોકો તેમને માન આપશે અને તેમનાં જાહેર સ્મૃતિચિહ્નો અને યજ્ઞો યોજશે.

સોક્રેટિસ, તમે મૂર્તિવિધાયક છો, અને તમે આપણા શાસન-કર્તાઓની પ્રતિમાઓનું નિષ્કલંક સૌંદર્ય સર્જ્યું છે.

મેં કહ્યું: હા, ગ્લાઉકોન, અને આપણી સ્ત્રી-શાસન-કર્તાઓનું પણ; કારણ તમારે એમ ન માનવું જોઈએ કે મેં જે કંઈ કહ્યું છે તે, તેમના સ્વભાવોને જેટલે અંશે લાગુ પડે તેટલે અંશે એકલા પુરુષોને જ લાગુ પડે છે અને સ્ત્રીઓને નથી પડતું.

તેણે કહ્યું: તમે એ ખરું કહો છો, કારણ પુરુષો જેમ દરેક બાબતમાં આપણે તેમને ભાગ લેતાં કર્યાં છે.

(ડ) મેં કહ્યું: વારુ, અને તમે સંમત થશો કે [શું સંમત નહિ થાઓ?] રાજ્ય અને રાજવહીવટ વિશે જે કંઈ કહેવામાં આવ્યું છે. તે માત્ર સ્વપ્ન નથી. અને જો કે અશકય નહિ પણ દુષ્કર તો ખરું જ, તથા આપણે જે ધારેલે માર્ગે એ શકય છે તે માર્ગે જ એ સાધી શકાય એમ છે, એટલે કે જ્યારે રાજ્યમાં સાચા ફિલસૂફ રાજાઓ અવતરે ત્યારે તેમનામાંથી એક કે તેથી વધારે, આપણી આજની દુનિયાનાં માનપાન ક્ષુદ્ર અને અસાર માને અને તેમને તુચ્છકારે. અને સત્ય-માંથી જે તમામ વસ્તુઓનો ઉદ્ભવ હોય તેટલીને સાચી અને

પ્રતિષ્ઠાવાળી માને અને એ રીતે બીજી વસ્તુઓ કરતાં (ફ) એની કીંમત ઊંચી આંકે, તથા જે ધર્મના તેઓ આચાર્યો છે, અને જેના સિદ્ધાન્તોને પોતાના રાજ્યને વ્યવસ્થાસર કરતી વખતે તેઓ ઉચ્ચ-પદે સ્થાપન કરશે, તે ધર્મને બીજી બધી બાબતો કરતાં સૌથી વધારે અગત્યનો અને અધિક માનશે!

તેઓ કઈ રીતે શરૂઆત કરશે?

પહેલાં તો દસ વર્ષથી ઉપરના તમામ નગરવાસીઓને તેઓ (૫૪૧) નગર બહાર કાઢશે અને માબાપની ટેવોની અસરમાંથી જેઓ મુક્ત હોય તેવાં બાળકોને તેઓ હાથ પર લેશે;* તેમની પોતાની ટેવો અને જે કાયદાઓ આપ્યા છે તે અનુસાર તેઓ તેમને શિક્ષણ આપશે: અને આ રીતે જે રાજ્ય તથા બંધારણ વિશે આપણે વાત કરતા હતા, તે રાજ્ય અત્યંત સહેલાઈથી અને વહેલામાં વહેલી તકે સુખ પ્રાપ્ત કરશે, અને જે પ્રજામાં આવું બંધારણ હશે તેને સૌથી વધારે ફાયદો થશે.

હા, એ રસ્તો સૌથી સારો છે. અને સૉક્રેટિસ હું માનું (બ) છું કે કદીકેય જો આવું બંધારણ અસ્તિત્વમાં આવે તે એ કઇ રીતે આવશે એનું તમે બહુ સારું વર્ણન કર્યું છે.

ઉત્કૃષ્ટ રાજ્ય તથા જે માનવ એની છબી (પોતાના આત્મામાં) ધારણ કરે છે એ બંને વિશે આટલું બસ થશે—આપણે એમનું કઈ રીતે વર્ણન કરીશું એ વિશે કશી મુશ્કેલી રહી નથી.

તેણે જવાબ આપ્યોઃ કંઈ મુશ્કેલી નથી; અને કશું વધારે કહેવાની જરૂર નથી એમ માનવામાં હું તમારી સાથે સમંત થાઉં છું.

---

* ઉપર જુઓ ૪૧૫ ડ; ૪૩૦-અ; તથા ૫૦૧-અ.

(૫૪૩) અને તો ગ્લાઉકોન આપણે એ અનુમાન પર આવ્યા છીએ કે ઉત્કૃષ્ટ રાજ્યમાં સ્ત્રીઓ અને બાળકો પર સમાન હક રહેશે; અને સમસ્ત શિક્ષણક્રમ તથા લડાઈ કે શાંતિના વ્યવસાયો પણ સમાન રહેશે, અને એવા ફિલસૂફો તથા સૌથી વધારે શૂરવીર લડવૈયાઓ એમના રાજા થશે, કેમ ખરું ને?

ગ્લાઉકોને જવાબ આપ્યોઃ એનો સ્વીકાર થઈ ચૂક્યો છે.

(ક) મેં કહ્યુંઃ હા અને આગળ જતાં આપણે એનો પણ સ્વીકાર કર્યો છે કે જ્યારે શાસનકર્તાઓ પોતાની જાતની નિમણૂક કરશે ત્યારે તેઓ પોતાના સૈનિકોને ચૂંટશે અને જેના પર બધાની સમાન માલીકી હોય તેવાં તથા જેમાં કશી જ વ્યક્તિગત માલીકીની વસ્તુ ન હોય, તેમ કશું ખાનગી પણ ન હોય, તથા જેનું આપણે વર્ણન કરતા હતા તેવાં ઘરોમાં એમને રાખશે; અને તેમની માલ-મિલકત વિશે આપણે શું નક્કી કર્યું હતું એ તમને યાદ હશે?

હા, માણસો પાસે જે સામાન્ય વસ્તુઓ હોય છે તેમાંની એકેય તેમને આપવાની નથી, એ મને યાદ છે; તેમને લડાયક કસરતબાજો (ક) અને પાલકો થવાનું હતું અને વાર્ષિક વેતન તરીકે બીજા પુરવાસીઓ પાસેથી તેમને માત્ર પોતાનું ભરણપોષણ જ મળવાનું હતું, અને (આના બદલામાં) તેમણે પોતાની તેમજ સમસ્ત રાજ્યની સંભાળ રાખવાની હતી.

મેં કહ્યુંઃ ખરું, અને હવે આપણા કાર્યનો આ ભાગ પૂરો થયો છે, તો આપણે અસલ માર્ગે આગળ જઈએ એ ખાતર જે મુદ્દા પાછેથી આપણે અધવચ્ચે ફંટાયા હતા તેને આપણે શોધી કાઢીએ.

પાછા જવામાં કશી મુશ્કેલી નથી; અત્યારે તમે કહો છો તે પ્રમાણે એ વખતે પણ તમારો ગર્ભિત અર્થ એ હતો કે રાજ્યનું

વર્ણન તમે પૂરું કર્યું છેઃ તમે એમ કહ્યું કે આવું રાજ્ય સારું * હતું અને જે માણસનું બંધારણ એને અનુરૂપ હતું (ડ) તે પણ સારો+ હતો; જો કે હવે દેખાય છે તેમ એ રાજ્ય (૫૪૪) તથા એવી વ્યક્તિ વિશે તમારે બીજી ઘણી શ્રેષ્ઠ બાબતો કહેવાની હતી, અને તમે આગળ જઈ એમ પણ કહ્યું, કે એનું બરું રૂપ જો આ હતું તો બીજાં બધાં રૂપો ખોટાં હતાં; અને મને યાદ છે કે વિકૃત રૂપોમાં મુખ્ય ચાર હતાં તથા એમાં રહેલી ખામીઓ તેમજ એને લીધે વ્યક્તિઓમાં જે ખામીઓ ઊતરી આવે છે તેનું નિરૂપણ કરવા જેવું હતું એમ તમે કહ્યું હતું. તમામ વ્યક્તિઓને જોયા પછી અને એમાંથી સૌથી શ્રેષ્ઠ કોણ અને સૌથી અધમ કોણ એ વિશે છેવટે સંમત થયા બાદ, જે શ્રેષ્ઠ છે તે સૌથી વધારે સુખી, તથા સૌથી અધમ સૌથી વધારે દુઃખી છે કે કેમ તે વિશે વિચાર કરવાનો હતો. રાજ્યનાં ચાર સ્વરૂપો કયાં તે મેં પૂછયું અને તમે જવાબ આપ્યો; આ પછી (બ) પોલિમાર્કસ તથા એડેઇમેન્ટસ વચ્ચે બોલ્યા; અને તમે ફરીથી શરૂઆત કરી અને આપણે અત્યારના મુદ્દા પાસે આવ્યા.+

મેં કહ્યું: તમને બરાબર યાદ છે.

તેણે જવાબ આપ્યોઃ ત્યારે એક કુસ્તીબાજની માફક તમારે એ ને એ સ્થિતિમાં તમારી જાતને ફરીથી મૂકવી પડશે; અને હું એ ને એ પ્રશ્નો પૂછીશ અને તમે એ વખતે જે જવાબો આપવાના હતા, તે ને તે જવાબો હવે આપશો.

મેં કહ્યું: હા, મારાથી બનશે તો હું આપીશ.

તમે જે ચાર પ્રકારનાં બંધારણો વિશે વાત કરતા હતા, તે સાંભળવાની મારી ખાસ ઇચ્છા છે.

(ક) મેં કહ્યું: એ પ્રશ્નનો ઉત્તર સહેલો છે; જે ચાર પ્રકારનાં રાજ્યબંધારણો વિશે હું બોલતો હતો તેમનાં જેટલે અંશે જુદાં જુદાં નામો

* Good

+ જુઓ ઉપર પરિ. ૫, ૪૪૯ અ-બ

છે તેટલે અંશે તેઓ આ રહ્યાંઃ– પહેલું જેનાં સામાન્ય રીતે વખાણ કરવામાં આવે છે તે ક્રીટ અને સ્પાર્ટા; આના પછી મૂડીના ધોરણ પર રચાયેલું રાજ્ય આવે છે; આનાં એટલાં વખાણ કરવામાં આવતાં નથી, અને કેટલાંયે અનિષ્ટો ઉભરાતાં હોય એવો રાજ્યબંધારણનો આ પ્રકાર છે; ત્રીજું પ્રજાસત્તાક રાજ્ય જે મૂડીના ધોરણ પર રચાયેલા રાજ્યનું સ્વાભાવિક પરિણામ છે, જેને કે એનાથી એ બહુ જુદું હોય છેઃ અને છેવટે જુલમી રાજ્ય આવે છે, મહાન અને નામીચું, જે બધાથી ભિન્ન છે, અને રાજ્યબંધારણના એ ચોથા પ્રકારમાં સૌથી વધારે અધમ અવ્યવસ્થા હોય છે. આનાથી ભિન્ન ખાસિયતવાળું બીજી કોઈ જાતનું બંધારણ હોય તો એની મને ખબર નથી; તમને ખબર છે? (૬) બીજી જાગીરો અને ભાયાતગીઓ ખરીદાય છે અને વેચાય છે, અને વચગાળાના બીજા કેટલાએક બંધારણના પ્રકારો હોય છે. પરંતુ આ (પ્રકારો) સ્પષ્ટ લક્ષણ વગરના છે, અને હેલેનિક તથા જંગલી લોકોમાં એક-સરખા મળી આવે છે.

તેણે જવાબ આપ્યોઃ હા, એમનામાં કેટલાંય વિચિત્ર પ્રકારનાં બંધારણો હયાત છે એ વિશે જરૂર સાંભળવામાં આવ્યું છે.

મેં કહ્યુંઃ માણસોના સ્વભાવો જેમ બહુવિધ હોય છે, તેમ રાજ્યબંધારણના પ્રકારો પણ બહુવિધ હોય છે તથા જેટલા પ્રકારો એકના હોય, તેટલા જ પ્રકારો બીજાના પણ હોવા જોઈએ, એ તમે જાણો છો? કારણ 'પથ્થર અને લાકડા'થી* (૬) રાજ્યો બનાવવામાં આવે છે એમ આપણે નહિ માની શકીએ, પરંતુ જેવા સ્વભાવવાળાં માણસો રાજ્યમાં હોય—જે ઘડીકમાં છાબડું બેસાડી દે અને પોતાની અંદર બીજી વસ્તુઓને પણ ખેંચી આણે તેનાથી રાજ્યોનાં ભિન્નભિન્ન સ્વરૂપો પેદા થાય છે.

તેણે કહ્યુંઃ હા, જેવાં માણસો તેવાં રાજ્યો; માનવ સ્વભાવ કે ચારિત્ર્યમાંથી જ તેઓ ઊગી નીકળે છે.

---

* મૂળમાં 'Oak and rock' છે.

ત્યારે રાજ્યનાં બંધારણો જો પાંચ પ્રકારનાં હોય, તો વ્યક્તિગત ચિત્તના સ્વભાવ પણ પાંચ જાતના હશે.

અવશ્ય.

જે શિષ્ટજનસત્તાક રાજ્ય જેવો છે, અને જેને આપણે સાચ્ચી રીતે (૫૪૫) ધર્મિષ્ઠ તથા સારો કહીએ છીએ, તેનું વર્ણન આપણે કરી ચૂકયા છીએ.

જેને સ્પાર્ટાના રાજ બંધારણ સાથે સાદૃશ્યસંબંધ છે, તેવા ટંટાખોર તથા મહાત્ત્વાકાંક્ષી હલકા પ્રકારના સ્વભાવવાળા માણસનું હવે આપણે વર્ણન કરીશું; તથા મૂડીના ધોરણ પર રચાયેલું, પ્રજાસત્તાવાદી અને જુલમગાર. સૌથી વધારે અધર્મીની જોડાજોડ આપણે સૌથી વધારે ધર્મિષ્ઠને મૂકીશું, અને એમને (એ રીતે) જોયા પછી જે નિર્ભેળ અધર્મનું કે જે શુદ્ધ ધર્મનું જીવન ગાળે છે, તે એનાં સુખ કે દુઃખની આપણે અરસપરસ સરખામણી કરી શકીશું—ત્યારે આપણું પરીક્ષણ પૂરું થશેઃ અને થ્રેસિમેકસ સલાહ આપે છે તે (ચ) પ્રમાણે આપણે અધર્મ આચરવો કે દલીલના અનુમાન અનુસાર ધર્મને પસંદ કરવો તેનું આપણને જ્ઞાન થશે.

તેણે જવાબ આપ્યોઃ જરૂર, તમારા કહેવા મુજબ આપણે કરવું જોઈશે.

સ્પષ્ટતાની ખાતર, રાજ્યને પહેલાં લઈને પાછળથી વ્યક્તિના સ્વભાવનું નિરૂપણ કરવાની જે જુની પદ્ધતિ આપણે સ્વીકારી હતી તેને આપણે અનુસરીશું અને (કહેવાતા) પ્રતિષ્ઠિત લોકોના રાજ્યબંધારણથી શરૂઆત કરીશું. એ પ્રકારના બંધારણ માટે કોઈ એક નામ મારા જાણવામાં નથી, સિવાય કે એવા રાજ્યનો પાયો કુળપરંપરા પર રચવામાં આવ્યો છે એમ આપણે કહીએ.* જે વ્યક્તિનો સ્વભાવ આને મળતો હશે, તેની આની સાથે સરખામણી કરીશું; અને ત્યાર પછી (મૂડીના ધોરણ ઉપર રચાયેલા) અલ્પજનસત્તાક રાજ્ય

* મૂળમાં Timocracy or 'Timarchy'.

અને (ક) અલ્પજનસત્તાક માનવ વિશે આપણે વિચાર કરીશું; અને ત્યાર પછી વળી પ્રજ્ઞસત્તાક રાજ્ય તથા પ્રજ્ઞસત્તાક માનવ પ્રત્યે લક્ષ આપીશું અને છેવટે આપણે જુલમી નગરરાજ્યમાં જઈને બધું જોઈશું; તથા ફરી એક વાર જુલમગારના આત્મામાં દૃષ્ટિ કરીશું અને સંતોષકારક સમાધાન પર આવવા પ્રયત્ન કરીશું.

વસ્તુનું એ પ્રકારનું નિરૂપણ કરીને નિર્ણય બાંધવાનું બહુ અનુકૂળ થઈ પડશે.

મેં કહ્યું: ત્યારે પહેલાં તો [કહેવાતા પ્રતિષ્ઠિત લોકોનું રાજ્ય બંધારણ] એટલે કે જે રાજ્યનો પાયો કુળપરંપરા ઉપર રચવામાં આવ્યો છે તે આપણા શિષ્ટજનસત્તાક રાજ્યમાંથી [શ્રેષ્ટ લોકોના રાજ્યમાંથી] (ડ) કેવી રીતે ઉતરી આવે છે તે આપણે જોઈશું. જે લોકોના હાથમાં રાજસત્તા છે તેમની માંહોમાંહેની ફાટફૂટમાંથી જ તમામ પ્રકારના રાજકીય ફેરફારો થવા પામે છે એ સ્પષ્ટ છે;* દરકોઈ રાજ્ય પછી ભલે તે ગમે તેટલું નાનું હોય, પણ જો તે સંગઠિત હોય તો તે ચળશે નહિ.

તેણે કહ્યું: સાવ સાચું.

ત્યારે આપણા નગરરાજ્યની કઈ રીતે પડતી થશે, અને શાસનકર્તાઓ તથા તેમના સહાયકોના બે વર્ગો વચ્ચે અંદરઅંદર કે એકબીજા સાથે કઈ રીતે મતભેદ ઉત્પન્ન થશે? 'પૂર્વે કુસંપ કેમ જાગ્યો' તે વિશે સરસ્વતી+ આપણને કહે તે માટે (ઢ) હોમરની જેમ શું આપણે એની પ્રાર્થના કરીશું? પોતાના શબ્દોમાં જાણે પોતાને શ્રદ્ધા હોય એ રીતે, ઉચ્ચ કરુણરસપ્રધાન ઘાટીમાં આપણને સંબોધન કરતી,

* સરખાવો સામ્યવાદનો સિદ્ધાંત કે એક પરિસ્થિતિમાંથી એની વિરોધી પરિસ્થિતિ જાગે છે, અને ત્યાર પછી બે બેનો સમન્વય થાય છે. હેગેલના આ મૂળ સિદ્ધાંતનું નિરૂપણ વિકાસવાદની દૃષ્ટિએ કરવામાં આવે છે, જ્યારે પ્લેટો સામાન્ય અવનતિને બે લાગુ પાડે છે.

+ મુદ્દો ૨. અધોગતિનું પહેલું પગથિયું. મૂળમાં Muses–કલાની દેવીઓ.

તથા આપણે જાણે નાનાં બાળકો હોઈએ તેમ મશ્કરી કરતી અને ખેલ કરતી, સરસ્વતી દેવી ગંભીર થઈને ઠેકડી કરતી હોય એવી કલ્પના આપણે કરીશું કે નહિ ?

સરસ્વતી આપણને શું કહેશે ?

(૫૪૬) આ રીતનું (કંઈ કહેશે):—આવા બંધારણવાળા નગર-રાજ્યના પાયા ભાગ્યે જ હચમચે; પરંતુ જેટલી જેટલી વસ્તુનો આદિ છે તેનો અંત પણ હોય જ એમ જોતાં તમારું છે તેવું બંધારણ પણ અનાદિ કાળ સુધી ટકશે નહિ, પણ વખત આવ્યે તેનો પણ લોપ થશે. અને એ આ રીતે થશે:—પૃથ્વી પર જે વનસ્પતિ ઊગે છે તેમજ જે પ્રાણીઓ પૃથ્વી પર હરેફરે છે, તેમાંનાં પ્રત્યેકના વર્તુળનો પરિધ જ્યારે પૂરો થવા આવે—જે ટૂંકી જીંદગીવાળાંઓનો થોડા જ અંતરમાં અને લાંબી જીંદગીવાળાઓનો લાંબા અંતર પર થઈને પસાર થાય છે,—ત્યારે આત્મા તેમજ શરીરમાં પ્રજનનશક્તિ તથા વંધ્યત્વ ઉત્પન્ન થાય છે. પરંતુ તમારા શાસનકર્તાઓમાં સમસ્ત શિક્ષણ તથા વિવેકશક્તિ હોવા છતાં, મનુષ્યમાં પ્રજનનશક્તિ તથા વંધ્યત્વ ક્યારે આવે છે અને જાય છે તેના જ્ઞાનને તેઓ પ્રાપ્ત કરી શકશે નહિ. (૨) જે બુદ્ધિ ઇન્દ્રિય-વ્યાપારથી સર્વાંશે મુક્ત નથી તે આ ગૂઢ વિષયના નિયમો શોધી નહિ શકે, અને એ નિયમો એની પકડમાંથી છટકી જશે, અને તેથી ન કરવાં જોઈએ તેવે વખતે દુનિયામાં બાળકો પેદા કરવાની છૂટ અપાશે. જેઓના જન્મ દૈવી હોય છે તેમના કાળનો સંપૂર્ણ અંકમાં સમાવેશ થઈ રહે છે,[1] પરંતુ માનવજન્મના કાળનો સમાવેશ એવા અંકમાં થાય છે જેનાં સંવર્ગીકરણ અને વિસ્તાર [અથવા વર્ગ અને ઘન કરવામાં આવે તે] કરતાં પહેલાં વધારો કરવામાં આવે, તેને લઈને

૧. એટલે કે ૬ જેવો ચક્રાંક (Cyclic Number) કારણ ૧, ૨, ૩ જે એના ભાજકો છે તેના સરવાળા બરાબર ૬, અને તેથી જે કાલ કે ચક્રનો અંક ૬ હોય તો તે પૂરું થવા આવે ત્યારે ૧, ૨, ૩ નાં નાનાં ભ્રમણો કે કાલ પણ પૂરાં થાય છે.

સદૃશ તથા ભિન્ન એવાં ચાર પદો, અને ત્રણ અંતરોમાંથી વૃદ્ધિ તથા ક્ષય થતા અંકો મળે છે, અને (ક) તેથી બધાં પદો એક બીજાને અનુરૂપ તથા મેળવાળાં થઈ રહે છે.[૧] આના પાયામાં [૩] જ્યારે ત્રીજો અંક [૪] ઉમેરવામાં આવે અને પછી પાંચમા [૨૦] સાથે મેળવીને એનું ઘનીકરણ કરવામાં આવે, ત્યારે તેમાંથી બે પ્રકારની પ્રમાણ-બદ્ધતા મળી આવે છે; તેમાંની પહેલી આકૃતિ સમબાજુ ચતુષ્કોણ જે સોગણી મોટી છે તે (૪૦૦=૪×૧૦૦)[૨] અને બીજી જે એક આકૃતિ છે, અને તેની એક બાજુ પહેલાના જેટલી છે, પરંતુ તે લંબચોરસ છે અને તે એવી છે કે પાંચ અંકની બાજુવાળા ચોરસના વ્યાસ પર [વ્યાસના અપૂર્ણાંકો છોડી દઈને] બીજો ચોરસ દોર્યો હોય તેવા સો ચોરસ જેવડી તે થવા જાય [૭×૭=૪૯×૧૦૦=૪૯૦૦] અને એમાંની દરેક ચોરસ આકૃતિમાં [પહેલાંના જે સંપૂર્ણ ચોરસોમાં અપૂર્ણાંકો પણ આવી જાય છે, ચો.–૫૦ તેના કરતાં] એક અંક ઓછો છે,[૩] અથવા અપૂર્ણાંક પણ વ્યાસના હિસાબમાં લીધા હોય [જે ચોરસની બાજુ પાંચ અંક છે તેના=૫૦+૫૦=૧૦૦] તેવા અપૂર્ણાંકવાળા* વ્યાસ પર જો ચોરસ આકૃતિ દોરી હોય, તેવી બે સંપૂર્ણ ચોરસ આકૃતિઓ જેમાં ઓછી

---

૧ આ કદાચ ૩, ૪, ૫, ૬ ના આંકડા હશે જેમાંના પહેલા ત્રણ પિથાગોરાસના કાટખૂણુ ત્રિકોણની બાજુઓની બરાબર છે. તો ચાર પદો આ રીતનાં થશે :– ૩૩, ૪૩, ૫૩ અને બે ત્રણેનો સરવાળો ૬૩ = ૨૧૬.

૨ અથવા તો પહેલું પદ ૧૦૦×૧૦૦ = ૧૦,૦૦૦ જેવડો એક ચોરસ છે. આ રીતે રાજ્યનો આખો અંક ૧૭,૫૦૦ = ૧૦૦ નો વર્ગ + ૧૦૦ × ૭૫ ના લંબચોરસ બરાબર થશે.

૩ જેની બાજુ પાંચ અંક છે તેવા ચોરસનો 'વ્યાસ' = ૫૨ + ૫૨ = ૫૦ ના વર્ગમૂળ જેવડો હશે=૭ થી થોડો વધારે. આ ૭ ઉપરના અપૂર્ણાંકો પણ હિસાબમાં લઈએ. અને તેના પર ચોરસ આકૃતિઓ દોરીએ, તો તેના અંક ૫૦ હશે એ દેખીતું છે. પૂર્ણાંક પર રચેલો ચોરસ એટલે કે ૭×૭=૪૯ અને આ તથા પહેલા ચોરસ વચ્ચે એક અંકનો ફરક પડે એ સ્પષ્ટ છે.

* Irrational Diameter.

છે;[૧] અને ત્રણ અંકના ધન સો વખત લઈએ તેવડી [૨૭×૧૦૦= ૨૭૦૦+૪૯૦૦+૪૦૦=૮૦૦૦]. હવે આ અંકમાં ભૂમિતિની અમુક આકૃતિ રહેલી છે, અને સારા તથા માઠા જન્મ ઉપર તેનું આધિપત્ય રહેલું છે. (ઙ) કારણ જે નિયમોને અધીન રહીને માનવજન્મ થાય છે, તેનું આપણા પાલકોમાં અજ્ઞાન હશે, ત્યારે કવખતે તેઓ વર અને વહુઓને ભેગાં થવા દેશે, અને તેનાં બાળકો સારાં કે નસીબદાર નહિ હોય. અને એમના પૂર્વજો પોતાની પાછળ એમાંના જે સૌથી શ્રેષ્ઠ હશે તેમની જ નિમણૂંક કરતા જશે છતાં પણ તેઓ પોતાના પિતાઓના હોદ્દા માટે નાલાયક હશે, અને જ્યારે તેમના હાથમાં પાલકોની સત્તા આવશે, ત્યારે તેઓ પહેલાં તો માનસિક કેળવણીની કીંમત ઓછી આંકીને, અમારી—સરસ્વતીની—ઉપેક્ષા કરે છે એમ તરત જણાઈ આવશે; અને એ ઉપેક્ષા થોડા જ વખતમાં શારીરિક કેળવણી સુધી જઈ પહોંચશે, અને પરિણામે તમારા રાજ્યમાં યુવાન માણસો ઓછા સંસ્કારી હશે. ત્યાર પછીના જમાનાઓમાં, શાસનકર્તા તરીકે એવા માણસોની નીમણૂંક થશે, કે જેમનામાંથી હિસિયડની જાતો જેવી, (ઇ)—તમારી સોનું, રૂપું, પિત્તળ અને લોઢાની જુદી જુદી માનવજાતોની ધાતુ પારખવાની પાલકોની (૫૪૭) શક્તિનો લોપ થયો હશે. અને તેથી લોઢું રૂપા સાથે ભળી જશે, અને પિત્તળ સોના સાથે અને તેથી હંમેશાં દરેક જગ્યાએ જે દ્વેષ અને વિગ્રહનાં કારણભૂત બને છે, તે અવ્યવસ્થા, અસમાનતા અને એક બીજા વચ્ચેના ભેદ અસ્તિત્વમાં આવશે. જ્યારે જ્યારે કુસંપ જાગ્યો છે ત્યારે ત્યારે તેનાં મૂળ આમાં રહેલાં છે એમ સરસ્વતી કહે છે; અને આપણા પ્રશ્નનો જવાબ તેઓ આ રીતે આપે છે.

હા, અને તેમનો જવાબ ખરો છે એમ આપણે માની લઈશું.

---

૧ અથવા 'અપૂર્ણાંકવાળા વ્યાસના વર્ગ બે વાર લઈએ તેટલા' વગેરે = ૧૦૦

મેં કહ્યું : કેમ, હાસ્તો, તેમનો જવાબ બેલાશક ખરો છે; સરસ્વતી બોટું બોલે જ કેમ ?

(ब) અને સરસ્વતી આ ઉપરાંત બીજું કંઈ કહે છે કે નહિ ?

કુસંપ જાગ્યા પછી બે જાતો સામસામે માર્ગે ખેંચવા લાગી : લોખંડ અને પિત્તળની જાતો પૈસા અને જમીન અને ઘર અને સોનું તથા રૂપું મેળવવામાં પડી ગઈ: પરંતુ સોના અને રૂપાની જાતોના પોતાના બંધારણમાં જ ખરેખરી દોલત રહેલી છે તેથી પૈસાને ન ગણકારતાં તેમનું વલણ સમાજની પ્રાચીન વ્યવસ્થા અને સદ્‌ગુણ તરફ રહ્યું. એ બેની વચ્ચે એક વાર લડાઈ થઈ, અને જમીન તથા ઘરો અંદર અંદર વહેંચી લેવામાં છેવટે તેઓ એકમત થયા; * (क) અને અગાઉ સ્વતંત્ર માણસો તરીકે જેમનું તેમણે રક્ષણ કર્યું હતું તેવા તેમના મિત્રો, અને તેમનું ભરણપોષણ કરનારાઓને તેમણે ગુલામ કર્યા અને તેમને પ્રજા તથા નોકરો બનાવી દીધાં; અને તેઓ પોતે તેમના પર નજર રાખવામાં તથા લડાઈ કરવામાં રોકાયેલા રહેતા.

અધઃપતનના આરંભ વિશેનો તમારો ખ્યાલ ખરો છે એમ હું માનું છું.

અને આ રીતે ઉદ્‌ભવેલા રાજ્યબંધારણનું સ્વરૂપ આપણા શિષ્ટજન-સત્તાક રાજ્ય તથા મૂડીના ધોરણ પર રચાયેલા રાજ્ય વચ્ચેનું હશે.

સાવ સાચું.

આવો ફેરફાર થશે, અને તે થયા બાદ તેઓ શું કરશે ? (ड) આપણું સંપૂર્ણ રાજ્ય અને મૂડીના ધોરણ પર સ્થપાયેલા રાજ્યની મધ્યમાં આ નવું રાજ્ય આવી રહેશે, આથી એટલું સ્પષ્ટ છે કે અમુક અંશમાં એકનું અને બીજા થોડા અંશમાં એ બીજાનું અનુકરણ કરશે, અને તે ઉપરાંત એની પોતાની પણ કેટલીએક વિશિષ્ટતાઓ એમાં હશે.

* સામ્યવાદનો અંત અને ગુલામીની પ્રથાની શરૂઆત.

તેણે કહ્યું: ખરું.

શાસનકર્તાઓને જે માન આપવામાં આવે છે તેમાં, સામાન્ય વેપારરોજગાર તથા ખેતીમાંથી લડાયક વર્ગને મુક્ત રાખવામાં, સાર્વજનિક ખાણુંઓના ધોરણમાં, તથા શારીરિક કેળવણી અને લડાયક શિક્ષણ પ્રત્યે જે ધ્યાન આપવામાં આવશે તેમાં — આ તમામ બાબતોમાં આ રાજ્ય અગાઉના રાજ્યને મળતું આવશે.

ખરું.

(૬) પરંતુ હવે સરલ અને એકાગ્ર ફિલસૂફો નહિ રહ્યા હોય, પણ તેમનામાં કેટલાંયે તત્ત્વો સેળભેળ થઈ ગયાં હશે, તેથી તેમને કશી પણ સત્તા ન આપવામાં, તથા ફિલસૂફોથી વિમુખ થઈને જે આવેશમય અને ઓછા સર્વતોગામી સ્વભાવવાળા લોકો શાંતિ કરતાં લડાઈ માટે વધારે લાયક હોય છે, તેમના પ્રત્યે (૫૪૮) પોતાનું વલણ દેખાડવામાં અને લડાયક યુક્તિપ્રયુક્તિઓ તથા યોજનાઓની જે વધારે પડતી કીંમત આંકવામાં આવે છે તેમાં તથા ચિરકાલના વિગ્રહો કરવામાં ઘણે અંશે આ રાજ્યની વિશિષ્ટતા રહેશે *

હા.

મેં કહ્યું: હા, અને મૂડીવાદી રાજ્યમાં રહેતા લોકોની માફક આ જાતનાં માણસો પણ પૈસાનાં લોભી હશે; સોના–રૂપા માટે તેમનામાં તીવ્ર છૂપી વાસના હશે: અને તેને સંતાડવા તથા અનામત મૂકવા મકાનો તેમજ તીજોરીઓ હશે તેથી તેઓ અંધારી જગ્યાઓમાં તેનો સંગ્રહ કરશે; વળી પક્ષીઓ પોતાનાં ઈંડાં માટે માળા બાંધે છે તેવા ફિલ્લાઓ હશે, અને તેમાં પોતાની પત્નીઓ કે પછી તેમની મરજીમાં (ચ) આવે તેવી બીજી કોઈ સ્ત્રીઓ પર તેઓ મોટી રકમોનું ખર્ચ કરશે.

---

* આદર્શ નગરરાજ્યમાં બુદ્ધિનું તત્ત્વ ઉચ્ચપદે હોય છે, કુળપરંપરાપર સ્થપાયેલા રાજ્યમાં પ્રાણનું તત્ત્વ બુદ્ધિને પદભ્રષ્ટ કરીને આ સ્થાન લે છે.

તેણે કહ્યું : એ સૌથી સાચું.

અને જે પૈસાની તેઓ બહુ જ કીંમત આંકે છે તેને જાહેર રીતે મેળવવાનો એકે ઉપાય તેમની પાસે નથી તેથી તેઓ કૃપણ હશે; પોતાની (ક્ષુદ્ર) ઇચ્છાઓ સંતોષવા ખાતર બીજા માણસોનું ધન તેઓ ઉડાવી ખાશે, અને એમ કરતાં તેઓ ચોરીછૂપીથી મોજમજા ઉડાવશે, અને જે કાયદો તેમનો પિતા છે તેનાથી નાનાં બાળકોની જેમ તેઓ દૂર ભાગશે: સૌમ્ય વાતાવરણમાં નહિ, પરંતુ જબરદસ્તીથી તેમને શિક્ષણ આપવામાં આવ્યું હશે, કારણ બુદ્ધિનો તથા ફિલસૂફીની સહચારીણી જેવી જ ખરેખરી સરસ્વતી છે તેની તેમણે ઉપેક્ષા કરી હશે (ક) અને માનસિક કેળવણી કરતાં શારીરિક શિક્ષણને તેઓ વધારે માન આપશે,

તેણે કહ્યું : જરૂર, જે જાતના રાજ્યબંધારણનું તમે વર્ણન કરો છો, તેમાં ઇષ્ટ તથા અનિષ્ટનું મિશ્રણ હશે.

મેં કહ્યું : કેમ, મિશ્રણ તો છે જ; પરંતુ એક બાબત અને એક જ બાબત પ્રધાનપણે દેખાઈ આવે છે:—ઝઘડવાની મનોવૃત્તિ અને મહત્ત્વાકાંક્ષા; અને આ બધું લાગણી અથવા મનોભાવના તત્ત્વના પ્રાબલ્યને આભારી છે.

તેણે કહ્યું : અચૂક;

જે રાજ્યનું આપણે માત્ર રૂપરેખામાં જ વર્ણન કર્યું છે તેનું સ્વરૂપ તથા ઉદ્ભવ આવાં હોય છે; આથી વધારે સંપૂર્ણ (ડ) વિગતમાં આપણે ઉતરવાની જરૂર નહોતી, કારણ સૌથી વધારે પૂર્ણ હોય તેવા ધાર્મિકપણા અને એવાં જ અધર્મીપણાના પ્રકારો દેખાડવા માટે રૂપરેખા જ પૂરતી છે, અને તમામ રાજ્યો તથા તમામ પ્રકારના માણસોની વિગતોમાં ઉતરીએ તો અથાગ મહેનત પડે.

તેણે જવાબ આપ્યો : સાવ સાચું.

હવે આ રાજ્યબંધારણને મળતો આવે એવો કયો માણસ છે—એ કેવી રીતે અસ્તિત્વમાં આવ્યો અને એ કોના જેવો છે?

એડેઇમેન્ટસે કહ્યું : હું માનું છું કે એનામાં ઝઘડા કરવાની મનોવૃત્તિ રૂપી જે ખાસિયત હશે તેટલા પૂરતો તે આપણા ગ્લાઉકોનને મળતો આવતો હશે.

(૬) મેં કહ્યું : કદાચ એ એક બાબતમાં તેને મળતો આવતો હશે, પણ બીજી વિગતોમાં એ બે વચ્ચે બહુ ફેર છે.

કઈ વિગતોમાં ?

એનામાં પોતાનો કક્કો ખરો કરવાની વૃત્તિ વધારે હશે, એ ઓછો સંસ્કારી હશે. અને છતાં સંસ્કૃતિનો એ મિત્ર હશે; અને (૫૪૯) શ્રોતા તરીકે એ સારો હશે, પણ વકતા તરીકે નહિ. એવો માણસ ગુલામો પ્રત્યે નિષ્ઠુર થઈ જાય એવો સંભવ છે, જ્યારે સંસ્કારી માણસ એટલો તો માની હોય છે કે એ એમ કરે જ નહિ; અને સ્વતંત્ર પુરવાસીઓ પ્રત્યે એ સભ્યતાવાળો હશે, અને અધિકારી વર્ગનો અત્યંત આ જ્ઞાંકિત થઈ રહેશે; એ સત્તાનો અને માનનો ભૂખ્યો હશે; તથા પોતે સારો વકતા છે કે એવા કોઈ કારણસર નહિ, પરંતુ પોતે એક સૈનિક છે અને શસ્ત્રના ખેલ ખેલેલો છે તેથી એ શાસનકર્તા હોવાનો દાવો કરે છે; શિકારનો તથા શારીરિક કસરતોનો પણ એ શોખીન હશે.

હા, જે રાજ્યનો પાયો કુળપરંપરા પર રચેલો હોય છે તેને મળતું વ્યકિતગત ચારિત્ર્ય આ પ્રકારનું હોય છે.

એવો માણસ યુવાવસ્થામાં પૈસાટકાનો તિરસ્કાર કરશે; પણ એ (૭) જેમ જેમ વૃદ્ધ થતો જશે તેમ તેમ એના તરફ એ વધારે આકર્ષાશે; કારણ એણે પોતાના (આત્માનો) શ્રેષ્ઠ પાલક ગુમાવ્યો છે તેથી સદ્‌ગુણ પ્રત્યેની એની મનોવૃત્તિ એકાગ્ર નહિ રહે, અને પરિણામે એના સ્વભાવમાં કૃપણતાનો અંશ દાખલ થશે.

એડેઈમેન્ટસે કહ્યું : એ (શ્રેષ્ઠ પાલક) તે કોણ ?

મેં કહ્યું : માનસિક કેળવણી સાથે સંયોજાયેલી ફિલસૂફી, જે માણસના આત્મામાં આવીને વસે છે તથા જીવનભરના એના સદ્‌ગુણોની જે તારણહાર છે.

તેણે કહ્યું: સારું.

મેં કહ્યું: કુળપરંપરામાં માનનાર યુવાન એવો હોય છે, અને કુળપરંપરા પર સ્થપાયેલા રાજ્યના જેવો જ એ હોય છે.

(ક) બરાબર એમ જ.

એની ઉત્પત્તિ આ પ્રમાણે છે:—અવ્યવસ્થિત નગરરાજ્યમાં રહેતા કોઈ શરવીર પિતાનો એ ઘણું કરીને પુત્ર હોય છે * —અને (એવા રાજ્યના) માનપાન તથા હોદ્દાનો એનો પિતા અસ્વીકાર કરતો હોય છે, તથા એ કોર્ટમાં પણ જતો નથી કે કોઈ બીજી રીતે એ કશી મહેનત પણ કરતો નથી, પણ ઉલટો આફતમાંથી બચવા પોતાના હક્કો જતા કરવા તૈયાર હોય છે.

અને છોકરો કેવો થાય છે!

પોતાની માતાને જ્યારે એ એમ ફરિયાદ કરતી સાંભળે છે કે પોતાના ધણીને રાજ્યમાં કશું સ્થાન નથી, અને પરિણામે બીજી સ્ત્રીઓમાં એને કશું માન મળતું નથી,—ત્યારે પુત્રનું ચારિત્ર્ય ઘડાવા માંડે છે. (ડ) વળી જ્યારે એની માને એમ ખબર પડે છે કે એનો ધણી પૈસા કમાવા માટે બહુ આતુર નથી, તથા કાયદાની કોર્ટમાં કે ધારાસભામાં જઈ ભાષણો ઠોકવાને કે લડવાને બદલે જે કંઈ બને તેનો શાંતિથી સ્વીકાર કરે છે; અને જ્યારે એની માતાને એમ દેખાય છે કે (ધણી) પોતે પોતાના જ વિચારોમાં મશગુલ રહે છે અને એ આખો વખત એની પોતાની સાથે અત્યંત ઉપેક્ષાથી વર્તે છે, ત્યારે એ ચીડાય છે અને પોતાના પુત્રને એમ કહે છે કે એના પિતામાં પૂરેપૂરું પુરુષાતન નથી, અને ઘણો જ આળસુ છે; અને જે વિશે વારંવાર વાત કરવામાં સ્ત્રીઓને અત્યંત રસ પડે છે એવી પોતાના પ્રત્યેની (ઢ) ગેરવર્તણુંક વિશેની બીજી તમામ ફરિયાદોનો તેમાં ઉમેરો કરે છે.

---

* અહીં આદર્શનગર રાજ્યમાંથી અથવા ખરા ફિલસૂફમાંથી આવી વ્યક્તિઓનો કેવી રીતે જન્મ થયો એ પ્લેટોએ બતાવવું જોઈતું હતું.

એડેઇમન્ટસે કહ્યું: હા, એવી ફરિયાદો તેઓ પુષ્કળ કરે છે, અને એમની ફરિયાદો એમના જેવી જ હોય છે.

મેં કહ્યું: અને જે બુદ્ધુ નોકરો વિશે એમ માનવામાં આવે છે કે તેઓને કુટુમ્બ પ્રત્યે સારી લાગણી છે, તેઓ પણ પુત્ર સાથે અવારનવાર એવી જ રીતે ખાનગીમાં વાતો કરે છે; અને કોઈની પાસે પોતાના બાપના પૈસા લ્હેણા નીકળતા હોય એવાની કે ગમે તે રીતે બીજે કોઈ એને અન્યાય કરતો હોય તેવાની સાથે તેમનો ભેટો થાય અને એનો પિતા તેની સામે (૫૫૦) કાયદેસર પગલાં ન લે, તો તે પોતે જ્યારે મોટો થાય ત્યારે એવા લોકો પર વેર વાળશે તથા પોતાના બાપ કરતાં વધારે મરદાનગી દેખાડશે એમ કહીને તેઓ તેને ભંભેરશે. એ જ્યાં ક્યાંઈ ફરવા જશે, ત્યાં બધી આવી જ વાત એ સાંભળશે અને નજરે જોશે. નગરમાં પોતપોતાનું કામ કરનારાઓને તેઓ મૂર્ખ ગણશે, અને તેમને જરા પણ માન નહિ આપે. જ્યારે એથી ઉલટું અત્યંત વ્યવસાયી હોવાનો ડોળ કરનારાઓને જોવા અને સાંભળવાથી — એ ઉપરાંત પોતાના પિતાના શબ્દો પણ એ સાંભળતો હશે તે પરથી તથા એના જીવનની રહેણીકરણીનું એ બારીકાઈથી અવલોકન કરતો હશે તથા બીજાઓની સાથે તેની સરખામણી કરતો હશે તેથી—પરિણામ એ આવશે કે તે યુવાન માણસ વિરોધી દિશાઓ પ્રત્યે આકર્ષાશે: (બ) જ્યારે એનો પિતા એના આત્માના બુદ્ધિતત્ત્વને પાણીસિંચન કરતો હશે, તથા તેનું પોષણ કરતો હશે, ત્યારે બીજાઓ મનોવેગ તથા કામનાના તત્ત્વને ઉત્તેજન આપતા હશે અને મૂળથી એનો સ્વભાવ કંઈ ખરાબ નહિ હોય, પરંતુ ખરાબ સોબતને અંગે છેવટે બંનેની મિશ્ર અસરને લીધે તે મધ્યમ સ્થાને આવી પહોંચશે, અને ઝઘડાખોર વૃત્તિ તથા મનોવેગના મધ્યમ તત્ત્વને નમતું આપીને પોતાના અંતરમાં જે (આત્માનું) રાજ્ય રહેલું છે એનો તે ત્યાગ કરશે, અને એ રીતે તે ઉદ્ધત તથા મહત્ત્વાકાંક્ષી બનશે.

એની ઉત્પત્તિનું તમે સંપૂર્ણ રીતે વર્ણન કર્યું છે એમ મને લાગે છે.

(ક) મેં કહ્યું: ત્યારે હવે બીજા પ્રકારના રાજ્યબંધારણ તથા (એને મળતા) બીજા પ્રકારના ચારિત્ર્યવાળા માણસ પાસે આપણે આવી પહોંચ્યા છીએ.

હા.

હવે ત્યારે, ઇરિકાઇલસના કહેવા પ્રમાણે, જે સ્વભાવમાં

'બીજા રાજ્યના જેવો છે.'

એવા બીજા પ્રકારના માણસ તરફ આપણે નજર કરીશું, અથવા આપણી યોજના અનુસાર, આપણે રાજ્યથી જ શરૂઆત કરીશું.*

અવશ્ય.

હું માનું છું કે અનુક્રમમાં હવે મૂડીવાદી રાજ્ય આવશે.

અને કયા પ્રકારના રાજ્યબંધારણને તમે મૂડીવાદી રાજ્ય કહો છે?

માલમિલકતની આંકણી ઉપર જે રાજ્યનો પાયો હોય, તથા જેમાં ધનિક વર્ગ પાસે સત્તા હોય (ડ) અને ગરીબ પાસેથી જેમાં સત્તા છીનવી લેવામાં આવી હોય તે. +

તેણે જવાબ આપ્યો હું સમજ્યો.

કુળપરંપરા જે રાજ્યબંધારણનો પાયો હોય તેનું મૂડીવાદી રાજ્યમાં પરિવર્તન થવાની શરૂઆત કઈ રીતે થાય છે એના વર્ણનથી મારે શરૂઆત કરવી જોઈએ ખરું ને?

હા.

મેં કહ્યું: વારુ, એકમાંથી બીજું કઈ રીતે નીકળે છે એ આંધળો પણ જોઈ શકે એમ છે. ×

કેવી રીતે?

---

* મુદ્દો ૩. મૂડીવાદી રાજ્ય

+ "લોઝ"માં આવી જ વ્યાખ્યા આપેલી છે.

× અહીં પ્રાણનું તત્ત્વ પદભ્રષ્ટ થાય છે, અને લોભની વૃત્તિ એ સ્થાન પચાવી પાડે છે.

ખાનગી વ્યક્તિઓની તિજોરીઓમાં સોનાનો જે સંગ્રહ થયો હશે તેમાંથી જ એ રાજ્યનો નાશ થશે; તેને અંગે ગેરકાયદેસર ખર્ચ કરવાની પદ્ધતિઓ તેઓ શોધી કાઢશે; કારણ એમને કે એમની પત્નીઓને કાયદાની શી લાઈ પડી છે?

ના, ખરેખર નહિ જ.

(૬) અને પછી કોઈ બીજાને ધનવાન થતો જોશે, અને પોતે તેનો પ્રતિસ્પર્ધી થવાનો પ્રયત્ન કરશે, અને આ રીતે પુરવાસીઓનું આખું ટોળું પૈસાને ચાહવા માંડશે.

સંભવ છે.

અને તેથી તેઓ વધારે ને વધારે ધનવાન થશે, અને જેટલે અંશે તેઓ વધારે ધનવાન થવાના વિચારોનું સેવન કરશે, તેટલે અંશે તેઓ સદ્‌ગુણનો ખયાલ ઓછો રાખશેઃ કારણ ત્રાજવાના છાબડામાં એક બાજુ ધન અને બીજી બાજુ સદ્‌ગુણને એકી વખતે મૂકયાં હોય, તો પહેલું જરૂર નીચું બેસશે, અને બીજું ઊંચે ચડશે.

ખરું.

(૫૫૧) અને જેટલા પ્રમાણમાં ધન તથા ધનવાન માણસોને માન અપાતાં હશે તેટલા જ પ્રમાણમાં સદ્‌ગુણ તથા સદ્‌ગુણી પુરુષોનાં અપમાન થતાં હશે એ સ્પષ્ટ છે.

અને જેને માન આપવામાં આવે છે તે મેળવવા લોકો પ્રયત્ન કરશે, અને જેના પ્રત્યે કોઈને કશું માન નથી એની ઉપેક્ષા કરવામાં આવશે.

એ દેખીતું છે.

અને તેથી છેવટે કલહ અને કીર્તિને ન ચહાતાં લોકો વેપાર રોજગાર અને ધનને ચાહવા માંડશે; તેઓ પૈસાદાર માણસને માન આપશે, અને એના પ્રત્યે માનની નજરે જોશે, તથા એને પોતાનો શાસનકર્તા બનાવશે, અને ગરીબ માણસનું અપમાન કરશે.

તેઓ એમ કરે છે ખરા.

(રાજ્યકારભારમાં ભાગ લેવાની) (ख) યોગ્યતાનું ધોરણ હરકોઈ પુરવાસી પાસે ધનની અમુક રકમ છે કે નહિ તેનું ધોરણ નક્કી કરતો કાયદો પછીથી તેઓ ઘડશે; જેટલા પ્રમાણમાં અમુક લોકોને રાજ્યબંધારણમાં વધતો કે ઓછો ભાગ આપવાનું તત્ત્વ હશે, તેટલા પ્રમાણમાં અમુક જગ્યાએ એ રકમ મોટી હશે, અને બીજી જગ્યાએ નાની હશે; અને મુકરર કરેલી રકમ કરતાં જેની માલમિલકતનો આંકડો ઓછો હશે, તેને રાજ્યકારભારમાં કશો ભાગ લેવા દેવામાં આવશે નહિ. જો માત્ર ધમકીથી આટલું કામ નહિ પતી જાય, તો બંધારણના આ ફેરફારોનો અમલ શસ્ત્રની મદદથી કરવામાં આવશે.

સાવ સાચું.

અને સામાન્ય દૃષ્ટિએ વિચારતાં, મૂડીવાદી રાજ્ય આ રીતે અસ્તિત્વમાં આવશે.

તેણે કહ્યું: હા, પણ આ પ્રકારના રાજ્યબંધારણની બાસિયતો કઈ હશે (क) તથા આપણે જેની વાત કરતા હતા તે ઊણપો પણ કઈ?[1]

મેં કહ્યું: સૌથી પહેલું યોગ્યતાના ધોરણ વિશે વિચાર કરો. જો તેની માલમિલકતના ધોરણ અનુસાર સુકાનીઓને પસંદ કરવામાં આવે, અને જેને બરોબર સારી રીતે વહાણ હંકારતાં આવડે છે, તેવા કોઈ ગરીબ માણસને વહાણ હંકારવાની મનાઈ કરવામાં આવે, તો પરિણામ શું આવે એનો જરા ખયાલ કરો.

તેઓ બરાબર ચડી જાય એમ તમારું કહેવું છે બરું ને?

હા, અને કોઈ પણ બીજી બાબતમાં આ (સિદ્ધાન્ત) બરો હોય તેના કરતાં રાજ્યવ્યવસ્થા વિશે આ વધારે બરો છે.[2]

એમ બનવા જોગ છે,

નગરરાજ્ય સિવાયના? એમ—કે નગરરાજ્યનો પણ તમે આમાં સમાવેશ કરો?

---

૧. સરખાવો ઉપર ૫૪૪ क.

૨. અહીં મૂળના ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

તેણે કહ્યું: ના, ઉલટું નગરરાજ્યની બાબતમાં તો સૌથી વધારે એમ થવા સંભવ છે, કારણ નગરરાજ્યનો વહીવટ એ સૌથી મહાન અને સૌથી વધારે મુશ્કેલ છે.

(ડ) ત્યારે મૂડીવાદી રાજ્યની પહેલી મોટી ખોડ તે આ છે. એ સ્પષ્ટ છે.

અને એના જેટલી જ આ બીજી ખોડ રહી.

કઈ?

અનિવાર્ય વિભાગીકરણ: એવું રાજ્ય એક નથી પણ બે રાજ્યો છે —*એક ગરીબનું ને બીજું ધનવાનનું; અને એ બંને એક જ જગ્યાએ રહેતાં હશે તથા એક બીજા સામે હંમેશાં કાવત્રાં કર્યા કરતાં હશે.

બલબત્ત, એ વધારે નહિ તો એના જેટલું જ ખરાબ છે.

અને એ જ કારણસર બીજી નિંદવાયોગ્ય ખાસિયત એ છે કે કોઈ પણ (બહારના) વિગ્રહમાં તેઓ ઉતરી શકશે નહિ, કાં તો તેઓ સંખ્યાબંધ લોકોને શસ્ત્રથી સજ્જ કરશે, અને તો દુશ્મનના કરતાં એમનાથી જ તેમને વધારે (ઇ) બીવું પડશે; અથવા સંગ્રામના પ્રસંગે જો તેઓ એમને બહાર ન લાવે, તો તેઓ તો મુઠ્ઠીભર ધનવાન લોકો છે, જેમ રાજ્ય કરવામાં થોડા તેમ લડવા માટે પણ થોડા જ. અને વળી પૈસા તરફના એમના પ્રેમને લીધે તેમને કર ભરવા પણ નહિ ગમે.

કેટલું નિંદ્ય!

અને આપણે અગાઉ કહી ગયા તે પ્રમાણે, એવા રાજ્યબંધારણમાં (૫૫૨) એકના એક માણસે અનેક ધંધા કરે છે–તેઓ ખેડૂત, વેપારી, સૈનિકો બધું એકી સાથે હોય છે. એ સારું દેખાય?

ગમે તેમ પણ સારું તો નહિ જ.

વળી કદાચ સૌથી મોટું એવું બીજું અનિષ્ટ પણ છે અને આ રાજ્ય પહેલવહેલું એનો ભોગ થઈ પડે છે.

---

* સરખાવો ઉપર પરિ-૪ : ૪૨૩-અ.

કયું અનિષ્ટ ?

પોતાની પાસે જે કંઈ હોય તે બધું હરકોઈ માણસ વેચી શકે છે, અને બીજો કોઈ એની માલમીલકત વેચાતી લઈ શકે છે; અને આ રીતે વેચાણ કર્યા પછી પણ, વેચનાર પોતે વેપારી નથી, કારીગર નથી, ઘોડેસ્વાર નથી તેમજ પાયદળનો સૈનિક નથી પણ માત્ર એક ગરીબ, નિરાધાર પ્રાણી છે, અને આ રીતે એ કશું ન હોવાને લીધે રાજ્યની સાથે એને કોઈ પણ પ્રકારનો સંબંધ રહેતો નથી, તો પણ એ રાજ્યમાં રહી શકે છે!

હા, આ રાજ્યમાં જ પહેલવહેલાં આવાં (ચ) અનિષ્ટની શરૂઆત થાય છે.

એ અનિષ્ટોનો ખરેખર કંઈ ત્યાં જ અંત આવતો નથી; કારણ મૂડીવાદી રાજ્યોમાં મહાન દોલત તથા અત્યંત ગરીબાઈ—એમ બંને પરાકાષ્ટાઓ એકી સાથે રહેલી છે.

ખરું.

પણ ફરી વિચાર કરો; પોતે ધનવાન હતો તથા પોતાના પૈસા ખર્ચતો હતો, ત્યારે આ પ્રકારનો માણસ એક પુરવાસીની ફરજોની દૃષ્ટિએ રાજ્યને જરા પણ લાભકર્તા થઈ શકે ખરો? અથવા જો કે શાસન કરનારાઓના વર્ગની કોઈ વ્યક્તિ જેવો એ માત્ર દેખાતો હતો, તોપણ વસ્તુતઃ એ પ્રજા કે શાસનકર્તા એ એમાંથી કોઈ નથી, પણ માત્ર એક ઉડાઉ જ છે — ખરું ને?

(ક) તમારા કહેવા પ્રમાણે એ શાસનકર્તા જેવો દેખાય છે, પરંતુ છે તો માત્ર ઉડાઉ જ.

જેમ મધપૂડામાં ભમરા હોય છે. તેમ આ ઘરનો ભમરો છે, તથા પેલા ભમરા જેમ મધપૂડાને શાપરૂપ છે તેમ આ લોકો નગર-રાજ્યને શાપરૂપ છે એમ શું આપણે ન કહી શકીએ? *

એમ જ સોક્રેટિસ.

× Hesiod 'Works and Days' 307.

અને એડેઇમિન્ટસ, પરમેશ્વરે ઊડતા ભમરાઓને ડંખ આપ્યો નથી; પરંતુ જો કે આ બે પગવાળા ભમરાઓમાંના ઘણાખરાને ડંખ નથી, પણ બીજાઓને તો તેણે ભયંકર ડંખ આપ્યા છે. જેઓ પોતાની વૃદ્ધાવસ્થામાં ભીખારી થઈ જાય છે તેઓ ડંખ (ડ) વગરના છે; જેમને ગુનેહગાર વર્ગના ગણવામાં આવે છે તેમને બધાને ડંખ હોય છે.

તેણે કહ્યું: સૌથી સાચું.

ત્યારે જ્યારે જ્યારે તમને રાજ્યમાં ભીખારીઓ દેખા દે, ત્યારે–ત્યારે પાડોશમાં કયાંક ચોરટાઓ, ખીસાકાતરુઓ તથા મંદિરોના લૂંટારાઓ અને દરેક પ્રકારના બવાલીઓ સંતાયેલા હોવા જોઈએ એ સ્પષ્ટ છે.

સ્પષ્ટ છે.

મેં કહ્યું: વારુ મૂડીવાદી રાજ્યમાં તમને શું ભીખારીઓ નથી મળી આવતા ?

તેણે કહ્યું; હા, શાસનકર્તાઓ સિવાયના લગભગ બીજા દરેક ભીખારી જ હોય છે.

(ઇ) તથા તેમાં કેટલાયે ગુનેગારો મળી આવે છે. ડંખવાળા બદમાશો, જેમને બળજબરીથી કાબૂમાં રાખવા જેટલી સંભાળ અધિકારી વર્ગ લે છે એમ પણ આપણે શું છાતી ઠોકીને ન કહેવું જોઈએ ?

અવશ્ય આપણે કહી શકીએ.

ખરી કેળવણીનો અભાવ, ખરાબ શિક્ષણ અને અનિષ્ટ રાજ્યબંધારણને લીધે આવા લોકો અસ્તિત્વમાં આવે છે એમ આપણે કહેવું જોઈએ ? ખરું ને ?

ખરું.

ત્યારે મૂડીના ઘોરણપર રચાયેલા રાજ્યનું સ્વરૂપ અને તેમાં રહેલાં અનિષ્ટો આવાં છે.

બહુ સંભવિત છે,

(૫૫૩) ત્યારે મૂડીવાદી રાજ્ય એટલે કે જેમાં અમુક લોકો ધનવાન છે માટે તેમને શાસનકર્તા તરીકે ચૂંટવામાં આવે છે—એ જાતના રાજ્યબંધારણનું નિરૂપણ પૂરું થયું ગણીશું. હવે આપણે જે વ્યકિત આ રાજ્યને મળતી આવે છે તેના સ્વભાવ તથા ઉત્પત્તિ વિશે વિચાર કરીશું.

અચ્છા.

કુળપરંપરામાં માનનાર માણસની શ્રદ્ધા માત્ર ધન પ્રત્યેની શ્રદ્ધામાં શું આ રીતે પલટાઈ જતી નથી ?

કેવી રીતે ?

વખત એવો આવી લાગે છે કે કુળપરંપરાગત રાજ્યના પ્રતિનિધિને ઘેર એક પુત્ર જન્મે છે; પહેલાં તો પોતાના પિતાની એ સ્પર્ધા કરે છે, અને એને પગલે ચાલે છે. પરંતુ એકાએક પાણી નીચે કોઈ ખડકોની ધાર હોય અને તેના ઉપર વહાણ ભાંગી પડે તેમ રાજ્યની સત્તા સામે પિતા એકાએક પડી ભાંગે છે, (બ) અને તેની પાસે જે કંઈ છે તે બધું એ ગુમાવી બેસે છે; એ કદાચ સેનાપતિ કે એવો બીજો મોટો હોદ્દેદાર હશે—પછી કોઈ બાનગી બાતમીદારોએ ઉભા કરેલા દુષ્ટ પૂર્વગ્રહને લીધે એના પર કામ ચલાવવામાં આવે, અને તેમાં કદાચ એને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવી હોય, અથવા દેશનિકાલ કરવામાં આવ્યો હોય કે પછી પુરવાસી તરીકેના એના હકો ઝૂંટવી લેવામાં આવ્યા હોય તથા એની તમામ માલમિલકત લઈ લેવામાં આવી હોય.

એ તદ્દન સંભવિત છે.

અને પુત્રે આ બધું જોયું છે અને જાણ્યું છે—એ પોતે પાયમાલ થઈ ગયો છે, અને બીકનાં માર્યાં પોતાના હૃદયના સિંહાસન પરથી પોતે મહત્ત્વાકાંક્ષા તથા મનોભાવના તત્ત્વોને ઊંધે માથે ફેંકી દે છે; (ક) ગરીબાઈથી માનભંગ થયેલો એવો એ

પૈસા કમાવા શરુ કરે છે, અને સખ્ત મહેનત કરીને તથા ક્ષુદ્ર અને લોભી રીતે કરકસર કરીને એ મૂડી એકઠી કરે છે. એવો માણસ કામનાના તથા લોભના તત્ત્વને (અંતરના) ખાલી સિંહાસન ઉપર બેસાડે અને મુકુટ તથા કમરપટ્ટો અને તલવારથી એને સુસજ્જ થવા દઈ પોતાના અંતરમાં એને મહાન રાજાનો પાઠ ભજવવા દે એ શું સંભવિત નથી ?

તેણે જવાબ આપ્યોઃ સૌથી સાચું.

(ડ) અને જ્યારે બુદ્ધિ તથા પ્રાણુનાં તત્ત્વોને તેના સમ્રાટની બંને બાજુ જમીન ઉપર તેઓ જાણે આશાંકિત અનુચરો હોય એ રીતે બેસવાની ફરજ પાડવામાં આવે અને તેમનું હવે શું સ્થાન છે તેનું એમને ભાન કરાવવામાં આવે, ત્યારે નાની રકમોમાંથી મોટી રકમો કેવી રીતે પેદા કરી શકાય તેનો જ માત્ર વિચાર કરવાની બુદ્ધિને ફરજ પાડવામાં આવે છે, અને પ્રાણુના તત્ત્વને ધનવાન લોકો સિવાય બીજા કશાની સ્તુતિ કે પૂજા કરવાની મના કરવામાં આવે છે અથવા ધનની પ્રાપ્તિ તથા તેને મેળવવાના ઉપાયો પ્રત્યે તેની મહત્ત્વાકાંક્ષાને જેટલી દોરવામાં આવશે તેટલી બીજા કોઈ પ્રત્યે એ નહિ ખેંચાવા દે.

તેણે કહ્યુંઃ મહત્ત્વાકાંક્ષી યુવાનનું એક લોભી માણસમાં જે પરિવર્તન થઈ જાય છે તે ફેરફાર બીજા બધા કરતાં બહુ જ જલદી અને અનિવાર્ય રીતે થાય છે.

(ઇ) મેં કહ્યું; અને લોભી માણસ મૂડીવાદી રાજ્યનો યુવાન છે – ખરું ને ?

તેણે કહ્યુંઃ હા, કંઈ નહિ તો જે વ્યક્તિમાંથી એ પેદા થાય છે તે જે રાજ્યમાંથી મૂડીવાદી રાજ્ય ઉત્પન્ન થાય છે તેના જેવી જ છે.

ત્યારે એ બે વચ્ચે કંઈ સરખાપણું છે કે નહિ તે વિશે આપણે જરા વિચાર કરીએ.

(૫૫૪) ઘણું સારું.

ત્યારે પહેલાં તો તેઓ બંને ધનની જે કીંમત આંકે છે એમાં

એક બીજાને મળતા આવે છે.

જરૂર.

તેમજ તેમની ખુબ મહેનત મજુરી કરવાની બાસિયતમાં એવી વ્યક્તિ પોતાની જરૂર જોગી કામનાઓને જ સંતોષે છે, અને તેટલા પુરતી જ પોતાના ખર્ચની હદ બાંધે છે; અને ઇચ્છાઓ ઘણી બધી હોવાથી કંઈ બાસ (પૈસાનો) ફાયદો નથી એવા બયાલથી જ એ પોતાની ઇચ્છાઓને અંકુશમાં રાખે છે.

બરું.

(એ તદ્દન) ગંદો હોય છે અને દરેક બાબતમાંથી કંઈનું કંઈ પોતે બચાવે છે અને તે રીતે એ પોતા માટે મોટી રકમ એકઠી કરે છે, અને ક્ષુદ્ર લોકો આ જાતના માણસની વાહવાહ કરે છે. જે (ક્ષ) રાજ્યના પ્રતિનિધિરૂપ એ છે એના જેવી જ શું એની સીકલ નથી?

મને એ એવો જ લાગે છે; કંઈ નહિ તો એ પોતે તથા તેનું રાજ્ય પૈસાની કીંમત બહુ મોટી આંકે છે.

મેં કહ્યું: એ માણસ જરાયે સંસ્કૃત નથી એ તમે જોયું ને?

તેણે કહ્યું: હું કલ્પી પણ શકતો નથી; જો એ સુશિક્ષિત હોત તો એક આંધળા દેવને પોતાના ગાયક ગણનો અધ્યક્ષ ન બનાવત, કે એને વિશિષ્ટ માન ન આપત.[1]

મેં કહ્યું: ઉત્તમ! છતાં જરા વિચાર કરો: આથી આગળ જઈ આપણે એટલું શું કબૂલ કરવું ન જોઈએ કે સારા સંસ્કારની આવી બામીને લીધે, ભીખારી અને બદમાશોમાં હોય છે તેવી ભમરાળ (ક્ર) ઇચ્છાઓ એનામાં મળી આવશે, જે એના જીવનની સામાન્ય રહેણી-કરણીને લીધે જ જબરદસ્તીથી દબાઈ રહી હશે.

બરું.

એની બદમાશાઈની જો તમારે શોધ કરવી હોય, તો કયાં કરવી એ તમે જાણો છો?

---

૧. અહીં મૂળ ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

ક્યાં કરવી ?

માબાપ વગરના કોઈ છોકરાના વાલી તરીકે કે એવા કોઈ સંજોગો, જેમાં અપ્રમાણિક રીતે વર્તવાની એને કોઈ મોટી તક મળી જતી હોય, એવા પ્રસંગે તમારે એનું નિરીક્ષણ કરવું જોઈએ.

હા—આ.

તેવે વખતે એટલું તદ્દન સ્પષ્ટ થઈ જશે કે સામાન્ય વ્યવહારમાં એને જે પ્રમાણિકપણાની પ્રતિષ્ઠા મળેલી હોય છે તેમાં એ માત્ર બળ-જબરીથી પાળેલા સદ્‌ગુણ વડે જ પોતાના દુષ્ટ મનોવિકારોને દાબતો હોય છે; (ડ) નહિ કે એ મનોવિકારો ખરાબ છે તથા બુદ્ધિ વડે એને શાંત કરવા જોઈએ પણ માત્ર પોતાની માલમિલકત બચમાં આવી પડે એ કારણે તથા બીક અને જબરદસ્તીની રીતે એમનાં પર દાબ મૂકવા ખાતર ! *

અચૂક

હા, ખરેખર, મારા પ્રિય મિત્ર, પરંતુ બહારથી ગમે તેમ દેખાય, તો પણ જ્યારે જ્યારે પારકા પૈસા એના હાથમાં આવે, ત્યારે ત્યારે તમે જોઈ શકશો કે ભમરાની (હરામનું પચાવી પાડવાની) સ્વાભાવિક ઇચ્છાઓ સામાન્યતઃ એવી વ્યક્તિમાં હોય છે જ.

હા, અને એનામાં એ ઉત્કટ રૂપે હશે.

ત્યારે એવો માણસ પોતાની જાતની સાથે વિગ્રહ કરતો હશે; એ એક નહિ પણ બે માણસો હશે; પણ સામાન્ય રીતે એની ખરાબ ઇચ્છાઓ પર (ઢ) એની સારી ઇચ્છાઓનું રાજ્ય પ્રવર્તતું હશે.

ખરું.

આ કારણોને લીધે આવો માણસ બીજા ઘણાઓ કરતાં વધારે પ્રતિષ્ઠિત ગણાશે; અને છતાં સર્વસંમત તથા સુસંગત આત્માને

× સામાન્ય માણસ સદ્‌ગુણ પ્રત્યે બુદ્ધિથી નહીં પણ બીકથી દોરાય છે તે વિશે જુઓ "ફીડો." મિતાહાર અને શૌર્યમાં પણ તેઓ બીકના માર્યા એ સિદ્ધાન્તને સ્વીકારે છે.

ખરો સદ્‌ગુણ એનાથી કયાંઈ દૂર ભાગશે અને એની નજીક કદી નહિ આવે.

હું એમ જ માનું.

(૫૫૫) અને રાજ્યમાં કોઈ પણ જાતના ધનિમ માટે કે સંમાનિત મહત્ત્વાકાંક્ષાના બીજા કોઈ વિષયના પ્રતિસ્પર્ધી તરીકે વ્યક્તિઓની સરખામણી કરતાં લોભી માણસ હલકો જ પડશે; કીર્તિની ઝુંબેશમાં એ પોતાનો પૈસો નહિ ખરચે; કારણ એવા પ્રયત્નમાં પોતાની ખર્ચાળ કામનાઓને (જોતરમાં) જોડીને તેમની પાસેથી મદદ મેળવવા જતાં એ બધી કયાંક જાગ્રત થાય એવી એને બીક હોય છે; બરાબર મૂડીવાદી રાજ્યની ઢબે, સ્પર્ધામાં પોતાની મૂડીનો અમુક જ ભાગ એ ખર્ચે છે, અને સામાન્ય પરિણામ એ આવે છે કે એ ધનિમ ગુમાવે છે અને પોતાના પૈસા સાચવી રાખે છે.

સાવ સાચું.

ત્યારે લોભી અને પૈસા પેદા કરનાર વ્યકિત મૂડીવાદી (ત્ર) રાજ્યને મળતી આવે છે એ વિશે હવે આપણને કશી શંકા છે?

કશી શંકા ન હોઈ શકે.

હવે ત્યાર બાદ પ્રજાસત્તાક રાજ્ય આવે છે; * આનાં ઉત્પત્તિ તથા સ્વરૂપ હજી આપણે વિચારવાનાં રહે છે; અને ત્યાર પછી 'પ્રજાસત્તાક' માનવની રીતિનું આપણે નિરૂપણ કરીશું, તથા તેનો ન્યાય કરવા એને ખડો કરીશું.

તેણે કહ્યું: આપણી પદ્ધતિ એ છે.

મેં કહ્યું; વારુ, અને મૂડીવાદી રાજ્યમાંથી પ્રજાસત્તાક રાજ્ય કેવી રીતે પરિણમે છે? એ શું આ પ્રમાણે નથી? જે ધનિચ્છા કદી સંતોષાઈ શકાય એવી નથી, તેવી શકય-હોય-તેટલા-ધનવાન-થવાની ધનિચ્છાને એવું રાજ્ય ધ્યેય લક્ષ્ય ગણે છે.

* મુદ્દો ૪. બહુજનમતવાદી રાજ્ય તથા 'બહુજનમતવાદી' માનવ.

પછી શું ?

(ક) પોતાની દોલત ઉપર પોતાની સત્તાનો આધાર છે એવી શાસનકર્તાઓને ખબર હોય છે તેથી તેઓ ઉડાઉ યુવાનના ઉડાઉપણાને કાબુમાં રાખવા કશો કાયદો ઘડતા નથી, કારણ એની પાયમાલીથી એમને તો લાભ જ છે; એવાઓ પાસેથી તેઓ વ્યાજ લે છે, અને એમની જાગીર ખરીદી લે છે, અને આ રીતે પોતાની દોલત અને પ્રભુત્વ તેઓ વધારે છે. ખરું ને ?

અચૂક.

પૈસાનો પ્રેમ તથા સંયમની મનોદશા એ બંને એક જ રાજ્યના પુરવાસીઓમાં કંઈ લાંબો વખત એકી સાથે ન રહી શકે એ (ડ) બાબત શંકા ન હોઈ શકે; કાં તો એકની નહિ તો બીજાની ઉપેક્ષા થવાની જ.

એ ઠીક ઠીક સ્પષ્ટ છે.

અને મૂડીવાદી રાજ્યોમાં, બેદરકારી તથા ઉડાઉપણાનો સામાન્ય પ્રચાર થવાને લીધે, સારાં કુટુમ્બનાં માણસો ઘણી વાર ગરીબ સ્થિતિમાં આવી પડે છે ?

હા, ઘણી વાર.

અને તેમ છતાં તેઓ નગરરાજ્યમાં તો રહે છે જ; ડંખ મારવા પૂરેપૂરાં શસ્ત્રોથી સુસજ્જ એવા તેઓ તૈયાર જ હોય છે, અને કેટલાક દેવામાં ડૂબેલા હોય છે, કેટલાએકનો પૌરાધિકાર જપ્ત કરવામાં આવ્યો હોય છે; વળી ત્રીજા વર્ગમાં આ બંને વસ્તુસ્થિતિ જોવામાં આવે છે; અને જેમણે તેમની માલમિલકત લઈ લીધી છે તેમની તથા બીજા તમામની સામે તેઓ કાવત્રાં કરે છે, અને તેમને ધિક્કારે છે, અને (ઢ) રાજ્યપરિવર્તન માટે તેઓ તલપાપડ થઈ જાય છે.

એ ખરું છે.

વળી બીજી તરફ, નીચે વાંકા વળીને ચાલતા, તથા જેમને તેઓએ પાયમાલ કર્યા છે તેમને જાણે જોતા જ નથી એવો ઢોંગ કરતા શાહુકારો તેમની સાથેની લેવડદેવડમાં જેઓ હોશિયાર ન હોય

તેવા કોઈ બીજા માણસમાં તેઓ પોતાનો ડંખ–એટલે કે પોતાનાં નાણાં ઘોંચે છે, અને મૂળ મુદ્દલનો જાણે કુટુમ્બપરિવાર વધ્યો હોય તેમ મુદ્દલથી કેટલાયે ગણી રકમ તેઓ પાછી મેળવે છે: અને આ રીતે રાજ્યમાં ભમરા અને ભીખારીની સંખ્યા વધી પડે છે.

(૫૫૬) તેણે કહ્યું: હા, એવા તો કેટલાયે હોય છે, અને તે અવશ્ય ખરું છે.

પછી આગની માફક અનિષ્ટ ભભૂકી ઉઠે છે; અને પોતાની મિલકતનો ઉપયોગ અમુક જ હદ સુધી કરી શકે એવો કે બીજો કોઈ કાયદો ધરીને તેઓ એ આગ બુઝાવશે નહિ.

બીજો કેવો કાયદો ?

બીજો જે એનાથી જરા ઉતરતો છે, અને પુરવાસીઓને પોતાના ચારિત્ર્ય તરફ નજર રાખવાની ફરજ પાડી શકે એવો લાભ જેમાં રહેલો છે તેવો :—(ब) એવો એક સામાન્ય નિયમ થવો જોઈએ કે દરેક માણસ પોતાને જ જોખમે કરારનામા પર સ્વેચ્છાએ સહી કરશે, અને તો પૈસા કમાવાની આવી નિંદ્ય પદ્ધતિનો જરા ઓછો અમલ થશે તથા આપણે જે અનિષ્ટોની વાત કરતા હતા, તેવાં અનિષ્ટો રાજ્યમાં કેટલેય અંશે ઓછાં થશે.

હા, તે ઘણે અંશે ઓછાં થશે.

અત્યારે તો મેં ગણાવ્યા તે આશયોથી પ્રેરાઈને શાસનકર્તાઓ પ્રજા સાથે ખરાબ રીતે વર્તશે; અને તે અને તેમના બાંધિયાઓને ખાસ કરીને શાસન કરનાર વર્ગના યુવાન માણસોને શારીરિક તથા માનસિક એદીપણાનું અને મોજશોખનું જીવન ગાળવાની (क) ટેવ પડી હશે: તેઓ કશું જ કરતા નહિ હોય અને સુખ કે દુઃખની સામે થવાને અશક્ત હશે.

સાવ સાચું.

તેમને માત્ર પૈસા કમાવવાની જ દરકાર હોય છે, અને સદ્‌ગુણ કેળવવા પ્રત્યે દરિદ્રી માણસ જેટલા જ તેઓ ઉદાસીન હોય છે.

હા, એટલા જ ઉદાસીન.

એમનામાં આ પ્રકારની સ્થિતિ અસ્તિત્વ ધરાવતી હોય છે. અને શું મુસાફરીએ જતાં કે મળવાના કોઈ બીજા પ્રસંગે, યાત્રાએ જતાં કે કૂચ કરતાં, સહ-સૈનિકો તરીકે કે સહ-નાવિકો તરીકે, ઘણી વાર શાસનકર્તાઓ તેમજ તેમની પ્રજા (ડ) એક બીજાના સંબંધમાં આવશે; અને બરાબર ભયની ક્ષણ આવી પહોંચે ત્યારે તેઓ એક-મેકની ચેષ્ટા નિહાળશે—કારણ ભયને વખતે પૈસાદાર માણસો ગરીબોને ધિક્કારે એવી બીક રાખવાનું કારણ નથી—અને જેના ચહેરા પરની ચામડીનો રંગ જરા પણ ખરાબ થયો નથી, તથા જેનામાં મેદ પુષ્કળ છે તેવા કોઈ ધનવાન માણસની સાથોસાથ કોઈ સુકલકડી, સૂર્યના તાપથી કાળો પડી ગયો હોય તેવો ગરીબ માણસ લડાઈમાં ઉતરે એ ઘણું જ સંભવિત છે—અને જ્યારે એવાને તદ્દન બેબાકળો થઈ ગયેલો અને હાંફતો એ જોશે, ત્યારે—'આવાઓને લૂંટી લેવાની કોઈનામાં હિંમત હોતી નથી તેથી જ માત્ર તેઓ પૈસાદાર રહી જાય છે' એવા અનુમાન પર આવતાં એ કયાંથી અટકી શકે? અને જ્યારે તેઓ ખાનગીમાં મળશે, ત્યારે તેઓ અંદર અંદર (ઢ) એક બીજાને શું એમ નહિ કહે કે–'આપણા લડવૈયાઓમાં કંઈ દમ નથી'?

તેણે કહ્યું : હા, તેમની વાત કરવાની રીત આ પ્રકારની હોય છે તેની મને ખબર છે,

ને કોઈ રોગિષ્ટ શરીરને બહારથી એક માત્ર સ્પર્શ લાગે, ને એ જેમ માંદું પડી જાય છે, તથા કોઈ વાર કશું બાહ્ય કારણ ન હોય તો પણ (શરીરની) અંદર ભારે ધમાલ મચી રહે છે—તેવી જ રીતે રાજ્યમાં જ્યારે જ્યારે નબળાઈ આવે છે, ત્યારે ત્યારે માંદગી આવવાનો પણ સંભવ છે; અને તે પણ પ્રસંગ ઘણો જ ક્ષુદ્ર (નાનો) હોય તેમ છતાં—જેવો કે એક પક્ષ બહારથી મૂડીવાદી લોકોને અને બીજો પોતાના પ્રજાસત્તાક મિત્રોને અંદર ઘૂસાડતો હોય, અને પછી

રાજ્ય માંડું પડે અને પોતાની જ જાત સાથે વિગ્રહ કરે; જ્યારે બીજી કોઈ વાર બહારના એક પણ (૫૫૭) કારણ વિના રાજ્યમાં અત્યંત વિક્ષેપ વ્યાપી રહે.

હા અચૂક.

અને પછી ગરીબો પોતાના દુશ્મનોને જીતી લેશે એટલે પ્રજાસત્તાક રાજ્ય અસ્તિત્વમાં આવશે—અને કેટલાકેકની તેઓ કતલ કરશે, અને બીજાઓને દેશનિકાલ કરશે, જ્યારે બાકીનાને સ્વાતંત્ર્ય અને સત્તાનો સરખો હિસ્સો આપશે; અને આ પ્રકારના રાજ્યબંધારણમાં ન્યાયાધીશોને સામાન્ય રીતે ચિઠ્ઠીઓ નાંખીને ચૂંટવામાં આવે છે.

તેણે કહ્યું: હા, પ્રજાસત્તાક રાજ્યનું સ્વરૂપ એ છે, પછી રાજ્યપરિવર્તન શસ્ત્રની મદદ વડે કરવામાં આવ્યું હોય, અથવા બીકને લીધે સામેના પક્ષને નમતું આપવાની ફરજ પડી હોય.

અને હવે એમના જીવનની રહેણીકરણી કેવી હશે, તથા એમનું (ब) રાજ્યબંધારણ કયા પ્રકારનું હશે? કારણ જેવું રાજ્યબંધારણ હશે, તેવો જ તેમાં વસતો માણસ હશે.

તેણે કહ્યું: એ સ્પષ્ટ છે.

સૌથી પહેલાં તો શું તેઓ સ્વતંત્ર નથી; અને શહેર શું સ્પષ્ટવાદીપણાથી તથા સ્વાતંત્ર્યથી ઊભરાઈ જતું નથી—ગમે તે માણસ પોતાને ફાવે તેમ બોલી શકે અને કરી શકે, ખરું ને?

તેણે જવાબ આપ્યો: એમ કહેવાય છે ખરું.

અને જ્યાં સ્વતંત્રતા હોય, ત્યાં વ્યક્તિ પોતાની મરજીમાં આવે તેમ પોતાના જીવનની રહેણીકરણી નક્કી કરે છે એ દેખીતું છે.

એ દેખીતું છે.

(क) તો આ રાજ્યમાં મનુષ્યસ્વભાવમાં રહેલી ભિન્નતા સૌથી વધારે પ્રમાણમાં દેખાશે.

હા.

ત્યારે જાત જાતનાં ફૂલોનાં ચિતરામણ કાઢ્યાં હોય તેવા ભરત ભરેલા ઝભ્ભાની જેમ, આ રાજ્ય સૌથી વધારે સુન્દર હોવાનો સંભવ દેખાય છે. અને જેમ સ્ત્રીઓ તથા બાળકોને બીજી બધી વસ્તુઓ કરતાં જાત જાતના રંગો બહુ જ મનોહર દેખાય છે, તેવી જ રીતે અનેક જાતની રીતભાતોથી તથા જાત જાતનાં માણસોથી ચિત્રવિચિત્ર થયેલું આ રાજ્ય જાણે બધાં રાજ્યો કરતાં સૌથી સુન્દર છે એમ ઘણાયે માણસોને લાગશે.

હા.

(ડ) હા, મારા મહેરબાન સાહેબ. તથા બંધારણની શોધ કરવી હોય, તો આના કરતાં બીજું કોઈ રાજ્ય વધારે સારું નથી.

એમ કેમ?

કારણ ત્યાં સ્વાતંત્ર્ય રાજ્ય કરતું હોય છે તેથી—જાત જાતનાં તમામ પ્રકારનાં રાજ્યબંધારણો એમાં હોય છે; અને આપણે કરી રહ્યા છીએ તેમ જો કોઈને રાજ્ય સ્થાપન કરવાનું મન થઈ આવે, તો જે બન્દરમાં તેઓ બંધારણો વેચતા હોય તેવી હરકોઈ બન્દરમાં એ જેમ જાય, તેમ તેણે પ્રજાસત્તાક રાજ્યમાં જવું જોઈએ, અને (ત્યાં જઈ) પોતાને ફાવે તેવું બંધારણ એ શોધી શકશે; પછી પોતાની પસંદગી કરી રહ્યા બાદ એ પોતાના રાજ્યનો પાયો ભલે નાંખે.*

(ઇ) એને જરૂર જોઈતા નમૂનાઓ અચૂક મળી રહેશે.

મેં કહ્યું: અને તમારામાં શક્તિ હોય, તો પણ આ રાજ્યમાં તમારે શાસન કરવું જ જોઈએ અથવા હરકોઈ બીજાના શાસન નીચે તમારે રહેવું જોઈએ એવી કોઈ આવશ્યકતા નથી, સિવાય કે તમને એ ગમતું હોય; અથવા બીજાઓ લડાઈ કરવા જાય, ત્યારે તમારે પણ લડાઈ કરવા જવું કે બીજાઓ સુલેહશાંતિમાં હોય, ત્યારે તમારે

* ઇચ્છાઓમાં તથા કામના તત્ત્વમાં જેટલું બહુત્વ છે એટલું બહુત્વ પ્રજાસત્તાક રાજ્યમાં હોય છે. 'લૉઝ' નામના સંવાદમાં પ્લેટોએ આ જ બાબતનું પ્રતિપાદન કર્યું છે.

પણ સુલેહશાંતિ જાળવવી જોઈએ એવી આવશ્યકતા પણ નથી, સિવાય કે તમારું મન એમ કહેતું હોય;—કોઈ કાયદા અનુસાર તમે હોદ્દા લઈ શકો એમ ન હોય, અથવા તમે જ્યૂરીમાં બેસી શકો એમ ન હો, ને તમારા મનમાં ઉભળકો થઈ આવે તો તમારે હોદ્દો ન લેવો કે જ્યૂરીમાં ન બેસવું એવી પણ આવશ્યકતા નથી,—આ પ્રકારની જીંદગી (૫૫૮) એક ક્ષણભર શું અત્યંત ઉલ્લાસમય નથી લાગતી?

એક ક્ષણભર ખરી.

અને જેઓને સખત શિક્ષા થઈ ચૂકી છે તેવાઓ પ્રત્યેનો એમનો પ્રેમ કોઈ કોઈ સંજોગોમાં શું અત્યંત મનોહર નથી લાગતો? પ્રજાસત્તાક રાજ્યમાં જેમને દેહાંતદંડની અથવા દેશનિકાલની સજા ફરમાવવામાં આવી હોય તેવા ઘણાએ માણસો જ્યાં રહેતા હોય ત્યાં ને ત્યાં જ રહે છે, તથા દુનિયામાં આમતેમ કેવા ફર્યા કરે છે એ શું તમે નથી જોયું—વીર પુરુષની જેમ એ સદ્‌ગૃહસ્થ આડંબરથી હરે ફરે છે, અને કોઈ જોતું નથી, કે કોઈને દરકાર હોતી નથી!

તેણે જવાબ આપ્યોઃ હા, ઘણાય અને એવા ઘણાયે હોય છે.

(બ) મેં કહ્યુંઃ વળી પ્રજાસત્તાક રાજ્યમાં રહેલો ક્ષમાનો ગુણ, અને નજીવી બાબતો પ્રત્યેની 'એની-શી-ચિંતા-કરવી' એ પ્રકારની મનોદશા તથા—(આપણા રાજ્યમાં) પોતાના નાનપણથી જેને સુંદર વસ્તુઓ સાથે રમવાની તેમ જ તેનો અભ્યાસ કરવાની તથા તેમાંથી આનંદ મેળવવાની ટેવ પડી હોય એવા જ લોકો સારા થઈ શકશે, સિવાય કે કોઈ વિરલ ગુણસંપન્ન સ્વભાવ હોય—એમ પ્રતિપાદન કરીને, રાજ્યનો પાયો નાંખતાં જ આપણે જે તમામ સારા સિદ્ધાન્તોની ગંભીરતાપૂર્વક સ્થાપના કરી હતી તે તમામ સિદ્ધાન્તોની અવગણના થતી પણ જુઓ—આ ઉપરાંત લોકો (સારા) રાજનીતિજ્ઞ પુરુષો કઈ રીતે થઈ શકે તે બાબત તથા જે પ્રજાનો મિત્ર છે તેવાને માનની પદવીએ ચડાવવા બાબત કંઈ પણ વિચાર ન કરતાં, આપણા તમામ સારા સિદ્ધાન્તોને કેટલી આપવડાઈથી પોતાના પગ (ક)

તળે ચગદી નાંખે છે તે પણ જુએા તેા ખરા !

હા, પ્રજાસત્તાક રાજ્યનું દિલ ઉદાર હેાય છે !

આ અને આવી બીજી ખાસિયતેા પ્રજાસત્તાક રાજ્યની વિશિષ્ટતાએા છે; વૈચિત્ર્ય કે બહુત્વ અને અવ્યવસ્થાથી* ભરેલું, તથા સમાન તેમજ અસમાન એમ બંનેને એકસરખી રીતે અમુક પ્રકારની સમાનતા બક્ષતું રાજ્યબંધારણનું એ મનેાહર સ્વરૂપ છે !

આપણે એને ઠીક ઠીક ઓળખીએ છીએ.

મેં કહ્યું: તેા હવે એવેા માણસ કઈ જાતની વ્યક્તિ છે, એ વિશે વિચાર કરેા, અથવા એમ નહિ તેા, રાજ્યની બાબતમાં કર્યું હતું તેમ એ કેવી રીતે અસ્તિત્વમાં આવે છે એનેા ખયાલ કરેા

તેણે કહ્યું: ઘણું સારું.

એ શું આ પ્રમાણે નથી બનતું—કેાઈ લેાભી અને (ડ) મૂડીવાદી બાપનેા એ દીકરેા છે, બાપે તેને એની પેાતાની ટેવેા પ્રમાણે શિક્ષણ આપ્યું છે.

એમ જ.

અને એના બાપની જેમ, જેમાંથી પૈસા મળી રહે છે તેવાં સુખેા તે આવશ્યક પણ જેમાં પૈસા ખર્ચવા પડે એવાં અનાવશ્યક છે એમ ગણીને એને બળજબરીથી એ દાબી રાખે છે, ખરું ને ?

એ દેખીતું છે.

સ્પષ્ટતાની ખાતર, આવશ્યક સુખેા કયાં અને અનાવશ્યક સુખેા કયાં એનેા ભેદ આપણે પાડીએ તેા ઠીક પડશે, નહિ ? ×

હા.

જેમાંથી આપણે મુક્ત ન થઈ શકીએ, અને જેને સંતેાષવાથી (ઢ) આપણને ફાયદેા થાય તે, શું આવશ્યક સુખેા નથી ? અને કુદરતે

* બહુત્વ તથા અવ્યવસ્થાને પ્લેટેા પર્યાય ગણે છે. આ પિથાગેારાસની અસર છે.

× આવશ્યક તથા અનાવશ્યક ઇચ્છાઓ પર ચર્ચા.

આપણું બંધારણ એવું ઘડયું છે કે જે લાભકારક છે તથા જે આવશ્યક છે તેની આપણે ઇચ્છા કરીએ જ અને એ સિવાય આપણો છૂટકો પણ નથી—એ કારણે એને આવશ્યક સુખો કહ્યાં છે તે ખરું જ છે.

ખરું.

(૫૫૯) તો આપણે એને આવશ્યક કહીએ એમાં કંઈ ખોટું નથી?

ના.

અને યુવાવસ્થાથી માંડીને, માણસ જહેમત ઉઠાવીને જે ઇચ્છાઓમાંથી મુક્ત થઈ શકે તેમ હોય,—અને જેની હાજરીથી વળી કશો ફાયદો ન થતો હોય, અને અમુક એવી ઇચ્છાઓની બાબતમાં તો ફાયદાથી ઊલટું જ થતું હોય,—તો આ બધી અનાવશ્યક છે એમ કહીએ તે શું ખરું નથી?

હા, જરૂર.

આપણને એનો સામાન્ય ખયાલ આવે તે માટે બંને પ્રકારનો આપણે એક એક દાખલો લઈએ તો?

ઘણું સારું.

ખાવાની ઇચ્છા એટલે કે મસાલા તથા સાદા ખોરાકની ઇચ્છા જેટલે અંશે આરોગ્ય અને બળને માટે એ જરૂરી છે (ब) તેટલે અંશે આવશ્યક વર્ગની શું નહિ ગણાય?

ગણાય એમ હું માનું.

ખાવાનું સુખ એ રીતે આવશ્યક છે; એ આપણને લાભકર્તા છે તથા જીવન નિભાવવા માટે એ જરૂરી છે?

હા.

પણ જેટલે અંશે તંદુરસ્તીને લાભકારક હોય એટલે અંશે જ માત્ર મસાલા આવશ્યક છે?

જરૂર.

અને વધારે સ્વાદિષ્ટ ખોરાકની તથા બીજી મોજશોખની જે

ઇચ્છા આને વટી જાય છે, તથા યુવાવસ્થાથી કેળવી હોય અને કાબુમાં રાખી હોય તો સામાન્ય રીતે જેમાંથી મુક્ત થઈ શકાય છે અને જે શરીરને હાનિકર્તા છે તથા વિવેક અને સદ્‌ગુણના પરિશીલનમાં જે આત્માને પણ હાનિકર્તા છે, (ક) તેને ખરેખર અનાવશ્યક ગણી શકાય ?

સાવ સાચું.

આવી ઇચ્છાઓ ખર્ચ કરાવે છે, જ્યારે પેલા બીજા પ્રકારની ઇચ્છાઓ આવશ્યક વસ્તુઓ ઉત્પન્ન કરવામાં મદદરૂપ થાય છે તેથી તેમાંથી ઉલટા પૈસા પેદા થાય છે એમ આપણે કહીએ તો ? *

જરૂર.

અને પ્રેમનાં (એટલે કે વિષયવાસનાનાં) સુખો, અને બીજાં તમામ સુખોને આ લાગુ પડે છે ખરું ને ?

ખરું.

અને જે ભમરા વિશે આપણે વાત કરતા હતા તે આ પ્રકારની ઇચ્છાઓ તથા સુખોમાં ડૂબેલો રહેતો અને અનાવશ્યક ઇચ્છાઓનો એ ગુલામ હતો, (ડ) જ્યારે જે માણસ માત્ર આવશ્યક ઇચ્છાઓને જ અધીન રહેતો તે લોભી અને મૂડીવાદી હતો ?

સાવ સાચું.

વળી મૂડીવાદી માણસમાંથી પ્રજાસત્તાવાદી કેમ ઊગી નીકળે છે તે આપણે જરા જોઈએ; મને લાગે છે કે એ રીત સામાન્યતઃ આવી હશે.

એ રીત કઈ ?

આપણે હમણાં જ વર્ણન કરતા હતા તેમ, ક્ષુદ્ર અને લોભી રીતે ઉછેરવામાં આવ્યો હોય તેવો યુવાન માણસ જ્યારે મધ ચાખે અને દરેક પ્રકારના મોજશોખ તથા જાતજાતનાં સુખ એને પૂરાં

* Productive and unproductive desires.

પાડવા શક્તિમાન હોય તેવા ક્રૂર અને ધૂર્ત સ્વભાવવાળા માણુસોના સહવાસમાં એ જ્યારે આવે—ત્યારે તમે કલ્પી (૬) શકશો કે એનામાં રહેલું મૂડીવાદી તત્ત્વ પ્રજાસત્તાવાદી તત્ત્વમાં બદલાવા માડશે ?

અવશ્ય એમ જ બને.

અને રાજ્યમાં જેમ સરખેસરખાં માણુસો એકબીજાને મદદ કરતાં હતાં તથા પુરવાસીઓના એક વિભાગને મદદ કરવા બહારથી કુમક લઈ આવીને રાજ્યપરિવર્તન કરવામાં આવ્યું હતું, તેમ યુવાન માણુસમાં રહેલી ઇચ્છાઓને બહારથી મદદ કરવા આવેલ ઇચ્છાઓના ધાડાને લીધે એનામાં પરિવર્તન થશે. અને (આ પરિવર્તનમાં) જે ઇચ્છા જેના જેવી અને જેના સમાન હશે તેવીને તે મદદ કરશે.

જરૂર.

અને એનામાં રહેલા મૂડીવાદી તત્ત્વોને મદદ કરનાર કોઈ મિત્ર-પક્ષ હશે, પછી એને સલાહ કે ઠપકો આપતી એના બાપની (૫૬૦) કે એના કોઈ સગાની એ અસર હોય કે પછી બીજી કોઈ, તો તેવે વખતે આત્મામાં એક પક્ષ અને એનો વિરોધી એમ બે પક્ષો ઊગી નીકળશે, તથા પોતાની જાતની સામે એ વિગ્રહ કરશે.

એ એમ જ હોય.

અને એમાં એવો પણ વખત આવી લાગે જ્યારે પ્રજાસત્તાવાદી તત્ત્વ મૂડીવાદી તત્ત્વ આગળ નમતું આપે, અને એની કેટલીક ઇચ્છાઓ નાશ પામે, અને કેટલીએકને દેશનિકાલ કરવામાં આવે; તેવે વખતે યુવાન માણુસના આત્મામાં આદરભાવનો ગુણ આવીને વસે છે, અને પાછું બધું સુવ્યવસ્થિત થાય છે.

તેણે કહ્યું: હા, એવું કોઈ વાર બને છે ખરું.

અને પછી વળી જુની ઇચ્છાઓને હાંકી કાઢવામાં આવી હોય (બ) ત્યાર બાદ એના જ જેવી બીજી નવી ઇચ્છાઓ ઉગી નીકળે છે

અને પોતે એનો પિતા છે પણ એને કેવી રીતે શિક્ષણ આપવું તેનું એને જ્ઞાન નથી એ કારણે એની સંખ્યા વધતી જાય છે, અને એ ઉગ્ર થતી જાય છે.

તેણે કહ્યું: હા, એમ થાય એવો સંભવ છે ખરો.

એ તેને એના જૂના મળતિયાઓ તરફ ખેંચી લઈ જાય છે અને તેમની સાથે ખાનગી મસલત ચલાવીને એ ઇચ્છાઓનો વંશ વધે છે.

સાવ સાચું.

જે માણસો દેવોને પ્રિય હોય છે, તેમના મનમાં જે બધા ગુણો, અભ્યાસના સારા વિષયો, અને સાચા શબ્દો વસતા હોય છે, અને જે એના સૌથી શ્રેષ્ઠ પાલકો તથા ચોકીદારો તરીકે રક્ષણ કરતા હોય છે, એ તમામથી એ યુવાન માણસ વંચિત છે એમ જ્યારે તે જુએ છે, ત્યારે છેવટે એના આત્માનો કિલ્લો તેઓ સર કરે છે.

(ક) તમે કહ્યા એ સિવાય (આત્માના) કોઈ બીજા વધારે સારા પાલકો ન જ હોઈ શકે.

ખોટાં, બડાઈખોર જુઠ્ઠાણાંઓ અને વચનોની કિંમત ખોટી આંકાય છે અને તે એમની જગ્યા લે છે.

એ જરૂર એની જગ્યા લઈ લે છે.

અને આ રીતે એ યુવાન માણસ સુખાનુરાગી લોકોના દેશમાં જઈ વસે છે, અને બધા લોકોના દેખતાં છતાં ત્યાં પોતાનું રહેઠાણ પસંદ કરે છે; અને એના મૂડીવાદી અંશને મદદ કરવા એના મિત્રો કોઈને મોકલી આપે તો ઉપર કહ્યાં તેવાં ખોટાં જુઠ્ઠાણાંઓ રાજાના કિલ્લેબંધી દુર્ગના દરવાજાઓ બંધ કરી દે છે; અને તેઓ વિષ્ટિ કરવા આવેલા દૂતોને અંદર પેસવા નહિ દે, તેમજ વૃદ્ધને શોભે એવી પિતાતુલ્ય શિખામણ કોઈ ખાનગી સલાહકારો આપે તો તેવી શિખામણને મળવા કે સાંભળવા (ડ) દેવામાં નહિ આવે. પછી સંગ્રામ જાગશે અને તેઓ જીતી જશે, અને ત્યાર બાદ વિનય જેને તેઓ

મૂર્ખતા કહે છે* તેને તેઓ અપમાનભરેલી રીતે દેશવટામાં ધકેલી દે છે, તથા મિતાહારિત્વ જેને તેઓ મફકરીમાં બાયલાપણું કહે છે, તેને કાદવમાં છૂંદી મારે છે અને ફેંકી દે છે; જાણે વ્યવસ્થિત ખર્ચ કરવાની બુદ્ધિ અને સંયમ એક પ્રકારની ક્ષુદ્રતા અને હલકાઈ હોય એમ તેઓ માણસોને ફોસલાવીને સમજાવે છે, અને એ રીતે દુષ્ટ ઇચ્છાઓના બંડખોર ટોળાંની મદદથી, તેઓ એ સદ્‌ગુણોને હદની બહાર કાઢી મૂકે છે.

હા, જાણી જોઈને.

અને જે હવે એમની સત્તા નીચે આવી ગયો છે, અને જેને (૬) તેઓ કોઈ નિગૂઢ રહસ્યોની દીક્ષા આપે છે, તેવાના આત્માને વાળી ઝૂડી તદ્દન ઠાલી કરી નાંખ્યા બાદ બીજું કામ તેઓ એ કરશે કે ઉદ્ધતાઈ અને અરાજકતા અને ખોટા વ્યય તથા ધૃષ્ટતાને—એમ દરેક-(દુર્ગુણ) ના માથા પર ફૂલની માળા પહેરાવીને સુશોભિત પંક્તિમાં ગોઠવીને તથા એ બધાને મધુર નામોથી સંબોધતા તથા એમની પ્રશંસાનાં ગીત ગાતા મોટા સાજનની સાથે તેઓ (એના આત્મામાં) (૫૬૧) પાછાં રોપશેઃ ઉદ્ધતાઈને સારા ઉછેરનું અને અરાજકતાને સ્વાતંત્ર્યનું,* ખોટા વ્યયને ઐશ્વર્યનું તથા ધૃષ્ટતાને તેઓ શૌર્યનું નામ આપશે અને આ રીતે જરૂરિયાતોની બાબતમાં એનો જે મૂળ સ્વભાવ ઘડાયો હતો તેમાંથી એ યુવાન માણસ ચ્યુત થાય છે અને નિરુપયોગી તથા અનાવશ્યક સુખોની સ્વતંત્રતામાં તથા અરાજકતામાં આવી પડે છે.+

તેણે કહ્યું: હા, એનામાં થતું પરિવર્તન સ્પષ્ટ દેખાઈ આવે છે.

આમ બન્યા પછી, આવશ્યક સુખો ઉપર પોતાના પૈસા અને મજૂરી અને વખતનો એ જેટલો વ્યય કરતો હોય, તેટલો જ અનાવશ્યક સુખો ઉપર પણ તે બધાનો વ્યય કરતો કરતો એ જીવ્યા કરે છે; પણ જો એ નસીબદાર હોય, અને એની બુદ્ધિ બહુ ગૂમ ન થઈ

* ભર્તૃહરિનો આ જ અર્થનો એક શ્લોક સરખાવવા લાયક છે.

+ The Plural man

હોય તો વર્ષો વીત્યા બાદ, (ચ) જુવાનીનો જુવાળ ઉતરી ગયો હોય ત્યારે—ધારો કે જે સદ્‌ગુણોને દેશનિકાલ કરવામાં આવ્યા છે એમાંના કેટલાકને એ ફરી (પોતાના આત્માના) નગરરાજ્યમાં દાખલ કરે છે, અને એ (સદ્‌ગુણો)ની પાછળ આવેલા દુર્ગુણોને પોતાની જાત સર્વાંશે સુપ્રત કરી દેતો નથી—એવા સંજોગોમાં પોતાનાં સુખોને એ સમતોલ કરે છે અને જે કોઈ અંશ પહેલો આવે અને એ રીતે એનો વારો આવ્યે જતી જાય એવાના હાથમાં પોતાના રાજ્યની લગામ આપીને એ અમુક પ્રકારનાં સમતોલપણામાં જીવન ગુજારે છે; અને જ્યારે એ આવા કોઈ અંશ (ના રાજ્ય)થી ધરાઈ જાય, ત્યારે રાજ્યની લગામ બીજાને સોંપે છે. એ તેમાંના કોઈ પણ અંશને ધિક્કારતો નથી પણ દરેકને એક સરખી રીતે પ્રોત્સાહન આપે છે.

તેણે કહ્યું: સાવ સાચું.

તેમજ સાચી સલાહના એક પણ શબ્દને પોતાના દુર્ગની અંદર પેસવા દેતો નથી કે એને પોતે મળતો પણ નથી; એને જો કોઈ એમ કહે કે (ક) અમુક સુખો સારી અને ઉમદા ઇચ્છાઓને અને બીજાં દુષ્ટ ઇચ્છાઓને સંતોષવાથી મળે છે તથા કેટલીક ઇચ્છાઓને તેણે માન આપવું જોઈએ અને એનો ઉપયોગ કરવો જોઈએ અને બીજીને એણે શિક્ષા કરવી જોઈએ ને કાબુમાં રાખવી જોઈએ—આમ જ્યારે એને ફરી ફરીને કહેવામાં આવે છે, ત્યારે એ પોતાનું માથું ધૂણાવે છે અને કહે છે કે તેઓ બધી એકસરખી છે અને એકના જેટલી જ બીજી સારી છે.

તેણે કહ્યું: હા, એની રીત એ છે ખરી.

મેં કહ્યું: હા, ક્ષણે ક્ષણે જાગ્રત થતી ઇચ્છાઓને સંતોષવામાં દિવસોદિવસ એનું જીવન વ્યતિત થાય છે; અને એ કોઈ વાર હારમોનિયમના સંગીત તથા દારુના બોળામાં પડ્યો હોય છે; ત્યાર બાદ વળી એ માત્ર પાણી પીએ છે અને પાતળા થવાનો પ્રયત્ન કરે છે; પછી વળી વ્યાયામ તરફ વળે છે; કોઈ વાર (છ) આળસમાં વખત કાઢતો અને

દરેક બાબત પ્રત્યે બેદરકાર થતો, પછી ફરી પાછો એ ફ્રિલસૂફનું જીવન ગાળે છે; ઘણી વાર તો રાજ્યપ્રકરણી વ્યવસાયમાં મશગુલ થઈ જાય છે, અને પગ પર ઊભો થઈ જઈ એના મગજમાં જે કંઈ આવે તે પ્રમાણે બોલે છે અને આચરે છે; અને કોઈ યોદ્ધાની સ્પર્ધા કરવાનું મન થાય તો એ દિશામાં દોટ મૂકે છે, તથા વેપારમાં પડેલા માણસોની સ્પર્ધા કરવાનું મન થાય તો વળી પાછું તેમાં ઝંપલાવે છે. એના જીવનમાં કશો નિયમ કે વ્યવસ્થા હોતાં નથી; અને આવા વિક્ષિપ્ત અસ્તિત્વને એ સુખ, આનંદ અને સ્વાતંત્ર્યનું નામ આપે છેઃ અને આ રીતે એ જીવે છે.*

(ઇ) તેણે જવાબ આપ્યોઃ હા, એનામાં બધે સ્વાતંત્ર્ય અને સમાનતા જ છે.

મેં કહ્યુંઃ હા, એનું જીવન ચિત્રવિચિત્ર તથા નાનાવિધ છે, તથા એમાં ઘણાંયે જીવનનો સંગ્રહ થયેલો હોય છે—જે રાજ્યને આપણે રમ્ય અને ચિત્રવિચિત્ર વર્ણવ્યું હતું તેના જેવો જ એ છે. અને કેટલાંયે સ્ત્રી પુરુષો એને પોતાના આદર્શ તરીકે સ્વીકારશે, અને એનામાં કેટલાંયે બંધારણો (સ્વભાવો) તથા (ભિન્ન ભિન્ન) રીતભાતોના દાખલાઓ મળી આવશે.

બરાબર એમ જ.

(૫૬૨) ત્યારે પ્રજાસત્તાક રાજ્યની બરાબર સામે આપણે એને મૂકીશું; આપણે એને ખરેખરા અર્થમાં પ્રજાસત્તાવાદી માણસ કહી શકીશું.

તેણે કહ્યુંઃ એ જગ્યાએ એ ભલે રહ્યો.

સૌથી છેલ્લે વ્યક્તિ તથા રાજ્ય એમ બંને એક બીજાને અનુરૂપ એવાં સર્વથી સુન્દરતમ જુલમી રાજ્ય અને જુલમગાર આવે છે. આપણે હવે આનો વિચાર કરવાનો છે.×

---

* પ્રજાસત્તાક રાજ્યમાંનો સમાનતાનો સિદ્ધાન્ત વ્યક્તિગત જીવનમાં નૈતિક ધોરણનો નાશ કરે છે.

તેણે કહ્યુઃ તદ્દન ખરું.

ત્યારે મારા મિત્ર કહેા જોઉં—જુલમી રાજ્ય કઈ રીતે ઉત્પન્ન થાય છે?–પ્રજાસત્તાવાદના મૂળમાંથી એ નીકળે છે એટલું તેા સ્પષ્ટ છે.

એ સ્પષ્ટ છે.

અને મૂડીવાદી રાજ્યમાંથી જે રીતે પ્રજાસત્તાક રાજ્ય નીકળી આવે છે (ब) એવી જ રીતે શું પ્રજાસત્તાક રાજ્યમાંથી જુલમી રાજ્ય નથી નીકળી આવતું—એટલે કે લગભગ એવી રીતે?

કેવી રીતે?

ધનનેા અતિરેક—એ મૂડીવાદી રાજ્યે ઇષ્ટ તરીકે સ્વીકાર્યું હતું અને એને લીધે એ ટકી રહેતું હતું—હું ખરું કહું છું ને?

હા.

અને ધનની અતિલુબ્ધ ઇચ્છા તથા પૈસા મેળવવાની ખાતર બીજી બધી વસ્તુઓ પ્રત્યેની બેદરકારી જ વળી મૂડીવાદી રાજ્યના નાશનું કારણ હતું?

ખરું.

અને પ્રજાસત્તાક રાજ્યને પણ પેાતાનું વિશિષ્ટ ઇષ્ટ છે, જેની અતેાપણીય ઇચ્છાને લીધે એનેા ઉચ્છેદ થાય છે?

એ ઇષ્ટ કયું?

મેં જવાબ આપ્યેાઃ જે સ્વાતંત્ર્ય, પ્રજાસત્તાક રાજ્યમાં તેઓ તમને જણાવે છે તે પ્રમાણે, (क) રાજ્યની કીર્તિપ્રદ વિશિષ્ટતા છે! અને આને જ લઈને કુદરતી* અવસ્થામાં જેવેા સ્વતંત્ર માણસ મળી આવે તેવેા સ્વતંત્ર માણસ માત્ર પ્રજાસત્તાક રાજ્યમાં જ વસવાનેા અનુગ્રહ કરશે.

હા, દરેકના મેાંમાંથી આ ઉક્તિ સાંભળીએ છીએ.

હું એમ કહેવા જતેા હતેા કે બીજી વસ્તુઓ પ્રત્યેની બેદરકારી

× કુદરતી અવસ્થા એટલે જંગલી અવસ્થા : જુઓ ઉપર કુદરત અને સ્વભાવ માટે પૃ. ૧૭૫-ક : ૪૧૫-अ ब, તથા ફૂટનેાટ અને પૃ. ૨૦૦ ઉપરની ફુટનેાટ.

અને આ (એકલાની) ઉદ્દામ ઇચ્છાને લઈને પ્રજાસત્તાક રાજ્યમાં એવો ફેરફાર થવા પામે છે કે એમાંથી જુલમી રાજ્યની આવશ્યકતા ઊભી થાય છે.

એમ કઈ રીતે ?

સ્વાતંત્ર્યની ઝંખનાવાળાં પ્રજાસત્તાક રાજ્યમાં ભરેલી પ્યાલીઓ હાથમાં રાખી ઉત્સવના દુષ્ટ અધિષ્ઠાતા (ડ) તરીકે ફરતા હશે, અને તેમણે સ્વાતંત્ર્યનો ઉગ્ર દારુ ખૂબ ખૂબ પીધો હશે, ત્યારે તે પોતાના શાસનકર્તાઓનો હિસાબ માગશે અને તેઓ શાપગ્રસ્ત મૂડીવાદીઓ છે એમ કહીને એમને શિક્ષા કરશે, સિવાય કે પછી એના શાસનકર્તાઓ અત્યંત અનુકૂળ બની રહે અને (સ્વાતંત્ર્યનું) તેઓને ઘણું બધું પાન કરાવે !

તેણે જવાબ આપ્યોઃ હા, આ બનાવ ઘણો સામાન્ય છે.

મેં કહ્યુંઃ હા, અને પ્રજાસત્તાક રાજ્યના ગુલામો નિમકહલાલ પુરવાસીઓને વિસાત વગરના માણસોનાં તથા પોતાની બેડીઓને ચાહનારાનાં ઉપનામ આપે છે; શાસનકર્તાઓ જેવી પ્રજા હોય અને પ્રજાના જેવા શાસનકર્તાઓ હોય, તો એમને ગમેઃ આવા માણસોમાં એના હૃદયનું પ્રતિબિંબ પડે છે, અને જાહેરમાં તથા ખાનગીમાં એ તેમને માન આપે છે તથા એમની પ્રશંસા કરે છે. હવે આવા (ઢ) રાજ્યમાં સ્વતંત્રતાની કંઈ હદ હોઈ શકે ખરી ?

અવશ્ય નહિ જ.

ધીમે ધીમે અરાજકતા ખાનગી ઘરોમાં પેસે છે અને છેવટે પશુઓમાં પણ પોતાનો પગપેસારો કરે છે અને એને પોતાનો ચેપ લગાડે છે.

એટલે કેવી રીતે ?

મારો કહેવાનો અર્થ એ છે કે બાપને છોકરાઓની પાયરીએ ઉતરવાની અને એમનાથી બીવાની ટેવ પડી જાય છે અને બાપ અને છોકરો સમાન કક્ષાના થઈ રહે છે, કારણ એને પોતાનાં

માબાપમાંથી કોઈના પ્રત્યે કશાં માન કે આદરભાવ રહેતાં નથી; અને આ તે એની સ્વતંત્રતા છે; અને ગુલામ પુરવાસીના સમાન છે અને (૫૬૩) પુરવાસી ગુલામની બરાબર છે, અને કોઈ પરદેશી એમાંથી ગમે તેના સમાન ગણાય છે.

તેણે કહ્યું: હા, એ (એમની) રીત છે.

મેં કહ્યું: અને અનિષ્ટો આટલેથી જ માત્ર અટકતાં નથી— આનાથી નાનાં બીજાં કેટલાંયે છે: સમાજની એવી પરિસ્થિતિમાં ગુરુ શિષ્યોથી બીએ છે, તથા એમની ખુશામત કરે છે, અને શિષ્યો પોતાના ગુરુ તેમ જ શિક્ષકોને ધિક્કારે છે; નાનાં મોટાં સર્વે સરખાં છે, અને યુવાન માણસ તથા વૃદ્ધ સમાન કક્ષાના ગણાય છે, અને યુવાન વૃદ્ધની સાથે બોલવામાં તથા ચાલવામાં હરીફાઈ કરવા તૈયાર થઈ જાય છે; અને વૃદ્ધ માણસો યુવાનો પ્રત્યે નમ્રતાથી વર્તે છે, તથા તેઓ આનંદ અને ઠઠ્ઠા મશ્કરીથી ભરેલા હોય છે, કડક અને અધિકારવાળા ગણાવાનું એમને ગમતું નથી, (ક્ષ) અને તેથી તેઓ યુવાન માણસોની રીતભાતનો અંગીકાર કરે છે.

તેણે કહ્યું: તદ્દન ખરું.

જ્યારે પૈસાથી ખરીદવામાં આવેલો ગુલામ, પછી એ સ્ત્રી હોય કે પુરુષ હોય, પણ એના ખરીદનારના જેટલો જ સ્વતંત્ર થઈ રહે છે, ત્યારે સાર્વજનિક સ્વતંત્રતાની છેવટની પરાકાષ્ઠા આવે છે; આની સાથે સાથે સ્ત્રી-પુરુષની એકબીજાના અંગેની સ્વતંત્રતા તથા સમાનતા વિશે કહેવાનું મારે ભૂલવું ન જોઈએ.

(ક્ષ) ઇરકાયલસ કહે છે તેમ હોઠે આવેલા શબ્દો શા માટે બોલી ન નાંખવા?

મેં જવાબ આપ્યો: હું એ જ કરું છું; અને મારે વધારામાં કહેવું જોઈએ કે મનુષ્યના શાસન નીચે રહેલાં પ્રાણીઓને બીજા કોઈ રાજ્યના કરતાં પ્રજાસત્તાક રાજ્યમાં કેટલી મોટી સ્વતંત્રતા હોય છે એ જે જાણતો ન હોય, તે માની પણ ન શકે; કારણ કહેવતમાં

કહ્યું છે તે પ્રમાણે ખરેખર એમની રખાતો અને કૂતરીઓ વચ્ચે કશો ફરક રહેતો નથી, અને સ્વતંત્ર પુરવાસીઓના હક તથા મહિમાની બરોબરી કરતા હોય તેમ ઘોડાંગધેડાં કૂચ કરતાં હરેફરે છે, અને એમને માટે રસ્તો મોકળો મૂકીને જો કોઈ ચાલે નહિ, તો જે કોઈ હડફટમાં આવે તેની સામે તેઓ દોટ મૂકે છે; અને બધી વસ્તુઓ (ડ) આ રીતે સ્વતંત્રતાથી ફાટુંફાટું થઈ રહે છે.

તેણે કહ્યું: હું જ્યારે ગામ બહાર ફરવા જાઉં છું, ત્યારે તમે જેનું વર્ણન કરો છો એનો મને ઘણી વાર અનુભવ થાય છે. તમને અને મને એક જ જાતનું સ્વપ્ન આવ્યું છે.

મેં કહ્યું: અને આ ઉપરાંત, આ બધાના પરિણામરૂપે પુરવાસીઓનાં મન કેટલાં આળાં થઈ જાય છે એ જુઓ: અધિકારનો જરા જેટલો પણ સ્પર્શ થાય તો તેઓ અધીરાઈથી આકળા થઈ જાય છે, અને તમે તો જાણો છો કે છેવટે તેઓ લખેલા કે નહિ લખેલા કાયદાઓ પ્રત્યે બેદરકાર બની જાય છે; એમના માથા (ઢ) પર કોઈને પણ તેઓ સાંખી શકતા નથી.

તેણે કહ્યું: હા, હું એ સારી પેઠે જાણું છું.

મેં કહ્યું: મારા મિત્ર, આવી સુન્દર અને યશસ્વી શરૂઆતમાંથી જુલમી રાજ્ય ઉત્પન્ન થાય છે.

તેણે કહ્યું: ખરેખર યશસ્વી!

પણ પછી?

જે રીતે મૂડીવાદી રાજ્યનો નાશ થાય છે, તેવી જ રીતે પ્રજાસત્તાક રાજ્યનો પણ નાશ થાય છે: સ્વતંત્રતાથી વિકરેલો અને ઉત્કટ બનેલો એનો એ રોગ પ્રજાસત્તાક રાજ્યને અભિભૂત કરી નાંખે છે—(આ બધાં પરિવર્તનોમાં રહેલું) સત્ય (૫૬૪) એ છે કે ગમે તે વસ્તુની વધારા પડતી અતિશયતા એની વિરોધી દિશાના પ્રત્યાઘાતનું કારણ બને છે; અને ઋતુઓમાં, વનસ્પતિ અને પ્રાણીઓના જીવનમાં જ નહિ, પણ બધા ઉપરાંત રાજ્યબંધારણના પ્રકારોમાં

પણ આમ બને છે.*

ખરું.

શું રાજ્યોમાં કે પછી શું વ્યક્તિઓના જીવનમાં, સ્વતંત્રતાની અતિશયતા ગુલામીની અતિશયતામાં જ પરિણમતી દેખાય છે.

હા, એ નૈસર્ગિક ક્રમ છે.

અને આ રીતે પ્રજાસત્તાક રાજ્યમાંથી સ્વાભાવિક રીતે જ જુલમી રાજ્ય, અને સ્વતંત્રતાના સૌથી અંતિમ પ્રકારમાંથી ભારેમાં-ભારે ઉત્કટ પ્રકારનાં જુલમ અને ગુલામી ઉત્પન્ન થાય છે.

આપણી ધારણા અનુસાર.

પરંતુ હું માનું છું કે તમારો પ્રશ્ન આ ન હતો—એ અંધાધૂંધી તે કઈ છે કે જે મૂડીવાદી રાજ્ય તથા પ્રજાસત્તાક (ત્ર) રાજ્યમાં ઉત્પન્ન થાય છે અને બંનેનો નાશ કરે છે—એ જાણવાની તમારી ઇચ્છા હતી, ખરું ને?

તેણે જવાબ આપ્યો; બરાબર એ જ.

મેં કહ્યું: વારુ, હું આળસુ ઉડાઉ લોકોના વર્ગનો ઉલ્લેખ કરવા માગતો હતો, જેમાંના વધારે શુરવીર હોય તે નેતાઓ થાય છે અને વધારે બીકણ અનુયાયીઓ થાય છે—એ જ જેમને આપણે કેટલાએક ડંખ-વાળા અને બીજા ડંખ વગરના ભમરાઓની સાથે સરખાવતા હતા.

બહુ યોગ્ય સરખામણી.

શરીરમાં કફ અને પિત્ત હોય છે એના જેવા આ બે વર્ગ જે કોઈ નગરરાજ્યમાં પેદા થાય છે તેને મરકીરૂપ થઈ પડે છે. (ક)

---

* આ સિદ્ધાન્ત રાજ્યબંધારણોના વિશિષ્ટ સ્વરૂપને લાગુ પાડવાનો છે, સામાન્ય સ્વરૂપને નહિ, કારણ નહિ તો આદર્શ નગર રાજ્યમાંથી એકદમ જ જુલમી રાજ્ય ઉત્પન્ન થાય.

લગભગ સામ્યવાદનો સિદ્ધાન્ત કે હરકોઈ પક્ષ (Thesis) માંથી એનો પ્રતિપક્ષ (Antithesis) નો ઉદ્ભવ થાય છે, જ્યારે કે પ્લેટોમાં ઉચ્ચતર સમન્વય (Synthesis) ની પ્રક્રિયા આવતી નથી.

અને મધમાખીઓના ડાહ્યા પાલકની જેમ રાજ્યના સારા વૈદ્ય અને કાયદા ઘડનારે એમને દૂર રાખવા જોઈએ અને શક્ય હોય તો એમને કદી અંદર દાખલ કરવા ન જોઈએ. અને ગમે તે રીતે જો તેઓ એક વાર અંદર દાખલ થયા હોય તો, જેમ બને તેમ જલદીથી એમને તથા એમના રહેઠાણની કોટડીઓને* (મુખ્ય નગર) અથવા મધપૂડામાંથી) અલગ કરી નાખવી જોઈએ.

તેણે કહ્યું: હા, હરેક ઉપાયે.

ત્યારે આપણે શું કરીએ છીએ તે સ્પષ્ટ રીતે જોઈ શકીએ તે ખાતર, પ્રજાસત્તાક રાજ્યને ત્રણ વર્ગમાં (ડ) વહેંચાયેલું કલ્પીશું અને એ ખરેખર છે પણ એમ જ; કારણ મૂડીવાદી રાજ્યમાં હોય છે એના કરતાં પ્રજાસત્તાક રાજ્યમાં સ્વતંત્રતાને લીધે સૌથી પહેલાં ભમરા ઊલટા વધારે પેદા થાય છે.

એ ખરું છે.

અને પ્રજાસત્તાક રાજ્યમાં અવશ્ય એ વધારે ઉગ્ર બને છે. એમ કેમ?

કારણ મૂડીવાદી રાજ્યમાં એમનો અધિકાર લઈ લેવામાં આવે છે તથા એમને હોદ્દામાંથી હાંકી કાઢવામાં આવે છે, અને તેથી એમને (જરૂરી) શિક્ષણ મળતું નથી કે તેઓનું બળ વધતું નથી; જ્યારે પ્રજાસત્તાક રાજ્યમાં તો રાજ્યની સમસ્ત સત્તામાં લગભગ તેઓ જ ઘૂસેલા હોય છે. અને એમાંના જેઓ વધારે ઉગ્ર હોય છે તેઓ વધારે ઓલે છે અને બધું કરે છે, ત્યારે બાકીના ભમરા ભાષણો કરવાના જાહેર સ્થળોની આજુબાજુ ગણગણાટ કર્યા કરે છે અને વિરોધી પક્ષની તરફેણમાં (ઇ) એક શબ્દ સરખો પણ ઉચ્ચારાવા દેતા નથી; આથી પ્રજાસત્તાક રાજ્યમાં ભમરાઓ જ લગભગ બધો કારભાર કરે છે.

તેણે કહ્યું: સાવ સાચું.

* અંગ્રેજીમાં Cell છે Cells એટલે ઓરડીઓ તેમજ મધપૂડાના ખાનાં.

પછી સામાન્ય સમૂહની સાથે જેને કદી કશો સંબંધ હોતો નથી એવો એક બીજો વર્ગ પણ હોય છે.

એ કયો ?

વણિક લોકોની પ્રજામાં જે અવશ્ય સૌથી વધારે ધનવાન તથા સુવ્યવસ્થાવાળો હોય છે તે વર્ગ.

સ્વાભાવિક રીતે એ એવો હોય.

સૌથી વધારે નીચોવી શકાય એવા એ લોકો હોય છે. અને ભમરાઓને એમાંથી સૌથી વધારે પ્રમાણમાં મધ મળી રહે છે.

તેણે કહ્યું: કેમ હાસ્તો, જેમની પાસે થોડું હોય એમને નીચોવ્યાથી પણ થોડું જ મળે ને !

અને આને ધનવાન વર્ગ કહેવામાં આવે છે, અને ભમરાઓ તેમના પર નિભાવ કરે છે.

(૫૬૫) તેણે કહ્યું: એ લગભગ એમ જ બને છે.

ત્રીજો વર્ગ પોતાના હાથે મજૂરી કરીને રહેતા લોકોનો છે; એ કંઈ રાજનીતિજ્ઞ પુરુષો નથી, અને પોતાનો નિભાવ થઈ શકે એવી કંઈ બહુ મૂડી પણ એમની પાસે હોતી નથી. એકત્ર થાય ત્યારે સંખ્યાની દૃષ્ટિએ આ વર્ગ સૌથી મોટો છે, તથા પ્રજાસત્તાક રાજ્યમાં એ વર્ગ પાસે સૌથી વધારે સત્તા હોય છે.

તેણે કહ્યું: ખરું, પણ વળી એ ટોળું ભાગ્યે જ એકઠું મળે છે,* સિવાય કે એમને થોડા પૈસા મળે એમ હોય.

મેં કહ્યું: અને તે પણ શું તેઓ વહેંચી લેતા નથી ? એમના નેતાઓ ધનવાન લોકોની જાગીરો પડાવી લઈને લોકોને વહેંચી આપે છે, પરંતુ સાથે સાથે વધારે મોટો ભાગ એમના પોતા માટે રહે એટલી સંભાળ શું તેઓ નથી રાખતા ?

* In the state the mob represents tbe individual's element of 'Epithumia' or lower desires.

(બ) તેણે કહ્યું: કેમ, હારતો એટલે અંશે લોકો વહેંચી લે છે જ.

અને જે લોકોની માલમિલકત તેમની પાસેથી પડાવી લેવામાં આવે છે, તેમને બને તેટલી સારી રીતે પોતાની જાતનું રક્ષણ કરવાની ફરજ પડે છે ખરું ને?

એ સિવાય બીજું શું કરી શકે?

અને પછી એમને જોઈ કે રાજ્ય ઊથલપાથલ કરવાની કશી ઇચ્છા હોતી નથી, તો પણ બીજાઓ તેમના ઉપર મૂડીવાદી રાજ્યના મિત્રો હોવાનો તથા લોકો સામે કાવત્રાં કરવાનો આરોપ મૂકે છે.

ખરું.

અને અંતે એમ બને છે કે એમની પોતાની ઇચ્છાથી નહિ, પણ અજ્ઞાનને લીધે તથા ખોટા બાતમીદારો એમને છેતરતા હોય છે એ કારણે (ક) લોકો પોતાને હેરાન કરવા માગે છે એમ જ્યારે તેઓ જુએ છે, ત્યારે છેવટે એમને ખરેખરા મૂડીવાદી થવાની ફરજ પડે છે; એમની કંઈ ખાસ ઇચ્છા હોતી નથી પરંતુ ભમરાઓના ડંખથી તેઓ પીડાતા હોય છે, અને તેને લઈને એમનામાં રાજ્ય-પરિવર્તનની વૃત્તિ પેદા થાય છે.

એ ખરેખર સત્ય છે.

ત્યાર બાદ કાયદાની કોર્ટોમાં કામો ચાલે છે અને એક બીજા પરના ફેંસલાઓ આવે છે.

ખરું.

લોકો હંમેશાં (આ બધી બાબતોમાં) કોઈકને પોતાના માથે નેતા તરીકે સ્વીકારી લે છે, અને એને મોટો બનાવ્યે જ જાય છે.

હા, એમની એ રીત છે ખરી.

(ડ) જે મૂળમાંથી જુલમગાર ઉત્પન્ન થાય છે તે આ જ અને બીજું કોઈ નહિ; જ્યારે એ જમીનની બહાર ફૂટેલો દેખાય છે ત્યારે પહેલવહેલાં તો એ પાલક તરીકે દેખા દે છે.

હા, એ તદ્દન સ્પષ્ટ છે.

પછી પાલક જુલમગાર કેવી રીતે થવા માંડે છે? લાયસિયન ઝ્યુસના આર્કેડિયામાં આવેલા મંદિરની વાતમાં આવતા માણસની જેમ એ જ્યારે કરે ત્યારે એમ બનવા પામે એ સ્પષ્ટ છે.

કઈ વાત?

વાત એવી છે કે બીજા બલિનાં આંતરડાંઓ સાથે ભેળાઈ ગયેલા એક પણ નરબલિનાં આંતરડાઓના ટુકડાઓનો જે કોઈ સ્વાદ લે તેને વરુનો (૬) અવતાર આવે છે. તમે એ વાત સાંભળી નથી?

અરે હા.

અને લોકોનો આ પાલક એમના જેવો જ હોય છે; આખો પ્રાકૃત જનસમૂહ એની આજ્ઞાને આધીન હોય છે તેથી સગાઓનાં લોહી રેડતાં પણ એ અટકતો નથી; ખોટા અપરાધો લાદવાની મન-ગમતી પદ્ધતિની મદદથી, આખા ને આખા માણસો ગુમ કરી દેતો તથા અપવિત્ર હોઠ અને જીભથી પોતાના પૂરવાસી બંધુઓનું લોહી ચાખતો એ તેમને કોર્ટમાં ઘસડી જાય છે અને એમનું ખૂન કરે છે; કેટલાએકને એ મારી નાંખે છે, અને બીજાઓને એ દેશનિકાલ કરે છે, અને એ જ વખતે બધાં દેવાં ફોક કરવાની તથા જમીન વહેંચી લેવાની એ સૂચના કરે છેઃ (૫૬૬) અને આ પછી એનું ભાવિ કેવું થશે? શું એના દુશ્મનોના હાથે એનો નાશ નહિ થાય, અગર માણસ મટીને શું એ વરુ—એટલે કે જુલમગાર નહિ બને?

અચૂક.

મેં કહ્યું: ધનવાન લોકોની સામે પક્ષ ઊભો કરનાર પણ આ જ છે?

આ જ.

થોડા વખત પછી એને હાંકી કાઢવામાં આવે છે, પણ એના દુશ્મનોના વિરોધ છતાં પુખ્ત જુલમગાર તરીકે એ પાછો આવે છે.

એ સ્પષ્ટ છે.

(બ) અને જો તેઓ એને હાંકી કાઢવાને કે જાહેર આરોપ

મૂર્ખાને એને દેહાંત દંડની શિક્ષા કરવાને અશક્ત નીવડે તો તેઓ એનું ખૂન કરવાનું કાવત્રું કરે છે.

તેણે કહ્યું: હા, એ એમની સામાન્ય રીત છે.

પછી જુલમગારની કારકીર્દીમાં જેઓ આટલે સુધી આગળ વધ્યા હોય છે, તેઓ બધા જે યુક્તિ વાપરે છે, તેવી અંગ-રક્ષકો માટેની જાણીતી માગણી આવે છે—તેઓ કહે છે તેમ 'લોકોનો મિત્ર એમની પાસેથી છિનવાવો ન જોઈએ!'

એમ જ.

લોકો તરત અનુમતિ આપે છે; એને શું થશે તેની એમને બહુ જ બીક રહ્યા કરે છે.—પોતાના પંડ માટે એમને કશો ભય જ હોતો નથી.

(ક) સાવ સાચું.

અને લોકોના શત્રુ હોવાનો જેના પર આરોપ હોય એવો કોઈ પૈસાદાર માણસ આ જુએ છે, ત્યારે મારા મિત્ર, ભવિષ્યવેત્તાએ ક્રોએસસને કહ્યું હતું તે અનુસાર,

'હેરમુસના કાંકરિયાળ કિનારે એ નાસે છે અને જરા પણ થોભતો નથી, પોતે બીકણ છે એની એને શરમ પણ આવતી નથી.'[૧]

એણે કહ્યું: અને એ તદ્દન ખરું પણ છે, કારણ જો એને શરમ આવતી હોય તો તે કદી ફરી શરમાવું ન પડે એવું જ કંઈ કરે ને.

પણ જો એ પકડાઈ જાય તો મુઓ જાણો.

અલબત્ત.

(ડ) અને જેનો આપણે પાલક તરીકે ઉલ્લેખ કર્યો હતો, તે હવે પોતાના ભારથી 'સાદાં ભોળાંને મદદ કરતો' જણાતો નથી, પણ કેટલાયે માણસોને ઉથલાવી પાડનાર—પોતાના હાથમાં લગામ

૧ Herod – 1 : 55.

રાખીને રાજ્યના રથમાં ઊભો થાય છે—હવે જરા જેટલોયે પાલક નહિ પણ કેવળ જુલમગાર !

તેણે કહ્યું: એમાં શંકા નથી,

અને જે રાજ્યમાં આના જેનું પ્રાણી પેદા થાય છે, તેનો તથા એ માણસના સુખનો પણ હવે આપણે વિચાર કરીશું.

તેણે કહ્યું: હા, ચાલો આપણે એનો વિચાર કરીએ.

પહેલાં તો પોતાની સત્તાના શરૂઆતના દિવસોમાં એ ખૂબ હસમુખો હોય છે અને જે કોઈ મળે તે દરેકને સલામો ભરે છે; (૬) જે જાહેરમાં તેમજ ખાનગીમાં વચનો આપ્યા કરે છે એવાને જુલમગાર જાણવાનો છે !—દેવાદારોને (દેવામાંથી) મુક્ત કરતો તથા લોકોને તેમ જ પોતાના અનુયાયીઓને જમીનની વહેંચણી કરતો અને દરેક પ્રત્યે એટલો તો માયાળુ અને ભલો થવા પ્રયત્ન કરતો—એવો !

તેણે કહ્યું: અલબત્ત.

પરંતુ પરદેશી દુશ્મનોને કાં તો જીતીને કે એમની સાથે સંધિ (૫૬૭) કરીને, એમને પતાવી દીધા પછી, એમના તરફથી કોઈ પણ પ્રકારનો ભય રહ્યો ન હોય, ત્યારે લોકોને નેતાની જરૂર પડે તે ખાતર એ હરહંમેશ કોઈ ને કોઈ પ્રકારનો વિગ્રહ ઊભો કરે છે.

અવશ્ય.

કર ભરી ભરીને લોકો ગરીબ થઈ જાય અને આ રીતે પોતાની જરૂરિયાતો મેળવવામાં જ એમને પોતાનો બધો વખત ગાળવાની ફરજ પડે અને તેથી પોતાની સામે કાવત્રા કરવાનો સંભવ ઓછો થાય એ પણ શું એનો બીજો હેતુ નથી ?

એ સ્પષ્ટ છે.

અને એમાંનો કોઈ પણ સ્વતંત્ર થવાનો ઇરાદો રાખે છે, તથા એ પોતાના અધિકારની સામે થવા માગે છે એવો એને સંશય જાય, તો દુશ્મનોની દયા પર ફેંકી એવાઓનો નિકાલ કરવાનું

એ કોઈ સારું બહાનું શોધી કાઢે છેઃ અને આ બધાં કારણોને લીધે જુલમગારને હરહંમેશ કોઈને કોઈ લડાઈ ઊભી કરવી પડે છે.

એણે કરવી જ પડે.

(બ) પછી એ લોકોમાં અપ્રિય થવા માંડે છે.

એ આવશ્યક પરિણામ છે.

ત્યાર બાદ એને ઊભો કરવામાં જેમણે મદદ કરી હતી, અને જેમની પાસે હજી પણ થોડી ઘણી સત્તા રહેલી છે, તેમાંના કેટલાએક એને પોતાને તથા આપસઆપસમાં પોતાના અભિપ્રાય દર્શાવે છે, અને જેઓ વધારે બહાદુર હોય તેઓ જે બની રહ્યું છે તે માથામાં વાગે એવું ચોખ્ખે ચોખ્ખું કહે છે.

હા, એવી જ અપેક્ષા રાખી શકાય.

અને જો જુલમગારે રાજ્ય કરવું જ હોય, તો તેણે એમનો નિકાલ કરી નાખવો જોઈએ; થોડી પણ શક્તિવાળો કોઈ માણસ, શું પછી ભલે એ એનો મિત્ર હોય કે દુશ્મન હોય, પરંતુ એ જીવતો હોય ત્યાં સુધી એ જંપી શકે જ નહિ.

જંપી ન શકે.

અને તેથી પોતાની આજુબાજુ કોણ શૂરવીર છે, કોણ (ક) ઉદારચરિત છે, કોણ વિવેકી છે, કોણ ધનવાન છે એ બાબત એને તપાસ રાખવી પડે છે. કેટલો સુખી માણસ—કારણ કે એ બધાનો દુશ્મન છે, અને એની મરજી હોય કે ન હોય, તોપણ રાજ્યને રેચ* આપ્યાની જેમ એ બધાને સાફ ન કરી દે, ત્યાં સુધી એમના વિરુદ્ધનો કોઈને કોઈ પ્રસંગ એને શોધી કાઢવો પડે છે.

તેણે કહ્યુંઃ હા, એ કોઈ વીરલ પ્રકારનો 'રેચ' છે.

મેં કહ્યુંઃ હા, વૈદ્યો શરીરને રેચ આપે છે એ પ્રકારનો એ નથી, કારણ તેઓ ખરાબ તત્ત્વોને કાઢી નાંખે છે, અને સારાંને રાખે છે,

* Absolutely like the Communist or Hitler's purges, liquidating individuals by killing them.

પણ આ એનાથી ઊલટું કરે છે.

જો એને રાજ્ય કરવું જ હોય, તો એનાથી બીજું કશું કરી શકાય જ નહિ એમ હું માનું છું.

(ડ) મેં કહ્યું: કેટલાય બરાબ લોકો ધિક્કારતા હોય, અને એમની વચ્ચે રહેવાની ફરજ પડે, અથવા બીજી બાજુ મૃત્યુ—એ તે કેવો ધન્ય વિકલ્પ!

હા, એ સિવાય ત્રીજો વિકલ્પ નથી.

અને પુરવાસીઓને એનાં કર્મો જેટલે અંશે વધારે દુષ્ટ લાગે, તેટલે અંશે વધારે હજૂરિયાઓની તથા એમનામાં વધારે મોટી નિમકહલાલીની એને જરૂર પડશે?

અવશ્ય.

એની એવી સેવાપરાયણ ટોળી કોણ હશે, અને એ એવી ટોળીને ક્યાંથી મેળવશે!

તેણે કહ્યું: જો એ પૈસા આપે, તો તેઓ સ્વેચ્છાએ એની આજુબાજુ વીંટળાઈ વળશે.

મેં કહ્યું: મીસરના કૂતરાના કસમ* દરેક જાતના અને (ઢ) દરેક દરેક દેશના ભમરાઓ અહીં ઘણાય છે.

તેણે કહ્યું: હા, છે બરા.

પણ એમને પોતાની પાસે રાખવાની શું એ ઇચ્છા નહિ કરે? કેવી રીતે?

પુરવાસીઓ પાસેથી એમના ગુલામો એ લૂંટી લેશે: પછી એ એમને મુક્ત કરશે, અને પોતાના અંગરક્ષક તરીકે એમને નીમશે.

તેણે કહ્યું: અચૂક, અને બીજા બધા કરતાં એમના પર એ વધારે વિશ્વાસ મૂકી શકશે.

---

* જુઓ: પરિ: ૩: ૪૯૬ ઢ અને ૯: ૫૯૨-અ

મેં કહ્યું: આ જુલમગાર તે કેવું ધન્ય પ્રાણી હોવું જોઈએ; એણે (૫૬૮) બીજાઓને મારી નાંખ્યા, અને પોતાના વિશ્વાસુ મિત્રો તરીકે આવાને સ્વીકારે છે!

તેણે કહ્યું: હા, એમની જાત બરાબર આવી જ હોય છે.

મેં કહ્યું: હા, અને એણે નવા પેદા કરેલા પુરવાસીઓ જે એની પ્રશંસા કરે છે, તથા જે એના સોબતીઓ છે તે આ રહ્યા,—જ્યારે સારા લોકો એને ધિક્કારે છે અને એના સંગથી દૂર રહે છે.

અલબત્ત.

ત્યારે તો ખરેખર કરુણરસપ્રધાન નાટકમાં ભરપૂર વિવેક રહેલો છે, અને યુરીપીડીઝ કરુણરસપ્રધાન નાટકનો મહાન લેખક છે!

એમ કેમ?

કેમ, કારણ આવી અર્થગંભીર કહેવતનો એ કર્તા છે:—

(બ) 'જુલમગારો વિવેકી છે, કારણ તેઓ વિવેકી સાથે રહે છે,' અને જુલમગાર જેમને પોતાના સોબતીઓ તરીકે સ્વીકારે છે, તેઓ વિવેકી છે એવો તેનો કહેવાનો ભાવાર્થ હતો એ સ્પષ્ટ છે.

તેણે કહ્યું: હા, અને જુલમી રાજ્ય દૈવી હોય એ રીતે તેનાં એ વખાણ કરે છે; આ જાતની બીજી કેટલીયે બાબતો એ તથા બીજા કવિઓ કહે છે.

મેં કહ્યું: અને તેથી કરુણરસપ્રધાન કવિઓ જુલમી રાજ્યના પ્રશંસકો છે એ કારણે, જો આપણે એમને આપણા રાજ્યમાં આવકાર ન આપીએ, તો આપણને તથા આપણી રીતે રહેનારા બીજાઓને તેઓ પોતે વિવેકી માણસો છે તો માફ કરશે જ એમ હું માનું છું.

(ક) તેણે કહ્યું: હા, જેમનામાં આટલું સમજવા જેટલી બુદ્ધિ હશે તેઓ નિશંક આપણને માફ કરશે.

પરંતુ આપણે ત્યાં ન આવતાં તેઓ બીજાં નગરરાજ્યોમાં જશે અને ત્યાં ટોળાંઓને આકર્ષશે તથા રૂપાળા, મોટા અવાજવાળા અને ફોસલાવીને સમજાવી શકે તેવા માણસોને ભાડે રાખશે, તથા નગરરાજ્યોને જુલમમાં અને પ્રજાસત્તાવાદમાં ધસડી જશે!

સાવ સાચું.

વળી આ બદલ તેમને પૈસા આપવામાં આવે છે, અને તેમને માન પણ મળે છે—જુલમગારો પાસેથી જેની આશા રાખી શકાય તેવું અધિકમાં અધિક માન અને પ્રજાસત્તાક રાજ્યો પાસેથી જે વધારેમાં વધારે માન મળી શકે તેના કરતાં જરા ઓછું મળે છે; પરંતુ (ઙ) આપણી બંધારણગિરિમાળા ઉપર તેઓ જેમ જેમ ઊંચે ચડતા જાય છે, તેમ તેમ તેમની પ્રતિષ્ઠા ઝાંખી પડતી જાય છે, અને હાંફ ચડવાને લીધે તે આગળ વધવાને અશક્ત હોય એમ દેખાય છે!

ખરું.

પણ આ તો વિષયાંતર થઈ ગયું; આથી આપણે પાછા વિષય પર આવીને પ્રશ્ન કરીશું કે પોતાના સુંદર અને સંખ્યાબંધ, ચિત્ર-વિચિત્ર અને હરહંમેશ બદલાતા સૈન્યનો જુલમગાર કેવી રીતે નિભાવ કરતો હશે.

તેણે કહ્યું: નગરરાજ્યમાં જો દેવદ્રવ્યના પવિત્ર ભંડારો હશે, તો તે જપ્ત કરીને એ ખર્ચવા માંડશે; અને માણસોની માલમિલકત જપ્ત કરવામાં આવી હોય તેટલા પૂરતા, જે કરો તેને લોકો ઉપર નાંખવા પડયા હોય તેને તે ઓછા કરી શકે છે.

(ઙ) અને આ ખૂટી પડે ત્યાર પછી?

તેણે કહ્યું: કેમ, ત્યાર પછી એ અને એના જીગરજાન દોસ્તો, પછી ભલે એ પુરુષ હોય કે સ્ત્રી, પણ એમનો નિભાવ એના બાપની જાગીરમાંથી કરવામાં આવશે એ સ્પષ્ટ જ છે.

એટલે કે જે લોકોમાંથી એ પેદા થયો છે, તેઓ તેને તથા તેના દોસ્તોને નિભાવશે એમ તમારું કહેવું છે, ખરું ને?

તેણે કહ્યું: હા, એ સિવાય એમનો છૂટકો નથી.

પણ લોકોને જો ગુસ્સો ચડે, અને તેઓ એમ પ્રતિપાદન કરે કે ઉમ્મરે પહોંચેલા છોકરાનો નિભાવ બાપે કરવો ન જોઈએ, (૫૬૮) પણ ઉલટો છોકરાએ બાપને નિભાવવો જોઈએ તો? છોકરો મોટો થાય, ત્યારે એ પોતાનું રક્ષણ કરે તથા તેની મદદથી જેમને ધનવાન અને શિષ્ટ ગણવામાં આવે છે, તેવા લોકોના રાજ્યબંધારણમાંથી એને મુક્તિ મળે, એ આશાએ જ બાપે એને જન્મ આપ્યો હતો, તથા ઠેકાણે પાડયો હતો: નહિ કે એના ચાકરોનો પણ એ ચાકર થઈ રહે, તથા એને અને એના દોસ્તો તથા ગુલામોના બંડખોર ટોળાને નિભાવ્યા કરે! અને આ રીતે બંડખોર છોકરાને તથા એના અનિચ્છવા યોગ્ય સાથીદારોને જેમ બીજો હરકોઈ બાપ પોતાના ઘરમાંથી હાંકી કાઢે, તેમ અહીં પણ તેને તથા તેના દોસ્તોને એ હુકમ કરશે.

તેણે કહ્યું: ભગવાનના સોગન ખાઈને કહું છું કે ત્યારે તો બાબાપને (બ) જરૂર ખબર પડશે કે કેવા રાક્ષસને એ પોતાની છાતીએ ઉછેરે છે: અને જ્યારે એ હાંકી કાઢવાનું કરશે, ત્યારે બાપ પોતે કેટલો નબળો છે અને છોકરો કેટલો બળવાન છે તેની એને ખબર પડશે.

કેમ, તમે એમ તો કહેવા માગતા નથી ને કે જુલમગાર બળજબરી કરશે? શું! એનો બાપ એની સામે થાય તો એને મારશે!

ત્યારે એ તો પિતૃહત્યા કરનાર, વૃદ્ધ પિતાનો ક્રૂર પાલક થયો અને જેને વિશે કદી કોઈ ભૂલથાપ ન ખાઈ શકે એવો ખરેખરો જુલમ તે આ જ; કહેવતમાં કહ્યું છે તે પ્રમાણે સ્વતંત્ર પુરવાસીઓની

ગુલામીની ઝિલમાંથી બચવા (ક) લોકો ગુલામો પર ગુજરતા જુલમ-રૂપી ચૂલમાં પડે છે; આવી રીતે તમામ વ્યવસ્થા અને વિવેકમાંથી છટકી જઈને ગુલામીના સૌથી વધારે કઠોર અને કડવા રૂપમાં સ્વતંત્રતા સરી પડે છે.

તેણે કહ્યું: ખરું.

વારુ; અને જુલમી રાજ્યના સ્વરૂપની તથા પ્રજાસત્તાક રાજ્યનું જુલમી રાજ્યમાં કેવી રીતે રૂપાંતર થાય છે તેની પૂરતી ચર્ચા કરી છે એમ કહીએ તો શું ખોટું છે?

તેણે કહ્યું: હા, તદ્દન પૂરતી.

પરિચ્છેદ ૯

(૫૭૧) સૌથી છેવટે જુલમગાર માણસ આવે છે, પ્રજાસત્તાવાદી માણસમાંથી એ કઈ રીતે ઉતરી આવે છે, એવો એને વિશે આપણે ફરી પ્રશ્ન કરવાનો છે. અને એ કઈ રીતે રહે છે, સુખી કે દુઃખી?

તેણે કહ્યું: હા, માત્ર એ જ એક બાકી રહ્યો છે.

મેં કહ્યું: પણ આની પહેલાંના એક પ્રશ્નનો ઉત્તર હજી આપવાનો રહી જાય છે.

કયો પ્રશ્ન?

ઇચ્છાઓના કેટલા પ્રકાર છે અને એની સંખ્યા કેટલી છે એ આપણે પૂરતી રીતે નક્કી કર્યું હોય એમ મને લાગતું નથી, અને એ જ્યાં સુધી ન કર્યું હોય ત્યાં સુધી (ખ) આપણા અન્વેષણમાં હંમેશાં ગોટાળો રહ્યા કરશે.*

તેણે કહ્યું: વારુ, એ ભૂલચૂક સુધારી લેવી હોય તો કંઈ બહુ મોડું થયું નથી.

મેં કહ્યું: સાવ સાચું; અને મારે જે મુદ્દો સમજવો છે તે જરા જુઓ: આવશ્યક સુખો તેમ જ ઇચ્છાઓમાંની કેટલીકને હું ગેરકાયદેસર ગણું છું; દરેક વ્યક્તિમાં એ હશે એમ દેખાય છે, પરંતુ કેટલાએકમાં કાયદાઓ અને તર્કબુદ્ધિ દ્વારા એનું નિયમન થતું હોય છે, અને એના ઉપર વધારે સારી ઇચ્છાઓનું પ્રાબલ્ય રહેલું હોય છે — તેમનો કાં તો સર્વાંશે બહિષ્કાર કરવામાં આવે છે અથવા તે નિર્બળ બની જાય છે તથા ઓછી થઈ જાય છે; જ્યારે બીજા કેટલાએકની બાબતમાં તે બલવત્તર હોય છે, તથા (ક) તેઓની સંખ્યા પણ મોટી હોય છે.

---

*મુદ્દો ૧ આવશ્યક તથા અનાવશ્યક ઇચ્છાઓના પ્રકાર. જુઓ ઉપર પરિ-૮-પૃ. ૪૪૩.

કઈ ઇચ્છાઓ તમને અભિપ્રેત છે?

બુદ્ધિ અને માનવને વિશિષ્ટ એવી શાસન કરનાર શક્તિ જ્યારે નિદ્રાવસ્થામાં હોય છે, અને ત્યારે જે જાગ્રત હોય છે તે—એમ મારું કહેવું છે; એવે વખતે માંસ અને મદ્યથી ચકચૂર થયેલું, આપણામાં વસતું જંગલી પ્રાણી ઊઠે છે અને નિદ્રા ખંખેરી નાંખીને પોતાની ઇચ્છાઓ સંતોષવા બહાર નીકળી પડે છે; અને કલ્પી શકાય એવી (ડ) એકેય મૂર્ખાઈ કે અપરાધ નથી—માતા કે બેન સાથેનો વ્યભિચાર કે બીજો કોઈ કુદરત વિરુદ્ધનો સંબંધ, અથવા પિતૃહત્યા કે નિષિદ્ધ આહારનું ભોજન સુદ્ધાં—જે એવે વખતે કે જ્યારે માણસે તમામ લજ્જા અને સભ્યતાને કોરે મૂકયાં હોય ત્યારે એ આચરવાને તૈયાર ન હોય.

તેણે કહ્યું: સૌથી સાચું.

પરંતુ જ્યારે માણસની નાડ તંદુરસ્ત અને સંયમમાં હોય, અને નિદ્રાને અધીન થતા પહેલાં એણે પોતાની બુદ્ધિની શક્તિઓને જાગ્રત કરી હોય, તથા ધ્યાનમાં સમાહિત થઈને ઉદાત્ત વિચારો અને પ્રશ્નો (ઇ) દ્વારા એને પોષણ આપ્યું હોય, પોતાની ઇચ્છાઓ સુપ્ત થઈ લીન થઈ જાય અને તે ઇચ્છાઓ કે તેના ઉપભોગો કે દુઃખો ઉચ્ચતર તત્ત્વની આડે આવતાં અટકે એટલા પૂરતી જ જે પોતાની ઇચ્છાઓને બહુ વધારે નહિ તેમ બહુ ઓછી (૫૭૨) પણ નહિ એ રીતે પહેલાં સંતોષી લેતો હોય - તથા જ્યારે ઉચ્ચતર તત્ત્વ જેને શું ભૂત, વર્તમાન કે ભવિષ્યમાં રહેલા અજ્ઞાતના જ્ઞાનને પ્રાપ્ત કરવાની અભીપ્સા કરવા તથા ચિંતન કરવા શુદ્ધ અમૂર્ત વિચારના એકાંત પ્રદેશમાં સ્વતંત્ર વિહાર કરવા દે; તેમ જ વળી એને કોઈની સાથે ઝઘડો થયો હોય, તો જ્યારે એણે પ્રાણના તત્ત્વને શાંત કર્યું હોય ત્યારે—મારું કહેવું એમ છે કે (આત્મામાં રહેલાં) બે બુદ્ધિહીન તત્ત્વોને શાંત કર્યા પછી, જ્યારે (જીવનમાં) આરામ લેતા પહેલાં એ બુદ્ધિના ત્રીજા તત્ત્વને જાગ્રત કરે છે,—ત્યારે એ લગભગ સત્યને

પ્રાપ્ત કરે છે તથા વિચિત્ર અને ગેરકાયદેસર સ્વપ્નોનો તે (ઞ) ભોગ થઈ પડે એ અસંભવિત બને છે.

હું તદ્દન સંમત થાઉં છું.

આ વાતમાં વિષયાંતર થઈ ગયું, પણ જે મુદ્દાની હું નોંધ લેવા માગું છું તે એ છે કે આપણા બધામાં, સારા માણસોમાં પણ, ઉચ્છૃંખલ જંગલી-પાશવ સ્વભાવ રહેલો છે, જે નિદ્રામાં બહાર નીકળી આવે છે. હું ખરું કહું છું કે નહિ તથા તમે મારી સાથે સંમત થાઓ છો કે નહિ એનો કૃપા કરી વિચાર કરો.

હા, હું સંમત થાઉં છું.

અને પ્રજ્ઞસત્તાવાદી માણસના ચારિત્ર્યને યાદ કરો. (ક) યુવાવસ્થાની શરૂઆતથી લોભી માબાપની દેખરેખ નીચે એને ઉછેરવામાં આવ્યો હતો, અને તેમણે તેની (ધન) બચાવવાની ઇચ્છાઓને જ ઉત્તેજન આપ્યું હતું, પણ માત્ર શોભા તથા ગમ્મત જેનો હેતુ હોય તેવી અનાવશ્યક ઇચ્છાઓને તો દાબી દેવામાં આવી હતી, એમ આપણે માન્યું હતું ખરું?

ખરું.

અને ત્યાર પછી એ વધારે સુધરેલા ઉચ્છૃંખલ લોકોની સોબતમાં પડી ગયો; અને એમની સ્વચ્છંદી રીતોનો સ્વીકાર કરીને, પોતાના પિતાની હલકાઈ પ્રત્યેના ધિક્કારને લીધે એ એનાથી વિરુદ્ધની કોટિ સુધી ધસી ગયો. છેવટે એના બગાડનારાઓના કરતાં તો એ વધારે સારો માણસ છે, તેથી બરોબર અધવચ આવે ત્યાં સુધી એ બંને બાજુએ ખેંચાયા કરે છે (ઙ) અને પછી ક્ષુદ્ર તથા ગુલામી મનોવિકારનું નહિ પણ પોતે જેને જુદાં જુદાં સુખોને સંયમથી સંતોષવાનો માર્ગ ગણે છે, તે અનુસાર એ પોતાનું જીવન ગુજારે છે. મૂડીવાદી માણસ આ રીતે ઉત્પન્ન થાય છે, ખરું ને?

તેણે કહ્યું: હા, એના વિશેનું આપણું દૃષ્ટિબિંદુ એ હતું, અને હજી પણ એવું જ છે.

મેં કહ્યું: અને હવે વર્ષો વીતી ગયાં હશે, અને આ જેવો છે તેવાને ઘેર એક છોકરો થાય છે તથા એને એના બાપના સિદ્ધાન્તો પ્રમાણે ઉછેરવામાં આવે છે એમ તમારે કલ્પના કરવાની છે.

હું એને કલ્પી શકું છું.

પછી બાપને જે બધું બની ગયું તે ને તે છોકરાની બાબતમાં * પણ બને છે એમ તમારે આગળ કલ્પવાનું છે:—જેને એના (ફ) લલચાવનારાઓ સંપૂર્ણ સ્વાતંત્ર્ય કહે છે તેવા પૂરેપૂરા ઉચ્છૃંખલ જીવન પ્રત્યે એ ધસડાય છે; અને એનો બાપ તથા મિત્રો સંયમી ઇચ્છાઓનો પક્ષ લે છે અને સામેનો પક્ષ વિરોધી ઇચ્છાઓને મદદ કરે છે: આ ઘોર જાદુગરો તથા જુલમગારો ઉત્પન્ન કરનારાઓને એમ માલુમ પડે છે કે એના ઉપરનો પોતાનો કાબુ ઓછો થતો જાય (૫૭૩) છે કે તરત જ, એની નકામી તથા ઉડાઉ વાસનાઓની ઉપર પ્રભુ તરીકે વિરાજમાન થતો એક મહાન મનોવિકાર તેઓ એનામાં યુક્તિપ્રયુક્તિથી રોપે છે—એક જાતનો પાંખવાળો રાક્ષસી ભમરો—માત્ર એ જ ઉપમા દ્વારા એનું પૂરતું વર્ણન થઈ શકે એમ છે.

તેણે કહ્યું: હા, એને માત્ર એ જ ઉપમા બંધબેસતી થાય છે.

અને જ્યારે ધૂપ તથા અત્તર અને ફૂલની માળાઓ તથા (જાત જાતના) દારુ અને વિષયાંધ જીવનનાં તમામ સુખોની વચ્ચે, એની બીજી વિષયવાસનાઓ છૂટી થઈને, એના ભમરાળ સ્વભાવમાં તેઓએ જે (મોટી) વાસના રોપી છે એના ડંખને સર્વાંશે પોષતી, એની આજુબાજુ ગણગણતી (બ) આવે છે, ત્યારે છેવટે ઘેલછા પોતે જેના અંગરક્ષકોના કપ્તાન તરીકે કામ કરતી હોય છે એવા (દુષ્ટ) આત્માના આ સ્વામીમાં ગાંડપણ ઉછળી આવે છે; અને પોતાનામાં કોઈ સારા અભિપ્રાયો કે ઇચ્છાઓ બંધાય છે[૧] એમ તથા એનામાં લજ્જાનો

* મુદ્દો ૨, જુલમગારનો જન્મ

૧ અથવા "જેને સારી ગણવામાં આવતી હોય, તેવી ઇચ્છાઓ કે અભિપ્રાયો."

છાંટો સરખોયે રહ્યો છે એમ એને માલુમ પડે તો સંયમને હાંકી કાઢીને સંપૂર્ણ રીતે ઘેલછા અંદર ઘર કરી બેસે નહિ ત્યાં સુધી એ આ ઉચ્ચતર તત્ત્વોને ધકેલી દે છે અને એનો નાશ કરે છે.

તેણે કહ્યું: હા, જુલમગાર એ રીતે ઉત્પન્ન થાય છે.

અને પ્રાચીન કાળથી (પાશવી) પ્રેમને જુલમગાર કહેવામાં આવ્યો છે એનું કારણ શું આ નથી? *

મને એમાં નવાઈ નથી લાગતી.

મેં કહ્યું: વળી આથી આગળ જઈ આપણે શું એમ કહીએ કે દારુનો નશો ચડ્યો હોય એવા (ક) માણસમાં પણ જુલમગારનો અંશ છે?

છે જ.

અને તમે જાણો છો કે જેનું મગજ ચસકી ગયું હોય, અને જેને ચિત્તભ્રમ થયો હોય તે પોતે માત્ર માણસો ઉપર જ નહિ પણ દેવો ઉપર પણ રાજ્ય કરવાને શક્તિમાન છે એમ શું નહિ કલ્પના કરે?

હા કરશે.

અને સ્વભાવ કે ટેવ અથવા બંનેની અસરને લીધે જ્યારે માણસ દારુડિયો, મનોવિકારવાળો અને વિષયાંધ બની જાય ત્યારે શબ્દના સાચ્ચા અર્થમાં જુલમગાર પેદા થાય છે, ખરું ને? અરે મારા મિત્ર શું એમ નથી?

અચૂક.

એ માણસ એવો છે અને એની ઉત્પત્તિ પણ એવી છે. અને હવે એ કઈ રીતે જીવે છે?

(ડ) ધારો કે વિનોદમાં લોકો કહે છે તેમ તમે જ મને કહો તો?

---

* જુઓ પરિ. ૧. ૩૨૯ ક સેફેલસે ટાંકેલા સોફોકલીસના શબ્દો.

મેં કહ્યું: એની પ્રગતિને બીજે પગથીએ, હું એવી કલ્પના કરું છું કે મિજબાનીઓ, ઉત્સવો, દારુની મોટી જ્યાફતો તથા ગણિકાઓ અને એ જાતની બધી વસ્તુઓ અસ્તિત્વમાં આવશે; એના અંદરના મંદિરનો સ્વામી (પાશવી) પ્રેમ છે, અને એના આત્માના તમામ વ્યાપારો બાબત એ હુકમો આપે છે.

એમ જ બને.

હા, અને દરેક દિવસે તથા દરેક રાતે સંખ્યાબંધ ઘોર ઇચ્છાઓ અવનવી ઊગે છે અને તેની માગણીઓ અસંખ્ય હોય છે.

તેણે કહ્યું: ખરેખર એમ છે જ,

આવક જેવું એને કંઈ રહ્યું હોય તો—એની તમામ આવક—થોડી વારમાં જ ખર્ચાઈ જાય છે:

ખરું.

(૬) ત્યાર પછી દેવાં થાય છે, અને એની માલમતા ઓછી થતી જાય છે.

અલબત્ત.

જ્યારે એની પાસે કશું ન રહે, ત્યારે માળામાં ઊભરાતાં કાળા કાગડાનાં બચ્ચાંની જેમ એની ઇચ્છાઓ પણ ખાવા માટે શું બરાડા નહિ પાડે; અને એનાથી (૫૭૪) તથા ખાસ તો એ (ઇચ્છાઓ)ના કપ્તાન સમા (પાશવી) પ્રેમથી પ્રેરાઈને એ ગાંડોતૂર બની જાય છે, અને એવું બને તો તો પોતાની ઇચ્છાઓ સંતોષવાની ખાતર એ જરૂર કોનાં માલમિલકત લૂંટી શકાય એમ છે અથવા કોને છેતરી શકાય એમ છે એ શોધી કાઢશે, ખરું ને?

હા, એમ અવશ્ય બને જ.

જો એને ભયંકર દુઃખો તથા યાતનાઓમાંથી બચવું હોય તો ગમે તે પ્રકારે એણે પૈસા મેળવવા જ જોઈએ.

મેળવવા જ જોઈએ.

અને એના પોતામાં જેમ જૂનાને કાઢીને નવાં સુખો પ્રવેશતાં હતાં, તથા જૂનાં ઉપર નવાં સુખો પ્રભુત્વ ભોગવતાં હતાં તથા એમના હકો લઈ લેતાં હતાં, તેમ એ પોતે નાનો છે તેથી એના બાપ તથા મા કરતાં એને વધારે મળવું જોઈએ એવો હક કરશે અને માલમિલકતનો પોતાનો હિસ્સો જે એણે પૂરો કર્યો હશે તો એમનામાંથી એ ટુકડો પડાવશે.

એ એમ કરે એમાં શંકા નથી.

(બ) અને જો એનાં માબાપ એને નમતું ન આપે, તો પહેલાં તો એમને છેતરવાનો કે ઠગવાનો પ્રયત્ન કરશે.

સાવ સાચું.

અને એમાં જો એ ફળીભૂત ન થાય, તો એ બળજબરીનો ઉપયોગ કરશે અને એમને લૂંટશે.

હા, કદાચ.

અને પોતાની પાસે જે કંઈ રહ્યું હોય તે માટે જો વૃદ્ધ ડોસાડોસી લડે, તો પછી મારા મિત્ર, શું એમના પર જુલમ ગુજારતાં એ પ્રાણીને કંઈ પ્રશ્ચાત્તાપ થશે ખરો?

તેણે કહ્યું: ના રે, હું તો ઉલટો એના માબાપના વિચારે જરા પણ સ્વસ્થ રહી શકતો નથી.

પણ અરે ભગવાન! એક કોઈ વેશ્યા, જેની સાથેનો સંબંધ બિલકુલ આવશ્યક નથી તેના પ્રત્યેના નવા ફૂટી નીકળેલા પ્રેમની ખાતર (ક) જેની અત્યંત જરૂર છે તથા જેની સાથે એને જુની મૈત્રી છે એવી માતાને એ મારે તથા બંનેને એક ઘરમાં રાખ્યા બાદ પોતાની માને પેલી વેશ્યાના અધિકાર નીચે મૂકે; અથવા એના જેવા જ સંજોગોમાં કોઈ નવતર નવયૌવનથી વિકસતો યુવાન જે જરા પણ જરૂરનો નથી તેની ખાતર, એનો જર્જરિત થએલો વૃદ્ધ પિતા જે મિત્રોમાં અગ્રસ્થાને છે તથા સૌથી વધારે આવશ્યક છે તેની સાથે પણ એવું

જ વર્તન કરે એ, એડેઇમેન્ટસ, શું તમારા માનવામાં આવે છે? *

તેણે કહ્યું: હા તે એ પ્રમાણે કરે એમ હું માનું છું;

મેં કહ્યું: ત્યારે તો જુલમી પુત્ર એનાં મા-બાપને ખરેખર આશીર્વાદરૂપ છે.

તેણે જવાબ આપ્યો: એ ખરેખર એવો છે.

(ડ) એ પહેલાં તો એમની માલમતા લાઈ લે, અને જ્યારે એ ખૂટી જાય, તથા એના આત્માના મધપૂડામાં સુખો (ની લાલસા) ટોળાબંધ એકઠી થવા માંડે, ત્યારે એ કોઈનું ઘર ફોડે અથવા રાત્રે કોઈ વટેમાર્ગુનાં કપડાં ચોરી લે, ત્યાર પછી કોઈ મંદિરને સફાચટ કરે છે. દરમિયાન જે બીજા નવા અભિપ્રાયોને હાલ તરત છુટા મૂકવામાં આવ્યા હોય તથા જે હવે (એની) વિષય વાસનાના અંગરક્ષકો તરીકે કામ કરતા હોય તથા સામ્રાજ્યમાં જેનો હિસ્સો હોય, તેવા અભિપ્રાયો—એ બાળક હતો ત્યારે એનામાં જે જૂના અભિપ્રાયો હતા અને જે 'સારું શું' અને 'ખોટું શું' એ વિશેનો નિર્ણય આપતા હતા, તેને ઉથલાવી પાડે છે. પ્રજાસત્તાવાદના દિવસોમાં, એ જ્યારે કાયદાઓ તથા એના પિતાના નિયમન નીચે હજી પણ હતો, (ઢ) ત્યારે ઊંઘતી વખતે માત્ર સ્વપ્નાવસ્થામાં જ એ (અભિપ્રાય) બહાર ડોકિયું કરતા; પણ હવે જ્યારે એ વિષય–વાસનાના સામ્રાજ્ય નીચે જ વસે છે, તો (અગાઉના દિવસોમાં) માત્ર સ્વપ્નમાં જ અને બહુ જવલ્લે જ એ જેવો થતો તેવો હવે એ વાસ્તવિક રીતે જાગ્રદવસ્થામાં હરહંમેશનો બની જાય છે; ઘોરમાં ઘોર ખૂન કે નિષિદ્ધ ખોરાક લેવાનું અથવા ગમે તેવું બીજું ભયંકર કૃત્ય કરવાનો અપરાધ (૫૭૫) એ કરશે. (અંધ પાશવી) પ્રેમ એનો જુલમગાર છે, અને તે એનામાં

* પ્લેટો સમાજને તેમજ વ્યક્તિના બંધારણને મધપૂડા સાથે સરખાવે છે, અને એના સંપૂર્ણ વ્યાપક અર્થમાં પ્લેટોએ આખા પુસ્તકમાં આનો ઉપયોગ કર્યો છે.

રાજાની જેમ તથા ઉચ્છૃંખલ રીતે વર્તે છે, અને કોઈ જુલમગાર જેમ રાજ્યને ધસડી જાય તેમ, પોતાના તથા પોતાના સોબતીઓના બંડખોર ટોળાંનો જેનાથી નિભાવ થઈ શકે એવા કોઈ અવિચારી કૃત્યના આચરણ પ્રત્યે, એવો પ્રેમ એનો રાજા છે તેથી એને ધસડી જાય છે— પછી ભલે એ સોબતીઓ દુષ્ટ સંદેશાઓને લીધે બહારથી અંદર આવ્યા હોય, કે એના પોતામાં રહેલા એવા જ દુષ્ટ સ્વભાવને લીધે એણે પોતાની અંદરથી જ એમને બહાર આવવા દીધા હોય! આમાં આપણને એના જીવનની રહેણીકરણીનું ચિત્ર શું નથી મળી આવતું?

તેણે કહ્યું: હા, બરોબર મળી આવે છે.

અને આવા લોકોની સંખ્યા જો રાજ્યમાં (ક્ષ) જુજ જ હોય અને બાકીની પ્રજાનું વલણ સારું હોય, તો જો કોઈ બીજા જુલમ-ગારને લડાઈ માટે એમની જરૂર હોય ત્યાં એના ભાડૂતી સૈનિકો કે એના અંગરક્ષકો થવા તેઓ ઉપડી જાય છે: અને લડાઈ કયાંય જાગી ન હોય તો તેઓ ઘેર રહે છે તથા નગરરાજ્યમાં અનેક પ્રકારનાં નાનાં તોફાનો કર્યા કરે છે.

કઈ જાતનાં તોફાન?

ઉદાહરણ તરીકે તેઓ ચોર, લૂંટારુ, ખિસ્સાકાતરુ, ધાડપાડુ, મંદિરોને લૂંટનારા તથા સમાજમાં માણસોનું હરણ કરનારા થાય છે; અથવા જો એમને ભાષા પર કાબુ હોય, તો તેઓ બાતમી આપનારા થાય છે અને ખોટી સાક્ષીઓ પૂરે છે તથા લાંચો લે છે.

(ક્ષ) એવાં કુકર્મો કરનારાઓની સંખ્યા ઓછી છે, તો પણ એમાં અનિષ્ટોનું નાનું સરખું (એક આખું) પત્રક મળી રહે છે.

મેં કહ્યું: હા, પણ નાનું અને મોટું એ તો સાપેક્ષ પદો છે, અને જો કે આ બધી વસ્તુઓ રાજ્ય ઉપર દુઃખ અને અનિષ્ટ જ લાદે છે, તો પણ તેમાંથી જુલમગાર પાકવાને તો હજી હજારો કિલોમીટરનું અંતર છે; જ્યારે આ દુષ્ટ વર્ગ તથા તેમના અનુયાયીઓની સંખ્યા

વધી પડે છે, અને લોકોના મદાંધપણાની મદદથી જ્યારે એમને એમનાં બળનું ભાન થાય છે, ત્યારે જેના પોતાના આત્મામાં જુલમગારનો અંશ સૌથી વધારે પ્રમાણમાં હોય તેવાને તેઓ પોતાનામાંથી ચૂંટી કાઢે છે, (૬) અને એને પોતાના જુલમગાર તરીકે નવાજે છે.

તેણે કહ્યું: હા અને એનામાં જુલમગાર થવાની લાયકાત સૌથી વધારે હશે.

જો લોકો નમતું આપે તો ઠીક અને તો બધાં સારાં વાનાં થાય; પણ જો તેઓ એની સામે થાય તો જેમ તેણે પોતાનાં મા અને બાપને મારવાથી શરૂઆત કરી હતી, તેમ હવે જો એનામાં સત્તા અને શક્તિ હશે તો એ તેમને ફટકાવશે, તથા જે ભાડૂતી જુવાનિયાઓને એમના શેઠ અને શાસનકર્તા બનાવવા એ લાઈ આવ્યો છે, તેમના અધિકાર નીચે, ક્રીટન લોકો કહે છે તેમ, એ પોતાની વહાલી વૃદ્ધ પિતૃભૂમિ તથા માતૃભૂમિને રાખશે. એની વાસનાઓ તથા ઇચ્છાઓનું પરિણામ આવું આવે છે.

(૬) એમ જ.

જ્યારે આવા લોકો માત્ર વ્યક્તિગત ખાનગી જીવન ગુજારતા હોય તથા એમના હાથમાં હજી સત્તા આવી ન હોય ત્યારે તેમનું ચારિત્ર્ય આ પ્રકારનું હોય છે; તેમના પોતાના ખુશામતિયાઓ અથવા એમનાં હથિયાર થવાને જેઓ તૈયાર હોય, તેવાઓની જ સાથે તેઓ હરહંમેશ સહવાસ રાખે છે; અથવા જો કોઈની પાસેથી તેમને કંઈ જોઈતું હોય, તો વખત આવ્યે તેમની સમક્ષ ઢળી પડવાને તેઓ એટલા જ તૈયાર હોય છે. તથા એમને માટે (૫૭૬) પોતાને દરેક પ્રકારની પ્રેમની લાગણી છે એમ તેઓ જાહેર કરે છે; પણ પોતાનો સ્વાર્થ સરે એટલે જાણે એમને જરા ઓળખતાય નથી.

હા, ખરેખર.

તેઓ હરહંમેશ કાં તો કોઈના શેઠ અથવા નોકર જ થઈ રહે છે,

કોઈના મિત્ર તો નહિ જ; જુલમગારો ખરેખરી સ્વતંત્રતા કે મિત્રાચારી કદી અનુભવી શકતા નથી.

અવશ્ય નહિ જ.

અને એવા માણસોને શું ખરેખર હરામી ન કહી શકાય?

એ બાબત પ્રશ્ન જ ન હોઈ શકે.

(૩) ધર્મ વિશેનો આપણો ખયાલ ખરો હોય, તો તેઓ તદ્દન અધર્મી પણ છે, ખરું?

તેણે કહ્યું: હા, અને એમ કહેવામાં આપણે તદ્દન ખરા છીએ.

મેં કહ્યું: દુષ્ટમાં દુષ્ટ માણસના ચારિત્ર્યને આપણે એક જ શબ્દમાં પતાવીશું; આપણને જેનો માત્ર સ્વપ્નમાં ખયાલ આવેલો તેવો તે જીવતો જાગતો હોય છે!

સૌથી સાચ્ચું.

અને સ્વભાવથી જ જેનામાં જુલમગારનો અંશ સૌથી વધારે પ્રમાણમાં છે તેવો શાસનકર્તા તે આ છે, અને એ જેટલું વધારે જીવે છે તેટલો એ વધારે જુલમગાર થાય છે.

જવાબ આપવાનો વારો પોતે લઈ લઈને, ગ્લાઉકોને કહ્યું: અવશ્ય એમ જ છે.

અને જે દુષ્ટમાં દુષ્ટ છે એમ આપણે સાબીત કર્યું છે, તે શું સૌથી વધારે દુઃખી પણ નહિ હોય? (૪) અને જેણે સૌથી વધારે વખત તથા અત્યંત જુલમ ગુજાર્યો હશે, તે શું સદાસર્વદા અને ખરેખર દુઃખી નહિ;—સામાન્ય જ સમાજ આવા અભિપ્રાયનો ન હોય તો પણ?*

તેણે કહ્યું: હા અચૂક.

અને જુલમગાર શું જુલમી રાજ્યના જેવો નહિ હોય, તથા

---

* મુદ્દો ૩. સુખી કોણ? આ આખી ચર્ચા દરમિયાન વ્યક્તિના આંતરિક જીવન પર ભાર મૂકવામાં આવ્યો છે.

પ્રજાસત્તાવાદી માણસ પ્રજાસત્તાક રાજ્ય જેવો? અને બીજાઓનું પણ શું એ પ્રમાણે નહિ?

૪૩૨.

અને સદ્‌ગુણ અને સુખના દૃષ્ટિબિંદુએ રાજ્ય રાજ્ય વચ્ચે જેવો સંબંધ છે, તેવો જ શું (ભિન્નભિન્ન રાજ્યવ્યવસ્થાઓમાં રહેતી) વ્યક્તિ વ્યક્તિ વચ્ચેનો સંબંધ નથી?

(ડ) અવશ્ય એવો જ.

ત્યારે એક જ રાજાના છત્ર નીચે હતું તેવું આપણું અસલ (આદર્શ) નગરરાજ્ય તથા જુલમગારના નીચેના નગરરાજ્ય વચ્ચે આપણે સરખામણી કરીએ, તો સદ્‌ગુણના દૃષ્ટિબિંદુએ એમની વચ્ચે કેવો સંબંધ છે?

તેણે કહ્યું: તેઓ સામસામે છેડે છે, કારણ એક સર્વથી શ્રેષ્ઠ છે, અને બીજું અધમમાં અધમ છે.

મેં કહ્યું કયું કયાં છે એ વિશે ભૂલથાપમાં પડાય એમ નથી, અને તો એમનાં સાપેક્ષ સુખ તથા દુઃખ વિશે પણ તમે એવો નિર્ણય બાંધો કે નહિ તે વિશે હું તમને હાલ તરત પ્રશ્ન પૂછું છું. અને જુલમગાર પોતે તો માત્ર એક જ છે. તથા એની આજુબાજુ કદાચ (બહુ બહુ તો) થોડા ભાડુતી સિપાઇઓ હશે તેથી એને જોઈને આપણે કંઈ ભડકી જવાનું નથી; કારણ આપણે ગામને દરેક ખૂણેખોચરે જવું જોઈશે અને આજુબાજુ બધું જોવું જોઈશે, (૬) અને પછી જ આપણે આપણો અભિપ્રાય આપીશું.

તેણે જવાબ આપ્યો: સુન્દર આમંત્રણ અને દરેકે જે રીતે જોવું જોઈએ તે પ્રમાણે હું પણ જોઈ શકું છું કે જુલમી રાજ્યવ્યવસ્થા કંગાળમાં કંગાળ પ્રકારની છે, અને એક રાજાનું શાસન સુખીમાં સુખી છે.

અને વ્યક્તિઓની કીંમત આંકવામાં પણ શું હું (૫૭૭) સરલતાથી એવી જ વિનંતી ન કરી શકું, જેનું મન મનુષ્યસ્વભાવની

અંદર ઉતરી શકે તથા એની આરપાર જોઈ શકે એવાની પાસે મારે ન્યાય કરાવવો છે? જે માત્ર બહારથી જ જુએ અને એ રીતે જોનારની આગળ જુલમગાર સ્વભાવ, દમામથી ભરેલો જે દેખાવ રજુ કરે છે તેનાથી અંજાઈ જાય એવો બાલિશ સ્વભાવનો એ ન હોવો જોઈએ, પરંતુ વિશદ દૃષ્ટિવાળો હોવો જોઈએ. જેનામાં (આવી રીતે) ન્યાય કરવાની શક્તિ હોય તથા જુલમગારની સાથે (ચ) જે એક જ જગ્યાએ રહ્યો હોય, તથા જે વખતે તેણે કરુણરસપ્રધાન નાટકના પાત્રનો વેશ પહેર્યો હોય ત્યારે નહિ, પણ સાદા વેશમાં એને જોઈ શકાય એવા વખતે એની દિનચર્યા જેણે જોઈ હોય, અને એનાં સગાં સંબંધીઓ પ્રત્યેનું તથા વળી જાહેર કટોકટીના મામલા વખતનું પણ એનું વર્તન જેણે જોયું હોય તેવો માણસ આપણા બધાની સમક્ષ ચૂકાદો આપશે—બીજા માણસોની સરખામણીમાં જુલમગારનાં સુખ અને દુઃખ કેટલાં હોય છે તે વિશે એ આપણને કહેશે એમ હું માની લઉં તો?

તેણે કહ્યું: એ દરખાસ્ત પણ બહુ યોગ્ય છે.

આપણે પોતે એવા અનુભવી છીએ તથા ન્યાય કરવાની આપણામાં શક્તિ છે, તથા એવો માણસ આપણને ક્યારનો મળી ચૂક્યો છે એટલે હું સ્વીકાર કરી શકું ખરો? અને તો આપણા પ્રશ્નોના જવાબ આપનાર પણ કોઈ મળી રહેશે.

અચ્છા,

(ક) વ્યક્તિ તથા રાજ્ય વચ્ચેના સામ્યને ભૂલવું ન જોઈએ એટલું મને યાદ આપવા દો; આને લક્ષમાં રાખીને, તથા વારાફરતી એકબીજાં તરફ દૃષ્ટિ કરીને એમની પ્રત્યેકની શી સ્થિતિ છે. એ મને જરા કહેશો?

તેણે પૂછ્યું: એટલે?

મેં જવાબ આપ્યો: રાજ્યથી શરૂઆત કરીએ, તો જે નગર-રાજ્યમાં જુલમગારનું શાસન હોય તે,—તમે શું કહેશો સ્વતંત્ર છે કે પરતંત્ર?

તેણે કહ્યું: બીજું એક નગરરાજ્ય એનાથી વધારે પૂરેપુરું પરતંત્ર ન હોઈ શકે.

અને છતાં તમે જુઓ છો કે એવા રાજ્યમાં સ્વતંત્ર માણસો તેમ જ શેઠિયાઓ પણ હોઈ શકે છે ખરું ને?

તેણે કહ્યું: હા, હું જોઈ શકું છું કે હોય છે—પણ થોડાક જ; પણ સામાન્ય દૃષ્ટિએ કહીએ તો લોકોનું અને તેમાંના સૌથી શ્રેષ્ઠનું અત્યંત અધઃપતન થયેલું હોય છે, તથા તેઓ ગુલામ બની ગયા હોય છે.

(૬) મેં કહ્યું: ત્યારે જો વ્યક્તિ પણ રાજ્યના જેવી જ હોય તો શું એ ને એ નિયમ ત્યાં લાગુ પડવો ન જોઈએ? એનો આત્મા નીચતા અને ક્ષુદ્રતાથી ભરપૂર હોય છે—સર્વશ્રેષ્ઠ તત્ત્વો ગુલામ બની ગયાં હોય છે: અને શાસન કરનાર એક નજીવો અંશ, તેમાં તો સૌથી વધારે ઘેલછા ભરેલી હોય છે, અને એ વળી અધમમાં અધમ હોય છે.

અવશ્ય.

અને એવા માણસનો આત્મા તે સ્વતંત્ર માણસનો આત્મા કે પછી ગુલામનો છે તે વિશે તમે શું કહેશો?

મને પૂછો તો એમ કહું કે એનામાં ગુલામનો આત્મા છે.

અને જે રાજ્યને જુલમગારે ગુલામ બનાવી દીધું છે, તે રાજ્ય સ્વેચ્છાએ કશું કરવા તદ્દન અશક્ત છે, ખરું ને!

તદ્દન અશક્ત.

(૭) અને જુલમગારની અંદર જે આત્મા રહેલો છે (સમસ્ત આત્મા વિશે હું અહીં બોલું છું) તેનામાં પોતાની જે કંઈ ઇચ્છા હોય તે પ્રમાણે આચરવાની ઓછામાં ઓછી શક્તિ હોય છે; એને કોઈ ને કોઈ બળ કરડતી જ હોય છે તથા તેનામાં કલેશ અને પશ્ચાત્તાપ ભરેલાં જ રહે, ખરું ને?

જરૂર.

અને જુલમગારના શાસન નીચેનું નગરરાજ્ય ધનવાન છે કે ગરીબ ?

ગરીબ.

(૫૭૮) અને જુલમી આત્મા હંમેશાં દરિદ્ર તથા જેને કદી સંતોષ ન વળે એવો હોવો જોઈએ ?*

ખરું.

અને એવા રાજ્યમાં તથા એવા માણસમાં શું હરહંમેશ ભય ભરેલો નહિ હોય ?

હા, ખરેખર.

આ રાજ્યમાં હોય તેનાથી વધારે પ્રમાણમાં તમને બીજે કયાંય પણ દુઃખ, નિસાસા, શોક તથા વિલાપ મળી આવશે ખરા ?

જરૂર નહિ.

અને જે જુલમગાર માણસમાં (અધમ) ઇચ્છાઓ તથા મનોવિકારનું તોફાન મચેલું હોય છે તેના કરતાં બીજા કોઈ માણસમાં તમને આ જાતનું દુઃખ વધારે પ્રમાણમાં મળી આવશે ખરું ?

અશકય.

(બ) આ તથા આનાં જેવાં બીજાં અનિષ્ટોનો ખયાલ કરીને, જુલમગાર રાજ્ય બીજાં બધાં રાજ્યો કરતાં સૌથી વધારે દુઃખી ગણોને ?

તેણે કહ્યું: અને એમાં મેં ખરું જ કહ્યું છે.

મેં કહ્યું: જરૂર. અને એ જ અનિષ્ટો જ્યારે તમને જુલમગાર વ્યક્તિમાં દેખાય ત્યારે એને વિશે તમે શું કહેશો ?

હું એમ કહું કે બધાં માણસો કરતાં એ ઘણો જ ઘણો દુઃખી છે.

મેં કહ્યું: મને લાગે છે કે એમ બોલવામાં તમે બોટું કહો છો.

* ગોર્જિયસ નામના સંવાદમાં પ્લેટો જુલમગારની પાસે ચારણીમાં પાણી ભરાવે છે.

એટલે ?

એના દુઃખની છેલ્લી કોટિએ હજી પહોંચ્યો હોય એમ હું માનતો નથી.

ત્યારે (એનાથી વળી) વધારે દુઃખી કોણ છે ?

હું જેને વિશે હવે વાત કરવાનો છું તે.

કોણ એ ?

(ક) જેનો સ્વભાવ જુલમી છે, અને જેના ઉપર ખાનગી જીવન ગુજારવાને બદલે, જાહેરમાં જુલમગાર થવાની વધારાની કમનસીબીનો શાપ ઉતરી આવ્યો હોય તે.

જેટલું કહેવાઈ ગયું છે તે ઉપરથી હું સમજી શકું છું કે તમે ખરા છો.

મેં જવાબ આપ્યોઃ હા, પણ આ વિશિષ્ટ દલીલમાં તમારે માત્ર અટકળ બાંધવી ન જોઈએ, પરંતુ જરા વધારે ચોક્કસ થવાની જરૂર છે; કારણ કે ઇષ્ટ અને અનિષ્ટને લગતો આ પ્રશ્ન બીજા તમામ પ્રશ્નો કરતાં સૌથી વધારે મહત્ત્વનો છે.

તેણે કહ્યું; સાવ સાચું.

મારા અભિપ્રાય પ્રમાણે આ વિષય ઉપર પ્રકાશ નાંખે એવું (ડ) એક ઉદાહરણ મને આપવા દો.

તમારું ઉદાહરણ કયું છે ?

નગરરાજ્યોમાં વસતી ધનવાન વ્યક્તિઓનું ઉદાહરણ, કે જેમની પાસે ઘણા ગુલામો હોય છેઃ તમે એ ઉપરથી જુલમગારની સ્થિતિનો ખ્યાલ બાંધી શકશો, કારણ એ બંને ગુલામો રાખે છેઃ તફાવત માત્ર એટલો જ છે કે એ ગુલામો વધારે પ્રમાણમાં રાખે છે.

હા એ તફાવત છે.

તમે જાણો છો કે એમનાં જીવન સુરક્ષિત હોય છે તથા ગુલામો તરફથી એમને કોઈ પ્રકારનો ભય નથી, ખરું ને ?

એમને ભય શાનો હોય ?

કશાનો નહિ પણ આનું શું કારણ એ તમે જોયું છે?

હા, કારણ એ છે કે પ્રત્યેક વ્યક્તિનું રક્ષણ કરવાની આખા નગરરાજ્યે સંતલસ કરેલી હોય છે.

(૬) મેં કહ્યું: સાવ સાચું, પણ જેની પાસે લગભગ પચાસેક ગુલામો હોય એવા આમાંના કોઈ શેઠિયાને, એના કુટુમ્બ, માલમતા તથા ગુલામો સાથે, જ્યાં એને કોઈ પણ સ્વતંત્ર માણસની મદદ ન મળી શકે એવા જંગલમાં કોઈ દેવ ઉપાડી જાય છે એમ તમે કલ્પો—(તો એવા સંજોગોમાં) એને તથા એનાં બૈરીછોકરાંને એના ગુલામો મારી નાંખશે એ ના ભયની વ્યથા શું એ નહિ અનુભવે?

(૫૭૮) તેણે કહ્યું: હા, એને અતિશય બીક લાગશે.

વખત એવો આવી લાગ્યો છે કે જ્યારે તદ્દન મરજી વિરુદ્ધ, કેટલાયે ગુલામોની ખુશામત કરવાની તથા સ્વતંત્રતાનાં અને બીજાં ઘણાં બધાં વચનો આપવાની એને ફરજ પડશે,—એને પોતાના જ નોકરોનાં મન મનાવવાં પડશે;—

તેણે કહ્યું: હા, પોતાની જાતનો બચાવ કરવાનો એને માટે એ એક જ રસ્તો છે.

અને ધારો કે જો દેવ એને ત્યાં ઉપાડી ગયો, તે એને એવા જ પાડોશીઓની વચ્ચે લઈ ને મૂકે છે, કે જે કોઈ પણ માણસને બીજાનો શેઠ થવા ન દે, અને આનાથી વિરુદ્ધનું વર્તન કરનાર જો કોઈ મળી આવે, તો તેવાનો જે જાન પણ લે—આમ હોય તો?

(૭) દરેક બાજુએથી દુશ્મનોએ એને ઘેરી લીધો હોય. તથા એના પર તેઓ નજર રાખ્યા કરતા હોય, એમ જો તમે ધારો, તો એની દશા અત્યંત ખરાબ થઈ જશે.

અને જે કેદખાનામાં જુલમગારોને પૂરાઈ રહેવું પડશે તે શું આવું જ નહિ હોય—આપણે વર્ણન કર્યું છે તે અનુસાર, જે સ્વભાવથી જ તમામ પ્રકારના ભય અને વિષયવાસનાથી ભરેલો છે તેવાને? એનો

આત્મા વિલાસી તથા લોભી છે, અને છતાં એકલો અટૂલો, નગર-રાજ્યનાં તમામ માણસો ગમે ત્યાં જાય, તો પણ બીજા સ્વતંત્ર પુરવાસીઓ જે બીજી વસ્તુઓ જોવાની ઇચ્છા કરે છે તે જોવાનું કે મુસાફરીએ જવાનું એને મળતું નથી, પણ ઘરમાં જનાનખાનામાં રહેતાં બૈરાંની જેમ એને પોતાના ઘરની અંદર ગોંધાઈ રહેવું પડે છે, અને જો કોઈ બીજો પુરવાસી પરદેશ (ક) જાય અને રસ પડે એવું કંઈ જોઈ આવે, તો તેવાની એને અદેખાઈ આવે છે!

તેણે કહ્યું: સાવ સાચું.

આ જાતનાં અનિષ્ટોની વચ્ચે, જેની પોતાની અંદર અંધાધૂંધી ચાલી રહી છે તે—એટલે કે જુલમગાર વ્યક્તિ એવો મારો ભાવાર્થ છે—જેને વિશે તમે હમણાં જ એવા નિર્ણય પર આવ્યા છો કે એ સર્વના કરતાં વધારે દુઃખી છે—એવાને જ્યારે ખાનગી જીવન ગાળવાને બદલે નસીબ જોગે જાહેરમાં જુલમગાર થવાની ફરજ પડે, ત્યારે શું તે આથી પણ વધારે દુઃખી નહિ થાય? એ પોતે જ્યાં પોતાની જાતને કાબુમાં રાખી શકતો નથી, ત્યાં એના પર બીજાઓને કાબુમાં રાખવાની ફરજ આવી પડે છે: કોઈ રોગિષ્ટ કે પક્ષાઘાત થયેલા માણસને (ડ) નિવૃત્તિમાં નહિ પણ બીજા માણસો સાથે લડતાં ઝઘડતાં પોતાનું જીવન ગાળવાની ફરજ પડે એવો એ છે.

તેણે કહ્યું: હા, સરખામણી બરાબર બંધબેસતી છે.

એ શું સર્વાંશે દુઃખી નથી? અને જેની જીંદગી વિશે તમે એવો નિર્ણય બાંધ્યો કે એ સૌથી વધારે અધમ છે એના કરતાં પણ ખરેખરા જુલમગારનું જીવન શું (એનાથી પણ) વધારે અધમ નથી?

અવશ્ય.

લોકો પછી ભલે ગમે તેમ માને, તો પણ જે ખરેખરો જુલમગાર છે એ જ ખરેખરો ગુલામ છે, અને એને સૌથી વધારે ગુલામી તથા ખોટાં વખાણ અને દુષ્ટમાં (ઢ) દુષ્ટ માણસોની ખુશામત કરવી પડે છે. પોતે સંતોષવાને તદ્દન અશક્ત હોય એવી ઇચ્છાઓ એને થયા

કરે છે, અને બીજા કોઈને પણ હોય એના કરતાં એની જરૂરિયાતો પણ વધારે હોય છે. અને એના સમસ્ત આત્માનું નિરીક્ષણ કેમ કરવું એ જો તમે જાણતા હો તો તમને ખબર પડશે કે એનામાં ખરેખરું દારિદ્ય રહેલું છે; આખી જિંદગીભર એને ભય લાગ્યા જ કરે છે, અને જે રાજ્યની સાથે એને સરખાપણું છે તે રાજ્યની માફક એ પણ અનેક વિક્ષેપોથી ભરેલો હોય છે અને એને તાણ આવતી હોય છે. અને એ બે વચ્ચે સામ્ય તો અચૂક છે જ ?

તેણે કહ્યું: સાવ સાચું.

(૫૮૦) વળી આપણે અગાઉ કહેતા હતા તેમ સત્તા મળવાથી એ ઉલટો વધારે દુષ્ટ થાય છે: પહેલાં હતો તેના કરતાં એ વધારે ઈર્ષ્યાળુ, વધારે વિશ્વાસઘાતી, વધારે અધર્મી, વધારે મિત્રહીન અને વધારે અપવિત્ર થાય છે અને અવશ્ય એ એવો છે જ; દરેક પ્રકારના દુર્ગુણમાં એ મગરૂરી લે છે, અને એની સામગ્રી પણ પૂરી પાડે છે, અને પરિણામ એ આવે છે કે એ પરમ દુઃખી થાય છે તથા એ બીજાં બધાંને પોતાના જેટલાં જ દુઃખી કરે છે.

કોઈ પણ સમજુ માણસ તમારા શબ્દો સામે ઝઘડો નહિ કરે.

મેં કહ્યું: ત્યારે અહીં આવો,* અને નાટ્યકલાની હરીફાઈઓમાં જેમ મધ્યસ્થ પરીક્ષક (ન્યા) જાહેર કરે છે તેમ, તમે પણ તમારો નિર્ણય જણાવો કે સુખની પંક્તિમાં કોણ પહેલો છે અને કોણ બીજો છે; તથા બીજાઓ કયા અનુક્રમમાં આવે છે: કુલ તેઓ પાંચ જણ છે—રાજવી, શિષ્ટશાસનવાદી, મૂડીવાદી, પ્રજાસત્તાવાદી અને જુલમી.

તેણે જવાબ આપ્યો: નિર્ણય સહેલાઈથી બાંધી શકાશે; ગાયકગણ તરીકે તેઓ રંગભૂમિ પર આવશે, અને સદ્‌ગુણ તથા દુર્ગુણ, સુખ તથા દુઃખના ધોરણ અનુસાર+ તેઓ જે ક્રમમાં દાખલ થાય તે પરથી મારે એમનો ન્યાય કરવાનો છે.

---

* મુદ્દો ૪. ધર્મ અને અધર્મ વચ્ચેના ઝઘડાનો છેવટનો ચૂકાદો.

+ ઉપર જુઓ ૫૭૬ બ.

આપણે કોઈ છડીદાર ભાડે લાવવાની જરૂર છે ખરી કે પછી હું જ જાહેર કરું કે એરિસ્ટોનના (શ્રેષ્ઠ)* પુત્રે એવો ચુકાદો આપ્યો છે જે સર્વથી શ્રેષ્ઠ છે તથા સૌથી વધારે ધર્મિષ્ઠ છે (ક) તે જ સૌથી વધારે સુખી પણ છે, અને જે પોતાનો રાજા (સ્વામી) છે તથા રાજવી પુરુષ છે તે જ આ છે; અને સૌથી વધારે દુષ્ટ તથા અધર્મી માણસ સૌથી વધારે દુઃખી પણ છે, અને જે પોતાની જાત ઉપર સૌથી વધારે જુલમ કરવા ઉપરાંત રાજ્ય ઉપર પણ સૌથી વધારે જુલમ કરે છે તે એ છે, ખરું ને?

તેણે કહ્યું: તમે પોતે જ આ ઢંઢેરો બહાર પાડો.

અને 'પછી ભલે દેવો તથા માણસો જુએ કે ન જુએ' એટલું હું ઉમેરી શકું?

ભલે ઉમેરો.

મેં કહ્યું: ત્યારે આપણી આ પહેલી સાખીતિ થઈ; અને (ડ) જેનું થોડું ઘણું વજન પડે એવી બીજી સાખીતી પણ છે.

એ કઈ?

આત્માના સ્વભાવ પરથી બીજી સાખીતી ઉતરી આવે છે. રાજ્યની માફક વ્યક્તિગત આત્માના આપણે ત્રણ તત્ત્વોમાં વિભાગ પાડ્યા છે એ જોતાં મને લાગે છે કે એ વિભાગોમાંથી નવી સાખીતી મળી રહે.

કઈ જાતની?

મને લાગે છે કે આ ત્રણ તત્ત્વોને અનુરૂપ ત્રણ ભિન્ન પ્રકારનાં સુખો રહેલાં છે; ત્રણ જાતની ઇચ્છાઓ+ તથા શાસન કરનાર શક્તિઓ પણ.

---

* ગ્રીક ભાષામાં 'Aristos=''Agathos'=good; સારું છે; 'એરિસ્ટોન' શબ્દ ઉપર અહીં શ્લેષ છે.

+ 'Epithumia' in the wider sense.

મુદ્દો ૫. ચિત્તના બંધારણની દૃષ્ટિએ આપેલી બીજી સાખીતી.

તેણે કહ્યું: એટલે ?

આપણે પૂર્વે કહેલું તેમ, એક તત્ત્વની મદદથી માણસ શીખે છે, બીજા તત્ત્વ દ્વારા એ ગુસ્સે થાય છે; ત્રીજું (દ) બહુરૂપી છે તેથી એનું કોઈ એક વિશિષ્ટ નામ નથી, પણ ખાવાપીવાની તથા બીજી વિષય-વાસનાઓ એનાં મુખ્ય અંગો છે. તે બધાંની ઇચ્છાઓનું* અસાધારણ બળ અને વેગ જોતાં એને આપણે સામાન્ય રીતે કામનું (૫૮૧) નામ આપી શકીએ; એમાં લોભનો પણ સમાવેશ થઈ જાય છે, કારણ કે પૈસાની મદદથી જ એવી ઇચ્છાઓને ઘણે ભાગે સંતોષી શકાય છે.

તેણે કહ્યું: એ ખરું છે.

આ ત્રીજા અંશનાં આકર્ષણો અને સુખોને બાહ્ય નફાની સાથે જ સંબંધ રહેલો છે એમ જો આપણે કહીએ, તો (ભિન્ન ભિન્ન લાગતી વિગતોને) આપણે એક જ ખયાલ નીચે લાવી શકીશું; અને આત્માનો એ અંશ નફા કે પૈસાને ચાહે છે એ રીતનું સાવ સાચું તથા બુદ્ધિને ગળે ઊતરે એવું એનું વર્ણન આપી શકીશું.

હું તમારી સાથે સંમત થાઉં છું.

વળી પ્રાણનું તત્ત્વ શું સર્વાંશે શાસન કરવા તથા વિજય અને કીર્તિ મેળવવા તત્પર નથી હોતું ?

(બ) હોય છે.

ધારો કે આપણે એને લડાયક કે મહત્ત્વાકાંક્ષી અંશ એવું નામ આપીએ—તો એ નામ એને યોગ્ય છે ને ?

બહુ જ યોગ્ય.

બીજી બાજુ, દરેકને ખબર છે કે જ્ઞાનનું તત્ત્વ સર્વાંશે સત્યા-ભિમુખ જ છે, અને લાભ કે કીર્તિ માટે બીજાં બે તત્ત્વોના કરતાં એને ઘણી જ ઓછી દરકાર છે.

ઘણી જ ઓછી.

---

* 'Epithumia' in the narrower sense

'વિવેકાભિલાષી' 'જ્ઞાનાનુરાગી' આત્માના એ અંશને એવાં વિશેષણો આપણે યોગ્ય રીતે લાગુ પાડી શકીએ ?

અવશ્ય.

અમુક જાતના માણસોના આત્મામાં એક તત્ત્વ પ્રધાનપદે હોય (ક) બીજામાં બીજું—એમ બની શકે ખરું ?

હા.

ત્યારે વિવે ના પ્રેમી, માનના ભૂખ્યા, નફાના લોભી—એવા માણસોના ત્રણ વર્ગો હોય છે એટલાનો સ્વીકાર કરીને આપણે શરૂ કરીએ તો ?

બરાબર એમ જ.

અને એ ત્રણેના જે ભિન્ન ભિન્ન વિષયો છે એવાં ત્રણ જાતનાં સુખો પણ છે ?

સાવ સાચું.

હવે જો તમે ત્રણે જાતનાં માણસોને તપાસી જુઓ, અને એમાંનું કયું જીવન સૌથી વધારે સુખી છે એમ એમને વારાફરતી પૂછી જુઓ તો જણાઈ આવશે કે દરેક પોતાના જીવનનાં વખાણ કરે છે અને બીજાનાં (ડ) જીવનને હલકું ગણે છે; કીર્તિ તથા જ્ઞાન જો પોતાની પાછળ નગદ સોના રૂપાના લાભ સાથે પૈસો ન લાવે, તો પૈસા કમાનાર એ બંનેની નિરર્થકતા સામે પોતાના આદર્શને સરખાવશે ખરું ને ?

તેણે કહ્યું: ખરું.

અને માનના ભૂખ્યા—એનો અભિપ્રાય કેવો હશે ? એ શું એમ વિચાર નહિ કરે કે પૈસાનાં સુખો ક્ષુદ્ર છે, જ્યારે જ્ઞાનનાં સુખની પાછળ જો કંઈ કીર્તિ ન આવે તો એને મન એ તદ્દન અવાસ્તવિક તથા અર્થહીન લાગશે ?

સાવ સાચું.

મેં કહ્યું; અને (ફિલસૂફ વિશે) આપણે એમ જ ધારવાનું ને —(ઢ) કે સત્યને જાણવાના વ્યવસાયમાં મગ્ન રહેતો, સદા જ્ઞાન પ્રાપ્ત

કરતો, સુખના સ્વર્ગથી ખરેખર બહુ દૂર નહિ એવો ફિલસૂફ સત્ય-પ્રાપ્તિના સુખની સાથે જ સરખામણી કરીને બીજાં સુખોની કીંમત આંકશે? * (બહુ બહુ તો) બીજાં (અમુક) સુખોને એ આવશ્યક ગણશે, એમ ધારીને કે જો તે આવશ્યક ન હોય, તો પોતે કદી એ સુખોનો અનુભવ કરી શકે જ નહિ?

તેણે જવાબ આપ્યોઃ એ વિશે કશી શંકા ન હોઈ શકે.

ત્યારે જો દરેક વર્ગનાં સુખો તથા દરેકના જીવન વિશે મતભેદ પડયો છે, અને કયું જીવન વધારે કે ઓછી પ્રતિષ્ઠાવાળું છે, અથવા (૫૮૨) વધારે દુઃખરહિત છે—એવો પ્રશ્ન છે—તો કોણ સાચું બોલે છે એની આપણને શી રીતે ખબર પડશે?

તેણે કહ્યુંઃ હું પોતે જવાબ આપી નહિ શકું.

વારુ, પણ ધોરણ કયું હોવું જોઈએ? અનુભવ અને વિવેક અને બુદ્ધિના કરતાં બીજું કોઈ વધારે સારું ધોરણ હોઈ શકે?

તેણે કહ્યુંઃ બીજું એનાથી વધારે સારું ન હોઈ શકે.

ત્યારે, મેં કહ્યુંઃ જરા વિચાર કરો. આપણે જે સુખો ગણાવ્યાં તે બધાનો સૌથી વધારે અનુભવ ત્રણ જણમાંથી કોને હશે? ફિલસૂફને નફાના સુખનો અનુભવ હોય, તેના કરતાં નફાનો લોભી તાત્ત્વિક સત્યના સ્વભાવનો અભ્યાસ (ब्र) કરે તોપણ શું એને જ્ઞાનના સુખનો વધારે અનુભવ મળે ખરો? +

તેણે જવાબ આપ્યોઃ (આ બાબતમાં) ફિલસૂફ મોટો લાભ ઉઠાવે છે, કારણ કે ઠેઠ પોતાના નાનપણથી બીજાં સુખોનો આસ્વાદ એણે હરહંમેશ જરૂર લીધેલો હોય છેઃ પણ નફાના લોભીએ પોતાના આખાયે અનુભવમાં સત્યના અભ્યાસનું તથા તેના જ્ઞાનનું મધુ અવશ્ય ચાખ્યું નથી—અથવા, મારે ઉલટું એમ કહેવું જોઈએ, કે જો તેની

* cf. Mill's "Sense of Dignity."

+ સરખાવો નીચે ૫૮૭

એ ઇચ્છા કરે તોપણ ભાગ્યે જ એ તેનો આસ્વાદ લઈ શકે. *

ત્યારે વિવેકના પ્રેમીને બંને પ્રકારનો અનુભવ છે એ કારણે નફાના લોભી કરતાં એ મોટો લાભ ઉઠાવે છે, ખરું ને?

(ક) હા, બહુ મોટો.

વળી, કીર્તિનાં સુખોનો એને વધારે અનુભવ છે, કે પછી કીર્તિના ભૂખ્યાને વિવેકનાં સુખોનો?

તેણે કહ્યું: ના, જેટલે અંશે તેઓ પોતપોતાના આદર્શ સાધે છે, એટલે અંશે એ ત્રણેને માન મળી રહે છે; કારણ કે ધનવાન માણસ તથા શૂરવીર માણસ તથા વિવેકી માણસ એ ત્રણેને પોત-પોતાના પ્રશંસકોનું મંડળ હોય છે, અને એ ત્રણેને કીર્તી તો મળી રહે છે તેથી કીર્તિનાં સુખોનો એ ત્રણેને અનુભવ હોય છે જ; પણ ખરેખરા સત્‌ના જ્ઞાનમાંથી જે આનન્દ સાંપડે છે એનો અનુભવ તો માત્ર ફિલસૂફને જ થાય છે.

(ડ) ત્યારે તો બીજા કોઈના કરતાં એના અનુભવને લીધે એ વધારે સારી રીતે ન્યાય કરવાને શક્તિમાન થશે એમ જ ને?

બહુ જ સારી રીતે.

અને વિવેક તેમજ અનુભવ જો કોઈનામાં હોય, તો એકલા એનામાં જ છે, નહિ?

અવશ્ય.

વળી નિર્ણય કરવાના સાધનરૂપે જે શક્તિ રહેલી છે, તેનો લોભી અથવા મહત્ત્વાકાંક્ષી માણસમાં અભાવ છે, જ્યારે એ માત્ર ફિલસૂફમાં રહેલી છે?

કઈ શક્તિ?

આપણે કહેતા હતા તેમ, જેણે છેવટનો નિર્ણય કરવાનો છે તે બુદ્ધિ.

---

* સરખાવો ઉપર સાતમાં સારા ન્યાયાધીશ તથા સારામાં સારા વૈદ્ય પરની ચર્ચા: ૪૦૮-૪૦૯ તથા જુઓ 'લોભ': પુ. ૧૨; ૯૫૦ બ.

હા.

બુદ્ધિનો વ્યાપાર એ ફિલસૂફનું વિશિષ્ટ સાધન છે?

૭૩૨.

જો પૈસા તથા નફાનું ધોરણ સ્વીકારીએ, તો નફાનો લોભી (૬) જે પ્રશંસા કરે કે ઠપકો આપે એના ઉપર જ આપણે અવશ્ય સૌથી વધારે વિશ્વાસ મૂકવો પડે?

અચૂક.

અથવા જો કીર્તિ કે વિજય કે શૌર્યનું ધોરણ સ્વીકારીએ, તો એ સંજોગોમાં મહત્ત્વાકાંક્ષી કે બહાદૂરનો નિર્ણય સૌથી સાચો ગણાશે?

એ સ્પષ્ટ છે.

પણ જ્યાં અનુભવ અને વિવેક અને બુદ્ધિ ન્યાય કરવાનાં છે તો?

એ જ અનુમાન શક્ય છે—તેણે જવાબ આપ્યોઃ કે વિવેક અને બુદ્ધિનો પ્રેમી જે સુખોની સંમતિ આપે તે જ સુખો સાચ્ચામાં સાચ્ચાં માનવાનાં છે.

અને આથી આપણે એ અનુમાન પર આવીએ છીએ, કે (૫૮૩) આત્માના બૌદ્ધિક અંશનાં સુખમાં બધા કરતાં વધારે આનંદ રહેલો છે, અને આપણામાંથી જેનામાં આ તત્ત્વ શાસન કરતું હોય છે તેનું જીવન સૌથી વધારે આનંદમય છે.

તેણે કહ્યુંઃ વિવેકી માણસ જ્યારે પોતાના જ જીવનને સંમતિ આપે છે ત્યારે એ એક અધિકારી પુરુષની જેમ બોલે છે એ વિશે પ્રશ્ન જ ન હોઈ શકે.

અને જે જીવન બીજે નંબરે આવે છે તથા જે સુખ બીજે નંબરે આવે છે તે વિશે પરીક્ષક શો નિર્ણય આપે છે?

સૈનિક તથા પ્રતિષ્ઠાના ભૂખ્યાનું એ સુખ છે તે સ્પષ્ટ છેઃ જે પૈસા કમાનારના કરતાં પોતાની વધારે સમીપ છે.

સૌથી છેલ્લો પૈસાનો લોભી આવે છે.

તેણે કહ્યું: સાવ સાચું.

(ચ) ત્યારે યુદ્ધમાં ધર્મિષ્ઠ માણસે અધર્મીને એક પછી એક એમ બે વાર ઉથલાવી પાડ્યો છે; અને હવે ત્રીજી પરીક્ષા આવે છે, અને એ પરીક્ષા આપણા તારણહાર, ઓલિમ્પિયાના ઝ્યુસને અર્પણ કરીશું: ઋષિવાણી ધીમેથી મને કહે છે કે વિવેકીના સુખ સિવાય બીજું કોઈ સુખ સાચું અને શુદ્ધ નથી—બીજાં બધાં માત્ર પડછાયા જેવાં છે; અને આ હાર સૌથી વધારે નિર્ણાયક ગણાશે, ખરું ને?

હા, સૌથી મોટી; પણ તમે જરા વધારે સ્ફુટ કરશો?

(ક) હું વિષયનું વિગતવાર નિરૂપણ કરીશ, અને તમે મારા પ્રશ્નોના જવાબ આપજો*

ચ-લા-ઓ.

ત્યારે કહો, શું સુખ દુઃખનું વિરોધી નથી?

ખરું.

અને મધ્યસ્થ સ્થિતિ એક એવી છે, જ્યાં સુખ કે દુઃખ કશું નથી?+

છે.

જે સ્થિતિ મધ્યસ્થ છે, અને બંનેની અપેક્ષાએ જેને આપણે આત્માની અમુક પ્રકારની વિશ્રાંતિ કહી શકીએ—તમે એમ જ કહેવા માગો છો ખરું ને?

હા.

લોકો માંદા પડે છે ત્યારે શું કહે છે એ તો તમને યાદ હશે? કેમ શું કહે છે?

કે પહેલું સુખ તે જાતે નર્યા. પણ ત્યારે માંદા પડ્યા પછી જ એમને ભાન થયું કે બધાં સુખો કરતાં આ સુખ સૌથી (ડ) મોટું છે.

તેણે કહ્યું: હા મને ખબર છે.

---

* મુદ્દો ૬. સુખ દુઃખનું સ્વરૂપ તથા એ બંનેનો ઇષ્ટની સાથેનો સંબંધ.

+ 'The hedonistic zero'

અને લોકો તીવ્ર વેદનાથી પીડાતા હોય છે, ત્યારે તમે એમને બોલતાં સાંભળ્યા હશે કે પોતાના દુઃખમાંથી મુક્ત થવા કરતાં બીજી કશામાં વધારે સુખ નથી?+

અને બીજી કેટલીયે જાતનાં દુઃખો હોય છે; કે જેમાંથી માત્ર આરામ મળે તથા દુઃખનો અંત આવે અને તેમાં કંઈ પણ વાસ્તવિક સુખાસ્વાદ ન હોય, તોપણ જાણે એ મોટું સુખ હોય એ રીતે લોકો એની પ્રશંસા કરે છે.

તેણે કહ્યું: હા, એ વખતે તેમને સુખ લાગે છે, અને આરામ* (સ્થિરતા) મળે એટલાથી જ ઠીક ઠીક સંતોષ માને છે.

(૬) વળી જ્યારે સુખનો અંત આવે, ત્યારે એ પ્રકારની સ્થિરતા કે અંત દુઃખરૂપ લાગશે?

તેણે કહ્યું નિઃશંક.

ત્યારે જે મધ્યસ્થ સ્થિતિ છે તે સુખ તેમ જ દુઃખરૂપ ભાસશે?

એમ લાગે છે ખરું.

પણ જે એમાંની એકે નથી તે બંને હોઈ શકે ખરી?×

એમ કહી ન શકાય.

અને સુખ તથા દુઃખ બંને આત્માની ગતિ* છે, કેમ છે ને?

હા.

(૫૮૪) અને જે એમાંની એકે નથી તે હમણાં જ સાબીત થયું તેમ આરામ કે 'સ્થિતિ' છે અને ગતિ નથી, તથા એ બંનેની મધ્યમાં છે?

+ સુખ અને દુઃખનું સંવેદન એકી સાથે થઈ શકે નહિ--એ ચર્ચા 'ફીડો'માં કરી છે: The Principle of In-co-presentability of pleasure and pain.'

* Rest એટલે આરામ કે સ્થિતિ. સુખ તેમજ દુઃખ આત્માની ગતિરૂપ માનેલાં છે, Pleasure is 'Kinesis'.

× The Criterion is that of Non-contradiction.

હા.

ત્યારે આપણે જો એમ સ્વીકારીએ, કે દુઃખનો અભાવ તે સુખ, અથવા સુખનો અભાવ તે દુઃખ—તો એ ખરું કેમ હોઈ શકે ?

અશકય.

ત્યારે આમાં કંઈ તથ્ય નથી, પણ એ માત્ર આભાસ છે; એટલે કે એકની એક 'સ્થિતિ' જે ક્ષણે દુઃખ હોય તેની સરખામણીમાં સુખરૂપ છે, અને સુખની સરખામણીમાં દુઃખરૂપ છે; પણ આ તમામ વિચારપદ્ધતિની પરીક્ષા સાચ્ચા સુખના ધોરણથી કરીએ ત્યારે જણાઈ આવે છે કે એ વાસ્તવિક નથી પણ એક પ્રકારનો માત્ર અધ્યાસ છે *

અનુમાન એ આવે છે.

(ब) જે સુખોની પહેલાં કશાં દુઃખો રહેલાં નથી, એ જાતનાં સુખો તરફ તમે નજર કરો, અને પછી કદાચ અત્યારે તમે કરો છો તેવી કલ્પના તમે કદી નહિ કરો કે સુખ એ માત્ર દુઃખનો અંત છે કે દુઃખ સુખનો.

તેણે કહ્યું: એ કયાં, અને કયાં મળી આવે ?

એવાં ઘણાં યે છે; દાખલા તરીકે સુવાસનાં સુખો એ ઘણાં જ તીવ્ર હોય છે, અને એનાં પુરોગામી દુઃખો હોતાં નથી; એક ક્ષણમાં એ આવે છે, અને એના ગયા પછી પોતાની પાછળ કશું દુઃખ મૂકી જતાં નથી. +

તેણે કહ્યું: સાવ સાચું.

(क) ત્યારે શુદ્ધ સુખ એટલે દુઃખનો ઉપશમ કે સુખનો ઉપશમ એટલે દુઃખ એમ માનવાને આપણે લલચાઈશું નહિ.

નહિ.

---

* "Are not real but are a sort of imposition."

+ એટલે કે બધાં શારીરિક સુખો માત્ર દુઃખના અભાવરૂપ નથી.

તોપણ જે સુખોની સંખ્યા મોટી છે, અને જે જલદ છે તથા શરીર દ્વારા જે આત્મા સુધી પહોંચે છે, તે સામાન્ય રીતે આ જાતનાં હોય છે—દુઃખમાંથી મળેલી વિશ્રાંતિ જેવાં !

એ ખરું છે.

અને ભવિષ્યનાં સુખો અને દુઃખોની અપેક્ષા પણ આ જ જાતની છે, ખરું ને ?

હા.

(ડ) હું એનું એક ઉદાહરણ આપું ?

ભલે.

મેં કહ્યું: કુદરતમાં કોઈ ઊંચો, નીચો અને વચલો એવા પ્રદેશ હોય છે એટલું તમે માન્ય કરવા દેશો ?

ભલે.

અને જો કોઈ માણસ નીચેના પ્રદેશમાંથી વચલા પ્રદેશ પર જતો હોય, તો પોતે ઊંચે ચડે છે એમ શું એને નહિ લાગે, અને જે વચલા પ્રદેશમાં છે, એણે જો ખરેખરો ઉચ્ચતર પ્રદેશ નહિ જોયો હોય, તો એ જ્યારે પેલા માણસને ઉપર ચડતાં જોશે, ત્યારે પોતે તો કયારનો ઉચ્ચતર પ્રદેશમાં જ વસે છે એમ શું એને નહિ લાગે ?

તેણે કહ્યું: અચૂક, એ બીજી રીતે વિચાર જ ક્યાંથી કરી શકશે ?

(ઢ) પણ જો એને પાછો (ઉચ્ચતર પ્રદેશમાં) લઈ જવામાં આવે, તો એને સમજાશે અને ખરેખર સમજાશે કે પોતે તો નીચે હતો. —ખરું ને ?

નિશંક.

ખરેખર ઊંચ, અને વચલા અને નીચા પ્રદેશના અજ્ઞાનને લીધે જ આ બધું ઉપસ્થિત થાય છે,

હા.

ત્યારે જે લોકોને સત્યનો અનુભવ હોતો નથી, તેવાઓમાં જેમ બીજી ઘણીયે વસ્તુઓ વિશે ખોટા ખયાલો રહેલા હોય છે, તેમ સુખ

અને દુઃખ તથા મધ્યસ્થ સ્થિતિ વિશે પણ ખોટા ખયાલો હોય છે; એટલે કે જે કંઈ દુઃખરૂપ છે તેના પ્રત્યે તેઓનું ધ્યાન જ્યારે ખેંચાતું હોય, ત્યારે તેમને દુઃખ લાગે, અને (વધારામાં) તેઓ એમ માને કે જે દુઃખ તેઓ અનુભવે છે તે ખરું છે, (૫૮૫) અને તેવી જ રીતે દુઃખથી દૂર જે મધ્યસ્થ કે વચગાળાની સ્થિતિ છે તે તરફ જતાં તેઓ દૃઢતાપૂર્વક એમ માને કે સુખ અથવા તૃપ્તિની પરાકાષ્ટા સુધી તેઓ પહોંચી ગયા છે—તો શું તમને નવાઈ લાગશે? સુખ શું એ જેઓ જાણતા નથી અને કાળાનો સફેદ રંગની સાથેનો નહિ પણ ભૂરા રંગની સાથેનો વિરોધ દેખાડવામાં આવે તેમ થોડી વાર પહેલાં જ દુઃખ તથા દુઃખના અભાવ વચ્ચેનો વિરોધ દેખાડતા તેઓ—,તો હું પૂછું છું કે શું તમને આનાથી નવાઈ લાગશે?

ખરેખર નહિ જ; એનાથી ઊલટું બને તો મને નવાઈ લાગે.

વિષય પરત્વે તમે આ રીતે જુઓઃ—ભૂખ, તરસ અને (બ) એવાં બીજાં શરીરમાં (અમુક વસ્તુના) અભાવરૂપે રહેલાં છે.

હા.

અને અજ્ઞાન તથા મુર્ખાઈ આત્મામાં રહેલા અભાવ છે!

અને ખોરાક તથા વિવેક અનુક્રમે એ બંનેના સંતોષનાં કારણો છે?

જરૂર.

અને જે વસ્તુમાં અસ્તિત્વનો અંશ ઓછો હોય તે દ્વારા મળેલા સંતોષના કરતાં, અસ્તિત્વના વધારે અંશવાળી વસ્તુ દ્વારા મળેલો સંતોષ વધારે સાચ્ચો ખરો કે નહિ?

વધારે અંશવાળી વસ્તુ દ્વારા મળેલો સંતોષ વધારે સાચ્ચો એ સ્પષ્ટ છે. *

તમારા અભિપ્રાય પ્રમાણે કઈ જાતની વસ્તુઓમાં શુદ્ધ અસ્તિત્વના અંશો વધારે પ્રમાણમાં રહેલા હોય છે—ખાદ્ય પદાર્થો અને તેની પેટા

* એટલે કે શારીરિક સુખોને સદસત્‌ની સાથે સંબંધ હોય છે, જ્યારે શુદ્ધ બુદ્ધિના વ્યાપારનો આનંદ સત્‌ની સાથે સંબંધ ધરાવે છે.

વસ્તુઓ તથા મસાલાઓ અને (શરીરને) ટકાવી રાખવા માટેની બીજી બધી વસ્તુઓ જેનાં ઉદાહરણો છે તે, કે પછી જે વર્ગમાં (ક) સાચો અભિપ્રાય, અને જ્ઞાન અને ચિત્ત (શુદ્ધિ) તથા સદ્‌ગુણના તમામ પ્રકાર આવી જાય છે તે? પ્રશ્ન આ રીતે મૂકોઃ—શુદ્ધ સત્‌નો અંશ વધારે શામાં છે—અપરિણામી, અક્ષર, અને સત્યની સાથે જેને સંબંધ છે, અને જેનું સ્વરૂપ (nature) એવું જ છે, અને એવા સ્વભાવ (natures) વાળામાં જ જડી આવે છે તેમાં + કે પછી જેને પરિણામી અને ક્ષર વસ્તુઓ સાથે સંબંધ છે અને જે એવામાં જ મળી આવે છે, તથા જે પોતે પરિણામી અને ક્ષર છે—તેમાં?

તેણે જવાબ આપ્યોઃ અપરિણામી સાથે જેને સંબંધ છે, તેમાં રહેલું સત્ (being) કયાંય શુદ્ધતર છે.

અને અપરિણામીના સ્વરૂપમાં * જેટલે અંશે સત્ * રહેલું છે એટલે જ અંશે એમાં જ્ઞાન પણ રહેલું છે?

હા, જ્ઞાન પણ એટલે જ અંશે.

અને સત્ય પણ એટલે જ અંશે?

હા.

અને ઊલટી રીતે જોઈએ તો જેમાં સત્ય જેટલું ઓછું તેટલું તેમાં સત્ પણ ઓછું, ખરું ને?

અવશ્ય.

+ પરિ. ૧૦ માં આત્મા અમર્ત્ય છે તે વિશેની સાબિતીમાં આ જ સિદ્ધાન્ત લાગુ પાડવામાં આવ્યો છે.

* અંગ્રેજીમાં એને માટે Essence શબ્દ વાપર્યો છે: 'And does the essence of the invariable partake of knowledge in the same degrees as to essence?' ગ્રીકશબ્દો Ousia' અને 'Phusis' પણ એટલા જ અસ્પષ્ટ છે. અહીં પહેલાં essence નો અર્થ Nature છે અને બીજાનો Being છે.

(૬) ત્યારે સામાન્ય દૃષ્ટિએ જે વસ્તુઓ આત્માની સેવામાં યોજાયેલી રહે છે, એના કરતાં જે જાતની વસ્તુઓ શરીરની સેવામાં રહે છે તેમાં સત્ય અને સત્ ઓછાં હોય છે, નહિ ?

કયાંય ઓછાં.

અને આત્મા કરતાં શરીરમાં પોતામાં શું ઓછાં સત્ય અને સત્ નથી ?

હા.

જેનામાં વાસ્તવિક (real) અસ્તિત્વ નથી, અને જે ઓછું વાસ્તવિક છે તે જેટલું વાસ્તવિક રીતે ભરાઈ શકે તેના કરતાં જેનામાં વાસ્તવિક અસ્તિત્વ વધારે છે તથા જે ખરેખર વધારે પ્રમાણમાં વાસ્તવિક અસ્તિત્વ ધરાવે છે, તે વધારે વાસ્તવિક રીતે ભરપૂર થઈ શકે છે, ખરું ને ?

અલબત્ત.

અને પોતાના વિશિષ્ટ સ્વભાવ (nature) અનુસાર અમુક વસ્તુથી ભરપૂર થવામાં જે સુખ રહેલું છે, તો જેનામાં વધારે વાસ્તવિક સત્ (૬) વધારે વાસ્તવિક રીતે ભરેલું છે, તે વધારે વાસ્તવિક અને સત્ય રીતે સુખનો અનુભવ કરી શકશે; જ્યારે જે ઓછા વાસ્તવિક સત્નો ભાગીદાર હશે, તેને ઓછી અસંદિગ્ધ અને ઓછી સત્ય રીતે સંતોષ થશે, તથા તે ઓછા વાસ્તવિક અને ખોટા સુખનો ભાગીદાર બનશે, ખરું ને ? એ વિશે પ્રશ્ન જ ન હોઈ શકે,

(૫૮૬) ત્યારે વિવેક અને સદ્‌ગુણ શું છે એ જેઓ જાણતા નથી અને જેઓ ખાઉધરાપણામાં તથા વિષયવાસનામાં હરહંમેશ મચ્યા રહે છે, તેઓ મધ્યસ્થ સ્થિતિ સુધી ઉપર નીચે આવ-જા કરે છે; અને આ પ્રદેશમાં જીવનભર અવિચારી રીતે તેઓ ભટકયા કરે છે, પણ ખરેખરી ઉચ્ચતર દુનિયામાં તેઓ કદી પ્રવેશ કરતા નથી; તે તરફ તેઓ દૃષ્ટિપાત કરતા નથી, તેમ જ કદી તેમને

એ માર્ગ જડતો પણ નથી; તેઓ ખરેખરી રીતે સાચા સત્થી ભરપૂર થતા નથી, તેમ જ શુદ્ધ અને શાશ્વત સુખનો આસ્વાદ તેમને મળતો નથી. ઢોરની જેમ હરહંમેશ પોતાની આંખો વડે નીચે નિહાળતા, તથા પોતાનું માથું પૃથ્વી એટલે કે જમવાના ટેબલ તરફ લટકતું રાખતા (ब) તેઓ જાડા થાય છે, ખાય છે અને જણે છે; તથા આવા આનંદના ઉત્કટ ભાવમાં, લોખંડની ખરીઓ તથા શીંગડાં વડે તેઓ એકબીજાને પાડુ અને માથાં મારે છે; અને પોતાની ન સંતોષી શકાય એવી વિષયવાસનાને લીધે તેઓ એકબીજાને મારી નાંખે છે. કારણ અસાર વસ્તુથી તેઓ પોતાની જાતને ભરાવા દે છે, અને પોતાની જાતના જે અંશને તેઓ ભરે છે, તે પણ એટલો જ સાર વગરનો તથા વ્યસની છે.*

ગ્લાઉકોને કહ્યું: ખરેખર, સોક્રેટિસ, સર્વજ્ઞની માફક તમે આ સામાન્ય લોકોના જીવનનું વર્ણન કરો છો!

એમનાં સુખો દુઃખોથી મિશ્રિત હોય છે--એ સિવાય બીજું શું હોઈ શકે? કારણ જે સત્ય છે તેનાં એ માત્ર ચિત્રો અને પડછાયા છે,+ અને (क) વિરોધના રંગે એ રંગાયેલાં હોય છે. જેને લીધે પ્રકાશ તથા છાયા બંનેમાં અતિશયતા દેખાય છે, અને તેથી મૂર્ખાઓના મનમાં તે બાબતની ઘેલી ઇચ્છાઓ એ રોપે છે; અને સ્ટેસીખોરસે કહ્યું છે કે સત્યના અજ્ઞાનમાં ગ્રીક લોકો જેમ હેલેનની છાયા માટે ટ્રોયમાં લડતા હતા તેમ તેને વિશે લોકો ઝઘડે છે.

એ જાતનું કંઈક થયા વગર રહે જ નહિ.

અને આત્માના, મનોવેગના અથવા પ્રાણના તત્ત્વ વિશે પણ શું કંઈ આવું જ નહિ બને? વેગી માણસ બુદ્ધિ કે સમજશક્તિને

---

* 'ગોર્જિયસ' નામના સંવાદમાં પણ આ ચર્ચા છે.

+ જેવાં એમનાં સુખો, તેવી જ એને અંગે મળતી પ્રતિષ્ઠા. ભિન્ન ભિન્ન જાતની પ્રતિષ્ઠા માટે જુઓ ઉપર ૫૮૨ ब-क

બાળુએ મૂકીને જો પ્રતિષ્ઠા અને વિજય તથા પોતાના ક્રોધને સંતોષવા માગે, અને તેને અંગે ઈર્ષ્યાળુ અને મહત્ત્વાકાંક્ષી થાય કે બળજબરી વાપરે અને ઝઘડો કરે, અથવા ગુસ્સે થાય અને અસંતોષી રહે તથા એ રીતે (ડ) પોતાના વેગને ક્રિયામાં મૂકે, તો એ પણ શું પહેલાના જેવો જ નહિ થાય ?

તેણે કહ્યું: હા પ્રાણના તત્ત્વનું પણ એવું જ બનશે,

ત્યારે આપણે શું એટલું ખાત્રીપૂર્વક ન કહી શકીએ, કે પૈસા તથા માનના ભૂખ્યા લોકો જ્યારે પોતે બુદ્ધિ તથા જ્ઞાનનો સાથ રાખીને તથા તેના નિયંત્રણની નીચે પોતાનાં સુખો માટે શોધ કરે, અને જે સુખોની વિવેક પરવાનગી આપે તેને માટે જ પ્રયત્ન કરે તથા તેને મેળવે, તો તેમ કરવામાં તેઓ સત્યને અનુસરે છે તેથી, તેમને મળી શકે એમ હોય તેવાં સાચ્ચાંમાં સાચ્ચાં સુખો (ઇ) વધારેમાં વધારે પ્રમાણમાં મળી રહેશે; અને જેને માટે જે શ્રેષ્ઠ હોય, તેને માટે તે સૌથી વધારે સ્વાભાવિક પણ હોય—એ ન્યાયે તેમને પોતાને જે સ્વાભાવિક છે તેવાં સુખો મળી રહેશે ?

હા, જરૂર, જે શ્રેષ્ઠ છે તે સૌથી વધારે સ્વાભાવિક છે.

અને જ્યારે સમસ્ત આત્મા ફિલસૂફીનાં તત્ત્વને અનુસરતો હોય, તથા એમાં કશા વિભાગો ન પડ્યા હોય ત્યારે (આત્માના) ભિન્ન-ભિન્ન અંશો ધર્મિષ્ઠ રહે છે, અને પ્રત્યેક (૫૮૭) પોતપોતાનું કાર્ય કરે છે, તથા જે શ્રેષ્ઠ અને સાચ્ચામાં સાચ્ચાં સુખો અનુભવવાની એમનામાં શક્તિ હોય, તે સુખો પ્રત્યેક અંશ માણે છે.*

બરાબર એમ જ.

પણ જ્યારે બીજાં બે તત્ત્વોમાંનું હરકોઈ પ્રધાનપદ ભોગવતું હોય ત્યારે એ તત્ત્વ પોતાનું (વિશિષ્ટ) સુખ સાધવામાં નિષ્ફળ

* તુચ્છ અંશનાં સુખો પણ તુચ્છ હોય છે, અને બુદ્ધિ દ્વારા બન્નેની તુચ્છતાનું આત્માને ભાન થાય, તો જ તુચ્છ અંશનાં વિશિષ્ટ સુખો બની શકે તેટલી સારી રીતે માણી શકાય, નહિ તો નહિ.

નીવડે છે, તથા જે સુખ માત્ર પડછાયા જેવું છે અને જે એમનું પોતાનું (વિશિષ્ટ સુખ) નથી તેની પાછળ ભમવાની બાકીનાં તત્ત્વોને ફરજ પાડે છે.

ખરું.

અને ફિલસૂફી તથા બુદ્ધિથી એમનું અંતર જેટલે અંશે વધારે મોટું, તેટલે અંશે એ સુખ પણ વધારે વિચિત્ર અને આભાસ જેવું હશે, ખરું ને?*

હા.

અને નિયમ તથા વ્યવસ્થાથી જે સૌથી વધારે વેગળું હોય, તે શું બુદ્ધિથી પણ સૌથી વધારે દૂર નહિ હોય?

એ સ્પષ્ટ છે.

અને આપણે જોયું તેમ, વિષયવાસનાની તથા જુલમી (ચ) ઇચ્છાઓ (બુદ્ધિથી) સૌથી વધારે વેળગી છે?

(ચ) હા.

અને રાજવી તથા વ્યવસ્થિત ઇચ્છાઓ સૌથી વધારે નજીક?

હા

ત્યારે જુલમગાર પોતાનું જીવન ખરા અને સ્વાભાવિક સુખથી વધારેમાં વધારે દૂર ગાળતો હશે, અને રાજા ઓછામાં ઓછા અંતરે?

જરૂર.

પણ જો એમ હોય, તો જુલમગાર સૌથી વધારે અ-સુખમાં રહેશે, અને રાજા સૌથી વધારે સુખી રીતે?

અચૂક.

એ બે ની વચ્ચે કેટલું અંતર છે તેનું માપ તમારે કાઢવું છે!

તમે કહો ને?

---

* મુદ્દો ૭ : રાજવી ફિલસૂફના સુખ તથા જુલમગારના નિર્ભેળ દુઃખ વચ્ચેનું અંતર.

ત્રણ જાતનાં સુખો હોય એમ દેખાય છેઃ એક ખરું અને બે (ક) ખોટાંઃ જુલમગાર એટલે સુધી જાય છે કે ખોટા સુખની હદને પણ એ ઉલ્લંઘી જાય છે; નિયમ તથા બુદ્ધિના પ્રદેશમાંથી એ નાસી છૂટેલો હોય છે, અને જે કેટલાંએક ગુલામી સુખો એના ઉપગ્રહો જેવાં છે તેની સાથે એ વસે છે; અને એની અધમતાનું માપ ઉપમા દ્વારા જ વ્યક્ત કરી શકાય એમ છે.

એટલે ?

મેં કહ્યું : મૂડીવાદીથી જુલમગાર ત્રીજે નંબરે છે એટલું હું સ્વીકારી લઉં છું; (કારણ) પ્રજાસત્તાવાદી મધ્યમાં હતો, ખરું ને ?

હા.

અને જે કંઈ ઉપર કહેવાઈ ગયું છે એમાં સત્ય હોય, તો મૂડીવાદીના સુખથી, સત્યના દૃષ્ટિબિંદુએ જે સુખની છાયા ત્રણ ગણી દૂર છે એવી છાયાને એ વરે છે !

એવીને એ વરે છે.

અને રાજવી (માનવ) કરતાં મૂડીવાદી ત્રીજો આવે છે; (ડ) કારણ કે આપણે રાજવીને પહેલો ગણીએ છીએ, અને (પછી) શિષ્ટશાસનવાદી ?

હા, એ ત્રીજો છે

ત્યારે જુલમગાર સાચ્ચા સુખથી ત્રણ ગુણ્યા ત્રણના આંકડા જેટલા અંતરે વસે છે ?*

એ સ્પષ્ટ છે.

ત્યારે જુલમગારના છાયા જેવા સુખનું લંબાઈની સંખ્યાથી માપ કાઢયું હોય, તો તે એક સપાટ આકૃતિ થશે.

જરૂર.

---

* 'ફિડ્રસ' નામના સંવાદમાં પણ રાજવી પુરુષથી જુલમગાર નવ ગણો દૂર વસે છે એમ કહ્યું છે.

અને એની સંખ્યાને ફરી ફરીને ગુણીને, સપાટમાંથી તમે ઘન આકૃતિ બનાવો, તો જુલમગાર અને રાજા વચ્ચે કેટલું વિશાળ અંતર છે એ જોવામાં કશી મુશ્કેલી નહિ નડે.

હા, એ દાખલો ગણિત જાણનાર સહેલાઈથી કરી લેશે.

અથવા કોઈ માણસ બીજે છેડેથી શરૂઆત કરે, અને સુખનાં (ફ) સત્યાસત્યની દૃષ્ટિએ, રાજા જુલમગારથી જેટલો દૂર છે તેનું અંતર માપે, તો ગુણાકાર કરી રહ્યા પછી એને માલુમ પડશે કે એ ૭૨૯ ગણો વધારે સુખી છે, અને એટલો જ દુઃખી જુલમગાર છે.

કેવી અદ્‌ભુત ગણત્રી! અને સુખ તથા દુઃખની દૃષ્ટિએ (૫૮૮) ધર્મિષ્ઠ તથા અધર્મીની વચ્ચે કેટલું મોટું અંતર છે!

મેં કહ્યું: છતાં ગણત્રી ખોટી નથી, અને એ સંખ્યાને માનવ-જીવન સાથે નજીકનો સંબંધ છે,[૧] જે માનવજીવોને દિવસો અને રાત્રિઓ તથા મહિનાઓ અને વર્ષો સાથે સંબંધ છે, તો.

તેણે કહ્યું: હા, માનવજીવનને એની સાથે અવશ્ય સંબંધ છે.

ત્યારે દુષ્ટ અને અધર્મીના કરતાં સારો અને ધર્મિષ્ઠ માણસ સુખમાં આટલો બધો ચડિયાતો હોય, તો જીવનની પાત્રતામાં તથા સૌંદર્ય અને સદ્‌ગુણમાં એની મહત્તા અનંત ગણી વધારે હશે, ખરું ને?

માપી ન શકાય એટલી વધારે.

(બ) મેં કહ્યું: વારુ, અને હવે દલીલમાં આટલે સુધી આપણે આવ્યા છીએ તો જે શબ્દો આપણને અહીં સુધી ઘસડી લાવ્યા, ત્યાં આપણે પાછા જઈએ: કોઈ શું એમ નહોતું બોલ્યું કે ધર્મિષ્ઠ હોવાની જેને પ્રતિષ્ઠા મળેલી છે, તેવા સંપૂર્ણ અધર્મીનો જે લાભ તે ધર્મ છે?

હા, એમ બોલ્યું હતું.

---

૧. વર્ષમાં દિવસ અને રાતની જેટલી સંખ્યા છે તેની નજીક લગભગ ૭૨૯ નો આંકડો આવી રહે છે.

ત્યારે હવે ધર્મ અને અધર્મનાં શક્તિ તથા ગુણ નિશ્ચિત કરવામાં આવ્યાં છે, તો આપણે જરા એની સાથે થોડી ઘણી ગોષ્ઠી કરીશું.

આપણે એને શું કહીશું ?

એના પોતાના શબ્દો એની આંખ આગળ ખડા થાય તે માટે આપણે આત્માની એક મૂર્તિ ઘડીશું.*

(ક) કઈ જાતની ?

આત્માની કલ્પિત મૂર્તિ, પ્રાચીન પુરાણ કથાઓનાં મિશ્ર અંગોવાળાં કલ્પિત પ્રાણીઓ, જેવાં કે ખીમેરા, સ્કાયલા કે સેરબેરસ+ જેવી, અને એવાં બીજાં કેટલાંયે છે જેમાં બે કે તેથી વધારે ભિન્ન ભિન્ન સ્વભાવોનું આરોપણ એક જ પ્રાણીમાં કરવામાં આવ્યું હોય.

એવાં સંયોજનો હતાં એમ કહેવાય છે ખરું.

ત્યારે હવે તમે કેટલાં યે અસંખ્ય માથાવાળા રાક્ષસની આકૃતિ ઘડો, કે જેમાં પાળેલાં તથા જંગલી તમામ જાતનાં પ્રાણીઓનાં માથાં ચક્રમાં ગોઠવ્યાં હોય, અને જાણે એ પ્રાણી એવાં માથાંને ઉગાડવા તથા એનો આકાર બદલી નાંખવાને પણ શક્તિમાન હોય.

(ડ) કલાકારમાં તમે અદ્‌ભુત શક્તિઓનું આરોપણ કરો છો; પણ મીણ કે કોઈ બીજી વસ્તુ કરતાં ભાષા વધારે મુલાયમ છે, તો તમે માગો છો તેવી આકૃતિ ભલે રહી.

---

* મુદ્દો ૮. માનવસ્વભાવનું સ્વરૂપ: પ્લેટો અહીં જે ચિત્ર દોરે છે તે આજકાલના માનસપૃથક્કરણવાદી જરૂર સ્વીકારે, માત્ર પ્લેટો દરેક અંશ ઉપર જે મૂલ્ય મૂકે છે તેના કરતાં ઊંધાંજ એ મૂકે.

+ ખીમેરા—સિંહનું માથું, બકરાનું શરીર, તથા સાપની પૂંછડીવાળું પ્રાણી; સ્કાયલા—મેસિનાની સામુદ્રધૂનીમાં એક બાજુ વમળ હતું તથા બીજી બાજુ સ્કાયલા—છ માથાવાળો રાક્ષસ હતો, અને પુરાણકથા અનુસાર કોઇ વહાણ જો એકમાંથી બચવા પ્રયત્ન કરતું, તો બીજામાં તે જરૂર સપડાઈ જતું. [જુઓ. હોમરની ઓડિસ્સી—૧૨.]

સેરબેરસ—'હેડિઝ' એટલે કે નીચલી દુનિયા કે નર્કના દ્વાર પર રહેતો ત્રણ માથાવાળો કુતરો.

હવે ધારો કે તમે એક બીજી આકૃતિ સિંહની અને ત્રીજી માણસની એવી રીતે બનાવો છો કે પહેલી કરતાં બીજી અને બીજી કરતાં ત્રીજી નાની હોય.

તેણે કહ્યું: એ કંઈક વધારે સહેલું લાગે છે; અને તમારા કહેવા મુજબ મેં એ (આકૃતિઓ) ખડી કરી છે.

અને હવે તમે એને જોડી દો, અને ત્રણે ભલે એક થઈ રહે.

એ પણ કર્યું.

ત્યાર પછી બહારના દેખાવમાં એ જાણે માણસના જેવી એક જ આકૃતિ લાગે એ રીતે એને ઘડો, કે જેથી જે અંદર જોઈ શકતો નથી, (૬) તથા જે માત્ર બહારનો જ સ્થૂળ ભાગ જુએ છે એ તો એમ જ માનશે કે એ પશુ એક સળંગ માનવપ્રાણી છે.

તેણે કહ્યું: ભલે.

અને હવે જે કોઈ એમ પ્રતિપાદન કરતું હોય કે અધર્મી થવાથી માનવપ્રાણીને લાભ મળે છે, તથા ધર્મિષ્ઠ થવાથી ગેરલાભ થાય છે, તેને આપણે જવાબ આપીશું, કે જો એનું કહેવું ખરું હોય તો આ પ્રાણી અસંખ્ય (માથાવાળા) રાક્ષસને મિજબાની આપે તથા સિંહને (૫૮૯) અને સિંહના જેવા ગુણોને બળવાન કરે, પણ (પોતામાં રહેલા) મનુષ્યને ભૂખે મારે અને નબળો કરી નાંખે, જેને પરિણામે બીજાં એમાંના હરકોઈ એકની મરજી પ્રમાણે એને (માણસને) ઘસડાવું પડે—તો તે પ્રાણી માટે એ વધારે લાભદાયક છે; અને એ ત્રણે વચ્ચે એકબીજાને પરિચય થાય કે એમની વચ્ચે મેળ સધાય એવો એણે પ્રયત્ન કરવાનો નથી – ઊલટાં તેણે તો તેમને લડવા તથા બચકાં ભરવા અને એકબીજાને ફાડી ખાવા દેવાનાં છે.

તેણે કહ્યું: અચૂક, અધર્મનું પ્રતિપાદન કરનારનું કહેવું એવું જ છે.

ધર્મને ટેકો આપનાર એવાને જવાબ વાળે છે કે પોતાનામાં જે માનવનો અંશ હોય છે તેને કોઈ ને કોઈ રીતે સમસ્ત માનવ-પ્રાણી

ઉપર સંપૂર્ણ પ્રભુત્વ મળે એ રીતે એણે હરહંમેશ (ઞ) બોલવું ચાલવું જોઈએ. એક સારા ખેડૂતની જેમ, નમ્ર ગુણોને પોષીને તથા વધવા દઈને અને જંગલી ગુણોને વધતાં અટકાવીને, એ ઘણા માથાવાળા રાક્ષસ પર ચોકી રાખ્યા કરશે, જેનું સિંહ જેવું હૃદય છે (એવા પ્રાણના તત્ત્વને) પોતાનું મિત્ર બનાવવું પડશે, અને એ તમામ માટે એકસરખી કાળજી રાખીને, ભિન્ન ભિન્ન ભાગોનો એક બીજા સાથે તથા પોતાની સાથે એને સુમેળ સાધવો પડશે.

તેણે કહ્યું: હા, ધર્મનું પ્રતિપાદન કરનાર એમ જ કહેશે.

અને આ રીતે પ્રત્યેક દૃષ્ટિબિંદુથી, પછી ભલે એ સુખનું કે (ક) પ્રતિષ્ઠાનું, કે લાભનું હોય, પરન્તુ ધર્મનો પક્ષ લેનાર ખરો છે, અને એ સાચું બોલે છે અને એનો પ્રતિપક્ષ જુઠ્ઠો તથા ખોટો તથા અજ્ઞાની છે, ખરું ને?

હા, દરેક દૃષ્ટિબિંદુથી.

હવે અહીં આવો અને (કશું નૈતિક) સ્ખલન કરવાનો જેનો ઇરાદો નથી તેવા અધર્મીને આપણે ધીમેથી સમજાવીશું. આપણે એને કહીશું 'સારા સાહેબ, જે વસ્તુઓને ઉમદા તથા જે વસ્તુઓને હીણી ગણવામાં આવે છે એ વિશેનો તમારો શો ખ્યાલ છે? જેમાં (મનુષ્યમાં રહેલું) પશુ માનવના (ડ) અધિકાર નીચે રહેલું હોય, અથવા ખરું કહીએ તો મનુષ્યમાં જે દેવ છે તેના અધિકાર નીચે રહેલું હોય તે શું ઉમદા નથી, અને જેમાં માનવ (નું તત્ત્વ) પશુના અધિકાર નીચે મૂકવામાં આવ્યું હોય, તે શું હીણું નથી? આનો ઉત્તર હ-કારમાં આપ્યા સિવાય એ ભાગ્યે જ બચી શકશે—શું એ હવે બચી શકશે?

જો એને મારા અભિપ્રાયની જરા પણ દરકાર હશે તો તો નહિ જ.

પરંતુ આટલું જો એ કબૂલ કરે તો આપણે એને એક બીજા પ્રશ્નનો જવાબ આપવા કહીશું:—ત્યારે પોતાના સૌથી વધારે ઉમદા

અંશને એણે પોતાના સૌથી વધારે ખરાબ અંશના ગુલામ તરીકે રાખવાનો છે એ શરતે જો એને સોનું અને રૂપું મળવાનું હોય, તો એમાં એ માણસને લાભ કયાંથી થાય? જે માણસ પોતાના (રૂ) પુત્ર કે પુત્રીને પૈસાની ખાતર ગુલામ તરીકે વેચી દે, અને તે પણ ખાસ કરીને ક્રૂર અને દુષ્ટ માણસના હાથમાં વેચે, પછી ભલેને એને ગમે તેટલી મોટી રકમ મળવાની હોય તોપણ એને એથી લાભ થશે એમ કોણ કલ્પી શકશે? અને જે માણસ કંઈ પણ પશ્ચાત્તાપ વગર પોતામાં રહેલું દૈવી (૫૯૦) સત્, જે સૌથી વધારે આસુરી અને ધિક્કારને પાત્ર છે એવા અંશને વેચી દે, તો તેવો માણસ દુઃખી શઠ નથી એમ કોણ કહેશે? પોતાના ધણીની જીંદગી વેચીને એરિ-ફિલીએ એક હાર લીધો, પણ આ માણસ તો ખરાબમાં ખરાબ નાશને અર્થે (હલકી) લાંચ લે છે.

ગ્લાઉકોને કહ્યું: એને બદલે હું જવાબ આપીશ: હા, અત્યંત ખરાબ નાશ.

પોતામાં રહેલા મોટા બહુરૂપી રાક્ષસને અસંયમી માણસ બહુ છૂટથી ભટકવા દે છે, તેથી પ્રાચીન કાળથી એ શું ઠપકાને પાત્ર નથી ગણાયો?

એ સ્પષ્ટ છે.

અને જ્યારે સિંહ અને સર્પનું તત્ત્વ એમનામાં હદ બહારનું (ब) વધી જાય છે અને બળવાન થઈ જાય છે, ત્યારે અહંકાર અને દુષ્ટ સ્વભાવને માટે લોકોને ઠપકો આપવામાં આવે છે, ખરું ને?

હા; અને વિલાસ તથા બાયલાપણું પણ નિન્દ્ય ગણવામાં આવે છે, કારણ કે આ એ જ પ્રાણીને ઢીલું અને નમળું કરી નાંખે છે, તથા એને બીકણ બનાવી દે છે!

સાવ સાચું.

અને જે માણસ પ્રાણવાન પશુને ઉચ્છૃંખલ રાક્ષસના અધિકાર નીચે મૂકે, અને પૈસા કે જે એને કદી (સંતોષ થાય તેટલા) પૂરતા

મળી જ શકવાના નથી, તેની ખાતર પોતાની યુવાવસ્થામાં એને કીચડમાં કચડાવા દેવાની અને સિંહ થવાને બદલે એને માંકડું * થવાની ટેવ પાડે છે, તેવા માણસને ખુશામત તથા હલકટપણાની ખાતર શું ઠપકો આપવામાં નથી આવતો ?

(ક) તેણે કહ્યું: ખરું.

અને ક્ષુદ્ર ધંધાઓ તથા મજૂરની કળાઓને શા માટે હલકી ગણવામાં આવે છે ? કારણ એટલું જ કે એ ઉચ્ચતર તત્ત્વની નબળાઈ સૂચવે છે; પોતામાં રહેલાં પ્રાણીઓને કાબુમાં રાખવા જેટલી એ માણસમાં શક્તિ નથી; પણ ઉલટી એની વિનવણી કરે છે, તથા એમની કઈ રીતે ખુશામત કરવી એ જ એનો મુખ્ય અભ્યાસનો વિષય બની રહે છે.

એવું કંઈક કારણ દેખાય છે ખરું.

અને તેથી શ્રેષ્ઠ લોકોમાં હોય છે તેવા શાસન નીચે એને મૂકવાની આપણને ઇચ્છા થાય છે, અને આપણે કહીએ છીએ કે જેનામાં (ડ) દૈવી અંશનું શાસન હોય તેવાના એણે સેવક થવું જોઇએ; અને તે પણ ગ્રેસિમેકસ ધારતા હતા તેમ, સેવકના નુકસાનની ખાતર નહિ,× પણ એટલા જ માટે કે પોતામાં રહેલા દૈવી વિવેકથી બધા પોતાનું શાસન થવા દે; અથવા આ જો અશક્ય હોય તો પછી શક્ય હોય તેટલે અંશે આપણે બધા એક જ બંધારણ નીચે મિત્રો અને સરખેસરખા થઈને રહીએ તે ખાતર બાહ્ય અધિકારથી આપણું શાસન થાય તો તેમાં શ્રેય જ છે.

---

* સરખાવો નીચે પરિ. ૧૭ જ્યાં થર્સાઇટસ પુનર્જન્મે વાનર થવાનું પસંદ કરે છે. બૌદ્ધમતે ચિત્તની અમુક સ્થિતિને માંકડાની સાથે સરખાવી છે– જુઓ Buddhist Psychology: Mrs. Rhys Davids quoting Sutta Nipáta:

"They grasp, they clutch, then loose their hold again,
As monkey gripping bough, then letting go."

× મુદ્દો ૯, ગ્રેસિમેકસને છેવટનો જવાબ.

(ફ) અને જે કાયદો સમસ્ત નગરરાજ્યનો મિત્ર છે, તેનો હેતુ આ છે એમ સ્પષ્ટ દેખાય છે; અને બાળકો ઉપર આપણે જે અધિકાર ચલાવીએ છીએ તેમાં અને રાજ્યના બંધારણમાં રહેલો છે તેના જેવો સિદ્ધાન્ત લોકોએ પોતાનામાં સ્થાપ્યો ન હોય, ત્યાં સુધી તેમને સ્વતંત્ર થવા દેવાની મનાઈ કરવામાં પણ કાયદાનો આ જ હેતુ (૫૮૧) રહેલો દેખાય છે; અને આ ઉચ્ચતર તત્ત્વના વિકાસ દ્વારા તેમના હૃદયમાં આપણા જેવા જ શાસનકર્તા અને પાલકની સ્થાપના થશે અને આ કાર્ય સંપૂર્ણ થશે, ત્યાર પછી જ એમને પોતપોતાને માર્ગે જવાની સ્વતંત્રતા આપવામાં આવશે.

તેણે કહ્યું: હા કાયદાનો હેતુ સ્પષ્ટ છે.

ત્યારે કયા દૃષ્ટિબિંદુથી અને શા આધારે આપણે એમ કહો શકીએ કે જેને લીધે પોતે વધારે દુષ્ટ થાય છે, તે અધર્મ અથવા અસંયમ કે બીજું હલકટપણું માણસને લાભકારક છે, પછી ભલે પોતાની દુષ્ટતાથી એ પૈસા કે સત્તા મેળવતો હોય?

એક પણ દૃષ્ટિબિન્દુથી નહિ.

એના અધર્મની કોઈને જાણ થાય નહિ, અને એ શિક્ષામાંથી બચી જાય, તોપણ એથી એને શો લાભ? * (બ) જે કોઈ બચી જવા પામે છે, તે માત્ર વધારે જ દુષ્ટ થાય છે, જ્યારે જે પકડાઈ જાય છે, અને જેને શિક્ષા થાય છે, તેના સ્વભાવનો પાશવ અંશ શાંત થાય છે. અને તેનામાં માનવતા ઉગે છે; એનામાં રહેલું સૌમ્ય તત્ત્વ મુક્ત થાય છે; અને જેટલે અંશે શરીરના કરતાં આત્મા વધારે સત્કારને યોગ્ય છે, તેટલા પ્રમાણમાં, સૌંદર્ય બળ તથા આરોગ્યનાં વરદાન મળવાથી શરીર કદી પણ થઈ શકે તેના કરતાં, ધર્મ અને સંયમ, તથા વિવેકની પ્રાપ્તિથી એનો આખોય આત્મા વધારે પૂર્ણ અને છે, અને ઉદાત્ત થાય છે.

* Cf. 'Gorgias' where both the theories of Reformative and Deterent Punishment are explicitly mentioned.

તેણે કહ્યું: જરૂર,

(ક) આ ઉચ્ચતર હેતુની સાધનામાં, બુદ્ધિવાન માણસ પોતાના જીવનની શક્તિઓનો દૃઢ ભક્તિથી ઉપયોગ કરશે. અને બીજું કશું કરતાં પહેલાં, જે અભ્યાસના વિષયો દ્વારા પોતાના આત્મા ઉપર આ ગુણોની છાપ પાડી શકાય તેવા વિષયોનો એ સત્કાર કરશે, અને બીજાની ઉપેક્ષા કરશે,+ ખરું ને?

તેણે કહ્યું: એ સ્પષ્ટ છે.

બીજું—પોતાની શારીરિક ટેવ અને શિક્ષણને એ વ્યવસ્થિત કરશે, અને પાશવ તથા બુદ્ધિનાં વિરોધી સુખો આગળ નમતું આપવાથી તો એટલો દૂર રહેશે કે શારીરિક આરોગ્યને પણ એ તદ્દન ગૌણ ગણશે; પોતે સરસ અથવા મજબૂત (ડ) કે તંદુરસ્ત થાય એ એનો પ્રથમ હેતુ નહિ રહે, સિવાય કે એ દ્વારા પોતે સંયમી થઈ શકતો હોય એટલે કે પોતાના શરીરને એ રીતે બીલવવા એ હરહંમેશ ઇચ્છા રાખશે કે જેથી આત્માનો સંવાદ જળવાઈ રહે, કેમ ખરું ને?

જરૂર, એનામાં જો સાચ્ચું સંગીત* હશે, તો એ એમ કરશે.

અને પૈસો પેદા કરવામાં જે વ્યવસ્થા અને સંવાદનો સિદ્ધાન્ત છે તેનું પણ એ પાલન કરશે; દુનિયાની મૂર્ખ પ્રશંસાથી પોતાની જાતને એ અંજાવા નહિ દે, તથા પોતાને અપાર હાનિ થાય એ રીતે ધનનો સંચય નહિ કરે?

તેણે કહ્યું: જરૂર નહિ.

(ઇ) પોતામાં જે નગરરાજ્ય રહેલું છે તેના તરફ એ નજર રાખશે, અને અતિરેક કે ઊણપમાંથી પેદા થાય છે, તેવી ગેરવ્યવસ્થા ન થવા પામે તેની એ સંભાળ રાખશે; અને આ સિદ્ધાન્ત અનુસાર પોતાની માલમતા તથા નફાનું નિયમન કરશે કે પોતાના ગજા પ્રમાણે ખર્ચ કરશે.

+ મુદ્દો ૧૦ : પ્લેટોની ફિલસૂફીમાં રહેલાં ત્યાગ અને તપનાં તત્ત્વ.

* Music સંગીત તેમજ માનસિક કેળવણી.

સાવ સાચું.

અને એ જ કારણસર જે માનમરતબાને લઈને (૫૯૨) પોતે વધારે સારો માણસ થશે એમ એને લાગે, તેવાં માન એ ખુશીથી સ્વીકારશે, અને એમાં આનંદ લેશે, પણ જેને લીધે પોતાનું જીવન અવ્યવસ્થિત થવાનો સંભવ હોય તેવાં માનનો—પછી એ જાહેર હોય કે ખાનગી—પણ ત્યાગ કરશે?

ત્યારે એવો જ જો એનો હેતુ હોય તો એ રાજદ્વારી પુરુષ નહિ થાય.

ઇજીપ્તના કૂતરાના સમ ખાઈને કહું છું કે એ થશે જ! એનું પોતાનું જે નગરરાજ્ય છે એમાં તો એ અવશ્ય થશે, જો કે પોતાની જન્મભૂમિમાં કદાચ એ નહિ થાય, સિવાય કે એને દૈવી નિમંત્રણ આપવામાં આવ્યું હોય!

હું સમજ્યોઃ તમારા કહેવાનો ભાવાર્થ એ છે કે જે નગરરાજ્યની આપણે સ્થાપના કરી રહ્યા છીએ અને જે નગરરાજ્ય માત્ર વિચારના પ્રદેશમાં જ અસ્તિત્વ ધરાવે છે, (બ) તેનો એ શાસનકર્તા થશે; કારણ હું નથી માનતો કે એવું રાજ્ય પૃથ્વી પર કોઈ પણ ઠેકાણે હયાતીમાં હોય!

મેં જવાબ આપ્યોઃ હું માનું છું કે સ્વર્ગમાં એનો નમૂનો ધડેલો તૈયાર છે, જે કોઈની ઇચ્છા હોય તે પોતે નીરખી શકે છે અને નીરખીને પોતાના ઘરને વ્યવસ્થિત કરી શકે છે[1] પરંતુ (સત્ય તો એ છે કે) એવું (નગર રાજ્ય) હયાત હોય કે ભવિષ્યમાં કદી વસ્તુતઃ અસ્તિત્વમાં આવે એ બાબત જ ગૌણ છે; કારણ તેવો માણસ તો એ નગરરાજ્યની રીત પ્રમાણે જ જીવન ગાળશે, અને બીજા કોઈ પણ (રાજ્ય) ની સાથે એને કશી લેવાદેવા નહિ હોય.

તેણે કહ્યુંઃ હું એમ માનું છું.

---

૧. અથવા 'તેને પોતાનું નિવાસસ્થાન કરી શકે છે.'

* જુઓ: ૩ : ૩૬૯-૬ અને ૮ : ૫૬૭-૬,

પરિચ્છેદ ૧૦

(૫૬૫) પૂરો વિચાર કર્યા બાદ આપણા રાજ્યની વ્યવસ્થામાં જે ઘણી વિશિષ્ટતાઓ હું જોઉં છું, તેમાંની કાવ્ય વિશેના નિયમ સિવાયની એકે ય મને વધારે રસપ્રદ લાગતી નથી.*

તમે શાનો ઉલ્લેખ કરો છો ?

જેનો આપણે અવશ્ય કદી સ્વીકાર કરવો ન જોઈએ તેવાં અનુકરણાત્મક કાવ્યોના નિષેધનો; કારણ હવે આત્માના પ્રત્યેક (ब) અંશની ઓળખ આપવામાં આવી છે, તેથી હું અત્યંત સ્પષ્ટતાથી એ જોઈ શકું છું.

એટલે ?

ખાનગીમાં કહું તો,—કારણ કરુણરસપ્રધાન નાટકોના લેખકો તથા બાકીના અનુકરણ કરનાર લોકો સમક્ષ મારા શબ્દો ફરીથી ઉચ્ચારાય તો મને ગમે નહિ—પરંતુ તમને કહેવામાં મને કશો વાંધો નથી કે કવિત્વથી ભરેલાં અનુકરણો સાંભળનારની બુદ્ધિનો હ્રાસ થાય છે અને માત્ર જેનું અનુકરણ કરવામાં આવે છે તેનાં ખરાં સ્વરૂપનાં જ્ઞાન વડે જ અનુકરણનો પ્રતિકાર થઈ શકે છે.

તમારાં વિધાનનો અર્થ સમજાવો.

વારુ, હું કહું છું—જો કે ઠેઠ મારી યુવાવસ્થાની શરૂઆતથી હોમર પ્રત્યે મને પ્રેમ અને માન છે + જેને લઈને અત્યારે પણ શબ્દો બહાર કાઢતાં મારા ઓઠ થોથવાય છે, કારણ (क) કે તમામ કરુણરસપ્રધાન આકર્ષક લેખકોનો એ મહાન નેતા તથા શિક્ષક છે; પરંતુ સત્ય કરતાં વ્યક્તિને કદી વધારે માન આપવું ન જોઈએ અને

---

* મુદ્દો ૧. કલાનું સ્વરૂપ.

+ સરખાવો ઉપર ૩૯૧–અ

તેથી હું બેલીશ જ.*

તેણે કહ્યું: ઘણું સારું.

ત્યારે મારું કહેવું સાંભળો, અથવા તો—મને જવાબ આપો.

પ્રશ્ન પૂછો.

અનુકરણનો અર્થ તમે મને કહેશો? કારણ, મને ખરેખર ખબર નથી.

તો શું મને ખબર હોય એ સંભવિત છે!

(૫૯૬) કેમ નહિ? કારણ તીક્ષ્ણ દૃષ્ટિવાળાના કરતાં મંદ દૃષ્ટિવાળો વસ્તુને ઘણી વાર જોઈ શકે છે.

તેણે કહ્યું: સાવ સાચું; પરન્તુ મને એનો ઓછો ખયાલ હોય તો પણ તમારી હાજરીમાં એ કહી નાખવાની હિંમત ચાલતી નથી. તમે પોતે જ પરીક્ષણ કરોને?

વારુ, ત્યારે આપણી સામાન્ય પદ્ધતિ અનુસાર જ આપણે નિરૂપણની શરૂઆત કરીશું: જ્યારે જ્યારે સંખ્યાબંધ વસ્તુઓને સામાન્ય નામ લાગુ પડતું હોય ત્યારે ત્યારે તે વસ્તુઓને અનુરૂપ એક 'તત્ત્વ' કે "રૂપ" × હોય છે એમ આપણે સ્વીકારીએ છીએ;—તમે મારો કહેવાનો ભાવાર્થ સમજો છો ને?

સમજું છું.

આપણે ગમે તે એક સાદો દાખલો લઈએ; દુનિયામાં (ब) કેટલાયે ખાટલા-ટેબલ હોય છે—ઘણાં ય બધાં, શું નથી હોતાં?

હા.

પરંતુ એનાં તત્ત્વ કે રૂપ તો માત્ર બે જ છે—એક ખાટલાનું તત્ત્વ, બીજું ટેબલનું.

---

* પ્લેટોના સિદ્ધાન્તોની ટીકા કરતાં એરિસ્ટોટલે કહ્યું કે 'પ્લેટો મને વહાલો છે, પણ સત્ય વધારે વહાલું છે!' સરખાવો 'સોફિસ્ટ' ૨૪૬, તથા ઉપર ૫૦૦-બ.

× જુઓ ઉપર ૪૦૨. 'First draft'—Realism in Logic.

ખરું.

અને એનો ઘડનાર તે તત્ત્વને અનુરૂપ, આપણા ઉપયોગ માટે, ખાટલો ઘડે છે અથવા ટેબલ બનાવે છે—આ અને આના જેવાં બીજાં ઉદાહરણોમાં આપણે આ રીતે જ બોલીએ છીએ—પરંતુ કોઈ પણ (પાર્થિવ વસ્તુનો) ઘડનાર તત્ત્વોને પોતાને સર્જતો નથીઃ સર્જી જ કેમ શકે?

અશક્ય.

વળી એક બીજો પણ ઘડનાર છે—એને વિશે તમે શું કહો તે જાણવાનું મને મન છે.

(ક) એ કોણ?

બીજા તમામ કારીગરોના નમૂનાઓને જે ઉત્પન્ન કરી શકે છે તે.

કેવો અદ્‌ભુત માણસ!

ઉતાવળા ન થાઓ, અને તમારા આ શબ્દો માટે તમને વધારાનું કારણ મળી રહેશે. કારણ જે માત્ર દરેક જાતનાં વાસણ બનાવી શકે એટલું જ નહિ પણ ઝાડપાન તથા પ્રાણીઓ, પોતે તથા બીજી તમામ વસ્તુઓ—પૃથ્વી અને સ્વર્ગ, તથા સ્વર્ગમાં કે પૃથ્વી નીચે જે વસ્તુઓ છે તેને પણ સર્જી શકે એવો આ છે; એ તો દેવોને પણ સર્જે છે!

(ડ) ત્યારે તો અચૂક એ કોઈ જાદુગર હોવો જોઈએ.

અરે! તમને વિશ્વાસ નથી બેસતો ખરું ને? તમે શું એમ માનો છો કે એવો કોઈ જ ઘડનાર કે સર્જનહાર નથી, અથવા તો અમુક અર્થમાં લઈએ તો આ તમામ વસ્તુઓને ઘડનાર હોઈ શકે પણ બીજા કોઈ અર્થમાં નહિ? તમે જાતે એ તમામ વસ્તુઓ સર્જી શકો એવી રીત છે એની તમને ખબર પડે છે?

કઈ રીત?

તદ્દન સહેલી રીત; અથવા તો એ પરાક્રમ જલદી અને સહેલાઈથી થઈ શકે એવા ઘણાયે રસ્તા છે, દર્પણને ચારે તરફ ફેરવ્યું હોય એના કરતાં બીજી ઝડપવાળી રીત તો નથી જ—બહુ જ (ઇ) જલદીથી

તમે સૂર્ય અને આકાશ, પૃથ્વી તથા અમારી પોતાની જાત, અને પ્રાણીઓ તથા ઝાડપાન તથા આપણે હમણાં જે વિશે વાત કરતા હતા તે બીજી તમામ વસ્તુઓ દર્પણમાં સર્જી શકો.

તેણે કહ્યું: હા, પણ એ તો માત્ર આભાસો છે.

મેં કહ્યું: ઘણું સારું, તમે હવે મુદ્દા પર આવતા જાઓ છો; અને મારા ખ્યાલ પ્રમાણે ચિત્રકાર પણ એવો જ એક બીજો— આભાસોનો સર્જનહાર છે, શું એ નથી?

અલબત્ત.

પણ હું કલ્પું છું તે અનુસાર તમે તો એમ કહેશો કે એ જે સર્જે છે તે અસત્ય છે, અને છતાં અમુક અર્થમાં તો ચિત્રકાર પણ ખાટલાને સર્જે છે.

તેણે કહ્યું: હા, પરંતુ સાચ્ચો ખાટલો નહિ.

(૫૯૭) અને જે માણસ ખાટલો ઘડે છે તેનું શું? તમે શું એમ કહેતા નહોતા કે, આપણા દૃષ્ટિબિંદુ અનુસાર, જે તત્ત્વ ખાટલાનું રહસ્ય છે તે નહિ, પણ એક માત્ર ખાટલો જ એ બનાવે છે?

હા, મેં કહ્યું હતું.

ત્યારે જે ખરેખરું અસ્તિત્વ ધરાવે છે એને જો એ સર્જી શકતો ન હોય, તો સત્ય અસ્તિત્વને નહિ પરંતુ માત્ર અસ્તિત્વના કોઈ આભાસને જ એ સર્જી શકશે; અને જો કોઈ માણસ એમ કહે કે ખાટલા ઘડનારની કે બીજા કોઈ કારીગરની કૃતિ ખરેખરું અસ્તિત્વ ધરાવે છે, તો એ સત્ય બોલે છે એમ ભાગ્યે જ કહી શકાશે.

તેણે જવાબ આપ્યો: કોઈ નહિ તોપણ ફિલસૂફો એમ કહેશે કે એ સાચું બોલતો નથી.

તો પછી એના નમૂનામાં સત્યનો અવિર્ભાવ ઓછો થતો હોય તો નવાઈ નહિ.

(બ) કશી નવાઈ નહિ.

જે દાખલાઓ હમણાં જ આપવામાં આવ્યા છે તેની દૃષ્ટિએ ધારો કે આપણે પ્રશ્ન કરીએ કે આ અનુકરણ કરનાર કોણ છે?

ભલે, તમારી મરજી.

વારુ, ત્યારે અહીં ત્રણ ખાટલાઓ પડ્યા છે; એક વિશ્વમાં (in nature) અસ્તિત્વ ધરાવે છે તે, આપણે કહી શકીએ કે જેને ઈશ્વરે સર્જ્યો છે—કારણ બીજો કોઈ તો એનો સર્જક હોઈ ન શકે.

ના.

એક બીજો તે સુતારની કૃતિ છે?

હા.

અને ત્રીજો ચિત્રકારની કૃતિ છે?

હા.

ત્યારે ત્રણ જાતના ખાટલાઓ થયા, અને તેના પર ત્રણ કારીગરો અધિકાર ભોગવે છે; ઈશ્વર, બીજો ખાટલાનો ઘડનાર અને ત્રીજો તે ચિત્રકાર—ખરું ને?

હા, એ ત્રણ ખરા.

(ક) ઈશ્વરે કાં તો પોતાની ઇચ્છાનુસાર કે કાં તો આવશ્યકતાને લઈને* વિશ્વમાં એક ખાટલો કર્યો, અને તે એક જ; એ અથવા તેથી વધારે એવા આદર્શ ખાટલાઓ કદી હતા નહિ, તેમ ઈશ્વર કદી કરશે પણ નહિ,

એમ શાથી?

કારણ એ જો માત્ર બે જેટલાય બનાવે, તો એ બેની પાછળ વળી ત્રીજો કૂટી નીકળે, જે એ બંનેના તત્ત્વનું સ્થાન લે, અને તો પેલા બે નહિ પણ પેલો ત્રીજો એ આદર્શ ખાટલો થશે. +

---

* એટલે કે પ્રમાણગત આવશ્યકતાનું સ્થાન ઈશ્વરથી ઊંચું છે.

× અનવસ્થા દોષ, The argument of "Tritos Anthropos."

તેણે કહ્યું: સાવ સાચું.

(ડ) ઈશ્વરને આની ખબર હતી, અને એને સાચ્ચા ખાટલાના સાચ્ચા સર્જક થવું હતું, નહિ કે કોઈ અમુક ખાટલાના વિશિષ્ટ સર્જક, અને તેથી એણે એવો ખાટલો સર્જ્યો કે જે સ્વરૂપતઃ (by nature)અને તત્ત્વતઃ (essentially) એકમાત્ર હોઈ શકે×

આપણે એમ માનીએ છીએ ખરા.

ત્યારે શું આપણે સ્વાભાવિક રીતે એને કર્તા કે ખાટલાનો સર્જક નહિ કહીએ ?

તેણે જવાબ આપ્યો; હા, કારણ કે સર્જનના સ્વાભાવિક વ્યાપારની રૂએ (by the natural process of creation) તે આનો તથા બીજી તમામ વસ્તુઓનો કર્તા છે.

અને સુતાર વિશે આપણે શું કહીશું—શું એ પણ ખાટલાનો કર્તા નથી ?

છે.

પરંતુ તમે ચિત્રકારને સર્જન અને કર્તા કહેશો ?

અવશ્ય નહિ.

પરંતુ જો એ સર્જન કરનાર નથી, તો ખાટલાની દૃષ્ટિએ એ શું છે ?

(ઢ) તેણે કહ્યું: હું ધારું છું કે આપણે એને ' બીજાઓ–જે–બનાવે–છે–તેનું–અનુકરણ–કરનાર ' એવું ઉપનામ ખુશીથી આપી શકીએ.

મેં કહ્યું: સારું; ત્યારે મૂળ વસ્તુથી ઉતરતો જેનો નંબર ત્રીજે આવે છે તેને અનુકરણ કરનાર કહો છો.

તેણે કહ્યું: જરૂર.

અને કરુણરસનો કવિ અનુકરણ કરનારો છે, અને તેથી

× જુઓ ઉપર ફુટનોટ ૫૮૫ ક

બીજા અનુકરણ કરનારાઓની માફક એ રાજાથી અને સત્યથી ત્રણ-ગણો વેગળો છે ખરું ને? *

એમ લાગે છે ખરું.

ત્યારે અનુકરણ કરનારના સ્થાન વિશે આપણે સંમત છીએ. અને ચિત્રકાર વિશે શું? (૫૬૮) જે વિશ્વમાં સનાતન કાળથી અસ્તિત્વ ધરાવે છે એનું કે પછી માત્ર કલાકારોની બીજી કૃતિઓનું અનુકરણ કરતો એને લેખવો જોઈએ—એ મારે જાણવું છે.

તમે પાછળથી કહ્યું તે.

તે જેવાં છે તેવાં કે આભાસમાં દેખાય છે તેવાં?—તમારે હજી આનો નિર્ણય કરવાનો છે.

એટલે?

મારો કહેવાનો અર્થ એ છે કે તમે ખાટલાને ભિન્ન ભિન્ન દૃષ્ટિકોણથી જોઈ શકો—તીરછી રીતે, સીધેસીધા કે બીજા કોઈ દૃષ્ટિકોણથી, અને ખાટલો (તે અનુસાર) જુદો દેખાશે, પરંતુ તત્ત્વતઃ કંઈ ભેદ પડતો નથી, અને તમામ વસ્તુઓમાં આ પ્રમાણે બને છે. ×

તેણે કહ્યું: હા, ભેદ માત્ર આભાસ પૂરતો જ છે.

(ચ) હવે મને બીજો પ્રશ્ન પૂછવા દો; ચિત્રની કલા ખરેખર કેવી છે—વસ્તુઓ જેવી છે તેવીનું કે તેઓ જેવી દેખાય છે તેવીનું—આભાસનું કે વાસ્તવિકતાનું અનુકરણ છે?

આભાસનું.

મેં કહ્યું: ત્યારે તો અનુકરણ કરનાર સત્યથી કેટલોય વેગળો છે, અને એ બધી વસ્તુઓને ઉપજાવી શકે છે કારણ કે તેના અલ્પ

---

* જુઓ પ્લેટોનો સંવાદ-નામે 'આયોન'-૫૩૫.

× એટલે કે આધુનિક ચિત્તવિજ્ઞાનના સિદ્ધાન્તાનુસાર આપણા અનુભવના પ્રવાહમાંથી બાહ્ય જગત વિશેનો ખયાલ જે ઇન્દ્રિય પ્રત્યક્ષરૂપે બંધાય છે એ સત્યથી પ્લેટો વાકેફ હતો

અંશને ઉપર ટપકે એ માત્ર સ્પર્શે છે, અને તે અંશ પણ એક પ્રતિકૃતિ જ હોય છે. ઉદાહરણ તરીકેઃ ચિત્રકારને મોચી, સુતાર, કે બીજા કોઈ કારીગરની કળાનું (ક) કશું જ્ઞાન ન હોય તોપણ એને તે આલેખશે; અને જો એ સારો કલાકાર હશે, તો સુતારનું ચિત્ર દૂરથી દેખાડીને એ બાળકોને અથવા સામાન્ય લોકોને છેતરી શકશે અને તેઓને એમ લાગશે કે પોતે ખરા સુતારને જ જુએ છે.

૭૩૨.

અને જ્યારે જ્યારે કોઈ આપણને એમ કહે કે એને એવો માણસ મળી આવ્યો છે કે જે તમામ કલાઓ તથા બીજાઓ જાણી શકે તેવી બીજી બધી વસ્તુઓ અને વળી બીજો કોઈ માણસ દરેક દરેક વસ્તુને જાણી શકે (ડ) તેના કરતાં વધારે ચોકસાઈથી જાણે છે—જે કોઈ આપણને આમ કહેશે તેને વિશે હું માનું છું આપણે એવો ખયાલ બાંધીશું કે એ બિચારાને કોઈ જાદુગર કે નાટકનો નટ મળ્યો હશે જેને એણે સર્વજ્ઞ માની લીધો અને સંભવ છે કે એનાથી એ છેતરાઈ ગયો. કારણ એના પોતાનામાં જ્ઞાન, અજ્ઞાન તથા અનુકરણના સ્વરૂપનું પૃથક્કરણ કરવાની શક્તિ નહોતી.

તદ્દન સાચું.

અને તેથી,* જ્યારે લોકોને આપણે એમ કહેતાં સાંભળીએ કે કરુણરસપ્રધાન નાટકોના લેખકોને તથા તેમના અગ્રસ્થાને રહેલા હોમરને તમામ કળાઓ અને મનુષ્યને લગતી બધી બાબતોનું, (ઢ) સદ્‌ગુણ તેમજ દુર્ગુણનું અને દૈવી બાબતોનું પણ જ્ઞાન છે, કારણ કે પોતાના વિષયનું જ્ઞાન ન હોય, તો સારો કવિ સારું લખી શકતો નથી, તથા જેનામાં આ (પ્રકારનું) જ્ઞાન નથી એ કદી કવિ થઈ શકતો નથી,—ત્યારે અહીં પણ એ જ પ્રકારની ભયંકર ભૂલ તો થતી નથી એ વિશે આપણે વિચાર કરવાની જરૂર છે. કદાચ એમ પણ

× મુદ્દા ૨. કવિઓ પર આક્ષેપો. જુઓ ઉપર પરિ-૨ મુદ્દો ૪; પરિ-૩-મુદ્દો ૧-૨

બન્યું હોય, કે અનુકરણ કરનારાઓ સાથે એમનો ભેટો થઈ ગયો હોય અને એમનાથી તેઓ ઠગાયા હોય; તેમની (૫૬૯) કૃતિઓ જ્યારે એમણે જોઈ, ત્યારે સત્યથી તે ત્રણગણી વેગળી હતી તથા તે વસ્તુઓમાં કશી વાસ્તવિકતા નહોતી, પણ એ માત્ર આભાસો હતા એ કારણે સત્યના કશા પણ જ્ઞાન સિવાય એ સર્જાઈ હતી તે બાબત એમના લક્ષમાં ન પણ રહી હોય અથવા કદાચ તેઓ ખરા હોય, અને જે બાબતો વિશે કવિઓ બહુ જ સરસ રીતે વાત કરી શકે છે એમ ઘણાને લાગે છે તેનું કવિઓને ખરેખરું જ્ઞાન હોઈ પણ શકે?

તેણે કહ્યું: આ પ્રશ્ન અવશ્ય છણાવો જોઈએ.

ત્યારે હવે તમે શું એમ માનો છો કે કોઈ માણસને મૂળ વસ્તુ તેમ જ તેની પ્રતિકૃતિ બનાવતાં આવડતી હોય, તો પ્રતિકૃતિઓના સર્જનની શાખાને શું એ ગંભીર થઈને વળગી રહેશે? જાણે પોતામાં કશી ઉચ્ચતર શક્તિ ન હોય, એ રીતે અનુકરણને પોતાના જીવનના નિયામક (બ) સિદ્ધાન્ત તરીકે શું એ સ્વીકારશે?

મારે કહેવું જોઈએ કે નહિ જ.

જો સાચ્ચા કલાકારને પોતે શાનું અનુકરણ કરે છે એનું જ્ઞાન હશે તો એને અનુકરણોમાં નહિ પણ જે વસ્તુ ખરેખરું અસ્તિત્વ ધરાવતી હશે તેમાં જ રસ પડશે; અને પોતાના સ્મારક તરીકે ઘણી બધી સાચ્ચે સાચ્ચી સુન્દર કૃતિઓ મૂકી જવાની એને ઇચ્છા થશે; તથા પારકાની પ્રશંસા કરનાર થવાને બદલે પોતે પ્રશંસાનો વિષય થવાનું પસંદ કરશે.

તેણે કહ્યું: હા, એ વધારે મોટા માન અને લાભનું મૂળ થઈ પડશે.

મેં કહ્યું: ત્યારે આપણે હોમરને પૂછવું પડશે;* (અને તે પણ) આયુર્વેદ કે કળાઓમાંની બીજી કોઈ—જેનો માત્ર આનુષંગિક (ક)

* Cf. Carlyle's Reply on "Uses of Dante."

રીતે તેનાં કાવ્યોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એને વિશે નહિ; આપણે કંઈ એને અથવા બીજા કોઈ કવિને એમ પૂછવાના નથી કે ભાઈ! તમે એસ્લેપિયસની માફક દરદીઓને સાજા કર્યા છે, કે એસ્લેપિયસ ભાઈઓની જેમ આયુર્વેદની એકે શાખા પાછળ મૂકતા ગયા છો, કે પછી બીજા કોઈકની પાસેથી સાંભળીને આયુર્વેદ તથા બીજી કળાઓની માત્ર તમે વાતો જ કરો છો; (આવા પ્રશ્નો એમને ન પૂછીએ તોપણ) લશ્કરી વ્યૂહવિદ્યા, રાજકારણ, કેળવણી જેવા વિષયો જે એનાં કાવ્યોમાં ઉત્તમોત્તમ છે (ડ) તથા સૌથી પ્રધાનપદે આવેલા છે તે વિશે આપણને જાણવાનો હક્ક છે જ, અને તે બાબત આપણે એને ખુશીથી પૂછી શકીએ. પછી આપણે એને પૂછીશું, "મિત્ર હોમર, સદ્‌ગુણ વિશે તમે જે કંઈ કહો છો તેમાં તમે સત્યથી ત્રીજા પગથિયે નહિ પણ જો માત્ર બીજા પગથિયા જેટલા દૂર હો—અનુકરણ કરનાર કે પ્રતિકૃતિ બનાવનાર ન હો—અને ખાનગી કે જાહેર જીવનમાં કયા વ્યવસાયો માણસોને વધારે સારા કે વધારે ખરાબ કરે છે તે દિશામાં જો તમારી દૃષ્ટિ પહોંચતી હોય, તો તમારી મદદથી કયા રાજ્યનું વધારે સારું શાસન થયેલું એ અમને કહો? લેસિડિમોનિયાની સુવ્યવસ્થા (ઇ) લાયકરગસને આભારી હતી; અને નાનામોટાં બીજાં અનેક નગરરાજ્યોને બીજાઓથી એ રીતે લાભ થયો છે; પરંતુ તમે રાજ્યો માટે સારા કાયદા ઘડ્યા છે તથા એમનું કથું ભલું કર્યું છે એમ કોણ કોઈ કહે છે? ઇટલી તથા સિસિલી ખારોન્ડાસનાં બણગાં ફૂંકે છે અને આપણામાં સોલન સુવિખ્યાત છે. પણ એકેય નગરરાજ્ય તમારા વિશે કશું કંઈ બોલે છે?'—તો તેના જવાબમાં એવું એક પણ નગરરાજ્ય છે જેનું એ નામ આપી શકશે?

ગ્લાઉકોને કહ્યું હું માનતો નથી; હોમરના અનુયાયીઓ પોતે પણ એવો દાવો કરતા નથી કે એ કાયદા ઘડનાર હતો.

(૬૦૦) વારુ, વળી એ જીવતો હતો, ત્યારે એની સલાહની મદદથી કે પછી એણે પોતે એક પણ લડાઈ ફતેહમંદ રીતે પાર

ઉતારી હોય એવો દાખલો છે?

નથી.

અથવા માઇલેશિયાના વતની થેલિસ કે સિથિયાના વતની એનાખાસિસ તથા બીજા બુદ્ધિશાળી માણસોએ જેવી શોધો કરી છે, તેવી માનવજીવનને અથવા કળાઓને લાગુ પાડી શકાય એવી કોઈ શોધ એને નામે જમા છે ખરી?

એવું કશું જ નથી.

વળી હોમરે કદી કશી જાહેર સેવા કરી નહોતી તો કોઈનો શું એ ખાનગી શિક્ષક કે માર્ગદર્શક હતો? પિથાગોરાસના જ્ઞાનને માટે લોકો (ઘ) એને અત્યંત ચાહતા હતા, અને જેના નામ પાછળ એના સંઘનું નામ પડ્યું તે સંઘને લઈને જેના અનુયાયીઓ આજે પણ સુવિખ્યાત છે તે પિથાગોરાસે જેમ જીવનની અમુક પ્રણાલિકા સ્થાપી, તેમ હોમરની જીંદગી દરમિયાન એના સહવાસના ભૂખ્યા એવા મિત્રો શું હતા કે જેમણે ભવિષ્યની પ્રજા માટે હોમેરિક જીવન–પ્રણાલિકા પાછળ મૂકી હોય?

એવું કશું એના નામે નથી. કારણ નહિ તો સોક્રેટિસ, લોકવાયકા પ્રમાણે હોમર જીવતો હતો ત્યારે એના પોતાના જ વખતમાં ક્રિયોફિલસ તથા બીજાઓ હોમર પ્રત્યે અત્યંત બેદરકાર રહેલા, એ જો ખરું હોય, તો તો અવશ્ય ક્રિઓફિલસ, જે હોમરનો સોબતી હતો અને એ કંઈ સાધુસન્ત નહોતો, તથા જેના નામ માત્રથી આપણને હંમેશાં હસવું આવે છે, (ક) તો એ હોમર તરફ બેદરકાર રહ્યો તે મૂર્ખાઈ માટે જો એને ઉપહાસને પાત્ર ગણવામાં આવે, તો તેમાં કશું અયોગ્ય નથી—શું છે?

મેં જવાબ આપ્યો: હા, શ્રુતપરંપરા તો એવી છે. પરંતુ ગ્લાઉકોન, તમે શું એમ કલ્પી શકો છો કે હોમર માણસ જાતને સુધારવાને અને શિક્ષણ આપવાને ખરેખર શક્તિમાન હતો—જો એ માત્ર અનુકરણ કરનાર નહિ, પરંતુ જ્ઞાની હતો—તો હું કહું છું તમે

શું એમ કલ્પી શકશો કે ઘણા લોકો એના અનુયાયીઓ થયા ન હોત અને એને માન ન મળ્યું હોત તથા તેઓ એને ચાહતા ન હોત? એગ્ઝેરાના પ્રોટેગોરાસને અને સિયેસના પ્રોડિકસને તથા બીજા સંખ્યાબંધ લોકોને પોતાના સમકાલીન માણસોને માત્ર (ડ) આટલું જ કહેવું પડેલું—'તમારી કેળવણીના નિયામકો તરીકે તમે અમને નહિ નીમો, ત્યાં સુધી તમારા પોતાના ઘરની કે તમારા પોતાના રાજ્યની વ્યવસ્થા કરવા તમે કદી શક્તિમાન નહિ થાઓ'—અને તેમની આ વિચક્ષણ યુક્તિને લઈને લોકો એમને ચાહે એ પ્રકારની એટલી તો અસર થઈ ગઈ* કે એમના સોબતીઓ માત્ર એમને બભા પર ઊંચકીને ફર્યા નહિ એટલું જ; અને જો હોમર તેમ જ હિસિયડ માનવજાતને બરોબર વધારે સદ્‌ગુણી કરી શકયા હોત, તો હોમરના કે હિસિયડના સમકાલીન માણસોએ એમાંના એકેયને ભાટચારણની જેમ ભટકવા દીધા હોત એ શું મનાય એવી વાત લાગે છે? એમનાથી છૂટાં પડવાની વાત સુવર્ણથી છૂટાં પડવા જેટલી એમને શું અનિચ્છનીય ન લાગી હોત, અને પોતાની સાથે ઘેર રહેવાની તેમને શું (ઢ) ફરજ ન પાડી હોત? અથવા જો ગુરુ ઘેર ન રહ્યા હોત, તો પોતાને પૂરતું શિક્ષણ મળ્યું હોત ત્યાં સુધી શિષ્યો તેમની પાજળ ભટકયા હોત—બરુ ને?

હા, સોક્રેટિસ, હું માનું છું કે એ તદ્દન બરુ છે.

ત્યારે આપણે શું એવું અનુમાન બાંધવું જોઈએ કે હોમરથી માંડીને આ બધી કવિત્વવાળી વ્યક્તિઓ માત્ર અનુકરણ (૬૦૧) કરનારી જ છે; તેઓ સદ્‌ગુણ તથા બીજાની પ્રવૃત્તિઓની જ નકલ કરે છે, પરન્તુ સત્ય કદી પ્રાપ્ત કરી શકતા નથી? આપણે કયારનું કહી ગયા છીએ તે પ્રમાણે કોઈ ચિત્રકાર મોચીના ધંધા વિશે કશું ન જાણતો હોય તોપણ જેમ એ મોચીનું ચિત્ર દોરે છે તેવો જ કવિ પણ છે. અને જેનામાં કવિના કરતાં જરાય વધારે જ્ઞાન ન હોય,

* જુઓ પ્લેટોનો 'પ્રોટેગોરાસ' નામનો સંવાદ: ૬-૩૧૫

જેઓ માત્ર રંગ તથા આકૃતિઓ પરથી અભિપ્રાય બાંધતા હોય, તેવાઓ માટે જ એમનાં દોરેલાં ચિત્ર ઉપયોગી છે.

એમ જ.

તેવી જ રીતે કવિ પોતાના શબ્દો અને વાક્યો[1] વડે ભિન્ન ભિન્ન કળાઓ ઉપર રંગ પૂરે છે એમ કહી શકાય, જો કે પોતાને તો તેનું (કળાઓનું) અનુકરણ કરી શકાય એટલા પુરતી જ એનાં સ્વરૂપની સમજણ હોય છે છતાં; અને જે બીજા લોકો એના જેટલા જ અજ્ઞાન હોય છે, અને જેઓ માત્ર એના શબ્દો પરથી જ અભિપ્રાય બાંધે છે તેઓ અનુમાન કરે છે કે જો તે જોડા સીવવાની, લશ્કરી વ્યૂહની કે બીજી કોઈ બાબતની, વૃત્ત, સંગીત (ચ) અને તાલ દ્વારા વાત કરતો હોય તો એ બહુ સારું બોલ્યો કહેવાય—સંગીત અને તાલની સ્વાભાવિક રીતે આવી મધુર અસર થાય છે. અને તમે અનેકાનેક વાર જોયું હશે કે તેમના શબ્દો પરથી સંગીતે પૂરેલા રંગો જો ઉખાડી નાંખવામાં આવે; અને સાદા ગદ્યમાં જો બોલવામાં આવે, તો કવિઓની વાર્તાઓ કેટલી નમાલી લાગે છે!

તેણે કહ્યું: હા.

જે મોઢાં કદી ખરેખર સુંદર નહોતાં, પરંતુ જે માત્ર નવયૌવનમાં હતાં,—તેના જેવા એમના શબ્દો છે; અને હવે તો યૌવનની સુરભિ એમાંથી ચાલી ગઈ છે ખરું ને?

એમ જ.

અહીં એક મુદ્દો આવે છે: અનુકરણ કરનાર કે પ્રતિકૃતિ બનાવનારને સત્ય અસ્તિત્વ (true existence) નું કશું જ્ઞાન હોતું નથી; એ માત્ર આભાસોને ઓળખે છે. કેમ ખરું છે ને?

(ક) હા.

ત્યારે આપણે અરધીપરધી સમજુતથી સંતોષ નહિ માનીએ અને પૂરેપૂરી સમજુત કરી લઇશું.

---

૧ અથવા 'પોતાનાં નામો અને ક્રિયાપદો વડે.'

ચલાઓ.

ચિત્રકારને વિશે આપણે એમ કહીશું કે તે લગામને ચીતરશે, અને જે પિત્તળનો કકડો ઘોડાના મોમાં મૂકવામાં આવે છે તેને પણ ચિતરશે.

હા.

અને ચામડાનો તથા પિત્તળનો કારીગર એને બનાવશે ?

જરૂર.

પરંતુ પિત્તળના કકડાના અને લગામના ખરા સ્વરૂપનું ચિત્રકારને જ્ઞાન હોઈ શકે ખરું ? નહિ જ, કારણ ચામડાના તથા પિત્તળના ઘાટ ઘડનાર કારીગરોને પણ ભાગ્યે જ એનું જ્ઞાન હોય છે; માત્ર ઘોડેસ્વારને—જેને એમનો ઉપયોગ કરતાં આવડે છે—તેને એમના ખરા સ્વરૂપનું જ્ઞાન છે *

સાવ સાચું.

અને બધી વસ્તુઓ વિશે આપણે આ પ્રમાણે જ શું ન ઘટાવી શકીએ ?

શું ?

(ડ) કે બધી વસ્તુઓને ત્રણ પ્રકારની કલાઓ સાથે સંબંધ રહેલો છેઃ એક જે તેનો ઉપયોગ કરે છે તે, બીજી જે એને બનાવે છે તે, અને ત્રીજી જે એનું અનુકરણ કરે છે તે—ખરું ને ? ×

હા.

જીવન્ત કે જડ—તમામ રચનામાં તથા મનુષ્યના પ્રત્યેક કાર્યમાં રહેલાં ગુણ, સૌંદર્ય કે સત્ય કલાકારે કે કુદરતે તેને જે ઉપયોગ માટે નિયત કરેલું છે તે સાથે હંમેશાં સાપેક્ષ હોય છે.

ખરું.

ત્યારે એનો જે ઉપયોગ કરનાર છે તેને એનો વધારેમાં વધારે

* મુદ્દો ૩. જ્ઞાનનું સ્વરૂપ. વસ્તુનું ખરું જ્ઞાન તેનો ઉપયોગ કે પ્રયોજન જાણ્યાથી જ મળે છે.

× સરખાવો એરિસ્ટોટલના ચાર પ્રકારનાં કારણોઃ Material, Instrumental, Formal, Teleological.

અનુભવ હોવો જોઈએ, અને ઉપયોગ કરતાં કરતાં એમાં કયા સારા કે ખોટા ગુણો ઊભા થાય છે તે વિશે બનાવનારને એણે વાકેફ કરવો જોઈએ; ઉદાહરણાર્થ, બજાવનારને એનાં કયાં હારમોનિયમો સંતોષકારક લાગે છે તે બાબત હારમોનિયમ બજાવનાર એના ઘડનારને જણાવશે; એ કઈ રીતે બનાવવાં જોઈએ (૬) તેની એ તેને સૂચના આપશે, અને પેલો બીજો એની સૂચનાઓ પર ધ્યાન આપશે—ખરું ને ?

અલબત્ત.

એકને જ્ઞાન છે અને તેથી સારા ખોટા હારમોનિયમ વિશે અધિકારથી બોલવાનો એને હક છે, જ્યારે બીજો એનામાં વિશ્વાસ રાખીને, એને જે કંઈ કહેવામાં આવે છે, તે પ્રમાણે કરશે ?

ખરું.

વાજિંત્ર એ ને એ જ છે, પરંતુ એના ગુણ દોષ વિશેનો માત્ર ખરો અભિપ્રાય જ તેનો બનાવનાર કેળવી શકશે, અને એના ઉપયોગ કરનારને ખરું જ્ઞાન છે તેથી એને પોતાને જે કંઈ કહેવાનું છે તે સાંભળવાની બનાવનારને (૬૦૨) ફરજ પાડવામાં આવશે, તથા એ રીતે એની સાથે વાતો કરીને જે માણસને એનું જ્ઞાન છે તેની પાસેથી એ પોતાનો અભિપ્રાય મેળવશે—કેમ ખરું ને ?

પરંતુ અનુકરણ કરનારની પાસે એ બેમાંનું શું હશે ? પોતાનું ચિત્ર સાચું કે સુંદર છે કે નહિ તે બાબત ઉપયોગની મદદ વડે શું એ જાણી શકશે ? અથવા જેનામાં જ્ઞાન છે તેનો સહચાર સાધવાની એને ફરજ પાડવામાં આવે તે કારણે તથા એણે શું આલેખવું જોઈએ તે બાબત એને સૂચનાઓ આપવામાં આવે એવા કારણને લીધે એનામાં ખરો અભિપ્રાય શું વસી શકશે ?

બેમાંનું એકે ય નહિ.

ત્યારે તો પોતાનાં અનુકરણોના ગુણદોષ વિષેનું એને જ્ઞાન નહિ હોય એટલું જ નહિ, પરંતુ એનો અભિપ્રાય પણ સાચો નહિ હોય—નહિ ?

ના, નહિ જ હોય.

તેની પોતાની કૃતિઓ વિશે તો અનુકરણશીલ કલાકારમાં ઊજળી બુદ્ધિમત્તા રહેલી હશે, નહિ ?

ના એનાથી કયાંય ઊલટી જ સ્થિતિ હશે.

(બ) અને આમ છતાં શાને લીધે વસ્તુ સારી કે ખોટી નીવડે છે એ બાબત કશું પણ જાણ્યા વગર એ અનુકરણ કર્યા જ કરશે અને તેથી અજ્ઞાની સમૂહને જે સારું ભાસે છે તેનું માત્ર એ અનુકરણ કરશે એમ આશા રાખી શકાય, ખરું ને ?

એમ જ.

ત્યારે આટલે સુધી તો આપણે લગભગ ઘણા અંશે સંમત થયા છીએ કે પોતે જેનું અનુકરણ કરે છે તેનું ઉલ્લેખને-યોગ્ય-એવું જ્ઞાન અનુકરણ કરનારમાં નથી. અનુકરણ એક પ્રકારની માત્ર ક્રીડા કે રમત છે, અને કરુણરસના કવિઓ, પછી ભલે તે સાદી કે વીરરસની શૈલિમાં લખતા હોય તો પણ એના મૌલિક અર્થમાં તેઓ અનુકરણ કરનારાઓ જ છે.

સાવ સાચું.

(ક) અને હું તમને વિનવીને પૂછું છું કે હવે મને કહો—શું જે સત્યથી ત્રણગણું વેગળું છે તેની સાથે અનુકરણ સંકળાયેલું છે એમ આપણે સાબિત નથી કર્યું ?

જરૂર.

અને અનુકરણ કરવામાં માણસને જે શક્તિની જરૂર પડે છે તે કઈ ?*

એટલે, તમે શું કહેવા માગો છો ?

હું સ્ફુટ કરું: વસ્તુ પાસે હોય ત્યારે મોટી દેખાય છે, અને દૂર હોય ત્યારે નાની દેખાય છે—નહિ ?

ખરું.

---

* મુદ્દો. ૪. અનુકરણની શક્તિ.

અને એ ને એ વસ્તુઓ પાણીની અંદર વાંકી દેખાય છે, તથા પાણીની બહાર જોવામાં આવે ત્યારે સીધી દેખાય છે; અને રંગોને લીધે દૃષ્ટિમાં જે આભાસો શકય છે તેને લઈને જે દબાયેલું હોય તે ફૂલેલું લાગે છે. આ રીતે આપણામાં પ્રત્યેક જાતનો (ડ) ગોટાળો દેખા દે છે; અને માનવમનની આ જ એ નબળાઈ છે, જેના પર હાથચાલાકીની અને પ્રકાશ અને છાયાની મદદ વડે છેતરવાની કળા તથા બીજી ચતુરાઈથી ભરેલી યુક્તિઓ—જેને લીધે આપણા પર જાદુના જેવી અસર થાય છે—તેનો આધાર રહેલો છે.

ખરું.

અને માપવાની તથા ક્રમાંક આપવાની અને તોલ કરવાની કળાઓ માનવબુદ્ધિની વ્હારે ધાય છે + —તે કળાઓમાં રહેલું સૌંદર્ય એમાં જે છે—અને જે દેખાવમાં જ વધારે મોટું કે વધારે નાનું અથવા વધારે હલકું, કે વધારે ભારે લાગતું હોય તેની આપણા પર કશી અસર થતી નથી, પરંતુ ગણત્રી તથા માપ અને વજન આગળ તે (આભાસો) ઢીલા પડી જાય છે, નહિ?

તદ્દન ખરું.

(ઇ) અને આત્મામાં જે ગણત્રી કરનારું તથા બુદ્ધિનું તત્ત્વ રહેલું છે તેનું જ અચૂક આ કામ હોવું જોઈએ ખરું ને?

અવશ્ય.

અને જ્યારે આ તત્ત્વ માપણી કરે અને પ્રમાણપત્ર આપે કે અમુક વસ્તુઓ સરખી છે કે અમુક બીજીના કરતાં વધારે મોટી કે વધારે નાની છે, ત્યારે વિરોધનો આભાસ થાય છે નહિ?

ખરું.

પરંતુ આપણે શું એમ કહેતા નહોતા કે એવો વિરોધ અશકય છે—એ ને એ શક્તિના, એ ને એ વખતે, એકની એક વસ્તુને વિશે વિરોધી અભિપ્રાયો ન હોઈ શકે?

* સરખાવો ઉપર પરિ. ૭. ૫૨૨ ક-ડ વગેરે.

સાવ સાચું.

(૬૦૩) ત્યારે આત્માના જે અંશનો અભિપ્રાય માપણીની વિરુદ્ધ પડ્યો હતો તે અંશ, જેનો માપણીની તરફેણમાં અભિપ્રાય હતો તે જ ન હોઈ શકે ?

ખરું.

અને આત્માના જે અંશને માપ અને ગણત્રીમાં વિશ્વાસ હોય તે વધારે સારો હોવાનો સંભવ છે, નહિ ?

અવશ્ય.

અને તેનાથી જે વિરુદ્ધ પડતાં હોય, તે આત્માનાં હીનતર તત્ત્વો હોવાં જોઈએ ?

નિઃશંક.

મેં જ્યારે એમ કહ્યું કે ચિત્રકળા અથવા આલેખનકળા તથા સામાન્ય અર્થમાં અનુકરણ જ્યારે પોતાનો વિશિષ્ટ વ્યાપાર કરતાં હોય ત્યારે સત્યથી કચાંય વેગળાં હોય છે, તથા આપણામાં રહેલો જે અંશ બુદ્ધિથી એટલે જ અંશે દૂર વસે છે, તે અંશનાં તે સોબતી મિત્રો તથા સહચાર કરનારાં હોય છે તથા તેમાં સત્ય કે નિરોગી હેતુ જરા જેટલો પણ (બ) હોતો નથી—ત્યારે હું જે અનુમાન પર આવવા મથી રહ્યો હતો તે આ જ હતું.

એમ જ.

અનુકરણશીલ કળા એક હીનતર તત્ત્વ છે, જે બીજાં હીનતર તત્ત્વની સાથે લગ્ન કરે છે, અને હીનતર પ્રજા ઉત્પન્ન કરે છે.*

સાવ સાચું.

અને માત્ર શું દૃષ્ટિના સંબંધમાં જ આમ બને છે કે આપણે જેને કાવ્ય કહીએ છીએ તેને અનુલક્ષીને એટલે કે વસ્તુતઃ શ્રવણ-શક્તિને પણ શું એ લાગુ નથી પડતું ?

શક્ય છે કે કાવ્યની બાબતમાં પણ એ જ વાત ખરી ઠરે.

* સરખાવો નીચે ૬૦૫-બ

મેં કહ્યું: ચિત્રકળાની ઉપમા પરથી ફલિત થતી શક્યતા પર વિશ્વાસ ન મૂકશો; પરંતુ જે શક્તિ સાથે કાવ્યમય અનુકરણને (ક) નિસ્બત છે તે સારી છે કે ખોટી તેની આપણે વધુ પરીક્ષા કરીશું.*

અચૂક.

આપણે પ્રશ્ન આ રીતે મૂકી શકીએ; માણસોનાં જે કૃત્યોમાંથી, પછી એ સ્વેચ્છાએ કરવામાં આવ્યાં હોય કે અનિચ્છાએ થયાં હોય, પરંતુ તેમની કલ્પના પ્રમાણે જેમાંથી સારાં કે માઠાં પરિણામો આવ્યાં હોય તથા તે અનુસાર તેઓ જે આનંદ માણતાં હોય કે શોક કરતાં હોય તેવાં કૃત્યોનું એ અનુકરણ કરે છે. આથી કંઈ વિશેષ છે ? +

ના. બીજું કશું નથી-

પરંતુ સંજોગોના આ તમામ વૈવિધ્યની વચ્ચે માણસમાં એનાથી (ડ) શું પોતાની જાત સાથે એકતા સધાય છે ખરી—અથવા તો દૃષ્ટિના વિષયમાં જેમ તેના અભિપ્રાયોમાં એ ને એ વસ્તુઓ વિશે ગોટાળો તથા વિરોધ હતાં, તેમ અહીં પણ જીવનમાં શું કલહ અને અસંગતિ દેખાતાં નથી ? જો કે પ્રશ્ન ફરીથી છણવાની મારે જરાય જરૂર નથી, કારણ મને યાદ છે કે આ બધું આપણે ક્યારનું કબુલ કર્યું છે; અને આ તથા આના જેવા દસ હજાર વિરોધો આત્મામાં એક જ ક્ષણમાં ઉભરાય છે એનો આપણે સ્વીકાર કર્યો છે ?

તેણે કહ્યું: અને આપણે એમાં ખોટું કર્યું નથી.

મેં કહ્યું: હા, આટલે સુધી તો આપણે ખરા છીએ, પરંતુ જે (ઢ) એક વિગતને આપણે છોડી દીધી હતી, તેનો હવે ઉલ્લેખ કરવો જોઇશે.

આપણે શું છોડી દીધું હતું ?

આપણે શું એમ કહ્યું નહોતું કે પોતાના પુત્રને અથવા પોતાને જે કંઈ વધારેમાં વધારે વહાલું હોય તેને ગુમાવવાનું કમભાગ્ય સારા

+ મુદ્દો. ૫. કાવ્યની પરીક્ષા

+ જુઓ ઉપર પરિ. ૩ તથા 'લૉઝ' પુ. ૫-૭૩૨.

માણસ પર આવી પડે, તો તે બીજાના કરતાં વધારે સમતાથી પોતની હાનિ સહન કરશે, ખરું ને ?

હા.

પરંતુ શું એને શોક થશે જ નહિ, કે આપણે એમ કહીશું કે જો કે એને શોક થયા વગર ન રહે તોપણ પોતાના શોકને એ ધીમો પાડશે.

તેણે કહ્યું: તમે જે પાછળથી કહ્યું તે વિધાન વધારે સાચું છે.

(૬૦૪) મને કહોઃ કયું વધારે સંભવિત છે—એ પોતે એકલો હોય ત્યારે કે એના સમોવડિયા એને જોતા હોય ત્યારે એ પોતાના શોકની સામે લડશે અને ટકી રહેશે ?

બીજાઓ એને જોતા હોય અથવા ન જોતા હોય એ એમાં બહુ મોટો ફરક પડશે.

જે બાબતો બીજા કોઈ સાંભળી જાય અથવા એ કરતો હોય ને જોઈ જાય તેમાં એને શરમ લાગે તેવી હોય, તે બાબતો પોતે એકલો હોય ત્યારે બોલતાં કે આચરતાં એને બહુ નહિ લાગે, નહિ ?

ખરું.

પોતાના દુર્ભાગ્ય પ્રત્યેની લાગણી જેમ એને શોક પ્રત્યે ઘસડી જાય છે, તેમ નિયમન તથા બુદ્ધિનું એક બીજું પણ તત્ત્વ (ચ) છે કે જે તેને એની સામે થવા ફરમાવે છે ?

ખરું.

પરંતુ જ્યારે એ ને એ વસ્તુ પ્રત્યે અને તેનાથી દૂર, એમ વિરુદ્ધ દિશામાં માણસ ખેંચાતો હોય, ત્યારે એનામાં અમુક બે ભિન્ન તત્ત્વો હોવાનું અવશ્ય રીતે ફલિત થાય છે એમ આપણે પ્રતિપાદન કરીએ છીએ ને ?

અવશ્ય.

એમાંનું એક નિયમનની દોરવણીને અનુસરવા તૈયાર છે ?

એ કઈ રીતે ?

નિયમ એમ કહે છે કે દુઃખમાં ધીરજ રાખવી એ શ્રેષ્ઠ છે તથા જે બનાવો બની ગયા હોય તે સારા છે કે ખોટા છે તે વિશે આપણને કશું જ્ઞાન નથી તો અધીરાઈ થવા દેવી ન જોઈએ; અને અધીરાઈથી કશું વળતું નથી; વળી આ કારણને લઈને પણ—કે મનુષ્ય જીવનને લગતી પ્રત્યેક વિગત અતિશય અલ્પ છે, (ક) અને હરકોઈ ક્ષણે (તાત્ત્વિક દૃષ્ટિએ) જેની સૌથી વધારે અગત્ય છે તેની જ આડે શોકની લાગણી આવીને ઊભી રહે છે.

તેણે પૂછ્યું: શાની સૌથી વધારે અગત્ય છે?

જે કંઈ બન્યું છે તે બાબત સારી સલાહ લેવી અને જે પાસો પડયો જ છે, તો જે માર્ગને બુદ્ધિ શ્રેષ્ઠ માનતી હોય તે રીતે બધી વ્યવસ્થા કરવી; નહિ કે—બાળક પડી ગયું હોય અને જે અંગને ઇજા થઈ હોય તેને ઝાલી રાખીને મોટો ભેંકડો તાણીને વખત ગુમાવતું હોય તેની માફક રડયા કરવું: પરંતુ સાંત્વન આપનારી કળાની મદદ વડે શોકના (ડ) આર્તનાદને દૂર કરીને, જે કંઈ રોગિષ્ટ અને પતિત હોય તેનો ઉદ્ધાર કરવા તથા ખરા ઉપાયને તરત લાગુ પાડવાની આત્માને હંમેશાં ટેવ પાડવી જોઈએ.

તેણે કહ્યું હા, ભાગ્યચક્રના આક્રમણની સામે થવાનો એ સારામાં સારો રસ્તો છે.

મેં કહ્યું: હા, અને જે ઉચ્ચતર તત્ત્વ છે તે બુદ્ધિની સૂચનાને અનુસરવા તૈયાર હોય છે?

એ સ્પષ્ટ છે.

અને જે બીજું તત્ત્વ આપણી મુસ્કેલીઓને યાદ લાવ્યા કરે છે તથા શોક પ્રત્યે પ્રેરે છે, અને આ બંનેમાં રચ્યુંપચ્યું રહે તો પણ જે ધરાતું નથી, તે તત્ત્વને આપણે અ-બુદ્ધિનું, નકામું અને ભીરુ કહી શકીએ,—નહિ?

ખાત્રીથી, આપણે કહી જ શકીએ.

(ઇ) અને પેલું બીજું—બંડખોર તત્ત્વ એમ મારો કહેવાનો અર્થ છે—અનુકરણ માટે ઘણુંય બધું વસ્તુવૈવિધ્ય આપી રહે છે, ખરું ને? જ્યારે શાંત અને જ્ઞાની સ્વભાવ હરહંમેશ લગભગ સમતાવાળો હોય છે તેથી તેનું અનુકરણ કરવું સહેલું નથી અથવા જો એનું અનુકરણ કરવામાં આવે તો તેવી કળાને ખાસ કરીને થિયેટરમાં જ્યાં પચરંગી લોકો એકઠા થયા હોય તેવા સાર્વજનિક ઉત્સવને વખતે સમજવી એટલી સહેલી નથી—કારણ કે જે અનુભવનું દૃશ્ય તેમની પાસે રજુ કરવામાં આવે છે, તેનાથી તેઓ અજાણ છે.

(૬૦૫) જરૂર.

ત્યારે જે અનુકરણ કરનાર કવિ લોકપ્રિય થવાનો પ્રયત્ન કરે છે તે અથવા તેની કલા આત્માના બૌદ્ધિક તત્ત્વનું રંજન કરવા કે તેના પર અસર કરવા સ્વભાવથી જ નિર્માયેલાં નથી; પરંતુ જે લાગણી-પ્રધાન તથા અસ્થિર સ્વભાવનું અનુકરણ કરવું સહેલું છે તેનું આલેખન કરવાનું એ વધારે પસંદ કરશે, ખરું ને?

સ્પષ્ટ છે.

અને હવે આપણે કવિને ખુશીથી ઉપાડીને ચિત્રકારની જોડાજોડ મૂકીશું. કારણ કે એ બે રીતે એના જેવો છેઃ પહેલાં તો એની કૃતિઓમાં સત્યનો હીનતર અંશ રહેલો છે તેથી—આ રીતે હું કહું છું કે એ તેના જેવો છે; (બ) અને આત્માના હીનતર તત્ત્વ સાથે એને લેવાદેવા રહ્યા કરે છે એ રીતે પણ એ તેના જેવો છે; અને આથી સુવ્યવસ્થિત નગરરાજ્યમાં એને દાખલ થવા દેવાની મનાઈ કરવામાં આપણે ખોટા નહિ ઠરીએ, કારણ કે એ લાગણી-ઓને જાગ્રત કરે છે તથા પોષે છે અને એમને સબળ બનાવે છે,× તથા બુદ્ધિને હાનિ પહોંચાડે છે. નગરરાજ્યની માફક જ્યારે દુષ્ટ લોકોને અધિકારપદ લેવા દેવામાં આવે, અને સજ્જનને હાંકી કાઢવામાં

× મુદ્દો ૬. સરખાવો જર્મન ફિલસૂફ નિત્શેનો અભિપ્રાય, જો કે વાક્યના પછીના ભાગમાં પ્લેટોનું જે કહેવું છે તેનો એ સ્વીકાર ન કરે.

આવે, તેમ આપણે જે પ્રતિપાદન કરીએ છીએ તે પ્રમાણે મનુષ્યના આત્મામાં અનુકરણશીલ કવિ દુષ્ટ બંધારણને રોપે છે,× કારણ જે અબુદ્ધિના તત્ત્વમાં વધારે મોટા વિશે તથા (ક્ક) વધારે નાના વિશે કશો વિવેક નથી, પરંતુ જે એક ને એક વસ્તુને એક વાર મોટી અને બીજી વાર નાની માને છે તે તત્ત્વમાં એ મશગૂલ રહેતો હોય છે—એ પ્રતિકૃતિઓ બનાવનાર છે, અને સત્યથી અતિશય દૂર વસે છે.

બરાબર એમ જ.

પરંતુ આપણા આક્ષેપોમાંની જે ભારેમાં ભારે દલીલ છે તે તો હજી આપણે આગળ કરી નથીઃ—સજ્જનને પણ હાનિ પહોંચાડવાની કાવ્યમાં જે શક્તિ રહેલી છે [અને જેમને હાનિ ન પહોંચી શકે એવા તો અત્યંત વિરલ હોય છે] તે ખરેખર ભયંકર છે?

હા, જો તમે કહો છો તેવી અસર થતી હોય તો, જરૂર.

સાંભળો અને પછી નિર્ણય કરોઃ મારી સમજ પ્રમાણે, આપણામાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પણ જ્યારે હોમરમાંથી કે કરુણરસ-પ્રધાન નાટકોના લેખકોમાંથી ચૂંટેલા એવા કોઈ ભાગને સાંભળે કે જેમાં કોઈ દયાને પાત્ર (ડ) નાયકને પોતાનાં દુઃખો પર લાંબા લચક ભાષણો કરતો અથવા રોતો તથા પોતાની છાતી કૂટતો ચીતર્યો હોય, ત્યારે તમે તો જાણો જ છો, કે આપણામાંના શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ (પણ) અનુકંપાની લાગણી આગળ નમતું આપવામાં આનંદ માણે છે, અને જે કવિ આપણી લાગણીઓને ખૂબ હચમચાવી નાંખે તેના ગુણો ઉપર આપણે વારી જઈએ છીએ.

હા, મને અલબત્ત ખબર છે.

પરંતુ જ્યારે આપણા પર કોઈ પ્રકારનું આપણું પોતાનું દુઃખ આવી પડે, ત્યારે તમે જોયું હશે કે આનાથી વિરોધી ગુણના દર્શનમાં+

× એરિસ્ટોટલનો સિદ્ધાન્ત આનાથી બહુ ભિન્ન છેઃ His Theory of Tragic Emotion and the Principle of 'Katharsis'.

+ સરખાવો 'આયોન'–૫૩૫.

આપણને પોતાને અભિમાન આવે છે—આપણને શાંત અને ધીર થવાનું ગમશે; આ માર્ગ પુરુષને છાજે એવો (૬) છે, અને કાવ્યનો પાઠ કરતાં આપણને જેમાં આનંદ આવતો હતો તેને હવે આપણે સ્ત્રીની ભૂમિકા કહીએ છીએ.

તેણે કહ્યું: સાવ સાચું.

હવે આપણો પોતાનો જ પ્રશ્ન હોય ને જે આચરણ કરતાં આપણને ધિક્કાર છૂટે અને શરમ આવે તેવું આચરણ કોઈ બીજો કરે તો તેનાં વખાણ અને પ્રશંસા કરવામાં આપણે શું ખરા હોઈ શકીએ?

તેણે કહ્યું: ના, એ જરૂર ઠીક ન કહેવાય.

(૬૦૬) મેં કહ્યું: ના, એક દૃષ્ટિએ તો તદ્દન ઠીક ગણાય.

કઈ દૃષ્ટિએ?

મેં કહ્યું: તમે જો એમ વિચાર કરો કે આફતમાં હોઈએ ત્યારે રોઈને તથા વિલાપ કરીને આપણા શોકને હળવો કરવાની ઇચ્છા તથા એ પ્રકારની સ્વાભાવિક ભૂખ આપણને લાગે છે, અને આપણે પોતે ભયમાં હોઈએ ત્યારે જે આ લાગણીને કાબૂમાં રાખવામાં આવે છે, તેને કવિઓ સંતોષે છે તથા તેમાં આનંદે છે;—કારણ જે, આપણામાં દરેકમાં રહેલા ઉચ્ચતર તત્ત્વને બુદ્ધિ કે ટેવ દ્વારા પૂરતી કેળવણી આપવામાં નથી આવેલી માટે, દુઃખ બીજાનું છે તેથી, તે તત્ત્વ અનુકંપાની લાગણીને માઝા મૂકવાની રજા આપે છે; અને પ્રેક્ષક એમ (૭) ધારે છે કે દયા માગતો જે કોઈ માણસ એની પાસે એમ કહેતો આવે કે હું કેવો ભલો માણસ છું અને એ રીતે પોતાની મુશ્કેલીઓ બાબત કોલાહલ મચાવે, તેવાની દયા ખાવામાં તથા એનાં વખાણ કરવામાં પોતાને કશી નામોશી નથી. એ માને છે કે જેટલો આનંદ લૂંટાયો તેટલો લાભમાં લેખવાનો, અને પોતે ચીકણા થઈને કાવ્યને તેમ જ આનંદને શું કામ જતાં કરવાં? મારી કલ્પના અનુસાર

ભાગ્યે જ બહુ થોડા લોકો એટલો ઊંડો વિચાર કરે છે કે બીજા લોકોમાં રહેલા અનિષ્ટમાંનો થોડોઘણો અંશ પોતામાં પણ પેસે છે. અને આ રીતે બીજાઓનાં દુઃખો જોતી વખતે શોકની જે લાગણી ઉદ્રેક પામી હોય છે તે પાછળથી આપણા પોતાનાં દુઃખ વખતે દાબવી મુશ્કેલ છે.

(ક) કેટલું બધું ખરું ?

અને જે હાસ્યાસ્પદ છે તેને પણ શું આ જ લાગુ પડતું નથી ? એવી મશ્કરીઓ પણ છે જે તમે પોતે કરતાં શરમાઓ, અને છતાં હાસ્યરસપ્રધાન નાટક થતું હોય તે વખતે—અથવા પછી બાનગીમાં તો ખરું જ – તમે એ સાંભળો ત્યારે તમને ભારે ગમ્મત પડે છે અને તેમાં રહેલા અનૌચિત્ય પ્રત્યે તમને જરા પણ ઘૃણા થતી નથી;—અનુકંપાના દાખલામાં જેમ બન્યું હતું તેમ ફરીથી બનવા પામે છે;—માનવસ્વભાવમાં એક એવું તત્ત્વ રહેલું છે કે જેનું વલણ ખડખડાટ હસી પડવાનું હોય છે, અને તમે પોતે વિદૂષક ગણાઓ એ બીકે જેને તમે એક વાર બુદ્ધિ વડે દાબમાં રાખ્યું હતું, તેને જ હવે તમે પાછું બહાર આવવા દો છો; અને હાસ્યની શક્તિને થિયેટરમાં ઉત્તેજિત કર્યા પછી, ઘેર તમારાથી અજાણતાં કરુણરસના કવિનો પાઠ ભજવાઈ જવાય છે.

તેણે કહ્યું: તદ્દન ખરું.

(ડ) અને વિષયવાસના, ક્રોધ, અને બીજા બધા મનોવિકારો, કામના, તથા દુઃખની અને સુખની લાગણી, જેને વિશે એમ માનવામાં આવે છે કે દરેક ક્રિયાની સાથે એ હરહંમેશ જોડાયેલી જ રહે છે—તે બધાને વિશે આ ને આ વાત ખરી છે—એ તમામની બાબતમાં કાવ્ય વિકારોને સુકવી નાંખવાને બદલે એને પોષે છે અને પાણી પાય છે; મનુષ્યે સુખ અને સદ્‌ગુણમાં કોઈ પણ દિવસ જો પ્રગતિ કરવી હોય, તો જેને નિયંત્રણમાં રાખવાં જ જોઈએ તેવાંને એ શાસન કરવા દે છે.

હું આની ના પાડી શકતો નથી.

(દ) મેં કહ્યુંઃ માટે, ગ્લાઉકોન, 'હોમર હેલાસ આખાનો શિક્ષક છે, તથા માનવવ્યવહારની વ્યવસ્થામાં અને શિક્ષણપદ્ધતિમાં એનું અનુસરણ કરવું એ લાભકર્તા છે તથા તમારે એને ફરી ફરીને વાંચવો જોઈએ અને એને સમજવો જોઈએ અને એને (૬૦૭) ચીલે ચાલીને તમારે તમારું આખું જીવન ઘડવું જોઈએ'—એમ પોકાર કરતા હોમરના પ્રશંસકોને જ્યારે જ્યારે તમે મળો, ત્યારે ત્યારે આમ કહેનાર લોકોને આપણે ભલે ચાહીશું અને માન આપીશું—એમની બુદ્ધિ જ્યાં સુધી પહોંચી શકે છે તેટલે અંશે તેઓ બહુ જ સારા લોકો છે; અને આપણે કબૂલ કરવા તૈયાર છીએ કે હોમર કરુણરસ-પ્રધાન નાટકોના લેખકોમાં સૌથી પહેલો અને કવિઓમાં સૌથી શ્રેષ્ઠ છે; પરંતુ આપણા પોતાના નિર્ણયમાં આપણે મક્કમ રહીશું કે આપણા રાજ્યમાં માત્ર દેવોને લખેલી ઋચાઓ તથા સુવિખ્યાત પુરુષોની પ્રશંસાનાં કાવ્યને જ દાખલ થવા દેવાં જોઈએ; કારણ તમે આનાથી જો આગળ જશો અને મહાકાવ્યોમાં કે ઊર્મિ ગીતોમાં મધુથી ભરેલી કાવ્યની દેવીને અંદર દાખલ થવા દેશો, તો જે નિયમન તથા માનવની બુદ્ધિ સર્વાનુમતે હમેશાં શ્રેષ્ઠ ગણાયાં છે તે નહિ, પરંતુ સુખ અને દુઃખ આપણા રાજ્યમાં શાસનકર્તા થઈ પડશે.

તેણે કહ્યુંઃ સૌથી સાચું એ છે.

(ન) અને હવે આપણે કાવ્યના વિષય પર ફરી ચર્ચા કરીએ છીએ તો આપણે જેનું વર્ણન કર્યું છે તેવા વલણવાળી કળાને આપણા આદર્શ નગરરાજ્યમાંથી કાઢી મૂકવા સંબંધી આપણે પૂર્વે જે નિર્ણય કર્યો હતો—કારણ જે, બુદ્ધિએ આપણને એવી ફરજ પાડી—તેની યોગ્યતા પૂરવાર કરવા માટે આપણું આ નિરૂપણ ઉપયોગી થઈ પડશે. પરંતુ આપણામાં કોઈ પ્રકારની કઠોરતા છે કે સભ્યતાની ખામી છે એવું આરોપણ આપણા પર એ ન કરે તે અર્થે આપણે એને જણાવીશું કે કાવ્ય અને ફિલસૂફી વચ્ચેનો ઝઘડો તો જૂનો છે;

જેની ધણીયે સાખીતીઓ મળી આવે છે—નીચેની કહેવત જેવી કે 'પોતાના માલીક સામે રોતું, ડાઉ ડાઉ કરતું કૂતરું' (ક) અથવા 'મૂર્ખાઓની અર્થહીન વાતોમાં જે મહાન' છે, તથા 'ઝ્યૂસને ફસાવતું ડાહ્યા પુરુષોનું ટોળું', 'તથા સૂક્ષ્મ વિચારકો જે વસ્તુતઃ ભીખારીઓ જ છે'—એ બે વચ્ચેની બહુ જુની દુશ્મનાવટનાં બીજા અસંખ્ય પુરાવા મળી આવે છે. આમ છતાં આપણા મધુર મિત્રને તથા અનુકરણશીલ સહચારી કળાઓને આપણે ખાત્રી આપીશું કે સુવ્યવસ્થિત રાજ્યમાં રહેવા બાબતનો પોતાનો હક જો એ માત્ર સાબીત કરી આપશે, તો ખુશી થઈને આપણે એને આવકાર આપીશું. એનાં આકર્ષણોથી આપણે બહુ જ વાકેફ છીએ, પરંતુ એ કારણે આપણે સત્યનો વિશ્વાસઘાત નહિ કરીએ. હું ખાત્રીથી કહું છું કે જ્યારે કાવ્યની દેવી ખાસ કરીને હોમરમાં પ્રગટ થાય છે ત્યારે તેનાથી (ડ) તમે પણ મારા જેટલા જ મુગ્ધ થાઓ છો, ખરું ને?

હા, ખરેખર. હું અત્યંત મુગ્ધ થાઉં છું.

ત્યારે હું આમ દરખાસ્ત કરું તો કેમ કે દેશનિકાલની સજામાંથી એને ભલે પાછી આવવા દેવામાં આવે, પરંતુ માત્ર આ સરતે કે—ઊર્મિગીતના કે બીજા કોઈ છંદમાં એણે પોતાનો બચાવ રજુ કરવો?

અવશ્ય.

અને એના જે બચાવ કરનારાઓ કાવ્યના અનુરાગી હોય તેવાને તેની તરફેણમાં ગદ્યમાં બોલવા દેવાની વધારામાં છૂટ આપીશું. એ માત્ર મન રંજન કરનાર જ નહિ પરંતુ માનવજીવનને તથા નગરરાજ્યોને ઉપયોગી પણ છે એટલું એમને સાબીત કરવા દો, અને આપણે એમને સમભાવથી સાંભળીશું; કારણ જો આમ સાબીત થઈ શકતું હોય, તો તેમાં આપણને અચૂક ફાયદો જ છે—મારો કહેવાનો ભાવાર્થ (ઢ) એવો છે કે જો મનોરંજક હોવા ઉપરાંત કવિતા ઉપયોગી પણ હોય તો —, કેમ ખરું ને?

તેણે કહ્યું: જરૂર, આપણને ફાયદો જ છે.

જો એના બચાવમાં એ હારે, તો પછી, મારા પ્રિય મિત્ર, જે માણસો કશા પર આસક્ત હોય, પણ પોતાની ઇચ્છાઓ પોતાનાં હિતની વિરોધી છે એમ જાણી જે પોતાને કાબૂમાં રાખતા હોય, તેમની જેમ, પ્રેમીઓ જે પ્રમાણે વર્તે છે તેમ, આપણે પણ એને છોડી દઈશું, જો કે આપણી જાત સાથે ઝઘડ્યા વગર તો નહિ જ. ઉમદા નગરરાજ્યોની શિક્ષણપદ્ધતિએ આપણામાં કવિતા પ્રત્યેનો જે પ્રેમ રોપ્યો છે તેમાંથી આપણે પણ પ્રેરણા પામ્યા છીએ, અને તેથી જ (૬૦૮) એના સૌથી શ્રેષ્ઠ અને સત્યમાં સત્ય સ્વરૂપમાં એ દેખા દે એમ આપણે ઇચ્છીએ છીએ; પરન્તુ જ્યાં સુધી એનો બચાવ લૂલોપાંગળો રહે, ત્યાં સુધી આપણી આ દલીલ આપણે મન એક મંત્ર જેવી ગણાશે, જેનો જપ આપણે એના સૂરો સાંભળતી વખતે કર્યા કરીશું, કે જેથી ઘણાઓ સપડાઈ જાય છે તેમ આપણે એના પ્રત્યેના બાલિશ પ્રેમમાં પટકાઈ ન પડીએ. ગમે તેમ થાય તોપણ આપણને સારી પેઠે ભાન છે કે આપણે વર્ણન કર્યું છે તેવી કવિતા છે, તો તે ગંભીરપણે સત્યને પ્રાપ્ત કરી શકે એમ ગણી નહિ શકાય; અને જે કોઈ એનું શ્રવણ કરે તેણે પોતામાં જે નગર-રાજ્ય વસે છે તેની (ब) સુરક્ષિતતા ભયમાં ગણીને એનાં પ્રલોભનો સામે સાવધ રહેવું જોઈશે તથા આપણા શબ્દોને નિયમ તરીકે સ્વીકારવા પડશે.

તેણે કહ્યું: હા, હું તમારી સાથે સાવ સંમત છું.

મેં કહ્યું: મારા પ્રિય ગ્લાઉકોન, હા, કારણ કે આમાં સંડોવાયેલો પ્રશ્ન મોટો છે, દેખાય છે એના કરતાં ય મોટો, એ કે માણસ સારો થશે કે ખરાબ. અને જો માન ચાંદ કે ધન અથવા સત્તા, અરે!—કે કાવ્યથી થયેલી ઉત્તેજનાને લીધે, માણસ જો ધર્મ અને સદ્‌ગુણને વિસરે પાડે, તો એમાં કોઈને શું કંઈ લાભ છે ખરો?

તેણે કહ્યું: હા હું માનું છું કે દલીલથી બીજા કોઈને પણ થઈ હોત તેવી પ્રતીતિ મને થઈ છે.

(ક) અને (દલીલમાં આપણે આટલે સુધી આવ્યા) છતાં જે મોટામાં મોટાં ધનાઢ્યો તથા બદલાઓ સદ્‌ગુણની રાહ જોતાં ખડાં છે એનો બિલકુલ ઉલ્લેખ પણ કર્યો નથી.*

શું આનાથી વધારે મોટાં વળી બીજાં કોઈ છે ખરાં? જો હોય તો તો કલ્પી ન શકાય એટલાં એ મોટાં હોવાં જોઈએ.

મેં કહ્યું: ક્રમ (માનવજીવનના) ટૂંકા કાળમાં કશું બહુ મોટું તો શું હોઈ શકે? અનંત કાળની સરખામણીમાં ત્રણ વીસું અને દશ જેટલો સમય ખચિત બહુ જ ટૂંકો છે ને?

તેણે જવાબ આપ્યો: એમ કહોને કે 'કશું જ નથી.'

અને જે અમર છે તેણે શું આખાનો વિચાર છોડી (ડ) દઈને આટલા ક્ષુદ્ર સમય પર વધારે વિચાર કરવો ઘટે?

આખાનો જરૂર. પણ તમે શા માટે આમ પૂછો છો?

મેં કહ્યું: તમને શું ખબર નથી કે માણસનો આત્મા અમર અને અવિનાશી છે?+

એ મારી સામે આશ્ચર્યથી જોઈ રહ્યો અને બોલ્યોઃ ના, પરમેશ્વરના સોગનઃ અને આનું પ્રતિપાદન કરવા તમે શું ખરેખર તૈયાર છો?

મેં કહ્યું: હા, મારે તૈયાર રહેવું જ જોઈએ, અને તમારે પણ—આ સાબિત કરવું કંઈ મુશ્કેલ નથી.

હું તો મોટી મુશ્કેલી જોઉં છું; પરંતુ તમે જેને સહેલી ગણો છો એવી દલીલ તમારે મુખે સાંભળવાનું મને મન છે.

ત્યારે સાંભળો.

મારું ધ્યાન છે.

એક વસ્તુ એવી છે કે જેને તમે ઇષ્ટ કહો છો, અને બીજી જેને તમે અનિષ્ટ કહો છો, ખરું ને?

---

* મુદ્દો. ૭. આત્માનું અમરત્વ

+ જુઓ ઉપર ૪૬૮-ડ; ૫૮૫ ક-ડ-ઇ.

તેણે જવાબ આપ્યોઃ હા.

(૬) જે વસ્તુ સડો પેસાડે છે અને નાશ કરે છે, તે અનિષ્ટ છે, અને જે તત્ત્વનું રક્ષણ કરે છે તથા તેને ઉન્નત કરે છે એ ઇષ્ટ છે, આ માનવામાં તમે મારી સાથે સંમત થશો કે નહિ?

હા.

અને પ્રત્યેક વસ્તુનું ઇષ્ટ તથા અનિષ્ટ પણ હોય છે એનો તમે સ્વીકાર કરો છો, જેમ કે આંખો આવે તે આંખોનું અનિષ્ટ છે (૬૦૯) અને આખા શરીરનો એ રોગ છે; જેમ અનાજ પર ફુગ વળી જાય તે અનાજનો અને સડો એ લાકડાનો અને કાટ તે લોખંડનો તથા ત્રાંબાનો રોગ છે તેમ; પ્રત્યેક વસ્તુમાં કે લગભગ દરેક વસ્તુમાં, એને સહજ હોય તેવું અનિષ્ટ અને રોગ રહેલાં છે, ખરું ને?

તેણે કહ્યુંઃ હા.

અને હરકોઈ વસ્તુમાં આ અનિષ્ટોમાંનું એકાદ પેસે, તો તે વસ્તુ અનિષ્ટ બની રહે છે, અને છેવટે તદ્દન ક્ષય પામે છે, અને મરી જાય છે?

ખરું.

દરેકમાં જે દુર્ગુણ અને અનિષ્ટ સ્વભાવગત રહેલાં છે તેને લઈને એ દરેકનો નાશ થાય છે; અને આનાથી જો એનો નાશ ન થતો હોય તો એવું બીજું કશું જ નથી કે જે એનો નાશ કરી શકે; કારણ કે જે (બ) ઇષ્ટ છે તે તો અવશ્ય કંઈ નાશ નહિ જ કરે. તેમ વળી જે ઇષ્ટ કે અનિષ્ટ એ બેમાંનું એકેય નથી તે પણ નહિ કરે.

જરૂર નહિ.

ત્યારે આપણને જો એવું કોઈ તત્ત્વ મળી આવે કે જેમાં આ (પ્રકારનો) સાહજિક સડો હોવા છતાં એનો પૃથગ્‌ભાવ અથવા નાશ ન થતો હોય, તો આપણે ખાત્રી રાખી શકીએ કે એવા તત્ત્વનો નાશ થઈ

શકે નહિ, કેમ બરું ને?+

એનો ભલે સ્વીકાર થતો.

મેં કહ્યું: વારુ, અને આત્માને બગાડતું હોય એવું કોઈ અનિષ્ટ નથી?

તેણે કહ્યું: હા, આપણે હમણાં જ જેને જોતા જોતા પસાર થયા (ક) તે તમામ અનિષ્ટો છે: દુરાચાર, અસંયમ, ભીરુતા, અજ્ઞાન.

પરંતુ આમાંનું એકેય (અનિષ્ટ) શું એનો (આત્માનો) ક્ષય કે નાશ કરે છે?—અને અહીં આપણે એમ માનવાની ભૂલ નહિ કરીએ કે અધર્મી અને મૂર્ખ માણસ જ્યારે પકડાઈ જાય છે ત્યારે આત્માના અનિષ્ટ એવા એના પોતાના અધર્મથી એનો નાશ થાય છે. શરીરનું ઉદાહરણ લો: રોગ શરીરનું અનિષ્ટ છે; જેનાથી શરીર ઘોવાઈ ને ઘસાઈ જાય છે તથા એનો નાશ થાય છે; અને હમણાં જ આપણે જે

+ શરીર અને આત્મા મૃત્યુ વખતે જુદાં પડે તે પૃથગ્‌ભાવ અને શરીરના કોઈ રોગ કે અનિષ્ટને લીધે શરીર ઘોવાઈ જઈને માણસ છેવટે મરી જાય તે શરીરનો નાશ. માણસ મરી જાય છે ત્યારે માણસનાં શરીર અને આત્મા જુદા પડે છે, એમ પ્લેટો માને છે અને આ રીતે જુદાં પડવાનું કારણ તે કોઈ શરીરનો જ રોગ કે અનિષ્ટ છે એમ પ્લેટો પ્રતિપાદન કરે છે. કારણ દુરાચાર, અસંયમ, ભીરુતા, અજ્ઞાન વગેરે આત્માનાં રોગ કે અનિષ્ટ છે, પરંતુ તેને લીધે માણસ મરી જતો નથી એટલે કે શરીર અને આત્મા વચ્ચેનો સંબંધ તૂટતો નથી. અને તેથી આત્મા અમર છે! શરીર અને આત્માને પ્લેટો ભિન્ન માને છે. અને એ બે વચ્ચેનો સંબંધ તૂટવાથી શરીરનો નાશ થાય છે, પણ આત્માનો નાશ થતો નથી એમ પ્લેટોનું કહેવું છે. દલીલમાં શરીર અને આત્માનો સંબંધ તૂટવો અને આત્માનો નાશ થવો—એ બે અર્થો વચ્ચે પ્લેટો ગોટાળો કરે છે. શરીરના રોગથી, શરીર-આત્માનો સંબંધ તૂટે છે, તેથી શરીર નાશ પામે છે, પરંતુ આત્માના રોગથી-એટલે કે અધર્મથી-એ સંબંધ તૂટતો નથી. તેથી જ્યારે એ સંબંધ તૂટે ત્યારે પણ આત્મા મરે નહિ એમ પ્લેટોનું કહેવું છે. દુરાચારને લીધે માણસ ભલે ન મરી જાય. તોપણ શરીરે જીવતાં છતાં, માણસનો આત્મા મરી જાય—એ શક્યતા વિશે પ્લેટોએ વિચાર કર્યો લાગતો નથી. ગ્રીક શબ્દ 'Tha'natos' ના દ્વિઅર્થી ઉપયોગને લઈને આ ગોટાળો થવા પામ્યો છે.

બધી વસ્તુઓનો ઉલ્લેખ (ડ્ડ) કરતા હતા તે બધી પોતામાં રહેલા અને પોતાને વળગેલા અને–એ–રીતે–પોતાનો–નાશ–કરી–શકે તેવા પોતાના જ સડાને લીધે નાશ પામે છે આ ખરું છે ને?

હા.

આ રીતે આત્માનો વિચાર કરો. આત્મામાં જે અધર્મ કે બીજું અનિષ્ટ વસતું હોય છે તે એને ઘસી નાંખીને શું એનો ક્ષય કરે છે? આત્મામાં રહીને તથા એને વળગીને છેવટે તે શું મારી નાખે છે અને એ રીતે શરીરથી શું એને જુદો પાડે છે? *

અવશ્ય નહિ.

મેં કહ્યું: અને છતાં, પોતાના જ સડાને લીધે જેનો નાશ થતો નથી તેવી કોઈ વસ્તુને બાહ્ય અનિષ્ટ વળગે તો તેનો નાશ થાય એમ માનવું શું અયોગ્ય નથી?

તેણે જવાબ આપ્યો: અયોગ્ય છે.

(૬) મેં કહ્યું: ગ્લાઉકોન, ખયાલ કરો કે વાશી, સડેલાં કે એવી કોઈ બીજી ખરાબ જાતના અન્નમાં રહેલું અનિષ્ટ પણ જ્યાં સુધી માત્ર ખોરાકમાં જ રહે છે ત્યાં સુધી શરીરનો નાશ કરે એમ મનાતું નથી; અને જો અન્નમાં રહેલું અનિષ્ટ શરીરમાં સડો ફેલાવે (૬૧૦) તો આપણે એમ કહેવું જોઈએ કે અન્નને લીધે થયેલા રોગરૂપી શરીરના પોતાના જ સડાને લઈને એનો નાશ થયો છે; પરન્તુ ખોરાક જે એક વસ્તુ છે તેના જે અનિષ્ટથી કોઈ જાતનો સ્વાભાવિક ચેપ ઉત્પન્ન થતો ન હોય તો તેવા અનિષ્ટથી, શરીર જે એક બીજી વસ્તુ છે તેનો નાશ થઈ શકે—આનો આપણે સર્વાંશે ઇન્કાર કરીશું, ખરું ને?

સાવ સાચું.

અને તે જ સિદ્ધાન્ત અનુસાર, આપણે એમ માનવું ન જોઈએ કે કોઈ બીજી વસ્તુના કશા માત્ર બાહ્ય અનિષ્ટના કારણે આત્મા જે એક વસ્તુ છે તેનો ક્ષય થઈ શકે, સિવાય કે કોઈ શારીરિક

* જુઓ ૫૪૩ પૃષ્ટની ફુટનોટ.

અનિષ્ટ આત્માના અનિષ્ટને ઉત્પન્ન કરતું હોય ?

તેણે કહ્યું : હા, એ દલીલમાં પણ વજુદ છે.

ત્યારે કાં તો આપણે આ અનુમાનને ખોટું સાબિત કરીશું (ચ) અથવા એ ખોટું ન ઠર્યું હોય તો તે દરમિયાન આપણે કદી એમ તો નહિ જ કહીએ કે શું તાવ કે—બીજો કોઈ રોગ, અથવા ગળે મૂકેલી છરી કે આખા શરીરના ઝીણામાં ઝીણા ટુકડા કરી નાંખ્યા હોય તે કારણે પણ આત્માનો નાશ થઈ શકે, સિવાય કે શરીરને આ બધું સહન કરવું પડતું હોય એના પરિણામે આત્માને વિશે એમ સિદ્ધ થાય કે એ વધારે અપવિત્ર કે દુરાચારી થાય છે; વળી જે આત્મા કે બીજી કોઈ પણ વસ્તુનો આંતરિક અનિષ્ટથી નાશ (છ) ન થતો હોય, તેનો બાહ્ય અનિષ્ટને લીધે નાશ થાય એમ કોઈ માણસ પ્રતિપાદન કરી નહિ શકે.

તેણે જવાબ આપ્યોઃ અને માણસોના આત્માઓ મૃત્યુને પરિણામે વધારે અધર્મી થાય છે એમ તો ખાત્રીથી કોઈ પણ માણસ કદી સાબિત નહિ કરી શકે.

પરન્તુ જે કોઈ માણસ આત્માના અમરત્વનો બિલકુલ સ્વીકાર જ ન કરતો હોય તે જો છાતી ઠોકીને આનો ધ્વંકાર કરે, અને એમ કહે કે મરનાર ખરેખર વધારે અનિષ્ટ અને દુરાચારી થાય છે, તો એમ કહેનાર જો ખરો હોય તો હું એમ ધારું છું કે, રોગની જેમ અધર્મ પણ અધર્મીને વિઘાતક નીવડે છે એમ (જ) માનવું જોઈએ અને જે લોકો આવી (દુરાચારી) અવ્યવસ્થાને પોતામાં સ્થાન આપતા હશે તેઓ, અત્યારે દુષ્ટ લોકો પોતાનાં કૃત્યોની શિક્ષા રૂપે પારકાને હાથે જેમ મરે છે તેવી નહિ પણ કોઈ તદ્દન બીજી જ રીતે, જે અનિષ્ટ વહેલું કે મોડું એમને મારી જ નાંખવાનું છે તેની સ્વભાવસિદ્ધ આંતરિક વિઘાતક શક્તિથી મરશે, ખરું ને ?*

તેણે કહ્યુંઃ ના રે. એવા સંજોગમાં અધર્મથી અધર્મીનો ઘાત

× જુઓ 'લૉઝ'-પુ. ૧૦–૯૦૬.

થતો હોય, તો અધર્મ એને એટલો બધો ભયંકર નહિ લાગે, કારણ તો એ અનિષ્ટમાંથી સર્વદા છૂટશે. પરંતુ મને સંદેહ (દ્ર) છે કે સત્ય એનાથી ઊલટું જ છે, અને તે એ કે અધર્મ પાસે સત્તા હોય, તો જે (અધર્મ) બીજાઓને મારી નાંખે છે તે ખૂનીને જીવતો રહેવા દેશે—અરે, અને અને ઠીક ઠીક જાગ્રત પણ રાખશે; અધર્મનું નિવાસસ્થાન મૃત્યુના ઘરથી ક્યાંય દૂર હોય છે.

મેં કહ્યું: ખરું, જો આત્માનાં આંતરિક સ્વભાવગત દુર્ગુણ કે અનિષ્ટ એને મારી નાંખવાને કે એનો નાશ કરવાને શક્તિમાન નથી, તો બીજી કોઈ વસ્તુનો નાશ કરવા જે યોજાયું હતું તેનો નાશ ન કરતાં ભાગ્યે જ આત્મા કે બીજી કોઈ વસ્તુનો એ નાશ કરશે.

હા, એ ભાગ્યે જ બની શકે.

પરંતુ જે આત્માનો આંતરિક કે બાહ્ય અનિષ્ટ વડે નાશ થઈ (૬૧૧) શકતો નથી તે ચિરંજીવ હોવો જોઈએ અને જો એ ચિરંજીવ હોય તો અમર હોવો જોઈએ, નહિ ?

અવશ્ય.

મેં કહ્યું: અનુમાન એ આવે છે, અને જો અનુમાન ખરું હોય, તો પછી આત્માઓ હરહંમેશ એટલા ને એટલા જ હોવા જોઈએ, કારણ જો એકે ય આત્માનો નાશ ન થતો હોય, તો એમની સંખ્યા વધશે પણ નહિ; કારણ (નહિ તો) અમર તત્ત્વોનો વધારો કોઈને કોઈ મર્ત્ય વસ્તુમાંથી કરવામાં આવશે, પણ આ રીતે બધી જ વસ્તુઓ અમરત્વમાં પરિણમશે.

સાવ સાચું.

પરંતુ સાચામાં સાચા સ્વરૂપમાં આત્મા વૈવિધ્યથી, અને ભેદ (ન્ન) તથા વૈષમ્યથી ભરેલો છે એ જેમ આપણે માની શકતા નથી, તેમ આપણે આ પણ નહિ માની શકીએ—બુદ્ધિ આપણને હા નહિ પાડે.

તેણે કહ્યું: તમે શું કહેવા માગો છો ?

મેં કહ્યું: હમણાં જ સિદ્ધ થયું છે તે પ્રમાણે આત્મા અમર છે

તો એ શુદ્ધમાં શુદ્ધ દ્રવ્ય હોવું જોઈએ, અને એનામાં ઘણાં તત્ત્વોનું મિશ્રણ ન હોઈ શકે, ખરું ને ?*

અવશ્ય નહિ જ.

ઉપર આપેલી દલીલથી એનું અમરત્વ સ્પષ્ટ થયું છે, અને બીજી સાબિતીઓ ઘણી છે;+ પરંતુ શરીર સાથેના સંપર્કથી (ક) અને બીજાં દુઃખોથી અત્યારે આપણે જેવો આત્માને જોઈએ છીએ તેવો નહિ પરંતુ એ જેવો ખરેખર છે તેવાનું જો દર્શન કરવું હોય, તો એના મૂળભૂત શુદ્ધ સ્વરૂપમાં બુદ્ધિનાં ચક્ષુ વડે તમારે એનું ચિંતન કરવું જોઈએ;× અને ત્યારે એના સૌન્દર્યનો આવિષ્કાર થશે તથા ધર્મ અને અધર્મ અને બીજી જે વસ્તુઓનું આપણે વર્ણન કર્યું છે તે બધી વધારે સ્પષ્ટતાથી વ્યક્ત થશે. અત્યાર સુધી તો એ અત્યારે જેવો દેખાય છે તે વિશેના સત્યનું જ આપણે નિરૂપણ કર્યું છે; પરંતુ આપણે એ પણ (ડ) યાદ રાખવું જોઈએ કે સમુદ્રના દેવ ગ્લાઉકસની સાથે સરખાવી શકાય તેવી પરિસ્થિતિમાં માત્ર આપણે એનાં દર્શન કર્યાં છે—જે સમુદ્રના દેવની અસલ આકૃતિ ભાગ્યે જ પારખી શકાય એવી ગણાય છે, કારણ કે એનાં મૂળ અંગો તૂટી ગયાં છે, તથા છૂંદાઈ જ્યાં છે અને સમુદ્રનાં મોજાંઓને લીધે તેમને અનેક પ્રકારની ઈજા થઈ છે; તથા શેવાળ, છીપલીઓ તથા પથરાઓનાં તેમના પર એટલાં તો ભીંગડાંઓ વળ્યાં છે કે જેથી એ પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં હોય તેવો નહિ પરંતુ કોઈ રાક્ષસ જેવો એ વધારે દેખાય છે. અને દસ હજાર અનિષ્ટોથી કુરૂપ થઈ ગયેલો એવો જે આત્મા આપણે (અહીં) જોઈએ છીએ તેની સ્થિતિ પણ એવી જ છે. પરંતુ ત્યાં નહિ, ગ્લાઉકોન, આપણે ત્યાં નજર નાંખવાની નથી.

ત્યારે ક્યાં ?

---

* મુદ્દો ૮. આત્માનું ખરું સ્વરૂપ તથા એની વ્યુત્થાન દશાનું ચિત્ર.

+ જુઓ–'ફીડો' નામનો પ્લેટોનો સંવાદ.

× જુઓ: 'ફીડ્રસ' નામનો પ્લેટોનો સંવાદ.

(૬) વિવેક પ્રત્યેના એના પ્રેમ તરફ કોની માફક એ વર્તે છે તથા અમર અને શાશ્વત તથા ઈશ્વરી તત્ત્વો સાથેના એના સંબંધને લીધે એ કોની સોબત શોધે છે તથા કોની કોની સાથે એ વાર્તાલાપ કરે છે તે તરફ આપણે નજર કરીશું: એ પણ—કે જે માત્ર આ ઉચ્ચતર તત્ત્વનું એ અનુસરણ કરે અને અત્યારે જે વમળમાં એ પડી ગયો છે તેમાંથી ઈશ્વરી પ્રેરણાથી એ મુક્ત થાય તથા પોતે જે પાર્થિવ વસ્તુઓ ઉપર નિભાવ (૬૧૨) કરે છે અને જેને આ ક્ષુદ્ર જીવનની ઇષ્ટ વસ્તુઓ ગણવામાં આવે છે, તે બધી એના ઉપર ઉગી નીકળી છે તે કારણે આત્મામાં પથરા અને છીપલીઓ તથા પાર્થિવ વસ્તુઓ અને ખડક —જે બધું અનેક રીતે જંગલની માફક ફૂટી નીકળ્યું છે તેમાંથી એ મુક્ત થાય, તો આત્મા અત્યારે જેવો છે તેનાથી કેટલો ભિન્ન થઈ રહે છે—(અને)—એ જેવો છે તેવો તમે એને ત્યારે જોઈ શકશો; અને એનું માત્ર એક જ સ્વરૂપ છે કે પછી એ બહુરૂપી છે, અથવા એનો સ્વભાવ શો છે એ પણ તમે જાણી શકશો. આ અત્યારના જીવનમાં નજરે પડતાં આત્માનાં રૂપો કે મિથ્યા વર્તન સંબંધી આપણે હું ધારું છું અત્યાર સુધીમાં પૂરતું કહ્યું છે.

તેણે જવાબ આપ્યોઃ ખરું.

મેં કહ્યું: અને આ રીતે દલીલની શરતો આપણે પૂરી કરી છે; (૭) તમારા કહેવા પ્રમાણે ધર્મની જે કીર્તિ અને બક્ષિસ હોમર તથા હસિયડમાં મળી આવે છે, તે આપણે દાખલ કર્યાં નથી; પરંતુ આત્માના પોતાના સ્વભાવની દૃષ્ટિએ ધર્મ એના પોતાના સ્વરૂપની રૂયે શ્રેષ્ઠ છે એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. પોતાની પાસે ગાઈજિઝની વીંટી હોય કે ન હોય, અને ગાઈજિઝની વીંટી ઉપરાંત માણસ ભલે હેડિઝનો ટોપ પણ પહેરે, પરંતુ જે ધર્મ છે તે જ માણસ ભલે આચરે.*

સાવ સાચું.

---

* મુદ્દો ૯: ધર્મ અને સુખ, શ્રેય અને પ્રેય.

અને હવે ગ્લાઉકોન આ જીવનમાં અને મૃત્યુ પછી મનુષ્યો અને દેવો તરફથી આત્માને ધર્મ અને બીજા સદ્‌ગુણોને (ક) લીધે કેટલો બધો અને કેટલો મોટો બદલો મળે છે તેની હવે ગણત્રી કરવામાં કયું નુકસાન થાય એમ નથી.

તેણે કહ્યું: અવશ્ય નહિ.

ત્યારે દલીલ કરતાં કરતાં તમે જે મારી પાસેથી ઉછીનું લીધું હતું તે તમે મને પાછું આપશો ?

મેં શું ઉછીનું લીધું હતું ?

ધર્મિષ્ઠ માણસ અધર્મી અને અધર્મી ધર્મિષ્ઠ દેખાવો જોઈએ એ સિદ્ધાન્ત: કારણ તમારો એવો અભિપ્રાય હતો કે માણસો કે દેવોની નજરમાંથી ખરી હકીકત છટકી જવાનો સંભવ નથી તોપણ શુદ્ધ ધર્મનું શુદ્ધ અધર્મની સામે તોલન કરવા માટે દલીલમાં આનો (ડ) સ્વીકાર કરવાની જરૂર હતી—તમને યાદ છે ?

હું જો ભૂલી ગયો હોઉં તો મોટા ઠપકાને પાત્ર ગણાઉં.

ત્યારે મુદ્દાનો નિર્ણય થઈ ગયો છે તેથી માણસો અને દેવો ધર્મને જે માન આપે છે તથા જે બાબત આપણે એમ માનીએ છીએ કે એ તો એનું લહેણું છે તે આપણે એને પાછું સોંપવું જોઈએ એવી હું ધર્મના પક્ષ તરફથી માગણી કરું છું; આત્મા તત્ત્વ અર્પે છે તથા જેઓ આત્માને ખરેખરા અર્થમાં વરે છે તેમની એ કદી વંચના કરતો નથી* એ કારણે આપણે એની પાસેથી જે લઈ લીધું છે તે આપણે પાછું આપી દઈશું, કે જેથી સુન્દરમાં સુન્દર રૂપ જે એનું પોતાનું છે અને જેમને એ પોતાના ગણે છે તેમને જે સુન્દર રૂપ એ આપી ચૂકે છે તે એને પાછું મળે.*

* સરખાવો ઉપનિષદનું વાક્ય : યમેવૈશ વૃણુતે વિગેરે. તથા શ્રી અરવિંદનું વાક્ય : "The Divine gives Itself to those who give themselves without reserve and in all their parts to the Divine."

(૬) તેણે કહ્યું: એ માગણી વ્યાજબી છે

મેં કહ્યું: સૌથી પહેલાં—જે વસ્તુ સૌથી પહેલાં પાછી આપવી પડશે તે આ છે—ધર્મિષ્ઠ તથા અધર્મી બંનેનો સ્વભાવ દેવો ખરેખર જાણતા હોય છે.

કબુલ.

અને આપણે શરૂઆતથી સ્વીકાર કર્યો હતો તે પ્રમાણે, જો બંનેને તેઓ ઓળખતા હોય તો એક દેવોનો મિત્ર હોવો જોઈએ અને બીજો દુશ્મન હોવો જોઈએ, ખરું ને?

ખરું.

(૬૧૩) અને દેવોના મિત્રને દેવો પાસેથી તમામ સારામાં સારી વસ્તુઓ મળે એમ માનવું જોઈશે, સિવાય કે માત્ર અગાઉનાં પાપોનાં આવશ્યક પરિણામ રૂપે અમુક અનિષ્ટ એને મળતું હોય!

અવશ્ય.

ત્યારે ધર્મિષ્ઠ માણસ વિશેનો આપણો ખ્યાલ એવો હશે કે એ જ્યારે ગરીબાઈ, માંદગી કે બીજા કોઈ પણ દુર્ભાગ્યથી પીડાતો હોય, ત્યારે પણ જીવતાં કે મુઆ પછી તમામ વસ્તુઓ એના ભલામાં જ પરિણમશે; કારણ કે સદ્‌ગુણના આચરણ દ્વારા મનુષ્યથી જેટલે અંશે ઈશ્વરી સ્વરૂપ પ્રાપ્ત કરી શકાય તેટલે અંશે ઈશ્વરના જેવા થવાની (જ) તથા ધર્મિષ્ઠ થવાની જે કોઈની ઈચ્છા હોય, તેની દેવો સંભાળ રાખે છે, કેમ નહિ?

તેણે કહ્યું: હા, જો એ ઈશ્વરના જેવો હોય તો ઈશ્વર અચૂક એના પ્રત્યે બેદરકાર ન જ રહે.

અને અધર્મી વિશે આપણે શું આથી ઊલટું માનવું ન જોઈએ?

જરૂર.

ત્યારે ધર્મિષ્ઠ લોકોને દેવો જે મહાન વિજય અપાવે છે તે આવો છે, ખરું?

મારી એ ખાત્રી છે.

અને મનુષ્યો પાસેથી એમને શું મળે છે? વસ્તુતઃ જેવી પરિસ્થિતિ છે તેના પ્રત્યે નજર કરો, અને તમે જોશો કે જે શરતમાં ઉતરનારાઓ શરત શરૂ કરવાના સ્થાનથી તે અમુક સંકેત સ્થાન સુધી સારી રીતે દોડે છે, પરંતુ જે ત્યાંથી પાછાં વળતાં ઢીલા પડે છે તેના જેવા બુદ્ધિશાળી અધર્મીઓ છે: તેઓ બહુ ઝડપથી (ક) જાય છે, પરંતુ છેવટે તેઓ મુકુટ વગરના અને પોતાના કાન ખભા ઉપર લબડતા રાખીને કોઈનું પણ ધ્યાન ન ખેંચાય એવી રીતે આવતા હોય છે અને ત્યારે તેઓ તદ્દન મૂર્ખ દેખાય છે; પરંતુ જે ખરો દોડનાર છે તે પહેલો આવે છે, ઈનામ મેળવે છે અને એના માથા પર તાજ મૂકાય છે; અને ધર્મિષ્ઠ લોકોની બાબતમાં આમ બને છે; જે કાર્ય પોતાની આખી જીંદગીના પ્રસંગોમાં તથા પ્રત્યેક કાર્યમાં દૃઢ સુધી પાર ઉતરે છે, તેના નામ ઉપર સારો શેરો મારવામાં આવે છે, અને મનુષ્યોને જે કંઈ ઈનામ આપવાનું હોય છે તે એ ઉપાડી જાય છે.

ખરું.

અને હવે અધર્મી પરંતુ ભાગ્યશાળી હોય એવા લોકો ઉપર તમે જે આશીર્વાદો વરસાવતા હતા, તે ધર્મિષ્ઠને આપવાની તમારે મને રજા (ડ) આપવી પડશે. તમે જે બીજાઓને વિશે કહેતા હતા, તે હું તેમને વિશે કહીશ, કે એમને જો પરવા હોય તો તેઓ વૃદ્ધ થશે તેમ તેમ તેમના પોતાના જ નગરરાજ્યમાં તેઓ શાસનકર્તા થશે; તેઓ પોતાની ઇચ્છાનુસાર લગ્ન કરી શકશે અને પોતાની મરજી પ્રમાણે બીજાનાં લગ્ન કરાવી શકશે; બીજાઓ માટે તમે જે કંઈ કહ્યું હતું તે બધું જ હું આમને વિશે કહીશ, અને બીજી તરફ અધર્મીઓ વિશે હું એમ કહીશ કે તેમાંના ઘણાઓ યુવાવસ્થામાં છટકી જવા પામે છે તોપણ છેવટે તેઓ પકડાઈ જાય છે તથા એમના પંથને અંતે તેઓ મૂર્ખા દેખાય છે, અને દુઃખી તથા વૃદ્ધ થયા પછી પુરવાસીઓ અને પરદેશીઓ એકસરખા તેમનાં અપમાન કરે છે;

એમના પર માર (૬) પડે છે, અને ત્યાર પછી એવી વસ્તુઓ બને છે કે જેને વિશે આપણે ખરા અર્થમાં એમ જ કહી શકીએ કે એ સભ્ય પુરુષોને સાંભળવા લાયક નથી; તમે કહેતા હતા તેમ એમને રિબાવવામાં આવશે અને એમની આંખો બાળીને કાઢી નાંખશે. અને (આટલાથી) તમે માની લેજો કે ત્રાસની તમારી કથાનો બાકીનો ભાગ પૂરો થઈ ગયો છે; પરંતુ એ ભાગ ફરીથી બોલી ગયા વગર, આ વસ્તુઓ ખરી છે એટલો સ્વીકાર શું નહિ કરવા દો?

તેણે કહ્યું: અવશ્ય, તમે કહો છો તે ખરું છે.

(૬૧૪) ત્યારે ધર્મ પોતે જે બીજી સારી વસ્તુઓ આપે છે તે ઉપરાંત ધર્મિષ્ઠ લોકોના ઉપર આ જીવનમાં દેવો તથા મનુષ્યો જે ઈનામો તથા પારિતોષિકો તથા ભેટો વરસાવે છે તે આ છે.

તેણે કહ્યું: હા, અને તે બધાં સુન્દર અને ચિરકાળ ટકે એવાં છે.

મેં કહ્યું: અને છતાં મૃત્યુ પછી ધર્મિષ્ઠ તથા અધર્મી બંનેને જે બીજાં ફળ મળવાનાં છે તેમની સરખામણીમાં સંખ્યાની કે મહત્તાની દૃષ્ટિએ આ તો કશા વિસાતમાં નથી, અને તમારે એ સાંભળવાં જોઈએ, અને પછી જ ધર્મિષ્ઠ અને અધર્મી બંનેનું લહેણું જે દલીલ પાસે નીકળે છે, તે આપણે પૂરેપૂરું ભરપાઈ કરી શકીશું*

(૨) તેણે કહ્યું: આગળ બોલો, આનાથી બીજું સાંભળવાનું મને ભાગ્યે જ વધારે ગમશે.

મેં કહ્યું: વારુ, હું તમને એક વાર્તા કહીશ; આલ્સિનસ નામના નાયકને ઍડિશિયસ જે વાર્તાઓ કહે છે તેમાંની આ નથી. છતાં જન્મે પેમ્ફીલિયર એવા આર્મનિયસના પુત્ર એર નામના નાયકની આ પણ એક કથા છે. લડાઈમાં એ માર્યો ગયો અને દસ દિવસ પછી, જ્યારે મરેલાંઓનાં મુડદાં કોહવાનાં સડવાં માંડયાં હતાં ત્યારે પણ એના શરીરમાં સડો પેઠો નહોતો; અને એની દફનક્રિયા કરવા એને ઘેર લઈ જવામાં આવ્યો. અને બારમે દિવસે એ જેવો ચિતા ઉપર

* મુદ્દો: ૧૦

પડયો હતો તેવો એનામાં જીવ આવ્યો અને બીજી દુનિયામાં એણે જે જે જોયું હતું તેની એમને વાત કરી. તેણે કહ્યું કે શરીર છોડયા પછી એનો આત્મા બીજા ઘણાઓની સાથે દૂર દૂર ગયો, અને (ક) તેઓ એવી ગેબી જગ્યાએ આવ્યા કે જ્યાં પૃથ્વીમાં બે કાણાં હતાં; કાણાં એક બીજાની પાસે પાસે હતાં, અને તેમની સામે ઉપર સ્વર્ગમાં બે કાણાં હતાં. વચ્ચે રહેલી જગ્યામાં ધર્માધ્યક્ષો બેઠા હતા,* અને ધર્મિષ્ઠ લોકોનો ચૂકાદો કર્યા પછી તથા એમની છાતી ઉપર એમનો ચૂકાદો બાંધી દીધા બાદ તેઓએ ધર્મિષ્ઠ લોકોને જમણી બાજુના સ્વર્ગે જવાના રસ્તે ચડવાનો હુકમ કર્યો; અને તેવી રીતે તેઓએ અધર્મીઓને ડાબી તરફના નીચેના રસ્તે ઉતરવા ફરમાવ્યું; આ લોકોની ઉપર પણ પોતાનાં કૃત્યોનાં પ્રતીકો હતાં, પરંતુ એ તેમની પીઠ પાછળ લગાડેલાં હતાં. એ તેમની પાસે (ડ) ગયો, એટલે તેમણે એને કહ્યું કે બીજી દુનિયાના અહેવાલ મનુષ્યો પાસે લઈ જનાર દૂત તરીકે એણે કામ કરવાનું હતું, અને એ જગ્યાએ જે કંઈ સાંભળવાનું કે જોવાનું હતું, તે સાંભળવાનું તથા જોવાનું એને ફરમાવવામાં આવ્યું. પછી એણે નજર કરી અને જોયું તો એક બાજુ જે આત્માઓનો ચૂકાદો અપાઈ ગયો હતો તેઓ સ્વર્ગ અને પૃથ્વીનાં બંને તરફનાં દ્વારમાં થઈને પસાર થતા હતા; તથા બીજી તરફનાં દ્વારમાંથી કેટલાએક બીજા આત્માઓ મુસાફરીથી તદ્દન થાકેલા અને ધૂળધૂળ થયેલા પૃથ્વીમાંથી ઉપર આવતા હતા, અને બીજા કેટલાએક સ્વચ્છ અને તેજસ્વી આત્માઓ સ્વર્ગમાંથી નીચે ઉતરતા હતા. (ઢ) અને ધીમે ધીમે તેઓ નજીક આવતા હતા તેમ જાણે કોઈ લાંબી મુસાફરીએથી તેઓ આવતા ન હોય એવા તેઓ દેખાતા હતા, અને (આવીને) તેઓ પ્રસન્ન થતા થતા લીલા ઘાસના મેદાનમાં ગયા, તથા ઉત્સવ હોય તે રીતે એમણે ત્યાં પડાવ નાંખ્યો. અને જેઓ એક બીજાને ઓળખતા હતા તેઓ એકમેકને ભેટ્યા અને

* સરખાવો 'ગૉર્જિયસ–૫૨૪

વાતો કરવા માંડયા—જે આત્માઓ સ્વર્ગમાંથી આવતા હતા તેઓ નીચેની વસ્તુઓ વિશે અને જેઓ પૃથ્વીમાંથી આવતા હતા તેઓ ઉપર (સ્વર્ગમાં) શી શી વસ્તુઓ છે તે બાબત જિજ્ઞાસાથી પૂછતા હતા. અને (૬૧૫) જેઓ નીચેથી આવતા હતા તેઓને પૃથ્વીની નીચેની મુસાફરી દરમિયાન [હવે એ મુસાફરી એક હજાર વર્ષ પર્યંત પહોંચી હતી] જે જે જોવું પડયું અને સહન કરવું પડયું તે બધું યાદ આવતાં રોતાં અને કકળતાં, રસ્તે જે કંઈ બન્યું હતું તે તેમણે એકબીજાને કહ્યું; જ્યારે જેઓ ઉપરથી આવતા હતા તેઓ સ્વર્ગીય આનંદ તથા અકલ્પ્ય સૌન્દર્યનાં દૃશ્યોનું વર્ણન કરતા હતા. ગ્લાઉકોન, વાત કહેવા બેસીએ તો બહુ જ વખત લાગે એમ છેઃ પણ સારાંશ આ પ્રમાણે હતોઃ— તેણે એમ કહ્યું કે બીજા કોઈનું એમણે જે કંઈ અનિષ્ટ કર્યું હતું તે બદલ તેમને દસગણું સહન કરવું પડયું: અથવા સો વર્ષમાં એક વાર—માણસની જીંદગીની લંબાઈની ગણતરી એ (૩) પ્રમાણેની હતી—તથા આ રીતે એક હજાર વર્ષમાં દસગણી સજા ભોગવવી પડતી. દાખલા તરીકે જે કોઈ માણસ બીજા ઘણાંનાં મૃત્યુનું કારણ બન્યો હોય, અથવા નગરરાજ્યો કે લશ્કરોનો વિશ્વાસઘાત કર્યો હોય કે એમને ગુલામ બનાવ્યાં હોય, અથવા બીજા કોઈ દુષ્ટ આચરણનો ગુનો કર્યો હોય, તો તેમના પ્રત્યેક અને બધા જ અપરાધોની શિક્ષા તેમને દસગણી આપવામાં આવતી હતી, અને પવિત્રતા તથા ધર્મ તથા ઉદારતાનો બદલો પણ એ જ પ્રમાણમાં અપાતો. (ક) જન્મીને તરત મરી ગયાં હોય એવાં નાનાં બાળકો વિશે એણે શું કહ્યું તે મારે ભાગ્યે જ કહેવાની જરૂર છે. માબાપ તથા દેવો પ્રત્યેના માન અપમાનની અને ખૂનીઓની બીજી કેટલીય મોટી શિક્ષાઓ હતી જેનું એણે વર્ણન પૂછ્યું. એણે કહ્યું કેઃ 'મહાન આર્ડીયસ કયાં છે' એમ જ્યારે એક આત્માએ બીજાને પૂછ્યું ત્યારે એર પોતે ત્યાં હાજર હતો [હવે આ આર્ડીયસ એરના પૂર્વે એક હજાર વર્ષ પહેલાં થઈ ગયો; પેમ્ફીલિયાના કોઈ નગરરાજ્યનો એ જુલમગાર

હતો, અને એણે પોતાના વૃદ્ધ પિતાનું અને મોટા (ડ) ભાઈનું ખૂન કર્યું હતું, અને એવા કેટલાયે દુષ્ટ ગુન્હાઓ એણે કર્યા હતા એમ કહેવાય છે.] પેલા બીજા આત્માએ એને નીચે પ્રમાણે જવાબ આપ્યોઃ 'તે અહીં કદી આવતો નથી અને આવશે પણ નહિ. અને,' તેણે કહ્યું, 'અમે પોતે જે ભયંકર દૃશ્યો જોયાં તેમાંનું એક આ હતું. અમે ગુફાના મોં આગળ હતા અને અમારે જે કંઈ ભોગવવાનું હતું તે અમે ભોગવી લીધું હતું તેથી અમે ફરી ઉપર ચડવા જતા હતા, ત્યાં આર્ડાયસ તથા બીજા કેટલાએક જેમાંના ઘણાખરા જુલમગારો હતા, તે બધા એકાએક દેખાયા, અને જુલમગારો સિવાય જેમણે ખાનગી (ફ) જીવનમાં મહાપાપ કર્યા હતાં તેવી વ્યક્તિઓ પણ ત્યાં હતી. તેઓના મનમાં એમ હતું કે તેઓ હમણાં ઉપરની દુનિયામાં પાછા આવશે પરંતુ જ્યારે જ્યારે [કદી શુદ્ધ ન થઈ શકે એવા] આ અસાધ્ય પાપીઓમાંનો કોઈ—કે જેની શિક્ષા હજી પૂરી ભોગવાઈ રહી નહોતી તેવો—ઉપર ચડવા જતો, ત્યારે (ગુફાનું) મોં તેમને દાખલ થવા ન દેતાં ગર્જના કરતું; અને પછી પાસે ઊભેલા બળબળતા દેખાવના જે જંગલી માણસો (૬૧૬) એ અવાજ સાંભળતા તેઓ તમને પાછા ધસડી જતાઃ અને તેઓએ આર્ડાયસ તથા બીજાઓને હાથેપગે અને માથે બાંધ્યા, અંને તેમને નીચે ફેંકી દીધા અને ચાબખાથી તેમને ફટકાવ્યા, તથા તેમને રસ્તાની બાજુએ લઈ ગયા, અને ત્યાં ઊનને કાંતે તેમ તેમને કાંટાથી કાંત્યા, તથા તેમનાં કુકર્મો કયાં કયાં હતાં તે રસ્તે જનારાઓને તેમણે જાહેર કર્યાં અને કહ્યું કે નર્કમાં નાખવા તેમને લઈ જવામાં આવતા હતા.' અને (પાછાં ફરતી વખતે) રખેને તેઓ પોતે પેલો અવાજ ફરીથી સાંભળે, એ બીકે તેમાંના દરેકને જે ત્રાસ થયો હતો, તેના જેવું દુઃખ તો જે ઘણાંય દુઃખો તેમણે સહન કર્યા હતાં તેમાંનું એકેય નહોતું; પરંતુ બધું શાંત હતું તેથી તેઓ એક પછી એક અધિક આનંદમાં ઉપર ચડવા લાગ્યા. એરે કહ્યું કે આવાં તે શિક્ષા અને શુદ્ધિ હતાં અને લાભો પણ આના જેટલા જ મોટા હતા.

(ઘ) હવે જ્યારે આત્માઓને લીલા મેદાનમાં રહ્યાંને સાત દિવસ થયા,* ત્યાર પછી આઠમે દિવસે એમને ફરી પોતાની મુસાફરી શરૂ કરવી પડી, અને ત્યાર પછી ચોથે દિવસે, તેણે કહ્યું કે તેઓ એવી જગ્યાએ આવી પહોંચ્યા કે જ્યાંથી આખા આકાશ તથા પૃથ્વીની આસપાસ પથરાયેલ, રંગે મેઘધનુષને મળતી, માત્ર એના કરતાં વધારે તેજસ્વી અને વધારે સ્વચ્છ એવી સ્થંભના જેવી સીધી પ્રકાશની પંક્તિઓ તેઓએ ઉપર રહ્યાં જોઈ; (પછી) એક દિવસની મુસાફરી પૂરી કર્યા બાદ તેઓ એ જગ્યા પર (ક) આવી પહોંચ્યા, અને ત્યાં પ્રકાશના મધ્યમાં તેમણે ઉપરથી નીચે લટકાવેલી સ્વર્ગની સાંકળોના છેડા જોયા; કારણ આ પ્રકાશ તે સ્વર્ગનો કમરબંધ છે, અને લડાયક વહાણના નીચેના બંધની માફક વિશ્વના વર્તુળને એ બાંધી રાખે છે. આ છેડાઓમાંથી, જેના ઉપર બધાં ચક્રો ફરે છે તેવી (દેવી) નિયતિની ધરી લંબાવેલી છે. આ ધરીનો દંડ અને આંકડો ગજવેલનાં બનાવેલાં છે, અને એને સમતોલ રાખનારું જે ચક્ર છે તે થોડું ગજવેલનું અને થોડું બીજી ધાતુઓનું પણ બનેલું છે. હવે આ ચક્ર આપણે જેવું પૃથ્વી પર વાપરીએ છીએ તેવા જ આકારનું (ડ) છે; અને એના વર્ણન પરથી એમ લાગે છે કે અંદરથી તદ્દન કોરી કાઢયું હોય તેવું એ એક મોટું પોલું ચક્ર છે, અને એકબીજાંની અંદર ગોઠવી શકાય તેવાં વાસણોની જેમ આની અંદર એક બીજું એનાથી નાનું ગોઠવવામાં આવ્યું છે, અને તેની અંદર બીજું, તેમાં બીજું, અને કુલ આઠ થાય તેવાં બીજાં ચાર; ઉપરની બાજુએ આ ચક્રોની કિનાર દેખાય છે, અને નીચેની બાજુથી એ (ઢ) જાણે એક આખું સળંગ ચક્ર હોય એમ જણાય છે. આને છેદીને ધરી બહાર નીકળે છે, જે આઠમાં ચક્રના મધ્યબિંદુમાં બેસાડવામાં આવી છે. સૌથી બહારના પહેલા ચક્રની કોર સૌથી જાડી છે, અને નીચેના પ્રમાણ અનુસાર અંદરનાં સાત ચક્રોની કિનાર પાતળી થતી જાય છે—પહેલી

* સરખાવો 'ગોર્જિયસ'–૫૨૪

પછી છઠ્ઠી બીજે નંબરે આવે છે, છઠ્ઠી પછી ચોથી; ત્યાર પછી આઠમી આવે છે; સાતમો પાયમાં નંબરે છે; પાંચમી છઠ્ઠી, ત્રીજી સાતમે. બીજી છેલ્લી અને આઠમે નંબરે આવે છે: સૌથી મોટીમાં છાંટણાં [અથવા સ્થિર તારાઓ] છાંટેલાં છે, અને સાતમી [અથવા સૂર્ય] સૌથી વધારે (૬૨૭) તેજસ્વી છે; આઠમી [કે ચંદ્ર] સાતમીના પરાવર્તિત પ્રકાશથી રંગાયેલી છે; બીજી અને પાંચમી [શનિ અને બુધ]ના રંગો એકબીજાને મળતા છે, અને અગાઉ જે ગઈ તેના કરતાં વધારે પીળાશ પડતા છે; ત્રીજી [શુક્ર]નું તેજ સૌથી વધારે શુભ્ર છે; ચોથી[મંગળ] લાલાશ પડતી છે; છઠ્ઠી [ગુરુ] શુભ્રતામાં બીજે નંબરે આવે છે. હવે આખી ધરીની ગતિ એક જ છે; પરંતુ આખું ચક્ર એક દિશામાં ફરે છે, તેથી અંદરનાં સાત ચક્રો વિરુદ્ધ દિશામાં ફરે છે,+ અને આમાં આઠમાની ગતિ સૌથી વેગવાળી છે; પછી સાતમી, છઠ્ઠી અને પાંચમી જે એક સાથે ફરે છે, તેમની ગતિ બીજે નંબરે (બ) આવે છે; વક્ર ગતિના નિયમ પ્રમાણે ચોથાની ગતિ ત્રીજે નંબરે આવે છે, ત્રીજાનો નંબર ચોથો છે; અને બીજાનો પાંચમો છે. ધરી નિયતિના પગ ઉપર રહીને ફરે છે. અને દરેક ચક્રની ઉપરની બાજુએ એક એક કિન્નર બેઠેલો હોય છે, અને ચક્રની સાથે ફરતાં ફરતાં એ એક સૂર કે સ્વર ગાયા કરે છે. આઠે ય સ્વરોમાંથી સંગીત ઉત્પન્ન થાય છે; અને આજુબાજુ સરખા સરખા (ક) અંતરે ત્રણ જણની એક બીજી ટોળી બેઠી હોય છે; આ તે (દેવી) નિયતિની પુત્રીઓ વિધિની દેવીઓ છે, જેમણે સફેદ ઝભ્ભાઓ પહેર્યા છે, અને એમના માથે માળાઓ છે—લેકેસિસ અને ક્લોથો અને એટ્રોપોસ, ત્રણે કિન્નરોના ગાન સાથે પોતાના સૂરો ભેળવે છે—લેકેસિસ ભૂતકાળનું, ક્લોથો વર્તમાનનું અને એટ્રોપોસ ભાવિનું ગાન ગાય છે; થોડી થોડી વારે ક્લોથો પોતાના જમણા હાથના સ્પર્શથી ધરી કે બિંબના બહારના ચક્રની ગતિને મદદ કરે છે, અને એટ્રોપોસ પોતાના ડાબા હાથ

+ ગ્રહોની વક્ર ગતિ ?

વડે અંદરનાં ચક્રોને અડીને નિયમન કરે છે, (ડ) અને લેકેસિસ પહેલાં એક હાથે અને પછી બીજે હાથે બંનેને વારાફરતી ફેરવે છે.

જ્યારે એર અને આત્માઓ ત્યાં આવ્યા, ત્યારે તેમની પહેલી ફરજ લેકેસિસ પાસે જવાની હતીઃ પરંતુ સૌથી પહેલાં તો કોઈ પયંગમ્બરે આવીને એમને વ્યવસ્થાસર ગોઠવ્યા, અને લેકેસિસના ખોળામાંથી જાતજાતની જીંદગીઓની ચિઠ્ઠીઓ× તેણે લીધી અને ઊંચી વ્યાસપીઠ ઉપર ચડીને એ નીચે પ્રમાણે બોલ્યોઃ "નિયતિની પુત્રી, લેકેસિસના શબ્દો સાંભળો. મર્ત્ય આત્માઓ, જીવન અને મૃત્યુનું નવું ચક્ર જુઓ. અમે તમને તમારી 'પ્રકૃતિ'+નહિ આપીએ, પરંતુ તમે (ઇ) તમારી પ્રકૃતિ' પસંદ કરો; અને જે સૌથી પહેલી ચિઠ્ઠી લેતો હોય તે ભલે સૌથી પહેલી પસંદગી કરે અને જે પ્રકારનું જીવન એ પસંદ કરશે, તે એનું ભાગ્ય ગણાશે. સદ્‌ગુણ પસંદ કરવો કે કેમ તે માણસની ઇચ્છાની વાત છે. અને માણસ જેટલે અંશે સદ્‌ગુણનું માન કે અવમાન કરતો હશે તેટલે અંશે તેને વધતો કે ઓછો એ મળી રહેશે; જવાબદારી પસંદ કરનારની છે—પછી ઈશ્વરનો વાંક કાઢવાનો નથી." આમ બોલી રહ્યા બાદ દુભાષિયાએ બેપરવાઈથી એમના બધાની વચ્ચે ચિઠ્ઠીઓ વેરી, અને પોતા પાસે જે ચિઠ્ઠી પડી તે એમાંના દરેકે ઉપાડી. એર સિવાયના બધાઓએ—[એને લેવા દીધી નહોતી] અને દરેક ચિઠ્ઠી લેતાંની સાથે પોતાને જે આંક મળ્યો હતો તે (૬૧૮) સૌએ જોયો. ત્યાર પછી દુભાષિયાએ તેમની આગળ જમીન ઉપર જીંદગીના નમૂનાઓ મૂકયા; અને જેટલા આત્માઓ ત્યાં હાજર હતા એના કરતાં તો જીંદગીની સંખ્યા ઘણી મોટી હતી અને તમામ પ્રકારનાં જીવન ત્યાં હતાં. જાતજાતનાં

× સરખાવો 'ફીડ્રસ'—ફીડ્રસમાં દર ૧૦૦૦ વર્ષે ચિઠ્ઠીઓ વહેચવામાં આવે છે એમ કહ્યું છે.

+ "Your 'genius' will not be allotted to you, but you will choose your genius."

પશુઓની તથા દરેક જાતની જીંદગીઓ ત્યાં હતી. અને એમાં જુલમો હતા, જેમાંના કેટલાએક જુલમો જુલમગારના જીવન પર્યંત ચાલુ રહે તેવા હતા અને બીજા કેટલાક અધવચથી જ પડી ભાંગતાં અને તેમને અંતે ગરીબાઈ, દેશવટો અને ભીખ માગવાનું આવતું અને ત્યાં પ્રખ્યાત માણસોનાં જીવન હતાં, જેમાંનાં કેટલાંએક હરીફાઈની રમતોમાં બળ તથા જીતને માટે, તેમજ તેમની આકૃતિ તથા સૌંદર્યને માટે, અથવા (ચ) વળી પોતાના બાપદાદાઓના ગુણો તથા પોતાનાં કુળને માટે સુવિખ્યાત હતાં; તથા કેટલાંએક એના વિરોધી ગુણોને લીધે સુવિખ્યાતને બદલે એથી ઉલટાં જ હતાં. સ્ત્રીઓના જીવન વિશે પણ આવું જ હતું; જો કે તેમાં કશી ખાસ વિશિષ્ટતા નહોતી* કારણ કે નવું જીવન પસંદ કરતી વખતે આત્માને પોતાનું સ્વરૂપ બદલવું પડતું. પરંતુ ત્યાં બીજા દરેકે દરેક ગુણો હતા, અને તેઓ એકબીજાની સાથે જ નહિ પણ ધન તથા ગરીબાઈ અને રોગ તથા આરોગ્યનાં તત્ત્વો સાથે મિશ્ર થયેલા હતા; અને મધ્યમ પરિસ્થિતિઓ પણ ત્યાં હતી અને મારા પ્રિય ગ્લાઉકોન, આપણી માનુષી પરિસ્થિતિનું સૌથી મોટું સંકટ આમાં જ રહેલું છે અને તેથી વધારેમાં વધારે સંભાળ રાખવાની છે. (ક) જો કદાચને એ પોતે શીખી શકે, તથા બીજા કોઈ એવાને શોધી કાઢે કે જે એને ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચે વિવેક વાપરવાની અને એ રીતે, પોતાને તક મળે તે અનુસાર દરેક જગ્યાએ અને હરહંમેશ ઉચ્ચતર જીવન પસંદ કરવાની અને જાણવાની શક્તિ કેળવી શકે એવો બનાવે, તો આપણામાંના દરેકે બીજા તમામ પ્રકારનું જ્ઞાન છોડી દેવાનું છે, અને માત્ર એ એક જ વસ્તુને શોધવાની છે અને તેને જ અનુસરવાનું છે. આપણે જે તમામ વસ્તુઓને છુટી છુટી તથા એકી-સાથે ગણાવી ગયા છીએ તે બધીને સદ્‌ગુણ સાથે શો સંબંધ છે તેનો તેણે વિચાર કરવો જોઈએ; અમુક આત્મામાં ગરીબાઈ કે સંપત્તિની સાથે જ્યારે સૌંદર્ય મળે છે ત્યારે તેની શી અસર થાય છે તે તથા

* એટલે કે પ્લેટોના મત પ્રમાણે આત્મામાં જાતિભેદ નથી.

(ડ) કુળવાન અને હલકા જન્મનાં, ખાનગી કે જાહેર જીવનનાં, બળ તથા નબળાઈનાં, હોંશિયારી કે બેવકૂફાઈનાં અને આત્માની તમામ સ્વાભાવિક કે પોતે મેળવેલી શક્તિઓનાં તથા તેઓ ભેગાં મળે ત્યારે તેમની ક્રિયાનાં સારાં અને માઠાં પરિણામો કેવાં આવે તે બધું તેણે જાણવું જોઈએ; પછી એ આત્માના સ્વરૂપ તરફ નજર કરશે, અને આ બધા ગુણોનો વિચાર કરીને શું વધારે સારું છે, અને શું વધારે ખરાબ છે તેનો નિર્ણય કરવા એ શક્તિમાન થશેઃ અને એ રીતે જે પ્રકારની જીંદગીથી આત્મા વધારે અધર્મી થતો હોય તેને (ઢ) અનિષ્ટનું તથા જે જાતના જીવનથી આત્મા વધારે ધર્મિષ્ઠ થતો હોય તેને ઇષ્ટનું નામ આપીને એ પોતે પસંદગી કરશે; બીજા કશાને એ ગણકારશે નહિ કારણ કે આપણે જોયું છે અને જાણીએ છીએ કે જીવતાં તથા મૃત્યુ પછી બન્ને દૃષ્ટિએ આ (૬૧૯) પસંદગી જ ઉત્તમ છે. સત્ય અને સચ્ચાઈમાંની અચલ શ્રદ્ધા માણસે નીચેની દુનિયામાં પોતાની સાથે લઈ જવી જ જોઈએ, કે જેથી ત્યાં પણ ધનલોભ તથા અનિષ્ટની બીજી લાલચોથી એ અંજાઈ ન જાય અથવા રખેને જુલમો અને એના જેવી બીજી દુષ્ટતાઓના સંબંધમાં આવીને, જેનો કદી કશો ઉપાય ન થઈ શકે તેવું બીજાઓનું ભૂંડું એ ન કરે તથા તે ઉપરાંત પોતાની જાતનું એથી પણ વધારે ભૂંડું ન કરી બેસે; પરંતુ માત્ર આ જીવનમાં નહિ પણ ભાવિમાં જે કંઈ આવવાનું છે તે તમામમાં શક્ય હોય તેટલે અંશે બંને બાજુએ હદ પાર ન જતાં મધ્યમ માર્ગ કેવી રીતે પસંદ કરવો એ તેણે શીખવું જોઈશે, (ણ) કારણ સુખનો માર્ગ આ છે.*

અને બીજી દુનિયામાંથી આવેલા દૂતની ખબર અનુસાર, તે

* સરખાવો એરિસ્ટોટલનો મધ્યમ માર્ગ—The Doctrine of 'Mesotes'—Virtue as a mean between two extremes : We cannot compare it with the Middle Path of Buddhism Aristotle's concept was ethical, the other a Spiritual principle.

વખતે પયગંબરે જે કહ્યું તે નીચે પ્રમાણે હતું: "છેલ્લામાં છેલ્લો આવનાર પણ જો તે વિવેક વાપરીને પોતાની પસંદગી કરશે અને પ્રયત્નશીલ જીવન ગાળશે, તો સુખી તથા ઇચ્છવાયોગ્ય જીવન એને ભાગે પણ આવી રહેશે. સૌથી પહેલી પસંદગી કરનારે બેદરકાર થવાનું નથી, અને સૌથી છેલ્લા આવનારે હતાશ થવાનું નથી;" અને એ જ્યારે આમ બોલી રહ્યો, ત્યારે જેને સૌથી પહેલી પસંદગી કરવાની હતી તે આગળ આવ્યો, અને એક ક્ષણમાં ભયંકરમાં ભયંકર જુલમ પસંદ કર્યો. એના ચિત્તમાં મૂર્ખાઈ તથા વિષયવાસનાનો અંધકાર વ્યાપી રહ્યો હતો તેથી પસંદગી કરતા પહેલાં તેણે તમામ બાબતનો પૂરો વિચાર કર્યો નહોતો; અને પહેલી નજરે તેણે એ પણ ન જોયું કે (ક) બીજાં અનિષ્ટોની સાથે સાથે પોતાનાં જ બાળકોનું ભક્ષણ કરવાનું એના ભાગ્યમાં લખ્યું હતું. પછી જ્યારે એને વિચાર કરવાની ફુરસદ મળી, અને પોતાની ચિઠ્ઠી કે ભાગ્યમાં શું હતું એ તેણે જોયું, ત્યારે પયગંબરના શબ્દોને યાદ ન કરતાં એ પોતાની છાતી કૂટવા માંડ્યો અને પોતાની પસંદગી માટે રોકકળ કરવા માંડ્યો: કારણ કે પોતાના દુર્ભાગ્ય માટે પોતાને જ ઠપકો ન આપતાં, તે દેવોનો, તથા અકસ્માતનો અને પોતા સિવાય બીજા બધાનો દોષ કાઢવા લાગ્યો. હવે એ સ્વર્ગમાંથી આવનારાઓમાંનો એક હતો, * અને પોતાની અગાઉની જીંદગીમાં સુવ્યવસ્થિત નગરરાજ્યમાં એ રહ્યો હતો. પરંતુ એનો સદ્‌ગુણ માત્ર એક ટેવરૂપે (ડ) હતો, + તથા એનામાં ફિલસૂફી નહોતી. અને જે બીજાઓ પર આવાં દુર્ભાગ્ય આવી પડ્યાં તેમને વિશે આ ખરું હતું કે તેમાંના મોટ ભાગના સ્વર્ગમાંથી આવ્યા હતા, અને તેથી તેઓ દુઃખની નિશાળે પાઠ ભણ્યા નહોતા; જ્યારે જે યાત્રાળુઓ પૃથ્વી પરથી આવતા હતા તેમણે પોતે સહન કર્યું હતું, તથા બીજાઓને સહન કરતાં જોયું હતું, તેથી તેઓ પસંદગી કરવામાં ઉતાવળ કરતા નહોતા. અને એમના આ અનુભવને લીધે તથા ચિઠ્ઠીમાં સંભવનો અંશ પણ હતો તેથી ઘણા આત્માઓને અનિષ્ટના બદલામાં સદ્‌ભાગ્ય કે

* સરખાવો 'લોઝ' પુ. ૧૨–૯૫૧.

+ Cf. Schopenhaur on "Intelligible" and "Empircal" character,

સદ્‌ભાગ્યના બદલામાં અનિષ્ટ પ્રાપ્ત થયું. કારણ કે આ દુનિયામાં આવ્યા પછી શરૂઆતથી જ જો કોઈ માણસ અખંડ ફિલસૂફીને પોતાની જાત સમર્પે, અને (૬) ચિઠ્ઠીના અંકમાં જો એ ઠીક ઠીક ભાગ્યશાળી હોય, તો દૂત ખબર લાવ્યો તે અનુસાર, તે આ જીવનમાં સુખી થઈ શકે, તથા બીજી જીંદગી તરફના એના પ્રવાસમાં અને આ જીવન તરફ પાછા આવવામાં એને જમીનની અંદર તથા કઠીન રસ્તે જવું ન પડે, પરંતુ એનો માર્ગ સ્વર્ગીય અને સરલ બની રહે. તેણે કહ્યું કે સૌથી વધારે વિચિત્ર દેખાવ તો આ જ હતો—વિચિત્ર, હસવું આવે તેવો અને દિલગીરી (દ્રવ) ઉપજાવે તેવો પણ; કારણ કે અગાઉની જીંદગીના પોતાના અનુભવો ઉપર આત્માઓની પસંદગીનો ઘણો ખરો આધાર રહેતો. જે પહેલાં એક વાર ઓરફિયસ હતો તેના આત્માને, સ્ત્રીઓએ એનું ખૂન કર્યું હતું તેથી સ્ત્રીથી જન્મ લેવાનું એ ધિક્કારતો હતો તે કારણે, સ્ત્રીજાત પ્રત્યેની પોતાની દુશ્મનાવટને લીધે, હંસનું જીવન પસંદ કરતો એણે ત્યાં જોયો; ચંડોળપક્ષીનું જીવન પસંદ કરતા થેમીરાસના આત્માને પણ એણે જોયો; બીજી બાજુ, બીજાં ગાનારાં તથા હંસ જેવાં પક્ષીઓને મનુષ્ય થવું હતું (ચ) જે આત્માને વીસમી ચીઠ્ઠી મળી તેણે સિંહનું જીવન પસંદ કર્યું,[1] અને આ તે ટેલેમોનનો પુત્ર એજેકસ હતો, જેને શસ્ત્ર વિષેના નિર્ણયમાં પોતાને અન્યાય કરવાનાં આવ્યો હતો તે યાદ હતું, તેથી માણસ થવું નહોતું. ત્યાર પછી તરત એગેમેમ્નોન આવ્યો જેણે ગરૂડનું જીવન લીધું, કારણ એજેકસની જેમ એ પણ પોતાનાં દુઃખોને કારણે મનુષ્ય સ્વભાવને ધિક્કારતો હતો. અરધોઅરધ લોકોએ પસંદગી કરી લીધા બાદ એટેલેન્ટાનો વારો આવ્યો; કસરતબાંજની મોટી ખ્યાતિ જોઈને પોતે એ લાલચની સામે ટકી શકી નહિ; અને એના પછી (છ) પેનોપિયસનો પુત્ર એપિયસ આવ્યો અને તે કળાઓમાં ચતુર એવી નારીના સ્વભાવમાં પલટાયો; અને છેલ્લે છેલ્લાં જેઓએ પસંદગી કરી તેઓમાં ઘણે દૂર થર્સાઈટિ નામના વિદૂષકનો આત્મા વાનરનું સ્વરૂપ ધારણ કરતો હતો; ત્યાં ઓડિશિયસનો આત્મા પણ આવ્યો, અને એને પણ પસંદગી કરવાની

૧ : અહીં મૂળ ગ્રીક પાઠાન્તર વિશે એક નોંધ છે.

હતી, અને એનો વારો સૌથી છેલ્લો હતો. હવે ગત દુઃખોનાં સ્મરણને લીધે મહત્ત્વાકાંક્ષી જીવન પરથી એનું મન ઊઠી ગયું હતું, અને જેને કશી ચિંતાઓ ન હોય તેવી ખાનગી વ્યક્તિના જીવનની શોધ પછવાડે એણે ઘણોય વખત ગાળ્યો; આ શોધવામાં એને જરા મુશ્કેલી પડી, કારણ સૌ કોઈ એવા જીવન પ્રત્યે બેદરકાર રહ્યા હતા, અને એ આડું-અવળું કયાંય પડ્યું હતું; (ડ) અને જ્યારે એણે તે જોયું ત્યારે એણે ચુંક કે છેલ્લીને બદલે સૌથી પહેલી પસંદગી એને કરવાની હોત, તોપણ તેણે એ જીવન જ પસંદ કર્યું હોત, અને એ મળવાથી પોતે ખુશ થયો, અને માત્ર માણસો જ પશુઓમાં પલટાયાં એમ નહિ, પરંતુ મારે એ પણ જણાવવું જોઈએ કે પાળેલાં તથા જંગલી જનાવરો ત્યાં હતાં કે જેમણે સારા સૌમ્ય સ્વભાવમાં, તથા દુષ્ટ જંગલી સ્વભાવમાં, એવાં દરેક જાતનાં સંયોજનોમાં—એકમેકનાં રૂપો તથા પોતાને અનુરૂપ માનવ સ્વભાવો લીધા.

બધા આત્માઓએ હવે પોતાની પસંદગી કરી લીધી હતી, અને જે અનુક્રમમાં તેમણે પસંદગી કરી હતી તે અનુક્રમમાં તેઓ લેકેસિસ પાસે ગયા અને તેણે પોતાના જીવનની જે જે 'પ્રકૃતિ' લોકોએ પસંદ કરી હતી, તે તે પ્રકૃતિને સૌ સૌના જીવનની અધિષ્ઠાત્રી તરીકે તથા પસંદગીને ફલીભૂત કરનાર શક્તિ તરીકે તેઓની (ઢ) સાથે મોકલી: આ પ્રકૃતિ આત્માઓને સૌથી પહેલાં ક્લોથો પાસે લઈ ગઈ, અને એના હાથથી ધરીને જે ગતિ મળતી હતી તેની અંદર આત્માઓને એણે ખેંચ્યા, અને આ રીતે પ્રત્યેકનું ભાવિ એણે પ્રમાણ કર્યું અને તેમને આ સાથે જકડી દીધા પછી, જે એટ્રોપોસ તંતુઓ (૬૨૧) કાંતતી હતી તથા જે તેને વિરુદ્ધ દિશામાં ઉકેલી ન શકાય તેવા અપરિવર્તનીય બનાવતી હતી,* તેમની પાસે એમને લઈ ગઈ, અને ત્યાંથી પાછળ નજર નાંખ્યા વગર તેઓ નિયતિના સિંહાસન નીચેથી પસાર થયા; અને તેઓ બધા ત્યાંથી નીકળી ગયા બાદ જે વિસ્મૃતિનું મેદાન ઝાડપાન વગરનું ઉજ્જડ વેરાન હતું તે તરફ ધગધગતા તાપમાં

* એટલે કે કાલનો પ્રવાહ.

તેઓએ કૂચ કરી; અને ત્યાર પછી સાંજ પડવા આવી ત્યારે જે અનવધાન નદીનાં* પાણી કોઈ પાત્રમાં ઝીલી શકાતાં નથી તે નદીને કાંઠે તેઓએ પડાવ નાંખ્યો; દરેકને આનું થોડું પાણી તો પીવું જ પડ્યું, અને જેઓ વિવેકના રક્ષણથી વંચિત હતા તેઓએ જરૂર કરતાં વધારે પીધું અને જેવું પીધું તેવું (ઘ) જે કંઈ બન્યું હતું તે બધું દરેક ભૂલી ગયા. હવે તેઓ સુતા, ત્યાર પછી લગભગ મધ્ય રાત્રીએ વાવાઝોડું અને ધરતીકંપ થયાં અને પછી એક ક્ષણમાં આમ તેમ ઊંધાચતા થતાં તેઓને ખરતા તારાઓની જેમ તેમના જન્મરથાને ઉપર ધકેલવામાં આવ્યા. એરને પોતાને પાણી પીતાં અટકાવવામાં આવ્યો હતો, પરંતુ કઈ રીતે અથવા કઈ ગતિથી એ પોતાના શરીરમાં પાછો આવ્યો તે એ કહી શકયો નહિ; માત્ર સવારમાં, અચાનક જાગી જતાં પોતે પોતાને ચિતા પર પડેલો જોયો.

અને આ રીતે ગ્લાઉકોન, કથા સચવાઈ રહી છે અને એનો (ક) નાશ થયો નથી. અને જો આપણે એમાં કહ્યા પ્રમાણે વર્તીશું, તો એ આપણને પણ સાચવી લેશે; અને આપણે સહીસલામત રીતે વિસ્મૃતિની નદી+ પરથી પસાર થઈ જઈશું અને આપણો આત્મા કલુષિત નહિ થાય. જે પરથી મારી સલાહ તો એવી છે કે આત્મા અમર છે તથા દરેક પ્રકારનું ઇષ્ટ કે અનિષ્ટ સહેવાની એની શક્તિ છે એમ ખયાલ કરીને આપણે હરહંમેશ સ્વર્ગના પથને વળગી રહેવું જોઈએ તથા સદાયે ધર્મ અને સદ્‌ગુણને અનુસરવું જોઈએ. (ઙ) સરતોમાં જીતનારાઓ ઇનામો એકઠા કરતા ફરતા હોય તેમ શું અહિંયાં કે પછી આપણને આપણો બદલો મળવાનો હોય ત્યાં દેવોને તથા એક બીજાને પ્રિય થઈને રહેવાની રીત આ જ છે. અ- આ જીવન તથા આપણે વર્ણવી છે તે હજાર વર્ષની યાત્રા એમ બંનેમાં આપણું ભલું થશે.

---

* River of Unmindfulness.

\+ River of Forgetfulness.

